ચોથી શ્રેણી

પુસ્તક-૯૨

તા. ૩૦મી માર્ચ, ૨૦૨૨
ચૈત્ર ૯, ૧૯૪૪ શાકે
થી
તા.૩૧મી માર્ચ, ૨૦૨૨
ચૈત્ર ૧૦, ૧૯૪૪ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## દસમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક-૯૨** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| **વિષય** | **પાના નંબર** | |
|---|---|---|
| **તા.૩૦મી માર્ચ ૨૦૨૨ ચૈત્ર ૯, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧ | ૧૩૬ |
| અતારાંકિત પ્રશ્નોની યાદી(પંદરમી અતારાંકિત યાદી) | ૧૩૭ | ૧૫૦ |
| ગુજરાત વિનિયોગ વિધેયક,૨૦૨૨ | ૧૫૧ | ૧૬૮ |
| ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયક,૨૦૨૨ | ૧૬૯ | ૧૯૪ |
| ગુજરાત અરક્ષિત મજૂર-કામદાર(રોજગાર અને કલ્યાણ નિયમન)(રદ કરવા બાબત)વિધેયક | 195 | 201 |
| બિન સરકારી સંકલ્પો | 202 | 207 |
| મોંઘવારી અંકુશમાં લેવા અંગે | 202 | 207 |
| **તા.૩૧મી માર્ચ ૨૦૨૨ ચૈત્ર ૧૦, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૦૮ | ૨૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૫ | ૩૧૭ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૧૮ | ૩૨૦ |
| ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત | ૩૨૦ | ૩૨૦ |
| વિધેયકો ( સરકારી ) | ૩૨૧ | ૪૦૬ |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક,૨૦૨૨ | ૩૨૧ | ૩૫૫ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર (સભાગૃહની કાર્યવાહીનું લાઈવ રેકોર્ડિંગ કરીને બતાવવા બાબત) | ૩૫૫ | ૩૫૭ |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક,૨૦૨૨ (ક્રમશઃ) | ૩૫૭ | ૩૬૩ |
| ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ(રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક,૨૦૨૨ | ૩૬૩ | ૪૦૬ |
| શિક્ષણ મંત્રીશ્રીની જાહેરાત(પ્રાયમરી શિક્ષકોની બદલીની જોગવાઇ અંગે) | ૩૬૭ | ૩૬૭ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ( ખેડૂતોને ખેત ઉત્પાદન માટે સવલતો અને દેવા માફી અંગે) | ૪૦૭ | ૪૧૩ |
| અતારાંકિત પ્રશ્નો (૮૭-ક) | 414 | 498 |

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૩૦ મી માર્ચ, ૨૦૨૨**
**ચૈત્ર-૯, ૧૯૪૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**ગાંધીનગર જિલ્લામાં હયાત ફિડરોનું વિભાજન**

* ૪૪૮૪૭**શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાબે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં હયાત ફિડરનું વિભાજન કરીને કેટલા નવા ફિડર કરવામાં આવેલ છે, અને | (૧) ૭૩ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૩૩૦.૬૪ લાખનો ખર્ચ થયેલ છે. |

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ફિડર વિભાજન કરવામાં આવ્યા અને, તેમાં કેટલો ખર્ચ થયો? બીજો પ્રશ્ન એ છે કે, દહેગામ ખાતે ડિવિઝન કચેરી બનાવવા માગો છો કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરની અંદર વર્ષ ૨૦૨૦માં ૨૩ ફિડરો કર્યા છે એમાં ૩૫૧.૮૯ લાખનો ખર્ચ થયો છે, વર્ષ ૨૦૨૧માં ૧૨ ફિડરો કર્યા છે, એમાં રૂપિયા ૨૮૮.૧૨ લાખનો ખર્ચ થયો છે, આમ કુલ ૩૫ ફિડરો કર્યા છે અને રૂપિયા ૬૪૦ લાખનો ખર્ચ થયો છે. કલોલ તાલુકામાં ૨,૦૨૦માં ૯ નવા ફિડરો કર્યા છે અને રૂપિયા ૧૧૯.૫૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૧માં ૪ નવા ફિડરો કરવામાં આવ્યા છે એમાં રૂપિયા ૬૬.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ, ૧૩ નવા ફિડરો કરવામાં આવ્યા છે અને રૂપિયા ૨૮૫.૬૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. એજ રીતે દહેગામમાં વર્ષ ૨૦૨૦માં ૧૩ નવા ફિડરો કર્યા છે એમાં રૂપિયા ૧૭૫.૭૭ લાખનો ખર્ચ કર્યો છે. વર્ષ ૨૦૨૧માં ૯ ફિડરો કરવામાં આવ્યા છે અને એમાં રૂપિયા ૧૬૫.૨૮ લાખનો ખર્ચ કર્યો છે. આમ, કુલ ૨૨ ફિડરો કરવામાં આવ્યા છે અને રૂપિયા ૩૪૧.૦૫ લાખના ખર્ચે કર્યા છે. એજ રીતે માણસામાં વર્ષ ૨૦૨૦માં ૨ ફિડરો કર્યા છે અને રૂપિયા ૪૬.૨૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૧માં ૧ ફિડર કરેલ છે અને તેમાં રૂપિયા ૧૭.૬૭ લાખનો ખર્ચ કર્યો છે અને ટોટલ ૩ ફિડરો રૂપિયા ૬૩.૯૪ લાખના ખર્ચે કરવામાં આવ્યા છે. આમ, સમગ્ર ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં ૪૭ ફિડર રૂપિયા ૬૯૩.૪૪ લાખના ખર્ચે અને વર્ષ ૨૦૨૧ ના વર્ષમાં ૨૬ ફિડરો રૂપિયા ૬૩૭.૨૨ લાખના ખર્ચે કરવામાં આવ્યા છે. દહેગામમાં નવા ફિડરનું આયોજન છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, તા.૩૧.૧૨.૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ફિડરના પ્રકાર મુજબ કેટલા ફિડરનું વિભાજન કરવામાં આવ્યું અને, તે માટે કેટલી નવી લાઇન ઉભી કરવામાં આવી અને તેમાં કેટલો ખર્ચ થયો?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ખેતીવાડીમાં ૩૭ ફિડરો કરવામાં આવ્યા એના માટે ૮૪.૫૭ કિલોમિટરની લાઇન રૂપિયા ૫૬૦.૦૯ લાખના ખર્ચે કરવામાં આવી છે. એજ રીતે જ્યોતિગ્રામની અંદર ૧૯ ફિડર કરવામાં આવ્યા છે એના માટે ૩૫.૧૮ કિલોમિટરની લાઇન નાંખી છે અને એમાં રૂપિયા ૫૯૬.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. એજ રીતે અર્બનમાં ૧૪ ફિડરો કર્યા છે એના માટે ૧૮.૮૮ કિલોમિટરની લાઇન નાંખી છે અને એમાં રૂપિયા ૧૫૫.૮૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ઇન્ડસ્ટ્રીઝના ફિડરની વાત કરું તો ૩ ઇન્ડસ્ટ્રીયલ ફિડરો કર્યા છે અને એના માટે ૩.૧ કિલોમિટરની લાઇન નાંખી છે અને એમાં રૂપિયા ૧૭.૮૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ, ગાંધીનગર જિલ્લામાં ૧૪૧.૭૨ કિલોમિટર રૂપિયા ૩૦.૬૫ લાખના ખર્ચે કરવામાં આવ્યા છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે હયાત ફિડરો હોય એના વિભાજનના ધારાધોરણો શું છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વીજ ફિડર ઉપર એમ્પીયર લોડ નિયત મર્યાદા કરતા વધે ત્યારે ૫૫ એમ.એમ.નો વાયર હોય તો ૧૫૦ એમ્પીયર વધે ત્યારે અને ૧૦૦ એમ.એમ. વાયર હોય તો ૨૫૦ એમ્પીયરથી વધે ત્યારે અથવા તો વીજ ફિડરનો વોલ્ટેજ રેગ્યુલર ૯ ટકાથી વધુ થાય ત્યારે એનું વિભાજન કરવામાં આવે છે. છેલ્લી લાઇન હોય અને એમાં ઓછો ૯ ટકાથી ઓછો વોલ્ટેજ આવે તો એનું વિભાજન કરવામાં આવે છે.

**અમરેલી જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના**

* ૪૪૮૩૫**શ્રી જે. વી. કાકડિયા** (ધારી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. 30મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અમરેલી જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૨૮૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૭૭ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૨૮,૮૨,૦૦૦/- |

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તારીખ ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં જે તાલુકાવાર કુંવરબાઇનું મામેરુંમાં અનુસૂચિત જાતિઓની કન્યાઓની કેટલી અરજીઓ મળી? તે પૈકી કેટલી મંજૂર કરી, અને કેટલી નામંજૂર કરી? અને જે પડતર છે તે કયારે મંજૂર કરવામાં આવશે?

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ તાલુકાવાર વાત કરું તો અમરેલીમાં મળેલ અરજી ૪૩ તે પૈકી મંજૂર કરેલી ૪૩, લાભાર્થીઓની સંખ્યા પણ ૪૩ એ જ રીતે બાબરામાં ૧૯માંથી ૧૯ મંજૂર કરી છે, બગસરામાં ૧૫માંથી ૧૪ મંજૂર કરવામાં આવી છે, ધારીમાં ૪૧માંથી ૪૦ મંજૂર કરવામાં આવી છે, જાફરાબાદમાં ૧૧માંથી ૧૧ મંજૂર કરવામાં આવી છે, લાઠીમાં ૨૧માંથી ૨૦ મંજૂર કરવામાં આવી છે, રાજુલામાં ૨૬માંથી ૨૩ મંજૂર કરવામાં આવી છે, સાવરકુંડલામાં ૪૩માંથી ૪૩ મંજૂર કરવામાં આવી છે, એ જ રીતે લીલીયામાં ૧૭માંથી ૧૭ મંજૂર કરવામાં આવી છે, કુકાવાવમાં ૩૭માંથી ૩૭, ખાંભામાં ૧૦માંથી ૧૦ મંજૂર કરવામાં આવી છે અને આજની તારીખે એક પણ અરજી પડતર નથી. જે નામંજૂર કરવામાં આવી છે તેમાં એક તો આવકના ધોરણો વધારે છે અને અગાઉ કુટુંબની બે દીકરીઓએ લાભ લીધો હોય તેના કારણે નામંજૂર કરવામાં આવી છે. ત્રીજી અરજી સમય-મર્યાદામાં મળેલ ન હોવાથી નામંજૂર કરવામાં આવી છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અનુસૂચિત જાતિના કલ્યાણ માટે કુંવરબાઇનું મામેરું આ યોજના કયા હેતુથી શરૂ કરવામાં આવી હતી? અને આ યોજના હેઠળ કેટલી સહાય આપવામાં આવી છે? અને આ યોજનાનો હેતુ શું છે?

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઇતિહાસ સાક્ષી છે કે નરસિંહ મહેતાની દીકરીનું મામેરું (અંતરાય) ત્યારે મારો જન્મ નહોતો થયો અને તમે પણ નહોતા અને તમે કલોલમાં હવે રહેવાના પણ નથી. શ્રી અમીતભાઇએ નક્કી કર્યું છે કલોલ અમારું છે આ વખતે લખી રાખજો. (અંતરાય) શ્રી બળદેવભાઇ,

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્નનો જવાબ આપો.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : શ્રી અમીતભાઇએ નક્કી કર્યું છે એટલે સમજી લો, (અંતરાય )

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મને પૂછે તો હું જવાબ તો આપુને?

અધ્યક્ષશ્રી : તેમનો જવાબ ના આપો, આપને સીમાબહેને પૂછ્યું તેનો જવાબ આપો.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હવે વાત કરું ભાઇ, તાકાત હોય એ જાય કોઇ પપ્પુ નથી. (અંતરાય) ખોટી વાત નહીં કરવાની, પપ્પુ, પપ્પુ, પપ્પુ ખોટી વાત નહીં કરવાની.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મેં આપને પહેલાં જ કહ્યું કે આપ બધા સભ્યો જોડે ચર્ચા ના કરો, આપ સીમાબહેને પૂછેલા પ્રશ્નનો જવાબ આપો. પ્લીઝ.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુસ્તાનની અંદર અમારો જે મૂળ ધર્મ છે સનાતન હિન્દુ ધર્મના આધારે ભગવાન કૃષ્ણએ નરસિંહ મહેતાની દીકરીનું કુંવરબાઇનું મામેરું ભર્યું હતું અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર જયારે સમગ્ર ગુજરાતની ગરીબ દીકરીની ચિંતા કરતા હોય ત્યારે આ યોજનાનો આ હેતુ છે તેના આધારે જ આ આપવામાં આવ્યુ છે. હું બહેનશ્રીના મૂળ પ્રશ્નનો જવાબ આપું તો વર્ષ ૧૯૯૫ના રોજ આ યોજના શરૂ કરવામાં આવી હતી. તેમાં રૂ. ૧,૫૦૦ની જગ્યાએ રૂ. ૫,૦૦૦ નક્કી કરવામાં આવ્યા હતા. એ જ રીતે વર્ષ ૧૯૯૫માં નવા ઠરાવ મુજબ રૂ. ૨,૦૦૦ નો ઉમેરો કરવામાં આવ્યો હતો. રૂ. ૫,૦૦૦ના રૂ.૧૦,૦૦૦ કરવામાં આવ્યા. આમ, વર્ષ ૨૦૨૧માં રૂ.૧૨,૦૦૦ની ચૂકવણી કરવામાં આવે છે. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતના અમુક ગરીબ પરિવારનો માસિક પગાર જ રૂ. ૧૨,૦૦૦ હોય તેવા પરિવારોની દીકરીઓને મદદ કરવાનો આ યોજનાનો મૂળ હેતુ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં હયાત ફિડરોનું વિભાજન**

* ૪૪૮૫૩**શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં હયાત ફિડરનું વિભાજન કરીને | (૧) ૫૦ |

કેટલા નવા ફિડર કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? (૨) રૂ. ૫૦૧.૪૪ લાખનો ખર્ચ થયો.

શ્રી ધનજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ફિડર વિભાજિત કરવામાં આવ્યા અને તે માટે કેટલો ખર્ચ થયો?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ધ્રાંગધ્રા તાલુકામાં વર્ષ ૨૦૨૦માં ૯ ફિડરો માટે રૂ.૫૯.૧૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો અને વર્ષ ૨૦૧૧માં ૦૮ ફિડરો માટે રૂ.૮૭.૯૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. આમ, કુલ-૧૭ ફિડરો માટે રૂ.૧૪૭.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. મૂળી તાલુકામાં વર્ષ ૨૦૨૦માં ૪ ફિડરો માટે રૂ.૫૩.૮૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો અને વર્ષ ૨૦૨૧માં ૦૭ ફિડરો માટે રૂ.૭૬.૩૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. આમ, કુલ ૧૧ ફિડરો માટે રૂ.૧૩૦.૧૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. ચુડા તાલુકામાં વર્ષ ૨૦૨૦માં ૩ ફિડરો માટે રૂ. ૬.૮૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો અને વર્ષ ૨૦૨૧માં ૩ ફિડરો માટે રૂ. ૨૯.૦૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. આમ, કુલ ૬ ફિડરો માટે રૂ.૩૫.૮૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. ચોટીલા તાલુકામાં વર્ષ ૨૦૨૦માં ૩ ફિડરો માટે રૂ.૬૩.૮૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો અને વર્ષ ૨૦૨૧માં ૧ ફિડર માટે રૂ.૯.૯૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. આમ, કુલ ૪ ફિડરો માટે રૂ.૭૩.૮૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. સાયલા તાલુકામાં વર્ષ ૨૦૨૦માં ૩ ફિડરો માટે રૂ. ૬.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો અને વર્ષ ૨૦૨૧માં ૧ ફિડર માટે રૂ.૯.૮૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. આમ, કુલ ૪ ફિડરો માટે રૂ.૧૫.૯૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. વઢવાણ તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૪ ફિડરો માટે રૂ.૨૧.૩૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. થાન તાલુકામાં વર્ષ-૨૦૨૦માં ૨ ફિડરો માટે રૂ.૨૬.૩૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. લીંબડી તાલુકામાં ૧ ફિડર માટે રૂ.૩૯.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. દસાડા તાલુકામાં ૧ ફિડર માટે રૂ.૧૧.૮૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ, વર્ષ ૨૦૨૦માં ૨૪ ફિડરો માટે રૂ. ૨૧૬.૦૫ લાખ અને વર્ષ ૨૦૨૧માં ૨૬ ફિડરો માટે રૂ.૨૮૫.૩૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ, કુલ મળીને ૫૦ ફિડરો રૂ.૫૦૧.૪૪ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવ્યા છે.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કેટલી નવી વીજ લાઇન ઊભી કરવામાં આવી અને તેનો ખર્ચ શું થયો?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં ખેતીવાડીમાં ૪૧ ફિડરો ૧૦૯.૨૫ કિ.મી.ની લાઇન નાંખીને રૂ.૪૩૮.૨૯ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવ્યા છે. જ્યોતિગ્રામમાં ૨ ફિડરો ૦.૮૩ કિ.મી.ની લાઇન નાંખીને રૂ.૩.૬૫ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવ્યા છે. અર્બનમાં ૭ ફિડરો ૧૦.૩૭ કિ.મી.ની લાઇન નાંખીને રૂ.૫૯.૬૦ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવ્યા છે. આમ, કુલ ૫૦ ફિડરો ૧૨૦.૪૫ કિ.મી.ની લાઇન નાંખીને રૂ.૫૦૧.૪૪ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવ્યા છે.

**રાજકોટ જિલ્લામાં સરદાર કૃષિ જ્યોતિ યોજના**

* ૪૪૮૬૪**શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સરદાર કૃષિ જ્યોતિ યોજના અંતર્ગત કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા અને કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨)ઉક્ત સ્થિતિએ તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| **બદલવામાં આવેલ જર્જરિત વીજ વાયરો (કિ.મી.)** | **વિભાજન કરેલ ફિડરોની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૨.૭૧ | ૨૦ |

(૨) રૂ.૧૨૧૫.૨૦ લાખનો ખર્ચ થયો.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તારીખ ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ખેતીવાડી ફિડરો માટેની સરદાર કૃષિ જ્યોતિ યોજના અંતર્ગત કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા છે? અને કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું છે? અને તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાની અંદર તાલુકાવાઇઝ જોઇએ તો, ગોંડલ તાલુકામાં અંદર વર્ષ ૨૦૨૦માં ૨૮૬.૮૦ કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા છે. એમાં ખેતીવાડીના ૩ ફિડર અને તે માટે કુલ રકમ રૂપિયા ૨૨૭.૨૧ લાખનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૧ની અંદર ૧૧૦.૬૦ કિ.મી. જર્જરિત વીજ વાયર અને ૧ ફિડરના વાયર બદલવામાં આવ્યા છે. એના માટે રકમ રૂપિયા ૭૦.૧૦ લાખનો ખર્ચ થયો છે. આમ કુલ ૩૯૭.૪૦ કિ.મી. લાઇન બદલી છે, એમાં ૪ ફિડરોની લાઇન બદલવામાં આવી છે અને કુલ રકમ રૂપિયા ૨૯૭.૩૧ લાખનો ખર્ચો થયો છે. જામ કંડોરાણ તાલુકાની અંદર ૮૫.૨૨ કિ.મી. અને ૨ ફિડરોના જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા છે. એના માટે રકમ રૂપિયા ૨૨.૯૬ લાખનો ખર્ચો થયો છે. વર્ષ ૨૦૨૧માં ૧૦૪.૨૭ કિ.મી. અને ૨ ફિડરોના જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા છે અને એના માટે રકમ

રૂપિયા ૬૦.૮૬ લાખનો ખર્ચ થયેલ છે. આમ, કુલ ૧૮૯.૪૯ કિ.મી. જર્જરિત વીજ વાયરો અને ૪ ફિડરોના વાયરોના મળીને કુલ રકમ રૂપિયા ૧૨૩.૮૨ લાખ થયા છે. ધોરાજી તાલુકામાં ૨૬.૪૪ કિ.મી.ના જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા છે. એના માટે રકમ રૂપિયા ૧૨.૦૬ લાખનો ખર્ચો થયો છે. વર્ષ ૨૦૨૧ની અંદર ૯.૭૯ કિ.મી.ની લાઇન બદલી છે, એના માટે રકમ રૂપિયા ૪.૮૦ લાખનો ખર્ચ થયો છે. કુલ ૩૬.૨૩ કિ.મી. વાયરના રકમ રૂપિયા ૧૬.૮૬ લાખનો ખર્ચ થયો છે. જસદણ તાલુકામાં ૧૭૦.૯૦ કિ.મી.ના જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા છે. એની અંદર રકમ રૂપિયા ૭૪.૦૯ લાખનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૧માં ૬૮ કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા છે, એની અંદર ૩ ફિડરો છે અને કુલ રકમ રૂપિયા ૬૫.૪ લાખનો ખર્ચ થયો છે. કુલ ૨૧૨.૬૩ કિ.મી. અને ૪ ફિડરના વાયર બદલતાં રકમ રૂપિયા ૧૩૩.૩૨ લાખનો ખર્ચ થયો છે. કોટડા તાલુકામાં ૮૪.૩ કિ.મી. ના જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. એના માટે રકમ રૂપિયા ૩૯.૬૦ લાખનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૧માં ૬૦.૩૦ કિ.મી. ના જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. એના માટે રકમ રૂપિયા ૨૯.૫૯ લાખનો ખર્ચ થયેલ છે. આમ કુલ ૧૪૪.૩૩ કિ.મી. જર્જરિત વીજ વાયર બદલવાના રકમ રૂપિયા ૬૯.૧૯ લાખનો ખર્ચ થયેલ છે. લોધિકા તાલુકામાં ૪૬.૪૦ કિ.મી.ના ૧ ફિડરના જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. એની અંદર રકમ રૂપિયા ૪૩.૯૫ લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૧ની અંદર ૬૧.૮૦ કિ.મી. જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. એના માટે રકમ રૂપિયા ૨૪.૧૨ લાખનો ખર્ચ થયેલ છે. કુલ ૧૦૮.૨ કિ.મી. વાયર બદલાયો છે. એમાં ૧ ખેતીવાડીનું ફિડર મળી રકમ રૂપિયા ૬૮.૦૭ લાખનો ખર્ચ થયો છે.પડધરી તાલુકામાં ૩૦.૦૨ કિ.મી. ના જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. એના માટે રકમ રૂપિયા ૧૪.૭૩ લાખનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૧માં ૬૫.૪૧ કિ.મી. ના જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. એના માટે રૂપિયા ૨૭.૮૨ લાખનો ખર્ચ થયો છે. આમ કુલ ૯૫.૪૩ કિ.મી. ના વાયર બદલ્યા છે અને રકમ રૂપિયા ૪૨.૫૫ લાખનો ખર્ચ થયેલ છે. રાજકોટમાં ૧૦૮.૨૬ કિ.મી. નો જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. એની અંદર રકમ રૂપિયા ૮૨.૧૧ લાખનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૧માં ૮૨.૧૦ કિ.મી. નો જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. એમાં રકમ રૂપિયા ૩૯.૪૭ લાખનો ખર્ચ થયો છે. કુલ ૧૯૦.૩૬ કિ.મી.નો જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે અને રકમ રૂપિયા ૧૨૧.૫૮ લાખનો ખર્ચ થયો છે. ઉપલેટા તાલુકામાં રકમ રૂપિયા ૧૦૬.૯૬ કિ.મી. ના ૨ ફિડરોના મળી જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. એમાં રકમ રૂપિયા ૮૪.૮૭ લાખનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૧માં ૧૯૧.૧૩ કિ.મી. લાઇન નાખી છે, એમાં રકમ રૂપિયા ૮૦.૧૬ લાખનો ખર્ચ થયો છે. આમ કુલ ૨૯૮.૯ કિ.મી.ના ૨ ફિડરો મળી રૂપિયા ૧૬૪.૪૩ લાખનો ખર્ચ થયો છે. વિંછિયા તાલુકામાં ૩૪ કિ.મી.ના જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. એમાં રકમ રૂપિયા ૧૪.૫૩ લાખનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૧માં ૩ ફિડરોનું વિભાજન થયું છે, એમાં રકમ રૂપિયા ૨૫.૪૦ લાખનો ખર્ચ થયો છે. આમ, ૩૪ કિ.મી. જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. અને ૩ ફિડરોનું વિભાજન કર્યુ છે. કુલ રકમ રૂપિયા ૩૯.૯૩ લાખનો ખર્ચ થયો છે. આમ કુલ ૨,૦૧૨.૭૧ કિ.મી.ના ૨૦ ફિડરોનું વિભાજન કરી રકમ રૂપિયા ૧,૨૧૫.૨૦ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરદાર કૃષિ જ્યોતિ યોજના કઇ યોજના હેઠળ આવે છે અને તેનો ખર્ચ શેમાંથી કરવામાં આવે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર કૃષિ જ્યોતિ યોજના વર્ષ ૨૦૧૭માં શરૂ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ થનાર ખર્ચ ૮૦ ટકા રકમ રાજ્ય સરકારશ્રી તરફથી સહાય આપવામાં આવે છે અને ૨૦ ટકા રકમ વીજ કંપની દ્વારા ભોગવવામાં આવે છે. આ ૨૦ ટકા સરકાર તરફથી વીજ કંપની ભોગવે છે. આમ આ સરદાર કૃષિ જ્યોતિ યોજનાનો ખર્ચ કરવામાં આવે છે.

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરદાર કૃષિ જ્યોતિ યોજનાના હેતુ શું છે અને આ યોજના હેઠળ શું શું કામગીરી કરવામાં આવે છે?

મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર કૃષિ જ્યોતિ યોજના મુખ્યત્વે ખેડૂતો માટેની યોજના છે. આ યોજનાનો હેતુ ખેતીવાડીના ગ્રાહકોને ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે મુખ્ય હેતુ છે. આ યોજના અંતર્ગત ખેતીવાડી ફિડરના જૂના જર્જરિત વીજ વાયરો અને જરૂર જણાય ત્યાં આનુષાંગિક માલસામાન, જેવા કે જર્જરિત થાંભલા, જૂના જર્જરિત ફેબ્રિકેશન, તાણિયા, ઇન્સ્યુલેશન વગેરે બદલવાની કામગીરી કરવામાં આવે છે. વધુમાં જરૂરિયાત મુજબ ખેતીવાડી ફિડરોનું વિભાજન કરવાનું પણ આ યોજનામાં વર્ષ ૨૦૧૯-૨૦માં સમાવેશ કરેલો છે. આમ ખેતીવાડીમાં તમામ પ્રકારના જે જર્જરિત વાયરો છે તે આ યોજના હેઠળ બદલવામાં આવે છે.

**દાહોદ જિલ્લામાં નલ સે જલ યોજનાની કામગીરી**

* ૪૫૭૦૫**શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર નલ સે જલ યોજના અંતર્ગત કેટલી રકમના કયા કામો મંજૂર કરવામાં આવ્યા, | (૧) *પરિશિષ્ટ-૧ અને ૨ મુજબ. |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૨) વર્ષ-૨૦૨૦માં નીચેની વિગતે

| ક્રમ નં. | તાલુકો | આંતરિક પેયજળ યોજનાની કામગીરી | | |
|---|---|---|---|---|
| | | પૂર્ણ | પ્રગતિ | હાથ ધરવામાં |
| ૧ | દાહોદ | ૦૨ | ૦૫ | ૦૪ |
| ૨ | દેવગઢ બારીયા | ૧૬ | ૩૨ | ૦૩ |
| ૩ | ધાનપુર | ૧૩ | ૪૨ | ૦૦ |
| ૪ | ફતેપુરા | ૦૨ | ૦૭ | ૦૧ |
| ૫ | ગરબાડા | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૬ | લીમખેડા | ૦૪ | ૦૮ | ૦૨ |
| ૭ | સંજેલી | ૦૧ | ૦૫ | ૦૧ |
| ૮ | સીંગવડ | ૦૩ | ૦૮ | ૦૧ |
| ૯ | ઝાલોદ | ૦૩ | ૦૧ | ૦૩ |

વર્ષ-૨૦૨૧માં નીચેની વિગતે

| ક્રમ નં. | તાલુકો | આંતરિક પેયજળ યોજનાની કામગીરી | | |
|---|---|---|---|---|
| | | પૂર્ણ | પ્રગતિ | હાથ ધરવામાં |
| ૧ | દાહોદ | ૦૧ | ૬૫ | ૧૧ |
| ૨ | દેવગઢ બારીયા | ૦૧ | ૧૯ | ૦૪ |
| ૩ | ધાનપુર | ૦૦ | ૧૦ | ૦૧ |
| ૪ | ફતેપુરા | ૦૦ | ૮૫ | ૦૬ |
| ૫ | ગરબાડા | ૦૨ | ૩૩ | ૦૪ |
| ૬ | લીમખેડા | ૦૫ | ૫૫ | ૦૬ |
| ૭ | સંજેલી | ૦૦ | ૩૮ | ૧૧ |
| ૮ | સીંગવડ | ૦૦ | ૩૬ | ૦૯ |
| ૯ | ઝાલોદ | ૦૧ | ૮૧ | ૧૬ |

(૩) પ્રગતિમાં રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) પ્રગતિ હેઠળના અને હાથ ધરવામાં આવનાર કામો તબક્કાવાર વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ નળ સે જળ યોજના તો કોંગ્રેસની સરકાર હતી ત્યારે મંજૂર થયેલી હતી. ડેમો બનાવ્યા, સિંચાઇનું પાણી આપ્યું, પીવાનું પાણી આપ્યું, તમારાથી નળ નથી ગોઠવાયા. હું એ પૂછવા માગું છું કે છેલ્લાં બે વર્ષમાં ૨૦૨૦ અને ૨૦૨૧માં ૩ યોજના પૂર્ણ થઇ. એ ત્રણ યોજનાના હોમ ટુ હોમ કેટલાં કનેકશનો આપ્યાં અને કયારથી પાણી આપવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નળ સે જળ યોજના આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબે જયારે જાહેર કરી કે મારે આખા ભારતની અંદર પ્રત્યેક ઘર સુધી પહોંચવું છે અને પ્રત્યેક ઘરને નળ આપવાનું કામ કરવું છે. ગુજરાત સરકારમાં તો આ કામ ચાલુ હતું, પરંતુ એને વેગ આપવાનું કામ કર્યુ. આ કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે, કેન્દ્ર તરફથી પણ મસ મોટી રકમ આપણને મળી છે અને ભારતના બધા જ રાજયોમાં સૌથી વધારે કોઇને રકમ મળી હોય તો આપણને મળી છે. આ શ્રી વજેસિંગભાઇએ જે પૂછયું છે કે ૩ યોજનાઓ, ૩ યોજનાઓ નહીં, પરંતુ બધી જ યોજનાઓમાં આ યોજના દાહોદ એ ખૂબ મોટો જિલ્લો છે અને મોટો જિલ્લો હોવાના નાતે ત્યાં આગળ જે લગભગ સૌથી વધારે ભૌગોલિક રીતે પણ આખો વિસ્તાર ખૂબ મોટો છે, આદિવાસી વિસ્તાર, ડુંગરાળ વિસ્તાર હોવાથી આ આખા વિસ્તારમાં આખા રાજયમાં જે રકમ પીવાના પાણી માટે વપરાવાની છે, એમાં સૌથી વધારે રકમ આપણે અહીંયા વાપરવાના છીએ. દાહોદ તાલુકામાં ૮૮ ગામોમાં રૂપિયા ૧૦૩.૨૬ કરોડની યોજનાઓ આપણે મંજૂર કરી છે. તે પૈકી ૨૭ યોજનાઓનાં કામ પૂર્ણ થયેલ છે. ૬૦ યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે અને ૧ યોજનાનું ટેન્ડર મંજૂરી હેઠળ છે. દાહોદ તાલુકામાં કુલ ઘર ૭૪,૮૭૭ છે તે પૈકી ૩૪,૫૨૦ ઘરોમાં કામ પૂર્ણ થયું છે. યોજનાઓ ૩ મંજૂર થઇ કે ૫ મંજૂર થઇ કે કેટલી થઇ એ નહીં, પરંતુ ઘર સુધી નળ પહોંચાડવાનો વિષય હોય ત્યારે ૩૪,૫૨૦ ઘરોમાં આપણે કામ પૂર્ણ કરેલ છે. અને બાકી રહેતા ૪૦,૩૫૭ ઘરોની કામગીરી પ્રગતિ હેઠળ છે. દેવગઢ બારીયા તાલુકાના

૭૫ ગામોમાં રૂપિયા ૪૬.૯૩ કરોડની યોજનાઓ મંજૂર કરી છે, તે પૈકી ૨૦ યોજનાઓનાં કામ પૂર્ણ થયેલ છે. ૫૫ યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે. દેવગઢબારીયા તાલુકામાં ૫૧,૦૦૯ ઘરો પૈકી ૨૮,૩૫૩ ઘરોમાં કામ પૂર્ણ કર્યાં છે. અને બાકી રહેતા ૨૨,૬૫૬ ઘરોમાં કામગીરી પ્રગતિ હેઠળ છે. ધાનપુર તાલુકાના ૬૬ ગામોમાં ૩૨ કરોડની યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. તે પૈકી ૩૪ યોજનાઓનાં કામો પૂર્ણ થયેલ છે. ૩૨ યોજનાના કામો પ્રગતિ હેઠળ છે. ધાનપુરા તાલુકાના ૩૩,૯૫૩ ઘરો પૈકી ૨૬,૮૭૨ ઘરોમાં કામ પૂર્ણ કરેલ છે અને ૭,૧૨૧ ઘરોમાં કામગીરી પ્રગતિ હેઠળ છે. ફતેપુરા તાલુકામાં ૧૦૧ ગામોમાં રૂપિયા ૮૦.૮૦ કરોડની યોજનાઓ મંજૂર કરેલ છે, તે પૈકી ૪૬ યોજનાઓનાં કામો પૂરા કરેલ છે, જયારે ૫૫ યોજનાના કામો પ્રગતિ હેઠળ છે. ફતેપુરા તાલુકામાં ૪૮,૧૬૫ ઘરો પૈકી ૩૪,૬૧૬ ઘરોમાં નળ પહોંચાડી દીધા છે અને પાણી પણ પહોંચાડેલ છે. બાકી રહેતા ૧૩,૪૪૯ ઘરોમાં કામગીરી પ્રગતિ હેઠળ છે. ગરબાડા તાલુકાના ૪૨ ગામોમાં રૂપિયા ૩૬.૧૫ કરોડની યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. તે પૈકી ૧૨ યોજનાઓનાં કામો પૂર્ણ થયેલ છે અને ૩૦ યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે. ગરબાડા તાલુકાના ૩૭,૩૪૯ ઘરો પૈકી ૨૦,૭૯૩ ઘરોમાં કામો પૂર્ણ થયેલ છે અને બાકી રહેતા ૧૬,૫૫૬ ઘરોમાં કામગીરી પ્રગતિ હેઠળ છે. લીમખેડા તાલુકાના ૮૦ ગામોમાં રૂપિયા ૫૭.૫૯ કરોડની યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. તે પૈકી ૧૭ યોજનાઓનાં કામો પૂરા કરેલ છે અને ૬૩ યોજનાઓનાં કામો પ્રગતિ હેઠળ છે. લીમખેડા તાલુકાના ૩૭,૮૭૯ ઘરો પૈકી ૧૯,૯૯૫ ઘરોમાં કામો પૂર્ણ કરેલ છે અને બાકી રહેતા ૧૭,૯૨૪ ઘરોમાં કામગીરી પ્રગતિ હેઠળ છે. સંજેલી તાલુકામાં ૫૬ ગામોમાં રૂપિયા ૩૦.૫૬ કરોડની યોજનાઓ મંજૂર કરેલી છે, તે પૈકી ૧૬ યોજનાઓનાં કામો પૂર્ણ થયેલ છે. ૪૦ યોજનાઓનાં કામો પ્રગતિ હેઠળ છે અને સંજેલી તાલુકામાં ૨૧,૪૦૯ ઘરો પૈકી ૧૬,૩૫૮ ઘરોમાં કામ પૂરાં કરેલ છે અને બાકી રહેતા ૫ હજાર ઘરોમાં કામગીરી પ્રગતિ હેઠળ છે. સીંગવડ તાલુકાના ૫૭ ગામોમાં રૂપિયા ૩૫.૩૪ કરોડની યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. તે પૈકી ૯ યોજનાઓનાં કામો પૂરાં કરેલા છે અને ૪૭ યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે. એક યોજનાનું ટેન્ડર મંજૂરી હેઠળ છે. સીંગવડ તાલુકામાં ૨૫,૭૬૯ ઘરો પૈકી ૧૬,૪૨૨ ઘરોમાં કામગીરી પૂરી કરેલ છે, જયારે બાકી રહેતા ૯,૩૪૭ ઘરોમાં કામગીરી પ્રગતિ હેઠળ છે. ઝાલોદ તાલુકામાં ૧૦૫ ગામોમાં રૂપિયા ૧૦૮.૯૦ કરોડની યોજનાઓ મંજૂર કરેલી છે. ૧૨ યોજનાઓનાં કામ પૂરાં થયાં છે. ૯૩ યોજનાઓનાં કામો પ્રગતિ હેઠળ છે. ઝાલોદ તાલુકામાં ૭૯,૧૯૩ ઘરો પૈકી ૪૯,૮૬૫ ઘરોમાં કામો પૂર્ણ થયેલ છે અને બાકી રહેતા ગામો પ્રગતિ હેઠળ છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો જ હતો કે તમે પાણી કયાંથી લાવીને આપશો? માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે એ મેં પૂછ્યું જ નથી. હજી સંપ બનાવવાની બાકી છે. ટાંકીઓ બનાવવાની બાકી છે. માનનીય મંત્રીશ્રી નળ સે જળના આંકડા આપી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પાણી કયાંથી આપશો એનો જવાબ આપો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : દાહોદ આખો ભૌગોલિક રીતે ખૂબ મોટો વિસ્તાર છે. ત્યાં કામ પણ ચાલુ કરેલ છે. હાફેશ્વર એટલે કે નર્મદા આધારિત અને કડાણા આમ આ બંનેમાંથી પાણી આપવાનુ છે. કોણે કર્યું એ સવાલ નથી પણ પાણી કોણે આપ્યું એ મહત્વનું છે. આપે કર્યા આપને અભિનંદન. અમે ના નથી પાડતા. તમે ડેમ કરવાની વાત કરો છો, પરંતુ ડેમ ભૂતકાળમાં આપે કર્યા છે, એના અમે અભિનંદન પણ આપીએ છીએ. ભૂતકાળમાં જે ડેમ બન્યા એમાં તમારો હાથ હતો, પણ નર્મદા જેવો બંધ હતો એ બંધ પૂરો કરવા તમે કદી એવો પ્રયત્ન નથી કર્યો. વર્ષ ૧૯૬૦થી ૧૯૯૫ એટલે કે ૩૫ વર્ષ સુધી નાનું તળાવ જ હતું. એ તળાવને દરિયો બનાવવાનું, સાગર બનાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

અધ્યક્ષશ્રી : બધા ટૂંકા પ્રશ્નો પૂછો. પાણીનો ખૂબ સારો વિષય છે.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં તાલુકાવાર ' હર ઘર જલ' ની હાલની સ્થિતિ શું છે અને પાણી પુરવઠા વિભાગે ૧૦૦ ટકા નલસે જલ માટે શું આયોજન કરેલ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ વાત કરી તેમાં માનનીય શ્રી જીગ્નેશભાઇના પ્રશ્નનો આખો જવાબ આવી જાય છે. મેં જે દાહોદ જિલ્લાનો ચિતાર આપ્યો છે. આ કામ પૂરું કરશે. અમારું કમિટમેન્ટ છે. આ વર્ષના અંત સુધી એક પણ ઘરની અંદર મીની યોજના દ્વારા હોય, કૂવાઓ કરવાના હોય, બોર હોય કે હેન્ડપંપ હોય, ભૌગોલિક વિસ્તાર એવો છે કે ગામતળ જ્યાં હોય પરંતુ એ ગામની અંદર રહેવાવાળાની સંખ્યા ઓછી હોય અને દૂર સુધી ફળિયામાં રહેતા હોય છે. ફળિયાની વ્યાખ્યા કેન્દ્ર સરકારની ૨૦ ઘરની છે અને ગુજરાત સરકારની જે વ્યાખ્યા છે તે ૧૦ ઘર સુધીની છે. તેમાં પાણી આપવાનું કમિટમેન્ટ આપણું છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ પ્રશ્ન આદિવાસી વિસ્તારનો પ્રશ્ન છે. આદિવાસી સમાજ જે જગ્યાએ રહેતો હોય છે એ વિસ્તાર ડુંગરાળ હોય છે, ખાડા-ટેકરાવાળો હોય છે અને જે નલસે જલની યોજના છે, સરકારે આદિવાસી વિસ્તારમાં કરોડો રૂપિયા ખર્ચવાની વાત કરી છે, ત્યારે આ નલસે જલથી આદિવાસી સમાજને પાણી પીવડાવી શકવાના નથી. એ દીવા જેવી ચોખ્ખી વાત છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આદિવાસી વિસ્તારમાં સંપ બનાવવામાં આવ્યા છે. આદિવાસી વિસ્તારમાં ગામતળ નથી, ગૌચરની જમીન નથી. સરકારી જમીન નથી. કોન્ટ્રાક્ટરશ્રીઓએ પોતાના કોન્ટ્રાક્ટ પૂરા કરવા માટે સંપ બનાવ્યા છે એ નદીમાં બનાવવામાં આવ્યા છે. કૂવા બનાવવામાં આવ્યા છે ત્યાં પાણી નીકળ્યું નથી. છતાં પણ પાઇપલાઇન નાખી દેવામાં આવી છે. તેનું લેવલ પણ સાચવવામાં

આવ્યું નથી. આવી ઘણી યોજનાઓમાં આદિવાસીના નામે કરોડો રૂપિયા ખર્ચાયા, પણ નલસે જલમાં આદિવાસી વિસ્તારમાં પાણી પૂરું પાડી શકવાના નથી તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આદિવાસીઓને તમારે પાણી પીવડાવવું હોય તો સૂત્ર આપ્યું છે કે હેન્ડપંપ મુક્ત ગુજરાત. હેન્ડ પંપ મુક્ત ભારત. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આદિવાસી વિસ્તારમાં તમે જે જગ્યાએ પાણી પહોંચાડી શકવાના નથી, ત્યાં તમે હેન્ડપંપ દ્વારા પાણી પહોંચાડવાની યોજના છે એ તમે ચાલુ રાખવાના છો કે કેમ? મારો બીજો પ્રશ્ન છે કે હેન્ડપંપની પાણી કાઢવાની જે ક્ષમતા હતી એ ૧૨૦થી ૧૫૦ ફૂટ સુધી હતી. હવે પાણીના તળ ૨૦૦થી ૨૫૦ ફૂટ નીચે ગયા છે. તો સરકારશ્રી હેન્ડપંપ દ્વારા ડબલ સિલિન્ડર નાખીને અથવા અન્ય કોઇ રીતે કે જ્યાં ડુંગરાળ વિસ્તાર હોવાના કારણે નલસે જલથી પાણી પહોંચી શકવાનું નથી ત્યાં હેન્ડ પંપની યોજના દ્વારા પાણી પૂરું પાડવા માટેનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે રાજ્ય સરકારનું જે આયોજન છે એ પ્રમાણે આદિવાસી વિસ્તારમાં તો સરકાર વિશેષ ધ્યાન રાખે છે. તમે બજેટ પણ જોયું હોય તો વસતિના પ્રમાણમાં બે થી અઢીગણું બજેટ આપણે વાપરીએ છીએ. જેથી કરીને વનવિસ્તારમાં વસતા આદિવાસીઓનું જીવનધોરણ સુધરે અને પીવાનું પાણી હોય, સિંચાઇનું પાણી હોય તેમના ઘર સુધી પહોંચે તેના માટે સરકાર કાર્યરત હોય ત્યારે રાજ્ય સરકારનું કમિટમેન્ટ છે. જે કરવું પડે તે, સરકારે પ્રત્યેક ઘર સુધી સરફેસ આધારિત પાણી પહોંચાડવાની પૂરી વ્યવસ્થા કરી છે. પણ જ્યાં અત્યારે સરફેસ વોટર પહોંચાડી શકતા નથી ત્યાં હેન્ડપંપ હોય, કૂવો હોય, બોર હોય કે મીની યોજના હોય એના દ્વારા પાણી પહોંચાડીએ છીએ. બોર, કૂવા ફેઇલ જાય તો બોર કૂવાથી પાણી આપીને તે ઉપરાંત ૧૦૦ ટકા સરફેસ આધારિત પાણી આપવાનું આયોજન કરી દીધું છે. પાણી પહોંચાડવાના કિસ્સામાં રાજ્ય સરકારનું કમિટમેન્ટ છે. કમિટમેન્ટ એ છે કે આવતા વર્ષમાં જ્યાં સરફેસ આધારિત પાણી પહોંચાડી શકતા નથી ત્યાં પણ પાણી જ્યાંથી ઉપાડવાનું હોય ત્યાંથી ઉપાડીને એના ઘર સુધી પાણી પહોંચે એની રાજ્ય સરકારે વ્યવસ્થા કરી છે અને આગોતરું આયોજન કરેલ છે. જ્યાં આગળ સરફેસ વોટર પહોંચાડી શકતા નથી ત્યાં માટે હાલ પૂરતું લોકલ સોર્સ આધારિત વ્યવસ્થાઓ આપણે કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : કચ્છને ૫૦૦ કિલોમિટર લાઇનથી નર્મદાનું પાણી પહોંચ્યું છે તો તમારે ત્યાં પણ પહોંચશે. એમનો પ્રશ્ન હેન્ડપંપ ચાલુ રાખવા માગો છો કે કેમ એ હતો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કૂવાની હાઇડ્રોલોજિકલ ફિઝિબિલટી જોઇને આ કરવામાં આવશે. જ્યાં તળિયામાં પાણી હોય ત્યાં જ આપણે પમ્પ કરીએ છીએ. નહીં તો ગમે તે રીતે એટલે કે કૂવા કરવા પડે, બોર કરવા પડે, બોરમાં મોટર ઉતારવી પડે, મીની યોજના કરવી પડે, પણ જ્યાં ૧૦ ઘરનો સમૂહ વસે છે ત્યાં આગળ પાણી પહોંચાડવાનું કમિટમેન્ટ સરકારનું છે. દાહોદમાં ૪૧ હજાર ઉપરાંત હેન્ડપંપ છે અને જ્યાં જરૂરિયાત હોય અને પાણી મળતું હોય ત્યાં હેન્ડપંપ ચોક્કસ બનાવીએ છીએ. અમે એ નીતિ બંધ કરી નથી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ નલસે જલ યોજના તા. ૧૯-૯-૨૦૧૭ના લિમખેડામાં માનનીય વડાપ્રધાન સાહેબશ્રીના જન્મ દિવસ નિમિત્તે અમારા આદિવાસીઓને દાન પેટે અને સેવા પેટે આ યોજના આપી હતી. ત્યાર બાદ ૬ વર્ષ થયાં પણ પાણી પૂરું પાડવામાં આવ્યું નથી. આ યોજના ક્યારે પૂરી થશે અને ક્યારે નલસે જલ થકી પાણી મળશે? મારા ધાનપુર તાલુકાની વાત કરું તો ૧૩ ગામોનાં કામો પૂરાં કરવામાં આવ્યાં છે એ કયા કયા ગામો છે અને ગરબાડા તાલુકામાં ૩૩ ગામો જે પ્રગતિ હેઠળ છે એમાં કયા કયા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પર્ટિક્યુલર એક વિસ્તારની યોજનાના ગામોનાં નામો પૂછ્યાં છે. પરંતુ ગામના નામ સભ્યશ્રીને ખબર જ હોય કે કયા છે. મારી પાસે હાલ ગામનાં નામો નથી. આપનો જવાબ આપું તો આપનો પ્રશ્ન બહુ સીધોસાદો છે. એમાં કોઇ કોમ્પ્લીકેશન નથી. ગામો પૂછ્યા છે, નામ પૂછ્યા છે. આખી યોજના વર્ષના અંત સુધીમાં દાહોદ જિલ્લામાં આપણે પૂરી કરવા જઇ રહ્યા છીએ. એટલે એમાં બીજો કોઇ પ્રશ્ન નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમને ગામોનું લિસ્ટ આપી દેજો.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬મી જાન્યુઆરીના રોજ નલ સે જલ યોજના જાહેર કરી છે. પણ જે લાઇનો છે એ વર્ષ ૧૯૯૦ પહેલાંની છે. ત્યાં પર કેપિટા ૪૦ લિટર હતું, એ પછી ૭૦ લિટર થયું અને હવે ગ્રામીણ વિસ્તારમાં ૧૦૦ લિટર કર્યું છે. હયાત લાઇનો છે એ બદલવા માગો છો કે કેમ? એનું કોઇ આયોજન છે કે નહીં?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સિમિત પ્રશ્ન છે. દાહોદની અંદર જ ફરે છે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૭ના વાસ્મોના પરિપત્ર મુજબ વસતિ ૩,૦૦૦ કે ૩,૦૦૦ થી વધારે હોય એને જ ઓવરહેડ ટાંકી આપવામાં આવતી હતી. માનનીય શ્રી કુંવરજીભાઇ બાવળીયા પાણી પુરવઠા મંત્રી હતા ત્યારે એમણે ૩,૦૦૦ નું જે વસતિનું ધોરણ ઓવરહેડ ટાંકી આપવાનું હતું એ ૧,૫૦૦નું કર્યું પણ મારો આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન છે કે વસતિ ૨૦૦ ની હોય, એ પરુ હોય કે ગામ હોય, ૨૦૦ ની વસતિ હોય, ૫૦૦ની વસતિ હોય કે ૧૫૦૦ ની વસતિ હોય તમે ઓવરહેડ ટાંકી આપીને નલ સે જલ યોજના સફળ કરવા માગો છો કે કેમ?

તા. 30મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વસતિનું ધોરણ ઓવરહેડ ટાંકી માટે ૩,૦૦૦ હતું પછી આપણે એને ઘટાડ્યું પરંતુ જે મુખ્ય વિષય છે એ પાણી પહોંચાડવાનો છે. ઓછી વસતિ હોય ૧૦ ઘર હોય, ૨૦ ઘર હોય ત્યાં ઓવરહેડ ટાંકીની જરૂર નથી ત્યાં આગળ તો જે લોકલ સોર્સ અથવા તો જે પાણી મળતું હોય એના માટેનો સંપ અને ત્યાંથી એ ઉપરની ટાંકીમાં ચડાવવાથી પાણી મળતું હોય છે એટલે જે તે વખતે આ જે ઓવરહેડ ટાંકી ન બનાવી. એમનું કહેવું છે કે ૫૦૦ ની વસતિ હોય તો પણ ૧૦ મીટર કે ૧૫ મીટરની ટાંકી બનાવો અને જયાં કદાચ ૧,૫૦૦ થી અપ હોય તો આપીએ છીએ, પરંતુ તાંત્રિક ડિઝાઇન અને જરૂરિયાત મુજબ. એ ગામની જરૂરિયાત કેવી છે, ત્યાં આગળ ખરેખર આ ટાંકીની જરૂર છે કે કેમ? સંપની જરૂર છે કે કેમ એ જોવાતું હોય છે અને ટેકનિકલ અભિપ્રાયના આધારે આપીએ છીએ. આપણે ટાંકી બનાવતા હોઇએ અને નાનું ગામ હોય તો એની સાફસફાઇ અને દેખરેખની પણ તકલીફ પડતી હોય છે એટલે ઘણી જગ્યાએ ઓછી વસતિ હોય ત્યાં ટાંકીની જગ્યાએ પ્રેશરથી પાણી મળે એવી પણ આપણે વ્યવસ્થા કરતા હોઇએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી પહેલીવાર પૂછે છે. એમનો વારો આવ્યો જ નહોતો. પ્લીઝ. એમને પૂછવા દો.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન દાહોદનો છે પરંતુ પીવાના પાણીનો છે. પ્રશ્ન ખૂબ ગંભીર છે. મારા મત વિસ્તાર તળાજામાં આજે ૧૫ દિવસે કે ૨૦ દિવસે પાણી મળે છે એવી પરિસ્થિતિ છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ત્યાં સંપથી લઇને જે ગામડાં સુધી પાણી પહોંચાડવામાં આવે છે. આના માટે કોન્ટ્રાકટ આઉટસોર્સથી આપવામાં આવે છે. અમારે ત્યાં જે ૧૦ વર્ષ, ૧૫ વર્ષ જૂના લાઇનમેનો હતા, નવા કોન્ટ્રાકટરે ડાઉનમાં કોન્ટ્રાકટ ભર્યો એને પેટામાં કામ આપ્યું એ જૂના તમામને છૂટા કરીને જેનો પગાર ૧૦,૦૦૦ થી લઇને ૧૫,૦૦૦ હતો, આજે ૪,૦૦૦ થી લઇને ૬,૦૦૦ વાળા માણસો રાખ્યા છે. જે ટાઇમે પાણી પહોંચાડી શકતા નથી. જેને લાઇનની પૂરી ડીટેઇલ માહિતી નથી. મેં રજૂઆત કરી તો મને કહેવામાં આવ્યું કે અમને પોસાતું નથી તો જે ખરેખર આપણા ઘર સુધી પાણી પહોંચાડે એ જે લાઇનમેનો છે એને કોન્ટ્રાકટ બેઝ ઉપર આ રીતે જે આપવામાં આવ્યા છે એમાં કાંઇ સુધારો કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ૧૯૧૬ નંબરની એક લાઇન છે કે જેની અંદર કોઇને પાણી ન મળતું હોય તેમને નળ આપ્યો છે, પાણીની પાઇપલાઇન પહોંચી ગઇ છે અને પાણી ન મળતું હોય તો ૧૯૧૬ નંબર છે એના ઉપર ફરિયાદ પણ કરી શકે છે, જેથી કરીને હાલ જે વ્યવસ્થાઓ ગોઠવાઇ છે એ વ્યવસ્થા પ્રમાણે ત્યાં પાણી પહોંચી શકે અને બીજી એક વાત કે પહેલા જે કોન્ટ્રાકટર હતો એને ૬ માસનું આપતા હતા અને હવે નીતિ પ્રમાણે જે કોન્ટ્રાકટર આપણે નકકી કરીએ છીએ એને પાંચ વર્ષનું મેન્ટેનન્સ સાથેનું કામ સોંપીએ છીએ અને ભાવનગર, અમરેલી, જૂનાગઢ એ બધા જે વિસ્તારો છે એને બુધેલ ખોરડાનું ૧૮૦ એમ.એલ.ડી. અને ઢાંકીનાકડાનું ૫૦૦ એમ.એલ.ડી. અને બીજા જે વિસ્તારો છે પાણી ઉપલબ્ધ થાય એ રીતે પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરીએ છીએ.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કપડવંજ, બાલાસિનોર અને વિરપુર તાલુકામાં છેલ્લાં વર્ષ ૨૦૦૨ થી ૬૫ જેટલી ટાંકીઓ બનેલી છે પણ આજ દિન સુધી પાણી પડયું નથી તો નલ સે જલમાં પાણી કયાંથી આપવાના છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ પૂરતો સીમિત પ્રશ્ન છે, પરંતુ એમને ફરિયાદ હોય તો રૂબરૂ ઓફિસમાં આવીને એમના વિસ્તારની વાત કરશે તો સરકાર આપના કોઇપણ ધારાસભ્યના વિસ્તારમાં કઇ પણ પીવાના પાણીની મુશ્કેલી હશે તો કોઇપણ રાજનીતિ, રાજકારણ લાવ્યા સિવાય ગુજરાતની પ્રજાને નળથી પીવાનું શુદ્ધ પાણી પીવાય એનો પ્રયત્ન કરશે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, બરડા ડુંગરના વિસ્તારમાં ૧૫ થી ૨૦ જેટલા આદિવાસી પરિવારો નેસડામાં રહે છે. આદિવાસીને લગતો પ્રશ્ન છે એટલા માટે કર્યો છે. જનરલ કર્યો નથી. પીવાના પાણીની અતિ ખરાબ સ્થિતિ છે. આખા બરડા ડુંગરમાં ઓછામાં ઓછા મારા મત વિસ્તારમાં ૨૦ થી ૨૫ નેસડાઓ છે. એમાં ૧૫૦ થી ૨૦૦ વસતિ છે. એમને પાણી કેવી રીતે પહોંચાડશો? તેઓને પાણી જે મળે છે એમાં અત્યારે ગુલાબસાગર ડેમની સ્થિતિ છે, એમાં મરામત કરવાની છે. આ પ્રશ્ન હું વર્ષોથી ઉઠાવું છું. લેટર લખેલ છે. મારી સ્પીચમાં પણ કહ્યું છે. તે ડેમ રિપેર કરવામાં આવતો નથી. પાણીનો સંગ્રહ થતો નથી. આ આદિવાસી વિસ્તારને કેવી રીતે પાણી પહોંચાડશો અને કેવી રીતે યોજના સફળ કરશો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ તલાલા વિસ્તારનો છે. જ્યારે આટલો સંવેદનશીલ પ્રશ્ન હોય ત્યારે અચૂક મળશે અને ત્યાં પણ કામ કરેલ છે એમાં કોઇ મુશ્કેલી હોય તો ચોક્કસ આવીને મળજો એમાં યોગ્ય કરીશું.

શ્રી મહેશભાઇ છો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ગંભીર છે. ઘણી વખત પ્રજા મને પૂછે છે કે તમે કેમ બોલા નથી, પણ ચાન્સ મળતો નથી. શું કરીએ. અગાઉ ચિઠ્ઠી લખેલ હતી.

અધ્યક્ષશ્રી : પહેલીવાર આંગળી ઉંચી કરેલી છે.

શ્રી મહેશભાઇ છો. વસાવા : આ ગુજરાતના તત્કાલીન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી તેઓએ બેટી પઢાવો, બેટી બચાવો કાર્યક્રમ હેઠળ તેઓ ડેડિયાપાડાની અંદર પહેલીવાર આ વિસ્તારની અંદર તેમનો ૩-૩ દિવસનો પ્રોગ્રામ હતો. આપણા મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાન ડેડિયાપાડામાં રોકાયા. વર્ષ ૨૦૦૦ માં ધારાસભ્ય બન્યો અને તેઓ પહેલી

વખત મુખ્યમંત્રી બન્યા હતા. ત્યારે ત્યાં બધા વિસ્તારમાં શિક્ષણ માટે બેટી પઢાઓ, બેટી બચાવો માટે ફર્યા અને તેમણે વિકાસની વાત કરેલી. જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી કેન્દ્ર સરકારનો...

અધ્યક્ષશ્રી : આપનો પાણીનો પ્રશ્ન છે. બીજા બે સભ્યોને પણ પ્રશ્ન પૂછવા છે.

શ્રી મહેશભાઇ છો. વસાવા : ત્યાં જરવાણી પ્રોજેક્ટ છે. નલસે જલ યોજના હેઠળ ૩ થી ૪ વખત ટેન્ડરો થઇ ગયા. ટેન્ડર પાસ થતા નથી. કારણ શું છે? પૈસા ઓછા છે તો લોકોને પાણી આપવાનું હોય અને શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ નલસે જલ આપવાની વાત કરતા હોય ત્યારે તાત્કાલિક યોજના પૂર્ણ થાય. બીજી યોજના બની છે એના કામ ચાલુ છે, પણ પાણી આટલાં વર્ષો પછી પણ મળ્યું નથી, એટલે પ્રશ્ન પૂછ્યો છે કે કામ કયાં અટક્યું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પર્ટીક્યુલર પ્રશ્ન પૂછ્યો છે. લાગતો વળગતો નથી. આ ટેન્ડરો પડયા છે. હાલ વિગતો નથી. કામ કરવા દેવામાં આવે અને કોઇ હેરસમેન્ટ ન થાય તો આ બધાં કામ પૂરાં કરીએ તેમ છીએ. પણ કયાંક ને કયાંક લોકલ પરિસ્થિતિ અને લોકલ કોન્ટ્રાક્ટર આવે, ત્યારે કામ કરવાની પરિસ્થિતિ કરવા દેતા નથી. રાજ્ય સરકારની બિલકુલ ઇચ્છા છે. દરેક જગ્યાએ નળથી પાણી આપવા માટેની કયાંક નાની મોટી તકલીફ હોય છે, એના કારણે આ ઇસ્યુ પેદા થતો હોય છે.

અધ્યક્ષશ્રી : ધારાસભ્યશ્રી સાથે રહીને કામ કરાવે એમ કહે છે.

શ્રી મહેશભાઇ છો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, કોણે રોકયા છે એ બતાવો. એક પણ ફરિયાદ થઇ નથી. કોઇએ કરી હોય તો કહો?

અધ્યક્ષશ્રી : જનરલ વાત કરે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : મારી આપ દ્વારા વિનંતી છે કે કોઇ ટોપી સીધી માથે પહેરી ના લે. બાકી મેં જનરલ કહ્યું કે આવી બધી મુશ્કેલી પડતી હોય છે.

અધ્યક્ષશ્રી : જનરલ વાત કરી છે. કામ નથી થતાં ત્યાં આવા ઇસ્યુ પણ આવે છે.

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના બોર્ડ/નિગમોને કેન્દ્ર સરકારની લોન**

* ૪૪૭૬૩**શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના નિગમો અને બોર્ડમાં નિગમવાર/બોર્ડવાર કેન્દ્ર સરકાર દ્વારા કેટલી લોન અને કેટલી સહાય આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા મળતી સહાય/લોનના નાણા સમયસર અને પૂરતા પ્રમાણમાં મળે તે માટે શાં પ્રયાસો કર્યા ?

**જવાબ**

(૧)

| | **લોન (લાખમાં)** | **સહાય (લાખમાં)** |
|---|---|---|
| ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન | રૂ. ૧૪૪૭.૦૦ | રૂ.૮૫૦.૫૭ |
| ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | રૂ.૮૧.૪૫ | ૦ |
| ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | રૂ.૧૫૦૦.૦૦ | ૦ |
| ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | રૂ.૨૦૦.૦૦ | ૦ |
| ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ | રૂ.૭૬૪.૦૦ | ૦ |

(૨) જરૂરિયાત મુજબના નાણા પૂરતા પ્રમાણમાં અને સમયસર મળતા હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, પગાર-ભથ્થાં તેમજ ઓફિસ એસ્ટાબ્લિશમેન્ટ પેટે નિગમવાઇઝ કેટલો ખર્ચ કરવામાં આવે છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, અહીં જે નિગમોના નામ છાપેલા છે તેમાં સહાય, ગ્રાન્ટ-લોન પેટે કેટલાં નાણાં કેન્દ્ર સરકારમાંથી મળેલા છે?

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પછી ગાડી આડા પાટે જશે. માનનીય સભ્ય દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તેમાં કેન્દ્ર સરકાર પાસેથી આ નિગમોને માગ્યા પ્રમાણે નાણાં મળતાં હોય છે. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમમાં આપણે રૂપિયા ૧૦,૩૭૫ લાખ માગેલા તેની સામે ૨,૨૯૭.૫૭ લાખ રૂપિયા મળેલ. તે જ રીતે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં રૂપિયા ૮૧.૪૫ લાખ માગેલ તેની સામે રૂપિયા ૮૧.૪૫ લાખ મળેલા છે. તે જ રીતે ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમમાં રૂપિયા ૨,૪૨૦ લાખ રૂપિયા માગેલ. જેમાંથી રૂપિયા ૧,૫૦૦ લાખ રૂપિયા મળેલ છે. એ જ રીતે

## તા. 30મી માર્ચ ૨૦૨૨
## તારાંકિત પ્રશ્નો

અલગ અલગ નિગમોમાં કેન્દ્ર સરકાર પાસેથી આપણે જે નાણા માગીએ છીએ, તે નાણાં નિગમોને લોન સ્વરૂપે મળતા હોવાને કારણે બિનજરૂરી વ્યાજ ચૂકવવું ન પડે તેટલા માટે જેટલી જરૂરિયાત હોય તેટલાં નાણાનો જ આપણે ઉપાડ કરતા હોઇએ છીએ. તે જ રીતે ગુજરાતની અંદર નાણાના અભાવે કોઇપણ લાભાર્થી વંચિત ના રહી જાય તેની ચિંતા કરવાવાળા આ બાજુ બેઠા છે એટલે તમે બહુ ચિંતા ના કરો. આ નાણાં વસતિના આધારે ફળવાતા હોય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, ગઇ વખત ૧૫૦ પ્લસ નક્કી કરી હતી. ૯૯ એ આવીને તમે અટક્યા. સરકાર આખી બદલાઇ ગઇ. શ્રી અમિતભાઇએ નક્કી કર્યું હશે ને, અમિતભાઇએ નક્કી કર્યું હશે ને તો આમાંથી કેટલા રહેશે અને કેટલા નહીં તે શ્રી અમિતભાઇએ નક્કી કર્યું હશે. સાંભળો સાંભળો.

અધ્યક્ષશ્રી : શ્રી બળદેવજી, આપ ચિંતા ના કરો. આપની વાત કરો, આપ પ્રશ્ન પૂછો. આપ પ્રશ્ન બોલો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : તેમણે મારા નામજોગ કહ્યું છે એટલે વાત કરું છું બરાબર?

અધ્યક્ષશ્રી : તમે શું કામ ઉભા થાઓ છો. બેસો, તમને કંઇ નથી કહ્યું. બેસી જાઓ. શ્રી પીયૂષભાઇ બેસો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જયારે શ્રી અમિતભાઇ કાપશે ને, જયારે અમિતભાઇ કાપશે ત્યારે તમે તમારા આંસુ પણ લૂછી નહીં શકો. રાવણને...

અધ્યક્ષશ્રી : બળદેવજીનો પ્રશ્ન છે, તમે જવાબ ના આપો. શ્રી બળદેવજીને પૂછવા દો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : રાવણને સોનાની લંકા હતી.

અધ્યક્ષશ્રી : બળદેવજીને પૂછવા દો. બળદેવજી પૂછે છે તમે હાથ નીચા કરો. તેની ચિંતા ના કરો. બેસો આપ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : તેની સોનાની લંકા લૂંટાઇ ગઇ.

અધ્યક્ષશ્રી : બેસો, બેસો. પીયૂષભાઇ, આપ બેસો પ્લીઝ. પ્લીઝ આપ બેસો. અહીં પ્રશ્ન પૂછવા દો. પ્રશ્ન પૂછો, આપણે રાજકીય અવલોકન નહીં કરીએ. પ્રશ્ન પૂછો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : રાવણને સોનાની લંકા હતી, અભિમાન કરવામાં સોનાની લંકા રહી નથી. તમારી નાવડી એ બેના કારણે ચાલે છે.

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન પૂછો?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : તમારા કારણે નહીં.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો. આપને પ્રશ્ન પૂછવાનો હોય તો પૂછો નહીંતર બીજાને ચાન્સ આપું?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, ઠાકોર અને કોળી વિકાસ નિગમમાં ૧ કરોડ ૩૦ લાખની વસતિને રૂપિયા ૧,૫૦૦ લાખ એટલે કે ૧૫ કરોડની લોન આપો છો. અને સહાયના નામે ઝીરો. એટલે મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, ૧.૩૦ કરોડની વસતિ ગુજરાત રાજયમાં ઠાકોર અને કોળી સમાજની હોય તો સહાય તમે ક્યા કારણસર આપી નથી?

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારી પાર્ટીનો પ્રત્યેક કાર્યકર એ હરહંમેશ શિસ્તમાં માનનારો હોવાના કારણે અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ, કેન્દ્રના ગૃહમંત્રી આધૂનિક યુગના ચાણક્ય એમણે જે આદેશ કર્યો છે અને અમારા પ્રદેશ અધ્યક્ષે પણ કહ્યું છે કે ૧૮૨ સીટોનું લક્ષ્ય છે એમાં કલોલ આવી જાય છે એમાં મારે કહેવાની જરૂર નથી. પણ જે શ્રી અમિતભાઇએ કહ્યું છે, તો એની કોઇ કલ્પના જ ન થાય શું થશે પછી? (અંતરાય) ત્યાં તો મામા બેઠાં જ છે અમારા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ સીધો જવાબ આપો. આપ કેટલા કરોડની લોન આપવાના છો એ વિષયની વાત કરો?

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું છે એટલે મારે જવાબ તો આપવો પડેને.(અંતરાય) સમગ્ર દેશમાં ૫ રાજયોમાં ઇલેક્શન થયું એમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ચાર રાજયોમાં આવી છે.

અધ્યક્ષશ્રી : ઇલેકશનની વાત નહીં કરો, આ ૧૫ કરોડના બજેટની વાત છે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : મારો વિષય જ નથી માનનીય અધ્યક્ષશ્રી, પણ એમણે પૂછ્યું છે એટલે મારે જવાબ આપવો પડે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ પૂરો નથી થયો હજુ, મારો જવાબ બાકી છે માનનીય શ્રી શૈલેષભાઇ. (અંતરાય) તમે તો વડીલ છો મારા. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી, મને અધ્યક્ષશ્રીએ પરવાનગી આપી છે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હજુ કલોલનું મામેરું પત્યું નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હા, તો તમે જવાબ આપો. એક મિનિટ માનનીય શૈલેષભાઇ, માનનીય મંત્રીશ્રી આપ બજેટની વાત કરો, કેટલી સહાય અને કેટલા પૈસા ફાળવ્યા છે એ વાત કરો. આપણે બીજી વાત નથી કરવી સીધો જવાબ આપો, એમના પ્રશ્નનો જવાબ આપો.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કલોલનો જવાબ આપું કે મામેરાનો જવાબ આપુ? સાંભળવા તો જોઇએ ને? (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, માનનીયશ્રી શૈલેષભાઇ,

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, સો ટકા ચાર રાજયોમાં તમારી સરકાર આવી એના તમને અભિનંદન પણ આપ્યા. એના પરિણામ સ્વરૂપ ભારત દેશની જનતાને ૧૦૦ રૂપિયે લિટર પેટ્રોલ આપવાની તમે ભેટ આપી છે, એટલે પણ તમને અભિનંદન આપું છું. સવાલ ત્યાં આવીને ઉભો રહે છે કે, રાજયના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગમાં ૧૦ નિગમો આવેલ છે એ ૧૦ નિગમો પૈકી ફકત ૫ નિગમોનો જ આ પ્રશ્ન પૂછ્યો છે. તો સરકારને અને મંત્રીશ્રીને પૂછવું છે કે આ ૧૦ નિગમો માટે કેન્દ્ર સરકાર પાસે લોન પેટે કેટલી રકમની માગણી કરવામાં આવી હતી અને, કેન્દ્ર સરકારે કેટલી રકમની ફાળવણી કરી? પ્રશ્ન બીજો, જે ફાળવણી કર્યા પછી લોનની સહાય ક્યા કારણોસર આ વંચિત સમાજને, દલિત સમાજને, કોળી-ઠાકોર સમાજને, ઓ.બી.સી. સમાજને નથી આપી એનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે?

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજા રાજયોની વાત કરી છે, પેટ્રોલની વાત કરી છે એટલે એનો જવાબ તો આપવો પડશે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આજે પેટ્રોલ ૧૦૦ રૂપિયે લિટર છે અને બાજુમાં રાજસ્થાન રાજયમાં ૧૧૫.૮૮ રૂપિયે લિટર પેટ્રોલ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે કેટલી લોન કેન્દ્રમાંથી માગી, કેટલી આવી? એ વાત કરો સીધી. સીધી વાત કરો,(અંતરાય) બેસો જવાબ આપે છે, આપ સૌ બેસો. જવાબ સાંભળી લો, બેસો તો સંભળાશે. નહીં તો નહીં સંભળાય, સાંભળી લો પહેલા (અંતરાય)

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે આ સભાગૃહના ફ્લોર ઉપર ગુજરાત રાજયનો મારો આ વિભાગ છે એ વિભાગની માગણી ઉપર...(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### આણંદ જિલ્લામાં હયાત ફિડરોનું વિભાજન

૪૪૮૫૫**શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં હયાત ફિડરનું વિભાજન કરીને કેટલા નવા ફિડર કરવામાં આવેલ છે, અને | (૧) ૨૯ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૨૪.૦૭ લાખનો ખર્ચ થયો. |

### દાંતા-વડગામ-પાલનપુર જૂથ યોજનાના કામો

૪૫૬૬૭**શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૪૨૦૩ (અગ્રતા-૧૮૬) ના અનુસંધાને **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના ૫૮ ગામોને ધરોઈ ડેમ આધારિત દાંતા-વડગામ-પાલનપુર જૂથ યોજનાના કામો હાથ ધરી તબક્કાવાર સમયમર્યાદામાં જૂથ યોજનાનું પાણી આપવાનું આયોજન હતું તે પૈકી કયા ગામોને જૂથ પાણી પુરવઠા હેઠળ આવરી લેવામાં આવેલ છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી ગામોને જૂથ યોજનામાં આવરી લેવા કયા સુધારણાના કામો હાથ ધરવામાં આવ્યાં, અને | (૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ, આ બાકી ૫૮ ગામો પૈકી,<br>• ૧૩ ગામોને આવરી લેવામાં આવેલ છે.<br>• આવરી લેવાના બાકી ૪૫ ગામો માટે યોજના સુધારણાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.<br>• આ બાકી ગામોને જૂથ યોજના સુધારણાની કામગીરી પૂર્ણ કરી તબક્કાવાર આવરી લેવામાં આવનાર છે. |

| | |
|---|---|
| (૩) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં પાણી પૂરું પાડવાનું આયોજન છે ? | • હાલ આ ગામો સ્થાનિક સોર્સ આધારિત યોજના મારફત પૂરતું અને પીવાલાયક પાણી મેળવે છે. |

- - - - - - - - -

**રાજ્યમાં ડાયાલિસીસ સેન્ટર ચાલુ કરવા બાબત**

૪૫૭૨૦**શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કયા સ્થળે પીપીપીના ધોરણે ડાયાલિસીસ સેન્ટર ચાલુ કરવાનો નિર્ણય ક્યારે કરવામાં આવેલ, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આઈ.કે.ડી.આર.સી. અમદાવાદ સાથે તા. ૨૪-૦૩-૨૦૨૧ ના રોજ થયેલ સમજૂતી કરાર અન્વયે રાજ્યની જિલ્લા હોસ્પિટલો, પેટા જિલ્લા હોસ્પિટલો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે પીપીપી ધોરણે ડાયાલિસીસ સેન્ટર ચાલુ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ડાયાલિસીસ સેન્ટર કાર્યરત થયા, અને | (૨) ૬૧ ડાયાલીલીસ સેન્ટર કાર્યરત થયેલ છે. |
| (૩) બાકી રહેલ ડાયાલિસીસ સેન્ટર ક્યાં સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે ? | (૩) કામગીરી પૂર્ણ થયેથી બાકી રહેલ ૨૧ ડાયાલિસીસ સેન્ટર કાર્યરત કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**બોટાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના**

૪૪૮૦૧**શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં બોટાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૬૨૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૬૨૩ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૬૪.૨૬ લાખ. |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં હયાત ફિડરોનું વિભાજન**

૪૪૮૪૩**શ્રી વિવેકભાઇ પટેલ** (ઉધના) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં હયાત ફિડરનું વિભાજન કરીને કેટલા નવા ફિડર કરવામાં આવેલ છે, અને | (૧) ૧૩૧ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૨૮૬૩.૭૮ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**ગાંધીનગર શહેરમાં કાર્યરત ૧૦૮ની સેવા**

૪૪૮૧૧**શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં ૧૦૮ સેવાઓ માટે કુલ કેટલી એમ્બ્યુલન્સ કાર્યરત છે, અને | (૧) ૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તેનો કેટલાં દર્દીઓએ લાભ લીધેલ છે ? | (૨) ૧૦૮૦૮ |

- - - - - - - - -

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૬૭૩**શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૧૭ (અગ્રતા-૧૦૮)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૯૫ અને વર્ષ-૨૦૨૦માં ૩૮ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧૪ |
| ૨ | પાટણ | ૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧૦૨ |
| ૨ | પાટણ | ૧૫ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૬૫ | ૨,૩૪,૦૦,૦૦૦/- |
| ૨ | પાટણ | ૦૯ | ૩૮,૦૦,૦૦૦/- |

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી**

૪૫૭૬૪**શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કેટલી રકમના ક્યા સ્થળે મંજૂર થયેલા છે,

(૧) **કુલ-૦૪**

| ક્રમ | પ્રા.આ.કે. | તાલુકો | રકમ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | બહાદૂરપુર | સંખેડા | ૧૧૦.૦૦ |
| ૨ | આથાડુંગરી | ક્વાંટ | ૧૧૦.૦૦ |
| ૩ | માંકણી | બોડેલી | ૧૧૦.૦૦ |
| ૪ | મોટી બુમડી | બોડેલી | ૧૧૦.૦૦ |

(૨) મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પૈકી કેટલા આરોગ્ય કેન્દ્રો કેટલા ખર્ચે પૂર્ણ થયેલા છે અને કેટલા બાકી છે, અને

(૨) એકપણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ પૂર્ણ થયેલ નથી.

(૩) બાકી રહેલા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆઇયુ/૧૦૨૨/SFS-3/ઘ, તા.૦૫-૦૩-૨૦૨૨ અન્વયે પીઆઇયુ હસ્તકનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ/મરામત/જાળવણી વિષયક તમામ કામગીરી માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ને સોંપવામાં આવેલ છે.

---------

**નાસકાંઠા જિલ્લામાં થરાદ-સીપુ પાઇપલાઇનથી સિંચાઇ**

૪૪૮૨૩**શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ થરાદ-સીપુ પાઇપલાઇનથી બનાસકાંઠા જિલ્લાના કયા તાલુકાને સિંચાઇનો લાભ મળશે,

(૧) થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાને.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પાઇપલાઇનથી જિલ્લાના

(૨) ૧૦૬ તળાવો.

કેટલા તળાવો ભરવાનું આયોજન છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પાઈપલાઇનથી જિલ્લાના કેટલા હેક્ટર વિસ્તારને લાભ મળશે ?

(૩) અંદાજે કુલ ૬૦૦૦ હેક્ટર વિસ્તાર.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં હયાત ફિડરોનું વિભાજન**

૪૪૮૪૫**શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં હયાત ફિડરનું વિભાજન કરીને કેટલા નવા ફિડર કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૧૬

(૨) રૂ.૨૫૮૪.૧૮ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**રાજ્યને જી.એસ.ટી. વળતર પેટે લેવાની બાકી રકમ**

૪૫૬૨૮**શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યને જી.એસ.ટી.ના વળતર રૂપે કેટલી રકમ કેન્દ્ર સરકાર પાસેથી લેવાની બાકી નીકળે છે, અને

(૨) તે પૈકીની કેટલી રકમ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ક્યારે આપી છે ?

**જવાબ**

(૧) રૂ.૧૨,૩૧૩.૦૯ કરોડ.

(૨)

| રકમ (રૂ.કરોડમાં) | તારીખ |
|---|---|
| ૧૫૨૪.૪૬ | ૧૨-૦૧-૨૦૨૨ |
| ૧૬૨૦.૪૫ | ૦૯-૦૩-૨૦૨૨ |

- - - - - - - - -

**રાજ્યમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ માટે કામગીરી**

૪૫૬૮૭**શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૯૫ અન્વયે રાજ્યકક્ષાની તકેદારી અને મોનિટરીંગ દ્વારા શી કામગીરી કરવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે સમિતિની બેઠકો મળી અને તેમાં શા નિર્ણયો કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સમિતિની બેઠકો નિયમિત ન મળતી હોઇ તો તેના કારણો શા છે ?

**જવાબ**

| (૧) ગ્રામ્ય વિસ્તારોમાં ડૉક્ટરોની ઘટ નિવારી શકાય તે માટે એમ.બી.બી.એસ. પાસ થઇને ઇન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડૉક્ટરોને સરકાર પ્રોવીઝનલ સર્ટીફિકેટ આપીને ત્રણ વર્ષ ફરજિયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડિગ્રી સર્ટીફિકેટ આપવાની બાબત કાયદાકીય જોગવાઇઓની ચકાસણી કરીને યોગ્ય તે વિચારણા કરવાની હતી તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા | (૧) એમ.બી.બી.એસ. પાસ વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસક્રમ પૂર્ણ કરે ત્યારબાદ તેમને ડિગ્રી સર્ટીફિકેટ આપવાની કાર્યવાહી જે તે યુનિવર્સિટી દ્વારા કરવાની હોય છે. |

બે વર્ષમાં ઉક્ત સંબંધમાં ક્યારે અને શી વિચારણા કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ વિચારણાને અંતે શું નિર્ણય લેવાયેલ છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ભાણવડ તાલુકાના મોડપર ગામે આવેલ ગુલાબ સાગર ડેમ**

૪૫૭૫૮ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના મોડપર ગામે આવેલ ગુલાબ સાગર ડેમ જર્જરિત હાલતમાં છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. સદર ડેમ રીપેર કરવાપાત્ર છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત ડેમના સમારકામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ડેમના સમારકામ પાછળ કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૩) ઉક્ત ડેમની સમારકામની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) ઉક્ત નાની સિંચાઇ યોજનામાં હાલમાં ૪.૫ મીટર ઊંડાઇ સુધી પાણી ભરેલ હોઇ પાણીનું લેવલ નીચું થયેથી સમારકામની કામગીરી હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**બોટાદ જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત**

૪૫૦૭૩ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત માટે કોઇ સકસિડી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સકસિડી આપવામાં આવેલ છે, અને | (૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા બોટાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં કુલ ૫૬,૮૬૨ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૧માં કુલ ૫૭,૮૬૨ ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં સકસિડી આપવામાં આવેલ છે. |
| (૩) આ ગ્રાહકોને કુલ કેટલી રકમની સકસિડી આપવામાં આવેલ છે? | (૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા બોટાદ જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત પેટે વર્ષ ૨૦૨૦માં રૂ.૮૩.૯૭ કરોડ અને વર્ષ ૨૦૨૧માં રૂ.૮૬.૩૩ કરોડની સકસિડી આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં બીકે-૩, પી-૨ જૂથ પાણી પુરવઠા યોજના**

૪૫૦૫૩ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં બીકે-૩, પી-૨ જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગેના કામોનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામોની અંદાજિત રકમ કેટલી છે, અને | (૨) રૂ.૧૧૫૦૦.૩૧ લાખ ગ્રોસ. |
| (૩) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) માહે ૦૩/૨૦૨૩ સુધીમાં. |

- - - - - - - - -

**મહી સિંચાઇ કમાન્ડ વિસ્તારને નર્મદા સિંચાઇ કમાન્ડ વિસ્તારમાં સમાવેશ**

અતારાંકિત પ્રશ્નો

૪૫૪૦૫ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સરકારે મહી સિંચાઇ કમાન્ડ વિસ્તારને નર્મદા સિંચાઇ કમાન્ડ એરીયામાં સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેનું ક્યાં સુધીમાં અમલીકરણ કરાશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના**

૪૪૮૭૯ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૭૩૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૮૪ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૬,૬૭,૭૫૦/- |

- - - - - - - - -

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૬૬૩ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૧૧ (અગ્રતા-૮૧)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૧૯૨ અને વર્ષ-૨૦૨૦માં ૮૦ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧૪ |
| ૨ | કચ્છ | ૧૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧૦૨ |
| ૨ | કચ્છ | ૧૪૩ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૬૫ | ૨,૩૪,૦૦,૦૦૦/- |
| ૨ | કચ્છ | ૧૦૨ | ૪,૦૫,૦૦,૦૦૦/- |

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યાં ?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબીલમાં રાહત**

૪૫૦૮૧ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે | (૧) હા, જી. |

વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબીલમાં રાહત માટે કોઇ સબસિડી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને

(૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં કુલ ૭૦,૯૧૨ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૧માં કુલ ૭૩,૫૬૬ ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબીલમાં સકસિડી આપવામાં આવેલ છે.

(૩) આ ગ્રાહકોને કુલ કેટલી રકમની સબસિડી આપવામાં આવેલ છે ?

(૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત પેટે વર્ષ ૨૦૨૦માં
રૂ. ૨૩૧.૬૦ કરોડ અને વર્ષ ૨૦૨૧માં રૂ. ૨૩૪.૪૩ કરોડની સબસિડી આપવામાં આવેલ છે.

- - - - - - - - -

## મહીસાગર જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબીલમાં રાહત

૪૫૦૭૧ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબીલમાં રાહત માટે કોઇ સબસિડી આપવામાં આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને

(૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા મહીસાગર જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં કુલ ૩૨,૦૬૬ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૧માં કુલ ૩૩,૮૩૧ ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબીલમાં સબસિડી આપવામાં આવેલ છે.

(૩) આ ગ્રાહકોને કુલ કેટલી રકમની સબસિડી આપવામાં આવેલ છે ?

(૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા મહીસાગર જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત પેટે વર્ષ ૨૦૨૦માં
રૂ. ૩૩.૭૦ કરોડ અને વર્ષ ૨૦૨૧માં રૂ. ૩૪.૫૯ કરોડની સબસિડી આપવામાં આવેલ છે.

- - - - - - - - -

## દાહોદ જિલ્લાની ઝાલોદ જૂથ પાણી પુરવઠા યોજના

૪૫૦૫૦ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાની ઝાલોદ જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગેના કામોનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૧) ઝાલોદ જૂથ પાણી પુરવઠા યોજનાના કામોનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામોની અંદાજિત રકમ કેટલી છે, અને

(૨) રૂ.૧૪૩૨૬.૫૦ લાખ ગ્રોસ.

(૩) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) માહે ૦૪/૨૦૨૩ સુધીમાં.

- - - - - - - - -

## રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબીલની બાકી રકમ

૪૫૬૦૯ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૬૮ (અગ્રતા-૧૦૩)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ

(૧) *પત્રક-અ મુજબ.

કે તેથી વધુ રકમના વીજબીલ ન ચૂકવ્યા હોય તેવા રાજકોટ જિલ્લામાં ૫૮૦ અને પોરબંદર જિલ્લામાં ૧૫૯ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ. ૫૨૩૩.૫૬ અને રૂ. ૪૩૯૦.૬૬ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબીલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| **જિલ્લો** | **ઔદ્યોગિક એકમોની સંખ્યા** | **વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખ)** |
|---|---|---|
| રાજકોટ | ૨૧૯ | ૨૫૭૪.૬૫ |
| પોરબંદર | ૧૨૦ | ૪૨૩૪.૪૪ |

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) **રાજકોટ જિલ્લો :**

- વસૂલાત માટે બાકી રહેતા ગ્રાહકો પૈકી કુલ ૧૭૪ના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલા છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૨૧૧૯.૦૧ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૩૦ ગ્રાહકોએ બાકી રૂ.૧૯૫.૭૫ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી / હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે, જે પૈકી ૧૦ ગ્રાહકોના રૂ.૯૦.૮૭ લાખ વસૂલવા માટે દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે જ્યારે ૨૦ ગ્રાહકોના રૂ.૧૦૪.૮૮ લાખની વસૂલાત કરવા માટે પ્રીલીટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં ધરવામાં આવેલ છે.
- વીજબિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૧૫ ગ્રાહકો અને તેની કુલ રકમ રૂ.૨૫૯.૮૯ લાખ છે. જે અંગે જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પોરબંદર જિલ્લો :**

- વસૂલાત માટે બાકી રહેતા ગ્રાહકો પૈકી કુલ ૯૯ના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલા છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૨૯૬૨.૧૬ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૧૨ ગ્રાહકોએ બાકી રૂ.૪૩.૦૬ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી / હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે જે પૈકી ૮ ગ્રાહકોના

  રૂ. ૨૮.૨૩ લાખ વસૂલવા માટે દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે જ્યારે ૪ ગ્રાહકોના રૂ.૧૪.૮૩ લાખની વસૂલાત કરવા માટે પ્રીલીટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- વીજબિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૯ ગ્રાહકો અને તેની કુલ રકમ રૂ.૧૨૨૯.૨૨ લાખ છે. જે અંગે જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**રાજ્યમાં નવી સરકારી મેડિકલ કોલેજને મંજૂરી**

૪૫૬૫૪ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નવી સરકારી મેડિકલ કોલેજ શરૂ કરવા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્યમાં કઇ જગ્યાએ મેડિકલ કોલેજ શરૂ કરવા ક્યારે દરખાસ્ત કરી, અને | (૨) તા.૦૨-૦૧-૨૦૨૦ના પત્રથી રાજ્યના પાંચ જિલ્લાઓ ગીર સોમનાથ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, પંચમહાલ અને મોરબી જિલ્લાઓની જિલ્લા/રેફરલ હોસ્પિટલો ખાતે મેડિકલ કોલેજો શરૂ કરવા મંજૂરી અર્થે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત સાદર કરેલ છે. |
| (૩) ઉક્ત દરખાસ્તો પૈકી કેટલી મેડિકલ કોલેજોની મંજૂરી કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવી ? | (૩) ઉક્ત દરખાસ્ત પૈકી કેન્દ્ર સરકારશ્રીના તા.૦૭-૦૯-૨૦૨૦ના પત્રથી પંચમહાલ જિલ્લાની જિલ્લા/રેફરલ હોસ્પિટલ ખાતે મેડિકલ કોલેજ શરૂ કરવાની મંજૂરી મળેલ છે. અને કેન્દ્ર સરકારશ્રીના તા.૧૪-૧૨-૨૦૨૦ના પત્રથી મોરબી જિલ્લાની જિલ્લા/રેફરલ હોસ્પિટલ ખાતે મેડિકલ કોલેજ શરૂ કરવાની મંજૂરી મળેલ છે. |

- - - - - - - - -

**ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને નાણાકીય જોગવાઇ**

૪૫૭૪૩ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળના ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર માટે અંદાજપત્રમાં કોઇ નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે અંદાજપત્રમાં ઉક્ત નિગમને કેટલી નાણાકીય ફાળવણી કરવામાં આવેલ છે, અને | (૨) (રૂ.લાખમાં) |

| વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨(તા.૩૧-૧૨-૨૦૨૧ અંતિત) |
|---|---|
| ફાળવણી | ફાળવણી |
| ૧૭૦૦.૦૦ | ૫૬૪.૨૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ફાળવણી કરવામાં આવેલ નાણા પૈકી કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ? | (૩) પત્રક મુજબ |

**પત્રક**

**(રૂ.લાખમાં)**

| વર્ષ-૨૦૨૦-૨૧ | | વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ અંતિત) | |
|---|---|---|---|
| **વણવપરાયેલ રકમ** | **વણવપરાયેલ રહેવાના કારણો** | **વણવપરાયેલ રકમ** | **વણવપરાયેલ રહેવાના કારણો** |
| ૧૭૦૦.૦૦ | તા.૨૩-૧૧-૨૦૨૦ના રોજ રૂ.૧૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ મળેલ હતી. જે અન્વયે અરજીઓ મેળવવા માટેની જાહેરાત પ્રસિદ્ધ કરીને તા.૦૫-૦૨-૨૦૨૧ | ૪૧૨.૨૪ | લાભાર્થીઓ તરફથી ખૂટતા ડોક્યુમેન્ટની પૂર્તતા કરવામાં ન |

| | | | |
|---|---|---|---|
| | સુધી અરજીઓ મેળવવામાં આવેલ હતી. જેના પર કાર્યવાહી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કરવામાં આવેલ છે. જેથી વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૧૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ વણવપરાયેલ રહી. નિગમને સમાન ફાળા પેટે ફાળવેલ રૂ.૨૦૦.૦૦ લાખ નિગમને રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ તરફથી ફંડ મેળવવામાં આવતું ન હોવાથી વણવપરાયેલ રહેલ છે. | | આવતા |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજના**

૪૫૦૫૮ **શ્રી અરવિંદભાઇ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ભરૂચ જિલ્લામાં કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજના બનાવવાની મંજૂરી આપવામાં આવી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ભરૂચ જિલ્લામાં કુલ ૪૫ મીની પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી મીની પાણી પુરવઠા યોજના પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવેલ ? | (૨) ઉક્ત તમામ મીની પાણી પુરવઠા યોજનાની કામગીરી માહે ઓક્ટોબર-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવેલ છે. |

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન**

૪૫૦૬૩ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩ |
| (૩) કુલ કેટલી રકમની લોન ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૪૫.૦૦ લાખ. |

- - - - - - - - -

**રાજ્યના ઊર્જા એકમો દ્વારા વીજ ઉત્પાદન**

૪૫૬૬૯ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજ્ય હસ્તકના ઊર્જા એકમો દ્વારા સ્થાપિત શક્તિ સામે કેટલા યુનિટ વીજ ઉત્પાદન થયું, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજ્ય હસ્તકના ઊર્જા એકમો (જીએસઇસીએલ અને રાજ્ય સરકાર હસ્તકના આઇપીપી) થકી સ્થાપિત શક્તિ સામે મેળવવામાં આવેલ વીજળીની વિગત પત્રક-અમુજબ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વીજ ઉત્પાદન પૈકી વર્ષવાર કેટલો જથ્થો ગ્રીડમાં નાંખવામાં આવ્યો, અને | (૨) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત વીજ મથકોમાંથી ઉત્પાદિત થયેલ તમામ જથ્થો ગ્રીડમાં નાંખવામાં આવેલ છે. |
| (૩) ઉત્પાદન ગ્રીડમાં ગયા બાદ વપરાશકાર સુધી વીજ પ્રવાહ પહોંચાડવામાં કેટલો લાઇન લોસ વર્ષવાર નોંધાયો ? | (૩) ઉત્પાદન ગ્રીડમાં ગયા બાદ વપરાશકાર સુધી વીજ પ્રવાહ પહોંચાડવામાં ટ્રાન્સમીશન અને ડીસ્ટ્રીબ્યુશન દરમ્યાન લાઇન લોસ થતો હોય છે. વધુમાં કેન્દ્રિય ગ્રીડ સાથે જોડાયેલ વીજ મથકોમાંથી ઉત્પન્ન થયેલ ઊર્જાને ગ્રાહકો સુધી પહોંચાડવા માટે ઉપરોક્ત લોસ ઉપરાંત કેન્દ્રિય ટ્રાન્સમિશન નેટવર્કમાં પણ લોસ થાય છે, ઉક્ત તમામ લાઇન લોસની વર્ષવાર વિગત નીચે મુજબ છે. |

| વિગત | વર્ષ ૨૦૧૯- | વર્ષ ૨૦૨૦- |
|---|---|---|

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| | ૨૦ | ૨૧ |
|---|---|---|
| ટ્રાન્સમિશન લોસ (%) | ૩.૭૨% | ૩.૫૦% |
| ડીસ્ટ્રીબ્યુશન લોસ (%) | ૧૦.૪% | ૧૦.૯૭% |
| કેન્દ્રિય ટ્રાન્સમિશન નેટવર્ક લોસ (%) | ૨.૯૩% | ૩.૧૮% |

**પત્રક-અ**

| નં. | કંપની | સ્થાપિત વીજ ક્ષમતા (મે.વો) | વીજ ઉત્પાદન (મિલીયન યુનીટસ) | |
|---|---|---|---|---|
| | | | વર્ષ -૨૦૨૦ | વર્ષ -૨૦૨૧ |
| | **પરંપરાગત ઉર્જા સ્ત્રોતો** | | | |
| અ. | રાજ્ય સરકાર હસ્તકની સરકારી વીજ કંપની. (ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસિટી કોર્પોરેશન લિ.-જી.એસ.ઇ.સી.એલ) | ૬૬૭૭ | ૧૭૧૮૪ | ૨૨૭૭૧ |
| બ. | રાજ્ય સરકાર હસ્તકના આઇપીપી | | | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લિ.-ગેસ આધારિત પ્લાન્ટ | ૫૦૭ | ૧૮૩૨ | ૧૦૦ |
| ૨ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ.- ગેસ આધારિત પ્લાન્ટ* | ૯૩ | ૧૨૦ | ૨૫ |
| ૩ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ.-સુરત લીગ્નાઇટ પાવર પ્લાન્ટ | ૫૦૦ | ૨૯૦૦ | ૨૪૬૬ |
| ૪ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન-અક્રીમોટા | ૨૫૦ | ૩૯૦ | ૨૯૬ |
| ૫ | જી પી પી સી પીપાવાવ | ૭૦૨ | ૨૭૯૨ | ૧૮૦ |
| | **બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોતો** | | | |
| અ. | રાજ્ય સરકાર હસ્તકની સરકારી વીજ કંપની.(ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસિટી કોર્પોરેશન લિ.-જી.એસ.ઇ.સી.એલ) | ૧૬૦ | ૧૬૮ | ૨૩૦ |
| બ. | રાજ્ય સરકાર હસ્તકના આઇપીપી | | | |
| ૧ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ.-સૌર ઊર્જા | ૧૮૦ | ૧૬૩ | ૨૩૯ |
| ૨ | જીએસપીસી પીપાવાવ પાવર કંપની લિ.-સૌર ઊર્જા | ૫ | ૫ | ૪ |
| ૩ | જીએમડીસી (GMDC)-સૌર ઊર્જા | ૫ | ૬ | ૭ |
| ૪ | ગુજરાત પાવર કોર્પોરેશન લિ.-સૌર ઊર્જા | ૫ | ૪ | ૬ |
| ૫ | જીએસપીસી લિ.(GSPC)-પવન ઊર્જા | ૭૧.૪ | ૯૫ | ૧૦૯ |
| ૬ | જીએમડીસી (GMDC)-પવન ઊર્જા | ૨૦૦.૯ | ૨૮૮ | ૩૨૬ |
| ૭ | ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિ.-પવન ઊર્જા | ૫૨.૫ | ૮૦ | ૯૪ |
| ૮ | ગુજરાત પાવર કોર્પોરેશન લિ.-પવન ઊર્જા | ૨૦.૭ | ૨૨ | ૨૫ |
| ૯ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ.-પવન ઊર્જા | ૧૧૨.૪ | ૨૧૫ | ૨૨૬ |
| ૧૦ | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર એન્ડ કેમિકલ્સ લિ.-પવન ઊર્જા | ૧૦.૫ | ૧૪ | ૧૭ |
| ૧૧ | ગુજરાત આલ્કલીસ એન્ડ કેમિકલ્સ લિ.-પવન ઊર્જા | ૧૪.૭ | ૩૧ | ૩૩ |
| ૧૨ | ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી (GEDA) -પવન ઊર્જા | ૩.૬ | ૫ | ૫ |
| | | **કુલ** | **૨૬૩૨૩** | **૨૭૧૫૯** |

***જીઆઇપીસીએલ ની કુલ ઉત્પાદન ક્ષમતામાંથી જીયુવીએનેલ નો શેર ૨૭ મે.વોટ. છે.**

---------

## એમ.બી.બી.એસ.ની કોલેજોમાં ફીનું ધોરણ

૪૫૬૨૧ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં વર્ષવારએમ.બી.બી.એસ.ની સરકારી, ખાનગી અને ગુજરાત મેડિકલ અને એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીનું ધોરણ શું છે, અને

(૨) ઉક્ત કોલેજોમાંથી ફી ન ભરી શકનાર કેટલા

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં બે વર્ષમાં વર્ષવાર એમ.બી.બી.એસ.ની સરકારી, ખાનગી અને ગુજરાત મેડિકલ અને એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીનું ધોરણ પત્રક મુજબ છે.

(૨) માહિતી શૂન્ય છે.

વિદ્યાર્થીઓના એડમિશન રદ કરવામાં આવ્યા ?

**પત્રક-૧**

| **ક્રમ** | **મેડિકલ કોલેજનો પ્રકાર** | **સ્ટેટ ક્વોટાની ફી** | **મેનેજમેન્ટ ક્વોટાની ફી** | **એન.આર.આઇ. ક્વોટાની ફી** |
|---|---|---|---|---|
| **વર્ષ ૨૦૧૯-૨૦** | | | | |
| ૧ | સરકારી | ૨૫૦૦૦/- | - | - |
| ૨ | જીએમઇઆરએસ | ૩,૦૦,૦૦૦/- | ૮,૨૫,૦૦૦/- | $ ૨૦૦૦૦/- (યુ.એસ.ડોલર અથવા સમકક્ષ વિદેશી ચલણ) |
| ૩ | ખાનગી | પત્રક-૧ સામેલ છે. | | |
| **વર્ષ ૨૦૨૧-૨૨** | | | | |
| ૧ | સરકારી | ૨૫૦૦૦/- | - | - |
| ૨ | જીએમઇઆરએસ | ૩,૦૦,૦૦૦/- | ૮,૨૫,૦૦૦/- | $ ૨૦૦૦૦/- (યુ.એસ.ડોલર અથવા સમકક્ષ વિદેશી ચલણ) |
| ૩ | ખાનગી | પત્રક-૧ સામેલ છે. | | |

**પત્રક-૧**

| **ક્રમ** | **કોલેજનું નામ** | **ગવર્મેન્ટ ક્વોટા ૨૦૧૯-૨૦ (ફી લાખ રૂપિયામાં)** | **મેનેજમેન્ટ ક્વોટા ૨૦૧૯-૨૦ (ફી લાખ રૂપિયામાં)** | **ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૦-૨૧ (ફી લાખ રૂપિયામાં)** | **મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૦-૨૧ (ફી લાખ રૂપિયામાં)** |
|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, સુરત, | ૭.૦૮ | ૧૪.૦૪ | ૭.૬૫ | ૧૪.૮૨ |
| ૨ | સી.યુ.શાહ મેડિકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૫.૭૩ | ૧૩.૫૦ | ૬.૨૬ | ૧૫.૦૦ |
| ૩ | જી.સી.એસ મેડિકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ | ૭.૯૦ | ૧૪.૦૦ | ૮.૬૦ | ૧૫.૪૦ |
| ૪ | ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ, ભુજ (કચ્છ) | ૬.૧૫ | ૧૭.૬૦ | ૬.૬૫ | ૧૭.૯૦ |
| ૫ | પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ, કરમસદ | ૮.૨૨ | ૧૫.૨૦ | ૮.૭૦ | ૧૬.૧૦ |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૫.૬૪ | ૧૫.૮૭ | ૫.૯૩ | ૧૮.૨૫ |
| ૭ | એ.એમ.સી. મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૬.૪૮ | ૧૬.૦૦ | ૭.૩૧ | ૧૮.૪૦ |
| ૮ | પારૂલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, વાઘોડીયા | ૭.૫૫ | ૧૪.૬૦ | ૮.૨૫ | ૧૫.૭૫ |
| ૯ | બનાસ મેડિકલ કોલેજ, પાલનપુર | ૬.૮૫ | ૧૫.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૦ | ઝાયડસ મેડિકલ કોલેજ, દાહોદ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૧ | ડો. એમ.કે.શાહ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, ચાંદખેડા, અમદાવાદ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ |
| ૧૨ | ડો. એન.ડી.દેસાઇ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, નડીયાદ | ૭.૮૫ એડહોક ફી | ૧૫.૦૦ એડહોક ફી | ૭.૮૫ એડહોક ફી (ચાલુ) | ૧૫.૦૦ એડહોક ફી (ચાલુ) |
| ૧૩ | નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વિસનગર | ૭.૮૫ એડહોક ફી | ૧૫.૦૦ એડહોક ફી | ૭.૮૫ એડહોક ફી (ચાલુ) | ૧૫.૦૦ એડહોક ફી (ચાલુ) |
| ૧૪ | શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી | ૬.૮૫ એડહોક ફી | ૧૫.૦૦ એડહોક ફી | ૬.૮૫ એડહોક ફી (ચાલુ) | ૧૫.૦૦ એડહોક ફી (ચાલુ) |
| ૧૫ | ડો.કિરણ સી પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ | - | - | ૬.૮૫ | ૧૫.૦૦ |

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૧૯-૨૦ (ફી લાખ રૂપિયામાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૧૯-૨૦ (ફી લાખ રૂપિયામાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૦-૨૧ (ફી લાખ રૂપિયામાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૦-૨૧ (ફી લાખ રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| | ઈન્સ્ટિટ્યૂટ, ભરૂચ | | | એડહોક ફી | એડહોક ફી |

- - - - - - - - -

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના બોર્ડ / નિગમોને કેન્દ્ર સરકાર તરફથી લોન સહાય**

૪૫૬૫૦ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના નિગમો અને બોર્ડમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી લોન અને કેટલી સહાય કયા નિગમોને આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા લોનના નાણા સમયસર અને પૂરતા પ્રમાણમાં મળે તે માટે રાજ્ય સરકારે શાં પ્રયાસો કર્યા ?

**જવાબ**

(૧)

| | વર્ષ | લોન (લાખમાં) | સહાય (લાખમાં) |
|---|---|---|---|
| ગુજરાત અનૂસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન | ૨૦૨૦-૨૧ | ૩.૧૪૪૭.૦૦ | ૩.૮૫૦.૫૭ |
| | ૨૦૨૧-૨૨ | - | - |
| ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | ૩.૮૧.૪૫ | - |
| | ૨૦૨૧-૨૨ | - | - |
| ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | ૩.૮૦૦.૦૦ | - |
| | ૨૦૨૧-૨૨ | ૩.૭૦૦.૦૦ | - |
| ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | ૩.૨૦૦.૦૦ | - |
| | ૨૦૨૧-૨૨ | - | - |
| ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ | ૨૦૨૦-૨૧ | ૩.૫૬૪.૦૦ | - |
| | ૨૦૨૧-૨૨ | ૩.૨૦૦.૦૦ | - |

(૨) જરૂરિયાત મુજબના નાણા પૂરતા પ્રમાણમાં અને સમયસર મળતા હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ સાથે બહિષ્કારના બનાવો**

૪૫૬૧૫ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના લોકો સાથે સામાજિક અને આર્થિક બહિષ્કારના કેટલા બનાવો બન્યા,

(૨) ઉક્ત બનાવોમાં તાલુકાવાર ગામ છોડીને હિજરત કરી ગયા હોવાના કેટલા બનાવો બન્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બનાવો અટકાવવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) કોઈ બનાવ બનવા પામેલ નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

- - - - - - - - -

**રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની છાત્રાલયોના બાંધકામ માટે સહાય**

૪૫૭૧૩ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયના બાંધકામ માટે કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ સહાયના દર ક્યારથી અમલમાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ સહાયના દરોમાં છેલ્લે ક્યારે

**જવાબ**

(૧) કુમાર છાત્રાલયના બાંધકામ માટે એસ્ટીમેટની રકમના ૭૫ ટકા અથવા રૂ.૪.૦૦ લાખ પૈકી બે માંથી જે ઓછું હોય તે અને કન્યા છાત્રાલયના બાંધકામ માટે ૯૦ ટકા અથવા રૂ. ૪.૦૦ લાખ પૈકી બે માંથી જે ઓછું હોય તેટલી રકમ.

(૨) કુમાર છાત્રાલય માટે તા.૦૩-૧૦-૧૯૯૭થી અને કન્યા છાત્રાલય માટે તા.૧૩-૦૧-૧૯૯૮ થી.

(૩) અનુક્રમે તા.૦૩-૧૦-૯૭ના તથા તા.૧૩-

કેટલો વધારો કરવામાં આવ્યો ? | ૦૧-૧૯૯૮ના ઠરાવોથી રૂ.૧.૦૦ લાખનો વધારો કરવામાં આવ્યો.

---------

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના નિગમોમાં આઉટસોર્સિંગથી કર્મચારીઓની ભરતી**

૪૫૬૬૦ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટથી કેઆઉટસોર્સિંગથી ફરજ બજાવે છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને

(૪) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| કોન્ટ્રાક્ટ | આઉટસોર્સિંગ |
|---|---|
| ૨ | ૨૦૫ |

(૩)

| કોન્ટ્રાક્ટ | આઉટસોર્સિંગ |
|---|---|
| ૨ | ૧૫૨ |

(૪) નિગમોની યોજનાકીય કામગીરીમાં વિલંબ કે વિપરીત અસર ન પડે તે માટે.

**ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૭૪૯ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૮૬ (અગ્રતા-૧૨૧)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૧૧ અને વર્ષ-૨૦૨૦માં ૫ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| **અ.નં.** | **જિલ્લો** | **હાજર થયેલ ડૉક્ટર** |
|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૦૦ |
| ૨ | ભાવનગર | ૦૦ |

(૨)

| **અ.નં.** | **જિલ્લો** | **હાજર ન થયેલ ડૉક્ટર** |
|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૦૬ |
| ૨ | ભાવનગર | ૧૦ |

(૩)

| **અ.નં.** | **જિલ્લો** | **વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા** | **વસૂલાતની બાકી રકમ** |
|---|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૦૪ | ૨૦,૦૦,૦૦૦/- |
| ૨ | ભાવનગર | ૦૭ | ૩૫,૦૦,૦૦૦/- |

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**નવસારી જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના**

૪૫૦૬૦ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૫ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩,૬૪,૦૦૦/- |

---------

**મહેસાણા જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત**

૪૫૦૭૭ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત માટે કોઇ સકસિડી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સકસિડી આપવામાં આવેલ છે, અને | (૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં કુલ ૩૯,૮૬૫ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૧માં કુલ ૪૦,૬૩૮ ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબીલમાં સકસિડી આપવામાં આવેલ છે. |
| (૩) આ ગ્રાહકોને કુલ કેટલી રકમની સકસિડી આપવામાં આવેલ છે ? | (૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત પેટે વર્ષ ૨૦૨૦માં રૂ.૫૦૧.૭૬ કરોડ અને વર્ષ ૨૦૨૧માં રૂ.૪૯૧.૬૮ કરોડની સકસિડી આપવામાં આવેલ છે. |

---------

**મહી સિંચાઈ કમાન્ડ વિસ્તારને નર્મદા સિંચાઈ કમાન્ડ વિસ્તારમાં સમાવેશ**

૪૫૩૮૯ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સરકારે મહી સિંચાઈ કમાન્ડ વિસ્તારને નર્મદા સિંચાઈ કમાન્ડ એરીયામાં સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨)જો હા, તો તેનું ક્યાં સુધીમાં અમલીકરણ કરાશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યની સરકારી જનરલ હોસ્પિટલોમાં બાળરોગ નિષ્ણાંત ડૉક્ટરોની ખાલી જગ્યા**

૪૫૬૮૩ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની સરકારી જનરલ હોસ્પિટલોમાં બાળરોગ નિષ્ણાંત ડૉક્ટરોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૮૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને | (૨) ભરેલ જગ્યાઓ - ૩૪<br>ખાલી જગ્યાઓ – ૫૫ |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ? | (૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિને ધ્યાને લઈ ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તુરંત જ ભરવામાં આવે છે. |

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં પી.જી.વી.સી.એલ. ના બંધ ટી.સી.ની ફરિયાદો**

૪૫૯૪૮ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં પી.જી.વી.સી.એલ.ના ખેતીવાડી ક્નેક્શનોમાં બંધ ટી.સી.ની કેટલી ફરિયાદો મળી,

(૨) મળેલ ફરિયાદો બાદ કેટલા સમયમાં ટી.સી. બદલવામાં આવ્યા અને બદલેલ ટી.સી.માંના કેટલા ટી.સી. બંધ હાલતમાં ફીટ કરવાની ફરિયાદો મળી, અને

(૩) ઉક્ત સ્થિતિએ બંધ ટી.સી.ની ફરિયાદ મળ્યા બાદ તેને બદલવાનો સમયગાળો કેટલો હોય છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | બંધ ટી.સી.ની ફરિયાદોની સંખ્યા |
|---|---|
| સાવરકુંડલા | ૫૮૦૩ |
| લીલીયા | ૮૧૮ |

(૨)

| તાલુકો | બદલેલ ટી.સી.ની સંખ્યા અને સમય | | | ફરી મળેલ બંધ ટી.સી.ની ફરિયાદો |
|---|---|---|---|---|
| | ૨૪ કલાક | ૭૨ કલાક | ૭૨ કલાકથી વધુ | |
| સાવરકુંડલા | ૩૦૫૨ | ૭૬૭ | ૧૯૮૪ | ૬૪ |

(૩) સામાન્ય પરિસ્થિતિમાં બંધ ટી.સી.ની ફરિયાદ મળ્યાથી શહેરી વિસ્તારમાં ૨૪ કલાકમાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૭૨ કલાકમાં બદલવાના હોય છે પરંતુ કુદરતી આફતો કે ચોમાસા દરમિયાન વરસાદના કારણે મોટા પ્રમાણમાં વીજલાઇનો તેમજ ટી.સી.ને નુકસાન તેમજ વોટર લોગીંગ થવાના કારણે અમુક કિસ્સામાં ટી.સી. બદલવામાં નિયત સમયમર્યાદા કરતા વધારે સમય લાગે છે.

- - - - - - - - -

**રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સવાન ખરીદવા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૪૫૬૩૬ **ડો.સી.જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ૧૦૮ ઇમરજન્સી સેવા માટે કેટલી નવી એમ્બ્યુલન્સવાન ખરીદવા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો કેટલી રકમનો ફાળો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કયા જિલ્લામાં કેટલી એમ્બ્યુલન્સવાન ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | એમ્બ્યુલન્સની સંખ્યા | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.) |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૦ | ૦ |
| ૨૦૨૧-૨૨ | ૧૫૦ | રૂ.૩૦૦૦.૦૦ લાખ |

(૨)

| વર્ષ | કેન્દ્ર સરકારનો ફાળો (રૂ.) | રાજ્ય સરકારનો ફાળો (રૂ.) |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૦ | ૦ |
| ૨૦૨૧-૨૨ | ૦ | રૂ.૩૦૦૦.૦૦ લાખ |

(૩) પત્રક સામેલ છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લો | ૧૫૦ એમ્બ્યુલન્સની ફાળવણી |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૦ |
| ૨ | વડોદરા | ૧૦ |
| ૩ | સુરત | ૧૦ |
| ૪ | રાજકોટ | ૧૦ |
| ૫ | કચ્છ | ૧૦ |
| ૬ | ગાંધીનગર | ૬ |
| ૭ | દાહોદ | ૫ |

| ક્રમ | જિલ્લો | ૧૫૦ એમ્બ્યુલન્સની ફાળવણી |
|---|---|---|
| ૮ | બનાસકાંઠા | ૫ |
| ૯ | ભાવનગર | ૪ |
| ૧૦ | સાબરકાંઠા | ૩ |
| ૧૧ | તાપી | ૩ |
| ૧૨ | અરવલ્લી | ૩ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૩ |
| ૧૪ | દેવભૂમિ દ્વારકા | ૩ |
| ૧૫ | મહેસાણા | ૩ |
| ૧૬ | જામનગર | ૩ |
| ૧૭ | ભરૂચ | ૩ |
| ૧૮ | ગીર સોમનાથ | ૨ |
| ૧૯ | બોટાદ | ૨ |
| ૨૦ | જૂનાગઢ | ૨ |
| ૨૧ | વલસાડ | ૨ |
| ૨૨ | આણંદ | ૨ |
| ૨૩ | મોરબી | ૨ |
| ૨૪ | છોટાઉદેપુર | ૨ |
| ૨૫ | નવસારી | ૨ |
| ૨૬ | ડાંગ | ૨ |
| ૨૭ | અમરેલી | ૨ |
| ૨૮ | નર્મદા | ૧ |
| ૨૯ | ખેડા | ૧ |
| ૩૦ | પંચમહાલ | ૧ |
| ૩૧ | પાટણ | ૧ |
| ૩૨ | પોરબંદર | ૧ |
| ૩૩ | મહીસાગર | ૧ |
| | **કુલ** | **૧૫૦** |

\- - - - - - - - -

**કોવિડ-૧૯ અન્વયે રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ**

૪૫૭૨૧ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોવિડ-૧૯ મહામારી અન્વયે રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી,

(૧)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૦,૪૧૬/- |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૩,૯૬૧/- |

(૨) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| નાણાકીય વર્ષ | કુલ ફાળા પૈકી થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૦,૪૧૬/- |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૩,૯૬૧/- |

(૩)ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વણવપરાયેલ રહી ?

(૩) ઉક્ત સ્થિતિએ વણવપરાયેલ રકમ શૂન્ય છે.

ચૈત્ર ૯, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં ધાતરવડી-૨ યોજનાની કામગીરી**

૪૫૭૩૩ **શ્રી અંબરીશ ડેર** (રાજુલા) :ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૦૩-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૧૫૦૪૩ (અગ્રતા-૩૩૪) ના અનુસંધાને**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં આવેલ ધાતરવડી-૨ની ડાબા અને જમણા કાંઠાની સિંચાઈ યોજનાની કામગીરી માર્ચ-૨૦૨૦માં પૂર્ણ કરવાની હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબકેક છે, | (૧) ટેન્ડર તબક્કે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પૂર્ણ ન થઈ હોય તો તેના કારણો શા છે, અને | (૨)<br>• જમીન સંપાદનની વહીવટી પ્રક્રિયા.<br>• ખાતેદારોનો જમીન સંપાદન બાબતે વિરોધ.<br>• નેશનલ હાઈવે ઓથોરિટી/સ્ટેટ હાઈવે ઓથોરિટી દ્વારા ક્રોસીંગની મંજૂરી.<br>• કોવીડ-૧૯ ના કારણે ઉદ્ભવેલ પરિસ્થિતિ. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) વર્ષ ૨૦૨૨-૨૩. |

- - - - - - - - -

**મોરબી અને બોટાદ જિલ્લાના ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબીલની બાકી રકમ**

૪૫૬૧૨ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) :ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૬૭ (અગ્રતા-૩૩૯)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા મોરબી જિલ્લામાં ૩૮૩ અને બોટાદ જિલ્લામાં ૪૩ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ.૭૧૨૩.૨૪ અને રૂ.૧૫૯.૪૫ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી, | (૧) *પત્રક-અ મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને | (૨) |

| **જિલ્લો** | **ઔદ્યોગિક એકમોની સંખ્યા** | **વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખમાં)** |
|---|---|---|
| મોરબી | ૪૭ | ૧૨૨૩.૦૪ |
| બોટાદ | ૨૪ | ૧૦૪.૩૨ |

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) **મોરબી જિલ્લોઃ**

- વસૂલાત માટે બાકી રહેતા ગ્રાહકો પૈકી કુલ ૩૨ ના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલા છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૮૭૬.૬૪ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૧૩ ગ્રાહકોએ બાકી રૂ.૨૭૦.૧૬ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી / હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે. જે પૈકી ૧૧ ગ્રાહકોની બાકી રૂ.૨૬૬.૩૧ લાખની રકમ માટે સંબંધિત કોર્ટમાં દાવા દાખલ કરવાની કાર્યવાહી

હાથ ધરવામાં આવેલ છે. જ્યારે ૨ ગ્રાહકોએ બાકી રૂપિયા ૩.૮૫ લાખની રકમ માટે પ્રીલીટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- ગ્રાહકોએ વીજ બિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૧ ગ્રાહકો અને તેની કુલ રકમ રૂ.૨.૮૬ લાખ છે. જે અંગે જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- ગ્રાહકોએ વીજ બિલ ભરેલ ન હોય તેવા કુલ ૧ ગ્રાહક અને તેની રકમ રૂ. ૭૩.૩૮ લાખ છે. જે મોરબી નગરપાલિકાનું વીજજોડાણ છે. જન સુખાકારીને ધ્યાને લઈને સદરહું વીજ જોડાણ કાપવામાં આવેલ નથી. પરંતુ સદર બાબતે વસૂલાત અંગે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

**બોટાદ જિલ્લોઃ**

- વસૂલાત માટે બાકી રહેતા ગ્રાહકો પૈકી કુલ ૧૮ ના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલા છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૯૧.૧૧ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૬ ગ્રાહકોએ બાકી રૂ.૧૩.૨૧ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી / હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે. જે પૈકી ૦૧ ગ્રાહકની બાકી રૂ.૬.૦૩ લાખની રકમ માટે સંબંધિત કોર્ટમાં દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જ્યારે ૫ ગ્રાહકોએ બાકી રૂ.૭.૧૮ લાખની રકમ માટે પ્રીલીટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

### વલસાડ જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય

૪૪૮૭૪ **શ્રી અરવિંદભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૬,૦૦,૦૦૦/- |

- - - - - - - - -

### ભાવનગર જિલ્લામાં હયાત ફિડરોનું વિભાજન

૪૪૮૪૨ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં હયાત ફિડરનું વિભાજન કરીને કેટલા નવા ફિડર કરવામાં આવેલ છે, અને

(૧) ૪૭

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ. ૬૩૩.૦૮ લાખનો ખર્ચ થયો.

---------

**કોવિડ-૧૯ મહામારીમાં કેન્દ્રે ફાળવેલ રકમ**

૪૫૬૨૩ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોવિડ-૧૯ મહામારીને પહોંચી વળવા નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૧)

| **વર્ષ** | **ફાળવેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૦,૪૧૬/- |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૩,૯૬૧/- |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવેલ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| **ક્રમ** | **નાણાકીય વર્ષ** | **ફાળવેલ રકમ પૈકી થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૩૦,૪૧૬/- |
| ૨ | ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૩,૯૬૧/- |

(૩) વર્ષવાર કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે બજેટમાં જોગવાઈ**

૪૫૭૧૦ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૧)

| **નાણાકીય વર્ષ** | **બજેટ જોગવાઈ (રૂ.લાખમાં)** | **સુધારેલ જોગવાઈ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૦૭૯૯૯૬.૯૯ | ૧૦૮૧૬૦૨.૫૨ |
| ૨૦૨૦-૨૧ | ૧૧૨૪૨૫૯.૬૩ | ૧૧૨૪૮૬૮.૬૫ |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએઉક્ત જોગવાઈ અન્વયે વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| **નાણાકીય વર્ષ** | **ફાળવેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૦૫૭૬૫૧.૬૫ |
| ૨૦૨૦-૨૧ | ૧૧૦૮૩૫૩.૯૮ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩)

| નાણાકીય વર્ષ | વપરાયેલ રકમ (રૂ.લાખમાં) | વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૦૨૯૯૦૭.૨૪ | ૨૭૭૪૪.૪૧ |
| ૨૦૨૦-૨૧ | ૧૧૦૦૮૫૬.૯૬ | ૭૪૯૭.૦૨ |

**સને ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વણવપરાયેલ રકમના કારણોઃ-** આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રભાગ હસ્તકના વિવિધ પ્રભાગો ખાતે સને ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના વર્ષમાં રૂ.૨૦૦૪૯.૦૩ લાખના બીલો માર્ચ અંતિત હોઈ, તીજોરી કચેરી ખાતે ન સ્વીકારાતા બચત રહેવા પામેલ છે. જ્યારે અન્ય રકમ ખાલી જગ્યાઓ ન ભરાવવાને કારણે તથા કચેરી ખર્ચના બીલો, કન્ટી/દવાઓના ખર્ચ ઓછો થવાથી, સાધનો તથા આઉટ સોર્સના બીલો સમયસર ન મળવાને કારણે બચત રહેવા પામેલ છે.

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૪૫૧૯૬ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨માં ખેડાજિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૯,૨૯૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯,૨૯૮ |
| (૩) કુલ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૬,૦૮૦ |

- - - - - - - - -

**દાહોદ જિલ્લાની પાટડુંગરી જૂથ પાણી પુરવઠા યોજના**

૪૫૦૫૨ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાની પાટડુંગરી જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગેના કામોનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) દાહોદ જિલ્લાની પાટડુંગરી જૂથ પાણી પુરવઠા યોજનાના કામોનું આયોજન કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામોની અંદાજિત રકમ કેટલી છે, અને | (૨) રૂ.૧૨૩૮૮.૦૬ લાખ (ગ્રોસ). |
| (૩) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) માહે ૦૩/૨૦૨૩ સુધીમાં. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત**

૪૪૮૫૧ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત માટે કોઇ સબસિડી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને | (૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં કુલ ૨૪,૮૧૪ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૧માં કુલ ૨૭,૦૭૨ |

ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં સકસિડી આપવામાં આવેલ છે.

(૩) આ ગ્રાહકોને કુલ કેટલી રકમની સકસિડી આપવામાં આવેલ છે ?

(૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત પેટે વર્ષ ૨૦૨૦માં
રૂ. ૧૦૭.૭૫૮૩ કરોડ અને વર્ષ ૨૦૨૧માં રૂ. ૧૦૯.૨૦૮૮ કરોડની સકસિડી આપવામાં આવેલ છે.

- - - - - - - - -

## પેટ્રોકેમિકલ્સ પ્રભાગના નિગમોમાં આઉટસોર્સિંગથી કર્મચારીઓની ભરતી

૪૫૬૫૬ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પેટ્રોકેમિકલ્સ પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે,

(૨) ૧૦૪-કોન્ટ્રાક્ટ
૫૧૪-આઉટસોર્સિંગથી

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને

(૩) ૦૬-કોન્ટ્રાક્ટ
૪૬-આઉટસોર્સિંગથી

(૪) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શા છે ?

(૩)
- જે કામગીરી અર્ધકુશળ પ્રકારની/પ્રોજેક્ટ આધારિત/ મર્યાદિત સમય માટેની કે વિશિષ્ટ પ્રકારની અને તાત્કાલિક સેવા મેળવવાની થતી હોય તેમજ કંપનીના ધંધાકીય જરૂરિયાત પ્રમાણે કોન્ટ્રાક્ટથી ભરતી કરવામાં આવે છે.
- આઉટસોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે ભરતી કરવામાં આવતી નથી.

- - - - - - - - -

## મોડાસા તાલુકાના ગામોને સિંચાઈનો લાભ આપવા બાબત

૪૫૬૪૨ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના કેટલા ગામોને ક્યા જળાશય યોજના દ્વારા સિંચાઈનો લાભ આપવામાં આવે છે,

(૧) મોડાસા તાલુકાના ગામોને નીચે મુજબનો લાભ મળે છે.

| અ.નં. | યોજનાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | માઝમ સિંચાઈ યોજના | ૦૯ |
| ૨ | મેશ્વો સિંચાઈ યોજના | ૪૨ |
| ૩ | નર્મદા પાઈપલાઈન આધારિત ઉદવહન યોજના વાત્રક જળાશય ઉદવહન યોજના આધારિત અને નાની સિંચાઈ આધારિત | ૧૭ |
| | **કુલ ગામોની સંખ્યા** | **૬૮** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાના કેટલા ગામો સિંચાઈના લાભથી વંચિત રહે છે, અને

(૨) ૩૭ ગામો.

(૩) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

(૩) ઉક્ત બાકી રહેતા ૩૭ ગામોમાં તાંત્રિક રીતે યોગ્ય સ્થળોએ, બજેટ જોગવાઈને આધીન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાની સિંચાઈ યોજનાની કામગીરી**

૪૫૭૫૫ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાની સિંચાઈ યોજનાની છલતીબંધ તથા દરવાજા નવેસરથી કરવાની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) પ્રગતિ હેઠળ. |
| (૨) કઈ એજન્સીને ઉક્ત કામગીરી કેટલી રકમના ખર્ચે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે, અને | (૨) ઉક્ત કામગીરીનું સિવિલ કામ ઈજારદારશ્રી વેલ્જી રત્ના સોરઠીયા ઈન્ફ્રા પ્રા.લિ., અંજાર-કચ્છને ટેન્ડર રકમ રૂ.૧૯.૦૪ કરોડના ખર્ચે તા.૦૭-૧૨-૨૦૨૦થી ૨૪ માસની મુદતમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉક્ત સિંચાઈ યોજનામાં પાણી ભરવાનું આયોજન છે ? | (૩) ઉક્ત કામગીરીનું સિવિલ કામ પૂર્ણ થયા બાદ યાંત્રિક વિભાગ દ્વારા દરવાજા લગાવવાની કામગીરી અંદાજે ૧૨ માસમાં પૂર્ણ કરી, સિંચાઈ યોજનામાં પાણી ભરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં સરદાર કૃષિ જ્યોતિ યોજના**

૪૪૮૬૦ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સરદાર કૃષિ જ્યોતિ યોજના અંતર્ગત કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા અને કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨)ઉક્ત સ્થિતિએ તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| બદલવામાં આવેલ જર્જરિત વીજ વાયરો (કિ.મી.) | વિભાજન કરેલ ફિડરોની સંખ્યા |
|---|---|
| ૬૩૪.૩૪ | ૨૪ |

(૨) રૂ. ૬૫૯.૧૦ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૬૯૫ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૪૫ (અગ્રતા-૨૧૬)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી ભરૂચ અને નર્મદા જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૧૩૪ અને વર્ષ-૨૦૨૦માં ૧૦૨ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૦૮ |
| ૨ | નર્મદા | ૧૨ |

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૮૬ |
| ૨ | નર્મદા | ૧૩૦ |

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૬૨ | ૨,૩૩,૦૦,૦૦૦/- |
| ૨ | નર્મદા | ૯૪ | ૪,૨૮,૦૦,૦૦૦/- |

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યાં ?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

**સૌની યોજના પાછળ કુલ ખર્ચ**

૪૫૬૦૬ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૦૯-૧૨-૨૦૧૯ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૦૧૧૦ (અગ્રતા-૩૨)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સૌની યોજનાનું કામ નાણાકીય ઉપલબ્ધિ અનુસાર આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાનું હતું તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ યોજનાના બાકી રહેલ કામ પાછળ કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧)
- સૌની યોજનાના પ્રથમ તબક્કાના તથા બીજા તબક્કાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે અને ત્રીજા તબક્કાના કામો પ્રગતિ હેઠળ છે.

(૨) રૂ. ૧૬,૧૪૮/- કરોડ.

(૩) રૂ.૧૮,૫૬૩ કરોડની સુધારેલ વહીવટી મંજૂરી સામે રૂ.૧૬,૧૪૮ કરોડનો ખર્ચ થયેલ હોઈ, રૂ.૨૪૧૫/- કરોડનો ખર્ચ થવાની સંભાવના છે.

- - - - - - - - -

**મહીસાગર અને દાહોદ જિલ્લાની ગોઠીબ જૂથ પાણી પુરવઠા યોજના**

૪૫૦૪૯ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર અને દાહોદ જિલ્લાની ગોઠીબ જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગેના કામોનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામોની અંદાજિત રકમ કેટલી છે, અને

(૩) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) મહીસાગર અને દાહોદ જિલ્લાની ગોઠીબ જૂથ પાણી પુરવઠા યોજનાના કામોનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) રૂ.૩૨૮૪.૨૭ લાખ ગ્રોસ.

(૩) માહે ૦૫/૨૦૨૩ સુધીમાં.

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય**

૪૫૦૬૭ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૪૬

(૨) ૪૬

(૩) રૂ.૨,૩૦,૦૦૦/-

- - - - - - - - -

**દાહોદ અને મહીસાગર જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૭૦૬ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૨૮ (અગ્રતા-૧૨૭)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી દાહોદ અને મહીસાગર જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૨૩૯ અને વર્ષ-

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૭ |

૨૦૨૦માં ૨૨૪ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

| | | |
|---|---|---|
| ૨ | મહીસાગર | ૧૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩૭૭ |
| ૨ | મહીસાગર | ૪૯ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨૬૯ | ૧૨,૨૬,૦૦,૦૦૦/- |
| ૨ | મહીસાગર | ૪૧ | ૧,૬૩,૦૦,૦૦૦/- |

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યાં ?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**ગાંધીનગર અને અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબિલની બાકી રકમ**

૪૫૬૩૩ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૪૨ (અગ્રતા-૨૪૪)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા ગાંધીનગર જિલ્લામાં ૯૮ અને અમરેલી જિલ્લામાં ૯૨ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ.૨૪૫૯.૮૧ અને રૂ.૧૦૧૮.૯૮ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૧) *પત્રક-અ મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| જિલ્લો | ઔદ્યોગિક એકમોની સંખ્યા | વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખમાં) |
|---|---|---|
| ગાંધીનગર | ૧૪ | ૪૩૮.૮૭ |
| અમરેલી | ૫૫ | ૮૩૪.૮૨ |

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) **ગાંધીનગર જિલ્લોઃ**

- ૧૦ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલા છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૬૭.૪૧ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૧ ગ્રાહકોએ બાકી રૂ.૧.૧૪ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી/હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- ગ્રાહકોએ વીજ બિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૨ ગ્રાહકો અને તેની કુલ રકમ રૂ.૧૮.૩૨ લાખ છે. જે અંગે જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

- ૧ ગ્રાહકે રૂ.૩૫૨.૦૦ લાખનું વીજબિલ ભરેલ નથી જેના હપ્તા મંજૂર કરવામાં આવેલ છે.

**અમરેલી જિલ્લોઃ**

- ૩૫ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલા છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૨૨૫.૪૮ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલા છે.
- ૧૯ ગ્રાહકોએ બાકી રૂ.૮૨.૭ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી/હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે, જે પૈકી ૯ ગ્રાહકોના રૂ.૩૮.૭૩ લાખની રકમ વસૂલવા માટે દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જ્યારે ૧૦ ગ્રાહકોના રૂ.૪૩.૯૭ લાખની વસૂલાત કરવા માટે પ્રીલીટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- વીજ બિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા ૧ ગ્રાહકની રકમ રૂ.૫૨૬.૬૪ લાખ છે. જે અંગે જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના**

૪૫૦૬૫ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૫૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૨ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૫,૬૮,૦૦૦/- |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં સુજલામ-સુફલામ યોજના**

૪૫૦૪૬ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ યોજનાની પાઈપલાઈનોથી ક્યા વિસ્તારોમાં નર્મદાનું પાણી આપવાનું આયોજન છે, અને<br>(૨) તેનાથી કેટલા ગામોને લાભ મળશે ? | (૧) અને (૨) બનાસકાંઠા જિલ્લામાં સુજલામ-સુફલામ યોજનાની ચાંગા-દાંતીવાડા પાઈપલાઈનથી કાંકરેજ, ડીસા, દાંતીવાડા તાલુકા વિસ્તારના ૨૪ ગામોને અને સુજલામ સુફલામ કેનાલ દ્વારા બનાસકાંઠા જિલ્લાના ૨૮ ગામોને લાભ મળે છે. ઉપરાંત (૧) થરાદ-સીપુ પાઈપલાઈનથી થરાદ, લાખણી, ડીસા, દાંતીવાડા તાલુકા વિસ્તારના ૩૯ ગામોને તથા (૨) કસરા-દાંતીવાડા પાઈપલાઈનથી પાટણ, સરસ્વતી, ડીસા, કાંકરેજ, પાલનપુર, દાંતીવાડા તાલુકા વિસ્તારના ૧૦૬ ગામોને તથા સુજલામ સુફલામ નહેરના વિસ્તૃતીકરણની કામગીરી પૂર્ણ થયે અન્ય ૪ ગામોને નર્મદાના પૂરનું વધારાનું પાણી |

ઉપલબ્ધિ અને માંગણી અનુસાર આપવાનું આયોજન છે.

- - - - - - - - -

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિકાસ માટે રકમની જોગવાઈ**

૪૫૬૩૦ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે નાણાકીય વર્ષ-૨૦૧૯-૨૦૨૦ અને ૨૦૨૦-૨૦૨૧માં વર્ષવાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની જાતિઓના વિકાસ માટે અંદાજપત્રમાં કેટલી રકમની જોગવાઈ કરી,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧)

**(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **જોગવાઈ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૦૭૭૭૪.૨૫ |
| ૨૦૨૦-૨૧ | ૧૦૭૧૪૦.૦૦ |

(૨)

**(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **થયેલ ખર્ચ** | **વણવપરાયેલ રકમ** |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૦૦૭૫૪.૯૮ | ૭૦૧૯.૨૭ |
| ૨૦૨૦-૨૧ | ૮૭૩૪૯.૧૧ | ૧૯૭૯૦.૮૯ |

(૩) વહીવટી કારણોસર.

- - - - - - - - -

**બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબીલની બાકી રકમ**

૪૫૬૭૫ **ગેનીબેન ઠાકોર** (વાવ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૧૦ (અગ્રતા-૩૨૭)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા બનાસકાંઠા જિલ્લામાં ૯૩ અને મહેસાણા જિલ્લામાં ૨૫૫ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ.૯૧૦.૮૩ અને રૂ.૩૬૭૨.૮૯ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) *પત્રક-અ મુજબ.

(૨)

| **જિલ્લો** | **ઔદ્યોગિક એકમોની સંખ્યા** | **વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખ)** |
|---|---|---|
| બનાસકાંઠા | ૧૭ | ૬૬૮.૨૯ |
| મહેસાણા | ૧૨૪ | ૨૯૨૭.૪૧ |

(૩) **બનાસકાંઠા જિલ્લોઃ**

- કુલ ૧૪ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૬૪૩.૬૭ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૨ ગ્રાહકોએ બાકી રૂ.૩.૪૩ લાખ ભરપાઈ ના કરતાં તેમના વીજ જોડાણ કાયમી/હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- વીજબિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા ૧ ગ્રાહકની રકમ રૂ.૨૧.૧૯ લાખ છે. જે અંગે જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી

નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**મહેસાણા જિલ્લોઃ**

- કુલ ૧૦૨ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૨૮૬૦.૧૩ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૨૧ વીજ ગ્રાહકોએ બાકી રૂ.૫૭.૮૯ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી/હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- વીજબિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા ૧ ગ્રાહકની રકમ રૂ.૯.૩૯ લાખ છે. જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૭૦૩ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૩૫ (અગ્રતા-૧૩૫)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૧૮૬ અને વર્ષ-૨૦૨૦માં ૧૮૧ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૨૧ |
| ૨ | પંચમહાલ | ૦૯ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૨૪૨ |
| ૨ | પંચમહાલ | ૯૫ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૮૦ | ૮,૦૯,૦૦,૦૦૦/- |
| ૨ | પંચમહાલ | ૬૮ | ૨,૭૦,૦૦,૦૦૦/- |

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેના કાર્યરત છાત્રાલયો**

૪૪૭૬૫ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિના કુલ કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે,

(૧) ૦૮ (આઠ).

(૨) ઉક્ત છાત્રાલયોમાં છાત્રાલયવાર વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે,

(૨)

| ક્રમ | છાત્રાલયનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | નરસિંહ ભગત છાત્રાલય, પાલડી, અમદાવાદ | ૨૦૫ |
| ૨ | સરકારી કુમાર છાત્રાલય, પાલડી, અમદાવાદ (ઘાટલોડિયાથી સ્થળફેર) | ૫૦ |
| ૩ | સરકારી કુમાર છાત્રાલય, (અનુસ્નાતક કેન્દ્ર), પાલડી, અમદાવાદ (ઘાટલોડિયાથીસ્થળફેર) | ૫૦ |
| ૪ | સરકારી કુમાર છાત્રાલય, રખિયાલ, અમદાવાદ | ૨૦૦ |
| ૫ | સરકારી કન્યા છાત્રાલય, સન્યાસ આશ્રમ, અમદાવાદ | ૭૫ |
| ૬ | સરકારી કન્યા છાત્રાલય, વિરમગામ, અમદાવાદ | ૭૦ |
| ૭ | સરકારી કન્યા છાત્રાલય, ધોળકા, અમદાવાદ | ૫૦ |
| ૮ | સરકારી કુમાર છાત્રાલય, ધોળકા, અમદાવાદ | ૫૦ |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષ-૨૦૨૧-૨૨માં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે, અને

(૩) ૩૧૩

(૪) ઉક્ત છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને શી સુવિધાઓ આપવામાં આવે છે ?

(૪) સરકારી છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવાની, જમવાની તથા ઈતર વાંચન માટે પુસ્તકો/સામયિકો આપવાની વગેરેની સુવિધાઓ આપવામાં આવે છે.

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં થાણાસાવલી જૂથ પાણી પુરવઠા યોજના**

૪૫૧૯૧ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં થાણાસાવલી જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત આયોજનની અંદાજિત રકમ કેટલી છે, અને

(૨) રૂ.૮૦૧.૦૬ લાખ ગ્રોસ.

(૩)ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) માહે ૦૪/૨૦૨૨ સુધીમાં.

- - - - - - - - -

**રાજ્ય સરકારે લીધેલ લોન**

૪૫૬૬૫**શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે બજારમાંથી કેટલી રકમની લોન કોની પાસેથી લીધી, અને

(૧)

| નાણાકીય વર્ષ | બજાર લોન (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૩૮,૯૦૦ |
| ૨૦૨૦-૨૧ (સુધારેલ અંદાજ) | ૪૫,૦૦૦ |

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા રાજ્ય સરકારના બેન્કર તરીકે

(૨) ઉક્ત મેળવેલ લોન કેટલા વર્ષની મુદ્દત માટે અને કેટલા ટકા વ્યાજના દરે મેળવેલ છે અને ઉક્ત લોન લેવાના કારણો શા છે ?

કામગીરી કરે છે, આમ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા જરૂરિયાત મુજબની બજાર લોન, ઓકશન પ્રક્રિયા મારફત રાજ્ય સરકારને મેળવી આપે છે.

(૨)

| **નાણાકીય વર્ષ** | **લોનના વ્યાજ દર (%)** | **લોનની મુદ્દત (વર્ષ)** |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૬.૭૪% થી ૯.૨૨% | ૩ થી ૧૦ વર્ષ |
| ૨૦૨૦-૨૧ (સુધારેલ અંદાજ) | ૫.૩૯% થી ૭.૭૩% | ૩ થી ૧૦ વર્ષ |

રાજ્યના વિકાસ આયોજનના કામો માટે જાહેર દેવા દ્વારા સંશાધન ઊભા કરવા, તે સ્વીકાર્ય પદ્ધતિ છે. વાર્ષિક વિકાસ યોજનાના ખર્ચની વૃદ્ધિ અનુસાર અને કાયદા હેઠળ નક્કી કરેલ મર્યાદાની અંદર રહીને રાજ્યનું દેવું પ્રાપ્ત કરવામાં આવે છે.

- - - - - - - - -

**રાજ્ય સરકાર દ્વારા વિવિધ વીજ મથકોને ફિક્સ કોસ્ટ પેટે ચૂકવેલ રકમ**

૪૫૭૧૮**શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર વિવિધ વીજ મથકોને ફિક્સ કોસ્ટ પેટે દર માસે કેટલી રકમ ચૂકવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર તે અન્વયે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) વીજળી ખરીદી કર્યા વિના ચૂકવવી પડતી ફિક્સ કોસ્ટના કારણો શા છે ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિવિધ વીજ મથકોને માસવાર ફિક્સ કોસ્ટ પેટે ચૂકવવામાં આવેલ રકમની વિગત *પરિશિષ્ટ-અ મુજબ છે.

(૩) જી.યુ.વી.એન.એલ. દ્વારા વિવિધ વીજ ઉત્પાદન કંપનીઓ સાથે કરવામાં આવેલ વીજ ખરીદ કરારની જોગવાઈઓ મુજબ ફિક્સ કોસ્ટની ચૂકવણી પ્લાન્ટની ઉપલબ્ધતાના આધારે કરવામાં આવે છે. જ્યારે આ વીજ મથકોમાંથી ઉત્પાદન જી.ઈ.આર.સી. દ્વારા જણાવવામાં આવેલ મેરિટ ઓર્ડર પદ્ધતિ મુજબ તેમના બળતણ ખર્ચના આધારે મેળવવામાં આવે છે.

રાજ્યની વીજ માંગ દરેક ક્ષણે સંજોગોસર બદલાતી રહે છે. ઓછી વીજ માંગના સમય દરમ્યાન પ્લાન્ટની ઉપલબ્ધતા હોવા છતાં, મેરિટ ઓર્ડર પ્રોટોકોલ મુજબ ઉત્પાદન માટે પ્રાથમિકતા ના મળવાના કારણે ઉત્પાદન મેળવવામાં આવતું નથી, પરંતુ કરારની જોગવાઈઓ મુજબ પ્લાન્ટ દ્વારા દર્શાવામાં આવેલ ઉપલબ્ધતા અન્વયે ફિક્સ કોસ્ટ ચૂકવવી પડતી હોય છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**બોટાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૪૫૧૮૭**શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ૨૬૨૫

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ. ૩૬૮૯.૦૬ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**ગાંધીનગર નવા સચિવાલય સંકુલમાં સૌર ઊર્જા આધારિત વાહનો**

૪૫૬૭૧**શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવા સચિવાલય સંકુલ, ગાંધીનગર ખાતે સપ્ટેમ્બર-૨૦૧૫માં સૌર ઊર્જા આધારિત વાહનોની આંતરિક પરિવહન વ્યવસ્થા કરવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત વ્યવસ્થા કાર્યરત છે કે કેમ,

(૩) જો ના, તો ક્યારથી કયા કારણોસર બંધ છે, અને

(૪) ઉક્ત વ્યવસ્થા પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ ?

**જવાબ**

(૧) જી, હા.આ વ્યવસ્થા ફક્ત પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવેલ હતી.

(૨) સૌર ઊર્જા આધારિત ચાર્જિંગ સ્ટેશન હાલમાં કાર્યરત છે.

(૩) સૌર ઊર્જા આધારિત ચાર્જિંગ સ્ટેશન હાલમાં કાર્યરત છે. પરંતુ, પ્રાયોગિક ધોરણોના સૌર ઊર્જાના વાહનોની બેટરી લાઇફ પૂર્ણ થતાં આ વ્યવસ્થા હટાવી લેવામાં આવી છે.

(૪) વાહનો અને વ્યવસ્થા માટે આશરે રૂ.૨.૫૩ કરોડ રકમનો ખર્ચ કરવામાં આવેલ.

- - - - - - - - -

**અમદાવાદની સિવિલ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ અને યુ.એન.મહેતા હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૪૫૬૨૬**શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ ખાતે આવેલ સિવિલ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ અને યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ ખાતે સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલુ છે,

**જવાબ**

(૧)

| **સંવર્ગ** | **મંજૂર જગ્યા** | | | |
|---|---|---|---|---|
| | **સિવિલ હોસ્પિટલ, અમદાવાદ** | **ઈન્સ્ટીટ્યૂટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ** | **ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદ** | **યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ** |
| વર્ગ-૧ | ૪૦ | ૯૨ | ૧૮૮ | ૪૪૮ |
| વર્ગ-૨ | ૧૬૧ | ૩૧ | ૩૭ | ૭૪૮ |
| વર્ગ-૩ | ૨૯૧૨ | ૨૯૦ | ૫૫૬ | ૩૦૮૫ |
| વર્ગ-૪ | ૧૭૦૧ | ૩૧ | ૨૯૪ | ૧૧૮ |
| **કુલ** | **૪૮૧૪** | **૪૪૪** | **૧૦૭૫** | **૪૩૯૯** |

(૨) ઉક્ત પૈકી હોસ્પિટલવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી જગ્યાઓ એક વર્ષ અને બે વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે, અને

(૨)

| **સંવર્ગ** | **સિવિલ હોસ્પિટલ, અમદાવાદ** | | | |
|---|---|---|---|---|
| | **ભરેલી જગ્યા** | **ખાલી જગ્યા** | **૧ વર્ષથી ખાલી જગ્યાઓ** | **૨ વર્ષથી ખાલી જગ્યાઓ** |
| વર્ગ-૧ | ૨૫ | ૧૫ | ૦૭ | ૦૮ |
| વર્ગ-૨ | ૯૬ | ૬૫ | ૨૪ | ૪૧ |

| સંવર્ગ | સિવિલ હોસ્પિટલ, અમદાવાદ | | | |
|---|---|---|---|---|
| | **ભરેલી જગ્યા** | **ખાલી જગ્યા** | **૧ વર્ષથી ખાલી જગ્યાઓ** | **૨ વર્ષથી ખાલી જગ્યાઓ** |
| વર્ગ-૩ | ૨૭૪૧ | ૧૭૧ | ૧૭ | ૬૩ |
| વર્ગ-૪ | ૧૭૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૪૫૬૩** | **૨૫૧** | **૪૮** | **૧૧૨** |

| સંવર્ગ | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ | | | |
|---|---|---|---|---|
| | **ભરેલી જગ્યા** | **ખાલી જગ્યા** | **૧ વર્ષથી ખાલી જગ્યાઓ** | **૨ વર્ષથી ખાલી જગ્યાઓ** |
| વર્ગ-૧ | ૪૭ | ૪૫ | ૪૫ | ૦૦ |
| વર્ગ-૨ | ૨૧ | ૧૦ | ૧૦ | ૦૦ |
| વર્ગ-૩ | ૨૬૮ | ૨૨ | ૨૨ | ૦૦ |
| વર્ગ-૪ | ૨૮ | ૦૩ | ૦૩ | ૦૦ |
| **કુલ** | **૩૬૪** | **૮૦** | **૮૦** | **૦૦** |

| સંવર્ગ | ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ | | | |
|---|---|---|---|---|
| | **ભરેલી જગ્યા** | **ખાલી જગ્યા** | **૧ વર્ષથી ખાલી જગ્યાઓ** | **૨ વર્ષથી ખાલી જગ્યાઓ** |
| વર્ગ-૧ | ૧૧૪ | ૭૪ | ૩૪ | ૪૦ |
| વર્ગ-૨ | ૨૬ | ૧૧ | ૧૦ | ૦૧ |
| વર્ગ-૩ | ૪૯૩ | ૬૩ | ૦૬ | ૫૭ |
| વર્ગ-૪ | ૨૯૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૯૨૭** | **૧૪૮** | **૫૦** | **૯૮** |

| સંવર્ગ | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ | | | |
|---|---|---|---|---|
| | **ભરેલી જગ્યા** | **ખાલી જગ્યા** | **૧ વર્ષથી ખાલી જગ્યાઓ** | **૨ વર્ષથી ખાલી જગ્યાઓ** |
| વર્ગ-૧ | ૧૧૦ | ૩૩૮ | ૪૩ | ૨૯૫ |
| વર્ગ-૨ | ૨૨૦ | ૫૨૮ | ૧૭૩ | ૩૫૫ |
| વર્ગ-૩ | ૧૮૧૧ | ૧૨૭૪ | ૩૭૨ | ૯૦૨ |
| વર્ગ-૪ | ૨૪ | ૯૪ | ૨૦ | ૭૪ |
| **કુલ** | **૨૧૬૫** | **૨૨૩૪** | **૬૦૮** | **૧૬૨૬** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરની ખાલી જગ્યા લાયકાત ધરાવતા ડોક્ટર ઉપલબ્ધ થયેથી તુરત જ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે તેમજ જરૂરિયાત અને ઉપલબ્ધિને ધ્યાને લઈને ભરવામાં આવે છે.

- - - - - - - - -

**નવસારી અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબિલની બાકી રકમ**

૪૫૬૮૫**શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) :ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૫૭ (અગ્રતા-૨૯૬)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા નવસારી જિલ્લામાં ૩૪ અને વલસાડ જિલ્લામાં ૧૫૩ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ.૧૦૩૬.૧૨ લાખ અને રૂ.૧૭૭૨.૮૫ લાખ

**જવાબ**

(૧) *પત્રક-અ મુજબ.

વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૨)

| **જિલ્લો** | **ઔદ્યોગિક એકમોની સંખ્યા** | **વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખમાં)** |
|---|---|---|
| નવસારી | ૧૫ | ૯૭૯.૮૯ |
| વલસાડ | ૯૯ | ૧૦૦૧.૯૪ |

(૩) **નવસારી જિલ્લોઃ**

૧) ૮ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૮૩૨.૯૫ લાખ માટે દાવા / દરખાસ્ત દાખલ કરવામાં આવેલા છે.

૨)કુલ ૭ વીજ ગ્રાહકોએ તેમને આપવામાં આવેલ કુલ રૂ.૧૪૬.૯૪ લાખના વીજબિલ સામે સક્ષમ સત્તાધિકારી સમક્ષ વાંધા ઉપસ્થિત કરેલ હોઈ, સક્ષમ સત્તાધિકારીના આખરી નિર્ણય બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**વલસાડ જિલ્લોઃ**

૧) ૭૧ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની રકમ રૂ.૬૬૦.૯૬ લાખ માટે દાવા / દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.

૨) ૨૦ ગ્રાહકોએ બાકી રૂ.૫૫.૧૨ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ હંગામી / કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને વસૂલાત માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૩)કુલ ૮ વીજગ્રાહકોએ તેમને આપવામાં આવેલ કુલ રૂ.૨૮૫.૮૬ લાખના વીજબિલ સામે સક્ષમ સત્તાધિકારી સમક્ષ વાંધા ઉપસ્થિત કરેલ હોઈ, સક્ષમ સત્તાધિકારીના આખરી નિર્ણય બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર**

૪૫૦૭૬**શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખુશી યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં નાની ક્ષમતાના કેટલા ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૫૫૯

(૨) રૂ.૧૬૧૯.૫૩ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી વીજ ખરીદી બાબત**

૪૫૯૪૩**શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કયા ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ખાનગી એકમો પાસેથી ખરીદ

**જવાબ**

(૧)અને (૨) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જી.યુ.વી.એન.એલ. દ્વારા વિવિધ ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ ઉત્પાદિત વીજળી અને તેના સરેરાશ પ્રતિ યુનિટ દરની વિગત *પત્રક-અ મુજબ છે.

કરવામાં આવેલ વીજળીના યુનિટદીઠ ભાવ શાં છે ?

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબિલની બાકી રકમ**

૪૫૬૪૪ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૩૬ (અગ્રતા-૨૨૩)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા અરવલ્લી જિલ્લામાં ૪૨ અને સાબરકાંઠા જિલ્લામાં ૭૬ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ.૨૮૦.૪૯ અને રૂ.૧૨૯૯.૨૨ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) *પત્રક-અ મુજબ.

(૨)

| **જિલ્લો** | **ઔદ્યોગિક એકમોની સંખ્યા** | **વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખ)** |
|---|---|---|
| અરવલ્લી | ૮ | ૭૪.૮૪ |
| સાબરકાંઠા | ૧૭ | ૬૭૧.૫૧ |

(૩) **અરવલ્લી જિલ્લોઃ**

- કુલ ૬ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૪૫.૦૩ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- વીજ બિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૨ ગ્રાહકો અને તેની રકમ રૂ.૨૯.૮૧ લાખ છે. જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**સાબરકાંઠાજિલ્લોઃ**

- કુલ ૧૬ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૫૬૩.૬૪ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૧ ગ્રાહકે બાકી રૂ.૧૦૭.૮૭ લાખ ભરપાઈ ન કરતા તેમના વીજ જોડાણ કાયમી/ હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે તથા દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સૌની યોજનાથી ડેમ અને તળાવો ભરવા બાબત**

૪૫૭૬૯**શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સૌની યોજના અંતર્ગત કેટલા ડેમો અને તળાવો ભરવાના છે,

**જવાબ**

(૧)

- જૂનાગઢ જિલ્લાના, જૂનાગઢ તાલુકાનો એક ડેમ, મેંદરડાતાલુકાનો એક ડેમ, વંથલી તાલુકાના બે ડેમ તેમજ માળીયા તાલુકાના ત્રણ ડેમ, વિસાવદર તાલુકાના ત્રણ ડેમ અને ભેંસાણ તાલુકાના ત્રણ ડેમ.

- ગીર સોમનાથ જિલ્લાના, તાલાલા તાલુકાનો એક ડેમ.
- કુલ ૧૪ ડેમ.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત તાલુકાવાર કેટલા ડેમો અને તળાવો ભરવામાં આવ્યા અને કેટલા ભરવાના બાકી છે અને ભરવાના બાકી હોય તો તેના કારણો શાં છે, અને

(૨)

- વર્ષ-૨૦૨૦માં પાઈપલાઈન મારફત જોડાયેલ ભેંસાણ તાલુકાના ૨(બે) ડેમ તથા વિસાવદર તાલુકાના ૨(બે) ડેમ ભરવામાં આવેલ છે.
- જૂનાગઢ જિલ્લાના ૯ અને ગીરસોમનાથ જિલ્લાનો ૧ મળી કુલ ૧૦ ડેમો પાઈપલાઈન મારફત ન જોડાયેલ હોવાથી ભરવાના બાકી છે.
- સૌની યોજના અંતર્ગત પાઈપલાઈનની કામગીરી હાલ પ્રગતિ હેઠળ હોઈ ઉક્ત ૧૦ ડેમ જોડવાના બાકી છે.

(૩) ઉક્ત બાકી ડેમો અને તળાવો ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) ઓગસ્ટ-૨૦૨૨ સુધી બાકીના ૧૦ ડેમ જોડવાનું આયોજન છે.

---------

**જોટાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે દર્દીઓને સારવાર**

૪૫૬૪૭ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના જોટાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કેટલી પ્રસૂતિ કરાવવામાં આવી તેમજ ડેન્ગ્યુ , મેલેરિયા અને કોવિડ-૧૯ના કેટલા દર્દીઓને આઉટડોર અને કેટલા દર્દીઓને ઇન્ડોર દર્દી તરીકે સારવાર આપવામાં આવી, અને

(૧)

| **વર્ષ** | **પ્રસૂતિની સંખ્યા** | **ડેન્ગ્યુ** | | **મેલેરિયા** | | **કોવિડ-૧૯** | |
|---|---|---|---|---|---|---|---|
| | | **આઉટડોર** | **ઇન્ડોર** | **આઉટડોર** | **ઇન્ડોર** | **આઉટડોર** | **ઇન્ડોર** |
| ૨૦૨૦ | ૧૯૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૫૭ | ૦૦ |
| ૨૦૨૧ | ૧૫૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૪૬૦ | ૧૪ |

(૨) ઉક્ત વર્ષવાર કયા રોગના કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા ?

(૨)

| **ક્રમ** | **રોગનું નામ** | **વર્ષ ૨૦૨૦** | **વર્ષ ૨૦૨૧** |
|---|---|---|---|
| ૧ | ફેફસાના રોગના દર્દી | ૫૯ | ૧૮ |
| ૨ | મેડિકોલીગલ તથા ઇજાના કેસો | ૧૧૭ | ૧૩૭ |
| ૩ | પ્રસૂતિના કેસો | ૧૧૯ | ૬૭ |
| ૪ | નવજાત શિશુને લગતા કેસ | ૨૦ | ૧૬ |
| ૫ | જીવજંતુ-પ્રાણી કરડ્યાના કેસો | ૦૭ | ૦૭ |
| ૬ | કિડનીના રોગો | ૦૨ | ૦૧ |
| ૭ | મગજને લગતા રોગો | ૦૮ | ૦૬ |
| ૮ | હ્રદય રોગના દર્દી | ૩૦ | ૦૫ |
| ૯ | પોઇઝનના કેસ | ૨૦ | ૧૭ |
| ૧૦ | ઝાડા ઊલટીના કેસ | ૧૪ | ૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | એ.આર.એસ | ૦૨ | ૦૦ |
| ૧૨ | ફિવર કેસો | ૧૪ | ૧૬ |
| | **કુલ** | **૪૧૨** | **૩૦૬** |

---------

**દાહોદ જિલ્લામાં માછળનાળા જૂથ પાણી પુરવઠા યોજના**

૪૫૧૯૩ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં માછળનાળા જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગે કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત આયોજનની અંદાજિત રકમ કેટલી છે, અને

(૨) રૂ.૧૨૪૨.૫૧ લાખ ગ્રોસ.

(૩) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) આ સુધારણા યોજનાના ટેન્ડર બહાર પાડી ૧૨ માસની સમયમર્યાદમાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૭૨૭ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૦૪ (અગ્રતા-૯)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી ખેડા અને આણંદ જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૨૨ અને વર્ષ-૨૦૨૦માં ૧૯ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | ખેડા | ૦૪ |
| ૨ | આણંદ | ૦૬ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | ખેડા | ૧૫ |
| ૨ | આણંદ | ૧૬ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૦૭ | ૨૮,૦૦,૦૦૦/- |
| ૨ | આણંદ | ૦૯ | ૪૫,૦૦,૦૦૦/- |

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

**આણંદ અને પંચમહાલ જિલ્લામાં નવા બોર અને મોટર મંજૂર કરવા બાબત**

૪૫૭૨૪ **શ્રી કાંતીભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા બોર અને બોર માટેની મોટર મંજૂર કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા બોર અને મોટરની કામગીરી પૂર્ણ થઇ, અને

(૧), (૨) અને (૩) નીચેની વિગતે

| અનુ | તાલુકો | બોર-મોટરની કામગીરી | | | આયોજન |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | પૂર્ણ | બાકી | |
| **આણંદ જિલ્લો** | | | | | |
| **વર્ષ-૨૦૨૦** | | | | | |
| ૧ | આંકલાવ | ૨ | ૨ | - | - |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા બોર અને મોટરની કામગીરી બાકી છે, ઉક્ત બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | આણંદ | ૪ | ૩ | ૧ | જૂન-૨૦૨૨ |
| ૩ | ખંભાત | ૮ | ૭ | ૧ | |
| ૪ | ઉમરેઠ | ૨ | ૧ | ૧ | લોકફાળો ભર્યેથી ૨ માસમાં |
| ૫ | પેટલાદ | ૫ | ૪ | ૧ | |
| ૬ | તારાપુર | ૧ | ૧ | - | - |
| ૭ | બોરસદ | ૮ | ૮ | - | - |
| ૮ | સોજીત્રા | ૧૦ | ૧૦ | - | - |
| **વર્ષ-૨૦૨૧** | | | | | |
| ૧ | આંકલાવ | ૫ | ૪ | ૧ | જૂન-૨૦૨૨ |
| ૨ | આણંદ | ૨ | ૨ | - | - |
| ૩ | ખંભાત | ૧ | ૧ | - | - |
| ૪ | પેટલાદ | ૨ | ૧ | ૧ | જૂન-૨૦૨૨ |
| ૫ | બોરસદ | ૫ | ૧ | ૪ | જૂન-૨૦૨૨ |
| ૬ | સોજીત્રા | ૧ | - | ૧ | જૂન-૨૦૨૨ |
| **પંચમહાલ જિલ્લો** | | | | | |
| **વર્ષ-૨૦૨૦** | | | | | |
| જિલ્લા માટે વર્ષ ૨૦૨૦માં બોર-મોટર માટેની જરૂરિયાત ઉભી થયેલ નથી. | | | | | |
| **વર્ષ-૨૦૨૧-૨૨** | | | | | |
| ૧ | ગોધરા | ૨ | ૨ | ૦ | હાલોલ તાલુકામાં બાકી રહેલ કામગીરી માહે ૦૪-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૨ | કાલોલ | ૪ | ૪ | ૦ | |
| ૩ | હાલોલ | ૧ | ૦ | ૧ | |
| ૪ | ઘોઘંબા | ૨૨ | ૨૨ | ૦ | |
| ૫ | જાંબુઘોડા | ૫ | ૫ | ૦ | |

- - - - - - - - -

## રાજ્યમાં ખોટા બિલો બનાવી ઇનપુટ ટેક્સ ક્રેડિટ ચોરીના કિસ્સા

૪૫૬૯૨ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર રાજ્યમાં ખોટા બિલો બનાવી ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવતા હોય તેવા કેટલા કિસ્સા પકડાયા,

(૧)

| માસ | તા.૧-૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૧-૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
|---|---|---|
| જાન્યુઆરી | ૧૧૮ | ૩૧ |
| ફેબ્રુઆરી | ૨૪૦ | ૧૫ |
| માર્ચ | ૯૧ | ૧૦૪ |
| એપ્રિલ | ૦ | ૪૮ |
| મે | ૭૪ | ૧ |
| જૂન | ૯૦૪ | ૨૮ |
| જુલાઇ | ૧૨૬ | ૨૨ |
| ઓગસ્ટ | ૫૨ | ૩૬૩ |
| સપ્ટેમ્બર | ૫૮ | ૫૯ |
| ઓક્ટોબર | ૩૪૭ | ૬૩૧ |
| નવેમ્બર | ૧૨૩ | ૩ |
| ડિસેમ્બર | ૬૯ | ૪૨ |

(૨) ઉક્ત કિસ્સાઓમાં ઇનપુટ ટેક્સ ક્રેડીટની કેટલી રકમની ચોરી ઉક્ત વર્ષવાર પકડાઈ, અને

(૨)

| ક્રમ | સમયગાળો | રકમ રૂ કરોડમાં |
|---|---|---|
| ૧ | તા.૧-૧-૨૦૨૦થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૨૯૫.૩૯ |
| ૨ | તા.૧-૧-૨૦૨૧થી | ૪૯૪.૬૨ |

| | તા.૩૧-૧૨-૨૦૨૧ | |
|---|---|---|

(૩) ઉક્ત સ્થિતિએ ખોટા બિલો બનાવી ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવતા હોય તેવા વ્યક્તિ/કંપનીના જીએસટી નંબર કાયમી રદ કરવા શી કાર્યવાહી કરવામાં આવી છે ?

(૩) માલ અને સેવા કર અધિનિયમ, ૨૦૧૭ની કલમ-૨૯(૨) હેઠળ આવા કિસ્સામાં કાયમી નોંધણી નંબર રદ કરવાનો થાય છે. તદ્અનુસાર ક્રમાંક(૧)માં જણાવેલ કિસ્સાઓ પૈકી ૨૧૩ કેસમાં નોંધણી નંબર રદ કરવામાં આવેલ છે. અન્ય કેસોમાં તપાસ અને વસૂલાતની કાર્યવાહી ચાલુ છે.

---------

## ખેડા જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન

૪૫૧૯૫ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી,

(૧) ૦૭

(૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૦૬

(૩) કુલ કેટલી રકમની લોન ચૂકવવામાં આવી ?

(૩) રૂ.૯૦.૦૦ લાખ

---------

## તાપી અને સુરત જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબિલની બાકી રકમ

૪૫૬૮૮ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) :ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૪૯ (અગ્રતા-૬૧)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા તાપી જિલ્લામાં ૧૭ અને સુરત જિલ્લામાં ૧૦૧૮ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ.૨૦૧.૩૩ લાખ અને રૂ.૮૨૦૮.૦૬ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૧) *પત્રક-અ મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| જિલ્લો | ઔદ્યોગિક એકમોની સંખ્યા | વસૂલ કરવાની થતી કુલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| તાપી | ૧૧ | ૧૭૦.૫૩ |
| સુરત | ૭૮૫ | ૭૦૭૬.૬૬ |

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) **તાપીજિલ્લોઃ**

૧) ૫ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૩૬.૨૪ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.

૨) ૩ ગ્રાહકોએ બાકી રૂ.૫.૭૮ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ હંગામી/કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને વસૂલાત માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૩) કુલ ૩ વીજ ગ્રાહકોએ તેમને આપવામાં આવેલ કુલ રૂ.૧૨૮.૫૧ લાખના વીજ બિલ સામે સક્ષમ સત્તાધિકારી સમક્ષ વાંધા ઉપસ્થિત કરેલ હોઇ, સક્ષમ

સત્તાધિકારીના આખરી નિર્ણય બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**સુરત જિલ્લોઃ**

૧) ૨૫૧ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની રકમ રૂ. ૩૧૨૦.૩૫ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.

૨) ૫૦૩ ગ્રાહકોએ બાકી રૂ. ૧૬૮૯.૦૪ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ હંગામી/કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને વસૂલાત માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૩) કુલ ૩૧ વીજ ગ્રાહકોએ તેમને આપવામાં આવેલ કુલ રૂ.૨૨૬૭.૨૭ લાખના વીજબિલ સામે સક્ષમ સત્તાધિકારી સમક્ષ વાંધા ઉપસ્થિત કરેલ હોઇ, સક્ષમ સત્તાધિકારીના આખરી નિર્ણય બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**નવસારી અને વલસાડ જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૬૭૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૫૫ (અગ્રતા-૪૭)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી નવસારી અને વલસાડ જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૪૪ અને વર્ષ-૨૦૨૦માં ૨૮ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | નવસારી | ૦૦ |
| ૨ | વલસાડ | ૦૮ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | નવસારી | ૦૬ |
| ૨ | વલસાડ | ૫૮ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૦૨ | ૧૦,૦૦,૦૦૦/- |
| ૨ | વલસાડ | ૩૩ | ૧,૩૦,૦૦,૦૦૦/- |

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક લોન યોજના**

૪૫૯૫૮ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ઉચ્ચ અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓ માટે કોઇ શૈક્ષણિક લોન યોજના

(૧) હા, જી.

અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યોજના હેઠળ અમરેલી અને ભાવનગર જિલ્લામાં લોન મેળવવા માટેની કુલ કેટલી અરજીઓ મળી, અને

(૩) ઉક્ત અરજીઓ પૈકી વર્ષવાર કેટલા અરજદારોને કેટલી રકમની લોન માંગણી સામે કેટલી રકમની લોન મંજૂર કરી ચૂકવવામાં આવી ?

(૨) અને (૩)

**(રૂ.લાખમાં)**

| વર્ષ | જિલ્લો | મળેલ અરજી | કરવામાં આવેલ લોનની માંગણી | મંજૂર કરેલ અરજી | મંજૂર કરેલ રકમ | ચૂકવેલ રકમ |
|---|---|---|---|---|---|---|
| તા.૦૧-૦૨-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ | અમરેલી | ૮ | ૫૨.૮૨ | ૮ | ૪૬.૨૫ | ૧૭.૧૧ |
| | ભાવનગર | ૫૦ | ૩૭૭.૫૯ | ૪૯ | ૨૬૮.૯૨ | ૬૮.૮૭ |
| તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | અમરેલી | ૧૧ | ૮૬.૮૧ | ૧૧ | ૩૫.૨૩ | ૧.૭૫ |
| | ભાવનગર | ૪૬ | ૩૮૮.૮૮ | ૪૬ | ૨૮૨.૫૮ | ૪૪.૦૫ |

---------

**જી.એસ.ટી. અન્વયે આવક**

૪૫૭૩૯ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યને છેલ્લા બે વર્ષમાં માસવાર જી.એસ.ટી. અન્વયે કેટલી આવક થઇ, અને

(૨) ઉક્ત સ્થિતિએ જી.એસ.ટી. હેઠળની કેટલી રકમ ઉઘરાવવાની બાકી છે ?

**જવાબ**

(૧) **(રકમ રૂ. કરોડમાં)**

| **માસ** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** |
|---|---|---|
| જાન્યુઆરી | ૩૧૩૧.૭૩ | ૩૪૧૩.૮ |
| ફેબ્રુઆરી | ૩૨૦૯.૬૧ | ૩૫૧૬.૯૬ |
| માર્ચ | ૨૮૩૯.૭૭ | ૩૫૧૮.૦૨ |
| એપ્રિલ | ૪૯૨.૯૨ | ૪૨૭૨.૦૬ |
| મે | ૧૫૧૮.૫૪ | ૨૬૩૬.૬૪ |
| જૂન | ૨૪૨૨.૮૧ | ૨૮૭૪.૭૫ |
| જુલાઇ | ૨૫૦૪.૦૧ | ૩૮૯૨.૮ |
| ઓગસ્ટ | ૨૨૯૯.૮૩ | ૩૫૨૯.૭૬ |
| સપ્ટેમ્બર | ૨૪૧૫.૧૬ | ૩૬૫૩.૬૬ |
| ઓક્ટોબર | ૨૭૩૧.૨૪ | ૩૮૨૨.૧૩ |
| નવેમ્બર | ૨૯૦૪.૪૪ | ૪૦૦૪.૮૨ |
| ડિસેમ્બર | ૨૯૩૯.૬૧ | ૩૬૯૨.૦૨ |

(૨) રૂ.૩૦૬.૭૪/- કરોડ

---------

**બનાસકાંઠા જિલ્લામાં સરદાર કૃષિ જ્યોતિ યોજના**

૪૫૧૮૫ **શ્રી કરશનભાઇ સોલંકી** (કડી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સરદાર કૃષિ જ્યોતિ યોજના

**જવાબ**

(૧)

| **બદલવામાં આવેલ જર્જરિત** | **વિભાજન કરેલ** |
|---|---|

અંતર્ગત કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા અને કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

| વીજ વાયરો (કિ.મી.) | ફિડરોની સંખ્યા |
|---|---|
| ૮૪૧.૦૯ | ૯૩ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ.૧૩૧૭.૩૪ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે સિવિલ હોસ્પિટલની કામગીરી**

૪૫૬૩૮ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૧૫૨૬ (અગ્રતા-૧૩૬)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે સિવિલ હોસ્પિટલ માટેની તાંત્રિક મંજૂરી તા.૧૬-૧૧-૧૯ના રોજ મળેલ હતી, ઉક્ત હોસ્પિટલના પ્લાન-ડિઝાઈન-ખર્ચના અંદાજ બનાવવાની કાર્યવાહી ચાલુ હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ હોસ્પિટલ ક્યાં સુધીમાં શરૂ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે સિવિલ હોસ્પિટલની પ્લાન ડિઝાઈનમાં ફેરફાર થતા અને વર્તમાન ભાવોમાં વધારો થતાં સદર કામની સુધારેલ પ્લાન-ડિઝાઈન અને ખર્ચના અંદાજની મંજૂરી તા.૧૩-૧૨-૨૦૨૧ના રોજ મળેલ છે. અને હાલ આ કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

(૨) કામગીરી પૂર્ણ થયેથી શરૂ કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબિલની બાકી રકમ**

૪૫૭૦૦ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૨૩ (અગ્રતા-૨૨૪)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા દાહોદ જિલ્લામાં ૨૮ અને પંચમહાલ જિલ્લામાં ૧૫૧ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ. ૩૧૫.૦૧ અને રૂ.૩૮૯૭.૬૩ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) *પત્રક-અ મુજબ.

(૨)

| જિલ્લો | ઔદ્યોગિક એકમોની સંખ્યા | વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખ) |
|---|---|---|
| દાહોદ | ૧૬ | ૧૭૩.૩૧ |
| પંચમહાલ | ૮૦ | ૨૯૦૯.૫૪ |

(૩) **દાહોદ જિલ્લો :**

- કુલ ૪ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૧૧૦.૩૦ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- કુલ ૮ ગ્રાહકોના બાકી રૂ.૨૬.૮૫ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી / હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે, જે પૈકી ૫ ગ્રાહકોના બાકી રૂ.૨૨.૦૧ લાખ ભરપાઇ ન કરતા દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે,

જ્યારે ૩ વીજ ગ્રાહકોના વીજબિલ ની રકમ રૂ.૪.૮૪ લાખની વસૂલાત કરવા માટે પ્રીલિટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- વીજબિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૪ ગ્રાહકો અને તેની રકમ રૂ.૩૬.૧૬ લાખ છે. જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પંચમહાલ જિલ્લો :**

- કુલ ૫૬ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૨૩૯૮.૦૧ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- કુલ ૨૧ ગ્રાહકોના બાકી રૂ ૯૫.૦૨ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી / હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે, જે પૈકી ૧૭ ગ્રાહકોના બાકી રૂ. ૫૮.૩૬ લાખ ભરપાઇ ન કરતા દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે, જ્યારે ૪ વીજ ગ્રાહકોના વીજબિલની રકમ રૂ. ૩૬.૬૬ લાખ ની વસૂલાત કરવા માટે પ્રીલીટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- વીજ બિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૩ ગ્રાહકો અને તેની રકમ રૂ.૪૧૬.૫૧ લાખ છે. જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૬૧૭ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૪૬ (અગ્રતા-૧૭૨)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી અમદાવાદ અને બોટાદ જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૮ અને વર્ષ-૨૦૨૦માં ૧૧ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૦ |
| ૨ | બોટાદ | ૦૨ |

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૫ |
| ૨ | બોટાદ | ૧૨ |

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|

| | | ડૉક્ટરોની સંખ્યા | |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૫ | ૨૫,૦૦,૦૦૦/- |
| ૨ | બોટાદ | ૦૬ | ૩૦,૦૦,૦૦૦/- |

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**વડોદરા અને ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબિલની બાકી રકમ**

૪૫૬૯૭ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૩૮ (અગ્રતા-૨૫૧)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા વડોદરા જિલ્લામાં ૨૯૨ અને ભરૂચ જિલ્લામાં ૨૫૨ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ. ૮૯૭૬.૧૮ અને રૂ.૨૮૧૬૪.૯૨ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) *પત્રક-અ મુજબ.

(૨)

| **જિલ્લો** | **ઔદ્યોગિક એકમોની સંખ્યા** | **વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખમાં)** |
|---|---|---|
| વડોદરા | ૯૮ | ૩૪૫૦.૫૧ |
| ભરૂચ | ૧૯૫ | ૨૬૮૦૮.૩૦ |

(૩) **વડોદરા જિલ્લો :**

- ૫૮ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૨૭૬૯.૨૩ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૧૧ ગ્રાહકોએ બાકી રૂ.૩૯.૬૯ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી / હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે, જે પૈકી ૮ ગ્રાહકોની બાકી રૂ.૩૧.૧૨ લાખની રકમ માટે સંબંધિત કોર્ટમાં દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે, જ્યારે ૩ ગ્રાહકોની બાકી રૂ.૮.૫૭ લાખની રકમ માટે પ્રીલિટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં ધરવામાં આવેલ છે.
- કુલ ૨૯ વીજ ગ્રાહકોએ તેમને આપવામાં આવેલ કુલ રૂ.૬૪૧.૫૯ લાખના વીજબિલ સામે સક્ષમ સત્તાધિકારી સમક્ષ વાંધા ઉપસ્થિત કરેલ હોઇ, સક્ષમ સત્તાધિકારીના આખરી નિર્ણય બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**ભરૂચ જિલ્લો :**

- ૧૪૧ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની રકમ રૂ.૧૭૨૨૭.૭૪ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૩૩ ગ્રાહકો એ બાકી રૂ ૩૩૨.૪૧ લાખ ભરપાઈ ન

કરતાં તેમના વીજ જોડાણ કાયમી / હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને વસૂલાત માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- કુલ ૨૧ વીજ ગ્રાહકોએ તેમને આપવામાં આવેલ કુલ રૂ.૯૨૪૮.૧૫ લાખના વીજબિલ સામે સક્ષમ સત્તાધિકારી સમક્ષ વાંધા ઉપસ્થિત કરેલ હોઇ, સક્ષમ સત્તાધિકારીના આખરી નિર્ણય બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં પોશીના જૂથ પાણી પુરવઠા યોજના**

૪૫૧૯૨ **શ્રી હિતુ કનોડીયા** (ઇડર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પોશીના જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગે કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત આયોજનની અંદાજિત રકમ કેટલી છે, અને | (૨) રૂ.૨૪૬૦૧.૫૯ લાખ ગ્રોસ. |
| (૩) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) આ યોજનાના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં છે, જે મંજૂર થયેથી ૧૮ માસની સમય-મર્યાદામાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**ખેડાજિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત**

૪૫૨૦૬ **શ્રી જગદીશ પટેલ** (અમરાઇવાડી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત માટે કોઇ સકસિડી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સકસિડી આપવામાં આવેલ છે, અને | (૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં કુલ ૩૩,૫૦૬ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૧માં કુલ ૩૪,૯૦૮ ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં સકસિડી આપવામાં આવેલ છે. |
| (૩) આ ગ્રાહકોને કુલ કેટલી રકમની સકસિડી આપવામાં આવેલ છે ? | (૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ખેડા જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત પેટે વર્ષ ૨૦૨૦માં રૂ.૧૦૧.૯૪ કરોડ અને વર્ષ ૨૦૨૧માં રૂ. ૯૯.૩૬ કરોડની સકસિડી આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**પંચમહાલજિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત**

૪૫૧૯૦ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત માટે કોઇ સકસિડી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સકસિડી આપવામાં આવેલ છે, અને | (૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં કુલ ૨૩,૮૦૮ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૧માં કુલ ૨૬,૧૩૪ ખેતીવાડી |

(૩) આ ગ્રાહકોને કુલ કેટલી રકમની સકસિડી આપવામાં આવેલ છે ?

વીજ ગ્રાહકોને વીજબિલમાં સકસિડી આપવામાં આવેલ છે.

(૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા પંચમહાલ જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત પેટે વર્ષ ૨૦૨૦માં રૂ.૨૪.૩૭ કરોડ અને વર્ષ ૨૦૨૧માં રૂ. ૨૪.૦૬ કરોડની સકસિડી આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના વીજ જોડાણના લાભાર્થીઓ**

૪૫૧૮૬ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા લાભાર્થીઓને નિઃશુલ્ક ઘરવપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૮૪૮

(૨) રૂ. ૩૪.૩૫ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**જામનગરની જી.જી.હોસ્પિટલનું મંજૂર મહેકમ**

૪૫૭૫૭ **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળીયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જામનગર ખાતે આવેલ જી. જી. હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબોનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ક્યા પ્રકારના નિષ્ણાંત તબીબોની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જી. જી. હોસ્પિટલ ખાતે નિષ્ણાંત તબીબોનું મહેકમ મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ખેડા અને મહીસાગર જિલ્લામાં ઔદ્યોગિક ડીફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબીલની બાકી રકમ**

૪૫૭૧૫ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૧૫ (અગ્રતા-૨૨૭)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબીલ ન ચૂકવ્યા હોય તેવા ખેડા જિલ્લામાં ૫૬ અને મહીસાગર જિલ્લામાં ૧૪ ઔદ્યોગિક ડીફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ.૬૩૨.૩૨ અને રૂ.૨૪૬.૯૩ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડીફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબીલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડીફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત ડીફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) *પત્રક-અ મુજબ.

(૨)

| જિલ્લો | ઔદ્યોગિક એકમોની સંખ્યા | વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખ) |
|---|---|---|
| ખેડા | ૧૭ | ૫૦૩.૮૮ |
| મહિસાગર | ૮ | ૨૩૪.૩૮ |

(૩) **ખેડાજિલ્લોઃ**

- કુલ ૧૫ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની

વસૂલાતની કુલ રકમ રૂ.૫૦૧.૩૦ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.

- કુલ ૧ વીજગ્રાહકે બાકી રૂ.૧.૧૪ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ હંગામી/કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને સંબંધિત કોર્ટમાં દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- વીજબિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૧ ગ્રાહકો અને તેની રકમ રૂ.૧.૪૪ લાખ છે. જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**મહિસાગર જિલ્લોઃ**

- કુલ ૩ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૧૩.૭૯ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- કુલ ૩ વીજગ્રાહકે બાકી રૂ.૪.૨૭ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ હંગામી/કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને સંબંધિત કોર્ટમાં દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- વીજબિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૨ ગ્રાહકો અને તેની રકમ રૂ.૨૧૬.૩૨ લાખ છે. જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**બોટાદ જિલ્લામાં બોટાદ જૂથ પાણી પુરવઠા યોજના**

૪૫૦૫૫ **શ્રી વી. ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં બોટાદ જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગેના કામોનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામોની અંદાજિત રકમ કેટલી છે, અને | (૨) રૂ. ૧૦૭૦૬.૦૧ લાખ ગ્રોસ. |
| (૩) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) આ યોજનાના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં છે, જે મંજૂર થયેથી ૨૪ માસની સમય-મર્યાદામાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**રાજ્યમાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદીના કરારો**

૪૫૬૬૨ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જી.યુ.વી.એન.એલ. દ્વારા વિવિધ ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ ઉત્પાદિત વીજળી અને તેના સરેરાશ પ્રતિ યુનિટ દરની વિગત *પત્રક-અ મુજબ છે.

(૩) ઉક્ત સ્થિતિએ વીજળી ખરીદી ન હોય અને કરાર મુજબ કોઈ વીજ કંપનીને ફિક્સ કોસ્ટ કે અન્ય રકમ ચૂકવેલ હોય તો કઈ કંપનીને કેટલી રકમ ચૂકવેલ છે ?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજળી ખરીદ્યા વગર ઉક્ત કંપનીઓને કોઈ રકમ ચૂકવેલ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે કરારની જોગવાઈઓ મુજબ ફિક્સ કોસ્ટની ચૂકવણી પ્લાન્ટની ઉપલબ્ધતાના આધારે કરવામાં આવે છે, જ્યારે વેરીએબલ કોસ્ટની ચૂકવણી પ્લાન્ટમાંથી મેળવેલ ઉત્પાદનના આધારે કરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર**

૪૫૧૮૮ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખુશી યોજના અંતર્ગતસુરેન્દ્રનગરજિલ્લામાં નાની ક્ષમતાના કેટલા ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને | (૧) ૮૩૯ |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૮૪૨.૭૫ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૬૦૮**શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૭૬ (અગ્રતા-૨૮૫)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી જામનગર અને દેવભૂમિ દ્વારકાજિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૫૯ અને વર્ષ-૨૦૨૦માં ૧૫ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | જામનગર | ૦૩ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૦૬ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | જામનગર | ૧૯ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૪૬ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૧૩ | ૬૫,૦૦,૦૦૦/- |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૩૪ | ૧,૨૮,૦૦,૦૦૦/- |

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

**ગાંધીનગર નવા સચિવાલય સંકુલમાં સૌર ઊર્જા આધારિત વાહનો**

અતારાંકિત પ્રશ્નો

૪૫૬૫૩ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવા સચિવાલય સંકુલમાં સૌર ઊર્જા આધારિત ઈલેક્ટ્રિક વાહન પરિવહન વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) જી, હા. આ વ્યવસ્થા ફક્ત પ્રાયોગીક ધોરણે શરૂ કરવામાં આવેલ હતી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત વ્યવસ્થા બંધ કરવાના કારણો શાં છે, અને | (૨) સૌર ઊર્જા આધારિત ચાર્જીંગ સ્ટેશન હાલમાં કાર્યરત છે. પરંતુ, પ્રાયોગિક ધોરણોના સૌર ઊર્જાના વાહનોની બેટરી લાઈફ પૂર્ણ થતાં આ વ્યવસ્થા હટાવી લેવામાં આવી છે. |
| (૩) ઉક્ત વાહનો અને વ્યવસ્થા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ ? | (૩) વાહનો અને વ્યવસ્થા માટે આશરે રૂ.૨.૫૩ કરોડ રકમનો ખર્ચ કરવામાં આવેલ. |

---------

**ધોળકા અને વિરમગામ તાલુકામાં અનુસૂચિત જાતિના છાત્રાલયોમાં ભોજન પૂરું પાડવા બાબત**

૪૫૭૪૨ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધોળકા અને વિરમગામ તાલુકામાં આવેલ અનુસૂચિત જાતિના છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને ભોજન પૂરું પાડવા માટેનો કોન્ટ્રાક્ટ કઈ તારીખ સુધીના સમયગાળા માટે કઈ એજન્સીને આપવામાં આવેલ છે, | (૧) તા.૦૪-૦૫-૨૦૧૯ થી તા.૩૦-૦૯-૨૦૨૧ સુધીના સમયગાળા માટે નીચે મુજબની એજન્સીને આપવામાં આવેલ.<br>૧) સરકારી કન્યા છાત્રાલય, ધોળકા, અમદાવાદ:- પ્રમુખ જનરલ ટ્રેડર્સ<br>૨) સરકારી કુમાર છાત્રાલય, ધોળકા, અમદાવાદ:- પ્રમુખ જનરલ ટ્રેડર્સ<br>૩) સરકારી કન્યા છાત્રાલય, વિરમગામ, અમદાવાદ:- ભાવનાબેન જોષી |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત છાત્રાલયોમાં કોન્ટ્રાક્ટનો સમય પૂર્ણ થયેલ હોઈ અને નવો કોન્ટ્રાક્ટ આપવાનો બાકી હોવાથી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને ભોજનની સુવિધા આપવામાં આવતી નથી તે બાબતની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં મળેલ છે, | (૨) ૩ (ત્રણ). |
| (૩) ઉક્ત સ્થિતિએ નવો કોન્ટ્રાક્ટ નક્કી નહીં કરવાના તથા જૂના કોન્ટ્રાક્ટને રીન્યૂ નહીં કરવાના કારણો શા છે, અને | (૩) નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, અમદાવાદ દ્વારા ઉક્ત ત્રણેય છાત્રાલયો માટે તા.૩૦-૦૭-૨૦૨૧ના રોજ સરકારશ્રીના GEM પોર્ટલ ઉપર બીડ પબ્લિશ કરવામાં આવેલ હતુ પરંતુ ખાતાકિય ખરીદ સમિતિ દ્વારા તા.૨૪-૧૧-૨૦૨૧થી એજન્સી દ્વારા GEM પોર્ટલ પર ઓનલાઈન બીડમાં ભરેલ ભાવો સરકારશ્રીના નિયમો સાથે સુસંગત ન હોવાથી સમિતિ દ્વારા બીડ રદ કરી પુનઃ ટેન્ડર કરવા જણાવવામાં આવેલ હોવાથી નવો કોન્ટ્રાક્ટ નક્કી થઈ શકેલ નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ નવો કોન્ટ્રાક્ટ નક્કી કરવા માટે શી પ્રક્રિયા હાથ ધરેલ છે ? | (૪) ઉક્ત ત્રણેય છાત્રાલય માટે પુનઃબીડ કરવામાં આવેલ જેમાં ખાતાકીય ખરીદ સમિતિ દ્વારા તા.૧૮-૦૨-૨૦૨૨ના રોજ ભોજન સેવા પૂરી પાડવાની કામગીરી સોપવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો જે અનુસંધાને |

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

સરકારી કન્યા છાત્રાલય - ધોળકા, ખાતે તા.૧૧-૦૩-૨૦૨૨ થી ચામુંડા કેટરર્સ, સરકારી કુમાર છાત્રાલય - ધોળકા ખાતે સ્વસ્તિક સ્ટોલ અને સરકારી કન્યા છાત્રાલય - વિરમગામ ખાતે સ્વસ્તિક સ્ટોલ એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિગમોમાં કર્મચારીઓની ભરતી**

૪૫૬૬૮ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આરોગ્ય અને પરિવારકલ્યાણપ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે, | (૨) ૧૮૭ કર્મચારીઓ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને | (૩) ૮૧ કર્મચારીઓ. |
| (૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શાં છે ? | (૪) આવશ્યકતા મુજબ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ભરતી કરવામાં આવે છે. |

- - - - - - - - -

**રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગની રચના કરવાની બાબત**

૪૫૬૨૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૭-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૧૭૯૧૨ (અગ્રતા-૬૮)ના અનુસંધાને **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગની રચના કરવાની બાબત નીતિ વિષયક હોવાથી સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી તે અંગે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યારે અને શી વિચારણા હાથ ધરવામાં આવી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિતજાતિ આયોગની રચના કરવાની બાબત નીતિ વિષયક હોવાથી સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ છે. |
| (૨) ઉક્ત આયોગની રચના સંબંધમાં યોગ્ય વિચારણા કરીને ક્યાં સુધીમાં આયોગની રચના કરવાનું આયોજન છે ? | (૨) આ અંગે નીતિ વિષયક નિર્ણય થયેથી. |

- - - - - - - - -

**ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)ને અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ**

૪૫૬૧૪ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળના ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.), ગાંધીનગર માટે અંદાજપત્રમાં કોઈ નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અંદાજપત્રમાં કેટલી નાણાકીય ફાળવણી ઉક્ત નિગમને કરવામાં આવેલ છે, અને | (૨) રાજ્ય સરકારશ્રી દ્વારા નીચે મુજબ લોન પેટે રકમ ફાળવવામાં આવેલ છે.<br>વર્ષ ૨૦૨૦-૨૧ રૂ.૪૦૦.૦૦ લાખ.<br>વર્ષ ૨૦૨૧-૨૨ રૂ.૫૦૦.૦૦ લાખ. |

(૩) ઉક્ત સ્થિતિએ ફાળવણી કરવામાં આવેલ નાણા પૈકી વર્ષવાર કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩) પત્રક સામેલ છે.

**પત્રક**

| | વર્ષ | ફાળવણી કરવામાં આવેલ રકમ | વણવપરાયેલ રહેવાના કારણો |
|---|---|---|---|
| ઉક્ત સ્થિતિએ ફાળવણી કરવામાં આવેલ નાણા પૈકી વર્ષવાર કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ? | ૨૦૨૦-૨૧ | ૩.૪૦૦ લાખ | કોરોના મહામારીના કારણે સમગ્ર ભારતમાં લોકડાઉન જાહેર થયેલ હોવાના કારણે જાહેરાત આપવામાં આવેલ ન હોવાથી, આ રકમનો વપરાશ થઈ શકેલ નથી. કોરોનાના કારણે અગાઉના વર્ષની ધિરાણની પ્રક્રિયામાં પણ લાભાર્થીઓને લોન ડોક્યુમેન્ટ જમા આપવા બાબતે સમય વધારો આપવામાં આવેલ હોવાથી નવી જાહેરાત આપી શકાયેલ નથી. ત્યારબાદ બીજી લહેરના કારણે પણ અગાઉ મુજબ સમય વધારો આપવામાં આવેલ. જેના કારણે ધિરાણમાં વિલંબ થયેલ છે. હાલ નિગમ પાસે ૪૧૬૯ પેન્ડીંગ અરજીઓ ઉપલબ્ધ છે. આ પેન્ડીંગ અરજીઓમાંથી કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરી વર્ષ ૨૦૨૦-૨૧ના ૩.૪૦૦.૦૦ લાખ અને ૨૦૨૧-૨૨ના ૩.૫૦૦.૦૦ લાખ એમ કૂલ ૩.૯૦૦.૦૦ લાખની રકમનો ઉપયોગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. |
| | ૨૦૨૧-૨૨ | ૩.૫૦૦ લાખ | |

- - - - - - - - -

## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના નિગમોમાં મેનેજિંગ ડિરેક્ટરોની નિમણૂક

૪૫૭૧૨ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના ક્યા નિગમોમાં મેનેજિંગ ડિરેક્ટરોની નિમણૂક કરવામાં આવી નથી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત નિગમોમાં કેટલા સમયથી મેનેજિંગ ડીરેક્ટરોની સેવાઓ ચાર્જમાં લેવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૧. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ
૨. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ
૩. ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ
૪. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ
૫. ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ
૬. ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ

(૨)

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | તા.૧૨/૦૭/૨૦૧૯ થી |
| ૨ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | તા.૦૧/૦૭/૨૦૧૯ થી |
| ૩ | ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ | તા.૦૧/૦૧/૨૦૧૩ થી |
| ૪ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | તા.૨૩/૦૧/૨૦૨૦ થી |
| ૫ | ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ | તા.૦૧/૦૪/૨૦૧૬ થી |
| ૬ | ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ)નાણા અને વિકાસ નિગમ | તા.૨૩/૦૯/૨૦૨૦ થી |

- - - - - - - - -

## અદાણી સ્કીલ ડેવલપમેન્ટ, અમદાવાદ સાથે અનુસૂચિત જાતિના યુવાન-યુવતીઓને તાલીમ આપવા બાબત

૪૫૬૫૯**શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ કે તેની તાબા હેઠળની

**જવાબ**

(૧) સરકાર દ્વારા સંત શિરોમણી શ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજના હેઠળ જોગવાઈ કરવામાં આવે

નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા અદાણી સ્કીલ ડેવલપમેન્ટ, અમદાવાદ સાથે અનુસૂચિત જાતિના યુવાન-યુવતીઓને તાલીમ આપવા માટે કરવામાં આવેલ કરાર માટે વર્ષ-૨૦૧૯-૨૦માં અને વર્ષ ૨૦૨૦-૨૧માં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી, અને

છે પરંતુ ચોક્કસ સંસ્થા સાથે કરાર કરવા માટે કોઈ જોગવાઈ કરવામાં આવતી નથી.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તે અન્વયે કેટલી રકમનો ખર્ચ થયો ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ધોળકા અને વિરમગામ તાલુકામાં અનુસૂચિત જાતિના છાત્રાલયોમાં ભોજન પૂરું પાડવા બાબત**

૪૫૭૪૮ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધોળકા અને વિરમગામ તાલુકામાં આવેલ અનુસૂચિત જાતિના છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને ભોજન પૂરું પાડવા માટેનો કોન્ટ્રાક્ટ કઈ તારીખ સુધીના સમયગાળા માટે કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત છાત્રાલયોમાં કોન્ટ્રાક્ટનો સમય પૂર્ણ થયેલ હોઈ અને નવો કોન્ટ્રાક્ટ આપવાનો બાકી હોવાથી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને ભોજનની સુવિધા આપવામાં આવતી નથી તે બાબતની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં મળેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને ભોજનની સુવિધા આપવામાં ન આવતી હોય તો ભોજન માટે અન્ય શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ વૈકલ્પિક વ્યવસ્થા ન કરી હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધોળકા અને વિરમગામ તાલુકામાં આવેલ અનુસૂચિત જાતિના છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને ભોજન પૂરું પાડવા માટેનો કોન્ટ્રાક્ટ તા.૦૪-૦૫-૨૦૧૯થી તા.૩૦-૦૯-૨૦૨૧ સુધીના સમયગાળા માટે નીચે મુજબની એજન્સીને આપવામાં આવેલ છે.

૧. સરકારી કન્યા છાત્રાલય, ધોળકા, અમદાવાદઃ પ્રમુખ જનરલ ટ્રેડર્સ.
૨. સરકારી કુમાર છાત્રાલય, ધોળકા, અમદાવાદઃ પ્રમુખ જનરલ ટ્રેડર્સ.
૩. સરકારી કન્યા છાત્રાલય, વિરમગામ, અમદાવાદઃ ભાવનાબેન જોષી.

(૨) ૩(ત્રણ).

(૩) ટેન્ડર પ્રક્રિયા ચાલુ હોઈ વિદ્યાર્થીઓ માટે નજીકની ભોજનાલયમાંથી વૈકલ્પિક વ્યવસ્થા થયેલ છે.

(૪) ઉપર મુજબ.

- - - - - - - - -

**તાપી જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબીલની બાકી રકમ**

૪૫૬૮૨ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૫૩ (અગ્રતા-૨૫૬)ના અનુસંધાને**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા તાપી જિલ્લામાં ૧૭ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી રૂ.૨૦૧.૩૩ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ક્યા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ

**જવાબ**

(૧) વિગતો પત્રક-અ મુજબ છે.

(૨) ૧૧ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી રૂ.૧૭૦.૫૩ લાખ વસૂલવાના બાકી છે.

વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩)
- કુલ ૫ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલા છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૩૬.૨૪ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૩ વીજ ગ્રાહકોએ બાકી રૂ.૫.૭૮ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ હંગામી/કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને વસૂલાત માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- વીજબિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૩ ગ્રાહકો અને તેની રકમ રૂ.૧૨૮.૫૧ લાખ છે. જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પત્રક-અ**
**તાપી જિલ્લો**

| ક્રમ નં. | ગ્રાહક નંબર | ઔદ્યોગિક એકમનું નામ | ૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ બાકી રકમ (રૂ.લાખમાં) | ૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં વસૂલ કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૮૩૮૩૦૦૦૫૩૭ | એમ\એસ કોનિકા પ્લાસ્ટિક | ૬.૪૬ | - |
| ૨ | ૮૩૮૩૦૦૦૪૮૦ | એમ એસ અમર પ્લાસ્ટિક | ૧૩.૧૪ | - |
| ૩ | ૮૩૮૧૦૦૦૧૨૨ | મયંક સ્ટોન ક્વોરી | ૧.૫૧ | - |
| ૪ | ૮૪૦૧૦૦૧૬૨૫ | સોનગઢ સ્ટોન ક્વોરી | ૧.૦૯ | - |
| ૫ | ૮૭૦૯૦૧૧૨૪૨ | હરિ શ્રી નિધિ શીત સ્ટોરેજ | ૧.૧૫ | - |
| ૬ | ૮૭૬૧૦૧૦૧૮૯ | હસીનાબી ગુલામોમોહદશાખ | ૨.૦૪ | - |
| ૭ | ૧૦૯૫૩૦૦૦૬૬૪ | હારી ક્રિષ્ના ઈન્ડ. | ૩.૫૪ | - |
| ૮ | ૧૦૬૧૧ | ઉકાઈ પ્રદેશ એસ.ખંડ લિ. | ૧૨.૭૮ | ૧૨.૭૮ |
| ૯ | ૧૦૬૧૩ | ડલ્સન ફાઉન્ડ્રી પ્રા.લિ. | ૧૩.૧૦ | - |
| ૧૦ | ૫૬૧ | મે.વાલોડ અંત્યોદયા પેપર મિલ | ૧.૩૩ | ૧.૩૩ |
| ૧૧ | ૧૦૬૨૪ | મેસર્સ જે કે પેપર લિ. | ૯૯.૩૦ | - |
| ૧૨ | ૧૦૬૪૨ | મેસર્સ સુરત ડિસ્ટ કો.ઓ.મિલ્ક પ્રો. | ૨૬.૧૮ | - |
| ૧૩ | ૧૦૬૪૭ | સુરત જિલ્લો કો-ઓપ દૂધ ઉત્પાદક સંઘ લિ.નિઝર | ૩.૦૩ | - |
| ૧૪ | ૧૦૬૪૯ | જય જલારામ સ્ટોન ક્વોરી | ૯.૬૩ | ૯.૬૩ |
| ૧૫ | ૧૦૭૦૦ | ક્વોરી ધરતી સ્ટોન ક્વોરી | ૩.૪૪ | ૩.૪૪ |
| ૧૬ | ૧૦૯૫૭૦૦૮૧૮૦ | ઈશાન ઓઈલ મિલ | ૨.૪૨ | ૨.૪૨ |
| ૧૭ | ૧૩૧૦૩૦૧૬૯૪૮ | જલમસિંગ હિરજીભાઈ ગામિત | ૧.૧૯ | ૧.૧૯ |

---------

**અમરેલી જિલ્લામાં પંડિત દીનદયાળ મકાન સહાય યોજના**

૪૫૯૪૯ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં પંડિત દીનદયાળ મકાન સહાય યોજના અંતર્ગત અમરેલી જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી | (૧) રૂ.૫૭૨.૦૩ લાખ. |

(વિકસતી જાતિ) દ્વારા કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવેલ,

(૨) તે અન્વયે કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી, અને

(૨) રૂ. ૫૭૨.૦૩ લાખ.

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ગ્રાન્ટ ફાળવવાની બાકી છે અને બાકી ગ્રાન્ટ ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ?

(૩) કોઈ ગ્રાન્ટ ફાળવવાની બાકી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજ્યમાં મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના**

૪૫૬૩૫ **ડૉ.સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૧૦-૧૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૦૧૯૫ (અગ્રતા-૧૩૫)ના અનુસંધાને**માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં મેડિકલ યુનિવર્સિટી સ્થાપવાની બાબત વિચારણાધીન હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) રાજ્યમાં મેડિકલ યુનિવર્સિટી સ્થાપવાની બાબત વિચારણાધીન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ક્યારે કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) ૧.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને યુનિવર્સિટી કાર્યરત કરવામાં આવશે ? | (૩) યુનિવર્સિટી બનાવવાની વૈધાનિક પ્રક્રિયા પૂર્ણ થયેથી વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. |

- - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સિંગથી ભરતી**

૪૫૬૧૧**શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૦૩-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૧૫૦૧૧ (અગ્રતા-૬૨)ના અનુસંધાને**માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓના સપ્લાયનું કામ સરકારના અન્ય વિભાગોમાંથી બ્લેકલીસ્ટ કરવામાં આવેલ મેસર્સ ડી.જી.નાકરાણી અને મેસર્સ એમ.જે.સોલંકી નામની આઉટસોર્સિંગ એજન્સીને આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. મેસર્સ ડી.જી.નાકરાણી અને મેસર્સ એમ.જે.સોલંકી આઉટસોર્સિંગ એજન્સીને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બ્લેકલીસ્ટ કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત એજન્સીઓ સામે શાં પગલાં લીધાં, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ સરકારના અન્ય વિભાગોમાં બ્લેકલીસ્ટ હોવા છતાં એજન્સીને ચાલુ રાખવાના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત**

૪૫૧૮૯ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં રાહત માટે કોઇ સબસિડી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને | (૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં કુલ ૧,૧૧,૧૭૮ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૧માં કુલ ૧,૧૨,૫૩૦ ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં સબસિડી આપવામાં આવેલ છે. |

(૩) આ ગ્રાહકોને કુલ કેટલી રકમની સબસિડી આપવામાં આવેલ છે ?

(૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત પેટે વર્ષ ૨૦૨૦માં રૂ.૧૬૦.૫૦ કરોડ અને વર્ષ ૨૦૨૧માં રૂ.૧૬૨.૨૩ કરોડની સબસિડી આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**પોરબંદર જિલ્લામાં એચ.એમ.પી. સિમેન્ટ કંપની પાસેથી વેટની બાકી રકમ**

૪૫૭૦૯**શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) :તેરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૪૧૦૯ (અગ્રતા-૨૭)ના અનુસંધાને**માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં આવેલ એચ.એમ.પી. સિમેન્ટ કંપની પાસેથી ૪૪.૫૯ કરોડ વેચાણવેરો/વેટની બાકી રકમ વસૂલવા માટે મિલકત ટાંચ કરવા માટે તા.૧૫-૦૬-૨૦૧૫ના રોજ મામલતદાર અને કલેક્ટરશ્રીએ પત્ર લખેલ તો તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ શી કાર્યવાહી કરી, અને | (૧) વાણિજ્યિક વેરા અધિકારી-૧, પોરબંદરના તા.૧૫-૦૬-૨૦૧૫ના કંપનીની મિલકતો ઉપર ટાંચ મૂકવાના હુકમ અન્વયે તા.૩૧-૦૭-૨૦૧૫ની ફેરફાર નોંધ નં.૫૦૭૨, અને ૧૧૧૧ અને ૫૪૭૨ થી અનુક્રમે વોર્ડ છાયાના સિટી સર્વે નં.૪૮૧૭, ૪૮૧૯, ૪૮૨૧ના રેવન્યુ સર્વે નંબર ૩૩૧/૧, ૩૩૧/૨, ૩૩૬/૨, ૩૪૮, ૩૬૭, ૩૬૦/૧, ૩૭૩, ૩૭૬/૧, ૩૭૬/૨, ૩૭૮/૧ માં બોજાનોંધ દાખલ કરવામાં આવેલ જે તા.૯-૯-૨૦૧૫ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.<br>કલેક્ટરશ્રી પોરબંદરને નામ.ગુજરાત હાઈકોર્ટ ખાતે SCA 11499/2001 કેસ અન્વયે જો કોઈ વસૂલાત અથવા જમીનની હરાજી અંગેની કાર્યવાહી કરવામાં આવે તો રાજ્ય વેરા કમિશનરની કચેરીની બાકી વસૂલાત રૂ.૪૪૫૯૧૨૨૯૦/-<br>+ ચડત વ્યાજ જેનો દાવો નોંધવા પત્ર જા.૩૪૩૬ તા.૦૭-૧૧-૨૦૨૦થી પત્ર પાઠવેલ છે.<br>મામલતદાર, પોરબંદરને તા.૨૫-૦૨-૨૦૨૧ના જા.નં.૬૬૫૦/૫૧ થી મોજેઃ ઓડદર, તા.જિ.પોરબંદરના ખાતા નં.૬૧૪ની મિલકત ટાંચમાં લેવા માટે પત્ર લખેલ જેના અનુસંધાને આ મિલકત સદર પેઢીના નામે નથી તેમ મામલતદારશ્રી પોરબંદર (ગ્રામ્ય) તરફથી જાણવા મળેલ છે.<br>મામલતદાર, પોરબંદરને જા.નં.૬૬૫૬/૫૭ તા.૨૫-૦૨-૨૦૨૧ના રોજ મોજેઃ રતનપર, તા.પોરબંદર, જિ.પોરબંદરના ખાતા નં.૩૬૦ ટાંચમાં લેવા માટેપત્ર લખેલછે.<br>કલેક્ટરશ્રી, પોરબંદરને જા.નં.૭૦૯ તા.૨૦-૦૭-૨૦૨૧થી જમીનની હરાજી અંગેની કાર્યવાહી કરવામાં આવે તો રાજ્ય વેરા કમિશનરની કચેરીની બાકી વસૂલાત રૂ.૪૪૫૯૧૨૨૯૦/- + ચડત વ્યાજનો દાવો નોંધવા અંગે પત્ર લખેલ છે.<br>નામ.ગુજરાત હાઈકોર્ટ ખાતે SCA 11499/2001 અંતર્ગત નામ.હાઈકોર્ટના તા.૨૫-૧૧-૨૦૨૧ના ઓરલ ઓર્ડર અનુસંધાને વેપારીની મિલકતોની હરાજી તબક્કે વેચાણવેરાના બાકી લેણાં અંગે રાજ્યવેરા અધિકારીના તા.૨૧-૦૨-૨૦૨૨ ના પત્ર નં. ૩૨૨૪/૨૫ થી પ્રાંત અધિકારીશ્રી પોરબંદર સમક્ષ દાવો નોંધાવેલ છે. |
| (૨)તે અન્વયે કેટલી મિલકત ટાંચમાં લેવામાં આવી ? | (૨) રાજ્યવેરા કમિશનરની કચેરી દ્વારા પોરબંદર |

જિલ્લાના મોજેઃ છાયાના સિટી સર્વે નં.૪૮૧૭, ૪૮૧૯, ૪૮૨૧ના રેવન્યુ સર્વે નંબર ૩૩૧/૧, ૩૩૧/૨, ૩૩૬/૨, ૩૪૮, ૩૬૭, ૩૬૦/૧, ૩૭૩, ૩૭૬/૧, ૩૭૬/૨, ૩૭૮/૧ બોજાનોંધ થયેલ છે. તથા પોરબંદર જિલ્લાના તા.પોરબંદર મોજેઃ રતનપરના ખાતા નંબર ૩૬૦ના સર્વે નંબર ૧૯૭૭, ૧૯૭૮, ૧૯૭૯, ૧૯૮૦, ૧૯૮૧, ૧૯૮૨, ૧૯૮૩, ૧૯૮૪, ૧૯૮૫, ૧૯૮૬, ૧૯૮૭, ૧૯૮૮, ૧૯૮૯, ૧૯૯૦,૧૯૯૧, ૧૯૯૨, ૧૯૯૩, ૧૯૯૪, ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૭, ૧૯૯૮, ૧૯૯૯, ૨૦૦૦, ૨૦૦૧, ૨૦૦૨, ૨૦૦૩, ૨૦૦૪, ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૭, ૨૦૦૮, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૯૯માં નોંધ નં.૩૯૪૮ થી તા.૧૬-૧૦-૨૦૨૧ના રોજ બોજાનોંધ પ્રમાણિત થયેલ છે.

મોજેઃ રતનપર તથા ઓડદરની જમીન ટાંચમાં માટે પત્ર પાઠવેલ જેના સંદર્ભમાં કલેક્ટર પોરબંદરના જાવક ક્રમાંક. ૧૧૫૭૭ તા.૨૬-૦૮-૧૫ના પત્રથી એ.સી.સી. કંપનીના નામે આવેલ જમીનના ટેન્યોર, માલિકી હક્ક બાબતે કોઈપણ ફેરફાર ન કરવા નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા SCA 11499/2001 હેઠળ જુદા જુદા હુકમોથી મનાઈ હુકમ
ફરમાવેલ છે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૬૪૧**શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૩૨ (અગ્રતા-૧૫)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૧૫ અને વર્ષ-૨૦૨૦માં ૧૭ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | અરવલ્લી | ૦૧ |
| ૨ | સાબરકાંઠા | ૦૦ |

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | અરવલ્લી | ૧૮ |
| ૨ | સાબરકાંઠા | ૧૩ |

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૧૨ | ૬૦,૦૦,૦૦૦/- |
| ૨ | સાબરકાંઠા | ૦૭ | ૩૫,૦૦,૦૦૦/- |

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબિલની બાકી રકમ**

અતારાંકિત પ્રશ્નો

૪૫૭૫૪**શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૭૫ (અગ્રતા-૧૬૯)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા જામનગર જિલ્લામાં ૨૭૭ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૯૮ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ.૨૯૧૨.૩૪ અને રૂ.૯૪૬.૭૦ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) *પત્રક-અ મુજબ.

(૨)

| જિલ્લો | ઔદ્યોગિક એકમોની સંખ્યા | વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખમાં) |
|---|---|---|
| જામનગર | ૧૨૯ | ૨૪૦૯.૫૬ |
| દેવભૂમિ દ્વારકા | ૫૮ | ૭૨૧.૨૨ |

(૩) જામનગર જિલ્લો :

- ૫૭ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૩૨૨.૩૬ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૬૧ ગ્રાહકોએ બાકી રૂ.૧૦૯.૯૬ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણહંગામી/કાયમીધોરણે કાપી નાખવામાં આવેલ છે. જે પૈકી ૧૦ ગ્રાહકોના બાકી રૂ.૧૭.૪૦ લાખની રકમ વસૂલવા માટે દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે જ્યારે ૫૧ ગ્રાહકોની બાકી રૂ.૯૨.૫૬ લાખની વસૂલાત કરવા માટે પ્રીલીટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- કુલ ૧૦ વીજ ગ્રાહકોએ તેમને આપવામાં આવેલ કુલ રૂ.૧૯૭૬.૧૦ લાખના વીજબિલ સામે સક્ષમ સત્તાધિકારી સમક્ષ વાંધા ઉપસ્થિત કરેલ હોઈ, સક્ષમ સત્તાધિકારીના આખરી નિર્ણય બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- ૧ ગ્રાહકે રૂ.૧.૧૪ લાખનું વીજબિલ ભરેલ નથી તેના વીજબિલની બાકી નીકળતી રકમ તા.૨૮-૦૩-૨૦૨૨ સુધીમાં ભરવાની મુદત વીજ ગ્રાહકે માંગેલ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લો:

- ૪૬ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની રકમ રૂ.૬૫૨.૨૮ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૮ ગ્રાહકોએ બાકી રૂ.૨૧.૧૭ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ હંગામી/કાયમીધોરણે કાપી નાખવામાં આવેલ છે જે પૈકી ૪ ગ્રાહકોના

રૂ.૧૩.૯૪ લાખની રકમ વસૂલવા માટે દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે, જ્યારે ૪ ગ્રાહકોના રૂ.૭.૨૩ લાખની વસૂલાત કરવા માટે પ્રીલીટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- વીજબિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા ૪ ગ્રાહકોની રકમ રૂ.૪૭.૭૭ લાખ છે. જે અંગે જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં ઔદ્યોગિક ડીફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબિલની બાકી રકમ**

૪૫૬૯૪**શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૨૩૬ (અગ્રતા-૨૬૯)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા છોટાઉદેપુર જિલ્લામાં ૨૭ અને નર્મદા જિલ્લામાં ૧૩ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ.૯૫.૭૫ અને રૂ.૧૧૯.૧૨ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પત્રક-અ મુજબ.

(૨)

| જિલ્લો | ઔદ્યોગિક એકમોની સંખ્યા | વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખમાં) |
|---|---|---|
| છોટાઉદેપુર | ૧૮ | ૭૫.૭૫ |
| નર્મદા | ૨ | ૫.૨૨ |

(૩) **છોટાઉદેપુર જિલ્લો :**

- ૫ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૧૯.૪૯ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.
- ૧૦ ગ્રાહકોએ બાકી રૂ.૨૪.૨૧ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણહંગામી/કાયમીધોરણે કાપી નાખવામાં આવેલ છે. જે પૈકી ૩ ગ્રાહકોની બાકી રૂ.૩.૭૯ લાખની રકમ માટે સંબંધિત કોર્ટમાં દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે જ્યારે ૭ ગ્રાહકોની બાકી રૂ.૨૦.૪૨ લાખની રકમ માટે પ્રીલીટીગેશન લોક અદાલત મારફત વસૂલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- કુલ ૩ વીજ ગ્રાહકોએ તેમને આપવામાં આવેલ કુલ રૂ.૩૨.૦૫ લાખના વીજબિલ સામે સક્ષમ સત્તાધિકારી સમક્ષ વાંધા ઉપસ્થિત કરેલ હોઈ,

સક્ષમ સત્તાધિકારીના આખરી નિર્ણય બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**નર્મદા જિલ્લો:**

- ૨ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસૂલાતની રકમ રૂ.પ.૨૨ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.

**પત્રક-અ**

**છોટાઉદેપુર જિલ્લો:**

| ક્રમ | ગ્રાહક નંબર | ગ્રાહકનું નામ | તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ બાકી રકમ (રૂ.લાખમાં) | તા.૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં વસૂલ કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૩૪૦૧૦૬૦૮૮૦ | શાહ જ્યોત્સનાબેન મહેશભાઈ | ૧.૦૦ | ૧.૦૦ |
| ૨ | ૧૧૭૦૧૦૨૦૭૫૦ | ઓલ્ડ પેલેસ | ૧.૬૮ | ૧.૬૮ |
| ૩ | ૧૧૭૦૨૧૦૨૨૨૦ | યોગીકૃપા મિનરલ્સ | ૩.૭૩ | ૩.૭૩ |
| ૪ | ૧૧૭૦૨૧૦૩૯૬૦ | વરુણ મિનરલ્સ | ૧.૦૭ | ૧.૦૭ |
| ૫ | ૧૧૭૦૨૧૧૦૪૬૦ | ધરતી મિનરલ્સ ઈન્ડસ્ટ્રીઝ | ૪.૫૨ | ૪.૫૨ |
| ૬ | ૧૧૭૦૩૧૦૨૬૧૪ | ગાયત્રી મિનરલ્સ ગીર ઈન્ડ. | ૧.૧૨ | ૧.૧૨ |
| ૭ | ૧૧૭૦૩૧૦૨૮૭૮ | કોહિનૂર મિનરલ્સ | ૧.૦૬ | ૧.૦૬ |
| ૮ | ૧૩૩૦૯ | સંખેડા જાબુગામ તાલુકા | ૧.૬૧ | ૧.૬૧ |
| ૯ | ૧૩૩૫૧ | શ્રી રામ ક્વોરી | ૪.૨૧ | ૪.૨૧ |
| ૧૦ | ૨૭૪૮૦૦૩૮૯૬ | સીમા માર્બલ્સ | ૩.૭૦ | - |
| ૧૧ | ૨૭૬૮૦૦૨૭૮૦ | નરોત્તમ રમણભાઈ બારિયા | ૧.૫૧ | - |
| ૧૨ | ૧૧૭૦૧૧૦૧૦૭૬ | એવરેસ્ટ મિનરલ્સ ગ્રી ઈન્ડ. | ૧૧.૪૬ | - |
| ૧૩ | ૧૧૭૦૧૦૦૦૨૨૯ | બાલુભાઈ છગનભાઈ તડવી | ૧.૦૭ | - |
| ૧૪ | ૧૩૩૧૭ | ભાગ્યલક્ષ્મી મિનરલ્સ | ૧.૭૫ | - |
| ૧૫ | ૩૪૭૪૦૦૮૩૭૪ | જીતેન્દ્રકુમાર સોમાભાઈ પટેલ | ૧.૫૪ | - |
| ૧૬ | ૧૨૦૦૧૦૨૯૫૮૬ | મુકેશભાઈ દિલીપભાઈ પુરોહિત | ૧.૧૪ | - |
| ૧૭ | ૫૦૪૩૬૦૦૨૫૩૧ | પ્રમુખશ્રી ગ્રામ વન વિકાસ | ૧.૧૨ | - |
| ૧૮ | ૧૧૪૬૫૧૦૦૧૩૦ | ક્રિષ્ના ઓઈલ મિલ્સ | ૧.૧૭ | - |
| ૧૯ | ૧૧૪૬૫૧૨૭૪૫૩ | રાઠવા ટીલુભાઈ નોચરાભાઈ | ૧.૦૨ | - |
| ૨૦ | ૧૧૪૨૮૦૦૩૧૨૬ | રમસિંગભાઈ જોગીભાઈ રાઠવા | ૪.૫૫ | - |
| ૨૧ | ૧૧૮૦૩૦૦૦૩૧૭ | રમેશભાઈ નટવરલાલ પંચાલ | ૨.૬૫ | - |
| ૨૨ | ૧૧૮૨૮૦૦૮૯૮૨ | જયસવાલ દશરથભાઈ મુરલીધર | ૭.૨૩ | - |
| ૨૩ | ૧૧૪૦૭૦૦૫૩૧૬ | મે.શિવમ ક્વોરી વર્કસ | ૧.૭૪ | - |
| ૨૪ | ૧૩૩૨૯ | ગુજરાત ગ્રેફાઈટ ઇંડસ્ટ્રીઝ | ૨.૦૬ | - |
| ૨૫ | ૧૩૩૪૭ | મે. શિવા ક્વોરી વર્કસ | ૧૪.૦૩ | - |
| ૨૬ | ૧૩૩૭૭ | રેઈનબો ઈન્ફ્રાસ્ટ્રક્ચર | ૧૨.૪૦ | - |
| ૨૭ | ૧૧૭૦૧૧૦૦૯૭૫ | શ્રીજી મિનરલ્સ ગ્રી ઈન્ડ. | ૫.૬૨ | - |

**નર્મદા જિલ્લો:**

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | ગ્રાહક નંબર | ગ્રાહકનું નામ | તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ બાકી રકમ (રૂ.લાખમાં) | તા.૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં વસૂલ કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૪૦૦૨૪ | મેસર્સ શ્રીજી કૃપા સ્પાઈનર પ્રા.લિ. | ૮૫.૮૮ | ૮૫.૮૮ |
| ૨ | ૪૦૦૨૫ | એમ/એસ ઓલ ઈન્ડિયા મિનરલ્સ | ૨.૫૪ | ૨.૫૪ |
| ૩ | ૪૦૦૩૦ | મેસર્સ રીત્વિક પ્રોજેક્ટ પ્રા.લિ. | ૧.૧૫ | ૧.૧૫ |
| ૪ | ૬૩૭૫૧ | એમ/એસ રાધે ક્રિષ્ના સ્ટોન ક્રશર | ૧.૦૫ | ૧.૦૫ |
| ૫ | ૬૩૭૬૦ | એમ/એમ એલાયડ ઈન્ફ્રા ડેવલપમેન્ટ પ્રા.લિ. | ૪.૦૭ | ૪.૦૭ |
| ૬ | ૩૮૨૯૦૦૦૦૧૪ | માથુરભાઈ છગનભાઈ પટેલ | ૧.૯૪ | ૧.૯૪ |
| ૭ | ૩૮૦૧૦૦૬૭૪૩ | પ્રફુલચંદ્ર જરિવદન પંડ્યા | ૨.૪૦ | ૦.૦૦ |
| ૮ | ૩૮૨૭૦૦૦૭૭૭ | બંસીધર મેટલ્સ | ૨.૪૭ | ૨.૪૭ |
| ૯ | ૩૮૧૦૦૦૪૭૨૩ | કનુભાઈ ચુન્યાયાભાઈ તડવી | ૧.૨૯ | ૧.૨૯ |
| ૧૦ | ૩૮૦૧૦૦૩૭૬૦ | રામચંદ્ર ડોલટરામ ઉભારણી | ૧.૫૪ | ૧.૫૪ |
| ૧૧ | ૩૮૦૧૦૬૩૯૧૭ | પુષ્પાબેન જશુભાઈ પટેલ | ૧.૯૮ | ૧.૯૮ |
| ૧૨ | ૩૮૨૭૦૦૦૭૧૮ | વૃંદાવન મેટલ્સ | ૯.૯૮ | ૯.૯૮ |
| ૧૩ | ૩૮૦૧૦૮૧૩૭૦ | પ્રેમ સરિતા એગ્રી બાયોટેક | ૨.૮૨ | - |

- - - - - - - - -

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત**

૪૫૬૦૫**શ્રી લલિત વસોયા** (ધોરાજી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૬૯ (અગ્રતા-૨૩૯)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી રાજકોટ અને પોરબંદર જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૨૭ અને વર્ષ-૨૦૨૦માં ૧૩ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૦૧ |
| ૨ | પોરબંદર | ૦૩ |

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૩૧ |
| ૨ | પોરબંદર | ૦૫ |

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૨૩ | ૯૪,૦૦,૦૦૦/- |
| ૨ | પોરબંદર | ૦૨ | ૧૦,૦૦,૦૦૦/- |

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

**છોટાઉદેપુર બલ્ક પાઈપલાઈન આધારિત જૂથ પાણી પુરવઠા યોજના**

૪૫૧૯૪**શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર બલ્ક પાઇપલાઇન આધારિત જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગેના કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) છોટાઉદેપુર બલ્ક પાઇપલાઇન યોજનાઓ અને તેને આધારીત જૂથ યોજનાઓના કામોનું આયોજન કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત આયોજનની અંદાજિત રકમ કેટલી છે, અને | (૨) રૂ.૬૭૭૧૧.૦૫ લાખ ગ્રોસ. |
| (૩) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) છોટાઉદેપુર બલ્ક પાઇપલાઇન યોજનાઓના કામો માહે ૦૭/૨૦૨૨ સુધીમાં તથા બલ્ક પાઇપલાઇન આધારિત જૂથ યોજનાઓના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં છે, જે મંજૂર થયેથી ૨૪ માસની સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

### ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર થવા બાબત

૪૫૬૩૨**શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૪૧ (અગ્રતા-૧૦૯)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની આપેલ નિમણૂક પૈકી ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં વર્ષ-૨૦૧૯માં ૩ અને વર્ષ-૨૦૨૦માં ૧ ડૉક્ટરો હાજર થયેલ ન હતા તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ડૉક્ટરો હાજર થયેલ નથી,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર હાજર થયેલ ન હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત રકમ સમયસર વસૂલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | હાજર થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦૦ |
| ૨ | મહેસાણા | ૦૦ |

(૨)

| અ.નં. | જિલ્લો | હાજર ન થયેલ ડૉક્ટર |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦૦ |
| ૨ | મહેસાણા | ૦૪ |

(૩)

| અ.નં. | જિલ્લો | વસૂલાત બાકી હોય તેવા ડૉક્ટરોની સંખ્યા | વસૂલાતની બાકી રકમ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦૦ | ૦૦/- |
| ૨ | મહેસાણા | ૦૨ | ૧૦,૦૦,૦૦૦/- |

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- - - - - - - - -

### અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી વસૂલવાની વીજબિલની બાકી રકમ

૪૫૬૨૯**શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૧૪૪ (અગ્રતા-૩૩)ના અનુસંધાને **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૧ લાખ કે તેથી વધુ રકમના વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા અમદાવાદ જિલ્લામાં ૨૯૭ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૦૧ ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી અનુક્રમે રૂ.૩૨૬૯.૦૨ અને રૂ.૧૪૫૯૮.૮૦ લાખ વસૂલવાના બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કયા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર વીજબિલ ન ચૂકવ્યા હોય તેવા કેટલા ઔદ્યોગિક ડિફોલ્ટરો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

**જવાબ**

(૧) *પત્રક-અ મુજબ.

(૨)

| જિલ્લો | ઔદ્યોગિક એકમોની સંખ્યા | વસૂલ કરવાની થતી કુલ રકમ રૂ. (લાખ) |
|---|---|---|

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| અમદાવાદ | ૧૦૦ | ૧૬૭૫.૭૭ |
| સુરેન્દ્રનગર | ૧૫૭ | ૧૩૭૪૭.૬૫ |

(૩) ઉક્ત ડિફોલ્ટરો પાસેથી બાકી રકમની વસૂલાત થાય તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) **અમદાવાદજિલ્લો:**

- વસૂલાત માટે બાકી રહેતા ગ્રાહકો પૈકી કુલ ૬૯ના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલા છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૧૦૫૨.૩૬ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલા છે.
- ૨૦ ગ્રાહકોએ બાકી રૂ.૧૮૦.૧૪ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી/હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે, જે પૈકી ૮ ગ્રાહકોના રૂ.૧૫૭.૩૭ લાખ વસૂલવા માટે દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે જ્યારે ૧૨ ગ્રાહકોના રૂ.૨૨.૭૭ લાખની વસૂલાત કરવા માટે પ્રીલીટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- ગ્રાહકોએ વીજબિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૧૦ ગ્રાહકો અને તેની કુલ રકમ રૂ.૪૪૨.૧૦ લાખ છે. જે અંગે જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- વીજબિલ ભરેલ ન હોય તેવા ૧ ગ્રાહકની રકમ રૂ.૧.૧૭ લાખ છે. અનકનેક્ટેડ વીજગ્રાહક હોઈ, વીજ જોડાણ કાપવાનો પ્રશ્ન રહેતો નથી.

**સુરેન્દ્રનગર જિલ્લો :**

- વસૂલાત માટે બાકી રહેતા ગ્રાહકો પૈકી કુલ ૯૮ ના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલા છે અને તેની વસૂલાતની કુલ રકમ રૂ.૧૩૪૭૯.૦૬ લાખ માટે દાવા/દરખાસ્ત દાખલ કરવામાં આવેલા છે.
- ૫૬ ગ્રાહકોએ બાકી રૂ.૨૦૯.૬૬ લાખ ભરપાઈ ન કરતાં તેમના વીજ જોડાણ કાયમી/હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે, જે પૈકી ૨૩ ગ્રાહકોના રૂ.૧૪૨.૦૧ લાખ વસૂલવા માટે દાવા દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે જ્યારે ૩૩ ગ્રાહકોના રૂ.૬૭.૬૬ લાખની વસૂલાત કરવા માટે પ્રીલીટીગેશન લોક અદાલત મારફત વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- ગ્રાહકોએ વીજબિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૩ ગ્રાહકો અને તેની કુલ રકમ રૂ.૫૮.૯૨ લાખ છે. જે અંગે જે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસૂલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

ચૈત્ર ૯, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી (પંદરમી અતારાંકિત યાદી))

**વિકસતી જાતિ આશ્રમશાળાના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ**

૪૫૬૭૪**ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના વિકસતી જાતિ, આશ્રમશાળાના કર્મચારીઓને સાતમા પગાર પંચના લાભો આપવામાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો તેના કારણો શા છે, અને | (૨) સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૩) ઉક્ત કર્મચારીઓને ક્યાં સુધીમાં સાતમા પગાર પંચના લાભો આપવાનું આયોજન છે ? | (૩) જરૂરી કાર્યવાહી પૂર્ણ થયેથી. |

---------

**અતારાંકિત પ્રશ્નોની યાદી**

અધ્યક્ષશ્રી : પંદરમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

**પંદરમી અતારાંકિત યાદી**

**અબડાસા તાલુકામાં ઊંટોનું ગેરકાયદે કતલ કરવા બાબત**

અતારાંકિતઃ ૧૦૬૬૫ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૧/૦૭/૨૦૨૧ના રોજ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના ઘુમડી ગામમાં બે ઊંટોની ગેરકાયદે કતલ કરવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઊંટોની ગેરકાયદે કતલ કરનારા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) ઊંટોની ગેરકાયદે થતી કતલ અટકાવવા રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) આવા વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવે છે, તેમજ ખાનગી બાતમીદારો રોકી આવી પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર સતત વોચ રાખવામાં આવે છે.

--------

**પાટણ જિલ્લામાં બાળ માનવ ભૃણની હત્યા કરવા બાબત**

અતારાંકિતઃ ૧૦૬૭૦ (૨૦-૧૨-૨૦૨૧) **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૦/૨૧-૦૭-૨૦૨૧ના રોજ પાટણ જિલ્લાના સિદ્ધપુરથી તાવડીયા વાઢણા જવાના રસ્તા પર ૧૩ જેટલા પ્લાસ્ટીકના ડબામાં બાળ માનવ ભૃણ મળી આવ્યા હતા તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો બાળ માનવ ભૃણની હત્યા કરનારા ડૉક્ટરો/હોસ્પિટલો સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) પાટણ જિલ્લાના કાકોશી પો.સ્ટે.ની હદમાં તાવડીયા વાઘણા જવાના રસ્તા પર કોઈ અજાણી વ્યક્તિએ તળાવના વહોળા નાળા પાસે ૧૩ પ્લાસ્ટીકની બરણીઓ માનવ ભૃણ તેમજ માનવ શરીર જેવા અંગો જાહેરમાં નાખી જાહેર જનતાને તેમજ આજુબાજુ રહેતા વ્યક્તિઓને ત્રાસ વર્તાય તેમજ માનવ જિંદગી જોખમકારક રોગોનો ચેપ ફેલાય તેવું બેદરકારી ભર્યું કૃત્ય જણાઈ આવતા કાકોશી પો.સ્ટે. ખાતે જાણવા જોગ દાખલ કરીએ તપાસ કરતાં ખાનગી હોસ્પિટલના ડૉક્ટરે પોતાની હોસ્પિટલમાં સર્ગભા સ્ત્રીઓની ડીલીવરી સમયે મૃત જન્મેલ બાળકોના ભૃણ બરણીમાં ભરી તેનો યોગ્ય રીતે નિકાલ કરેલ ન

હતો. આથી, કાકોશી પો.સ્ટે. ખાતે IPC-૨૬૯ તથા Environment Protection Act ૧૯૮૬-૧૫ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ ગુનાના આરોપીની અટક કરી નામદાર કોર્ટમાં આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

- - - - - - - -

**પાલનપુર-આબુ હાઈવે પર પ્રાણીઓને કતલખાનામાં જતા પકડવા બાબત**

અતારાંકિતઃ ૧૦૮૦૫ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રી ભરતજી ઠાકોર**(બેચરાજી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૩/૨૪-૧૦-૨૦૨૧ના રોજ પાલનપુર-આબુ હાઈવે ઉપર આવેલા ખીમાણા ટોલનાકા પાસે આઈશર ટ્રક નં.જીજે-૧-જેટી-૧૪૧૩ માં ૨૯ પાડા અને ૧ પાડી મળી ૩૦ પ્રાણીને કતલખાનામાં લઈ જતા પકડાયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ પ્રાણીઓને ક્યા શહેરના કતલખાનામાં લઈ જવાતા હતા, અને

(૩) સંડોવાયેલા કતલખાના, તેના માલિકો, ટ્રાન્સપોર્ટર સામે પાસા સહિત શી કાર્યવાહી કરાઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) તપાસ દરમ્યાન ફલીત થયેલ નથી.

(૩) ગુનામાં સંડોવાયેલ ઈસમો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- - - - - - - -

**મહેસાણા જિલ્લામાં પોલીસ કંપલેઈન્ટ ઓથોરિટીમાં મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૧૦૮૦૭ (૨૯-૧૨-૨૦૨૧) **શ્રી ભરતજી ઠાકોર**(બેચરાજી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) મહેસાણા જિલ્લા પોલીસ કંપલેઈન્ટ ઓથોરિટીમાં વર્ષ-૨૦૧૯ અને વર્ષ-૨૦૨૦માં કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી તા.૩૧-૦૯-૨૦૨૦ સુધીમાં કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) બાકી રહેલ ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં પોલીસ કંપલેઈન્ટ ઓથોરિટીમાં મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૧૦૮૨૫ (૨૯-૧૨-૨૦૨૧) **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગાંધીનગર જિલ્લા પોલીસ કંપલેઈન્ટ ઓથોરિટીમાં વર્ષ-૨૦૧૯ અને વર્ષ-૨૦૨૦માં કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી તા.૩૧-૦૯-૨૦૨૦ સુધીમાં કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) બાકી રહેલ ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) અને (૨)

| વર્ષ | કુલ ફરિયાદો | તા.૩૧-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નિકાલ |
|---|---|---|
| ૨૦૧૯ | ૯૨ | ૯૨ |
| ૨૦૨૦ | ૯૦ | ૮૧ |

(૩) બાકી રહેલ કુલ-૦૯ ફરિયાદોનો તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નિકાલ કરેલ છે.

- - - - - - - -

**રાજ્યમાં મોટર સાયકલની ચોરી**

અતારાંકિતઃ ૧૦૮૩૯ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર વર્ષ-૨૦૨૦માં કેટલી મોટર સાયકલની ચોરી થઈ,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી મોટર સાયકલને ક્યાં સુધીમાં શોધી કાઢવામાં આવી, અને

(૩) બાકીની મોટર સાયકલ શોધવા શાં પગલાં લીધેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | શહેર / જિલ્લો | મોટર સાયકલની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૫૮ |
| ૨ | રાજકોટ શહેર | ૧૮૮ |
| ૩ | સુરત શહેર | ૭૦૨ |
| ૪ | વડોદરા શહેર | ૩૧૭ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૬૭ |
| ૬ | ખેડા | ૩૮ |
| ૭ | આણંદ | ૬૪ |
| ૮ | ગાંધીનગર | ૮૮ |
| ૯ | સાબરકાંઠા | ૧૧૯ |
| ૧૦ | અરવલ્લી | ૬૨ |
| ૧૧ | મહેસાણા | ૯૨ |
| ૧૨ | જામનગર | ૬૯ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૧૬ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૮૭ |
| ૧૫ | મોરબી | ૪૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૬૧ |
| ૧૭ | બનાસકાંઠા | ૧૪૯ |
| ૧૮ | કચ્છ પશ્ચિમ | ૮૩ |
| ૧૯ | કચ્છ પૂર્વ | ૧૧૬ |
| ૨૦ | પાટણ | ૮૯ |
| ૨૧ | અમરેલી | ૩૩ |
| ૨૨ | ભાવનગર | ૧૦૫ |
| ૨૩ | બોટાદ | ૩૬ |
| ૨૪ | જૂનાગઢ | ૯૮ |
| ૨૫ | ગીર-સોમનાથ | ૧૯ |
| ૨૬ | પોરબંદર | ૧૪ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૧૧૨ |
| ૨૮ | છોટાઉદેપુર | ૧૦૩ |
| ૨૯ | ભરૂચ | ૧૯૯ |
| ૩૦ | નર્મદા | ૨૫ |
| ૩૧ | પંચમહાલ | ૧૦૩ |
| ૩૨ | મહીસાગર | ૮ |
| ૩૩ | દાહોદ | ૧૮૦ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૧૩૬ |
| ૩૫ | તાપી | ૧૪ |
| ૩૬ | વલસાડ | ૮૩ |
| ૩૭ | નવસારી | ૩૨ |
| ૩૮ | ડાંગ | ૬ |
| ૩૯ | પ.રે.વડોદરા | ૧૦ |
| ૪૦ | પ.રે.અમદાવાદ | ૧૬ |

(૨) ૨૩૫૪

(૩) બાકીની મોટર સાયકલ શોધવા સારૂ અવાર-નવાર જિલ્લામાં ડ્રાઈવ રાખવામાં આવેલ છે તેમજ આવા પ્રકારની ચોરી કરનાર તથા ચોરીનો માલ રાખનાર ઈસમો તેમજ ભંગારનો માલ સામાન લે-વેચ કરનાર તથા શકદારોને ચેક

કરવામાં આવેલ છે અને એમ.સી.આર. ચેક કરવામાં આવેલ છે. આવા પ્રકારની ચોરીમાં પકડાયેલ ઈસમો ઉપર વોચ રાખવામાં આવે છે.

- - - - - - - -

**અમદાવાદમાં ગૌમાંસ (બીફ)નું વેચાણ**

અતારાંકિતઃ ૧૦૮૭૨ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદમાં શાહ આલમની માંસની દુકાનમાં ૯૦ કિલો ગૌમાંસ, નાના-મોટા છરા, કુહાડી સહિત ૫ કસાઈની પોલીસે જૂન-૨૦૨૧માં ધરપકડ કરી હતી તે હકીક્ત સાચી છે,

(૨) આ માંસની દુકાનમાં ગૌમાંસ (બીફ) કેટલા સમયથી વેચાતું હતું, અને

(૩) ગૌમાંસ માટે ગાયોની કતલ કરનાર, ગૌમાંસ વેચનારા કસાઈ તથા ગેરકાયદે કતલખાનું ચલાવનારા આરોપીઓ સામે ''પાસા'' સહિત શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) પ્રથમ વખતમાં જ ગૌમાંસ લાવતા પકડાઈ ગયેલ.

(૩) આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- - - - - - - -

**અમરેલી જિલ્લામાં પોલીસ કંપલેઈન્ટ ઓથોરિટીમાં મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૧૦૮૭૭ (૨૯-૧૨-૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમરેલી જિલ્લા પોલીસ કંપલેઈન્ટ ઓથોરિટીમાં વર્ષ-૨૦૧૯ અને વર્ષ-૨૦૨૦માં કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી તા.૩૧-૦૯-૨૦૨૦ સુધીમાં કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) બાકી રહેલ ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**રાજ્યમાં આંગડિયા લૂંટની ઘટના**

અતારાંકિતઃ ૧૦૮૮૪ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી અંબરીશ ડેર** (રાજુલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં વર્ષ-૨૦૧૯માં આંગડિયા લૂંટની કેટલી ઘટના બની અને તેમાં કેટલા રૂપિયા/માલની લૂંટ થઈ,

(૨) તે પૈકી તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ કેટલા કિસ્સામાં આરોપી ઝડપી લઈ કેટલી રકમ/માલ પરત મેળાવાયો, અને

(૩) બાકી રહેલ રકમ/માલ શોધવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) રાજ્યમાં વર્ષ-૨૦૧૯માં આંગડિયા લૂંટની કુલ-૧૮ ઘટના બની અને તેમાં રૂ.૧,૫૭,૫૭,૦૬૫/-ની રકમ અને રૂ.૨,૧૯,૦૮,૩૧૧/-ના માલની લૂંટ થઈ.

(૨) કુલ-૧૭ કિસ્સામાં આરોપી ઝડપી લઈ રૂ.૮૫,૭૮,૭૫૦/-ની રકમ અને રૂ.૧,૩૫,૧૨,૬૫૧/-નો માલ પરત મેળવાયો.

(૩) બાકી રહેલ રકમ/માલ શોધવા પકડાયેલ આરોપીઓના રીમાન્ડ મેળવી યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરી રિકવરી કરવા પ્રયત્નો કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગુનાવાળી જગ્યાની આસપાસના સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરવામાં આવેલ છે અને ભૂતકાળમાં આવા ગુના કરતા ઈસમોની પણ પૂછપરછ કરવામાં આવેલ છે.

- - - - - - - -

**ભાવનગર જિલ્લામાં પોલીસ કંપલેઈન્ટ ઓથોરિટીમાં મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૧૦૮૮૬ (૨૯-૧૨-૨૦૨૧) **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ભાવનગર જિલ્લા પોલીસ કંપલેઈન્ટ ઓથોરિટીમાં વર્ષ-૨૦૧૯ અને વર્ષ-૨૦૨૦માં કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી તા.૩૧-૦૯-૨૦૨૦ સુધીમાં કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) બાકી રહેલ ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) અને (૨)

| વર્ષ | કુલ ફરિયાદો | તા.૩૧-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નિકાલ |
|---|---|---|
| ૨૦૧૯ | ૬ | ૬ |
| ૨૦૨૦ | ૨૦ | ૨૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

## રાજ્યમાં આંગડિયા લૂંટની ઘટના

અતારાંકિતઃ ૧૦૯૩૨ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં વર્ષ-૨૦૧૮માં આંગડિયા લૂંટની કેટલી ઘટના બની અને તેમાં કેટલા રૂપિયા/માલની લૂંટ થઈ,

(૨) તે પૈકી તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ કેટલા કિસ્સામાં આરોપી ઝડપી લઈ કેટલી રકમ/માલ પરત મેળવાયો, અને

(૩) બાકી રહેલ રકમ/માલ શોધવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) રાજ્યમાં વર્ષ-૨૦૧૮માં આંગડિયા લૂંટની કુલ-૧૩ ઘટના બની અને તેમાં રૂ.૧,૦૮,૫૭,૯૧૫/-ની રકમ અને રૂ.૧,૫૧,૧૩,૭૯૪/-ના માલની લૂંટ થઈ.

(૨) કુલ-૧૩ કિસ્સાઓમાં આરોપી ઝડપી લઈ રૂ.૨૩,૦૩,૯૭૬/-ની રકમ અને રૂ.૧,૪૯,૧૩,૨૯૪/-નો માલ પરત મેળવાયો.

(૩) બાકી રહેલ રકમ/માલ શોધવા પકડાયેલ આરોપીઓના રીમાન્ડ મેળવી યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરી રિકવરી કરવા પ્રયત્નો કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગુનાવાળી જગ્યાની આસપાસના સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરવામાં આવેલ છે અને ભૂતકાળમાં આવા ગુના કરતા ઈસમોની પણ પૂછપરછ કરવામાં આવેલ છે.

- - - - - - - -

## રાજ્યમાં આંગડિયા લૂંટની ઘટના

અતારાંકિતઃ ૧૦૯૩૬ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં વર્ષ-૨૦૧૯માં આંગડિયા લૂંટની કેટલી ઘટના બની અને તેમાં કેટલા રૂપિયા/માલની લૂંટ થઈ,

(૨) તે પૈકી તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ કેટલા કિસ્સામાં આરોપી ઝડપી લઈ કેટલી રકમ/માલ પરત મેળવાયો, અને

(૩) બાકી રહેલ રકમ/માલ શોધવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) રાજ્યમાં વર્ષ-૨૦૧૯માં આંગડિયા લૂંટની કુલ-૧૮ ઘટના બની અને તેમાં રૂ.૧,૫૭,૫૭,૦૬૫/-ની રકમ અને રૂ.૨,૧૯,૦૮,૩૧૧/-ના માલની લૂંટ થઈ.

(૨) કુલ-૧૭ કિસ્સામાં આરોપી ઝડપી લઈ રૂ.૮૫,૭૮,૭૫૦/-ની રકમ અને રૂ.૧,૩૫,૧૨,૬૫૧/-નો માલ પરત મેળવાયો.

(૩) બાકી રહેલ રકમ/માલ શોધવા પકડાયેલ આરોપીઓના રીમાન્ડ મેળવી યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરી રિકવરી કરવા પ્રયત્નો કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગુનાવાળી જગ્યાની આસપાસના સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરવામાં આવેલ છે અને ભૂતકાળમાં આવા ગુના કરતા ઈસમોની પણ પૂછપરછ કરવામાં આવેલ છે.

- - - - - - - -

## રાજ્યમાં ખંડણી ઉઘરાવનાર આરોપીઓને આઈડેન્ટીફાય કરવા બાબત

અતારાંકિતઃ ૧૦૯૪૧ (૦૪-૦૧-૨૦૨૨) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા ખંડણીખોરોને આઈડેન્ટીફાય કરવામાં આવ્યા, અને

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નોની યાદી (પંદરમી અતારાંકિત યાદી))

(૨) આઈડેન્ટીફાય થયેલા ગુનાહિતો સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | શહેર / જિલ્લો | ખંડણીખોરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૯૭ |
| ૨ | રાજકોટ શહેર | ૦ |
| ૩ | સુરત શહેર | ૯૯ |
| ૪ | વડોદરા શહેર | ૫ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૬ |
| ૬ | ખેડા | ૦ |
| ૭ | આણંદ | ૯ |
| ૮ | ગાંધીનગર | ૮ |
| ૯ | સાબરકાંઠા | ૦ |
| ૧૦ | અરવલ્લી | ૦ |
| ૧૧ | મહેસાણા | ૦ |
| ૧૨ | જામનગર | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૬ |
| ૧૫ | મોરબી | ૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૫૬ |
| ૧૭ | બનાસકાંઠા | ૦ |
| ૧૮ | કચ્છ પશ્ચિમ | ૦ |
| ૧૯ | કચ્છ પૂર્વ | ૧૨ |
| ૨૦ | પાટણ | ૦ |
| ૨૧ | અમરેલી | ૫૩ |
| ૨૨ | ભાવનગર | ૩૩ |
| ૨૩ | બોટાદ | ૫૦ |
| ૨૪ | જૂનાગઢ | ૦ |
| ૨૫ | ગીર-સોમનાથ | ૧ |
| ૨૬ | પોરબંદર | ૦ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૩ |
| ૨૮ | છોટાઉદેપુર | ૦ |
| ૨૯ | ભરૂચ | ૨૫ |
| ૩૦ | નર્મદા | ૦ |
| ૩૧ | પંચમહાલ | ૦ |
| ૩૨ | મહીસાગર | ૦ |
| ૩૩ | દાહોદ | ૦ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૦ |
| ૩૫ | તાપી | ૦ |
| ૩૬ | વલસાડ | ૫૧ |
| ૩૭ | નવસારી | ૦ |
| ૩૮ | ડાંગ | ૦ |
| ૩૯ | પ.રે.વડોદરા | ૦ |
| ૪૦ | પ.રે.અમદાવાદ | ૦ |

(૨) આઈડેન્ટીફાય થયેલા ગુનાહિતો સામે ઈ.પી.કો. કલમ ૩૮૪, ૩૮૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જીપી.એક્ટ ૧૩૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી, આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરી નામદાર કોર્ટને હવાલે મોકલી આપેલ છે.

\- - - - - - - -

**રાજ્યમાં પોલીસ જાપ્તામાંથી આરોપીઓ ભાગી છૂટવા બાબત**

અતારાંકિતઃ ૧૦૯૪૩ (૦૪-૦૧-૨૦૨૨) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ૨૦૨૦ના વર્ષમાં પોલીસ જાપ્તામાંથી કેટલા આરોપીઓ ભાગી છૂટયા,

(૨) ઉક્ત સ્થિતિએ ગુનાહિત બેદરકારી દાખવનારા પોલીસ કર્મચારીઓ સામે શા પગલાં લેવાયા, અને

(૩) ભાગી છુટેલા આરોપીઓને પકડવા શાં પગલાં લીધેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | શહેર / જિલ્લો | આરોપીઓ |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૩ |
| ૨ | રાજકોટ શહેર | ૦ |
| ૩ | સુરત શહેર | ૧ |
| ૪ | વડોદરા શહેર | ૪ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૦ |
| ૬ | ખેડા | ૦ |
| ૭ | આણંદ | ૩ |
| ૮ | ગાંધીનગર | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૦ |
| ૧૦ | અરવલ્લી | ૦ |
| ૧૧ | મહેસાણા | ૩ |
| ૧૨ | જામનગર | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૦ |
| ૧૫ | મોરબી | ૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૩ |
| ૧૭ | બનાસકાંઠા | ૧૨ |
| ૧૮ | કચ્છ પશ્ચિમ | ૩ |
| ૧૯ | કચ્છ પૂર્વ | ૧ |
| ૨૦ | પાટણ | ૨ |
| ૨૧ | અમરેલી | ૧ |
| ૨૨ | ભાવનગર | ૧ |
| ૨૩ | બોટાદ | ૦ |
| ૨૪ | જૂનાગઢ | ૧ |
| ૨૫ | ગીર-સોમનાથ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૨ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૦ |
| ૨૮ | છોટાઉદેપુર | ૦ |
| ૨૯ | ભરૂચ | ૨ |
| ૩૦ | નર્મદા | ૧ |
| ૩૧ | પંચમહાલ | ૩ |
| ૩૨ | મહીસાગર | ૦ |

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નોની યાદી (પંદરમી અતારાંકિત યાદી))

| અ.નં. | શહેર / જિલ્લો | આરોપીઓ |
|---|---|---|
| ૩૩ | દાહોદ | ૦ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૧ |
| ૩૫ | તાપી | ૦ |
| ૩૬ | વલસાડ | ૦ |
| ૩૭ | નવસારી | ૦ |
| ૩૮ | ડાંગ | ૦ |
| ૩૯ | પ.રે.વડોદરા | ૦ |
| ૪૦ | પ.રે.અમદાવાદ | ૦ |

(૨) જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે ફરજ મોકુફી, આંતર જિલ્લા બદલી, રોકડ દંડ, ઈજાફા અટકાવવા તેમજ ખાતાકીય પગલા લેવામાં આવેલ છે તેમજ સંડોવણી જણાતા ગુના પણ દાખલ કરવામાં આવેલ છે.

(૩) ભાગી છુટેલા કેદીઓને પકડવા સારૂ શહેર/જિલ્લાઓમાં ડી.સી.બી., પી.સી.બી., એલ.સી.બી., એસ.ઓ.જી. તથા પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા કેદીઓના સગા-સંબંધી તથા મિત્ર વર્તુળની પૂછપરછ કરવામાં આવેલ છે અને વોચ રાખવામાં આવેલ છે તેમજ અવાર-નવાર આવા કેદીઓને પકડવા સારૂ ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ છે.

\- - - - - - - -

**રાજ્યમાં પકડાયેલ ગૌમાંસ**

અતારાંકિતઃ ૧૦૯૪૬ (૦૪-૦૧-૨૦૨૨) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વર્ષ-૨૦૨૦માં રાજ્યમાં જિલ્લાવાર કેટલું ગૌમાંસ (બીફ) પકડાયું, અને

(૨) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ ગૌમાંસ વેચનારા-ગૌવંશની કતલ કરનારા અને ટ્રાન્સપોર્ટેશન કરનારા સામે ''પાસા'' સહિતની શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| વર્ષ-૨૦૨૦ | | |
|---|---|---|
| **અ.નં.** | **શહેર / જિલ્લાનું નામ** | **પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)** |
| ૧ | અમદાવાદ | ૩૨૪૫ |
| ૨ | રાજકોટ | ૧૫ |
| ૩ | સુરત | ૧૦૭૪૨ |
| ૪ | વડોદરા | ૧૦૯ |
| ૫ | ખેડા | ૧૦૦૦ |
| ૬ | આણંદ | ૬૦૫ |
| ૭ | ગાંધીનગર | ૪૪૦ |
| ૮ | સાબરકાંઠા | ૦૦ |
| ૯ | અરવલ્લી | ૦૦ |
| ૧૦ | મહેસાણા | ૧૮૦ |
| ૧૧ | જામનગર | ૦૦ |
| ૧૨ | દ્વારકા | ૦૦ |
| ૧૩ | મોરબી | ૦૦ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૦૩ |
| ૧૫ | બનાસકાંઠા | ૦૦ |
| ૧૬ | કચ્છ | ૫૯૬ |
| ૧૭ | પાટણ | ૧૦૦૦ |
| ૧૮ | અમરેલી | ૧૯૫ |
| ૧૯ | ભાવનગર | ૦૦ |

| | | |
|---|---|---|
| ૨૦ | બોટાદ | ૦૦ |
| ૨૧ | જૂનાગઢ | ૦૦ |
| ૨૨ | સોમનાથ | ૧૦૦૯ |
| ૨૩ | પોરબંદર | ૦૦ |
| ૨૪ | છોટાઉદેપુર | ૦૦ |
| ૨૫ | ભરૂચ | ૧૦૦૫ |
| ૨૬ | નર્મદા | ૦૦ |
| ૨૭ | પંચમહાલ-ગોધરા | ૧૧૫ |
| ૨૮ | મહીસાગર | ૦૦ |
| ૨૯ | દાહોદ | ૧૭૪૧ |
| ૩૦ | તાપી | ૨૦ |
| ૩૧ | વલસાડ | ૪૦ |
| ૩૨ | નવસારી | ૧૧૫ |
| ૩૩ | ડાંગ-આહવા | ૦૦ |

(૨) આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો/લોક દરબાર**

અતારાંકિતઃ ૧૦૯૪૯ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી ગુલાબસિંહ રાજપૂત**(થરાદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો/લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો/ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો/ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦** | **તા.૦૧/૧ ૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** |
| બનાસકાંઠા | ૧૩૯૯ | ૧૧૮૯ | ૧૨૭૦ |
| કચ્છ | ૩૯૩ | ૧૨૩ | ૯૬ |

(૨)

| **જિલ્લા** | **રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો** |
|---|---|
| બનાસકાંઠા | ૧૧૯૬ |
| કચ્છ | ૯૪૮ |

(૩) તમામ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ગૌવંશની કતલખાનાને આઇડેન્ટીફાય કરવા બાબત**

અતારાંકિતઃ ૧૦૯૫૧ (૦૪-૦૧-૨૦૨૨) **શ્રી નથાભાઈ પટેલ**(ધાનેરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં જિલ્લાવાર વર્ષ-૨૦૨૦માં ગાય અને ગૌવંશની ગેરકાયદેસર કતલ કરતા કેટલા કતલખાના આઈડેન્ટીફાય કરવામાં આવી, અને

(૨) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ આઈડેન્ટીફાય થયેલા કતલખાના સામે શા પગલાં લેવાયા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) રાજ્યમાં વર્ષ-૨૦૨૦માં કચ્છ જિલ્લામાંથી ૦૩ ગેરકાયદેસર કતલખાના આઇડેન્ટીફાય કરવામાં આવેલ છે. જ્યારે અન્ય જિલ્લાઓની માહિતી શૂન્ય છે.

(૨) આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- - - - - - - -

**ટ્રાફિક બ્રિગેડના જવાનો તથા હોમગાર્ડ જવાનોને દંડ ઉઘરાવવાની સત્તા**

અતારાંકિતઃ ૧૦૯૫૫ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી કાન્તીભાઈ ખરાડી**(દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ ટ્રાફિક બ્રિગેડના જવાનો તથા હોમગાર્ડ જવાનોને નાગરિકો પાસે દંડ ઉઘરાવવાની સત્તા નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ હકીક્તની આમ પ્રજાને જાણકારી મળી રહે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૧-૦૩-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) પ્રચાર-પ્રસારના વિવિધ માધ્યમો, ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ/સેમિનાર, જન જાગૃતિ અભિયાન, જિલ્લા કક્ષાએ યોજાતા લોક દરબાર, ટ્રાફિક અવેરનેશ પ્રોગ્રામ, માર્ગ સલામતી સપ્તાહ કાર્યક્રમ વગેરે દ્વારા પ્રજાને જાણકારી આપવામાં આવે છે.

- - - - - - - -

**મહેસાણા અને પાટણ જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો/લોક દરબાર**

અતારાંકિતઃ ૧૦૯૬૫ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી ભરતજી ઠાકોર**(બેચરાજી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો/લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો/ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો/ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦** | **તા.૦૧/૧૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** |
| મહેસાણા | ૫૪ | ૫૦ | ૩૯ |
| પાટણ | ૧૯ | ૧૧ | ૪૨ |

(૨)

| **જિલ્લા** | **રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો** |
|---|---|
| મહેસાણા | ૧૪૨ |
| પાટણ | ૦૬ |

(૩) તમામ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો/લોક દરબાર**

અતારાંકિતઃ ૧૦૯૬૯ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો/લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો/ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો/ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી** | **તા.૦૧/૧૧/૨૦૨૦ થી** |
|---|---|---|---|

| | તા.૩૧/૧૦/૨૦૧૯ | તા.૩૧/૧૦/૨૦૨૦ | તા.૩૧/૧૦/૨૦૨૧ |
|---|---|---|---|
| | જાહેર મીટિંગો/લોક દરબાર | જાહેર મીટિંગો/લોક દરબાર | જાહેર મીટિંગો/લોક દરબાર |
| સાબરકાંઠા | ૩૫ | ૩૯ | ૪૫ |
| અરવલ્લી | ૦૦ | ૦૦ | ૦૧ |

(૨)

| જિલ્લા | રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો |
|---|---|
| સાબરકાંઠા | ૧૦૯ |
| અરવલ્લી | ૧૩ |

(૩) તમામ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**રાજ્યમાં ખૂન કેસના આરોપીઓને પકડવા બાબત**

અતારાંકિતઃ ૧૦૯૮૪ (૦૪-૦૧-૨૦૨૨) **શ્રી સુરેશકુમાર પટેલ**(માણસા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ૨૦૧૯ના વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ખૂનના કેટલા ગુના નોંધાય તે પૈકી કેટલા આરોપીઓ તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ પણ પકડાયા નથી, અને

(૨) પકડવાના બાકી આરોપીઓને શોધી કાઢવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | શહેર/જિલ્લો | ખૂનના ગુના | તા.૩૧/૧૦/૨૦૨૧ની સ્થિતિએ પકડવાના બાકી આરોપીઓ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૮૧ | ૬ |
| ૨ | રાજકોટ શહેર | ૩૨ | ૦ |
| ૩ | સુરત શહેર | ૯૭ | ૩ |
| ૪ | વડોદરા શહેર | ૧૦ | ૦ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૩૬ | ૫ |
| ૬ | ખેડા | ૨૭ | ૦ |
| ૭ | આણંદ | ૩૬ | ૦ |
| ૮ | ગાંધીનગર | ૧૭ | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૧૮ | ૦ |
| ૧૦ | અરવલ્લી | ૧૩ | ૦ |
| ૧૧ | મહેસાણા | ૩૧ | ૧ |
| ૧૨ | જામનગર | ૧૫ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૭ | ૧ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૨૮ | ૦ |
| ૧૫ | મોરબી | ૩૩ | ૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૩૧ | ૦ |
| ૧૭ | બનાસકાંઠા | ૩૧ | ૧ |
| ૧૮ | કચ્છ પશ્ચિમ | ૧૫ | ૦ |
| ૧૯ | કચ્છ પૂર્વ | ૨૪ | ૧ |
| ૨૦ | પાટણ | ૧૪ | ૦ |
| ૨૧ | અમરેલી | ૧૫ | ૦ |
| ૨૨ | ભાવનગર | ૩૫ | ૧ |
| ૨૩ | બોટાદ | ૧૨ | ૦ |
| ૨૪ | જૂનાગઢ | ૨૫ | ૧ |

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નોની યાદી (પંદરમી અતારાંકિત યાદી))

| અ.નં. | શહેર / જિલ્લો | ખૂનના ગુના | તા.૩૧ / ૧૦ / ૨૦૨૧ની સ્થિતિએ પકડવાના બાકી આરોપીઓ |
|---|---|---|---|
| ૨૫ | ગીર-સોમનાથ | ૧૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૧૬ | ૧ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૨૭ | ૧ |
| ૨૮ | છોટાઉદેપુર | ૨૫ | ૦ |
| ૨૯ | ભરૂચ | ૨૮ | ૨ |
| ૩૦ | નર્મદા | ૧૨ | ૦ |
| ૩૧ | પંચમહાલ | ૩૧ | ૨ |
| ૩૨ | મહીસાગર | ૧૨ | ૦ |
| ૩૩ | દાહોદ | ૩૩ | ૧ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૩૩ | ૮ |
| ૩૫ | તાપી | ૧૫ | ૦ |
| ૩૬ | વલસાડ | ૨૮ | ૧ |
| ૩૭ | નવસારી | ૧૦ | ૦ |
| ૩૮ | ડાંગ | ૪ | ૦ |
| ૩૯ | પ.રે.વડોદરા | ૧૦ | ૦ |
| ૪૦ | પ.રે.અમદાવાદ | ૧૦ | ૧ |

(૨) પકડવાના બાકી આરોપીઓને શોધી કાઢવા સારૂ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમજ ગુનાવાળી જગ્યાએ ડોગ સ્કવોડ, ફીંગર પ્રિન્ટ તેમજ એફ.એસ.એલ.ની મદદ લેવામાં આવેલ છે. આરોપીઓને શોધી કાઢવા ગુનાવાળી જગ્યાએથી સેલ આઈડી તેમજ શકમંદ ઈસમોના મોબાઈલ નંબરની કોલ ડીટેઇલ મેળવી તેમજ મરનારના મોબાઈલની કોલ ડીટેઇલ મેળવી તપાસ કરવામાં આવેલ છે. આ ઉપરાંત શકમંદ ઈસમોની પૂછપરછ કરી નિવેદનો લેવામાં આવેલ છે તેમજ અંગત બાતમીદારો તથા તાબાના પોલીસ માણસો દ્વારા પણ આરોપીઓને શોધી કાઢવા સઘન પ્રયત્નો કરવામાં આવેલ છે. નાસતા ફરતા આરોપીઓ વિરૂદ્ધ સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબ વોરંટ મેળવી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

- - - - - - - -

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો / લોક દરબાર**

અતારાંકિતઃ ૧૦૯૮૫ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી બળદેવજી ઠાકોર**(કલોલ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો / લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો / ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો / ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| જિલ્લા | તા.૦૧ / ૧૧ / ૨૦૧૮ થી તા.૩૧ / ૧૦ / ૨૦૧૯ | તા.૦૧ / ૧૧ / ૨૦૧૯ થી તા.૩૧ / ૧૦ / ૨૦૨૦ | તા.૦૧ / ૧ ૧ / ૨૦૨૦ થી તા.૩૧ / ૧૦ / ૨૦૨૧ |
|---|---|---|---|
| | જાહેર મીટિંગો / લોક દરબાર | જાહેર મીટિંગો / લોક દરબાર | જાહેર મીટિંગો / લોક દરબાર |
| ગાંધીનગર | ૧૭૫ | ૧૬૪ | ૧૭૮ |
| અમદાવાદ શહેર | ૪૯૦ | ૩૩૮ | ૫૫૨ |
| અમદાવાદ ગ્રામ્ય | ૭૪૯ | ૫૯૩ | ૫૮૭ |

(૨)

| જિલ્લા | રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો |
|---|---|
| ગાંધીનગર | ૧૦૦ |
| અમદાવા શહેર | ૧૬૭ |
| અમદાવાદ ગ્રામ્ય | ૪૩૨ |

(૩) તમામ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**ટ્રાફિક બ્રિગેડના જવાનો તથા હોમગાર્ડ જવાનોને દંડ ઉઘરાવવાની સત્તા**

અતારાંકિતઃ ૧૦૯૯૪ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ ટ્રાફિક બ્રિગેડના જવાનો તથા હોમગાર્ડ જવાનોને નાગરિકો પાસે દંડ ઉઘરાવવાની સત્તા નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અમદાવાદ એસ.પી. રીંગ રોડ તથા એસ.જી. હાઈવે પર સત્તા ન હોવા છતાં ટ્રાફિક બ્રિગેડ તથા હોમગાર્ડના કેટલા જવાનો નાગરિકો પાસેથી દંડ ઉઘરાવતા ૨૦૨૦માં પકડાયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૧-૦૩-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**ટ્રાફિક બ્રિગેડના જવાનો તથા હોમગાર્ડ જવાનોને દંડ ઉઘરાવવાની સત્તા**

અતારાંકિતઃ ૧૦૯૯૮ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ ટ્રાફિક બ્રિગેડના જવાનો તથા હોમગાર્ડ જવાનોને નાગરિકો પાસે દંડ ઉઘરાવવાની સત્તા નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અમદાવાદ એસ.પી. રીંગ રોડ તથા એસ.જી. હાઈવે પર સત્તા ન હોવા છતાં ટ્રાફિક બ્રિગેડ તથા હોમગાર્ડના કેટલા જવાનો નાગરિકો પાસેથી દંડ ઉઘરાવતા ૨૦૨૧માં પકડાયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૧-૦૩-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) ટ્રાફિક બ્રિગેડના ૨(બે) જવાનો પકડાયેલ છે.

(૩) તેઓને ટ્રાફિકની માનદ સેવામાંથી દૂર કરવામાં આવેલ છે.

- - - - - - - -

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો / લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૦૩ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો / લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો / ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો / ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧ / ૧૧ / ૨૦૧૮ થી તા.૩૧ / ૧૦ / ૨૦૧૯** | **તા.૦૧ / ૧૧ / ૨૦૧૯ થી તા.૩૧ / ૧૦ / ૨૦૨૦** | **તા.૦૧ / ૧ ૧ / ૨૦૨૦ થી તા.૩૧ / ૧૦ / ૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** |
| અમદાવાદ શહેર | ૪૯૦ | ૩૩૮ | ૫૫૨ |
| અમદાવાદ ગ્રામ્ય | ૭૪૯ | ૫૯૩ | ૫૮૭ |
| બોટાદ | ૩૯૩ | ૩૧૨ | ૩૬૩ |

(૨)

| **જિલ્લા** | **રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો** |
|---|---|

| | |
|---|---|
| અમદાવા શહેર | ૧૬૭ |
| અમદાવાદ ગ્રામ્ય | ૪૩૨ |
| બોટાદ | ૨૬ |

(૩) તમામ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો / લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૦૪ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો / લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો / ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો / ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦** | **તા.૦૧/૧ ૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** |
| સુરેન્દ્રનગર | ૯૩ | ૫૧ | ૭૩ |
| મોરબી | ૦૦ | ૦૦ | ૦૧ |

(૨)

| **જિલ્લા** | **રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો** |
|---|---|
| સુરેન્દ્રનગર | ૨૧૨ |
| મોરબી | ૦૩ |

(૩) તમામ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો / લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૦૮ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી લલિત વસોયા** (ધોરાજી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો / લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો / ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો / ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦** | **તા.૦૧/૧ ૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** |
| રાજકોટ શહેર | ૯૮ | ૫૬ | ૯૨ |

| | | | |
|---|---|---|---|
| રાજકોટ ગ્રામ્ય | ૨૪૫ | ૧૮૫ | ૨૨૭ |
| પોરબંદર | ૪૭૬ | ૩૩૮ | ૪૦૨ |

(૨)

| **જિલ્લા** | **રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો** |
|---|---|
| રાજકોટ શહેર | ૬૨૮ |
| રાજકોટ ગ્રામ્ય | ૨૨૦ |
| પોરબંદર | ૨૫૪ |

(૩) તમામ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો / લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૧૭ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો / લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો / ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો / ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦** | **તા.૦૧/૧ ૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** |
| દેવભૂમિ દ્વારકા | ૩૭૫ | ૨૭૬ | ૨૯૫ |
| જામનગર | ૮૫ | ૨૯ | ૩૫ |

(૨)

| **જિલ્લા** | **રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો** |
|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૨૪૭ |
| જામનગર | ૯૧ |

(૩) તમામ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો / લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૨૧ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી ભીખાભાઈ જોશી** (જૂનાગઢ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો / લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો / ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો / ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નોની યાદી (પંદરમી અતારાંકિત યાદી))

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦** | **તા.૦૧/૧૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** |
| જૂનાગઢ | ૪૩ | ૩૩ | ૪૧ |
| ગીર સોમનાથ | ૪૮ | ૩૪ | ૭૧ |

(૨) અને (૩)

| **જિલ્લા** | **રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો** | **નિકાલ થયેલ પ્રશ્નો/ફરિયાદો** |
|---|---|---|
| જૂનાગઢ | ૨૩ | ૨૩ |
| ગીર સોમનાથ | ૧૩૦ | ૧૧૧ |

(૪) પોલીસના કાર્યક્ષેત્ર સંબંધિત તમામ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. પોલીસના કાર્યક્ષેત્રના ન હોય તેવા ગીર સોમનાથ જિલ્લાના ૧૯ પ્રશ્નો/ફરિયાદો જરૂરી કાર્યવાહી અર્થે કલેક્ટરશ્રીને મોકલી આપવામાં આવેલ છે.

\- - - - - - - -

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો/લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૩૦ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો/લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો/ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો/ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦** | **તા.૦૧/૧૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** |
| ગીર સોમનાથ | ૪૮ | ૩૪ | ૭૧ |
| અમરેલી | ૯૯૪ | ૬૬૮ | ૯૮૦ |

(૨) અને (૩)

| **જિલ્લા** | **રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો** | **નિકાલ થયેલ પ્રશ્નો/ફરિયાદો** |
|---|---|---|
| ગીર સોમનાથ | ૧૩૦ | ૧૧૧ |
| અમરેલી | ૩૯૭૯ | ૩૯૭૯ |

(૪) પોલીસના કાર્યક્ષેત્ર સંબંધિત તમામ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. પોલીસના કાર્યક્ષેત્રના ન હોય તેવા ગીર સોમનાથ જિલ્લાના ૧૯ પ્રશ્નો/ફરિયાદો જરૂરી કાર્યવાહી અર્થે કલેક્ટરશ્રીને મોકલી આપવામાં આવેલ છે.

\- - - - - - - -

**ભાવનગર અને વલસાડ જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો/લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૪૪ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી કનુભાઈ બારૈયા**(તળાજા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ભાવનગર અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો/લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો/ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો/ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦** | **તા.૦૧/૧૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** |
| ભાવનગર | ૨૨૨ | ૧૭૩ | ૨૫૧ |
| વલસાડ | ૪૦૪ | ૩૩૭ | ૪૯૦ |

(૨)

| **જિલ્લા** | **રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો** |
|---|---|
| ભાવનગર | ૬૦૬ |
| વલસાડ | ૯૧૦ |

(૩) તમામ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

\- - - - - - - -

### આણંદ અને ડાંગ જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો/લોક દરબાર

અતારાંકિતઃ ૧૧૦૫૪ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર આણંદ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો/લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો/ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો/ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦** | **તા.૦૧/૧૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** | **જાહેર મીટિંગો/લોક દરબાર** |
| આણંદ | ૧૫૩ | ૯૩ | ૧૩૭ |
| ડાંગ | ૦૦ | ૦૨ | ૦૦ |

(૨)

| **જિલ્લા** | **રજૂ થયેલ પ્રશ્નો/ફરિયાદો** |
|---|---|
| આણંદ | ૨૮ |
| ડાંગ | ૦૨ |

(૩) તમામ પ્રશ્નો/ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

\- - - - - - - -

### અમદાવાદ શહેર અને જિલ્લામાં F.I.R. ન સ્વીકારવાની મળેલ ફરિયાદો

અતારાંકિતઃ ૧૧૦૫૬ (૦૪-૦૧-૨૦૨૨) **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં ૨૦૨૦માં પોલીસ દ્વારા એફ.આઈ.આર. સ્વીકારવાના ઈન્કાર કરવાની કેટલી ફરિયાદો પોલીસ કમિશ્નર, એસ.પી., જિલ્લા પોલીસ કંપલેઈન્ટ ઓથોરિટી અને સરકારને મળી, અને

(૨) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**ખેડા અને તાપી જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો / લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૬૦ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ખેડા અને તાપી જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો / લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો / ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો / ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦** | **તા.૦૧/૧૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** |
| ખેડા | ૨૬ | ૦૫ | ૦૧ |
| તાપી | ૧૧ | ૦૬ | ૦૨ |

(૨)

| **જિલ્લા** | **રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો** |
|---|---|
| ખેડા | ૪૨ |
| તાપી | ૩૪ |

(૩) તમામ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો / લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૬૫ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો / લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો / ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો / ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯** | **તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦** | **તા.૦૧/૧૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧** |
|---|---|---|---|
| | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** | **જાહેર મીટિંગો / લોક દરબાર** |
| દાહોદ | ૨૪૫ | ૨૪૧ | ૩૫૪ |
| પંચમહાલ | ૪૩૮ | ૪૨૪ | ૫૧૫ |

(૨)

| જિલ્લા | રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો |
|---|---|
| દાહોદ | ૫૯૬ |
| પંચમહાલ | ૨૪૪ |

(૩) તમામ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો / લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૬૯ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો / લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો / ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો / ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| જિલ્લા | તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯ | તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦ | તા.૦૧/૧ ૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧ |
|---|---|---|---|
| | જાહેર મીટિંગો / લોક દરબાર | જાહેર મીટિંગો / લોક દરબાર | જાહેર મીટિંગો / લોક દરબાર |
| સુરત શહેર | ૧૩૧ | ૧૭૨ | ૧૯૨ |
| સુરત ગ્રામ્ય | ૦૧ | ૦૦ | ૦૦ |
| છોટાઉદેપુર | ૧૯૭ | ૨૦૦ | ૩૭૯ |

(૨)

| જિલ્લા | રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો |
|---|---|
| સુરત શહેર | ૩૩૬ |
| સુરત ગ્રામ્ય | ૦૦ |
| છોટાઉદેપુર | ૮૧ |

(૩) તમામ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**નર્મદા અને વડોદરા જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો / લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૭૮ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નર્મદા અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો / લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો / ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો / ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| જિલ્લા | તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯ | તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦ | તા.૦૧/૧ ૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧ |
|---|---|---|---|
| | જાહેર મીટિંગો / લોક દરબાર | જાહેર મીટિંગો / લોક દરબાર | જાહેર મીટિંગો / લોક દરબાર |

| | | | |
|---|---|---|---|
| નર્મદા | ૪૮ | ૨૨ | ૪૯ |
| વડોદરા શહેર | ૨૭૨ | ૧૭૩ | ૨૭૮ |
| વડોદરા ગ્રામ્ય | ૫૭ | ૪૩ | ૭૩ |

(૨)

| જિલ્લા | રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો |
|---|---|
| નર્મદા | ૬૨ |
| વડોદરા શહેર | ૨૫૫ |
| વડોદરા ગ્રામ્ય | ૧૦૫ |

(૩) તમામ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**નવસારી અને ભરૂચ જિલ્લામાં લોક ફરિયાદના નિકાલ માટે મળેલ જાહેર મીટિંગો / લોક દરબાર**

અતારાંકિતઃ ૧૧૦૯૦ (૨૭-૧૨-૨૦૨૧) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નવસારી અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા પોલીસ વડા દ્વારા લોક ફરિયાદના નિકાલ માટે કેટલી જાહેર મીટિંગો / લોક દરબાર યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલા પ્રશ્નો / ફરિયાદો રજૂ થયા,

(૩) ઉક્ત સ્થિતિએ રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો પૈકી કેટલા પ્રશ્નો / ફરિયાદો નિકાલ થયા, અને

(૪) બાકી રહેલ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| જિલ્લા | તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯ | તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૩૧/૧૦/૨૦૨૦ | તા.૦૧/૧ ૧/૨૦૨૦ થી તા.૩૧/૧૦/૨૦૨૧ |
|---|---|---|---|
| | જાહેર મીટિંગો / લોક દરબાર | જાહેર મીટિંગો / લોક દરબાર | જાહેર મીટિંગો / લોક દરબાર |
| નવસારી | ૧૦ | ૦૬ | ૦૧ |
| ભરૂચ | ૧૨૪૧ | ૯૪૬ | ૧૨૧૪ |

(૨)

| જિલ્લા | રજૂ થયેલ પ્રશ્નો / ફરિયાદો |
|---|---|
| નવસારી | ૬૭ |
| ભરૂચ | ૬૦૬ |

(૩) તમામ પ્રશ્નો / ફરિયાદોનો નિકાલ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**ઝંખવાવ ગામ તથા બારડોલી શહેરમાં ગૌ હત્યા કરનારા વિરૂદ્ધ કાર્યવાહી**

અતારાંકિતઃ ૧૧૨૧૨ (૧૮-૦૧-૨૦૨૨) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં આવેલ ઝંખવાવ ગામ તથા બારડોલી શહેર લાંબા સમયથી ગૌ હત્યાના મોટા કેન્દ્ર બની ગયા છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ ગામ તથા શહેરમાં મોટા પાયે અને સતત ગૌ હત્યા કરનારા કેટલા ઈસમોને ઉક્ત સ્થિતિએ આઈડેન્ટીફાય કરવામાં આવ્યા છે,

(૩) આઈડેન્ટીફાય થયેલા આરોપીઓ સામે ‘‘પાસા’’ સહિત શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૪) ઝંખવાવ તથા બારડોલીને ગૌ હત્યા / કતલથી સંપૂર્ણ મુક્ત કરવા શું આયોજન કરવામાં આવ્યું છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**અમદાવાદ શહેરમાં ચાલતી ફ્રેન્ડશીપ ક્લબો**

અતારાંકિતઃ ૧૧૨૩૭ (૧૮-૦૧-૨૦૨૨) **શ્રી ચંદનજી ઠાકોર**(સિદ્ધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ શહેરમાં નાગરિકોને ફસાવી છેતરપીંડી કરી પૈસા પડાવતી કેટલી ફ્રેન્ડશીપ ક્લબો કઈ જગ્યાએ ચાલે છે,

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કઈ જગ્યાએ રેડ પાડવામાં આવી અને ગુનાહિત ક્લબોને પકડી પાડવામાં આવી, અને

(૩) ક્લબના સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **વર્ષ** | **ફ્રેન્ડશીપ કલબનું સરનામું** |
|---|---|
| તા.૦૧/૧૨/૨૦૧૮ થી તા.૩૦/૧૧/૨૦૧૯ | (૧) તક્ષશિલા શોપીંગ સેન્ટરના દુકાન નંબર એફ-૧૫ અને ૧૬, નિકોલ રોડ, અમદાવાદ શહેર. |
| તા.૦૧/૧૨/૨૦૧૯ થી તા.૩૦/૧૧/૨૦૨૦ | (૨) દુકાન નં.૧, રાઈટ વિઝન સન્સ એન્ડ સર્વિસીસ નામની દુકાન, સોનલ કોમ્પલેક્ષ હાટકેશ્વર, અમદાવાદ શહેર.<br>(૩) ઈ/૩૦૫, સંસ્કૃત રેસીડન્સી, સૂર્યનગર સોસાયટીની બાજુમાં, ઓમ શાંતિ ફ્લેટની સામે, નિકોલ, અમદાવાદ શહેર. |
| તા.૦૧/૧૨/૨૦૨૦ થી તા.૩૦/૧૧/૨૦૨૧ | શૂન્ય. |

(૨) એકપણ નહીં.

(૩) ક્લબના સંચાલકો સામે ગુનો નોંધી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- - - - - - - -

**અમદાવાદમાં સ્પાની આડમાં દેહવ્યાપારનો ધંધો**

અતારાંકિતઃ ૧૧૨૫૫ (૧૮-૦૧-૨૦૨૨) **ડૉ.સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અમદાવાદમાં સ્પાની આડમાં દેહવ્યાપારનો ગેરકાયદે ધંધો ચલાવતા કેટલા સ્પા પકડાયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧)

| **વર્ષ** | **સ્પાની આડમાં દેહવ્યાપારનો ગેરકાયદે ધંધો ચલાવતા પકડાયેલ સ્પા** |
|---|---|
| તા.૦૧/૧૨/૨૦૧૮ થી તા.૩૦/૧૧/૨૦૧૯ | ૦ |
| તા.૦૧/૧૨/૨૦૧૯ થી તા.૩૦/૧૧/૨૦૨૦ | ૧ |
| તા.૦૧/૧૨/૨૦૨૦ થી તા.૩૦/૧૧/૨૦૨૧ | ૩ |

(૨) સંચાલકો સામે ગુનો નોંધી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- - - - - - - -

**રાજ્યમાં ચાઈનીઝ દોરીનો જથ્થો પકડવા બાબત**

તા. 30મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નોની યાદી (પંદરમી અતારાંકિત યાદી))

અતારાંકિતઃ ૧૧૨૯૮ (૧૮-૦૧-૨૦૨૨) **શ્રી ભીખાભાઈ જોશી** (જૂનાગઢ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) મહેસાણા નજીક પાલા વાસણાના ગોડાઉનમાં રૂ.૧૨ લાખની કિંમતના પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો પોલીસે ૧૦/૧૧ ડિસેમ્બર-૨૦૨૧ના રોજ પકડી પાડ્યો છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેના ઉત્પાદક તથા ગોડાઉન માલિક સામે શી કાર્યવાહી થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) હા, જી. મહેસાણા જિલ્લાનાં પાલા વાસણા નજીક જલારામ ગોડાઉનમાંથી રૂ.૧૨ લાખનો નહીં પરંતુ રૂ.૧૦,૬૮,૦૦૦/-ની કિંમતનો ચાઈનીઝ દોરીનો જથ્થો પકડવામાં આવેલ છે.

(૨) આરોપીઓ વિરૂદ્ધ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**પાલનપુરમાં માથાભારે વ્યક્તિઓ વિરૂદ્ધ કરેલ કાર્યવાહી**

અતારાંકિતઃ ૧૧૨૯૯ (૧૮-૦૧-૨૦૨૨) **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) નવેમ્બર-૨૦૨૧માં પાલનપુરમાં માન સરોવર રોડ પર બાવરી ડેરા વિસ્તારમાં માથાભારે તત્વોના ભયને કારણે ૧૪ પરિવારોને સામૂહિક હિજરત કરવાની ફરજ પડી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ માથાભારે તત્વો સામે શી કાર્યવાહી થઈ છે, અને

(૩) હિજરત કરી ગયેલા ૧૪ પરિવારોને મૂળ જગ્યાએ વસવાટ કરવા પરત લાવવા શાં પગલાં લીધેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ઘેટાં-બકરાં ભરેલ ટ્રકોને કતલખાનામાં લઈ જતાં પકડવા બાબત**

અતારાંકિતઃ ૧૧૩૩૧ (૧૮-૦૧-૨૦૨૨) **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૦૩/૧૨/૨૦૨૧ના રોજ પોલીસે મોડાસાના જીવણપુરા વિશ્રામ હોટલ પાસેથી ઈડરથી અંદાજે ૫૧૦ ઘેટાં-બકરાં ભરેલ બે ટ્રકોને પકડી હતી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ઘેટાં બકરાને ક્યા શહેરના કતલખાનામાં લઈ જવાના હતા, અને

(૩) કતલખાના અને તેના સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) મુંબઈ ખાતે છૂટક વેચવા લઈ જવાતા હતાં.

(૩) સદર ગુનાના આરોપીઓ વિરૂદ્ધ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**ઘેટાં-બકરાં ભરેલ ટ્રકોને કતલખાનામાં લઈ જતાં પકડવા બાબત**

અતારાંકિતઃ ૧૧૩૫૬ (૧૮-૦૧-૨૦૨૨) **શ્રી સંજયભાઈ સોલંકી**(જંબુસર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૦૩/૧૨/૨૦૨૧ના રોજ પોલીસે મોડાસાના જીવણપુરા વિશ્રામ હોટલ પાસેથી ઈડરથી ૫૧૦ ઘેટાં-બકરાં ભરેલ બે ટ્રકોને પકડી હતી તે હકીક્ત સાચી છે, અને

(૨) ઉક્ત ઘેટાં બકરાને કતલખાનામાં મોકલનાર મૂળ માલિકો તથા ખરીદનારા સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) સદર ગુનાના આરોપીઓ વિરૂદ્ધ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**દાહોદ જિલ્લામાં નકલી નોટોનું કારખાનું પકડવા બાબત**

અતારાંકિતઃ ૧૧૩૮૭ (૩૧-૦૧-૨૦૨૨) **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૧/૨૨-૧૨-૨૦૨૧ના રોજ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના આંબા ગામમાં નકલી ચલણી નોટો છાપવાનું કારખાનું પકડાયું હતું, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ કારખાનામાં કુલ કેટલી બનાવટી ચલણી નોટો છાપવામાં આવી હતી, અને

(૩) આ કારખાનાના માલિકો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) બનાવટી ચલણી નોટોની કુલ સંખ્યા ૧૭૬૭ (સત્તરસો સડસઠ) છે.

(૩) સદર ગુનાના આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

\- - - - - - - -

**રાજ્યમાંથી ગૌમાંસને એક્સપોર્ટ કરવા પકડાયેલ કંટેનર**

અતારાંકિતઃ ૧૧૪૧૮ (૩૧-૦૧-૨૦૨૨) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાંથી એક્સપોર્ટ માટે લઈ જવાતું કેટલું ગૌમાંસ (બીફ) અને ભેંસના માંસ મિશ્રિત ગૌમાંસ (બીફ) મળી આવ્યું તથા કેટલા કંટેનરો પકડાયા, અને

(૨) આરોપી એક્સપોર્ટરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

\- - - - - - - -

**કઠલાલમાં ગૌવંશ કતલ કરનારા આરોપીઓને આઇડેન્ટીફાય કરવા બાબત**

અતારાંકિતઃ ૧૧૪૬૪ (૩૧-૦૧-૨૦૨૨) **શ્રી ભીખાભાઈ જોશી** (જૂનાગઢ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં કઠલાલ શહેર અને તાલુકામાંથી ગાય અને ગૌવંશની કતલની કેટલી ઘટના બની,

(૨) ગાય અને ગૌવંશની કતલ કરનારા કેટલા આરોપીઓને આઇડેન્ટીફાય કરવામાં આવ્યા છે, અને

(૩) આઇડેન્ટીફાય થયેલ આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧)

| **વર્ષ** | **ગાય અને ગૌવંશની કતલની બનેલ ઘટનાની સંખ્યા** | |
|---|---|---|
| | **કઠલાલ શહેર** | **કઠલાલ તાલુકો** |
| તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ | ૧ | ૦ |
| તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ | ૦ | ૧ |
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ | ૧ | ૦ |

(૨)

| **વર્ષ** | **ગાય અને ગૌવંશની કતલની બનેલ ઘટનામાં આઇડેન્ટીફાય કરેલ આરોપીઓની સંખ્યા** | |
|---|---|---|
| | **કઠલાલ શહેર** | **કઠલાલ તાલુકો** |
| તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ | ૨ | ૦ |
| તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ | ૦ | ૪ |

| | | |
|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ | ૨ | ૦ |

(૩) આરોપીઓ વિરૂદ્ધ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- - - - - - - -

**કઠલાલમાં ગૌમાંસની હેરફેર કરતા આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહી**

અતારાંકિતઃ ૧૧૪૮૪ (૩૧-૦૧-૨૦૨૨) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ખેડા જિલ્લાના કઠલાલના કસાઈવાડા પાસેથી તા.૧/૨-૦૧-૨૦૨૨ના રોજ ૨૦૦ કિલો ગૌમાંસ (બીફ) ભરેલ રીક્ષા, ગાયના શિંગડા અને ચામડાં મળી આવ્યા હતા તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ ઈસમો સામે શી કાર્યવાહી કરાઈ છે, અને

(૩) ગાય-ગૌવંશની કતલની ઘટના વારંવાર બનતી અટકાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫-૦૩-૨૦૨૨)

(૧) ના,જી. પરંતુ કઠલાલના કસાઈવાડા પાસેથી તા.૩૧-૧૨-૨૦૨૧ના રોજ ૨૦૦ કિલો નહીં પરંતુ ૬૫ કિલો ગૌમાંસ તથા એક રીક્ષા પકડવામાં આવેલ છે.

(૨) પકડાયેલ આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) આવી ઘટનાઓ ન બને તે માટે થાણા અમલદારશ્રીઓને સૂચના આપવામાં આવેલ છે. તેમજ આવી શંકાસ્પદ જગ્યાએ વોચ રાખવામાં આવે છે.

- - - - - - - -

**બોટાદ જિલ્લામાં પશુ ચરિયાણ માટે વસ્તીના પ્રમાણમાં ગૌચર જમીન**

અતારાંકિતઃ ૧૦૭૩૪ (૨૩-૧૨-૨૦૨૧) **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારના પ્રસ્થાપિત ધોરણ મુજબ ૧૦૦ પ્રાણીદીઠ ગામમાં ૪૦ એકર જમીન પશુના ચરિયાણ માટે ગૌચર જમીન હોવી જોઈએ તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તે સામે બોટાદ જિલ્લામાં ઉક્ત ધોરણ મુજબ તાલુકાવાર કેટલી ગૌચર જમીન ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ જે ગામોમાં ગૌચર જમીન ઓછી છે ત્યાં વૈકલ્પિક જમીન ફાળવવા/નીમ કરવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૧-૦૩-૨૦૨૨)

(૧) હા.

(૨)

| **તાલુકો** | **તાલુકાવાર ઉપલબ્ધ ગૌચર જમીન (હે.આરે.)** |
|---|---|
| બોટાદ | ૭૧૪૪.૬૯૦૦ |
| ગઢડા | ૫૩૯૮.૦૭૩૧ |
| બરવાળા | ૧૪૧૨.૪૦૩૯ |
| રાણપુર | ૨૦૭૦.૦૭૪૨ |

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લા પંચાયત તરફથી કોઈ દરખાસ્ત રજૂ થયેલ ન હોય, હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | ગૃહ વિભાગ | ૧૦૬૬૫, ૧૦૬૭૦, ૧૦૮૦૫, ૧૦૮૦૭, ૧૦૮૨૫, ૧૦૮૩૯, ૧૦૮૭૨, ૧૦૮૭૭, ૧૦૮૮૪, ૧૦૮૮૬, ૧૦૯૩૨, ૧૦૯૩૬, ૧૦૯૪૧, ૧૦૯૪૩, ૧૦૯૪૬, ૧૦૯૪૯, ૧૦૯૫૧, ૧૦૯૫૫, ૧૦૯૬૫, ૧૦૯૬૯, ૧૦૯૮૪, ૧૦૯૮૫, ૧૦૯૯૪, ૧૦૯૯૮, ૧૧૦૦૩, ૧૧૦૦૪, ૧૧૦૦૮, ૧૧૦૧૭, ૧૧૦૨૧, ૧૧૦૩૦, ૧૧૦૪૪, ૧૧૦૫૪, ૧૧૦૫૬, ૧૧૦૬૦, ૧૧૦૬૫, ૧૧૦૬૯, ૧૧૦૭૮, ૧૧૦૯૦, ૧૧૨૧૨, ૧૧૨૩૭, ૧૧૨૫૫, ૧૧૨૯૮, ૧૧૨૯૯, ૧૧૩૩૧, ૧૧૩૫૬, ૧૧૩૮૭, ૧૧૪૧૮, ૧૧૪૬૪, ૧૧૪૮૪ | ૪૯ |
| ૨ | મહેસૂલ વિભાગ | ૧૦૭૩૪ | ૧ |
| | | કુલ | ૫૦ |

- - - - - - - - - -

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૯**

ગુજરાત વિનિયોગ વિધેયક**,** ૨૦૨૨

**સન ૨૦૨૩ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

શ્રી કનુભાઇ મો. દેસાઇ**(**નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક -૯- સન ૨૦૨૨નું ગુજરાત વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(**નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક -૯- સન ૨૦૨૨નું ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : મારે જાહેરાત કરવાની છે કે, આજે વિનિયોગ વિધેયક સહિત અન્ય સરકારી કામકાજ ચર્ચા માટે હાથ ધરાવાના છે. વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૧૮ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલા છે. વિનિયોગ વિધેયક પરની સઘળી ચર્ચા સભાગૃહની બેઠક મુલતવી રાખવા નક્કી કરેલ સમયના એક કલાક અગાઉ પૂરી કરવાની થાય છે, પરંતુ આ વિધેયક બાદ અન્ય સરકારી કામકાજ તેમજ બિન સરકારી સંકલ્પો પણ હાથ ધરવાના હોઇ, વિનિયોગ વિધેયક પર ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યશ્રીઓની સંખ્યા જોતાં મને મળેલી સત્તાની રૂએ હું મુદ્દા ઉપરની ચર્ચા માટે દરેક સભ્યશ્રીને બે મિનિટનો સમય ફાળવુ છું. મુદ્દાઓ આપનાર સભ્યોએ ઉપસ્થિત કરેલ મુદ્દા ઉપરની ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રીએ આપ્યા બાદ વિધેયક તરત જ સભાગૃહના મત પર મૂકવામાં આવશે. આપણે લગભગ ૧૮થી વધારે મુદ્દા છે. બધાએ જે મુદ્દાઓ આપ્યા છે. જનરલી આવુ કરતા હોઇએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારી વિનંતી એટલી જ છે કે, બે મિનિટમાં કેવી રીતે પ્રશ્ન પૂછી શકાય ? કેવી રીતે ચર્ચા થઇ શકે ?

અધ્યક્ષશ્રી : ચર્ચા નહીં રજૂઆત.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે કે, ત્રણ મિનિટ આપો. આપનો આદેશ અમારા માથા ઉપર છે. આપ ત્રણ મિનિટ આપો એવી અમારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એટલા માટે કે તમારે મુદ્દો જ બોલવાનો છે અને પ્રશ્ન જ કહેવાનો છે. જવાબ મંત્રીશ્રી આપવાના છે. એટલે ચર્ચા કરીશું તો બહુ લાંબુ થશે.

---

* વિધેયક તા ૨૯મી માર્ચ, ૨૦૨૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તા. 30મી માર્ચ ૨૦૨૨

ગુજરાત વિનિયોગ વિધેયક,૨૦૨૨

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી કરું છું કે ત્રણ મિનિટ આપો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ વધારીશું તો તેમાં કંઇ બહુ ચર્ચા થઇ શકશે નહીં. તમારે મુદ્દો વાંચવાનો જ છે. પ્રશ્ન છે તે જ વાંચવાનો છે એટલા માટે મેં આ નિર્ણય કર્યો છે કે એક એક મુદ્દો આપ બોલી જાવ અને પછી મંત્રીશ્રી તેનો જવાબ આપશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના નિર્ણય સાથે અમે સંમત છીએ, પણ હું આપને વિનંતી કરું છું કે ત્રણ મિનિટ આપો.

અધ્યક્ષશ્રી : સમયની ગણતરી છે, તે મુજબ આપણે ફીટ નથી થતું. કારણ કે ઓછાં પ્રશ્નો હોય તો બરાબર છે, પણ ૧૮ જેટલા પ્રશ્નો છે અને ૧૮ સભ્યો બોલે તો કેટલી મિનિટ થાય? ત્રણ ત્રણ મિનિટ બોલે, એક એક વધારે થાય બહુ વધારે સમય જશે એટલા માટે પછી બે મિનિટમાં તમારો મુદ્દો પૂરો નહીં થાય અને દસ વીસ સેકન્ડ વધારે હશે તો આપણે ક્યાં નથી આપતા. એટલે બે મિનિટ રાખો એવી મારી આપને પણ વિનંતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અઢી મિનિટ આપો અને વાત પૂરી કરી દો.

અધ્યક્ષશ્રી : ચાલો અઢી મિનિટ આપું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, થેંકયુ.

શ્રી અંબરીશભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ અને વિધેયકની ચર્ચામાં ભાગ લેવા ઊભો થયો છું ત્યારે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત ફરજિયાત વીમો બધા જ ખેડૂતો પાસેથી સરકારે લીધો હતો. આ પોસ્ટ હાર્વેસ્ટના વીમામાં એક વખત પાક કાપણીમાં આવી જાય અને જો કોઈ પ્રકારની નુકસાની થાય તો ખેડૂતોને યોગ્ય વળતર મળી રહે. તે સંદર્ભે બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે વર્ષ ૨૦૧૯માં સમગ્ર ગુજરાતમાં ખાસ કરીને અમરેલી જિલ્લામાં રૂ. ૯ કરોડ ૮૭ લાખની રકમ વીમા કંપનીએ ચૂકવવાની જાહેરાત કરી હતી. મારા રાજુલા-જાફરાબાદ-ખાંભા વિસ્તારમાં આ રૂ. ૯ કરોડ આજ દિન સુધી મારા વિસ્તારના ખેડૂતોને મળ્યા નથી. છેલ્લાં બે વર્ષથી જે તે મંત્રીશ્રીઓને રૂબરૂ મળીએ છીએ ત્યારે મંત્રીશ્રીઓ એવો આગ્રહ રાખે છે કે અમે વીમા કંપનીને કહ્યું છે પણ વીમા કંપની માનવા તૈયાર નથી એટલે તમે કોર્ટમાં જાઓ. મને એક વાત સમજાતી નથી કે આ રાજ્યમાં સરકાર મોટી છે કે વીમા કંપની મોટી છે? વીમા કંપની જો રાજ્ય સરકારની વાત ન માનતી હોય તો ક્યાંક ને ક્યાંક *(xxx) એવું હું માની રહ્યો છું. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે રાજ્યના ખેડૂતોને સરકારની જરૂર છે ત્યારે *(xxx)બદલે રાજ્યના ખેડૂતોને ન્યાય મળે તેના માટે શું કરવા ઈચ્છો છો તેનો જવાબ ગૃહમાં આપે તો મારા વિસ્તાર સહિત સમગ્ર ગુજરાતના ખેડૂતોને ખૂબ ગમશે.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયક ઉપર વાત કરવા માટે જ્યારે ઊભો થયો છું ત્યારે આપના દ્વારા માનનીય નાણામંત્રીશ્રી પેન્શન અને નિવૃત્તિના લાભો અંગે જે વાત લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો અને સૂચનો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પેન્શન એ કોઈ પણ સરકારી કર્મચારી માટે આખી જિંદગીની નોકરીનું વળતર છે. નિવૃત્તિ બાદ તેના કુટુંબની જિંદગીમાં કોઈ પણ મુશ્કેલીઓ ન આવે તેના માટેની જરૂરી વ્યવસ્થા સરકારે ઊભી કરી છે. કેન્દ્ર સરકારમાં જે પેન્શનર માતા-પિતાના અવસાન થયા હોય તેમની અપરણિત પુત્રીને કોઈ પણ જાતના ઉંમરના બાધ વગર કુટુંબ પેન્શન આપવામાં આવે છે. ગુજરાત રાજ્યની સરકાર દ્વારા આ પેન્શનર માતા-પિતાના અવસાન બાદ આધારિત ૨૫ વર્ષથી ઉપરની દીકરીઓને આ વળતર આપવામાં આવતું નથી, ત્યારે આ બાબતમાં છેલ્લા ત્રણ વર્ષથી ગૃહના કૉંગ્રેસના અને ભાજપના ધારાસભ્યશ્રીઓ અને સંસદ સભ્યશ્રીઓએ પણ વારંવાર રજૂઆત કરી છે, ત્યારે સરકાર તરફથી એક જ વાત મૂકવામાં આવે છે કે આ બાબત નીતિ વિષયક છે. આખા ગુજરાતમાં ફક્ત ૧૦૦થી વધારે દીકરીઓ ન થતી હોય અને આના લીધે બજેટ ઉપર કોઈ મોટો ભાર પડતો નથી, ત્યારે હું નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ દીકરીઓને પેન્શનરમાં સમાવેશ કરીને લાભ આપવામાં આવે તેવી મારી માગણી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા વિસ્તારમાં તાલાલાની ખાંડ સહકારી મંડળી હાલની તકે બંધ છે અને સરકારમાં ઘણી વખત રજૂઆત પણ કરી છે કે જો ખેડૂતોની આવક બમણી કરવી હશે તો પ્રોસેસ યુનિટ હશે તો જ ખેડૂતોની આવક બમણી થશે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ખાંડ કારખાનાને કોઈ સ્પેશિયલ પેકેજ આપીને ચાલુ કરવા માગો છો કે નહિ? હમણાં થોડા સમય પહેલા જ મારા વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના જવાબદાર આગેવાનોએ એક મિટિંગ રાખેલી હતી અને તેમાં કોડીનાર ખાંડ સહકારી મંડળી જે બંધ છે તેમને રૂ.૩૦,૦૦૦નું પેકેજ જાહેર કર્યું છે. માનનીય નાણામંત્રીશ્રી જણાવે કે આવું કોઈ પેકેજ નાણા વિભાગે કોડીનાર ખાંડ કારખાનાને આપ્યું છે કે નહિ? અને જો આપ્યું હોય તો ક્યા હેડ હેઠળ આપ્યું છે? આ જ રીતે તાલાલા સુગર ફેક્ટરીને પણ આવું સ્પેશિયલ પેકેજ આપવા માગો છો કે નહિ? કારણ કે અમારે ત્યાં શેરડીનું વાવેતર વધારે હોય છે. રાબડાવાળા ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપતા નથી. હું નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે જો પ્રોસેસ યુનિટ હશે તો જ ખેડૂતોની આવક બમણી કરી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શકીશું. આ બંને ખાંડ કારખાનાઓને જેમ કોડીનારને સ્પેશિયલ પેકેજ આપ્યું છે તે જ રીતે તાલાલાને આપીને ચાલુ કરાવો એટલી મારી વિનંતી છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારો જે પ્રશ્ન મૂક્યો છે એમાં કહેવા માગું છું કે, એસ.વી.પી. હોસ્પિટલને લગભગ રકમ રૂપિયા ૮૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. જયારે એસ.વી.પી. હોસ્પિટલ ચાલુ કરવામાં આવી અને વી.એસ. હોસ્પિટલ બંધ કરવામાં આવતી હતી એ સમયે પણ મેં સતત બે મહિના સુધી આંદોલન કર્યુ. એ પછી મુખ્યમંત્રીશ્રી સમક્ષ જયારે અમારી વાતચીત થઇ ત્યારે મુખ્યમંત્રીશ્રીએ બાંયધરી આપી હતી કે, એસ.વી.પી. હોસ્પિટલની અંદર આયુષ્યમાન અને વાત્સલ્ય યોજનાનો અમે લાભ આપીશું, એટલે ગરીબ અને પછાત વર્ગના લોકો સારવારથી વંચિત નહીં રહે. પણ મારે ઘણા દુઃખ સાથે કહેવું છે કે, છેલ્લાં બે વર્ષથી એટલે કે જયારથી કોરોનાની શરૂઆત થઇ ત્યારથી એસ.વી.પી. હોસ્પિટલની અંદર આયુષ્યમાન કાર્ડ અને વાત્સલ્ય કાર્ડમાં લોકોને સારવાર આપવાનું સદંતર બંધ કરી દેવામાં આવ્યું છે અને પરિસ્થિતિ એવી છે કે આપણે એસ.વી.પી. હોસ્પિટલ રકમ રૂપિયા ૮૦૦ કરોડના ખર્ચે ચાલુ કરી અને આજે એસ.વી.પી. હોસ્પિટલમાં ૧૦૦ કરતાં પણ વધુ દર્દીઓ આવતા નથી. ત્યાં ૫૦૦૦ કરતાં વધુ સ્ટાફ સેવા આપી રહ્યો છે અને એની સામે ફક્ત ૧૦૦ દર્દીઓ આવતા હોય છે. તો મારી વિનંતી છે કે, એસ.વી.પી. હોસ્પિટલની અંદર તાત્કાલિક આયુષ્યમાન કાર્ડ અને વાત્સલ્ય યોજનાનો લાભ મળવો જોઇએ. બીજુ, વી.એસ. હોસ્પિટલ માટે ઘણી વખત જાહેરાત પણ કરવામાં આવી છે કે એની પાછળ રકમ રૂપિયા ૧૨૦ કરોડ આપવામાં આવ્યા છે. વી.એસ. હોસ્પિટલને ૫૦૦ બેડ સાથે ફરીથી શરૂ કરવાની પણ વાત સરકારશ્રી દ્વારા વારંવાર કહેવામાં આવી છે પરંતુ એનું કામ હજી સુધી શરૂ થયું નથી. તો વી.એસ. હોસ્પિટલનું કામ તાત્કાલિક શરૂ થાય અને એસ.વી.પી. હોસ્પિટલની અંદર આયુષ્યમાન કાર્ડ અને વાત્સલ્ય યોજનાનો લાભ આપવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યની સરકાર નોન-પ્લાન રસ્તાઓ મંજૂર કરે છે અને એના કારણે ઘણાં ગામડાઓનું જોડાણ થતું હોય છે. આવા જોડાણ થવાના કારણે રસ્તાઓ ટૂંકા બની જાય છે અને જિલ્લા તેમજ તાલુકા મથકે જવા માટેની સગવડતા ઘણી વધતી હોય છે. પણ નોન-પ્લાન રસ્તા માટેની મોટામાં મુશ્કેલી છે કે, એક સાંકળનો રસ્તો છે. આ રાજાશાહી અને અંગ્રેજશાહી વખતે એક ગામથી બીજા ગામને જોડવાનો રસ્તો છે, તેમાં નોન-પ્લાન રસ્તાઓ સરકાર મંજૂર કરે છે. એ નોન-પ્લાન રસ્તાઓમાં જે ૩૩ ફૂટની સાંકળનો રસ્તો છે, એના ઉપર વર્ષોથી મોટાં વાહનો ન ચાલતા હોય એટલે દબાણ થાય છે. એ દબાણ ખુલ્લુ થતું નથી અને એનું કારણ એ કે એની માપણી થતી નથી. માપણી માટે એસ.એલ.આર. અને ડી.આઇ.એલ.આર.ની જગ્યાઓ મોટાભાગની ખાલી છે. હું અમરેલી જિલ્લાની વાત કરૂ તો, મારા એસ.એલ.આર. ૪ જિલ્લાના ચાર્જમાં છે. તો સરકારે નીતિવિષયક નિર્ણય કરવો જોઇએ. હું વર્ષ ૧૯૯૭માં ધારાસભ્ય થયો અને નોનપ્લાન રસ્તા મંજૂર કર્યા છે, આજસુધી કામ શરૂ થતું જ નથી. એની પાછળનું કારણ એ છે કે જગ્યાઓ મળતી નથી. જગ્યાઓની ભરતી થતી નથી. મહેસૂલ ખાતાનો પણ વિભાગ આવે છે, ત્યારે મારે મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ અને નાણાં વિભાગના મંત્રીશ્રી આજે જયારે વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે, ત્યારે આવા નોન-પ્લાન રસ્તા જે સરકારે મંજૂર કર્યા છે, જે લોકો માટે ખૂબ જ ઉપયોગી છે, તેની તાત્કાલિક અસરથી કામગીરી શરૂ થાય એવી વિનંતી છે. લોકોને ટૂંકા રસ્તા પણ બની જાય છે અને નાનાં વાહનો મળતાં થાય છે. એટલે મોટા રસ્તા ઉપરની ભારણ ઘટી જાય છે. એવા સંજોગોમાં માપણી અને હદ નિશાન નક્કી કરવા માટે હાઇ લેવલેથી સૂચના અપાય અને તાત્કાલિક આ જે મંજૂર થયેલા રસ્તા છે એની કામગીરી શરૂ થાય તેવી હું વિનંતી કરૂ છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૨માં ઉના સુગર ફેક્ટરી ફડચામાં ગઇ. ફડચામાં ગયા પછી આજની તારીખે સભાસદોની રૂપિયા ૪ કરોડ કરતાં વધુ લેણી રકમ બાકી છે. પોતે જે શેરડી આપી છે તેના બાકી છે. કર્મચારીઓની ગ્રેજ્યુઇટી લગભગ રકમ રૂપિયા ૪ કરોડ ૫૬ લાખ જેટલી બાકી છે. કર્મચારીઓના પેન્શન અને પગારના મળી કુલ રકમ રૂપિયા ૧૯ કરોડ જેવી બાકી છે. વારંવાર સરકારશ્રીને રજૂઆત કરતાં આવ્યા છીએ છતાં પણ આ રકમનું હજીસુધી ચૂકવણું કરવામાં આવ્યું નથી. સુપ્રીમ કોર્ટ સુધી ગયું છે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, સહકાર વિભાગ અને આપની તથા માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએ મિટિંગ બોલાવીને આ કર્મચારોઓનો પગાર, ગ્રેજ્યુઇટી અને સભાસદોની લેણી રકમ તાત્કાલિક અસરથી ચૂકવી દેવામાં આવે. સુગર ફેક્ટરી પાસે મિલકત છે અને સરકારશ્રીનો એમાં શેરફાળો છે. એ જગ્યા આજે લગભગ રકમ રૂપિયા ૮૦૦ કે ૯૦૦ કરોડની મિલકત છે. તો એનું વેચાણ કરીને પણ આ રકમ તાત્કાલિક ચૂકવી દેવામાં આવે. આ જમીનમાંથી સામૂહિક આરોગ્ય કેન્દ્રનું અપગ્રેડેશન કરવા માટે રાજ્ય સરકારે બજેટની ફાળવણી કરી છે. પ્રાથમિક સ્કૂલ બનાવવા માટે જગ્યા માગી છે, ત્યારે મિટિંગ બોલાવીને પણ આ જગ્યાની ફાળવણી સામૂહિક આરોગ્ય કેન્દ્ર મારફત આ જગ્યામાંથી કરવામાં આવે અને પ્રાથમિક સ્કૂલ બનાવવા માટે પણ જગ્યાની ફાળવણી કરવામાં આવે. તો હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આવતા અઠવાડિયાની અંદર વહેલામાં વહેલી તકે આ બાબતે સહકાર વિભાગ, મહેસૂલ વિભાગ, કલેકટરશ્રી અને આપની કક્ષાએ બેઠક બોલાવી અને આ પ્રશ્નનું કાયમી નિરાકરણ કરવામાં આવે.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે મંત્રીશ્રીને જણાવવું છે કે મારો જે મત વિસ્તાર છે દસાડા તાલુકો, એમાં દસાડા, લખતર અને લીંબડી એ ત્રણ તાલુકા આવે છે. એની અંદર લગભગ અગિયારેક

જેટલી નર્મદાની બ્રાન્ચ કેનાલો પસાર થાય છે. આ બધી બ્રાન્ચ કેનાલોનું જે ટેઇલ છે, એ પાણી જયારે ખેડૂતો ખેતરમાં લે નહીં અને એ પાણી ઓવરટોપ થઇ અને પછી બધું પાણી કચ્છનું નાનું રણ છે, જયાં મીઠાના અગરો છે, અને અગરિયાઓ છે એ અગરોની અંદર હજારો કયુસેક પાણી વેડફાઇને અગરમાં જતું રહે છે. અને તેના કારણે કચ્છનું નાનું રણ છે, એની ઇકોલોજી પણ ડિસ્ટર્બ થઇ રહી છે અને અગરિયાઓને પણ પારાવાર ખૂબ મોટું નુકસાન થઇ રહ્યું છે. આથી જયાં જયાંથી આ નર્મદાની કેનાલો છે એ કેનાલોમાંથી ઓવરટોપિંગ પાણી થઇને જે ડ્રેઇન્ઝમાં જાય છે એ જુદી જુદી ઘણી બધી ડ્રેઇન્ઝ છે, એમાં ખાસ કરીને બજાણાની ડ્રેઇન છે, ખારા ઘોડાની ડ્રેઇન છે, થાળા, ભરાડા, સુલતાનપુર આ બધા ગામોમાંથી પાણી હજાર કયુસેક પાણી ખારાઘોડાથી લઇને સીધુ માળીયા સુધી એ પાણી જાય, જયાં આપણો સુરજબારી બ્રિજ છે અને તમે ત્યાં આવો તો તમને મોટું મહા સરોવર ભરેલું હોય એવું દ્રશ્ય લાગે એના કારણે સેંકડો અગરિયાઓ પાયમાલ થઇ ગયા છે, એના મીઠાના પટ ધોવાઇ ગયા છે, માટે એ પાણી જતું અટકાવવાં માટેનાં પગલાં માનનીય મંત્રીશ્રી અને સરકાર લે તેવી આપના માધ્યમથી વિનંતી છે.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી જે વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસકરીને આપણી બેંકેબલ લોન જે આપીએ છીએ, એ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં નાના નાના ઉદ્યોગકારો હોય છે એ પોતાના કવોટેશન લઇને, પોતે મહેનત કરીને પ્રોજેકટ મૂકે છે, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર એને મંજૂર કરી દે, પણ બેંકો કોઇ લોન આપવા તૈયાર નથી થતી. એમાં ખાસ કરીને નેશનલાઇઝ બેંકો છે, એ બેંકો શું કામ નથી આપતી તેનું પણ કારણ છે કે આ કિલન લોન છે, આમાં બેંકને કંઇ મોર્ગેજ થતું નથી, એટલે બેંકને પોતાની સિકયુરિટી દેખાતી નથી. હું આપના માધ્યમથી નાણા મંત્રીશ્રીને કહેવા માગું છું કે આપણે આ બાજપાઇજીના નામે યોજના કરી છે અને નાના ઉદ્યોગકારોને ઉભા કરવા માટે, એને પગભર કરવા માટેની આ યોજના છે. તો આ યોજનામાં તમે બેંકને ફોર્સ કરી શકો કે તમારે આટલો કવોટા તો કરવાનો જ, આટલા આ બ્રાન્ચમાંથી લોન આપવાની જ, એસ.બી.આઇ. એની લીડ બેંક છે, તો એસ.બી.આઇ. અને દરેક નેશનલાઇઝ બેંકોને કવોટા ફાળવો, અને આટલા નાના ઉદ્યોગકારોને સો ટકા તમારે કોઇ પણ જાતના વાંધા વચકા કાઢયા વગર આપવી પડશે તેવો ફોર્સ કરો. એ લોકો ખર્ચ કરીને કવોટેશન લઇને બધી પ્રોસેસ કમ્પ્લીટ કરે અને પછી નેશનલાઇઝ બેંક લોન આપે નહીં એટલે ખાતર ઉપર દીવા જેવું થાય. એટલે એક તો બીચારા નાના માણસો હોય છે એને લોન બેંકમાંથી મળે એના માટે આપ બેંકને ફોર્સ કરો. કોઇ સિકયુરિટી નથી હોતી, કિલન લોન હોય છે એટલે નેશનલાઇઝ બેંક આ લોન આપવા માટે રાજી નથી હોતી, પણ એ યુવાનોને ઉભા કરવા માટે બેંકને ફોર્સ કરવો જોઇએ તેવી મારી વિનંતી છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં જે પ્રાથમિક શાળાઓ મર્જ કરવાના નામે બંધ કરવામાં આવેલી છે, આપણી પાસે એસેટ છે, શિક્ષકો છે, વિદ્યાર્થીઓ પણ છે તો એને ફરી ચાલુ કરે એવી મારી વિનંતી છે. અને માંડવી તાલુકામાં માંડવી સુગર ફેકટરીમાં લગભગ ૧૫ લાખ ટન શેરડી ઉત્પન્ન થાય છે, પરંતુ જે રીતે વહીવટકર્તાઓને દબાવીને વટાવીયાની વાત હોય, માંડવીની વાત હોય, કે વ્યારાની વાત હોય, એને પાર્ટીમાં ભેળવવા માટેના જે પ્રયત્નો થાય છે અને પછી બંધ થઇ જાય, એમાંથી નિષ્પક્ષપણે સભાસદનું હિત રાખીને આ સુગર ફેકટરીને પણ બીજા સુગરની જેમ પેકેજ મળે, અને ફરી માંડવી સુગર ફેકટરી ચાલુ થાય એવી મારી વિનંતી છે.

મારો માંડવી-કીમ રસ્તો, જે વર્ષોથી સી.સી. હતો અને ગમે તેટલા થીગડા મારીએ એમાં કંઇ મેળ પડતો નથી. ૪૫ કિલોમિટરનો રસ્તો છે તેથી માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાનને પણ વિનંતી કરવી છે એ રસ્તો સત્વરે જોબ નંબર મળે અને ચાલુ થાય તેવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપે જે મુદ્દો આપ્યો હોય તેના વિશે જ બોલો, આમાં આ રોડનો મુદ્દો નથી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : ઓ. કે. એટલે એ રીતે જે કામો થાય છે, એક બીજો ખેરવાડા અને જામાપુર વચ્ચે જે પુલની માગણી છે એમાં પણ આપ ધ્યાન આપશો તેવી મારી વિનંતી છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાનું તળાજા મારો વિધાનસભા વિસ્તાર છે. આ મારા મત વિસ્તારમાં ચાર લાખની વસતિ આવેલી છે. એમાં કોઇ મોટી ઇન્ડસ્ટ્રીઝ આવેલી નથી. વિધાનસભાના પ્રથમ સત્રથી માત્રને માત્ર આ વિનિયોગ વિકેયકની વાત આવે એટલે હું જી.આઇ.ડી.સી. ની માગણી કરું છું. સન્માનનીય શ્રી નીતિનકાકાએ ખાતરી આપી હતી અને ત્યાંના ડેપ્યુટી કલેકટર અને મામલતદારને તંત્ર દ્વારા સૂચના પણ આપવામાં આવેલ હતી કે કોઇ પડતર જમીન હોય તો એ જી.આઇ.ડી.સી. માટે શોધો, પરંતુ આજ સુધી એના વિશે કોઇ કામગીરી થઇ નથી. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે કમસેકમ આ છેલ્લા સત્રમાં આપણી ટર્મ પૂરી થાય છે એ પહેલા મારા મત વિસ્તાર તળાજાને જી.આઇ.ડી.સી.ની ફાળવણી કરવામાં આવે. મારી જાણમાં છે જો હું કોઇ ભૂલતો ન હોય તો ગુજરાતમાં ૧૮૭ નવી જી.આઇ.ડી.સી. બની છે, એમાં ૧૬૦ જેટલી જી.આઇ.ડી.સી.ની સ્થાપના કોંગ્રેસ સરકારે કરી હતી. જયારે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ૨૭ નવી જી.આઇ.ડી.સી.સ્થાપના કરવામાં આવી છે. એમાં મને એવું લાગે છે કે એમના માનીતા વિસ્તારમાં થઇ હોય જેથી કરીને અમારા વિસ્તારને અન્યાય કરવામાં આવેલ છે. ત્યારે આપના માધ્યમથી વિનંતી છે કે પહેલા વર્ષની માગણી છેલ્લા વર્ષમાં સંતોષવામાં આવે તો અમે ચોક્કસ સરકાર અને મંત્રીશ્રીનો આભાર માનીશું.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધંધુકા એ ભાલિયા ઘઉ અને દેશી ચણાની ખેતી માટે પ્રખ્યાત થયેલ છે. ભાલિયા ઘઉંની લાપસી, ચુરમાના લાડુ અને ભાખરી માટે ખૂબ વખણાય છે. લાડુ લાપસી અને ભાખરી માટે બારેમાસ ઘરે ભરવામાં આવતા હોય છે. આ ભાલિયા ઘઉં બિન પિયત એટલે કે પાણી પાયા વગરના હોય છે,ત્યારે છેલ્લાં ઘણા વર્ષોથી ઉપરવાસનું પાણી આવવાથી અને પાણીનો નિકાલ સમયસર નહિ થવાથી, નદીઓ પુરાઇ જવાથી પરંપરાગત સ્ત્રોતથી થતો હતો, પરંતુ ત્યાં કેનાલો થવાથી પાણીનો નિકાલ સમયસર થઇ શકતો નથી. પાણીનો નિકાલ સમયસર નહિ થવાથી ભાલિયા ઘઉં અને ચણાનું વાવેતર પણ ઘટ્યું છે. ચણા અને ઘઉંનું વાવેતર ખૂબ ઘટ્યું  છે અને આ બિન પિયત હોવાથી એનું ઉત્પાદન પિયત કરતાં ઓછું આવતું હોય છે.  આખા વર્ષ દરમિયાન એકજ  ફસલ લેવામાં આવતી હોય છે, ત્યારે ઘઉં અને ચણાનું સારું માર્કેટ મળે એની વ્યવસ્થા થાય અને પોષણક્ષમ ભાવ મળે એના માટે સરકારને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારનું રાણપુર તાલુકાનું અળવ ગામનું તળાવ આવેલ છે એને સૌની યોજનાની ભરવામાં આવે તો આજુબાજુના આઠ થી દસ ગામોમાં જમીનના તળ ઉંચા આવે અને એના દ્વારા ખેતીને લાભ થઇ શકે તેમ છે.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે વર્ષ ૧૯૭૨ પહેલાં જૂના ગામતળમાં જે લોકો પાસે કબજો હોય આવા લોકોને સરકારશ્રીની જાહેરાત મુજબ કબજાની માપણી કરી દેવાની છે. એ કરીને જમીન રેગ્યુલરાઇઝ કરી દેવાની વિચારણા છે તો એ કરવા માગો છો કે કેમ? જમીન પર રોપા હોય અને બાજુમાં ઢોરઢાંખર હોય એનો વાડો હોય તો એ વાડાને સરકારશ્રી રેગ્યુલરાઇઝ કરવા માગે છે કે કેમ? માળીયા માંગરોળ તાલુકામાં ફળાઉ ઝાડ માટે જમીન આપેલ હતી. અમારા વિસ્તારમાં આંબા, ચીકુ અને નાળીયેરી થાય છે. એ વખતની શરતો મુજબ એ લોકોએ માગણી કરેલ હોય, પરંતુ અત્યારના નિયમ પ્રમાણે સરકારશ્રીએ નક્કી કરેલ છે કે એક હજાર વૃક્ષો વાવવાના હોય અને એ શરતો આ જૂના જે ફળાઉ ઝાડ આવેલા છે,  એમાં ઘણી જગ્યાએ ખાલસા પણ કરેલી છે, તો આ ખાલસા કરેલી જમીનો છે એ હુકમ રદ કરવા માગે છે કેમ? સાંથણીમાં જે જમીનો આપેલ છે એ જૂની શરતમાં  આપેલી છે. તો આ ફળાઉ ઝાડની જમીનો જૂની શરતોમાં ફેરવવા માગો છો કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં બે ગામ છે. નવા વાંદરવડ અને શેરીયા. તેમાંથી શેરીયા ગ્રામપંચાયતમાંથી બારા જુદું પડેલું છે. તેની ૨,૫૦૦થી ૩,૦૦૦ની વસતિ છે. પેલા વિસ્તારમાં ૮,૦૦૦ની વસતિ છે. વાંદરવડ ગ્રામપંચાયતમાં અમુક પાસે સનદો છે અને બીજા પાસે નથી. તો સનદો આપીને રેગ્યુલાઇઝ કરવા માગો છો કે કેમ?

શ્રી પુનાભાઇ ઢે. ગામિત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયક પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં યોજનાઓમાં નાણા ફાળવવા બાબત. ગુજરાતમાં જે રીતે આદિવાસીઓને નુકસાન થઇ રહ્યું છે, અત્યારે જે મંત્રીશ્રી અને બધા દિલ્હી ગયા હતા કે પારતાપી યોજના બંધ કરવા માગીએ છીએ. બંધ કરો તો સારું. તો એ રીતે તમે બંધ કરાવો કે તમે લેખિતમાં આપો. ગુજરાતના મુખ્યમંત્રી આપે કાં તો નાણામંત્રી આપે કે અમે આ યોજના બંધ કરીએ છીએ. તેનું શ્વેતપત્ર બહાર પાડે, કારણ કે આ યોજના થવાથી અમારા આદિવાસી વિસ્તારમાં વલસાડ, ડાંગ, તાપી અને સુરત આ ચાર-પાંચ જિલ્લાઓને ઘણું બધું નુકસાન થવાનું છે, ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા જે ગ્રાન્ટ આદિવાસીઓની વસતિ કરતાં પણ વધારે ફાળવવામાં આવે છે, એવું માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી પણ કહેતા હતા. ત્યારે આદિવાસીઓને લાભ થાય એવી યોજનાઓ તમે લાવો. જેથી કરીને આદિવાસીઓને નુકસાન ન થાય અને એ લોકોનું હિત જળવાય એવું તમે કરો. જે યોજના માટે અત્યારે ટી.વી. પર અને બધે જે ચર્ચા ચલાવી રહ્યા છો એ અત્યારે તમે ફક્ત વચન આપેલું છે. તમે અમને લેખિતમાં આપો જેથી કરીને અમે પણ તમારા માટે ફટાકડા ફોડીએ. અત્યારે ફટાકડા ફોડવામાં આવ્યા છે એ તો પેપર ફોડવા જેવા ફટાકડા તમે ફોડ્યા છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયકમાં ગ્રામ્ય વિસ્તારમાં ગરીબ લોકોને લેન્ડ કમિટી મારફત પ્લોટ મળે તે માટેનો મારો મુદ્દો છે. મારા મતવિસ્તારમાં હજારો પરિવારો એવા છે કે જે ૪૦-૫૦ વર્ષથી ગામતળમાં પોતાની વસતિનું ધોરણ વધી જવાથી તેમનું ખળું વગેરે હોય તેમાં નાનું મોટું મકાન બનાવીને રહે છે. કોઇ પણ પંચાયતની ચૂંટણી કે કોઇ પણ ચૂંટણી આવે ત્યારે દબાણ દૂર કરવા માટે કાર્યવાહી થાય અને આ લોકો વારંવાર ભયભીત થાય છે. તો માનનીય મહેસૂલ મંત્રીશ્રીને સમગ્ર ગુજરાતના લોકો વતી વિનંતી કરું છું કે જે લોકો વર્ષોથી કાચું ઝૂંપડું બનાવીને ત્યાં રહે છે તેમને ત્યાં લેન્ડ કમિટી મારફત પ્લોટ આપવામાં આવે, જે ગામની અંદર પડતર જમીન નથી, ગૌચરની જમીન છે તો બાજુના ગામમાંથી તબદિલ કરીને પણ આવા ગરીબ લોકોને પ્લોટ આપવામાં આવે. રેગ્યુલર કરી આપવામાં આવે તો એ લોકોનો પ્રશ્ન કાયમી રીતે હલ થાય અને તેને સરકારના લાભ  પણ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી પણ વિનંતી છે કે જ્યાં સુધી સરકાર આ નિર્ણય લઇ અને આ લોકોને રેગ્યુલર રીતે કાયદાની ભાષામાં અધિકાર ન આપે ત્યાં સુધી લેન્ડ ગ્રેબિંગનો કાયદો છે એ આવા લોકો ઉપર લગાડીને આવા ગરીબ લોકોને હેરાન કરવામાં ન આવે. આવી પણ મારી સરકારશ્રીને વિનંતી છે.

## તા. 30મી માર્ચ ૨૦૨૨
## ગુજરાત વિનિયોગ વિધેયક,૨૦૨૨

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયક મારફત મારા મતવિસ્તારની અંદર જી.આઇ.ડી.સી.નો પ્રશ્ન મેં ઉપસ્થિત કર્યો છે. વર્ષ ૨૦૧૨માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી ભાઇશ્રી નરેન્દ્રભાઇ મારા વિસ્તારમાં આવીને જી.આઇ.ડી.સી. ડિક્લેર કરી ગયા હતા. નાણામંત્રીશ્રી આપને વિનંતી કરું કે આ ચોથી વખત હું જી.આઇ.ડી.સી. બાબત બોલી રહ્યો છું. કાંટા ઉદ્યોગ આખા દેશની અંદર પ્રખ્યાત છે. મિડલ ઉદ્યોગ અમારો ખતમ થઇ ગયો છે. દર ચૂંટણીએ જેમ લગ્ને લગ્ને કુંવારા એમ દર ઈલેક્શને જી.આઇ.ડી.સી.ના વાયદા આપવામાં આવે છે પછી આ યોજનાને અને આ વાતને અભેરાઇ પર મૂકવામાં આવે છે. જમીન નથી એવી વાત કરવામાં આવે છે તો હું આપને એવી જમીન પણ બતાવી શકું. મારા મતવિસ્તારની અંદર કેન્દ્રશાસિત દીવાદાંડીની જમીન હતી. અત્યારે રાજ્ય સરકાર હસ્તક જમીન પણ પડી છે અને આપને વિનંતી એટલા માટે કરું છું કે આ એટલો ગંભીર પ્રશ્ન છે કે મિડલ ઉદ્યોગ માટે મારા મતવિસ્તારના નાના ઉદ્યોગકારો લોખંડના ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોનો ઉદ્યોગ અત્યારે નષ્ટ થઇ ગયો છે. આપ જો મારા વિસ્તારની અંદર જી.આઇ.ડી.સી. આપશો તો કોંગ્રેસના ધારાસભ્ય તરીકે આપ જ્યારે જી.આઇ.ડી.સી. આપશો ત્યારે હું તમારા સામૈયા કરવા આવીશ, તમારું સ્વાગત કરવા આવીશ. કારણ કે પ્રશ્ન એટલો ગંભીર છે. નાણામંત્રી અમારા શ્રી નીતિનકાકા બદલાઇ ગયા. એ સમયે એમણે વિધાનસભામાં કમિટમેન્ટ આપ્યું હતું. પણ આવતી વખતે તમે હો કે ન હો પણ આજે આપ કમિટમેન્ટ આપો કે આ એક વર્ષમાં પૂર્ણ કરાવી આપશો એટલી વિનંતી કરું છું. જી.આઇ.ડી.સી.નો પ્રશ્ન હું એટલા માટે વારંવાર ઉપસ્થિત કરી રહ્યો છું કે કુંડલા એવો વિસ્તાર છે કે એ રાજકોટની પેરેરલ કામ થઇ શકે એવા અમારે ત્યાં કોઠાસૂઝ ધરાવતા સ્કીલવાળા માણસો છે. એ લોકો આજે હિજરત કરી રહ્યા છે. વિસ્તાર મૂકીને બીજે જવું પડે એવી પરિસ્થિતિ ઉભી થઇ છે. ફરીથી વિનંતી કરું છું કે, ભારતીય જનતા પાર્ટીનું સામૈયું કોંગ્રેસવાળો કરવા આવશે એની હું ખાતરી આપું છું. ફક્ત મને જી.આઇ.ડી.સી. આપો.

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, જે વિનિયોગ વિધેયક લઇને આવ્યા છે એમાં શિંગોડા સિંચાઇ યોજના છે એ બાબતે મારે વાત કરવાની છે. ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાની જે શિંગોડા સિંચાઇ યોજના છે એ બિન પિયત વિસ્તારની અંદર વર્ષ ૧૯૭૮-૮૦ માં ચાલુ થયેલ. આ યોજનાથી ખેડૂતોને ખૂબ જ ફાયદો થયો છે. ત્યારબાદ એમાં જમણાં કાંઠાની કેનાલ પણ બની. એની લંબાઇ ૩૭ કિલોમિટર જેટલી હતી. પરંતુ સમય જતાં એ કેનાલ બંધ થઇ ગઇ છે અને શિંગોડા ડેમની અંદર પાણીની બચત રહે છે ત્યારે મારી આપને વિનંતી છે કે જે ૩૭ કિલોમિટરની કેનાલ બંધ થઇ ગઇ, એ ડાબા કાંઠાની કેનાલની લંબાઇ જે માઇનોર-૪ અને માઇનોર-૩ વધારવાની વાત છે. ૩૦૦ મિટરથી ૨,૧૦૦ મિટર કરવાની વાત છે, એ જો વધારવામાં આવે તો અંદાજે ૨,૦૦૦ એકરને પિયત મળી શકે એમ છે અને એટલા ખેડૂતોને ફાયદો થાય તેમ છે. આથી આ કેનાલની લંબાઇ વધારવામાં આવે. અત્યારે જે એ.બી. કેનાલ છે, એમાંથી પાણીના સ્ત્રોત વહે છે એ સી.ડી અને સી.એફ. કેનાલોમાં સમયાંતરે આપવું પડે છે. ૧૫ દિવસ આમાં આપવું પડે છે અને ૧૫ દિવસ પેલામાં આપવું પડે છે. આના કારણે ખેડૂતોને ૧૫ દિવસ મોડું પાણી મળે છે. જો એ.બી. કેનાલનું સેકશન સુધારવામાં આવે તો એનાથી સી.ડી. અને સી.એફ. બન્ને કેનાલ એક સાથે ચાલે એમ છે અને ખેડૂતોને ૧૫ દિવસ પાણી મોડું મળે છે એ એક સાથે મળે તો ઘઉંનો પાક એક સાથે લઇ શકે એમ છે. આથી મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ કેનાલની લંબાઇ વધારાવામાં આવે અને એ.બી. કેનાલની સેકશન વધારવામાં આવે તો ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થાય તેમ છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજકોમાસોલ સંસ્થા એ વર્ષોથી ગુજરાતના ખેડૂતોની અગ્રણી સંસ્થા રહી છે. પણ છેલ્લા બે-ત્રણ વર્ષથી ગુજકોમાસોલમાં જે રીતે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે, ખોલડા ખાતે એક જમીન ખરીદવામાં આવી. આજે પણ એ જમીન ૧૦ લાખ રૂપિયાની અંદર મળે છે. આ જમીન ખોડલા ખાતે રૂપિયા ૧ કરોડ ૬૪ લાખમાં ખરીદવામાં આવી છે અને એ પણ ગુજકોમાસોલના જે ડિરેક્ટરો છે એમના સગાના નામે ખરીદવામાં આવી છે, એમાં જે એક ડિરેક્ટર દશરથભાઇ પટેલ છે એમણે માહિતી માગી તો એમને માહિતી આપવામાં આવી કે આ જે જમીન ખરીદવામાં આવી છે એ તા. ૬-૬-૨૦૨૦ના રખેવાળ દૈનિકમાં જાહેરાત આપીને ખરીદવામાં આવી છે. માહિતી નિયામક પાસે દશરથભાઇ પટેલે રખેવાળ દૈનિકની માહિતી માગી. એમણે લખીને આપ્યું છે કે આવી કોઇ જાહેરાત રખેવાળ દૈનિકની અંદર આપવામાં આવી ન હતી. રખેવાળ દૈનિકે પણ લખીને આપ્યું છે કે અમે આવી કોઇ જાહેરાત આપી નથી. આવા ખોટા ડોક્યુમેન્ટ ઉભા કરી આજે જે જમીન ૧૦ લાખ રૂપિયામાં મળે છે એને કરોડો રૂપિયામાં ખરીદીને ગુનાહિત કૃત્ય કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત કે ગાંધીનગર જી.આઇ.ડી.સી. એસ્ટેટ ખાતે ઇલેક્ટ્રોનિક એસ્ટેટની અંદર જે મકાન, પ્લોટ ખરીદવામાં આવ્યો, ગુજકોમાસોલની અંદર જાહેરાત આપવામાં આવી ત્યારે એમાં સ્પષ્ટ હતું કે આ પ્લોટ ખરીદવામાં આવે ત્યારે એનું ટાઇટલ જોવું. જે ઠરાવ કરવામાં આવ્યો એની અંદર પણ સ્પષ્ટ હતું કે ટાઇટલ ક્લિયર કર્યા પછી એના પૈસા ચૂકવવા. આમ છતાં ૧૩ કરોડ રૂપિયા જમીન ખરીદવામાં ચૂકવ્યા અને રૂપિયા ૧૫ કરોડ ૮૦ લાખ રૂપિયા એના રિનોવેશન માટે ખર્ચ્યા. આજે પણ એ જમીન ગુજકોમાસોલના નામે થઇ નથી. હું અધિકારીઓને મળ્યો, આ બાબત ગંભીર પ્રકારની છે. સી.આઇ.ડી. ક્રાઇમ, અગાઉ આ બાબતે આવી સહકારી સંસ્થામાં જ્યારે અમારા સહકારી આગેવાન નટુભાઇ પિતાંબરભાઇ હતા ત્યારે એમને સહકારી કાયદાની કલમ-૮૬, ૯૩ અને ૭૬(ડી) મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી. તો મારી આપના મારફત વિનંતી છે કે આ ગંભીર પ્રકારનું ફોજદારી કૃત્ય છે એટલે સહકારી કાયદાની સાથેસાથે આઇ.પી.સી. મુજબ જે ગુનો બનતો હોય એ બાબતે કાર્યવાહી કરવામાં આવે અને સી.આઇ.ડી. ક્રાઇમની તપાસ કરવામાં આવે.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રીને સૂર્યોદય યોજના વિશે મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૪ મી ઓકટોબર, ૨૦૨૦ ના રોજ ૫ અને ૨૧ મિનિટે આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સૂર્યોદય યોજના લોંચ કરી અને ત્યારે રૂપિયા ૩,૫૦૦ કરોડ રૂપિયા આ યોજના પાછળ પ્રારંભિક સ્ટેજે વાપરવા અને વર્ષ ૨૦૨૩ સુધીમાં આ યોજના પૂર્ણ કરવી એવી જાહેરાત કરવામાં આવી, એવું આયોજન કરવામાં આવ્યું, પરંતુ આજે એ કામ કયાંક અટકેલું છે અને જયાં સૂર્યોદય યોજના જેટલા ફિડરો ચાલુ કરવામાં આવ્યા હતા, એ ફિડરોમાં કોઇ દિવસ માનનીય નાણામંત્રી ઉર્જામંત્રી છે એટલે કહું કે ફરિયાદ અને સંકલન સમિતિ રાજકોટમાં મેં પ્રશ્ન પૂછયો કે કેટલા ફિડરમાં સૂર્યોદય યોજનાની અંદર લાઇટ આપવામાં આવી એમાં પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓએ કીધું એકપણ ફિડરમાં લાઇટ આપવામાં નથી આવતી. આનો જવાબ પણ મારી પાસે માનનીય મંત્રીશ્રી છે. સૂર્યોદય યોજનાની જો અમલવારી થાય તો ૧૦૦ ટકા ગીર વિસ્તારના ખેડૂતો અને જંગલની આજુબાજુ જે એરિયા છે ત્યાંના ખેડૂતો નિર્ભય થઇને સિંચાઇનો લાભ લઇ શકે. મારા વિસ્તાર જૂનાગઢની નજીક ૧૨ કિલોમિટરમાં આવે છે ત્યાં અત્યાર સુધીમાં બે વર્ષની વાત કરું છું બે વર્ષમાં ૧૮ વખત સિંહ અને દીપડા જંગલ ખાતા દ્વારા પકડવામાં આવ્યા. ખેડૂતોમાં આ બાબતે ભડક છે અને માનનીય મંત્રીશ્રી મારો વિસ્તાર પાણીવાળો અને પાણીદાર વિસ્તાર છે. આખાયે સૌરાષ્ટ્રની અંદર સૌથી વધુ, વધુમાં વધુ સિંચાઇ ૩૯,૦૦૦ હેકટરની અંદર કેનાલો મારફતે થાય છે. કૂવાઓ અને બોરમાં સારું પાણી છે એટલી બધી નદીઓ છે અને ફકત મારા વિસ્તારમાં પાંચ જ એવા ફિડર છે કે જેનો સૂર્યોદય યોજનાની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે જે વિસ્તારની અંદર પાણી છે અને ખરેખર જંગલી પશુઓનો ત્રાસ છે, આવા વિસ્તારોને તાત્કાલિક ધોરણે સૂર્યોદય યોજનાનો લાભ મળે અને ખેડૂતોને અત્યારે જેમ વીજળી મળે છે એમ નહીં પરંતુ પૂરા વોલ્ટેજથી ખેડૂતોને ૮ કલાક વીજળી મળે એના માટે આપ પ્રયત્ન કરો એવી આપની પાસે અપેક્ષા પણ રાખું છું અને આપને વિનંતી પણ કરું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિપક્ષના સાથી સભ્યોએ જે રજૂઆત કરી છે એનો હું જવાબ આપવાનો પ્રયત્ન કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ શ્રી અમરીષભાઇએ જે વીમા કંપનીની વાત કરી. વીમા કંપનીના જે દાવાઓમાં એમણે વાંધા અરજીઓ લઇ દાવાઓનો અસ્વીકાર કરેલ છે. આ બાબતે દાવાઓ તાત્કાલિક ચૂકવવા માટે સરકાર તરફથી એની રજૂઆત થઇ છે અને સાથેસાથે એમની બેઠકમાં પણ આ અંગે કડક રીતે વાત થઇ છે અને હવેથી ઇન્શ્યોરન્સ કંપનીને આપણે ઇન્શ્યોરન્સ આપીશું નહીં અને આપણે જે રીતે ઇન્શ્યોરન્સ બંધ કરીએ છીએ એ રીતે આપણે ઇન્શ્યોરન્સ ફરજિયાત રાખીશું નહીં. (અંતરાય) એના માટેના ૧૦૦ ટકા પ્રયત્ન કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી રઘુભાઇએ જે વાત કરી પેન્શનની એની ઘણીબધી રજૂઆતો કોંગ્રેસના ધારાસભ્યો, ભા.જ.પ.ના ધારાસભ્યો અને ઘણા લોકો તરફથી આવી છે. આ વિચારણા સક્રિય રીતે આગળ વધી રહી છે અને ટૂંક સમયમાં એનો ઉપાય કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને શ્રી ભગાભાઇએ કોડીનાર અને તાલાલા માટે વાત કરી. સુગર ફેકટરી જયારે બને છે એ સરકારી કાયદા પ્રમાણે બને છે અને એ સંસ્થા પોતાની રીતે સ્વનિર્ભર રીતે લોન લઇ શકે, વહીવટ કરી શકે, એનો નફો કરી શકે અને એ રીતે આ દરેક સુગર ફેકટરી પોતે પોતાની કાર્યવાહી કરવાની હોય. પરંતુ જે સુગર ફેક્ટરી નબળી પડી છે, એના માટે તલાલા ફેક્ટરીનું દેવુ ૪૪ કરોડ ૬૨ લાખ છે. બિલેશ્વર ખાંડ મંડળીનું દેવુ ૭૨ કરોડ ૮૭ લાખ છે. આ કંપનીઓને પાછી શરૂ કરવા માટે બોર્ડ ઓફ ડિરેક્ટર શું કરવા માગે છે. આ બધી ચર્ચા વિચારણાને અંતે સરકારે આ બજેટમાં સુગર ફેક્ટરીઓને નાની મોટી મુશ્કેલી થતી હોય તો એના માટે મદદ કરવા માટેની વ્યવસ્થા રાખી છે. એમાં કોઇ પર્ટીક્યુલરી સુગર ફેક્ટરીનું નામ નથી. જે કોઇ સારી રીતે પ્રોપોઝલ લઇને આવે એના માટે વિચારણા કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી વિરજીભાઇએ જે રસ્તાની વાત કરી છે. ગામડાના નોન પ્લાન રસ્તા માટે કોઇપણ દિવસ જમીન સંપાદન કરવામાં આવતું નથી. આજુબાજુના બંને ખેડૂતો સાથે મળીને જે રીતે નક્કી થાય તે પ્રમાણે રસ્તો બનતા હોય છે. બે ભાગીદારો, પાર્ટનરો વચ્ચે ડિસ્પ્યૂટ થાય ત્યારે માપણી અધિકારી આવીને રસ્તાનું ધોરણ નક્કી કરે છે અને એના માટેની વ્યવસ્થા છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના નીચે કાચા રસ્તા બનાવવા માટે યોજનાની ગાઇડલાઇન મુજબ જમીન સંપાદન કરવાની જોગવાઇ નથી. પરંતુ ઉપલબ્ધ જમીન પર જમીની આજુબાજુ ખેતરના ખાતેદારોને સમજાવટથી રસ્તાનું બાંધકામ કરવામાં આવે છે. જો વિવાદ થાય તો મહેસૂલ વિભાગના જવાબદાર અધિકારીઓની હાજરીમાં જમીન માપણી કરીને દબાણ દૂર કરીને રસ્તાની કામગીરી કરવામાં આવશે. આપણા મહેસૂલ મંત્રી સાથે વાત કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુંજાભાઇએ જે વાત કરી ઉના સુગર ફેક્ટરીમાં તારીખ ૭-૫-૨૦૧૨ ના રોજ ફડચામાં ગઇ અને ફેક્ટરી બંધ થતા પછીના કર્મચારીઓનાં બાકી નાણાં ચૂકવવાનાં થાય છે, એ રૂપિયા ૧૭ કરોડ જેટલા છે. જ્યારે કંપની ફડચામાં જાય તો તેનો અગ્રતાક્રમ નક્કી કરવામાં આવે એ પ્રમાણે નાણાનું ચૂકવણું થતું હોય છે. સંસ્થા પાસે હાલ ૨૧૫ એકરની નવી શરતની જમીન ઉપલબ્ધ છે. સદર જમીન વેચવા માટેની મંજૂરીની કાર્યવાહી ચાલુ છે. તમે તાત્કાલિક મીટિંગ બોલાવવા કહ્યું છે. તો તે માટેનો પ્રયત્ન કરીને મીટિંગ બોલાવી લઇશું.

તા. 30મી માર્ચ ૨૦૨૨

ગુજરાત વિનિયોગ વિધેયક,૨૦૨૨

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નૌશાદભાઇએ વાત કરી પહેલા પાણી જતું હતું અને અત્યારે પાણી જવાની ગતિ ઓછી છે, પરંતુ એના માટે જે એસ્કેપ પાણી જાય છે. એના માટે ઉંચા પાળા બનાવી પાણીનો સંગ્રહ કરવાની વ્યવસ્થા વિચારવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી લલીતભાઇએ વાત કરી બેન્કેબલ યોજના એ યોજના તારીખ ૬-૭-૨૦૨૧ સુધી સ્થગિત કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે ૭-૨૧ થી કર્વાર્ટર પૂર્ણ થયા બાદ મળેલ છે. ૪૮,૯૨૬ અરજીઓ આવેલ છે એમાંથી ૧૦,૧૧૦ અરજીઓ મંજૂર કરી ૬૨.૩૩ કરોડની લોન મંજૂર સબસિડી સહાય મંજૂર કરવામાં આવેલ છે. ગયા અઠવાડિયે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે મીટિંગ થઇ. એમણે કહ્યું આ લોન વ્યવસ્થિત રીતે મંજૂર થવી જોઇએ, એના માટે અરજી કરતી વખતે નાના મોટા વાંધોઓ હોય તે બધા સંપૂર્ણ રીતે ડેડલાઇન કરીને આ લોકોને મદદ મળવી જોઇએ, એ રીતની વાત થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી આનંદભાઇએ જે ૬,૦૦૦ પ્રાથમિક શાળાની વાત કરી તે બંધ નથી. ફકત આદિજાતિ વિસ્તારમાં જિલ્લામાં છેલ્લાં ૨ વર્ષમાં ૧૭ શાળાઓ બંધ થઇ છે. ઓછી સંખ્યા ધરાવતી બાળ શાળાને આરટીઇ એક્ટ-૨૦૦૯ હેઠળ ૧ થી ૫ ધોરણના કિસ્સામાં ૧ કિ.મી. અને ૬ થી ૮ ધોરણના કિસ્સામાં ૩ કિ.મી.ના અંતરે આવેલ અન્ય નજીકની શાળામાં મર્જ કરી શાળાના વિદ્યાર્થીઓને આરટીઇ એક્ટની જોગવાઇ મુજબ આપવામાં આવેલ છે, આથી આદિજાતિ વિસ્તારમાં ૬,૦૦૦ શાળા બંધ થયેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુનાભાઇએ વાત કરી એ તાપી લિંક રીવરની ઘણી ચર્ચાઓ થઇ છે. ઘણી બધી રજૂઆતો થઇ. આપણા સિંચાઇ મંત્રીશ્રીએ કહ્યું તેમ વર્ષ ૧૯૯૫ થી આ વાત ચાલે છે. છેલ્લે ગુજરાતના બધા ધારાસભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓએ રજૂઆત કરી આ યોજના હવે આગળ નહિ ચાલે તેની ચોક્કસ ખાતરી સાથે આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી કનુભાઇએ ભાવનગરમાં તળાજા ખાતે જી.આઇ.ડી.સી.ની વાત કરેલ છે. આમ જોવા જઇએ તો ભાવનગર જિલ્લામાં આઠ જી.આઇ.ડી.સી. આવેલી છે. ખાસ કરીને તળાજા ખાતે મથાવડા ગામે જે જગ્યા છે તે અલંગ એરપોર્ટ ઓથોરિટી પાસે છે. આ જગ્યા બિલ્ડિંગ, વિન્ડફાર્મ ડેવલપમેન્ટ, સરકારી માધ્યમિક શાળા માટે અનામત હોઇ જમીન ઉપલબ્ધ નથી. જે જગ્યા છે તેમાં જી.આઇ.ડી.સી. માટેની શક્યતા તપાસવામાં આવી છે, પરંતુ ગેસ પાઇપલાઇન, એચ.ટી. પાઇપલાઇન અને જમીનનો આકાર જોતાં જી.આઇ.ડી.સી. બની શકે તેવી શક્યતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી રાજેશભાઇએ ભાલિયા ઘઉંની ખરીદીની વાત કરી છે. ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય પુરવઠા નિગમ દ્વારા કરવામાં આવે છે અને ચણાની ખરીદી નાફેડ દ્વારા કરવામાં આવે છે. અમદાવાદ એ.પી.એમ.સી. દ્વારા ધંધુકા એ.પી.એમ.સી. ખરીદી કેન્દ્ર ખાતેથી ૧૮૯ ખેડૂતો પાસેથીરૂપિયા ૨ કરોડ ૩૪ લાખના ૪૪૬ મે.ટન ચણાની ટેકાના ભાવે ખરીદી કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી બાબુભાઇ અને ગેનીબેનનો સવાલ એક જ છે. જે રીતે ગામતળની જગ્યાનો કબજો આપવાનો છે, તે માટે મહેસૂલ વિભાગના તા.૮-૧-૧૯૮૦ના ઠરાવ મુજબ ખુલ્લી જમીન પર રહેઠાણો માટે દબાણ નિયિમત કરવાનો નિર્ણય થાય તે તારીખે ચાલુ બજારભાવની ૨.૫ ગણી કિંમત અથવા દબાણ કર્યાની તારીખથી નિયમિત થાય ત્યાં સુધીના આકાર અને વેરા લઇ નવી શરતે નિયમિત કરવાની જોગવાઇ છે. મને જણાવતાં આનંદ થાય છે કે, અત્યાર સુધીમાં ૧૭,૦૩,૨૯૬ પ્લોટોની ફાળવણી થઇ છે અને આ કામગીરી અંગે તંત્રની નિષ્ફળતાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. શ્રી ગેનીબેને કહ્યું કે, કાયદાનું રક્ષણ મળે અને લેન્ડ ગ્રેબિંગનો કાયદો તેમને લાગુ ન પડે તો તેમાં મહેસૂલ મંત્રીશ્રી ચોક્કસ રીતે ધ્યાન આપશે તેવી ખાતરી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર શ્રી પ્રતાપભાઇએ વાત કરી તેમાં દીવાદાંડીની જગ્યા આપી છે અને ત્યાંના ઉદ્યોગપતિઓ પોતાની નોંધણી કરાવશે કે આટલા આટલા ઉદ્યોગપતિઓ આવવા માટે તૈયાર છે, પરંતુ તમે જે જગ્યા બતાવી હતી, તેની કિંમત ૪,૬૧૩ રૂપિયા પર સ્કવેર મિટર છે. આટલી મોંઘી જગ્યા કોઇ જી.આઇ.ડી.સી. ખરીદી નહીં શકે. એટલે દીવાદાંડીની જગ્યા જો સરકારી હશે તો તેમાં આપણે ચોક્કસ રીતે વિચારીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી મોહનભાઇએ શિંગોડા નદીની વાત કરી છે. તેમાં વહીવટી મંજૂરી આપવા માટે વિચારણા ચાલુ છે અને મોટાભાગે તે મંજૂરી આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કિરીટભાઇએ જે વાત કરી તે સબજયુડીસ મેટર છે. તે હાઇકોર્ટમાં પડતર છે. હાઇકોર્ટે તેમાં તારીખ આપેલી છે એટલે આપણે તેમાં ચર્ચા નહીં કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી લલિતભાઈએ જે વાત કરી છે તેમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોની વર્ષો જૂની માગણીને કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજળી આપવાનું નક્કી કર્યું અને તે શુદ્ધ હેતુથી થયેલું કામ છે. આમાં ઘણા બધા ટેકનિકલ સુધારાઓ કરવાના થાય છે, એટલા માટે તબક્કાવાર વીજળી આપવામાં આવશે. આ વખતના બજેટમાં પણ આ યોજના માટે રૂપિયા ૧,૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પરંતુ પ્રવહન માળખાનું સુદ્રઢીકરણ કરવા માટે કુલ ૩,૮૦૬ કિલોમિટર જેટલી સર્કિટ નવીન ૬૬ કે.વી. વીજરેખાનું નિર્માણ કરવું પડે તેમ છે. કુલ ૧૧ નવીન ૨૨૦ કે.વી. સબ સ્ટેશન તથા ૧ નવીન ૧૩૨ કે.વી. સબ સ્ટેશન તથા સંલગ્ન વીજરેખા પ્રસ્થાપિત કરવાનું કામ કરવું પડે તેમ છે. કિસાન સૂર્યોદય યોજના માટે મેં કહ્યું તેમ વર્ષ ૨૦૨૨-૨૩ ના બજેટમાં રૂપિયા ૧,૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસની અછતનું નિર્માણ થવાથી તેમજ રાજ્યની વીજમાંગમાં વધારો થવાથી વીજ પુરવઠો અનિયમિત થયેલ છે. આ સંજોગોમાં દેશના અન્ય રાજ્યોમાં વીજકાપ લાદવાની ફરજ પડેલ છે. જ્યારે ગુજરાતે ઉપલબ્ધ તમામ વીજ સ્ત્રોતોનો મહત્તમ ઉપયોગ કરીને ખેડૂતોને વીજળી આપવાનો પ્રયત્ન કર્યો છે અને હવે કિસાન સૂર્યોદય યોજનાનું આપણું જે શિડ્યુલ છે તે ફરીથી કાર્યરત કરવાના પ્રયત્નો કરીશું. આભાર.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી આ મુદ્દાઓમાં માનનીય શ્રી ગ્યાસુદ્દીનભાઇનો એક પ્રશ્ન હતો કે, અમદાવાદ શહેરની એસવીપી હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ તથા મા-વાત્સલ્ય કાર્ડ મારફતે દર્દીઓને સારવારની સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. આ કાર્ડ ચાલુ કરવા માટે તેમણે મુખ્યમંત્રીશ્રીને પણ રિક્વેસ્ટ કરી છે અને આપને અત્યારે હાઉસમાં રિક્વેસ્ટ કરી રહ્યા છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કાળ દરમ્યાન સરકાર મહામારીને પહોંચી વળવા માટે જે કાંઇ પણ જરૂરી પગલાં હોય તે લઇ શકે અને એ અનુસંધાને જ આ જે હોસ્પિટલ છે એને કોવિડ હોસ્પિટલ તરીકે ડેડીકેટેડ કરવામાં આવેલી અને તે સમયે આપણે આ મા આરોગ્ય અને વાત્સલ્ય કાર્ડની યોજના બંધ કરવામાં આવેલી. પરંતુ આ હોસ્પિટલમાં આ કાર્ડ માટે તા. ૨૫-૦૨-૨૦૨૨થી સૂચના આપવામાં આવી છે અને એનો અમલ કરવામાં આવશે અને જો તકલિફ થાય તો જણાવશો.

અધ્યક્ષશ્રી : સર્વ સંમતિ કરવા માગો છો ને? માનનીય શ્રી શૈલેષભાઇ,

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મંત્રીશ્રીઓએ જવાબ આપ્યા, માનો કે શ્રી પૂર્ણેશભાઇની દરખાસ્તમાં અમે પાછી ખેંચી, પણ આજ સુધી કોઇ ધારાસભ્યને બોલાવવામાં આવ્યા નથી કે કોઇને સાંભળવામાં આવ્યા નથી. ખાલી અહીંયા હા પાડીએ પણ પાછળથી ચર્ચા કરતા નથી એટલે માનનીય અધ્યક્ષશ્રી, અમારો વિરોધ છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક ૯ - સન ૨૦૨૨ ના ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક ૯- સન ૨૦૨૨ ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક -૯, સન ૨૦૨૨ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૬.**

ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયક**,** ૨૦૨૨

**ગુજરાત રાજ્યમાંની સંસ્થાઓમાં જાહેર સલામતીનાં પગલાં લેવા માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી હર્ષ સંઘવી (રા. કે. ના ગૃહમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક -૬, સન ૨૦૨૨નું ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક -૬- સન ૨૦૨૨નું ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

---

* વિધેયક તા.૨૨મી માર્ચ, ૨૦૨૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તા. 30મી માર્ચ ૨૦૨૨

ગુજરાત જાહેર સલામતી(પગલાં)અમલીકરણ વિધેયક,૨૦૨૨

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પાવન ધરા રાજનીતિની પ્રયોગશાળા બનાવેલ છે. આપણાં ગુજરાતના ગૌરવ, ગરિમા અને ગર્વનું પ્રતીક એવા વિશ્વ વિખ્યાત અને અદ્વિતિય સ્ટેટ્સમેન અને ડિપ્લોમેટ એવા શ્રી નરેન્દ્ર મોદી સાહેબે ગુજરાતની ધરતીમાં અનેક બીજની રોપણી કરેલ છે. આ બીજ અંકુરિત થઇને વિશાળ વટવૃક્ષ બનેલ છે. શ્રી નરેન્દ્ર મોદી સાહેબે સમયને પારખી સમયથી આગળ ચાલનારું દૂરંદેશી રાજય બનાવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર અને સશકત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ગુનાની આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે લેટેસ્ટ સોફ્ટવેરની મદદથી શોધ માટે ફોરેન્સિક સાયન્સનું આગવુ મહત્વ સમજીને દેશમાં સૌપ્રથમ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના ગુજરાતમાં કરેલ હતી. તેમના જેવી કલ્પના અન્ય કોઇ પાસેથી અપેક્ષિત નથી.

અધ્યક્ષશ્રી : વિધાનસભા ગૃહમાં કોઇ મોબાઇલમાં વાત ના કરે પ્લીઝ, જેને વાત કરવી હોય તે બહાર જઇને વાત કરી શકે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ગુજરાત નાણાકીય પ્રવૃત્તિનું આંતરરાષ્ટ્રીય હબ બને તે માટે ગુજરાતમાં ગિફ્ટ સિટીની કલ્પનાને મૂર્તિમંત કરેલી હતી. પોલીસ તંત્ર બાહોશ, કાર્યદક્ષ અને કર્તવ્યપરાયણ બને તે માટે યુવાનોને રક્ષા શકિત યુનિવર્સિટી દ્વારા પ્રશિક્ષિત કરવા માટે એક સોનેરી સ્વપ્ન સેવેલુ હતું. આમ માનનીય શ્રી નરેન્દ્ર મોદી સાહેબે ગુજરાતની ધરામાં આશા, અપેક્ષા, આકાંક્ષા, અરમાનો અને સ્વપ્નના બીજની રોપણી કરેલ હતી, જેના થકી વિશ્વભરમાં ગુજરાત, ગુજરાત મૉડેલ તરીકે કોહિનુરની જેમ ઝળહળી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીયશ્રી નરેન્દ્ર મોદી સાહેબ, માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ, માનનીયશ્રી વિજયભાઇ રૂપાણી તેમજ હાલના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. કોઇ પણ રાજયનો વિકાસ ત્યારે જ ઝડપી બને જયારે રાજયમાં શાંતિ પ્રવર્તતી હોય. ગુજરાતની શાંતિ જળવાય રહે તે માટે રાજય સરકારે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે પોલીસ તંત્ર દ્વારા ટેકનોલોજીકલ ઉપકરણો ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને ફોરેન્સિક વિજ્ઞાનના અસરકારક ઉપયોગથી જાહેર સુલેહ શાંતિ જાળવવામાં અથાગ પ્રયત્ન થકી જવલંત સફળતા ગુજરાતે મેળવેલ છે. ગુજરાતના વિકાસ સાથે ઝડપી ઔદ્યોગિકરણ, ગુજરાતમાં શહેરીકરણ અને ધંધાકીય પ્રવૃત્તીઓનું વિસ્તૃત સતત થઇ રહ્યું છે જેના પરિણામે નાની મોટી ગુનાહિત પ્રવૃત્તિઓ પણ બનવા પામે તે સ્વભાવિક છે. આવી ગુનાહિત પ્રવૃત્તિઓ માટે વાણિજ્યક અને ઔદ્યોગિક સંસ્થાઓ ધાર્મિક સ્થળો હોય કે પછી શૈક્ષણિક સંસ્થાઓ હોય હોસ્પિટલ, ખેલકૂદ સંકુલો, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન કે જયાં લોકો એકત્રિત થતા હોય તેવા તમામ સ્થળો અને આવી બીજી મોટી સંસ્થાઓમાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર રહેતી હોવાના કારણે આવા સ્થળો ઉપર ગુના બનવાની અને સુરક્ષા જોખમાવાની શકયતાઓ રહેલી છે, ત્યારે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની રાહબરી હેઠળની અમારી ભાજપ સરકાર જાહેર અને ખાનગી ભાગીદારીથી રાજયની આંતરિક સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે વચનબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભાજપની સરકાર દ્વારા રાજયની જનતાની સલામતીને વધુ મજબૂત કરવા માટે વિશ્વાસ પ્રોજેકટ હેઠળ લગાવેલા સીસીટીવી કેમેરાનો ઉપયોગ હીટ એન્ડ રનના કેસો હોય કે પછી અનેક એવા અકસ્માત હોય તહેવાર, સરઘસ, મેળાના સમયે. લોક સુરક્ષા માટે તેમજ જનરલ ટ્રાફિક નિયમન માટે કરવામાં આવે છે. આ ઉપરાંત અપહરણના કેસો કે પછી ચોરી-લૂંટ જેવા અનેક મહત્ત્વના ગુનાઓ, અકસ્માત, મિસિંગ બાળકો વગેરે જેવાં તપાસનાં કેસોમાં આ સી.સી.ટી.વી. કૅમેરાનો ઉપયોગ કરવામાં આવે છે. આમ, સી.સી.ટી.વી. કૅમેરા આધારિત સર્વેલન્સની કામગીરીથી કાયદો અને વ્યવસ્થા જાળવણી, ટ્રાફિક નિયમન તેમજ ગુના સંશોધનના વિવિધ હેતુઓ પાર પાડવામાં આવે છે. હું આ સભાગૃહમાં એક ખૂબ જ મહત્ત્વનો કેસ સૌના ધ્યાન પર મૂકવા માગું છું. રાજ્ય સરકારમાં ટેકનોલોજીનું મહત્ત્વ સમજીને વહીવટમાં ટેકનોલોજીનો ઉપયોગ કરવાની રાજકીય ઈચ્છા શક્તિ હોય તો કેવા સુંદર પરિણામ લાવે તેની વાત મારે આ સન્માનનીય ગૃહને કરવી છે. સરકારી વહીવટને ઝડપી અને પરિણામલક્ષી બનાવવા અમારી સરકાર આધુનિક સંદેશા વ્યવહારનાં સાધનો અને આધુનિક વાહનોની ખરીદીને ટોચ અગ્રતા અને અગ્રીમતા આપે છે. પોલીસ તંત્રમાં છેલ્લા ૧૦ વર્ષમાં લગભગ ૫૦ હજાર જેટલી જગ્યાઓની ભરતી કરેલ છે. કાબિલ પોલીસ ઓફિસર, સંદેશા વ્યવહાર અને આધુનિક સાધનો અને લેટેસ્ટ સોફ્ટવેરની મદદથી અમારી સરકારે ગુનાઓને ફટાફટ ઉકેલ્યા છે, એટલું જ નહિ નવા ગુનાઓ બનવા ન પામે તે માટેની એક ધાક પણ ઊભી કરી છે. સી.સી.ટી.વી.ની મદદથી ગુજરાતની કર્મઠ અને કર્તવ્ય પાલન પોલીસે ઘડીના છઠ્ઠા ભાગમાં ગુનેગારોને પકડીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. આ ગુનાની વિગત મુજબ ફરિયાદી પોતાના બે માસના બાળકને લઈને કાગળ વીણવા માટે ગયેલ હતો. તેના બાળકને સાઇકલ રીક્ષા પાછળના ઝૂલામાં મૂકેલો હતો. આવા ફૂલ જેવા કોમળ બાળકનું કોઈ ગુનાહિત વિકૃત માનસ ધરાવતા અપરાધીએ અપહરણ કરેલ હતું. આરોપીએ આવા માસૂમ બાળકને મોટરસાઈકલની પેટ્રોલ ટેંક પર બાળકને બે પગ વચ્ચે રાખીને કપડામાં વીંટોળીને આ નાના બાળકનું અપહરણ કરેલ હતું. બાળકનાં માતા-પિતા બાળક સાથે કોઈ અઘટિત બનાવ બનવાની આશંકાએ હાંફળા ફાંફળા બનીને સંબંધિત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરે છે. બાળકની ઉંમર માત્ર બે માસની હતી. જેને પોતાની સાથે શું બની રહ્યું છે તેની કોઈ પણ જાણકારી ન હતી. આ ગુનેગારો આ પ્રકારનાં બાળકોને ભીખ મંગાવતા હોય છે, આવા બાળકનું થોડા રૂપિયાની લાલચમાં વેચાણ પણ થતું હોય છે. આવી બધી આશંકાઓથી

બાળકનાં માતા-પિતા ભયથી થરથર કાંપતા હતાં. માનવતાને વરેલી ગુજરાત પોલીસના અધિકારીઓએ તેમને સાંત્વના આપી અને ગમે તે ભોગે આકાશ-પાતાળ એક કરીને પણ બાળકને શોધી અને માતા-પિતાને પરત કરવાની હૈયાધારણા આપેલી હતી અને બાળકને શોધવાના ચક્રો ગતિમાન કર્યા હતા. સી.સી.ટી.વી.ના જિલ્લા કક્ષાના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ નેત્રમ ખાતે સી.સી.ટી.વી.ના ફૂટેજ ચકાસીને આ બાળકને શોધીને તેનાં માતા-પિતાને પરત આપેલું હતું. પોલીસની આવી ઉમદા પ્રશંસનીય કામગીરી જોઈને બાળકનાં માતા-પિતા ભાવવિભોર થઈ ગયેલાં હતાં. પોલીસનો અંતઃકરણથી આભાર માનેલો હતો. આ ગુનાને ઉકેલવામાં આ સી.સી.ટી.વી. ટેકનોલોજીની સૌથી વધારે મદદ મળી હતી. આ જ રીતે વિશ્વાસ પ્રોજેક્ટ ફેઝ-૧ ના સફળ અમલીકરણ બાદ રાજ્ય સરકાર દ્વારા વિશ્વાસ ફેઝ-૨ નો પણ અમલ કરવાનો નિર્ણય કરેલ છે. જેમાં ૫૧ નગરપાલિકાઓ ખાતે કેમેરા લગાવવાનું આયોજન થયું છે. વિશ્વાસ ફેઝ-૨ માં ૨૦૩૩ લોકેશનો ઉપર ૯,૦૦૦ કેમેરા લગાવવાનું આયોજન છે. વિશ્વાસ ફેઝ-૨માં અગત્યના સ્થળો જેવાં કે, ટ્રાફિક જંક્શન, એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ્સ, આંતરરાજ્ય સરહદના આવવા જવાના દ્વાર તેમજ વડોદરા, સૂરત અને રાજકોટ શહેરના કમિશનરેટ વિસ્તારો આવરી લેવામાં આવ્યા છે. આ માટે રાજ્ય સરકાર રકમ રૂપિયા ૪૦૦ કરોડનો ખર્ચ કરનાર છે. વિશ્વાસ પ્રોજેકટને વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર લેવલે અનેક એવોર્ડો મળેલ છે. ગુડ એવોર્ડીંગ ગવર્નન્સ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કેટેગરીમાં, ઈન્ડિયન પોલીસ એવોર્ડ વર્ષ ૨૦૨૦, વર્ષ ૨૦૨૧માં સેફ સિટીનો એવોર્ડ પણ ગુજરાત રાજ્યને મળેલ છે. ખાનગી સંસ્થાઓ દ્વારા સલામતીના હેતુ માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવે છે, પરંતુ આ સિસ્ટમ અંગેના કોઇ ચોકકસ ધારાધોરણ નિયત થયેલ નથી. જાહેર સુરક્ષા સલામતીની જાળવણી માટે જનભાગીદારી એ અગત્યનું પાસુ છે. આથી જનભાગીદારીથી નાગરિકોની સુરક્ષા, સલામતી વધારવાના હેતુસર સી.સી.ટી.વી. કેમેરા આધારિત સર્વેલન્સથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી વધુ અસરકારક રીતે શક્ય બનતી હોવાના કારણે જાહેર સ્થળો ઉપર સી.સી.ટી.વી. કેમેરાના ઈન્સ્ટોલેશન તેમજ ગુણવત્તાસભર વિડિયો ફૂટેજની જરૂરિયાતને કાયદાકીય સ્વરૂપ આપવાના હેતુસર હું ગુજરાત જાહેર સલામતી પગલા અમલીકરણ વિધેયક -૨૦૨૨ને લઇને વિધાનસભા ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકમાં મુખ્ય જોગવાઇઓ જોઇએ તો, ગુજરાત જાહેર સલામતી પગલાં અમલીકરણ વિધેયક-૨૦૨૨ અંતર્ગત, સરકારની અધિસૂચનમાં દર્શાવેલ સંખ્યાથી વધુ જનમેદની એકત્રિત થતી હોય તો દર્શાવેલ સંખ્યાથી વધુ માણસોની મુલાકાત લેવાની સંભાવના હોય, તેવા ઔદ્યોગિક અને વ્યવસાયિક એકમો, દુકાનો, ધાર્મિક સ્થળો, મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, રમતગમત સંકુલો, ખાનગી માલિકીના વિસ્તારો પણ જયાં જાહેર નાગરિકોની અવરજવર વધારે રહેતી હોય તેવા સ્થળોને આ વિધેયક લાગુ પડવામાં આવનાર છે. આવા સ્થળોના પ્રવેશ નિર્ગમનના દ્વાર અને પાર્કીંગ વિસ્તારોને આમાં આવરી લઇને, સી.સી.ટી.વી. કેમેરા સિસ્ટમ આ વિધેયકની જોગવાઇ મુજબ લગાવવા અને તેના વિડિયો ફૂટેજ ૩૦ દિવસ સુધી સાચવી રાખવા આમાં જોગવાઇ કરવામાં આવેલ છે. આ વિધેયકના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા ચોક્કસ હોદ્દા ધરાવતા હોય એવા નિયત સંખ્યામાં અલગ અલગ વિભાગના પ્રતિનિધિઓનો સમાવેશ કરીને, એક અથવા એકથી વધુ વિસ્તાર માટે પબ્લિક સેફ્ટી કમિટીની નિમણૂક કરવામાં આવશે. પબ્લિક સેફ્ટી કમિટી દ્વારા એ સમિતિને મદદ કરવા માટે તેના કાર્યક્ષેત્ર હેઠળ પેટા સમિતિઓની રચના કરી શકાશે. પબ્લિક સેફ્ટી કમિટી દ્વારા ચકાસણી કરીને કઇ સંસ્થામાં, કેટલા માણસોની દૈનિક અવર-જવર છે, અથવા કેટલી જનમેદની એકત્રિત થાય, તેની ચકાસણી કરીને જાહેર સલામતી માટેના કયા કયા સાધનો લગાવવાની જરૂરિયાત રહેશે, તે અંગે લેખિતમાં સંબધિત સંસ્થા, એકમોને જણાવવામાં આવશે. તે મુજબના જાહેર સલામતી માટેનાં સાધનો જે તે સંસ્થા, એકમો ખાતે છ માસની અંદર સ્થાપિત થયેલ છે, જે સુનિશ્ચિત કરવાની જોગવાઇ પણ આમાં કરવામાં આવેલ છે. આ સંસ્થાના માલિકો, મેનેજરોને ખોટી રીતે કોઇપણ હેરાનગતિ કે કનડગત ન થાય તે માટે સરકાર સંવેદનશીલ છે. સરકાર દ્વારા નિમાયેલ પબ્લિક સેફ્ટી કમિટી અથવા પબ્લિક સેફ્ટી સબ કમિટી દ્વારા અધિકૃત કરાયેલા કોઇપણ અધિકારી દિવસના યોગ્ય સમયે અને ઓછામાં ઓછા બે દિવસની નોટિસ આપ્યા બાદ પોતાના વિસ્તારની આવી કોઇપણ સંસ્થાના કોઇપણ પરિસરમાં નિરીક્ષણ માટે પ્રવેશી શકશે. નિરિક્ષણ દરમિયાન જણાયેલ કોઇ પણ ક્ષતિ હશે કે કોઇ પણ બાબતો હશે તો પબ્લિક સેફ્ટી કમિટી દ્વારા જે તે સંસ્થાને લેખિતમાં સૂચના આપી શકાશે, જેનું જે તે સંસ્થાએ એક માસની અંદર પાલન કરવાનું રહેશે. પબ્લિક સેફ્ટી કમિટી દ્વારા આપવામાં આવેલ ક્ષતિઓ, આ બાબતી સૂચનાઓનું કોઇ સંસ્થા દ્વારા સમય મર્યાદામાં અમલીકરણ ન કરવામાં આવે તો તે સંસ્થા વિરૂદ્ધ પ્રથમ માસ માટે દસ હજાર રૂપિયા અને ત્યાર પછીના દરેક માસ દીઠ પચીસ હજાર રૂપિયા દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. કોઇ વ્યક્તિ કે પછી સંસ્થા, પબ્લિક સેફ્ટી કમિટી દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ અથવા તો કરવામાં આવેલ દંડ બાબતે અસંતોષ હોય તો તે હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટને અપિલ કરી શકશે. જિલ્લા મેજિસ્ટ્રેટે અપિલ કરનારને સુનાવણીની તક આપ્યા પછી યોગ્ય હુકમ કરશે. અને સંસ્થાઓએ આ હુકમનો ૩૦ દિવસમાં અમલ કરવાનો રહેશે. જો કોઇ સંસ્થા દંડની ચૂકવણીમાં નિષ્ફળ થાય તો દંડની રકમ જમીન મહેસૂલની બાકી રકમ તરીકે વસૂલવાની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. વધુમાં ખાનગી સંસ્થાઓમાં સ્થાપિત જે કેમેરા ફૂટેજ છે તે પોલીસ અધિકારીઓને અપરાધિક બનાવોની તપાસના અનુસંધાને સોંપવા અંગેના કોઇ નિયમ હમણાં અમલમાં ન હોવાથી વિવિધ એકમો તરફથી લગાવવામાં આવેલ સી.સી.ટી. કેમેરા ઇન્ફ્રાસ્ટ્રકચરના વિડિયો ફૂટેજ મેળવવામાં હમણાં પોલીસને ખૂબ જ મુશ્કેલી ઉભી થાય છે. આથી

## ગુજરાત જાહેર સલામતી(પગલાં)અમલીકરણ વિધેયક,૨૦૨૨

ગુનાઓની તપાસમાં ગુનેગારો સુધી પહોંચવામાં પોલીસને સમય ખૂબ વધારે લાગતો હોય છે, ખૂબ મુશ્કેલી પડતી હોય છે, અથવા યોગ્ય પુરાવાના અભાવે સક્ષમ ન્યાયાલયમાં ગુનાઓને સાબિત કરવાની પણ આવા સમયે ખૂબ મુશ્કેલી ઉભી થતી હોય છે. આ વિધેયક લાવવાનો મુખ્ય હેતુ તપાસમાં ગુનેગારો સુધી પહોંચવામાં પોલીસને જે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને યોગ્ય પુરાવાના અભાવે સક્ષમ ન્યાયાલયમાં ગુનાઓને સાબિત કરવામાં જે મુશ્કેલી ઉભી થાય છે તે નિવારવાનો અને ગુનો કરીને નાસી છૂટેલા ગુનેગારોને શક્ય હોય એટલા જલદી પકડી પાડવા તેમજ ગુનેગારોની ગુનાહિત પ્રવૃતિ કેમેરામાં કેદ થઇ રહેલ છે. ફૂટેજના આધારે પકડાઇ જવાના ભયથી આવી ગુનાહિત પ્રવૃતિઓને બનતી આપણી રોકી શકીએ છીએ. આપણે સૌ જાણીએ છીએ કે આજે ટેકનોલોજીના જમાનામાં દુનિયાભરની અંદર સી.સી.ટી.વી.નો સૌથી વધારે ઉપયોગ થતો હોય છે. અને આવા સમયમાં ગુજરાતે પણ વિશ્વાસ પ્રોજેકટના માધ્યમથી કે પછી સરકારે આ બાબતે દૂરંદેશી વિચાર કરીને રસ્તાઓ ઉપર, ટ્રાફિક સિગ્નલ ઉપર, અનેક જાહેર જગ્યાઓ છે ત્યાં હાઇ ટેકનોલોજીના કેમેરા લગાવવામાં આવેલા છે. જેના કારણે આજે આપણે અનેક ગુનાઓ બહુ ઝડપથી સોલ્વ કરી શકીએ છીએ અને ગુનાની જડ સુધી પહોંચી શકીએ છીએ. આજે હું આ સભાગૃહને વિનંતી કરવા માગું છું કે ગુજરાત સરકાર આવનારા દિવસોમાં જે નવા ફેસ ડિટેકશન કેમેરા લગાવવા જઇ રહી છે જેના માધ્યમથી ગુનેગારો કાયમી ફરતા હશે પણ એ કેમેરાની સમક્ષ પસાર થતો હોય અને એ ગુનેગાર એ કેમેરામાં વિઝયુઅલ આવી જાય તો એ ડાયરેકટ કન્ટ્રોલ રૂમની અંદર બેસેલા પોલીસના જવાનોને એ કોણ ગુનેગાર, કયાંથી આવ્યો છે એ તમામ ડેટા સેન્ટ્રલના કન્ટ્રોલ રૂમમાં આવશે. આ પ્રકારે ગુજરાતને સેફ્ટીની બાબતમાં, કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ ખૂબ ઝડપથી આ પ્રકારના નિર્ણયો રાજય સરકાર જયારે લઇ રહી છે ત્યારે આપણે પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ, પી.પી. પી. ધોરણે રાજયના તમામ લોકો, તમામ મોલ છે, કોમર્શીયલ સેન્ટર છે, પોતાની દુકાનો છે ત્યાં અને રાજય સરકારની દ્રષ્ટિએ, ગાર્ડન છે, અને બીજી કોઇ જાહેર જગ્યા છે ત્યાં પણ અમારું ઇન્ફ્રાસ્ટ્રકચર અમે વધારી રહ્યા છીએ. અને જે ઇન્ફ્રાસ્ટ્રકચર હાલમાં છે એને વધારે મજબુત અને નવી ટેકનોલોજી સાથે જોડવા જઇ રહ્યા છીએ, ત્યારે રાજયના સૌ નાગરિકો આ વિધેયકનું પાલન કરે તે માટે સૌ સાથી ધારાસભ્યોને હું વિનંતી કરું છું કે આને આપણે સૌ સાથે મળીને પસાર કરીએ. આપ સૌ સાથી મિત્રોને વિનંતી છે કે આ બાબતે તમારું કોઇપણ સૂચન હોય તો સૂચન જોડે પોઝિટિવલી સૌ સાથે મળીને આને પસાર કરીએ.

સભાગૃહનો સમય લંબાવવા બાબત

**કામકાજની ચાદીમાં દર્શાવેલ બિલો પસાર થાય ત્યાં સુધી સમય લંબાવવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજની કામકાજની યાદી પ્રમાણે બે બિલો હાથ ઉપર લેવાના છે એ પૂરા કરવાનું નક્કી કર્યું છે એ મુજબ આ બિલો પસાર થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવો અને ત્યારપછીનું કામકાજ એ પછી હાથ ધરવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરું છું.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે એનો અમારો ટેકો છે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) બે બિલો પસાર થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે છે. વિરામ રાબેતા મુજબ રહેશે.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી ગુજરાત જાહેર સલામતી પગલાં અમલીકરણ વિધેયક, ૨૦૨૨ લઇને આવ્યા છે એમનો હેતુ રાજય સરકાર અને પ્રજા સમક્ષ મૂકયો છે એ રીતે જ જળવાવાનો હોય તો સારું વિધેયક છે, પરંતુ ઇરાદો કંઇક અલગ પ્રકારે પણ હોઇ શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાંતિની વાત કરીએ તો ગુજરાતમાં શાંતિ માટે આ કરવુ જરૂરી છે. હું જાણું છું ત્યાં સુધી આ શાંતિ પ્રિય ગુજરાત છે. ગુજરાતનો દરેક વ્યકિત વેપારી છે, ગુજરાતમાં વસતા તમામ લોકો શાંતિ ઇચ્છે છે અને શાંતિમાં હંમેશા સહાય કરતા આવ્યા છે. આ ગાંધી અને સરદારનું ગુજરાત છે. લોકશાહી પદ્ધતિથી લોકશાહીને વધુ વિકસીત કરીને વિકાસ વધુ કરીને લોકોની માનસિકતા વેપાર, શિક્ષણ તરફ વધુ લઇ જઇને આપણે જે ગુજરાત મૉડેલની વાત કરીએ છીએ, ત્યારે બીજી બાજુ ગુનેગારોને ડામવા એના માટેના સતત પગલાં સી.આર.પી.સી., આઇ.પી.સી. અને ગુજકોક એવા અનેક કાયદાઓ આ રાજયમાં ઉપલબ્ધ છે. મેં અગાઉ પણ કહ્યું છે કે મહાભારતના યુદ્ધ પછી પણ શાંતિ માટે અને શાંતિથી રાજય કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકામાં આવીને ગુજરાતની શાંતિથી અભિભૂત થઇને જે તે વખતે મહાકાળમાં મધ્યાહન દ્વાપર યુગમાં ભગવાન પોતે અહીંયા આવેલા. આખા દેશમાં શાંતિનો સંદેશો આપવો હોય, આખા દેશમાં ધાર્મિક સંદેશો આપવો હોય, આખા દેશમાં ભાઇચારાનો સંદેશો આપવો હોય તો કોઇપણ ધાર્મિક પુરુષ અથવા તો સમાજને પરિવર્તન કરાવનાર ધર્મ પરિવર્તક હંમેશા પહેલા ગુજરાતને પસંદ કરેલ છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી સહજાનંદ સ્વામી ભલે એમનો જન્મ ઉત્તર પ્રદેશમાં થયો હોય, પરંતુ સમગ્ર દેશ અને વિશ્વને સંદેશો આપવા માટે એમણે પોતાનું કાર્યક્ષેત્ર ધર્મક્ષેત્ર ગુજરાત બનાવ્યું હતું અને ગુજરાતે શાંતિથી એમનો સંદેશો લઇને વિશ્વમાં પ્રસારિત પણ કરેલ છે. એક ભકત કવિયત્રી મીરા જે પોતાના રાજમહેલમાં ભકિત કરી શકતી નથી. કૃષ્ણને યાદ કરી શકતી નથી તો પોતાના જીવનનો શેષ અંત સુધી શાંતિથી જીવન જીવવા અને ભકિતનું પ્રસારણ કરવા માટે ભકત કવિયત્રી મીરાબાઇ દ્વારકામાં આવીને ગુજરાતમાં વસી.

માનનીય અધ્યક્ષશ્રી, યુગ પરિવર્તન સમગ્ર વિશ્વ જયારે અંગ્રેજોના શાસન હેઠળ દબાયેલ હતું અને અંગ્રેજોના ગુલામ કેટલાય દેશો બનેલા હતા ત્યારે સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ, ન ખડગ અને બિના ઢાલ. ખડગ કે ઢાલ સિવાય કે

તલવાર કે કોઇ હિંસા સિવાય કોઇ ડર કે ધમકી સિવાય કોઇપણ જાતની હિંસાત્મક પ્રવૃતિઓ સિવાય અહિંસાના માર્ગ ઉપર, સત્યના માર્ગ ઉપર મહાત્મા ગાંધીજીએ આઝાદીની લડત કરી. સરદાર વલ્લભભાઇ પટેલ, વિઠ્ઠલભાઇ પટેલ અને એવા અનેક ગુજરાતના સપૂતો અને કૃષ્ણકુમારસિંહજી જેવા મહારાજાએ પણ આ દેશને આઝાદી અપાવવામાં પોતાનો ભોગ આપ્યો. આ એ ગુજરાત છે. ગુજરાતમાં પહેલેથી શાંતિ હતી. મધ્યયુગમાં શાંતિમય હતું. અર્વાચીન યુગમાં પણ શાંતિને વરેલું છે અને શાંતિપ્રિય રાજ્યમાં એક પછી એક પછી એક કાયદાઓ, ડરાવવા, ધમકાવવા, આ કાયદામાં પૂરી દઇશું, આમાં લઇ જઇશું, આમાં ઉપાડી લઇશું, આમાં કિડનેપ કરી લઇશું. એ ગુજરાત મૉડેલ માટે સારું નથી. આધુનિક યુગ આવ્યો છે. સી.સી.ટી.વી. કેમેરા, ટેક્નોલોજી, ગુનેગારને ડામવામાં અને ઝડપવામાં ઝડપ થાય એટલે આ તમે લઇને આવ્યા હો તો સારું છે, પણ આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ ટેલિફોન, અત્યંત આધુનિક ટેલિફોન, માયાજાળ, એમાં કોઇની જાસૂસી કરવામાં કે પેગાસસ જેવા જાસૂસી યંત્રોને લાવીને દેશની સરહદ ઉપર જાસૂસી કરવી હોય, દેશની સરહદો ઉપર શું થઇ રહ્યું છે એ જાસૂસી કરવામાં વાંધો ન હોય તો હેતુ સારો છે પણ જ્યારે ઈરાદો બદલાય છે. કોણ વ્યક્તિ, કઇ સરકાર, કયા આગેવાનો આ લઇને આવે છે અને કોણ તેની સાથે છે એ પણ જોવાનું હોય છે એટલા માટે ખાલી તેમનું ધ્યાન દોરવું છે કે આ કાયદાનો ઉપયોગ પોલીસ તંત્રના હાથમાં ન ચાલ્યો જાય. આપણે લોકશાહી જીવનમાં જીવીએ છીએ. આપે ઉદ્દેશમાં બતાવ્યું છે તેમ ગુજરાત મૉડેલ અને ગુજરાતના લોકો, ગુજરાતમાં વધતું ઝડપી ઔદ્યોગિકરણ, શહેરીકરણ, ધંધાકીય પ્રવૃત્તિઓના વિસ્તારણનું સાક્ષી આ ગુજરાત છે. વાણિજ્યિક હેતુ માટે, ઔદ્યોગિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, રમતગમત સંકુલો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન લોકો જ્યાં એકત્રિત થતાં હોય ત્યાં આ સી.સી.ટી.વી. કેમેરા હોવા જોઇએ અને પોલીસ તંત્ર સાથે સંકલન કરીને ગુજરાતમાં વધુ શાંતિ કેમ જળવાય તેના પ્રયત્નો કરવાનું આપે લખ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડને ગૃહખાતામાંથી મોકલવા જેવું છે. ૧૪૪ની કલમ. ચાર માણસથી વધુ ભેગા ન થઇ શકે એ કલમ ગાંધીનગરમાં લગભગ ૨૭ વર્ષથી છે. ગાંધીનગરમાં શાંતિ નથી? ગાંધીનગરમાં વસતા લોકો શાંતિપ્રિય પ્રજા નથી? ગાંધીનગરમાં વસતા આપણે બધા લોકો પણ શાંતિપ્રિય નથી? ૧૪૪ની કલમ કાયમ માટે. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ આવે. આપ ઘણી વખત કહો છો કે ગુજરાતની પ્રજા કરફ્યુ શું છે એ ભૂલી ગઇ છે. કોઇ ભૂલી નથી. ૧૪૪ની કલમ આજે પણ ગાંધીનગર શહેરમાં તમે સભા-સરઘસની મંજૂરી માગો એટલે ચાર માણસથી વધુ ભેગા ન થઇ શકે તેની કલમ ઉપલબ્ધ છે. મને લાગે છે એવું કરી શકાય કે ૩૬૫ દિવસમાંથી કયા દિવસે આ કલમ લાગુ નથી પડતી તેનું જાહેરનામું બહાર પાડો. કારણ કે એડિશનલ મેજિસ્ટ્રેટને, મેજિસ્ટ્રેટને દર મહિને તેનું જાહેરનામું બહાર પાડવું પડે છે. તેના કરતાં એવું જાહેરનામું બહાર પાડો કે આ કલમ ૩૬૫ દિવસમાંથી આ ૩૦ કે ૩૫ દિવસ ચાર માણસથી વધારે ભેગા થઇ શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદા છે, કલમો છે. ૧૪૪ની કલમ બહુ સારી છે કે જ્યારે સરકારને એવું લાગે કે અહીં તોફાન થઇ શકે એવું છે, વાતાવરણ બગડ્યું છે. આ પોઇન્ટ ઉપર કોલેજમાં અચાનક કોઇ રેપનો કિસ્સો બની ગયો અને વિદ્યાર્થીઓ મેનેજરને મારી નાખશે એવો જ્યારે પ્રસંગ ઉભો થાય, ત્યારે ૧૪૪ની કલમ લગાવવાની થાય, ત્યાં પોલીસતંત્ર પહોંચી જાય. ત્યાં બધી કામગીરી સંભાળી લઇએ એ ઉચિત છે પરંતુ આવું બનશે એમ માનીને તમે સતત ૧૪૪ની કલમ નાખ્યા કરો છો એ ઈરાદો બરાબર નથી. ૧૪૪ની કલમનો હેતુ બહુ સારો છે પણ ઈરાદો સારો નથી એવું થયું, તેમ અહીંયા પણ તમારો હેતુ બહુ સારો છે પણ ઈરાદો ન બદલાય એ હંમેશા ધ્યાન રાખો એવી હું આપને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જાહેરનામાની કલમ-૩. તેમાં સરકાર જાહેરનામાથી જાહેર કરે તેટલી સંખ્યામાં લોકો મુલાકાત લેતા હોય અથવા દરરોજ એટલી સંખ્યામાં અવર-જવર થતી હોય અથવા એક જ સમયે તેટલી સંખ્યામાં લોકો ભેગા થવાની સંભાવના હોય તેમાં આપણાં રાજકીય મેળાવડા અને બધું જ આવી જાય. એવી સંસ્થાઓ ચલાવતા હોય, દરેક માલિક, મેનેજર, વ્યક્તિઓને જાહેર સલામતીનાં પગલાં લેવાં માટે જોગવાઇ કરવી. આ બધામાં તમે ધાર્મિક સ્થળો, ધાર્મિક મેળાવડા, રામાયણની રામકથા થતી હોય અને પબ્લિક ભેગી થવાની હોય, પદયાત્રાએ જતાં લોકો લાખોની સંખ્યામાં અંબાજી, ડાકોર કે પાવાગઢ જતાં હોય. અને રાત્રિ રોકાણ હજારોની સંખ્યામાં જ્યાં કરતાં હોય ત્યાં પણ સી.સી.ટી.વી. કેમેરા હોવા જોઇએ, એ બધા મુદ્દાઓ સરકાર જ્યારે જાહેર કરે કે કઇ કઇ સંસ્થાઓ, કઇ કઇ વસતિ ભેગી થતી હોય એવા પ્રસંગો, આ બધા જ પ્રસંગોનો આમાં સમાવેશ થાય એવી મારી આપને વિનંતી છે. કલમ-૪ ની પેટા કલમ-૨ એમાં જાહેર સમિતિ રચવાની વાત છે. પ્રતિનિધિઓની સંખ્યા ગમે તેટલી હોય, ૭, ૧૧, ૧૩, ૧૫, ૧૮૨ હોય જે હોય એ. પણ તમે એમાં પોલિટિકલ નિર્ણય ન કરો. કારણ કે જાહેર સલામતીની વાત કરી છે. જાહેર સલામતીમાં બધાં જ આવી જાય છે. બધાં જ ધર્મના લોકો આવી જાય છે, બધાં જ ગુજરાતી આવી જાય છે, તમામ રાજકીય પક્ષો આવી જાય છે, યુવાન આવી જાય છે, મહિલાઓ આવી જાય છે, બાળકો આવી જાય છે ત્યારે આ સમિતિની રચના થાય એમાં એક તો નિવૃત્ત અધિકારીઓ કરતાં જોબ ઉપર હોય, ચાલુ ડ્યૂટી ઉપર હોય, હોઇ શકે અનુભવી અધિકારી હોય તો એ પણ રાખી શકાય. પણ જે સરકારી સર્વિસમાં છે એવા અધિકારીઓ અને એમાં આ પક્ષ કે પેલો પક્ષ જોયા સિવાય પદાધિકારીઓની ટીમ ઉમેરવામાં આવે તો બેલેન્સ થાય. હું તો કહું છું કે રાજકીય માણસો હોવા જ ન જોઇએ, કારણ કે ત્યાં રાજકારણ ખેલાવું ન જોઇએ. એટલા માટે જે પ્રતિષ્ઠિત લોકો છે, જે પ્રતિષ્ઠિત એન.જી.ઓ. છે, જેણે ગાંધી અને સરદારના મૂલ્યો સાથે આખી જિંદગી ખર્ચી છે એવા લોકોને આ કમિટીમાં રાખવા જોઇએ એવી વિનંતી કરું છું. હમણાં વાત કરી સરકાર વિશ્વાસ-૧ અને વિશ્વાસ-૨ પ્રોજેક્ટ લઇને આવી છે. મહાનગરપાલિકા અને

નગરપાલિકામાં સી.સી.ટી.વી. કેમેરા મૂકશે. અમુક કામ થયું પણ છે. પણ ઝડપથી એ કામ શરૂ થાય એવી હું આપને વિનંતી કરું છું. સાઇબર ક્રાઇમ, જેમ ટેકનોલોજી વધી છે, જ્યારે પોલીસ પાસે ૬૦ કિલોમિટરની ઝડપી ચાલતી જીપો હતી એ વખતે ગુનેગારો ૧૫૦ કિલોમિટરની ઝડપવાળી ગાડીઓ રાખતા હતા. એટલે પોલીસ ત્રણ દિવસ ફર્યા કરે તો પણ એ લોકો હાથમાં ન આવે. આપણે એટલું સમજી લઇએ કે પોલીસ તંત્ર કે સરકાર, જે ગુનેગારો છે, ફક્ત ગુનામાં જ જેણે ભેજું દોડાવવાનું છે, ગુનો કેવી રીતે કરવો અને ન પકડાવું એમાં જે રચ્યા-પચ્યા રહે છે એ હંમેશા સરકારના પગલાં કરતાં પણ આગળ હોય છે, ત્યારે અતિ આધુનિક સાધનોની સાથે સાથે પોલીસ તંત્રને સજ્જ કરવામાં આવે, એમને આપવામાં આવતી ગાડીઓ પણ ગુનેગારો વાપરે છે, એના કરતાં દોઢી ઝડપે ચાલે અને સેફ્ટી આપવાવાળી હોય. આખા રાજ્યનો જે સલામતીનો કાયદો હોય કે બીજા કોઇપણ કાયદા હોય, આઇ.પી.સી. હોય કે સી.આર.પી.સી. હોય, ગુજરાતની પોલીસને આ કામ કરવા માટે પૂરતા પોલીસ સ્ટેશનો જોઇશે. અધિકારી વર્ગ-૧ થી લઇને વર્ગ-૪ સુધીના તમામ અધિકારીઓની જગ્યાઓ ભરાયેલી હોવી જોઇશે. એ ભરાયેલી હશે તો તમે આ કાયદાનો અમલ કરી શકશો. આમાં શૈક્ષણિક સંસ્થાઓ લખી છે. કોલેજો અને યુનિવર્સિટીઓ, પ્રાઇવેટ યુનિવર્સિટી એટલી બધી થઇ છે કે યુનિવર્સિટીમાં પણ હજારોની સંખ્યામાં યુવા વિદ્યાર્થીઓ ભણે છે ત્યારે આવા સી.સી.ટી.વી. કેમેરામાં આપણા વિદ્યાર્થીઓ ક્યાંક અવળા રવાડે તો નથીને, ત્યાં બેસીને અમુક લોકો ક્યાંક સંસ્થામાં હજારો વિદ્યાર્થીઓ ભણતા હોય તો ૨-૪ જણા ક્યાંક વ્યસનમાં હોય, કાયમી આવીને વિદ્યાર્થીઓને ડરાવતા હોય, આપણા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને લોભ-લાલચ આપીને અનેક કૃત્ય કરતાં હોય. આપણે ગુજરાતમાં જોયું છે કે ૨૧ હજાર કરોડનું ડ્રગ પકડાયું. ત્યાં આપણી જાસૂસી જાળ ન હતી? આપણી સલામતી ટીમ ત્યાં ન હતી? આપણું ગૃહ ખાતુ ત્યાં કામ કરતું ન હતું? આ બધું જ હોય તેમ છતાં મેં કહ્યું એમ ગુનેગારોનું આખું નેકસસ બને છે એને પહોંચી વળાતું નથી. આપ ખૂબ યુવાન છો, ગૃહમંત્રી તરીકે આવ્યા છો. હમણાં જ આવ્યા છો એટલે આપ નહીં જ કરો એવું ન કહી શકાય. હેતુઓ સાથે તમારો ઇરાદો પણ સારો છે કે ચોક્કસ આપણે આને ડામી શકીશું. સી.સી.ટી.વી. કેમેરા આપણે સંસ્થાઓ ઉપર મૂકીએ છીએ. પરીક્ષાઓ લેવાતી હોય ત્યાં પણ આપણા સી.સી.ટી.વી. કેમેરા હોય છે એ તો નાની વસ્તુ છે. આ તો આપણે સલામતી અને શાંતિ માટે બહુ વિશાળ ફલક ઉપર જઇ રહ્યા છીએ. અત્યારે સલામતી અને શાંતિ માટે જે જે કાયદા ઉપલબ્ધ છે, સી.સી.ટી.વી. કેમેરા ઉપલબ્ધ છે, વોટ્સઅપ ઉપલબ્ધ છે, મોબાઇલ ઉપલબ્ધ છે ત્યારે આજે એક દિવસ એવો જતો નથી કે તમે લીધેલ પરીક્ષાનું પેપર ન ફૂટતું હોય. આપણા શાંતિમય ગુજરાતમાં આપણા બધા માટે શરમજનક બાબત છે. જે વેપાર કરવા માટે દેશ-પરદેશ જાય છે એની વાત જુદી છે.

**(વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ડો. સી. જે. ચાવડા : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, આ અધિનિયમની કલમ-૨માં ચ પેટા કેન્દ્રમાં માનનીય મંત્રીશ્રીએ જે સુવિધાઓ ઉભી કરવાની વાત કરી છે એ બતાવી છે. આપણે સામાન્ય રીતે શૈક્ષણિક સંસ્થાઓ, મોટા બિલ્ડિંગો, મોટી કોલેજો કે યુનિવર્સિટી આ બધામાં જયારે બહુમાળી ઇમારતો બનતી હોય ત્યારે ત્યાં ફાયર સેફ્ટીની પણ આપણે જોગવાઇ રાખતા હોઇએ છીએ કે ફાયર સેફ્ટી ન હોય તો આ રીતે કોઇ મોટા બિલ્ડિંગોને બી.યુ. પરમિશન ન આપવી તેમછતાં બી.યુ. પરમિશન પણ અપાઇ જાય. ફાયર સેફ્ટીની વ્યવસ્થા ન હોય અને આપણે સુરતમાં એવા એક કિસ્સામાં ટયુશન કલાસમાં બેઠેલી આપણી દીકરીઓ સાતમા માળે આગ લાગી ત્યારે જે કુદકા મારીને જાહેર સ્થળો ઉપર જે એની હાલત થઇ અને મૃત્યુ પામી એ દર્દનાક ઘટના આજે પણ આપણા બધાના દિલમાં દુઃખદાયક રીતે બેઠી છે. જે સંસ્થાઓ અને જયાં પબ્લિક ગેધરિંગ વધારે થતું હોય, જયાં ધાર્મિક મેળાવડા વધારે થતા હોય, જયાં પ્રસંગોમાં મેળા ભરાતા હોય એની જે મંજૂરી લેવા આવે એ લોકોની સાથે કોઇપણ ભેદભાવ રાખ્યા સિવાય અને આ સુવિધા છે કે કેમ એની પૂરતી ચકાસણી કર્યા સિવાય મંજૂરી પણ ન આપવી જોઇએ એ વાત સાચી છે, પરંતુ જેમ ભૂતકાળમાં થયું છે એમ હવે પછી ન બને કારણ કે આખો હાઇસ્પીડ જમાનો છે, ખૂબ વેગથી આગળ વધી રહ્યો છે ત્યારે આપણે બધા કાળજી રાખીએ એવી વિનંતી કરું છું અને જે દંડની જોગવાઇ કરી છે પ્રથમ મહિના માટે કલમ-૫ માં પેટા કલમ-૨ માં કોઇ બધા જ કાયદાના નિયમોનું પાલન ન કરે, ચુસ્તરીતે ન અનુસરે અને પહેલી વખત ભૂલ કરે તો પ્રથમ મહિનામાં રૂ. ૧૦,૦૦૦ અને પછી ૨૫,૦૦૦ રૂપિયા દંડ. કેટલીક સંસ્થાઓ, કેટલીક વ્યક્તિઓ અથવા તો કેટલાક લોકો એને ગુનો કરવો જ છે તો દંડ પણ ભરશે. પરંતુ સતત ઉપરાઉપરી એક મહિનો, બે મહિના, ત્રણ મહિના,ચાર મહિના સરકાર એક નકકી કરે કે જયાં સુધી સુવિધા ઉભી ન કરે તો એને કલોઝરનો ઓર્ડર આપવો સંસ્થા જે હોય એ. એનો બીજો કોઇ પ્રસંગ ચાલતો હોય તો એ રદ કરવો અથવા વધુ ટેવાયેલો હોય તો એની સામે ફોજદારી ગુનો પણ નોંધવો જોઇએ એવી અમે ચોકકસપણે માગણી કરીએ છીએ, પરંતુ જયારે મંત્રીશ્રી આ કાયદો લઇને આવ્યા છે ત્યારે એમના જે ઉદ્દેશો અને કારણો લખ્યા છે એ ઉદ્દેશો અને કારણો મુજબ વ્યક્તિગત રીતે કાયદાનો કોઇ ગેરલાભ ન ઉઠાવે એ રીતે અમલમાં મૂકાય તો કાયદાનો હેતુ સારો છે. ગુજરાત જાહેર સલામતી પગલાં અમલીકરણ વિધેયક વર્ષ ૨૦૨૨ આવવાથી જાહેર મેળાવડા અને જાહેર સ્થળો જયાં પબ્લિકની અવરજવર વધારે થાય છે ત્યાં એવા સ્થળોએ ચોકકસપણે આ અતિ આધુનિક સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવશે તો ગુનેગારો એનાથી ડરશે. ૧૦૦ ટકા ડરશે પરંતુ જે સંસ્થાઓ કે જે લોકો આની સાથે

સંકળાયેલા છે એ પણ આનું ચુસ્તપાલન કરે અને જે નિયમો બને ત્યારે વિધાનસભામાં અમને બધાને વિશ્વાસમાં લેવામાં આવે એ વાત સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(વટવા): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેકચ બિલ-૨૦૨૨ ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી લઇને આવ્યા છે, એના સમર્થનમાં મારી વાત કરવા હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિષયના મૂળમાં મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે વર્ષ ૨૦૦૮ ની અંદર જ્યારે અમદાવાદ અને સુરતમાં કેટલાક આંતકવાદીઓ દ્ધારા સિરિયલ બ્લાસ્ટ કરીને ગુજરાતની શાંતિને ત્રષ્ટ ભ્રષ્ટ કરવા માટેનો પ્રયાસ કર્યો, એમાં કેટલાય નિર્દોષ નાગરિકોના મૃત્યુ થયા. એ વખતે મોદી સાહેબે નક્કી કર્યુ કે કોઇપણ પ્રકારે પોલીસ ડિપાર્ટમેન્ટમાં ટેકનોલોજી લાવવાનો અને એનો મહત્તમ ઉપયોગ કરી ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા એ સુરક્ષાને કોઇપણ હિસાબે અવરોધ ઉભો ન થાય તે માટે તેમણે સીસીટીવી રાજ્યની અંદર આવશ્યકતા હોય છે, એ વખતે એમણે ગુજરાતની પોલીસ તંત્ર સમક્ષ આ વિચાર મૂકેલો અને આપણને સૌને ખબર છે કે વર્ષ ૨૦૦૮ ના આ સિરિયલ બ્લાસ્ટ આખા દેશની અંદર એક સાથે ૩૭ લોકોને કન્વિક્ટ કરીને ફાંસીની સજા લાવવામાં પણ નામદાર કોર્ટ અને આપણી એજન્સીઓના માધ્યમથી આપણે સફળ રહ્યા છીએ. આ ગુજરાત માટે આ આવશ્યક છે, એટલા માટે છે કે ગુજરાત ઇઝ એ ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા. આજે આપણે કોરોનાના સમયમાં જોયું. ગુજરાતની અંદરથી મોટી સંખ્યામાં આખા દેશમાં લોકો જે રોજગારી કરવા માટે આવ્યા હતા તે ગયા. એનો અર્થ એ થાય કે ગુજરાતમાં આટલા ઉદ્યોગો છે અને ઉદ્યોગો છે એટલે રોજગારી છે એ કોઇપણ ઉદ્યોગકાર ગુજરાતની ધરતીને પોતાના ઉદ્યોગ સ્થાપવાનું કેન્દ્ર બનાવે, ત્યારે એ સમજીને બનાવે કે અહીયા શાંતી, સલામતી અને સુરક્ષા સાથે હું મારો વ્યવસાય કરી શકીશ. જ્યારે એને એ લાગણી, અનુભૂતિ થાય ત્યારે એ કરી શકે. આપણે જ્યારે કોઇ ૨૦, ૨૫ કે ૫૦ લાખની દુકાન લેવાની હોય ત્યારે એ વિચાર કરતા હોઇએ છીએ કે આ દુકાન લીધા પછી મારો ધંધો ચાલશે કે નહીં? લો એન્ડ ઓર્ડરનો ઇસ્યુ આવશે કે નહીં? તો ને જ આપણે રોકાણ કરતા હોઇએ છીએ. ગુજરાતની ધરતી ઉપર આટલી મોટી સંખ્યામાં જે મૂડીરોકાણ થઇ રહ્યા છે, એનો યશ આપવાનો હોય તો ગુજરાતના ગૃહ વિભાગને આપવાનો થાય. ગુજરાતના પોલીસ તંત્રને આપવાનો થાય. જેના કારણે આજે ગુજરાત ઔધોગિક રીતે સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબરનું રાજ્ય બન્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે આજે લગભગ ૪૫ ટકાથી ૫૦ ટકા લોકો એ ગામડાથી શહેરો તરફ એટલે અર્બનાઇઝેશન વધવા મંડ્યું છે. સ્વાભાવિક છે કે અર્બનાઇઝેશન વધવાના કારણે કયાંક કયાંક ગીંચ વિસ્તારો વધવાના અને એમાં પણ લો એન્ડ ઓર્ડરની સિચ્યુએશન મેઇન્ટેઇન કરવા માટે ઇન્ડસ્ટ્રિયલ એક્ષપાન્શન ઓફ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ અને ઇન્સિલિયરી ઇન્ડસ્ટ્રીઝ થવાની. એના કારણે આપણે સૌ જાણીએ છીએ કે આપણા ગુજરાતમાં ૧,૬૦૦ કિ.મી.નો લાંબો દરિયાકાંઠો છે. અને આ દરિયાકાંઠો આખા દેશમાં સૌથી વધારે પોર્ટ એક્ટિવિટી થતી હોય તો એ આપણા ગુજરાતના દરિયાકાંઠા ઉપર થાય છે. નાના પોર્ટો, મોટા પોર્ટો ફિશરીઝ અને આ ઉપરાંત આપણા જે શ્રદ્ધા કેન્દ્રો, આસ્થા કેન્દ્રો એ દરિયાકાંઠા ઉપર આવેલા છે. આ ઉપરાંત વાઇટલ ઇન્સ્ટોલેશન ઓ.એન.જી.સી.,રિલાયન્સથી માંડીને અનેક રિફાઇનરીઓ એ વાઇટલ ઇન્સ્ટોલેશન પણ કોસ્ટલ બેલ્ટ ઉપર ઇન્સ્ટોલ થયેલા છે. તેવા સંજોગોમાં આપણી લો એન્ડ ઓર્ડર મેઇન્ટેન કરવાની જવાબદારી વિશેષ થાય છે. હાલ મોદી સાહેબે જે પ્રયાસો કર્યા એના કારણે કચ્છનું સફેદ રણ કે સ્ટેચ્યુ ઓફ યુનિટીના માધ્યમથી સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબના સ્ટેચ્યુના દર્શન કરવા માટે વિશ્વભરમાંથી લોકો ગુજરાત આવે છે અને એના કારણે એક ટુરિસ્ટનું પણ ગુજરાત એક ડેસ્ટીનેશન બન્યું છે. અને આવા સંજોગોમાં અન્ય પ્રાંતોમાંથી અને અન્ય દેશોમાંથી આટલી મોટી અજાયબીને જોવા આવતા હોય ત્યારે લો એન્ડ ઓર્ડર જાળવવો જોઇએ, આપણે ત્યાં અનેક નેશનલ સંસ્થાઓ બની રહ્યા છે. જેમ શ્રી હર્ષભાઇએ પોતાના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો અને મોદી સાહેબે અહીં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી બનાવી, દેશમાં પહેલી યુનિવર્સિટી ગુજરાતમાં શરૂ કરી. તે યુનિવર્સિટીને આજે રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો મળ્યો છે. તે જ પ્રમાણે રક્ષાશક્તિ યુનિવર્સિટીને પણ આજે રાષ્ટ્રીય સ્તરનો દરજ્જો મળ્યો છે. તે જ પ્રમાણે જી.એન.એલ.યુ એટલે કે લૉ યુનિવર્સિટી બનાવી છે. આ ત્રણેય એટલા માટે અહીં તૈયાર કરી કે, અહીં તેના માધ્યમથી સ્કિલ્ડ મેનપાવર રક્ષાશક્તિ યુનિવર્સિટીથી આપણને મળે. કોઇ ગુનો બને તો તેના ડીટેકશન માટે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના માધ્યમથી તેમાં તૈયાર થયેલો સ્કિલ્ડ મેનપાવર પોલીસને મદદરૂપ થાય. લૉ યુનિવર્સિટી થકી આપણને એડવોકેટસ ઉપલબ્ધ થાય. આમ મોદી સાહેબે લો એન્ડ ઓર્ડરના મેઇન્ટેઇન માટે સર્વાંગી પ્રયાસ કર્યા છે. આ બધા સંસ્થાનો હવે રાષ્ટ્રીય સંસ્થાનો બની ચૂક્યા છે. તેવા સંજોગોમાં આપણી જવાબદારી વિશેષ બની રહે છે. હવે આપણે ત્યાં મેટ્રો રેલની સુવિધા અને આગામી દિવસોમાં બુલેટ ટ્રેન પણ અહીંથી શરૂ થવાની છે. હમણાં જ મોદી સાહેબ એરપોર્ટથી શરૂ કરીને કમલમ્ સુધીનો લોકોને મળવા માટેનો કાર્યક્રમ હતો તેમાં લાખોની સંખ્યામાં તેમને જોવા માટે લોકો આવ્યા. આવા સંજોગોની અંદર લો એન્ડ ઓર્ડર મેઇન્ટેઇન કરવા માટે પોલીસ માટે બેસ્ટ ઇન્સ્ટ્રુમેન્ટ કે વેપન કહી શકાય તો તે સી.સી.ટી.વી. છે. એટલે આની અત્યંત આવશ્યકતા રહેલી છે. આમાં હું એટલું ચોક્કસ કહીશ ઇફ ધેર ઇઝ વીલ ધેર ઇઝ અ વે. આ રાજ્ય સરકાર શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળ અને એમણે વર્ષોથી ચાલતી આ પરંપરા તેમાં માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હોય, માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ, માનનીય શ્રી વિજયભાઇ હોય તેમણે શાંતિ, સલામતી અને સુરક્ષાની વાતને અને ગુજરાતની સાડા છ કરોડ પ્રજાની રક્ષા, સુરક્ષા કરવા માટે કયાંય ચૂક ન રહે અને તેના માટે પ્રિવેન્શન ઇઝ ધી બેટર ધેન કયોર, તેના માટે આગોતરું આયોજન કર્યુ છે. તે આગોતરા આયોજનના કારણે આ બિલ એક ઉત્તમ પ્રકારનું બિલ છે. મને યાદ છે કે,

તા. 30મી માર્ચ ૨૦૨૨

ગુજરાત જાહેર સલામતી(પગલાં)અમલીકરણ વિધેયક,૨૦૨૨

આખા દેશના ડી.જી.પી.ની કોન્ફરન્સ હતી તે વખતે માનનીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે કહેલું કે, આપણી પોલીસ સ્માર્ટ પોલીસ હોવી જોઇએ. આપણી પોલીસ શાંત હોવી જોઇએ અને આપણી પોલીસ એ ટેકનોસેવી હોવી જોઇએ. સ્માર્ટ પોલીસ મિન્સ એસ-મિન્સ સ્ટ્રીક, એમ-મિન્સ મોર્ડન, એ-મિન્સ એલર્ટ, આર-મિન્સ રિલાયેબલ એન્ડ ટી-મિન્સ ટેકનોસેવી. હવે આગામી દિવસોમાં રાજ્યોના લો એન્ડ ઓર્ડરની, રાજયની શાંતિ અને સલામતીની જયારે મુલવણી થશે ત્યારે તેના ઉપર નહીં થાય કે તે રાજ્ય પાસે કેટલું પોલીસદળ છે. તેની મુલવણી એના ઉપર થશે કે તે રાજ્યની પોલીસ ટેકનોલોજીની રીતે કેટલી અપડેટ છે. તેના આધાર ઉપર હવે મુલવણી થઇ શકશે. આ ત્યારે જ થઇ શકે, મોદી સાહેબે ગુજરાતની પ્રજાની શાંતિ અને સલામતી માટે પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર તેમણે અનેક નિર્ણયો લીધા છે. પરંતુ પોલીસતંત્ર ઇફેક્ટિવલી ત્યારે જ કામ કરે જયારે આપણે આ સન્માનનીય સભાગૃહની અંદર તેને સારામાં સારા લેજીસ્લેચર બનાવીને આપવા જોઇએ. આજે જેમ આ કાયદો લઇને આવ્યા છે એમ મોદી સાહેબના વખતમાં પણ શરૂ થયેલા લેજીસ્લેચરના કારણે પોલીસ સ્ટ્રેંગ્થન થઇ છે અને એના કારણે આજે આપણે શાંતિ મેન્ટેન કરી શકયા છીએ. મને યાદ છે કે આ સન્માનીય સભાગૃહમાં આપણે બધા જાણીએ છીએ કે, ગુજરાતની રક્ષા કરવા માટે ગુજસીટોક-ગુજકોકનો કાયદો ત્રણ વખત આપણે આ સભાગૃહમાં લાવ્યા અને મોદી સાહેબે ત્રણેય વખત રિક્વેસ્ટ કરી કે આ અમારા ગુજરાતની શાંતિ અને સલામતી માટે છે. તમે મહારાષ્ટ્રમાં મકોકાનો કાયદો આપો છો, ગુજરાતમાં ખૂબ લાંબો દરિયાકાંઠો છે, મારું ગુજરાત એ ઔદ્યોગિક રીતે વિકસતું ગુજરાત છે, મારા ગુજરાતને ત્રસ્ત-ભ્રસ્ત કરવાવાળા કેટલાય લોકો અમારી પાછળ પડ્યા છે એની સામે અમને આ કાયદો આપો. આપણે આ સન્માનીય સભાગૃહમાં એ કાયદો મંજૂર કર્યો હતો, પણ મોદી સાહેબ પ્રધાનમંત્રી બન્યા પછી આપણા એ કાયદાને મંજૂરી મળી અને આજે એક અગત્યના વેપન તરીકે આપણે એનો ઉપયોગ કરી શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આનો ઉલ્લેખ એટલા માટે કરું છું કે ધારાસભ્યશ્રીઓએ બનાવેલા લેજીસ્લેચર, એ લેજીસ્લેચરના હાથે પોલીસ તંત્રના હાથ મજબૂત થાય અને એના આધાર ઉપર ગુજરાતની શાંતિ-સલામતીને, સુરક્ષા મજબૂત થાય. આની સાથે સાથે ગુજરાતના પોલીસ તંત્રએ સ્કીલ મેન પાવર, રિક્રુટમેન્ટ ટ્રેનિંગ અને ટેકનોલોજીકલ અપગ્રેડેશનમાં જેમ શ્રી હર્ષભાઇ સંઘવીએ પોતાના પ્રવચનમાં વિશ્વાસનો ઉલ્લેખ કર્યો, એ વિશ્વાસ પ્રોજેકટની અંદર વિશ્વાસ વનમાં ૩૪ જિલ્લા, ૬ યાત્રાધામો અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને સાંકળીને ૩૨૯ કરોડના ખર્ચે તમામ જિલ્લા સ્થાનો ઉપર પછી એ જિલ્લા સ્થાનોને કનેક્ટ કરીને અને એને રાજય કક્ષાના સ્થાન ઉપર એ પ્રમાણેનું આખું જે નેટ બનાવ્યું છે એ ખરેખર પોલીસ તંત્ર દ્વારા વિશાળ અમલીકરણ થયું છે અને વખતના બજેટમાં વિશ્વાસ-૨ની અંદર પણ એમાં સાઇઝેબલ ફંડની ફાળવણી કરવામાં આવી છે. આ વિશ્વાસ-૧ અને વિશ્વાસ-૨ એટલે સમગ્ર રાજયમાં આવા ગુનેગારો, આવા ચોરી કરવાવાળા, લૂંટ કરવાવાળા, અકસ્માત કરીને ભાગી છૂટવા વાળા, કોઇ મહિલાના ગળામાં હાથ નાંખીને ચેન સ્નેચિંગ કરવાવાળા આ બધા લોકોને પકડીને એને ઝબ્બે કરવાનું કામ જ્યારે પોલીસે કર્યું હોય ત્યારે એને સજા અપાવવાનું કામ પણ આપણે આ સીસીટીવીના નેટવર્કના માધ્યમથી કરી શકીશું. ગુજરાતની અંદર ગુજરાતની પોલીસે ટેકનોલોજીકલ અપગ્રેડેશન માટે ગૃહ વિભાગ અને પોલીસ તંત્રએ રાજય સરકાર સાથે સંયુકત રીતે એટલું ઉત્તમ પ્રકારનું કામ કર્યું છે કે, આજે આખા દેશમાં સૌથી ઉત્તમ પ્રકારનું પરિણામ આપણને મળ્યું હોય તો સો ટકા કોમ્પ્યુટરાઇઝેશનનું મળ્યું છે, ઇ-ગુજકોકનું મળ્યું છે, સો ટકા જી-સ્વાન કનેક્ટિવિટી આપણે પ્રોવાઇડ કરી શકયા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૫ હજાર જેટલા પોલીસ મેનને પોકેટ કોપ આપ્યા છે. આ ઉપરાંત સાઇબર ટુલ્સ, સાઇબર લેબ અને રાજયના તમામ પોલીસ સ્ટેશનોએ સીસીટીવી લગાડવામાં આવ્યા છે. સિટિઝન પોર્ટલ એપ અને હાલ ગૃહ વિભાગ અને પોલીસ તંત્ર કામગીરી કરી રહ્યું છે એમાં ૧૦ હજાર જેટલા બોડીવોન કેમેરાનું અત્યારે ઇન્સ્ટોલેશન ચાલે છે. બોડીવોન કેમેરા એ પ્રકારના કેમેરા છે, ઘણી વખત સામેવાળા વ્યક્તિ પોલીસને ફરજમાં અકારણસર રુકાવટ કરતા હોય અથવા પોલીસ સામે ખોટા આક્ષેપો કરતા હોય ત્યારે એના બોડી ઉપર ઇન્સ્ટોલ થયેલા એ કેમેરા એ કમાન્ડિંગ કન્ટ્રોલ સ્ટેશન સાથે એટેચ હોય અને એ પોલીસ વાળા જ્યારે ચાર રસ્તા ઉપર ઉભા હોય તો એમાંથી કોઇ પણ પ્રકારની મુવમેન્ટ થતી હોય તો આ મુવમેન્ટનું ઓનલાઇન રેકોર્ડિંગ થાય એના આધારે ગુનેગારોને પકડી શકાય અને ઉત્તમ પ્રકારની કામગીરી કરી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આપણે જોયુ કે રથયાત્રા હોય હમણાં છેલ્લાં બે વર્ષથી કોરોનાના કારણે તો આપણે થઇ શકેલ નથી, પરંતુ તેમાં આજકાલ ટેકનોલોજીમાં બધીજ જગ્યાએ તમારું પેટ્રોલિંગ થઇ શકતું નથી, તે વખતે ડ્રોન કેમેરા તે ગુજરાતની પોલીસે તે પણ પરચેઝ કરીને ડ્રોન કેમેરાના માધ્યમથી પણ અને એ ડ્રોન કેમેરાની કનેક્ટિવિટી કમાન્ડિંગ કન્ટ્રોલ સ્ટેશન સાથે હોય એટલે જેથી કરીને આ જે બિલ લઇને આવ્યા છે તે સીસીટીવીના માધ્યમથી તેની કનેક્ટિવિટી અન્ય બિલ્ડિંગની આપણને મળશે તો હું માનુ છું કે, પહેલાં એવુ હતું કે ગુનેગાર ગુનો કરીને ભાગી જાય તો આપણને જો બાતમીદાર મળે તો જ તેની માહિતી મળે, પોલીસમાં એલર્ટનેસ હોય તો જ મળે જયારે આજે આ સીસીટીવીના ફૂટેજીસ અને આપણને કનેક્ટિવિટી મળશે તો એના કારણે આ સીસીટીવી તે ગુજરાતની પ્રજાની શાંતિ, સલામતી, સુરક્ષા માટે તે સાચા બાતમીદાર બની અને ગુજરાતની સલામતી માટે ઉત્તમ પ્રકારનું કામ કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત લો એન્ડ ઓર્ડરના મેનેજમેન્ટ માટે, ક્રાઉડ મેનેજમેન્ટ માટે, બોર્ડર એન્ડ કોસ્ટલ સિકયુરિટી માટે આ ટેકનોલોજી આપણને બહુ જ ઉપયોગી થશે. આ સન્માનનીય સભાગૃહની અંદર કેટલાક આપણે કાયદા લાવ્યા અને કાયદા જયારે આ સભાગૃહની અંદર ચર્ચામાં હતા ત્યારે આખું ગૃહ તે કાયદાઓની સાથે ઓતપ્રોત થઇને જોડાયુ,

તેમાંનો એક કાયદો હતો ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમન સુધારો બિલ. તેમાં આપણે બધાએ ચિંતા કરી અને તે જે કાયદો બન્યો તે કાયદાની ટેકનોલોજી કેવી રીતે ઉપયોગમાં આવી, હું એ સન્માનનીય સભાગૃહ સમક્ષ કહેવા માગું છું. ૩૩ કરોડ દેવતાઓનો જયાં વાસ છે તે ગાય માતાને આપણે પવિત્ર ગણીએ છીએ, પુજનીય ગણીએ છીએ, પરંતુ કેટલાક હત્યારાઓ જો ગાયની હત્યા કરતા હોય તો સરકાર તેની દયા ખાવા માટે હરગીઝ તૈયાર નથી. આ કાયદો બનાવ્યા પછી એક સીસીટીવી ફૂટેજમાં આવ્યુ કે એક જગ્યાએ જે તેના ફળિયામાં ભેંસ કે ગાય હતી તેમાં કેટલાક લોકો આવ્યા અને તેને ઇન્જેકશન માર્યુ, ઇન્જેકશન મારી તેને મોલ્ડ કર્યુ અને  તેને ગાડીમાં નાંખી લઇ ગયા. આપણી પાસે સીસીટીવીના ફૂટેજ હતા તેના કારણે એ ગાયના હત્યારાઓને પકડીને તેને જેલના હવાલે કરવાનુ કામ કર્યુ હોય, તો એ ગુજરાતની પોલીસ દ્વારા કરવામાં આવ્યુ છે, આ ટેકનોલોજીનો સપોટ તે આપણને ઉપયોગી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહની અંદર આપણે નશાબંધીનો કડકમાં કડક કાયદો લાવ્યા. આપણે હુક્કાબંધીનો કડકમાં કડક કાયદો લાવ્યા. હમણાં જે આપણી એનડીપીએસ એક્ટ હેઠળની હતી તેમાં પણ આપણે રિવોર્ડ પોલિસીના માધ્યમથી પણ આપણે આપણી કટિબદ્ધતા બતાવી. આપણે એ દર્શાવવા માગીએ છીએ કે આ રાજય નશામુકત રાજય છે અને આ રાજયની નશાખોરી નીતિમાં અમે કોઇ બાંધછોડ કરવા માગતા નથી, તેમાં આપણને આ સીસીટીવી તે કોઇ કોલેજ કેમ્પસના ઉપર કયાંક કોઇ આવા અનિષ્ટ તત્વો આપણાં યુવાધનને બરબાદ કરવા માટેનો પ્રયાસ કરતા હશે, તો તેને પકડીને જેલના હવાલે કરવા માટેનું કામ આપણે આના માધ્યમથી કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય સભાગૃહમાં ધર્મ સ્વાતંત્ર અધિનિયમન ધારો લાવ્યા અને જે કાયદાને આપણે લવ જેહાદ તરીકે આજે ઓળખીએ છીએ અને તે કાયદો લાવવા પાછળનો જે તે વખતે આ સન્માનનીય સભાગૃહનો ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારનો આશય એ હતો કે નિર્દોષ દીકરીઓને કોઇ માથે તિલક લગાડીને, ગળે નાળાછડી બાંધીને, નામ બદલીને, અટક બદલીને જો છેતરવાના ધંધા કરે કે કોઇ દીકરીને લલચાવી, ફોસલાવી અને તેના જો લગ્ન કરે અને પછી તેનુ ધર્માંતરણ કરે તો આ સન્માનનીય સભાગૃહ તેને માફ કરવા માટે તૈયાર નથી તેના માટે કડકમાં કડક કાયદો તે આ ગુજરાતની વિધાનસભાની અંદર અમે લાવ્યા છીએ. એ કાયદાના ઇન્વેસ્ટિગેશનમાં આ પ્રકારનું કૃત્ય કરવાવાળા લોકો નિશ્ચિત જગ્યાએ બાઇક ઉપર બેસીને આપણી ભોળી દીકરીને છેતરવા માટેનું આયોજન કરતાં હોય તો તે આઇડેન્ટિફાઇ કરવામાં સરળતા બની જાય છે. મને ખબર છે કે આપણે બધા કહેતા હતા કે ''કાળજા કેરો કટકો મારો હાથથી છૂટી ન જાય'' તે માટે સરકારે ચિંતા કરી છે. હું એ કહેવા માગું છું કે આપણી રાજકીય ઇચ્છા શક્તિના આધારે આ સન્માનનીય સભાગૃહમાં કાયદા બનાવ્યા, પરંતુ એ કાયદાનો સખ્તાઇથી અમલ કરવા માટે ગૃહ વિભાગ દ્વારા રાજ્યના પોલીસ તંત્રને આ ટેકનોલોજી પૂરી પાડવામાં આવી છે. જેના કારણે આપણે અસરકારકતા લાવી શક્યા છીએ. આજે ગુજરાતમાં કોઇ દીકરીનું આ રીતે ધર્મ પરિવર્તન થયું હોય તો તેના બાપે એકલા ઘરે બેસી રહેવાની જરૂર નથી. સરકાર અને ટેકનોલોજી એની પડખે છે. ટેકનોલોજીના માધ્યમથી તેને ન્યાય અપાવવા માટેનો આપણે પ્રયત્ન કરીએ છીએ. આ સન્માનનીય સભાગૃહમાં ભૂમાફિયાઓની શાન ઠેકાણે લાવવા માટે લેન્ડ ગ્રેબિંગ એક્ટ લાવ્યા. પાસા એક્ટમાં પણ સુધારો કર્યો. આપણા માછીમારોની અને દરિયાકાંઠાની સુરક્ષા માટે ફિશરીઝ એક્ટમાં સુધારો કરીને લાવ્યા. હું આ બધાનો ઉલ્લેખ એટલા માટે કરું છું કે આ સન્માનનીય સભાગૃહમાં લાવેલા તમામ લેજીસ્લેચરના કારણે પોલીસની તપાસના માધ્યમથી તેનું પ્રિવેન્શન કરી શકીશું અને કદાચ ગુનો બને તો તેનું ડિટેક્શન કરીને પોલીસ સંપૂર્ણપણે તપાસ કરીને તેના કન્વિક્શન કરી શકીશું અને કન્વિક્શન થાય તો સમાજમાં ગુનાખોરીનું પ્રમાણ ઘટાડવા માટે પણ આ ટેકનોલોજી અત્યંત ઉપયોગી થાય. આમ, આ પ્રમાણેના કાયદાનો હાર્દ તેના ઉદ્દેશો અને કારણોમાં વિસ્તૃત રીતે આપ્યો છે. હું માનું છું કે, આપણે વિશ્વાસ ફેઝ-૧ અને વિશ્વાસ ફેઝ-૨ સાથે આખા ગુજરાત રાજ્યને આ કાયદાના નેટથી જોડવા માટેનો જે પ્રયાસ કર્યો છે. આ ઉત્તમ પ્રકારનો કાયદો છે. હું રાજ્યના ગૃહમંત્રીશ્રી અને ગૃહ વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી પરેશ ધાનાણી**(**અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહ સમક્ષ માનનીય ગૃહમંત્રીશ્રી ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયક-૨૦૨૨ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે બિલ આ સન્માનનીય ગૃહ સમક્ષ વિચારણા અર્થે મૂક્યું છે તેના ઉદ્દેશો અને કારણો હું વાંચતો હતો. ગુજરાતમાં વાણિજ્યક અને ઔદ્યોગિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલ, રમતગમત સંકુલો, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, લોકો એકત્રિત થતાં હોય તેવા સભા સ્થળો અને એવી બીજી બધી જ મોટી સંસ્થાઓ જ્યાં લોકો વધુ સંખ્યામાં ભેગા થાય છે ત્યાં ગુનાની અને સુરક્ષા અંગેના જોખમોને નિવારવા માટે ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયક, ૨૦૨૨ ગૃહ સમક્ષ લાવી, આવી જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરા ઇન્સ્ટોલ કરવા અને પ્રવેશ નિયંત્રણ પગલા ફરજિયાત બનાવવા નિર્ધાર કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ઉદ્દેશો અને કારણોમાં એ વાતને પણ સ્વીકારી કે, રાજ્યમાં મોટી સંખ્યામાં આવા સી.સી.ટી.વી. કેમરા ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે. મહાનગરો હોય, નગર હોય, નગરપાલિકા વિસ્તાર હોય,  તાલુકાના વડા મથક હોય, મુખ્ય ધોરીમાર્ગો હોય ઘણી બધી જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવાની પરંપરાને લગભગ ઘણાં વર્ષો પૂરાં થયાં છે. મારે સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે કે, એક સમયે તો સરદાર સાહેબે કીધું હતું કે, સખત પરિશ્રમી માણસ હંમેશા

જીતે છે. સમય બદલાયો. કોઇ માણસ ખાલી પરસેવો પાડીને આજના યુગમાં દુનિયાને મુઠ્ઠીમાં કરી શકે તેમ નથી. આપણે સૌ જોઇએ છીએ કે, એક શ્રમિક, મજદૂર માણસ સૌથી વધુ મહેનત કરે એનું વળતર રકમ રૂપિયા ૨૦૦, ૨૫૦, ૩૦૦ કે ૪૦૦માં પૂરુ થઇ જાય છે. આ યુગમાં ૨૧મી સદીના સપનાઓને સાકાર કરવા માટે નવીનતાને સૌએ આવકારવી પડે, સ્વીકારવી પડે. આજે એ.આઇ. નો યુગ છે અને આ એ.આઇ.ના યુગમાં મારું અને તમારૂ આપણા સૌનું ભારત, વિશ્વની સાથે તાલ મિલાવે એ જરૂરિયાત છે. આ જ વિચારનો પાયો નાખી પૂર્વ પ્રધાનમંત્રીશ્રી ડો. મનમોહનસિંહજીએ વર્ષ ૨૦૦૪માં ઇ-ગ્રામ યોજના, ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં લાગુ કરી. આ દેશના સાત લાખ કરતાં વધુ ગામડાઓ, એ ગામની પંચાયતો ઇન્ટરનેટથી સીધી જ તાલુકાના વડા મથકે જોડાય, જિલ્લાના વડા મથકે જોડાય, રાજ્યના વડા મથકે જોડાય તથા ગામડાના સરપંચની વાત ઇ-મેઇલથી સીધી જ માનનીય પ્રધાનમંત્રીશ્રી સુધી પહોંચે એવી વ્યવસ્થાનો પાયો નંખાયો છે. મને દુઃખ થાય છે કે, જેને આપણે સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ રાજ્ય કહીએ છીએ એમાં આજે પણ કેટલાયે ગામડામાં આ ઇ-ગ્રામ યોજનાનો લાભ મળ્યો નથી. મારા જેવા કેટલાયે દાતાશ્રીઓએ વ્યક્તિગત ધોરણે કોઇ એક પંચાયતમાં, બે પંચાયતોમાં, દસ પંચાયતોમાં કોમ્પ્યુટરનું દાન કર્યુ. એ કોમ્પ્યુટરને ધૂળ ચડી ગઇ એને કોઇ વાપરનારું નથી. આવા કોમ્પ્યુટર ખોટકાણા તો એને રિપેર કરવાની સરકારે આજે ૧૫-૧૫ વર્ષનો સમય થયો હોવા છતાં ચિંતા કરી નથી. આ ગૃહનું કામ કાયદો ઘડવાનું છે. ૧૮૨ ધારાસભ્યો સાથે મળી આ સન્માનનીય ગૃહમાં એવા કાયદાઓ ઘડે કે જે કાયદાથી મારા ગરવા ગુજરાતીના મનમાં વિશ્વાસ પેદા થાય કે, મારી સાથે કોઇ ખોટું કરશે તો એને કાયદો પહોંચશે. મને કહેતાં દુઃખ થાય છે કે, આ ઉચ્ચ કોટિની પરંપરાને તોડવાની શરૂઆત વિતેલાં વર્ષોમાં થઇ, પરિણામે આપણે જે કાયદા ઘડીએ, એ કાયદાથી વિશ્વાસના બદલે સામાન્ય માણસના મનમાં ડર પેદા થાય છે. આ કાયદાથી, કાયદા તોડનારાના રૂવાડાં ઉભા થઇ જવા જોઇએ, એ ગુનો કરતાં ડરવા જોઇએ. પણ કમનસીબે આવું બન્યું નથી. હું માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર વાત મૂકવા માગું છું કે, માનનીય શ્રી હર્ષભાઇ, ઘણાં વર્ષોથી આપણે ગુજરાત રાજ્યમાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાની પરંપરા શરૂ કરી. આપણે સૂચના આપી કે, પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. કેમેરા હોવા જોઇએ. હમણાં જ નામદાર હાઇકોર્ટે સરકારને ઠપકો આપવો પડ્યો કે, પોલીસ સ્ટેશનમાં જયારે પોલીસ સ્ટશેનના બનાવો બને, કસ્ટોડિયલ ડેથમાં જયારે નામદાર હાઇકોર્ટ તપાસ કરતી હોય ત્યારે જયાં જયાં આવા કેસો બને ત્યાંના સી.સી.ટી.વી. કેમેરા બંધ હોય, સી.સી.ટી.વી. કેમેરા ખોટકાઇ ગયા હોય, સી.સી.ટી.વી. કેમેરા લાઇટના અભાવે બંધ હોય એટલે મારી વિનંતી કરવી છે કે, માનનીય મંત્રીશ્રી અહીંયા જે બિલ લાવ્યા છે પણ વર્ષોથી આપણે જે સી.સી.ટી.વી. કેમેરા લગાવ્યા એને ફળશ્રુતિ શું? એના લેખાજોખા કરવાની જરૂર છે. પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. કેમેરા લગાડ્યા પછી પણ કસ્ટોડિયલ ડેથમાં સમગ્ર ગુજરાત ભારતમાં અવ્વલ નંબરે શું કામે રહ્યું છે? હમણાં માનનીય પૂર્વ ગૃહ મંત્રી અને અમારા સન્માનનીય મિત્રશ્રી પ્રદિપસિંહભાઇ કહેતા હતા કે પોલીસની સાથે કોઇ ગેરવર્તણૂક કરે તો પોલીસના રક્ષણ માટે તેની સાથે કેમેરો જોડવામાં આવ્યો છે. હું તો આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે બધા જ મારા પોલીસ કર્મીઓના ટોપામાં કેમેરો રાખવો જોઇએ. કે પોલીસ સાથે કોઇ દૂર્વ્યવહાર કરે તો આવા લોકોને સબક શીખવાડવામાં આવે અને પોલીસ પણ કોઇ સામાન્ય માણસ ઉપર સત્તાનો દૂરઉપયોગ કરે તો એ સાચી વાતના લેખાજોખા પણ થાય આવી વ્યવસ્થા આજે આખુ ગુજરાત ઇચ્છે છે. આપણે સી.સી.ટી.વી. લગાડ્યા, બગીચામાં સી.સી.ટી.વી. લગાડ્યા, રોડ ઉપર સી.સી.ટી.વી. લગાડ્યા, જાહેર ચોકમાં સી.સી.ટી.વી. લગાડ્યા, અને એમ છતાં ગુજરાતની અંદર ગુનાખોરીને આપણે નિયંત્રિત કરી શકયા નથી. મારે માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇને વિનંતી કરવી છે કે શ્રી હર્ષભાઇ, ગુજરાતની મહારાષ્ટ્ર સરહદ છે, મધ્ય પ્રદેશની સરહદ છે, રાજસ્થાનની સરહદ છે આ આખી સરહદ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડી દો તો જે દારૂનો દિન દહાડે હોલસેલ વેપાર થાય છે એ બંધ થઇ જાય. આ ગૃહના આંકડાઓ સાક્ષી છે, ૧૦૬ કરોડ વિદેશી દારૂની બોટલો મળી, ઘણા બધા આંકડાઓ છે, ૧૬૨ કરોડ બિયરની બોટલો મળી, ૩૭૦ કરોડ કરતા વધુના અફીણ, ચરસ, ગાંજો, હેરોઇન, પોશ ડોડા અને પાવડર, ગાલે લગાડવાનો હતો કે ગળવાનો હતો એ હજુ પણ ખબર નથી પડી. આપણે દરિયાકાંઠે જો સી.સી.ટી.વી. કેમેરા લગાડ્યા હોત તો ડ્રગ માફિયાઓ દરિયાથી જમીન ઉપર લેન્ડિંગ કરે એ પહેલા જ એને દબોચી લીધા હોત અને મારા આ ગુજરાતનું યુવાધન છે તેને બરબાદ થતું બચાવી શકાયું હોત. મારે આભાર માનવો છે એ ડ્રગ્સને પકડનારી એજન્સીઓને, એ એજન્સીએ આ મુન્દ્રા પોર્ટ ઉપર ડ્રગ્સને પકડ્યું, પણ પકડનારી એજન્સી પાસેથી તપાસ ઝૂંટવી લેવાનું કામ કોના ઇશારે થયું એ ગુજરાત જાણવા માગે છે. આ ૩૦ હજાર કરોડ રૂપિયાના ડ્રગ્સકાંડ ઉપર પડદો પાડવાના પાપે મારી અને તમારી આવતી પેઢી આ ડ્રગ્સ માફિયાઓના ગુલામ બનવાના છે, ત્યારે એને બચાવવા માટે આ સી.સી.ટી.વી. કેમેરાનો ઉપયોગ થયો હોત તો મને ગમત. આ સરહદો ઉપરથી દરરોજ કરોડો રૂપિયાનો દારૂ, કયાંક એસ્કોર્ટની પાછળ, કયાંક પાઇલોટિંગ થતું હોય, એ ગુજરાતના ગામડે ગામડે બોટલો પહોંચે છે એવા લોકોને દબોચવા માટે આ સી.સી.ટી.વી. નો ઉપયોગ થયો હોત તો ગમત, પણ જાહેર રસ્તાઓ ઉપર કેમેરા લગાડવા છતાં આપણે આ ગુનાઓને નિવારી શકયા નથી. હું માનનીય મંત્રીશ્રીનું આપના મારફત ધ્યાન દોરવા માગું છું કે, સી.સી.ટી.વી. કેમેરા લગાડ્યા પછી એનું નિયંત્રણ કોણ કરશે એના પણ પ્રશ્નો હતા, કયાંક નગરપાલિકા એનું સંચાલન કરશે, કયાંક પોલીસ વિભાગ એનું સંચાલન કરશે, કયાંક સાયન્સ અને ટેકનોલોજી વિભાગ એનું સંચાલન કરશે, કેમેરાઓ તો લગાડાઇ ગયા પણ જે તંત્ર દ્વારા તેની કાયમી નીભાવણી થવી જોઇએ તેના અભાવે રાજયમાં ગુનાઓ વધતા ગયા. માનનીય શ્રી હર્ષભાઇ, આપણે સી.સી.ટી.વી. લગાડ્યા પછી પણ બે વર્ષમાં ૧,૦૨૪ જેટલી લૂંટ થઇ. લૂંટારુઓ મોઢે બૂકાની

બાંધીને લૂંટ કરવા નીકળે, જેવી બૂકાની બાંધે કે તરત જ ખબર પડી જાય જો સી.સી.ટી.વી.માં પકડાઇ ગયા હોત તો આપણે આવી લૂંટને રોકી શકયા હોત. મને લાગે છે કે સી.સી.ટી.વી. કેમેરા લગાડયા હતા પણ લાઇટના અભાવે બંધ હશે એટલે આ ૧,૦૨૪ જેટલી લૂંટ બે વર્ષમાં થઇ છે. ૧,૯૯૩ ખૂન થયા, કોઇ માણસ હથિયાર લઇને બહાર નીકળે એના મોઢા ઉપર ગુસ્સાના હાવભાવ સી.સી.ટી.વી.માં પકડાયા હોત તો આટલી ખૂનની ઘટના રોકી શકયા હોત પરંતુ કમનસીબે આવું ન થઇ શક્યું. ૨૭૧ જેટલી ધાડ પડી છે. ધાડપાડુઓ ખુલ્લે આમ કોઇની વસ્તુ છીનવી લઇને આ ખુલ્લેઆમ છીનવી લેવાનો પ્રયાસ ગુજરાતમાં થાય અને કમનસીબે સી.સી.ટી.વી. કેમેરા લગાડ્યા પછી આવી ઘટના ન રોકી શકયા એ દુઃખદ બાબત છે. આજે ગુજરાત રાજયમાં સામાન્ય ગરીબ માણસ પરસેવો પાડીને માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવતો હોય અને એમાં એક ટાણું ભૂખ્યો રહીને બીજાની ચિંતા કરીને બચત કરી હોય એવી ૧૮,૬૫૮ જેટલા ચોરીના બનાવો છેલ્લાં બે વર્ષમાં નોંધાણા છે ત્યારે હું ગૃહમંત્રીશ્રીને જણાવવા માગું છું કે આપણે આટલા સી.સી.ટી.વી. લગાડ્યા પછી ચોરી કરનારને રોકી શકયા નથી. ગુજરાતમાં ૫,૩૩૨ જેટલા ઘરફોડ ચોરીના કિસ્સા બન્યા છે. આપની મારફત સરકારશ્રીને વિનંતી કરવી છે કે આ કાયદો લઇને આવ્યા છો એ કાયદાના હાર્દમાં મને કંઇક લાગે છે કે કરણી અને કથનીમાં કોઇ તફાવત તો નથી ને એની ચિંતા સૌએ કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ડિજિટલ ઇન્ડિયાનો નારો આવ્યો, એ પછી પણ આ ડિજિટલ ઇન્ડિયાનો દૂરપયોગ આપણે રોકી શકયા નથી. સાઇબર હુમલા વધતા જાય છે એના નિયંત્રણ માટે કાયદો લાવ્યા પછી કોઇ માણસની પરસેવાની કમાણી બેંકના ખાતામાં સલામત નથી. હવે તો કોઇ માણસે બચત કરવા માટે ૧૮મી સદીની પૂરાણી પરંપરા પટારાને અલીગઢી તાળું મારી એ પટારાં માથે સૂવે તો એની બચત બચવી હોય તો બચે બાકી બેંકના ખાતામાંથી આ ડિજિટલ માફિયાઓ છે એ સાયબર ક્રાઇમ કરનાર લોકો છે એ બારોબાર લઇ જાય અને એમ છતાં સરકાર આના ઉપર નિયંત્રણ નહિ કરી શકે. આ રીતે ગુજરાતના લોકોની બચત પણ જોખમમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય પ્રદીપસિંહજીએ વાત કરી કે હવે અમે ડ્રોન કેમેરા લાવ્યા છીએ, એ હવામાં ઉડીને જમીન ઉપર સર્વેલંશ કરશે અને આ રીતે ગુનેગારોને રોકવામાં આવશે. આપની મારફત સરકારને બે હાથ જોડીને વિનંતી કરું છું કે છેલ્લાં ૨૦-૨૦ વર્ષથી હવામાં ઉડો છો, ગામોમાં ગલીએ ગલીએ ગુંડાઓએ માઝા મૂકી છે. આ રીતે હવામાં ઉડીને પ્રજાની સલામતી નહિ થાય. હું બિલ બહારની કોઇ ચર્ચા કરતો નથી કે ટીકા ટિપ્પણ પણ કરતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજય નંબર એક રાજય બને એ આપણા સૌની અને આ ગૃહની ચિંતા છે. આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઇન્ટરનેટ સ્પીડ ખૂબ ઓછી છે. આ કેમેરામાં કોઇ ગુનાના ઇરાદાવાળો પકડાય જાય એ એ ઇરાદો કેમેરામાં કંડારાય જાય એ વિજ્યુઅલ સત્તાધિકારી પાસે પહોંચે એમાં સમય લાગે એ દરમિયાન ગુનો કરનાર ગુનેગાર વિદેશ ભાગી જાય એટલી સ્પીડથી આપણું ઇન્ટરનેટ ચાલે છે. ત્યારે એની સ્પીડ વધારવા માટે સરકારે ચિંતા કરી હોત તો મને ગમત.

માનનીય અધ્યક્ષશ્રી, જી.પી.એસ. ટ્રેકિંગની વાત કરીએ તો એનો ઉપયોગ ગામડાંના અભણ માણસો કરતાં પણ થઇ ગયા છે. કોઇ ગામ કે શહેરમાં કોઇના ઘેર જવું છે, કોઇ મહોત્સવમાં જવું હોય તો કહે કે લોકેશન મોકલી દો અને આ રીતે અભણ માણસ પણ મૂળ જગ્યાએ પહોંચી જાય છે. એવી વ્યવસ્થાનો પાયો આ દેશમાં વિતેલાં ૧૦ વર્ષમાં યુ.પી.એ. સરકારે જે પાયો નાખ્યો હતો તેના ઉપર ઇમારત ઉભી થઇ રહી છે, પણ આ જી.પી.એસ. ટ્રેકિંગ મારફતે ગુનેગારોને ટ્રેક કરવાના બદલે સજ્જન માણસોએ ક્યાંક તેનો ભોગ બનવું પડે એવી સ્થિતિ પેદા થઇ છે. ભૂતકાળમાં ટેક્નોલોજીના દુરુપયોગથી કેટલાય લોકોને તેની નિજતાના અધિકાર ઉપર વાર કરવાનો પ્રયાસ થયો છે. પૂજ્ય બાબાસાહેબે ઘડેલું બંધારણ એ સમાનતા અને સદભાવનાના પાયા ઉપર આ દેશની ઇમારત ઉભી કરી હતી. કમનસીબે આ રાઇટ ટુ પ્રાઇવસી, નિજતાના અધિકાર ઉપર ક્યાંય કાયદાનો દુરુપયોગ કરી અને રાજકીય ઇરાદાઓ સિદ્ધ કરવાનો પ્રસાય થશે તો તેની દુરોગામી અસરો મારા ગુજરાતનું ઘોડિયામાં હીંચકતું ભવિષ્ય છે તે ગુલામ પેદા થવાનું. હું ચિંતા કરતો હતો. મેં શ્રી હર્ષભાઇને પણ કાનમાં કહ્યું કે હું ય જુવાન, એ જુવાન. એની કલમો ઉપર લઇ જવા છે. સરકારે કહ્યું કે આવી બધી જ વધુ લોકો ભેગા થતાં હોય એવી જાહેર જગ્યાઓ, શ્રી નીતિનકાકા, તમારી પેઢીમાં કાંઇ નહોતું. અમારામાં તો જોણ જોઇને નક્કી કરવાની પરંપરા શરૂ થઇ. તમારા જમાનામાં નહોતું. અમારા વખતે સુધારો આવ્યો. કોઇ યુગલ દાંમ્પત્યમાં પગલાં પાડતાં પહેલાં એકબીજાંના વિચારોનાં આદાન-પ્રદાન માટે બે ઘરના વ્યવહાર, તેના જોણ શરૂ થાય, એકબીજાંને સમજવાનો પ્રયાસ થાય, આવા વાર્તાલાપ માટે પણ ક્યાંય બગીચા, એક તો બગીચા ઘટ્યા અને તેમાંય બગીચાની અંદર આ શ્રી હર્ષભાઇ સી.સી.ટી.વી. કેમેરા મૂકશે તો આવા યુગલો ક્યાં જશે તેની ચિંતા છે.

અધ્યક્ષશ્રી : હું આપને સમય માટે રોકી શકતી નથી, પણ બીજા પણ ઘણા બોલનારા છે. એટલે આપ થોડું સમયનું ધ્યાન રાખો તો વધારે સારું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે હળવી વાત સાથે સિક્કાની બીજી બાજુ તરફ લઇ જવા છે. આપણે સૌ જાણીએ છીએ કે સ્ત્રી એ શક્તિનું સ્વરૂપ છે. આ બહેનો-દીકરીઓ ઉપરના અત્યાચારના બનાવો વધતા જાય છે તેના ઉપર

નિયંત્રણ કસવા માટે આ સી.સી.ટી.વી. કેમેરાનો ઉપયોગ થાય તો મને ગમશે પણ ભયસ્થાન સમાયેલું છે. કોઇ જવાનિયા, તેનો પ્રેમ પાંગર્યો હશે, ક્યાંય બગીચામાં ફરવા ગયા હશે.

અધ્યક્ષશ્રી : બિલના સ્કોપમાં આવી જાવ ને?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આવા દૃશ્યો સી.સી.ટી.વી. કેમેરામાં કંડારાય અને તેની ક્લિપનો દુરુપયોગ કરી અને મારી દીકરીને તો ક્યાંય પ્રતાડિત તો કરવામાં નહીં આવે ને? બે દીકરીનો બાપ છું, મને તેની ચિંતા છે. સરકારે આની તકેદારી રાખવી પડશે. (અંતરાય) શ્રી પીયૂષભાઇ, બે દીકરીનો બાપ છું અને દીકરીની આબરૂની ચિંતા આ ગૃહે કરવાની છે. આ કાયદામાં જે જોગવાઇ કરી છે એ જોગવાઇથી મને લાગે છે કે ભવિષ્યમાં જે સંચાલન સમિતિ છે, જેની પાસે આવા સી.સી.ટી.વી. ફૂટેજ સંગ્રહ થવાના છે, આનો દુરુપયોગ કરવાની શક્યતાઓને પણ નિવારવાની આપણે ચિંતા કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાની કલમ-૩માં સરકારે જોગવાઇ કરી છે. સરકાર જાહેરનામાથી જાહેર કરે એટલી સંખ્યામાં લોકો મુલાકાત લેતા હોય અથવા દરરોજ તેટલી સંખ્યામાં અવરજવર થતી હોય અથવા એક સમયે તેટલી સંખ્યામાં લોકો ભેગા થવાની સંભાવના હોય એવી તમામ સંસ્થા ચલાવતા દરેક માલિક અથવા મેનેજર અથવા વ્યક્તિએ આવી સંસ્થાઓની મુલાકાત લેતા લોકોની સલામતી અને સુરક્ષા માટે જાહેર સલામતીનાં પગલાં લેવાની જોગવાઇ કરવામાં આવી છે. કલમ-૩(૨)માં કહ્યું છે કે, આવી જોગવાઇ માટે ૩૦ દિવસની મુદત સુધીના વિડિયો ફૂટેજ યોગ્ય રીતે સાચવવાની જવાબદારી પણ એ સંસ્થાની રહેવાની છે, ત્યારે સત્તાધિકારી માગશે ત્યારે પૂરા પાડવાની જવાબદારી સંસ્થાઓ ઉપર નાખવામાં આવી છે. કલમ-૪(૩) તરફ સરકારનું ધ્યાન દોરું છું. સરકારે કલમ-૪(૩)થી જોગવાઇ કરી છે કે જાહેર સલામતી સમિતિ, શ્રી સી.જે. ચાવડા સાહેબે કહ્યું છે કે આ સમિતિની પ્રસ્તાવના શું હશે? સરકારી લોકો હશે કે ખાનગી લોકો હશે, રાજકીય અને સામાજિક લોકો હશે એની સ્પષ્ટતા થતી નથી. આ સમિતિમાં કાયમી અધિકારી, કર્મચારીઓ હશે કે આઉટસોર્સ, ફિક્સ પે કે કરાર આધારિત નોકરી મેળવનારા કર્મચારીઓ હશે એની સ્પષ્ટતા નથી થઇ. એની જોબ સિક્યોરિટી ન હોય એ કાયદાનું ઇમાનદારીથી પાલન કરવા ઇચ્છતા હોવા છતાં પણ કરી શકતા નથી, ત્યારે કમસે કમ કાંઇક ખોટું કરે તો એની નોકરી ઉપર જોખમ થવાનો ભય પેદા થાય એવા જ લોકોને આ સમિતિમાં નીમવા જોઇએ. આ સમિતિ જોખમના મૂલ્યાંકન માટે સંસ્થાની મુલાકાત લઇ શકશે. સંસ્થાઓને જાહેર સલામતીનાં પગલાં સંબંધી સૂચનાઓ આપી શકશે અને ઠરાવવામાં આવે તેવા બીજા કાર્યો પણ જે તે સંસ્થા ઉપર બોજ નાખવાની પ્રસ્તાવના કાયદાથી સરકારે બાંધી છે. મારે કલમ-૪(૫) તરફ આપનું ધ્યાન દોરવું છે. કલમ-૪ ની પેટા કલમ-૫ મુજબ જાહેર સલામતી સમિતિએ લેખિતમાં સુનિશ્ચિત કરેલ ભલામણ કરેલ હોય તે પ્રમાણે જો ૬ મહિનાની અંદર આવાં પગલાં લેવાનાં રહેશે અને આવાં પગલાં લેવામાં ક્યાંક ચૂક થશે, નાણાકીય અભાવે, ટેકનોલોજી ઉપલબ્ધ ન થવાના અભાવે આવી સંસ્થા આવી વ્યવસ્થા પૂર્ણ ન કરી શકે તો કલમ-૫ થી એના ઉપર સજાની જોગવાઇ કરી છે. કલમ-૫ (૧) તરફ આપનું ધ્યાન દોરવું છે. સરકારે કલમ-૫(૧)માં કહ્યું છે કે સરકારના કોઇપણ અધિકારી ઓછામાં ઓછા બે દિવસની નોટિસ આપ્યા પછી દિવસના વાજબી કલાકો દરમિયાન ઇન્સ્ટોલેશનની તપાસ માટે કોઇ સંસ્થાની કોઇપણ જગ્યાએ, ઇમારતમાં પ્રવેશ કરશે. આ જોગવાઇ ખૂબ ગંભીર છે. આ દેશમાં કોઇપણ વ્યક્તિને એની નીજતાનો અધિકાર મળેલ છે એની માલિકીની પ્રોપર્ટીમાં ક્યારેય કોઇએ પ્રવેશ કરવો હોય તો માલિકની અનુમતિ લેવી પડે અથવા સક્ષમ ઓથોરિટી સર્ચ વોરન્ટ જ્યાં સુધી ન આપે ત્યાં સુધી આવી કોઇપણ ખાનગી સંસ્થા કે મિલકતોની અંદર પ્રવેશ આપી શકાય નહીં. કલમ-૫(૧)માં કરેલ જોગવાઇમાં મને લાગે છે કે આપણા પ્રવર્તમાન કાયદાઓની જોગવાઇઓનું ઉલંઘન થઇ રહ્યું છે. સરકારે આ અંગે પુનઃવિચાર કરવાની જરૂર છે. આ જોગવાઇ નીચે કોઇ અધિકારી ગમે ત્યારે કોઇના ઘરમાં ગમે ત્યાં સુધી પહોંચવાની વ્યવસ્થા, કાલે ઉઠીને કોઇ નબળી માનસિકતાના લોકો આ વ્યવસ્થાનો હિસ્સો બની મારા અને તમારા રસોડા સુધી ન પહોંચે એની સરકાર ચિંતા કરે એવી વિનંતી કરું છું. જાહેર સલામતી સમિતિ સંસ્થા ચલાવતા માલિકો અથવા મેનેજર જે સમિતિએ સૂચવેલાં કારણો છે એ પૂરાં ન કરે તો કસૂરવાર થયે પહેલા મહિના માટે ૧૦ હજાર અને પછીના દરેક મહિના માટે ૨૫ હજાર રૂપિયા જેટલા દંડની જોગવાઇ કરી છે. આ સી.સી.ટી.વી. કેમેરા, એની કિંમત કેટલી? બધાં જ કેમેરાને ઓપરેટ કરનાર કોમ્પ્યુટર એની કુલ કિંમત કેટલી? પૈસાના અભાવે કોમ્પ્યુટર ન લઇ શકાયું હોય, કેમેરા ન લઇ શકાયા હોય, ક્યાંય લાઇટનો અભાવ હોય, ક્યાંક જનરેટરનો પ્રશ્ન હોય તો આવી સંસ્થાને આવતા દિવસોમાં કાયદા નીચે દંડાવું પડશે. મૂળ સામાન લેવાનો વેંત નથી અને ૧૦ કે ૨૫ હજાર દર મહિને દંડ એ અતિશયોક્તિ થઇ રહી છે એવું મને લાગે છે. સરકારે આ અંગે પૂનર્વિચાર કરવાની જરૂર છે. આવા દંડની ચૂકવણી ન થાય તો આવી સંસ્થાઓ પાસેથી આવી દંડની રકમ જમીન મહેસૂલ તરીકે બાકી લેવાની પણ જોગવાઇ કરી છે. ઘણીબધી વાતો થઇ શકે. સમયની મર્યાદા છે પણ આપના મારફત ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું કે માત્ર સી.સી.ટી.વી. કેમેરા લગાડવાથી આપણે ગુનાઓને રોકી શકવાના નથી.(અંતરાય) પણ આપના મારફત મારી સરકારશ્રીને વિનંતી છે કે માત્ર સી.સી.ટી.વી. કેમેરા લગાડવાથી સમસ્યાનું સમાધાન નહીં થાય, ગુનાઓને રોકી નહીં શકાય. સમસ્યાના સમાધાન માટે ગુનાઓને રોકવા માટે આ ગુજરાતના જનજનની અંદર કાયદા પ્રત્યે વિશ્વાસ પેદા થાય એવું વાતાવરણ ઉભું કરવાની જવાબદારી છે. જે પ્રવર્તમાન વ્યવસ્થા છે, એનું સુચારુ સંચાલન થાય એની ચિંતા કરવાની જરૂર છે. પ્રવર્તમાન જે વ્યવસ્થા છે એમાં વધારો ભલે કરીએ પણ એનો દૂરઉપયોગ ન થાય એવી જોગવાઇ કરવાની જરૂરિયાત છે.

કમનસીબે સરકાર ગુજરાત જાહેર સલામતી અમલીકરણ વિધેયક ૨૦૨૨ લઇને આવી છે, એમાં આવી જોગવાઇઓનો અભાવ છે એટલા માટે હું આ બિલને સમર્થન આપી શકતો નથી.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ**(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રી જે ગુજરાત જાહેર સલામતી(પગલા) અમલીકરણ વિધેયક ૨૦૨૨ લઇને આવી છે એને હું અનુમોદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ પર્ફોર્મન્સ બેઝ ગવર્નન્સનું આ ઉત્તમ ઉદાહરણ ગૃહ વિભાગ અને માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે આજે જે ગુજરાત બેસ્ટ ગવર્નન્સ સ્ટેટ છે એની પાછળનું જો કોઇ સૌથી મોટું પેરામીટર હોય તો તે શાંતિ અને સલામતી છે ત્યારે ઇંગ્લીશમાં એક કહેવત છે "If the path is beautiful, let us not ask where it leads, but if destiny is beautiful, let us not ask how is the path walking." આ તમને અને તમારા વિભાગને લાગુ પડે છે અને મારું મંતવ્ય કહું તો આ થેન્કલેસ જોબ છે. આ એક અવસર છે કે જયારે તમને મંત્રીને અને આખા વિભાગને હું હૃદયપૂર્વક અભિનંદન આપું છું અને આભાર વ્યકત કરું છું. ગુનેગારો હવે હાઇટેક થવા માંડયા છે અને સાથેસાથે ટેકનોલોજીના ઉપયોગ વગર આ શકય નથી. સમાજના વધતા ગુનાઓ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી આજે કહી શકાય કે આ બધા ગુના ડીટેકટ થાય છે. ગુજરાતના ગૃહ વિભાગે જે પ્રકારની કામગીરી કરી છે અને જે પ્રકારે ટેકનોલોજીથી વધીને અને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને સાડા છ કરોડ ગુજરાતીને શાંતિ, સલામતીનું રક્ષણ કેવીરીતે આપી શકાય એની અંદર વખતોવખત જે કોઇ કાયદાની અંદર સુધારો કરવાનો એ કાયદામાં સુધારો કરી નવી ટેકનોલોજી સજ્જ કરી સાડા છ કરોડ ગુજરાતીની રક્ષા માટે જે પગલાં ઉઠાવવાનાં હોય એ તમામ ઉઠાવે છે એ અભિનંદનને પાત્ર છે. આપણું ગુજરાત રાજય દેશનું સૌથી સલામત રાજયમાંથી એક છે અને તેમાં શાંતિ અને સલામતીના વાતાવરણને લીધે ગુજરાતે એક આગવી ઓળખ આખા દેશની અંદર ઉભી કરી છે. કોઇપણ રાજયના પેરામિટર્સ જોઇએ અને એના વિકાસના પાયા જોઇએ તો એની અંદર કાયદો વ્યવસ્થા, શાંતિ અને સલામતી મોખરે છે ત્યારે ટેકનોલોજીની સાથેસાથે કેવી રીતે સજ્જ થઇએ. આજના દિવસની વાત કરું તો સી.સી.ટી.વી. કેમેરા એ બહુ મોટું ઇન્ફ્રાસ્ટ્રકચર થઇ ગયું છે હવે. એનો લોજીકલ એનાલીસીસ કરીએ અને એના CCTV camera infrastructure Logical analysis,Software support, Artificial Intelligence લાવીએ તો આ ત્રીજી આંખ કહેવાય. એને મજબૂત બનાવી છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. આજે ૭૦ થી ૮૦ ટકા ગુનાઓ એ સીસીટીવીના માધ્યમથી ડિટેક્ટ થાય છે. ગુનેગારોને જેલના સળિયા પાછળ મોકલવામાં આવે છે. આજે ગુજરાત સરકાર જે પ્રકારનાં સાધનો લઇને આવી છે, જે પ્રકારની એજન્સી સરકાર જોડે છે એમ કહી શકાય કે બેમીસાલ છે. આજના યુગને જે ટેકનોલોજી સાથે આપણે ચાલવા માગીએ છીએ, તે ટેકનોલોજીથી સજ્જ છે અને આ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સિમ્પલ વાત કરીએ કે અહીથી બહાર નિકળીએ અને સીટ બેલ્ટ પહેરેલો નથી હોતો તો એ સીસીટીવી કેમેરા જોઇએ ઓનલાઇન દંડ આવે છે એ આ સીસીટીવી કેમેરાની કમાલ છે. માનનીય પૂર્વ મંત્રીશ્રી પ્રદીપસિંહભાઇએ બોડી વોર્ન કેમેરાની વાત કરી એણે મહત્તમ મોટામાં મોટો રોલ પ્લે કર્યો છે. જેમ જેમ સમયની સાથે આપણે આગળ જઇએ છીએ તેમ એનો ખૂબ મહત્વનો રોલ પ્લે કરે છે. ઇન્ડસ્ટ્રિયલ ક્રાઇમ. મારા ભરૂચ જિલ્લામાં ઇન્ડસ્ટ્રિયલ ક્રાઇમ એ નવી પોલિસિંગ છે. બીજી જગ્યાએ નથી હોતું. સાથે સાથે ધાડ હોય, મર્ડર,લૂંટ, ચોરી, ચેન સ્નેચિંગ હોય, રેપ હોય, ઇન્ડસ્ટ્રિયલ એક્સિડંટ, હીટ એન્ડ રન, ટ્રાફિક રોડ એક્સિડંટ, સીટ બેલ્ટના દંડ. સુરતનું લેટેસ્ટ ઉદાહરણ. એક જગ્યાએ રાતના કેમિકલ ખાલી કરવા ગયા. એ આખું ડિટેક્શન છે. તેમાં સ્માર્ટ પોલીસિંગ મહત્વનો રોલ પ્લે કર્યો છે. ક્રાઇમ પ્રિવેન્શન અને ડિટેક્શનના બધા જ પ્રયત્નો કરવામાં આવે અને એ કરતા કરતા જે કઇ કરવા જેવું લાગે તે તમામ ચીજ કહી શકીએ. બંનેય અમારા મંત્રીશ્રીએ ખૂબ વિસ્તૃતથી વાત કરી છે. મુદામાં જતો નથી. મારી પાસે જે મુદા છે. માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇને અભિનંદન આપીશ. તર્કશ નામની નવી એપ લોન્ચ કરી છે. ખરેખર અભિનંદનને પાત્ર છે. જે લોચિંગથી આવનારા દિવસોમાં ખૂબ સારાં પરિણામો મળવાનાં છે. વિનંતી આ ગૃહ વતિ કરું કે આખા ગુજરાતની અંદર એ લાગુ કરાય. સરકાર પાસે ખૂબ મોટી ડેટા બેન્ક છે. એના આધારે કેમેરાથી કોઇ વસ્તુ બહુ કિલયર ન આવતી હોય ત્યારે ફેસ નિયરબાય, નજીકનો ચહેરો કેમેરો આપણે બતાવે છે. શ્રી પરેશભાઇ વાત કરતા હતા કે મોઢે કાપડ બાંધીને બુકાની બાંધીને આવે છે. તો એવી ટેકનોલોજી છે કે ફેસ નિયર બાય એ ડેટા બેન્કની અંદર આવા ગુનેગારો છે કે જેના ફેઇસ આવા પ્રકારના આવે છે એને લઇને ટેકનોલોજી આવી છે કે ગુનેગારોને શોધી કઢાય છે. ભરૂચ જિલ્લામાં ભાજપના જિલ્લા અધ્યક્ષનું મર્ડર સુરેશભાઇ બંગાળીનું થયું હતું એ આ ટેકનોલોજીનો રોલ પ્લે કર્યો હતો. ઘણા લાંબા સમય પછી એમ કહી શકાય કે આવા ગુનાઓ ડિટેક્ટ થયા હતા. આજે સૌથી મોટી સમસ્યા બિલના બહારની છે, પણ એક ચિંતા છે. આજે અહીયા કાયદા ઘડવા આપણે સૌ બેઠા છીએ. આજની સૌથી મોટું ન્યુસન્સ છે ચાઇલ્ડ પોનોગ્રાફી છે. એની અંદર સૌથી વહેલામાં વહેલી તકે કાયદો ઘડાય. આજે ૧૮ વર્ષથી નીચેના ન્યૂડ ફિલ્મ્સ બાળકો જુએ છે એ સૌથી મોટું દૂષણ છે. વીડિયો વાઇરલ થાય છે. અભિનંદન આપવા જોઇએ મેં રિપોર્ટ સ્ટડી કર્યો છે. એના મૂળમાંથી સરકાર એને પકડીને જે એના ઉપર કેસીસ દાખલ કર્યા છે એ અભિનંદનને પાત્ર છે. આ પ્રકારે ગુજરાતની પોલીસ હવે ટેકનોક્રેટ થઇ છે તેમ કહી શકાય. તેમાં હંમેશા સમયાંતરે જે કોઇ ટેકનોલોજી સાથે આવ્યા છે એને સમયાંતરે એ ટ્રેનિંગ લે છે, એ ટ્રેનિંગના આધારે એમ કહી શકાય આપણું ગુજરાત આજે સૌથી સમૃદ્ધ ટેકનોલોજીના કાર્યમાં આપણે સારું એવું નામ કરી શક્યા છીએ. અને સાથે સાથે જે પ્રકારનું ગુનાઓનું ડિટેક્શન થાય છે, ભલે તેમાં આ પક્ષે કે આ પક્ષે ક્રિટીસાઇઝ થતું હશે, પણ ગુજરાતની અંદર આપણે આ દિશામાં જે પ્રકારે કામગીરી કરી રહ્યા છીએ તે અભિનંદનને પાત્ર છે. વધુ ન કહેતાં શ્રી હર્ષભાઇ ગુજરાત જાહેર સલામતી પગલાં અમલીકરણ વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

તા. ૩૦મી માર્ચ ૨૦૨૨

ગુજરાત જાહેર સલામતી(પગલાં)અમલીકરણ વિધેયક,૨૦૨૨

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત જાહેર સલામતી પગલાં અમલીકરણ વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનો હાર્દ જાહેર સલામતીનો છે. એટલે એવું ચોક્કસ કહી શકાય કે, ૨૭ વર્ષથી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા પોલીસ છે, ટેકનોલોજી છે, સાધનો છે તેમ છતાં જાહેર જગ્યાઓ ઉપર જનતાની સલામતી કરી શકી નથી તેવું મને સ્પષ્ટપણે દેખાય છે. બિલનો હાર્દ સારો છે. જાહેર સલામતીના અનુસંધાનમાં સી.સી.ટી.વી.ના માધ્યમથી ગુનેગારોને પકડવા માટેનું મુખ્ય માધ્યમ બની રહે તે હેતુસર ગૃહમંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા હોય તેવું મને લાગે છે. ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને મારે એ પૂછવું છે કે, જયારે આપ આ બિલ લઇને આવ્યા છો અને આપે જે નક્કી કર્યું છે અને આપે જાહેર સ્થળોની વાત કરી છે. એટલે તેમાં ધાર્મિક સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, રમત ગમત સંકુલો અને લોકો એકત્રિત થયા હોય તેવા સભાના સ્થળો માટે તમે આ બિલ લઇને આવ્યા છો. હું માનું છું ત્યાં સુધી આ તમામ જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરા હોય છે. જયારે કોઇ ગુનો બને છે ત્યારે પોલીસ વિભાગ દ્વારા કે પોલીસવડા દ્વારા આ જગ્યાની મુલાકાત લેવામાં આવે છે. તે સંસ્થાના માલિક કે તેના કર્તાહર્તાને મળવામાં આવે ત્યારે તેનું વિડિયો રેકોર્ડિંગ માગવામાં આવે છે ત્યારે તે આપણને મળે છે. મને યાદ નથી કે કોઇપણ સંજોગોમાં આનું વિડિયો રેકોર્ડિંગ ના મળતું હોય. તેનું એક ઉદાહરણ હું આપીશ. મારા જ બંગલામાં સી.સી.ટી.વી. છે. એક રાત્રે કોઇકનું બાઇક ચોરાયું. રોડની બંને બાજુ સી.સી.ટી.વી. લાગેલા છે. એક બાઇક ચોરાયું તો પોલીસ વિભાગના અધિકારીઓ આવ્યા અને મને કહ્યું કે શ્રી શૈલેષભાઇ આપના સી.સી.ટી.વી. જોવા છે કે આ બાઇક કયાંથી ચોરાયું છે? મેં મારા સી.સી.ટી.વી. ચેક કરવા દીધા, મેં કહ્યું આપ ચેક કરી લો. એટલે આમાં કોઇ ના પાડતું નથી. આ કાયદો લાવવાનું કારણ શું? તમે કાયદો એવો લાવો છો કે, જે લોકો પોતાના વિસ્તારની અંદર, પોતાના સ્થળો ઉપર જે વ્યક્તિઓ આવે છે તેમાં પછી ધાર્મિક સ્થળ હોય કે જાહેર સ્થળ હોય, હોસ્પિટલો હોય કે સંકુલ હોય તેઓએ પોતાની સેફટી માટે સી.સી.ટી.વી. લગાડેલા છે. તેમના પરિસરમાં કોઇ બનાવ બને તો તે બનાવની સી.સી.ટી.વી.ના માધ્યમથી તે લોકોને જાણ થાય. સરકાર કેમ કાયદો લાવી? સરકારને કાયદો લાવવાનું કેમ સૂઝયું, તેનો માનનીય મંત્રીશ્રી તેમના જવાબમાં મને જવાબ આપે? સરકારની આ ફરજનો ભાગ છે. માનનીય ગૃહમંત્રીશ્રી હું આપને એક નાની વાત કરીશ. હું આજથી ચારેક વર્ષ પહેલાં પરિવાર સાથે દુબઇ ગયો અને ત્યાં પાંચ દિવસ રોકાયો. ત્યારે મારી નાની દીકરી મને એમ કહે કે, પપ્પા અહીં પોલીસ કયાં છે, પોલીસ કેમ દેખાતી નથી? પ્રશ્ન ખૂબ જ અઘરો હતો. શ્રી ઋષિકેશભાઇ અમે ત્રણ દિવસ રોકાયા, પછી એક મોલની બહાર પોલીસ ઉભો હતો ત્યાં જઇ અમે રિકવેસ્ટ કરી કે મારી દીકરીને આપને મળવું છે. એક ફોટો પાડવા દો, એમણે ફોટો પાડવા દીધો. આ દુબઇની વાત કરું છું, દુબઇ શેના લીધે જાણીતું છે એ આખું વિશ્વ જાણે છે પણ પોલીસ ત્યાં નથી અને એટલા માટે નથી કે દુબઇની સરકારે કરેલી જે વ્યવસ્થા છે એમાં સમગ્ર શહેરમાં દુબઇ સરકાર દ્વારા સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. ચાર રસ્તા પર તો પોલીસ જોવા જ ન મળે, અન્ય જાહેર સ્થળ પર પણ પોલીસ જોવા ન મળે પણ સીસીટીવીના માધ્યમથી એમની પાસે જે ટેકનોલોજી છે એ ટેકનોલોજીને કારણે કોઇ જગ્યાએ પોલીસ હતી નહીં. બીજું આપને ઉદાહરણ આપીશ, ત્રણ વર્ષ પહેલા ચાઇના ગયો, એક મોલમાં શોપિંગ કરવા ગયા ત્યારે ત્યાં ગરમી ખૂબ હતી એક મોલનો દરવાજો ખોલીને અમે બેઠાં બેઠાં ચા-નાસ્તો કરતા હતા અમને એમ કે કોઇ આવશે નહીં પણ પાંચ કે સાત મિનિટમાં એ મોલનો સિક્યુરિટી ફરતો ફરતો એ જગ્યાએ આવી ગયો અને કહે આ મોલનો દરવાજો તમે ખોલ્યો છે એ બંધ કરી દો અને બહાર બેસવું હોય તો બેસો. આ એટલા માટે વાત કરું છું કે, તમારી પાસે જો તમારું પોતાનું નેટવર્ક હોય, સરકાર જો કંઇ કરવા માગતી હોય તો તમારે પ્રાઇવેટ સંસ્થાઓ, પ્રાઇવેટ સ્કૂલો, કોલેજો, ધાર્મિક સ્થળોને આમાં ઇન્ટરફિયર કરવાની જરૂર જ નથી. કેટલાય વખતથી ગુજરાત વિધાનસભામાં હું સાંભળું છું અને આપે આપના પ્રવચનમાં હમણા કહ્યું કે ૯ હજાર કરતા પણ વધારે સીસીટીવી કેમેરા અમે લગાવીશું. સારી વાત છે લગાવવા જ જોઇએ પણ મારે આપને સવાલ એ પૂછવો છે કે, આપ સીસીટીવી કેમેરા લગાવવાની વાત કરો છો ત્યારે વાત આવી શહેરની અને કહ્યું કે શહેરની અંદર સીસીટીવી કેમેરા લાગશે અને કોઇ ગુનો ઉકેલાતો નહીં હોય તો એ ગુનો તમે ઉકેલીને ગુનેગારને તમે પકડી શકશો. મારો પ્રશ્ન ત્યાં ઉભો થાય છે કે, શહેરો આજે આંગળીએ ગણી શકાય એટલા જ છે. ૮ મહાનગરપાલિકાઓ છે, ૧૫૬ નગરપાલિકાઓ છે, પણ આ રાજયમાં ૧૮,૫૦૦ કરતા પણ વધારે ગામડાં છે. શું ગામડાંમાં ગુના નથી બનતા, ગામડાંમાં ચોરી નથી થતી, ગામડામાં ધાડ નથી પડતી? ત્યાં સરકારે શું વિચાર્યું છે? સરકાર પાસે આનો જવાબ નહીં હોય. શું સરકાર વિચારે છે કે, ગામડાંની અંદર પણ સીસીટીવી કેમેરા લગાવવા જોઇએ? મારો સરકારને પ્રશ્ન છે, માનનીય ગૃહમંત્રીશ્રીને પ્રશ્ન છે, ગૃહ વિભાગને પ્રશ્ન છે કે, ગુજરાત રાજયમાં સીસીટીવી કેમેરાની વાત છે ત્યારે સરકારે અત્યારે આયોજન વિભાગ દ્વારા પણ માગણીમાં કહ્યું છે કે, ધારાસભ્યશ્રીઓ પણ પોતાના વિધાનસભા વિસ્તારની સોસાયટીઓમાં કેમેરા લગાવવા માટે ગ્રાન્ટ આપી શકશે. સારી વાત છે. પણ સરકારને મારે એ પૂછવું છે કે, સમગ્ર ગુજરાત રાજયમાં જે જગ્યાએ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે એ સોસાયટી હોય, ફ્લેટ હોય, સંસ્થા હોય, જાહેર સ્થળ હોય કે અન્ય જગ્યા હોય શું ગૃહ વિભાગ પાસે એની માહિતી છે ખરી? નથી. શ્રી હર્ષભાઇ, આ બહુ ક્લિયર અને સાચી વાત કરું છું કે, આપના ગૃહ વિભાગ પાસે આની સંપૂર્ણ માહિતી નથી. જ્યારે પણ બનાવ બને છે ત્યારે પોલીસ જ્યારે નીકળે ત્યારે જુએ છે કે કઇ કઇ જગ્યાએ સીસીટીવી કેમેરા છે? અને એ કેમેરાના આધારે પોલીસ એની તપાસ કરતી હોય છે. માટે સરકારે સૌથી પહેલામાં પહેલું કામ તો એ કરવાની જરૂર

છે કે જે જગ્યાએ સીસીટીવી કેમેરા લાગેલા છે એ સ્થળોની માહિતી ગુજરાતના પોલીસ વિભાગ પાસે હોવી ખૂબ જ જરૂરી છે, જે નથી માટે આ પહેલ કરવાની જરૂર છે. ગૃહ વિભાગનું બજેટ આપ ખૂબ મોટા પ્રમાણમાં લઇને આવો છો અને ખૂબ મોટું બજેટ લઇને આવો છો ત્યારે સીસીટીવી કેમેરાની આપ વાત કરો છો અને જે રીતે સીસીટીવી કેમેરાથી આપ કહો છો કે ગુનેગારને અમે પકડી શકીએ. હું ઉદાહરણ આપવા માગું છું કે, અમદાવાદ શહેરની વાત કરીશ. અમદાવાદ શહેરમાં સીસીટીવી કેમેરા દરેક ચાર રસ્તા પર લાગેલા છે અને સીસીટીવી કેમેરા લાગેલા છે ત્યારે એક સિસ્ટમ નીકળી છે. કોમ્પ્યુટરના માધ્યમથી, સીસીટીવીના માધ્યમથી કે છેલ્લાં બે વર્ષમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરવા બદલ ૫૬ લાખ ૧૭ હજાર ૪૫૪ લોકોને મેમો ઇશ્યુ કરવામાં આવ્યા છે અને તેની સામે ૩૦૯ કરોડ ૩૩ લાખ ૭૪ હજાર ૯૪૭ રૂપિયાની રકમ વસૂલ કરવામાં આવી છે. ભૂલ કરી, લાઇન ક્રોસ કરી, ઝીબ્રા ક્રોસ કરી, ફોટો પડયો અને મેમો ઘરે આવી જાય છે. હમણાં ચાર દિવસ પહેલાં મારા ઘરે પણ મેમો આવ્યો છે. તમારો પ્રેમપત્ર અમને પણ મળ્યો છે પણ અમે ભરી દઇશું. સારું છે, કાયદાનું પાલન થવુ જોઇએ અને કાયદાના પાલન અનુસાર આ વસ્તુ ખૂબ જ જરૂરી છે. માનનીય ગૃહમંત્રીશ્રીને મારે પૂછવું છે કે એક સામાન્ય નાગરિક કદાચ એ ઝીબ્રા ક્રોસ કરી દે છે, ચાર રસ્તા ઉપરની જે બોર્ડર લાઇન છે તે બોર્ડર લાઇન ઉપર તેનુ અડધું ટાયર આવી જાય છે અને તેને મેમો આપવામાં આવે છે, આપવો જોઇએ અને આપો પણ એ જ ચાર રસ્તા ઉપર જે સીસીટીવી કેમેરા લાગેલા છે, એ જ ચાર રસ્તા ઉપર જે પોલીસ વિભાગના અધિકારીઓ ઉભા હોય છે, પોલીસ વિભાગના જે કર્મચારીઓ ઉભા હોય છે તે ખુલ્લેઆમ જયારે ભ્રષ્ટાચાર કરતા હોય છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપે કે સીસીટીવીના માધ્યમથી કેટલા એવા પોલીસ કર્મચારીઓ છે, હું આખા પોલીસ વિભાગને નથી કહેતો પણ ચાર રસ્તા ઉપર ઉભેલા અને ખુલ્લેઆમ સોશિયલ મિડિયાનો જમાનો છે અને સોશિયલ મિડિયાના માધ્યમથી હમણાં બે દિવસ પહેલાં જ સુરતમાં શ્રી કનુભાઇ, આપણાં કુમાર કાનાણી સાહેબે ઇન્ટર્વ્યૂ પણ આપ્યું હતું. શું આપના પોલીસ વિભાગ દ્વારા એક સામાન્ય નાગરિક, એક સામાન્ય લાઇન ક્રોસ કરે છે, તેને ૫૦૦ રૂપિયાનો જયારે દંડ કરવામાં આવે છે ત્યારે આપના પોલીસ વિભાગના અમુક કર્મચારીઓ, આખો વિભાગ નહીં. તમે એક પણ એકશન લીધેલ છે, એક પણ વ્યકિતને તમે સસ્પેન્ડ કરો છો ? શું સીસીટીવીમાં એ દેખાતું નહીં હોય ? ફકત અને ફકત સીસીટીવીના કેમેરા લગાવવાના બહાને જાહેર સ્થળોને તમારા અન્ડરમાં લઇ લેવાના કારણે જયારે સરકારનું પોતાનું તંત્ર છે, સરકારની પોતાની જયારે વ્યવસ્થા છે એ વ્યવસ્થામાં પણ સરકાર કશું કરી શકતી નથી. મારે ટૂંકી અને સરળ વાત કરવી છે કે સરકાર આ જે યોજના લઇને આવી છે. શું આ પૂરક માગણીઓમાં રજૂ નથી કરી શકતા ? હું ગૃહમંત્રી આપને કોંગ્રેસ પાર્ટીના ઉપનેતા તરીકે વિનંતી કરું છું કે, સમગ્ર ગુજરાતની અંદર સીસીટીવી કેમેરા લગાવવામાં આવે. આપના બજેટની અંદર એ જોગવાઇ નથી, પણ આ પૂરક માગણીની અંદર ગુજરાતની ૧૫૬ નગરપાલિકાઓ, ૮ મહાનગરપાલિકાઓ અને ૧૮,૫૦૦ કરતા પણ વધારે ગામો તેની અંદર સીસીટીવી કેમેરા લગાવો અને પૂરક માગણીમાં લઇને આવો કોંગ્રેસ પાર્ટી તમને ટેકો કરશે. આ એટલા માટે કહું છું કે જાહેર સ્થળો ઉપર જે લોકો છે તે લોકોને તમે જે રીતે તમારા અન્ડરમાં લેવાની વાત કરો છો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરવી છે કે, સરકારે નક્કી કર્યું કે ૩૦ દિવસના ફૂટેજ રાખવા પડશે. તમે કેવી રીતે નક્કી કરો કે સીસીટીવી કેમેરાનું જે રેકોર્ડિંગ છે તે રેકોર્ડિંગ તમે કેવી રીતે નક્કી કરી શકો? તે સોસાયટીના માલિકે, તે ફ્લેટના માલિકે, તે ધાર્મિક સ્થળવાળાએ, સ્કૂલવાળાએ તમે કેવી રીતે નક્કી કરી શકો કે તમે ફરજ કેવી રીતે પાડી શકો કે તમારે ૩૦ દિવસનું રેકોર્ડિંગ તો રાખવું જ પડશે. તમે કઇ રીતનો આ કાયદો લાવવા માગો છો ? જે દિવસે બનાવ બન્યો હોય તે બનાવના અનુસંધાનમાં પોલીસ તપાસ કરવા માગતી હોય અને મને મંત્રીશ્રી બતાવે કે ગુજરાતના કોઇ શહેરની અંદર જયારે આવો બનાવ બન્યો હોય અને પોલીસ વિભાગના અધિકારીઓ એ સ્થળ ઉપર ગયા હોય અને રેકોર્ડિંગ ના બતાવવામાં આવ્યુ હોય એવો એક પણ બનાવ બન્યો નથી, કોઇએ ના પાડી નથી. શ્રી હર્ષભાઇ, જયારે પોલીસ સામાન્ય માણસના ઘરે આવી જાયને તો એ બધુ ખોલી દે કહે સાહેબ તમે કહો અમારી તૈયારી છે માટે આ કાયદાની તમારે જરૂર નથી. કાયદો તમે તમારા બચાવ પક્ષ માટે લાવો છો. તમે પ્રજાને જુદી રીતે લઇ જવા માગો છો જે કામ સરકારનું છે, સીસીટીવી કેમેરા લગાડવાનું કામ સરકારનું છે, ગુનેગારોને પકડવાનું કામ સરકારનું છે જે લોકોએ પોતાના વિસ્તારોની અંદર ફ્લેટ હોય, જાહેર સ્થળો હોય, સ્કૂલો હોય, હોસ્પિટલો હોય તે તો તેની ફરજનો ભાગ અદા કર્યો છે. ગુજરાત રાજ્યના એક નાગરિક તરીકેની જવાબદારી નિભાવી છે કે અમારી પ્રિમાઇસીસમાં કોઇ પણ બનાવ બને તો અમારા સી.સી.ટી.વી. કૅમેરાના માધ્યમથી અમે આ કરી શકીએ છીએ, પણ આ માનનીય મંત્રીશ્રી કરતા નથી માટે મારી આપને વિનંતી છે. હું એટલું ચોક્કસ કહીશ કે ભૂતકાળમાં રાજ્ય સરકાર દ્વારા હંમેશા કેન્દ્ર સરકાર પાસે પોલીસ આધુનિકીકરણ માટે ગ્રાન્ટ માગવામાં આવતી હતી અને કેન્દ્ર સરકાર ગ્રાન્ટ આપતી હતી. માનનીય મંત્રીશ્રી આપ આંકડા તપાસજો કે છેલ્લાં ૫-૭ વર્ષમાં ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ દ્વારા ''મોસાળમાં લગ્ન અને મા પીસરનાર'' આપણે માંગણી કરી કે ગૃહ વિભાગના પોલીસના આધુનિકીકરણ માટે અમારે આટલા કરોડની ગ્રાન્ટ જોઇએ છે અને કેટલા કરોડની ગ્રાન્ટ મળી એ તપાસશો તો ખ્યાલ આવશે. આપ પ્રજાની ચિંતા કરો છો પણ જ્યારે ગ્રાન્ટનો આપણો હક્ક અને અધિકાર છે. ભૂતકાળમાં પુષ્કળ ગ્રાન્ટ મળી છે. હું આંકડાકીય માહિતી આપવા તૈયાર છું. આપ તપાસશો તો ખ્યાલ આવશે કે આપણને દિવસે દિવસે ગ્રાન્ટ ઓછી થતી ગઈ છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે આ બહાને સી.સી.ટી.વી. કૅમેરા ફરજિયાત ન બનાવો. તમે કહો છો કેસ કરીશું, કોર્ટમાં જશે. કોર્ટ પાસે સમય ક્યાં છે? કેટલા કેસો પડતર છે અને તમે પાછું નવું ઉમેરો છો. કાયદો બનાવવાથી આનું નિરાકરણ નથી. વિધાનસભા કાયદા બનાવવા માટે જ મળે છે. ટેકો આપવો ન આપવો

એ એક પાર્ટ છે પણ કાયદા બનાવવાથી તેનું નિરાકરણ નથી. જાહેર સ્થળની વ્યાખ્યા શું છે? જાહેર સ્થળોમાં હોટલ કે રેસ્ટોરન્ટનો ઉલ્લેખ કર્યો નથી. રેસ્ટોરન્ટમાં હુક્કાબાર ચાલે છે, ચારે બાજુ ડ્રગ્સનું થયું છે, ક્લબનો સમાવેશ નથી, મોટા મોટા મૉલ નથી, ખાસ કરીને જ્યાં બાળકો ભણે છે, જે હોસ્ટેલમાં રહે છે તેનો ઉલ્લેખ નથી તો આ તમામનો જાહેર સ્થળમાં સમાવેશ કરો. માનનીય શ્રી હર્ષભાઈ આપની કામ કરવાની પદ્ધતિ સારી છે. આપ કંઈક નવું કરવા માગો છો અને અમારો તમને ટેકો છે. તમે સામાન્ય નાગરિક માટે આ કાયદો બનાવ્યો છે, ત્યારે આ રાજ્યમાં આપ સ્વીકારો છો કે દારૂની ખુલ્લેઆમ મહેફિલ મણાય છે, કરોડો રૂપિયાનો દારૂ અને કેફી દ્રવ્યો આવે છે એ ક્યાંથી આવે છે? આપે ગૃહ વિભાગની ચર્ચામાં કૉંગ્રેસને વિનંતી કરી કે ગુજરાતે એક ટીમ બનીને આ ડ્રગ્સ માફિયાઓ સામે લડવું છે. ગુજરાતના ૨૭ વર્ષના ભારતીય જનતા પાર્ટીના ઈતિહાસમાં પહેલો બનાવ બન્યો હતો કે કૉંગ્રેસ પાર્ટીએ તમામ કાપ દરખાસ્તો પાછી ખેંચીને આપને ટેકો આપ્યો હતો. હવે આપને વિનંતી પણ કરીએ છીએ કે આપ અર્જુનના આંખ જેવી નીતિ અખત્યાર કરશો તો સૌથી પહેલા ગુજરાતની તમામ બોર્ડરો ઉપર આવેલી ચેકપોસ્ટ ઉપર સી.સી.ટી.વી કૅમેરા લગાવો. રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીનું ડેશ બોર્ડ એ જોવા જેવું ડેશ બોર્ડ છે. એ ડેશ બોર્ડ ઉપર ગુજરાતનો સંપૂર્ણ ચિતાર જોવા મળે છે. મારે આપના ડેશ બોર્ડ ઉપર એ ચિતાર જોવો છે કે ગુજરાતની બોર્ડર ઉપર ક્યાંથી અને કોણ દારૂ સપ્લાય કરે છે. જો આપનું ડેશ બોર્ડ ક્લિયર હશે તો ૧૦૦ ટકા ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સનો પ્રવેશ થઈ શકશે નહિ. આપ જે બિલ લઈને આવ્યા છો તેનો હાર્દ સારો છે, પણ આપના જવાબ પછી અમે નક્કી કરીશું કે આપને ટેકો આપવો કે આ બિલનો વિરોધ કરવો, પણ અમે ગુજરાતના એક નાગરિક તરીકે, જવાબદાર વિપક્ષ તરીકે જે પ્રશ્ન આપને રજૂ કર્યા છે, તેનો આપ સકારાત્મક જવાબ આપશો તો ચોક્કસ આપના બિલ માટે પણ અમે સકારાત્મક વિચારી શકીશું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, મારે ક્રાંતિકારી સરકારના બે જ ઉદાહરણ આપવા છે. જે ગામડાની વાતો થઇ છે, એમાં મારે ત્યાં જે સી.સી.ટી.વી. કેમેરા છે એનાથી બે ગુનાઓ શોધાયા છે. એની જ વાત કરવી છે. બાકી બધુ બિલમાં આવી ગયું છે. આ રાજ્યના યુવાન અને ઉત્સાહી ગૃહ રાજ્ય મંત્રી માનનીય શ્રી હર્ષભાઇ સંઘવી, ગુજરાત જાહેર સલામતી અમલીકરણ વિધેયક -૨૦૨૨ લઇને આવ્યા છે એનું હું સમર્થન કરું છું. વિશ્વના તમામ દેશોમાં ટેકનોલોજીના ઉપયોગથી તમામ ક્ષેત્રોમાં માનવજાતે વિકાસની હરણફાળ ભરી છે. કોઇપણ રાષ્ટ્ર હોય કે રાજ્ય હોય એના વિકાસનું મૂળભૂત અંગ ગણાય એવું ક્ષેત્ર એટલે તે કાયદો અને વ્યવસ્થા હોય છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાથી પરિણામો સારાં જ આવે છે, એવું ઇતિહાસે પણ પૂરવાર કર્યું છે. ટેકનોલોજીના ઉપયોગથી દેશ-વિદેશમાં કાયદો વ્યવસ્થા અને ટ્રાફિકની જાળવણી કરવા માટેનાં પરિણામો મળી રહ્યાં છે. પરંતુ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે પોલીસદળને આધુનિક અને કાર્યક્ષમ બનાવવાના અનેક પગલાઓ લીધાં છે. આ ગૃહના તમામ સભ્યો અને ખાસ કરીને માજી ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહજીથી લઇને શ્રી દુષ્યંતભાઇ તથા વિરોધપક્ષના જે સભ્યશ્રીઓ છે, એમણે પણ અહીંયા આ બિલ અંગેની વાતો કરી છે. શ્રી પ્રદીપસિંહજીએ અત્યાર સુધીના પાંચ વર્ષ દરમિયાન અહીંયાના ક્રાંતિકારી કાયદાઓની પણ વાત કરી છે. મારે વિશેષ વાત કરવી નથી, પરંતુ શ્રી પ્રદીપસિંહજીએ આ બિલના હાર્દમાં ખૂબ સારી વાત કરી છે. પહેલા તો તમે ગુના શોધો, તમે કન્વિન્સ થાઓ અને તો જ જવાબદારી નક્કી થશે. આધુનિક ટેકનોલોજીથી ગુના કેવી રીતે શોધાય? એનો જો કોઇ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હોય તો તે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં વિશ્વાસ પ્રોજેક્ટ આવ્યો છે. આ જેવી તેવી વાત નથી. વિશ્વાસ પ્રોજેક્ટમાં સી.સી.ટી.વી. કેમેરાની વાતો થાય છે. એ હીટ એન્ડ રનના કેસો હોય, અકસ્માત હોય, તહેવાર હોય, સરઘસ હોય, મેળાનો સમય હોય, અપહરણના કેસો હોય એમાં, સી.સી.ટી.વી. કેમેરાના એવા અનેક ઉદાહરણો અને દાખલાઓ છે કે જેમાંથી આપણે ગુનાઓને શોધી શક્યા છીએ. કોર્પોરેશનની સી.સી.ટી.વી. કેમેરાની વાત કરતા હોય, નગરપાલિકાની સી.સી.ટી.વી. કેમેરાની વાત કરતા હોય અને આપ તો અહીંયા જ મારી સાથે બેઠા છો એટલે આપની વાત કરવાની ન હોય. શ્રી શૈલેષભાઇએ જે ગામડાઓની વાત કરી છે તો મારે બે દાખલા આપવા છે. મારા ઇટારવા ગામનો એક દાખલો આપું છું. આપણે કોર્પોરેશન અને નગરપાલિકાઓમાં એમ.પી. અને એમ.એલ.એ.ની ગ્રાન્ટમાંથી સી.સી.ટી.વી. કેમેરા લગાવ્યા. પણ મારા ઇટારવા જેવા ગામમાં પણ સી.સી.ટી.વી. કેમેરા છે. એ ગામનો હું એક દાખલો આપું છું. હું નામ જાહેર કરી શકતો નથી. પણ મારે આ ગૃહને જણાવવું એટલા માટે જરૂરી છે કે સી.સી.ટી.વી. કેમરાનું આ બિલ ખરેખર ક્રાંતિકારી છે. મારા ઇટારવા ગામની અંદર એક ભાઇએ નાનાલાલ ચોક્સીમાંથી ૫૦૦ ગ્રામ સોનાનું એક બિસ્કિટ, લગભગ એ રકમ રૂપિયા ૨૫ લાખનો માલ થતો હતો, એ બિસ્કિટનું પડીકું લઇને પોતાની રીક્ષામાં બેસીને ઇટારવા ગામમાંથી જતા હતા. ત્યાં ક્રાઇમ બ્રાન્ચના પોલીસની એક ઓળખાણ આપીને એક કાર ઉભી રહી અને કહ્યું કે અમે ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ છીએ, તમારી પાસે શું છે? અને તપાસીને એ રકમ રૂપિયા ૨૫ લાખનું બિસ્કિટ લઇ લીધું. એ કોઇ જાણકાર જ હોવો જોઇએ. જો એ ઇટારવા ગામમાં સી.સી.ટી.વી. કેમેરા ન હોત તો આ ગુનાનો ઉકેલ ન આવતો. પછી તરત જ ઝાંબાઝ પોલીસે આ સી.સી.ટી.વી. કેમેરાની અંદર એ કારનો નંબર જોઇને એ કારને ડીટેઇન કરી. ૨૪ કલાકની અંદર જ શ્રી મુકેશભાઇને રકમ રૂપિયા ૨૪ લાખનો માલ પરત મળ્યો છે. આ સી.સી.ટી.વી. કેમેરાના લીધે આ રકમ પરત મળી છે. બીજો એક દાખલો આપું તો, અત્યારે એક હીરાના લૂંટનો બનાવ બન્યો છે. તેનો કિસ્સો તમે પેપરમાં વાંચ્યો હશે. એ ભાઇ ગોવામાં જઇને હોટલની અંદર હીરા મૂકીને આવેલ હતા. સી.સી.ટી.વી. કેમેરામાં ખબર પડી કે, આ ભાઇએ લૂંટ કરી છે અને પછી એમને પોલીસે પકડ્યા. એના રિમાન્ડ લીધા ત્યારે તેમણે કહ્યું કે ગોવામાં આ હોટલની અંદર આ જગ્યાએ મેં હીરા મૂક્યા છે. માનનીય

અધ્યક્ષશ્રી, પોલીસ એને ગોવા લઇ ગઇ, અને એ જ હોટલમાંથી એ જ જગ્યાએથી હીરાનું પડીકુ પણ મળ્યું. અપગ્રેડ ટેકનોલોજીને લીધે આ કમાલ છે. હું આ બન્ને દાખલા એટલા માટે આપું છું કે ટેકનોલોજીમાં ગ્રામ્ય કક્ષાએ પણ હવે અવેરનેસ ફેલાતી થઇ ગઇ છે. ત્યારે આ સન્માનનીય ગૃહમાં જયારે આદરણીય ગૃહ મંત્રીશ્રીએ બધી જ વાતો મૂકી છે અને મારા વિદ્વાન સભ્યશ્રીઓએ પણ કરી છે ત્યારે આ બિલને ટેકો આપવો પડે. ધીરે ધીરે જે ક્રાંતિકારી બિલો એક પછી એક આવ્યા છે ત્યારે આ બિલને હું ખૂબ ખૂબ સમર્થન આપું છું. શ્રી હર્ષભાઇ માટે, અચ્છે કામ કરતે રહીએ, ચાહે લોગ તારીફ કરે યા ન કરે, આધી સે જયાદા દુનિયા સોતી રહેતી હૈ તબ ભી સૂરજ નીકલતા રહેતા હૈ. આભાર....

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, રાજય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી ગુજરાત જાહેર સલામતી અમલીકરણ વિધેયક-૨૦૨૨ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભા એટલે ધારા ઘડવા માટેનું ગૃહ. અને કાયદાઓ આપણે ઘડીએ છીએ, ભૂતકાળમાં પૂર્વ રાજય કક્ષાના ગૃહ મંત્રી ભાઇશ્રી પ્રદીપસિંહભાઇએ પણ એમના વકતવ્યમાં આ વિધાનસભામાં અગાઉ જે કાયદાઓ ઘડવામાં આવ્યા છે તેનો ઉલ્લેખ કર્યો છે. દેશ આઝાદ થયો અને બંધારણ ડો. બાબા સાહેબ આંબેડકરે આપ્યું એ બંધારણમાં કાયદાઓ, હક્ક અને અધિકારો પણ આપણને આપવામાં આવ્યા છે. કાયદાઓનું અસ્તિત્વ છે અને કાયદાઓનું અસ્તિત્વ સમયાંતરે સુધારાઓ, નવા બનાવવા, કયાંક જૂના રદ કરવા એ જરૂરી અને આવશ્યક છે. પણ આપણે અહીંયા છેલ્લાં વર્ષોમાં જે પ્રકારે કાયદાઓ ઘડીએ છીએ, એની સામે હાલ અમલીકરણમાં જે કાયદાઓ છે તેનો અમલ કઇ રીતે અને કેટલી કક્ષાએ અને કેવી રીતે થાય છે તે પણ ચિંતન કરવું જરૂરી છે. દા. ત. ગુજરાતમાં દારૂબંધીનો કાયદો અમલમાં છે. ગાંધીનું ગુજરાત ગણાય છે. અહિંસામાં માનનારા ગાંધીજી અને દારૂબંધીનો કાયદો હોવા છતાં ખુલંખુલા રાજયમાં કોઇ પણ ખૂણે, કોઇ પણ સમયે ગમે તે વ્યક્તિ વાયબ્રન્ટ થઇ શકે છે. આ હકીકત છે. કાયદો છે, પણ આપણે એનો કડક રીતે અમલ કરાવી શકીએ છીએ ખરા? થાય છે, પકડીએ છીએ, આંકડાકીય માહિતીઓ પણ આપીએ છીએ. પણ જે પકડાય છે તેના. પણ જે નથી પકડાતા એવા કેટલા છે એ પણ વિચારવાનો સવાલ છે. સુખ, શાંતિ અને સલામતી જળવાઇ રહે એ જોવાની રાજયની અને ગૃહ વિભાગની જવાબદારી છે, ત્યારે ભાઇશ્રી પીયૂષભાઇએ અહીંયા વિશ્વાસ પ્રોજેકટની વાત કરી, સી.સી.ટી.વી. કેમેરાની પણ વાત કરી, માનનીય મંત્રીશ્રીએ પણ પોતાના વકતવ્યમાં વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી હું દાખલો આપીશ, જેમ માનનીય પીયૂષભાઇએ દાખલો આપ્યો તે પ્રમાણે કે ગયા મહિનામાં બીજી તારીખે ઉનામાંથી એક ગામડાંમાંથી ૨૩ લાખ રૂપિયાના દારૂના જથ્થા સાથે, અને એની સાથે બીજા ટ્રક અને મશીનરી સાથે જે પકડવામાં આવ્યું, એ લગભગ ૪૯ લાખ રૂપિયા જેટલું પકડવામાં આવ્યું અને તપાસને અંતે ખબર પડી કે આ ટ્રક જે દારૂ ભરેલો હતો એ કયાંથી આવ્યો, તો છેક દમણથી આવ્યો હતો. દમણ, દમણ પછી વાપી, વાપી પછી નવસારી, નવસારી પછી ભરૂચ, ભરૂચ પછી વડોદરા, વડોદરા પછી ભાવનગર, અમરેલી અને ત્યાર પછી ગીર સોમનાથ આવે છે. આટલા લાંબા કિલોમિટર પસાર કરીને દમણથી છેક ઉના પહોંચ્યો ત્યાં સુધી રસ્તામાં પોલીસને પણ ખબર ન પડી.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી બાજુમાં દીવ આવેલ છે. ગુજરાતમાંથી દીવ જવું હોય તો બે ચેકપોસ્ટ આવે છે એક અહેમદપુર માંડવી અને બીજી તડ ચેકપોસ્ટ આવેલી છે. આ બે ચેકપોસ્ટ સિવાય પ્લેન દ્વારા દીવ જઇ શકાય છે. આ ચેકપોસ્ટો ઉપર ગુજરાતની પોલીસ ફરજ બજાવે છે. ત્યાં સી.સી. ટી.વી. કેમેરા પણ મૂકેલા છે. એ મૂકયા પછી ગુજરાતની અંદર દીવમાંથી દારૂ ઠલવાય છે. ભૂતકાળમાં પણ મેં વિધાનસભામાં કહ્યું હતું. આ દીવની વસતિ કેટલી? એમાં એક વ્યકિત કેટલો દારૂ પીવે એની સામે એનું ઉત્પાદન અથવા બહાર લાવનારની કેટલી સંખ્યા છે, મોટા પ્રમાણમાં છે આ દારૂ ગુજરાતમાં આવે છે ત્યારે સી.સી.ટી.વી. કેમેરાની વાત કરીએ છીએ, સારી વાત છે કેસો પકડાય, તહોમતદારો પકડાય છે જે આપણે વ્યવસ્થા કરી છે કેમેરા મૂકવાની વ્યવસ્થા કરી છે, ટેકનોલોજીની વ્યવસ્થા કરીએ છીએ, પરંતુ એનો ઉપયોગ પણ પૂરતા પ્રમાણમાં થાય છે કે કેમ એ જોવાની ખાસ જરૂર છે. અમારા અનુભવે કહી શકાય કે સી.સી.ટી.વી. પોલીસ સ્ટેશનમાં મૂકયા હોય, પરંતુ કયારેક કોઇ બનાવ બને છે ત્યારે એ બંધ હોય અથવા તો બંધ રાખવામાં આવતો હોય છે. આ બાબતે વહીવટી તંત્રને દોષ દઇએ છીએ. આપણે કેમેરા મૂકયા છે ખર્ચ કર્યો છે, ત્યારે એનુ વળતર પ્રજાને મળવું જોઇએ. આપણે તહોમતદાર પકડવાની વાત કરીએ તો જે વ્યકિત સામે એફ.આર.આઇ. નોંધાય. ગુજરાતમાં જે ગુના બને છે, એમાં વારંવાર એકને એક ગુનેગાર પકડાય છે, પરંતુ એવા ગુનેગારોને પકડવા માટે પોલીસ તંત્રની જવાબદારી છે, પરંતુ એ લાંબા સમય સુધી ખુલ્લે આમ રખડતા હોય છે, છતાં એને પકડવામાં આવતો નથી આ એક હકીકત છે. એ તહોમતદારો અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોય છે એ બધાને ખબર હોય છે. કોણ વરલી મટકાનો ધંધા કરે છે, કોણ દારૂનો ધંધો કરે છે, ગૃહ માફિયો છે, કોણ જમીન માફિયો છે એની પ્રજાને ખબર હોય છે, ત્યારે આવા લોકો ભય ફેલાવીને પોતાનું સામ્રાજય ઉભું કરતા હોય છે, ત્યારે એના ઉપર કડક હાથે કામ લેવાવું જોઇએ એ લેવાતું નથી એ હકીકત છે. ત્યારે જાહેર સલામતીની વાત કરીએ કાયદા ગમે તેટલા બનાવો પણ એ બની ગયા પછી એનો કડક હાથે અમલ ન થવાનો હોય તો એનો કોઇ અર્થ નથી. કોરોના કાળમાં જે પ્રકારની પરિસ્થિતિ હતી. રાજય સરકારે વારંવાર નિર્ણયો લીધા, પરંતુ એનું યોગ્ય રીતે પાલન કરાવી શકયા નથી. પ્રજાની માનસિકતા પણ બદલવી પડશે. સામૂહિક રીતે લોકો ભાગીદાર બને લોકોએ સાથ અને સહકાર આપવો પડશે. માત્રને માત્ર કાયદથી બધી સારી વ્યવસ્થા થઇ જાય તેવું નથી. એની સાથે સાથે જે રીતે પોલીસ પ્રજાનો રક્ષક બને ભક્ષક ન બને, પોલીસ પ્રજાનો સાચો

મિત્ર બની રહી એ પ્રસ્થાપિત કરવું પડશે. વિશ્વાસ પ્રોજેક્ટ છે બધા લોકોએ ગૃહ વિભાગ સાથે કામ કરનાર અધિકારીઓ અને કર્મચારીઓ ઉપર આમ પ્રજાનો વિશ્વાસ બેસે તે પ્રકારની કામગીરી પણ પોલીસ વિભાગે કરવી પડશે, ત્યારે માનનીય મંત્રીશ્રી મારફત વિનંતી કરવા માગું છું કે જે કાયદો લાવ્યા છો એનો સારી રીતે સો ટકા અમલ થાય, એ માત્રને માત્ર કાયદાનો દુરુપયોગ પણ ન થાય તેની તકેદારી રાખવામાં આવે તેવી મંત્રીશ્રીને આપની મારફત વિનંતી કરું છું.

ડૉ.કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત જાહેર સલામતી પગલાં અમલીકરણ વિધેયક-૨૦૨૨ લઇને આવ્યા છે એ બાબતે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ચાર વર્ષના શાસન દરમ્યાન ઘણા બધા કાયદાઓ આપણે વિધાનસભામાં પસાર કર્યા. ઘણી વખત આ કાયદાઓ બહુમતીથી પસાર કરવામાં આવ્યા. અમે વિરોધ પણ કર્યો. પણ આપણા બધાના માટે શરમજનક બાબત એ કહી શકાય કે ઘણીવાર *(xxx) આ કાયદાઓ પસાર કરી દેવામાં આવે છે. અમારાં સૂચનો પણ અમે રજૂ કરીએ છીએ, પરંતુ જે કાયદાઓ બંધારણીય અધિકારો હોય.

શ્રી પૂર્ણેશ મોદી : આ *(xxx) શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : એમાં શું ખોટું છે? માનનીય મંત્રીશ્રી જે વાત કરે છે કે લેન્ડ ગ્રેબિંગનો કાયદો પસાર કર્યો, પાસાનો એક્ટ પસાર કર્યો, પ્રોહિબિશનના કાયદાઓ. માનનીય મંત્રીશ્રી, એટલા માટે કહું છું કે અમુક કાયદામાં તો હાઇકોર્ટે ટીકા પણ કરી છે અને હાઇકોર્ટે એવું કહ્યું છે કે તમે આ સેક્શન રદ કરો, નહીં તો અમારે કરી દેવી પડશે, એટલા માટે કહું છું કે આવા જે ગેરબંધારણીય કાયદાઓ હોય, જે બંધારણે અધિકારો આપ્યા હોય તેનું ઉલ્લંઘન ન થાય એ જોવાની આપણા બધાની ફરજ છે અને આ જે કાયદો લઇને આવ્યા છે, માનનીય શ્રી પુંજાભાઇ સાહેબે કહ્યું કે કોઇ પણ બાબતમાં એક્ટ ઇઝ નોટ નેસેસરી. એક્શન ઇઝ નેસેસરી, બિલ ઇઝ નોટ નેસેસરી, વીલ ઇઝ નેસેસરી. આપણે ગમે એવા કાયદા બનાવીએ. મજબૂત કાયદાઓ બનાવીએ પણ પછી તેની અમલીકરણ એજન્સી કોણ છે એ જોવાની જરૂર છે. અમલીકરણ એજન્સી બે જ હોયઃ પોલીસ અથવા ન્યાયતંત્ર. પૂરતા પ્રમાણમાં પોલીસ નહીં હોય, પૂરતા પ્રમાણમાં ન્યાયતંત્ર આપણી પાસે નહીં હોય, પોલીસને આપણે પૂરતા પ્રમાણમાં સુવિધાઓ નહીં આપીએ, એમને પૂરતો પગાર નહીં આપીએ, એમને જોબ સેટિસ્ફેક્શન નહીં હોય ત્યાં સુધી આપણે ગમે તેવા કાયદાઓ લાવીએ પણ આપણે તેનો સારી રીતે અમલ કરી શકવાના નથી. મેં કહ્યું એમ કે લેન્ડ ગ્રેબિંગના સુધારાની અંદર અમે પણ રજૂઆતો કરી હતી અને હાઇકોર્ટે કહ્યું કે આવી સેક્શનો રદ થવી જોઇએ. એટલે મને લાગે છે કે આ કાયદો એ જાહેરનામાથી વધારે કંઇ નથી. ઘણી વાર આપણે જુદા જુદા કાયદાઓ બનાવી અને ન્યાયતંત્ર અને વહીવટી તંત્રને બહુ ગૂંચવી દેતા હોઇએ એવું એટલા માટે થાય છે કે આ તમામ બાબતોની આઇ.પી.સી.ની અંદર અને સી.આર.પી.સી.ની અંદર. આઇ.પી.સી.ની કલમ-૧૮૮ની અંદર અને સી.આર.પી.સી.ની કલમ-૧૪૪ હોય, ૧૦૭ હોય, ૧૦૮ હોય, ૧૦૯ હોય, ૧૧૦ હોય કે ૧૫૧ હોય. આ તમામ બાબતોની અંદર આ બધી જોગવાઇ કરવામાં આવેલી છે અને આપણે પાછો નવો કાયદો બનાવીએ, એટલે ઘણીવાર એવું થાય છે કે પોલીસે કયા કાયદા નીચે ગુનો નોંધવો, કોર્ટે કયા કાયદા નીચે તેની કાર્યવાહી કરવી એટલે યોગ્ય કાર્યવાહી થતી નથી. તેના લીધે જે ગુનેગાર હોય તેને સજા થતી નથી અને તેના લીધે જે કન્વીક્શન રેટ હોય છે એ આપણે પૂરતા પ્રમાણમાં મેળવી શકતા નથી અને તેના લીધે ઘણીવાર ગુનેગારો છટકી જતાં હોય છે. જે સી.સી.ટી.વી. કેમેરાની વાત કરી છે તો નામદાર સુપ્રીમ કોર્ટે હમણાં વર્ષ ૨૦૨૧માં બિહારમાં એક જજમેન્ટ આપ્યું. તેની અંદર કહ્યું છે કે પોલીસ સ્ટેશનની અંદર સી.સી.ટી.વી. કેમેરા ફરજિયાત લગાવવા અને સુપ્રીમ કોર્ટે તો એવું કહ્યું છે કે નાઇટ વિઝન કેમેરા હોવા જોઇએ. અને એની જે સ્ટોરેજ કેપેસિટી છે એ ૧૨ કે ૧૮ મહિના સુધીની હોવી જોઇએ. આર.ટી.આઇ.માં સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઘણીવાર પોલીસ સ્ટેશનમાંથી આર.ટી.આઇ. નીચે સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ મળતા નથી જે મળવા જોઇએ. આ કાયદો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે એમનો ઇરાદો સારો છે. રાજ્યમાં શાંતિ અને સલામતી સ્થાપાય એમાં અમે સહાયોગ આપીએ પણ આ તમામ સત્તા રાજ્યના ડી.જી.પી.એ જાહેરનામુ પ્રસિદ્ધ કરેલ જ છે. જાહેર સંસ્થાઓએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા માટે, કરફ્યુ હોય, નો એન્ટ્રી ઝોન હોય, નો પાર્કીંગ ઝોન હોય, આવાં બધાં જાહેરનામા પ્રસિદ્ધ કરેલાં જ હોય છે. એટલે મને લાગે છે કે આ કાયદો લાવવાનો કોઇ મતલબ રહેતો નથી એવું મને લાગે છે. અમારા સિનિયર સભ્યશ્રી શૈલેષભાઇએ કહ્યું એમ કાયદો લાવી સરકાર સલામતીની જવાબદારી સી.સી.ટી.વી. કેમેરા લગાવવાની સરકારની જવાબદારી બીજી સંસ્થાઓના માથા ઉપર નાખવા માગે છે. ભારતના બંધારણના આર્ટિકલ ૧૯ થી ૨૨ની અંદર રાઇટ ઓફ ફ્રીડમની જોગવાઇ કરવામાં આવેલ છે. મને લાગે છે કે જો આ કાયદો આવશે તો રાઇટ ઓફ ફ્રીડમ, સ્વતંત્રતાનો અધિકાર છે એ અધિકારનો ભંગ થશે. બીજું કે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આ કાયદામાં જે ત્રૂટીઓ છે એમાં જોઇએ તો સંસ્થાની વ્યાખ્યા કરવામાં આવી નથી. સંસ્થા કોને કહેવી એ સંસ્થાની ચોક્કસ વ્યાખ્યા નક્કી કરવામાં આવે. પ્રાઇવેટ, સરકારી કે બિન સરકારી હોય એ સંસ્થાની વ્યાખ્યા નક્કી કરવામાં આવે. બીજી વાત કે કાયદાનો ભંગ થાય તો શું સજા થાય એની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. જો સી.સી.ટી.વી. કેમેરા ન લગાવે તો ૧૫ કે ૨૫ હજારના દંડની જોગવાઇ કરવામાં આવી છે, પણ જો સામાન્ય પબ્લિક આ કાયદાનો ભંગ કરે તો એને શું સજા કરવામાં આવશે એની કોઇ જોગવાઇ કાયદામાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરવામાં આવી નથી. આ જોગવાઇ કરવામાં આવે એવી વિનંતી છે. આ ગુનો છે એ પોલીસ અધિકારનો છે કે પોલીસ અધિકારની બહારનો છે કે એન.સી. ગુનો છે એ માનનીય શ્રી રાજેન્દ્રભાઇ સારી રીતે સમજે છે. આની અંદર આ અંગે કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ કાયદા નીચે કોઇ ગુનો કરે તો એ ગુનો જામીનપાત્ર છે કે બિન જામીનપાત્ર એની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. આ અંગે પણ જોગવાઇ કરવામાં આવે. જો આ કાયદાનો ભંગ થાય તો એની ફરિયાદ કોણ કરી શકે? એ વ્યક્તિ કરી શકે, ફરિયાદી કોણ બની શકે, જે જગ્યાએ સી.સી.ટી.વી. લગાવ્યા હોય એ સંસ્થા કે પોલીસ બની શકે, કલેકટર, મેજિસ્ટ્રેટ બની શકે એની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. આ જોગવાઇ કરવામાં આવે. ચોથી બાબત જાહેર સમિતિ અને પેટાસમિતિના સભ્યો કોણ બની શકે? એ સભ્ય રાજકીય હોય કે સરકારી હોય કે પાર્ટીના કાર્યકર હોય કે ધારાસભ્ય હોય કે સંસદસભ્ય હોય એની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. મેં કહ્યું એમ ફરિયાદ કોણ કરી શકે? આની અંદર અપીલની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. જે રીતે ગઇ વખતે વિધાનસભામાં લેન્ડ ગ્રેબિંગની અંદર આ જ ચર્ચા મેં કરી હતી અને નામદાર હાઇકોર્ટે કહ્યું હતું કે આમાં અપીલની જોગવાઇ કરી નથી તો આમાં સુધારો કરો અને આપણે સુધારો કરવો પડ્યો. મારી વિનંતી છે કે અપીલની જોગવાઇ કરવામાં આવે. માહિતી અધિકારનો કાયદો આ બાબતને લાગું પડે છે કે નહીં એ બાબતની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી, એટલે જો કાયદાને સારી રીતે અસરકારક બનાવવો હોય તો એની પણ જોગવાઇ કરવામાં આવે. ઘણી બધી બાબતો જે મારા ધ્યાનમાં આવી એનું જો સારી રીતે પાલન કરવામાં આવે તો મને લાગે છે કે આપણે જે કાયદો લઇને આવ્યા છીએ એ કાયદાનો હેતુ સર કરી શકાશે. આ રાજ્યમાં શાંતિ અને સલામતીની સ્થાપના આપણે કરી શકીશું. શ્રી શૈલેષભાઇએ કહ્યું એમ માનનીય મંત્રીશ્રી શું જવાબ આપે છે એ પછી સમર્થન આપવું કે નહીં એનો અમે નિર્ણય કરીશું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત જાહેર સલામતી અમલીકરણ વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇએ કહ્યું તેમ બીલનો હાર્દ ઘણો સારો છે, પણ હાર્દ પ્રમાણે સરકાર ચાલવા માગે છે કે કેમ એ સમજાતુ નથી, એટલે હજુ એમાં અમે સર્થન આપવા માટે વિચારણા કરી રહ્યા છીએ. ગુજરાત રાજય એક એવું રાજય છે કે જે રાજયની શાંતિ સ્થાપવા માટે જો કોઇએ કાર્ય કર્યું હોય તો પૂજય મહાત્મા ગાંધીજીએ શાંતિ સ્થાપવાનું કામ કર્યું હતું. (અંતરાય) ગાંધી બાપુએ આ દેશને સ્વતંત્રતા આપવા માટે આંદોલન શરૂ કર્યું અને આંદોલન શરૂ કર્યા પછી ૨૦૦ વર્ષનું અંગ્રેજોનું શાસન સમાપ્ત કર્યુ એ તાકાત ગાંધીજીમાં હતી અને અત્યારે ક્રાંતિકારીની વાત શ્રી પીયૂષભાઇ કરતા હતા. ૨૭ વર્ષથી આ સરકાર ચાલે છે અને ક્રાંતિકારી કહે છે તો અત્યારે શા માટે આ બીલ આવ્યું? અત્યાર સુધીના તમારા પૂર્વ જે મંત્રીઓ હતા એમને કેમ ખબર ન પડી? અને સમજ નહોતી પડતી એટલા માટે આખું પ્રધાનમંડળ બદલી નાખ્યું છે અને નવું પ્રધાનમંડળ લાવ્યા છો? ક્રાંતિ, ક્રાંતિની વાતો કરીએ છીએ. ક્રાંતિની કયાં વાતો ચાલે છે? અને એ ક્રાંતિની વાતો કરતા હોય ત્યારે મારે કહેવું છે કે અમેરિકા જેવો દેશ હોય કે ઇંગ્લેન્ડ જેવો દેશ હોય, દુબઇ જેવા ઘણા દેશો છે, ત્યાં પોલીસ ઉપર કેટલો બધો વિશ્વાસ છે? શા માટે પોલીસ ઉપર વિશ્વાસ પેદા થતો નથી? અને એ વિશ્વાસ પેદા નથી થતો એને માટે સરકારે શું કર્યું? એક સર્વે કરવામાં આવે ૯૦ ટકા લોકોને પોલીસ ઉપર વિશ્વાસ નથી. પોલીસના કર્મચારીઓ ઘણા બધા સારા હશે, ૮૦ ટકા સારા હશે, છતાં પણ પોલીસ ઉપર વિશ્વાસ ઉભો નથી થતો એની પાછળ જવાબદાર કોણ? (અંતરાય) કોંગ્રેસ જવાબદાર છે એવું કોઇ કહેતા હોય તો કોંગ્રેસે જે કામગીરી કરી છે એ તમારી તાકાત બહારની વાત છે. મારે એટલા માટે નહોતું બોલવું. મારે બિલની બીજી બાબતમાં નહોતું જવું. ભારતના લોકતંત્ર માટે કોંગ્રેસ જરૂરી છે. ગડકરીએ કરેલું નિવેદન ગઇકાલનું સ્ટેટમેન્ટ વાંચી લો તાકાત છે તમારામાં? એમણે પોતે પ્રેસ નિવેદનમાં કહ્યું કે આ દેશને બચાવવો હશે તો કોંગ્રેસ જરૂરી છે. આ દેશ કોંગ્રેસથી જ બચી શકે તેમ છે. હું નથી કહેતો ભારતીય જનતા પાર્ટીના નેશનલ પ્રમુખ રહી ચૂકયા એ પોતાના ઇન્ટર્વ્યૂમાં બોલે છે અને કોંગ્રેસની વાતો કરો છો? બિલના હાર્દ સાથે (અંતરાય) કોઇ ટીકા કરશે તો હજી બીજુ સાંભળવા મળશે. અમે આ રાજયમાં શાંતિ સ્થપાય એવું ઇચ્છીએ છીએ એટલા માટે તમે આ બિલ લઇને આવ્યા છો એના હાર્દની સાથે અમારા ઘણા સભ્યો સંમત થયા છે. કાયદા પ્રત્યેનો વિશ્વાસ ઉભો કરવાની જવાબદારી આપણા બધાની છે, પરંતુ આ ગૃહમાં કોંગ્રેસ વિરોધ પક્ષે હોવાથી કયારેય વિશ્વાસ ઉભો કરવા માટેનો પ્રયાસ થયો છે ખરો? મારે આ જ ગૃહને દાખલો દેવો છે. શ્રી માધવસિંહ સોલંકી આ ગૃહના મુખ્યનેતા હતા. શ્રી બાબુભાઇ જશભાઇ અહીંયા બેસતા હતા (અંતરાય) શ્રી કનુભાઇ, તમને તો કાંઇ ખબર નથી. ભા.જ.પ.ના રાજમાં તમે એમને એમ ચૂંટાઇ ગયા છો, એના નામે ચૂંટાઇ ગયા છો. શાખપુરની શું દશા છે જોવા આવો?

અધ્યક્ષશ્રી : બિલની ચર્ચામાં સારો એવો સમય વ્યતિત થયો છે. સભ્યશ્રી બોલતા હોય ત્યારે વચ્ચે કોઇ ડિસ્ટર્બ ન કરે. પ્લીઝ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : શાખપુરની શું દશા છે એ જોવા આવો. શાખપુરના લોકોની ચિંતા કરવાને બદલે બીજી ચિંતા કરે છે. હું એટલા માટે દાખલો આપવા માગતો હતો કે મોરબીમાં મચ્છુ ડેમ તૂટયો ત્યારે આવાં સાધનો નહોતાં. શ્રી બાબુભાઇ જશભાઇ સવારે વહેલા ઉઠીને રેડીયો સાંભળતા ત્યારે બી.બી.સી. લંડન ઉપરથી એમણે રેડીયોમાં સમાચાર સાંભળ્યા કે મચ્છુ ડેમ તૂટયો છે, એમણે માધવસિંહભાઇ સોલંકીને ફોન કરીને કહ્યું કે આવો કોઇ બનાવ બન્યો છે. કલેકટરને ત્યાં ટેલેક્ષ કર્યો. કલેકટરે મામલતદારને ત્યાં ટેલેક્ષ કર્યો અને માહિતી મળી કે મચ્છુ ડેમ તૂટયો છે. (અંતરાય) હું સૂચન કરવા માગું છું. સાચી

વાત તો મૂકવી પડેને? હું એટલા માટે દાખલો દેવા માગતો હતો. ત્યારે શ્રી માધવસિંહ સોલંકીએ શ્રી બાબુભાઇ પટેલને કહ્યું આવી આપત્તિ આપણા રાજ્ય ઉપર આવી છે. તમે વિરોધપક્ષના નેતા છો તો આપણે સાથે મચ્છુ ડેમ ઉપર જઇએ અને સંપત્તિ સંભાળીએ. આજે છે તાકાત.(અંતરાય) ધીરે જ બોલું છું. વાઘાણી વારો અને ભાવનગરનો નાતો તમને ખબર છે. અમારા કાઠિયાવાડમાં કોક દિ ભૂલો પડ ભગવાન. તને સ્વર્ગ પણ ભૂલાવી દઉં શામળા, એટલા માટે કહેવાય છે, નહિતર તો ડોલરમાં ન કહેવાતું હોય ભાઇ, અમારા કાઠિયાવાડની ભૂમિના વિસ્તારનો હું છું. મને ટોકે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ મારું રક્ષણ કરો. મને સીસીટીવીનું બોલવા નથી દેતા.

અધ્યક્ષશ્રી : તમારા ઉપર બધાનો પ્રેમ છે, બહુ છે એટલા માટે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : મંત્રીશ્રીઓ આટલા બધા ટોકે, ધારાસભ્યશ્રીઓ ટોકે. પાછા અમે લોંજમાં જઇએ ને ત્યારે એ ધારાસભ્ય કહે છે કે શ્રી વિરજીભાઇ આવું બોલજો નહિતર અમે મરી જઇશું. આજે ગુનાઓ બની રહ્યા છે. મને એક ધારાસભ્ય તરીકે, જાહેર જીવનના વ્યક્તિ તરીકે ૩૫ વર્ષથી મારું જાહેર જીવન ચાલે છે. મને અનુભવ થયો છે કે રાજ્યમાં બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે એના કારણે ગુનાઓ વધ્યા છે. અને એ ગુનાખોરી ઘટાડવી હોય તો રોજગારીની તકો ઉભી કરો. ગુનેગારી આપોઆપ ઘટી જશે. સીસીટીવી કેમેરાથી જો કોઇ ગુના મટતા હોય તો મારે કહેવું છે કે દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ એક જાહેર સભા કરવા આવ્યા હતા, તેમાં કેટલાય લોકોના પાકિટ ચોરાઇ ગયા. પૂછી જુઓ. કેટલા લોકોના પાકિટ કપાઇ ગયા છે. અમારી કોંગ્રેસની સભા થાય છે તેમાં સીસીટીવી કેમેરા નહિ, સતત પત્રકારો ફરતા હોય છે. તોય કેટલાયના ખિસ્સા ખાલી થઇ જાય છે. આ કોણ કરી શકે? એ જો કોઇ કરી શકે તેમ હોય તો ગુજરાતના લોકોમાં વિશ્વાસ ઉભો કરવો જોઇએ. વિશ્વાસ ઉભો કરવો હોય તો સર્વસંમતિની જરૂર છે અને સર્વસંમતિ થાય તો લોકોમાં વિશ્વાસ ઉભો થાય. આજે ૮૦ ટકા પોલીસની કામગીરી સારી છે. મારે અમરેલીનો દાખલો દેવો છે. અમારા અમરેલીના એસ.પી. ઘણી સારી કામગીરી કરે છે. અને એની નીચેના કર્મચારીઓ હપ્તા રોજ ઉઘરાવે છે અને સસ્પેન્ડ કરવા પડે છે. એવા અધિકારીઓ છે એની જવાબદારી કોની છે? ગૃહ ખાતાની છે. મારા પહેલાના વક્તા બોલતા હતા. આજે કોરોનામાં માસ્ક ન પહેરવાના કારણે કરોડો રૂપિયા આપણે ઉઘરાવ્યા. ૫૦૦ કરોડ જેવો દંડ થયો. આ ૫૦૦ કરોડ તો સરકારના ચોપડે આવ્યા છે. પોલીસવાળા કેટલા કટકટાવી ગયા છે. ત્યાં કેમેરા કયાં મૂકવા જશો એ તો કહો? અને એના માટે વિશ્વાસ ઉભો કરવો પડે અને એ વિશ્વાસ ઉભો થાય તો જ થઇ શકે. શ્રી પુંજાભાઇ કહેતા હતા બહુ સારી, સાચી વાત છે. કેમેરાથી આવું બધુ બંધ થતું હોય તો આટલો બધો દારૂ આવે છે તે કેમ બંધ થતો નથી, એ તો કહો ગૃહમંત્રી? ગાંધીનગરમાં કેટલો દારૂ આવે છે ખબર છે? કેમ ખબર નથી? તમે ગૃહમંત્રી છો. ગૃહમંત્રીને ખબર નથી કે કેટલો દારૂ આવે છે? તો કેમેરાથી શું થવાનું છે એ તો કહો? આના માટે ગુજરાતની જનતામાં વિશ્વાસ ઉભો કરવો પડે તેમ છે. તો એ વિશ્વાસ ઉભો કરવો પડે તો ગાંધી ચીંધ્યા માર્ગે ચાલવું પડે. નાથુરામ ગોડસેની મૂર્તિઓ ઉભી કરવાથી કયારેય આ રાજ્યમાં શાંતિ પેદા થવાની નથી. સીસીટીવી કેમેરાથી જો ગુનાઓ ઓછા થતા હોય તો એને હું આવકારું છું. ભીડમાં માથે ટોપી પહેરે છે અને મોઢે માસ્ક પહેરે છે અને એ પાકિટ ચોરી જાય અને ફોટો બીજાનો આવશે. અને એને ૨૫,૦૦૦ નો દંડ થશે તો એમાં કોણ નક્કી કરવાનું છે? ખિસ્સામાંથી પાછળ હાથ મૂકીને પાકિટ બીજો કટકટાવી જવાનો છે. અને ફોટો બીજાનો છપાઇ જવાનો છે ત્યારે કોણ જવાબદાર થશે? એની પાછળ તમારે જવાબદારી લેવી પડશે અને છતાય મારે કહેવું છે કે હમણા અમારા શ્રી પરેશભાઇ બોલતા હતા પૂર્વ વિરોધ પક્ષના નેતા અમરેલી જિલ્લાના મારા ધારાસભ્ય છે. હું તો બીજા વિસ્તારમાંથી ધારાસભ્ય છું. એમના ખાતામાંથી હમણા ભાજપના સભ્ય બનાવવા માટે ૫ રૂપિયા જતા રહ્યા. હવે આમાં કેમેરો કયાં કામ કરશે એ તો મને કહો?

અધ્યક્ષશ્રી : આપને જે કહેવાનું હોય તે બિલ ઉપર કહી દો?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું તો બિલ ઉપર જ કહું છું. હું તો ગુનેગારી રોકવા માટે કહું છું. હું તો ગુનેગારી રોકવા માટે કહું છું. તેના ખાતામાંથી પાંચ રૂપિયા કટકટાવી ગયા. તે કટકટાવી જનાર પાર્ટી ભારતીય જનતા પાર્ટી સત્તામાં છે. તમે જ જો કટકટાવો તો આ કેમેરામાં શું થવાનું છે એ તો કહો. ઘણું બધું બોલવાનું છે. તમારો પક્ષ કટકટાવે છે ત્યાં સમજવું પડશે. ત્યાં સમજવું પડશે.

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, અંદર અંદર વાત કર્યા વગર આપની વાત કરો પ્લીઝ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલા માટે કહેવું છે કે, હું જે વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરું છું તે બાબરા વિસ્તારનું કૂલઝર ગામ છે. તે કૂલઝર ગામમાં કેશવાલા ગામની દીકરી સાસરે આવી અને સુરત રહેવા ગયા. કેશવાલાનો એક હરામી માણસ તેને ફોન કરીને રોજ હેરાન કરતો હતો. તે દીકરીએ પોતે સળગી જવું પડયું. તેની આજે પોલીસમાં ફરિયાદ નથી થઇ. એટલા માટે નથી થઇ કે તેનાં માતા-પિતા ડરે છે કે હું ફરિયાદ કરીશ અને પોલીસ સાચું નહીં કરે તો પેલો માણસ મને મારી નાખશે તો. તેમાં સુઓમોટો કરવા માગો છો કે કેમ? તેમાં કયાં સી.સી.ટી.વી. કેમેરાની જરૂર છે. દીકરીની વિડિયો ક્લિપ મારી પાસે છે.

અધ્યક્ષશ્રી : આપે મને કહ્યું હતું કે મને પાંચ મિનિટ આપો. હવે પંદર મિનિટ થઇ ગઇ છે. આવું ના હોય. બિલ મહત્વનું છે, પણ મુદ્દાની વાત કરો, સુધારો મૂકો.

## ગુજરાત જાહેર સલામતી(પગલાં)અમલીકરણ વિધેયક,૨૦૨૨

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રીનું માન રાખીને આજ તમે કંઇ બોલ્યા નહીં સારું થયું અને બોલ્યા હોત તો કેટલુંય સામે આવતું. હું એ જ કહેવા માગું છું કે, તમારો હાર્દ ઘણો સારો છે. હાર્દ ઘણો સારો હોય ત્યારે હર્ષભાઇ આપે જોયું છે કે, ૨૭ વર્ષના ઇતિહાસમાં આ પોલીસને જોમ ચડે એટલે તમારી માગણીઓ સર્વાનુમતે પાસ કરી છે. આ પણ બિલ સર્વાનુમતે પાસ કરવા આવ્યા છો ત્યારે માત્ર કેમેરા નહીં પોલીસનો વિશ્વાસ ઉભો થાય તેના માટે વિરોધપક્ષનો કોઇ ધારાસભ્ય, અમારો કોઇ કાર્યકર્તા સાચી વાત કહે તો પોલીસ ઉપર પગલાં લેવાની તાકાત હોય તો મને નથી લાગતું ગુનેગારી ઘટી ન શકે. તેના માટે તમે તાકાત ઉભી કરો તો મને લાગે છે કે આપણું ગુજરાત ગાંધીનું ગુજરાત બની જશે નહીંતર ગોડસેનું ગુજરાત બનતું જાય તેવું થશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જાહેર સલામતી પગલાં અમલીકરણ વિધેયક ૨૦૨૨ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું હોય ત્યારથી જ ગુજરાતની અંદર શાંતિ હોય, ગુજરાતની અંદર ઉદ્યોગો આવ્યા હોય તેવું હમણાં અમારા વડીલ અને જયારે ગૃહમંત્રી હતા ત્યારે ધોની જેવી બેટિંગ કરતા હતા તેવા પ્રદીપસિંહભાઇ કહેતા હતા. ત્યારે મારે એમને કહેવું છે કે, રિલાયન્સ આવી ત્યારે શું ગુજરાતમાં શાંતિ ન હતી, એસ્સાર આવી ત્યારે શું ગુજરાતમાં શાંતિ ન હતી, જનરલ મોટર્સની સ્થાપના થઇ ત્યારે શું ગુજરાતમાં શાંતિ ન હતી, ઇફકો ખેડૂતો માટે ખાતર બનાવતી મોટામાં મોટી સંસ્થા આવી ત્યારે શું ગુજરાતમાં શાંતિ ન હતી, જી.એસ.એફ.સી., જી.એન.એફ.સી. આવી ત્યારે શું ગુજરાતમાં શાંતિ ન હતી, વલ્લભ ગ્લાસ, એલેમ્બિકની વડોદરામાં સ્થાપના થઇ ત્યારે શું ગુજરાતમાં શાંતિ ન હતી? વટવા હોય, નરોડા હોય, વાપી હોય, અંકલેશ્વર હોય અને ગુજરાતની અંદર ૧૬૦ જી.આઇ.ડી.સી. બનાવી ત્યારે શું ગુજરાતની અંદર શાંતિ ન હતી? વર્ષ ૨૦૦૨ પછી જ ગુજરાતમાં બધું આવ્યું. એનું પણ કહું છું. તમને ખાલી રથયાત્રા જ યાદ આવે છે, રથયાત્રા સિવાય તમને બીજુ યાદ આવતું નથી. એટલા માટે આ બધુ જે રોકાણ આવ્યું તે વર્ષ ૨૦૦૦ પછી આવ્યું કે વર્ષ ૨૦૦૦ પહેલાં આવ્યું તેની તમે થોડીક ચિંતા કરી લેજો. મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, જયારે કોંગ્રેસના ટેકાવાળી શંકરસિંહ વાઘેલાની સરકાર હતી ત્યારે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સ ઉભું કરવામાં આવેલ હતું. જો તમે એને વિખેરી ન નાંખ્યું હોત તો આજે ગુનાખોરી જે થાય છે એ ન થતી હોત અને કેટલાય લોકોને રોજગારી મળી હોત, એક લાખ લોકોને રોજગારી મળવાની હતી પણ એને તમે વિખેરી નાંખ્યું. ગુનાખોરી જો ઓછી કરવી હોત તો આપણે એ રીતે પણ કરી શક્યા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ આઝાદ થયો ત્યારે આપણા પોલીસના જવાનો કેવા પ્રકારની ગાડી લઇને જતા હતા, ગુનેગારોને પકડવા કેવા પ્રકારની ગાડી લઇને જતા હતા? ૫૦ કિલોમિટરથી વધારે ઝડપે ન ચાલી શકે એવી ગાડીઓ હતી, પણ જેમ જેમ ટેકનોલોજી નવી આવી, એ રીતે સાધનો પણ સારાં આવતાં થયા. આજે ટેકનોલોજીનો જમાનો આવ્યો છે ત્યારે પોલીસને પણ નવી ટેકનોલોજી પૂરી પાડવી જરૂરી છે એની સામે કોઇને વાંધો હોઇ શકે નહીં. ૨૪ કલાક સતત પોલીસના જવાનો આ ગુજરાતની સેવા માટે, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ખડેપગે ઉભા હોય છે. એના ઘરે એની દીકરી-દીકરાના લગ્ન હોય, એના કુટુંબમાં કોઇનું મૃત્યુ થયું હોય અને ક્યાંક આવો બનાવ બને, ત્યારે બધું જ પડતું મૂકીને પોલીસને ત્યાં હાજર થઇ જવું પડે છે, ત્યારે એના પગારની જો ચિંતા કરવામાં આવી હોત તો સારી વાત હતી, એના પે ગ્રેડની તમે ચિંતા કરો તો આનંદથી પોલીસના જવાનો નોકરી કરશે. એની મહેનતના પ્રમાણે એને વેતન મળે છે એવું સમજીને પણ પોલીસના જવાનો ખડેપગે ઉભા રહેશે અને ગુનાખોરી ઓછી થશે. મારે આપના દ્વારા મંત્રીશ્રીને કહેવું છે કે, સીસીટીવી પ્રાથમિક શાળાઓમાં મૂકો તો આ ગુજરાતનાં નાનાં બાળકોને ભણાવવા માટે શિક્ષકો કેટલા તત્પર છે, કેટલા હાજર છે કે કેટલા ગેરહાજર છે એ તમને જોવા મળશે. મારે આપના દ્વારા મંત્રીશ્રીને કહેવું છે કે, સીસીટીવી મૂકવા હોય તો ગ્રામ પંચાયત કચેરીમાં મૂકો, તલાટી ગામની કામગીરી કરવા માટે કેટલા વાગ્યે આવે છે અને કેટલા વાગ્યે જાય છે? તલાટી ત્યાં હાજર છે કે નહીં? એની જો ખબર રાખવી હોય તો સીસીટીવી ત્યાં મૂકો. સીસીટીવી તો આપણે એરપોર્ટ ઉપર પણ મૂકેલા હતા તેમ છતાં નિરવ મોદી ક્યાંથી વિદેશ ઉપડી ગયા? લલિત મોદી કેવી રીતે વિદેશ ઉપડી ગયા? વિજય માલ્યા દેશ છોડીને કેવી રીતે વિદેશ ભાગી ગયા? આપણા રાજયની તમામ જેલોમાં સીસીટીવી કેમેરા આજે પણ મૂકેલા છે છતાં કેદીઓ પાસે મોબાઇલના સીમ કાર્ડ અને મોબાઇલ ક્યાંથી આવે છે એની કોઇ દિવસ આપણે ચિંતા કરી છે ખરી? સીસીટીવી મૂકેલા હોવા છતાં કેદીઓ અંદરો અંદર ઝગડે અને એક-બીજાનું ખૂન કરી નાંખે ત્યાં સુધીના બનાવો જેલમાં બને, તેને આપણે રોકી શકીશું ખરા? તમારા બિલનો હાર્દ ખૂબ સારો છે, આના કારણે ઘણી બધી ગુનાખોરી રોકાવાની છે અને રોકી શકીશું. પોલીસ એની ચિંતા કરશે પણ સાથે સાથે જ્યાં જ્યાં સીસીટીવી કેમેરા મૂકેલા છે, ત્યાં આપણે આવી ખબર રાખી શકીએ છીએ ખરા? જ્યારે આ રાજયના ગૃહમંત્રીશ્રી તરીકે શ્રી પ્રદીપસિંહ જાડેજા લેન્ડ ગ્રેબિંગ એક્ટનું બિલ લઇને આવ્યા હતા ત્યારે કોંગ્રેસના સભ્યોએ પણ એને ટેકો આપ્યો હતો અને કહ્યું હતું કે સાહેબ, તમે ખૂબ સારું બિલ લાવ્યા છો. સારામાં સારો કાયદો હતો અને આ કાયદાથી અમદાવાદની અંદર અને અમદાવાદની આજુ-બાજુમાં ખેડૂતોની જમીન ક્યાંક બચશે અને અમે કહ્યું હતું કે પ્રદિપસિંહજી લાવો તમે આ કાયદો અમે તમારી સાથે જ છીએ અને આ જ ગૃહમાં સર્વાનુમતે આ કાયદો મંજૂર કરવામાં આવ્યો હતો. બન્યું શું? અમને એવું હતું કે આ કાયદાથી અમદાવાદની આજુ બાજુમાં મારા સમાજના લોકોની બહુ મોટી જગ્યાઓ હતી જે લોકો ખોટી રીતે લખાવી જતા હતા એમાં ક્યાંક આ બધા બનાવો અટકશે, અભિનંદન આપ્યા હતા સાહેબને. બન્યું શું? કાયદો સારો છે, સારા હેતુથી લાવ્યા હતા, પરંતુ બન્યું શું કે ક્યાંક

કોઇકની જમીન હતી, એ જમીન કોઇ ખોટી રીતે સહી કરીને લખાવી ગયા, કાગળ ઉપર ક્લિયર થઇ ગયા, કબજો ક્યાંક અમારા સમાજના ખેડૂતનો હતો, પણ જ્યાં કાગળ ઉપર ક્લિયર હતા ત્યાં લેન્ડ ગ્રેબિંગમાં એવી કોઇ જોગવાઇ ન હતી, તેને કારણે અમદાવાદની હોય, રાજકોટની હોય, સુરતની હોય તમામે તમામ કિંમતી જમીનો પર જે ઓરિજનલ ખેડૂતનો જે કબજો હતો તે કબજો છોડાવવાની કામગીરી જો કોઇએ કરી હોય તો આ લેન્ડ ગ્રેબિંગના કાયદાએ કરી છે. કેટલા અધિકારીઓને કેવો રસ છે તેમાં મારે પડવુ નથી, કેવા લોકો જમીનનો કબજો લેવા માટે શું શું કરે છે તેમાં મારે પડવુ નથી અને કયાંક કદાચ જો મને કહેશો તો નામજોગ પણ આપવાની મારી તૈયારી છે. કયા માણસે કયાં કબજો લીધો છે, કયા માણસે કયા ખેડૂતને કયાંથી હાંકી કાઢયો છે, કેટલા કરોડની મિલકત પચાવી પાડી છે એ કહેવુ હશે તો હું તમને આધાર પુરાવા સાથે કહી શકીશ, પણ જે સરકાર આ કાયદો લાવી હતી, ખેડૂતોના રક્ષણ માટે આ કાયદો લાવી હતી, તેનો કયાંક દુરુપયોગ થઇ અને ખેડૂતોને આજે કેટલુ નુકસાન થાય છે તેની વાત પણ અમે કરી શકતા નથી. આ તો શ્રી પ્રદિપસિંહે વાત કરી એટલા માટે ખાલી વાત કરું છું. હું ટીકા નથી કરતો મારી વાતને તમે સમજજો. સરકારનો હેતુ ખૂબ સારો હતો, પણ તેનો દુરુપયોગ કઇ રીતે થાય છે તેનો ખાલી તમને દાખલો આપુ છું. (અંતરાય) આ બિલ ઉપર જ બોલુ છું. આ બિલ ઉપર પ્રદિપસિંહ બોલ્યા છે એટલા માટે બોલુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આ કાયદાનો ઉપયોગ બીજી રીતે ના થાય તે પણ આપણે જોવાની જરૂર છે. કડીની બાજુમાં નંદાસણ ગામ આવેલુ છે. આપણે ગાયોની ચિંતા કરતા હતા કેટલા કતલખાના છે અને કોણ કાપે છે તે મારા ગૃહમંત્રી ખાલી તપાસ કરાવજો? કોનો કાર્યકર છે તેની તપાસ કરાવજો, કયાં ગાયો કપાય છે તેની તપાસ કરાવજો? આજે મારા તાલુકાની અંદર કલોલ હોય કે કડી હોય રાત્રે ખેડૂતો સૂઇ શકતા નથી. રાત પડે અને નાની ગાડી આવે અને વાછરડું હોય કે ભેંસ હોય તે ચાર જણા ઉંચી કરીને ગાડીમાં નાંખી અને લઇ જાય છે. રાત્રે કોઇ ખેડૂત ઉઠયો હોય અને બત્તી મારે તો બત્તી સામે ધોકો મારે કે કંઇક સાધન મારે એટલે ખેડૂત જે ખબર રાખવા જાય તેને પણ મરી જવાની ચિંતા છે. ગામડે પણ કેમેરા લગાડવાની જરૂર છે. આની તપાસ કરવાની જરૂર છે આ તાલુકામાં ગાડી લઇ, ડાલુ લઇ અને કોણ લોકો આ ખેડૂતોની ભેંસો ભરવા આવે છે, કોણ લોકો ગાયો ભરવા આવે છે તેની જો તપાસ કરવામાં આવે, આવી જગ્યાએ સીસીટીવી કેમેરા મૂકવામાં આવે.

અધ્યક્ષશ્રી : બિલ ઉપર આપના સૂચન હોય તે કરો?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સીસીટીવી કેમેરા મૂકવાની વાત કરું છું, આના કારણે આ સીસીટીવી કેમેરા મૂકો તો આ તમામે તમામ ચોરીઓ થતી બંધ થશે. એક દાખલો આપું મારે નહોતો આપવો. તારીખ ૨૬-૩-૨૦૦૦ની અંદર કલોલમાં એક ભાવિક સી.ડાભી તેને મારી નાંખવાની કોઇએ સોપારી આપી. તેને ગાડીએ ટક્કર મારી અને ટક્કર માર્યા પછી આજની તારીખે કલોલની શ્રદ્ધા હોસ્પિટલમાં દાખલ છે. તમારી પોલીસને ફરિયાદ લેવાની નવરાશ નથી અને કયાંક કોઇની દુકાને સીસીટીવી કેમેરા મૂકયા હોય અને તે સીસીટીવી કેમેરા જોઇ અને તમારે ચોરને પકડવો હોય તો તમે ઘડીના છઠ્ઠા ભાગમાં પણ તેને પકડી શકો છો પણ આપણે તે કરી શકતા નથી.

અધ્યક્ષશ્રી : આપનો સુધારો કે સૂચન કંઇ હોય તો, આપે કહ્યું હતું ૫ મિનિટ આપજો, પણ ૧૫ મિનિટ થવા જાય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કહું બિલ છે મને બે મિનિટ આપો. હું અભિનંદન આપીશ પ્રદિપસિંહ જાડેજા સાહેબને મારા ઘરની અંદર ચોરી થઇ. ચોરી થઇ અને ચોરી થયા પછી મારા ઘરમાં સીસીટીવી કેમેરા લાગેલા હતાં ૭ કેમેરા હતાં. ચોરો પહેલાં શું કરે છે કે જે સીસીટીવી કેમેરાનું મશીન લગાવેલું હોય તેને પહેલાં ચોરી જાય છે અને પછી સીસીટીવી કેમેરા કોઇ કામમાં આવતાં નથી એટલે એવુ તો આપણે થવાનું નથીને? (અંતરાય) ખબર પડવા કરતા તમને જેટલી ખબર પડે સારું છે. તમને ખબર પડે છે એટલા માટે તો તમે ત્યાં છો, નહીંતર આ બાજુ આવી ગયા હોત, એટલે બરાબર છે. મારી જે ચિંતાનો વિષય છે કે તમે સીસીટીવી કેમેરા લગાવ્યાં હશે તો ચોર હોંશિયાર છે એટલે ચોર સીસીટીવી કેમેરા માટે જે પેલું મશીન મૂકેલ હોય, બોક્સ જે હોય તે પહેલાં ચોરી જાય છે એટલે બોક્સ કોઇ ચોરી ના જાય તેની પણ તમે વ્યવસ્થા કરજો. હું સાહેબને એટલા માટે અભિનંદન આપું છું કે મેં એમને વાત કરી. વાત કરવાની સાથે ગાંધીનગરની તમામ પોલીસને એમણે સૂચના આપી કે તાત્કાલિક તપાસ કરી ચોરને શોધવા જોઇએ.

**પોઈન્ટ ઓફ ઈન્ફોર્મેશન**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે ચોર હોશિયાર થઈ ગયા છે. તમારા જેવા એક હોશિયાર મિત્રએ ડબલું બનાવટી લગાડ્યું. ચોર બનાવટી લઈ ગયા અને પછી જ્યારે આવ્યા ત્યારે ચાલુ તો હતું જ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના તત્કાલીન ગૃહમંત્રીશ્રીને એટલા માટે અભિનંદન આપું છું કે ગાંધીનગરની પોલીસને સૂચના આપીને ૨૪ કલાકમાં ગાંધીનગરની એલ.સી.બી.ના પી.આઇ. સહિત બધાએ ચોરને પકડી પાડ્યા હતા તે બદલ હું અભિનંદન આપું છું. તમે તમામ જાહેર સ્થળોએ કૅમેરા લગાવવાની વાત કરો છો ત્યારે અમને ડર છે કે ચૂંટણી આવી રહી છે ત્યારે ભાજપના કેટલાંક ધારાસભ્યોની ટિકિટ કપાવવાની છે, એટલે કૉંગ્રેસની રડારમાં તમે છો કે નહિ તેના માટે તો તમે સી.સી.ટી.વી. કૅમેરાનો ઉપયોગ કરવાના નથી ને? ચૂંટણી આવી રહી છે ત્યારે ભાજપની સભામાં કે કૉંગ્રેસની સભામાં કોણ આવે છે તેની ખબર રાખવાના નથી ને? ક્યાંક ધારાસભ્યની જાસુસી કરવા માટે તો આ સી.સી.ટી.વી.

કેમેરાનો ઉપયોગ કરવાના નથી ને? જાસુસી કરવાના ન હોય તો આ વાત બરાબર છે. ચૂંટણી આવી રહી છે ત્યારે ધારાસભ્યોના ફોન રેકોર્ડીંગ તમે ના કરાવતા. ક્યાંક થાય છે. એવું તો નહિ કરે ને?

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાનો હેતુ જળવાય રહે એ રીતે ઉપયોગ કરો એ જ વિનંતી સાથે હું મારા વિચારો રજૂ કરું છું.

શ્રી હર્ષ સંઘવી (માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, ચૌદમી વિધાનસભાનું આ દસમું સત્ર કાલે પૂર્ણ થવા જઈ રહ્યું છે અને લોકશાહીનું સૌથી ઉત્તમ ઉદાહરણ અને તેની સુંદરતા આ બિલની ચર્ચામાં તમામ સભ્યશ્રીઓએ જોઈ છે. પક્ષ અને વિપક્ષના તમામ લોકોએ પોતાનાં સૂચનો રજૂ કર્યાં. નાની-મોટી રાજનૈતિક ટિપ્પણીઓ આવે પરંતુ છેલ્લે તમામ સભ્યોએ આ બિલ સારું છે, તેનો હાર્દ સારો છે, રાજ્યના લોકો માટેનું છે એટલું મોટા ભાગના સૌ સભ્યોએ માન્યું છે એ બદલ હું સર્વ સભ્યશ્રીઓનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી સી. જે. ચાવડાજીએ એમની વાત ખૂબ સુંદર રીતે રજૂ કરી. એમણે એક-એક કલમની ઊંડાણમાં જઈને શું છે, કઈ રીતે થઈ શકે છે એ વિશે એમના અલગ-અલગ સૂચનો આપ્યાં. એમનાં બે સૂચનો ખૂબ જ મહત્ત્વનાં હતાં. એક તો નગરપાલિકાઓમાં આ કામ ઝડપથી ચાલુ થાય. હું આ સભાગૃહ સમક્ષ સૌ લોકોને વિશ્વાસ અપાવવા માગું છું કે અમે ૫૧ નગરપાલિકાનું કામ ખૂબ ઝડપથી ચાલુ કરવા જઈ રહ્યા છીએ. એમનું બીજું સૂચન ખૂબ સારું હતું. અમુક લોકો લગાતાર દંડ ભરતા હોય છે, પરંતુ આ કાયદાનું પાલન ન કરે તો રાજ્યમાં શાંતિ અને સલામતીને ધ્યાનમાં રાખીને આ કાયદાનો અમલ કરાવવા માટે આ સૂચન એટલા માટે ખૂબ મહત્ત્વનું છે. રાજ્યના પૂર્વ ગૃહ રાજ્યમંત્રી આદરણીય શ્રી પ્રદીપસિંહ જાડેજા સાહેબે અનેક વિચારો રજૂ કર્યા. તેમણે વર્ષ ૨૦૦૮ના સિરિયલ બોમ્બ બ્લાસ્ટ પછી આ સી.સી.ટી.વી. તરફ કેમ વળવું પડ્યું એ બાબતની પણ વાત કરી. અલગ-અલગ બિલો લાવ્યા અને એ બિલો થકી ગુજરાત રાજ્યમાં આ કાયદાઓના અમલ કઈ રીતે કરાવ્યા છે અને રાજ્યમાં શાંતિ અને સલામતી કઈ રીતે વધારી છે તે બાબતે ગૃહ સમક્ષ અનેક વાતો મૂકી.

માનનીય શ્રી પરેશભાઇએ ગાર્ડનની વાત કરી. ગાર્ડનની વાત એમની સાચી છે. મને એમણે આ વાત લોબીમાં પણ કરેલી. મેં એમને જવાબ આપેલો પણ એમને એ જવાબ અહીંયા ન કહ્યો. શ્રી પરેશભાઇ, મેં તમને વાત કરી કે ગાર્ડનની અંદર કેમેરા ન લાગે. શ્રી પરેશભાઈ પોતે વિદ્વાન છે અને તેઓશ્રી વિધાનસભામાં કેટલાયે વર્ષોથી પ્રતિનિધિત્વ કરે છે. ગાર્ડનમાં કેમેરા કયાં લાગે એ તમામ સભ્યશ્રીઓને ખબર છે. ગાર્ડનમાં કેમેરા માત્ર અવર-જવરનું ધ્યાન રહે એટલા માટે ગેટ ઉપર લાગતા હોય છે. શ્રી પરેશભાઈ, લોકોની લોકશાહીમાં જે સ્વતંત્રતા છે, એને છીનવાનો આ બિલમાં કોઇપણ પ્રકારનો ધ્યેય નથી, એનો હું આપને વિશ્વાસ અપાવું છું. સી.સી.ટી.વી. કેમેરા ઘણીવાર મુશ્કેલીઓ ઉભી કરતી હોય છે એ વાત હું સો ટકા માનું છું. શ્રી શૈલેષભાઈએ વાત કરી કે ટ્રાફિકની સ્લીપ આવે છે. ટ્રાફિકની સ્લીપમાં કારની અંદર કોણ બેઠુ છે? એ સ્લીપની અંદર જયારે ફોટો આવે છે ત્યારે એમાં આવી જતું હોય છે, એમાં નાની મોટી તકલીફ પડતી હોય છે. પરંતુ એનો પણ ધ્યેય કોઇપણ પ્રકારનો ખરાબ નથી. સી.સી.ટી.વી. પોલીસ સ્ટેશનની જે વાત છે તો એમાં મોટાભાગના પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. કેમેરા સો ટકા છે. સી.સી.ટી.વી. કેમેરાની જે વાત થઇ છે એમાં સુપ્રીમ કોર્ટે ગાઇડલાઇન આપી છે. એ બાબતે રાજ્ય સરકાર કામગીરી કરી રહી છે. એમાં વધુ સ્ટોરેજ માટેની સુપ્રીમ કોર્ટે ટકોર કરેલી છે. એ બાબતે ગૃહ વિભાગ ખૂબ જ ગંભીરતાપૂર્વક કામગીરી કરી રહી છે. એ સ્ટોરેજ પોલીસ સ્ટેશનમાં રાખવું કે સેન્ટ્રલાઇઝ રાખવું એ ટેકનીકલ બાબતે તમામ વિભાગો સાથે ચર્ચા કરીને એમાં આવનારા દિવસોમાં નિર્ણય લેવામાં આવશે. બે દિવસની નોટિસની વાત થઇ છે. આજે ઘરની વાત થઇ છે. શ્રી પરેશભાઇ, આપણને આ વિચાર જ ન આવવા જોઇએ. કારણ કે સંસ્થા એ ઘર નથી. કોઇપણ સામાન્ય નાગરિક પણ સમજી શકે છે કે સંસ્થા એટલે ઘર સિવાયની નોન રેસિડેન્શિયલની વાત છે. એટલે ઘરની અંદર ઘૂસી જવું કે શું વિચાર આવે કે એ કઇ વૃતિનો વ્યકિત હોય, આખા બિલની અંદર કોઇપણ જગ્યામાં એવી કોઇ લાઇન નથી કે જેનાથી તમે કોઇના ઘરની અંદર ઘૂસીને કેમેરા ચેક કરી શકો. ઘર અને સંસ્થા અલગ છે. રેસિડેન્શિયલ કોઇ રીતે સંસ્થા ન હોઇ શકે. પરંતુ સંસ્થા એ કોઇ કંપની હોય, કોઇ હોલ ચલાવે એ વસ્તુ હોઇ શકે. એટલે સંસ્થા એ રેસિડેન્શિયલ ન હોઇ શકે અને જો રેસિડેન્શિયલ હશે તો સો ટકા તમારી જે વાત છે એની ઉપર અમે ધ્યાન આપીશું. શ્રી દુષ્યંતભાઇએ અલગ અલગ વિષયો મૂક્યા. એમણે જે સૂચનો કર્યાં છે એ અંગે અમે સો ટકા વિચારીશું અને એને કઇ રીતે યોજનામાં લાવી શકીએ એ માટે સંપૂર્ણ ધ્યાન આપીશું. અનેક ધારાસભ્યશ્રીઓએ એમની વાતમાં કહ્યું કે, અહીંયા ચર્ચા થઇ જાય છે, બિલ પાસ થઇ જાય છે, પછી ધારાસભ્યશ્રીઓના વિષયો ઉપર ધ્યાન આપવામાં આવતું નથી. હું નાનો દાખલો આપવા માગું છું કે, ગઇકાલે રમતગમતની ચર્ચા હતી તે દરમિયાન મારા મિત્રશ્રી પ્રતાપભાઇએ એક ખેલાડી જેઓ રોડ એક્સિડંટમાં એક્સપાયર થઇ ગયેલ હતા, તે અંગે વાત કરી હતી. એમની વાત સાચી હતી. વિધાનસભા પૂર્ણ થાય તે પહેલા એમના પરિવારને રૂપિયા મોકલવાની વ્યવસ્થા થઇ ગઇ, એમનો ચેક પણ કૂરિયર થઇ ગયો અને એનો ઓર્ડર પણ વોટસઅપ થકી મેં મોકલેલો છે. શ્રી હિંમતસિંહજીએ વાત કરી તે અંગે ગઇ કાલે જ અમારી ટીમ ત્યાં પહોંચીને સર્વે કરાવીને આવી. આજે પણ જે અલગ અલગ વિષયો અમારી સમક્ષ આવ્યા છે, તે અંગે અમે ચોક્કસ વિચારીશું. અમે સરકારમાં છીએ અને તમે વિપક્ષમાં છો, પરંતુ આપણો ધ્યેય એક જ હોવો જોઇએ કે રાજ્યના લોકોને આપણે સારી રીતે સેવા પૂરી પાડી શકીએ. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે. તમારો અને અમારો ધ્યેય સરખો જ છે. આપણે નક્કી કરેલો ધ્યેય કોઇ સારી રીતે પાર ના પાડવા દે તો એની ઉપર આપણે પગલાં લેવાં જ જોઇએ

અને અમે લઈશું એનો હું આપને વિશ્વાસ અપાવું છું. આનું પાલન થશે અને અમલમાં લાવવા માટે અમે આની પાછળ સો ટકા મહેનત કરીશું. શ્રી શૈલેષભાઇએ વાત કરી કે સી.સી.ટી.વી. કેમેરા બધે જ હોય છે. સી.સી.ટી.વી. ના વિઝ્યુઅલ આપવા બદલ હું તેમનો આભાર માનું છું. તેઓશ્રી સમજુ માણસ છે તથા એમનામાં પરિપકવતા છે. તેઓશ્રી હંમેશા સમાજની ચિંતા કરતા હોય છે. કોઇ જગ્યાએ ચોરી થઇ તો એમના ત્યાં સી.સી.ટી.વી. કેમેરા હતા તેના વિઝ્યુઅલ તાત્કાલિક પોલીસને પ્રોવાઇડ કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિઝ્યુઅલ્સ પ્રોવાઇડ કરવાથી કોઇ ગુનો ઉકેલાયો તે બદલ હું એમનો આભાર માનું છું અને એમણે જે વાત કરી કે હોટલ નથી, આમાં એક્ઝામ્પલ આપ્યા છે. પરંતુ સંસ્થા એટલે જયાં સો દોઢસો કે તેથી વધારે લોકોની અવરજવર હોય, અવરજવર વધારે હોય તે તમામ કોમર્શીયલ સેન્ટરો આ બિલમાં આવી જાય છે. આ બિલમાં લખેલ છે તે એક્ઝામ્પલ છે. પણ હોટલ પણ આ બિલથી બહાર નથી. તમામ કોમર્શીયલ સેકટર્સ આ બિલમાં આવી જાય છે. કારણ કે આપણી શાંતિ અને સલામતી જાળવી રાખવા માટે જે જગ્યા પર લોકો વધારે આવતા હશે તે જગ્યા પર સી.સી.ટી.વી. લગાવવું એમાં હું એવું માનું છું કે સરકારનું કામ છે કે પ્રાઇવેટ કામ છે એવું નથી, સરકારનું કામ છે સો ટકા રોડ ઉપર સરકાર પોતે જ લગાડશે. પરંતુ સરકારનું કામ એ નથી કે પ્રાઇવેટ પ્રોપર્ટી પર જે વ્યક્તિ ધંધો કે ઉદ્યોગ ચલાવતા હોય ત્યાં સરકાર કઇ રીતે સી.સી.ટી.વી. લગાડે? ત્યાં તો એ વ્યક્તિએ પોતે જ લગાડવા પડશે. એટલે મારી એટલી જ લાગણી છે કે આ સી.સી.ટી.વી.નો જે વિષય છે એ એચીવમેન્ટ આ આખી વિધાનસભાનો છે. ૧૪મી વિધાનસભાના એકે એક સભ્યનો છે. આ કોઇ ભારતીય જનતા પાર્ટીની સરકારનું એચીવમેન્ટ છે એવું હું નથી કહેવા માગતો, એટલે કોમર્શીયલ સેકટર્સ છે એમાં ખૂબ વ્યવસ્થિત, અને ખૂબ ગંભીરતાપૂર્વક પોલીસ વિભાગે પ્રાઇવેટ જે કોઇ લોકો ટેકનોલોજી સાથે જોડાયેલા છે, જે લોકો અનેક એજન્સી સાથે જોડાયેલા છે એ તમામ લોકોનો વ્યુહ લઇને આ વિધેયકમાં તમામ કોમર્શીયલ સેક્ટરોને જોડવાનો પ્રયત્ન કર્યો છે. દુબઇની વાત કરી, ચાઇનાની વાત કરી, એ અમને સાથે લઇ ગયા હોત તો સો ટકા અમને પણ ખ્યાલ આવત, એ એકલા એકલા જઇ આવે છે એટલે કોઇને ખબર જ નથી પડતી. સી.સી.ટી.વી.ના મેપિંગનું શ્રી શૈલેષભાઇનું સજેશન ખૂબ સારું છે. ખૂબ સારું સજેશન છે અને એના ઉપર અમે સો ટકા અમલ કરીશું. સી.સી.ટી.વી. કઇ ગલીમાં કેટલા છે, એનું મેપિંગ આપણી પાસે હોય તો સો ટકા ઉપયોગી થઇ શકે છે. અમે એ સજેશન ઉપર સો ટકા અમલ પણ કરીશું અને આવનારી વિધાનસભામાં અમલ થઇ ગયો હશે તો સો ટકા હું તમને એની કોપી આપીશ. જેથી તમે જે વિચારેલું છે એ વિચાર સારા હોય (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, દરેક એક પોસ્ટ પર સી.સી. ટી.વી. છે જ, હજુ વધારે સારા સી.સી.ટી.વી. એમાં વધારે જે ચેકપોસ્ટ પર બાકી છે ત્યાં પણ લગાડવાના જ છીએ અને આ બજેટમાં એ પણ લીધેલા જ છે. અને ચેકપોસ્ટ પર જે નવા સી.સી.ટી.વી. આવે છે એ ફેસ ડિટેકશન વાળા છે એટલે ઘણા ફેસ પકડાઇ જશે. એમાં પછી કોઇની પાસે બચવાનો રસ્તો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુંજાભાઇની દારૂ પકડાવાની વાત હતી, એ કિસ્સો એમણે જે કહ્યો છે એ કિસ્સા પર હું માત્ર એટલા માટે આપનું ધ્યાન દોરવા માગું છું, (અંતરાય) શ્રી પ્રતાપભાઇ એક જ મિનિટ.

અધ્યક્ષશ્રી : આમાં પ્રશ્નોત્તરી ન હોય, સભ્યશ્રીઓએ બિલ ઉપર જે ચર્ચા કરી તેનો જવાબ મંત્રીશ્રી આપે પછી પૂરું થાય.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુંજાભાઇએ જે વાત કરી કે જે દારૂની ટ્રક ઉના પકડાઇ, તે દમણથી આવેલી હતી, એક ખૂબ મોટી સમસ્યા છે કે પોલીસ દરેક ચેકપોસ્ટ પર દરેક વાહન ચેક કરવાં હોય તો એ કરી શકે છે, એમાં કોઇ મોટી વાત નથી. પરંતુ દરેક વાહનો જો અમે ચેક કરવા જઇશું તો ટ્રાફિકની સમસ્યા અને અડચણ એવી ઉભી થશે કે લોકોને બીજી રીતે બહુ હેરાનગતી ઉભી થશે. એટલે તમામ ગાડીઓ અમે ચેક નથી કરી શકતા, પરંતુ બાતમીના આધારે અમે સો ટકા કામગીરી કરીએ છીએ. અને હું શ્રી પુંજાભાઇને વિનંતી કરું છું કે તમારે પોલીસ વિભાગને અભિનંદન આપવા જોઇએ કે ભલે ઉનામાં પકડી, પણ એ પકડનાર પણ ગુજરાત પોલીસ જ હતી. અને ગુજરાત પોલીસે જયાં જયાં માહિતી મળે છે, જયાં જયાં અમારી પાસે બાતમી આવે છે ત્યાં અમે કોઇને છોડતા નથી. માનનીય શ્રી વિરજીભાઇ આ સભાગૃહના સૌથી લોકપ્રીય સભ્ય છે. શ્રી પિયુષભાઇ અને શ્રી વિરજીભાઇ આ સભાગૃહના સૌથી લોકપ્રીય સભ્ય છે. અમારે એમને ખોવા નથી. મને હંમેશા શ્રી વિરજીભાઇની ચિંતા થાય છે, કારણ કે મારા જેવો યુવાન સભ્ય એમની પાસેથી કંઇક શીખવા માંગે છે. એમના ઘણા મુદ્દાઓ હંમેશા સમાજને ઉપયોગી હોય છે. પણ એ જયારે જોર જોર થી બોલે છે ને, હમણાં જ એમની તબિયત સારી થઇ છે. શ્રી વિરજીભાઇ હું તમને વિનંતી કરું છું, અમે જયારે લોબીમાં મળતા હોઇએ છીએ ત્યારે હું એમને દરરોજ કહું છું કે તમે પહેલા તબિયત સાંચવો અને પછી બીજું કરો, અચાનક ઉભા થઇ જાય અને પછી જોરથી બોલવા લાગે છે......

અધ્યક્ષશ્રી : મેં એમને કહ્યું છે ને કે સ્પ્રીંગ છે એ સીટમાં..... (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એટલે મારી આપને વિનંતી છે, કારણ કે શ્રી વિરજીભાઇ સૌથી લોકપ્રિય સભ્ય છે. એ આજે કહેતા હતા કે કોઇ સાંભળતું નથી. અમે સરકાર તરીકે શ્રી વિરજીભાઇએ જેવું બોલવાનું ચાલુ કર્યું કે મેં તરત પેન ઉંચકી લીધી અને એકે એક વાત જયારે લખતો હતો, ત્યારે દુઃખની વાત છે આ પ્રતાપભાઇ અને લલીતકાકા બંને જોરજોરથી બોલીને એમને ડિસ્ટર્બ કરતા હતા. માનનીય શ્રી વિરજીભાઇએ ખૂબ જ મહત્વની વાત કરી છે. દરેક વાતો એમને ડેમની વાત સુધી લઇ ગયા. કેટલાં વર્ષો પહેલાની વાત કરી. બાબા આલમના જમાનાની ટેકનોલોજીની વાત કરતા હતા. મેં

એમના તમામ વિષયો લખેલા છે અને આપને વિશ્વાસ અપાવું છું કે હું એ વિચારો જોડે આ વિધાનસભામાં સમાજની સેવા કરવા માટે જોડાયેલા છીએ. પછી પક્ષ હોય કે વિપક્ષ હોય જ્યારે સમાજના સારા વિચારો કોઇપણ રજૂ કરે તો એ હંમાશા સમાજને ઉપયોગી હોય છે. તમે સારા વિચારો રજૂ કર્યા હશે અને અમે અમલ કરીશું તો એનો શ્રેય તો ભારતીય જનતા પાર્ટીની સરકારને મળવાનો છે. એટલે અમલ ન કરવાનું કોઇ કારણ નથી અમે સો ટકા અમલ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની અંદર કોઇપણ જગ્યા પર હું માનુ છું કે આપણે કોઇપણ પ્રકારની પોલિટિકલ વાતો નથી કરી. માનનીય શ્રી પુંજાભાઇ પોલીસ અને પ્રજા મિત્ર જ છે અને આજે પણ મિત્ર જ છે. એ તમારે અને અમારે બંનેને માનવું જોઇએ. હોઇ શકે કે નાના મોટા કોઇ વ્યકિતઓ ભૂલ કરતાં હોય તો આપણે એના ઉપર કડક પગલાં ભરીશું. માનનીય શ્રી વિરજીભાઇએ દીકરીની વાત કરી છે. એ દીકરી ભલે ફરિયાદ લખાવે કે ન લખાવે એની તપાસ અમે જરૂરથી કરીશું અને એને ન્યાય અપાવાની જવાબદારી આપણા બધાની છે અને અમે અપાવીશું. તમારી વાત સાચી હશે કારણ કે સમાજમાં આજે પણ એક એવી રૂઢી છે સમાજમાં આજે પણ એવી વિચારણા છે કે દીકરીનો કોઇ પણ વિષય હોય એ પોલીસ સુધી આવતો નથી. પરંતુ સમાજના આપણે સૌ લોકપ્રતિનિધિઓ છીએ આપણી પણ એ જવાબદારી છે કે સમાજની અંદરની જે આ પ્રથા છે એ બદલવાની છે. કોઇ દીકરીને કોઇ મવાલી અગર હેરાન કરે તો એ દીકરીનો વાક નથી એ વાક સમાજના વિચારનારાનો છે એ મવાલીઓને સીધા કરવાની જવાબદારી મારી છે અમારી પોલીસની છે. હું સંપૂર્ણ આપને વિશ્વાસ અપાવું છું કે એની ઉપર કડક પગલાં ભરીશું. માનનીય શ્રી પુંજાભાઇએ પોલીસના મિત્રની વાત કરી. હું ગઇકાલે પેપર વાંચતો હતો. હું આપને પણ કોપી મોકલીશ. પોલીસ પ્રજાનો મિત્ર છે હતો અને રહેશે. કારણ કે એ પણ આપણી જ સૌની વચ્ચેથી નીકળેલા એક ગુજરાતી નાગરિક છે, ભલે એની જવાબદારી ગુજરાત પોલીસની અંદર ફરજ બજાવવાની હોય, પણ એની અંદરની માનવતા આપણા કરતા ફરક નથી. હું આ તકે બે દાખલા આપવા માગું છું. દ્વારકાબેટમાં ત્યાં ટાપુ ઉપરથી બાળકોને પરીક્ષા આપવા જવાની હોય, ત્યાં વ્યવસ્થા ન હોવાને કારણે તાત્કાલિક ગુજરાત પોલીસે, મરિન પોલીસે બોટની વ્યવસ્થા કરીને બધાને એકઝામ સેન્ટર સુધી પહોંચાડ્યા. આજે એક પેપરની અંદર સ્ટોરી છે જેમાં અમદાવાદ પોલીસે દસમાં ધોરણની બે દીકરીઓ ખોટાં સેન્ટર ઉપર પહોંચી ગઇ. ગુજરાત પોલીસના બે અધિકારીઓએ પોતાની ગાડીમાં એ બે દીકરીઓને બેસાડીને બીજા સેન્ટર સુધી પહોંચાડવાનું કામ કર્યું છે પરંતુ આપણે હંમેશા પક્ષ વિપક્ષ આ પ્રકારના સામાન્ય કોન્સ્ટેબલ પોલીસ નાનાં નાનાં કામો કરી રહ્યાં છે, એને આપણે પ્રજા સમક્ષ લઇ જવા માટે ક્યાંકને ક્યાંક ટીકાના જમાનામાં આપણે આ સારી કામગીરી એ લોકોની છૂપાવી છે એ બહાર લાવવા માટે આપણી સૌની જવાબદારી છે. આપણે સૌ સાથે મળીને કામ કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી કિરીટભાઇએ અપીલની વાત કરી છે ખૂબ મહત્વની વાત છે. માનનીયશ્રી કિરીટભાઇ, આપને વિનંતી કરું છું આ વિષયની કોપી હું તમને આપવા માગું છું. માનનીય સભ્યશ્રી સાંભળવા માટે હાજર નથી. માનનીય કાકા એમના વતી તમે સાંભળી લો. કાકા અમારા બધાના પ્રતિનિધિ છે. કોઇપણ વ્યકિત કે સંસ્થાને પબ્લિક સેફ્ટી કમિટી દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ અથવા તો કરવામાં આવેલ દંડ બાબતે અસંતોષ હોય તો એ હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટને અપીલ કરી શકશે. જિલ્લા મેજિસ્ટ્રેટ અપીલ કરનારને સુનાવણીની તક આપ્યા પછી યોગ્ય હુકમ કરશે અને સંસ્થાએ આ હુકમના ૩૦ દિવસમાં અમલ કરવાનો રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, સી.સી.ટી.વી. નાખવું આજના જમાનામાં (અંતરાય) કમિટીમાં તમને લઇશું. તમને જરૂરથી લઇશું અને શ્રી વિરજીભાઇને મારે કમિટીમાં લેવાના છે. આપણે સાથે મળીને કામ કરવાનું છે. આપણા રાજ્યના લોકોને આપણાં ૧૮૨ લોકો પર વિશ્વાસ છે. આપણા ૧૮૨ લોકો પર વિશ્વાસ છે એ ફરજ આપણે અદા કરવાની છે અને સારી રીતે અદા કરવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, સી.સી.ટી.વી. આજના જમાનામાં કદાચ ૨,૫૦૦ રૂપિયાનું એક સી.સી.ટી.વી. કોઇ દુકાન ચલાવતો હોય તો તે નાખવામાં તેને વાંધો ન જ હોય અને વાંધો હોય તો સમાજની એ વિચારધારા આપણે બદલવી પડશે. કેમ કે આપણું રાજ્ય સેફ છે. આજે પણ સેફ છે. દેશમાં સર્વપ્રથમ સી.સી.ટી.વી. આ રીતે રોડ પર નાખવાનું સૌથી પહેલું કામ ગુજરાત રાજ્યએ કરેલું. પછી રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ એ રાજ્યોએ કર્યું. તેનાથી ગુના સંપૂર્ણ બંધ નથી થઇ ગયા, પરંતુ ગુના ઉકેલવા માટે સી.સી.ટી.વી. સૌથી ઉપયોગી રહ્યા છે. એટલે હું એવું માનું છું કે આ સી.સી.ટી.વી. એ આ ૧૪મી વિધાનસભાના ૧૦માં સત્રમાં હાજર તમામ સભ્યોની ઉપલબ્ધિ હશે. આ ટીમ ગુજરાત તરીકે ફરી એકવાર વિનંતી કરું છું કે આ વિધેયક વગર વિરોધે પસાર કરો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી પ્રતાપભાઇ, હવે પ્રશ્નો નહીં, પ્લીઝ. ઘણો સમય થઇ ગયો. હજુ સંકલ્પ પણ લેવાનો છે. કોઇ પ્રશ્ન નહીં. માત્ર તમારા ઉપનેતા શ્રી શૈલેષભાઇ બધાના વતી કહી દે જે કહેવું હોય તે. (અંતરાય) આમાંથી ૧૦ જણાને કેમ પૂછવા દઉં? તમે નક્કી કરો, શ્રી ચાવડાજી. બધાના વતી શ્રી શૈલેષભાઇ કહી દે. (અંતરાય) માનનીય શ્રી પ્રતાપભાઇ દૂધાત. દિવસમાં પાંચવાર ન બોલે તો તેમને ચાલતું નથી. બોલો.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, મારો સામાન્ય પ્રશ્ન છે કે તાલુકા પંચાયતના નાણાપંચના પૈસા હોય, ધારાસભ્યની ગ્રાન્ટ હોય, સંસદ સભ્યની ગ્રાન્ટ હોય, આની મંજૂરી લેવા માટે ઇલેક્ટ્રોનિક કાર્યપાલક કોઇ જિલ્લા લેવલે અત્યારે નથી. દા.ત. અમરેલી જિલ્લામાં મારે મંજૂરી લેવી હોય તો જૂનાગઢ સુધી જવું પડે. એટલે આ અધિકારીઓની નિમણૂક આપો તો

એક આ પ્રક્રિયા સરળ બને અને રોડરસ્તાના કાર્યપાલક હોય તેના ઉપર આ જવાબદારી છે એટલે અમને એક-એક બે-બે વર્ષથી મંજૂરી મળતી નથી તો એ મંજૂરી આપવા માગો છો કે કેમ?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું બે બાબતે ધ્યાન દોરવું હતું. એક તો વિધેયકની અંદર કલમ-૩ છે તેમાં ૨ નંબરની કોલમ. ૩૦ દિવસ માટે આવી સંસ્થા ચલાવતા દરેક માલિક અથવા મેનેજર અથવા વ્યક્તિઓએ ૩૦ દિવસની મુદત સુધી વિડિયો ફૂટેજ યોગ્ય રીતે સેવ અને સ્ટોર કરવા જોઇશે અને સરકાર જાહેર કરે તેવા સત્તાધિકારી ફરમાવે તે મુજબ અને ત્યારે તેને પૂરા પાડવા જોઇશે. મારી એમાં આપને વિનંતી છે કે કોઇ પણ ગુનો જ્યારે બને તો માનો કે ગુનો બની ગયો હોય એટલે પોલીસ તરત એક્શનમાં આવતી હોય છે. ત્યારે સ્વભાવિક છે કે તરત જ સી.સી.ટી.વી. ફૂટેજ શોધતા હોય છે. તમે ૩૦ દિવસની વાત કરો છો, ઘણી જગ્યાએ એવું બનતું હોય છે કે જે લોકો સ્ટોરેજ કરતા હોય છે તેની કેપેસિટી ઓછી હોય છે. કોઇ એક અઠવાડિયાનું કરતું હોય, કોઇ પંદર દિવસનું કરતું હોય, કોઇ ત્રીસ દિવસનું કરતું હોય છે. આમાં હું એવું માનું છું કે કમ્પલ્સરી ન કરવું જોઇએ. તેની પાસે જેટલી રેકોર્ડીંગ કરવાની કેપેસિટી છે તે પ્રમાણે સ્ટોરેજ કરે. બીજું મારું એ કહેવું છે, મેં મારા પ્રવચનમાં કહ્યું હતું કે જે રીતે મુખ્યમંત્રીશ્રીનું ડેશબોર્ડ બનાવેલ છે તો તમારા ગૃહ વિભાગ દ્વારા પણ, ભલે શ્રી વિરજીભાઇએ મોરબી-મચ્છુ ડેમની વાત કરી હોય પણ અત્યારે ટેક્નોલોજી એટલી ફાસ્ટ છે કે કોઇ પણ ટ્રક તમે રોકી શકતા નથી. ટ્રાફિક જામ થાય, સમયનો પ્રશ્ન છે. એટલા સારા હેવી સ્કેનર આવ્યા છે કે જે સ્કેનરમાંથી આખી ટ્રક નીકળે એટલે એક એક વસ્તુનો ખ્યાલ આવતો હોય છે અને હું ખાલી ગુજરાતની ચેકપોસ્ટો ઉપર જ મૂકવાનું કહું છું. હેવી સ્કેનર મશીન લગાવો અને તેમાંથી ટ્રક કે કાર પસાર થાય તો ઓટોમેટિક આ દારૂનો પ્રશ્ન દર વખતે અહીં આવીને ઉભો રહે છે એ હલ થઇ જશે. આવનારી પેઢીને આપણે બચાવી શકીશું અને એક ડેશબોર્ડ આપના ગૃહ વિભાગનું બનાવવું જોઇએ એવી વિનંતી અને માગણી પણ કરું છું. એ આપ સ્વીકારો એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ટૂંકમાં જવાબ આપજો.

શ્રી હર્ષ ર. સંઘવી : કરન્ટ લાગ્યો.

અધ્યક્ષશ્રી : મેં જોયું. સીધો કરન્ટ અહીંથી ત્યાં આવી ગયો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પ્રતાપભાઇએ જે સૂચન આપેલ છે એ સંબંધિત વિભાગ સાથે સંકલન કરીને એમાં ઝડપથી નિકાલ કરવા ધ્યાન આપીશું. કલમ-૩ માં ૩૦ દિવસના વિડિયો સેવિંગની વાત છે, હું માનું છું કે ઘણા લોકોએ જૂના સી.સી.ટી.વી. લગાવ્યા હશે તો અઠવાડિયા કે ૧૫ દિવસનો ડેટા સેવ કરતા હશે. એ લોકોને નવો ખર્ચ ન લાગવો જોઇએ એ તમારી સાચી વાત છે. આ વિચારણા કરતા હતા, ત્યારે અમે ખૂબ ઉંડાણપૂર્વક આ બાબતે વિચારણા કરેલ હતી, ત્યારે સુપ્રીમ કોર્ટની નવી પોલીસ સ્ટેશન માટેની ગાઇડલાઇન છે એ વધારે સમય માટેની આવેલી છે. એટલા માટે ૩૦ દિવસની વિચારણા કરેલી. તમે કહ્યું એમાં અમે વિચારણા કરીશું પરંતુ અમે કેમ ૩૦ દિવસની વિચારણા કરેલ હતી એ હું આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું. ઘણા કિસ્સાઓ એવા હોય છે કે ઘણા દિવસ પછી પોલીસ ફરિયાદ લખાવતા હોય છે. લાંબો સમય થઇ ગયા પછી સી.સી.ટી.વી. વિઝ્યુઅલ નથી મળતા, એટલા માટે અમે ૩૦ દિવસની વિચારણા કરેલ હતી, પરંતુ જેમણે ઓલરેડી સી.સી.ટી.વી. કેમેરા નખાવેલા છે, એવા લોકોને પાછું વિઝ્યુઅલ સેવ કરવા માટે નવો ખર્ચ ન કરવો પડે, એના માટે શું વ્યવસ્થા થઇ શકે એના માટે પણ વિચારણા કરીશું. સ્કેનર માટે શ્રી શૈલેષભાઇએ આજે જ કહ્યું છે. હું અમારા વિભાગના જે લોકો ટેકનોલોજી સાથે જોડાઇને કામગીરી કરી રહ્યા છે એ લોકો સાથે બેસીને વિચારણા કરીશું અને જો આ પ્રકારનું સ્કેનિંગ સફળ થતું હોય તો રાજ્ય સરકાર વિપક્ષને સાથે રાખીને ઓપનિંગ કરાવશે એની હું ખાતરી આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ સંઘવી ( રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨ ના વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૨ના ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૧૦, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી હર્ષ સંઘવી ( રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨ ના વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૨ના ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૨ ના વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૨ના ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાપતિ શ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને**

**સન ૨૦૨૨ નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩**
**ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન)(રદ કરવા બાબત) વિધેયક, ૨૦૨૨**

**ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯ રદ કરવા બાબત વિધેયક**

શ્રી બ્રિજેશ મેરજા **(** શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક -૩- સન ૨૦૨૨ ના ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) (રદ કરવા બાબત) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

સભાપતિશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૩ સન ૨૦૨૨નું ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) (રદ કરવા બાબત) વિધેયકનું પહેલુ વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનવંતા ગૃહમાં ક્રાંતિકારી કાયદાઓ અંગેની વાત થઇ. હું આજે એવા એક ક્રાંતિવીરને અંજલિ આપવા માગું છું, કે સ્વાતંત્ર્ય સેનાની અને કચ્છની ધીંગીધરાના મહામાનવ પ્રખર રાષ્ટ્રપ્રેમી ક્રાંતિગુરુ આદરણીયશ્રી પંડિત શ્યામજી કૃષ્ણવર્માની આજે પૂણ્યતિથિ નિમિત્તે હું ગૃહ વતી મારા શતશત નમન કરું છું. પ્રધાનમંત્રી આદરણીય શ્રી મોદીસાહેબ જયારે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે આ ક્રાંતિવીરના અસ્થિ જીનીવાથી ગૌરવભેર લઇ આવેલા અને આજે માંડવી ખાતે આ ક્રાંતિના મશાલચીનું ભવ્ય સ્મારક પણ ખડું કરેલું છે અને અનેક રાષ્ટ્રપ્રેમીઓને એની ચેતનાના દર્શન કરાવી રહ્યું છે. આવા શ્રી શ્યામજી કૃષ્ણવર્મા એ આપણા મોરબીના ટંકારામાં જન્મેલા મહર્ષિ દયાનંદ સરસ્વતિના વિચારોના પણ પ્રખર હિમાયતી હતા. આજે સતત સંશોધન, સંવર્ધન અને સરળીકરણના વિચારોને વરેલી આ સરકારના એક ભાગરૂપે હું ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમન ૧૯૭૯ રદ કરવા અંગેનું વિધેયક લઇને ઉપસ્થિત થયેલો છું. અહીં પૂર્વ ગૃહમંત્રીશ્રી આદરણીય પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું હતું કે Where there is a will, એમાં હું સુધારો કરીશ કે Where there is a Will, there should be a Bill. But where there is goodwill, there must be a Bill or Amendment Bill. આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા લોકલાડીલા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ગુજરાતના જુદાજુદા જે જૂના કાયદાઓ છે, જે જૂના નિયમો છે અને જે જૂના અધિનિયમનો છે એને અપડેટ, અદ્યતન કરવાની એક ઝુંબેશ આદરવામાં આવી હતી, એ ઝુંબેશના ભાગરૂપે આજે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળની સરકારે પણ આગળ ધપાવતા સરકારના વિવિધ વિભાગો એવા સુધારાલક્ષી કાર્યોને પણ આગળ ધપાવી રહ્યા છે. પરિવર્તન એ સંસારનો નિયમ છે અને બદલાયેલા સંજોગોમાં અનુકૂળ થવાનું પ્રાકૃતિક વલણ સૌએ અપનાવવું રહ્યું અને એટલે જ મૂળ તત્વને સાચવીને પણ જે કાંઇ નવું કરવાની જરૂરિયાત ઉભી થાય તે માટે યોગ્ય મનોમંથન કરીને નવીન કરતા નવીનતર આપવાનો આ સરકારનો હરહંમેશ આયામ રહ્યો છે, પ્રયાસ રહ્યો છે અને એટલે જ એવા પ્રયાસના ભાગરૂપે રાજય સરકાર દ્વારા વર્ષ ૧૯૭૯માં ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર કલ્યાણ નિયમન) અધિનિયમ ૧૯૭૯ ઘડવામાં આવેલ હતો. આ કાયદામાં રાજયના જુદાજુદા વ્યવસાય સાથે સંકળાયેલા શ્રમિકોના હિતની ખેવના, ચિંતા કરવામાં આવી હતી. તેઓના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓ ચલાવવા માટે આ કાયદો ઘડવામાં આવ્યો હતો. તે વખતે આમાં ૧૩ વ્યવસાયોનો સમાવેશ થતો હતો. એ અંગેની વિગતો આપું તો મોટાભાગે એમાં શારીરિક શ્રમ કરવાનો થતો હતો એવા વ્યવસાયો એટલે કે લોખંડ, પોલાદના બજાર અથવા દુકાનોમાં, કાપડ અને સુતરના બજારોમાં અથવા દુકાનોમાં ડટ્ટા ઉપર કે કરિયાણાની દુકાનોમાં બજાર, કારખાના કે બીજા એસ્ટાબ્લિશમેન્ટમાં, રેલ્વે યાર્ડ અને ગુડસ શેડમાં ટ્રાન્સપોર્ટ વાહનમાં શાકભાજી, ડુંગળી અને બટેકાના બજારો સહિત દુકાનોમાં, અને ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ ૧૯૬૩ મુજબ સ્થાપિત બજારો અથવા પેટા બજારોમાં, ખોખા બનાવવા અને ઇમારતી લાડકડાના બજારોમાનો રોજગાર, મીઠાના અગરોમાં રોજગાર, મત્સ્ય ઉદ્યોગમાં રોજગાર, ગોદામોમાં અનાજ સાથે સંબંધ ધરાવતા ત્રીજા કામ અંગેનો રોજગાર. આમ જોઇ શકાય આ તમામ ૧૩ વ્યવસાયોમાં માલ ભરવો, ઉતારવો, ખડકવો, લાવવો, લઇ જવો, તોલવો, માપવો, ભરેલો માલ સીવવો, માલ જુદો પાડવો, સાફ કરવો

* વિધેયક તા. ૧૦મી માર્ચ, ૨૦૨૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વગેરે જેવાં કામો અને એવાં કામો માટેનાં અરક્ષિત મજૂરી, કામદારોના રોજગારના નિયમન માટેની વ્યવસ્થા એ કાયદામાં કરવામાં આવેલ હતી. એ ઉપરાંત આવા વ્યવસાયોમાં શ્રમિકો પૂરતી સંખ્યામાં મળી રહે, તે માટેની જોગવાઇ કરવાનો પણ તથા અરક્ષિત કામદારોની સામાન્ય કલ્યાણની જોગવાઇ કરી તેને સામાજિક સુરક્ષા પૂરી પાડવાનો હેતુ પણ એમાં રહેલો હતો. તે પછી આ ૧૯૭૯ ના કાયદાની કલમ-૬ અંતર્ગત તા. ૮-૧૨-૧૯૮૦ ના જાહેરનામાથી કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડ અમદાવાદની પણ રચના કરવામાં આવી હતી. અને તે કાયદાની કલમ-૨(૧૦) થી અનુસૂચિ પણ નિયત થયેલી કે જેમાં ૧૩ વ્યવસાયોનો સમાવેશ થતો હતો. તે પૈકી ક્રમ-૨ ઉપરના કાપડ અને સૂતર બજારો અથવા દુકાનમાં માલ ભરવાના, ઉતારવાના વગેરે કામો સાથે સંકળાયેલા શ્રમિકો માટે તારીખ ૧-૪-૧૯૮૧ થી રાજ્ય સરકારે કાપડ બજાર અથવા દુકાનના અરક્ષિત કામદાર યોજના વર્ષ ૧૯૮૧ અમલમાં મૂકેલ હતી. અને તે યોજના હેઠળ જેમ અમદાવાદ એ માન્ચેસ્ટર ઓફ ઇન્ડિયા ગણાતું હતું, એ અમદાવાદ શહેરના મર્યાદિત વિસ્તાર એટલે કે કાલુપુર, સીંધી માર્કેટ, રાયપુર, પાંચ કૂવા પૂરતી જ અમલમાં મૂકવામાં આવેલ હતી. આ યોજના અંતર્ગત માલિકોની નોંધણી ફી રૂપિયા ૨૫ અને શ્રમિકોની નોંધણી ફી રૂપિયા ૧ લેવામાં આવતી હતી. કલ્યાણકારી પ્રવૃત્તિનો મુખ્ય સ્ત્રોત, નાણાકીય સ્ત્રોત એ માલિકો અને કામદારોને જે દરે વળતર ચૂકવે તેના ૮ ટકા લેખે લેવી વસૂલ કરવામાં આવી હતી. અને એ એકમાત્ર ત્યારે રસ્તો હતો. મેં આગળ કહ્યું તેમ આ યોજના હેઠળ કાર્યરત બોર્ડનો મુખ્ય હેતુ કાપડ બજારો અથવા દુકાનોમાં માલ ભરવાના અથવા ઉતારવાના તેમજ છૂટક મજૂરી કરતા અરક્ષિત કામદારોને સામાન્ય કલ્યાણની જોગવાઇ કરી તેને સામાજિક સુરક્ષા છત્ર પૂરું પાડવાનો હતો. આ યોજના હેઠળ જે તે વખતે કુલ ૨,૯૮૧ શ્રમિકો અને કુલ ૫,૯૫૯ વેપારીઓ માત્ર નોંધાયેલા હતા. આમ મર્યાદિત સંખ્યામાં વેપારીઓ તથા શ્રમિકોની નોંધણી થતી હતી. બોર્ડનું કાર્ય સીમિત પૂરતું મર્યાદિત હતું. કાળક્રમે કલ્યાણકારી યોજનાની અમલવારી માટે યોજના ખર્ચ કરતા વહીવટી ખર્ચ વધુ થઇ જતો હતો એમ કહી શકાય કે ચીભડા કરતા બી મોટું એવી સ્થિતિ સર્જાતી હતી, એટલે આ એમેન્ડમેન્ટ બિલ લઇને હું આવ્યો છું. આ વિશાળ છત્ર હોવા છતા છાયણો લેનારની સંખ્યા બહુ ઓછી હતી, મર્યાદિત હતી. રાજ્ય સરકારે અમદાવાદ કાયદો બજાર અને દુકાન કામદાર બોર્ડ તા. ૩૦-૧૨-૧૯ થી બંધ કરવાનો નિર્ણય લીધો હતો. ત્યારબાદ ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા અસંગઠિત શ્રમિકો માટેની સામાજિક સુરક્ષા અને કલ્યાણલક્ષી જોગવાઇ વર્ષ ૨૦૦૮ માં કરવાના આશયથી એક અસંગઠિત કામદાર સમાજિક સુરક્ષા અધિનિયમ ૨૦૦૮ ઘડવામાં આવેલ છે. પ્રસ્તુત કાયદા હેઠળ તમામ અસંગઠિત શ્રમિકોને આવરી લેવાયેલ છે. એમાં મુખ્યત્વે ઘરેલું શ્રમયોગી જેવા કે અગરબત્તી, પતંગ, ખાદ્ય ચીજવસ્તુઓ બનાવતા ગૃહ ઉદ્યોગો સાથે સંકળાયેલ શ્રમિકો, ખેતરોમાં કામ કરતા ખેતમજૂરો વગેરેને પણ આમાં સમાવેશ કરવામાં આવેલ. સ્વરોજગાર ધરાવતા શ્રમિકો જેવા કે ફેરિયાઓ, નાના દુકાનદારો, રીક્ષા ચાલકો, તદઉપરાંત શ્રમયોગીઓ જેવા કે આશા વર્કર્સ, આંગણવાડી વર્કર્સ, માછીમારો, દૂધ મંડળીના સભ્યો, મનરેગા અંતર્ગત કામ કરતા શ્રમિકો તેમજ મધ્યાહ્‌ન યોજનામાં કામ કરતાં શ્રમિકો વગેરેનો પણ સમાવેશ આ ૨૦૦૮ ના એક્ટમાં થતો હતો. અને તેની વ્યાપકતા ખૂબ હતી. તે રીતે જોવા જઇએ તો ૧૯૭૯ નો કાયદો માત્ર ૧૩ વ્યવસાય પૂરતો મર્યાદિત હતો. તે તમામ વ્યવસાયનો સમાવેશ આ ૨૦૦૮ ના કાયદામાં આપોઆપ થઇ ગયેલ છે. ૨૦૦૮ ના કાયદાને હેતુ પણ અસંગઠિત ક્ષેત્રે શ્રમિકોની નોંધણી કરી સામાજિક સુરક્ષા અને કલ્યાણ પૂરું પાડવાનો છે. અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે જીવનપર્યંત વિકલાંગતા, વૃદ્ધાવસ્થા, આવાસ, શિક્ષણ, રોજગારી વિગેરે બાબતોને સ્પર્શતી યોજનાઓ ઘડવા માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર તે કાયદાથી અધિકૃત થયેલ છે. તેથી સદર કાયદાના સુચારું અમલીકરણ માટે ગુજરાત સરકારે સને ૨૦૧૧ માં ગુજરાત રાજ્ય સામાજિક સુરક્ષા બોર્ડની રચના કરેલ છે. મૂળ કહેવાની વાત એ છે કે, નવો આવેલો અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા અધિનિયમ ૨૦૦૮ તે અસંગઠિત ક્ષેત્રના તમામ શ્રમિકોને લાગુ પડે છે. હાલ રદ કરવા ધારેલ ૧૯૭૯ ના કાયદાના હેતુને આ ૨૦૦૮નો કાયદો પરિપૂર્ણ અને ચરિતાર્થ પણ કરે છે. એટલે આ કાયદાને રદ કરવાથી શ્રમિકોના કલ્યાણની રાજ્ય સરકારની ચિંતા, શ્રમિકોનું જતન કરવાની રાજ્ય સરકારની જવાબદારી અમે લેશમાત્ર ઓછી કરવા માગતા નથી. આવા શ્રમિકોને તેમના અધિકાર, લાભ અને સુવિધાઓમાં કોઇપણ કાપ અમે મૂકવા માગતા નથી. આ સરકાર સંવાદમાં માને છે. એટલે જ આ કાયદા હેઠળના લાભાર્થીઓ, અગ્રેસરો, હિતચિંતકોને મેં ગઇકાલે શાંતિથી સાંભળેલા હતા. તેમની રજૂઆતો અને તેના હક્કને કયાંય ઉની આંચ આવવા દેવા માગતા નથી. આ વાત મેં તેમને તંદૂરસ્ત ચર્ચાની અંદર ગળે પણ ઉતરાવી છે. આ ભારતીય જનતા પક્ષની સરકારની કામ કરવાની પદ્ધતિ છે. ટૂંકમાં કહું તો ૧૯૭૯ નો અધિનિયમ લિમિટેડ કાર્યક્ષેત્ર, લિમિટેડ લાભાર્થીઓ, લિમિટેડ હેતુ પૂરતો સીમિત હતો. તેનો વ્યાપ મર્યાદિત હતો. હવે તેને બીગ સ્પાનમાં, લાર્જ સ્કેલમાં અને જેને કહેવાય કે બીગ અમ્બ્રેલાની છત્રછાયામાં તેને સમાવવા જઇ રહ્યા છીએ. આ બિલ પાછળનો હેતુ સ્વયં સ્પષ્ટ છે. એટલું જ નહીં પણ લાભાર્થીના વ્યાપક હિતમાં એટલો જ અનિવાર્ય છે. કાર્યક્ષેત્ર વિકસાવવાથી તેની વ્યાપકતા પણ વધશે. શિક્ષણ સહાય, વૈદકીય સહાય, વિધવા સહાય જેવા લાભો અગાઉ જે મર્યાદિત અને ઓછી આર્થિક સુરક્ષાવાળા હતા તે માનનીય શ્રી શૈલેષભાઇ આ અધિનિયમનમાં વધુ લાભવંતા પુરવાર થાય તેમ છે. માટે આમાં વિપક્ષના મિત્રોને કોઇ દહેશત સેવવાની રહેતી નથી. આપણે સૌએ સાથે મળીને શ્રમિકોનો વધુ ઉદ્ધાર કરવાનું ઉદાર વલણ પણ દાખવવું રહ્યું. શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળની નુતન ભાજપ સરકારના હૈયે અરક્ષિત કે અસંગઠિત શ્રમિકોનું હિત હંમેશાં વસેલું છે. માનનીયશ્રી કનુભાઇ દેસાઇ આપના નમ્ર ધ્યાને મૂકું તો ભારતભરમાં ભારત સરકારે ગુજરાતની હમણાં ઇ-શ્રમ પોર્ટલની અને ઇ-ગ્રામ પંચાયતોની વાત થતી હતી. આ ઇ-શ્રમિક પોર્ટલ હેઠળ ગુજરાતમાં ઇ-ગ્રામ

પંચાયતોમાં તે દિવસે પંચાયત મંત્રી તરીકે મેં ૧૪ હજાર ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓને પત્રો લખેલા અને તેના પરિપાકરૂપે તે બધાએ અમલ કર્યો. આજે ગુજરાત ભારતભરમાં ઇ-શ્રમિક નોંધણીમાં પ્રથમ નંબરે આવ્યું છે. ગઇ ૭ મી માર્ચે ગુજરાત સરકારને તેનો એવોર્ડ પણ આપવામાં આવેલો છે. માનનીય શ્રી પીયૂષભાઇ આ ગુજરાત સરકારની પંચાયત અને શ્રમ ક્ષેત્રની સિદ્ધિ છે. આ કાયદાનો બેન્ચમાર્ક જોઇએ તો ૨૦૦૮ નો કાયદો આવતાં તેમાં જે ઉજ્જવળ અને બહેતર જોગવાઇઓ કેન્દ્ર સરકાર તરફથી થઇને આવી છે તે રદ થઇ ગયેલા વર્ષ ૧૯૭૯ના કાયદાની જોગવાઇઓથી અનેકગણી વધારે છે. આદરણીય શ્રી સી.જે.ચાવડા સાહેબ વર્ષ ૨૦૦૮ના કાયદાની બધી જ જોગવાઇઓની મારે વાત નથી કરવી. કારણકે તેમાં લાંબો વખત જાય તેમ છે. આપણે હમણાં તંદૂરસ્ત અને લાંબી ચર્ચાઓ કરી છે. આ ગૃહનો સમય કિમતી છે તે ધ્યાનમાં રાખીને કાયદામાં કહેવાયેલી પાયાની બાબત કે અસંગઠિત શ્રમિકોને સૌ પ્રથમ ઓળખાણ અને નોંધણી થવી જોઇએ તેવી સૂક્ષ્મ અને માઇક્રો ચિંતા પણ અમે આ બિલમાં સેવી છે. એ માટે ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા અસંગઠિત શ્રમિકોની નોંધણી માટે ઇ-શ્રમ પોર્ટલ તા. ૨૬-૦૮-૨૦૨૧ના રોજ લોન્ચ કરેલ છે, જેના પર અસંગઠિત શ્રમિકોની નોંધણી જુદા જુદા ૩૭૯ વ્યવસાયોને અમે આઇડેન્ટીફાઇ કરેલ છે. ભારત સરકારના કાયદાની નોંધણીની એ જોગવાઇને રાજય સરકારે ખરા દિલથી પ્રતિભાવ પણ આપેલો છે અને મેં હમણા કહ્યું તેમ પંચાયત ક્ષેત્ર હેઠળના ઇ-ગ્રામ સેન્ટરને તાત્કાલિક ધોરણે શ્રમિક સહાયતા કેન્દ્ર જાહેર કર્યા છે અને તમામ ઇ-ગ્રામ સેન્ટરો મારફતે અસંગઠિત શ્રમિકોની એક ઝુંબેશ ઉપાડીને નોંધણી ઐતિહાસિક ધોરણે કરાવવામાં આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સફળ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગૃહના સન્માનીય સભ્યશ્રીઓને એ બાબતથી અવગત કરવા માગું છું કે, સરકારના શ્રમ અને પંચાયત તંત્રના આ સહિયારા પ્રયાસોને માટે આપણને એવોર્ડ પણ મળ્યા છે.

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી, ટૂંકમાં રજૂઆત કરો.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, ઇ-શ્રમ પોર્ટલ પર નોંધણી થઇ હતી અને શ્રમિકને કાર્ડ ફાળવવામાં આવે છે અને કાર્ડ થકી ભવિષ્યમાં સરકારશ્રી દ્વારા જાહેર કરાતી વિવિધ સામાજિક સુરક્ષા યોજનાનો લાભ પણ મેળવી શકાશે. હાલમાં ઇ-શ્રમ પોર્ટલ પર નોંધણી કરાવનાર દરેક અસંગઠિત શ્રમિકને આકસ્મિક મૃત્યુ, કાયમી અપંગતાના કિસ્સામાં માનનીય શ્રી વિરજીભાઇ, રૂપિયા ૨ લાખની અને આંશિક અપંગતાના કિસ્સામાં માનનીય શ્રીમતી ચંદ્રિકાબેન, રૂપિયા ૧ લાખની સહાય ચૂકવવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૯૭૯નો કાયદો રદ કરવા માટેની જે દરખાસ્ત થયેલ છે એના વાજબીપણા માટે હું પુનરાવર્તન કરતો નથી કેમ કે એના માટે મેં અનેક જસ્ટીફિકેશન આપવા માટેના પ્રયાસો કર્યા છે. આમ ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર ૧૯૭૯ હેઠળના તમામ અરક્ષિત શ્રમિકોનો સમાવેશ, અસંગઠિત કામદાર સામાજિક સુરક્ષા અધિનિયમ ૨૦૦૮ની જોગવાઇમાં આપોઆપ સમાવેશ થઇ જાય છે.

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી, આપણે આ કાયદો રદ કરીએ છીએ. તમે જેટલા વિશાળ ફલક ઉપર જશો એટલા પછી વિપક્ષના સભ્યો જશે. આપણે કાયદો રદ કરી રહ્યા છીએ એટલા પૂરતું કહો?

શ્રી બ્રિજેશ મેરજા : ઓ.કે. માનનીય અધ્યક્ષશ્રી, કાપડ બોર્ડ બંધ કરી દેવાથી કોઇને હાનિ થતી નથી અને આપણું સંશોધન છે એ સંશોધન પરિવર્તન થકી પ્રગતિના આધારે કરી રહ્યા છીએ અને માનનીય શ્રી રાજેન્દ્ર ત્રિવેદી સાહેબ કે આ સંશોધન થકી સુધારા સ્વીકારવાનું ઔદાર્ય સમયની માંગ છે, એટલે નવીનતાનો સ્વીકાર કરી, ઉદારવાદી અભિગમ અપનાવી, નવી નીતિ અને એ થકી શ્રમિક કલ્યાણનું એક નવું પ્રભાત ઉગી રહ્યું છે એને આપણે સૌ આવકારીએ અને ટેકનિકલી રીતે અપ્રસ્તુત થયેલો, જીર્ણ થયેલો ૧૯૭૯નો જે અધિનયમ છે એને રદ કરી, હું જે આજે આપ સૌની પાસે શ્રમિકોના હિતના મોટા અરમાનો લઇને આવ્યો છું, ત્યારે મારે એટલું જ કહેવું છે કે હમણા જે ગૃહ વિભાગનું વિધેયક હતું, એ સર્વાનુમતે મંજૂર કર્યુ તેમ સમર્થન આપવા અને સર્વાનુમતે મંજૂર કરવા સન્માનનીય ગૃહના સૌ સભ્યોને હું અનુરોધ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે ગુજરાત અરક્ષિત મજૂર કામદાર (રોજગાર અને કલ્યાણ અધિનયમ ૧૯૭૯) (રદ કરવા બાબત) માનનીય મંત્રીશ્રીએ ખૂબ લંબાણપૂર્વક વાત કરી, ત્યારે મને પોતાને એમ થયું કે, નવો કાયદો કદાચ સરકાર લાવી રહી છે, એટલે હું ઉંડાણથી સાંભળતો હતો અને હું લખતો હતો. પણ સ્વાભાવિક છે કે માનનીય મંત્રીશ્રીની લાગણી, એમનો ઉત્સાહ તૂટવો ન જોઇએ અને ઘણું જાણવા પણ મળ્યું. ખાસ કરીને માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના દિવસે આ વિધાનસભા ગૃહની અંદર તે વખતના શ્રમ મંત્રી નવિનચંદ્રભાઇ બારોટ આ કાયદો લઇને આવ્યા હતા. એ કાયદો લાવ્યા પછી તેમનો જે હેતુ હતો તે બહુ સરળ અને સીધો હતો. સરળ અને સીધો એટલા માટે કે શ્રમિકની વાત હતી, એક મજદૂરની વાત હતી અને નવિનભાઇ પોતે મજૂરો સાથે જોડાયેલા વ્યકિત. આ ડિબેટની અંદર એ જમાનામાં નરસિંહભાઇ મકવાણાએ ભાગ લીધો હતો તે પોતે મિલમાં નોકરી કરતા હતા, એક મિલ મજદૂર હતા. ધારાસભ્ય થયા, મિનિસ્ટર થયા, એમ.પી.થયા એટલે મિલમાં કામ કરતા કારીગરની શું દશા હોય તેનાથી ખૂબ એ પરિચિત હતા. મૂળ સવાલ સમય સંજોગો જયારે બિલ લાવવામાં આવ્યું ત્યારે બહુ કિલયર હતું કે આ રીતે કામ કરતા શ્રમિકો તે લોખંડ સાથે જોડાયેલા હોય, કાપડ સાથે જોડાયેલા હોય, દુકાનો, કરિયાણા સાથે જોડાયેલા હોય, રેલવે યાર્ડ પર નોકરી કરતા હોય, શાકભાજીના બજારોમાં કામ કરતાં હોય, મીઠાં સાથે સંકળાયેલા હોય કે માછીમારીના વ્યવસાયમાં સંકળાયેલા હોય ૧૩ પ્રકારોની રોજીને આ કાયદો મૂળ લાવવામાં આવ્યો હતો. આજે પણ ૧૩એ ૧૩

પ્રકારના શ્રમિકો એ જગ્યાએ કામ કરે છે. વાત સાચી છે કે અમદાવાદ શહેર એક જમાનામાં માન્ચેસ્ટર હતું અને ખૂબ મોટી બધી મિલો આવેલી હતી અને ગામડામાં વસતો શ્રમિક તે પોતે અમદાવાદ આવીને વસતો હતો અને તેના પરિણામ સ્વરૂપ શ્રી બ્રિજેશભાઇ આ વાત તમે જાણતા નહીં હો. મારા દાદા પોતે પણ મિલની અંદર નોકરી કરતા હતા. એ જમાનામાં કોઇને સરકારી નોકરી હોય અને કોઇ દીકરીની વાત લઇને જાય કે આ સરકારમાં નોકરી કરે છે, સરકારી નોકરી છે અને બીજી વાત આવી હોય કે આ મિલમાં નોકરી કરે છે. એ જમાનામાં મિલમાં નોકરી કરતા માણસને ત્યાં તે દીકરીનું સગું કરતા હતા, પણ સરકારી નોકરી કરતા હોય તેને ત્યાં સગું કરતા નહોતા. આ અમદાવાદ શહેરની તાસીર રહેલી છે. આજે પરિસ્થિતિ બદલાઇ અને મિલો બધી બંધ થઇ ગઇ. લગભગ ૬ મિલો અમદાવાદ શહેરની અંદર ચાલુ છે, પણ તમે જે બિલ લઇને આવ્યા છો તેમાં મારા થોડાક વિચારો જે રિયાલિટી, હકીકત છે તે રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભલે મિલો બંધ થઇ ગઇ પણ આજે મિલોની અંદર કામકાજ કરતા જે મિલ કામદારો હતા અને જે મિલ કામદારોના હક્કના પૈસા જેને મળવા જોઇએ તે આજે મળતા નથી. જે લોકોએ જમીન વેંચી, મોટા લોકો છે, કોર્ટોમાં કેસો થયા, નાના માણસો તે હાઇકોર્ટમાં કેસ લડવા માટે થઇને પૈસા કયાંથી  લાવશે ? ઘણા તો બિચારાં ગુજરી ગયા અને આજે પણ તેમના હક્કના પૈસા તે લોકોને મળી શકયા નથી, માટે સરકારે પણ શ્રમિકની વાત કરતી હોય, કામદારની વાત કરતી હોય ત્યારે સરકારે પણ આ હિતમાં વિચારવું જોઇએ અને ખાસ કરીને આવા જે લોકો છે કે જે લોકોને પૈસા નથી મળ્યાં કે જેના હક્કના પૈસા છે અને આખી જિંદગી જેમણે મિલમાં કામ કર્યુ છે એવા લોકોના પૈસા નથી મળ્યાં તેમાં સરકારે કામ કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મજૂર મહાજન સંઘ અમદાવાદ શહેરનો કે જેની સ્થાપના મહાત્મા ગાંધીજીએ કરી હતી અને તે પોતે મજૂર મહાજન સંઘ એટલે મિલો અને કપડાં સાથે સંકળાયેલો આ સંઘ. માનનીય શ્રમ મંત્રીશ્રી હું આપને વિનંતી કરું છું કે, આપ એક દિવસ મજૂર મહાજન સંઘની મુલાકાતે જાવ. અમદાવાદ શહેરની અંદર મજૂર મહાજન સંઘની અસંખ્ય પ્રોપર્ટીઓ છે અને તે અસંખ્ય પ્રોપર્ટીઓ આજે મજૂર મહાજન સંઘની અંદર બેઠેલા વહીવટકર્તાઓ આજે ખુલ્લેઆમ વહેંચી રહ્યાં છે. તેની ઉપર કોઈનો અંકુશ નથી. માનનીય મંત્રીશ્રી મારી આપને વિનંતી છે કે આપ આ મજૂર મહાજન સંઘની મુલાકાતે જાઓ. કેટલી મિલકત હયાત છે? કેટલી વેચી? આપ મારી સાથે બેસશો તો હું આખું લિસ્ટ આપીશ કે આ વસ્તુ કઈ રીતે થઈ છે. તેના પ્રતિનિધિઓની આપની સાથે મુલાકાત પણ કરાવી શકીશ. મહાત્મા ગાંધીજીએ સ્થાપેલી સંસ્થાને આ લોકોએ પૂરી કરી દીધી. વહીવટકર્તા એવા લોકો છે જેને મિલ સાથે કોઈ લેવાદેવા જ નથી. જેના પરિવારમાં કોઈએ મિલમાં નોકરી કરી નથી તેવા લોકોએ સંસ્થા ઉપર હક્ક જમાવી દીધો છે અને જે લોકોનો હક્ક અને અધિકાર છે એવા લોકોને ત્યાં બેસવા દેવામાં આવતા નથી અને તેની મિલકત વેચી દેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૮માં બનેલું બાંધકામ શ્રમિક બોર્ડ કે જેમાં રૂ.૩,૫૦૦ કરોડ કરતા વધારે રકમ જમા છે. માનનીય મંત્રીશ્રી આપ જરા ઊંડાણમાં જજો કે આ શ્રમિક બોર્ડ દ્વારા કેટલા પરિવારોને તેની સહાય આપવામાં આવે છે. ગઈ વિધાનસભાની પ્રશ્નોતરીમાં જ્યારે મેં પૂછ્યું હતું ત્યારે રૂ. ૨,૮૦૦ કરોડ કરતા વધારેની રકમ હતી. આ વખતે રૂ.૩,૫૦૦ કરોડ કરતા વધારે રકમ થઈ છે. મારી પાસેના રેકર્ડ મુજબ બાંધકામ શ્રમિક બોર્ડમાં ૭ લાખ શ્રમિકો નોંધાયેલા છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે કોરોનાના કપરાકાળમાં બાંધકામ શ્રમિક બોર્ડ દ્વારા ક્યા પરિવારને કેટલી મદદ કરી છે? કોઈ અરજી કરે તેને મદદ આપો એ વસ્તુ અલગ છે. આવી પરિસ્થિતિમાં આ શ્રમિક બોર્ડ દ્વારા આવા પરિવારોને સહેજપણ મદદ કરવામાં આવી નથી તો આ બોર્ડ શું કામના? આપે હમણાં કહ્યું કે દુકાનદાર માટેનું દુકાનદાર કામદાર બોર્ડ અસ્તિત્વમાં હતું. આજે પણ અમદાવાદમાં દુકાનો છે. કરિયાણા, લોખંડ, કપડાં કે અન્ય દુકાનો છે તો બોર્ડ કેમ નથી? સરકારની પોતાની નિયત સાફ નથી. દુકાન નથી તો બોર્ડ ન હોવું જોઈએ પણ દુકાન છે તો દુકાનનું બોર્ડ કેમ નથી? શ્રમ વિભાગના નેજા હેઠળ કામદાર કલ્યાણ બોર્ડ ચાલતું હતું. માનનીય મંત્રીશ્રી મને જવાબ આપે કે આજે કામદાર કલ્યાણ બોર્ડની શું પરિસ્થિતિ છે?  માનનીય શ્રી બ્રિજેશભાઈ, એક જમાનો હતો કે આપના જેવા વિદ્વાન વ્યક્તિ જે રાજકીય રીતે ભલે ચૂંટણી લડતા ન હોય પણ સમાજનું કામ કરતા હોય તો એવા વ્યક્તિઓને બોર્ડના ચેરમેન તરીકે મૂકવામાં આવતા હતા. કામદારો તો છે જ પણ બોર્ડ નથી, બોર્ડ છે તો ત્યાં કોઈ હોદ્દેદારો નથી, તેને ફંડ આપવામાં આવતું નથી. જૂનો કાયદો રદ કરીને નવો કાયદો લાવવો જોઈએ કારણ કે પરિવર્તન એ સંસારનો નિયમ છે, પણ તેનો અર્થ એવો પણ નથી કે આપણે એક નજરે જોઈએ કે પરિવર્તન થઈ ગયું છે એટલે કામદારો રહ્યા નથી. કોઈ શ્રમિકો રહ્યા નથી, કોઈ મજૂરો રહ્યા નથી. પરિસ્થિતિ વધતી જ જાય છે. ગુજરાતમાં બી.પી.એલ. કાર્ડધારકોની સંખ્યામાં વધારો થાય છે, અંત્યોદય કાર્ડની સંખ્યામાં પણ વધારો થાય છે, તેનો મતલબ ગરીબી અને મજૂરી આજે પણ છે. તેને લગતા કાયદા ભલે રદ કરો, પણ જે કાયદા અમલમાં છે તેના થકી જે ન્યાય મળવો જોઈએ એ ન્યાય મળતો નથી.  શ્રમ વિભાગના બિલ માટેની ચર્ચામાં શ્રમિકો માટેની વાત છે. ગુજરાતના અમદાવાદ શહેરમાં શ્રમ વિભાગની કચેરી આવેલી છે. માનનીય મંત્રીશ્રી, આપ પણ ત્યાં મુલાકાત લો. મજૂરોને લગતા પ્રશ્નો માટેના લેબર બોર્ડમાં જજ છે? વકીલો છે? કેટલાં કેસો પેન્ડિંગ છે? લેબર કોર્ટ એ મજૂરો માટેની જ કોર્ટ છે. મજૂરોના હક્ક અને હિસ્સા માટે કરેલી ફરિયાદોનું નિરાકરણ થાય છે કે નહિ? આ પણ નાના નાના મુદ્દાઓ છે. આપણા માટે નાના છે. પણ જેના ઘરમાં તકલીફ છે એના માટે આ બહુ મોટા મુદ્દાઓ છે. મારે લાંબી વાત કરવી નથી. આપ આ જે રદ કરવાનું  બિલ લઇને આવ્યા છો એમાં સો ટકા અમે તમારા ટેકામાં આવીએ છીએ. આ બિલ રદ કરો. પણ જે નવુ બિલ લાગુ કર્યુ છે અને જે નવા નિયમો લાગુ કર્યા છે, એમાં કોઇ કામદાર,

શ્રમિક, મજૂર કે જેનો આંસુ લૂછનાર કોઇ નથી. જેનો પાલવ પકડનાર કોઇ નથી. જેના માથે હાથ મુકનાર કોઇ નથી. એવા લોકો કે જે સાચા શ્રમિકો છે જે કોઇ જગ્યાએ જશે નહી અને વાત નહી કરે, પણ મને વિશ્વાસ છે કે જ્યારે આપ રદ કરવાનું આ બિલ લઇને આવ્યા છો ત્યારે આ નવા બિલની અંદર પણ આ લોકોને ન્યાય મળી રહે અને મેં જે મુદ્દાઓ આપની સમક્ષ મૂક્યા છે એમાં ઉંડાણપૂર્વક વિચારીને એ લોકોને ન્યાય મળે એ જ અપેક્ષા સાથે અમે માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં અમારો ટેકો જાહેર કરીએ છીએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ સરકાર કેટલી ગતિશીલ સરકાર છે એનો તાજો દાખલો આ રદ કરતું બિલ છે. કાચબાની ગતિએ ચાલતી આ સરકાર અત્યારે હજુ પણ એમ કહે છે કે અમે આ બિલ લઇને આવ્યા છીએ તે લોકોને બહુ ઉપયોગી થાય એ માટે રદ કરવાનું કરી રહ્યા છે. હાલમાં હું ધારાસભ્ય છું અને વર્ષ ૨૦૦૮માં હું સાંસદ હતો. વર્ષ ૨૦૦૮માં સાંસદમાં તે વખતે આ બિલ રદ થયું અને આજે ૧૨ વર્ષે આ ગતિશીલ સરકાર આ રદ કરવાનું બિલ લઇને આવી છે. એમાં અમારા મંત્રીશ્રી, એ અહીંયા બેઠા હતા તેઓ ત્યાં બેઠા છે. એમણે કોંગ્રેસનો હાર્દ સમજ્યો એટલે મને ગર્વ છે કે તેઓશ્રી આ બિલ લઇને આવ્યા. જે અમારું બિલ હતું એ તેમણે સ્વીકાર્યુ. તેઓશ્રી કોંગ્રેસના સિદ્ધાંતો સાથે વરેલા છે એટલે સ્વીકાર્યુ છે. તેઓશ્રી શ્રમમંત્રી બન્યા છે. હું એમને અભિનંદન આપીશ. વર્ષ ૨૦૦૮માં ભારતની સાંસદમાં, સમય નથી તેમ છતાં કહેવા માગું છું કે વર્ષ ૨૦૦૬ અને વર્ષ ૨૦૦૭ની શ્રી પી. ચિદમ્બરમજીની સ્પીચ છે. જે ૧૮ પાનાની છે. કહો તો વાંચું અને કહો તો ટેબલ ઉપર મૂકું. એનો ઉદ્દેશ શું હતો એ આ ગૃહને સમજવું જોઇએ એટલે એકાદ મુદ્દો તો હું વાંચીશ. સામાપક્ષે અમારા મિત્રો શ્રી પીયૂષભાઇ તથા બીજા મિત્રો સતત કહે છે કે કોંગ્રેસની સરકારે ખેડૂતોને લૂંટ્યા તો એનો એક જ મુદ્દો કહીશ. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૬માં શ્રી પી. ચિદમ્બરમજીએ પાર્લામેન્ટમાં રજૂ કરેલું પોતાના એક બજેટમાં એમાં લખ્યું છે કે, UPA Government has decided to ensure that farmers receive short term loans at 7 per cent and upper limit of 3 lakh of principal amount. This would require subvention, NABARD purpose give subvention. This policy will be came into force from Kharif 2006 and 2007 and I ensure 3% interest rebate. આ બિલનો જ હાર્દ એમાં છે. સતત વાતો કરવામાં આવે છે. સતત એટલા માટે કહું છું કે સાચી વાત છે અને સાચી વાત સ્વીકારવી જોઇએ. શ્રી બ્રિજેશભાઇ મેરજા, આ શ્રમવિભાગનું રદ કરવાનું જે બિલ લઇને આવ્યા છે એને હું સપોર્ટ કરૂ છું. શ્રમ વિભાગ મારફત ચાલતી ગાંધી સલ્તનત એ ગાંધીજીના વિચારો સાથે મજૂરો માટે બનેલી એક સંસ્થા હતી. આજે એમાં શું ચાલી રહ્યું છે? પોતાના વહાલા દવલાને નોકરી આપવાના બહાને ભારે મોટા કોર્ટનાં કબાડાં થઇ રહ્યાં છે. આ બાબતની ચિંતા કરવામાં અમે અનેક પ્રશ્નો પૂછયા. વિધાનસભામાં પણ પ્રશ્ન પૂછયા. આ વખતે મેં વિધાનસભામાં આ પણ પ્રશ્ન પૂછયો હતો. ગઇ કાલે મને મારો પ્રશ્ન મળ્યો છે કે કોઇ કારણસર રદ કરવામાં આવ્યો છે. ૧૫મી જૂન ૨૦૨૧ ના રોજ શ્રી વિજયભાઇ રૂપાણીને શ્રમ વિભાગ મારફત નોંધાયેલા ૩૫,૩૦૦ કારખાનાના વળતર અને તેના બાંધકામ સાઇટના વળતરની સેફ્ટીમાં ચાલતી ગેરરીતિ માટે પત્ર લખ્યો છે. અત્યારના એ.સી.એસ.ને હું રૂબરૂમાં પણ મળીને આવ્યો છું. શા માટે તપાસ કરવામાં ન આવે? કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. એમને પરિપત્ર કર્યો ત્યારે નાના કારખાના, નાના મજૂરદારો માટે આ જે બિલ રદ કરવાનું લઇને આવ્યા છે એને હું અભિનંદન આપીશ. પણ તમારા વિભાગમાંથી થયેલા પરિપત્રમાં પર્ટિકયુલર અહીંયા બેઠેલા શ્રમ વિભાગના અધિકારીઓના છોકરા જે કંપની ચલાવે છે એને ત્યાંથી માલ ખરીદવો. રકમ રૂપિયા ૧ લાખનો માલ આવે. બજારમાંથી માલ ખરીદો ત્યારે એ જ આઇટમ તમને માત્ર રકમ રૂપિયા ૮ હજારમાં મળે. આ બાબતે શ્રમમંત્રીશ્રી આપ તપાસ કરવા માંગો છો કે કેમ? શ્રીવિરજી ઠુમ્મરે અનેક પત્રો લખ્યા છે તેને પણ હું ટેબલ કરું છું. (અંતરાય) ધીરે બોલું છું, ગરીબ માણસોની ચિંતા થાય છે. મારો જીવ જાય તો કુરબાન છે, પણ ગરીબ માણસોને અન્યાય થાય તે વિરજી ઠુમ્મરથી કયારેય પણ સહન નહીં થાય. ગરીબ માણસોનો પ્રતિનિધિ છું.

સભાપતિશ્રી : માનનીય શ્રી વિરજીભાઇ, ગરીબ માણસોનો અવાજ રજૂ કરો, પણ એના માટે જીવ બચાવવો પણ જરૂરી છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : નાના નાના માણસો જયારે આવી પરિસ્થિતિમાં મૂકાઇ જાય છે ત્યારે ઘણા લાંબા સમયે, ગતિશીલ, બાર વર્ષે ગતિશીલ? હજુ આથી ગતિ વધારવા માગો છો? આવી ગતિશીલતાના બદલે પાર્લામેન્ટે કરેલા જે સાચા નિર્ણયો છે, જે સ્વીકારવા લાયક છે પણ તમને એમ થાય છે કે યુ.પી.એ. સરકારે કરેલા નિર્ણયો અમે કેમ સ્વીકારીએ, એમાંથી બહાર નીકળવું પડશે. મારે આજે શ્રી હર્ષભાઇને અભિનંદન આપવા છે કે, સાચી વાત સ્વીકારવાનો પ્રયાસ કર્યો, આપ બેઠા છો, આપ પણ મારા પડોશમાંથી પ્રતિનિધિત્વ કરી રહ્યા છો ત્યારે ગઢડા અને અમારું બાબરા પડોશ વિસ્તાર છે. એ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છો ત્યારે સાચી વાત આ ગૃહના તમામ સભ્યો જે કરે છે તે સ્વીકારી ગુજરાતના લોકો માટે ગરવી ગુજરાત બનાવવા માટે આપણે આગળ આવવું જોઇએ. શ્રી બ્રીજેશભાઇ મેરજા આ અસંગઠિત કામદાર માટેનો કેન્દ્ર સરકારનો નિર્ણય હતો, ગુજરાત રાજયની સામાજિક સુરક્ષા બોર્ડની રચના કરી છે. પણ સામાજિક સુરક્ષા બોર્ડમાં પાછું આ ગાંધી સંસ્થાન જેવું ન થાય એની કાળજી રાખવા માટેની પણ હું વિનંતી કરું છું. આ નાના નાના ઉદ્યોગ અને નાના કર્મચારીઓ, નાના નાના જે મજૂરો છે એ મજૂરોના કારણે આ દેશ અને ગુજરાત ઉભું થયું છે. શ્રી શૈલેષભાઇએ બહુ સરસ વાત કરી, કે એમના પુજય દાદાશ્રી આ શ્રમ વિભાગમાં કામ કરતા મંત્રીશ્રી એક મિલ મજૂર હતા અને બન્યા છે, ત્યારે આ દેશની લોકશાહી અને બંધારણના કારણે મજૂર માણસ, સામાન્ય માણસ આવડી મોટી પાર્લામેન્ટનો સભ્ય બની શકે છે તે તે વખતની કોંગ્રેસ સરકારના નિર્ણયને કારણે

શકય બન્યું છે. (અંતરાય) શ્રી રમણભાઇ, તમને પણ કહીશ, ત્યારે મેં અગાઉ લખેલા પત્રો એને પણ ટેબલ કરું છું. આ ૧૬ પાનાનો અહેવાલ પણ હું ટેબલ કરું છું અને સાચી વાત સ્વીકારવા માટે સરકારે આવું ઉમદા પગલું ભર્યું છે ત્યારે એમને અભિનંદન સાથે, આ તમે રદ કરેલો કાયદો ઘણો મોડો મોડો, કાચબાની ગતિએ પણ રદ કર્યો છે, પણ રદ કર્યો તો છે એટલે તેને ગર્વિત સાથે અભિનંદન આપું છું, સ્વીકારું છું અને તમને સહકાર આપું છું. જયહિન્દ.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા**(**સયાજીગંજ) :માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર સમયની મર્યાદા હોતી નથી પણ હું પાંચ મિનિટ જ લઇશ. હું પ્રીએમ્બરમાં નહીં જાઉં, પ્રસ્તાવનામાં નહીં જઉં, પણ એટલું જ કહીશ કે વિધેયક ક્રમાંક-૩, ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ રદ કરવા બાબતનું આ વિધેયક છે. આના ઉપર હું રજૂઆત કરવા માગું છું. એ પહેલા એ જણાવવા માગું છું કે આ ૧૪મી વિધાનસભાનું દસમું સત્ર છે, અને આ સત્રના અંતિમ દિવસ પહેલાનો આ દિવસ છે, અને આખા સત્રમાં મને બોલવાની તક નહોતી મળી પણ અત્યારે મળી છે અને મજૂરનો પ્રશ્ન છે, અને હું મજૂર છું, એટલે મને બોલવાનું મન થયું એટલે બોલવા ઉભો થયો છું. ચાર ટર્મથી હું ચૂંટાઉ છું, પણ પહેલી વખત આ સત્રમાં મેં જે અનુભવ કર્યો આ વિધેયકના માધ્યમથી મારા મનની વાત કહેવા માગું છું. માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ વાળી આ સરકારનું આ પહેલું સત્ર છે. અને એમાં બધા જ મંત્રીઓએ જે રીતે પર્ફોર્મ કર્યું છે, આજે એ ભૂમિકાના આપણને દર્શન થયા. આપણા શ્રી હર્ષ સંઘવી, ગૃહ રાજય મંત્રી, એમણે વિપક્ષના સભ્યોએ જે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને એમની જે રજૂઆત હતી એનો જે રીતે સકારાત્મક ઉપયોગ કરીને જે ભાવ અહીં એમણે ઉભો કર્યો છે તે ધન્યવાદને પાત્ર છે. અને બધા મંત્રીઓ એ પ્રકારના છે. કોઇ તમારી સાથે હુંસાતુંસીમાં પડયું નથી. આ છેલ્લા દિવસના પહેલાનો દિવસ છે એટલે હું આ બોલી રહ્યો છું. માનનીય શ્રી શૈલેષભાઇ, તમને પણ મજા આવી હશે એવું મને લાગે છે. અમારા વાળાને પણ મજા આવી છે. એટલે આ ઉમીદ બતાવીને મારી મનની વાત આ હાઉસમાં કહું છું. એકે એક મંત્રી પછી એ શ્રી રાજુભાઇ હોય કે શ્રી ઋષિકેશભાઇ આરોગ્ય મંત્રી હોય  કે બાકીના બધા જ મંત્રીઓ એવા છે. આજે શ્રી મેરજા સાહેબ આ લઇને આવ્યા છે અને મારા મનની વાત કેટલીક કહેવા માગું છું.        માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારશ્રી દ્વારા તારીખ ૨૬-૧૦-૧૯૭૯ના રોજ રાજયપત્રમાં પસિદ્ધ કરીને ગુજરાત આરક્ષિત મજૂર કામદાર રોજગાર અને કલ્યાણ નિયમન,૧૯૭૯ સમગ્ર ગુજરાત રાજય માટે લાગુ પાડવામાં આવેલ છે. આ હિસ્ટ્રી જાણવી જરૂરી છે. મારે કહેવું છે તેમાં હું મારી વાત કહી શકું.  આ કાયદાનો આશય કાયદાની કલમ-૨(૧૦) હેઠળની અનુસૂચિ મુજબના કુલ ૧૩ વ્યવસાયમાં કામ કરતાં શ્રમિકોના રોજગારના નિયમન કરવાનો તથા વ્યવસાયમાં શ્રમિકો પૂરતી સંખ્યામાં મળી રહે અને એમની ઉપયોગીતા માટેનો હતો. ૧૩ વ્યવસાયોમાં આનો અમલ કરવાનો હતો. ભાઇશ્રી પરમારે વાત કરી કે નવીનચંદ્ર બારોટ એ કામદાર યુનિયનના આગેવાન હતા અને એમણે મિલ કામદાર તરીકે કામ કર્યું હતું એટલે એને અંગે આ એક લીટીમાં જે શ્રમિકો છે આના ઉપર કામ કરે છે. રાજય સરકાર દ્વારા તા.૮-૧૨-૧૯૮૦ના જાહેરનામાંથી કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડ અમદાવાદના નામે બોર્ડની રચના કરવામાં આવી હતી. એ કામ કરતાં હતાં એમાં અનુભવ હતો એના આધારે શ્રમિકને જે તકલીફ પડતી હતી, એમને રક્ષણ મળે તે માટે થઇને આખી રચના કરવામાં આવી હતી.આ યોજનાનો કાર્ય વિસ્તાર સીમિત હતો. આ યોજના અમદાવાદ શહેરના ખૂબ જ મર્યાદિત વિસ્તાર એટલે કે કાલુપુ,ર સીંધી માર્કેટ, રાયપુર  તથા પાંચકૂવા પૂરતી જ  મૂકવામાં આવેલ જયાંથી એ ચૂંટાતા હતા.  એ ચૂંટાયેલો પ્રતિનિધિ પોતાના વિસ્તારની જનતા છે, એમને જે હાડમારી પડે છે એના માટે કેટલો ચિંતિત છે એ પદ ઉપર આવે છે ત્યારે એ વર્ગને ભૂલી જતો નથી એનું આ ઉદાહરણ છે. આમાં આટલી જ વાત છે. પછી કામદાર બોર્ડ અમદાવાદ તા. ૩૦-૧૨-૨૦૧૯ના જાહેરનામાથી બંધ કરવામાં આવેલ છે. હાલમાં સંગઠીત કામદાર સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮નો વ્યાપ  અને અસરકારકતા વિશાળ હોય સને ૧૯૭૯ના કાયદાને રદ કરવાથી કોઇ શ્રમિકોના હિતને વિપરીત અસર થવાની નથી તેવું મારું સ્પષ્ટપણે માનવું છે. આમ ઉપયુકત ગુજરાત આરક્ષિત મજૂરી કામદાર રોજગાર અને કલ્યાણ નિયમન અધિનિયમ,૧૯૭૯ રદ કરવા બાબતે  સન્માનીય ગૃહ સમક્ષ હું મારું સમર્થન રજૂ કરું છું. માનનીય શ્રી મેરજા સાહેબ ખૂબ જ મહેનત કરે છે જેના લીધે મને આનંદ થાય છે. હું છેલ્લી ચાર ટર્મથી કામ કરું છું.  આજે  પહેલી વખત થઇ રહ્યું છે અને વિપક્ષ પણ જે રીતે ઇન્વોલ્વ થાય છે, જે અભ્યાસની રીતે પ્લેસમેન્ટ છે, આ ડાયલોગ ઉચ્ચકક્ષાના છે એવું હું પોતે માનું છું.  આ છેલ્લી ટર્મમાં અને એ પણ માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના આવ્યા પછી થયું  છે. એકદમ સરળ વ્યકિતત્વ આ મુખ્યમંત્રીને કોઇ બાધ જ નથી અને  મંત્રીશ્રીઓને પણ પૂરી છૂટ છે કેટલી બધી કમિટમેન્ટ આપી દીધી છે.આજે તમે જૂઓ તો શ્રી હર્ષભાઇએ કેટલી બધી કમિટમેન્ટ આપી દીધી છે.  સારી વાત છે એ આ સરકાર સ્વીકારશે તેવું પોઝિટિવ વાતાવરણ નિર્માણ થયું છે એટલે આ મંત્રી મંડળમાં પણ જૂઓ એકાદ બે ને છોડતા  બાકીના બધા નવા છે. મુખ્યમંત્રી સહિતના  બધા જ નવા છે. કોઇને મંત્રીપદનો અનુભવ છે જ નહિ તેમ છતાં બેસ્ટ પર્ફોમન્સ છે. બધા સારું જ કરે છે.  શ્રી મેરજા સાહેબ પણ ખૂબ મહેનત કરે છે. હું મારા લાભની એક વાત આના પરિપ્રેક્ષ્યની બહાર કરવા માગું છું. વડોદરામાં ઓ.એન.જી.સી. રીફાઇનરીના બધા યુનિટો છે તેમાં છેલ્લી ભરતી થઇ તેમાં ૯૦ ટકા નોન ગુજરાતીઓને પ્રવેશ આપ્યો છે. આપણા સ્નાતક છોકરાઓ રખડે છે. નહીં આપવો જોઇએ એવું નથી કહેતો, પણ ગુજરાતીઓને પણ પ્રમાણસર નોકરી મળવી જોઇએ. આ વિષયમાં શ્રમ વિભાગ કાર્યરત બને તેવી મારી અપીલ છે. ધન્યવાદ.

ગુજરાત અરક્ષિત મજૂર-કામદાર(રોજગાર અને કલ્યાણ નિયમન)(રદ કરવા બાબત)વિધેયક,૨૦૨૨

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ગુજરાત અરક્ષિત મજૂર કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) (રદ કરવા બાબત) વિધેયક-૨૦૨૨ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ સાથે સંકળાયેલા નાના, મધ્યમ અને છેવાડાના માણસો જે નાના-મોટા ધંધા રોજગાર કરે છે. આ અસંગઠિત શ્રમિકોની સંખ્યાની વાત કરીએ તો ગુજરાતમાં દોઢથી બે કરોડની આસપાસની સંખ્યા છે. આ અસંગઠિત શ્રમિકોને ગુજરાતના મજૂર કાયદા લાગુ પડતા નથી. તેના કારણે એ લોકોને જે મુશ્કેલી અનુભવાય છે અથવા તો શોષણ થાય છે. એ માનનીય મંત્રીશ્રીએ વિચારવું જોઇએ. સ્વરોજગારી મેળવતા લોકો છે, તેમાં ખાસ કરીને રીક્ષા ચાલકો, લારી-ગલ્લા, પાથરણાવાળા, ખેતમજૂરો આ બધા અસંગઠિત શ્રમિકો છે. જી.ડી.પી.માં તેમનું મોટું યોગદાન છે, ત્યારે તેમનું શોષણ ન થાય એ પણ માનનીય મંત્રીશ્રીના વિભાગની જવાબદારી છે અને એ જવાબદારી નિભાવે એવી અપેક્ષા રાખું છું. શ્રી શૈલેષભાઇએ કહ્યું એ પ્રમાણે કામદાર બોર્ડ પાસે જે રકમ જમા થઇ છે. તેના ૨ ટકા જેટલો ખર્ચ કરવામાં આવે છે ત્યારે તેમાં પણ માનનીય મંત્રીશ્રી વિચારે. અમદાવાદ સહિત રાજ્યમાં ૧૨ લાખની આસપાસ રીક્ષા ચાલકો છે તેના કુટુંબીજનોના હિત માટે ગુજરાત ઓટોરીક્ષા ડ્રાઇવર કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવે અને તેના માટે વિચારણા કરવામાં આવે. માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું. લાખો ઘરેલુ ડોમેસ્ટિક વર્કર્સ પણ છે. તેના માટે પણ કલ્યાણ બોર્ડની રચના કરવી જોઇએ અને તેના હિતોનું કાયદાથી રક્ષણ થાય તેના માટે માનનીય મંત્રીશ્રીએ વિચારવું જોઇએ. રાજ્યની અંદર હીરા ઉદ્યોગ સાથે રત્નકલાકારો જોડાયેલા છે, ત્યારે આ રત્ન કલાકારોને પણ રાજ્ય સરકારના મજૂર કાયદાઓ લાગુ કરવા જોઇએ અને મજૂર કાયદાઓનો લાભ રત્નકલાકારોને મળવો જોઇએ એવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું. અસંગઠિત કામદાર અને શ્રમિકો છે તેમને લઘુત્તમ વેતન ધારા પ્રમાણે વેતન મળવું જોઇએ, પગાર મળવો જોઇએ એ મોટા ભાગના શ્રમિકોને મળતું નથી. તો લઘુત્તમ વેતન ધારા પ્રમાણે વેતન ચૂકવવામાં આવે અને તેમાં દર પાંચ વર્ષે રાજ્યમાં લઘુત્તમ વેતન ધારામાં સુધારા કરવા માટેની આપણી જે જોગવાઇ છે. એ જોગવાઇ છેલ્લાં વર્ષોમાં મારી માહિતી મુજબ સુધારવામાં નથી આવી. આથી તાત્કાલિક અસરથી આ લઘુતમ વેતન ધારામાં રાજ્ય સરકારે સુધારો કરવો જોઇએ અને એ સુધારાના આધારે આ અસંગઠિત કામદારોને લાભ મળે એના માટે માનનીય મંત્રીશ્રીએ વિચારવું જોઇએ. લઘુતમ વેતન ધારામાં ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪માં લઘુતમ વેતન સુધાર્યા હતા. ત્યારબાદ આજ સુધી લગભગ સુધારો થયો નથી તો એના માટે વિચારણા કરવામાં આવે. લઘુતમ વેતન શિડ્યુલમાં ઘરેલુ કામદારો તેમજ અન્ય બાકી રહેતા કામદારોને પણ શિડ્યુલમાં સમાવેશ કરવા જોઇએ. લઘુતમ વેતન ધારાનો ચુસ્તપણે અમલ કરવો જોઇએ. તેમાં આશા વર્કર, આંગણવાડી વર્કર, મધ્યાહન ભોજન યોજનાના સેવાર્થીઓને ત્રીજા ચોથા વર્ગના કર્મચારી તરીકે એમને જાહેર કરવા જોઇએ અને લઘુતમ વેતન ફિક્સ કરવું જોઇએ. કોન્ટ્રાક્ટ પ્રથા જે છે, કોન્ટ્રાક્ટ એડવાઇઝરી બોર્ડની રચના અને ટ્રેડ યુનિયનના પ્રતિનિધિત્વ માટે પણ રાજ્ય સરકારે વિચારવું જોઇએ અને કોન્ટ્રાક્ટ લાઇસન્સો જે આપવામાં આવ્યા છે, એ રીન્યુ કરવા જોઇએ. તેવી જ રીતે બાંધકામના શ્રમિકો છે, બાંધકામ કામદારોનો કાયદો વર્ષ ૧૯૯૬ મુજબ બોર્ડમાં ૧૫ સભ્યોનું મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કામદારોનું બોર્ડ બનાવવું અને ચેરમેન તેમજ સભ્ય સચિવની નિમણૂક કરવી જોઇએ એવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરીશ. બાંધકામ કામદાર કાયદો ૧૯૯૬ની જોગવાઇ મુજબ શ્રમ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રાજ્ય સલાહકાર સમિતિની રચના પણ કરવી જોઇએ. બોર્ડમાં યોજનાઓનું અમલીકરણ કરવું જોઇએ. તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા ૭ લાખ ૨૩ હજાર ૨૧૦ છે અને બહારના નોંધાયેલા શ્રમિકોની સંખ્યા ૧,૫૮૬ છે. એના માટે વિવિધ પ્રકારની યોજનાઓ છે. જેમ શ્રી જીતુભાઇએ કહ્યું એ પ્રમાણે રાજ્યમાં ઉદ્યોગોમાં શ્રમ અને રોજગાર વિભાગનો નિયમ છે, કાયદો છે કે સ્થાનિક લોકોને ૮૫ ટકા રોજગારી આપવી અથવા નોકરી આપવી. એનું મોટાભાગે કોઇપણ ઉદ્યોગ ગૃહમાં પાલન થતું નથી તો એનું ચૂસ્તપણે અમલીકરણ કરવામાં આવે. તેના કારણે સ્થાનિક કક્ષાએ રોજગારી મેળવવા માટે જે યુવાનો છે એમને સહન કરવાનું આવે છે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે, સારું બિલ છે, શ્રી વિરજીભાઇએ કહ્યું એ પ્રમાણે મોડે મોડે પણ અહીંયા રદ કરવા માટે લઇને આવ્યા છે ત્યારે શ્રમ મંત્રીશ્રી શિક્ષિત બેરોજગાર યુવાનો, અસંગઠિત કામદારો અને બાંધકામ શ્રમિકોની જે નોંધણી થયેલ છે એના માટે આવનારા દિવસોમાં હજુ પણ ગંભીરતાપૂર્વક ચિંતા કરીને એમનું જીવનધોરણ ઉંચું આવે એના માટે પ્રયત્નો કરે એવી અપેક્ષા સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી બ્રિજેશ મેરજા ( રાજ્ય કક્ષાના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સરકારી વિધેયક સુધારાના રૂપમાં હું લાવ્યો છું એમાં આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ આદરણીય શ્રી શૈલેષભાઇ પરમાર, આદરણીય શ્રી પુંજાભાઇ વંશ, આદરણીયશ્રી વિરજીભાઇ ઠુમ્મર અને આદરણીય શ્રી જીતુભાઇ સુખડીઆ સહિત જે સભ્યશ્રીઓએ પોતાનાં સુચારું સૂચનો કર્યાં છે, ક્યાંક એમના અનુભવોનો નિચોડ પણ મને એમાં જોવા મળ્યો છે. વાત સાચી છે કે એક વખતનો આપણો મજૂર મહાજન સંઘ હતો. શ્રી અરવિંદભાઇ બુચ જેવા એક કદાવર શ્રમિક આગેવાન હતા એમના મેં પ્રત્યક્ષ દર્શન કરેલા છે. આ કામદારોના હિત માટે નવીનચંદ્ર બારોટ પણ કે જેમને હું જે તે વખતે મળેલો છું. એમની જે ખેવના હતી એ ખેવનાને અમે આ બિલમાં પૂરેપૂરી સુરક્ષિત અને આરક્ષિત રાખી છે. શ્રી પૂંજાભાઇ વંશે કહ્યું કે આમાં અલગ અલગ પ્રકારના પાથરણાથી માંડીને રીક્ષા ચાલકો એનાથી એક કદમ આગળ કહું આપને કે અમે આમાં ૩૭૯ જેટલા વ્યવસાયોને

આઇડેન્ટીફાઇ કર્યા છે એટલે એમાં બધા જ આવી જશે. આ નાનીસૂની વાત નથી. મારો આ માટેનો દ્રષ્ટિકોણ ખૂબ મોટો છે અને રત્નકલાકારોની વાત કરી. લઘુત્તમ વેતન ધારો આપની વાત સાથે સંમત છું. એ વર્ષ ૨૦૧૪ પછી અપડેટ થયો નથી. જે કારણ હશે એ કારણોને સાઇડમાં રાખીને હવે અમે પ્રત્યેક શ્રમિકો એ પછી શેરડીના શ્રમિકો હોય કે અલગ અલગ હોય એ બધાના વેતન ધારામાં અમે રીવાઇઝ કરીએ છીએ અને ટૂંક સમયમાં એનાં પરિણામો આપ જોઇ શકશો કે દરેક જયાં મજૂરો છે એમને લઘુત્તમ વેતન જે અત્યારે મળી રહ્યું છે એનાથી અનેકગણો વધારો એમાં આપ જોઇ શકશો.

માનનીય અધ્યક્ષશ્રી, તદુપરાંત, આપે ટ્રેડ યુનિયન અને કોન્ટેક લાઇસન્સની વાત કરી. બાંધકામ શ્રમિક બોર્ડની વાત કરી. આપની વાત રાજય સલાહકાર સમિતિની છે એ બાબત પણ હું ચોકકસ તપાસી જઇશ. અહીં શ્રી શૈલેષભાઇ પરમારે જે ચિંતા સેવી અને એમણે સાચી વાત કીધી કે એમનું ગામ લીમડી તાલુકાનું કંથારીયા ગામ. ત્યાંથી એમના દાદા જે તે વખતે મેં હમણા કહ્યું તેમ આપણું અમદાવાદ મિલો માટે ભારતનું માન્ચેસ્ટર કહેવાતું હતું. એમાં અમારા સૌરાષ્ટ્રના અમરેલીના અને ભાવનગરના પણ ઘણા ખેડૂતો હતા અને બાપુનગર તો આ જે મિલોમાં કામ કરતાં હતાં એ અમારા સૌરાષ્ટ્રના અને ભાવનગરના જે શ્રમિકો હતા એનાથી આચ્છાદિત થયેલું છે. માનનીયશ્રી વલ્લભભાઇ કાકડીયા સાહેબ એના સાક્ષી છે કે બાપુનગરમાંથી જે તે વખતે મિલમાં નોકરી કરતા હતા, એમના દીકરાઓ કેટલાક આઇ.એ.એસ. થયા છે, કેટલાક આઇ.પી.એસ. થયા છે. એની પણ મારે વ્યક્તિગત ઓળખાણો છે. માનનીયશ્રી શૈલેષભાઇએ જે ચિંતા સેવી છે એ ચિંતા અન્નપૂર્ણા યોજનાની છે. અન્નપૂર્ણા યોજના આ બજેટમાં આદરણીયશ્રી કનુભાઇ દેસાઇની ઉદારતા અને મુખ્યમંત્રીશ્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની દીર્ઘદ્રષ્ટિને ધ્યાને લઇને જે આ શ્રમિકો માટેની અન્નપૂર્ણા યોજના હતી એ એક નવા કલેવર સાથે અમે આ બજેટમાં ફકત રૂપિયા પાંચમાં ભોજન આપવા જઇ રહ્યા છીએ અને એનો સાર્વત્રિક આખા ગુજરાતમાં એનો અમલ થઇ રહ્યો છે. બાંધકામ શ્રમિક બોર્ડ પાસે જે ધનરાશિ છે એનો સારા હિતમાં યોગ્ય અને યથાર્થ રીતે ઉપયોગ થશે. એ ધનરાશિનો કયાંય કોઇપણ પ્રકારનો વ્યય ન થાય એ જોવા માટે ખુદ શ્રમમંત્રી તરીકે હું અને મારી સરકારી ચિંતિત છીએ. માનનીય શ્રી વિરજીભાઇએ વાત કરી મહાત્મા ગાંધી ગ્રામ સંસ્થાનની પણ એ બાબત અત્યારે સબજયુડીશ છે એટલે એ બાબતે હું અહીં કોઇ ટીકા-ટિપ્પણ કરી શકતો નથી, પણ જે કોઇ શ્રમ, સ્કીલ ડેવલપમેન્ટ અને રોજગાર વિભાગને લગતી તમારી જે કોઇ લાગણી હોય, માગણી હોય, સલાહ હોય, સૂચનો હોય, પરામર્શ કરવાના હોય તો એના માટે મારું મન ખુલ્લું છે. સરકારનું મન ખુલ્લું છે. ખેલદીલીપૂર્વક આપણે સાથે બેસીને આપણા શ્રમિકો છે. આદરણીય શ્રી મોદીસાહેબ તો શ્રમિકોને શ્રમયોગીનું સ્થાન આપે છે અને આપ જાણો છો કે કાશી વિશ્વનાથ મંદિરના શ્રમયોગીઓ સાથે આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ ભોજન લઇને એમને જે માનમરતબો આપ્યો છે એ રસ્તે આ રાજય સરકાર આગળ વધી રહી છે ત્યારે આપ સૌએ જે ઉદારતા દાખવી છે અને આ જે અધિનિયમન લાવ્યો છું એમાં જે તમે ખેલદીલીપૂર્વક એને સ્વીકારીને ટેકો આપવાનું જે વલણ અખત્યાર કર્યું છે એ માટે આઇ એમ વેરીમચ થેન્કફુલ એન્ડ એડવાન્સ ટુ ઓલ ઓફ યુ અને જે વાતો માનનીયશ્રી શૈલેષભાઇએ કરી છે એ સામાજિક સુરક્ષા અધિનિયમ ૨૦૦૮ની કલમ- ૨બી, ૩કે, ૨એમએમ, ટુ એનએમ સમયાંતરે આ શ્રમિકોની જે વ્યાખ્યા થઇ છે એમાં બધું આપોઆપ સમાવેશ થઇ જાય છે અને કાપડ બજારનો અમદાવાદનો જે ૧૯૭૯નો જે કાયદો હતો. તે સીમિત હતું. તે આખા ગુજરાતમાં વ્યાપ વધારવા જઇ રહ્યા છીએ. વિશેષ વાત કરતો નથી. ગૃહનો સમય ખૂબ કિંમતી છે. આ બિલને આપ બધા સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરો તેવો હું અનુરોધ કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૨નું ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) (રદ કરવા બાબત) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૨નું ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર(રોજગાર અને કલ્યાણ નિયમન) (રદ કરવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી: સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૨નું ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર(રોજગાર અને કલ્યાણ નિયમન) (રદ કરવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી સંકલ્પો**

**નલ સે જલ યોજના અંગેનો સંકલ્પ - માનનીય સભ્યશ્રી અરૂણસિંહ રણા ગેરહાજર**

**મોંઘવારી અંકુશમાં લેવા અંગે**

શ્રી ભરતજી સો. ઠાકોર(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

ચૈત્ર ૯, ૧૯૪૪ શાકે

બિન સરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, દિન પ્રતિદિન જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ જેવી કે, ખાદ્યતેલ, અનાજ, શાકભાજી, રાંધણગેસ સહિતના ભાવો વધતા જાય છે. જયારે બીજી બાજુ પેટ્રોલ, ડીઝલ અને સી.એન.જી.ના ભાવો પણ વધી રહ્યા છે, તેના કારણે ગરીબ તથા મધ્યમ વર્ગના નાગરિકોના જીવનનિર્વાહ તથા ટ્રાન્સપોર્ટેશન પર વિપરીત અસર પડી રહી છે. જીવન જરૂરી ચીજ-વસ્તુઓના ભાવો વધવાથી મોંઘવારી સામાન્ય નાગિરકોને નડી રહી છે. આથી જીવન જરૂરી ચીજ-વસ્તુઓના ભાવો અંકુશમાં લેવા માટે નક્કર પગલાં ભરવા કેન્દ્ર સરકારને ભલામણ કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભરતજી સો. ઠાકોર : મેં આ સભાગૃહ સમક્ષ બીનસરકારી સંકલ્પ રજૂ કર્યો છે. આ સંકલ્પ મોંઘવારીનો છે, કારણ કે આપણે જોયું તેલના ડબ્બાની અંદર માત્ર એક રૂપિયા ભાવ વધતો હતો, ત્યારે ઘણા બધા લોકો એ વખતે વેલમાં ઘસી જતા હતા અને વિરોધ કરતા હતા. ગેસના બાટલાની વાત કરીએ તો એ વખતે ખાલી ૨૦ રૂપિયા ભાવ વધે તો પણ માથે બાટલો ઉપાડી સરઘસ કાઢ્યા હતા. ત્યારે આ સંકલ્પ મધ્યમ વર્ગના લોકો માટે ખૂબ જ અગત્યનો છે. અમે પણ મધ્યમ વર્ગમાંથી આવીએ છીએ. આપણે બધા મધ્યમ વર્ગ હોય કે ગરીબ હોય તે લોકોનું પ્રતિનિધિત્વ કરીએ છીએ ત્યારે આ મારા સંકલ્પને સૌ ટેકો આપે તેવી વિનંતી કરું છું.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી ધારાસભ્ય શ્રી ભરતભાઇ ઠાકોર જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ૨૭ વર્ષની ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મોંઘવારીએ માઝા મૂકી છે અને આ મોંઘવારી છેક રોડથી રસોડા સુધી આવી ગઇ છે. વિદ્યાર્થીઓ ઓનલાઇન ભણવાના હોય, સ્કૂલ કોલેજમાં ભણતા હોય ત્યારે તેમનાં મા-બાપ પેટે પાટા બાંધીને સ્કૂલની ફી ભરતા હોય છે. ત્યારે કોઇ બાળક આપઘાત કરીને મૃત્યુ પામે છે તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે બાળક આપઘાત કરે છે ત્યારે તેની ડેડબોડી લાવવાનું પણ મોંઘુ પડે છે. સી.એન.જી.ના ભાવ, દૂધના ભાવ, પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને ચડયા છે. કોંગ્રેસની સરકાર હતી ત્યારે ૩૫૦ માં બોટલ મળતો હતો. હવે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં રૂપિયા ૧,૦૦૦ નો બાટલો મળે છે. અમારા ગામડામાં ઉમરગામથી અંબાજી સુધી આ ગેસનો બાટલો આપવાનો પ્રોગ્રામ રાખ્યો ત્યારે આદિવાસી બહેનોને બોલાવીને... ગેસની બોટલ દારૂની નહીં.

સભાપતિશ્રી : નો કોમેન્ટ, પ્લીઝ, પ્લીઝ નો કોમેન્ટ.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારમાં મોદી સાહેબનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો. અમારા વિસ્તારની બહેનોને ખબર આપવામાં આવી કે મોદી સાહેબ આવે છે અને ગેસના બોટલ ફ્રીમાં આપવાના છે. અમારા આદિવાસી વિસ્તારની બહેનો ચાલો બોટલ લઇ આવીએ, મફત મળે છે તો આપણને સારું રહેશે. પહેલાં તો મફત આપ્યા. તે પછી રૂપિયા ૩૦૦ નો ભાવ, રૂપિયા ૭૦૦ નો ભાવ, રૂપિયા ૮૦૦ નો ભાવ અને હવે રૂપિયા ૧૦૦૦ નો ભાવ થઇ ગયો. અમારી આદિવાસી બહેનોએ આ બોટલ માળીયા પર ચઢાવી દીધા. આજે લાકડાના જૂના ચૂલા હતા, તેના પર રસોઇ કરે છે. તેલના ભાવની વાત કરું, હમણાં સાત-આઠ દિવસ પહેલાં હોળીનો તહેવાર ગયો. અમારા આદિવાસી વિસ્તારમાં આ હોળીનો તહેવાર ઘેર-ઘેર ઉજવાય છે. ત્યારે તેમાં તેલનો ભાવ આસમાને થઇ ગયો. રૂપિયા ૨,૫૦૦ થી ૩,૦૦૦ રૂપિયાનો ડબ્બો થઇ ગયો. અમારે હોળીના ટાઇમમાં તમામ ઘરોમાં મોવણ કરવા માટે તેલ ના મળે એટલી બધી મોંઘવારી થઇ ગઇ. અમારી આદિવાસી બહેનોએ તેલના બદલે વધારે પાણી નાખીને મોવણ કર્યું. જયારે દર વર્ષે પાંચ લિટર તેલ કઢાઇમાં રેડીને અમારા આદિવાસી હોળીમાં ઢેબરાં બનાવીને પૂજે છે. આ વખતે માટીના એક તવામાં ખાલી એક લાકડા જોડે કપડું બાંધીને પોતું મારીને ઢેબરાં બનાવવાનો વારો આવ્યો છે. આ ભાજપની સરકારમાં અમારી બહેનો મોંઘવારીમાં પીસાઇ ગઇ છે. દૂધ હોય તો તેનો ભાવ ૪૦ રૂપિયાનું ૫૦૦ ગ્રામ. દૂધની તો સવારે બધાને જરૂર પડે છે. આ જે ૧૮૨ અહીં બેઠા છે તે બધાને દૂધની જરૂર પડે છે. આપણે તો લઇ આવીએ, પણ આમપ્રજા, ગરીબ પ્રજાને આજે આ વેઠવું પડી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત સી.એન.જી.ની કરું તો તેનો ભાવ પણ વધી ગયો છે. જયારે પેટ્રોલ અને ડીઝલ મોંઘું થયું તો લોકો સી.એન.જી. વાપરવા લાગ્યા. પહેલા સી.એન.જી.નો થોડો ઓછો ભાવ હતો, હવે વધારે વાહનો થયાં તો એનો પણ ભાવ આ સરકારે વધારી દીધો છે. દુઃખ સાથે કહેવું પડે છે કે, ડીઝલના ભાવ હોય કે કેરોસીનના ભાવ હોય બધાના ભાવ વધી ગયા છે. કેરોસીનની વાત કરું તો આદિવાસી વિસ્તારમાં કેરોસીન અમને જે મળતું હતું એ પણ બંધ કરી દીધું છે. આદિવાસી વિસ્તાર હોય કે અન્ય વિસ્તાર હોય બધાને આ તકલિફ છે. અમારા ગામડાંમાં કહેવત છે કે "આંગણીએ ઓહરીએ તો રસોડામાં ભરાઇ ગયો" તો કાઢવો કઇ રીતે? એટલા માટે અમારી આદિવાસી બહેનો એવું કહે છે કે, મોદી સાહેબ બધું જ મફત આપવાના હતા અને એમના ભાષણમાં કહ્યું હતું કે, "મારી બહેનો તમને કંઇ પણ દુઃખ પડે તો તમારા ભાઇને પત્ર લખજો" માનનીય અધ્યક્ષશ્રી, અમારી બધી બહેનોએ પત્ર લખ્યા અને મેં પણ પત્ર લખ્યો હતો પણ કોઇને જવાબ નથી આવ્યો, મારી બહેનોના જમાઇ રોડ ઉપર ઉતરી ગયા છે અને કહે છે કે હવે શું કરીએ? સાહેબ તો આવું કહેતા હતા પણ હવે જવાબ નથી મળતો એટલા માટે ઘરમાં ઝગડા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આટલી બધી મોંઘવારીમાં વિદ્યાર્થીઓનું ભણતર મોંઘુ થયું છે અને પેપર પણ ફૂટે છે. આદિવાસી વિસ્તારમાંથી અહીંયા આવીને રૂમ રાખે છે ત્યારે એમને જમવાનું પણ મળતું

નથી, એને મકાન કોઇ ભાડે આપતું નથી, અમારા આદિવાસી વિદ્યાર્થી કે વિદ્યાર્થિની કોઇ આવે તો એમને રહેવા માટે રૂમ નથી મળતો ત્યારે મહેનત કરીને એ લોકો પરીક્ષા આપતા હોય છે ત્યારે પેપર ફૂટી જાય છે તો આ સરકારમાં કરવું શું? એટલા માટે માનનીય શ્રી ભરતભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એમને મારો ટેકો આપુ છું. "જયહિન્દ-જયભારત"

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી ભરતજી ઠાકોર બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પથદર્શક શબ્દો કહેવાય છે, સંવેદનશીલ શબ્દો કહેવાય છે. શબ્દોમાં તાકાત છે, શબ્દોમાં કર્તવ્ય છે, શબ્દોમાં ધર્મ છે અને સાથે સાથે શબ્દોમાં સંકલ્પ પણ છે. "માના કી અંધેરા ઘના હે લેકીન દોસ્તો દીપ જલાના કહા મના હે" માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર ગરીબો માટે, શોષિતો માટે, પીડિતો માટે, વંચિતો માટે, છેવાડાના માનવીઓ માટે અને અંતિમ પંક્તિમાં બેઠેલાં માનવીઓ માટે પણ કટિબદ્ધ છે, પ્રતિબદ્ધ છે અને સમર્પિત પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે રોટી, કપડા અને મકાન એ પ્રાથમિક જરૂરિયાત છે. મોંઘવારી સામે અમારી સરકાર પ્રજાને પૂરું રક્ષણ પણ આપી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારી કેન્દ્રની સરકાર, અમારી રાજયની સરકાર ગરીબ અને છેવાડાના માનવીને ભોજન મળી રહે, કોઇ ભૂખ્યું ન સૂવે એ માટે સતત ચિંતા કરતી હોય છે. ગુજરાતમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો વર્ષ ૨૦૧૩નો અમલ ૧લી એપ્રિલ, ૨૦૧૬થી કરવામાં આવ્યો. આ કાયદા હેઠળ અંત્યોદય અન્ન યોજનાના કુટુંબો અને સાથે સાથે અગ્રતા ધરાવતા કુટુંબોનો સમાવેશ થાય છે. અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબો મળી કુલ ૭૦ લાખથી વધુ રેશન કાર્ડ ધારકોની ૩ કરોડ ૪૭ લાખ જેટલી જનસંખ્યાને રાજયની ૧૭ હજાર કરતા વધારે વાજબી ભાવની દુકાનેથી દર માસે ખૂબ જ રાહત દરે ઘઉં ૨ રૂપિયા પ્રતિ કિલોગ્રામ અને ચોખા ૩ રૂપિયા પ્રતિ કિલોગ્રામ વિતરણ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં એન.એફ.એસ.એ. હેઠળ સમાવિષ્ટ વસતિની જરૂરિયાત મુજબ વાર્ષિક ૧૪ લાખ ૨૮ હજાર મેટ્રિક ટન ઘઉં અને સાથે ચોખાની વાત કરીએ ૭ લાખ ૬૮ હજાર મેટ્રિક ટન ચોખા મળી કુલ ૨૧ લાખ ૯૬ હજાર મે.ટન અનાજના ઉપાડ સામે રાજયની અંદર ૨૦ લાખ ૫૪ હજાર મે.ટન અનાજનું વિતરણ કરવામાં આવે છે. આમ, માસિક સરેરાશ વિતરણની વાત કરીએ તો ૯૫ ટકાથી ૯૭ ટકા સુધીનું થાય છે જે મોટી સિદ્ધિ કહેવાય, ઐતિહાસિક સિદ્ધિ કહીશ તો પણ ખોટું નથી. રાજયની ૫૦ ટકાથી પણ વધારે નિયમિત રીતે રાહત દરના અનાજથી ખાધા ખોરાકીની ચિંતા દૂર થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સ્થાનિક લાભાર્થીઓની જે ફૂડ હેબીટ છે તેને ધ્યાને લઇ દક્ષિણ ગુજરાતના જે અમારા જિલ્લાઓ છે તેમાં ભરૂચ હોય, નર્મદા હોય, સુરત હોય, તાપી હોય, નવસારી હોય, વલસાડ હોય, ડાંગની અંદર ડિસેમ્બર, ૨૦૨૧થી અંત્યોદય કુટુંબોને ૨૫ કિલોગ્રામ ઘઉં અને ૧૦ કિલોગ્રામ ચોખાને બદલે ૨૫ કિલોગ્રામ ઘઉં અને ૨૦ કિલોગ્રામ ચોખાનું વિતરણ કરવામાં આવે છે. અગ્રતા ધરાવતા કુટુંબોને સાડા ત્રણ કિલોગ્રામ ઘઉં પ્રતિ વ્યકિત અને દોઢ કિલોગ્રામ ચોખા પ્રતિ વ્યકિત વિતરણ કરવામાં આવે છે. ઘઉં અને ચોખાના વિતરણ માટે આ વખતના બજેટમાં રૂપિયા ૬૨૧.૪૨ કરોડની માતબર જોગવાઇ પણ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાની મહામારીના કારણે જે પરિસ્થિતિ ઉદભવી, જે નિર્માણ થઇ તેની અંદર સમગ્ર દેશમાં એપ્રિલ-૨૦૨૦થી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરૂ કરવામાં આવી અને આ યોજના માટે આપણા સંવેદનશીલ પ્રધાનમંત્રી, આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જેટલા પણ અભિનંદન આપીએ એટલા ઓછા છે. દર માસે જે એન.એફ.એસ.એ.હેઠળ આપણને જે રેશનકાર્ડ ધારકોને અનાજ મળે છે તે ઉપરાંત વધારાનું સાડા ત્રણ કિલોગ્રામ ઘઉં પ્રતિ વ્યકિત અને દોઢ કિલોગ્રામ ચોખા પ્રતિ વ્યકિત પાંચ તબક્કામાં વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા ખૂબ આનંદ થાય છે, ગૌરવ થાય છે કે એપ્રિલ-૨૦૨૦થી નવેમ્બર-૨૦૨૦ દરમિયાન સતત આઠ મહિના સુધી પ્રતિ વ્યકિત પાંચ કિલો ઘઉં અને ચોખાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું અને મે-૨૦૨૧ થી માર્ચ-૨૦૨૨ દરમિયાન સતત અગિયાર મહિના સુધી પાછું ફરી વિના મૂલ્યે અનાજનું વિતરણ કરવામાં આવ્યું. મને જણાવતા આનંદ અને ગૌરવ થાય છે કે, હમણા તાજેતરની અંદર આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે યોજનાને વધુ છ મહિના સુધી એટલે કે એપ્રિલ-૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ સુધી તેને લંબાવી છે. આમ, મોંઘવારી સામે અમારી સરકાર રાજયની પ્રજાને પૂરતું રક્ષણ આપે છે અને છેલ્લી વાત કરીશ વિવિધ વિભાગોની જે વિવિધ યોજનાઓ પણ છે તેમાં હું ડીટેલમાં કહેવા જઉં તો ખૂબ લાંબુ થાય છે પણ તેના થકી પણ મોંઘવારી સામે અમે રાજયની પ્રજાને રક્ષણ આપીએ છીએ અને આપવામાં આવે છે, ધન્યવાદ.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતજી ઠાકોર મોંઘવારીની ચિંતાનો સંકલ્પ લઇને ગૃહ સમક્ષ આવ્યા છે. આજે રાજયમાં અને દેશમાં મોંઘવારીની શું પરિસ્થિતિ છે તેની વાત તેમણે મૂકી છે. હમણાં જ અમારા તજજ્ઞ ધારાસભ્ય શ્રી વિવેકભાઇ બહુ વિવેકથી કહી રહ્યાં હતા કે ગુજરાતમાં ૩ કરોડ લોકોને, ૩ કરોડ જનતાને અંત્યોદય યોજના હેઠળ અનાજ પહોંચાડવામાં આવે છે. ૬ કરોડની જનતા અને ૫૦ ટકા કુટુંબો. આજથી ૨૫ વર્ષ પહેલાં ગુજરાતની શું પરિસ્થિતિ હતી? આજથી ૧૦ વર્ષ પહેલા ગુજરાતની શું પરિસ્થિતિ હતી અને આજે આ પરિસ્થિતિનું નિર્માણ કેમ થયું તે ચિંતા અને મંથનનો વિષય છે. તમે ગુજરાતને ગરીબ કરીને મૂક્યું છે. કેમ થયું તેનાં ઘણાં કારણો છે પણ મુખ્ય કારણ મોંઘવારી છે. મોંઘવારીને ડામવામાં આ સરકાર બિલકુલ નિષ્ફળ ગઈ છે. આ ગૃહને મારે ત્રણ પ્રસંગો યાદ કરાવવા

છે. જ્યારે કૉંગ્રેસની સરકાર હતી ત્યારે તેલના ડબ્બાનો ભાવ ૧૦ રૂપિયા વધે તો પૂર્વ મંત્રી અને ભારતીય જનતા પક્ષના જે તે વખતના આગેવાનો અમદાવાદમાં ખાલી ડબ્બા સાથે, વેલણ સરઘસ સાથે આ સરકારને હટાવો એવા સરઘસો કાઢીને આંદોલનો કરતા હતા. આ દેશના માનનીય વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના પ્રવચનો મેં સાંભળ્યા છે. તે વખતે મોંઘવારીની ખૂબ ચિંતા કરતા હતા અને મોંઘવારી વધવાનું કારણ દેશની સરકાર બતાવતા હતા કારણ કે ગુજરાતમાં તેમનું શાસન હતું. ભારત સરકારમાં પેટ્રોલ-ડીઝલનો ભાવ વધે છે એટલે તમામ ચીજવસ્તુઓનો ભાવ વધે છે તેવું સરસ બુદ્ધિપૂર્વકનું વિવરણ તેઓ કરતા હતા. આજે રાજયમાં અને દેશમાં પણ તેમની પાર્ટીનું શાસન છે. તે વખતના વડાપ્રધાન શ્રી મનમોહનસિંહજીને તેઓ મૌનમોહન સિંહ કહેતા હતા, તો આપણા બોલકા વડાપ્રધાન આજે મોંઘવારીના મુદ્દે કેમ મૌન થઈ ગયા છે?

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના ભારતીય જનતા પક્ષના એક મહિલા આગેવાનને તેમના આંદોલન પછી ફાયર બ્રાન્ડ લેડી કહેવામાં આવ્યા અને હાલ ભારતની સંસદમાં પ્રધાન પણ છે. તેમણે આદરણીય શ્રી મનમોહનસિંહની સરકારમાં ગેસના બાટલાનો ભાવ રૂ.૧૫ વધ્યો ત્યારે માથા ઉપર ગેસનો બાટલો મૂકી અને સંસદમાં ગયા હતા. આજે રૂ. ૧૫ ના બદલે લગભગ રૂ.૪૫૦ જેટલો ભાવ વધ્યો છે તો હવે માથા ઉપર કેટલા બાટલા મૂકીને જવાના છે એ આપણા ગૃહ મારફતે પૂછાવવું છે. આખા રાજ્યની ગૃહિણીઓ, માતાઓ, બહેનો અને દીકરીઓને ઘર કેમ ચલાવવું તે ચિંતાનો વિષય છે. આપણી માતાઓ, બહેનો, દીકરી કે ધર્મપત્ની બજારમાંથી શાકભાજી લઈને ઘરે આવે ત્યારે તેનું મોઢું કેવું થાય છે અને તમારી સામે કેટલા આંદોલનો થાય છે તે તમે કોઇ દિવસ વિચાર્યું છે? શાકભાજી મોંઘું થયું હોવાથી ઘણા લોકો ઉપવાસ કરતા થયા છે. ધાર્મિકતાનું કારણ મોંઘવારી છે. શાકભાજી લાવવામાં ખૂબ મુશ્કેલીઓ પડી રહી છે. જ્યારે ભારતના વડાપ્રધાન આદરણીય શ્રી મનમોહન સિંહ હતા ત્યારે પેટ્રોલ-ડીઝલનો ભાવ રૂ. ૬૦ હતો. તે વખતે તેમની ઉંમર ૭૦ વર્ષ હતી ત્યારે ભારતીય જનતા પક્ષના તમામ આગેવાનો કહેતા હતા કે આ પેટ્રોલ-ડીઝલનો ભાવ શ્રી મનમોહનસિંહની ઉંમર જેટલો થવાનો છે તો પણ મનમોહનસિંહ ચિંતા કરતા નથી. ભારત સરકારના તમામ આગેવાનોને યાદ દેવડાવું અને તમને ચિંતા કરતા કરું કે આ ભારતીય જનતા પક્ષની સરકારમાં તમારી અણઆવડતના લીધે પેટ્રોલ-ડીઝલના ભાવ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની ઉંમરને પણ વટાવી ગયો છે, માનનીય લાલકૃષ્ણ અડવાણી સાહેબની ઉંમરને પણ વટાવી ગયો છે અને તમારો ભાવ ૧૦૦ રૂપિયા કરતા વધારે ઝીંકાયો છે તેના કારણે ટ્રાન્સપોર્ટેશન મોંઘું થવાથી ભારતીય જનતા પક્ષના આગેવાને ગુજરાતની જનતાને સમજૂતી આપી હતી તેને બિરદાવું છું. એમણે ખૂબ સુંદર સમજાવેલું કે આ ભારતીય જનતા પક્ષની સરકાર ઉપર દિલ્લીમાં નથી, તેના કારણે પેટ્રોલ-ડીઝલના જે ભાવ કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે અને રૂપિયા ૬૦ સુધી પહોંચ્યા છે. એ વખતે બેરલનો ભાવ ઊંચો હતો તો પણ ટ્રાન્સપોર્ટેશન મોંઘું થવાના લીધે એસેન્શિયલ કોમોડિટીની અવરજવર મોંઘી થઈ ગઈ તેના કારણે શાકભાજી, તેલ, ઘી, અનાજ મોંઘું થયું એમ બહુ સરસ સમજાવતા હતા. એ સમજાવટના જે પત્તાઓ હતા એ જરા અત્યારે ઉલટાવીને પ્રજા સમક્ષ જાય તેવી વિનંતી કરવા માટે હું ઊભો થયો છું. એ વખતે મોંઘવારી વિરુદ્ધના ભાષણ કરતા હતા તેવા ભાષણ આજે કરો તો હું તમને બધાને છપ્પનની છાતીવાળા ભારતીય જનતા પક્ષના આગેવાનો કહેવા તૈયાર છું. ટ્રાન્સપોર્ટેશન મોંઘું થયું, પેટ્રોલ-ડીઝલ, શાકભાજી મોંઘું થયું. કૉંગ્રેસની સરકાર સુધી તેલના ડબ્બાનો ભાવ પૂછતા હતા, હવે તેલનો કિલોનો ભાવ પૂછાતો થઈ ગયો છે. વર્ષ ૨૦૨૧માં તેલના એક કિલોનો ભાવ રૂપિયા ૧૬૪/- છે. અમારી સરકારમાં ૨૦ કિલોના ડબ્બાનો ભાવ પણ રૂ.૧૬૪ ન હતો. તમારી સરકારમાં કપાસિયા તેલના એક કિલોનો ભાવ રૂ. ૧૫૨, પામોલિન તેલનો એક કિલોનો ભાવ રૂ. ૧૦૮, ઘી તો ખવાય તેમ રહ્યું નથી. ઘી તો જોવા માટે છે. માનનીય શ્રી વિવેકભાઈ બહુ સારી શાયરી બોલ્યા કે દીપ તો જલાવો, પણ દીપ કયાંથી જલાવીએ? ઘી એટલું મોંઘુ થયું છે. ઘી તો ગરીબ અને મધ્યમવર્ગનો વ્યકિત ખાઇ શકે નહી, એવી પરિસ્થિતિ છે. આવી અનેકવિધ વાતો, અનેક મુદ્દાઓ તમે જે કહ્યા હતા એટલા અમને આપી દો. ગુજરાતમાં તમારી સરકાર બની એ પહેલા અને ભારત દેશમાં શ્રી મોદી સાહેબની સરકાર બની એ પહેલા મોદી સાહેબે મોંઘવારી વિરુદ્ઘ જે પ્રવચનો કર્યા હતા એનાથી એકપણ શબ્દ મારે વધારો બોલવો નથી. તમે પ્રજામાં જઇને મોંઘવારી વિરુદ્ધ અને ભારતની યુ.પી.એ. ની સરકારના લીધે જ આ બધા મુદ્દા ઉભા થાય છે એવું જે બોલતા હતા અને સમજાવતા હતા એ કોંગ્રેસને આપી દો. તો વર્ષ ૨૦૨૨ની ચૂંટણી પહેલા અમે ઘરે ઘરે જઇ પ્રજાને વાત સમજાવીએ. આ મોંઘવારી કેમ વધે છે? ડિઝલ પેટ્રોલના ભાવ કેમ વધે છે? એ બધુ સમજાવીને, આ મોંઘવારીને કેમ ડામવી? એના પગલાં કેમ લેવાં? એ પણ તમને કહીએ. ગોડાઉનોમાં અનાજનો સંગ્રહ થાય છે. તમે રેડ પડાવો. છેલ્લાં બે વર્ષમાં તમે કેટલી રેડો પાડી? કેટલા લોકોને પકડ્યા? કેટલા લોકોને બ્લેક માર્કેટિંગ એક્ટ હેઠળ જેલમાં મોકલ્યા? કેટલા લોકોને અંકુશ કરવામાં પગલાં લીધાં? આ બધા અનેક મુદ્દાઓ વિશે તમારી સમક્ષ વાતો કરીશું. મોઘવારીમાં કેવી પરિસ્થિતિ છે?એ આપણે બધા સમજીએ છીએ. આજે મોંઘવારીએ માઝા મૂકીછે ત્યારે આ મોંઘવારીના નાગને નાથવા આ સરકાર નિષ્ફળ ગઇ છે ત્યારે આ જે સંકલ્પ છે એને હું પૂરેપૂરો હૃદયપૂર્વક ટેકો આપુ છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ (રાજ્ય કક્ષાના આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતજી ઠાકોર જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં શ્રી સી.જે. ચાવડા, શ્રીમતી ચંદ્રિકાબેન અને અમારા પક્ષે શ્રી વિવેકભાઇએ પણ ખૂબ સારી વાત કરી છે. શ્રી સી.જે. ચાવડાજી તો ખૂબ વિચક્ષણ છે. શ્રી ભરતજી ઠાકોરે ચિંતા વ્યકત કરી છે. પરંતુ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકારે રાજ્યની ૬.૫ કરોડ

તા. ૩૦મીમાર્ચ ૨૦૨૨

બિન સરકારી સંકલ્પો

જનતાને મોંઘવારી સામે તેઓની રોજબરોજની જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ સરળતાથી અને નીચા ભાવે મળી રહે એ માટેની દરકાર કરી છે. અમારી સરકાર તેના માટે સતત કાર્યશીલ છે. શ્રી વિવેકભાઇએ પણ ઘણી બધી વાત કરી, પરંતુ મોંઘવારીનું સંતુલન જળવાઇ રહે તે માટે અમારો પુરવઠા વિભાગ પૂરેપૂરી કાળજી લે છે. ડો.સી. જે.ચાવડાજીએ વાત કરી ત્યારે ભારત સરકારનો જે આંકડો છે, ૩ કરોડ ૮૨ લાખ, અને આજે લોકોને કોઇ ને કોઇ રીતે સ્પર્શે તેવી જન સંખ્યા ૩ કરોડ ૪૭ લાખ છે, આમ ૭૦ લાખથી પણ વધારે કાર્ડ ધારકોને કોઇ ને કોઇ જરૂરિયાતની વસ્તુઓ આપીને સરકાર દ્વારા એમને મદદ કરી રહ્યા છીએ. શ્રી વિવેકભાઇએ ખૂબ સારી વાત કરી, આપણે ભૂતકાળમાં પણ જોયું છે, અમે એમ કહેતા જ નથી ડો. સી.જે. ચાવડાજી, તમે લોકોએ પણ વર્ષો સુધી શાસન કર્યું છે, પરંતુ તમારા સમયમાં શું ઘઉંનો ભાવ હતો, શું ચોખાનો ભાવ હતો (અંતરાય) મેં તો લાલ જુવાર ખાધી છે. હું લાલ જુવારની લાઇનમાં પણ હતો, હું આવી પરિસ્થિતિમાંથી આવેલો છું. લાલ જુવારની લાઇનમાં હું પણ મારી મા સાથે ઉભેલો હતો, અને અમેરીકાના ઘઉં પણ આપણે ખાધા છે. આજે આપણા દેશના વડાપ્રધાનશ્રી ને આપણે અભિનંદન આપવા પડે કે લાંબા ગાળાથી અત્યાર સુધી અને સપ્ટેમ્બર સુધી આપણે મફત અનાજ આપવા જઇ રહ્યા છીએ એવા આપણા અનાજના ભંડારો છે. મોંઘવારી માટે બધાએ ચિંતા કરી છે, શ્રી વિવેકભાઇએ ખૂબ સારી વાત કરી. મારા દક્ષિણ ગુજરાતના સાત જિલ્લા કે જયાં ઘઉંનું ચલણ ખૂબ ઓછું છે અને ચોખાનું ચલણ વધારે છે. અને આપણે ૩ રૂપિયે કિલો ચોખા આપીએ છીએ અને ચોખા એમને વધારે મળે તેવી એમની અપેક્ષા છે. માર્કેટમાંથી ૨૫ રૂપિયા કે ૩૫ કે ૪૦ રૂપિયે કિલો ચોખા એમને લાવવા પડે, કારણ કે ચલણ છે એટલે એ ચોખા જ એ ખાય છે. અમે તેની ચિંતા કરી અને ૭ જિલ્લામાં અમે સાડા ત્રણ કિલો ઘઉં આપતા હતા તેની જગ્યાએ બે કિલો ઘઉં કરી દીધા અને દોઢ કિલો ચોખા આપતા હતા, તેની જગ્યાએ ૩ કિલો ચોખા વ્યક્તિદીઠ કરી દીધા અને એ રીતે આ મોંઘવારીમાં કેવી રીતે મધ્યમ વર્ગ કે ગરીબ વર્ગ હોય એને સારી રીતે ભોજન મળી શકે એની અમે ચિંતા કરી છે. ડો.સી.જે. ચાવડા ભાઇએ બીજી તેલની પણ વાત કરી, હું આ તેલની વાત કરું, તો આપણે બે તહેવારમાં જન્માષ્ટમી અને દિવાળી ઉપર તેલ આપીએ છીએ. ૩૫ લાખ કાર્ડ ગ્રાહકોને આપણે તેલ આપતા હતા, આજે મને કહેતા આનંદ થાય છે કે એમાં વધારો કરીને આપણે પૂરેપૂરા ૭૦ લાખ થી પણ વધારે કાર્ડ ગ્રાહકો એટલે ૩ કરોડ ૪૭ લાખ જન સંખ્યાને અસર થાય એ પ્રકારનું બે તહેવારમાં આપણે તેલ આપવા જઇ રહ્યા છીએ અને આ દિવાળી ઉપર આપણે આપ્યું છે. આ તેલ ઉપર સબસિડીનો તફાવત હતો, ૫૦ હતો અને ૭૦ થયો, આપણે જેવો તેલનો ભાવ વધ્યો એટલે તરત જ સબસિડીમાં વધારો કર્યો અને ૭૦ રૂપિયા કર્યો અને ૯૮ કરોડ રૂપિયાનો સરકાર ઉપર તેનો બોજ આવ્યો. પરંતુ ખાનારા લોકોને કેવી રીતે સગવડ મળે તે પ્રકારની વ્યવસ્થા અમારી સરકારે કરી છે. શ્રીમતી ચંદ્રીકાબેને રાંધણ ગેસની પણ વાત કરી. ભાવ વધ્યા છે આપણે સ્વીકારીએ છીએ. પરંતુ આજે આપણે એ પણ વિચારવું જોઇએ કે આદિવાસી બહેનો હોય કે અન્ય ગરીબ બહેનો આખી જિંદગી ચૂલા ફૂંકી ફૂંકીને થાકી ગઇ, એ ધુમાડો જે એના હૃદયમાં ગયો હશે એની આપણે કલ્પના પણ નહીં કરી શકીએ. એક આવાસમાં રહેતો કોઇ ગરીબ વ્યક્તિ, એની કેટલી મોટી કોટડી હોય? અંદર જ ચૂલો, અંદર જ ખાટલો, અંદર જ બધી વ્યવસ્થા, અને એ જયારે આવાસની અંદર ચૂલો સળગતો હોય ત્યારે બાળક જન્મેલ હોય તેની આંખમાં કેટલો ધુમાડો જતો હશે, અને એની માંની આંખમાં કેટલો ધુમાડો જતો હશે. પરંતુ એમાંથી બહાર લાવવા માટે, મને કહેતા આનંદ થાય છે કે આઠ કરોડ ગેસ આપવાનો સરકારે નિર્ણય લીધો તે પૈકી આપણા ગુજરાતની અંદર ૨૯ લાખ કુટુંબોને આપણે ગેસનું વિતરણ કર્યું. આ નાનીસૂની ઘટના નથી. એક જમાનો હતો કે ગેસનું કનેકશન લેવું હોય તો એમ.પી. ને શોધવા પડે, સંસદ સભ્યની ચીઠ્ઠી લેવી પડે. (અંતરાય) હું પણ ગેસનો ડીલર છું. હું રિલાયન્સનો ડીલર છું. આજે પણ રિયાલન્સ ગેસનું વિતરણ કરું છું. હું જાતે ચૂલા ફીટ કરવા જતો. ગેસનો બાટલો એના ઘર સુધી મૂકવા જતો. જયારે હું ગેસનો ચૂલો સળગાવું ત્યારે બીજી મીઠાઇ ન લાવ્યા હોય પણ ઘરમાં ગોળ કે ખાંડ હોય એ લાવીને ખવડાવે. શેઠ આજે કેટલાં વર્ષો પછી માર ઘરમાં ગેસનો ચૂલો સળગ્યો છે. આજે ૮ કરોડમાંથી ૨૯ લાખ ગુજરાતમાં છે. મને માનનીય ડો.સી.જે. ચાવડાજી કહેતા આનંદ થાય છે કે મને પુરવઠા વિભાગ સંભાળ્યા પછી ચાર મહિના થયા. મેં તરત મારા વિભાગ સાથે જેવો ભારત સરકારે ટાર્ગેટ નક્કી કર્યો આ ચાર મહિનાની અંદર ૫.૫ લાખ લોકોને ગેસ કનેકશન આપ્યાં છે. જો બહેનોને આટલો મોટો વાંધો હોય તો આ ૫.૫ લાખ કનેકશન કોઇ લેત જ નહિ. આ કનેકશન પણ મફત આપીએ છીએ. આ ગેસની વાત કરવામાં આવી. હું પેટ્રોલ ડીઝલમાં એટલા માટે જવાનો નથી કે આપણે વહેલું પૂરું કરવું છે ડો.સી.જે. ભાઇને પણ મારા પ્રત્યે લાગણી છે નહિ તો મારી પાસે આજુબાજુના રાજયોના આંકડા છે, પરંતુ ગુજરાત જે રીતે ડીઝલ અને પેટ્રોલ ઉપર આ બધા જ ભાઇઓ જાણે છે કે રાજસ્થાનમાં શું ભાવ છે, મહારાષ્ટ્રમાં શું ભાવ છે અને ગુજરાત શું કરી રહી છે. તેમ છતાં આપણે મોંઘવારીને સ્વીકારીએ છીએ એ કેમ વધે છે એ પણ આપણે સૌ જાણીએ છીએ. પરંતુ ગુજરાત સરકાર હંમેશા પેટ્રોલ હોય કે ડીઝલ હોય એની પણ ચિંતા કરી રહી છે અને આવનારા દિવસોમાં પણ એની ચિંતા થશે. એટલા માટે કોઇએ કહ્યું છે લોકસભામાં કોઇએ પ્રશ્ન કર્યો કે આ પાંચ રાજયોની ચૂંટણી પતી ગઇ અને પેટ્રોલ ડીઝલના ભાવ વધી ગયા, તો હવે ગુજરાત અને બીજા રાજયોની ચૂંટણી આવી રહી છે ત્યારે કહ્યું કે અમે કોઇ ડર રાખતા નથી. પરંતુ મોંઘવારીનો સામનો જે રીતે કરવો પડે છે એ બધી જ જનતાએ કરવો પડે છે. પરંતુ સંતુલન કેવી રીતે જળવાય એ રીતે અમારો વિભાગ કાળજી લે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાકભાજી માટેની વાત કરવામાં આવી. શાકભાજી જેવી વસ્તુ કુદરતી વાતાવરણ ઉપર આધાર રાખે છે. એમાં એ.પી.એમ.સી. પણ જોડાયેલી હોય છે, વેપારીઓ પણ જોડાયેલા હોય છે. ઉત્પાદન ઉપર આધાર રાખે છે

અને ખાનારાની પણ ચિંતા કરી છે અને ખેડૂતોની પણ ચિંતા કરવી પડે છે. આ ગૃહને કદાચ આ ફ્લોર ઉપર મારે આ વાત ન કરવી જોઇએ, પરંતુ આ વખતે મગફળીનો પાક સારો હતો. અમારા શ્રી રાઘવજીભાઇએ મને વાત કરી, સ્ટોક લિમિટ માટે ઉપરથી પત્ર હતો મેં નાખી દીધો છે. મારા વિભાગ દ્વારા મેં નાખી દીધો છે. અમે એવું પણ વિચાર્યું કે અમારો વિભાગ કે અમારો વિષય નથી, પરંતુ મગફળીમાં પારદર્શિકા આવે મગફળીમાં કોઇપણ જાતનો પ્રોબ્લેમ ન થાય આવા અનેક પ્રકારનાં સેન્ટરો ઉભાં કર્યાં અને ખૂબ સારી રીતે ભારત સરકારે પણ વખાણ કરવા પડ્યા એ રીતે અમે મગફળીની ખરીદી કરી છે. મગફળીના ભાવ ખેડૂતોને પૂરતા મળી રહે એ પ્રકારની વ્યવસ્થામાં મારા વિભાગે મદદ કરી છે. એ એટલા માટે કે જયારે કોરોના મહામારીની અંદર ખેડૂત લાંબા સમયથી સહન કરતો આવ્યો છે. આજે હું પણ દક્ષિણ ગુજરાતમાંથી આવું છું. તમે અમારે ત્યાંનું સુરણ અને રતાળુ ખાધું હશે. આ સુરણ ૨૦ મણની એક ખાંડી કહેવાય છે. મારા ઘરમાંથી પણ દોઢસો થી બસો ખાંડી સુરણ અમે પકવીએ છીએ. સાહેબ એ સાત હજાર રૂપિયે ૨૦ મણ વેચાતું હતું. સાહેબ, આજે એ બે હજાર રૂપિયે કે અઢી હજાર રૂપિયે વેચાય છે. એટલા માટે કે અનેક જગ્યાએ બટાકાનું ઉત્પાદન વધ્યું છે, બીજું પણ ઉત્પાદન વધ્યું છે જયારે ઉત્પાદન વધે છે ત્યારે શાકભાજીના ભાવ નીચા જાય છે એ સ્વીકાર્ય છે. રતાળુ ૮૦૦-૯૦૦ અને ૧,૫૦૦ રૂપિયે ૨૦ કિલો વેચાતું હતું. આ વર્ષે અમે ૨૫૦ રૂપિયે વેચ્યું છે. ભાવ જ જયારે નીચા છે ત્યારે એવું નથી ખાનારને પણ સસ્તુ મળે છે, એટલે શાકભાજી જેવી બાબતમાં અનેક પ્રકારનું ટ્રાન્સપોર્ટેસનથી લઇને અનેક પ્રકારની અસર જોવા મળે છે. એટલે રાંધણ ગેસ પેટ્રોલ અને ડીઝલની બાબતમાં ડો.સી.જે.ભાઇ, હું બહું વાત કરવાનો નથી, પરંતુ માનનીય શ્રી ભરતસિંહને વિનંતી કરું છું કે તમારી ચિંતા વ્યાજબી છે. મોંઘવારી દરેકને અસર કરે છે તમને કે અમને પરંતુ અમારી સરકાર શ્રી ભૂપેન્દ્રભાઇની આગેવાની નીચેની સરકાર ખૂબ સારી ચિંતા સાથે જયાં પણ મદદ કરવા જેવું હશે ત્યાં મદદ કરશે. શ્રી બળદેવભાઇ, બીજી વાત કરું. તમે જ વિધાનસભાની અંદર પ્રશ્ન ઉપસ્થિત કરતા હતા કે ૧૦૦ રૂપિયા દાળના કેમ થઇ ગયા? આવતાની સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી. સાહેબ, દાળનો ભાવ જે થવાનો હોય તે થાય પણ ખાનારાઓને તો ૫૦ રૂપિયે જ આપવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મહિલા અને બાળવિકાસ વિભાગ સંભાળતી બહેન શ્રીમતી મનિષાબેનને પણ અભિનંદન આપવા છે. મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને વાત કરી. ગુજરાતમાં કોઇ પણ બહેન જ્યારે સગર્ભા તરીકે ડિટેક્ટ થશે, જે દિવસથી આપણને ખબર પડશે, અમારો વિભાગ આ વિભાગને મદદ કરશે. ૧,૦૦૦ દિવસ સુધી ૨ કિલો ચણા, ૧ કિલો દાળ અને ૧ કિલો તેલ જ્યારે મફત આપવાના છીએ તો આ ચિંતા નથી કરતા? મીઠું ભલે એક રૂપિયે આપીએ, પણ સરકાર પર તો ૭૬ કરોડ રૂપિયાનો બોજ પડે છે. મિત્રો, એક દિવસ વલસાડનો હિસાબ કર્યો હતો. કેટલા ટન મીઠું વલસાડમાં જતું હતું. ગ્રાહકને મોંઘવારીમાં બને એટલી મદદ કેવી રીતે કરી શકાય એ દિશામાં મારા વિભાગે અનેક પ્રકારનાં પગલાં લીધાં છે. ડો.સી.જે. ચાવડાએ બીજી પણ વાત કરી કે કેટલીક જગ્યાએ ખોટી રીતે સ્ટોક કરી જાય. પરંતુ મારો વિભાગ અને જિલ્લાના કલેક્ટર સાથે આનું સંકલન કરીએ છીએ. જ્યાં પણ બાતમી મળે કે ન મળે પણ આવી ગેરરીતિના કારણે કોઇ બફર સ્ટોક ન કરી જાય અને ગ્રાહકોને તકલીફનો સામનો ન કરવો પડે એની ચિંતા અમે કરીએ છીએ. એનો પણ મારી પાસે જિલ્લાવાઇઝ આંકડો છે. સમયના અભાવે એ બધા આંકડા હું આપી શકતો નથી. માનનીય સભ્યશ્રી ભરતભાઇને હું વિનંતી કરું છું કે તમે જેટલી ચિંતા કરો છો એટલી અમે કરીએ છીએ તો આ સંકલ્પ આપ પાછો ખેંચી લો.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહમાં મોંઘવારી બાબત જે સંકલ્પ રજૂ કર્યો છે તેમાં અમારા બાહોશ મહિલા ધારાસભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન, ડો.સી.જે. ચાવડા સાહેબ, શ્રી વિવેકભાઇએ ચર્ચામાં ભાગ લીધો છે. તેનો માનનીય મંત્રીશ્રીએ અહીં જવાબ આપ્યો છે. તેમાં અમે એટલા માટે સંમત નથી કે પેટ્રોલ ડીઝલના ભાવ જે પ્રમાણે વધી રહ્યા છે, આજે પણ ૧૦૦ રૂપિયા થઇ ગયા. જ્યારે ભાવો આ રીતે વધી રહ્યા છે ત્યારે હું આ સંકલ્પ પાછો ખેંચતો નથી અને આ સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે એવી હું વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી :** સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવે છે.

**ખેલ મહાકુંભ અંગેનો સંકલ્પ - માનનીય સભ્યશ્રી પીયૂષભાઇ દેસાઇ ગેરહાજર.**

**માનનીય સભાપતિશ્રીની જાહેરાત**

**સભાપતિશ્રી :** અગાઉ નક્કી થયા મુજબ આવતી કાલે સવારે ૯-૦૦ કલાકે સર્વ સભ્યશ્રીઓનો ગૃપ ફોટોગ્રાફ વિધાનસભાના પ્રથમ માળે આગળના ભાગે યોજવામાં આવેલ છે. જેમાં સમયસર હાજર રહેવા સૌ સભ્યશ્રીઓને મારી આગ્રહભરી વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ રાત્રિના ૭-૩૦વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૨૨ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**ગુરુવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૨૨**

**ચૈત્ર ૧૦, ૧૯૪૪ શાકે**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી ડૉ.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**નર્મદા જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના**

* ૪૫૧૦૦ **શ્રી શૈલેષભાઇ મહેતા** (ડભોઈ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લાની ગરૂડેશ્વર બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૧૦૧.૦૦/- લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ.૧૦૧.૦૦/- લાખ. |

- - - - - - - - -

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કિસાન કલ્પવૃક્ષ યોજનામાં સહાયના ધારેણો શું છે? આદિજાતિ વિસ્તારની બજાર સમિતિઓને સહાય આપવાનું વિશેષ ધોરણ શું છે ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આ કિસાન કલ્પવૃક્ષ યોજના તા.૨૮-૧૨-૨૦૧૦માં શરૂ કરવામાં આવી અને ખેડૂતોને પોષણયુકત ભાવ મળી રહે એટલે એપીએમસીને વિવિધ સુવિધાઓ ઉભી કરવા માટે યોજના શરૂ કરવામાં આવી. અત્યારે શ્રી શૈલેષભાઇએ પ્રશ્ન પૂછ્યો છે કે જે બજાર સમિતિ છે ત્યાં આગળ ખેડૂતોનું ટ્રેનિંગ સેન્ટર બનાવવામાં આવ્યું છે, ખેડૂતોને અલગ અલગ પ્રકારની પ્રાકૃતિક ખેતી હોય, વૈજ્ઞાનિક ઢબની ખેતી કરવાની હોય, પશુ પાલનના કેમ્પ કરવાના હોય આ પ્રમાણેની ખેડૂતોને અલગ અલગ ટ્રેનિંગ મળી રહે તે પ્રમાણેનું આ એક બજાર સમિતિમાં હોલ બનાવવામાં આવે છે અને આદિવાસી બજાર સમિતિ અને બાકીની સામાન્ય વિસ્તારની બજાર સમિતિ કરતા વધુ ધ્યાન આપવામાં આવે છે. તા. ૧૬-૧૦-૨૦૧૧ની જોગવાઇ મુજબ ખેડૂતોને ગોડાઉન માટે રાજયની તમામ પ્રકારની બજાર સમિતિઓને પ્રોજેકટ વર્ષના ૫૦ ટકા આપવામાં આવે છે. 'અ' અને 'બ' જે સામાન્ય વિસ્તાર છે, તેને ૨૫ ટકા, આદિવાસી વિસ્તારની હોય તેને ૫૦ ટકા, 'ક' અને 'ડ' એટલે સામાન્ય વિસ્તારમાં હોય તો તેને ૫૦ ટકા અને આદિવાસી વિસ્તારમાં હોય તેને ૭૫ ટકા સહાય આપવામાં આવે છે. તા. ૨૦-૯-૨૦૧૧ના ઠરાવની જોગવાઇ મુજબ ઓફિસ બિલ્ડિંગ, શોપ્સ કમ ગોડાઉન, પ્લેટફોર્મ, રેસ્ટ હાઉસ, કેન્ટીન, લાઇટ વ્યવસ્થા, ફૂડ શોપ્સ આ પ્રકારની અલગ અલગ વ્યવસ્થા ઉભી કરવા માટે સહાય આપવામાં આવે છે. સાથે સાથે કોમ્પ્યુટરાઇઝ જણસીના હેતુ અંતર્ગત 'અ' અને 'બ' વર્ગની બજાર સમિતિ અને 'ક' અને 'ડ' વર્ગની બજાર સમિતિ એમ અલગ અલગ પ્રોજેકટના ૭૫ ટકા એટલે મહત્તમ ૭૫ લાખની મર્યાદામાં અલગ અલગ સહાય આપવામાં આવે છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કિસાન કલ્પવૃક્ષ યોજના આદિજાતિ વિસ્તાર હેઠળ સહાય મેળવવાની અગત્યની શરતો કઇ કઇ છે ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, કિસાન કલ્પવૃક્ષ યોજના આદિજાતિ વિસ્તારમાં લાવવાનો હેતુ આદિજાતિ વિસ્તારની બજાર સમિતિઓમાં માળખાગત સુવિધાઓ ઉભી કરવાનો છે અને આ વિસ્તારના ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવાનો છે. કિસાન કલ્પવૃક્ષ યોજના આદિજાતિ વિસ્તારમાં સહાય મેળવવા માટે મુખ્યત્વે જે શરતોનું પાલન કરવામાં આવે છે, એટલે બજાર સમિતિ દીઠ મહત્તમ ૫ કરોડ રૂપિયાની સહાય મંજૂર કરી શકાય છે. જે હેતુ માટે સહાય આપવામાં આવે તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવામાં આવે છે. સહાયના ઉપયોગ માટે વિકાસનાં કામો, નકશાના અંદાજો માન્ય રાખી જે પેનલો એન્જિનિયરોએ તૈયાર કર્યા હોવા જોઇએ અને આ અંદાજો જાહેર બાંધકામ ખાતાના માન્ય એસ.આર. મુજબ હશે અને એ અંગેનું પ્રમાણપત્ર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના ઇજનેરશ્રીએ આપવાનું રહેશે. આ સહાય હેઠળ કરેલ બાંધકામનો વીમો ફરજિયાત લેવાનો રહેશે. સહકારી ખાતાના ઓડિટર મારફતે હિસાબોનું ઓડિટ કરવાનુ રહેશે. સહાયની શરતોનું પાલન, લેખિત બાંહેધરી બજાર સમિતિને આપવાની રહેશે. બજાર સમિતિના ઓડિટરે યોગ્ય રીતે પ્રમાણિત કરેલું હિસાબોનું વિવરણ પત્રક એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદને મોકલવાનું રહેશે. જે હેતુ માટે સહાયની માગણી કરવામાં આવી છે, તે હેતુ માટે બજાર સમિતિ ભવિષ્યમાં અને અન્ય સહાય આપતી નાણાકીય સંસ્થા પાસેથી સહાયની રકમ નહીં મેળવે તેવી બજાર સમિતિએ બાંહેધરી આપવાની રહેશે. સહાય માટે માગણી કરતી બજાર સમિતિને પોતાની માલિકીની જમીન હોવી જરૂરી છે. નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને ગુજરાત રાજય, ગાંધીનગર સૂચવે તે પ્રકારના રજિસ્ટર જાળવવાના રહેશે અને જરૂર પ્રમાણે તેની માહિતી માગે તો એ પૂરી પાડવાની રહેશે. આ અંગેની કોઇ પણ શરતોનો ભંગ થતો જણાશે તો સબસિડીની રકમ વ્યાજ સહિતની રકમ મેળવવા સરકારશ્રી હક્કદાર રહેશે. બજાર સમિતિએ વિકાસનાં કામ માટે સહાય લીધી છે તે કામ સહાય મળ્યાની

તારીખના બે વર્ષની અંદર પૂરાં કરવાનાં રહેશે. સાથે-સાથે અગત્યની વાત એ છે કે આ જે સહાય આપીએ છીએ એનું બેંક એકાઉન્ટ એ એ.પી.એમ.સી.ના ચેરમેનશ્રી પોતે અને જે તે જિલ્લાના ડી.આર. એ બંનેનું જોઇન્ટ એકાઉન્ટ ખૂલે છે અને જેમ-જેમ કામ થતું જાય તેમ-તેમ આપણે એમના પૈસા રિલીઝ કરીએ છીએ.

શ્રી મહેશભાઇ છો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, નર્મદા જિલ્લામાં તાલુકાવાર રૂ.૧૦૧ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, એ કયા હેતુ માટે ફાળવવામાં આવી છે અને કયા તાલુકામાં કેટલી-કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને આ કિસાન કલ્પવૃક્ષ યોજના મારફત ખેડૂતો અને જનતાને શું ફાયદો થયો છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ગરૂડેશ્વર તાલુકામાં જે પૈસા ફાળવવામાં આવ્યા છે એ જે તે એ.પી.એમ.સી.માં ખેડૂતોની ટ્રેઇનિંગ માટેનો હૉલ બનાવવા માટે, વિવિધ પ્રકારની સરકારી યોજનાઓ, ખેડૂતલક્ષી યોજનાઓ, પશુલક્ષી યોજનાઓ, ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કેવી રીતે કરી શકાય તે માટે સરસ હૉલ બનાવવા માટે મંજૂરી આપી છે. સાથે-સાથે ગરૂડેશ્વરમાં રૂપિયા ૨૨૨.૯૫ લાખ આપવામાં આવ્યા છે, જેમાં સી.સી. પેવર બ્લૉક, ગેટ વિથ કમ્પાઉન્ડ વૉલ, ઓફિસ બિલ્ડિંગ, આર.સી.સી. રોડ, શોપ કમ ગોડાઉન, સેનિટેશન અને ખેડૂત તાલીમ કેન્દ્ર માટે કુલ રૂપિયા ૨૨૨.૯૫ લાખ, રાજપીપળામાં શોપ કમ ગોડાઉન માટે રૂપિયા ૧૧.૫૦ લાખ, ડેડિયાપાડામાં વેચાણ કમ પ્રદર્શન સેન્ટર, ગેટ કમ કમ્પાઉન્ડ વૉલ, ઓફિસ બિલ્ડિંગ, શોપ કમ ગોડાઉન માટે ૨૩૫.૮૪ લાખ રૂપિયા તેવી જ રીતે સેલમ્બામાં વે બ્રિજ બનાવવા માટે કોઇ પણ ખેડૂત પોતાનો માલ લઇને આવે અને માલનું યોગ્ય વજન થઇ શકે તેના માટે વે-બ્રિજ બનાવવા માટે પણ સરકાર સહાય આપે છે. વેચાણ કમ પ્રદર્શન સેન્ટર, કમ્પાઉન્ડ વૉલ માટે ૮૮.૩૩ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. તિલકવાડામાં શોપ કમ ગોડાઉન અને બીજા અલગથી ગોડાઉન માટે કુલ ૩૦.૬૭ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. આમ કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત નર્મદા જિલ્લાની પાંચ બજાર સમિતિઓને ૫૮૯.૨૬ લાખ રૂપિયાની સહાય કરવામાં આવી છે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન નર્મદા જિલ્લાનો છે પણ મારા સાવલી-ડેસર તાલુકાની એ.પી.એમ.સી.માં છેલ્લા બે વર્ષમાં કેટલાં નાણાં ફાળવ્યા છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને જવાબ હું પછીથી મોકલી આપીશ.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આપે નર્મદા જિલ્લાની પાંચ એ. પી. એમ. સી.ને ગ્રાન્ટ ફાળવી છે. તો મારી તિલકવાડા એ. પી. એમ. સી. ને શાના માટે, કેટલી અને ક્યા વર્ષમાં આ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, તિલકવાડામાં મેં કહ્યું એમ શૉપ કમ ગોડાઉન અને બીજા ગોડાઉન માટે રૂપિયા ૩૦.૬૭ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે રાજ્યના ખેડૂતો એ.પી.એમ.સી. સિવાય બહાર માલ વેચે છે. વેપારીઓમાં લાઇસન્સ ઇશ્યુ થાય છે. એ ખોટા વેપારીઓ ચેકથી પેમેન્ટ કરે છે અને એ ચેક બીજા દિવસે બાઉન્સ થાય છે અને વેપારી ભાગી જાય છે. ત્યારે ખેડૂતો ખૂબ મોટી મુશ્કેલીઓ અનુભવે છે. મારા અવિભાજિત સાબરકાંઠાના તલોદ માર્કેટ યાર્ડમાં ખેડૂતો માલ વેચ્યો છે. મોડાસામાં પણ ખેડૂતોએ આવો માલ વેચ્યો છે. એના ચેક આપવામાં આવ્યા. ઘણી વખત એમની વિશ્વસનીયતાના ધોરણે એ લોકો માલ આપે છે. એમને પૈસા મળતાં નથી ત્યારે રાજ્ય સરકાર એવો કોઇ કાયદો બનાવવા માંગે છે કે આ જે વેપારી છે એ જે કૅટેગરીના હોય એ માલ ખરીદે છે એના પ્રમાણમાં ખેડૂતોને પૈસાનું રક્ષણ મળે અને એમના વેચેલા માલના પૈસા મળે એ પ્રકારની સગવડ સરકાર ઊભી કરવા માંગે છે કે કેમ અને જે ખેડૂતોને હાલ પૈસા મળ્યા નથી એ અપાવવા માટે શું કરવા માંગો છો?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ખૂબ સરસ છે. હું તમામ સભ્યશ્રીઓને કહું છું કે આપણા વિસ્તારમાં ખેડૂતો જે પાક ઉગાડે છે એ દરેક તાલુકામાં એક એ.પી.એમ.સી. છે, એમાં જ તેમનો માલ આપવાનો આગ્રહ રાખે. સાથે-સાથે સરકારશ્રીએ ઇ-પોર્ટલની વ્યવસ્થા કરી છે. એમાં પણ ખેડૂતો પોતાનો માલ વેચી શકે છે. આવો કોઈ પણ ફ્રોડ થયો હોય તો ખેડૂતે ફરિયાદ લખાવવી જોઈએ અને એ ફરિયાદના આધારે ગૃહ વિભાગ સાથે સંકલન સાધી તાત્કાલિક કાર્યવાહી કરીશું અને યોગ્ય ન્યાય મળે તેવું આયોજન કરીશું.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહીસાગર જિલ્લાના રજિસ્ટ્રારશ્રીએ વિરપુર તાલુકામાં ધિરાણ નહોતું કર્યું તેવી મંડળીઓને કાઢી નાંખી અને બાલાસિનોર તાલુકાના ખેતીવાડી બજાર સમિતિમાં મંડળીઓ ગ્રાહ્ય રાખી તો આવો ભેદભાવ કેમ રાખવામાં આવે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન નર્મદા જિલ્લાનો છે છતાં સભ્યશ્રી ઓફિસે આવીને વિગતો આપે તો કાર્યવાહી કરીશું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લાં બે વર્ષથી એ.પી.એમ.સી.માં ટેકાના ભાવે ખરીદીની માર્કેટ સેસ બાકી છે તે ક્યારે આપવા માગો છો? હાલ સરકારે ખેડૂતો વિશે વિચારવા જેવું છે કે માર્કેટિંગ યાર્ડ બહાર એ.પી.એમ.સી.ની કોઈ સત્તા નથી એટલે વેપારીઓ ખેડૂતોને બૂચ મારી જાય છે. મોટી કંપનીઓ

ગામડાઓમાં આવીને ખરીદી કરે છે તેની તપાસ કરવામાં આવે. માર્કેટની બહાર પ્રાંત અધિકારીની જવાબદારી છે, પણ કોઈ વસ્તુ ચેક કરતા નથી તો તે કરવા માગીએ છીએ કે કેમ? અને આ માર્કેટ સેસ કેટલા સમયમાં યાર્ડને આપીશું?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, જે પણ માર્કેટની સેસ બાકી હશે તેનો સરકાર સત્વરે નિકાલ કરશે.

શ્રી ભગાભાઈ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વેપારીઓ ચેક આપે તે બાઉન્સ થાય છે. આવા બનાવો મારા વિસ્તારમાં કોડીનાર માર્કેટિંગ યાર્ડની અંદરના ભાગમાં જે વેપારીને લાઇસન્સ આપ્યું છે તેવા વેપારીઓ ખેડૂતોને ચેક આપીને તેની પેઢીને તાળું મારીને જતો રહે છે. ગરીબ ખેડૂતોને પૈસા લાંબા સમય સુધી મળતા નથી. કોર્ટમાં વર્ષો સુધી કેસ ચાલે છે ત્યારે ગરીબ ખેડૂતો પૈસા વિના મુશ્કેલીઓ ભોગવે છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એ.પી.એમ.સી.માં જેને લાઇસન્સ આપેલું હોય તેવા વેપારીઓ ખેડૂતોનો માલ લીધા પછી જો પેમેન્ટ ન કરતા હોય તો તેના ઉપર કાયદો બનાવીને અમલવારી કરવી જોઈએ.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીનો કાયદો પહેલેથી જ છે કે કોઈ પણ વેપારી કોઈ પણ વ્યક્તિનો ચેક બાઉન્સ જાય તો તેની સામે કડક કાર્યવાહી કરી શકે છે, પોલીસ ફરિયાદ થઈ શકે છે અને એ વ્યક્તિને જેલ ભેગો કરવો તેવી કાયદામાં જોગવાઈ છે, છતાં એવા કોઈ કેસો તમારા ધ્યાને આવે તો ચોક્કસ વિગતો આપજો અમે માનનીય ગૃહમંત્રીને જાણ કરી કાર્યવાહી કરાવીશું.

શ્રી પરેશ ધાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની લગભગ ૨૪૩ જેટલી એ.પી.એમ.સી.માં ખેત ઉત્પન્ન બજાર સમિતિ સુધારા વિધેયક આ ગુજરાત વિધાનસભાએ પસાર કર્યું પછી તેની આવક સતત ઘટી રહી છે. કેટલીક એ.પી.એમ.સી.ને પગાર ચૂકવવાનાં ફાંફાં છે અને કેટલીક એ.પી.એમ.સી. બંધ પણ થઈ ગઈ છે. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાત વિધાનસભાએ છેલ્લે જે ખેત ઉત્પન્ન બજાર સમિતિ સુધારા વિધેયક પસાર કરીને ગુજરાતમાં કાયદો અમલમાં મૂક્યો છે અને ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકારે આ ત્રણેય કાયદાઓ પરત ખેંચ્યા છે, ત્યારે ગુજરાતમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિ સુધારા વિધેયક સહિત ભૂતકાળમાં પસાર કરેલા ત્રણેય કાયદાઓ પાછા ખેંચવા માગીએ છીએ કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કુલ ૨૨૪ જેટલી એ.પી.એમ.સી. માર્કેટ આવેલી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારની નેમ હતી કે દરેક તાલુકાવાઈઝ એ.પી.એમ.સી. હોવી જોઈએ, જેથી ખેડૂતો પોતાના પાકનો પોષણક્ષમ ભાવ મેળવી શકે. હજુ સુધી ધ્યાનમાં નથી આવ્યું કે કોઈ એ.પી.એમ.સી. બંધ થઈ ગઈ હોય. કાયદાની જે વાત કરી છે તે પ્રશ્ન લાગુ પડતો નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કાયદા પાછા ખેંચવા એવો પ્રશ્ન નથી. નર્મદા જિલ્લાનો પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રી પાસે અત્યારે એની માહિતી નથી તો આપણે આગ્રહ નથી કરી શકતા. આ પ્રશ્ન નથી. એની ચર્ચા તમે માનનીય મંત્રીશ્રી જોડે જઇને કરી આવજો. આ તમારો પ્રશ્ન ત્વરિત નિર્ણયવાળો નથી. આપ બેસો.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે ચેક બાઉન્સ થયા હોય તો કોઇને છોડવામાં આવશે નહીં. મારા મત વિસ્તારની અંદર ૪૦ ખેડૂતોની સાથે ચીટિંગ થયું, ચેક બાઉન્સ થયા, ફરિયાદ થઇ તો એ ચમરબંધીઓ ખુલ્લા માર્કેટમાં બેઠા હશે તો એમાં કાંઇ કાર્યવાહી કરવા માંગો છો કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રતાપભાઇને વિનંતી કરું છું કે એની ચોક્કસ માહિતી આપજો. આપણે ગૃહ વિભાગને જાણ કરીશું અને કોઇપણ ચમરબંધીને ભારતીય જનતા પાર્ટીની સરકાર છોડતી નથી એ સાબિત થયું છે.

**કલ્પસર યોજનાનું કામ**

* ૪૫૪૧૦ **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ખંભાતના અખાત ઉપર કલ્પસર યોજનાના મીઠા પાણીનું સરોવર કરવા અંગે ક્યારે નિર્ણય લેવાયો, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ખંભાતના અખાત ઉપર કલ્પસર યોજનાના મીઠા પાણીનું સરોવર કરવા અંગે પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવા માટે જરૂરી અભ્યાસોની કામગીરી માટે તા.૨૨-૦૧-૨૦૦૩થી મંજૂરી આપેલ છે. |
| (૨)ઉક્ત સ્થિતિએ આ યોજનાનું કામ કયા તબક્કે છે ? | (૨) આ યોજના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર) બનાવવાના તબક્કે છે. |

\- - - - - - - - -

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કલ્પસર યોજના શરૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કયારે અને કેટલા કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી? અને આ યોજના પાછળ અત્યાર સુધી કુલ કેટલી રકમનો ખર્ચ થયો અને આ યોજના કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

ચૈત્ર ૧૦, ૧૯૪૪ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કલ્પસર યોજના ભારતદેશની સૌ પ્રથમ યોજના છે કે જે સમગ્ર વિશ્વમાં હોઇ શકે. તા. ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ કલ્પસર યોજનાના અભ્યાસની ચૂકવણીની વિગતો આ પ્રમાણે છે. નર્મદા ડાયવર્ઝન કેનાલ સર્વે આલેખન અને અંદાજનો અભ્યાસ...

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓના અમુક સભ્યોના માઇક બિલકુલ ધીમા અવાજે રાખવામાં આવે ત્યારે એવું લાગે કે આ સભ્ય બહુ ધીમે બોલી રહ્યા છે ત્યારે માઇકનો અવાજ વધારવામાં આવે એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માઇકનું ધ્યાન રાખો.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં અત્યાર સુધી કુલ રૂ. ૨૧૬.૫૦ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે કલ્પસર યોજનાની પૂર્ણતાની શક્યતાદર્શી અહેવાલ બનાવવાની કામગીરી અન્વયે નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રિસર્ચ સાથે હાલમાં કઇ કઇ સંસ્થાઓ સંકળાયેલી છે?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કલ્પસર યોજનાની પૂર્ણતાની શક્યતાદર્શી અહેવાલ બનાવવાની કામગીરી અન્વયે નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રિસર્ચ, એન.સી.સી.આર. સાથે હાલમાં નીચે મુજબની સંસ્થાઓ કામગીરી કરી રહી છે. ઇજનેરી સંશોધન સાથે સંકળાયેલ જે સંસ્થા છે, એમાં નેશનલ જીઓ ફિઝિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, હૈદરાબાદ, ઇન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓસન ઇન્ફોર્મેશન સર્વિસસ, હૈદરાબાદ, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વિન્ડ એનર્જી, ચેન્નાઇ કામગીરી કરી રહી છે. એ જ પ્રમાણે એન્જિનિયરિંગ ડિઝાઇનમાં, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ચેન્નાઇ, એલ.એન્ડ ટી. ઇન્ફ્રાસ્ટ્રકચર એન્જિનિયરિંગ લિમિટેડ, ચેન્નાઇ કામગીરી કરી રહી છે. એ જ પ્રમાણે પર્યાવરણની જે અસરો થાય છે એમાં, નેશનલ એન્વાયર્મેન્ટ એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ નાગપુર, નેશનલ સેન્ટર ફોર સસ્ટેઇનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ ચેન્નાઇ, ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેઝર્ટ ઇકોલોજી ભુજ કામગીરી કરી રહી છે. જે આપણી સામાજિક અસરો થવાની છે એમાં, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રિસર્ચ- બેંગ્લોર કામગીરી કરી રહી છે. કાનૂની, નાણાકીય અને સલામતી બાબતોમાં, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, બેંગ્લોર અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર કામગીરી કરી રહી છે. એ જ પ્રમાણે જી.આઇ.એસ. દસ્તાવેજિક અને દેખરેખમાં, નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રિસર્ચ એન.સી.સી.આર. ચેન્નાઇ કામગીરી કરી રહી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આદરણીય સ્વ. શ્રી કેશુબાપાની આ કલ્પસર યોજનાની કલ્પના હતી. આજે ૨૭ વર્ષ પૂરાં થયાં ત્યાં સુધી આ કલ્પના પૂરી થઇ નથી. આ યોજના લોકોને જબરજસ્ત ઉપયોગી છે. અમે ખાડી વિસ્તારમાં રહીએ છીએ. અમારો જંબુસર, ભરૂચ કે આણંદ જિલ્લો હોય, તે સમગ્ર વિસ્તારમાં ખારાશના લીધે આજે ૨૦૦૦ ટી.ડી.એસ. જેટલું પાણી પીએ છીએ. અમારો બદરપુર-તીથોરનો જે આડબંધ છે એને ઝડપથી માનનીય મંત્રીશ્રી કરવા માગે છે કે નહી?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ કલ્પસર યોજનામાં વિલંબ થવાના મારી પાસે કારણો છે. આ યોજનાની શરૂઆત વર્ષ ૧૯૬૯ના દાયકાથી થયેલી હતી. પરંતુ કલ્પસર યોજના એ અભૂતપૂર્વ, તાંત્રિક અને અત્યંત જટિલ યોજના છે. આવી વિશિષ્ટ યોજનાના અભ્યાસોનો શરૂઆતથી લઇને કાર્યન્વિત કરવા સુધીનો તબક્કો ઘણો પડકારરૂપ હોય છે. ખાસ કરીને, જયારે ભારતમાં આ પ્રકારની કોઇપણ યોજના થયેલ ન હોય અને વિશ્વમાં પણ આવી જૂજ યોજના કાર્યન્વિત હોય ત્યારે સમગ્ર અભ્યાસ જટિલ અને સમય માંગી લે તેવો હતો. ખંભાતના અખાતમાં દુનિયામાં બીજા નંબરનો સૌથી વધુ ભરતી તફાવત ૧૧ મીટર જેટલો છે. દરિયામાં મોજાની ઝડપ પર સેકન્ડે ૩ મીટર જેટલી છે. દુનિયામાં આજ સુધી કલ્પસર જેવો બંધ ખંભાતનો અખાત, દરિયાઇ વધુ ભરતીવાળી પરિસ્થિતિમાં બંધાયેલ નથી. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩માં પ્રાથમિક અભ્યાસોની કામગીરી ચાલુ કરી હતી અને મોટાભાગના અભ્યાસો વર્ષ ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થયેલ હતા. જેમાં આલેખન માટે બંધની પથરેખા ખંભાત અખાતમાં ખૂબ પડકારજનક હતી. જીઓ ટેકનીકલ સંશોધન અને અભ્યાસ, ૧૦૦ થી ૨૦૦ મીટર ઉંડાઇના દરિયામાં ૫૧ જેટલા હોલ કરીને કુલ ૨૯૮૫ મીટર ડ્રિલિંગ કરી સેમ્પલ લેવા બાબતની કામગીરી વર્ષ ૨૦૨૧માં પૂર્ણ થયેલ હતી. વર્ષ ૨૦૦૩ થી વર્ષ ૨૦૨૧ સુધી હાથ ધરાયેલ તબક્કાવાર અભ્યાસોની વિગત આ પ્રમાણે છે. ડેમ જળાશયની આજુબાજુના વિસ્તારમાં ટોપોગ્રાફીનો ૦થી ૧૦ મીટર સુધીનો સર્વે, સર્વે ઓફ ઇન્ડિયા, એસ.ઓ.આઇ.એ કરેલ છે. એ વર્ષ ૨૦૦૩ થી વર્ષ ૨૦૦૮માં પૂર્ણ કરેલ છે. મેથેમેટિક સર્વેક્ષણ જૂની પથરેખા ઘોઘા-દહેજ ઉપર હતી. જે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓસન ટેકનોલોજી, એન.આઇ.ઓ.ટી. ચેન્નાઇ દ્વારા વર્ષ ૨૦૦૪ થી વર્ષ ૨૦૦૫માં પૂર્ણ કરવામાં આવેલ છે. ફિઝીશન સિરીઝના અભ્યાસો ઇન હાઉસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૬ થી વર્ષ ૨૦૦૮માં પૂર્ણ કરવામાં આવેલ છે. પવનઊર્જાના પ્રાથમિક અભ્યાસો ઇન હાઉસ વિભાગ, સુઝલોન દ્વારા વર્ષ ૨૦૦૮ થી વર્ષ ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે. એ જ પ્રમાણે યોજનાના સ્ત્રાવ ક્ષેત્રને નદીઓમાંથી ઉપલબ્ધ થનાર પાણીના આવરા અંગેના મધ્યસ્થ આલેખન તંત્રના અભ્યાસો, મધ્યસ્થા આલેખન તંત્ર સી.ડી.ઓ. ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૦૮ થી વર્ષ ૨૦૧૨ સુધીમાં કરવામાં આવેલ છે. એ જ પ્રમાણે બેઝ લાઇન ડેટા કલેકશનના અભ્યાસો સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ સી.એસ.એમ.સી.આર.આઇ., ભાવનગર

દ્વારા વર્ષ ૨૦૦૯ થી વર્ષ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે. એ જ પ્રમાણે કોલમ નંબર ૭, મીઠાના અગરોનો અભ્યાસ સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, સી.એસ.એમ.સી.આર.આઇ, ભાવનગરે કરેલ છે. મેન્યુજન અભ્યાસો સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, સી.એસ.એમ.સી.આર.આઇ. ભાવનગરે વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૬માં કરેલ છે, એ જ પ્રમાણે બન્ને, હયાત અને સૂચિત નવા બંદરો પર થનારી અસર, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓસીઆનોગ્રાફી, એન.આઇ.ઓ. ગોવા, અને નેશનલ એન્વાયર્મેન્ટ એન્જિનિયરિંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ નાગપુરે કરેલ છે. લિસ્ટ લાંબુ છે.

અધ્યક્ષશ્રી : કેટલું લાંબુ છે?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી. ઘણું લાંબુ છે.

અધ્યક્ષશ્રી : શ્રી રાજેન્દ્રભાઇ, તમને માનનીય મંત્રીશ્રી આપી દેશે. સવાલ ઘણા લોકોને પૂછવાના છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : જી, માનનીય અધ્યક્ષશ્રી.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ખંભાતમાં અને મારા ખંભાતના અખાતમાં આટલું મોટું મીઠા પાણીનું સરોવર બને અને એના થકી પીવાના પાણીની તંગી વેઠતું સૌરાષ્ટ્ર અને મારું મધ્ય ગુજરાતને આ યોજના થકી અનેક લાભો થવાના છે. ત્યારે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે આ યોજના થકી અગત્યના કયા કયા લાભો થશે?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ખાસકરીને આ સરોવર બનવાના કારણે જે મેક્સીમમ, સૌથી વધારે બેનિફિટ હોય તો એ વિસ્તારમાં સરોવર બનવાના કારણે ૭૦ થી ૮૦ કિલોમિટરનો જે ખારાપાટ વાળો વિસ્તાર છે તે નવસાધ્ય થશે. સૌરાષ્ટ્રના ઘણા બધા જિલ્લાઓને તેનો લાભ થવાનો છે ત્યારે આદરણીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે કે કલ્પસર યોજનાના થનાર લાભો શું છે? તો સિંચાઇ અને પીવાના હેતુસર પાણી આપવાની આ યોજના છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનો રાઉન્ડ છે તે ૧૩૬ કિલોમિટરનો ઘટાડો થવાનો છે, એ જ પ્રમાણે ૧ લાખ ૨૦ હજાર હેક્ટર જેટલી જમીનનું નવસાધ્યકરણ થવાનું છે. બંધના નીચાણ વાળા ખંભાત અને અખાતના બંદરોનો વિકાસ થશે. પવન અને સૌર ઉર્જા જેવા બિન પરંપરાગત ઉર્જાના વિકાસની સંભાવના છે અને પ્રવાસનનો પણ વિકાસ થવાનો છે. અને ખારાશ પણ ઘટશે.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મારા સાથી ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ પરમાર સાહેબે વાત કરી, તો મારો માનનીય મુખ્યમંત્રી સાહેબને પત્ર હતો. અમારું તીથોર-બદરપુર આડબંધ છે તે બાબતમાં કલ્પસર યોજના થવાથી એ હેતુ સંતોષાશે એવો જવાબ મળ્યો છે. પરંતુ કલ્પસર યોજના આજે ૨૭ વર્ષ થયાં છે અને કેટલો સમય લાગશે એનો પણ કઇ ચોક્કસપણે સચોટ જવાબ મળ્યો નથી. એટલે જંબુસર, પાદરા, બોરસદ, આંકલાવ આ તમામ વિસ્તારોને આ ખારાપાટનો ખૂબ મોટો પ્રશ્ન છે તેથી માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપ કરશે કે આ તીથોર-બદરપુર આડબંધ કે જયાં દાંડી પણ બની શકે તેમ છે અને કોઝવે પણ બની શકે એમ છે. ગાંધીજીની ૧૨૫મી જન્મ જયંતિ આપ લોકોએ ગયા વર્ષે પણ ઉજવી, ત્યારે ગાંધીજીના વિચારો સાથે આપણે સંકળાયેલા છીએ ત્યારે આ દાંડીપથ કોઝવે પણ કરી શકાય અને તીથોર-બદરપુર આડબંધ પણ બની શકે, તો આ બાબતે મંત્રીશ્રી જણાવવા કૃપ કરશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અકલ્પિત કલ્પનાને સાકાર કરતી કલ્પસર યોજના, વર્ષો જૂનું આપણું સ્વપ્ન, સૌરાષ્ટ્ર અને ભરૂચ એ બેને પણ જોડાય, રસ્તો પણ ટૂંકો થાય, ઇરિગેશન પણ થાય અને મીઠા પાણીનું સરોવર પણ થાય, આ બધી કલ્પના સાથે શ્રી કેશુભાઇએ કલ્પના કરી હતી, પરંતુ વર્ષ ૨૦૦૪માં પ્રથમ વખતે આની શરૂઆત આદરણીય નરેન્દ્રભાઇએ કરી. આના માટે ડબલ એ અને જે બીજી કાર્યવાહી કરવી પડે તે કાર્યવાહી કરી. વર્ષ ૨૦૦૪ થી ૨૦૨૧ સુધી આ દુનિયામાં પ્રથમ ખૂબ તોફાની દરિયાની અંદર ટાઇડલ પણ લગભગ ૯ થી ૧૧ મીટરનું, એનો અભ્યાસ એ સતત ચાલતો રહ્યો. આ વખતે જ તે અભ્યાસ પણ આપણે પૂરો કર્યો છે. એના પછી કેન્દ્રની આપણી સંસ્થા મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સને આ ડી.પી.આર. બનાવવાની આપણે કામગીરી સોંપી છે. મિનિસ્ટરી ઓફ અર્થ સાયન્સે એના નીચે ટેકનિકલ વિભાગો સાથે સંકલન કરી આનો અભ્યાસ પણ સોંપ્યો છે. આ ડિસેમ્બર,૨૦૨૨ સુધીમાં આપણી કલ્પના છે કે આપણા સુધી આ ડી.પી.આર. આવી જશે. ૧ લાખ ૧૦ હજાર કરોડ રૂપિયાનો અંદાજીત ખર્ચ થવાનો છે. ૮,૦૦૦ એમ.સી.એમ. પાણી મળવાનું છે અને સાથે ૧૦ હજાર હેકટરમાં સિંચાઇ કરી શકીએ એટલો મોટો ફાયદો પણ થવાનો છે. પરંતુ મહત્ત્વનો ફાયદો છે કે સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાત વચ્ચેનું અંતર ઘટાડતો અને આ ૨૯ કિલોમિટર લાંબો રોકફીલ્ડ છે એટલે માટી અને પથ્થરની વચ્ચે સ્પીલવે છે ,જેની અંદર આપણે સિમેન્ટ કૉંક્રેટથી કામ કરીશું. હવે જે ૨૭ વર્ષ થયાં, ૨૭ વર્ષ થાય એમ કહે છે પરંતુ દુનિયામાં કોઇ દરિયામાં ન બંધાયો હોય એ પ્રકારના આ બંધ માટે એની ટેકનિકલી અને મજબૂતાઇ માટે એના અભ્યાસો ખૂબ જરૂરી હતા. પ્રથમ વખત બની રહ્યો હતો અને પ્રથમ વખત જયારે બનતો હોય એટલે ભવિષ્યમાં પણ ૯-૧૧ મીટર સુધીના ટાઇડલ અને ત્યાં ભરતી એટલી બધી તોફાની છે અને એના કારણે એને નુકસાન ન થાય એ માટે આપણે એન્સ્યોર થઇ શકીએ અને આપણને ખાતરી પણ થાય કે હવે ડી.પી.આર. બનવાની પરિસ્થિતિમાં આપણે આવી ગયા છીએ અને આ ડિસેમ્બર,૨૦૨૨ અંતિત આપણો આ ડી.પી.આર. પણ આપણને મળી જાય એમ છે અને ભવિષ્યની અંદર સરકારની કલ્પના મેં કહ્યું એમ કલ્પના પણ ન કરી શકાય એવી આ કલ્પસર યોજના આ રાજય સરકાર અને ભારતીય જનતા પાર્ટીનું કમિટમેન્ટ છે અને એના માટે આગળ વધી રહી છે.

ચૈત્ર ૧૦, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અગાઉના મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ હતા ત્યારે આ ખંભાતને કલ્પસર યોજનામાં મીઠા પાણીનું સરોવર બનાવવા અને બંદર બનાવવાની જાહેરાત થઇ હતી. ત્યારપછી ગઇ ચૂંટણીમાં તે વખતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને હાલના વડાપ્રધાન એમણે પણ આ જાહેરાત કરેલી. આ જાહેરાત થયે ૨૫ વર્ષ થયાં છે છતાં હજુ સુધી આ કામ ચાલુ થયું નથી , પણ આ કામનું સર્વે અને પ્લાન એસ્ટીમેટ કરવા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને આવાં *(xxx) કારણો શાં છે અને યોજના ચાલુ કરવા માગો છો કે કેમ? કયારે એ પૂર્ણ કરવા માગો છો. મંત્રીશ્રી સાચો જવાબ આપશે તો તારાપુર તાલુકાનો અને ખંભાત તાલુકાનો પહેલા એક જ તાલુકો હતો. જિલ્લા વિભાજન પછી ૨૦ કિલોમિટર દૂર થાય તો મને આનંદ થશે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આ કલ્પસર યોજના જયાં બનાવીએ છીએ. આ કંઇ મકાન બનાવવાનો વિષય નથી. પ્લાન બનાવ્યો અને બીજે દિવસે કડીઆ લગાવી દીધા. આખી દુનિયાની અંદર અજીબો કહી શકાય એ પ્રકારની આ દરિયામાં બંધ બાંધવાની આ યોજના છે. એ યોજના તમે કહો છો કે કાલેને કાલે ચાલુ કરી દો, કેટલા સમયમાં ચાલુ થઇ જશે. આની અંદર ખૂબ વિગતવાર અભ્યાસને અંતે હવે એ અભ્યાસો તૈયાર થયા છે અને એ અભ્યાસો કેન્દ્ર સરકારમાં મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સને સોંપ્યા છે અને એકાદ વર્ષની અંદર એનો વિગતવાર ડી.પી.આર. આપણને મળવાની તૈયારીમાં છે ત્યારે તમારે વધાવવો જ જોઇએ. ભલે મોડું થયું. અભ્યાસની અંદર મોડું થયું છે. દુનિયાની અંદર અજુબા કહી શકાય એ પ્રકારનો આ ડેમ બનવા જઇ રહ્યો હોય અને ગુજરાતે સૌરાષ્ટ્રને અને દક્ષિણ ગુજરાતને ખૂબ મોટો ફાયદો થતો હોય તો એમને તો એવું કહેવું જોઇએ કે જેટલું શકય હોય એટલુ તમને ભલામણ છે વિનંતી છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ઝડપથી એ ચાલુ કરે એટલું કહે તો ખરા અર્થમાં કહેવાશે નહિ તો પાણીમાંથી પોરા કાઢવાની વાત છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કેટલો ખર્ચ થયો છે એનો જવાબ નથી આપ્યો.

અધ્યક્ષશ્રી : તમારો વિસ્તાર લેવાનો જ છે. એનો પછી અભ્યાસ કરશે એવું મંત્રીશ્રીએ કહ્યું છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રીએ કહ્યું કે ખર્ચ કેટલો થયો છે તો ૨૧૬ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે અને કેટલા સમયમાં પૂર્ણ થશે, તો ડી.પી.આર. બન્યા પછી પાછળની પ્રોસેસ લાંબી છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર સૌરાષ્ટ્ર અને અમારા ભાવનગર જિલ્લાને ખાસ લાભકર્તા યોજના છે. આના વિષે ઘણું બધું કહેવાયું છે. વાહનવ્યવહારમાં ભાવનગરથી સુરત, દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્ર-મુંબઇનું અંતર ઘટવાનું છે ત્યારે ૨૧૬ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. હું જાણવા માગું છું કે ખરેખર આનું ખાતમુહૂર્ત આપ ક્યારે કરવા માગો છો અને ખરેખર ક્યારે થઇ શકે તેમ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આ જે તારીખ આપવાની છે, લગ્નનું મુહૂર્ત જોતા હોઇએ કે સગાઇનું મુહૂર્ત જોતાં હોઇએ એવું ન હોય. આનો ડી.પી.આર. બને, ટેક્નિકલી ડીટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ બન્યા પછી ખાતમુહૂર્ત થઇ શકે. તેના માટેના જરૂરી અંદાજો છે. અત્યારે મારા જાણવામાં છે એ પ્રમાણે કહું છું. ૧ લાખ ૧૦ હજાર કરોડ રૂપિયાના ખર્ચે આપણે બાંધવા જઇ રહ્યા છીએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ખાતમુહૂર્તની તારીખ ન આપી શકે. આટલો મોટો પ્રોજેક્ટ છે. બધા સમજી શકો છો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. મુરબ્બી કેશુભાઇ પટેલની કલ્પનાને કાગળ ઉપર લાવો. પાંચ-પાંચ ચૂંટણીઓ થઇ. હવે કાગળમાંથી તેને બહાર લાવવાના દિવસોની આખું ગુજરાત અને વિશ્વ રાહ જુએ છે. છેલ્લી પાંચ ચૂંટણીઓ આના પર લડાઇ અને છઠ્ઠી ચૂંટણી પણ ડી.પી.આર.ના બહાને લડવા નીકળવાના છીએ. મારે મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે કોઇ પણ યોજનાની પહેલી શરૂઆત કે વિચાર કરીએ ત્યારથી તેના સર્વેથી લઇને પૂર્ણ કરવા સુધીના સમયગાળાનો વિચાર કર્યો હોય. આજે આપણે ડી.પી.આર. બનવાના તબક્કામાં છીએ. ડી.પી.આર. ક્યારે બનીને આવશે? ત્યાર પછીના તબક્કા કયા કયા છે અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનો ટાર્ગેટ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ડી.પી.આર.માં કોઇ સમય મર્યાદા ન હોય, પરંતુ અંદાજિત મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સે જે વાત કરી છે તે પ્રમાણે ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં ડી.પી.આર. મળે તેમ છે. તેના પછી ટેકનિકલી જે કંઇ જરૂર પડે તેમ તબક્કાવાર કામગીરી ચાલુ થશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વર્ષ ૨૦૦૩માં કલ્પસર યોજનાને મંજૂરી આપવામાં આવી. ૧૯ વર્ષ જેટલો સમયગાળો થઇ ગયો અને ૧૯ વર્ષના સમયગાળા પછી આપણે ડી.પી.આર. પર અટકેલા છીએ. હજી પણ આપના જવાબમાં માનનીય મંત્રીશ્રી, આપ એમ કહી રહ્યા છો કે કોઇ તાંત્રિક ખામી આવે, સાયંટિફિક કોઇ ખામી આવે, હજી તો તમે ખામીઓની વાત કરો છો. તમે કેવી રીતે નક્કી કરશો કે ડી.પી.આર. ડિસેમ્બર-૨૦૨૨માં આવી જ જવાનો છે. બીજું, કલ્પસર યોજના જ્યારે આ વિધાનસભાગૃહમાં મૂકાઇ ત્યારે ૬૫,૦૦૦ કરોડ રૂપિયાની હતી. તમે અત્યાર સુધીમાં ફક્ત ૨૧૬ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. અત્યારે માનનીય મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કે ૧ લાખ, ૧૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. હજી તો યોજના કાગળ ઉપરથી જમીન ઉપર આવી જ નથી. શ્રી કેશુબાપાની કલ્પના કાગળ ઉપર જ છે. એ પહેલાં તમે આટલા બધા ખર્ચનો અંદાજ કેવી રીતે લગાવ્યો? તમારી પાસે જ્યારે ડી.પી.આર. રિપોર્ટ નથી તો ખર્ચનો અંદાજ કેવી રીતે લગાવી શકો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાત કરી કે ૬૫ હજાર કરોડ હતા અને મેં જવાબ આપ્યો કે ૧ લાખ ૧૦ હજાર કરોડ રૂપિયા. જ્યારે નર્મદા બંધની શરૂઆત કરી એ વખતે જો તમે સમયસર પૂરી કરી હોત અને બધાએ રોડાં ન નાખ્યા હોત તો એ ઓછા રૂપિયામાં જે તે વખતે નર્મદા બંધ બંધાઇ જતો.

અધ્યક્ષશ્રી : ૨૬૧ કરોડ રૂપિયા ક્યાં ખર્ચ થયો એ પૂછે છે. વિલંબ થાય એટલે બજેટ વધી જાય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છઠ્ઠી પી.એમ.સી. મિટિંગ એમ.સી.સી.આર. ચેન્નાઇ મુજબ કલ્પસર પ્રોજેક્ટના વિવિધ વિભાગો જેમાં ડેમ ૪૭ હજાર કરોડ રૂપિયા, ઈરીગેશન માટે ૩૦ હજાર, સ્પીલ-વે માટે ૧૮ હજાર કરોડ રૂપિયા અને પવન અને સૌર ઉર્જા માટે ૧૫ હજાર કરોડ રૂપિયા એમ કુલ ૧ લાખ ૧૦ હજાર કરોડનો ખર્ચ છઠ્ઠી પી.એમ.સી. મિટિંગમાં અંદાજેલો છે. જે વાત કરી કે જુદી જુદી મંજૂરીઓ કઇ લેવાની થાય તો કેન્દ્ર સરકારમાંથી બધી મંજૂરીઓ લેવાની થાય. એમાં મિનિસ્ટ્રી ઓફ એન્વાર્યમેન્ટ, ફોરેસ્ટ એન્ડ ક્લાયમેટ ચેન્જ, પર્યાવરણને લગતી, સી.આર.ઝેડને લગતી મંજૂરીઓ લેવાની થાય. મિનિસ્ટ્રી ઓફ જળશક્તિ ડી.પી.આર. બનાવ્યા બાદ યોજનાની મંજૂરી પણ ત્યાંથી લેવાની થાય. મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સની સુરક્ષા માટેની આપણે મંજૂરી લેવી પડે છે. મિનિસ્ટ્રી ઓફ ઇકોનોમિક્સ અફેર્સ, યોજના માટે આંતરરષ્ટ્રીય સંસ્થાઓ, બેન્કો પાસેથી આપણે નાણાકીય લોન લેવી હોય અને સ્વભાવિક છે કે મોટી યોજના છે એટલે નાણાકીય લોન લેવી પડે. એના માટેની જરૂરી મંજૂરીઓ લીધા પછી કલ્પના ન થઇ શકે એ ભારતીય જનતા પાર્ટીએ કલ્પના કરી છે અને આ કલ્પસર બનાવવાનું સ્વપ્ન તો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ પૂરું થવાનું છે. અવાર-નવાર મોડું થયું, મોડું થયું કહે છે, પણ આખી દુનિયામાં પહેલી વખત બનતી આ યોજના છે અને એ પણ તોફાની દરિયામાં અમે કરતાં હોઇએ ત્યારે એના અભ્યાસમાં સમય લાગી શકે. એમને અહીંયા પહોંચવું છે પણ એમાં ૨૭ વર્ષ થઇ ગયાં અને હજી પણ કેટલાં વર્ષ થશે એની ખબર નથી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બહુ સાચો જવાબ આપ્યો છે કે મોટી યોજના છે એટલે વર્ષ ૧૯૯૪માં માનનીય શ્રી કેશુભાઇ પટેલે જે કલ્પના કરેલી એના ફિઝિબિલિટી રિપોર્ટ સુધી ૨૮ વર્ષમાં લાવી શક્યા છીએ. સાચી વાત છે. આપ કહો છો કે *(xxx) પણ અમે નથી કાઢતા એટલે એ શબ્દો પાછા ખેંચજો. હવે મારી વાત એ છે કે કલ્પસર યોજના જેવી જ નર્મદા યોજના હતી. નર્મદા યોજનામાં તો પર્યાવરણવાદીઓ પણ નડ્યાં અને સુપ્રીમ કોર્ટ સુધીના કેસો પણ થયા. તેમ છતાં કોંગ્રેસે વર્ષ ૧૯૬૦ થી ૧૯૮૫ સુધીમાં ૮૫ મીટરનો પાયો અને ૮૫ મીટરની હાઇટ એમ કુલ ૧૭૦ મીટરનું કામ કર્યું હતું એ વાત ગૃહને કરવી જોઇએ. મારો પ્રશ્ન છે કે ૨૮ વર્ષમાં ફક્ત પ્રી-ફિઝિબિલિટી રિપોર્ટથી ફિઝિબિલિટી રિપોર્ટ સુધી આવ્યા છો અને ત્યાંથી આ કલ્પના પરિપૂર્ણ કરશો, ત્યારે નર્મદા યોજનાની જે કલ્પના જવાહરલાલ નહેરુએ અને સરદાર પટેલે પૂરી કરી એનાથી ડબલ વર્ષ થશે, અડધા વર્ષ થશે કે કેટલા થશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર રહે, આ ગુજરાતની જનતાના ધ્યાન ઉપર રહે એટલા માટે હું સ્પષ્ટતા કરું છું કે, નર્મદાની કલ્પના સરદાર વલ્લભભાઇ પટેલની હતી. જવાહરલાલ નહેરુની ન હતી. જવાહરલાલ નહેરુએ તો ખાતમુહૂર્ત કર્યું અને ગુજરાત આગળ ન વધે એ માટે મંજૂરીઓ ન આપી. એ પછી વર્ષ ૧૯૯૫માં અમારી સરકાર આવી એ પછી મંજૂરીઓ મળી અને માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા પછી દરવાજાની મંજૂરી મળી અને પછી યોજના પૂરી થઇ. એટલે આમાં જવાહરલાલ નહેરુને ક્રેડિટ આપવાની કોઇ જરૂર નથી. સંપૂર્ણ ક્રેડિટ આપણે સરદાર વલ્લભભાઇ પટેલને જ આપવાની છે અને એના માટે એ જ હક્કદાર છે. બીજા ભાઇકાકા, એન્જિનિયરિંગ સાઇડે એમની જવાબદારી હતી. એટલે જવાહરલાલ નહેરુજીને વચમાં નહીં લાવો તમે... (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીને સી.જે. ચાવડાજીનો જવાબ આપવા દો.. (અંતરાય) એમનો પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન હતો. માનનીય મંત્રીશ્રી, એમનો જવાબ શોર્ટમાં આપો... (અંતરાય) માનનીય ચાવડાજી...

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતને આઝાદી મળ્યા પછી આ દેશમાં જેટલી નદીઓ હતી. હીરાકુંડ યોજના જેવી મહાકાય યોજના, ક્રિષ્ણા નદી પરની યોજના, નર્મદા નદી પરની યોજના, અમારા સરદાર વલ્લભભાઇ પટેલ પણ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ૨૫ વર્ષ સુધી પ્રમુખ રહ્યા છે અને કોંગ્રેસની કલ્પના છે. અમારી કલ્પના છે. કોંગ્રેસની કલ્પના છે એમાં જવાહરલાલ નહેરુ પણ આવે, મહાત્મા ગાંધી પણ આવે, સરદાર વલ્લભભાઇ પટેલ પણ આવે, બાબાસાહેબ આંબેડકર પણ આવે. શ્રી નીતિનભાઇ પટેલ, તમે અમારા જે માણસો કોંગ્રેસના આગેવાનો અને કોંગ્રેસના આગેવાનોના જે સ્વપ્નો છે એ તમારામાં સાચા ઠેરવવાનો પ્રયત્ન ન કરો. ગુજરાતની પ્રજા જાણે છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, શ્રી ચાવડાજીએ પહેલા જે પ્રશ્ન પૂછયો છે એનો જવાબ આપો. આપ બેસો બધા... (અંતરાય) મંત્રીશ્રી જવાબ આપશે. આપ સૌ બેસો... (અંતરાય) પ્રશ્નોત્તરી ચાલે છે. મારું સાંભળો. બધા બેસો. પ્લીઝ બેસો. સૌ બેસો.. (અંતરાય) સૌ બેસો. હું ઉભી છું બધા બેસો. હું એનો ખુલાસો કરું છું. બેસો બધા. આપ બેસો બધા. પ્લીઝ, બેસો. હું કહું છું. ચાવડાજી, આપના બધા સભ્યોને બેસાડો.. (સૂત્રોચ્ચાર) પ્લીઝ બેસો. શ્રી નૌશાદભાઇ, આપની જગ્યાએ જાવ. (અંતરાય) શ્રી નૌશાદભાઇ, આપની જગ્યાએ જાવ. શ્રી નૌશાદભાઇ, હું ઉભી છું. આપની જગ્યાએ જાવ. પ્લીઝ સૌ પોતપોતાની જગ્યાએ બેસી જાવ. પ્લીઝ. બધા પોતાની જગ્યાએ બેસો. હું બોલી લઉં પછી. હું કહું છું. સૌ બેસો. અહીંયા જે ચર્ચા થઇ શ્રી શશીકાંતભાઇ, બેસો. શ્રી હિતુભાઇ બેસો, શ્રી પરેશભાઇ, આપ સૌ બેસો પહેલા. બેસો. પહેલા હું મારી વાત કરી લઉં, પછી બધાને તક આપું છું. સૌ બેસો. બહુ અગત્યનો કલ્પસરનો વિષય છે. બહુ લાંબી ચર્ચા કરી છે. અહીંયા જે પોઇન્ટ ઓફ કલેરીફિકેશનમાં શ્રી નીતિનભાઇએ પોતાના વિચારો રજૂ કર્યા, શ્રી ચાવડાજીએ પોતાના વિચારો રજૂ કર્યા. આ પ્રશ્નોત્તરી એ ચર્ચાનો સમય નથી. શ્રી સી.જે. ચાવડાજીએ પૂછેલા પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે. (અંતરાય) માનનીય મંત્રીશ્રી, કોઇ નહીં હવે. ખુલાસો થઇ ગયો... (સૂત્રોચ્ચાર) બેસો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ શ્રી ચાવડાજીનો જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે લેટ થવાનાં કારણો છે એની અંદર પણ જે આ મીઠા પાણીનું સરોવર બનવાનું છે, એના નીચેના ભાગમાં પણ કેટલાય દેશોનો વિરોધ છે. યુરોપીયન અને એ બધા દેશોનો એટલે પર્યાવરણની દ્રષ્ટિએ અને સુરક્ષાની દ્રષ્ટિએ આ બધા કારણે આ યોજના લેટ થતી આવી છે. (સતત અંતરાય)

( આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ વેલમાં ધસી આવ્યા)

અધ્યક્ષશ્રી : આપ કોઇ વેલમાં ન આવો. પ્લીઝ, બેસો. માનનીયશ્રી નીતિનભાઇ, પછી જેને બોલવું હોય એને તક આપું છું. માનનીય શ્રી નીતિનભાઇ, અંદર અંદર ચર્ચા ન કરો. પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સરદાર વલ્લભભાઇનું અવમૂલ્યન કરે છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ અંદર અંદર ચર્ચા ન કરો. આપ જે કહેવું હોય એ બોલો. સૌ પોતપોતાની જગ્યાએ બેસો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અરે, ગુજરાતીઓને શરમ આવવી જોઇએ.

અધ્યક્ષશ્રી : સૌ પોતપોતાની જગ્યા ઉપર જાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: સરદાર વલ્લભભાઇનું અવમૂલ્યન કરો છો તમે.. (અંતરાય) કંઇ જરૂર નથી. હું પહોંચી વળું એવો છું... (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી નીતિનભાઇ, આપ બોલો. માનનીયશ્રી નીતિનભાઇ,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી સ્પષ્ટ વાત છે.

અધ્યક્ષશ્રી : આપ સૌ બેસો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારી સ્પષ્ટ વાત છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એડજોર્ન કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સરદાર વલ્લભભાઇનું નામ ઓછું કરવા માટે..

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીમાં હું આજે હાઉસ એડજોર્ન કરું છું. ૧૫ મિનિટ પછી હાઉસ મળશે.

( આ તબકકે સવારના ૧૧-૧૯ કલાકે સભાગૃહ ૧૫ મિનિટ માટે મુલત્વી રહ્યું)

**અતારાંકિત પ્રશ્નો**

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**કચ્છ જિલ્લાના અભયારણ્ય વિસ્તારમાં મંજૂર રસ્તાઓનાં કામો**

૪૨૭૬૫ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં કયા અભયારણ્ય વિસ્તારમાં કયા રસ્તાઓના કામો મંજૂર કરવામાં આવ્યા, | (૧) પરિશિષ્ટ મુજબ. |
| (૨) ઉક્ત રસ્તાઓની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) પરિશિષ્ટ મુજબ. |
| (૩) ઉક્ત રસ્તાની બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામા આવશે ? | (૩) વન વિભાગની મંજૂરી મળ્યેથી બનતી ત્વરાએ. |

**પરિશિષ્ટ**

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | તાલુકો | અભયારણ્યનું નામ | રસ્તાનું નામ | મંજૂર થયા તારીખ | કામની સ્થિતિ | વન વિભાગને દરખાસ્ત કર્યા તારીખ | દરખાસ્તની છેલ્લી પરિસ્થિતિ | બાકી કામગીરી પૂર્ણ કરવાનું આયોજન |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લખપત | નારાયણ સરોવર ચીંકારા અભયારણ્ય | વાઈડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ એમ.આર.એલ. ૦૨ સુભાષપર મીંઢીયારી પ્રાન્ધ્રો રોડ | ૨૭-૦૪-૨૦૨૦ | સાઈટ ક્લીયરીંગની કામગીરી પૂર્ણ કર્યા બાદ વન વિભાગ દ્વારા કામગીરી અટકાવેલ છે. | ૧૯-૦૫-૨૦૨૧ | નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, કચ્છ પશ્ચિમ વન વિભાગ-ભુજ ખાતે પડતર (ઓનલાઇન દરખાસ્ત નં. એફપી/જીજે/રોડ/૫૯૦૦/૨૦૨૧) | વન વિભાગની મંજૂરી મળ્યેથી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |
| ૨ | લખપત | નારાયણ સરોવર ચીંકારા અભયારણ્ય | દયાપર-સુભાષપર-પ્રાન્ધ્રો રોડ કિ.મી. ૦/૦ થી ૨૦/૦ (વર્ટીકલ કર્વ એન્ડ હોરિઝોન્ટલ કર્વ ઇમ્પ્રુવમેન્ટ એન્ડ વર્ક ઓફ રીસરફેસીંગ એન્ડ કન્સ્ટ્રક્શન ઓફ ન્યુ કલ્વર્ટ) | ૧૩-૦૩-૨૦૨૦ | ડામરકામની કામગીરી પૂર્ણ કર્યા બાદ બે સ્ટ્રક્ચરની કામગીરી કરવાના સમયે વન વિભાગ દ્વારા કામગીરી અટકાવેલ છે. | ૦૩-૦૧-૨૦૨૧ | મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, કચ્છ વન વર્તુળ -ભુજ ખાતે પડતર (ઓનલાઇન દરખાસ્ત નં. એફપી/જીજે/અધરસ/૫૫૪૫/૨૦૨૦) | વન વિભાગની મંજૂરી મળ્યેથી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

- - - - - - - - -

**સાવરકુંડલા તાલુકામાં રસ્તો બનાવવા બાબત**

૪૫૯૫૦ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા (એપ્રોચ)થી જીકીયાળી પંચાયત હસ્તકનો રસ્તો છેલ્લે ક્યારે બનાવવામાં આવ્યો, | (૧) તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ કામગીરી પૂર્ણ કરેલ હતી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ રસ્તો બિસ્માર હાલતમાં હોવાની કેટલી ફરિયાદો મળી અને ચાલુ કામ હતું ત્યારે રસ્તાની નબળી કામગીરી અંગેની કેટલી ફરિયાદો મળી, | (૨) પ્રગતિમાં હતુ તે દરમ્યાન રસ્તાની નબળી કામગીરી અંગેની કોઇ ફરિયાદ મળેલ નથી. કામ પૂર્ણ થયા બાદ ૨ ફરિયાદો મળી. |
| (૩) તે પૈકી મળેલ ફરિયાદ અન્વયે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરી, અને<br>(૪) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદ અન્વયે કેટલી વાર એજન્સી પાસે રીપેરીંગ કામ કરાવવામાં આવ્યું ? | (૩) અને (૪) કામ પૂર્ણ થયા બાદ તા.૦૪-૦૬-૨૦૨૧ અને તા.૧૩-૧૦-૨૦૨૧ના પત્રમાં ઉલ્લેખીત અગાઉ કરેલ મૌખિક રજૂઆત અન્વયે એજન્સીને નોટિસ આપી રસ્તામાં થયેલ નુકસાનનું રીપેર કરવા જણાવેલ, તે અન્વયે તા.૩૦-૦૬-૨૦૨૧ અને મૌખિક રજૂઆત સંદર્ભે તા.૦૯-૧૦-૨૦૨૧ એમ કુલ ૨ વાર એજન્સી પાસે અંદાજિત ૩૦૦૦ ચો.મી.માં પેચવર્ક અને પેવરપટાનું રીપેરીંગ કામ કરાવવામાં આવ્યું નબળી કામગીરીની ફરિયાદ બાબતે પ્રાથમિક તપાસની કાર્યવાહી પ્રગતિમાં છે. |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય**

૪૫૧૦૬ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે ? | ૧૨ |

- - - - - - - - -

**રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાનું આયોજન**

૪૫૮૬૮ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૨-૦૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૩૦૧૦ (અગ્રતા-૨૯૪)ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંબાજી, દ્વારકા, મોરબી, દહેજ, પાલિતાણા, ધોળાવીરા, રાજકોટ, અંકલેશ્વર, પરસોલી, રાજપીપળા, માંડવી, વણોદ(બેચરાજી) અને બગોદરા ખાતે રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કઈ એરસ્ટ્રીપનું કામ પૂર્ણ થયું, | (૧) ઉક્ત પૈકી માંડવી એરસ્ટ્રીપ કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી કયા તબક્કે છે, | (૨)<br>• અંબાજી, દ્વારકા, મોરબી, પાલિતાણા, રાજકોટ, અંકલેશ્વર, પરસોલી, રાજપીપળા, માંડવી, અને બગોદરા ખાતે એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br>• દહેજ અને ધોળાવીરા : યોગ્ય જમીન ઉપલબ્ધ નથી.<br>• વણોદ (બેચરાજી) : હવાઈપટ્ટી બાંધકામની કામગીરી પડતી મૂકવા નિર્ણય લેવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત પૈકી કઇ એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે અને બાકી એરસ્ટ્રીપને ક્યાં સુધીમાં વિકસાવવામાં આવશે, અને | (૩)<br>• ઉક્ત પૈકી માંડવી એરસ્ટ્રીપ કાર્યરત છે.<br>• બાકી એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી જમીન સંપાદન તેમજ ભારત સરકારનાં વિવિધ મંત્રાલયો તરફથી વૈધાનિક મંજૂરીઓ મેળવ્યા બાદ હાથ ધરી શકાય તેમ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત પેટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૪) |

| વર્ષ | ખર્ચ (રૂપિયા) |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | રૂ.૧,૦૮,૧૫,૫૧૫/- |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | રૂ.૯૦,૧૩,૯૪,૫૧૯/- |
| **કુલ** | **રૂ.૯૧,૨૨,૧૦,૦૩૪/-** |

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

૪૫૮૧૯ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કઈ-કઈ એપીએમસી આવેલ છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને | (૨)<br>➢ **જામનગર જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ-૬<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ-શૂન્ય<br>➢ **દેવભૂમિ દ્વારકા જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ-૩<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ-શૂન્ય |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ? | (૩)<br>➢ જામનગર જિલ્લો : શૂન્ય |

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

➢ દેવભૂમિ દ્વારકા જિલ્લો : શૂન્ય

**પત્રક-૧**

➢ **જામનગર જિલ્લામાં આવેલ એપીએમસી :**

(૧) બજાર સમિતિ, જામનગર,
(૨) બજાર સમિતિ, કાલાવડ,
(૩) બજાર સમિતિ, જામજોધપુર,
(૪) બજાર સમિતિ, ધ્રોલ,
(૫) બજાર સમિતિ, લાલપુર,
(૬) બજાર સમિતિ, જોડીયા.

➢ **દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ એપીએમસી :**

(૧) બજાર સમિતિ, ખંભાળીયા,
(૨) બજાર સમિતિ, ભાટીયા,
(૩) બજાર સમિતિ, ભાણવડ.

- - - - - - - - -

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ. માં મંજૂર મહેકમ**

૪૫૮૮૫ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. આવેલી છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪)ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે ભરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**સુરત આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ**

૪૫૦૮૫ **શ્રી કાંતીભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨માં સુરત આર.ટી.ઓ. કચેરીમાં કેટલા નવા લાયસન્સ ઈસ્યૂ કરવામાં આવેલ છે, અને | (૧) ૬૨૬૪૬ |
| (૨) કેટલા લાયસન્સ રીન્યૂ કરવામાં આવેલ ? | (૨) ૬૧૪૪૮ |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં માસ્ટર મેપિંગ**

૪૫૧૧૬ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભરૂચ જિલ્લામાં પાણીમાં મત્સ્યોદ્યોગ માટે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટરમાં માસ્ટર મેપિંગ કરવામાં આવેલ છે ? | ભરૂચ જિલ્લામાં પાણીમાં મત્સ્યોદ્યોગ માટે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૪૪૭.૦૦ હેક્ટરમાં માસ્ટર મેપિંગ કરવામાં આવેલ છે. |

**તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓને કામો સૂચવવા માટે આદેશ**

૪૫૮૭૯ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્ય સરકારે તાલુકા પંચાયતના પ્રમુખોને સરકારની વિકાસ કામોની ગ્રાન્ટોમાંથી કામો સૂચવવા માટે આદેશ કરેલ છે, તે | (૧) ના, જી. |

હકીકત સાચી છે,

(૨) જો હા તો, કેટલી રકમના કામો પ્રમુખ સૂચવી શકે અને બાકી રકમના કામો સૂચવવાના ધોરણો શા છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તાલુકા વિકાસ અધિકારીને આવા કામો બાબતે નિર્ણય કરવાની સરકારે સત્તા આપી છે કે કેમ ?

(૩) ના, જી.

- - - - - - - - -

## અનુસૂચિત જાતિના માછીમારો માટે જોગવાઇ

૪૫૧૧૭ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં અનુસૂચતિ જાતિના માછીમારો માટે વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી જોગવાઇ કરવામાં આવેલ છે, અને | (૧) રાજ્યમાં અનુસૂચિત જાતિના માછીમારો માટે વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૧૮૦.૦૦ લાખની અને વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૧૮૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. |
| (૨)તેની સામે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૬૭.૮૩ લાખ ખર્ચ અને વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૧૪૬.૭૬ લાખ ખર્ચ થયેલ છે. |

- - - - - - - - -

## ઉંઝા એપીએમસીમાં સેસ કૌભાંડ

૪૫૮૦૫ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૯-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૭૨૯૫ (અગ્રતા-૧૦૫)ના અનુસંધાને **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સન ૨૦૨૦ના વર્ષમાં ઉંઝા એપીએમસીમાં થયેલ ૧૫ કરોડના સેસ કેસ કૌભાંડની તપાસ ચાલુ હતી તે તપાસ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) તપાસ અહેવાલ ચકાસણીના તબક્કે છે. |
| (૨) ઉક્ત તપાસ કોને સોંપવામાં આવેલ છે, | (૨) નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી દ્વારા તા.૧૫-૦૯-૨૦૨૦ના પત્રથી નાયબ નિયામક, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાને તપાસ સોંપવામાં આવેલ છે . |
| (૩) ઉક્ત તપાસ કેટલા સમયમાં પૂર્ણ કરવાની છે, અને | (૩) આવી કોઇ સમયમર્યાદા નિયત થયેલ નથી. |
| (૪) ઉક્ત તપાસ સમયસર પૂર્ણ થયેલ ન હોય તો તેના કારણો શા છે ? | (૪) સદરહું બાબતે બજાર સમિતિ, ઉંઝાના કર્મચારી શ્રી સૌમિલ મફતલાલ પટેલ દ્વારા નામદાર જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટક્લાસ સાહેબની કોર્ટમાં ક્રિમિનલ તપાસ નં .૨ / ૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. જેમાં નામદાર કોર્ટ દ્વારા તા.૧૯-૦૫-૨૦૨૧ના રોજ હુકમ કરવામાં આવેલ. સદરહું હુકમ સામે સંબંધિત પ્રતિવાદીઓ દ્વારા નામદાર હાઇકોર્ટ સમક્ષ સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લિકેશન નં.૫૦૭૭/૨૦૨૧, ૫૦૭૯/૨૦૨૧ તથા ૫૦૯૭/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. સદરહું કેસોમાં નામદાર હાઇકોર્ટ દ્વારા બે કેસમાં Rule ઇસ્યૂ કરવામાં આવેલ છે, તેમજ વચગાળાની રાહત આપતા હુકમ પણ કરવામાં આવેલ છે.<br>સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લિકેશન નં.૫૦૭૯/૨૦૨૧માં નામદાર હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલ તા.૦૨-૦૬-૨૦૨૧ના હુકમ સામે શ્રી સૌમિલ પટેલ દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ એસ.એલ.પી. (ક્રિમિનલ) નં.૬૬૭૯/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. નામદાર સુપ્રીમ કોર્ટના તા.૦૧-૧૦-૨૦૨૧ના ઓર્ડર મુજબ પિટિશનર |

દ્વારા એસ.એલ.પી. પરત ખેંચતા એસ.એલ.પી. રદ કરેલ છે.

આમ, સમગ્ર બાબત હાલ 'સબજ્યુડીસ' છે.

- - - - - - - - -

**તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી**

૪૫૭૯૬ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પ્રવાસન પ્રભાગ હસ્તકના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/ આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન પ્રભાગના તાબા હેઠળના ગુજરાત પ્રવાસન નિગમ લિ.માં ૨૬૨ કર્મચારીઓની કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ભરતી કરવામાં આવી છે. |
| (૩) કોન્ટ્રાક્ટ/ આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શા છે ? | (૩) ગુજરાત પ્રવાસન નિગમ લિ.માં મંજૂર થયેલ મહેકમ સંબંધે સંવર્ગવાર ભરતી નિયમો તૈયાર કરવા તથા ભરતી પ્રક્રિયા હાથ ધરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. હાલમાં, અગત્યની કામગીરી સુચારૂરૂપે હાથ ધરી શકાય તે અર્થે તદ્દન હંગામી ધોરણે કોન્ટ્રાક્ટ તથા આઉટસોર્સિંગથી સેવાઓ મેળવવામાં આવે છે. વર્ગ-૪ સમકક્ષ જગ્યાઓ સંબંધે આઉટસોર્સિંગથી સેવાઓ મેળવવાની રહેતી હોઇ, આઉટસોર્સિંગથી ભરતી કરવામાં આવે છે. |

- - - - - - - - -

**વલસાડ અને તાપી જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

૪૫૮૬૨ **શ્રી સુનિલભાઇ ગામીત** (નિઝર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વલસાડ અને તાપી જિલ્લામાં કઇ-કઇ સહકારી અને ખાનગી એપીએમસી આવેલ છે, અને | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ? | (૨)<br>➢ વલસાડ જિલ્લોઃ શૂન્ય<br>➢ તાપી જિલ્લોઃ શૂન્ય |

**પત્રક-૧**

- **વલસાડ જિલ્લામાં આવેલ એપીએમસી :**
  - બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ :
    (૧) બજાર સમિતિ, વલસાડ,
    (૨) બજાર સમિતિ, પારડી,
    (૩) બજાર સમિતિ, કપરાડા,
    (૪) બજાર સમિતિ, ધરમપુર,
    (૫) બજાર સમિતિ, ઉમરગામ.
  - બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ :
    (૧) મા શારદા ક્રીએટર્સ એલ.એલ.પી., ઠાકુર કોમ્પ્લેક્ષ, ધરમપુર-વલસાડ રોડ, ધરમપુર
- **તાપી જિલ્લામાં આવેલ એપીએમસી :**
  - બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ :
    (૧) બજાર સમિતિ, વ્યારા,
    (૨) બજાર સમિતિ, નિઝર,

(૩) બજાર સમિતિ, કુકરમુંડા,
(૪) બજાર સમિતિ, વાલોડ,
(૫) બજાર સમિતિ, સોનગઢ,
(૬) બજાર સમિતિ, ઉચ્છલ.

- બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ- શૂન્ય.

---------

**દાહોદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા**

૪૫૧૨૬ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩)આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૮ | ૦૮ | ૦૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના**

૪૫૧૦૩ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાની લાખણી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પ્રભાગ માટે રકમની બજેટમાં જોગવાઇ**

૪૫૭૯૨ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩)ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧), (૨) અને (૩) પત્રક મુજબ.

**પત્રક**

તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પ્રવાસન પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર બજેટ જોગવાઇ, ફાળવેલ રકમ, વપરાયેલ રકમ, વણવપરાયેલ રકમ તથા રકમ વણવપરાયેલ રહેવાના કારણોની વિગતો દર્શાવતું પત્રક

**(રૂ. લાખમાં)**

| ક્રમ | નાણાકીય વર્ષ | બજેટમાં જોગવાઇ | ફાળવેલ રકમ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ | રકમ વણવપરાયેલ રહેવાના કારણો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૪૭૨૮૫.૪૦ | ૪૭૧૬૫.૪૦ | ૪૪૬૯૯.૮૯ | ૨૪૬૫.૫૧ | નિયત વહીવટી પ્રક્રિયા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | અનુસરવામાં લાગેલ સમય તેમજ રિટેન્ડરિંગ કરવાની જરૂરિયાતના કારણોસર. |
| ૨ | ૨૦૨૦-૨૧ | ૪૭૯૪૮.૩૩ | ૩૧૪૨૯.૯૮ | ૨૮૮૮૭.૨૦ | ૨૫૪૨.૭૮ | કોરોના મહામારીના કારણે તેમજ કેટલાક ટુરિઝમ યુનિટ્સ તરફથી સ્ટાર કેટેગરી સર્ટિફિકેટ રજૂ ન કરેલ હોઇ પ્રોત્સાહનોની ચૂકવણી ન થઇ શકેલ હોવાના કારણોસર. |

\- - - - - - - - -

**અમદાવાદ શહેરમાં શ્રમ કાયદાનો ભંગ**

૪૫૮૪૪ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં ઔદ્યોગિક એકમો દ્વારા શ્રમ કાયદાનો ભંગ થતો હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ઉકત સ્થિતિએ મળેલ ફરિયાદ અન્વયે વર્ષવાર કેટલા ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી,

(૩) તપાસ દરમ્યાન કેવા પ્રકારની ક્ષતિઓ સામે આવી, અને

(૪)તે અન્વયે ક્યા એકમ સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| **સમયગાળો** | **મળેલ ફરિયાદ** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૨૯૬૨ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨૮૬૯ |
| **કુલ** | **૫૮૩૧** |

(૨)

| **સમયગાળો** | **ઔદ્યોગિક એકમોની તપાસ** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૨૩૩૦ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૧૩૪૮ |
| **કુલ** | **૩૬૭૮** |

(૩) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી દ્વારા કરાયેલ ચકાસણીમાં કારખાના ધારા ૧૯૪૮ અને તે હેઠળના ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩, પગાર ચૂકવણી ધારા ૧૯૩૬ અને તે હેઠળના ગુજરાત પગાર નિયમો ૧૯૬૩ની જોગવાઈઓના ભંગ અંગેની ક્ષતિઓ તેમજ શ્રમ નિયામકશ્રીની કચેરી દ્વારા કરાયેલ ચકાસણીમાં શ્રમ કાયદાઓ અનુસાર પત્રકો ન નિભાવવા, પગાર ચૂકવણીમાં વિલંબ, લઘુતમ વેતન કરતા ઓછું વેતન, પગારની ચૂકવણી ન કરવી, ઓવરટાઇમની ચૂકવણી ન કરવી, બોનસની ચૂકવણી ન કરવી અથવા ઓછી ચૂકવણી કરવી, નોકરીમાંથી છૂટા કરવા અંગેની ક્ષતિઓ.

(૪) *પરિશિષ્ટ-૧ તથા *પરિશિષ્ટ-૨ મુજબ.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

\- - - - - - - - -

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં બાંધકામ મજૂરોના કલ્યાણ માટે ખર્ચ**

| ૨૬ | શ્રી જલારામ બાપા, શ્રી ભોજલરામ બાપા મંદિર, સેક્ટર-૭સી, મુ.ગાંધીનગર | રૂ.૩,૩૮,૮૯૬/- |

---------

**રાજ્યમાં માછીમારોને સલામતી સાધનો પર સહાય**

૪૫૧૧૮ **શ્રી અરવિંદભાઈ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં માછીમારોને દરિયામાં સલામતી માટેના સાધનો ઉપર કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કયા કયા સાધનો પર કેટલી સહાય આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તાઃ ૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ;
- લાઈફ જેકેટ માટે રૂ.૨૦,૦૦૦/- (૬-નંગ)
-લાઈફ બૉયા રીંગ્સ માટે રૂ.૧૦,૦૦૦/- (૨-નંગ)
ઈમરજન્સી લાઈટ માટે રૂ.૧૦,૦૦૦/- (૨-નંગ)નું એક યુનિટ ગણી યુનિટ કોસ્ટ રૂ.૪૦,૦૦૦/-ના ૫૦% લેખે મહત્તમ રૂ.૨૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.

---------

**વલસાડ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના**

૪૫૧૪૮ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૫૨૧ | ૪૩૧ | ૯૫૨ |
| ૨ | પારડી | ૨૯૩ | ૩૦૦ | ૫૯૩ |
| ૩ | વાપી | ૧૯૯ | ૧૯૪ | ૩૯૩ |
| ૪ | ઉમરગામ | ૨૫૭ | ૩૫૭ | ૬૧૪ |
| ૫ | ધરમપુર | ૪૪૯ | ૪૪૬ | ૮૯૫ |
| ૬ | કપરાડા | ૪૯૬ | ૩૯૯ | ૮૯૫ |
| | **કુલ** | **૨૨૧૫** | **૨૧૨૭** | **૪૩૪૨** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૩૩ | ૨૨૦ | ૪૫૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | પારડી | ૧૮૬ | ૧૮૨ | ૩૬૮ |
| ૩ | વાપી | ૧૧૩ | ૯૩ | ૨૦૬ |
| ૪ | ઉમરગામ | ૧૬૩ | ૧૪૦ | ૩૦૩ |
| ૫ | ધરમપુર | ૨૨૨ | ૨૨૨ | ૪૪૪ |
| ૬ | કપરાડા | ૨૨૪ | ૨૧૮ | ૪૪૨ |
| | **કુલ** | **૧૧૪૧** | **૧૦૭૫** | **૨૨૧૬** |

(૩) તે અન્વયે કયા કયા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) જોડાણ-૧ સામેલ રાખેલ છે.

| **જોડાણ-૧** | |
|---|---|
| ૧ | કડિયાકામ |
| ૨ | સેન્ટિંગ કામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રિપેરિંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઇલેક્ટ્રિક એપ્લાયન્સીસ રિપેરિંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી / વેલ્ડિંગ કામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સૂપડા બનાવનાર |
| ૧૬ | દૂધ-દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ / ઠંડા પીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચરકીટ |
| ૨૨ | ફ્લોરમિલ |
| ૨૩ | મસાલામિલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રિપેરિંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશ બનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટિંગ (વાળંદકામ) |

---------

**વલસાડ જિલ્લામાં રોડને પહોળો કરવાની મંજૂરી**

૪૫૧૪૪ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના મગોદ ડુંગરી રોડ કિ.મી. ૦/૦ થી ૪/૬ રસ્તાને પહોળો કરવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને — (૨) રૂ.૨૮૦.૦૦ લાખ.

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? — (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

- - - - - - - - -

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં રસ્તાના કામો**

૪૫૯૧૭ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૫૧૮૯ (અગ્રતા-૧૯)ના અનુસંધાને **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં ૨૭૩ રોડના નવીન જોબ નંબર ફાળવવામાં આવેલ તે પૈકી ૨૩૧ કામો બાકી હતા તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા કામો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પૂર્ણ થયા, | (૧) ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં ૨૭૩ રોડના નવીન જોબ નંબર ફાળવવામાં આવેલ તે પૈકી ૨૩૧ કામો બાકી હતા, તે પૈકી ગીર સોમનાથ જિલ્લાના ૭૫ કામો અને અમરેલી જિલ્લાના ૫૮ કામો. આમ, કુલ ૧૩૩ કામો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત કામો પૈકી જિલ્લાવાર કયા રસ્તાના કામો બાકી છે, અને | (૨) *પરિશિષ્ટ-મુજબ. |
| (૩) ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**પાકિસ્તાન દ્વારા પકડાયેલ માછીમારોના કુટુંબીજનોને સહાય**

૪૪૭૬૭ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ પાકિસ્તાન દ્વારા પકડાયેલ માછીમારો જેલમાંથી મુક્ત થાય ત્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા તેવા માછીમારોના કુટુંબીજનોના નિર્વાહ માટે કેટલી સહાય ચૂકવવામાં આવે છે, | (૧) રાજ્યમાં તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ પાકિસ્તાન દ્વારા પકડાયેલા માછીમારો જેલમાંથી મુક્ત થાય ત્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા માછીમારોના કુટુંબીજનોના નિર્વાહ માટે દૈનિક રૂ. ૩૦૦/-ની સહાય ચૂકવવામાં આવે છે. |
| (૨) ઉક્ત સહાયના દર ક્યારથી અમલમાં છે, | (૨) ઉક્ત સહાયના દરો તા.૦૧-૦૪-૨૦૧૯થી અમલમાં છે. |
| (૩) ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે ? | (૩) ઉક્ત દરોમાં છેલ્લે ઠરાવ ક્રમાંકઃ એફડીવી/૧૩૨૦૧૯/૩૧/૮, તા.૦૭-૦૩-૨૦૧૯થી સહાયનો દર દૈનિક રૂ.૧૫૦/-ને બદલે દૈનિક રૂ.૩૦૦/- કરવામાં આવેલ છે. |

- - - - - - - - -

**પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી**

૪૫૯૩૦ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નાગરિક ઉડ્ડયન પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) નાગરિક ઉડ્ડયન પ્રભાગના તાબા હેઠળ કોઈ નિગમ નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે, | (૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કરવામાં | |

આવી, અને

(૪) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ભરતી કરવાનાં કારણો શાં છે?

- - - - - - - - -

**પ્રભાગ માટે રકમની બજેટમાં જોગવાઈ**

૪૫૮૨૨ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી?

**જવાબ**

(૧) કલ્પસર પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર નીચે મુજબની રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

**(રૂ. કરોડમાં)**

| નં. | વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦૨૦ | ૧૭૦.૦૦ |
| ૨ | ૨૦૨૦-૨૦૨૧ | ૩૯૯.૯૯ |

(૨)

**(રૂ. કરોડમાં)**

| નં. | વર્ષ | જોગવાઈ | ફાળવણી |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦૨૦ | ૧૭૦.૦૦ | ૬૧.૨૨ |
| ૨ | ૨૦૨૦-૨૦૨૧ | ૩૯૯.૯૯ | ૫૯૯.૪૮ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નીચે મુજબની રકમ વપરાયેલ છે.

**(રૂ. કરોડમાં)**

| નં. | વર્ષ | ફાળવણી | વપરાયેલ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦૨૦ | ૬૧.૨૨ | ૪૮.૧૯ |
| ૨ | ૨૦૨૦-૨૦૨૧ | ૫૯૯.૪૮ | ૪૧૭.૧૩ |

ભાડભૂત બેરેજ યોજના માટે મુખ્યત્વે આયોજન મુજબ જમીન સંપાદનની કામગીરી પૂર્ણ થયેલ ન હોઈ ફાળવેલ રકમ મુજબ ખર્ચ થયેલ ન હતો.

- - - - - - - - -

**હારીજ-બહુચરાજી રોડ નવીન બનાવવા બાબત**

૪૫૭૮૨ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ હારીજ-બહુચરાજી રોડ બિસ્માર હાલતમાં હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત રોડ નવીન બનાવવા શી કાર્યવાહી કરી, અને

(૩) ક્યાં સુધીમાં ઉક્ત રોડ નવીન બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) રસ્તો વાહનવ્યવહાર લાયક છે.

(૨) ઉક્ત સ્થિતિએ હારીજ-બહુચરાજી રોડ મહેસાણા અને પાટણ જિલ્લામાં મળીને કુલ ૨૮.૪૦૦ કિ.મી. લંબાઈ ધરાવે છે. જે પૈકી ૧૪.૪૦૦ કિમી લંબાઈના રસ્તા માટે રીસરફેસીંગ તેમજ મજબૂતીકરણ માટે રૂ.૧૬૭૪.૦૦ લાખની મંજૂરી આપેલ છે, જે કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે અને ૧૪.૦૦ કિ.મી. રસ્તાની સપાટી સારી સ્થિતિમાં છે.

(૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

- - - - - - - - -

**પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી**

૪૫૯૦૬ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ યાત્રાધામ વિકાસ પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે,

(૨) પત્રક-અ મુજબ.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સથી કરવામાં આવી, અને

(૩) પત્રક-બ મુજબ.

(૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શા છે ?

(૪) ભરતી નિયમો ન હોઈ, કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ભરતી કરવામાં આવે છે.

**પત્રક-અ**

**તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓની વિગત**

| ક્રમ | હોદ્દો | ભરતીનો પ્રકાર | |
|---|---|---|---|
| | | કોન્ટ્રાક્ટ | આઉટસોર્સિંગ |
| ૧ | સચિવ | ૧ | ૦ |
| ૨ | અધ્યક્ષશ્રીના અંગત મદદનીશ | - | ૧ |
| ૩ | સચિવશ્રીના અંગત મદદનીશ | - | ૧ |
| ૪ | સિનિયર આર્કિટેક્ટ | - | ૧ |
| ૫ | ટેકનિકલ સુપરવાઈઝર | - | ૬ |
| ૬ | કોમ્પ્યુટર ઓપરેટર | - | ૭ |
| ૭ | પ્રોજેક્ટ આસિસ્ટંટ | - | ૪ |
| ૮ | હિસાબ મદદનીશ | - | ૧ |
| ૯ | હિસાબી ક્લાર્ક | - | ૧ |
| ૧૦ | સિનિયર ક્લાર્ક | - | ૧ |
| ૧૧ | ડ્રાયવર | - | ૬ |
| ૧૨ | પટાવાળા | - | ૬ |
| **કુલ** | | **૧** | **૩૫** |
| | | **૩૬** | |

**પત્રક-બ**

**તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓની વિગત**

| ક્રમ | હોદ્દો | તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ | | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ | |
|---|---|---|---|---|---|
| | | ભરતીનો પ્રકાર | | ભરતીનો પ્રકાર | |
| | | કોન્ટ્રાક્ટ | આઉટસોર્સિંગ | કોન્ટ્રાક્ટ | આઉટસોર્સિંગ |
| ૧ | સચિવ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૨ | મુખ્ય ઈજનેર | - | ૧ | - | ૦ |
| ૩ | મુખ્ય વહીવટી અધિકારી | - | ૧ | - | ૦ |
| ૪ | કાર્યપાલક ઈજનેર | - | ૧ | - | ૦ |
| ૫ | સુરક્ષા અધિકારી | - | ૧ | - | ૦ |
| ૬ | મદદનીશ સુરક્ષા અધિકારી | - | ૧ | - | ૦ |
| ૭ | ખાસ ફરજ પરના અધિકારી | - | ૧ | - | ૦ |
| ૮ | વહીવટી અધિકારી | - | ૧ | - | ૦ |
| ૯ | સેક્શન અધિકારી | - | ૧ | - | ૦ |
| ૧૦ | કચેરી અધિક્ષક | - | ૨ | - | ૦ |
| ૧૧ | અધ્યક્ષશ્રીના અંગત મદદનીશ | - | ૧ | - | ૧ |
| ૧૨ | સચિવશ્રીના અંગત મદદનીશ | - | ૧ | - | ૧ |

| ક્રમ | હોદ્દો | તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ | | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ | |
|---|---|---|---|---|---|
| | | ભરતીનો પ્રકાર | | ભરતીનો પ્રકાર | |
| | | કોન્ટ્રાક્ટ | આઉટસોર્સિંગ | કોન્ટ્રાક્ટ | આઉટસોર્સિંગ |
| ૧૩ | નાયબ કાર્યપાલક ઈજનેર | - | ૩ | - | ૦ |
| ૧૪ | સિનિયર આર્કિટેકટ | - | ૧ | - | ૧ |
| ૧૫ | ટેકનિકલ સુપરવાઈઝર | - | ૬ | - | ૭ |
| ૧૬ | કોમ્પ્યુટર ઓપરેટર | - | ૭ | - | ૮ |
| ૧૭ | પ્રોજેક્ટ આસિસટન્ટ | - | ૪ | - | ૪ |
| ૧૮ | હિસાબ મદદનીશ | - | ૧ | - | ૧ |
| ૧૯ | હિસાબી ક્લાર્ક | - | ૧ | - | ૧ |
| ૨૦ | સિનિયર ક્લાર્ક | - | ૧ | - | ૧ |
| ૨૧ | હેડ ક્લાર્ક-ક્લાર્ક | - | ૨ | - | ૦ |
| ૨૨ | ડ્રાયવર | - | ૫ | - | ૪ |
| ૨૩ | પટાવાળા | - | ૬ | - | ૬ |
| **કુલ** | | **૧** | **૪૯** | **૧** | **૩૫** |
| | | **૫૦** | | **૩૬** | |

---------

**રાજ્યમાં ઔદ્યોગિક એકમોમાં તબીબી અધિકારીઓની જગ્યા**

૪૫૯૨૧ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ઔદ્યોગિક એકમો માટે ડેપ્યુટી ડાયરેક્ટર (મેડિકલ) સહિત તબીબી અધિકારીઓની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીમાં ડેપ્યુટી ડાયરેક્ટર (મેડિકલ) સહિત તબીબી અધિકારીઓની મંજૂર થયેલ જગ્યા નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| ડેપ્યુટી ડાયરેક્ટર (મેડિકલ), વર્ગ-૧ | ૦૧ |
| આસિસ્ટંટ ડાયરેક્ટર (મેડિકલ), વર્ગ-૧ | ૦૪ |
| સર્ટિફાઇંગ સર્જન, વર્ગ-૨ | ૨૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| ડેપ્યુટી ડાયરેક્ટર (મેડિકલ), વર્ગ-૧ | ૦૦ | ૦૧ |
| આસિસ્ટંટ ડાયરેક્ટર (મેડિકલ), વર્ગ-૧ | ૦૦ | ૦૪ |
| સર્ટિફાઇંગ સર્જન, વર્ગ-૨ | ૦૬ | ૧૫ |

સદર જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગત પત્રક-૧થી સામેલ છે.

(૩) ઉક્ત ખાલી જગ્યા ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

**પત્રક-૧**

**રાજ્યમાં ઔદ્યોગિક એકમોમાં તબીબી અધિકારીઓનું મંજૂર થયેલ મહેકમની વિગત તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | કઈ તારીખથી જગ્યા ખાલી છે? |
|---|---|---|---|---|---|

| | | જગ્યા | જગ્યા | જગ્યા | |
|---|---|---|---|---|---|
| ૧ | ડેપ્યુટી ડાયરેક્ટર (મેડિકલ), વર્ગ-૧ | ૦૧ | ૦૦ | ૦૧ | • અમદાવાદ ખાતે તા.૧૫-૦૬-૨૦૦૮ થી |
| ૨ | આસિસ્ટંટ ડાયરેક્ટર (મેડિકલ), વર્ગ-૧ | ૦૪ | ૦૦ | ૦૪ | ૧. અમદાવાદ ખાતે તા.૧૩-૦૬-૨૦૧૭ થી.<br>૨. સુરત ખાતે તા.૧૯-૦૫-૨૦૦૮ થી.<br>૩. રાજકોટ ખાતે તા.૧૫-૦૬-૨૦૧૧ થી.<br>૪. વડોદરા ખાતે તા.૦૧-૦૮-૨૦૨૧ થી. |
| ૩ | સર્ટિફાઇંગ સર્જન (તબીબી અધિકારી), વર્ગ-૨ | ૨૧ | ૦૬ | ૧૫ | ૧. અમદાવાદ ખાતે ૦૧ જગ્યા તા.૧૫-૧૧-૨૦૧૭ થી<br>૨. સુરત ખાતેની ૦૨ જગ્યા તા.૧૫-૦૬-૨૦૧૧ થી<br>૩. મહેસાણા ખાતે ૦૧ જગ્યા તા.૧૧-૦૫-૨૦૧૦ થી<br>૪. ભરૂચ ખાતે ૦૧ જગ્યા તા.૧૫-૦૬-૨૦૧૧ થી<br>૫. વલસાડ ખાતે ૦૧ જગ્યા તા.૦૨-૦૪-૨૦૦૭ થી<br>૬. આદિપુર ખાતે ૦૧ જગ્યા તા.૦૨-૦૪-૨૦૦૭ થી<br>૭. જૂનાગઢ ખાતે ૦૧ જગ્યા તા.૧૫-૦૬-૨૦૧૧ થી<br>૮. ભાવનગર ખાતે ૦૧ જગ્યા તા.૦૨-૦૪-૨૦૦૭ થી<br>૯. જામનગર ખાતે ૦૧ જગ્યા તા.૧૫-૦૬-૨૦૧૧ થી<br>૧૦. અલંગ ખાતે ૦૧ જગ્યા તા.૧૧-૦૫-૨૦૧૦ થી<br>૧૧. સુરેન્દ્રનગર ખાતે ૦૧ જગ્યા તા.૧૫-૦૬-૨૦૧૧ થી<br>૧૨. આણંદ ખાતે ૦૧ જગ્યા તા.૧૧-૦૫-૨૦૧૦ થી<br>૧૩. નવસારી ખાતે ૦૧ જગ્યા તા.૧૧-૦૫-૨૦૧૦ થી<br>૧૪. ગાંધીનગર ખાતે ૦૧ જગ્યા તા.૧૫-૧૧-૨૦૧૭ થી |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં રસ્તાને રિસરફેસિંગ અને વાઈડનિંગની મંજૂરી**

૪૫૯૬૧ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સ્ટેટ હસ્તકના રિસરફેસિંગ તથા વાઈડનીંગ કામ માટે કેટલી રકમના કેટલા રસ્તા મંજૂર કરવામાં આવ્યા, | (૧) અને (૨) પરિશિષ્ટ મુજબ. |
| (૨) તે પૈકી વર્ષવાર, તાલુકાવાર કેટલા કામ પ્રગતિમાં છે, અને | |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

**પરિશિષ્ટ**

| **તાલુકો** | **વર્ષ** | **રિસરફેસિંગ અને વાઈડનીંગ** | **કુલ મંજૂરીની રકમ રૂ. લાખમાં** | **પ્રગતિ** |
|---|---|---|---|---|
| જૂનાગઢ | ૨૦૨૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૧ | ૧ | ૨૧૫.૦૦ | ૦ |
| | કુલ | ૧ | ૨૧૫.૦૦ | ૦ |
| ભેંસાણ | ૨૦૨૦ | ૧ | ૪૧૧૧.૨૫ | ૧ |
| | ૨૦૨૧ | ૨ | ૬૧૫.૦૦ | ૧ |
| | કુલ | ૩ | ૪૭૨૬.૨૫ | ૨ |
| કેશોદ | ૨૦૨૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૧ | ૮ | ૩૧૬૫.૦૦ | ૦ |
| | કુલ | ૮ | ૩૧૬૫.૦૦ | ૦ |
| માંગરોળ | ૨૦૨૦ | ૦ | ૦ | ૦ |

| તાલુકો | વર્ષ | રિસરફેસિંગ અને વાઈડનીંગ | કુલ મંજૂરીની રકમ રૂ. લાખમાં | પ્રગતિ |
|---|---|---|---|---|
| | ૨૦૨૧ | ૬ | ૩૪૫૫.૦૦ | ૦ |
| | કુલ | ૬ | ૩૪૫૫.૦૦ | ૦ |
| માળીયા | ૨૦૨૦ | ૧ | ૨૭૦૦.૦૦ | ૧ |
| | ૨૦૨૧ | ૩ | ૪૬૦.૦૦ | ૦ |
| | કુલ | ૪ | ૩૧૬૦.૦૦ | ૧ |
| મેંદરડા | ૨૦૨૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૧ | ૨ | ૪૭૨.૦૦ | ૧ |
| | કુલ | ૨ | ૪૭૨.૦૦ | ૧ |
| વિસાવદર | ૨૦૨૦ | ૧ | ૨૨૦૦.૦૦ | ૧ |
| | ૨૦૨૧ | ૬ | ૫૬૬૦.૦૦ | ૨ |
| | કુલ | ૭ | ૭૮૬૦.૦૦ | ૨ |
| વંથલી | ૨૦૨૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૧ | ૨ | ૭૩૫.૦૦ | ૦ |
| | કુલ | ૨ | ૭૩૫.૦૦ | ૦ |
| માણાવદર | ૨૦૨૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૧ | ૪ | ૭૩૦.૦૦ | ૦ |
| | કુલ | ૪ | ૭૩૦.૦૦ | ૦ |
| તાલાલા | ૨૦૨૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૧ | ૧ | ૫૫.૦૦ | ૦ |
| | કુલ | ૧ | ૫૫.૦૦ | ૦ |
| | **કુલ** | **૩૮** | **૨૪૫૭૩.૨૫** | **૬** |

**નોંધઃ** કુલ ૩૮ કામો પૈકી ૨૧ કામો પૂર્ણ થયેલ છે, ૬ કામ પ્રગતિ હેઠળ છે અને ૧૧ કામો હવે શરૂ થનાર છે.

- - - - - - - - -

**અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં કેમિકલ એકમોમાં ઈન્સ્પેકશન**

૪૫૮૪૬ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કેમિકલ એકમોમાં ડાયરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી દ્વારા કેટલી વખત ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત ઈન્સ્પેક્શન દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિઓ કયા એકમો સામે જણાઈ, તેમની સામે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | વર્ષવાર ઈન્સ્પેકશન | |
|---|---|---|
| | **૨૦૨૦** | **૨૦૨૧** |
| અમદાવાદ | ૭૩૯ | ૮૧૬ |

(૨) કામદારોની સલામતી તથા આરોગ્ય અને શોષણ જેવી કે ઓળખકાર્ડ ન આપવા બાબત, રેકર્ડ ન નિભાવવા બાબત, પરવાનો ન લેવા બાબત, કામના કલાકોની ગેરરીતિ વગેરે પ્રકારની ગેરરીતિઓ જણાયેલ જે અંગે,

અમદાવાદ જિલ્લામાં વર્ષ-૨૦૨૦ દરમ્યાન કુલ-૨૯ કારખાના સામે કુલ-૯૪ ફોજદારી કેસ તથા વર્ષ-૨૦૨૧ દરમ્યાન કુલ-૪૨ કારખાના સામે કુલ-૨૬૭ ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. ભરૂચ જિલ્લામાં વર્ષ-૨૦૨૦ દરમ્યાન કુલ-૧૪ કારખાના સામે કુલ-૨૨ ફોજદારી કેસ તથા વર્ષ-૨૦૨૧ દરમ્યાન કુલ-૧૭ કારખાના સામે કુલ-૧૭ ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.

- - - - - - - - -

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પ્રભાગ માટે રકમની બજેટમાં જોગવાઈ**

૪૫૮૦૦ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાહનવ્યવહાર પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ, | (૧) વાહનવ્યવહાર પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૧૨૧.૨૩૦૬ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૧૩૫.૩૯૮૩ કરોડ રૂપિયા રકમની સુધારેલ અંદાજો મુજબ તેમજ વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન તેમજ રૂ.૧૨૨.૫૦ કરોડ એડવાન્સ ઓથોરાઈઝેશન જોગવાઈ કરવામાં આવેલ. |
| (૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત વર્ષવાર નીચે મુજબની રકમ ફાળવવામાં આવી. |

| વર્ષ ૨૦૧૯-૨૦ | વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) |
|---|---|
| ૮૨૦.૭૨૩૮ કરોડ | ૮૬૧.૩૭૨૨ કરોડ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩)
(૧) વર્ષ ૨૦૧૯-૨૦ અંતિત ૭૯૫.૬૦૦૪ કરોડ રકમ વપરાઈ અને ૨૫.૧૨૩૪ કરોડ રકમ નીચેના કારણોસર વણવપરાયેલ રહી.
- સ્ટ્રેન્થનિંગ ઓફ એન્ફોર્સમેન્ટ હેઠળના ઉપકરણોની ખરીદ પ્રક્રિયા બાકી હોવાથી,
- આઉટસોર્સિંગ એજન્સીઓને આયોજન કરતાં ઓછા ચૂકવણા કરવાના થયેલ હોવાથી.

(૨) વર્ષ ૨૦૨૦-૨૧ અંતિત રૂ.૮૩૫.૯૧૯૪ કરોડ રકમ વપરાઈ અને રૂ.૨૫.૪૫૨૮ કરોડ રકમ નીચેના કારણોસર વણવપરાયેલ રહી.
- કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે એપ્રિલથી જૂન-૨૦૨૦ના સમયગાળા દરમ્યાન આર.ટી.ઓ. સેવાઓ બંધ હોઈ કચેરી તથા આનુષાંગિક ખર્ચ નહીવત થયેલ છે.
- આઉટસોર્સિંગ એજન્સીઓને આયોજન કરતા ઓછા ચૂકવણા કરવાના થયેલ હોવાથી,
- ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક, ઈ-કેવાયસી જેવા આઈ.ટી. રીલેટેડ પ્રોજેક્ટસની મંજૂરી વિલંબથી મળેલ હોવાથી,
- પ્લાન મહેકમ હેઠળ જગ્યાઓ ખાલી હોઈ, જી.આઈ.એસ.એફ. ના એક વર્ષ ઉપરાંતના બિલોના ચૂકવણા તથા એન્ફોર્સમેન્ટ માટે પોર્ટાહટની ખરીદી માટે મંજૂરી પ્રક્રિયામાં હોવાથી.

---------

**આણંદ અને મહીસાગર જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

૪૫૯૦૨ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર કઈ-કઈ એપીએમસી આવેલ છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી | (૨) |

| | |
|---|---|
| ખાનગી છે, અને | ➢ **આણંદ જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ - ૮<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ – શૂન્ય.<br>➢ **મહીસાગર જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ - ૬<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ – શૂન્ય. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ? | (૩)<br>➢ આણંદ જિલ્લો : શૂન્ય<br>➢ મહીસાગર જિલ્લો : શૂન્ય |

**પત્રક - ૧**

➢ **આણંદ જિલ્લામાં આવેલ એપીએમસી :**

(૧) બજાર સમિતિ, આણંદ,
(૨) બજાર સમિતિ, બોરસદ,
(૩) બજાર સમિતિ, ખંભાત,
(૪) બજાર સમિતિ, પેટલાદ,
(૫) બજાર સમિતિ, આંકલાવ,
(૬) બજાર સમિતિ, સોજીત્રા,
(૭) બજાર સમિતિ, ઉમરેઠ,
(૮) બજાર સમિતિ, તારાપુર.

➢ **મહીસાગર જિલ્લામાં આવેલ એપીએમસી :**

(૧) બજાર સમિતિ, લુણાવાડા,
(૨) બજાર સમિતિ, વીરપુર,
(૩) બજાર સમિતિ, બાલાસિનોર,
(૪) બજાર સમિતિ, સંતરામપુર,
(૫) બજાર સમિતિ, ખાનપુર,
(૬) બજાર સમિતિ, કડાણા.

- - - - - - - - -

## નવસારી જિલ્લામાં રસ્તાને ડામર કરવાની મંજૂરી

૪૫૮૫૮ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, નવસારી જિલ્લામાં તાલુકાવાર એક કિ.મી. થી વધુ લંબાઇવાળા કાચાથી પાકા ડામર સપાટી કરવા માટે કેટલા રસ્તાઓ મંજૂર કરી જોબ નંબર ફાળવવામાં આવ્યા, | (૧) કુલ - ૬૧ રસ્તાઓ. |
| (૨) તે પૈકી તાલુકાવાર કેટલા રસ્તાના કામો પ્રગતિમાં છે અને કેટલા રસ્તાના કામો મુખ્યત્વે ક્યા કારણોસર શરૂ થઇ શકેલ નથી, અને | (૨) ૨૭ કામો પ્રગતિ હેઠળ.<br>૪ કામો સિંચાઇ વિભાગની મંજૂરી હેઠળ, ૧૩ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ, ૧ કામ જમીન વિવાદના કારણે શરૂ થયેલ નથી. |
| (૩)ઉક્ત કામો ક્યાં સુધીમાં ચાલુ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે બનતી ત્વરાએ. |

- - - - - - - - -

## નર્મદા અને વડોદરા જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી

૪૫૮૭૨ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા અને | (૧) પત્રક - ૧ મુજબ. |

વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કઈ-કઈ એપીએમસી આવેલ છે,

(૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને

(૨)
- **નર્મદા જિલ્લોઃ**
  - બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ - ૫
  - બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ - શૂન્ય
- **વડોદરા જિલ્લોઃ**
  - બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ - ૮
  - બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ - શૂન્ય

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ?

(૩)
- નર્મદા જિલ્લોઃ શૂન્ય
- વડોદરા જિલ્લોઃ શૂન્ય

**પત્રક-૧**

- **નર્મદા જિલ્લામાં આવેલ એપીએમસીઃ**
  (૧) બજાર સમિતિ, રાજપીપળા,
  (૨) બજાર સમિતિ, તિલકવાડા,
  (૩) બજાર સમિતિ, ડેડીયાપાડા,
  (૪) બજાર સમિતિ, સેલંબા,
  (૫) બજાર સમિતિ, ગરૂડેશ્વર.
- **વડોદરા જિલ્લામાં આવેલ એપીએમસીઃ**
  (૧) બજાર સમિતિ, વડોદરા,
  (૨) બજાર સમિતિ, કરજણ,
  (૩) બજાર સમિતિ, પાદરા,
  (૪) બજાર સમિતિ, સાવલી,
  (૫) બજાર સમિતિ, શિનોર,
  (૬) બજાર સમિતિ, ડભોઈ,
  (૭) બજાર સમિતિ, વાઘોડીયા,
  (૮) બજાર સમિતિ, ડેસર.

---------

**અમરેલી જિલ્લામાં રીસરફેસ ન થયેલ રસ્તાઓ**

જ૫૯૧૫ **શ્રી અંબરીશભાઈ ડેર** (રાજુલા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં જાફરાબાદ, રાજુલા અને ખાંભા તાલુકામાં માર્ગ અને મકાન વિભાગના રાજ્ય અને પંચાયત હસ્તકના રસ્તાઓ સાત વર્ષ કે તેથી વધુ સમયથી રીસરફેસ ન થયા હોય તેવા કેટલા રસ્તાઓ છે,

(૨) ઉક્ત રસ્તાઓ લાંબા સમયથી રીસરફેસ ન થયા હોય તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત રસ્તાઓને રીસરફેસ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકો | રસ્તાની સંખ્યા |
|---|---|
| જાફરાબાદ | ૭ |
| રાજુલા | ૭ |
| ખાંભા | ૩ |

(૨) અને (૩)
ઉક્ત રસ્તાની સપાટી વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે. રસ્તાનું રીસરફેસીંગ, રસ્તાની સપાટી, ટ્રાફિકનું ભારણ, નાણાકીય ઉપલબ્ધતા તથા આંતરીક અગ્રતા ક્રમ અનુસાર વિચારણામાં લેવાશે.

---------

**દાહોદ જિલ્લા પંચાયતને ફાળવેલ રકમ**

જ૫૮૮૨ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લા પંચાયતને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કેટલી રકમની ફાળવણી કરી, | (૧) રૂ. ૨૬૫૨૨.૮૦ લાખ. |
| (૨) ઉક્ત ફાળવેલ રકમનો ક્યા હેતુસર ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) પગારભથ્થા તથા યોજનાકીય વિકાસના કામોના હેતુ માટે. |
| (૩)કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ? | (૩) રૂ. ૨૪૦૯.૫૫ લાખ.<br>કારણો :-<br>(૧) કામો પ્રગતિ હેઠળ હોવાના કારણે<br>(૨) તાલુકાઓ તરફથી મૂળ જરૂરિયાત કરતાં ઓછી માંગણી રજૂ કરવાના કારણે. |

- - - - - - - - -

### તારાપુર ગામમાં ગટર યોજનાનું કામ

૪૫૯૦૦ **શ્રી પૂનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી આણંદ જિલ્લામાં તારાપુર ગામમાં ગટર યોજનાનું કામ અધુરૂ હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) ૧ (એક) ફરિયાદ મળેલ છે. |
| (૨) ઉક્ત ગટર યોજનાનું કામ કઇ એજન્સીને, કેટલા ખર્ચ, ક્યારે સોંપવામાં આવેલ, અને | (૨)<br>(૧) પ્રથમ ઈજારદાર મે. એકવાફીલ પોલીમર્સ, અમદાવાદને તા.૧૨-૧૦-૨૦૧૧ના રોજ રૂ. ૭૫૧.૫૯ લાખના ખર્ચે કામગીરીનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. ઉક્ત ઈજારદારની કામની નબળી પ્રગતિના કારણે બ્લેકલિસ્ટ કરવામાં આવેલ.<br>(૨) અધૂરા કામ માટે રી-ટેન્ડરિંગ કરી મે.એન.પી.પટેલ, અમદાવાદને રૂ.૫૨૩.૬૩ લાખના ખર્ચે તા.૦૩-૦૧-૨૦૧૭નાં રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત ગટર યોજનાનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

- - - - - - - - -

### બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ.માં મંજૂર મહેકમ

૪૫૮૦૭ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. આવેલ છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪)ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

### રાજ્યમાં હેલિકોપ્ટર જોય રાઇડ સેવા

૪૫૧૨૦ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં હેલિકોપ્ટર જોય રાઇડ સેવા તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ ક્યા ક્યા સ્થળોએ શરૂ કરવામાં | (૧) ઉક્ત સેવા સાબરમતી રીવરફ્રન્ટ, અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવેલ છે, |

આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ જોયરાઇડ સપ્તાહમાં કેટલા દિવસ માટે ચલાવવામાં આવી રહેલ છે, અને

(૨) સપ્તાહમાં બે દિવસ.

(૩) રાજ્યમાં અન્ય ક્યા ક્યા સ્થળોએ આ સેવા શરૂ કરવાનું આયોજન છે ?

(૩) હાલમાં કોઈ આયોજન નથી.

- - - - - - - - -

**રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ**

૪૫૮૩૪ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૩૩૮૮૯ (અગ્રતા-૧૭૭)નાં અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની ૭૨ જગ્યાઓ ખાલી હતી તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બઢતીથી ભરવાની થાય છે,

(૧) એક પણ નહીં.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ સીધી ભરતીથી અને કેટલી જગ્યાઓ બઢતીથી ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તમામ જગ્યાઓ ભરાયેલ છે. તે પૈકી ૯૨ જગ્યાઓ સીધી ભરતીથી તેમજ ૧૪૩ જગ્યાઓ બઢતીથી ભરાયેલ છે.

(૩) ઉક્ત બાકી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં નોન-પ્લાન રસ્તાઓ**

૪૫૭૯૮ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકામાં તાલુકાવાર કેટલા નોન-પ્લાન રસ્તાઓને જોબ નંબર ફાળવવામાં આવ્યા,

(૧)

| તાલુકો | રસ્તાઓની સંખ્યા |
|---|---|
| દાંતા | ૨૪ |
| અમીરગઢ | ૨૦ |
| **કુલ** | **૪૪** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર ફાળવેલ જોબ નંબર પૈકી કેટલાના કામ પ્રગતિમાં છે અને કેટલાના કામ ચાલુ કરવાના બાકી, અને

(૨)

| તાલુકો | પ્રગતિમાં | હવે શરૂ થનાર કામો |
|---|---|---|
| દાંતા | ૧૬ | ૮ |
| અમીરગઢ | ૧૪ | ૬ |
| **કુલ** | **૩૦** | **૧૪** |

(૩) કામ ચાલુ કરવાના બાકી હોય તેવા રસ્તાઓના કામ ક્યાં સુધીમાં ચાલુ કરી પૂર્ણ કરવામાં આવશે ?

(૩) શરૂ થનાર ૧૪ કામો વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ.

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૪૫૮૭૦ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આવેલ ઓએનજીસી-અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીઝમાં શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઇ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાની હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા

(૨) સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા

પગલાં લીધાં ?

અંગે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાય તે માટે નાયબ નિયામકશ્રી (રોજગાર) દ્વારા સંબંધિત એકમને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઈઓ તરફ ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.

(૨) નાયબ નિયામકશ્રી (રોજગાર) દ્વારા દર છ માસે ઉક્ત ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી ઠરાવની સમજૂતી આપીને સ્થાનિકોની ટકાવારી જાળવવા જણાવેલ છે તથા તેમના એકમમાં સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવામાં પડતી મુશ્કેલીની જાણકારી મેળવી તેનું નિરાકરણ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

---------

**વિભાગમાં મંજૂર મહેકમ**

૪૫૯૨૪ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારિત, આઉટસોર્સિંગ અને કેટલી જગ્યાઓ ફિક્સ પગારથી ભરાયેલ છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ફાળવણી થયેથી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોને રોજગારી**

૪૫૮૫૫ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોલ્ગેટ પામોલીવ લિ., બોર, સાણંદ, અમદાવાદ અને હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂટર પ્રા.લિ., સાણંદ, અમદાવાદ દ્વારા ઔદ્યોગિક એકમોમાં કેટલા સ્થાનિકોને રોજગારી આપવામાં આવી, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોલ્ગેટ પામોલીવ લિ., બોર, સાણંદ, અમદાવાદ અને હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂટર પ્રા.લિ., સાણંદ, અમદાવાદ દ્વારા મળેલ માહિતી અનુસાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્થાનિકોને આપવામાં આવેલ રોજગારીની વિગત |

| **વર્ષ** | **સ્થાનિક રોજગારી** | |
|---|---|---|
| | કોલ્ગેટ પામોલીવ | હોન્ડા |

| | લિ., બોર, સાણંદ, અમદાવાદ | મોટરસાઇકલ એન્ડ સ્કૂટર પ્રા.લિ., સાણંદ, અમદાવાદ |
|---|---|---|
| ૨૦૨૦ (ડિસેમ્બર અંતિત) | ૩૩૦ | ૨૬૫૧ |
| ૨૦૨૧ (ડિસેમ્બર અંતિત) | ૨૯૪ | ૨૧૮૬ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર ઉક્ત એકમોએ સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો તે અન્વયે ઉક્ત એકમો સામે શું પગલાં ભરવામાં આવ્યા ?

(૩) ઉક્ત એકમોમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

- નિયત ટકાવારી જાળવવા અંગે પત્રો પાઠવેલ છે અને નાયબ નિયામકશ્રી (રોજગાર), અમદાવાદ દ્વારા બેઠક યોજી વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.
- રોજગાર કચેરી દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરીને અને રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઉદ્યોગ કમિશનરશ્રીને ઉક્ત એકમ દ્વારા નિયત ટકાવારી જાળવવામાં આવેલ નથી તે અંગેની જાણ કરવામાં આવેલ છે.
- રોજગાર ભરતીમેળા (જોબફેર)નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

\- - - - - - - - -

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોને રોજગારી**

૪૫૮૩૭ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા સ્થાનિકોને રોજગારી આપવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરીને ઔદ્યોગિક એકમોની મળેલ માહિતી અનુસાર છેલ્લા બે વર્ષમાં સ્થાનિકોને આપવામાં આવેલ રોજગારીની વિગત

| **વર્ષ** | **રોજગારી** | |
|---|---|---|
| | **અમદાવાદ જિલ્લો** | **ગાંધીનગર જિલ્લો** |
| ૨૦૨૦ (ડિસેમ્બર અંતિત) | ૧૭૮૭૮૩ | ૪૪૩૨૦ |
| ૨૦૨૧ (ડિસેમ્બર | ૧૯૭૩૦૧ | ૪૬૬૩૫ |

| | |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર અને જિલ્લાના કયા એકમોએ સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે, અને | (૨) પત્રક-૧ સામેલ છે. |
| (૩)તે અન્વયે કયા એકમો સામે શું પગલાં ભરવામાં આવ્યા ? | (૩) પત્રક-૨ સામેલ છે. |

**પત્રક-૧**

**(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે મુજબ એકમોએ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે.**

**(૧) અમદાવાદ**

*** અમદાવાદ શહેર**

(૧) એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિ., અમદાવાદ
(૨) સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિ., અમદાવાદ
(૩) ઈન્સ્ટિટ્યૂટ ઓફ રીઝર્વોઈર સ્ટડીઝ (ઓ.એન.જી.સી.), ચાંદખેડા, અમદાવાદ
(૪) સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન, અમદાવાદ
(૫) કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, અમદાવાદ
(૬) મેટસો મિનરલ્સ ઈન્ડિયા પ્રા.લિ. ઓઢવ, અમદાવાદ
(૭) છાજેડ ફૂડ પ્રા.લિ. વટવા, અમદાવાદ

*** અમદાવાદ જિલ્લો**

(૮) સુઝુકી મોટર ગુજરાત પ્રા.લિ. અમદાવાદ
(૯) ફોર્ડ ઈન્ડિયા પ્રા.લિ. નોર્થકોટપુરા, સાણંદ, જિ.અમદાવાદ
(૧૦) કોલ્ગેટ પામોલીવ લિ., બોર, સાણંદ, જિ.અમદાવાદ
(૧૧) ગ્રાઝીયાનો ટ્રાન્સમિશન ઈન્ડિયા પ્રા.લિ. સાણંદ, જિ.અમદાવાદ
(૧૨) ટાટા મોટર્સ લિ. નોર્થકોટપુરા, સાણંદ, જિ.અમદાવાદ
(૧૩) હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રા.લિ. વિઠ્ઠલાપુરા, માંડલ, જિ.અમદાવાદ
(૧૪) એ.ટી.ઇ. એન્ટરપ્રાઈઝ, મુ.સરી, તા.સાણંદ, જિ.અમદાવાદ
(૧૫) સીક્યોર મેટર્સ લિ. હિરાપુર, સાણંદ જિ.અમદાવાદ
(૧૬) એએલપી નિસીકાવા પ્રા.લિ. ઇયાવા, સાણંદ, જિ.અમદાવાદ

**(૨) ગાંધીનગર**

*** ગાંધીનગર જિલ્લો**

(૧) ગ્રાઉન્ડ ફોસ પંપ ઈન્ડિયા પ્રા.લિ. મુ.દંતાલી, તા.કલોલ, જિ.ગાંધીનગર

**પત્રક-૨**

**(૩) ઉક્ત એકમોમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.**

- નિયત ટકાવારી જાળવવા અંગે પત્રો પાઠવેલ છે અને નાયબ નિયામક (રોજગાર), અમદાવાદ દ્વારા બેઠક યોજી વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.
- રોજગાર કચેરી દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરીને અને રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઉદ્યોગ કમિશનરશ્રીને ઉક્ત એકમ દ્વારા નિયત ટકાવારી જાળવવામાં આવેલ નથી તે અંગેની જાણ કરવામાં આવેલ છે.
- રોજગાર ભરતીમેળા (જોબફેર)નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

---------

**પ્રભાગ માટે રકમની બજેટમાં જોગવાઇ**

૪૫૭૭૪ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કુટિર ઉદ્યોગ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ, | (૧) |

| વર્ષ | જોગવાઈ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૬૦૮૧૦.૮૭ |
| ૨૦૨૦-૨૧ | ૬૧૩૪૪.૭૨ |

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| વર્ષ | જોગવાઈ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૬૦૭૩૭.૨૩ |
| ૨૦૨૦-૨૧ | ૬૦૩૨૨.૨૫ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩) ગ્રાન્ટ ફાળવણી મુજબ ખર્ચ થતો હોઇ વણવપરાયેલ રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ અને સુરત જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં અકસ્માત**

૪૫૮૬૪ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરત શહેર/જિલ્લામાં કેટલા ઔદ્યોગિક એકમોમાં અકસ્માતની ઘટનાઓ બની,

**જવાબ**

(૧)

| શહેર/જિલ્લો | વર્ષ | ઔદ્યોગિક એકમો અકસ્માતની ઘટના |
|---|---|---|
| અમદાવાદ શહેર/જિલ્લો | ૨૦૨૦ | ૨૧ |
| | ૨૦૨૧ | ૨૮ |
| સુરત | ૨૦૨૦ | ૨૮ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર શહેર/જિલ્લાવાર અકસ્માતોમાં મુખ્ય કયા કારણોસર કેટલા કામદારોના મૃત્યુ થયા અને કેટલા કામદારો ઘાયલ/ઈજાગ્રસ્ત થયા,

(૨) પરિશિષ્ટ-૧ મુજબ.

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા મૃતકના વારસદારોને અને ઘાયલ/ઈજાગ્રસ્તને સહાય ચૂકવવામાં આવી અને કેટલાને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) અકસ્માતના કિસ્સામાં મૃત્યુ પામનાર શ્રમિકોના વારસદારોને વળતર ચૂકવવા જ્યાં ESIC ACT 1948 ની જોગવાઇઓ લાગુ પડતી હોય ત્યાં ESIC ACT 1948 હેઠળ વળતર ચૂકવવામાં આવે છે અથવા જ્યાં ESIC ACT નોટિફાઇડ એરિયા ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ વર્કમેન કમ્પેન્સેશન ઓથોરિટી નામદાર લેબર કોર્ટ દ્વારા વળતર ચૂકવવામાં આવે છે.

(૪) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પરિશિષ્ટ-૧**

| શહેર/જિલ્લો | વર્ષ | અકસ્માતોમાં કામદારોના મૃત્યુ/ ઈજા અંગેના મુખ્ય કારણો | મૃત્યુ પામેલા કામદારો | ઈજા પામેલા કામદારો |
|---|---|---|---|---|
| અમદાવાદ શહેર/જિલ્લો | ૨૦૨૦ | આગના કારણે, ઈલેક્ટ્રિક શોકના કારણે, લપસી પડવાને કારણે, ઊંચાઇએથી પડી જવાથી, મશીનના ગોળ ફરતા ભાગને વાડ નહીં કરવાને કારણે, ટાંકીમાં પડી જવાને કારણે, દાઝી જવાને કારણે, વેસલમાં પડી જવાથી. | ૩૪ | ૦૧ |
| | ૨૦૨૧ | આગના કારણે, ઈલેક્ટ્રિક શોકના કારણે, ઊંચાઇએથી પડી જવાથી, સ્ટ્રક્ચર તૂટી પડવાથી, મશીનના ગોળ ફરતા ભાગને વાડ નહીં કરવાને કારણે, ટાંકીમાં પડી જવાને કારણે, દાઝી જવાને કારણે, ગેસ લીકેજના કારણે, વેસલમાં પડી જવાથી. | ૩૨ | ૦૫ |
| સુરત શહેર/જિલ્લો | ૨૦૨૦ | આગના કારણે, ઈલેક્ટ્રિક શોકના કારણે, ઊંચાઇએથી પડી જવાથી, ખાડામાં પડી જવાથી, હેવી વ્હીકલ નીચે દબાઇ જવાથી, વેસલમાં પડી જવાથી, દાઝી જવાથી, ક્રેઇનો પટ્ટો તૂટી જવાથી. | ૩૪ | ૧૧ |

| શહેર / જિલ્લો | વર્ષ | અકસ્માતોમાં કામદારોના મૃત્યુ/ ઈજા અંગેના મુખ્ય કારણો | મૃત્યુ પામેલા કામદારો | ઈજા પામેલા કામદારો |
|---|---|---|---|---|
| | ૨૦૨૧ | આગના કારણે, ઈલેક્ટ્રિક શોકના કારણે, ઊંચાઈએથી પડી જવાથી, મટિરિયલ હેન્ડલીંગ કરતી વખતે, મશીન વચ્ચે દબાઈ જવાથી, દાઝી જવાથી, ટાંકીમાં પડી જવાને કારણે, લીફ્ટમાં ફસાઈ જવાથી, વેસલમાં પડી જવાથી. | ૪૦ | ૦૯ |
| | | **કુલઃ-** | **૧૪૦** | **૨૬** |

- - - - - - - - -

### મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ.માં મંજૂર મહેકમ

૪૫૮૯૦ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. આવેલી છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે ભરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

### વિભાગ માટે રકમની બજેટમાં જોગવાઈ

૪૫૮૪૯ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શ્રમ અને રોજગાર વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ, | (૧) આ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૧૪૭૦.૮૬ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૧૪૬૦.૫૫ કરોડની જોગવાઇ કરેલ છે. |
| (૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) ઉક્ત જોગવાઇ પૈકી સુધારેલ અંદાજોની મર્યાદમાં નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૧૧૮૭.૯૦ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૧૧૪૩.૭૮ કરોડ ફાળવવામાં આવ્યા. |
| (૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ? | (૩) |

| નાણાકીય વર્ષ | વપરાયેલ | વણવપરાયેલ |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૧૦૪.૬૫ કરોડ | ૮૩.૨૫ કરોડ |
| ૨૦૨૦-૨૧ | ૧૦૭૦.૭૪ કરોડ | ૭૩.૦૪ કરોડ |

રકમ વણવપરાયેલ રહેવાના કારણો પત્રક-૧ મુજબ છે.

**પત્રક-૧**

**(૧) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ગ્રાન્ટ વણવપરાયેલ રહેવાના કારણો**

- કોવિડ-૧૯ના કારણે સર્જાયેલ અસામાન્ય સંજોગોના કારણે લોકડાઉન દરમિયાન ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન વર્કઓર્ડરનું કામ સમયમર્યાદામાં પુર્ણ ન થવાના કારણે
- વિભાગ તેમજ ખાતાના વડાની કચેરીઓ ખાતેની મંજૂર મહેકમની અપેક્ષિત જગ્યાઓ પૈકી મોટા ભાગની જગ્યાઓ ન ભરાવાના કારણે પગારભથ્થાની બચત રહેલ છે.

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

|  |
|---|
| • કોવિડ-૧૯ના કારણે લોકડાઉન દરમિયાન તાલીમ પ્રક્રિયા બંધ હોવાના કારણે તેમજ મશિનરી તેમજ અન્ય સાધનસામગ્રીની ખરીદી ન થવાના કારણે<br>• કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં બાંધકામ સાઈટ બંધ હોવાથી બાંધકામ શ્રમિકોની નોંધણીમાં ઘટાડો થવાથી<br>• કોવિડ-૧૯ના કારણે વિભાગ હેઠળની નવી બાબતોને વહીવટી મંજૂરી પ્રદાન ન થવાના કારણે<br>• કોવિડ- ૧૯ના કારણે વિભાગ હેઠળની નવી બાબતોને વહીવટી મંજૂરી પ્રદાન ન થવાના કારણે<br>• કોવિડ-૧૯ના કારણે વિભાગ હેઠળની યોજનાઓના પ્રચાર પ્રસાર અંગેની કામગીરી ન થઈ શકવાના કારણે<br>• કોવિડ-૧૯ના કારણે શ્રમિક કલ્યાણ મેળાઓનું આયોજન ન થવાના કારણે<br>• કોવિડ-૧૯ના કારણે શ્રમિક અન્નપૂર્ણા યોજના બંધ હોવાથી<br>• કોવિડ-૧૯ના કારણે ચાલુ વર્ષે શ્રમ પારિતોષિત કાર્યક્રમ ન આયોજિત થવાના કારણે |
| **(૨) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ગ્રાન્ટ વણવપરાયેલ રહેવાના કારણો** |
| • વિભાગ તેમજ ખાતાના વડાની કચેરી ખાતેની મંજૂર મહેકમની અપેક્ષિત જગ્યાઓ પૈકી મોટા ભાગની જગ્યાઓ ન ભરાવાના કારણે પગારભથ્થાની બચત રહેલ છે.<br>• કોવિડ-૧૯ના કારણે તાલીમ પ્રક્રિયા આયોજન મુજબ શરુ ન થવાથી, જાહેરાત પ્રસિદ્ધિ, સ્ટાઈપેન્ડ, યોજનાકીય સહાય જેમાં કન્યાઓ માટેની સાઇકલ તથા બેંકેબલ લોન સબસિડી વગેરેમાં બચત રહેવાના કારણે તેમજ તાલીમ સંસ્થાઓ ખાતે<br>રો-મટીરિયલ્સની ખરીદી ન થઈ શકવાના કારણોસર<br>• કોવિડ-૧૯ના કારણે નિવાસી તાલીમ વર્ગો બંધ હોવાથી<br>• કોવિડ-૧૯ના કારણે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન વર્કઓર્ડરનું કામ સમયમર્યાદામાં પૂર્ણ ન થવાના કારણે.<br>• GeM પોર્ટલ પરથી ખરીદી ફરજિયાત હોઈ, કોવિડ-૧૯ ના કારણે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા મુલતવી રહેવાના કારણે |

---------

**રાજ્યમાં વાહનોમાં ડાર્ક ફિલ્મ લગાડવા બાબત**

જ૫૮૩૧ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં મોટર વાહનોમાં સરકારી તથા ખાનગી વાહનોમાં કાચમાં ડાર્ક ફિલ્મ લગાડી હોવાની હકીકતથી રાજ્ય સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સરકારી તથા ખાનગી વાહનોમાંથી ડાર્ક ફિલ્મ દૂર કરવા માટે છેલ્લા બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા ? | (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના મોટર વાહનોમાં સરકારી તથા ખાનગી વાહનોમાંથી કાચમાં ડાર્ક ફિલ્મ લગાડેલ વાહનો સામે કાર્યવાહી કરી કુલ ૧,૩૭,૮૦૧ કેસ નોંધેલ છે અને તેની સામે કુલ રૂ.૬,૯૬,૯૯,૨૮૦/- ની માંડવાળ ફી વસૂલ કરવામાં આવેલ છે.<br>– આ ઉપરાંત બ્લેક ફિલ્મ દૂર કરાવવા બાબતે જન જાગૃતિમાં કાર્યક્રમ, સેમીનાર, રેલી, રેડિયો ચેનલ, સોશિયલ મીડિયા દ્વારા ટ્રાફિક માર્ગ સલામતી સપ્તાહ દરમિયાન ટ્રાફિક નિયમોનું પાલન તથા આ અંગેની સમયાંતરે ડ્રાઈવ અંગેનુ આયોજન કરવામાં આવે છે. |

---------

**વાયબ્રન્ટ સમિટમાં સિવિલ એવિએશન ક્ષેત્રે એમ.ઓ.યુ.**

જ૫૮૨૮ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭ અને ૨૦૧૯માં સિવિલ એવિએશન ક્ષેત્રે સમિટવાર કુલ કેટલા એમ.ઓ.યુ. કેટલી રકમના થયા હતા,

**જવાબ**

(૧)

| વર્ષ | સંખ્યા | વિગત |
|---|---|---|
| ૨૦૧૭ | ૧૨ | આ સમિટમાં ઈન્વેસ્ટમેન્ટ |

| | | |
|---|---|---|
| | | નથી. |

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સમિટવાર થયેલ એમ.ઓ.યુ. પૈકી કેટલા અમલ હેઠળ, કેટલા પ્રારંભિક તબક્કામાં અને કેટલા રદ થયા ?

(૨) વર્ષ ૨૦૧૭માં ૧૨ એમ.ઓ.યુ. રદ થયેલ છે અને વર્ષ ૨૦૧૯માં ૭ એમ.ઓ.યુ. નું અમલીકરણ થયેલ છે, ૨ અમલ હેઠળ છે અને ૯ રદ થયેલ છે.

---------

**બહુચરાજી ખાતે રેસ્ટ હાઉસ નવીન બનાવવા કાર્યવાહી**

૪૫૭૮૦ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં બહુચરાજી ખાતે જિલ્લા પંચાયતનું રેસ્ટ હાઉસ જર્જરિત હાલતમાં હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત રેસ્ટ હાઉસ નવીન બનાવવા/રિપેરિંગ માટે શી કાર્યવાહી કરી, અને | (૨) નવીન રેસ્ટ હાઉસ બનાવવા અંગેની બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) તે કામ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ કાર્યવાહી કરવામાં આવશે. |

---------

**ઉંઝા એપીએમસીમાં સેસ કૌભાંડની તપાસ**

૪૫૭૭૧ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ઉંઝા એપીએમસીમાં થયેલ સેસ કૌભાંડની તપાસ ક્યા તબક્કે છે, | (૧) મહેસાણા જિલ્લાના ઉંઝા એપીએમસીમાં થયેલ સેસ કૌભાંડ બાબતે પોલીસ દ્વારા કોઈ ગુનો નોંધવામાં આવેલ નથી. સદર બાબતે અરજદારશ્રી પરસોત્તમભાઈ નાગરદાસ પટેલ, રહે.૧૦, પુરુષોત્તમનગર સોસાયટી, ઉંઝા નાઓએ તા.૨૭-૦૫-૨૦૨૧ના રોજ અરજી કરેલ જેની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ઉંઝા નાઓએ કરી તા.૧૭-૧૦-૨૦૨૧થી અહેવાલ પાઠવેલ છે. જેમાં આજ મતલબની અરજી અગાઉ એપીએમસીના સેસ વિભાગમાં કામ કરતાં કર્મચારી સૌમીલકુમાર પટેલ નાઓએ કરેલ હોઈ, તમામ દસ્તાવેજી પુરાવા સાથે જિલ્લા રજિસ્ટ્રાર, મહેસાણા નાઓએ કરેલ હતી. જેની તપાસ જિલ્લા રજિસ્ટ્રાર, મહેસાણાઓ કરી રહેલ હોઈ, અરજદારશ્રીની પોલીસ સમક્ષ કરેલ અરજી ફાઈલે કરવામાં આવેલ છે.<br>વધુમાં આ અરજદારે ઉંઝા કોર્ટમાં ઈન્કવાયરી નં.૦૨/૨૦૨૧થી દાખલ કરાવેલ હતી. જે કામે નામદાર ઉંઝા કોર્ટે સી.આઈ.ડી. ક્રાઈમને ફરિયાદ દાખલ કરવા હુકમ કરેલ હતો. જે કામે આક્ષેપિતોએ નામદાર હાઈકોર્ટમાં પિટિશન નં.૫૦૭૯/૨૦૨૧ તથા ૫૦૭૭/૨૦૨૧ દાખલ કરાવેલ હોય જે પ્રકરણ હાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતે પેન્ડિંગ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કૌભાંડ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી ઈસમોની ધરપકડ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી**

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૫૮૧૨ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ માર્ગ અને મકાન વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે, | (૨) ઉક્ત સ્થિતિએ ૧૧ કર્મચારીઓ કરાર આધારિત અને ૨૫ કર્મચારી આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરાર આધારિત એક પણ કર્મચારીની ભરતી કરેલ નથી અને આઉટસોર્સિંગથી ૭ કર્મચારીની ભરતી કરેલ છે. |
| (૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શા છે ? | (૪) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ. દ્વારા ખાનગીકરણ અંતર્ગત પ્રગતિ હેઠળના કામોને ધ્યાને લઈ જરૂરિયાત મુજબના સ્ટાફની કરારથી અને આઉટસોર્સિંગથી ભરતી કરેલ છે. |

---------

**સૂત્રાપાડા ખાતે ફિશરીઝ હાર્બર**

૪૫૯૨૭ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૂત્રાપાડા ખાતે ફિશરીઝ હાર્બર બનાવવાના કામને સૈદ્ધાંતિક મંજૂરી સને ૨૦૧૨માં મળેલ છે તે હીકક્ત તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સદર કામગીરી નીચે વિગતે છે.<br>• સદર બાબતે તા.૦૮-૦૭-૨૦૨૧ના રોજ વહીવટી મંજૂરી મળેલ છે.<br>• ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાંથી પર્યાવરણની મંજૂરી મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.<br>• સદર બાબતે જી.આઈ.ડી.સી. પાસેથી જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.<br>• સદર મત્સ્યબંદરના તૈયાર કરેલ નકશા-અંદાજોને તાંત્રિક ચકાસણીની કામગીરી જી.એમ.બી. ખાતે પ્રગતિ હેઠળ છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ટેન્ડરની મંજૂરી બાદ, અંદાજિત ૪ થી ૫ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

૪૫૮૫૨ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કઈ-કઈ એપીએમસી આવેલ છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને | (૨) **ગાંધીનગર જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ-૪<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ-શૂન્ય<br>**મહેસાણા જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ-૧૧ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ?

- બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ - શૂન્ય

(૨)
- ગાંધીનગર જિલ્લો : શૂન્ય.
- મહેસાણા જિલ્લો : શૂન્ય.

**પત્રક - ૧**

- **ગાંધીનગર જિલ્લામાં આવેલ એપીએમસી :**
  (૧) બજાર સમિતિ, ગાંધીનગર,
  (૨) બજાર સમિતિ, કલોલ,
  (૩) બજાર સમિતિ, દહેગામ,
  (૪) બજાર સમિતિ, માણસા.
- **મહેસાણા જિલ્લામાં આવેલ એપીએમસી :**
  (૧) બજાર સમિતિ, મહેસાણા,
  (૨) બજાર સમિતિ, ઉંઝા,
  (૩) બજાર સમિતિ, વિસનગર,
  (૪) બજાર સમિતિ, વિજાપુર,
  (૫) બજાર સમિતિ, કડી,
  (૬) બજાર સમિતિ, ઉનાવા,
  (૭) બજાર સમિતિ, બેચરાજી,
  (૮) બજાર સમિતિ, સતલાસણા,
  (૯) બજાર સમિતિ, વડનગર,
  (૧૦) બજાર સમિતિ, ખેરાલુ,
  (૧૧) બજાર સમિતિ, જોટાણા.

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌચર જમીનમાં દબાણ**

૪૫૮૧૬ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે,

**જવાબ**

(૧) પત્રક - (અ) મુજબ.

| **જામનગર જિલ્લો** | | |
|---|---|---|
| **વર્ષ** | **તાલુકાનું નામ** | **દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.)** |
| ૨૦૨૦ | ધ્રોલ | ૦૨.૧૯.૫૪ |
| ૨૦૨૦ | જોડીયા | ૦૦.૦૨.૦૦ |
| ૨૦૨૦ | જામજોધપુર | ૦૬.૯૬.૧૨ |
| ૨૦૨૧ | લાલપુર | ૧૨.૩૨.૦૦ |

| **દેવભૂમિ દ્વારકા જિલ્લો** | | |
|---|---|---|
| **વર્ષ** | **તાલુકાનું નામ** | **દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.)** |
| ૨૦૨૦ | ભાણવડ | ૦૦.૦૧.૦૫ |
| ૨૦૨૦ | કલ્યાણપુર | ૦૧.૦૧.૦૪ |
| ૨૦૨૦ | દ્વારકા | ૦૧.૦૦.૦૦ |
| ૨૦૨૧ | ભાણવડ | ૦૦.૦૧.૬૦ |
| ૨૦૨૧ | કલ્યાણપુર | ૦૧.૧૯.૯૦ |
| ૨૦૨૧ | દ્વારકા | ૧૩.૮૨.૩૪ |
| ૨૦૨૧ | ખંભાળીયા | ૦૨.૫૪.૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ સરકારે આ દબાણો દૂર કરવા શાં પગલાં લીધાં,

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઇઓ હેઠળ દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં

આવે છે.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર ગૌચરના દબાણો દૂર કરી કેટલી જમીન છૂટી કરી, અને

(૩) પત્રક-(બ) મુજબ.

| જામનગર જિલ્લો | | |
|---|---|---|
| **વર્ષ** | **તાલુકાનું નામ** | **દૂર કરેલ દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.)** |
| ૨૦૨૦ | જોડીયા | ૦૦.૦૨.૦૦ |
| ૨૦૨૧ | લાલપુર | ૧૧.૭૬.૦૦ |
| ૨૦૨૧ | જામજોધપુર | ૦૬.૭૬.૧૨ |
| ૨૦૨૧ | ધ્રોલ | ૦૨.૧૯.૫૪ |

| દેવભૂમિ દ્વારકા જિલ્લો | | |
|---|---|---|
| **વર્ષ** | **તાલુકાનું નામ** | **દૂર કરેલ દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.)** |
| ૨૦૨૦ | ભાણવડ | ૦૦.૦૧.૦૫ |
| ૨૦૨૦ | કલ્યાણપુર | ૦૧.૦૧.૦૪ |
| ૨૦૨૦ | દ્વારકા | ૦૧.૦૦.૦૦ |
| ૨૦૨૧ | ખંભાળીયા | ૦૨.૫૪.૦૦ |
| ૨૦૨૧ | ભાણવડ | ૦૦.૦૧.૬૦ |
| ૨૦૨૧ | કલ્યાણપુર | ૦૧.૧૮.૯૦ |
| ૨૦૨૧ | દ્વારકા | ૧૩.૮૨.૩૪ |

(૪) બાકી જમીનમાંથી ક્યાં સુધીમાં દબાણ દૂર કરવામાં આવશે ?

(૪) દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ દબાણો દૂર થયેલ છે.

જામનગર જિલ્લાના બાકી રહેલ ૦૦.૭૬.૦૦ હે.આરે.પ્ર દબાણ સંબંધે દબાણો દૂર કરવાની આનુષાંગિક કાર્યવાહી ચાલુ હોઈ, જે પૂર્ણ થયેથી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

**પ્રભાગ માટે રકમની બજેટમાં જોગવાઈ**

૪૫૭૭૭ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) યાત્રાધામ વિકાસ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૧)

| વર્ષ | બજેટ જોગવાઈ (લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૧૬૪૩૯.૩૫ |
| ૨૦૨૦-૨૧ | રૂ.૧૪૬૭૬.૮૦ |

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ફાળવેલ રકમ (લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ.૮૩૪૪.૯૨ |
| ૨૦૨૦-૨૧ | રૂ.૭૧૦૬.૭૧ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩)

| વર્ષ | વપરાયેલ રકમ (લાખમાં) | વણવપરાયેલ રકમ (લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ.૭૩૪૪.૦૦ | રૂ.૧૦૦૦.૯૨ |
| ૨૦૨૦-૨૧ | રૂ.૫૧૯૬.૦૮ | રૂ.૧૯૧૦.૬૩ |

| વર્ષ | વણવપરાયેલ રહેલ રકમના કારણો |
|---|---|
| ૨૦૧૯-૨૦ | પ્રોજેક્ટ ટેન્ડર કક્ષાએ હોવાથી સ્થળ પર કામગીરી શરૂ કરવામાં વિલંબ થતા રકમ વણવપરાયેલ રહેલ છે. |

| | |
|---|---|
| ૨૦૨૦-૨૧ | કોરોના મહામારીને કારણે યોજનાઓ સ્થગિત રહેતા રકમ વણવપરાયેલ રહેલ છે. |

- - - - - - - - -

**વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી**

૪૫૮૯૮ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ શ્રમ અને રોજગાર પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તક એક પણ નિગમ નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**રાજ્ય ધોરીમાર્ગ તારાપુર-વાસદને સિક્સલેન કરવાની કામગીરી**

૪૫૯૦૯ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાંથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગ તારાપુર-વાસદને સિક્સલેન કરવાની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) ઉક્ત સ્થિતિએ આ કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને ક્યારે કામ સોંપવામાં આવેલ, અને | (૨) મે.આરકેસી ઈન્ફ્રાબિલ્ટ (તારાપુર-વાસદ) રોડ પ્રોજેક્ટ પ્રા.લિ.ને રૂ.૧૦૦૫ કરોડની કન્સેશનર કોસ્ટથી તા.૦૪-૦૮-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવા માટે આ કામગીરી સોંપવામાં આવેલ હતી. |
| (૩) ઉક્ત કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે અને તે અન્વયે ક્યા જવાબદારો સામે શાં પગલાં લીધાં ? | (૩) કોવિડ-૧૯ના કારણે આ કામની સમયમર્યાદા તા.૨૭-૦૧-૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ હોય જવાબદારો સામે પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લામાં સરકારી આઇ.ટી.આઈ.માં મંજૂર મહેકમ**

૪૫૭૮૮ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. આવેલ છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં માનવ કલ્યાણ યોજના**

૪૫૧૪૯ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી** | **તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | નવસારી | ૧૩૦ | ૬૦ | ૧૯૦ |
| ૨ | જલાલપોર | ૧૨૫ | ૮૦ | ૨૦૫ |
| ૩ | ગણદેવી | ૧૬૦ | ૧૦૫ | ૨૬૫ |
| ૪ | ચીખલી | ૧૫૦ | ૧૨૦ | ૨૭૦ |
| ૫ | વાંસદા | ૧૩૫ | ૧૦૦ | ૨૩૫ |
| ૬ | ખેરગામ | ૯૦ | ૬૫ | ૧૫૫ |
| | **કુલ** | **૭૯૦** | **૫૩૦** | **૧૩૨૦** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી** | **તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | નવસારી | ૧૦૦ | ૪૫ | ૧૪૫ |
| ૨ | જલાલપોર | ૧૦૫ | ૬૦ | ૧૬૫ |
| ૩ | ગણદેવી | ૧૨૦ | ૯૦ | ૨૧૦ |
| ૪ | ચીખલી | ૧૧૨ | ૧૦૦ | ૨૧૨ |
| ૫ | વાંસદા | ૧૧૦ | ૮૦ | ૧૯૦ |
| ૬ | ખેરગામ | ૮૦ | ૫૦ | ૧૩૦ |
| | **કુલ** | **૬૨૭** | **૪૨૫** | **૧૦૫૨** |

(૩) તે અન્વયે કયા કયા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) જોડાણ-૧ સામેલ રાખેલ છે.

| **જોડાણ-૧** | |
|---|---|
| ૧ | કડિયાકામ |
| ૨ | સેન્ટિંગકામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રિપેરિંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| ૧૧ | ઇલેક્ટ્રિક એપ્લાર્યન્સીસ રિપેરિંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી / વેલ્ડિંગ કામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સૂપડા બનાવનાર |
| ૧૬ | દૂધ - દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ / ઠંડા પીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમિલ |
| ૨૩ | મસાલામિલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રિપેરિંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશ બનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટિંગ (વાળંદકામ) |

- - - - - - - - -

**કલ્પસર યોજનાની કામગીરી**

૪૫૯૧૨ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૫૪૮ (અગ્રતા-૧૭૧)ના અનુસંધાને **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજનાના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) બનાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ, રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી પાસેથી મેળવવાની થતી યોજના સંબંધિત તમામ મંજૂરીઓ મળ્યેથી, આ યોજનાનું નિર્માણ કાર્ય શક્ય તેટલું વહેલું પૂર્ણ કરવાનું આયોજન છે તો ડી.પી.આર. બનાવવાની કામગીરી ક્યારથી ચાલે છે,

(૨) ડી.પી.આર. બનાવવાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે,

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેન્દ્ર સરકાર પાસેથી યોજના સંબંધિત કઈ મંજૂરીઓ મેળવવાની થાય છે, અને

(૪) કેન્દ્ર સરકાર પાસેથી ઉક્ત મંજૂરીઓ મેળવવા

**જવાબ**

(૧) કલ્પસર યોજનાના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) બનાવવાની કામગીરી ભારત સરકારની મીનીસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ હસ્તકની નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રિસર્ચ (NCCR), ચેન્નાઈને માર્ચ-૨૦૨૧થી સોંપવામાં આવેલ છે.

(૨) ડી.પી.આર. બનાવવાની કામગીરી ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) કેન્દ્ર સરકારશ્રી પાસેથી યોજના સંબંધિત મુખ્યત્વે નીચે મુજબની મંજૂરીઓ મેળવવાની થાય છે.

- કેન્દ્ર સરકારશ્રીની મીનીસ્ટ્રી ઓફ એન્વાર્યમેન્ટ, ફોરેસ્ટ એન્ડ ક્લાઇમેટ ચેઈન્જ (MoEF & CC)
  - પર્યાવરણને લગતી તથા સી.આર.ઝેડ.ને લગતી મંજૂરીઓ
- કેન્દ્ર સરકારશ્રીની મીનીસ્ટ્રી ઓફ જલશક્તિ
  - ડી.પી.આર. બનાવ્યા બાદ યોજનાની મંજૂરી.
- કેન્દ્ર સરકારશ્રીની મીનીસ્ટ્રી ઓફ ડિફેન્સ
  - સુરક્ષા અંગેની મંજૂરી.
- કેન્દ્ર સરકારશ્રીની નાણાં મંત્રાલય હસ્તકની મીનીસ્ટ્રી ઓફ ઇકોનોમિક અફેર્સ – યોજના માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ/બેન્કો પાસેથી નાણાકીય લોન મેળવવા બાબત.

(૪) કલ્પસર યોજનાના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ

| | |
|---|---|
| ઉક્ત સ્થિતિએ શા પ્રયાસો કરવામાં આવ્યા ? | (ડી.પી.આર.) બનાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ, રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી પાસેથી ઉક્ત મંજૂરીઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

૪૫૭૮૫ **ડૉ.કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કઈ-કઈ એપીએમસી આવેલ છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને | (૨)<br>➢ **પાટણ જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ – ૮<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ – ૩<br>➢ **મહેસાણા જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ – ૧૧<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ – શૂન્ય. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ? | (૩)<br>➢ પાટણ જિલ્લો : શૂન્ય.<br>➢ મહેસાણા જિલ્લો : શૂન્ય. |

**પત્રક-૧**

**પાટણ જિલ્લામાં આવેલ એપીએમસી :**

(૧) બજાર સમિતિ, પાટણ.
(૨) બજાર સમિતિ, સિદ્ધપુર.
(૩) બજાર સમિતિ, હારીજ.
(૪) બજાર સમિતિ, રાધનપુર.
(૫) બજાર સમિતિ, વારાહી.
(૬) બજાર સમિતિ, ચાણસ્મા.
(૭) બજાર સમિતિ, સરસ્વતી.
(૮) બજાર સમિતિ, સમી.

- ખાનગી બજાર સમિતિ :
  (૧) રાધનપુર એગ્રો પ્રોડક્ટ માર્કેટ પ્રા.લિ., મુ.રાધનપુર
  (૨) પાટણ માર્કેટ યાર્ડ પ્રા.લિ., મુ.માંડોત્રી, તા.પાટણ
  (૩) સરસ્વતી એગ્રીસ્ટેક ઇન્ફ્રા એલ.એલ.પી., મુ.પાટણ

**મહેસાણા જિલ્લામાં આવેલ એપીએમસી :**

(૧) બજાર સમિતિ, વિસનગર.
(૨) બજાર સમિતિ, ઉંઝા.
(૩) બજાર સમિતિ, વિસનગર.
(૪) બજાર સમિતિ, મહેસાણા.
(૫) બજાર સમિતિ, કડી.
(૬) બજાર સમિતિ, બેચરાજી.
(૭) બજાર સમિતિ, વડનગર.
(૮) બજાર સમિતિ, ઉનાવા.
(૯) બજાર સમિતિ, ખેરાલુ.
(૧૦) બજાર સમિતિ, સતલાસણા.

(૧૧) બજાર સમિતિ, જોટાણા.

---------

## સુરત જિલ્લામાં રોડ પર પુલ બનાવવાનું આયોજન

૪૫૧૩૪ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લાના મહુવા તાલુકાના ભગવાનપુરા વાંકથી સાંબા રોડ પર પુલ બનાવવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨)જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવશે ? | (૨) તા.૨૦-૧૧-૨૦૨૧ના રોજ રૂ.૬૦૦ લાખ મંજૂર કરેલ છે. |

---------

## રાજકોટ અને પોરબંદર જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી

૪૫૮૨૫ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કઈ-કઈ એપીએમસી આવેલ છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને | (૨)<br>➢ **રાજકોટ જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ – ૯<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ – શૂન્ય.<br>➢ **પોરબંદર જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ – ૨<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ – શૂન્ય. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ? | (૩)<br>➢ રાજકોટ જિલ્લો : શૂન્ય.<br>➢ પોરબંદર જિલ્લો : શૂન્ય. |

**પત્રક-૧**

**રાજકોટ જિલ્લામાં આવેલ એપીએસસી :**

(૧) બજાર સમિતિ, રાજકોટ,
(૨) બજાર સમિતિ, જેતપુર,
(૩) બજાર સમિતિ, ધોરાજી,
(૪) બજાર સમિતિ, ઉપલેટા,
(૫) બજાર સમિતિ, જસદણ,
(૬) બજાર સમિતિ, ગોંડલ,
(૭) બજાર સમિતિ, કોટડા સાંગાણી,
(૮) બજાર સમિતિ, વિછીંયા,
(૯) બજાર સમિતિ, જામકંડોરણા

**પોરબંદર જિલ્લામાં આવેલ એપીએમસી :**

(૧) બજાર સમિતિ, પોરબંદર
(૨) બજાર સમિતિ, કુતીયાણા

---------

## અન્ય વિભાગોને ભાડે આપેલ એસ.ટી. બસની બાકી રકમ

૪૫૧૮૩ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૧૦-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાહનવ્યવહાર પ્રભાગ દ્વારા સરકારના અન્ય વિભાગોને ભાડે આપેલ એસ.ટી. બસો પરત્વે ભાડા પેટે કેટલી રકમ લેવાની બાકી છે,

(૧)

| વર્ષ | બાકી રકમ (રૂ.) |
|---|---|
| તા.૧૧-૦૨-૨૦૨૦ થી તા.૧૦-૦૨-૨૦૨૧ | ૬૯,૬૦,૫૬૮/- |

| | |
|---|---|
| તા.૧૧-૦૨-૨૦૨૧ થી તા.૧૦-૦૨-૨૦૨૨ | ૩૬,૬૭,૧૫૭/- |

(૨) ઉક્ત સ્થિતિએ કયા વિભાગ પાસેથી કયા વર્ષથી કેટલી બાકી રકમ લેવાની થાય છે,

(૨)

| ક્રમ | વર્ષ | વિભાગનું નામ | લેવાની થતી બાકી રકમ (રૂ.) |
|---|---|---|---|
| ૧ | તા.૧૧-૦૨-૨૦૨૦ થી તા.૧૦-૦૨-૨૦૨૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૪,૧૯,૬૯૭/- |
| ૨ | | ગૃહ વિભાગ | ૧,૪૬,૧૫૦/- |
| ૩ | | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૦,૪૩,૮૬૭/- |
| ૪ | | મહેસૂલ વિભાગ | ૧૩,૦૮,૨૦૪/- |
| ૫ | | રાજ્ય ચૂંટણી પંચ | ૪૨,૬૫૦/- |
| ૧ | તા.૧૧-૦૨-૨૦૨૧ થી તા.૧૦-૦૨-૨૦૨૨ | ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા | ૧,૭૮,૨૭૮/- |
| ૨ | | સામાન્ય વહીવટ વિભાગ | ૪,૫૫,૪૫૧/- |
| ૩ | | ગૃહ વિભાગ | ૨૨,૦૮,૦૨૮/- |
| ૪ | | મહેસૂલ વિભાગ | ૪,૧૨૦/- |
| ૫ | | રાજ્ય ચૂંટણી પંચ | ૮,૨૧,૨૮૦/- |

(૩) આ નાણા મેળવવા વાહનવ્યવહાર પ્રભાગે શી કાર્યવાહી કરી, અને

(૩) બાકી નાણાની વસૂલાત માટે સંલગ્ન વિભાગો સાથે પત્રવ્યવહાર કરી નાણા વસૂલવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૪) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં પ્રભાગને કેટલી રકમ મળેલ છે ?

(૪)

| વર્ષ | મળેલ રકમ (રૂ.) |
|---|---|
| તા.૧૧-૦૨-૨૦૨૦ થી તા.૧૦-૦૨-૨૦૨૧ | નીલ |
| તા.૧૧-૦૨-૨૦૨૧ થી તા.૧૦-૦૨-૨૦૨૨ | નીલ |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતના મકાન**

૪૫૯૫૧ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં પંચાયત ઘર ન હોવાના કારણે કેટલી ગ્રામ પંચાયત ભાડાના મકાનોમાં બેસે છે, અને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં પંચાયત ઘર બનાવવા માટે કુલ કેટલી માંગણીઓ આવેલ,

(૧)

| તાલુકો | ભાડાના મકાનમાં બેસતી ગ્રામ પંચાયતની સંખ્યા | પંચાયત ઘર બનાવવા માટે કરેલ માંગણીઓ |
|---|---|---|
| સાવરકુંડલા | ૧ | ૧૪ |
| લીલીયા | ૦ | ૧ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પંચાયત ઘર મંજૂર કરવામાં આવ્યા અને તે પૈકી કેટલા પંચાયત ઘરનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ પંચાયત ઘરની સંખ્યા | પૂર્ણ કરેલ પંચાયત ઘરના કામ |
|---|---|---|---|
| ૧ | સાવરકુંડલા | ૦૧ | ૦૦ |
| ૨ | લીલીયા | ૦૦ | ૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા મકાનોનું કામ ચાલુ છે ?

(૩) એક પણ નહિ.

- - - - - - - - -

**સુરત અને નવસારી જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ.માં મંજૂર મહેકમ**

અતારાંકિત પ્રશ્નો

૪૫૮૬૬ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. આવેલી છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે ભરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વિભાગ માટે રકમની બજેટમાં જોગવાઈ**

૪૫૮૦૩ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માર્ગ અને મકાન વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ, | (૧) વર્ષ ૨૦૧૯-૨૦ માં રૂ. ૧૦૦૫૮.૪૦ કરોડ અને,<br>વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ. ૧૦૨૦૦.૦૦ કરોડ. |
| (૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) જે તે નાણાકીય વર્ષમાં જોગવાઈ કરવામાં આવેલ ગ્રાન્ટ તે વર્ષના માર્ચ માસના અંત સુધીમાં ફાળવી દેવામાં આવે છે. ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦ માં રૂ.૯૪૯૧.૧૦ કરોડ અને વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ.૧૧૧૪૧.૮૬ કરોડ ફાળવવામાં આવ્યા. |
| (૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ? | (૩) વર્ષ ૨૦૧૯-૨૦ માં રૂ.૯૪૨૭.૮૨ કરોડની રકમ વપરાઈ અને લોકડાઉનના કારણે ચૂકવણાં ન થઈ શકતા રૂ.૬૩.૨૮ કરોડ (ફાળવેલ ગ્રાન્ટના ૦.૬૬%) વણવપરાયેલ રહેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ.૧૧૦૩૩.૯૬ કરોડની રકમ વપરાઈ અને કોવિડ-૧૯ મહામારીના કારણે કામોની પ્રગતિ પર અસર થતા, ખરેખર થયેલ કામગીરી અનુસાર ચૂકવણું કરતાં રૂ.૧૦૭.૯૦ કરોડ (ફાળવેલ ગ્રાન્ટના ૦.૯૭%) વણવપરાયેલ રહેલ છે. |

---------

**તાપી અને ડાંગ જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

૪૫૮૬૦ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કઈ-કઈ એપીએમસી આવેલ છે, | (૧) તાપી જિલ્લો :<br>(૧) બજાર સમિતિ, વ્યારા,<br>(૨) બજાર સમિતિ, નિઝર<br>(૩) બજાર સમિતિ, કુકરમુંડા,<br>(૪) બજાર સમિતિ, વાલોડ,<br>(૫) બજાર સમિતિ, સોનગઢ<br>(૬) બજાર સમિતિ, ઉચ્છલ.<br>ડાંગ જિલ્લો :<br>(૧) બજાર સમિતિ, આહવા, મુ.વઘઈ |
| (૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને | (૨)<br>➢ **તાપી જિલ્લો :** |

- બજારધારા અંતર્ગત બજાર સમિતિ – ૬
- બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ– શૂન્ય.

➢ **ડાંગ જિલ્લો :**

- બજારધારા અંતર્ગત બજાર સમિતિ – ૧
- બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ– શૂન્ય.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ?

(૩)
➢ તાપી જિલ્લો : શૂન્ય.
➢ ડાંગ જિલ્લો : શૂન્ય.

- - - - - - - - -

**અમદાવાદ-મહેસાણા ટોલરોડ પર ટોલટેક્ષ**

૪૫૯૬૫ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૮-૦૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ-મહેસાણા ટોલરોડ પરથી પસાર થતા જુદા જુદા પ્રકારના વાહનો પાસેથી ટોલટેક્ષ વસૂલ કરવાના દર શા છે, આ દરો નક્કી કરવા માટે સરકાર દ્વારા કોઈ સમિતિ બનાવવામાં આવેલ છે કે કેમ,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટોલટેક્ષમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ ટોલટેક્ષ વસૂલ કરવાનો ઈજારો કઈ કંપનીને કેટલા સમય માટે ક્યારથી આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ ટોલ યુઝર ફી વસૂલવાના દરની વિગતો પરિશિષ્ટ-૧ મુજબ.
ટોલ યુઝર ફીના દર કન્સેશનર સાથે કરવામાં આવેલ કરારના આર્ટિકલ-૧૧ મુજબ નક્કી કરવાના હોવાથી સરકાર દ્વારા કોઈ સમિતિ બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ટોલ યુઝર ફીના દરમાં થયેલ વધારાની વિગતો પરિશિષ્ટ-૨ મુજબ.

(૩) યુઝર ફી વસૂલ કરવાનો ઈજારો આપવા બાબતની સત્તા કરારના સેક્શન-૧૧.૬ મુજબ કન્સેશનર ગુજરાત રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિ. (જીઆરઆઈસીએલ)ની હોઈ સરકાર દ્વારા કોઈ ઈજારો આપેલ નથી.

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | વાહનનો પ્રકાર | અમદાવાદ થી મહેસાણા અથવા મહેસાણા થી અમદાવાદ માટે એકતરફી યુઝર ફી (રૂ.) | અમદાવાદ થી કલોલ અથવા કલોલ થી અમદાવાદ માટે એકતરફી યુઝર ફી (રૂ.) | કલોલ થી મહેસાણા અથવા મહેસાણા થી કલોલ માટે એકતરફી યુઝર ફી (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ટ્રક-૨ એક્સલ | ૩૩૦ | ૧૧૫ | ૨૨૦ |
| ૨ | ૨ એક્સલ ઉપરાંત દરેક વધારાના એક્સલ માટે | ૨૩૦ | ૭૫ | ૧૬૦ |
| ૩ | બસ-૨ એક્સલ * | ૩૩૦ | ૧૧૫ | ૨૨૦ |
| ૪ | હળવા વ્યાપારિક વાહન | ૧૭૫ | ૬૦ | ૧૧૫ |
| ૫ | કાર* | ૧૦૫ | ૩૦ | ૭૫ |
| ૬ | થ્રી વ્હીલર* | ૪૫ | ૧૫ | ૩૦ |
| ૭ | ટુ વ્હીલર* | ૧૫ | ૧૫ | ૧૫ |

*ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંકઃ મુ.મ.સ./૧૦/૨૦૧૬/ટો.મુ./કેબિનેટ/૧૯/ખા.ક. તા.૧૨-૦૮-૧૬થી જણાવ્યા મુજબ ટોલ પ્લાઝા પર કાર/જીપ/વાન/દ્વિચક્રીય/ત્રિચક્રીય અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની એસ.ટી. બસને ટોલ ભરવામાંથી મુક્તિ આપેલ છે.

**પરિશિષ્ટ-૨**

અતારાંકિત પ્રશ્નો

**તા.૨૮-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ-મહેસાણા ટોલ રોડ ઉપરથી પસાર થતા વિવિધ પ્રકારના વાહનો માટે યુઝર ફીમાં થયેલ વધારો**

| ક્રમ | વાહનનો પ્રકાર | અમદાવાદ થી મહેસાણા અથવા મહેસાણા થી અમદાવાદ માટે એકતરફી યુઝર ફીમાં થયેલ વધારો (રૂ.) | | અમદાવાદ થી કલોલ અથવા કલોલ થી અમદાવાદ માટે એકતરફી યુઝર ફીમાં થયેલ વધારો (રૂ.) | | કલોલ થી મહેસાણા અથવા મહેસાણા થી કલોલ માટે એકતરફી યુઝર ફીમાં થયેલ વધારો (રૂ.) | |
|---|---|---|---|---|---|---|---|
| | | પ્રથમ વર્ષ | દ્વિતીય વર્ષ | પ્રથમ વર્ષ | દ્વિતીય વર્ષ | પ્રથમ વર્ષ | દ્વિતીય વર્ષ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ટ્રક-૨ એક્સલ | ૧૫ | ૨૦ | ૫ | ૫ | ૫ | ૨૦ |
| ૨ | ટ્રક-૨ એક્સલ ઉપરાંત દરેક વધારાના એક્સલ માટે | ૧૦ | ૧૫ | ૫ | ૫ | ૫ | ૧૦ |
| ૩ | બસ-૨ એક્સલ | ૧૫ | ૨૦ | ૫ | ૫ | ૫ | ૨૦ |
| ૪ | હળવા વ્યાપારિક વાહન | ૫ | ૧૫ | ૦ | ૫ | ૫ | ૫ |
| ૫ | કાર | ૫ | ૧૦ | ૦ | ૦ | ૫ | ૫ |
| ૬ | થ્રી વ્હીલર | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ટુ વ્હીલર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

---------

**બેટરીબોટ ધરાવતા માછીમારોને સહાય**

૪૪૭૬૮ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડીયા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બે બેટરીબોટો ધરાવતા માછીમારોને ઈન્વર્ટર, ઈલેક્ટ્રિક સગડી, ઈલેક્ટ્રિક વોટર પંપ અને સી.એલ.એફ.ટ્યૂબ ખરીદવા માટે કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નીચે વિગતે સહાય મળે છે.

- ઈન્વર્ટર માટે રૂ.૮૫૦૦/- અથવા ખરીદ કિંમત બેમાંથી જે ઓછું હોય તે,
- ઈલેક્ટ્રિક સગડી માટે રૂ.૩,૦૦૦/- અથવા ખરીદ કિંમત બેમાંથી જે ઓછું હોય તે,
- ઈલેક્ટ્રિક વોટરપંપ માટે રૂ.૩૦૦૦/- અથવા ખરીદ કિંમત બેમાંથી જે ઓછું હોય તે,
- સી.એલ.એફ.ટ્યૂબ માટે રૂ.૫૦૦/- અથવા ખરીદ કિંમત બેમાંથી જે ઓછું હોય તે,

કુલ સહાય રૂ.૧૫,૦૦૦/- મહત્તમ અથવા ખરીદ કિંમત એ બેમાંથી જે ઓછું હોય તે તેટલી સહાય ચૂકવવામાં આવે છે.

(૨) ઉક્ત સહાયતા દરો ક્યારથી અમલમાં છે, અને

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ થી.

(૩) ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે ?

(૩) કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી.

---------

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં સરકારી આઈ.ટી.આઈ.માં મંજૂર મહેકમ**

૪૫૯૨૯ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. આવેલી છે,

**જવાબ**

(૧) *પત્રક-૧ સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર

(૨) *પત્રક-૨ સામેલ છે.

મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે,

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને — (૩) *પત્રક-૩ સામેલ છે.

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? — (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે ભરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી આઈ.ટી.આઈ.માં મંજૂર મહેકમ**

૪૫૮૨૧ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. આવેલી છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે ભરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**આણંદ અને ડાંગ જિલ્લામાં સરકારી આઈ.ટી.આઈ.માં મંજૂર મહેકમ**

૪૫૯૦૫ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ આવેલી છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે ભરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**રાજ્યમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકો**

૪૫૯૨૦ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો કેટલા છે , | (૧) ૭,૨૩,૨૧૦ |
| (૨) તે પૈકી રાજ્યના અને રાજ્ય બહારના શ્રમિકો કેટલા છે, અને | (૨) રાજ્યના ૭,૨૧,૬૨૪ તથા રાજ્ય બહારના ૧૫૮૬ |
| (૩) આ બાંધકામ શ્રમિકો માટે સહાયની કઈ યોજનાઓ અમલમાં છે ? | (૩) પરિશિષ્ટ - ૧ મુજબ. |

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | યોજનાનું નામ | વિગત |
|---|---|---|
| ૧ | શિક્ષણ સહાય યોજના | નોંધાયેલા શ્રમિકોના કોઈ પણ બે બાળકોને ધોરણ-૧ થી માસ્ટર ડિગ્રી તથા પી.એચ.ડી. |

| ક્રમ | યોજનાનું નામ | વિગત |
|---|---|---|
| | | સુધીના અભ્યાસક્રમો માટે શિક્ષણ સહાય યોજના હેઠળ કુલ રૂપિયા ૫૦૦ થી ૪૦,૦૦૦/- સુધીની વર્ષમાં એકવાર શિક્ષણ સહાય (પુસ્તક સહાય/હોસ્ટેલ સહાય) |
| ૨ | પ્રસૂતિ સહાય યોજના | બાંધકામ શ્રમિકની પત્નીને પ્રથમ બે પ્રસૂતિ માટે રૂપિયા ૫૦૦૦/-ની આર્થિક સહાય નોંધાયેલા મહિલા બાંધકામ શ્રમિકને પ્રથમ બે પ્રસૂતિ થયા પહેલા રૂ.૧૨,૫૦૦/- તથા પ્રસૂતિ બાદ રૂ.૧૫,૦૦૦/- આમ કુલ રૂ.૨૭,૫૦૦/-ની આર્થિક સહાય. |
| ૩ | મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના | મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના અંતર્ગત નોંધાયેલા બાંધકામ શ્રમિકને બે પ્રસૂતિની મર્યાદામા દીકરીનો જન્મ થાય ત્યારે એક દીકરીને રૂ.૧૦,૦૦૦/-ના ૧૮ વર્ષની મુદત માટેના બોન્ડ આપવામાં આવે છે. |
| ૪ | મેડિકલ હેલ્થ યુનિટ (ધન્વંતરી આરોગ્ય રથ) | કુલ ૫૪ ધન્વંતરી આરોગ્ય રથ ૩૧ જિલ્લાઓમાં વિવિધ બાંધકામ સાઈટો તથા શ્રમિક વસાહતો પર પ્રાથમિક તબીબી સારવાર વિના મૂલ્ય |
| ૫ | વ્યાવસાયિક રોગોમાં સહાય યોજના | નોંધાયેલા બાંધકામ શ્રમિકને વ્યવસાયના કારણે થતા ૧૫ પ્રકારના રોગો અને ૨૩ પ્રકારની ઈજાઓમાં મફત તબીબી સારવાર આપવામાં આવે છે. ૯૦ ટકાથી ઓછી અશક્તતાના કિસ્સામાં મફત તબીબી સારવાર તથા માસિક રૂ.૧૫૦૦/-ની સહાય તથા ૯૦ થી ૧૦૦ ટકા સુધીની અશક્તતાના કિસ્સામાં મફત તબીબી સારવાર તથા માસિક રૂ.૩૦૦૦/-ની સહાય, મહત્તમ રૂ.૩.૦ લાખની મર્યાદામાં |
| ૬ | આકસ્મિક મૃત્યુ સહાય યોજના | નોંધાયેલા/વણનોંધાયેલા બાંધકામ શ્રમિકનું બાંધકામ સાઈટ પર ચાલુ કામે અકસ્માતે અવસાન થાય તથા કાયમી અશક્તતાના કિસ્સામાં તેમના વારસદારને આકસ્મિક મૃત્યુ/કાયમી અશક્તતાના સહાય રૂ.૩,૦૦,૦૦૦/-ની સહાય |
| ૭ | અંત્યેષ્ઠિ સહાય યોજના | ચાલુ નોંધણીના સમય દરમ્યાન મૃત્યુ પામે તો અંત્યેષ્ઠી સહાય યોજના હેઠળ રૂ.૭,૦૦૦/-ની સહાય મૃતકની અંતિમ ક્રિયા માટે તેમના વારસદારોને આપવામાં આવે છે. |
| ૮ | શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના | શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા/શહેરી વિકાસ સત્તા મંડળ તથા ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના/પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે EWS/LIG/MIG આવાસોમાં રાજ્ય સરકાર/કેન્દ્ર સરકારની મળવાપાત્ર સહાય/ફાળા ઉપરાંત શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના હેઠળ રૂ.૧,૬૦,૦૦૦ની સહાય બાંધકામ બોર્ડની વધારાની સહાય નોંધાયેલ બાંધકામ શ્રમિક વતી મકાન ફાળવણી કરનાર જે તે સત્તામંડળને હવાલે આપવામાં આવે છે. |
| ૯ | સ્થળાંતરિત થતા બાંધકામ શ્રમિકોના બાળકો માટેની હોસ્ટેલ | ટ્રાયબલ જિલ્લામાં સ્થળાંતરિત થતા બાંધકામ શ્રમયોગીના બાળકોને વતનમાં જ શિક્ષણ સુવિધા મળી શકે તે માટે જે-તે શાળામાં જ જરૂરી વ્યવસ્થા કરીને બાળકો અભ્યાસ કરી શકે તે માટે હોસ્ટેલ સુવિધા પૂરી પાડવામાં આવે છે. |
| ૧૦ | શ્રમિક પરિવહન યોજના | નોંધાયેલા બાંધકામ શ્રમિકને મુસાફરી ખર્ચ પેટે રાહત દરનો પાસ પૂરો પાડવા માટે અમદાવાદ, સુરત, રાજકોટ તથા વડોદરા જિલ્લામાં શ્રમિક પરિવહન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જેનો ૮૦% ખર્ચ બોર્ડ દ્વારા તથા ૨૦% ખર્ચ લાભાર્થી દ્વારા ચૂકવવાનો રહે છે. |
| ૧૧ | હાઉસિંગ સબસિડી યોજના | બે વર્ષથી નોંધાયેલા બાંધકામ શ્રમિકોએ પોતાના મકાન ખરીદી માટે મહત્તમ રૂ. ૧૫.૦૦ લાખ સુધીની લોન લીધેલ હોય તેઓને પાંચ વર્ષ સુધી વાર્ષિક રૂ. ૨૦,૦૦૦/-ની એમ કુલ રૂ.૧,૦૦,૦૦૦/-ની સહાય. |
| ૧૨ | બેટરી ઓપરેટેડ ટુ વ્હીલર (ગો-ગ્રીન) યોજના | એક વર્ષથી નોંધાયેલા બાંધકામ શ્રમિકને બેટરી આધારિત ટુ-વ્હીલરની ખરીદી પર ખરીદ કિંમતના ૫૦% રકમ અથવા રૂ.૩૦,૦૦૦/- પૈકી જે રકમ ઓછી હોય તેની મર્યાદામાં સબસિડી આપવામાં આવે છે. વધુમાં આર.ટી.ઓ. ટેક્સ તેમજ રોડ ટેક્સની સહાય પણ બોર્ડ દ્વારા આપવામાં આવે છે. |
| ૧૩ | શ્રમિક અન્નપૂર્ણા યોજના | નોંધાયેલા બાંધકામ શ્રમિક અને તેના પરિવારના અન્ય ચાર સભ્ય એમ કુલ પાંચ વ્યક્તિની મર્યાદામાં રાહતદરે માત્ર રૂ.૧૦/-માં સાત્વિક અને પોષણયુક્ત ભોજન. |

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં બાંધકામ મજૂરોના કલ્યાણ માટે ખર્ચ**

૪૫૯૬૨ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા છે, | (૧) રૂ.૩૯૦૮.૩૧ કરોડ. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમનો કયા કામ માટે ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) પત્રક ''અ'' મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફંડનો જે-તે હેતુસર ઉપયોગ કરવાને બદલે અન્ય હેતુસર ઉપયોગ કરવામાં આવ્યો હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો અન્ય હેતુસર ઉપયોગ કરવામાં આવ્યો ? | (૩) ઉક્ત ફંડનો અન્ય હેતુસર ઉપયોગ કરવામાં આવેલ નથી. |

**પત્રક-અ**

**યોજનાકીય ખર્ચ** **(રકમ રૂ. લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | તા.૦૧-૦૨-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ | | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | |
|---|---|---|---|---|---|
| | | ગીર સોમનાથ | જૂનાગઢ | ગીર સોમનાથ | જૂનાગઢ |
| ૧ | વ્યવસાયિક રોગોમાં સારવાર યોજના | ૦ | ૦.૧૪ | ૦ | ૦.૫૦ |
| ૨ | ધ્ન્વન્તરી આરોગ્ય રથ યોજના | ૨૪.૬૯ | ૧૪.૯૫ | ૧૩.૦૯ | ૧૪.૧૮ |
| ૩ | બાંધકામ શ્રમિકોના બાળકો માટેની હોસ્ટેલ સુવિધા યોજના (જૂની) | ૦ | ૨.૬૭ | ૦ | ૦ |
| ૪ | પ્રસૂતિ સહાય યોજના | ૩.૯૩ | ૦.૪૦ | ૭.૦૩ | ૪.૪૦ |
| ૫ | ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના | ૧.૫૦ | ૩.૨૦ | ૨.૬૦ | ૪.૯૦ |
| ૬ | શિક્ષણ સહાય યોજના | ૮૪.૩૬ | ૧૧૦.૯૦ | ૨૬.૧૮ | ૬૨.૫૬ |
| ૭ | આકસ્મિક મૃત્યુ સહાય યોજના | ૬ | ૧૨ | ૬ | ૯ |
| ૮ | અંત્યેષ્ઠી સહાય યોજના | ૦.૦૫ | ૦.૧૫ | ૦.૧૯ | ૦.૬૪ |
| ૯ | કોરોના કવચ | ૦ | ૧૦૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૨૦.૫૩** | **૨૪૪.૪૧** | **૫૫.૦૯** | **૯૬.૧૮** |

- - - - - - - - -

**નવસારી અને વલસાડ જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

૪૫૮૫૭ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કઈ-કઈ એપીએમસી આવેલ છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને | (૨)<br>➢ **નવસારી જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ – ૪<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ – શૂન્ય<br>➢ **વલસાડ જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ – ૫<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ - ૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ? | (૩)<br>➢ નવસારી જિલ્લો : શૂન્ય<br>➢ વલસાડ જિલ્લો : શૂન્ય |

**પત્રક-૧**

**નવસારી જિલ્લામાં આવેલ એપીએમસી :**

(૧) બજાર સમિતિ, નવસારી
(૨) બજાર સમિતિ, બિલીમોરા
(૩) બજાર સમિતિ, ચીખલી
(૪) બજાર સમિતિ, વાંસદા

**વલસાડ જિલ્લામાં આવેલ એપીએમસી :**

(૧) બજાર સમિતિ, વલસાડ
(૨) બજાર સમિતિ, પારડી
(૩) બજાર સમિતિ, કપરાડા
(૪) બજાર સમિતિ, ધરમપુર
(૫) બજાર સમિતિ, ઉમરગામ

- **ખાનગી બજાર સમિતિ :**

(૧) મા શારદા ક્રીએટર્સ એલ.એલ.પી., ઠાકુર કોમ્પ્લેક્ષ, ધરમપુર-વલસાડ રોડ, ધરમપુર.

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં રસ્તાઓનાં કામો**

૪૫૮૮૧ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટકેટલા રસ્તાઓને જોબ નંબર ફાળવવામાં આવ્યા,

(૨) તે પૈકી તાલુકાવાર ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાના કામો પ્રગતિમાં છે,

**જવાબ**

(૧) અને (૨) દાહોદ જિલ્લામાં જોબ નંબર ફાળવવામાં આવ્યા.

| તાલુકો | પંચાયત / સ્ટેટ | મંજૂર કામો | પ્રગતિ હેઠળના કામો |
|---|---|---|---|
| દાહોદ | પંચાયત | ૧૦૯ | ૫૧ |
| | સ્ટેટ | ૨ | ૨ |
| ગરબાડા | પંચાયત | ૨૭ | ૧૯ |
| | સ્ટેટ | - | - |
| ઝાલોદ | પંચાયત | ૯૪ | ૪૩ |
| | સ્ટેટ | ૪ | ૩ |
| ફતેપુરા | પંચાયત | ૧૨૩ | ૪૨ |
| | સ્ટેટ | ૩ | ૩ |
| સંજલી | પંચાયત | ૧૭ | - |
| | સ્ટેટ | - | - |
| લીમખેડા | પંચાયત | ૯૭ | ૬૦ |
| | સ્ટેટ | ૨ | - |
| ધાનપુર | પંચાયત | ૧૦૬ | ૪૪ |
| | સ્ટેટ | ૧૯ | ૧૮ |
| સીંગવડ | પંચાયત | ૧૯ | ૧૩ |
| | સ્ટેટ | - | - |
| દે.બારીયા | પંચાયત | ૧૫૫ | ૧૦૦ |

(૩) ઉક્ત રસ્તાના કામો નબળા થતા હોવા અંગેની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, અને

(૩) કોઈ ફરિયાદ મળેલ નથી.

(૪) મળેલ ફરિયાદો અન્વયે ક્યારે કોની સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોને રોજગારી**

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

જ૫૮૯૯ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં આવેલ સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન, અમદાવાદ અને કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા ઔદ્યોગિક એકમોમાં કેટલા સ્થાનિકોને રોજગારી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર ઉક્ત એકમોએ સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તે અન્વયે ઉક્ત એકમો સામે શું પગલાં ભરવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન, અમદાવાદ અને કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા મળેલ માહિતી અનુસાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્થાનિકોને આપવામાં આવેલ રોજગારીની વિગત

| **વર્ષ** | **સ્થાનિક રોજગારી** | |
|---|---|---|
| | **સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન, અમદાવાદ** | **કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, અમદાવાદ** |
| ૨૦૨૦ (ડિસેમ્બર અંતિત) | ૬૦ | ૨૭ |
| ૨૦૨૧ (ડિસેમ્બર | ૧૮ | ૨૬ |

(૨) હા, જી.

(૩) સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

- સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાય તે માટે નાયબ નિયામકશ્રી (રોજગાર), અમદાવાદ દ્વારા સંબંધિત એકમને સરકારશ્રીના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઈઓ તરફ ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.
- નાયબ નિયામકશ્રી (રોજગાર) દ્વારા છ માસે ઉક્ત ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી ઠરાવની સમજૂતી આપીને સ્થાનિકોની ટકાવારી જાળવવા જણાવેલ છે તથા તેમના એકમમાં સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવામાં પડતી મુશ્કેલીની જાણકારી મેળવી તેનું નિરાકરણ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

\- - - - - - - - -

**સચિવાલય સંવર્ગના કર્મચારીઓને રાહત દરે પ્લોટ**

જ૫૮૦૬ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સચિવાલય સંવર્ગના બિનબદલીપાત્ર સરકારી કર્મચારીઓને રાહતદરે પ્લોટ આપવાની બાબત નામદાર ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સમક્ષ પડતર નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાહત દરના પ્લોટથી વંચિત બિનબદલીપાત્ર કર્મચારીઓની માંગણીઓ મુજબ રાહતદરે પ્લોટ ફાળવવા શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

૪૫૮૩૩ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કઇ-કઇ એપીએમસી આવેલ છે,

(૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨)
- **સુરેન્દ્રનગર જિલ્લો** :
  - બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ- ૮
  - બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ- શૂન્ય.
- **મોરબી જિલ્લો** :
  - બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ- ૩
  - બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ-૧

(૩)
- સુરેન્દ્રનગર જિલ્લો : શૂન્ય.
- મોરબી જિલ્લો : શૂન્ય.

**પત્રક-૧**

- **સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ એપીએમસી** :
  (૧) બજાર સમિતિ, વઢવાણ,
  (૨) બજાર સમિતિ, લખતર,
  (૩) બજાર સમિતિ, લીંબડી,
  (૪) બજાર સમિતિ, ધ્રાંગધ્રા,
  (૫) બજાર સમિતિ, મૂળી,
  (૬) બજાર સમિતિ, દસાડા,
  (૭) બજાર સમિતિ, ચોટીલા,
  (૮) બજાર સમિતિ, સાયલા
- **મોરબી જિલ્લામાં આવેલ એપીએમસી** :
  (૧) બજાર સમિતિ, મોરબી,
  (૨) બજાર સમિતિ, હળવદ,
  (૩) બજાર સમિતિ, વાંકાનેર,
  (૪) વાંકાનેર નગરપાલિકા, વાંકાનેર, જિ.મોરબી

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં રસ્તાઓના કામ અંગે ફરિયાદ**

૪૫૭૯૭ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં ચારમાર્ગીય રસ્તાઓ અને પુલોનું કામ ડિઝાઇન પ્રમાણે ન થવા અંગેની કેટલી ફરિયાદો મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે કોની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ કુલ બે (૨) ફરિયાદો મળેલ છે

| વર્ષ | મળેલ ફરીયાદ |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૨ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તપાસની કામગીરી પ્રગતિમાં છે.

- - - - - - - - -

**ભરૂચ અને સુરત જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૫૮૬૯ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કઇ-કઇ એપીએમસી આવેલ છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને | (૨)<br>➢ **ભરૂચ જિલ્લો :**<br>• બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ- ૭<br>• બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ- શૂન્ય.<br>➢ **સુરત જિલ્લો :**<br>• બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ- ૮<br>• બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ- ૨ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ? | (૩)<br>➢ ભરૂચ જિલ્લો: શૂન્ય.<br>➢ સુરત જિલ્લો: શૂન્ય. |

**પત્રક-૧**

- **ભરૂચ જિલ્લામાં આવેલ એપીએમસી :**
  - (૧) બજાર સમિતિ, ભરૂચ,
  - (૨) બજાર સમિતિ, અંકલેશ્વર,
  - (૩) બજાર સમિતિ, આમોદ,
  - (૪) બજાર સમિતિ, જંબુસર,
  - (૫) બજાર સમિતિ, હાંસોટ,
  - (૬) બજાર સમિતિ, ઝઘડીયા,
  - (૭) બજાર સમિતિ, વાલીયા,
- **સુરત જિલ્લામાં આવેલ એપીએમસી :**
  - (૧) બજાર સમિતિ, સુરત,
  - (૨) બજાર સમિતિ, ઓલપાડ,
  - (૩) બજાર સમિતિ, કોસંબા,
  - (૪) બજાર સમિતિ, ઉમરપાડા,
  - (૫) બજાર સમિતિ, માંડવી,
  - (૬) બજાર સમિતિ, બારડોલી,
  - (૭) બજાર સમિતિ, મહુવા,
  - (૮) બજાર સમિતિ, કામરેજ.
  - (૯) સુરત એગ્રીકલ્ચરલ માર્કેટીંગ હબ પ્રા.લિ. સુરત
  - (૧૦) શ્રી સ્વામી વિવેકાનંદ માર્કેટ- સુરત

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

૪૫૯૨૩ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કઇ-કઇ એપીએમસી આવેલ છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને | (૨) **ગીર સોમનાથ જિલ્લો :**<br>• બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ-૫<br>• બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ- શૂન્ય.<br>**જૂનાગઢ જિલ્લો :** |

- બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ-૯
- બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ-શૂન્ય.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ?

(૨)
- ગીર સોમનાથ જિલ્લો : શૂન્ય.
- જૂનાગઢ જિલ્લો : શૂન્ય.

**પત્રક-૧**

- **ગીર સોમનાથ જિલ્લામાં આવેલ એપીએમસી :**
  (૧) બજાર સમિતિ, વેરાવળ,
  (૨) બજાર સમિતિ, સુત્રાપાડા,
  (૩) બજાર સમિતિ, કોડીનાર,
  (૪) બજાર સમિતિ, ઉના,
  (૫) બજાર સમિતિ, તાલાલા,
- **જૂનાગઢ જિલ્લામાં આવેલ એપીએમસી :**
  (૧) બજાર સમિતિ, જૂનાગઢ,
  (૨) બજાર સમિતિ, ભેંસાણ,
  (૩) બજાર સમિતિ, વિસાવદર,
  (૪) બજાર સમિતિ, માણાવદર,
  (૫) બજાર સમિતિ, માંગરોળ,
  (૬) બજાર સમિતિ, માળીયા-હા,
  (૭) બજાર સમિતિ, મેંદરડા,
  (૮) બજાર સમિતિ, કેશોદ,
  (૯) બજાર સમિતિ, વંથલી.

---------

**પ્રભાગ માટે રકમની બજેટમાં જોગવાઇ**

૪૫૮૫૪ **ડો.સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મીઠા ઉદ્યોગ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૧)

| વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૨૨૦૦ લાખ |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૨૩૦૦ લાખ |

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૨૨૦૦ લાખ |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૨૩૦૦ લાખ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩)

| વર્ષ | વપરાયેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૨૨૦૦ લાખ |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૨૩૦૦ લાખ |

ગ્રાન્ટ સંપૂર્ણ વપરાયેલ છે.

---------

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ.માં મંજૂર મહેકમ**

૪૫૮૩૬ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

## તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. આવેલી છે,

(૧) *પત્રક-૧ સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે,

(૨) *પત્રક-૨ સામેલ છે.

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને

(૩) *પત્રક-૩ સામેલ છે.

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે ભરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

### નવીબંદર ખાતે મત્સ્યકેન્દ્રની કામગીરી

૪૫૭૭૩ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૪૬૮૦ (અગ્રતા-૨૦૦)ના અનુસંધાને **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લાના નવીબંદર ખાતે મત્સ્યકેન્દ્ર વિકસાવવાનું આયોજન હતું તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને મત્સ્યકેન્દ્ર કાર્યરત કરવામાં આવનાર છે, અને

(૩) ઉક્ત મત્સ્ય કેન્દ્ર કેટલા ખર્ચે વિકસાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પોરબંદર જિલ્લાના નવીબંદર ખાતે મત્સ્યકેન્દ્ર વિકસાવવા માટે કન્સલ્ટન્ટ વાપ્કોસ લિ.ને ડી.પી.આર. બનાવવાની કામગીરી માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

(૨) ડી.પી.આર. બન્યા બાદ જરૂરી મંજૂરીઓ આપ્યા બાદ ઝડપથી કામગીરી પૂર્ણ કરી મત્સ્યકેન્દ્ર કાર્યરત કરવામાં આવશે.

(૩) હાલ ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે, જે તૈયાર થયેથી ખર્ચની વિગતો આખરી થશે.

- - - - - - - - -

### ઉંઝા એપીએમસીમાં સેસ કૌભાંડ

૪૫૮૬૩ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૦-૦૩-૨૦૨૧ (બીજી બેઠક) ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૩૫૯૧ (અગ્રતા-૩૦)ના અનુસંધાને **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં ઉંઝા એપીએમસીમાં થયેલ સેસ કેસ કૌભાંડની તપાસ ચાલુ હતી તે તપાસ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત તપાસ કોને સોંપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત તપાસ ઉક્ત સ્થિતિએ પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે અને ઉક્ત તપાસ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તપાસ અહેવાલ ચકાસણીના તબક્કે છે.

(૨) નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી દ્વારા તા.૧૫-૦૯-૨૦૨૦ના પત્રથી નાયબ નિયામક, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાને તપાસ સોંપવામાં આવેલ છે.

(૩) સદરહુ બાબતે બજાર સમિતિ, ઉંઝાના કર્મચારી શ્રી સૌમિલ મફતલાલ પટેલ દ્વારા નામદાર જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટકલાસ સાહેબની કોર્ટમાં ક્રિમિનલ તપાસ નં.૨/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. જેમાં નામદાર કોર્ટ દ્વારા તા.૧૯-૦૫-૨૦૨૧ના રોજ હુકમ કરવામાં આવેલ. સદરહુ હુકમ સામે સંબંધિત પ્રતિવાદીઓ દ્વારા નામદાર હાઇકોર્ટ સમક્ષ સ્પેશયલ ક્રિમિનલ એપ્લીકેશન નં.૫૦૭૭/૨૦૨૧, ૫૦૭૯/૨૦૨૧ તથા ૫૦૯૭/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. સદરહુ કેસોમાં નામદાર હાઇકોર્ટ

દ્વારા બે કેસમાં Rule ઇસ્યૂ કરવામાં આવેલ છે. તેમજ વચગાળાની રાહત આપતા હુકમ પણ કરવામાં આવેલ છે.

સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લીકેશન નં.૫૦૭૯/૨૦૨૧માં નામદાર હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલ તા.૦૨-૦૬-૨૦૨૧ના હુકમ સામે શ્રી સૌમિલ પટેલ દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ એસ.એલ.પી. (ક્રિમિનલ) નં.૬૬૭૯/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. નામદાર સુપ્રીમ કોર્ટના તા.૦૧-૧૦-૨૦૨૧ના ઓર્ડર મુજબ પિટિશનર દ્વારા એસ.એલ.પી. પરત ખેંચતા એસ.એલ.પી. રદ કરેલ છે.

આમ, સમગ્ર બાબત હાલ 'સબજ્યુડીસ' છે.

---------

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

૪૫૮૪૮ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કઇ-કઇ એપીએમસી આવેલ છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને | (૨) **અમદાવાદ જિલ્લોઃ**<br>• બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ-૯<br>• બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ-૮<br>**બોટાદ જિલ્લોઃ**<br>• બજાર ધારા અંતર્ગત બજાર સમિતિ-૪<br>• બજાર ધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ-શૂન્ય. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ? | (૨)<br>➢ અમદાવાદ જિલ્લો : શૂન્ય.<br>➢ બોટાદ જિલ્લો : શૂન્ય. |

**પત્રક-૧**

- **અમદાવાદ જિલ્લો :**
  - **બજારધારા અંતર્ગત બજાર સમિતિ :**

(૧) બજાર સમિતિ, અમદાવાદ,
(૨) બજાર સમિતિ, ધોળકા,
(૩) બજાર સમિતિ, બાવળા,
(૪) બજાર સમિતિ, ધંધુકા,
(૫) બજાર સમિતિ, સાણંદ,
(૬) બજાર સમિતિ, વિરમગામ,
(૭) બજાર સમિતિ, માંડલ,
(૮) બજાર સમિતિ, દેત્રોજ,
(૯) બજાર સમિતિ, ધોલેરા.

  - **બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ :**

(૧) ધી ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. અમદાવાદ,
(૨) સાણંદ એગ્રો ઇન્ફ્રા એલ.એલ.પી., અમદાવાદ,
(૩) સ્વામી વિવેકાનંદ એગ્રીકલ્ચરલ પ્રોડક્ટસ માર્કેટ પ્રાઇવેટ લિ., અમદાવાદ,
(૪) વિરમગામ એગ્રો પ્રોડક્ટ માર્કેટ એલ.એલ.પી., અમદાવાદ,
(૫) બાવળા કૃષિ બજાર એસોસીયેશન, મુ.તા.બાવળા,
(૬) કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટ યાર્ડ, અમદાવાદ,

(૭) ધી પ્રિમીયમ ફાર્મ ફ્રેશ પ્રોડ્યુસ લિ., ન્યુ દિલ્હી,
(૮) શ્રી અમરતહાલીનગાસ્વર કોલ્ડ સ્ટોરેજીસ પ્રા.લિ., હૈદરાબાદ.

- **બોટાદ જિલ્લો :**
(૧) બજાર સમિતિ, બોટાદ,
(૨) બજાર સમિતિ, ગઢડા,
(૩) બજાર સમિતિ, બરવાળા,
(૪) બજાર સમિતિ, રાણપુર.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ.માં મંજૂર મહેકમ**

૪૫૮૩૦ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. આવેલી છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે ભરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**મોરબી અને પોરબંદર જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ.માં મંજૂર મહેકમ**

૪૫૮૨૭ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મોરબી અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. આવેલી છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે ભરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**મારૂતિ સુઝુકી કંપનીમાં સ્થાનિકોને રોજગારી નિયમોનું ઉલ્લંઘન**

૪૫૭૭૯ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બેચરાજી નજીક આવેલ મારૂતિ સુઝુકી કંપનીમાં શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં ? | (૨) ઉક્ત કંપનીમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ |

કાર્યવાહી કરવામાં આવેલ છે.

- નિયત ટકાવારી જાળવવા અંગે પત્રો પાઠવેલ છે અને નાયબ નિયામક (રોજગાર), અમદાવાદ દ્વારા બેઠક યોજી વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.
- રોજગાર કચેરી દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરીને અને રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઉદ્યોગ કમિશનરશ્રીને ઉક્ત એકમ દ્વારા નિયત ટકાવારી જાળવવામાં આવેલ નથી તે અંગેની જાણ કરવામાં આવેલ છે.
- રોજગાર ભરતીમેળા (જોબફેર)નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

- - - - - - - - -

**પ્રભાગ માટે રકમની બજેટમાં જોગવાઈ**

૪૫૭૭૦ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સહકાર માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧)

| વર્ષ | મૂળ બજેટ જોગવાઈ | સુધારેલ બજેટ જોગવાઈ |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૪૩૧૩૪.૯૩ લાખ | ૧૩૯૩૪૭.૪૮ લાખ |
| ૨૦૨૦-૨૧ | ૧૩૩૫૨૮.૦૭ લાખ | ૧૬૭૩૨૪.૯૫ લાખ |

(૨)

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૩૯૩૨૨.૯૧ લાખ |
| ૨૦૨૦-૨૧ | ૧૬૬૨૬૦.૪૩ લાખ |

(૩)

| | ૨૦૧૯-૨૦૨૦ | ૨૦૨૦-૨૦૨૧ |
|---|---|---|
| **વપરાયેલ રકમ** | ૧૩૪૭૬૪.૯૧ લાખ | ૧૫૮૨૮૯.૬૪ લાખ |
| **વણવપરાયેલ રકમ** | ૪૫૫૮.૦૦ લાખ | ૭૯૭૦.૭૯ લાખ |
| **કારણ** | મોટાભાગની યોજનાઓ સંસ્થાકીય હોઈ અને સંસ્થા તરફથી કોવિડ-૧૯ના કારણે દરખાસ્તો ન મળવાના કારણે. | |

- - - - - - - - -

**માછીમારોને કેરોસીન અને ડીઝલમાં સબસિડી**

૪૫૯૨૬ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મત્સ્યદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ માછીમારોને કેરોસીન અને ડીઝલમાં કેટલી રકમની સબસિડી આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં કેટલા માછીમારોને કેટલી

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ માછીમારોને કેરોસીન ખરીદી પર પ્રતિ લિટર રૂ.૨૫/- લેખે સબસિડી આપવામાં આવે છે. અને માછીમારોને ડીઝલ ખરીદી પર પ્રતિ લિટર મહત્તમ રૂ.૧૫/- લેખે સબસિડી ચૂકવવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માછીમારોને વર્ષવાર ગીર-સોમનાથ અને જૂનાગઢ

રકમની સબસિડી ચૂકવવામાં આવી, અને

જિલ્લામાં કેરોસીન પર ચૂકવવામાં આવેલ સબસિડીનું 'પત્રક-અ' અને ડીઝલ પર ચૂકવાયેલ સબસિડીનું 'પત્રક-બ' સામેલ છે.

(૩) જો ઉક્ત સબસિડી ન ચૂકવવામાં આવી હોય તો તેના કારણો શું છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ (કેરોસીન સબસિડી) (રૂ. લાખમાં)**

| જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ (તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦) | | વર્ષ-૨૦૨૧ (તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧) | |
|---|---|---|---|---|
| | ચૂકવાયેલ સબસિડી (રૂ.લાખમાં) | માછીમાર લાભાર્થીઓ | ચૂકવાયેલ સબસિડી (રૂ.લાખમાં) | માછીમાર લાભાર્થીઓ |
| ગીર-સોમનાથ | ૮૪.૦૯ | ૧૪૧૪ | ૫૬.૫૯ | ૧૦૬૨ |
| જૂનાગઢ | ૧૩૩.૯૬ | ૧૯૩૬ | ૧૨૧.૧૦ | ૮૦૫ |

**પત્રક-બ (ડીઝલ સબસિડી) (રૂ. લાખમાં)**

| જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ (તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦) | | વર્ષ-૨૦૨૧ (તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧) | |
|---|---|---|---|---|
| | ચૂકવાયેલ સબસિડી (રૂ.લાખમાં) | માછીમાર લાભાર્થીઓ | ચૂકવાયેલ સબસિડી (રૂ.લાખમાં) | માછીમાર લાભાર્થીઓ |
| ગીર-સોમનાથ | ૬૧૯૫.૨૧ | ૩૫૩૦ | ૫૭૪૨.૭૭ | ૩૨૬૧ |
| જૂનાગઢ | ૩૪૭૩.૫૯ | ૨૫૫૦ | ૪૩૪૦.૦૦ | ૧૭૯૧ |

- - - - - - - - -

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ.માં મંજૂર મહેકમ**

૪૫૮૫૧ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે,

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) *પત્રક-૧ સામેલ છે.

(૨) *પત્રક-૨ સામેલ છે.

(૩) *પત્રક-૩ સામેલ છે.

(૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે ભરવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક એકમોની ટાંકી સાફ કરતા મૃત્યુ**

૪૫૮૧૫ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોની ટાંકી સાફ કરતાં કેટલા કામદારોના મૃત્યુ થયા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા મૃતક કામદારોના વારસદારોને કેટલી રકમ કામદાર વળતર ધારા અને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧)

| વર્ષ | કામદારોના મૃત્યુ |
|---|---|
| ૨૦૨૦ | ૦૬ |
| ૨૦૨૧ | ૦૧ |

(૨) અકસ્માતના કિસ્સામાં મૃત્યુ પામનાર શ્રમિકોના વારસદારોને વળતર ચૂકવવા જ્યાં ESIC ACT 1948ની જોગવાઈઓ લાગુ પડતી હોય ત્યાં ESIC ACT 1948 હેઠળ વળતર ચૂકવવામાં આવે છે અથવા જ્યાં ESIC

ACT નોટીફાઈડ એરીયા ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ વર્કમેન કમ્પેન્સેશન ઓથોરિટી નામદાર લેબર કોર્ટ દ્વારા વળતર ચૂકવવામાં આવે છે.

| | |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામદારોના વારસદારોને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ.માં મંજૂર મહેકમ

૪૫૭૭૬ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. આવેલ છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

## ખેડા અને નર્મદા જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ.માં મંજૂર મહેકમ

૪૫૮૯૬ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. આવેલી છે, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે, અને | (૩) *પત્રક-૩ સામેલ છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ સત્વરે ભરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

## બોરસદ તાલુકામાં ગ્રામ પંચાયતના મકાનો

૪૫૯૦૮ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં કેટલી ગ્રામ પંચાયતોને પોતાના મકાનો નથી અને કેટલી ગ્રામ પંચાયતના મકાનો જર્જરિત હાલતમાં છે, | (૧)<br>• ગ્રામ પંચાયતોને પોતાના મકાન નથી તેવી ગ્રામ પંચાયત - ૦ (શૂન્ય).<br>• ગ્રામ પંચાયતોના મકાન જર્જરિત હાલતમાં છે તેવી ગ્રામ પંચાયત - ૧૩ (તેર). |
| (૨) ઉક્ત સ્થિતિએ જે ગ્રામ પંચાયતોને પોતાના મકાન નથી તેને ક્યાં સુધીમાં મકાન ઉપલબ્ધ કરાવવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| (૩) જર્જરિત હોય તેવી ગ્રામ પંચાયતોના મકાન ક્યાં સુધીમાં રિપેર કરવામાં કે નવીન બનાવવામાં આવશે ? | (૩) ૧૦ ગ્રામ પંચાયતોના નવીન મકાન મનરેગા યોજના હેઠળ તથા ૦૩ ગ્રામ પંચાયતના નવીન મકાન સીડીપી-૫ યોજના હેઠળ બનતી ત્વરાએ બનાવવામાં આવશે. |

---------

**ભાવનગર અને અમરેલી જિલ્લામાં સહકારી અને ખાનગી એપીએમસી**

૪૫૯૧૧ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કઈ-કઈ એપીએમસી આવેલ છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી એપીએમસી સહકારી અને કેટલી ખાનગી છે, અને | (૨)<br>➢ **ભાવનગર જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ - ૮<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ – શૂન્ય.<br>➢ **અમરેલી જિલ્લો :**<br>• બજારધારા અંતર્ગત બજાર સમિતિ - ૧૧<br>• બજારધારા અંતર્ગત ખાનગી બજાર સમિતિ – શૂન્ય. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સહકારી અને ખાનગી એપીએમસી શરૂ કરવામાં આવી ? | (૩)<br>➢ **ભાવનગર જિલ્લો :** શૂન્ય.<br>➢ **અમરેલી જિલ્લો :** શૂન્ય. |

**પત્રક-૧**

➢ **ભાવનગર જિલ્લામાં આવેલ એપીએમસી :**

(૧) બજાર સમિતિ, ભાવનગર-ઘોઘા,
(૨) બજાર સમિતિ, પાલીતાણા,
(૩) બજાર સમિતિ, મહુવા,
(૪) બજાર સમિતિ, તળાજા,
(૫) બજાર સમિતિ, ગારીયાધાર,
(૬) બજાર સમિતિ, શિહોર,
(૭) બજાર સમિતિ, વલ્લભીપુર,
(૮) બજાર સમિતિ, ઉમરાળા.

➢ **અમરેલી જિલ્લામાં આવેલ એપીએમસી :**

(૧) બજાર સમિતિ, અમરેલી,
(૨) બજાર સમિતિ, બાબરા,
(૩) બજાર સમિતિ, લાઠી,
(૪) બજાર સમિતિ, દામનગર,
(૫) બજાર સમિતિ, લીલીયા,
(૬) બજાર સમિતિ, સાવરકુંડલા,
(૭) બજાર સમિતિ, રાજુલા,
(૮) બજાર સમિતિ, ટીંબી,

(૯) બજાર સમિતિ, ખાંભા,
(૧૦) બજાર સમિતિ, ધારી,
(૧૧) બજાર સમિતિ, બગસરા.

- - - - - - - - -

**ખેડા અને આણંદ જિલ્લામાં નવીન પંચાયત ઘરો**

૪૫૧૮૪ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૦-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં કુલ કેટલા નવા પંચાયત ઘરો મંજૂર કર્યા,

(૨) તે પૈકી ક્યા તાલુકાઓમાં કેટલા પંચાયતઘરોનું કામ પૂર્ણ થયું અને તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ બાંધકામ પૂર્ણ થયેલ પંચાયતઘરો પૈકી કેટલા પંચાયતઘરોમાં ચોમાસા દરમ્યાન ધાબામાંથી પાણી પડવાની ફરિયાદો આવી અને કેટલા પંચાયતઘરોમાં પાણી પડવાથી દફ્તર ખરાબ થયું, અને

(૪) ઉક્ત સ્થિતિએ પંચાયતઘરો મંજૂર કરવામાં આવેલ હોવા છતાં કેટલા પંચાયતઘરો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ નથી ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| ખેડા | ૨૮ |
| આણંદ | ૦૬ |

(૨) અને (૩)
બાંધકામ પ્રગતિમાં હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)

| | |
|---|---|
| ખેડા | ૧૩ |
| આણંદ | ૦૩ |

- - - - - - - - -

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

સભાગૃહના મેજ પર મૂકાયેલા કાગળો

(મુલતવી રહેલ સભાગૃહ સવારના ૧૧.૩૬ કલાકે ફરી મળ્યું)

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર. બેસો બધા પ્લીઝ. સૌ પહેલા આપણે અહીયા જે કાઇ દ્રશ્યો ઉભાં થયાં. આજે છેલ્લો દિવસ છે. ખૂબ સારી રીતે આખું બજેટ સત્ર ચલાવ્યું છે. બંને પક્ષે ખૂબ સારી રીતે ગૃહની ગરિમા વધારી છે. બધી રીતે નિયમોમાં રહીને આપણે સંસદીય પ્રણાલિકાઓ અને બંધારણ મુજબ સરસ રીતે ગૃહ ચાલ્યું છે. આ ગૃહના સર્વે સભ્યો સન્માનનીય છે. સૌ સભ્યોનું માન સન્માન જળવાય એ સૌથી મોટો વિષય હોય છે. અહીયા ચર્ચાઓ કરી, પ્રશ્ન આવ્યો. અનેક ચર્ચાઓ કરીને લોકોના અવાજનો પડકાર છે, પડઘો છે એ અહીયા પડ્યો. ખૂબ સરસ રીતે સૌને સંતોષ થયો. મને પણ ખૂબ સંતોષ થયો. આ ગૃહની ગરિમા જળવાય, માતૃત્વનો ભાવ સૌ સભ્યોમાં દેખાયો, એવું મેં અનુભવ્યું. આજે છેલ્લા દિવસે જે રીતે પ્રશ્ન ઉભો થયો. કલ્પસરનો અગત્યનો પ્રશ્ન હતો. આ દુનિયાની અજાયબી જેવો ખૂબ મોટો વિષય છે. કદાચ એમ કહી શકાય કે નર્મદા કરતા અઘરો વિષય છે. એની ચર્ચાઓ થઇ, એમાં બધાને પૂરતો સમય આપ્યો. મંત્રીશ્રીએ સારી રીતે ખુલાસો કર્યો, પરંતુ જે રીતે ક્રોસ ટોક થઇ. સભ્યો સામસામે ચર્ચા કરે તે યોગ્ય નથી. એકવાર અધ્યક્ષશ્રી તરીકે મેં કહ્યું. પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન થઇ ગયું. એની સામે શ્રી ચાવડાજીએ જવાબ આપ્યો. એ વિષય થઇ ગયો. ત્યારપછી મંત્રીશ્રીને જવાબ આપવાનો હતો એ પહેલા સભ્યો સામસામે આવીને પોતાની સીટ ઉપરથી ઉઠીને એ સભ્યની સામે જઇને વાત કરે તે કોઇપણ રીતે યોગ્ય નથી. સૌ સભ્યોએ જે કાઇ કહેવું હોય તે પોતાની સીટ ઉપર ઉભા થઇને કહી શકે. હું કોલઆઉટ કરું ત્યારે જ ઉભા થાય એ બધા નિયમો આપણને ખબર છે. અને પછી આપણે ઉશ્કેરાટ કરીએ. એકબીજા ઉશ્કેરાટમાં આવી જાય એ કોઇને શોભતું નથી. મારી પાસે રજૂઆત આવી. એમાં માઇકનો વિષય આવ્યો. માઇક કેવી રીતે ચાલુ થયું એની તપાસ કરીશું. કોઇપણ વ્યક્તિ હું આજે સૌને મારા તરફથી વિનંતી કરું છું અને ખાસ મારું સૂચન કરું છું કે આપણે ગૃહની ગરિમા જાળવીએ. આપણે કોઇપણ અહીયા કોઇની સીટ ઉપર જઇને એની જોડે ઝપાઝપી શબ્દ નહિ વાપરું,પણ બોલચાલ કરીએ, ડિસ્કસ કરીએ. આવું ન કરીએ. જે પણ કહેવું હોય એ ગૃહના નિયમોને આધીન રહીને અધ્યક્ષને આપેલી સત્તા છે, તે પ્રમાણે ગૃહ ચાલે તેવી આપ સૌને વિનંતી છે. જે કાઇ બન્યું છે એનું ફરીથી રિપીટિશન ન થાય. આજે નહિ, ક્યારેય પણ આવું રિપીટિશન ન થાય એવી આપ સૌને વિનંતી છે. નેક્સ્ટ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૧ના વર્ષના નાણાકીય હિસાબો, વિનિયોગ હિસાબો અને ઓડિટ અહેવાલ

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું

(ક) ગુજરાત સરકારના સન ૨૦૨૦-૨૧ ના વર્ષના રાજ્યના નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨) (ગુજરાતી અને અંગ્રેજી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૨૦-૨૧ ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી અને ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૨૦-૨૧ ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**નાણાકીય હિસાબો, વિનિયોગ હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો અહેવાલ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડના વાર્ષિક અહેવાલો

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ (ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડના સન ૨૦૧૬-૧૭ થી ૨૦૧૮-૧૯ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડનો અહેવાલ

શ્રી અરવિંદ રૈયાણી ( રાજ્યકક્ષાના નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને

સભાગૃહના મેજ પર મૂકાયેલા કાગળો

ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો અહેવાલ

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ ( રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો અહેવાલ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ, વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત તકેદારી આયોગનો અહેવાલ

શ્રી હર્ષ સંઘવી ( રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૨૦નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો અહેવાલ

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો અહેવાલ

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

સભાગૃહના મેજ પર મૂકાયેલા કાગળો

શ્રી જગદીશ વિશ્વકર્મા (રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૯-૨૦ નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૧-૨૨ ના ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સુધારેલા અંદાજો અને ૨૦૨૨-૨૩ ના અંદાજો

શ્રી અરવિંદ રૈયાણી ( રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૧-૨૨ ના સુધારેલા અંદાજો અને ૨૦૨૨-૨૩ ના અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલા અંદાજો અને અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી અરવિંદ રૈયાણી (રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૬-૧૭ નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના અહેવાલ

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા (રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ તેમજ વાર્ષિક હિસાબ અને ઓડીટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, વાર્ષિક હિસાબ તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત લોકાયુક્ત આયોગનો એકત્રિત વાર્ષિક અહેવાલ

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત લોકાયુક્ત આયોગનો સન ૨૦૧૮-૧૯ થી સન ૨૦૨૦-૨૧ સુધીનો એકત્રિત વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૦૩ ના ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ અન્વયેનું ગૃહ વિભાગનું જાહેરનામું

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૩ ના ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ અન્વયેના ગૃહ વિભાગના તા.૩/૩/૨૦૨૨ ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૫૫/ એસબી.૨/કેએમબી/૧૩૨૦૨૦/એમએલએ-એમપી-૪-૫ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

સન ૨૦૧૮ ના ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ બાબત અધિનિયમ અન્વયેના આદિજાતિ વિકાસ વિભાગના જાહેરનામા

શ્રીમતી નિમિષાબેન સુથાર ( રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮ના ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત અધિનિયમ અન્વયેના આદિજાતિ વિકાસ વિભાગના,

(૧) તા. ૨૨/૧૧/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/ટીડી/૧૦/એજેપી/૧૧૨૦૨૧/૪૧૯/ ચ(પી.એફ)

(૨) તા. ૦૩/૦૧/૨૦૨૨ ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/ટીડી/૦૧/એજેપી/૧૧૨૦૨૧/૪૧૯/ ચ(પી.એફ)

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**નાણાકીય સમિતિઓ તથા બિન નાણાકીય સમિતિઓની મુદત લંબાવવા તથા સમિતિઓની ખાલી પડેલ જગ્યા પર સભ્યોની ચૂંટણીનો કાર્યક્રમ**

**જાહેર હિસાબ સમિતિ અને જાહેર સાહસો માટેની સમિતિ ઉપર સભ્યોની ચૂંટણીનો કાર્યક્રમ**

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે, સન ૨૦૨૧-૨૨ના વર્ષ માટે નિમાયેલ નાણાકીય સમિતિઓ તેમજ બિન નાણાકીય સમિતિઓની મુદત વિધાનસભાના વિસર્જન સુધી લંબાવવામાં આવે છે તથા જાહેર હિસાબ સમિતિ પર ખાલી પડેલી બે જગ્યા ઉપર અને જાહેર સાહસો માટેની સમિતિ પર ખાલી પડેલી એક જગ્યા ઉપર સભ્યોની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

**Table 1**

| | | |
|---|---|---|
| ૧. | નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય. | ગુરુવાર તા.૦૭.૦૪.૨૦૨૨ સાંજના ૬.૦૦ વાગ્યા સુધી |
| ૨. | નામ નિર્દેશન પત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ | શુક્રવાર, તા.૦૮.૦૪.૨૦૨૨ બપોરના ૩.૦૦ વાગ્યે ના.સ.શ્રીમતી આર.આર.મહેતાની ચેમ્બરમાં |
| ૩. | નામ નિર્દેશન પત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય. | સોમવાર, તા.૧૧.૦૪.૨૦૨૨ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી |
| ૪. | મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ. | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામ નિર્દેશન પત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧ માંથી મળી શકશે.

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૮**

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા ) વિધેયક**,** ૨૦૨૨

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી **(** શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક -૮- સન ૨૦૨૨ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી **(** શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક -૮- સન ૨૦૨૨ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી **(** શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક-૨૦૨૨ની અંગ્રેજી તથા ગુજરાતી નકલના આમુખ શિડ્યુલ ક્રમાંક-૪૯ પર તથા Statement of Objects and Reasons ના જનક મદન ચેરિટેબલ એજ્યુકેશન ટ્રસ્ટ દર્શાવેલ છે તેના બદલે જનક મદન ચેરિટેબલ એજ્યુકેશનલ ટ્રસ્ટ વાચવું તથા ક્રમાંકઃ ૫૦ પર દર્શાવેલ યુનિવર્સિટીના નામમાં ગુજરાતી નકલમાં અદેનવાલાના બદલે એડનવાલા વાંચવું. અંગ્રેજી નકલ બરાબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમયની જરૂરિયાત અને માગ પ્રમાણે કોઇ પણ રાજ્ય, કોઇ પણ સમાજ કે કોઇ પણ સમૂહ એ ચાલતો હોતો નથી તો પાછળ રહી જતો હોય છે. એ જ રીતે હું પ્રાઇવેટ યુનિવર્સિટીની વાત કરું તો અનેક ચર્ચાઓ, અનેક પ્રશ્નો તે સ્વભાવિકપણે બધાના મનમાં હોય. ખાનગીકરણ, આ બધું દઇ દીધું, વહેંચી દીધુ આ પ્રકારની બાબત સભ્યશ્રીઓના મનમાં હોઇ શકે, પણ ખરેખર સમયની માગ પ્રમાણે મેં અગાઉ કહ્યું તેમ ચાલવા માટે જેમ આપણું કુટુંબ, દીકરો, દીકરીઓ, વિદ્યાર્થીઓ આપણા ઘરમાં હોય એ બધાને ખૂબ જાગૃતતા સાથે આગળ લઇ જવા માટે આપણી ગવર્નમેન્ટની યુનિવર્સિટીઓ હોય, ગવર્નમેન્ટની સિસ્ટમ હોય કે અન્ય ખાનગી યુનિવર્સિટીઓ હોય કે ખાનગી સિસ્ટમ હોય તેને હંમેશા સ્વીકારતા હોઇએ છીએ અને એ જ પ્રગતિની નિશાની હોય છે, ત્યારે જરૂરિયાતોને પહોંચી વળવા કેટલુક મહત્ત્વનું હોય છે. જેમ સમયની સાથે ચાલવા માટે પ્રોફેશનલ કોર્સીસ હોય, રિસર્ચ હોય આ બધી બાબતો તે તમામ રીતે તે આપણી યુનિવર્સિટી હોય કે પ્રાઇવેટ યુનિવર્સિટી હોય તે બધામાં પૅરેલલ તે પહોંચી વળવા માટે જરૂરિયાતને સંદર્ભે મેં કહ્યુ તેમ ના માત્ર આપણું રાજય એ ભાજપનું હોય, કોંગ્રેસનું હોય કે અન્ય પાર્ટીનું હોય દેશ અને વિદેશમાં આ પ્રકારે જરૂરિયાતને પહોંચી વળવા માટે સમયે સમયે આપણે સ્મોલ પણ બ્યુટીફૂલ તે કન્સેપ્ટ સાથે ઓછા વિદ્યાર્થીઓની પણ યુનિવર્સિટી બનાવતા હોય છે અને સ્પર્ધાના કારણે તે વિદ્યાર્થીને તેમના ભવિષ્ય માટે તે મહત્ત્વનું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટી અધિનિયમ વર્ષ ૨૦૦૯ એ તા. ૨૪-૭-૨૦૦૯ના જાહેરનામાથી અમલમાં આવેલ છે. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ અમલમાં આવ્યો તે પહેલાં શિક્ષણ વિભાગની ખાનગી યુનિવર્સિટીની રચના તે જુદા જુદા અધિનિયમથી કરવામાં આવતી હતી. આ અધિનિયમનો હેતુ એક સમાન કાયદા હેઠળ

* વિધેયક ૨૮મી માર્ચ ૨૦૨૨ના રોજ ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના થાય, રાજયમાં ઉચ્ચ શિક્ષણ સંબંધિત સંસ્થાઓના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણની વધુ તકો મળી રહે અને અધિનિયમની જોગવાઈને અનુરૂપ ખાનગી યુનિવર્સિટીના કાર્યનું સંચાલન પણ થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં અમારા પૂર્વ શિક્ષણમંત્રી, અમારા વડીલ શ્રી ભૂપેન્દ્રસિંહજી બેઠા છે. આ પહેલાં પણ આપણા શિક્ષણમંત્રીશ્રીઓ થઇ ગયા. એ પણ અનેક બાબતોના બિલ લાવ્યા છે. આજે મને શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં વિભાગમાં જવાબદારી મળ્યા બાદ હું જોઇ રહ્યો છું કે એનાં પરિણામો આપણને મળ્યા છે. અહીં બેઠેલા સૌ સભ્યશ્રીઓએ એ વાત સ્વીકારવી પડે કે એના પરિણામ સ્વરૂપ આપણા યુવાન વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ઊભા રહી શકે એવા બન્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે વિશ્વના વિદ્યાર્થીઓ ગુજરાતમાં ભણવા આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ બાબતો લાવ્યા પછી તેઓ આવ્યા છે. કોઇના મનમાં કાંઇ પ્રશ્નો હોય તો હું આપને લઇ જઇશ કે આપણી સરકારી યુનિવર્સિટીમાં અને પ્રાઇવેટ યુનિવર્સિટીમાં હજારોની સંખ્યામાં બહારથી વિદ્યાર્થીઓ આવ્યા છે. (આ તબક્કે કૉંગ્રેસના સભ્યશ્રીઓ બેઠા - બેઠા કોમેન્ટ કરતા) હું બધી જ વાત કરું છું. આપને પણ બોલવાનો મોકો મળવાનો છે. મને મારી વાત શાંતિથી મૂકવા દો.

અધ્યક્ષશ્રી : કોઇ વચ્ચે ના બોલે. પ્લીઝ શાંતિ રાખે. બિલ માટે ઘણા બધા સભ્યો બોલવાના છે. સૌને સાંભળીએ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું નહિ મારા દરેક સભ્યો બધા જ પ્રશ્નોના જવાબ આપી શકે એવા સક્ષમ છે. આપણે એવું માનીએ કે અમે જ બોલી શકીએ એવું માનવાને કોઇ કારણ નથી. આપણું વિધાનસભા ગૃહ નિયમોના નિયમથી બંધાયેલું છે, એટલે અમારા બધા જ સભ્યો પણ મર્યાદામાં છે. હું આપને પણ વિનંતી કરું છું કે આજે છેલ્લા દિવસે આપણે બધાને સાંભળવાનું રાખીએ. આપણે બોલવું હોય એ બોલવાની છૂટ છે, પણ બધાંને સાંભળવાનું ચોક્કસ રાખીએ એવી મારી આપના મારફત સભ્યશ્રીઓને વિનંતી છે. ખાનગી યુનિવર્સિટી શબ્દ સાંભળ્યા પછી લોકોના મનમાં મોંઘુ શિક્ષણ એવી પ્રતીતિ જાણે-અજાણે ઊભી થતી હોય છે. લોકોના મનમાં એવી છબી ઊભી થતી હોય છે કે ફક્ત અમીર લોકો માટે જ આ યુનિવર્સિટીઓ બને છે. જ્યાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોય, ગુણવત્તા હોય ત્યાં શિક્ષણ નથી અને વિદ્યાર્થીઓના વિકાસ કરતા નફા પર વધારે ધ્યાન કેન્દ્રિત કરે છે એવું સ્પર્ધાના સમયમાં શક્ય નથી. અત્યારે જ્યારે સ્પર્ધાનો યુગ છે ત્યારે એમને પણ સર્વાઇવ થવું હોય, એમને પણ વિદ્યાર્થીઓ જોઇતા હોય. આમાં એફ.આર.સી. પણ અમલમાં છે. આથી જે વિદ્યાર્થીઓ ગરીબ હોય એ વિદ્યાર્થીઓ પણ એમાં એડમિશન લઇ શકે છે. હું માનનીય સભ્યશ્રીઓને પછીથી વિગતવાર કહેવાનો છું કે સરકારી યોજનાઓનો લાભ પણ આપણે આપી રહ્યા છીએ. રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ ઊંચા વિચારથી ખાનગી યુનિવર્સિટીનો લાભ પણ ગરીબ વિદ્યાર્થીને મળે એના માટેની સુવિધા કરી છે. વિશ્વામાં પણ આવી ઘણી બધી ખાનગી યુનિવર્સિટીઓ વિકસી રહી છે. મીનીમમ ગવર્નન્સ અને મેક્સિમમ ગવર્નન્સનો સિદ્ધાંત સમગ્ર વિશ્વમાં અમલી બન્યો છે. હાવર્ડ યુનિવર્સિટી, આઇ.ઇ. યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિઆ, યુનિવર્સિટી ઓફ ચિકાગો, સ્ટેન્ડફર્ડ યુનિવર્સિટી (યુ.એસ.એ.), યલો યુનિવર્સિટી (યુ.એસ.એ.), ટ્રિસ્ટન યુનિવર્સિટી (યુ.એસ.એ.), ભારતની ૧૦, ૧૧ અને ૧૨ ઉપર આવતી વેલ્લોર યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, મનીપાલ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન, મનીપાલ અમૃતા વિશ્વ વિદ્યાપીઠમ આ બધી ઉલ્લેખનીય યુનિવર્સિટીઓ છે. આઇ.આઇ.ટી., આઇ.આઇ.ટી. (રામ) એ પણ મહત્ત્વની યુનિવર્સિટીઓમાંની યુનિવર્સિટી છે. મીનીમમ ગવર્નન્સનો મતલબ ઘણા ક્ષેત્રોમાં સરકારની ભૂમિકાને ઘટાડવાનો અને પ્રજાતંત્રને સક્ષમ બનાવવાનો છે. દા.ત. સરકાર લોકભાગીદારીના કન્સેપ્ટથી આગળ વધતી હોય છે ત્યારે રાજ્યના વિકાસમાં પણ અનેક સીમાચિહ્નો છે. આ રાજ્યમાં લોકભાગીદારીની શરૂઆત શ્રી નરેન્દ્રભાઇએ કરી. ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે અહીં અમારા મહિલા કલ્યાણમંત્રી બેઠાં છે. સગર્ભા મહિલાઓને સુખડી પણ સમાજ આપે. જેના કારણે આવનારું બાળક પોષણક્ષમ જન્મે. આપણને ખૂબ નાની બાબત લાગતી હશે પણ એ માતા પોતાનો જીવ બચાવી શકે છે. જળ સિંચાઇ યોજના લોકભાગીદારી, ૬૦-૪૦ની લોક ભાગીદારીની યોજના, પાણી બચાવવાની વાત, શહેરી અને ગ્રામ્ય ક્ષેત્રમાં ગામડાને વધારે સુદ્રઢ બનાવવાં માટે માદરે વતન યોજના, અનેક દિશાઓમાં મોટાં કામો થઈ શકે અને લોકોને સગવડતાઓ મળી શકે તે હેતુથી આ પ્રકારની વ્યવસ્થાઓ સફળ થઈ છે. મેક્સિમમ ગર્વનન્સનો અર્થ લોકોની સુધારણા, મહત્તમ સેવા પ્રદાન કરવી, સેવા વિતરણમાં પારદર્શિતા, નિરપેક્ષતા અને જવાબદારી અપાવવાની જેમ કે ઈ-ગર્વનન્સ. શ્રી નરેન્દ્રભાઈનો એક મંત્ર છે ''સબકા સાથ, સબકા પ્રયાસ, સબકા વિશ્વાસ ઔર સબકા વિકાસ'' આ સૂત્ર સાથે શિક્ષણમાં ઘણા સમયથી કામ કરતી સંસ્થાઓએ સમાજ માટે ઉત્તમ યોગદાન પ્રદાન કર્યું છે, તેમને પણ તક મળે તે હેતુથી આ પ્રકારના બિલ લાવવામાં આવ્યા છે. માત્ર આપણા દેશમાં નહિ વિશ્વમાં કોઈ પણ ક્ષેત્રમાં લોક ભાગીદારીના કન્સેપ્ટમાં પરિણામો મળ્યાં છે. ૮૦ ટકા જેટલી ખાનગી સંસ્થાઓ સેવા, ઉત્પાદન અને સંશોધનમાં અગ્રસ્થાને છે. આપણી સરકારી યુનિવર્સિટીઓની સંખ્યા, એમની કૉલેજો, ગ્રાન્ટ-ઈન-એઈડ કૉલેજો, તેની વિશાળતા વગેરેને ધ્યાનમાં રાખીને ગુણવત્તાસભર શિક્ષણ, સંતુલિત સંયોજન સાથે યુનિવર્સિટીમાં લાયક અનુભવી ફેકલ્ટી, લાઈવ પ્રોજેક્ટ્સ, સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે થકી ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે ધ્યાન કેન્દ્રિત કરતી હોય છે. સરકારી અનુદાનો દ્વારા ખાનગી યુનિવર્સિટીઓને ભંડોળ પૂરું પાડવામાં આવતું નથી. તેઓને વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલવાની હોય છે અથવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના દાનનો વિકલ્પ પણ હોય છે. ખાનગી નહિ પરંતુ સરકારમાં પણ તે સ્પર્ધામાં છે. જેમ કે, IIM, IITના વિદ્યાર્થીઓ કરોડોના પેકેજ પ્લેસમેન્ટ મારફત મળી રહ્યા છે. આપણો વિદ્યાર્થી એ આપણી સરકારી અને ખાનગી યુનિવર્સિટીમાં ભણે છે. મને ખબર નથી કે આપણે કુટુંબમાં પણ ઊંડા ઉતરીને વાત કરતાં હોઇશું કે નહિ. હું

ભણતો હતો ત્યારે હું વિચારતો હતો કે રૂ.૩,૦૦૦ ની નોકરી મળી જાય તો રૂ.૫૦૦નું લ્યુનામાં પેટ્રોલ થાય અને રૂ.૨૫૦૦ ઘરે આપીશું. હું મારા સમયની વાત કરું છું તો માનનીય સુખરામભાઈ તો મારા વડીલ છે એ વખતે સ્થિતિ શું હશે? આજનો યુવાન શિક્ષિત અને દિક્ષિત બન્યો છે કે એક નોકરી છોડીને બીજું પેકેજ આપવા માટે કંપની લાલ જાજમ પાથરીને બેઠી હોય છે. હું તૈયાર હતો કે આપણે ગ્રેજ્યુએટ થયા છીએ તો રૂ. ૩,૦૦૦ મળે તો ઘણું. આજે અનેક કોર્પોરેટ સંસ્થાઓમાં, અન્ય રાજ્યમાં, વિદેશમાં તેને પેકેજ મળે છે તેવાં પરિણામો આપણને મળ્યાં છે. ઈન્ટરનેશનલ સ્કૂલ ઓફ બિઝનેસ એ ભારતની શ્રેષ્ઠ ખાનગી યુનિવર્સિટીઓમાંની એક છે. ગુણવત્તા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફેકલ્ટી એ બધા માટે વધારે પડતી આગળ પણ છે અને તેના ફાયદાઓ તમામ રીતે ખાનગી યુનિવર્સિટીમાં મળતા હોય છે. તેનો સૌથી મોટો ફાયદો એ છે કે ખાનગી યુનિવર્સિટીનું કદ નાનું હોય છે. તેના કારણે ખાનગી યુનિવસર્ટીઓ તેમના જાહેર સમકક્ષો કરતા નાની હોય છે. નાના વર્ગના કદના કારણે વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, વર્ગની વધુ ભાગીદારી, નજીકના વિદ્યાર્થીના જૂથો તરફથી એક-એક વિદ્યાર્થી પર ધ્યાન અપાય છે. જે પ્રમાણે આ રાજ્યમાં માનનીય નરેન્દ્રભાઇએ શિક્ષણનું વાતાવરણ બનાવ્યું છે અને આજે માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વની અંદર બની રહ્યું છે અને ભૂતકાળના તમામ શિક્ષણ મંત્રીશ્રીઓ અહીંયા શ્રી ભૂપેન્દ્રસિંહ અને શ્રીમતી વિભાવરી બહેન તો બેઠા છે. એ પહેલાંના શિક્ષણમંત્રીશ્રીઓ હોય, માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન હોય, શ્રી વિજયભાઇ હોય, ઉપ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ હોય. એમના કારણે આજે વિદ્યાર્થીઓ ઝડપથી આત્મનિર્ભર બની રહ્યા છે. ઇનોવેશનની અંદર આપણું રાજ્ય આખા દેશમાં પ્રથમ છે. આ પ્રકારના કન્સેપ્ટ સાથે વિદ્યાર્થીઓને પણ આગળ જતાં આનાથી ફાયદો થવાનો છે ત્યારે સામાન્ય રીતે સખત શૈક્ષણિક કાર્યક્રમો માટે જાણી જોઇને તદ્દન નવા અભ્યાસક્રમો પર સમયની માંગ સાથે વધારે ભાર મૂકવામાં આવે છે. બધાને બધી નોકરી મળી જાય એવી માનસિકતા પણ નથી હોતી. પોતે સ્વનિર્ભર, આત્મનિર્ભર બને એ જવાબદારી આપણા સૌની છે. આપણા યુવાનની જે કુશળતા છે એને આગળ લઇ જવા માટે દેશ-વિદેશમાં કેમ્પસની સંસ્થાઓમાં જવાની એ વિદ્યાર્થીઓને ઉત્તમ તકો મળે છે અને શૈક્ષણિક વિષય વિખ્યાત માળખું બનાવે એનો ફાયદો પણ પ્રાઇવેટ અને સરકારી યુનિવર્સિટીમાંથી મળી રહે છે. નૈતિક ધોરણો, આત્મવિશ્વાસ, વિવિધ જાતિના લોકો સાથે વાતચીત કરવી, જવાબદાર વ્યકિત બનવા માટે એ કટિબદ્ધતા સાથે આગળ વધતો હોય છે. એકબીજાની પૂરક એવી સરકારી અને પ્રાઈવેટ યુનિવર્સિટીઓ છે. ગુણવત્તાયુક્ત ઇન્ફ્રાસ્ટ્રકચર, ટીમવર્ક, ઇનોવેશન, કોર્પોરેટ પડકારો, વિકાસશીલ વિદ્યાર્થીઓ, ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણનું સ્થાન એ સરકારી અને પ્રાઇવેટ આ બંનેમાં મળે છે અને એના માટે આજે આપણી અનેક યુનિવર્સિટીઓ અગ્રેસર છે. નામદાર સુપ્રીમકોર્ટના ચુકાદા અન્વયે ફી રેગ્યુલેશન કમિટી અમલમાં છે. પ્રોફેશનલ કોર્સીસ ફીનું એ નિયમન કરે છે. નોન પ્રોફેશનલ કોર્સની ફી માટે સરકાર અવારનવાર ખાનગી યુનિવર્સિટીમાંથી જાણકારી માંગવાની સત્તા ધરાવે છે. ઘણી વખત ચર્ચાઓ થતી હોય છે કે ખાનગી યુનિવર્સિટીમાં આપણો કોઇ કંટ્રોલ નથી. તમામ પ્રકારનો કંટ્રોલ એ નિયમોથી બનેલો છે. એની બુક પણ છે. અમે કમિટીનું મોનિટરિંગ પણ કરીશું, એનો રિવ્યુ પણ કરીશું. મારે આપના માધ્યમથી અહીંયા વાત કરવી છે કે ખુલ્લા મેદાનની અંદર જવાની છૂટ સરકાર કોઇને આપતી નથી. હરિફાઇના કારણે માંગ અને પુરવઠાના આધારે મોટાભાગની યુનિવર્સિટીમાં ફીના ધોરણો નોર્મલ રાખવા પડતા હોય છે. કારણ કે, કમિટી પણ છે અને સ્પર્ધામાં પણ રહેવાનું છે. ઘણી યુનિવર્સિટીઓ સરકારી હોય કે ખાનગી હોય, યુનિવર્સિટીનું રેન્કિંગ જોઇને વિદ્યાર્થી એડમીશન લેવાનો છે. એવા વખતે આવતીકાલનો વિદ્યાર્થી પાછળ ન રહે આ નિયમ સાથે માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર આગળ વધી રહી છે. જીએસ યુનિવર્સિટીમાં રેન્કિંગમાં પંડિત દીનદયાળ યુનિવર્સિટીએ ૭૩મો ક્રમ, સેઝનો પાંચમો ક્રમ, એન્જિનિયરિંગ કેટેગરીમાં પીડીઇયુ ૬૮મો, નિરમા યુનિવર્સિટીએ ૧૫૩મો, ડીએઆઇઆઇસિટી એ ગ્રેડ આવી માત્ર ખાનગી જ નહીં, મારી પાસે વર્ષ ૨૦૨૦-૨૧નું આખું લિસ્ટ છે. દેશમાં માનનીય શ્રી નરેન્દ્રભાઇ જે નવી એજ્યુકેશન પોલિસી લાવ્યા છે. એમાં પણ આપણી સરકારે રોડમેપ બનાવ્યો છે. ૪૦ વર્ષ સુધીની એ રોડમેપની આપણને કેન્દ્ર સરકારે છૂટ આપી છે. પણ મને કહેતા આનંદ થાય છે કે મારા શિક્ષણ વિભાગે માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇના માર્ગદર્શન નીચે દસ વર્ષની અંદર આ રોડમેપમાં અને સાત વર્ષની અંદર ૮૦ ટકા પ્રમાણે આગળ વધવા માટે આ રાજ્યનો યુવાન વિદ્યાર્થી પાછળ ન રહે. ગુજરાત યુનિવર્સિટીનો ૬૨મો રેન્ક, ઇન્ડિયાના રેન્કિંગમાં, ઓવરઓલ વર્ષ ૨૦૨૧માં ગુજરાત યુનિવર્સિટીનો ૪૩મો રેન્ક, મહારાજા સયાજીરાવ ઓફ યુનિવર્સિટી, બરોડાનો ૯૦મો રેન્ક, એન્જિનિયરિંગમાં એમ.એસ.યુનિવર્સિટીનો ૧૧૭મો રેન્ક, ફાર્મસીમાં એમ.એસ. યુનિવર્સિટીનો ૨૪મો રેન્ક, સેન્ટ ઝેવિયર્સ કોલેજનો ૫૭મો રેન્ક આવેલ છે. આવા રેન્કિંગમાં પણ છેલ્લા વર્ષોની અંદર આપણી યુનિવર્સિટીઓ આગળ વધી રહી છે. હું માનનીય શ્રી વિજયભાઇ, શ્રી નીતિનભાઇ, શ્રી ભૂપેન્દ્રજી અને શ્રીમતી વિભાવરીબેનને અભિનંદન આપુ છું કે એમણે એ પ્રકારનું આયોજન કર્યુ છે જેના કારણે ક્વોલિટી એજ્યુકેશન તરફ આપણી યુનિવર્સિટીઓ આગળ વધી રહી છે. આ રેન્કિંગના માર્ક મેળવવા ખૂબ અઘરા છે. યુનિવર્સિટીઓ તો વર્ષોથી કેટલીયે હતી પણ એ પહેલા મળતા ન હતા. એ માર્કીંગ માટેની કોઇ વ્યવસ્થાઓ, પ્લાનિંગ, આયોજન થયું નહીં, એના કારણે પાછળ ગયા પણ હવે અમારી સરકારે નક્કી કર્યુ છે કે આજનો અને આવતીકાલનો યુવાન પાછળ ન રહે તે માટે અમારી ભા.જ.પ.ની સરકાર કટિબદ્ધતા સાથે શિક્ષણ વિભાગમાં આગળ વધી રહી છે. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કે સમગ્ર શિક્ષણ ક્ષેત્રે હોય એ પાયાનું કામ છે. હું ખાનગી યુનિવર્સિટી એ બધા દેશોમાં વિશ્વવ્યાપી છે. અલગ અલગ સેકશનોમાં સરકારને અધિકારો મળ્યા છે. ગઇ વખતે ચર્ચાઓ થઇ હતી. હું પણ બોલ્યો હતો અને શ્રી ભૂપેન્દ્રસિંહજી બોલ્યા હતા એ પણ મેં વાંચી લીધું હતું. શ્રી શૈલેષભાઇ બોલ્યા એ પણ હું જોઇ ગયો હતો. આજે પણ મેં જોઇ લીધું છે. વાત

એવી થાય કે હવે યુનિવર્સિટીઓ ઉપર કોઇનો અધિકાર નથી. શ્રી સી.જે.ચાવડા ઘણા જ અભ્યાસું છે, બધા જ અભ્યાસુ હોય છે પણ બધાની રૂચિ અલગ અલગ પ્રકાર હોય છે. શ્રી સી.જે.ચાવડા, આ બુક તમને વાંચી જવા માટે કહું છું. પહેલી વાર એના માટેના રૂલ્સ પણ બનાવ્યા છે. એ રૂલ્સને ફોલો-અપ ન કરે તો એ પ્રાઇવેટ યુનિવર્સિટીને ભા.જ.પ.ની સરકાર ચલાવવા દેવા માંગતી નથી. કારણ કે, જે રૂલ્સ બનાવ્યા છે એ પ્રમાણે જ આગળ વધવું જોઇએ. હમણાં જ રૂલ્સ બનાવ્યા છે. એના માટે કમિટીની રચના પણ કરેલી છે. એને છૂટ મળતી નથી. પણ અહીંયા સરકારે બધી છૂટ આપી દીધી છે, સરકારે બધું આપી દીધું છે. આ બધુ જ અભ્યાસ કરવા જેવું છે. આમાં કોઇ સુધારા કરવા, આમાં કોઇ સંશોધન કરવું, આમાં કઇ રીતે રાજ્યને આગળ લઇ જવું તે અંગે ખુલ્લા મનથી સાથે મળીને ચર્ચા કરવી જોઇએ. એ માટે ખાનગી યુનિવર્સિટીનું સેકશન-૪૩, સ્પેશિયલ પાવર ઓફ સ્ટેટ ગવર્મેન્ટ મુજબ એની તપાસ કરવાની અને જરૂર જણાય તો ખાનગી યુનિવર્સિટીનો તમામ વહીવટ રાજ્ય સરકાર પોતાના હસ્તક લઇ લે છે. એ વ્યહવાર રાજયની ભા.જ.પ. ની સરકારે શ્રી ભૂપેન્દ્રસિંહજી વખતે હાથમાં લઇ લીધો અને અત્યારે વહીવટ ચાલે છે અને એ ત્યાં સુધી ચાલશે કે વિદ્યાર્થીઓનાં વર્ષો પૂરાં ન થાય ત્યાં સુધી સરકાર જવાબદાર રહે છે પછી બંધ પણ કરી દેવાનો છે. એના કારણે ફાયદો એ થયો છે કે અન્ય લોકો આ પ્રકારની માનસિકતા ધરાવતો હોઇ શકે તો એમના માટે ઉદાહરણરૂપ હોય છે ત્યારે હું આ જે બિલ લઇને આવ્યો છું એને વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તેવી વિનંતી કરું છું. એને ટૂંકા મનથી, ટૂંકા વિચારોથી અને નાના મગજથી જો જોઇશું તો રાજ્યના યુવાનો અને વિદ્યાર્થીઓને દેશ અને દુનિયાની સ્પર્ધામાં ઉભા રાખવા માટેનું આપણને અઘરું પડી જશે. જેથી સૌ સાથે મળીને આ વિધેયકની સર્વાનુમતે મંજૂરી આપીને આપણું અત્યારનું અને આવતીકાલનું બાળક, એ કોઇપણ સમાજનું હોય પણ એ મારું બાળક છે, આપણે સૌ પ્રતિનિધિઓ છે અને આપણી જવાબદારી છે. એ પ્રકારે આપણે યુવાનો અને વિદ્યાર્થીઓને આગળ લઇ જવા છે ત્યારે દુનિયાની સ્પર્ધામાં ઉભો રહે તેવો યુવાન તૈયાર કરવા સરકાર કટિબદ્ધ છે અને એ માટે હું આપ સૌનો સહકાર માગું છું કે, આ વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સને ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૮, ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇને હું સાંભળતો હતો, તેમણે હમણાં છેલ્લે છેલ્લે એવું કહ્યું કે ટૂંકા મનથી વિચાર ન થાય, ટૂંકા મનથી વિચાર જો કોંગ્રેસે કર્યો હોત તો આવડો મોટો વિકાસ આ દેશનો કયારેય શકય જ નહોતો. શરૂઆતથી જ કોંગ્રેસની મોટી વિચારસરણી અને તેના કારણે આવડી મોટી કૃષિ યુનિવર્સિટી અને બીજી યુનિવર્સિટીઓ સ્થપાઇ હતી અને વિદ્યાર્થીઓ ભણ્યા હતા. આજે કહેવું પડે કે દુનિયાનો બ્રિટન જેવો દેશ કે જે કોમ્પ્યુટર યુગમાં આગળ વધતો દેશ છે. અને એ કોમ્પ્યુટરમાં એ જે ડેટા બનાવે છે તે ડેટાનું સોફ્ટવેર આખી દુનિયાને કોઇ પૂરા પાડતા હોય તો એ આ મારા હિન્દુસ્તાનના યુવાનો પૂરા પાડે છે એ મારે સ્વીકારવું જોઇએ. અને એ ખાનગી યુનિવર્સિટીમાં નહીં પણ આપણી સરકારી યુનિવર્સિટીમાં ભણ્યા છે. સરકારી યુનિવર્સિટીમાં ભણ્યા છે અને તેમને ખાનગી તરફ લઇ જવા માટેનો પ્રયાસ થઇ રહ્યો છે ત્યારે આ દસ યુનિવર્સિટીને જ કેમ મંજૂરી? મારે માનનીય જીતુભાઇને પૂછવું છે કે કેટલી ખાનગી યુનિવર્સિટી બનાવવા માટેની આપણી પાસે અરજીઓ આવી, અને એ અરજીઓ આવી તે પૈકી આ દસ યુનિવર્સિટીને મંજૂરી આપો છો, તો એ મંજૂરી માટેના ધોરણો શું નકકી કર્યા છે? પહેલી અરજી કરે તેને પહેલી યુનિવર્સિટીની મંજૂરી આપવી, બીજી અરજી કરે તેને બીજી યુનિવર્સિટીની મંજૂરી આપવી કે પછી એમાં પણ કોઇ બીજા ધોરણો નક્કી થયા છે? એ પણ મારે જાણવું છે આ ગૃહના સભ્ય તરીકે. જયારે આવડી મોટી યુનિવર્સિટી આપવા માટે આપણે બહુ વિચાર કરીને નક્કી કરવા માગતા હોઇએ ત્યારે આપણી જે યુનિવર્સિટીઓ હતી, કૃષિ યુનિવર્સિટી, આપણું સંશોધન કેન્દ્ર, ચોખાનું સંશોધન કેન્દ્ર નંબર વન એ આપણું કૃષિ યુનિવર્સિટીનું સાણંદ કેન્દ્ર હતું. ન ચલાવી શકયા. અને એ જ ચોખાનું સંશોધન કરનારી કૃષિ યુનિવર્સિટી અને આ બીજી ખાનગી યુનિવર્સિટીઓ કામગીરી કરશે એમાં ભારે મોટો તફાવત પણ રહેવાનો છે. આવડા મોટા સંશોધન થયા છે, દુનિયાના દેશોમાં આપણે એક્સ્પોર્ટ કરી શકીએ એવા બિયારણોના સંશોધનો કર્યા છે એ સરકારી યુનિવર્સિટીમાં થયા છે, ખાનગી યુનિવર્સિટીમાં થયા હોય તેવું મેં સાંભળ્યું નથી. ત્યારે ખાનગી યુનિવર્સિટી નહીં સ્થાપવી જોઇએ તેમ હું નથી કહેતો, સ્થાપવા માટે સરકાર આગળ આવે એ બરાબર છે, પરંતુ તેના કારણે આપણા ગૃહનો જે કન્ટ્રોલ છે એ કન્ટ્રોલ તો જતો નથી રહેવાનો ને? એ પણ વિચારવું પડશે. તમે ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપો, હું પણ ટેકો આપવા માગું છું. અહીંથી સેનેટ સભ્ય તરીકે હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમ વખત જયારે ચૂંટાઇને ગયો હતો, હું ત્યાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચૂંટાયેલો સેનેટ સભ્ય હતો. અને ત્યાર પછી જયારે ધારાસભ્ય બન્યો, ત્યારે મને પણ અહીંથી સેનેટમાં મૂકવામાં આવ્યો હતો. આ ખાનગી યુનિવર્સિટીમાં આ ગૃહનો એક સભ્ય જશે ખરો? એ જવા માટેનું તમે પ્રોવિઝન કરો, કે આ ગૃહના બે બે ધારાસભ્ય, ભલે પાર્ટી લેવલે તમે શાસક પક્ષ છો, તમારા ધારાસભ્યને મૂકો. પણ એકે એક યુનિવર્સિટીમાં તમારા બે બે ધારાસભ્યોને મૂકવામાં આવે તો એ યુનિવર્સિટી ઉપર કન્ટ્રોલ પણ આવી શકે. એ કન્ટ્રોલ ન આવે તો અત્યારે શું થઇ રહ્યું છે? આ મોટી યુનિવર્સિટીઓ સ્થપાઇ છે, બહુ મોટી ફી લઇને યુવાનોને દાખલ કરવામાં આવે છે. અને ટકાવારી વાળા યુવાનો હોય છે એમને એમાં એડમીશન મળતું નથી. આવું જો ભવિષ્યમાં થશે તો ગુજરાતના લોકોનું શું થશે? ગુજરાત વિકાસશીલ મોડલ છે, મહત્ત્વનું મોડલ છે, આપ કહો છો કે અમારું વિકાસશીલ મોડલ છે. ત્યારે મારે કહેવું છે કે આપણું જયારે બજેટ સત્ર શરૂ થાય ત્યારે મહામહિમ રાજયપાલશ્રીનું પહેલું પ્રવચન

અહીં થાય છે, અને એમાં સરકારની નીતિઓ શું છે એ આ ગૃહમાંથી નકકી થતું હોય છે. અને એમાં ત્રણ દિવસ તમામ ધારાસભ્યશ્રીઓને બોલવા માટેના અધિકાર મળતા હોય છે. એ આપણી સરકારી યુનિવર્સિટી છે તેના ચાન્સેલર આપણા મહામહીમ રાજયપાલ બને છે. આમાં કોણ બનવાનું છે? એમાં તમે કહો છો કે આપણો સંપૂર્ણ કન્ટ્રોલ રહેવાનો છે, જયારે સંપૂર્ણ પ્રાઇવેટ આપી દઇએ છીએ ત્યારે આપણો કન્ટ્રોલ રહેવાનો છે એવું તમે જીતુભાઇ માનતા હો તો ભલે પણ અમે માનતા નથી. હું પણ ધંધો કરું છું, હું પણ પેસ્ટીસાઇડની દુકાન ચલાવતો તો મારે પણ લાઇસન્સ લેવું પડતું હોય છે. પણ જયારે કાળાબજાર કરવાના થાય ત્યારે આ બધા પ્રાઇવેટના વેપારીઓ કેટલા કાળાબજાર કરે છે એ બધા જાણે છે. બીજ નિગમ મારફત જયારે બિયારણ મળતું હતું ત્યારે ત્યાં કાળાબજાર થતા નહોતા, પ્રાઇવેટ વપારીઓ ભારે મોટો કાળાબજાર કરીને લોકોને અને ખેડૂતોને છેતરવાનો પણ પ્રયાસ કરતા હોય છે. આપણે હમણાં એક આયોગ પણ સ્થાપ્યું છે. બિન અનામત આયોગ સ્થાપ્યું છે અને એમાં દસ ટકા અનામત માટે યુવાનોને કોઇ ને કોઇ રીતે લોન આપવા માટેની જોગવાઇ કરી છે. મારે શ્રી જીતુભાઇ પાસે આંકડા માગવા છે. એમનો સબ્જેકટ કદાચ નહિ હોય પરંતુ વિદ્યાર્થીઓ એમનો સબ્જેકટ છે. ત્યારે માનનીય જીતુભાઇ પાસે આંકડા માગવા છે કે આપણું બિન અનામત આયોગ સ્થાપ્યું છે, એમાં નિવૃત્ત આઇ.એ.એસ. ઓફિસરને ચેરમેન બનાવ્યા છે એમાં કેટલા યુવાનોએ લોન માટે અરજી કરી અને કેટલાને આપી એ મારે જાણવું છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ કલેરિફિકેશન છે. હું આપના પ્રવચનને અને તમારી ગતિને રોકવા નથી માગતો. ઘણા વખતથી જોઇ રહ્યો છું અને આજે છેલ્લો દિવસ છે. તમામ ધારાસભ્યશ્રીએ જાણવું જોઇએ કે કોઇને નામથી નહિ બોલાવવા જોઇએ કાં તો મંત્રીશ્રી કહે કાં તો માનનીય જીતુભાઇ કહે. તમારા ભાવમાં કોઇ કમી નથી. સૌને જાણવા માટે એક વિગત કહી એ ધ્યાનમાં રાખીએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય રાજેન્દ્રભાઇ સાહેબે વાત કરી છે. આ સભાગૃહનો કોઇપણ ચૂંટાયેલો સભ્ય માનનીય જ છે. મારે એટલા માટે કહેવું છે કે અત્યારે પણ આપણા મામલતદાર હોય કે ટી.ડી.ઓ. હોય એને પણ માનનીય લખાય છે. પ્રોટોકોલમાં જોવામાં આવે કલેકટર જ નહિ અહીંના ચીફ સેક્રેટરી ગણાતા નથી. ચૂંટાયેલો પ્રતિનિધિ ગણાય છે. કલેકટરમાં બધે માનનીય લખાય છે. આપણા સરકારી જે કંઇ છપાય છે એમાં પણ માનનીય કલેકટર સાહેબ ઉપસ્થિત રહેશે. માનનીય શું? એ પગાર નથી લેતા? માનનીય એટલે ચૂંટાયેલો પ્રતિનિધિ હોઇ શકે. આપણો પ્રોટોકોલ છે એ પ્રમાણે જો અમલવારી થશે તો માનનીય રાજેન્દ્રભાઇ જો કોઇને વધારે ગમશે તો એ વિરજી ઠુમ્મરને ગમશે.

અધ્યક્ષશ્રી : હવે બધા યાદ કરીને માનનીય બોલજો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હું એ કહેવા માગતો હતો હું સૌરાષ્ટ્રનો માણસ છું. જૂનો માણસ અને આગેવાન શું એટલે કદાચ મારા શબ્દો એ પ્રકારના નીકળતા હશે, પરંતુ હું કોઇનું અપમાન કરવા માટે સર્જાયેલો નથી. અમે કાઠિયાવાડી ભૂમિમાંથી આવ્યા છીએ એટલે કદાચ ભૂલ થઇ હોય તો ક્ષમ્ય ગણજો. હોમ મિનિસ્ટર મારાથી ઉંમરમાં ઘણા નાના છે, પરંતુ છતાં મારા માનનીય હોમ મિનિસ્ટર છે ગુજરાત રાજયના છે. આવડો નાનો યુવાન આવડું મોટું ગૃહખાતું ચલાવે એ ગુજરાતનુ ગૌરવ માનુ છું. ચલાવવું પણ જોઇએ. આવા યુવાનોને તક મળશે તો ભવિષ્યમાં ઘણા બધા લાભ થઇ શકશે. માનનીય શિક્ષણ મંત્રીશ્રી એ ચિંતા કરવા માગું છું કે આપ જે કહો છો આપનો ઉદ્દેશ ઘણો સારો હશે અને સરકારનો ઉદ્દેશ સારો જ હોય, પરંતુ એ ઉદ્દેશ સારો હોવાને કારણે કોઇ પ્રાઇવેટ આવી યુનિવર્સિટી સ્થપાય એના ઉદ્દેશમાં કોઇ ખામી તો નથી. એ ખામી હશે તો ભવિષ્યમાં આપણા યુવાનોને ઘણી બધી ચિંતા થશે એ ચિંતા ન થાય. મને એમ જાણવા મળ્યું છે કે યુનિવર્સિટીના નોર્મ્સ છે એ પૂરા ન કર્યા હોય એવી યુનિવર્સિટીને મંજૂર ન મળી જાય એની કાળજી રાખવામાં આવે એવી મંત્રીશ્રીને મારી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દસ યુનિવર્સિટીની વાત છે, એમાં લોકભારતી રૂરલ સણોસરા. મારે એટલા માટે એ વાત કરવી છે કે સણોસરા સાથે અમે અને માનનીય જીતુભાઇ બંને જોડાયેલા છીએ. આ ગૃહના માનનીય મહેસૂલ મંત્રી દલસુખભાઇ અમે જેને દાદા કહેતા ગાંધીવાદી એ પણ આ ગૃહના સભ્ય રહી ચૂકયા છે. સણોસરા યુનિવર્સિટીના જયાબેન શાહ દસ વર્ષ અમારા સાંસદ રહી ચૂક્યા છે એ ભૂમિનો સાંસદ હું પણ રહી ચૂકયો છું. જયાબેન શાહનું એ વખતે નામ હતું. મનુભાઇ દર્શન પંચાલી એમને દર્શન પંચોલી કહે એવડું મોટું નામ એ લોકભારતી સણોસરા આજે ગુજરાતના ઘઉનું સંશોધન કરવામાં આખા દેશમાં પ્રથમ રહી છે.લોક-૧ અને લોક-૨ મને લાગે છે કે હમણાં એમણે તલનું સંશોધન ચાલુ કર્યું છે ગુજરાત નંબર-૧ તલ અને ગુજરાત નંબર-૨ તલનું સંશોધન કર્યું છે એના કારણે આજે ખેડૂતોને ઘણી બધી રાહતો થઇ છે. ઘણું બધું તલનુ ઉત્પાદન વધ્યું છે. ગુજરાતમાં તલ વાવવું અઘરું હતું કારણ કે પહેલા બિયારણ મળતું નહોતું, પરંતુ આજે એ બિયારણ મળતું થયું છે એનો યશ લોકભારતી સણોસરાને જાય છે.મારે માનનીય શિક્ષણમંત્રીશ્રીને વાત કરવી છે. મારે શ્રી જીતુભાઇ સાહેબને કહેવું છે, માનનીય શિક્ષણ મંત્રીને કહેવું છે..(અંતરાય) નહીં મેળ આવે.

અધ્યક્ષશ્રી : મેં પહેલાં જ કહ્યું કે ભાઇબંધ છે એટલે આવું થવાનું છે. એટલે આપ બોલો. માનનીય લાગી ગયું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારી ભૂમિમાં ભણ્યા છે એટલે અમારા તો બહુ લાડકા છે. શિક્ષણ મંત્રીશ્રી તો અમારા બહુ લાડકા છે. કવિ કલાપીની ભૂમિમાં ભણ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે હું કહેવા માગું છું એ લોકભારતી સણોસરા. તે વખતે હું સાંસદ હતો અને તે વખતની સરકારે કે.વી.કે. એટલે કે કિસાન વિકાસ કેન્દ્ર આપવા માટેની યોજના કરી હતી. એ કે.વી.કે. આપવા હોય તો કોઇ પણ યુનિવર્સિટી હોય કે કોઇ પણ જગ્યાએ કે.વી.કે. આપવું હોય તો તેની

જમીનને મોર્ગેજ કરવા માટેની તે વખતે જરૂરિયાત પડતી હતી, પરંતુ દલસુખભાઇ જેવા વ્યક્તિ આ કે.વી.કે. સ્થાપવા માટેની દરખાસ્ત લઇને આવ્યા અને પવાર સાહેબ ત્યારે કૃષિ મંત્રી હતા અને કે.વી.કે. ન મળે એવા ઘણા બધા નોર્મ્સ હોવા છતા ઓવરરુલ કરીને તેને કે.વી.કે. આપ્યું અને એ કે.વી.કે.નું ઉદ્‌ઘાટન કરવા માટે ગયા હોય તો દિનશા પટેલ કેન્દ્રના મંત્રી રહી ચૂક્યા હતા, મારી સાથે સાંસદ હતા. આજે એ લોકભારતી સણોસરાનો સારો વિકાસ થયો છે. એવી યુનિવર્સિટીઓ કેટલી? એવી યુનિવર્સિટીઓ સ્થપાય અને એવી યુનિવર્સિટીઓ ઉપર બરાબર કાળજી રાખવા માટેનું જો સરકારનું ધોરણ હોય તો અમને જરૂર ગમે છે, પરંતુ મોટા મોટા લોકો યુનિવર્સિટી સ્થાપે છે. મારે એટલા માટે કહેવું છે, હું કોઇની ટીકા-ટિપ્પણ કરવા માગતો નથી. નિરમા ઇન્સ્ટિટ્યૂટ અને નિરમા યુનિવર્સિટી તો બને છે. આપના મારફત હું સરકારનું ધ્યાન દોરવા માગું છું કે નિરમા યુનિવર્સિટીમાં ધારાસભ્ય તરીકે ન ગરવા દે. હું જઇને મારું કાર્ડ આપું. મારે મળવા જવું છે, મુલાકાત મળતી નથી. અમને ધારાસભ્યને અંદર જવા દેવામાં આવતા નથી. મંત્રીશ્રીઓને કદાચ તેમાં મુલાકાત મળતી હશે. ત્યારે આવી યુનિવર્સિટીઓ ઉપર કંટ્રોલ રાખવો એ જવાબદારી પણ આપણી બનવાની છે. અદાણી સાહેબ જેવા યુનિવર્સિટી સ્થાપશે પછી ધારાસભ્યોને અદાણી સાહેબની યુનિવર્સિટીમાં જવાની તક મળશે કે કેમ? સાચી વાત ત્યાં રજૂ કરવાની તક મળશે કે કેમ, કે અમારે પછી શિક્ષણ મંત્રીને જ ફરિયાદ કરવી પડશે તેના બદલે યુનિવર્સિટીમાં સેનેટ સભ્યો, યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યો, યુનિવર્સિટીનું માળખું હતું એ તે વખતની સરકારે બનાવેલું બંધારણ હતું. એ બંધારણમાં ફેરફાર કરીને ખાનગી યુનિવર્સિટી આપીને સરકારનો કંટ્રોલ આડકતરી રીતે ઉઠાવી રહ્યા છીએ. કાયદાકીય રીતે બાન કરવા, મેં કહ્યું કે કોઇ દુકાનદાર પ્રાઇવેટ વેપારી થાય ત્યારે પણ તેને બાન કરવા માટેના નિયમો જરૂર છે પણ તેને બાન કરી શકતા નથી. એવું ભવિષ્યમાં વિદ્યાર્થીઓ સાથે ન થાય તેની કાળજી રાખવા માટેની બહુ મોટી જરૂરિયાત છે. એટલા માટે આવી યુનિવર્સિટી સ્થાપવા માટેનાં સૂચનો મેં રજૂ કર્યાં છે અને કહ્યું છે કે આ દસ યુનિવર્સિટીને જ મંજૂરી અપાય છે ત્યારે તેમાં કોઇ કારણો નથી ને? કે પછી મારા જેવો કોઇ ચૂંટાયેલો સભ્ય..

અધ્યક્ષશ્રી : કોઇનો મોબાઇલ વાઇબ્રેશન પર છે. વારંવાર વાઇબ્રેશન થાય છે અને મને સંભળાય છે. માઇકવાળા બેઠા છે ત્યાં પણ હોઇ શકે અને અહીંયા પણ હોઇ શકે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ દિવસ ભૂલ થતી નથી, આજે ખબર નહીં, કેમ ભૂલ થઇ. આજે છેલ્લો દિવસ છે, પછી નહીં મળી શકીએ તેનું પણ મનમાં દર્દ છે. આવી રીતે આ ધારાસભ્ય સાહેબોનો આટલો બધો પ્રેમ મળ્યો છે.

અધ્યક્ષશ્રી : આપણે બધાને શુભેચ્છા આપીએ કે બધાંનું સારું થાય.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ પ્રેમ રાખ્યો છે. આપ પણ બોલો છો કે વિરજીભાઇ, સ્પ્રિંગ તો નથી લગાડીને? ગૃહના બધા સભ્યોએ જે પ્રેમ રાખ્યો છે તેમાં હું અને શ્રી પીયૂષભાઇ. પીયૂષભાઇ આગળ આવ્યા હતા. પાછા તેમની જગ્યાએ જતા રહ્યા. પીયૂષભાઇ તો કહેવાય ને?

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, આજે આપ કલરફુલ ડ્રેસમાં પણ છો અને કલરફુલ મૂડમાં પણ છો. ખૂબ સારું બોલો છો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : આપે કાલે સૂચના આપી હતી. અધ્યક્ષશ્રીના આદેશનું પાલન કરવું એ સભ્ય તરીકે મારી પૂરેપૂરી જવાબદારી છે. તમે એમ કહો કે શ્રી વિરજીભાઇ, તમે બોલતા બોલતા નીકળી જાવ તો નીકળવું પણ પડે. આપે ગઇ કાલે કહ્યું હતું. મારી ઉંમર ૬૨ વર્ષની થઇ છે, થોડોક સારો દેખાઉં, જુવાન લાગું એવું તો કરવું પડે ને? માનનીય અધ્યક્ષશ્રી, આપણા શિક્ષણામંત્રી સાહેબ જે બિલ લઇને આવ્યા છે એ બિલના હાર્દનો હું જરાય વિરોધ કરતો નથી, પરંતુ આ ખાનગી યુનિવર્સિટી સ્થપાયા પછી યુવાનોના ભવિષ્યની ચિંતા ન થાય, યુવાનો બહુ ભણે, બહુ આગળ વધે અને સારી ડિગ્રી પ્રાપ્ત કરે તે માટેની યુનિવર્સિટી સ્થપાતી હોય તો હું ના નહીં પાડું. હું કોઇ વિરોધ પણ નહીં કરું. દિનશા જેવા વ્યક્તિ પણ આમાં જોડાયેલા છે. મેં નામ દીધું એ તો ગાંધીવાદી લોકો હતા. એ બધાને ગુજરાતના લોકોની ચિંતા છે, પણ ચિંતા કરવાવાળાને બદલે માત્ર ધંધો કરવાવાળા આવી ન જાય એની કાળજી મંત્રીશ્રી રાખે એટલી વિનંતી સાથે વિરમું છું.

**વિરામ-બપોરના ૧૨-૩૦ થી ૧-૦૦**

**સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક-૮-ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી ગૃહ સમક્ષ આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને એમાં મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે ગુણવત્તા સભર ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી આ વિધેયકમાં ૧૧ જેટલી સંસ્થાઓએ કરેલી માગણી અનુસાર ખાનગી યુનિવર્સિટી તરીકે માન્યતા આપવાના હેતુસર આ વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે, તેમાં સાક્ષર ભૂમિ નડિયાદ ખાતેની મહાગુજરાત મેડિકલ સોસાયટી કે જે વર્ષોથી શૈક્ષણિક, સામાજિક, ચિકિત્સા ક્ષેત્રમાં પ્રવૃત્તિઓ કરતી નામાંકિત સંસ્થા છે. આ સંસ્થા સંચાલિત શ્રી મગનભાઇ એડનવાલા મહાગુજરાત યુનિવર્સિટીને માન્યતા આપવાનો આ વિધેયકમાં સમાવેશ કરવામાં આવ્યો છે, તે માટે હું રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. હું અહીંયા

સાંભળતો હતો, માનનીય સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર બોલતા હતા. એમણે જે ઉલ્લેખ કર્યો, આજે જે ૧૧ જેટલી સંસ્થાઓને યુનિવર્સિટી માટેની માન્યતા આપવાનું વિધેયક છે, એમાં મોટાભાગની સંસ્થાઓ એ ટ્રસ્ટ છે અને ચેરિટેબલ ટ્રસ્ટ છે તેમજ મોટાભાગની સેવા કરતી સંસ્થાઓ છે. આજે ખૂબ આનંદનો વિષય કહેવાય કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાનીમાં અને શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીની આગેવાનીમાં આજે ૧૧ યુનિવર્સિટીઓને માન્યતા મળવા જઇ રહી છે. મહાગુજરાત મેડિકલ સોસાયટી એ નડિયાદના અખંડિત ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રેરણાથી સ્વાતંત્ર્ય સેનાની વૈદ્ય સુંદરલાલ જોષીના માર્ગદર્શન હેઠળ સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય લક્ષી પ્રવૃત્તિઓ કરવાના હેતુસર વર્ષ ૧૯૩૮માં આ સંસ્થાની સ્થાપના થઇ હતી. એટલે આઝાદી પહેલાં આ સંસ્થાની સ્થાપના થઇ હતી એ ખૂબ આનંદનો વિષય છે. આ મહાગુજરાત મેડિકલ સોસાયટીના ચેરમેન પદે રહેલા મગનભાઇ એડનવાલાના નામથી મગનભાઈ એડનવાલા મહાગુજરાત યુનિવર્સિટી તરફથી ખાનગી યુનિવર્સિટી તરીકે રાજ્ય સરકારમાં માગણી કરવામાં આવેલ છે. મને કહેતા આનંદ થાય છે કે મગનભાઇ એડનવાલાના યોગદાન વિશે વાત કરું તો મગનભાઇ એડનવાલા વર્ષ ૧૯૩૫માં અરબિસ્તાનનું મોટામાં મોટું બંદર એવા એડન ખાતે નોકરી કરવા ગયા હતા. તેઓ પ્રખર શિક્ષણવિદ પણ હતા. ભારતમાંથી ઘણા શિક્ષકોને એડન પણ લઇ ગયા હતા. તેઓશ્રી સન ૧૦૬૫માં સ્વદેશ પાછા ફર્યા બાદ નડિયાદને એમણે પોતાની કર્મભૂમિ બનાવી અને નડિયાદ ખાતે ગુજરાતી અને હિન્દી મિડિયમ સ્કૂલો શરૂ કરી. મગનભાઇ ખુદ સંસ્કૃતના ગહન અભ્યાસુ હતા અને એના પ્રચારક પણ હતા. એમણે પોતાના ઘેર સમૃદ્ધ લાઇબ્રેરી ઉભી કરી હતી અને આજે પણ એ મોજુદ છે. મગનભાઇ એડનવાલા એ પોતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં ખેડા જિલ્લાના સર સંઘ સંચાલકની જવાબદારી પણ સંભાળતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, સાથેસાથે ખેડા જિલ્લાના વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ પણ રહી ચૂકયા છે. મને કહેતા આનંદ થાય છે કે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ તે વખતે મગનલાલ એડનવાલાના સંપર્કમાં આવ્યા હતા અને અવારનવાર મગનભાઇના ઘરે જતા પણ હતા અને આ લાઇબ્રેરીનો ઉપયોગ પણ એમણે ખૂબ કરેલો છે અને લાંબો એમની સાથે સંવાદ પણ ખૂબ કરેલો છે. એ ખૂબ આનંદનો વિષય છે. આવા બહુમુખી પ્રતિભા ધરાવતા મગનભાઇ એડનવાલાના નામે મગનભાઇ એડનવાલા મહાગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઇ રહી છે એ માટે હું ગૌરવની લાગણી અનુભવું છું. મહાગુજરાત મેડિકલ સોસાયટી નડિયાદ દ્વારા સમાજના દરેક વર્ગને પોષાય તેવા ખર્ચે વિવિધ આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં દરેક પ્રકારની તબીબી સારવાર આઝાદી પહેલાથી અપાય છે. મહાગુજરાત મેડિકઇ સોસાયટી આયુર્વેદમાં માન્યતા પ્રાપ્ત કરી ડીગ્રી પ્રોગ્રામો અને પેરા મેડિકઇ પ્રમાણપત્રો અભ્યાસક્રમો સાથે અગ્રણી સુપર સ્પેશ્યાલિટી, શૈક્ષણિક સંશોધન, આરોગ્ય સંભાળ રાખતી સંસ્થા ઉત્તરોત્તર વિકાસ પામી છે ત્યારે મહાગુજરાત મેડિકલ સંચાલિત આયુર્વેદ કોલેજ અને એને સંલગ્ન આયુર્વેદિક હોસ્પિટલ કે જે આયુર્વેદના વૈશ્વિકીકરણની દિશામાં આયુર્વેદ ક્ષેત્રની પ્રથમ અને મહત્ત્વની સંસ્થા પણ છે. આ ઉપરાંત યુ.જી. અને પી.જી.ના અભ્યાસક્રમો માટે સંસ્થાની નર્સિંગ કોલેજ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અગ્રેસર રહી છે તેમજ જે.એસ. આયુર્વેદિક મહાવિદ્યાલયમાં પી.એચ.ડી. સુધીના અભ્યાસક્રમો અત્યારે ચાલી રહ્યા છે. જે.એસ. આયુર્વેદ મહાવિદ્યાલય નડિયાદને નેશનલ એસેસમેન્ટ અને એક્રિડેશન કાઉન્સિલ દ્વારા ૨.૫૪ પોઇન્ટ સ્કેલના સી.જી.પી.એ. સાથે પ્રથમ પ્રયાસમાં ડી પ્લસ ગ્રેડ પણ પ્રાપ્ત કર્યો છે. એ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી માન્ય રહેવાનો છે. જે.એસ.આયુર્વેદ મહાવિદ્યાલય નડીયાદે ઇન્ડિયન સેન્ટર ઓફ એકેડેમીક રેંકિંગ એન્ડ એક્સેલન્સ દ્વારા ભલામણ કરેલ મેડિકલની શ્રેણીમાં ૫ પોઇન્ટમાંથી ૩.૪ ના સી.જી.પી.એ. સ્કોર સાથે ફોર સ્ટાર પણ હાંસલ કર્યો છે. જે.એસ. આયુર્વેદ મહાવિદ્યાલય વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૩ના સમયગાળા માટે ગુણવત્તા વ્યવસ્થાપન પદ્ધતિ માટે આઇ.એસ.ઓ. ૯૦૦૧, ૨૦૧૫ નું પ્રમાણપત્ર પણ પ્રાપ્ત કર્યું છે. ભારતના પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકારની હાલમાં કાર્યરત એવી આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત સંસ્થાએ રાજય સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ આયુર્વેદ તથા એલોપેથીના સમન્વય અન્વયે આરોગ્ય સમન્વય પઇલોટ પ્રોજેકટ પણ અમલમાં મૂક્યો છે. નડિયાદ અને આસપાસના ૮ કેન્દ્રો ઉપર રાજય સરકારના સહકારથી આ પ્રોજેકટને સફળતા મળી છે. સરદાર પટેલના માર્ગદર્શન હેઠળ આ સંસ્થાની સ્થાપના થયેલી હોવાથી આ સંસ્થા ચરોતર પંથકમાં લોકહૃદય સાથે જોડાયેલી સંસ્થા છે. હું પણ આ ચેરીટેબલ સંસ્થામાં ઉપપ્રમુખપદે સેવાઓ આપી રહ્યો છું અને એ સંસ્થાની તમામ પ્રવૃત્તિઓથી પણ હું વાકેફ છું. જે.એસ. આયુર્વેદ મહાવિદ્યાલય નડિયાદ દ્વારા આયુર્વેદના વૈશ્વિકીકરણની શરૂઆત સન ૧૯૯૨ થી કરવામાં આવી. એ અંતર્ગત આ સંસ્થાની સહયોગી સંસ્થા તરીકે વર્ષ ૧૯૯૩માં જર્મની ખાતે યુરોપિયન એકેડેમી ઓફ આયુર્વેદની આ સંસ્થા કરવામાં આવી છે. હાલમાં યુરોપ ખંડની સૌથી મોટી આયુર્વેદની પ્રચાર, પ્રસાર કરતી આ સંસ્થા છે. જે.એસ. આયુર્વેદ મહાવિદ્યાલય નડિયાદના નિષ્ણાત ચિકિત્સકો નિયમિત રીતે યુરોપિયન એકેડેમી ઓફ આયુર્વેદ જર્મનીમાં પોતાની સેવાઓ પણ આપી રહ્યા છે. અને છેલ્લાં ૩૦ વર્ષમાં મહા ગુજરાત જે.એસ. આયુર્વેદ મહાવિદ્યાલય, નડિયાદના નિષ્ણાંતો દ્વારા જર્મની અને એની આજુબાજુના દેશોના લગભગ ૫૦૦ જેટલા એલોપેથી ડોક્ટરો, લગભગ ૬,૦૦૦ જેટલા પેરા મેડિકલ વ્યવસાયો, લગભગ ૧૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને આયુર્વેદનું જ્ઞાન પણ આ સંસ્થા દ્વારા આપવામાં આવ્યું છે. આયુર્વેદનું વધુ જ્ઞાન મેળવવા દર વર્ષે જર્મની અને તેની આસપાસના દેશોના લગભગ ૨૦ થી ૪૦ વિદ્યાર્થીઓ જે.એસ. આયુર્વેદ મહાવિદ્યાલય નડિયાદની મુલાકાતે આવે છે. આ આપણા માટે ખૂબ આનંદની વાત કહેવાય. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા દર વર્ષે વિદેશી વિદ્યાર્થીઓને જે.એસ. આયુર્વેદ મહાવિદ્યાલય નડિયાદમાં આયુર્વેદના અભ્યાસક્રમ માટે પ્રવેશ પણ આપવામાં આવે છે. જે.એસ. આયુર્વેદ

મહાવિદ્યાલયને સંલગ્ન પી.ડી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ નડિયાદમાં વિશ્વના ૧૫ થી વધારે દેશોના લગભગ ૩૦૦ જેટલા દર્દીઓ આયુર્વેદિક સારવાર માટે દર વર્ષે આવે છે. તદુપરાંત દર વર્ષે ભારતના તમામ રાજ્યોને ગંભીર બીમારી ધરાવતા લગભગ ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ દર્દીઓ પી.ડી.પટેલ આર્યુવેદિક હોસ્પિટલમાં આયુર્વેદિક સારવાર માટે આવે છે. આ ગુજરાત માટે ખૂબ જ ગૌરવની બાબત કહેવાય. બીજા જેવા કે કિડની અને લિવરની ગંભીર બીમારીઓ હોય એમની સફળ આયુર્વેદિક ચિકિત્સા માટે આ પી.ડી. પટેલ આયુર્વેદિક હોસ્પિટલમાં દેશ વિદેશથી પણ પેશન્ટો આવે છે એ પણ આપણા માટે આનંદની વાત છે. દેશ વિદેશના વધારેમાં વધારે દર્દીઓ ઉત્તમ આયુર્વેદિક ચિકિત્સા પૂરી પાડવાના ઉદેશથી સંસ્થા દ્વારા ગ્લોબલ આયુર્વેદના નવા ભવનનું નિર્માણ કાર્ય પણ ચાલુ કરી દીધું છે, ત્યારે ઇકો ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા દ્વારા ગુજરાત રાજ્યના સહયોગથી વિશ્વનું એકમાત્ર આયુર્વેદિક ઇકો હબ જે આયુર્વેદ મહાવિદ્યાલય નડિયાદમાં કાર્યરત છે. જેના દ્વારા રાજ્યની કોમ્યુનિટી હેલ્થ ઓફિસરોને પણ પ્ર-શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. નર્સિંગ કોલેજ નડિયાદ એન.એ.એ.સી. નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડેશન કાઉન્સિલ દ્વારા ૨.૪૬ પોઇન્ટ સ્કેલના સી.જી.પી.એ. સાથે પ્રથમ પ્રયાસમાં બી ગ્રેડ હાંસલ કર્યો છે. ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી આ માન્ય રહેવાનું છે. નર્સિંગ કોલેજ નડિયાદના ઇન્ડિયન સેન્ટર ઓફ એકેડેમી રેન્કિંગ એન્ડ એક્સેલેન્ટ દ્વારા ભલામણ કરેલ મેડિકલની શ્રેણીમાં ૫ માંથી ૩ પોઇન્ટ સ્કેલના સી.જી.પી.એ. કોર્સ સાથે ફોર સ્ટાર સંસ્થાએ હાંસલ કર્યો છે. નર્સિંગ કોલેજ નડિયાદ નેશનલ એક્ષલન્ટ એજ્યુકેશન એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો છે, ત્યારે મહા ગુજરાત મેડિકલ સોસાયટી દ્વારા હોમિયોપેથિક અને આયુર્વેદિક કોલેજની સ્થાપના જિલ્લાના વસો તાલુકાના પલાણા ગામે કરીને પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જે અંતર્ગત હોમિયોપેથી હોસ્પિટલમાં ઓ.પી.ડી.ની શરૂઆતમાં તાજેતરમાં કરવામાં આવી છે. જેનો લાભ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં દરરોજ લગભગ ૫૦ દર્દીઓ લેવામાં આવી રહ્યા છે. આ સંસ્થા દ્વારા સામાજિક શૈક્ષણિક ચિકિત્સક ક્ષેત્રમાં થઇ રહેલી પ્રવૃત્તિનો લાભ વ્યાપક પ્રમાણમાં જનતાને મળી શકે. વિદ્યાર્થીઓને વૈશ્વિક કક્ષાનું શિક્ષણ આપીને યુનિવર્સિટીમાં અભ્યાસ કરીને બહાર પડનાર વિદ્યાર્થીઓ દેશ અને દુનિયામાં ગુજરાતની આગવી ઓળખ ઉભી કરે તેવો મને વિશ્વાસ છે. વિશ્વાસને સાર્થક કરવા સંસ્થાએ મગનભાઇ અદેન દ્વારા મહા ગુજરાત યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય કર્યો છે. યુનિવર્સિટી સ્થાપવા માટેના જરૂરી માપદંડો મુજબની માળખાગત સુવિધા સાથે આર્થિક સદ્ધરતા પણ સંસ્થા ધરાવે છે. મહાગુજરાત હોસ્પિટલ દ્વારા મગનભાઇ એડનવાલા મહા ગુજરાત યુનિવર્સિટી નડિયાદને ખાનગી યુનિવર્સિટી તરીકે માન્યતા આપવાથી ગુજરાતની વૈશ્વિક શિક્ષણ આપતી યુનિવર્સિટી તરીકે ચોક્કસપણે નામના પ્રાપ્ત કરશે તેવો હું વિશ્વાસ ધરાવું છું. આમ હું વિધેયકને સમર્થન આપું છું અને રાજ્ય સરકારના ઉદેશો મુજબ ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરી બહાર પડનાર વિદ્યાર્થીઓ ઉચ્ચ કારકિર્દી બનાવી ગુજરાતને ગૌરવ અપાવશે એવી શ્રદ્ધા સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો અને શિક્ષણમંત્રીશ્રી જિતુભાઇ વાઘાણી સાહેબનો આભાર માનું છું. જય ગરવી ગુજરાત.

શ્રી ડો.કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષ મહોદયા, આ ગૃહના આદરણીય શિક્ષણમંત્રી આ ગૃહમાં ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૨૨ એટલે કે ધી ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૨ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં આ રાજ્યના શિક્ષણમંત્રી આદરણીય શ્રી જીતુભાઇ, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રી ડો.ડો.કુબેરભાઇ ડીંડોર સાહેબ, માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ સચિવનો આભાર એટલા માટે માનું છું કે, છેલ્લા ઘણા સમયથી અમારી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના જે પ્રશ્નો હતા તે રાજકારણથી પર રહીને તેમણે ઉકેલ્યા છે, ભ્રષ્ટાચારનો જે મામલો હતો તેના માટે સી.આઇ.ડી.ને તપાસ સોંપી છે, માટે તેમને આ તકે હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, કોઇપણ દેશ અથવા રાજ્યનું ભલું કરવું હોય, તેનો વિકાસ કરવો હોય તો શિક્ષણ એ જ મહત્ત્વનો પાયો છે. ઘણા બધા વિદ્વાનોએ કહ્યું છે અને કૌટિલ્યએ તેના અર્થશાસ્ત્રમાં પણ કહ્યું છે. આપણું જે બજેટ હતું તેમાં માનનીય મંત્રીશ્રીએ લખ્યું છે કે, વિદ્યા ધનમ્ સર્વ ધનમ્ પ્રધાનમ્ . એટલે કે બધા ધનની અંદર વિદ્યા તે સૌથી મહાન અને ઉત્તમ ધન છે. કૌટિલ્યએ તેના અર્થશાસ્ત્રની અંદર કહ્યું છે કે, વિદ્યા વિનિતો રાજાહાઃ પ્રજાનમ વિનયે રતઃ અન્નનામ પૃથ્વીનમ પડતે, સર્વભૂતે હી રતઃ. એટલે તેનો અર્થ એ થાય છે કે, વિદ્યાવાન રાજા પ્રજા માટે શિક્ષણની વ્યવસ્થા કરે અને જે રાજા આવી વ્યવસ્થા કરે તે રાજા લાંબા સમય સુધી રાજ કરે છે. તે પ્રજા અને પ્રાણીઓનું પણ કલ્યાણ કરે છે. મેં અગાઉ માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીનો આભાર પણ માન્યો. પરંતુ જે રીતે આ રાજ્યની અંદર ખાનગી યુનિવર્સિટીઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે તેમાં અમે એવું નથી કહેતા કે ના આપવું જોઇએ. પરંતુ જે સારી સંસ્થાઓ હોય, આ રાજ્યમાં ઘણી બધી એવી ખાનગી યુનિવર્સિટીઓ છે જે સરકારી યુનિવર્સિટીઓ કરતાં પણ સારું રેન્કિંગ ધરાવે છે. તેની ડિગ્રીની વેલ્યુ પણ સારી છે. આખા દેશની અંદર અત્યાર સુધીમાં ૪૦૩ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ છે. ગુજરાતની અંદર આજ સુધી ૫૪ યુનિવર્સિટીઓ પ્રાઇવેટ બની છે. એટલે મને લાગે છે કે, દેશની અંદર તમામ રાજ્યોમાં જોઇએ તો ખાનગી યુનિવર્સિટીની અંદર ગુજરાત નંબર વન બનવા જઇ રહ્યું છે. સાથે સાથે અમે એ પણ વિનંતી કરીએ છીએ કે, જયારે ગુજરાત નંબર વન બનવા જઇ રહ્યું છે ત્યારે આપણું રાજ્ય ઉચ્ચ શિક્ષણની અંદર પણ નંબર વન બને. યુજીસીએ યુજીસી એસ્ટાબ્લિશમેન્ટ ઓફ મેન્ટેનન્સ એન્ડ સ્ટાન્ડર્ડ ઇન પ્રાઇવેટ યુનિવર્સિટી રેગ્યુલેશન ૨૦૦૩ પસાર કર્યો. તેના પછી ગુજરાતની અંદર વર્ષ ૨૦૦૯ માં જે કાયદો લાવ્યા, અત્યાર સુધીમાં યુજીસી એકટ ૧૯૫૬ મુજબ જે યુનિવર્સિટીઓ બની રહી

છે તેમાં મુખ્યત્વે ચાર પ્રકાર છેઃ તેમાં સેન્ટ્રલ યુનિવર્સિટી, સ્ટેટ યુનિવર્સિટી, ડિમ્ડ યુનિવર્સિટી અને સ્ટેટ પ્રાઇવેટ યુનિવર્સિટી. વર્ષ ૨૦૦૪ ની અંદર પ્રોફેસર યશપાલ જે યુજીસીના ચેરમેન હતા અને જાણીતા વૈજ્ઞાનિક પણ હતા. છત્તીસગઢ યુનિવર્સિટી માટે નામદાર સુપ્રીમ કોર્ટમાં એક રિટ પિટિશન થઇ. એ રિટ પિટિશનની અંદર જે નામદાર સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું છે એ માનનીય મંત્રીશ્રી ધ્યાને લેવા જેવું છે કે, ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા જાળવવા માટે સ્ટાન્ડર્ડ અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ અને મૂલ્યાંકનનું સ્તર જળવાઇ રહે અને સાથે સાથે સંશોધનની ગુણવત્તા ચકાસવા માટે માત્ર પાર્લામેન્ટ સક્ષમ છે. ઉચ્ચ શિક્ષણની સમગ્ર દેશની તમામ સંસ્થાઓમાં સમાન ગુણવત્તા જળવાય અને એક જ કંન્ટ્રોલિંગ બોડીથી ચાલે એ માટે પાર્લામેન્ટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન બનાવેલું છે અને એના નિયમોનું પાલન રાજય સરકારે કરવું જોઇએ. આ જ બાબત આ વર્ષે સરદાર પટેલ યુનિવર્સિટીની અંદર જે નામદાર સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો એ આપણે સૌએ વિચારવા જેવો છે. માનનીય મંત્રીશ્રી આ જે બિલ લઇને આવ્યા છે એના ઉદેશોમાં કહ્યું છે કે, ગુણવત્તાસભર અને ઉદ્યોગો આધારીત ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવા માટે ગુજરાત રાજયમાં ખાનગી યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન માટેની જોગવાઇ કરવા અને તેની કામગીરીનું નિયમન કરવા માટેની જોગવાઇ એ વર્ષ ૨૦૦૯ના વિધેયકમાં કરવામાં આવી છે. મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, જે વર્ષ ૨૦૦૯નો આ મુખ્ય એક્ટ હતો એની અંદર જે એનો ઉદેશ હતો એ ઉદેશ ખરેખર શું અત્યારે પાર પડી રહ્યો છે? ઘણી બધી યુનિવર્સિટીઓ છે એ માત્રને માત્ર યુનિવર્સિટી નામની જ ચાલે છે, એની ડિગ્રીની કોઇ કિંમત નથી, વિદ્યાર્થીઓ કોઇ એમાં ભણવા જતા નથી અને મોટા ભાગે ઘરે બેઠા ડિગ્રીઓ મળી રહે છે. જે મુખ્ય એકટ હતો એની કલમ ૧૩માં જે યુનિવર્સિટીના અધિકારીઓ છે એને ખાનગી યુનિવર્સિટમાં કોઇ જગ્યાએ કુલપતિનો ઉલ્લેખ નથી. અત્યાર સુધીમાં આપણે જે પણ સર્ચ કમિટી બનાવીએ કે જે પણ બનાવીએ એમાં ખાનગી યુનિવર્સિટીના કુલપતિ મૂકીએ છીએ, એમાં કાયદામાં પ્રોવોસ્ટ અથવા પ્રધાન આચાર્યનો ઉલ્લેખ છે, એટલે આજે પણ આપણે ખાનગી યુનિવર્સિટના જે પ્રિન્સિપાલ, પ્રધાન આચાર્ય હોય એને આપણે કુલપતિ કહીએ છીએ. એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, સરકાર સૂચના આપે અને આવા કુલપતિઓને સ્થાને જે કાયદાની અંદર પ્રવિઝન કર્યું છે એ નામ આપવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી જે સર્ચ કમિટીઓ નિમાય એની અંદર પણ ખરેખર યુજીસીના નિયમ મુજબ જે સર્ચ કમિટીની અંદર સભ્ય હોય એ કુલપતિ જ હોઇ શકે. પણ અત્યાર સુધી આપણા રાજયની અંદર ખાનગી યુનિવર્સિટીના કુલપતિઓને પણ આપણે મૂક્યા છે, ખરેખર આ એક સંશોધનનો વિષય છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આપણે આ ખરેખર કાયદા અન્વયે મૂકી શકીએ કે નહીં, એ જો ધ્યાને લેવામાં આવશે તો ફરીથી આવા કોઇ કાયદાકીય ગૂંચવાડા ઉભા થશે નહીં. કલમ ૧૫માં જે જોગવાઇ પ્રોવોસ્ટ અથવા પ્રધાન આચાર્યની કરવામાં આવી છે એની અંદર કોઇ ક્વોલિફિકેશન નક્કી કરવામાં આવેલ નથી કે એની ઉંમર પણ નક્કી કરવામાં આવેલ નથી અથવા એની જે નિમણૂક ખાનગી યુનિવર્સિટીની અંદર કરવામાં આવે છે એની અંદર કાયદાની અંદર જોગવાઇ છે પણ રાજયના શિક્ષણ વિભાગના સચિવ કે અન્ય કોઇ અધિકારીઓ હાજર રહેતા નથી, એના લીધે જે એની નિમણૂક માત્રને માત્ર જે ટ્રસ્ટી મંડળ ઇચ્છે એવી રીતે કોઇ પણ પ્રકારની ક્વોલિફિકેશન વિના ખરેખર જાણીતા નહીં પણ માનિતા હોય એવા લોકોની નિમણૂક થાય છે, એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જ્યારે પણ આવી ખાનગી યુનિવર્સિટી તમે આપો અમને વાંધો નથી, અમે તમારી સાથે જ છીએ. ગુણવત્તાભર્યું શિક્ષણ સચવાઇ રહે એના માટે જ્યારે આવા પ્રધાન આચાર્ય કે પ્રોવોસ્ટની નિમણૂક કરવાની થાય તો એની અંદર ફરજિયાત રાજય સરકારના જે અધિકારીઓ હોય એ અધિકારીઓને જો સાથે રાખવામાં આવશે તો ખરેખર જે ક્વોલિફાઇડ અને સક્ષમ કુલપતિ કે પ્રોવોસ્ટ કહી શકાય એની નિમણૂક થશે તો એની અસર આપણી ભાવિ પેઢી ઉપર પડશે અને શિક્ષણમાં એનાથી સુધારો થશે. જે મુખ્ય કાયદો છે એની કલમ ૨૦માં ગવર્નિંગ બોડીની અંદર રાજય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ કે કમિશનર એના સંચાલક મંડળના સભ્ય છે એવું આપણે બતાવ્યું છે, પરંતુ આજ સુધી મને લાગે છે કે એક પણ ખાનગી યુનિવર્સિટીની ગવર્નિંગ બોડીની અંદર સરકારનો એક પણ અધિકારી એ મિટીંગમાં હાજર રહેતો નથી. અને કદાચ એક જ અધિકારી હોય તેના લીધે શિક્ષણના અથવા વિદ્યાર્થીઓના હિતની અંદર યોગ્ય નિર્ણય લેવામાં આવતો નથી એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, દરેક જિલ્લાની અંદર અત્યારે ખાનગી યુનિવર્સિટીઓ બની ગઇ છે, દરેક જિલ્લાની અંદર સરકારી કોલેજો પણ હોય છે એટલે જયારે આવી ગવર્નિંગ બોડીની મિટિંગ હોય ત્યારે સરકારના પ્રતિનિધિ તરીકે જો કોલેજોના અધ્યાપકો કે પ્રિન્સિપાલોને કે સરકારી પ્રતિનિધિઓને મૂકવામાં આવે તો વિદ્યાર્થીઓના હિતમાં કે શિક્ષણના હિતમાં નિર્ણયો લેવામાં આવશે અને સરકારનો થોડો કન્ટ્રોલ પણ રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કે કલમ-૨૬ની અંદર આપણે જે પણ યુનિવર્સિટીના અધિકારીઓ કે સ્ટાફ હોય તેના પગારની વાત કરી છે પણ પગારના ધારા-ધોરણ કે તેનો ગ્રેડ નક્કી કર્યો નથી. એટલે આ જે ખાનગી યુનિવર્સિટી બનાવી દે છે તેના વિદ્યાર્થીઓ જોડેથી તો પૂરતી ફી લેવામાં આવે છે. જે ટેકનિકલ કમિટી હોય અથવા તે રાજયની ફી નિર્ધારિત કમિટી જે છે તે કમિટી જે પ્રમાણે ફી નક્કી કરે છે તે પ્રમાણે વિદ્યાર્થીઓ દીઠ તે ફી લેવામાં આવે છે પરંતુ સ્ટાફને પૂરતા પ્રમાણમાં પગાર આપવામાં આવતો નથી એટલે શિક્ષણની ગુણવત્તા સચવાતી નથી એટલે એ પણ મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ખરેખર આ યુનિવર્સિટીઓ તેના અધ્યાપકોને કે જે અધિકારીઓ હોય તેને પૂરતો પગાર આપે છે કે નહીં અને આ માટે ઓડિટની પણ જોગવાઇ કરવામાં આવી છે, પણ આ ઓડિટ છે તે ખાનગી ઓડિટર દ્વારા કરવામાં આવે છે એટલે રાજયની જે સરકારી યુનિવર્સિટીઓ હોય તેની અંદર એ.જી. કે લોકલ ફંડના અધિકારીઓ દ્વારા તેનું ઓડિટ થતું હોય તો આ જે યુનિવર્સિટી છે તેનુ ઓડિટ એ.જી.કે લોકલ ફંડ દ્વારા કરવામાં આવશે, ભલે તમે ફી

તેમની જોડેથી વસૂલ કરો, કદાચ સરકારના માથે તેનો ભાર ના લેવો હોય તો તમે ફી નક્કી કરો કે આવી યુનિવર્સિટીઓની ફરજિયાત એ.જી.અથવા એલ.એફ.દ્વારા ઓડિટ કરવામાં આવશે અને તેની રાજય સરકાર કમિટી બનાવી તેની ફી નક્કી કરે અને તે ફી જે તે યુનિવર્સિટી ચૂકવશે. જો આવુ થશે તો ખરેખર તેના સાચા હિસાબો મેઇન્ટેન થશે અને ખરેખર વિદ્યાર્થીઓ પાસેથી કેટલી ફી લેવામાં આવે છે અને સ્ટાફને કેટલો પગાર ચૂકવવામાં આવે છે આ બધી સાચી હકીકતો બહાર આવશે અને તેનો ફાયદો વિદ્યાર્થીઓને પણ થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચોથી બાબત છે કે કલમ-૨૭ Aને માનનીય મંત્રીશ્રી જે મૂળ કાયદાની અંદર એવું કહેવામાં આવ્યું છે કે આ યુનિવર્સિટીઓ બન્યાં પછી ત્રણ મહિનાની અંદર તેના રૂલ્સ અને રેગ્યુલેશન્સ બનાવવામાં આવશે અને તે બનાવ્યા પછી ત્રણ મહિનાની અંદર રાજય સરકાર દ્વારા તેને એપ્રુવ કરાવવા પડશે. એટલે મારી રાજય સરકારને વિનંતી છે કે આ ૫૦થી વધુ યુનિવર્સિટીઓ બની અને આવા નીતિ-નિયમો તેમણે બનાવ્યા છે કે નહીં અને બનાવ્યા પછી રાજય સરકાર દ્વારા તેને ઓડિટ કરાવ્યા છે કે નહીં અને મંજૂર કરાવ્યા છે કે નહીં. આ પણ જો ધ્યાન આપવામાં આવશે તો આપણે જે હેતુ ખાનગીકરણની અંદર લઇને આવ્યા છીએ તેમાં સારું શિક્ષણ મળી રહે તે હેતુ પણ બર આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૩૨ની અંદર જે જોગવાઇ કરવામાં આવી છે કે પ્રવેશ અને ફીના અને હાજરીનું નિયમન. પરંતુ આજદિન સુધી સરકાર દ્વારા એક પણ ખાનગી યુનિવર્સિટીની અંદર આવી કોઇ ઓચિંતી તપાસ કરવામાં આવી નથી કે જેનું નિયમન કરવામાં આવ્યુ નથી. મેં ગયા વખતે પણ માનનીય ભૂપેન્દ્રસિંહ હતા એટલે આ પ્રાઇવેટ યુનિવર્સિટી બિલની અંદર કહ્યું હતું કે રાજય સરકાર દ્વારા આપણે ખાનગી યુનિવર્સિટીનું આપીએ છીએ, પરંતુ તેને કન્ટ્રોલ કરી શકે, તેના ઉપર દેખરેખ રાખી શકે એવી કોઇ બોડી આપણે બનાવી નથી. કાયદાની અંદર જોગવાઇ કરેલી છે, પણ ખરેખર આપણે આવી કોઇ બોડી બનાવી નથી, એટલે એવી બોડી બનાવવામાં આવે. માનનીય મંત્રીશ્રીને હું બે દિવસ પહેલાં મળ્યો હતો અને તેમણે પણ સંમતિ આપી છે કે વાત સાચી છે અને આવી બોડી બનાવવામાં આવશે. મને લાગ છે કે, તેનું ગઠન પણ કર્યુ છે અને હું અભિનંદન આપુ છું. કલમ-૨૪ની અંદર માનનીય મંત્રીશ્રી તેમનો જે મુખ્ય કાયદો છે તેની અંદર એવી જોગવાઇ કરવામાં આવી છે કે, યુનિવર્સિટીએ તેની સ્થાપનાના પાંચ વર્ષની અંદર ફરજિયાત નેક અથવા NRAF રેંકીંગ લેવાનું રહેશે. આપણી તપાસનો વિષય એ છે કે, આવી કેટલી યુનિવર્સિટીએ નેકની અંદર accreditation માટે અરજી કરી કે રેન્કિંગ લીધું. હાલ મારી પાસે જે પ્રમાણે માહિતી છે તે પ્રમાણે રાજયની અંદર ૮૨ યુનિવર્સિટી છે અને તેમાંથી માત્ર અને માત્ર ૬ યુનિવર્સિટીઓએ જ NAC નું accreditation ધરાવે છે. અને એમાંથી ત્રણ યુનિવર્સિટી સરકારી યુનિવર્સિટી છે અને ત્રણ પ્રાઇવેટ યુનિવર્સિટી છે. એમાં ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ, આર.કે. ઇન્સ્ટિટ્યૂટ, રાજકોટ અને ઉકા તરસાડીયા યુનિવર્સિટી આ ત્રણ જ યુનિવર્સિટી એવી છે કે જે નેક એક્રિડીએશન ધરાવે છે. સરકારી યુનિવર્સિટીમાં પણ માત્ર ભાવનગર, સોમનાથ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નેક એક્રિડીએશન ધરાવે છે એટલે યુ.જી.સી.એ પણ કહ્યું છે કે રાજ્ય સરકારની ન્યુ એજ્યુકેશન પૉલિસી છે એમાં પણ આપણે જોગવાઇ કરી છે કે આવી એક્રિડીએશન સંસ્થાએ ફરજિયાત એક્રિડીએશન મેળવવાનું રહેશે એટલે આ બાબતે તાત્કાલિક તપાસ કરી અને જે પણ યુનિવર્સિટી હોય એને એક્રિડીએશન મળે અથવા એના માટે એપ્લાય કરે એના માટે હું મંત્રીશ્રીને વિનંતી કરું છું. એના માટે તા.૨૯/૧/૨૦૧૫ના દિવસે યુ.જી.સી.એ રાજય સરકારને એક પત્ર પણ લખ્યો છે કે જે ખાનગી યુનિવર્સિટી હોય એને ફરજિયાત નેટ એક્રિડીએશન મેળવવાનું રહેશે અને જે યુનિવર્સિટીએ નેક એક્રિડીએશન નહિ મેળવ્યું હોય એને યુ.જી.સી. દ્વારા કોઇ ગ્રાન્ટ પણ નહિ આપવામાં આવે. છેલ્લાં પાંચ વર્ષનો ડેટા જોઇએ તો એમાં હમણાં જ સાહેબે વાત કરી કે એન.આઇ.આર.એફ.માં વર્ષ ૨૦૧૬માં આ રાજ્યની ચાર યુનિવર્સિટીઓ હતી. એમાં પંડિત દીનદયાળ યુનિવર્સિટી ૫૫મા સ્થાને હતી. સેન્ટ્રલ યુનિવર્સિટી ૬૦મા સ્થાને, ગુજરાત યુનિવર્સિટી ૭૩મા સ્થાને અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ૭૬મા સ્થાને હતી. વર્ષ ૨૦૧૭માં એ સંખ્યા ઘટીને ૨ થઇ ગઇ. આણંદ કૃષિ યુનિવર્સિટી ૪૦મા સ્થાને અને નિરમા યુનિવર્સિટી ૭૫મા સ્થાને હતી. વર્ષ ૨૦૧૮માં આણંદ કૃષિ યુનિવર્સિટી ૮૦મા સ્થાને અને નિરમા યુનિવર્સિટી ૯૪મા સ્થાને હતી. વર્ષ ૨૦૧૯માં માત્ર એક જ યુનિવર્સિટી થઇ ગઇ. આણંદ કૃષિ યુનિવર્સિટીને ૬૩મું સ્થાન મળ્યું અને વર્ષ ૨૦૨૦માં એક જ ગુજરાત યુનિવર્સિટી હતી જેને ૪૪મુ સ્થાન મળ્યું. એટલા માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ બાબતનું ધ્યાન રાખવામાં આવે અથવા આવી કોઇ કંટ્રોલિંગ ઓથોરિટી હોય અને આ યુનિવર્સિટી ઉપર દેખરેખ રાખે તો ચોક્કસ એનો ફાયદો થવાનો છે અને એમાં જે હેતુ લઇને આવ્યા છો એ આપણે પાર પાડી શકીશું. કલમ - ૩૪માં પણ સ્પષ્ટ કહ્યું છે કે ભારત સરકારની નિયમનકારી સંસ્થાઓ હોય દા.ત. યુ.જી.સી. હોય, એ.આઇ.સી.ટી. હોય, એન.સી.ટી. હોય આ તમામ નિયમનકારી સંસ્થાઓએ પાલન કરવાનું રહેશે, પણ ઘણી વાર એવું બને છે કે આવી જે ઉચ્ચ ઓથોરિટી હોય એની પરમિશન સિવાય આવી યુનિવર્સિટી માત્ર પૈસા લેવા માટે કોર્સ શરૂ કરી દે છે. ગયા વખતે પણ એવું બન્યું હતું કે એક ખાનગી કૃષિ યુનિવર્સિટીની બાબતમાં નામ.હાઇકોર્ટમાં કેસ થયો. લૉમાં પણ નામ. હાઇકોર્ટમાં કેસ થયો અને ડિગ્રી લીધાના છ વર્ષ પછી આવા વિદ્યાર્થીઓની ડિગ્રી રદ કરી દેવામાં આવી છે. એના કારણે વિદ્યાર્થીઓનો સમય અને પૈસા પણ બગડે છે અને ભવિષ્ય પણ બગડે છે. આથી મારી માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી છે કે આવું ન થાય એ જોજો. મેં ન્યુ એજ્યુકેશન પૉલિસીનો અભ્યાસ કર્યો તો એમાં મલ્ટી ડિસીપ્લિનરી કોર્સની જોગવાઇ કરવામાં આવી છે કે એક જ કૅમ્પસમાં મલ્ટી ડિસીપ્લિનરી કોર્સ શરૂ થાય તો એના કારણે વિદ્યાર્થીઓને ફાયદો થાય છે, પણ મને લાગે છે કે આપણે ગુજરાતમાં અલગ-

અલગ કરી રહ્યા છીએ. આપણે ટીચર યુનિવર્સિટી અલગ કરી, જી.ટી.યુ. અલગ કરી, સ્પોર્ટસ યુનિવર્સિટી અલગ કરી એટલે આપણે જે નવી યુનિવર્સિટી બનાવીએ એમાં પણ નવી એજ્યુકેશન પૉલિસીનો અમલ થાય અને એક જ કેમ્પસમાં મલ્ટી ડિસીપ્લિનરી કોર્સ શરૂ થાય તો એનાથી વિદ્યાર્થીઓને ફાયદો થશે. કલમ-૩૮માં મેં કહ્યું એમ આવી યુનિવર્સિટીના નિભાવ માટે ફંડની જોગવાઇ કરવામાં આવી છે. એટલે વિદ્યાર્થી પાસેથી ફી લઈ શકશે. ઘણી વાર એવું બને છે કે એક જ પ્રકારના કોર્સ હોય તો દરેક રાજ્યની ફી અલગ અલગ હોય છે. ટેકનિકલ અને મેડિકલ એફ.આર.સી. બનાવી છે તેની કંટ્રોલિંગ ઓથોરિટી બને તેમાં પણ આ બાબતનો સમાવેશ કરવામાં આવે. ખાનગી યુનિવર્સિટીની ફીનું ધોરણ સમાન કોર્સ માટે સમાન રાખવામાં આવે તો વિદ્યાર્થીઓને ફાયદો થશે. આપણે ત્યાં નિરમા યુનિવર્સિટી જેવી મોટા ભાગની યુનિવર્સિટી ઘણી સારી ચાલી રહી છે. પ્રાઈવેટ સેક્ટરમાં ખાનગી યુનિવર્સિટીઓ ખૂબ સારો અભ્યાસક્રમ ચલાવી રહી છે, જેથી વિદ્યાર્થીઓને ફાયદો થઈ રહ્યો છે. જે પ્રાઈવેટ સેક્ટર માત્ર ફેમિલીના ટ્રસ્ટની ખાનગી યુનિવર્સિટી બનાવે છે, તેને માત્ર પૈસા કમાવવમાં રસ હોય છે, શિક્ષણમાં રસ હોતો નથી. નવી યુનિવર્સિટી આપીએ તો તેના સંચાલક મંડળના સભ્યો કોણ છે, તેનું ટ્રસ્ટ કેવું છે, ટ્રસ્ટીઓ કોણ છે, આ બધી બાબતોની કાળજી રાખવામાં આવે તો ખાનગી યુનિવર્સિટીનો હેતુ સારી રીતે પાર પાડી શકીશું. અગાઉ મેં કહ્યું તેમ કલમ-૪૦માં ઓડિટની જોગવાઈ કરી છે પણ ઓડિટ કોણ કરાવી શકશે? ટ્રસ્ટી મંડળના સભ્યો અથવા ટ્રસ્ટી મંડળ જે નક્કી કરે તે પ્રમાણે ઓડિટ થશે. લોકલ ફંડ અથવા એ.જી. દ્વારા ઓડિટ કરવામાં આવે તો તેનાથી ચોક્કસ ફાયદો થશે. કલમ-૪૩માં જે વાત કરવામાં આવી છે કે આવી યુનિવર્સિટીઓ સરાકરના નિયમોનું પાલન નહિ કરે અને વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી કરશે, વધુ ફી લેશે તો તેના માટે દિવાની કાર્યવાહી પ્રમાણે તેના વિરુદ્ધમાં કાર્યવાહી કરવાની કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે. તે સુધારીને સી.પી.સી. પ્રમાણે નહિ પણ આઈ.પી.સી. પ્રમાણે તેના વિરુદ્ધમાં ગુનો નોંધી અને સી.આર.પી.સી. પ્રમાણે તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે તો આ યુનિવર્સિટીઓ પર સરકારનો ડર રહેશે અને શિક્ષણની ગુણવત્તા સુધરશે એટલે આ બિલમાં મેં જે સૂચનો કર્યાં તે બાબતે માનનીય મંત્રીશ્રી જવાબ આપે અને તેના પછી અમે નક્કી કરીશું કે આ બિલને સમર્થન આપવું કે નહિ. આ બિલ જે હેતુ માટે લઈને આવ્યા છે તે હેતુ ત્યારે જ સિદ્ધ થશે જ્યારે સરકારની માનસિકતા સ્પષ્ટ હોય, સરકારે ગુજરાતના યુવાનોનું ભાવિ સારું બનાવવું હોય, ગુજરાત અને ગુજરાતની આગામી પેઢીને મજબૂત કરવી હોય તો મેં કહ્યાં તે સૂચનોનું ચોક્કસ પાલન કરવું પડશે. સરકાર આ બાબતે હકારાત્મક વિચારે તેવી વિનંતી કરું છું.

શ્રી વિવેક ન. પટેલ**(**ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી સન-૨૦૨૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લાવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું. મારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતના શાળાગીતની થોડી પંક્તિઓથી શરૂઆત કરવી છે.

ભણવાની બહુ મજા છે, રમવાની પણ રજા છે.
શાળા સખી, સહેલી, શાળા અમારી માઁ છે.
વિનય, વિવેક કરીએ, વાંચી, વિચારી લખીએ.
સંસ્કાર ઘરથી પામી, સંસ્કૃતિ અહીંથી શીખીએ.
શાળા જ બંદગી છે, શાળા જ પ્રાર્થના છે.
ભણવાની બહુ મજા છે, રમવાની પણ રજા છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે કવિ કહે છે કે, આ શાળાઓમાં ભાવિ ભારત રહે છે. શાળાઓમાં, કૉલેજોમાં, યુનિવર્સિટીઓમાં જે ભાવિ ભારત રહે છે તેનો સર્વાંગી વિકાસ થાય, તેને ક્વૉલિટી એજ્યુકેશન મળે, તેને વર્લ્ડ ક્લાસ પ્લેટફોર્મ મળે તે માટે અમારી સરકાર કટિબદ્ધ અને પ્રતિબદ્ધ છે.

સુરત ટેક્ષસ્ટાઇલ સિટી તથા ડાયમંડ સિટી તરીકે ઓળખાય છે તેમજ સુરત ક્લિન સિટી અને બ્રિજ સિટી તરીકે પણ ઓળખાય છે. સુરતનો અભૂતપૂર્વ વિકાસ થઇ રહ્યો છે. સુરત સતત તેની નવી ઊંચાઇઓ સર કરી રહ્યું છે. સુરત હવે એજ્યુકેશન હબ તરીકે પણ વિકસી રહ્યું છે. આપણે જાણીએ છીએ તેમ સુરતમાં, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આવેલી છે. સુરતની અંદર એસ.વી.એન.આઇ.ટી. પણ છે. સુરતમાં ઓરવ યુનિવર્સટી આવેલી છે. ગુજરાતની પ્રથમ વુમન યુનિવર્સિટી એટલે કે વનિતા વિશ્રામ ભવન યુનિવર્સિટી, ભગવાન મહાવીર યુનિવર્સિટી જેવી ખાનગી યુનિવર્સિટીઓ કાર્યરત છે. સુરત જિલ્લાની વાત કરું તો તેમાં, પી.પી. સવાણી યુનિવર્સિટી, ઉકા કરસારીયા યુનિવર્સિટી જેવી ખાનગી યુનિવર્સિટીઓ પણ કાર્યરત છે. રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે યુનિવર્સિટીઓ મારફતે પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમ માટે તથા જ્ઞાનના સંશોધન, વિકાસ અને પ્રસાર માટેની વ્યવસ્થા કરવી ખૂબ જ અનિવાર્ય છે. જેથી વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ટેકનોલોજી, વાણિજ્ય, વિનયન, વ્યવસ્થાપન, કાયદો વિગેરે જેવા વિષયોને લગતા અભ્યાસક્રમોના માધ્યમથી જ્ઞાનની પ્રાપ્તિ પણ થઇ શકે છે. આ પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત થવાથી વિદ્યાર્થીઓ દેશ લેવલે અને વૈશ્વિક કક્ષાએ ઉત્તમ પ્રદર્શન કરી શકે છે. અમારી સરકાર દ્વારા ઉક્ત હેતુને સાકાર કરવા માટે રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટેની જોગવાઇ વર્ષ ૨૦૦૯ના કાયદા દ્વારા કરવામાં આવેલ છે. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ની કલમ-૮ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા રજૂ

કરવામાં આવેલ યુનિવર્સિટી, ખાનગી યુનિવર્સિટીઓના તમામ ધારાધોરણ સંતોષતી હોય તેને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો આપવા ભલામણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ક્ષેત્રની વાત કરું તો ખાનગી યુનિવર્સિટીઓની કામગીરી અને વહીવટ સારો હોય એવો અનુભવ થઇ રહ્યો હોય તેવું જણાય છે. હમણાં માનનીય શિક્ષણમંત્રીશ્રીએ તેમની બજેટ સ્પીચની અંદર અમેરિકાની યુનિવર્સિટીનો ઉલ્લેખ કર્યો. એના અનુસંધાનમાં મારે જણાવું છે કે, અમેરિકાના પ્રવાસ દરમિયાન વિશ્વની નામાંકિત યુનિવર્સિટીઓની મુલાકાત લેવાનો અવસર પ્રાપ્ત થયેલો. મેં હાવર્ડ યુનિવર્સિટી, એમ.આઇ.ટી., સ્ટેમ્ફોર્ડ યુનિવર્સિટી, બર્કલી યુનિવર્સિટી, યુ.એસ.સી. આ બધાની મુલાકાત લઇ એને સમજવાની કોશિશ કરેલી હતી. અમારી કેન્દ્ર સરકારે શિક્ષણ મંત્રાલયના બજેટમાં અમુક જે મુદ્દાઓને સામેલ કર્યા છે એની ટૂંકમાં વાત કરીશ. યુનિવર્સિટી લાઇઝેશન ઓફ ક્વોલિટી એજ્યુકેશન ઇન્ટર નેશનલાઇઝેશન, એ.વી.સી.સી. એનિમેશન વિઝયુઅલ ઇફેક્ટ્સ ગેમિંગ કોમિંગ. વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, ડિગ્રી ડિપ્લોમા, મેડિકલ, નર્સરિંગ, આયુર્વેદિક જેવા વિવિધ કોર્સ ચલાવે છે. યુનિવર્સિટીની જે સૂચિત જગ્યા છે એની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોને પણ સારું શિક્ષણ મળશે, એવું હું ચોક્કસપણે માનું છું. સ્પોન્સરિંગ બોડી પાસે રકમ રૂપિયા ૨૧.૧૭ કરોડનું કોર્પસ ફંડ છે. સૂચિત યુનિવર્સિટીઓનો વિસ્તાર ૧૯.૪૦ એકર જેટલો છે. વિદ્યાદીપ ખાનગી યુનિવર્સિટી બનશે ત્યારે પ્રોફેશનલ અને ઇન્ડસ્ટ્રિયલ એજ્યુકેશન વચ્ચે સારો સેતુ સ્થાપી શકાશે. વિદ્યાદીપ અન્ય પ્રવૃતિઓ કરે છે. એ સામાજિક હોય, રમત-ગમતની હોય, સાંસ્કૃતિક હોય તેમજ નેશનલ ફેસ્ટિવલમાં પણ તે આગળ હોય છે. વિદ્યાદીપ યુનિવર્સિટીની સ્થાપના થતાં વિદ્યાર્થીઓનો ઉત્તરોત્તર અને અવીરત સર્વાંગી વિકાસ ચાલુ રહેશે. વિધાનસભાના સત્ર પહેલા ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ની કલમ ૮ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા રચાયેલી સ્ક્રૂટીની કમિટી સમક્ષ ઉક્ત દરખાસ્તોનું વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવેલ છે અને તેનો રિપોર્ટ પણ રજૂ કરવામાં આવેલ હતો. સ્ક્રુટિની કમિટીના સભ્યો દ્વારા સૂચિત ખાનગી યુનિવર્સિટીની સ્થળ તપાસ પણ કરેલ છે અને તેમાં થયેલી ભલામણોની કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકારશ્રી દ્વારા સૂચિત ખાનગી યુનિવર્સિટીને મંજૂરી આપવા લેટર ઓફ ઇન્ટેન્ટ આપવામાં આવે છે. અને તે મુજબ આ યુનિવર્સિટીનું કાયદાનું બિલ બનેલ છે. અધ્યાપકો, વિદ્યાર્થીઓ, શિક્ષક-શૈક્ષણિક સંઘોની રજૂઆત આવી છે, સરકાર દ્વારા તેઓના હિતમાં પ્રજાલક્ષી નિર્ણય લઇને ખાનગી યુનિવર્સિટી અધિનિયમ હેઠળ આ ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવા માટે મંજૂરી આપવા માટે આ બિલ રજૂ કરવામાં આવેલ છે. હું આ સન્માનનીય સભાગૃહને આ બિલને સમર્થન આપવા માટે વિનંતી કરું છું.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર, મને મરા વિચારો રજૂ કરવાની આપે તક આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું કે, જે વિશ્વ વિદ્યાલયો છે તે જ્ઞાનના મંદિરો અને સકારાત્મક સ્વતંત્ર અભિવ્યક્તિના અભ્યારણો બનવા જઇ રહ્યા છે. આ અભ્યારણોમાં વિદ્યાર્થી શિક્ષણ સાથે, રમતગમત, કલા, સંસ્કૃતિ તથા લોકશાહી શાસન વ્યવસ્થાને મજબૂત કરવાના નેતૃત્વના ગુણો શીખે. વ્યક્તિને જીવનમાં ડગલે ને પગલે નેતૃત્વ કરવું પડતું હોય છે. અને આ ગુણોનો વિકાસ એ જ્ઞાનના મંદિરોમાં થતો હોય છે. કોઇ પણ દેશની સમૃદ્ધિના સ્તરનું આંકલન કરવું હોય તો એ દેશનું શિક્ષણનું સ્તર કેટલું છે તેના આધારે દેશની સમૃદ્ધિનું આંકલન થઇ શકે. જે ટેલીકોમ્યુનિકેશનના જનક, નોલેજ કમિશનના ચેરમેન જે પહેલા હતા તેવા સામ પિત્રોડાજીએ જણાવ્યું છે કે વૈશ્વિક અર્થતંત્ર, વિકાસ, સંપત્તિ નિર્માણ અને સમૃદ્ધિનું જો કોઇ ચાલક બળ હોય તો તે શિક્ષણ છે. ગુજરાત અને દેશમાં જે શિક્ષણની ઉપલબ્ધતાઓ છે તે ખૂબ જ ઓછી છે. અને એમાંય ખાસ કરીને દર વર્ષે ઉચ્ચ શિક્ષણ માટે સેંકડો વિદ્યાર્થીઓ વિદેશ જતા હોય છે. અને એક બી.બી.સી.નો અહેવાલ એવું કહે છે કે દર વર્ષે લગભગ ૭ અરબ ડોલર આ દેશમાંથી વિદેશમાં શિક્ષણ પાછળ જઇ રહ્યા છે. અને વિશ્વની જે ૨૦૦ ટોપ યુનિવર્સિટીસ છે એની અંદર માત્ર ભારતની બે જ યુનિવર્સિટીઓ છે, એક ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેન્ગ્લુરુ, અને બીજી આઇ.આઇ.ટી. દિલ્હી,આ બે જ યુનિવર્સિટી ટોપ ૨૦૦ માં આવેલી છે. આ પરિસ્થિતિમાં આપણું બહુ મોટું હૂંડિયામણ વિદેશમાં જઇ રહ્યું છે ત્યારે આપણે, દેશમાં શિક્ષણને વધુ ને વધુ પ્રાધાન્ય મળે, શિક્ષણની ઉપલબ્ધતા વધુ થાય તેના માટે વિચારવું પડશે. ગુજરાતની અંદર જે યુનિવર્સિટી આવેલી છે, એમાં ૩૦ રાજ્ય યુનિવર્સિટીઓ છે જે રાજય સરકાર હસ્તકની છે, ૩૪ ખાનગી યુનિવર્સિટી આવેલી છે. આ ઉપરાંત ડિમ્ડ યુનિવર્સિટીઓ જુદી, અને દેશની વાત કરીએ તો લગભગ ૮૦૦ યુનિવર્સિટીઓ દેશની અંદર આવેલી છે. અને લગભગ ૪૦ હજાર જેટલી કોલેજો આવેલી છે. તે પૈકી ૪૬૦ જનરલ યુનિવર્સિટી છે, ૧૦૧ ટેકનિકલ યુનિવર્સિટી છે, ૬૪ કૃષિ યુનિવર્સિટી છે, ૫૦ મેડિકલ, ૨૦ લો યુનિવર્સિટી છે, ૧૧ સંસ્કૃત યુનિવર્સિટી છે અને ૭ અલગ અલગ ભાષાઓની યુનિવર્સિટી આવેલી છે. આમ છતાં ભારતીય બાળકો જે શાળામાં ભણે છે, તેમાંથી માત્ર ૧૫ ટકા જ વિદ્યાર્થીઓ વિશ્વ વિદ્યાલય સુધી પહોંચી શકે છે. એનો અર્થ એવો થાય કે જો તમામ બાળકો જે અત્યારે કોલેજ-સ્કૂલોમાં ભણે છે એ બધાને વિશ્વ વિદ્યાલયમાં મોકલવા હોય તો લગભગ આપણે દેશની અંદર ૧૫૦૦ વિશ્વ વિદ્યાલયોની જરૂર પડે. અને આના માટે જે ધનની જરૂર પડે એ ધનની વ્યવસ્થા કરવાને આપણે પ્રાથમિકતા આપવી જોઇએ, પરંતુ આપણે જે એજ્યુકેશન પાછળ ખર્ચ કરીએ છીએ એ ખર્ચ ખૂબ જ ઓછો છે, નવી શિક્ષણ નીતિની અંદર પણ ટોટલ આપણો જે જી.ડી.પી. છે તેના ૬ ટકા એજ્યુકેશનમાં વાપરવા જોઇએ, પરંતુ આપણે ખૂબ જ નગણ્ય ખર્ચ કરીએ છીએ. ખાનગી શિક્ષણને પ્રોત્સાહન આપવું

જોઇએ તેમાં કોઇ વાંધો હોઇ શકે નહીં. એનો કોઇ વિરોધ પણ નથી કરતું. પરંતુ શિક્ષણની ગુણવત્તાનો પ્રશ્ન છે અને શિક્ષણની ગુણવત્તા એ આપણે ચિંતાનો વિષય હોવો જોઇએ. અને દેશની ટોપ-૧૦ યુનિવર્સિટી ગણીએ તો એમાં એક પણ ખાનગી યુનિવર્સિટી આવતી નથી. માત્ર જે પહેલા સ્થપાયેલી છે અને આ બન્ને યુનિવર્સિટી મારે યાદ કરાવવું પડે કે પંડિત જવાહરલાલ નહેરુના સમયમાં, કોંગ્રેસના સમયમાં આ બન્ને યુનિવર્સિટી સ્થપાયેલી છે. એક ખાનગી યુનિવર્સિટીનો દિક્ષાંત સમારોહ હતો એમાં આપણા તત્કાલીન રાષ્ટ્રપતિ સ્વર્ગીય પ્રણવ મુખરજીએ એમ કહ્યું હતું કે શિક્ષણનું સ્તર જે નીચું આવ્યું છે એમાં ખાનગી યુનિવર્સિટીઓ જવાબદાર છે. પ્રણવદાએ ગર્ભિત ઇશારો કરીને જણાવ્યું હતું કે દેશમાં જે તરફ ખાનગી યુનિવર્સિટી વધી રહી છે તેમાં બહુ ઓછી આવી સંસ્થાઓ ઉચ્ચ શ્રેણી પ્રાપ્ત કરી શકે છે. અને ઘણીવાર છાપાઓમાં જોઇએ છીએ કે યુ.જી.સી.ની ગાઇડ લાઇન છે એની વિરુદ્ધ જઇને કુલપતિઓ બનાવવામાં આવે છે અને ત્યારે શિક્ષણનું સ્તર કેવી રીતે ઉંચું આવશે. શિક્ષણમાં અમીર અને ગરીબ જેવી મોટી ખાય અત્યારે ઉભી થઇ રહી છે. એક તરફ તમે અમદાવાદ જાવ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર મોટાં શહેરોમાં એની અંદર કોન્વેન્ટ સ્કૂલોની અંદર સુખી પરિવાર પોતાનાં બાળકોને ભણાવવાનો આગ્રહ રાખે છે. ઘણીવાર એવું જોવામાં આવ્યું છે કે સરકારી શાળા કે કોલેજના જે પ્રોફેસરો છે એ પોતાનાં બાળકોને પાછા કોન્વેન્ટ સ્કૂલોમાં ભણવા મોકલતા હોય છે. એટલે આપણે બધા માટે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે એ ભયજનક છે, લાલબત્તી બતાવી રહ્યું છે અને આ પ્રમાણે એક ગરીબ વિદ્યાર્થી અમીર વિદ્યાર્થી વચ્ચે બહું મોટી ખાઇ પડી છે. આજે તમે અમદાવાદમાં જાવ કે.જી.નર્સરીની અંદર ભણતો બાળક છે એ કડકડાટ અંગ્રેજી બોલી શકતો હોય છે, પણ ગામડાંની અંદર નાના નાના તાલુકાની અંદર આપણી જે મોડેલ સ્કૂલો છે. આઠમાં ધોરણમાં એ છોકરાને પોતાનું નામ અંગ્રેજીમાં લખતા આવડતું હોતું નથી. આ બહું મોટી ખાય થઇ રહી છે, એ આવનાર સમયની અંદર આપણને કયાં લઇ જશે એ આપણા બધા માટે ખૂબ ચિંતાનો વિષય હોવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, બીજું જે ખાનગી યુનિવર્સિટીની અંદર ફીનું ધોરણ ખૂબ ઉંચું છે. તમને હું ઉદાહરણ આપું કે ગુજરાત યુનિવર્સિટી કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોય એની અંદર કોઇને એલ.એલ.બી. કરવું હોય તો લગભગ ૫ થી ૭ હજાર રૂપિયાનો ખર્ચ થાય. પણ એ જ તમે નિરમા યુનિવર્સિટીમાં જાવ કે બીજી કોઇ ખાનગી યુનિવર્સિટીમાં જાવ તો લાખથી દોઢ લાખનો ખર્ચ એ કોર્સમાં થતો હોય છે. એટલે સામાન્ય રીતે ગરીબ વિદ્યાર્થીઓ ત્યાં ભણી શકતા નથી. હમણાં આપે જાણ્યું હશે કે એફ.આર.સી. નો મુદ્દો ખૂબ ચાલ્યો. ફી રેગ્યુલેટરી કમિટી છે એ માત્ર મેડિકલ અને ટેકનિકલ કોર્સોની ફી નક્કી કરે છે, પણ બાકીના બધા કોર્સ બી.એ.,બી.કોમ., આર્ટસ, સાયન્સ, બી.બી.એ, આઇ.આઇ.ટી., એલ.એલ.બી. આવા બધા નોન મેડિકલ નોન ટેકનિકલ કોર્સીસ છે એના માટે રાજય સરકારે કોઇ ફી રેગ્યુલેટરી કમિટી બનાવી જ નથી અને એના કારણે શું થયું છે કે બધા જે ખાનગી યુનિવર્સિટી ચલાવનાર લોકો છે કોલેજો એ પોત પોતાને મન ફાવે તેવી ફી લે છે. મન ફાવે તેવી ફી લેવાના કારણે ફરીથી ગરીબ વિદ્યાર્થીઓને ખૂબ અન્યાય થાય છે. એમાં ખાસ કરીને મારે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદિપભાઇને અભિનંદન આપવા છે. હમણાં અમે ગુજરાતમાં આંદોલન ચલાવ્યું હતું, ખાસ કરીને એસ.સી., એસ.ટી. ના વિદ્યાર્થીઓ જે લોકોને ફ્રીશિપ કાર્ડ ઇસ્યુ કરવામાં આવેલ હતા. એ ફ્રીશિપ કાર્ડ કેન્દ્ર સરકારની ગાઇડ લાઇન ઇસ્યુ કરી ઠરાવ કર્યો કે જે કોલેજોની અંદર એની ફી ફિક્સેશન કમિટી અથવા એફ.આર.સી. કરેલી નહિ હોય જે કોર્સની અંદર એફ.આર.સી. નહિ થયેલ હોય એના માટે પોસ્ટ મેટ્રિક કેન્દ્ર પુરસ્કૃત છે એ સ્કોલરશિપ આપવામાં આવશે નહિ એના કારણે સન ૨૦૨૧ અને ૨૦૨૨ એમાં જે વિદ્યાર્થીઓ ભણતા હતા, જે જગ્યાએ ભણતા હતા એ જગ્યાએ એમનો અભ્યાસ અટકી ગયો હતો. અમે એના માટે ખૂબ ચળવળ પણ ઉભી કરી દરેક જિલ્લે જિલ્લે મિટિંગોનું આયોજન થયું, પરંતુ મારે માનનીય પ્રદિપભાઇ અને સરકારને અભિનંદન આપવા છે કે એ લોકોએ નિર્ણય કર્યો અને કરીને જેટલી પણ એફ.આર.સી. નહોતી એને પણ ફી ચૂકવવાનો નિર્ણય કર્યો.પરંતુ હજી સમસ્યાનું મૂળ છે, રોગ છે એનું નિવારણ થયું નથી. જયાં સુધી આપણે ૬૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત છે અને ૪૦ ટકા રાજય પુરસ્કૃત છે. રાજય સરકારે પોતાના ૪૦ ટકા આપવાની વાત કરી દીધી, પરંતુ હજી કેન્દ્ર સરકાર તરફથી જે જાહેરાત થવી જોઇતી હતી એ પોતે આપશે અને પોતાની ગાઇડ લાઇન સુધારશે એવી હજી કોઇ જાહેરાત થઇ નથી. બીજા નંબરની અંદર મૂળ રોગ આપણો એફ.આર.સી. નો છે. રાજય સરકાર સક્ષમ છે રાજય સરકાર ઇચ્છે તો કાલે જ આ બધા જ કોર્સ માટે ફી ફિક્સેશન કમિટી અથવા એફ.આર.સી. ની નિમણૂક કરી શકે છે. હું આના માટે શિક્ષણના અગ્રસિચવને મળ્યો એમણે પણ મને એમ કહ્યું કે આવું નહિ થવાના કારણો શું છે? મેં કહ્યું સાહેબ આપ જાણો આપે કરવાનું છે. શા માટે આપણા ગુજરાતની અંદર એક પણ કોલેજ શિક્ષણ મંત્રીશ્રી એવી હોય કે જે મન ફાવે તેવી ફી લઇ શકે. શા માટે એને એફ.આર.સી.માંથી પસાર ન થવું પડે, એ એટલા માટે કે ગરીબ વિદ્યાર્થીઓ છે, ખાસ કરીને પછાત વિદ્યાર્થીઓ છે, એમને મનમાં શંકા એવી પેદા થાય છે કે કયાંક સરકાર આવી પ્રાઇવેટ યુનિવર્સિટીઓને પ્રોત્સાહન આપી રહી છે જેથી કરીને ખૂબ ઉંચી ફી લઇ શકે, એના અંદરથી આપણે આપણા વિદ્યાર્થીઓને બચાવવા જોઇએ અને મારી આપના માધ્યમથી આ યુનિવર્સિટીનું બિલ આવ્યું છે ત્યારે હું આપ સૌની વિનંતી કરું છું કે તાત્કાલિક ધોરણે સરકારે એફ.આર.સી.નું આવા નોન મેડિકલ નોન ટેકનિકલ કોર્સ માટે ફી ફિક્સેશન કમિટી એફ.આર.સી.નું ગઠન કરવું જોઇએ. અને એક પણ યુનિવર્સિટી, એક પણ કોલેજને આવી રીતે નિરંકુશ થવા દેવી જોઇએ નહીં. ખાસ મારે આપને વાત કરવી છે કે જયારે આપણે યુનિવર્સિટીને પ્રોત્સાહન આપીએ છીએ તેમાં પણ કશો વાંધો નથી, પણ આપણું સરકારી બજેટ તેમાં વધારવું જોઇએ. આપણે ઘણી બધી વખત ચર્ચા થઇ છે, મારે તેનું પુનરાવર્તન નથી કરવું કે જે પ્રમાણે શાળાના ઓરડાની ઘટ હોય, શિક્ષકોની ભરતી હોય કે પછી પ્રોફેસરોની ભરતી

કરવી જોઇતી હોય, સરકારી શિક્ષણને જ્યાં સુધી આપણે પ્રોત્સાહન નહીં આપીએ ત્યાં સુધી સમાજનો બહુ મોટો વર્ગ શિક્ષણથી વંચિત રહેશે. મેં હમણાં કહ્યું કે હું ધારાસભ્ય થયો પછી પાટડીની મૉડેલ સ્કૂલમાં મુલાકાત લેવા ગયો. ૮મા ધોરણનો ઇંગ્લિશનો ક્લાસ ચાલતો હતો એટલે મેં બધા છોકરાઓને ઉભા કરીને કહ્યું કે આમાંથી એક છોકરો આવીને પોતાનું નામ-કે માય નેઇમ ઇઝ રમેશ એમ બોર્ડ ઉપર આવીને ઇંગ્લીશમાં લખે. માત્ર એક જ વિદ્યાર્થી પોતાનું નામ લખી શકેલો. તેમાં પણ તેને સ્પેલિંગની ભૂલ હતી. આવાં બાળકો જ્યારે ૧૦માં ધોરણમાં બોર્ડમાં આવે, એટલે ૧૦માં ધોરણમાં આ બાળકો ફરજિયાત નાપાસ જ થવાના. જેવા નાપાસ થાય એવા સીધા એ લોકો મજૂરીએ ચડી જતા હોય છે. એટલે અત્યારે આપણી જે સરકારી શાળાઓ છે, સરકારી કોલેજો છે એ ઉચ્ચ પ્રતિભાવાન વિદ્યાર્થીઓ આપવાની જગ્યાએ એ *(xxx) તેમાંથી આપણે બહાર આવવું પડે. આપણે સુપર પાવર તરફ જવાની વાત કરીએ છીએ. વિશ્વગુરુ બનવાની વાત કરીએ છીએ. આપણો દેશ યુવાનોનો દેશ કહેવામાં આવે છે. ૧૨ કરોડ યુવાનો ૧૮થી ૨૩ વર્ષની આયુ ધરાવે છે. આ બધાને જો યોગ્ય શિક્ષણ આપણે આપીએ તો વિદેશમાં આપણું બાળક જશે નહીં અને આપણે આપણા બળ ઉપર જ આપણા મહાન ભારત દેશને વિશ્વશક્તિ બનાવી શકીશું તેમાં કોઇ જ શંકા નથી. એટલે મેં જે ચિંતા વ્યક્ત કરી છે તેનું સરકાર નિવારણ કરવાની ખાતરી આપશે તો ચોક્કસ તેને સમર્થન આપી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, થોડો ડેટા આપવા માગું છું. વર્ષ ૨૦૦૧માં સ્ટુડન્ટ-ટીચરનો જે રેશિયો હતો એ ૧૦૦૦ સ્ટુડન્ટે ૪૨ શિક્ષકો હતા. જે વર્ષ ૨૦૧૧માં ઘટીને ૩૧ થઇ ગયા અને હાલમાં હું માનું છું કે આ રેશિયો ૧૦૦૦ સ્ટુડન્ટે ૨૯ શિક્ષકોનો આવી ગયો છે. આ પણ આપણા માટે ખૂબ જ વિચાર માગી લે તેવી બાબત છે. આપણો જે એજ્યુકેશન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ છે એ પહેલાં ૯મા ક્રમાંકે હતો, આજે આપણે ૧૮મા ક્રમાંકે પહોંચી ગયા છીએ. તેના ઉપર પણ આપણે ચિંતા કરવાની જરૂર છે. જે અપર પ્રાયમરી એનરોલમેન્ટ છે તેમાં આપણે છેલ્લેથી ત્રીજા નંબરે છીએ. આગળની હું ચર્ચા કરતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુણોત્સવ ચલાવીએ છીએ. સારો પ્રયાસ છે. ગુણોત્સવ કરે, પ્રવેશ મહોત્સવ કરે ત્યાં જવું જોઇએ. જનપ્રતિનિધિઓ એ વિદ્યાર્થીઓ વચ્ચે જાય તો એ શાળાની પરિસ્થિતિ જોઇ શકે. શાળાની શું હાલત છે તેનો પોતે જાતઅનુભવ કરી શકે. સરકારી કર્મચારીઓ ત્યાં જઇ શકે. તેને નિવારવા માટેના પગલાં લઇ શકે. પરંતુ આપણે છેલ્લા ઘણાં સમયથી આ બધું કરીએ છીએ છતાં શાળાઓ સી અને ડી ગ્રેડમાં કેમ આવે છે? છેલ્લાં ૨૦ વર્ષથી આપણે આ પ્રકારના પ્રયાસો કરીએ છીએ, પરંતુ આજની તારીખમાં જે નવી શિક્ષણનીતિ છે, તેમાં કોમ્પ્યુટરનો શિક્ષક મૂકવો જોઇએ, ચિત્રકલાના શિક્ષક. મને યાદ છે, હું ભણતો હતો ત્યારે અમારા સોમપુરા સાહેબ ચિત્રકળાના શિક્ષક હતા. સુલતાન સાહેબ હતા હે અમારા સંગીત શિક્ષક હતા. મકવાણા સાહેબ હતા એ અમારા પી.ટી. ટીચર હતા. હું પ્રાથમિક શાળામાં ભણતો હતો તે શિક્ષકોના નામ મને યાદ છે. તેમની પાસેથી અમારામાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન થયું. આજે અમે જે કંઇ છીએ. આજે વિધાનસભામાં ઉભા છીએ. તો પ્રાથમિક શિક્ષણમાં ૧થી ૭ ધોરણમાં ભણાવવા આવતા હતા એમનો આજે હું આભાર માનું છું. ઘણી બધી વાત છે. મેં મારા વિચારો વ્યક્ત કર્યા છે. મને આશા છે કે સરકાર આ દિશાની અંદર વિચારણા કરી અને ગુજરાતનું અને દેશનું શિક્ષણ ઉપર આવે. ભલે આપણે ખાનગી યુનિવર્સિટીને મંજૂરી આપીએ પરંતુ સરકારી યુનિવર્સિટીઓ વધુમાં વધુ સ્થપાય એ માટે હું સરકારશ્રીને આ માધ્યમથી વિનંતી કરું છું. જયહિંદ.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પહેલાં પાષાણ યુગ હતો, એના પછી તીર કામઠાનો યુગ આવ્યો અને એના પછી બૂલેટ અને મિસાઇલનો યુગ આવ્યો. આજે ૨૧ સદીમાં નોલેજનો યુગ ગણાય છે. શસ્ત્ર નહીં પણ શાસ્ત્રનો યુગ છે. ૨૧મી સદીમાં જે આ ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, હમણા જ વિદ્વાન શ્રી નૌશાદભાઇ અને શ્રી કિરીટભાઇ વાત કરતા હતા. આપણા ગુજરાતની સ્થાપના વર્ષ ૧૯૬૦માં થઇ, ત્યારથી લગભગ વર્ષ ૨૦૦૧ સુધી આ ગુજરાતમાં ૮-૯ યુનિવર્સિટીઓ હતી. ગુજરાતનું સદનસીબ કે આદરણીય શ્રી નરેન્દ્રભાઇના મનમાં એક સંકલ્પ હતો, એમનામાં દ્રષ્ટિ હતી કે ગુજરાતનો યુવાન, ગુજરાતનો વિદ્યાર્થી વિશ્વના યુવાનો સાથે સ્પર્ધા કરી શકે. એ માટે એમણે જે પ્રમાણે યુનિવર્સિટીઓની અને એમાં પણ ખાસ કરીને ખાનગી યુનિવર્સિટીઓને મંજૂરી આપવાનો મૂળ જે આશય હતો તે એ હતો કે એક સ્પર્ધાત્મક વાતાવરણ ઉભું થાય. હમણા જ વર્ષ ૨૦૨૦ માં નવી શૈક્ષણિક નીતિની વાત કરી. આપણી પાસે જે ગ્રોસ એનરોલમેન્ટ રેશિયોની વાત જે શ્રી નૌશાદભાઇ કરતા હતા એ વિશ્વના દેશો કરતાં જી.ઇ.આર. એ લગભગ ૨૨.૫ ટકા અને આદરણીય પૂર્વ શિક્ષણમંત્રીશ્રી ચુડાસમા સાહેબે પણ વાત કરેલ કે આપણું લક્ષ વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૨મા ધોરણ પછી ઉચ્ચ અભ્યાસ અનેક ફેકલ્ટીઓમાં ૫૦ સુધી આ જી.ઇ.આર. વધે એ દિશામાં આપણે પ્રયાસ કરી રહ્યા છીએ. જે પ્રમાણેનું વાતાવરણ ઉભું થઇ રહ્યું છે અને આજે ૯૧ ઉપરાંત યુનિવર્સિટીઓ ગુજરાતમાં છે એમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી હોય, રક્ષાશક્તિ યુનિવર્સિટી હોય, ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સિટી હોય. યોગ યુનિવર્સિટીમાં પણ વિદેશના વિદ્યાર્થીઓ ભણવા આવે. અમારા ઉત્તર ગુજરાતની વાત કરીએ તો ઉત્તર ગુજરાતમાં ફક્ત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી પાટણમાં એક યુનિવર્સિટી છે. પણ પાટણ તો

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હમણાં જ જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવ્યો. મહેસાણા અને બનાસકાંઠાના લગભગ ૭ તાલુકાઓ સમાવીને પાટણ જિલ્લાની રચના થઇ. પાટણના વિદ્યાર્થીઓ આવનારા દિવસોમાં ઘર આંગણે ઉચ્ચ અભ્યાસક્રમો ઓછા ખર્ચે ભણી શકે અને એમને બહાર ન જવું પડે, લગભગ ૨૦ વર્ષ પહેલાં ગુજરાતના યુવાનોને કર્ણાટક, પુના વગેરે જગ્યાએ ભણવા જવું પડતું હતું. પાટણ બક્ષીપંચ બહુમતિ ધરાવતો વિસ્તાર છે અને એમાંય હમણાં જ માગણી આવી છે શ્રી વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા એમ.કે. યુનિવર્સિટી, પાટણમાં સ્થાપવાની, એના કારણે આવનારા દિવસોમાં ત્યાંના વિદ્યાર્થીઓને લાભ મળવાનો છે. એ યુનિવર્સિટી મિકેનિકલ એન્જિનિયરિંગ, સિવિલ એન્જિનિયરિંગ, ઇલેક્ટ્રિકલ, કોમ્પ્યુટર, આઇ.ટી, બી.એડ, નર્સિંગ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને ગ્રેજ્યુએટ કક્ષાના અનેક અભ્યાસક્રમો ઉપરાંત આ સૂચિત યુનિવર્સિટીમાં આયુર્વેદ, ફિઝિયોથેરાપી, આર્કિટેકચર, હોમિયોપેથી, મેડિકલ સાયન્સ, લો, ડિપ્લોમા સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસક્રમો પ્રસ્થાપિત થવાના છે. સ્થળ આધારે સ્કુટિની કમિટીએ પણ આ દરખાસ્તને મંજૂરી આપવાની ભલામણ કરી છે. આ બિલની પાછળનો આશય ગુજરાતના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું મળે એ દિશામાં છે એટલે હું વિશેષ બીજું કંઇ કહેવા માગતો નથી, પણ અહીં અમારા ઉત્તર ગુજરાતમાં આ યુનિવર્સિટીએ જે મંજૂરી માંગી છે એ ટ્રસ્ટ પાસે ૨૧ એકર જમીન પણ છે, જરૂરી ભંડોળ પણ છે એટલે આ સ્થાપવાથી આવનારા દિવસોમાં ગુજરાતનો યુવાન વિશ્વના યુવાનો સાથે સ્પર્ધાત્મક વાતાવરણમાં ઉભો રહી શકે એ આશય છે. હું આ બિલને સમર્થન આપું છું. જય જય ગરવી ગુજરાત.

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ ને સુધારવા માટેનું વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય સભ્યશ્રી વાત કરતા હતા પાષાણ યુગની, મધ્ય યુગની, અર્વાચીન યુગની. આઝાદી પહેલાથી રાજાશાહીના જમાનામાં પણ આપણા દેશમાં નાલંદા અને તક્ષશીલા જેવી વિદ્યાપીઠો વિશ્વવિખ્યાત હતી અને આ વિદ્યાપીઠોમાંથી ચાણકય જેવા આપણા બુદ્ધિજીવી અને ચાણકય નીતિ જેને કહેવાય, શિક્ષણ માટેની પણ એમણે નીતિ આપી છે એવા ચાણકય પેદા થયા છે. આઝાદી પહેલા અંગ્રેજોની નીતિ પ્રમાણે એજ્યુકેશન ચાલ્યુ, પરંતુ આઝાદી પછી ભારત વર્ષમાં આઝાદી આવી. ભારત ખેતીપ્રધાન દેશ છે. કૃષિ અને ઋષિપ્રધાન દેશ છે. આપણી પુરાતન સંસ્કૃતિ, સાહિત્ય અને શિક્ષણ પણ ઋષિના જમાનામાં વિશ્વમાં ઉચ્ચસ્તરે હતું, પરંતુ અંગ્રેજો અને એવા શાસનો આ દેશ ઉપર થયા જેને કારણે એમાંથી આપણી કયાંક પાછીપાની થઇ હતી. આઝાદી પછી ઈરીગેશનની પોલિસી આવી. એગ્રીકલ્ચરની પોલિસી આવી એમ શિક્ષણની પણ પોલિસી આવી. આઝાદી વખતે આ દેશમાં ફાઇનલ પાસ સુધીના લોકો ફાઇનલ એટલે સાતમું ધોરણ, ફાઇનલ પાસ સુધીના લોકો અને એમાં ગુજરાતમાં પણ મહારાજા સયાજીરાવ ગાયકવાડના સ્ટેટ હસ્તક વિભાગો હતા, ત્યાં ફરજિયાત શિક્ષણ હતું એટલે ગુજરાતમાં ફાઇનલ પાસ સુધીના લોકો ફકત ૩૦ ટકા હતા. ઉચ્ચતર માધ્યમિક એ તો ખાલી પ્રિન્સ અને પ્રિન્સેસ લોકો ભણતા હતા અને ગણ્યાગાંઠ્યા લોકો ગ્રેજ્યુએટ સુધી જતા હતા, પરંતુ આઝાદી પછી આ દેશમાં જે પોલિસીઓ નકકી થઇ. પંચવર્ષિય યોજના, પંચવર્ષિય પ્લાનિંગ. પ્લાનિંગ કમિશન વર્ષ ૧૯૫૧ થી અમલમાં આવ્યું. દર પાંચ વર્ષ સુધી ભારત સરકારે શું કર્યું, એના અનુસંધાને ગુજરાત અને બીજા રાજયોની સરકારોએ શું કરવું આ એક પ્રી-પ્લાન એસ્ટાબ્લિશમેન્ટ લોકશાહીમાં રચાયું. કોઇપણ નીતિ બને, શિક્ષણની નીતિ બને, ઈરીગેશનની નીતિ બને, એગ્રીકલ્ચરની નીતિ બને, ઇન્ડસ્ટ્રીઝની બને. આ તમામ નીતિઓમાં મહાત્મા ગાંધીજીના વિચારોને પ્રધાન્ય આપવામાં આવ્યું છે. એના માટે આપણે બધા ગૌરવ અનુભવીએ છીએ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની વિચારધારાને અનુરૂપ બધી પોલિસીઓ બનતી હતી. આ દેશના જે તે વખતના વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ અને એ વખતનું પ્લાનિંગ કમિશન એ બધાએ આગામી ભારતમાં ૫૦ વર્ષ પછી ભારત દેશને કયાં લઇ જવો છે? શિક્ષણને કયાં લઇ જવું છે? એના માટેની પોલિસીઓ નકકી કરી. શૈક્ષણિક સ્તરની પોલિસીઓ, પાયાની પોલિસીઓ એમાં મહાત્મા ગાંધીજીના વિચારોને પ્રધાન્ય આપ્યું. બુનિયાદી અભ્યાસ. ગામડાંઓમાં શિક્ષણ, પશુપાલન એવા પણ અભ્યાસો આ દેશમાં પોલિસીમાં ઉમેરવામાં આવ્યા. ગુજરાત વિદ્યાપાઠ જેવી મહાત્મા ગાંધીજીએ સ્થાપેલી વિદ્યાપીઠો આજે વિશ્વવિખ્યાત બની છે. એવી વિદ્યાપીઠો પણ શરૂ કરવામાં આવી હતી. આઝાદી પછી ગુજરાતમાં અને ગુજરાતની સ્થાપના થયા પછી એસ.પી. યુનિવર્સિટી સંચાલિત વલ્લભવિદ્યાનગર આજે તમે જુઓ. આખા દેશમાં વિદ્યાની નગરી વલ્લભવિદ્યાનગર. શૈક્ષણિક નગરી વલ્લભવિદ્યાનગર અને એસ.પી. યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી હસ્તક તમામ કોલેજો એ વિસ્તારની અને આખા દેશમાં એજ્યુકેશન લેવલે ખૂબ પ્રખ્યાત હતી. ગાંધીનગરની ભલે વર્ષ ૧૯૭૧ પછી રચના થઇ હોય, લોકો રહેવા આવ્યા હોય, જે સરસ્વતીની નગરી તરીકે પ્રખ્યાત છે. કે.જી.થી માંડીને પી.જી. સુધીના અને યુનિવર્સિટી સુધીના અભ્યાસક્રમો એક પોલિસીથી ચાલી રહ્યા છે. વડોદરા સંસ્કૃતિની નગરી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અને એ યુનિવર્સિટીની હસ્તક એ બધી કોલેજો વિશ્વ લેવલનું આખું એજ્યુકેશન એવું અંગ્રેજી એજ્યુકેશન પણ એટલું જ ઉચ્ચ લેવલે અપાય એવી યુનિવર્સિટી પણ આપણા રાજ્યમાં આઝાદી પહેલા અને પછી ગુજરાત રાજ્યમાં ચાલતી હતી. આ દેશ એગ્રીકલ્ચર છે. આ દેશનું રાજ્ય પણ કૃષિપ્રધાન છે. પશુ પાલનના વ્યવસાય ઉપર નિર્ભર છે. ઇન્દિરા ગાંધીના સમયમાં હરિયાળી ક્રાંતિ આવી. શ્વેત ક્રાંતિ આવી, સ્વામીનાથન કમિશન, ડો. કુરિયન વિશ્વ વિખ્યાત બધા નેતાઓ, સાયન્ટિસ્ટો તેમની આખી ટીમે એક પોલિસી બનાવી અને એગ્રીકલ્ચર યુનિવર્સિટીની સ્થાપના આણંદ ખાતે થઇ. પછી ભલે એ યુનિવર્સિટીને આપે

પ વિભાગોમાં વહેંચી. જૂનાગઢ યુનિવર્સિટી કરી, દાંતીવાડા યુનિવર્સિટી કરી, નવસારી યુનિવર્સિટી કરી, પણ પાયામાં આખી આણંદ યુનિવર્સિટી અને શ્વેત ક્રાંતિની નગરી અમૂલ, દૂધ નગરી આણંદ આજે પણ વિશ્વ વિખ્યાત છે. જૂનાગઢ, સૌરાષ્ટ્ર હરિયાળી ક્રાંતિ આવી. સ્વામીનાથન કમિશન, સ્વામિનાથને સૂચવેલા સુધારેલા બિયારણો, ખાતરનો ઉપયોગ, આજે આપણે પ્રાકૃતિક, કુદરતી ખેતી તરફ વળ્યા છીએ. પણ એ સમયમાં એ જમાનામાં વસતિના પ્રમાણે અનાજનું ઉત્પાદન નહોતા કરી શકતા અને સમયની માંગ પ્રમાણે એવો અભ્યાસક્રમો અને એવી યુનિવર્સિટીઓ બની હતી કે જેનાથી સાયન્ટિસ્ટો પેદા થતા હતા. શંકર-૪, ઘઉંની જાતો, બાજરીની જાતો, હાઇબ્રીડ બિયારણો આ બધુ પેદાશ કરીને નિકાશ કરવાની પરિસ્થિતિમાં આ દેશને અને આ રાજ્યને મૂક્યું હતું. એવી કૃષિ નગરી, સંતોની નગરી જૂનાગઢ. રણ તો લીલાછમ. બનાસકાંઠા અર્ધ અછતવાળો વિસ્તાર અને કચ્છની બાજુમાં આવેલો જિલ્લો. વરસાદ પડે ન પડે, ખેડૂતને ખેતીમાં કઇ રીતે આગળ વધવું, ખેતીની લેબોરેટરીઓ, સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીઓ આ બધાની રચના કરીને દાંતીવાડા ખાતે કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરી. દાંતીવાડા ખાતે એગ્રીકલ્ચર યુનિવર્સિટીની સ્થાપના કરી. ઉચ્ચત્તર અભ્યાસો કરાવીને પશુપાલન ક્ષેત્રે બનાસકાંઠા જિલ્લો બનાસ ડેરીમાં આખા વિશ્વમાં જેટલી સહકારી ડેરીઓ છે અને આખા દેશમાં, રાજ્યમાં અમૂલથી આગળ દૂધ ત્યાં એકત્રિત થાય છે. આવા સાયન્ટિસ્ટો અને ખેડૂતોને નોલેજ અપાવતી સંસ્થાઓ ઉભી કરી એનું આ ફળ છે. સાબરમતી આશ્રમ, કોચરબ આશ્રમ, એની પોલિસીઓ, મહાત્મા ગાંધીના વિચારો, ગુજરાત વિદ્યાપીઠ અને તેમાં તૈયાર થતો વિદ્યાર્થી આ દેશને કયાં લઇ જશે અને એમાંથી અનેક વિદ્યાર્થીઓ આ દેશમાં તજજ્ઞો તરીકે પેદા થયા અને આખા દેશને આજે જ્ઞાન આપી રહ્યા છે. આ લઇને આવ્યા છે એમાં મારો વિરોધ નથી, પણ હું કહી રહ્યો છું. શિક્ષણ અને શિક્ષણની નગરીઓ અને શિક્ષણમાં ભારત સરકાર આઝાદ થયા પછી જે પોલિસીઓ બની તેમ પછી જેમ જેમ માંગ આવતી ગઇ તેમ તેમ યુનિવર્સિટીઓ બનતી ગઇ છે. આજે આપ ખાનગી યુનિવર્સિટીનું બિલ લઇને આવ્યા છો. વર્ષ ૨૦૦૯ માં ખાનગી યુનિવર્સિટી વિધેયક પસાર થયું છે. આ પહેલા ૪૩ જેટલી ખાનગી યુનિવર્સિટીઓ આ રાજ્યમાં કામ કરતી થઇ ગઇ છે. આજે ૪૪ થી આગળ વધીને બીજી યુનિવર્સિટીઓની સ્થાપના આપણે કરી છે. અને ૫૪ સુધી ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના થઇ છે. આમાં ફક્ત બે જ યુનિવર્સિટી વિષે મારે કહેવું છે. અમારા શ્રી વિરજીભાઇ કહેતા હતા એમ લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશન સણોસરા ખાતે જે લોકભારતી તરીકે પ્રખ્યાત હતી. બનાસકાંઠામાં હરિસિંહજી ચાવડા એક યુનિવર્સિટી ટાઇપનું આખું એજ્યુકેશન મંગળભારતી આખું આ રીતનું સણોસરા ટાઇપનું દાંતા અમીરગઢ જે આદિવાસી વિસ્તાર છે ત્યાં ચલાવીને કામ કરતી આજે પણ કાર્યરત છે. માલજીભાઇ દેસાઇ કે જેને ભારત સરકારે પદ્મશ્રી એવોર્ડ આપ્યો. એ ગામડાના લોકોના વિકાસ માટે ગામડાનાં બાળકોને રોજગારી મળે કે ન મળે, પણ તૈયાર થાય એવી બુનિયાદી આશ્રમો અને બુનિયાદી શાળાઓ ઘીણોજ ખાતે, ઝીલિયા ખાતે માલજીભાઇ દેસાઇ ચલાવી રહ્યા છે. ગ્રામભારતી. દૂધ સાગર ડેરીના માજી ચેરમેન સ્વ.ચેરમેન અને મહેસાણા જિલ્લા અને ઉત્તર ગુજરાતને શ્વેત ક્રાંતિને દૂધનું શું મહત્ત્વ છે તે સમજાવનાર મોતીભાઇ ચૌધરી, માનસીભાઇ ચૌધરી આ બધાએ બનાવેલું ગ્રામભારતી. આજે તમે જુઓ આપણું મગજ કામ ના કરે એવી સંસ્થાઓ ઉભી કરી છે. જે વિશ્વ કક્ષાની યુનિવર્સિટીઓ બની શકે તેવી સંસ્થાઓ આપણી પાસે છે. ખાનગી યુનિવર્સિટીમાં આપણે મહત્ત્વ આપીએ પણ જયાં પાયાનું શિક્ષણ મળે છે તે ગાંધી વિચાર ઉપર આખો પાયો રચીને કામ કરી રહી છે તેવી સંસ્થાઓમાં ઝીલિયાની માલજીભાઇ દેસાઇની સંસ્થા હોય કે મોતીભાઇ ચૌધરીનું ગ્રામભારતી હોય, હરિસિંહજી ચાવડાની મંગલભારતી હોય કે સણોસરા જેવી લોકભારતી સંસ્થા હોય, દલસુખભાઇ ગોધાણીની સંસ્થા હોય, પેથલજી ચાવડાની સંસ્થા હોય તેમના દીકરા જવાહરભાઇ ચાવડા આજે અહીં બેઠા છે. હજારોની સંખ્યામાં ત્યાં વિદ્યાર્થીઓ ભણે છે. તે લોકો પાયાના શિક્ષણથી માંડીને આજે યુનિવર્સિટી સુધી પહોંચી શક્યા છે. આ બધી સંસ્થાઓ ધીમે ધીમે ખાનગી યુનિવર્સિટી તરફ જઇ રહી છે. તેની સંખ્યા પણ વધતી જાય છે. અમારા ગાંધીનગરનું કડી સર્વ વિદ્યાલય જુઓ. જયાં ૬૦ થી ૭૦ હજાર વિદ્યાર્થીઓ આજે અભ્યાસ કરે છે. હું વર્ષ ૨૦૦૨ થી ધારાસભ્ય તરીકે છું ત્યારથી આજદિન સુધી આ સંસ્થાની એકપણ નેગેટિવ ફરિયાદ નથી. આવા શિક્ષણવિદો અને આવા લોકો ખાનગી યુનિવર્સિટી બનાવે અથવા તો સરકાર સાથે તાલમેલ કેળવીને શિક્ષણ જગતમાં ગુજરાતના વિકાસની ગાથાઓમાં પોતાનું નામ ઇતિહાસના પાના પર લખાવે તેમાં અમને કોઇ વાંધો હોઇ શકે નહીં. પરંતુ કયાંક અને મને કોઇ ઉદ્યોગપતિ પ્રત્યે ધૃણા છે એવું નથી. ઉદ્યોગપતિ પણ ગુજરાતનું એક અંગ છે. અદાણી હોય કે અંબાણી હોય તે પણ આપણું ગૌરવ છે. નિરમા હોય તે આપણું ગૌરવ છે. આપણા ઉદ્યોગપતિઓ વિશ્વ વિખ્યાત થયા છે તેમાં અમારો કોઇ વાંધો નથી હોતો. મારી વાત એટલી છે કે, દરેક ક્ષેત્રમાં કોઇક પોલિસી નક્કી થવી જોઇએ. આમાં શું થાય છે કે, શિક્ષણની વાત આવે, યુનિવર્સિટીની વાત આવે તો અદાણી, પોર્ટની અને ઉદ્યોગોની વાત આવે તો અદાણી, પી.પી.પી. મોડલ ઉપર સિવિલ હોસ્પિટલ ભુજમાં તૈયાર કરવાની થાય તો અદાણી. આજે ખાનગી યુનિવર્સિટીમાં પણ અદાણી. અંબાણી પણ હોય, આપણે બધા મલ્ટીપર્પઝ એગ્રીકલ્ચર પ્રોડકટ બનાવીશું, ખેતીવાડી કરીશું, તેનો ઉદ્યોગ કરીશું તો તેમાં પણ હજારો એકર જમીન લઇ વાવેતર કરીને સારો પાક આપશે તો તેમાં પણ અદાણી અને અંબાણી આવશે. માનનીય શિક્ષણમંત્રી આજે આપણે અદાણી ખાનગી યુનિવર્સિટી નક્કી કરી, આવતી કાલે અદાણી અને અંબાણી અહીં આવશે અને આપણા શિક્ષણમંત્રી અને સરકાર નક્કી કરશે. આ બહુ ધ્યાન રાખવા જેવી બાબત છે. બહુ વિચારવા જેવી બાબત છે. બધી જગ્યાએ સર્વાંગી વિકાસ થવો જોઇએ. તમે લોકભારતી, મંગલભારતી, ગ્રામભારતી, ઘીણોજના માલજીભાઇ દેસાઇ, મોતીભાઇ ચૌધરીની સંસ્થા, પેથલજીભાઇ ચાવડાની સંસ્થા, એક એક વિભાગમાં કેવા કેવા

લોકોની સંસ્થાઓ છે. દિનશા પટેલની સંસ્થા હોય, દરેક જિલ્લામાં તે લોકોએ પેઢીઓ ખર્ચી છે. પેઢીઓથી આ શિક્ષણ સાથે સંકળાયેલા લોકો છે. કોઇનું નામ રહી ગયું હોય તો માફ કરજો અને તમે તમારી સ્પીચમાં કહેજો કે આ નામ રહી ગયું હતું. આવા લોકો જયારે ગુજરાતની પ્રગતિની, શિક્ષણની અને આરોગ્યની વાત કરતા હોય, સારી ખેતીવાડીની વાત કરતા હોય, ગ્રામ વિકાસની વાત કરતા હોય, ગાંધી અને સરદારના વિચારોને આગળ લઇ જઇને ગુજરાતના વિકાસની વાત કરતા હોય અને પોતાની જિંદગી ખર્ચી નાખતા હોય તેવા લોકોને પહેલાં પ્રાધાન્ય આપી દો. ઉદ્યોગપતિ છે તેનો ઉપયોગ કરો. તમે ખાનગી યુનિવર્સિટીમાં આપણે બધા ભેગા થઇને એક ઠરાવ કરીએ કે, અદાણીને એજયુકેશન વધારવું છે, સારું એજયુકેશન આપવું છે, અંબાણીજીને સારું એજયુકેશન આપવું છે તો જે શિડ્યુલ કાસ્ટ, શિડ્યુલ ટ્રાઇબ, ઓબીસી, ગરીબ, સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ, નબળા વર્ગના દીકરા દીકરીઓ આવી યુનિવર્સિટીમાં ભણી શકતા નથી એવા ૧૦૦-૨૦૦ કે ૫૦૦ વિદ્યાર્થીઓને તમે દત્તક લઇ લો ને. યુનિવર્સિટી બનાવીને શું કરવું છે? તમે તેમને કહો અને ફરજ પાડો કે ગુજરાતની સરકાર, ભારતની સરકાર તેમાં કોઇપણ સરકાર હોય કોંગ્રેસની કે ભારતીય જનતા પક્ષની કે આપની કોઇપણ સરકાર હોય આવા ઉદ્યોગપતિઓ ઔદ્યોગિક રીતે હરણફાળ ભરે અને વિશ્વમાં તેમની નામના બને તેમાં આપણે મદદરૂપ થઇએ છીએ. તો આપણે ત્યાં આવી યુનિવર્સિટીઓ બને છે તેમાં આપણા વિદ્યાર્થીઓ ભણીગણીને તૈયાર થાય, તેમની પાસે ફી નથી, આર્થિક રીતે બેકવર્ડ છે અને તમારી યુનિવર્સિટીમાં આવીને ભણી શકવાના નથી તો આવા લોકોને આપણે ફોર્સ કરીએ. અદાણી, અંબાણી કે નિરમા હોય, જે ગુજરાત અને વિશ્વમાં પોતાનું પ્રાધાન્ય જાળવે છે તેવા લોકોને આવા વિદ્યાર્થીઓ દત્તક આપો કે અમે તમને ખાનગી યુનિવર્સિટી આપી પણ તમે ખાનગી યુનિવર્સિટીમાં ૧૦૦ કે ૨૦૦ છોકરાઓ, દીકરીઓ જેને સરકાર ભલામણ કરે, અથવા તો જે તે વિસ્તારના ધારાસભ્યશ્રી ભલામણ કરે તેવા દીકરા દીકરીઓને ભણાવીને તમે તૈયાર કરશો કે કેમ? આની આપણે ફરજ પાડો. ખાનગી યુનિવર્સિટીમાં આ હોવું જોઇએ. દરેક ખાનગી યુનિવર્સિટીને સરકાર આટલી બધી સગવડો આપે છે ત્યારે તમે તમારી યુનિવર્સિટીને ઉત્તમ બનાવો તેમાં અમારો વાંધો નથી, પણ અમારો ગુજરાતનો મારો દીકરો કે દીકરી તમારી યુનિવર્સિટીમાં તૈયાર થાય, ફી ના ધોરણે ભણી શકતા નથી તો તમે કેટલા દત્તક લેશો આવો ફોર્સ કરવો જોઇએ. અને પછી એને ખાનગી યુનિવર્સિટી બનાવવા આપો આ બધી યુનિવર્સિટીની એક હેડ બનાવો એમાં અદાણીને હેડ બનાવો એમાં પણ અમને કોઇ વાંધો નથી પણ આવો કોઇક ફોર્સ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, આપે કહ્યું હતું કે ધારસભ્યશ્રીઓ અને બીજા નેતાઓ ટૂંકી દ્રષ્ટિથી ન વિચારે આપણે ખાનગી વેપારીકરણ કરતા નથી પણ શૈક્ષણિક રીતે વિકાસ થાય એની વાતો કરીએ છીએ. પણ આપણા જે દીકરા-દીકરીઓ ભણે છે અને જે વાલીઓ છે એ જે તે શિક્ષણ સંસ્થાની અંદર જઇને બહાર નીકળે ત્યારે તમે ૧૦૦-૨૦૦ વાલીઓના વીડિયો લો કે હું નિરમા ઇન્સ્ટિટ્યૂટમાંથી બહાર નીકળ્યો, હું અદાણી ઇન્સ્ટિટ્યૂટમાંથી બહાર નીકળ્યો, હું આમાંથી બહાર નીકળ્યો, હું કડી-સર્વ વિદ્યાલયમાંથી બહાર નીકળ્યો, હું લોકભારતીમાંથી બહાર નીકળ્યો તો એના તમે વીડિયો લો. તમને ખાનગી યુનિવર્સિટીના સંચાલકો પોતાને મિલ માલિક ન સમજે એ જોવાની ફરજ આપણી છે. એક જમાનો હતો કે અમદાવાદ માન્ચેસ્ટર ગણાતું હતું અને ૭૦-૮૦ મિલો ધમધમતી હતી અને હજારો લોકો કામગીરી કરતા હતાં ત્યારે કામદારને મિલ માલિકને મળવું મુશ્કેલ હતું કારણ કે, એ એની દુનિયામાં રાચતો હતો. આ લોકો પણ એની દુનિયામાં રાચે છે. એ લોકોએ વાલીને જઇને મળવાનું કે વર્ષે એક વખત મેળાવડો હોય તો એમણે હાજર રહેવું એવો એમને કોઇ રસ હોતો નથી. એટલે આવા લોકો શિક્ષણમાં નકામા છે. એ કોઇ પણ વ્યક્તિ હોય એ વર્ષે એક દિવસ વાલીઓને મળે અને વાલીઓના પ્રશ્નો સમજે, વાલીઓને શું મુશ્કેલી છે એ પણ સમજે અને વાલી અંદરથી બહાર નીકળે ત્યારે ખબર પડે કે અહીં તો અંદર ઘૂસવાનાં જ્યાં ફાંફાં છે ત્યાં આપણા દીકરા કે દીકરીને કેવી રીતે ભણાવી શકીશું? એવું વાતાવરણ ઉભું ન થવું જોઇએ. શૈક્ષણિક ધાક, એક સત્તા, એક મહત્તા બીજા લોકોના હાથમાં ચાલી ન જાય, સરકારના હાથમાં રહે એ જરૂરી છે. ભલે સરકારમાં આજે શ્રી વાઘાણી સાહેબ મંત્રી છે, આજે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ મુખ્યમંત્રી છે કાલે જે કોઇ હોય એ, પણ સરકારનું મહત્ત્વ રહેવું જોઇએ, ચૂંટાયેલા પ્રતિનિધિનું મહત્ત્વ રહેવું જોઇએ. આપણે ફોન કરીએ અને ફોન પણ ન ઉપાડે, ધારાસભ્યશ્રી ફોન કરે કે આ ભાઇ નિયમમાં આવે છે તો જરા જોજો પણ એ તમારો ફોન પણ ન ઉપાડે, તમારો પત્ર આવે તો આવા પત્રો તો ઘણા આવ્યા એમ કરીને નાંખી દેતા હોય છે. અને કોણ? ગૌતમભાઇ અદાણી નહીં, એમણે મૂકેલો વ્યક્તિ મેનેજરમાં હોય એ વ્યક્તિ તમારો કાગળ તમારી હાજરીમાં ફાડીને ફેંકે દે આવા પ્રસંગો બને છે. તમે વાલીઓઓના વીડિયો લેજો. એટલે જ્યારે ખાનગી યુનિવર્સિટીનું બિલ પસાર થાય ત્યારે ખાનગી યુનિવર્સિટી શિક્ષણ જગતમાં પોતાનું કામ કરે, શિક્ષણ જગતમાં પોતાની મહત્તા વધારે એનો કોઇ વાંધો નથી, પણ આપણા ભણનાર દીકરા-દીકરીઓ બિચારા-બાપડા ન બની જાય એ જોજો. જે રાજા-મહારાજાઓની જે છાપ હતી કે રાજા-મહારાજાઓ અમારા પર કૃપા કરે છે, અમને દાન આપે છે, આ કરે છે એવી છાપ લોકશાહીમાં પ્રજાને ન થવી જોઇએ. અમારા મહારાજા કૃષ્ણકુમારસિંહજી રાજયપાલ બન્યા. છેલ્લે એમણે જ્યારે ભારતની આઝાદીની વાત આવી અને બધા દેશી રજવાડાઓને ભેળવવાની વાત આવી ત્યારે સમગ્ર દેશના દેશી રજવાડાઓના તેઓ પ્રમુખ હતા ત્યારે એમણે એમ કહ્યું કે, પ્રજા શું ઇચ્છે છે? આપણે હવે રાજા રહ્યા નથી, લોકશાહી આવી ગઇ છે, પ્રજા શું ઇચ્છે છે? પ્રજા જે ઇચ્છે છે એ કર્તવ્ય આપણે બજાવીએ એ રાજા. આપણી પ્રજા અત્યારે ઇચ્છે છે લોકશાહી તો આપણે લોકશાહીમાં જવું જોઇએ અને સૌ પ્રથમ પોતાનું રાજય એમણે લોકશાહીમાં ભેળવી દીધું હતું. આવી વિચારધારા નથી જે ખાનગી યુનિવર્સિટીઓ બનાવી રહ્યા છીએ એનું

વાતાવરણ આપણે ઉભું કરવું પડશે કે શિક્ષણ અને આરોગ્યમાં જે કોઇ આવે, જે કોઇ ઉદ્યોગપતિ આવે, જે કોઇ ટ્રસ્ટીઓ આવે એણે સણોસરાની જેમ, ગ્રામ ભારતીની જેમ સેવા બજાવવાનું કામ કરવું પડશે એટલું આપણે ધ્યાન રાખવું પડશે. જે યુનિવર્સિટી બને એમાં આપણું સરકારી પ્રતિનિધિત્વ હોવું જોઇએ. જે વિસ્તારમાં યુનિવર્સિટી બનતી હોય ત્યાં આપણે એને ચિઠ્ઠી લખીએ એનું સરકારના નિયમો મુજબ ત્યાં અમલીકરણ થાય છે કેમ? સરકારનો એક પ્રતિનિધિ દરેક યુનિવર્સિટીમાં હોવો જોઇએ. ભલે તમે કોંગ્રેસનો ન મૂકતા ભાજપનો મૂકજો પણ ત્યાં પ્રતિનિધિ હોવો જોઇએ ને હોવો જ જોઇએ. આ મારી તમને ખાસ વિનંતી છે. પંચવર્ષિય યોજનાઓ બની, શિક્ષણ પોલિસી બની, ઔદ્યોગિક પોલિસી બની. આ બધી જ પોલિસીઓની સંવાદિતા જળવાય એ પણ જોવાનું છે. હમણા વાઘાણી સાહેબ એમના પ્રવચનમાં કહેતા હતા કે ગુજરાત બહારના વિદ્યાર્થીઓ અહીંયા આવે છે, પરદેશના વિદ્યાર્થીઓ પણ આવે છે. સારું છે ત્યાં સુધી આપણે પહોંચીએ તો. પણ હમણાં જ રશિયા અને યુક્રેનનું યુદ્ધ આપણે જોયું ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ યુક્રેન-રશિયામાં આપણા ભણે છે અને બીજા ચાઇનામાં અને ચાઇનાની આજુ બાજુના સ્ટેટોમાં, મોરેશિયસ ટાપુમાં, ઇંગ્લેન્ડમાં, અમેરિકામાં, કેનેડામાં કેટલાય વિદ્યાર્થીઓ આપણા અહીંથી ત્યાં ગયા છે એનો મતલબ શું? આપણે આટલી ખાનગી યુનિવર્સિટીઓ ખોલતા હોય,આટલી આપણી સંસ્થાઓ ગુજરાતમાં આગળ વધારતા હોયઆજે ૪૫ કે ૫૪ જેટલી ખાનગી યુનિવર્સિટીઓ આપણી સરકારની અને સેમી ગવર્નમેન્ટની યુનિવર્સિટીઓ બનતી હોય તો બહારથી જો વિદ્યાર્થીઓ આવતા હોય તો મને એમ લાગે છે કે જે બહારથી આવતા હશે તે કદાચ શ્રીલંકા કે બાંગ્લાદેશથી આવતા હશે પણ કોઇ અમેરિકા, ઇગ્લેન્ડ, બ્રિટનથી વિદ્યાર્થી આપણે ત્યાં આવે અને આપણા વિદ્યાર્થીઓ ૩૦-૩૦ લાખ રૂપિયા ખર્ચીને, ૨૦-૨૦ લાખ રૂપિયા ખર્ચીને જે તમે પહેલાં કહેતા હતા કે ન જાય એમ એ આજે અમે કહીએ છીએ. તમે પહેલાં કહેતા હતાં કે પૈસા ખર્ચીને આપણો વિદ્યાર્થી ગુજરાત બહાર ના જાય તે માટે આ પોલિસી લાવ્યા છીએ. તો હવે આપણો ગુજરાતનો વિદ્યાર્થી અમેરિકા, ઇગ્લેન્ડ, કેનેડા ન જાય અને વિશ્વમાં જેમ યુએનસાંગ અને ફાઇચાંગ જેવા ચીની મુસાફરો અને ચીની લોકો પણ અહીંયા ગુજરાતમાં દેશની વિદ્યાપીઠોમાં ભણવા આવતા હતા અને અભ્યાસ કરતા હતા અને વાહ વાહ કરીને ગોલ્ડન યુગ, સુવર્ણ યુગ, મગધનું સામ્રાજ્ય, ચંદ્રગુપ્ત મૌર્યનું સામ્રાજ્ય, ભારતનું સામ્રાજ્ય તેમ સુવર્ણયુગની ગાથાઓ ગાતા હતા તેમ બહારથી આપણો વિદ્યાર્થી ભણવા આવે, અમેરીકાનો વિદ્યાર્થી આવે કે વાહ ઇન્ડિયા, વાહ ભારત ત્યારે માનનીય મંત્રીશ્રીને (અંતરાય) વાઘાણી સાહેબને વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાઇમરીથી માંડીને ઉચ્ચતર સુધીનું શિક્ષણ તેમ તમામમાં બેલેન્સ જળવાઇ રહે (અંતરાય) અમારા શ્રી પરેશભાઇ કહે છે કે, બે કરોડ વિદ્યાર્થીઓ દેશ બહાર ભણે છે, પણ આપણા ગુજરાતના દોઢ બે લાખ વિદ્યાર્થીઓ ભણતા હશે અને ભલે ભણતા. દરેક વ્યકિત ભણવા માટે સ્વતંત્ર છે, વિકાસ માટે, પોતાની પ્રગતિ માટે ફોરેન પણ જાય, પણ આપણે એવી યુનિવર્સિટીઓની સ્થાપના કરીએ અને આપણી જે હયાત યુનિવર્સિટીઓ અહીંયા છે. ગુજરાતમાં આપણી બધી યુનિવર્સિટીઓ સારી છે. હવે બીજો એક પ્રશ્ન ઉભો થયો છે તમને સાચું કહું છું, દિલથી કહું છું કે આવા જે તજજ્ઞો હતા, આવા જે બુદ્ધિજીવીઓ હતા, જે શિક્ષણવિદો હતા, જે યુનિવર્સિટીઓ બનાવવા સક્ષમ છે પેથલજી ચાવડા જેવા મને કહેતા ગૌરવ પણ થાય છે એવા શિક્ષણવિદો જે આ રાજ્યમાં સક્ષમ હતા તે પૈકી વાઇસ ચાન્સેલરો આપણી સરકારની યુનિવર્સિટીઓમાં બનાવવા જોઇએ. સરકારની એમ.એસ.યુનિવર્સિટી હોય, ગુજરાત યુનિવર્સિટી હોય, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી હોય આવા જે બુદ્ધિજીવીઓ ક.મા. મુનશી, પી.સી.વૈદ્ય જેવા વાઇસ ચાન્સેલરો આપણી જે સરકારની યુનિવર્સિટીઓ છે, આપણી યુનિવર્સિટીઓ છે તેમાં મૂકવા જોઇએ તેના બદલે આજે શું પરિસ્થિતિ છે તે મારે કહેવુ નથી, કારણ કે નહીંતર પાછા આપણા માનનીય સંસદીય મંત્રીશ્રી કહેશે આ સબજયુડિસ મેટર છે એટલે કરંટ આવશે એટલે મારે એ વાત અત્યારે કરવી નથી, પણ મારે એટલું જ કહેવુ છે કે, યુજીસીના નિયમો પ્રમાણે અને સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટના જજમેન્ટો પ્રમાણે, ગવર્નરશ્રીના રૂલ્સ પ્રમાણે શિક્ષણ નીતિ બનાવીને વાઇસ ચાન્સેલરો એવા મૂકો કે આપણી યુનિવર્સિટી જે શ્રી કિરીટભાઇ વાંચતા હતા કે ગુજરાતની એકથી સોમાં દેશની યુનિવર્સિટીમાં ગુજરાતની ફકત એક યુનિવર્સિટી આવે છે. આપણે આટલું બધુ શિક્ષણ પાછળ ખર્ચીએ છીએ ભારતના વડાપ્રધાન તરીકે આપણો ગુજરાતનો ગૌરવવંતો દીકરો શ્રી નરેન્દ્રભાઇ મોદી બેઠા હોય ત્યારે આપણે આ યુનિવર્સિટી એકથી સોમાં ફકત એક જ આવે તો આપણે બધાએ ભેગા થઇને શિક્ષણ માટે સારું કામ કર્યુ નથી તે પ્રસ્થાપિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીની ભૂમિ, સરદારની ભૂમિ, નરેન્દ્ર મોદીની ભૂમિ આપણે આમ ગૌરવ લેતા હોઇએ, વાહ વાહ કરતા હોઇએ, ૫૬ની છાતી ખોલીને ફરતા હોઇએ અને જો આપણા રાજ્યની પરિસ્થિતિ આ હોય તો આપણે બધાએ ભેગા થઇને શિક્ષણને નબળું પાડયુ છે તે સ્વીકારવુ રહ્યું અને આજે જયારે આ શિક્ષણને આગળ લઇ જવાની જવાબદારી તમારી રહે છે, ત્યારે શિક્ષણની પોલિસીઓમાં જેટલી નબળાઇઓ હોય તે તમારે શોધી કાઢવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ છે કે આપણે મહેસૂલ વિભાગની માગણીઓ પૂરી થઇ અને તેમાં જે જે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા અને મહેસૂલ વિભાગની જે જે ત્રૂટીઓ છે તે આપણે જે રજૂઆત કરી તેમાં માનનીય મંત્રીશ્રીએ એક એક ધારાસભ્યને ચાહે કોંગ્રેસનો હોય કે ભાજપનો તેને પત્રથી લખ્યું છે કે તમે આટલા આટલા મુદ્દા ઉપસ્થિત કર્યા છે અને ૧૨મી એપ્રિલના રોજ મારી ચેમ્બરમાં મેં મિટિંગ રાખી છે તમે આવજો. સેક્રેટરી, કલેકટરને બોલાવીને આપણે પ્રશ્નનો નિકાલ કરી શકાય તે રીતે કરીશું. આ મહેસૂલની બાબત હતી શિક્ષણ અને આરોગ્ય તો એનાથી પણ આગળ હોવું જોઇએ. તો માનનીય

મંત્રીશ્રી આજે જે જે પ્રશ્નો ઉપસ્થિત થયા અને જે જે મુદ્દાઓ ઉપસ્થિત થયા તમે ચોક્કસ બોલાવજો. તમે જે નીતિ ઘડો તેમાં તમારી જે ખામીઓ હોય તેમાં અમારા અનુભવનો લાભ લેજો. કોંગ્રેસે કશું નથી કર્યુ, કશું નથી કર્યું. ના માનતા. ગાંધી, સરદાર કોંગ્રેસના જ હતા એવુ ના માનતા. બધા લોકોએ કર્યુ છે, તમે નથી કર્યુ એવુ અમે નથી કહેતા, તમે પણ કર્યુ છે પણ આપણે બધા સાથે મળીને શિક્ષણ અને આરોગ્ય માટે કરીશું. તો મને લાગે છે કે આપણે ગુજરાતને કયાંય અને કયાંય લઇ જઇશું. આપણે ગાંધી અને સરદારના ગુજરાતને વિશ્વની ફલક ઉપર લઇ જઇશું એ વાત સાથે હું મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : હજી લગભગ ૧૪ સભ્યોને બોલવાનું બાકી છે એટલે બધાં થોડો-થોડો સમય લઇને સૂચનો અને સુધારા આપે એવી મારી સૌ સભ્યોને વિનંતી છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક -૮-સન ૨૦૨૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એના વિશે મારી વાત કરવા માટે અને સમર્થન માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પહેલાં ઘણા મિત્રોએ આ અંગેની ચર્ચા કરી છે. યુનિવર્સિટીઓની માન્યતા માટેના જે પેરામિટર્સ છે એ સ્ક્રુટિની કમિટીમાંથી એપ્રુવ થયા છે એવી કેટલીક ખાનગી યુનિવર્સિટી માટેની આજે ચર્ચા થઇ રહી છે. સમય કોઇની રાહ જોતો નથી. જે પળ ગઇ એ પાછી આવવાની નથી. દુનિયા દોડતી હોય છે. વિકસિત દેશો દોડી રહ્યા છે. આ વિકસિત દેશો સાથે કદમ મિલાવવાની જવાબદારી સાથે આપણે પણ કદમ નહિ મિલાવીએ તો આપણ રાહ જોઇને કોઇ દેશ ઊભો રહેવાનો નથી એ પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને તે વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૨ના વર્ષથી શરૂઆત કરી. વર્ષ ૨૦૦૨ પહેલાં ૮ થી ૯ યુનિવર્સિટીઓ હતી અને વર્ષ ૨૦૦૨ પછી જ્યાં સુધી હરિફાઇયુક્ત શિક્ષણ નહિ હોય ત્યાં સુધી સારા નાગરિકો અને સારા વિદ્યાર્થીઓ બહાર આવશે નહિ એ વાતને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં અનેક પરિપ્રેક્ષ્યની ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરી. વર્ષ ૨૦૦૨ પહેલાં આપણા વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવું હોય તો એ મહારાષ્ટ્ર જતા હતા, કર્ણાટક જતા હતા અને એક થી દોઢ કરોડનું ડોનેશન આપીને એડમિશન મેળવતા હતા અને આ ધન ગુજરાતમાંથી બીજા રાજ્યમાં જતું હતું એને રોકવા માટેનો પહેલો પ્રયાસ વર્ષ ૨૦૦૨ના વર્ષથી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કર્યો. એમનો એક વિચાર હતો કે મારે મારા ગુજરાતમાં એવા યુવક - યુવતીઓનું નિર્માણ કરવું છે કે જે યુવક-યુવતીઓ દુનિયાના કોઇ પણ દેશના કોઇ પણ નાગરિક સાથે એની આંખમાં આંખ મિલાવીને વાત કરી શકે. તે જે ભાષામાં સમજતો હોય એ ભાષામાં સમજાવી શકે. એ ધ્યેય સાથે એમણે ખાનગી યુનિવર્સિટીઓ અને સરકારી યુનિવર્સિટીઓની શરૂઆત કરી અને આજે ૫૦ થી ૬૦ યુનિવર્સિટીઓ સુધી આપણે પહોંચ્યા છીએ. કોઇ પણ વિદ્યાર્થીને અભ્યાસ કરવો હોય ત્યારે એ ઘરથી નજીક હોય, પોતાના શહેરથી નજીક હોય તો એને અભ્યાસ કરવો સરળ અને સસ્તો પડે છે, પણ એ જ વિદ્યાર્થીએ જો બીજા રાજ્યમાં જવાનું હોય, બીજા જિલ્લામાં જવાનું હોય તો એના માટેનો ખર્ચ એના વાલીએ વેઠવો પડતો હોય છે અને એ ખર્ચ ન વેઠવો પડે એટલા માટે દરેક જિલ્લામાં ખાનગી યુનિવર્સિટી હોવી જોઇએ એ જરૂરી છે. મહારાજા કૃષ્ણકુમાર સિંહજીના ભાવનગર જિલ્લામાં આજે એક યુનિવર્સિટી છે અને બીજી યુનિવર્સિટી સ્થાપવા માટેની વાત લઇને લોકભારતી નામની સંસ્થા એની માંગ લઇને આવી છે ત્યારે એ લોકભારતી સંસ્થા શું છે એના માટેની પણ વાત કરવા માંગુ છું. શિક્ષણવિદ નાનાભાઇ ભટ્ટે વર્ષ ૧૯૧૦માં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનની સ્થાપના કરી હતી. ત્યારપછી ભારતવર્ષના એક આદર્શ ગામડાંને વ્યવસ્થિત કરવા માટે ગ્રામ એકમના વિકાસ માટે વર્ષ ૧૯૩૮માં અંબાલા ખાતે ફિનલેન્ડ, ડેનમાર્કની ફોર્ડ સ્કૂલના ઢાંચા પ્રમાણેની દેશની સર્વપ્રથમ લોકશાળા શરૂ કરી અને ગ્રામ દક્ષિણામૂર્તિની સ્થાપના કરી. આ કૃષિ પ્રધાન દેશમાં કૃષિના વિકાસ માટેનું સંશોધન અને એના માટેના આયામો પણ આ લોકભારતી સંસ્થા મારફત કરવામાં આવે છે અને એના કારણે લોકવન ઘઉં અને તલની જે વાત અમારા વિપક્ષના નેતાએ કરી એ વાત સાથે હું પણ સહમત છું. લોકવન ઘઉંના ઉત્પાદનથી ખેડૂતોની આવકમાં લગભગ ડબલ જેટલો વધારો થયો છે. નાનાભાઈ ભટ્ટ , મૂર્ધન્ય સાહિત્યકાર અને ઈતિહાસવિદ મનુભાઈ પંચોલી કે જેમને ''દર્શક'' ના નામથી ઓળખીએ છીએ, તેઓ પણ આ સંસ્થાના પાયાના પથ્થર છે. સાથોસાથ મૂર્ધન્ય મૂળશંકર ભટ્ટ અને ભાષાવિદ નટવરલાલ બુચનો ઘરખમ સહયોગ પ્રાપ્ત થયો છે. ખાદી ઉદ્યોગ સાથે સંકળાયેલા રતિભાઈ અંધારિયા, ઈસ્માઈલભાઈ નાગોરી અને ઝવેરભાઈ પટેલ, કૃષ્ણલાલ શુક્લ જેવા અનેક પ્રતિબદ્ધ સાથીઓએ આ સંસ્થાને સીંચીને મોટી કરી છે. જયાબેન શાહ અને દલસુખભાઈ ગોરધાણી જેવા કર્મનિષ્ઠ અને કર્તવ્યનિષ્ઠ લોકો પણ આ સંસ્થાએ આપ્યા છે. એ સંસ્થા આજે સંપૂર્ણ રીતે બધા પરિપ્રેક્ષ્યમાં ઉતીર્ણ થઈ છે. ૧૬૮ એકર જેટલી જમીન અને તમામ સાધનો તેમની પાસે છે. રૂ. ૫ કરોડ ૩૯ લાખ જેવી રકમ પણ તેમની પાસે છે. આ બધા પરિપ્રેક્ષ્યોને ધ્યાનમાં રાખીને આ પ્રકારની સંસ્થાને માન્યતા આપવામાં આવે તો ભાવનગર જિલ્લાના જે વિદ્યાર્થીઓને અભ્યાસ કરવો હશે અને ખાસ કરીને સંસ્થાની વ્યવસ્થાથી લગભગ ૯૦ થી ૯૫ ટકા લોકો આ સંસ્થા/યુનિવર્સિટીની બહાર નીકળે ત્યારે ધંધો અને વ્યવસાર કરતા હોય છે તેવી આ સંસ્થાને માન્યતા આપે તેમાં મારી સંપૂર્ણ સહમતી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૨ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

## તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક,૨૦૨૨

માનનીય અધ્યક્ષશ્રી, આજના બિલમાં લગભગ ૧૧ જેટલી યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે. કલોલમાં સ્વામિનારાયણ યુનિવર્સિટી-શ્રી સ્વામિનારાયણ વિશ્વ મંગળ ગુરુકુળ સૈજમાં આવતી આ સંસ્થાનો યુનિવર્સિટીમાં સમાવેશ કર્યો છે તે બદલ હું માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીને અભિનંદન આપું છું. આ સંસ્થાએ શૂન્યમાંથી સર્જન કર્યું છે. આજથી ૧૦-૧૨ વર્ષ પહેલાં ત્યાં જઈને ઊભા રહીએ તો એવું લાગે કે આપણે જંગલમાં ઊભા છીએ. સ્વામીનારાયણના સ્વામીઓએ એ સંસ્થાને ૧૦-૧૨ વર્ષમાં એક નાના છોડમાંથી મોટું વટવૃક્ષ બનાવ્યું છે તેમ કહી શકાય. આ સંસ્થામાં બે વર્ષ પહેલા કોરોનાકાળ દરમિયાન નીચે ધરતી અને ઉપર આભ એ સિવાય બીજો કોઈ આરો ન હતો, તેવા સંજોગોમાં આ સંસ્થામાં ચાલતી હોસ્પિટલે બે થી ત્રણ હજાર માણસોના જીવ બચાવવાની કામગીરી કરી છે. કોઈ ગરીબ અને સમાન્ય વર્ગના વિદ્યાર્થીઓને ફીમાં રાહત કે જરૂર લાગે તો ફી માફ પણ કરતા હોય છે. આવી સંસ્થાઓ દિન-પ્રતિદિન આગળ જાય અને યુનિવર્સિટીમાં તેનો સમાવેશ થાય તેમાં ક્યારેય કોઈને વાંધો હોઈ શકે નહિ. અને આ ગુરૂકૂળ સંસ્થાનો તમે જે એમાં સમાવેશ કર્યો છે તે માટે ફરીથી હું આપનો આભાર માનું છું. મારે શિક્ષણમંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, ૪૯ નંબરની સ્ક્રિપ્ટ યુનિવર્સિટી, પ્લોટ નંબર-૪૧૧, સનાવર, કલોલ, જિલ્લો ગાંધીનગર, મારા ખાખરીયા વિસ્તારની અંદર આવે છે. શિક્ષણમંત્રીશ્રીનું ધ્યાન એટલા માટે દોરવું છે કે,  ત્યાં ખાલી એક નાનકડું મકાન ઉભું છે. આજની તારીખે પણ ત્યાં કોલેજ ચાલતી નથી. આ ચિંતા આપણે એટલા માટે કરીએ છીએ કે, જયારે આપણી પાસે અરજી આવતી હોય, આપણી પાસે દરખાસ્ત આવતી હોય ત્યારે જો કદાચ ચકાસણી કરવામાં આવી હોત કે અહીંયા કોઇ કોલેજ ચાલે છે કે કેમ? આવી કોઇ સંસ્થા ચાલે છે કે કેમ? તો આજે આ ૪૯ નંબરમાં એનો સમાવેશ કરવામાં આવ્યો છે, એ વારો આવ્યો ન હોત.  માનનીય મંત્રીશ્રી જયારે વાત કરતા હતા ત્યારે તમામે તમામ બાબતે એમણે તૈયારી બતાવી છે ત્યારે હું મંત્રીશ્રીને કહું છું કે, આ તમામે તમામ જે યુનિવર્સિટીઓ તમે પ્રાઈવેટ કરી છે એમાં હોદ્દાની રૂએ ધારાસભ્ય તરીકે ધારાસભ્યશ્રીઓને એની કમિટીમાં ખરેખર લેતાં હોય તો થોડો અંકુશ રહે. એટલા માટે હોદ્દાની રૂએ ધારાસભ્યશ્રીઓને કમિટીમાં લેવા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. એમના ભાષણમાં એવું કહેતાં હતા કે, વર્ષ ૨૦૦૨ પછી આ શિક્ષણની રફતાર ચાલી છે. શ્રી ચાવડા સાહેબે ખૂબ સારી વાત કરી. કોગ્રેંસે કંઇ કર્યુ નથી અને ભારતીય જનતા પાર્ટીએ બધુ કર્યુ છે. એ વાત આ સમયે હું યોગ્ય માનતો નથી. ત્યારે મારે મંત્રીશ્રીને કહેવું છે કે, આપણા દેશના વડાપ્રધાનશ્રી જે બન્યા, તેઓ કયાં ભણ્યા છે? આપણા રાજ્યમાંથી કોઇ રાજ્યપાલશ્રી બન્યા, તેઓ કંઇ સ્કૂલમાં ભણ્યા હશે? અહીંયા બેઠેલા તમામે તમામ મંત્રીશ્રીઓ બન્યા છે, કયાંક કોઇક માજી મંત્રીશ્રીઓ છે, કયાંક કોઇક ધારાસભ્યશ્રીઓ છે, તેઓ કયાં અને કયારે ભણેલા છે? કોઇ ડોકટર બન્યા છે, કોઇ એન્જિનિયર બન્યા છે અને કોઇ ઉદ્યોગપતિઓ બન્યા છે, તેઓ કયારે, કયાં અને કેટલાં વર્ષો પહેલા ભણેલા છે? જો એની કદાચ આપણે ચર્ચા કરવા જઇએ તો લગભગ મોટાભાગના કોગ્રેંસના શાસનમાં ભણ્યા હોય એવું મને લાગે છે. કોગ્રેંસે શું કર્યુ? કોગ્રેંસના શાસનમાં શું થયું? આપણે બધા ભણીને અહીંયા બેઠા છીએ એ કોગ્રેંસના શાસનમાં ભણીને બેઠા છીએ, જો એવું કહેવું હોય તો કહી શકીએ. આપણી પ્રજા કદાચ ન કહે કે અમે કોગ્રેંસના શાસનમાં ભણ્યા નથી, પણ આપણે તો કહેવું જ પડશે અને આપણે કહેતા નથી ત્યારે થોડુ દુઃખ લાગે છે કે કોગ્રેંસે શું કર્યુ? આ જે બેઠા છીએ તે કોગ્રેંસ કર્યુ છે. ટીકા-ટિપ્પણીમાં પડ્યા સિવાય આપણે બધા ભેગા મળીને જેમ શ્રી ચાવડા સાહેબે કહ્યું એમ સારૂ શું કરી શકાય? એમાં થોડી ચિંતા કરવી છે. ગુજરાત રાજ્યમાં ધીરેધીરે સામાન્ય લોકોની માનસિકતા બદલાય છે. માનસિકતા કેવી બદલાઈ છે કે ગુજરાતની અંદર સરકારી કોલેજો હોય, સરકારી સ્કૂલો હોય, સરકારી પ્રાથમિક શાળાઓ હોય, એ સરકારી છે એટલે આપણાં બાળકને ત્યાં ન મૂકીએ. કેમ આવું બનતું જાય છે એની કોઇ દિવસ આપણે કલ્પના કરી છે ખરી? યુનિવર્સિટી કરતાં પણ સરકારી શાળાઓમાં નોકરી કરતા શિક્ષકનો પગાર ત્રણ ગણો હોય છે. છતાં ગુજરાતની માનસિકતા કેમ એવી બનતી જાય છે? સરકારી પ્રાથમિક શાળામાં સારું ભણવાનું ન હોય, સરકારી કોલેજમાં સારુ ભણવાનું ન હોય તેવી માનસિકતા કેમ બદલાઇ તેની કોઇ દિવસ ચિંતા કરી ખરી? હું તો એથી આગળ વાત કરીશ કે અહીં બેઠેલા તમામ ધારાસભ્યોનાં બાળકો, આ રાજયની અંદર તમામ નોકરી કરતા અધિકારી, આઇ.એ.એસ. અધિકારીનાં બાળકો કઇ સરકારી પ્રાથમિક શાળા કે કઇ સરકારી કોલેજ કે કઇ સરકારી સંસ્થામાં ભણવા જાય છે? કોઇનાં બાળકો જાય છે ખરા? આ માનસિકતા બદલાઇ છે. આ માનસિકતા બદલાઇ છે ત્યારે આપણે બધાએ ખરેખર ચિંતા કરવાનો વિષય છે. એકબાજુ વિધાનસભામાં આપણે બધા ભેગા થઇને વાત કરીએ કે અત્યારની શાળાઓમાં તમામે તમામ પ્રકારની વ્યવસ્થા, અત્યારની યુનિવર્સિટીઓમાં, સરકારી યુનિવર્સિટીઓમાં અત્યારની તમામે તમામ સંસ્થાઓમાં અને ખરેખર જોવા જઇએ તો આ લોકોની જે માનસિકતા બદલાઇ છે એ માનસિકતાની આપણે બધાએ થોડી ચિંતા કરવી પડશે. હું એક નાનકડા ગામડાંમાંથી આવું છું. સામાન્ય અને ગરીબ ઘરના દીકરા કે દીકરી કઇ રીતે ભણે છે એની ફકત કોઇક દિવસ તમે ચિંતા કરજો. આ રાજયમાં શિક્ષણના બે ભાગ પડી ગયા છેઃ એક ગરીબોનું શિક્ષણ, અને એક પૈસાદારનું શિક્ષણ. આ વાસ્તવિકતા છે. સામાન્ય માણસના દીકરા-દીકરી કયાંક સરકારી પ્રાથમિક શાળા હોય, સરકારી સ્કૂલ હોય કે કયાંક સરકારી યુનિવર્સિટી હોય તે સિવાય ભણવા માટેની એમને માટે કોઇ બીજી જગ્યા નથી, અને એક વર્ગ એવો છે કે  જે જેનું નામ આગળ હોય, જેનો સિક્કો ચાલતો હોય, કે તમારો દીકરો કે દીકરી કયાં ભણે છે, એટલે અમદાવાદમાં ચાર પાંચ જે સારી સંસ્થાઓ હોય તેમાં ભણતો હોય એટલે સ્ટેટસ બની જાય, આ સ્ટેટસ બની ગયું છે. અને એવા સંજોગોમાં આ સરકારી તમામે તમામ શાળાઓ, સામાન્ય ઘરનો દીકરો કે દીકરી સારો અભ્યાસ કરી શકે તેના માટેની વ્યવસ્થા તમારે ઉભી કરવી પડશે.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક,૨૦૨૨

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત રજૂ કરું છું કે, આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવ્યા પ્રમાણે આજે બે બિલ હાથ પર લેવાના છે અને પૂરા કરવાના છે, અને હજુ પહેલું બિલ ચાલી રહ્યું છે, બે બિલ પૂરા થાય પછી છેલ્લા દિવસનો સંકલ્પ પૂરો થાય ત્યાં સુધી આપણે સભાગૃહનો સમય વધારીએ અને વચ્ચે સાંજના ૪-૦૦ વાગ્યે ૪૫ મિનિટની રિસેસ રાખીએ અને ૪ વાગ્યે નાસ્તાની પણ વ્યવસ્થા થઇ શકે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્તને સમર્થન આપું છું, બિલની ચર્ચા પૂરી થાય અને બિલો પસાર થાય અને આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી આપણે સભાગૃહનો સમય લંબાવીએ અને ૪ વાગ્યે અડધા કલાકનો વિરામ રાખીએ.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) મુખ્ય દંડકશ્રી માનનીય પંકજભાઇએ જે દરખાસ્ત મૂકી છે અને વિરોધપક્ષના દંડકશ્રી સી. જે. ચાવડાએ એને સમર્થન આપ્યું છે તે મુજબ આપણે સભાગૃહનો સમય લંબાવીએ છીએ અને ચાર વાગ્યે ૩૦ મિનિટનો વિરામ રાખીએ છીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સામાન્ય ઘરના દીકરા કે દીકરીની થોડીક તમે ચિંતા કરજો. ઘણીબધી સંસ્થાઓ યુનિવર્સિટીઓ એવી હોય છે કે કયાંક કોઇ ગરીબ ઘરનો છોકરો કે છોકરી પરિક્ષાના સમયે ફી ના અભાવે ઘણી બધી સંસ્થાઓમાં એવું સાંભળવા મળે છે કે ફી બાકી હોય તો પરીક્ષામાં બેસવા નહીં દઇએ, કયાંક થોડા ઘણા ફી ના પૈસા બાકી હોય તો એનું એલ. સી. ન આપે, આવા બનાવો બને છે. આવા જે બનાવો બને છે. આવી સંસ્થાઓની અંદર પરીક્ષાની ફીના અભાવે કોઇ બાળક પરીક્ષા વગરનો ન રહી એની સૂચના આપવી પડશે કારણ કે એનું ભવિષ્ય ન બગડે એની ચિંતા કરવી પડશે.

આ તબક્કે શિક્ષણમંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે સમગ્ર ગુજરાતના બાળકોની ચિંતા કરી છે.જેમ જમાનો બદલાય એમ શિક્ષણ પણ બદલાતું રહે. આપણે બધાએ ભેગા મળીને આગળ વધવું જોઇએ આ બિલ તમે લઇને આવ્યા છો ત્યારે અમે અમારા વિચારો રજૂ કર્યા છે એમાં તમે અમારા વિચારોનો સમાવેશ કરો તેવી વિનંતી કરું છું.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી ખાનગી યુનિવર્સિટી વિધેયક,૨૦૨૨ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

આપણે અત્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ. આઝાદી મળી એને ૭૫ વર્ષ થયાં એના પછી આખા દેશની વાત કરીએ તો વિશ્વમાં ટોપ દસ યુનિવર્સિટી છે, એમાં આપણા દેશની એક પણ યુનિવર્સિટીનો સમાવેશ થતો નથી. આમ જોઇએ તો આ ૭૫ વર્ષનો ગાળો કોઇ નાનો ન કહી શકાય, પરંતુ ખૂબ જ મોટો ગાળો ગણાય. શિક્ષણ માટે અને બીજા માટે દેશ ઉપર એકયા બીજા પક્ષની સરકાર સત્તા ઉપર હશે. માનનીય ચાવડા સાહેબે અને માનનીય બળદેવજીભાઇએ વાત કરી. બધાના વિશ્વાસે આજે આપણો દેશ જયાં પહોંચ્યો ત્યાં પણ એ લોકોએ ઘ્યાન રાખીને જાહેર સાહસો કર્યા પણ સાથે સાથે ખાનગી સાહેસો પ્રત્યે પણ એટલું જ પ્રોત્સાહન આપ્યું હોત તો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે આપણી આ પરિસ્થિતિ ન હોત.

આ તબક્કે હું એક નાનકડો દાખલો આપવા માગું છું. આપણે ત્યાં ટાટા સન્સ છે એણે પહેલી વહેલી દેશમાં એર ઇન્ડિયા ચાલુ કરી હતી. આપણે એનું રાષ્ટ્રીયકરણ કરી નાખ્યું. એ પછી એની શું હાલત થઇ એની આપણને સૌને ખબર છે એને ફરીથી ખાનગી કંપનીને સોંપવામાં આવી છે. આ એર ઇન્ડિયા કરોડો નહિ પરંતુ ખર્વોના નુકસાનમાં ચાલતી હતી. એ જ રીતે બેંકોનું ખાનગીકરણ કરવામાં આવ્યું છે. આ બેંકો દ્વારા નાના લોકોને ફાયદો મળવો જોઇએ એના કરતાં વધારે મોટા લોકોને ફાયદો મળ્યો છે. બેંકોની એન.પી.એ. વધી ગઇ છે. આ રીતે કરોડો રૂપિયા આપણા ગયા છે.

એ જ રીતે મેડિકલની વાત કરીએ કે આરોગ્યની વાત કરીએ. તમારી સરકારે સરકારી કોલેજોની સાથે સાથે ખાનગી કોલેજોને પ્રોત્સાહન આપ્યું હોત તો આજે આપણી પાસે ડોકટરોની ખેંચ છે એ ન રહી હોત. સન ૧૯૯૫ પહેલા ગુજરાતમાં એમ.બી.બી.એસ. ની માત્ર ૯૦૦ જેટલી સીટો હતી. આજે ૫ હજાર કરતાં વધારે એમ.બી.બી.એસ. ની સીટો છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૫માં આવ્યા પછી એણે ખાનગીકરણને પ્રોત્સાહન આપ્યું એના લીધે આપણે આ તબક્કે પહોંચી શકયા છીએ. વિશ્વમાં દર વર્ષે કેનેડા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા કે અમેરિકા લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ભણવા જાય છે. એમને શા માટે ભણવા જવું પડે છે કારણ કે ત્યાં વિદેશમાં વ્યવસ્થા છે.આ ૭૫ વર્ષમાં આપણે વ્યવસ્થા કરી હોત તો આપણે ત્યાં જવું ન પડેત. આ બધી બાબતોનો ખ્યાલ ગુજરાતમાં સન ૨૦૦૧માં માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રીશ્રી બન્યા ત્યારે એમને ખબર હતી આજે ખાનગી બિલની ચર્ચા કરીએ છીએ એ ખાનગી બિલની મંજૂરી સન ૨૦૦૯માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇ હતા ત્યારે લઇને આવ્યા હતા.

હમણા શિક્ષણની વાત કરવામાં આવી. ઘણા બધા લોકો સરકારી શાળામાં ભણીને આવ્યા હશે પરંતુ એ વખતે એ શાળાઓની હાલત કેવી હતી એનો મારે દાખલો આપવો છે. મારું ગામ પોરબંદર તાલુકાનું બોખીરીયા ગામ જે પોરબંદરથી પાંચ કિલોમિટરના અંતરે આવેલ છે. અમારે ત્યાં વ્યવસ્થા શું હતી? ૧ થી ૬ ધોરણ સુધી. ૬ ધોરણ પછી તમારે પાંચ કિલોમિટર સુધી ચાલીને જવું પડે. તે વખતે યાતાયાતની પણ વ્યવસ્થા નહોતી. વર્ષ ૧૯૭૦ સુધીમાં આખા બોખીરા ગામની અંદરથી બે જ

વ્યક્તિઓએ મેટ્રિક પાસ કરેલ. આવી શિક્ષણની પરિસ્થિતિ હતી. આ પરિસ્થિતિ ન હોત અને ગામડાંમાં તમે જો હાઇસ્કૂલો અને કોલેજો કરી હોત, આજે જેમ રાજ્ય સરકાર કરે છે, તો આજે દેશનું અને રાજ્યનું ચિત્ર અલગ હોત. ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટીનું ધ્યેય ગુણવત્તા સંબંધિત સંશોધન અભ્યાસો, કન્સલ્ટન્સી અને તાલીમ કાર્યક્રમો હાથ ધરવા, શૈક્ષણિક લીંકસ સ્થાપિત કરવા અને વિસ્તૃત કરવા અને વૈશ્વિક સ્તરે સક્ષમ સંશોધન સ્થાપના અને અન્ય યુનિવર્સિટીઓ સાથે સહયોગી સંશોધન અને ઉચ્ચ શિક્ષણમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવાનું છે. રાજ્યમાં આવેલી નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ કે જેઓ શિક્ષણ ક્ષેત્રે વિશેષ પ્રદાન કરવા ઇચ્છનીય હોય અને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના નિયમો સંતોષતી હોય તેઓ આ નિયમની જોગવાઇ અનુસાર ખાનગી યુનિવર્સિટીઓની રચના કરી શકે છે. રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓની સંખ્યા વધવાથી સરકારી યુનિવર્સિટીઓ પરનું ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવા અંગેનું ભારણ ઓછું થાય છે. તેમજ ખાનગી યુનિવર્સિટીઓ વધુ પ્રમાણમાં ઇન્ડસ્ટ્રીઝ અને કંપનીઓ સાથે કોલબરેશન ધરાવે છે. વિદ્યાર્થીઓને થિયરી સાથે પ્રેક્ટિકલ મળી રહે તે માટે ઇન્ડસ્ટ્રીઝમાં ઇન્ટર્નશીપનું આયોજન ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાંથી પોરબંદર અને ગીર સોમનાથ અલગ પડ્યા. જૂનાગઢમાં આ ત્રણે જિલ્લા સંલગ્ન હતા. મંત્રીશ્રી જે બે યુનિવર્સિટીઓની મંજૂરી માટે લઇને આવ્યા છે, તે નોબલ યુનિવર્સિટી જૂનાગઢ અને ડો. સુભાષ યુનિવર્સિટી જૂનાગઢ. આના માટે હું તેમનો આભાર પણ માનું છું અને ધન્યવાદ પણ આપું છું. જૂનાગઢ જિલ્લામાં નોબેલ ગ્રૃપ ઓફ ઇન્સ્ટિટ્યૂશન છે. જે બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર, કોમર્સ વગેરે ક્ષેત્રમાં વિવિધ ડિગ્રી પ્રોગ્રામ ઓફર કરે છે. નોબેલ ગ્રૃપ ઓફ ઇન્સ્ટિટ્યુશનને શિક્ષણમાં શ્રેષ્ઠતા માટે આંતરરાષ્ટ્રીય પુરસ્કાર અને ઇન્ડોએશિયન એવોર્ડ એનાયત કરવામાં આવેલા છે. આ વિવેકભારતી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સૂચિત નોબેલ યુનિવર્સિટી છે અને સરકારના નિયમો હોય તે પૂરા કરેલા છે. તા. ૨૭-૭-૨૧ના પત્રથી દરખાસ્ત કરી હતી અને તા. ૯-૯-૨૧ના રોજ રાજ્ય સરકારની સ્ક્રુટિની કમિટીમાં ટ્રસ્ટે જે પ્રેઝન્ટેશન કર્યું હતું તેના પછી સ્ક્રુટિની કમિટી તા. ૨૬-૯ના રોજ રૂબરૂ જોઇ પણ આવેલી છે. તેના આધારે જે નાણાકીય જોગવાઇઓ જોઇએ એ પણ બધી છે અને તેને મંજૂરી આપવામાં આવે છે. આ સંસ્થામાં હાલમાં ૧૩ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, ૩૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓને ડિપ્લોમા, ગ્રેજ્યુએટ, પોસ્ટગ્રેજ્યુએટ શૈક્ષણિક અભ્યાસક્રમો ઓફર કરે છે. ઇજનેરી, ફાર્મસી, આર્કિટેક્ચર, આયુર્વેદિક, હોમિયોપથી, નર્સિંગ, પશુપાલન, વાણિજ્ય, વિજ્ઞાન, સંચાલન અને શિક્ષણના અભ્યાસક્રમોનું જોડાણ ધરાવે છે. આ જ રીતે બીજી જે યુનિવર્સિટી છે, ડો. સુભાષ યુનિવર્સિટી. હમણાં ચાવડા સાહેબે પેથલજીભાઇ ચાવડાને યાદ કર્યા હતા. તેમણે જ સ્થાપના કરેલી આ સંસ્થા છે અને આ ડો. સુભાષ ટેક્નિકલ કેમ્પસની સ્થાપના વર્ષ ૨૦૧૦માં કરવામાં આવી હતી. જેમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે, જે ટેક્નિકલ તાલીમની સુવિધાઓ આપે છે. વધુમાં તે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. તેમના ભવિષ્યલક્ષી અભિગમમાં શીખવવાની તકો પૂરી પાડે છે. આ કોલેજમાં વિદ્યાર્થીઓના વિકાસ માટે ઉત્તમ કક્ષાની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે, તે ખાનગી યુનિવર્સિટીમાં તબદિલ થાય તે યોગ્ય છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના બધા ધારાધોરણો છે એ આ યુનિવર્સિટી પૂરા કરે છે. હું ફરીથી જૂનાગઢ જિલ્લાની અમારી બે યુનિવર્સિટીઓને મંજૂરી આપે છે તે બદલ માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું અને ધન્યવાદ કરું છું.

અધ્યક્ષશ્રી : બધાને વિનંતી છે કે પાંચ-પાંચ મિનિટ પોતાનાં સૂચનો આપજો. હજી ૧૨ જણા બોલવાના છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે તેના સંદર્ભે હું મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખે ગુજરાતની અંદર લગભગ ૨૮ જેટલી સરકારી યુનિવર્સિટીઓ છે અને આજની ગણીએ તો એ સાથે મળીને કુલ ૫૪ જેટલી પ્રાઇવેટ યુનિવર્સિટીઓ આવેલી છે. મારા સાથી ધારાસભ્યશ્રી નૌશાદભાઇએ કહ્યું એમ આઝાદીનાં આટલાં વર્ષ પછી પણ માત્ર ૧૫ ટકા વિદ્યાર્થીઓ જે ઉચ્ચ શિક્ષણ સુધી કે કોલેજ સુધી પહોંચી રહ્યા છે. એનો અર્થ એ થાય કે ૮૫ ટકા વિદ્યાર્થીઓ માટેની સુવિધા સરકાર અને ખાનગી બન્ને વ્યવસ્થાઓ મળીને પણ આપણે આજ સુધી કરી શક્યા નથી. રાજ્યમાં આજે લગભગ ૨૨૦૪ જેટલી કોલેજો અને ૩૦૧ જેટલી અલગ અલગ ઇન્સ્ટિટ્યૂટો આવેલી છે. આ કોલેજો અને ઇન્સ્ટિટ્યૂટોની ટોટલ સંખ્યા છે એમાંથી માત્ર ૨૬ ટકા જેટલી જ કોલેજોની સરકાર વ્યવસ્થા કરી રહી છે. જ્યારે ૭૪ ટકા જેટલી કોલેજો પ્રાઇવેટ છે. હજી હમણાં જ મારા સાથે ધારાસભ્યશ્રી બળદેવજીભાઇએ વાત કરી કે કોઇ એક સંસ્થા છે જ્યાં કોલેજ નથી. કંઇક આવી જ પરિસ્થિતિ મારા મત વિસ્તારમાં પણ છે. ચોટીલા તાલુકાના જામીવડલા ગામે રજિસ્ટર્ડ થયેલ એક કોલેજ છે. ભૂતિયા વિદ્યાર્થીઓ, ભૂતિયા શિક્ષકો, ભૂતિયા વર્ગો અને પરીક્ષા પણ ભૂતિયા. હમણાં જ અમે સ્થળ ઉપર તપાસ કરી તો એક પણ વિદ્યાર્થી કે એકપણ પ્રોફેસર કોલેજ ઉપર છે જ નહીં. વિધાનસભાના ફ્લોર ઉપર જ્યારે સદસ્ય તરીકે રજૂઆત કરતાં હોય ત્યારે એનું એક પ્રકારનું વજન હોવું જોઇએ અને એની તપાસ થવી જોઇએ. ભૂતકાળમાં ગાંધીનગરના કુડાસણમાં ડી.પી.એસ. સ્કૂલીની રજૂઆત મેં કરેલ પરંતુ આજ સુધી એની કોઇ તપાસ થઇ છે કે નહીં એની કોઇ જાણ કરવામાં આવી નથી. આ રજૂઆત એટલા માટે કરવી પડે છે કે જ્યારે મંજૂરી માગવા માટે કોઇ સંસ્થા આવે છે ત્યારે કાગળ ઉપર તમામ પ્રકારની સુવિધાઓ દેખાડે છે. પરંતુ એક વખત મંજૂરી મળી જાય પછી ત્યાંથી આખે આખી સંસ્થા શીફ્ટ થઇ જાય, વિદ્યાર્થીઓ શીફ્ટ થઇ જાય. પરીક્ષા રાજકોટમાં, વિદ્યાર્થીઓ રાજકોટમાં, ટ્યૂશન ક્લાસિસ રાજકોટમાં ચાલતા હોય અને કોલેજનું નામ ગામડામાં ચાલે. આ પ્રકારની વ્યવસ્થાઓ થાય તો ગુજરાતના ગામડાના વિદ્યાર્થીઓ એનો લાભ લઇ શકે એમ નથી. જે આ

૨૨૦૦ જેટલી કોલેજો છે એમાંથી ૫૦ ટકા કોલેજો માત્ર ૬ જિલ્લામાં અમદાવાદ, રાજકોટ, આણંદ, મહેસાણા, સુરત અને ગાંધીનગર ખાતે આવેલી છે. બાકીના જે જિલ્લાઓ છે એની વચ્ચે જે કોલેજોની વહેંચણીની સમાનતા હોવી જોઇએ એ સમાનતા જોવા મળતી નથી. કુલ યુનિવર્સિટીઓ જેટલી આવેલી છે એમાંની ૭૦ ટકા યુનિવર્સિટીઓ માત્ર શહેરી વિસ્તારમાં આવેલી છે. ગ્રામ્ય વિસ્તારના હિસ્સે માત્ર ૩૦ ટકા યુનિવર્સિટીઓ જ છે. મોટાભાગની યુનિવર્સિટીઓમાં અગાઉ પણ રજૂઆતો થઇ ગઇ છે, એમાં સરકારી યુનિવર્સિટી હોય કે પ્રાઇવેટ યુનિવર્સિટી હોય, એના વાઇસ ચાન્સેલરની જે નિમણૂક થાય છે એ માટેના યુ.જી.સી.એ ધારા ધોરણ નક્કી કરેલા છે, એક પણ યુનિવર્સિટીમાં આનું પાલન કરવામાં આવતું નથી અને એની પાસેથી આપણે અપેક્ષા રાખીએ કે આપણા ભારતના ભવિષ્યનું ઘડતર કરશે. આ તે કેવું આત્મનિર્ભર ગુજરાત? જેની એક બાજુ આપણે ડેમોગ્રાફિક ડિવિડન્ડનો લાભ લેવા માટેના પ્રયત્નો કરી રહ્યા છીએ, એના માટેના શિક્ષણનો વ્યાપ વધે એવા પ્રયત્નો કરીએ છીએ. પરંતુ ગ્રામ્ય વિસ્તારોના જરૂરિયાતમંદ લોકોનાં બાળકો માટે રોકાણ કરવાની આપણી તૈયારી નથી. ખાનગીને વધુમાં વધુ સંખ્યામાં મંજૂરીઓ આપી અને ભારતના ભવિષ્યને ક્યાંક આપણે માર્કેટના હવાલે કરી રહ્યા હોય એ પ્રકારનો માહોલ ઉભો થતો જાય છે. સદનને મારે જણાવવું છે કે આપણને ખબર છે કે ગુજરાત રાજયની પહેલી યુનિવર્સિટી કઇ હતી? સૌથી પહેલી યુનિવર્સિટીની સ્થાપના કયારે થઇ? કોણે કરી? એ કઇ યુનિવર્સિટી હતી? એના સંદર્ભે થોડીક વાત કરવી છે. મહાત્મા ગાંધી જયારે દક્ષિણ આફ્રિકાથી ગુજરાતમાં આવ્યા, આઝાદી માટેની લડત શરૂ કરી અને સૌથી પહેલા એમણે જયારે ભારતભ્રમણ કર્યું અને ભારતભ્રમણ કરતી વખતે એમણે જોયું કે દેશની અંદર આઝાદીની લડત ચાલી રહી છે. વર્ષોથી અંગ્રેજો આપણી ઉપર શાસન કરી રહ્યા છે પણ એ સફળ નથી થતા તો એનું કારણ શું છે? એના માટે એમણે જે ભારતભ્રમણ કર્યું, એનો જે અભ્યાસ કર્યો એના તારણમાં એ સાચું કારણ છે. મહાત્મા ગાંધીએ જે ભારતભ્રમણ કર્યું એમાં એમણે જોયું કે દેશની ૫૦ ટકા મહિલાઓ જે કુલ આબાદી છે એનો ૫૦ ટકા હિસ્સો મહિલાઓ છે એ સમાજ જીવનનો કયાંય હિસ્સો જ નથી. નિર્ણાયક તબક્કાનો કયાંય હિસ્સો જ નથી. લડતનો કયાંય હિસ્સો જ નથી. ૫૦ ટકા આબાદી જયારે તમારી પ્રગતિના સહિયારા પ્રયાસમાંથી નીકળી જાય તો કેવીરીતે સફળતા સુધી પહોંચી શકાય? એવી જ રીતે ૭૦ ટકા લોકો ખેડૂતો અને ખેતમજૂરો જે સમાજ જીવનનો કે લડતનો હિસ્સો જ નહોતા. લગભગ ૧૪ ટકા જેટલા આદિવાસીઓ, દલિતો, ૫૪ ટકા જેટલા શ્રમિકો અને પછાત વર્ગો. આ દરેક વર્ગો જે હતા એ સામાન્ય રીતે સમાજજીવનનો કે લડતનો હિસ્સો નહોતા. લડતનો હિસ્સો જે એ વખતે ચાલતો હતો એ માત્ર દલિત વર્ગ ચલાવતો હતો અને આ બધાં દ્રશ્યો જોયા પછી મહાત્મા ગાંધી, ગાંધી આશ્રમ આવ્યા અને અહીંયાથી એમણે આ બધા વર્ગને લડતનો હિસ્સો બનાવવા માટે, સમાજ જીવનનો હિસ્સો બનાવવા માટે કંઇક પ્રવૃત્તિ કરવી જોઇએ એવું લાગ્યું ત્યારે એમણે વર્ષ ૧૯૨૦માં સૌથી પહેલી ગુજરાતની યુનિવર્સિટી ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. એ વખતે ગાંધીજીને નહોતું નગરપાલિકાના પ્રમુખ બનવું, નહોતું વડાપ્રધાન બનવું, નહોતું વિશ્વગુરુ બનવું. એમની ઇચ્છા, એમનું કામ દેશને એક રાહ ઉપર સમાન અધિકાર મળે, સમાન તક મળે એ માટેનો પ્રયત્ન હતો અને એના ભાગરૂપે એમણે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી અને એક અલગ જ પ્રકારનું શિક્ષણ માટેનું સ્ટ્રકચર આપ્યું. એમણે જે સ્ટ્રકચર આપ્યું એ મારા સાથી ભાઇશ્રી વિરજીભાઇએ, માનનીય ગોવિંદભાઇએ લોકભારતી સણોસરાની વાત કરી. સન્માનનીય મંત્રીશ્રી પણ લોકભારતી સણોસરાની કાર્યપદ્ધતિથી અને બધી વસ્તુઓથી વાકેફ છે. સ્વર્ગસ્થ નાનાદાદાએ સ્થાપેલી સંસ્થા છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે હું એ મનુદાદાનો વિદ્યાર્થી છું. આજે એ કોલેજે ખાનગી યુનિવર્સિટી તરીકે દરખાસ્ત કરવી પડે? પેથલજી દાદાએ જે સંસ્થાઓ પછાત વર્ગો માટે શરૂ કરી, એ સંસ્થાએ ખાનગી યુનિવર્સિટી તરીકે દરખાસ્ત કરવી પડે? વહીવટીતંત્રનો આનાથી મોટો દૂરઉપયોગ બીજો કયો હોઇ શકે? આપણને કોનાથી તકલીફ છે? એ ગામડાંનો ગરીબ વિદ્યાર્થીઓના ઉત્કર્ષથી તકલીફ છે કે ગાંધીના નામથી તકલીફ છે? ગાંધી, સરદાર કે નહેરૂનું નામ પડે અને કેમ તકલીફ ઉભી થાય છે? આપણે એ વારસો નિભાવી નથી શકતા, ટકાવી નથી શકતા, એને મેન્ટેઇન નથી કરી શકતા? લોકભારતી સંસ્થા જેવી પી.ટી.સી., બી.એડ બી.આર.એસ. આ બધા અભ્યાસક્રમો ચાલતા. એને સ્ટાફ પૂરતો ન મળે, સ્ટાફના અભાવે એને કોલેજ બંધ કરવી પડે? બી.એડ. કોલેજ બંધ કરવી પડે. પી.ટી.સી. બંધ કરવું પડે. એમને ટકી રહેવા માટે, અસ્તિત્વ માટે ખાનગી યુનિવર્સિટી તરીકે રજિસ્ટર્ડ થવું પડે. એકબાજુ મહાત્માને રાષ્ટ્રપિતા કહીએ છીએ. રાષ્ટ્રપિતાની ધરોહરને બચાવવા માટે આપણે કશું નથી કરી શકતા? આનાથી મોટી દુઃખની વાત બીજી કોઇ હોઇ જ ન શકે. આની સાથે સાથે મારે બીજી વાત ઉપર ધ્યાન દોરવું છે જે સમયે ગાંધીજીએ મહિલાઓને, પછાતોને, ગરીબોને જોડવા માટેનો ત્રી-સ્તરીય કાર્યક્રમ અમલમાં મૂક્યો. અંગ્રેજોની સાથે સાથે ભારતનો પણ એક વર્ગ એવો હતો કે જે આઝાદીની આ પ્રક્રિયાથી દુઃખી હતો. એ ૧૫ ટકા વર્ગ ભારતની ૮૫ ટકા જનતાને સમાન અધિકારો, સમાન ભાગીદારોનો જે વિચાર હતો એનાથી એ લોકોને તકલીફ હતી. એનું કારણ આ ૮૫ ટકા વર્ગના સામાજિક, ધાર્મિક અને રાજકીય ગુલામી ઉપર ટકેલો આ વર્ગ હતો. આજે કયાંક આપણે ફરી વખત એ જ માર્ગે જઇ રહ્યા હોય તે પ્રકારના આપણા જે ડેટા આવી રહ્યા છે, એના ઉપરથી લાગી રહ્યું છે કે જે ૧૮,૦૦૦ ગામડાઓ છે, એના પછાતવર્ગોના લોકો માટે આપણે ૩૦ ટકા જેટલી જ યુનિવર્સિટી અને કોલેજો આપી રહ્યા છીએ. એમને ભણવા માટે ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થાઓ નથી કરી રહ્યા. એના બદલે ખાનગી સંસ્થાઓને વધારેમાં વધારે પ્રોત્સાહિત કરી રહ્યા છીએ. મારી દ્રષ્ટીએ આ બેલેન્સ જાળવવા માટે સરકારે વિચારવું જોઇએ. ખાનગી યુનિવર્સિટીની મંજૂરી મળે એની સામે તકલીફ ન

હોઈ શકે, પરંતુ એની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારના ગરીબ બાળકો માટે પણ એટલી જ વ્યવસ્થા સમયાંતરે થાય તે પ્રકારની વિનંતી મંત્રીશ્રીને કરું છું. ધન્યવાદ.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી માનનીય શિક્ષણમંત્રી ૨૦૨૨ર નું વિધેયક ક્રમાંક-૮ ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક લઇને આવ્યા છે, તેને સમર્થન કરવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ ભારતનું ગ્રોથ એન્જિન છે અને ગુજરાત દરેક બાબતમાં નંબર-૧ છે અને ગુજરાતના પાટનગરને ગાંધીનરમાં શિક્ષણમાં નંબર-૧ બનાવવા માટે આજે ખાનગી યુનિવર્સિટી સુધારા બિલ લઇને આવ્યા છે. મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા એ વખતે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગાંધીનગરમાં સ્થાપવામાં આવી. તે પછી પંડિત દીનદયાલ યુનિવર્સિટીની રાયસણ મુકામે સ્થાપના કરી. એ પછી જી.એન.એલ.યુ. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, રાયસણ મુકામે સ્થાપના કરી. રક્ષા શક્તિ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી આ રીતે ગુજરાતમાં હવે પછીનું કેવું શિક્ષણ હશે, વિદ્યાર્થીઓને કેવું શિક્ષણ આપવું પડશે. એમ આ એકવીસમી સદી જ્ઞાનની સદી કહીએ છીએ. એ સદીમાં આજના વિદ્યાર્થીને લઈ જવા માટે સુધારા વિધેયક લઇને આવ્યા છે. ગાંધીનગરમાં પહેલા કડી સર્વ વિદ્યાલય સેક્ટર-૨૩ માં ગુરુકુલ, સેક્ટર-૨૧ માં માઉન્ટ કાર્મેલ, સેક્ટર-૮ માં ઝેવિયર્સ, સેક્ટર-૭ માં ચૌધરી સ્કૂલ આ બધી શિક્ષણ આપતી સંસ્થાઓ હતી. ગામડામાં રહેતા લોકો એમ કહેતા હતા કે બાળકોને શિક્ષણ આપવું હશે તો ગાંધીનગ રહેવા જવું પડે છે. એમ ગાંધીનરનો વિકાસ એ આ શિક્ષણના લીધે થયો. અમારા વિપક્ષના મિત્રો કહેતા હતા અહીયા બેઠા છે તેઓ પહેલા કયાં ભણેલ હતા? તમારા વખતે જે સંસ્થાઓ હતી એ સ્કૂલો હતી. આવી સંસ્થાઓ નહોતી એટલે ત્યાં ભણવું પડ્યું હતું. હું ટીંટોડાની વાત કરું તો મારા ગામમાં ૮ ધોરણ એના પછી ઉચ્ચ શિક્ષણ લેવું હોય તો કલોલ ૭ કિ.મી. ચાલતો હું જતો અને ૭ કિ.મી. ચાલતો પાછો આવતો. અને તેના પછી જયારે ઉચ્ચ શિક્ષણ લેવું હોય તો કલોલ ખાતે સાત કિલોમિટર ચાલતો જતો અને સાત કિલોમિટર ચાલતો આવતો. તે વખતે શિક્ષણની વ્યવસ્થા આવી હતી. રસ્તા ન હતા, વાહનો ન હતાં, ચાલતા જવાનું અને ચાલતા આવવાનું. આ તેમના વખતના શિક્ષણની વાત કરીએ છીએ. આજે ૨૧ મી સદીનાં બાળકને જયારે ભારતીય જનતા પાર્ટીની સરકારે આપણા દેશના વિદ્યાર્થીઓને બીજા દેશમાં શિક્ષણ લેવા ના જવું પડે અને તેમણે જેવું શિક્ષણ લેવું છે તેવું જ શિક્ષણ ગાંધીનગરમાં મળી રહે તે માટે આ વિવિધ સંસ્થાઓની રચના કરવામાં આવી છે. ગાંધીનગરની નજીકમાં નિરમા યુનિવર્સિટી, ગાંધીનગરની નજીકમાં ગણપણ યુનિવર્સિટી, આવી જે યુનિવર્સિટીઓ છે તેમાં વિદ્યાર્થીઓને જે નોલેજ આપવામાં આવે છે તે ૨૧ મી સદીને અનુરૂપ આપવામાં આવે છે. જયારે મોદી સાહેબ કહેતા હોય કે, ડિજિટલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ન્યુ ઈન્ડિયા અને મેઈક ઇન ઇન્ડિયા. ત્યારે વિશ્વની કક્ષામાં ભારતના વિદ્યાર્થીઓ ઉભા રહે તેવું શિક્ષણ મળે તે માટે ભારતમાં આવી શૈક્ષણિક સંસ્થાઓની રચના કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા ખાતે નવી ત્રણ ખાનગી યુનિવર્સિટીઓ રચાનાર છે. ગાંધીનગર યુનિવર્સિટી, સ્કીપ્સ યુનિસર્સિટી અને સ્વામિનારાયણ યુનિવર્સિટી. આ સંસ્થાઓ ઘણાં વર્ષોથી શિક્ષણ આપતી સંસ્થાઓ છે. આ સંસ્થાઓમાં જે ખાનગી યુનિવર્સિટીની રચના કરવાની છે તે ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી એકટ ૨૦૦૯ અનુસાર કરવાની છે. તેમાં તમામ પ્રક્રિયાઓ પારદર્શક રીતે અનુસરવામાં આવશે. તમામ સૂચિત યુનિવર્સિટીઓને સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અનુસરવાના રહેશે. જે મુજબ મંજૂરી માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી ગાંધીનગર મારફત રાજ્ય સરકારને દરખાસ્ત કરવાની રહેશે. ત્યારબાદ તેમની સ્કુટિની કમિટી સમક્ષ ટ્રસ્ટ દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરવાનું રહેશે. ત્યારબાદ સ્કુટિની કમિટીના સભ્યશ્રીઓ દ્વારા સૂચિત ખાનગી યુનિવર્સિટીની રૂબરૂ સ્થળ તપાસ કરવામાં આવે છે. તમામ સૂચિત ખાનગી યુનિવર્સિટીઓએ પોતાની પાસે કોર્પસ ફંડ રાખવાનું રહેશે તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ સૂચિત ખાનગી યુનિવર્સિટીઓ પાસે જે જમીન વિસ્તાર તે તેમજ અન્ય ધારાધોરણો નિયમાનુસાર ધરાવતા હોવા જોઇએ. ગાંધીનગર યુનિવર્સિટી તે પ્લેટીનમ ફાઇન્ડેશન ટ્રસ્ટ દ્વારા સ્થપાનાર સંસ્થા છે. આની સ્પોન્સરિંગ બોડી પાસે રૂ.૧૨.૧૮ કરોડનું કોર્પસ ફંડ છે. સૂચિત યુનિવર્સિટીનો જમીન વિસ્તાર ૧૬.૩૫ એકર છે. સ્પોન્સરીંગ બોડી દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭ થી એઆઈસિટીઈ માન્યતા પ્રાપ્ત ગાંધીનગર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના નામે એક શૈક્ષણિક સંસ્થા ચલાવે છે. જે ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. મેનેજમેન્ટમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના શૈક્ષણિક અભ્યાસક્રમો ચલાવે છે. આ ઉપરાંત સૂચિત યુનિવર્સિટીમાં હવે ઇજનેરી મેનેમજેન્ટમાં પોલિટિક્સ સાયન્સ, આર્ટસ, રૂરલ મેનેજમેન્ટ, હોસ્પિટાલિટી મેનેજમેન્ટ જેવા કોર્સિસ પણ ચલાવવામાં આવશે. સ્કીપ્સ યુનિવર્સિટીનું સંચાલન જનક મદન ચેરીટેબલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવનાર છે. જેની સ્પોન્સરિંગ બોડી પાસે રૂ.૧૦ કરોડનું કોર્પસ ફંડ છે તથા સૂચિત યુનિવર્સિટીનો કુલ જમીન વિસ્તાર ૬.૫ એકર છે. ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૦૮થી સંત કબીર ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્રોફેશનલ સ્ટડીઝ ચલાવવામાં આવે છે, જેમાં બે વર્ષનો ફૂલટાઇમ પોસ્ટ ગ્રેજ્યુએશન, ડિપ્લોમાં મેનેજમેન્ટ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. સૂચિત SKIPS યુનિવર્સિટી યુવાનો માટે નવી તકોનું નિર્માણ કરશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વર્ષ ૨૦૨૦ મુજબ એક મલ્ટી ઈજનેરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ યુનિવર્સિટી હશે જે ભારતીય યુવાનોને આત્મનિર્ભર ભારત માટે સક્ષમ બનાવશે. સૂચિત યુનિવર્સિટી ઉદ્યોગોની જરૂરિયાતને સંતોષે તેવો અભ્યાસક્રમ પ્રદાન કરશે. સ્વામિનારાયણ યુનિવર્સિટી, સ્વામિનારાયણ વિશ્વમંગળ ગુરુકૂળ દ્વારા સૂચિત સ્વામિનારાયણ યુનિવર્સિટીનું સંચાલન થનાર છે, જેની સ્પોન્સરિંગ બોડી પાસે રૂપિયા ૧૦.૬૪ કરોડનું કોર્પોરેટ ફંડ છે, તથા સૂચિત યુનિવર્સિટીનો જમીન વિસ્તાર ૨૧.૨૫ એકર છે. સ્પોન્સરિંગ બોડી દ્વારા વર્ષ ૨૦૦૫થી ઉચ્ચ શિક્ષણની સંસ્થા ચલાવવામાં

આવે છે. આ ઉપરાંત ફાર્મસી, ઇજનેરી, મિકેનિકલ, સિવિલ, કોમ્પ્યુટર, ઓટોમોબાઇલ, આઇ.ટી., આયુર્વેદિક, હોમિયોપેથિક, બી.એ.સી., લો વગેરે અભ્યાસક્રમો ચાલે છે. સૂચિત યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર એપ્લીકેશન, આર્ટ્સ, મેનેજમેન્ટ, સોશિયલ સ્ટડીઝ વગેરે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો પ્રસ્તાવિક છે. આ તમામ ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપનાથી લોકોનું બહોળું હિત રહેલ છે. સ્થાનિક સ્તરે વિદ્યાર્થીઓને શિક્ષણ મળી રહેશે તથા રોજગારીનું સર્જન થશે. વધુમાં ઉચ્ચ શિક્ષણ આપવા માટે સરકારી યુનિવર્સિટીઓ પરના ભારણમાં ઘટાડો થશે. ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા ગુણવત્તાયુક્ત ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટીમવર્ક, ઇનોવેશન અને કોર્પોરેટ પડકારો સાથે વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ ગુણવત્તાયુકત પૂરું પડાશે. ખાનગી યુનિવર્સિટીની બીજી યુનિવર્સિટીઓ વચ્ચે હરિફાઇની ભાવનાનું નિર્માણ થશે, જેથી વિદ્યાર્થીઓ માટે નવા અભ્યાસક્રમ ગુણવત્તાયુકત શિક્ષણની સાથો સાથ તમામ વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે તે માટે વધુ પ્રયત્નો કરશે. શિક્ષણમાં ગુજરાતનું નામ વિશ્વ કક્ષાએ આગળ આવે તે માટે ખાનગી સંસ્થાઓ જે લાંબા સમયથી ઉચ્ચ શિક્ષણમાં મહત્ત્વનું પ્રદાન કરી રહી છે તેમને તક મળવી જ જોઇએ. આથી ગાંધીનગર જિલ્લાના દરેક વિદ્યાર્થીને ગુણવત્તાસભર અને સમાન શિક્ષણની તકો પ્રાપ્ત થાય તે માટે આ તમામ સૂચિત યુનિવર્સિટીની દરખાસ્ત માન્ય રાખી આપણે સૌ સર્વાનુમતે આ બિલ પાસ કરીએ એવી હું વિનંતી કરું છું. માનનીય શિક્ષણ મંત્રીશ્રી જ્યારે આ બિલ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા)વિધેયક-૨૦૨૨ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાનપણથી એક વાત સાંભળતા આવ્યા છીએ કે, એક શિક્ષિત મા સો શિક્ષકો કરતા વધારે સારું શિક્ષણ આપી શકે છે. આપ જ્યારે અહીંયા અધ્યક્ષ સ્થાને બેઠાં છો ત્યારે સ્વાભાવિક રીતે શિક્ષણ એ આપણા બાળકોની, આપણા યુવાનોની, એમના જીવનના ઘડતરની અને આજના સમયની અગત્યની જરૂરિયાત છે. ખાનગી યુનિવર્સિટીઓ આવે, આવતી હોય છે એની સામે કોઇને વાંધો નથી. પણ શિક્ષણના નામે વેપાર થાય એની સામે ક્યાંક વેદના થાય, ક્યાંક દુઃખ થાય, ક્યાંક એની સામે ચર્ચા થાય. આમાં અનેક સંસ્થાઓ એવી છે કે, સારી સંસ્થાઓ છે, સારી સંસ્થાઓમાં સારા સમાજના શ્રેષ્ઠીઓ છે અને સમાજની અંદર સારું કાર્ય કરી રહ્યા છે. અનેક સંસ્થાઓ એવી છે એની અંદર અને એની સાથે સાથે જે રીતે શિક્ષણનું ખાનગીકરણ થઇ રહ્યું છે. અને તે ખાનગીકરણને કારણે એક સમય એવો હતો કે આપણાં બાળકો, આપણા યુવાનો, આપણા વિદ્યાર્થીઓ મેડિકલમાં જાય, એન્જીનિયરિંગમાં જાય, જુદા જુદા ડિગ્રી કે જુદા જુદા એજયુકેશનના કોર્સ કરે. મારે ગર્વ સાથે કહેવુ છે કે, ૨ હજાર, પાંચ હજારની ફીની અંદર મેડિકલની અંદર આપણા યુવાનો ડોકટર થઇ જતા હતા. મા-બાપને ખબર નહોતી પડતી કે મારો છોકરો ડોકટર થઇ ગયો છે, એની ફી મારે ભરવાનો સમય કે મારે કયાંક લોન લેવાની પરિસ્થિતિ કે મારે દેવું કરીને મારે છોકરાને ભણાવવાનું આવ્યુ છે એ પરિસ્થિતિનું નિર્માણ હતું. આજે શું પરિસ્થિતિ છે ? આજે જે રીતે વિકાસ થઇ રહ્યો છે તે વિકાસની સાથે સાથે સામાન્ય વ્યકિત, મધ્યમ વર્ગ, મજદૂર અને ગરીબ વર્ગ તેની આર્થિક પરિસ્થિતિ જે નબળી પડી છે અને સામે ખર્ચ અને મોંઘવારી તેની સામે તે તેના બાળકને આજે ૧૨માની અંદર સાયન્સની અંદર એ પ્રથમ નંબરે આવ્યો હોય અને મેડિકલમાં કે એન્જીનિયરિંગમાં તેને નિયમ પ્રમાણે પ્રવેશ મળતો હોય પણ તેની પાસે ફી ભરવાના પૈસા નથી હોતા અને તેના કારણે ગરીબનો છોકરો, મધ્યમવર્ગનો છોકરો તે ડોકટર નથી બની શકતો, એ એન્જીનીયર નથી બની શકતો અને આજે શિક્ષણથી વંચિત રહી જાય છે, ત્યારે સરકારે આ વિચાર કરવાની જરૂર છે કે આપણે શિક્ષણ આપવા માગીએ છીએ, પણ મોંઘુ શિક્ષણ ના હોવુ જોઇએ, શિક્ષણનો વેપાર ના હોવો જોઇએ. ખાનગીકરણ કરો તે જુદી વાત છે જેની પાસે પૈસા છે આ વખતે આપણે જોયુ બધા જાણતા હતા કે જેને પ્રાઇવેટ, ખાનગી, દેશની અંદર, વિદેશોની અંદર પણ શિક્ષણ લેવા જતા હોય છે. અત્યારે આપણાં બાળકોને મેડિકલની અંદર જયારે અહીંયા ખાનગી મેડિકલ કોલેજોની અંદર કરોડો રૂપિયાની ફી ભરવી પડે છે. આ વખતે જે યુક્રેનની અંદર યુદ્ધ થયું, ત્યારે આપણને ખબર પડી કે ત્યાં સસ્તુ શિક્ષણ મેળવવા માટે બાળકો ત્યાં ભણવા ગયા હતા અને તે આપણા મેડિકલના જ વિદ્યાર્થીઓ હતા તો આપણી સરકાર એવુ કેમ ના વિચારે કે આપણે એવું સસ્તુ શિક્ષણ આપી શકીએ કે જેને મેડિકલ કરવુ છે તો તે અહીંયા જ મેડિકલ કરી શકે અને તે ત્યાંથી મેડિકલનું ભણીને આવે છે ત્યારે આપણાં એમ.સી.આઇ, મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા કે જે નવા નિયમો બન્યા છે તેની એકઝામ આપીને પાછો ડોકટર થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે શિક્ષણની બાબતમાં ખૂબ ગંભીરતાથી વિચારવાની જરૂર છે અને આ વિચાર સરકારે જ કરવો પડશે કે એક સમયે રાજય સરકારની ગ્રાન્ટેબલ શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ હોય અને તેની અંદર જ બધા ભણતા હોય છે. ખાનગી સંસ્થાઓનું તો કોઇને નામ પણ સાંભળ્યુ નહોતું અને આજે સમગ્ર રાજયમાં આપણે જોઇએ તો ખાનગી સંસ્થાઓ સિવાય બીજી કોઇ વાત આપણી સામે આવતી નથી ત્યારે આ જ ગુજરાતમાં આપણા દેશમાં આજે પણ વૈશ્વિક લેવલની સંસ્થાઓ આઇઆઇએમ, સેપ્ટ, એનઆઇડી આપણી ગુજરાત સરકારની એલ.ડી.એન્જિનિયરિંગ કોલેજ એવી અનેક સંસ્થાઓ છે કે જે વૈશ્વિક લેવલની સંસ્થાઓ છે કે જે દેશ-વિદેશથી લોકો અહીંયા ભણવા આવે છે એવી સંસ્થાઓ સરકારે બનાવી છે. કોંગ્રેસ પક્ષ સત્તા ઉપર હોય કે આજે ભાજપ સત્તા ઉપર બેઠું છે પણ આ જે કાર્ય છે શૈક્ષણિક બાબત હોય તે માનવીય અભિગમના બાબતની હોય, આપણા યુવાનોના ભવિષ્યના ઘડતરની બાબત હોય એ જે યુવાન છે તે કાલનું આપણું ભવિષ્ય છે તેના શિક્ષણની બાબત હોય ત્યારે આપણે કોઇ મધ્યમ વર્ગ, ગરીબ વર્ગ કે મજદૂર વર્ગનો બાળક સારા શિક્ષણથી

વંચિત ના રહી જાય તેની ચિંતા સરકારે કરવાની છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને ખાસ મારી વિનંતી છે કે, ગ્રાન્ટેબલ શાળા-કોલેજો જેટલી વધુ થઇ શકે એટલી સરકારે કરવી જોઇએ અને એ પણ રાજયોની અંદર પછાત એરિયાઓ અનેક છે, શહેરોની અંદર પણ શહેરી વિસ્તાર છે કે જે મારો વિધાનસભા વિસ્તાર છે અમારો પૂર્વ વિસ્તાર છે, બાપુનગર વિસ્તાર છે ત્યાં મજદૂર વર્ગ, શ્રમિકો, ગરીબો ત્યાં રહેતાં હોય છે. હવે આવા બધા જે પછાત વિસ્તારો છે ત્યાં અનેક સમાજના શ્રેષ્ઠીઓ છે કે જે તે વખતે તે લોકો શાળા કોલેજો પોતાના ખર્ચે દાન આપીને સરકારને આપતા અને સરકાર તેને ચલાવતી અને ગ્રાન્ટેબલ શાળા-કોલેજો બનાવતા અને સારું શિક્ષણ મેળવીને લોકો તેમાં ભણતા હતા. તો ફરી સરકારને મારી અપીલ છે કે સરકારે આવા પછાત વિસ્તારો, ગરીબ, મધ્યમવર્ગના વિસ્તારો છે ત્યાં ગ્રાન્ટેબલ શાળા- કૉલેજો બનાવવી જોઇએ અને ત્યાં મધ્યમવર્ગ, ગરીબ વર્ગ અને મજૂર વર્ગનાં બાળકો ભણી શકે અને શિક્ષિત બની શકે એવું આયોજન કરવું જોઇએ અને એમાં ભાજપ અને કૉંગ્રેસ સિવાય પણ સમાજનો અને આવનાર યુવાનના ભવિષ્યનો વિચાર કરીએ તો આપણા સૌ માટે સારું રહેશે. ધન્યવાદ.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત**(**થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી જે સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વર્ષો પહેલાં અલગ-અલગ સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા તાલુકાઓ ઉપર, જિલ્લા મથકો ઉપર શૈક્ષણિક સંકુલો બનાવવામાં આવ્યા ત્યારે કોઇ નફાના ધોરણે કમાવવા માટે નહોતા બનાવ્યા. આ વિસ્તારના ગરીબ લોકોને, સ્થાનિક લોકોને ત્યાં શિક્ષણ મળી રહે એ માટે આ બધી સંસ્થાઓ ઊભી કરવામાં આવી હતી. આજે અમારા બનાસકાંઠામાં લોકનિકેતન સંસ્થા, પાટણની ઝીલિયા સંસ્થા જેવી કેટલીય સંસ્થાઓ છે જે આજે પણ ત્યાંના ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને તૈયાર કરીને સમાજમાં શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. છેલ્લા ઘણા સમયથી પ્રાઇવેટ યુનિવર્સિટીઓને મંજૂરીઓ આપવામાં આવી રહી છે. આમ તો ડીંડોર સાહેબ પોતે પ્રોફેસર છે ત્યારે ગુજરાતના હજારો પ્રોફેસરોના જે મુદ્દાઓ છે. બે વર્ષથી ભરતીની જાહેરાત કરવામાં આવી છે પણ હજી સુધી ભરતી થઇ નથી એ બાબતે પણ થોડી ચિંતા કરીએ તો પ્રોફેસરોના પ્રશ્નોનો ઉકેલ આવી શકે. આજે ઘણા બધા વિદ્યાસહાયકો પોતાના પ્રશ્નો માટે આંદોલન કરવા માટે ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણીએ બેસવા માંગે છે પણ એમને એ મંજૂરી પણ આપવામાં નથી આવતી. પોતાના અધિકાર માટે અવાજ ઉઠાવવાનો પણ આ સરકારમાં પ્રતિબંધ છે. આ પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં ફીનું કોઇ ધોરણ નક્કી નથી હોતું. હું મંત્રીશ્રીને કહેવા માંગુ છું કે ગુજરાત યુનિવર્સિટીમાં સેલ્ફ ફાઇનાન્સ કૉલેજમાં રૂ.૧૫,૦૦૦/- જેટલી ફી ભરીને બી.કૉમ. થઇ શકાય છે. અમને ગર્વ છે કે અમે ગુજરાત યુનિવર્સિટીમાંથી બી.કૉમ. થઇને આજે આ વિધાનસભામાં બેઠા છીએ. એની સામે અમદાવાદમાં એક પ્રાઇવેટ યુનિવર્સિટીને મંજૂરી આપવામાં આવી છે ત્યાં એક સેમિસ્ટરની ફી દોઢ લાખ રૂપિયા છે. આટલી મોટી અસમાનતા શા માટે છે. અમદાવાદની બીજી એક પ્રાઇવેટ યુનિવર્સિટીમાં બી.કોમ.ની એક સેમિસ્ટરની ફી રૂ.૪૦,૦૦૦/- છે. બીજા અભ્યાસક્રમો માટે તો કેટલી ફી હશે એ જાણવા જેવું હશે. એફ.આર.સી. દ્વારા ફી અંગે જે જાહેરાત કરવામાં આવી હતી કે રૂ.૧૫,૦૦૦, રૂ.૨૫૦૦૦ કે રૂ.૩૫૦૦૦ ફી લેવામાં આવશે, પરંતુ કમનસીબે આજે ગુજરાતમાં જેટલી પણ સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલો છે એમાં ખોટા ખર્ચા બતાવીને ફીના નામે લાખો રૂપિયા વસૂલવામાં આવે છે. જેમ એફ.આર.સી.ની કમિટી બની પણ એના સ્કૂલો પર કોઇ નિયંત્રણો નથી તેમ પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં પણ બેફામ ફી ઉઘરાવવામાં આવે છે અને વિદ્યાર્થીઓનું શોષણ કરવામાં આવી રહ્યું છે. આ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ દ્વારા કૃષિ કૉલેજો ચાલુ કરી દેવામાં આવી ત્યારે ત્યાંના વિદ્યાર્થીઓને છેક સુપ્રીમ કોર્ટ સુધી જવું પડ્યું કારણ કે, યુનિવર્સિટીઓ દ્વારા જે કૉલેજો ખોલવામાં આવી એને સરકાર દ્વારા માન્યતા આપવામાં ન આવી. એક વિદ્યાર્થીની રૂ. ૫૦ હજાર કે લાખ રૂપિયા ફી હતી તેવી કેટલીય ખાનગી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સુપ્રીમ કોર્ટમાં પોતાના ભવિષ્ય માટે જવું પડ્યું. તેમ છતાં વિદ્યાર્થીઓને ન્યાય ન મળ્યો અને તેમની ડિગ્રી માન્ય ગણવામાં ન આવી. ખાનગી યુનિવર્સિટી દ્વારા કૉલેજો ખોલી કોર્સ શરૂ કરવામાં આવે છે તે ક્યાંકને ક્યાંક સરકારના નિયંત્રણમાં હોવું જોઈએ. કોઈ પણ ખાનગી યુનિવર્સિટી કે કૉલેજ નવો કોર્સ શરૂ કરતી હોય તો તેની મંજૂરી સરકારમાંથી લેવી જોઈએ. કેમ કે માન્યતા વગરની ડિગ્રીઓ આપવામાં આવી તેનાથી હજારો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થયાં છે. કૃષિ યુનિવર્સિટીમાં જે બી.એસ.સી.ની ડિગ્રી લઈને નીકળ્યા તેમને માન્યતા આપવામાં આવે તેવી હું વિનંતી કરું છું. ખાનગી યુનિવર્સિટીની ભૂલના કારણે આ વિદ્યાર્થીઓને ભોગવવું ન પડે અને વિદ્યાર્થીઓના ભવિષ્ય વિશે વિચારીને સરકાર વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેશે તેવી હું અપેક્ષા રાખું છું. આજે કેટલીય યુનિવર્સિટીઓ પી.એચ.ડી. અને એમ.ફિલ.ના અભ્યાસક્રમો ચલાવે છે પણ ત્યાં તેના ગાઈડ હાજર હોતા નથી. શિક્ષણ વગર કઈ રીતે પી.એચ.ડી. થઈ શકે? તેના ઉપર નિયંત્રણ કોનું? કોઈને પણ પૈસાના આધારે એડમિશન આપી દેવામાં આવે પણ ત્યાં ગાઈડ જ ન હોય તો કઈ રીતે પી.એચ.ડી. કરતા હશે? આપે આ બાબત વિશે ગંભીરતાથી વિચારી સેનેટ અને સિન્ડિકેટ હોય તે રીતે ખાનગી યુનિવર્સિટીની મંજૂરી સામે નિયંત્રણ બોર્ડ પણ હોવું જોઈએ. ક્વૉન્ટિટીવાળું શિક્ષણ નહિ મળે તો ચાલશે પણ ક્વૉલિટીવાળું શિક્ષણ આપશો તો આવનારાં વર્ષોમાં ગુજરાતના વિદ્યાર્થીઓ

વિશ્વની હરિફાઈમાં આવી શકશે. આજે તમામ ૫ ખાનગી યુનિવર્સિટીઓમાં યુ.જી.સી.ની લાયકાત ધરાવતા રજિસ્ટાર, લાયબ્રેરિયન, ડેપ્યુટી રજિસ્ટાર કે ફિઝિકલ એજ્યુકેશનના ડાયરેક્ટરની નિમણૂક થતી નથી. *(xxx)

શ્રી જીતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવું છે કે, *(xxx) સુપ્રીમ કોર્ટમાં રિવ્યુમાં છે એટલે તેની ચર્ચા ન થઈ શકે અને તેને રેકર્ડ પરથી કાઢી નાંખવામાં આવે.

અધ્યક્ષશ્રી : *(xxx) રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, યુ.જી.સી.ના ધારા ધોરણ મુજબ યુનિવર્સિટીમાં કુલપતિની નિમણૂક થવી જોઈએ. આપણી નામોશી થાય કે કોર્ટ દ્વારા તેની નિમણૂક રદ કરવામાં આવે તેના કરતાં ગમે તે વિચારધારાના પ્રોફેસર અને કુલપતિ બનાવો પણ જેને બનાવો તેને યુ.જી.સી.ની લાયકાત અને તમામ ડિગ્રી ધરાવતાં હોય તેવા લોકોની નિમણૂક થાય તેવી વિનંતી કરું છું. ખાસ કરીને ગ્રાન્ટેડ કૉલેજના નોન-ટીચિંગ સ્ટાફની ભરતીના પ્રશ્નોમાં જેટલું ખાનગી યુનિવર્સિટીઓના બિલ પર જોર આપવામાં આવી રહ્યું છે તેટલું જ સરકારી કૉલેજો પર પણ ધ્યાન આપવામાં આવે. ગુજરાત યુનિવર્સિટી, એસ.પી. યુનિવર્સિટી, વીર-નર્મદ યુનિવર્સિટી, એચ.એન.જી.યુનિવર્સિટી આ તમામ સરકારી યુનિવર્સિટી સારામાં સારું શિક્ષણ આપી રહી છે ત્યારે આપણે પણ ખાનગી યુનિવર્સિટીમાં ક્વૉલિટીવાળું શિક્ષણ મળે જેની ફીમાં ખાસ નિયંત્રણ રાખવા માનનીય મંત્રીશ્રી દ્વારા કમિટી બનાવવામાં આવે તેવી વિનંતી કરું છું.

શ્રી રાકેશભાઈ જ. શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વર્ષ ૨૦૨૨નું જે સુધારા વિધેયક લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે આ ખાનગી યુનિવર્સિટી વર્ષ ૨૦૦૯ વાળો વિષય છે તે પહેલા રાજયમાં વિભાગની ખાનગી યુનિવર્સિટીની રચના જુદાજુદા અધિનિયમોથી કરવામાં આવતી હતી. જયારે ખાનગી યુનિવર્સિટીની વાત થઈ ત્યારે અત્યારે ૫૧ પ્રાઈવેટ યુનિવર્સિટીઓ આવેલી છે. જેમાં અમદાવાદમાં ૧૩ આવેલી છે. ખાનગી યુનિવર્સિટીનું આ સુધારા વિધેયક લાવવાનું માનનીય મંત્રીશ્રીનું કારણ એ કે, જે યુનિવર્સિટી ઓફ પ્લેસમેન્ટ, ઓફિસ કેમ્પસ, તાલીમ કાર્યક્રમ, મોક ઈન્ટર્વ્યૂ, ગ્રૂપ ડિસ્કશન, કોમ્યુનિકેશન સ્કીલ, વર્કશોપ આ બધી યોજનાઓ પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં થતી હોય છે. જેના માટે ઉચ્ચ શિક્ષણ માટેનું કાઉન્સિલિંગનું પણ સુંદર આયોજન થાય છે. આમાંથી રોજગારીની તકો ૧૦૦ ટકા વધારે વિકસવાની છે અને એનાથી અભ્યાસ કરતા વિદ્યાર્થી, વિદ્યાર્થીઓને ફાયદા થવાના છે. એક હરિફાઈની ભાવનાનું નિર્માણ થવાનું છે. જયારે જયારે ખાનગી યુનિવર્સિટી વિવિધ સમયે પોતાનો વર્કશોપ અને સેમિનાર બનાવશે ત્યારે બહારની ફેકલ્ટીઓ દ્વારા શિક્ષણનું જે આયોજન કરવામાં આવે છે, તેનાથી અભ્યાસી વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને ફાયદો મળતો હોય છે. આપણે જાણીએ છીએ કે, ખાનગી યુનિવર્સિટીના કેમ્પસની એક વિશાળતા એ એનું ઈન્ફ્રાસ્ટ્રકચર છે. એનાથી ફેસિલિટી મળતી હોય છે. વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય છે પણ તેનાથી ફેસિલિટી વધારે મળવાથી તેમને ફાયદો થતો હોય છે. આ યુનિવર્સિટીની સ્થાપનાથી સરકારી યુનિવર્સિટી ઉપર જે ઉચ્ચ શિક્ષણનું ભારણ છે એ થોડું ઓછું થતું હોય છે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓ અને કોલેજોમાં જે રેટિંગ આપવામાં આવે છે, એમાંથી ગુજરાત સ્ટેટ રેટિંગ ઈન્સ્ટિટ્યૂશનલ ફ્રેમવર્કની શરૂઆત થઈ છે. એ મૂલ્યાંકન અને એક્રિડીશન થવાથી એ શૈક્ષણિક સંસ્થાઓની જુદા જુદા ક્ષેત્રમાં ગુણવત્તા વધવાની છે. શૈક્ષણિક સંસ્થાઓને રાષ્ટ્રિય સ્તરે નામના પણ મળે છે. આનો મુખ્ય લાભ ખાનગી યુનિવર્સિટીને પ્રાપ્ત થાય છે. ખાનગી યુનિવર્સિટી ધીરે ધીરે સમગ્ર વિશ્વમાં વિસ્તરી રહી છે અને બદલતા જતા સમયની સાથે તાલ મિલાવીને આ નવીન યુનિવર્સિટીઓ આગળ વધવા માટે અલગ અલગ પ્રોગ્રામોનું પણ આયોજન કરી રહી છે. અમદાવાદ જિલ્લામાં બે સૂચિત ખાનગી યુનિવર્સિટીઓની યાદી છે. એના ઉપર હું ટૂંકમાં વાત કરીશ. એમાં એક ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટી, ટ્રાન્સસ્ટેડિયા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા આ યુનિવર્સિટી કાંકરિયા, ગેટનંબર-૩ અમદાવાદ ખાતે આવેલી છે. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગર મારફત એના પત્રની દરખાસ્ત થઈ. એનું સ્કુટિની સમક્ષ આવ્યું. પ્રેઝન્ટેશન થયું અને ત્યારબાદ એની સ્થળ તપાસ પછી એની સૂચિત ખાનગી યુનિવર્સિટીમાં તપાસ આગળ વધારવામાં આવી. આ ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટીમાં સ્કૂલ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિઝન્ટસ, સ્કૂલ ઓફ મેનેજમેન્ટ અને સ્પોર્ટસ સ્ટડીવાળા એટલે અલગ પ્રકારના વિવિધ અભ્યાસક્રમોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક યુનિવર્સિટીની વાત કરું તો એ અદાણી યુનિવર્સિટી છે. જે અદાણી યુનિવર્સિટી ઓફ રિસર્ચ એન્ડ ઇનોવેશન છે. અમદાવાદ દ્વારા સૂચિત બીજી અદાણી યુનિવર્સિટી, વૈષ્ણોદેવી સર્કલ અમદાવાદ પાસે છે. એનું પણ એ જ પ્રકારે, એના પત્રની દરખાસ્ત, એનું સ્કુટિની સમક્ષ પ્રેઝન્ટેશન, સ્કુટિનીની સ્થળ તપાસ અને એમાંથી મુખ્યત્વે એનું ઈન્ફ્રાસ્ટકચર અને સંલગ્ન ક્ષેત્રો માટે આધુનિક સમયના એન્જિનિયર્સ અને મેનેજર્સ બનવા માટેની એક વિપુલ તક મળી છે. આ સંસ્થામાં હાલ જે ત્રણ સ્નાતક કાર્યક્રમો ચાલી રહ્યા છે. એમાં, સિવિલ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર એન્જિનિયરિંગ, બી.ઇ. બેચરલ ઓફ એન્જિનિયરિંગ, ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ અને માહિતી સંચારરૂપ ટેકનોલોજી છે. આ યુનિવર્સિટીનું વિઝન જોઈએ તો અન્ડર ગ્રેજ્યુએટ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્તરે અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજીનું શિક્ષણ છે. રાષ્ટ્રીય તેમજ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આંતરરાષ્ટ્રીય સહયોગથી તેના દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજીમાં વૈશ્વિક શ્રેષ્ઠતા હાંસલ કરી, શિક્ષણ અને સંશોધનનું એક વાતાવરણ પૂરું પાડે છે. આમ, સતત ઔદ્યોગિક જોડાણ અને મલ્ટીડિસિપ્લિનરી સંશોધન દ્વારા માનવજાતના લાભ માટે ઉચ્ચતમ ગુણવત્તા તકનિકી જ્ઞાનના સર્જન અને પ્રસાર માટે વિશ્વ કક્ષાની ઈન્ફ્રાસ્ટ્રકચર સંસ્થા તરીકે સ્થાપના કરી છે. અદાણી યુનિવર્સિટીમાં ક્લાસરૂમ, લાઈબ્રેરી, સેમિનાર હોલ, ઓડિટોરિયમ આ બધું આવેલું છે. એ સિવાય પણ મેં જેમ વાત કરી તેમ, હોસ્પિટાલિટી, મીડિયા, કોમ્યુનિકેશન, મનોરંજન, યોગા, વેલનેશ સ્પોર્ટસ સ્ટડી, લાઈબ્રેરી સાયન્સ, ફાઈન આર્ટસ, ઉદ્યોગ સાઈટસ, ઈનોવેશન, અર્બન પ્લાનિંગ અને આર્કિટેકચર જેવા અલગ અલગ વિષયો છે. આ બધા જ વિષયોની વાત હતી એટલે માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે, એમાં મારો સૂર પૂરાવું છું.

શ્રી સુરેશભાઈ ધ. પટેલ**(**મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, આપણા શિક્ષણ મંત્રીશ્રી અને અમારા ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ અધ્યક્ષ આદરણીય જીતુભાઈ વાઘાણી પ્રાઈવેટ યુનિવર્સિટી એકટ માટેનું બિલ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ચાવડા સાહેબે કહ્યું કે આખા દેશમાં સૌથી વધારે ખાનગી યુનિવર્સિટીઓ હોય તો તે ગુજરાતમાં છે. અને એ આપણું ગૌરવ છે. આ ખાનગી યુનિવર્સિટી એ વર્ષ ૨૦૦૯માં આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીને વિચાર આવ્યો, અને આપણે જોઈએ છીએ કે આદરણીય શ્રી નરેન્દ્રભાઈની એ દીર્ઘદ્રષ્ટિથી, એ વખતે હું ભૂતકાળમાં બધાને લઈ જઉં તો આપણા વિદ્યાર્થીઓને ડિપ્લોમાં, ડિગ્રી કોલેજો માટે મહારાષ્ટ્ર, ધુલિયા, બેંગલોર, આ બધી જગ્યાએ ભણવા માટે જવું પડતું હતું અને તે વખતે ચાલીસ કે પચાસ હજાર રૂપિયાની ફી હતી. એ લોકોનું રેગિંગ થતું હતું, ફી તો એટલી મોટી, જેટલી અત્યારે આપણે ફી છે એટલી ફી એ વખતે હતી. રેગિંગ થતું હતું, બાળકોને પરેશાન કરવામાં આવતાં હતાં, પાસ થવાના પૈસા લેવામાં આવતા હતા. આ સ્થિતિ જોયા પછી આદરણીય શ્રી નરેન્દ્રભાઈએ પ્રાઈવેટ કોલેજો અને પ્રાઈવેટ યુનિવર્સિટીઓ કરવાનો નિર્ણય કર્યો એ માટે એમને અભિનંદન આપીએ છીએ અને એના ફળ આજે આપણે જોઈ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આદરણીય સી. જે. ચાવડા સાહેબે વાત કરી કે શ્રી માલજીભાઈ દેસાઈને માનનીય રાષ્ટ્રપતિશ્રીએ પદ્મશ્રી આપ્યો, અમારા તાલુકાના છે. આપણા પૂર્વ ધારાસભ્યશ્રી છે, અને એમની હું જે સ્કૂલમાં ભણેલો, ઘણા સભ્યોએ કહ્યું કે કોંગ્રેસ શાસનની સ્કૂલમાં ભણેલા, તો હું સર્વોદય સ્કૂલ, એ વખતે ગાંધી આશ્રમ ઝીલીઆ સાથે જોડાયેલી હતી, અમારા બાબુભાઈ શાહ સંચાલક હતા અને આદરણીય શ્રી માલજીભાઈ આખું વ્યવસ્થાપન કરતા હતા. હવે તે વખતે કોઈ ગામમાં સ્કૂલ માટે પૈસા કોંગ્રેસની સરકાર એક રૂપિયો નહોતી આપતી, અમે બધા અમારા જે માળ અને મહોલ્લા હોય તેના ઉપર બેસીને ભણતા હતા. અને આ દશા હતી. જયારે કહેવામાં આવે છે ને કે તમે કોંગ્રેસના શાસનમાં ભણેલા, તો હા, અમે કોંગ્રેસના શાસનમાં ભણેલા, અને બીજું ત્રિભોવન વિદ્યાલય, લણવા, એક ગુજરાતની ખૂબ સારી સંસ્થા, આદરણીય ત્રિભોવનદાસના નામ ઉપર અને અમે ૨૧ ગામના વિદ્યાર્થીઓ, એક જ હાઈસ્કૂલ, ત્રિભોવન વિદ્યાલય, લણવા, અને એમાં અમે ૭ કિલોમિટર ચાલીને રોજ જતા, આવું વ્યવસ્થાપન એ વખતે હતું, એટલે ઘણીવાર આપણે ગૃહમાં વાત કરીએ છીએ ત્યારે મારે આ વાત કરવી પડે છે.

અધ્યક્ષશ્રી : આપણા બિલમાં જે વિષય છે તેના ઉપર વાત કરો.

શ્રી સુરેશભાઈ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર બોલ્યા છે એટલે એની હું વાત કરું છું. આ પાછળ નંબર આવ્યો એટલે પાંચ મિનિટ થઈ, પહેલા અડધો અડધો કલાક મળ્યો છે. બિલ ઉપરની વાત છે હું વધારે સમય નહીં લઉં. હવે આ જે હરિફાઈ થાય ને, એ હરિફાઈ કોઈ પણ વસ્તુમાં થાય ત્યારે એ શિક્ષણમાં થાય કે પછી રાજકારણમાં થાય, તો હરિફ મજબૂત હોય ને તો હરિફાઈમાં દોડવાની મજા આવે, તમારી સાથે અમને દોડવાની બહુ ઓછી મજા આવે છે. કારણ કે કોમ્પિટિશનમાં તમે થોડા મજબૂત થાવ તો અમે થોડા વધારે દોડીએ.

અધ્યક્ષશ્રી : તમે બિલ ઉપર વાત કરો**,** પ્લીઝ**,** શ્રી સુરેશભાઈ

શ્રી સુરેશભાઈ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર વાત કરું છું કે શિક્ષણમાં જયારે પણ આવી સંસ્થાઓ આવશે અને શિક્ષણની સંસ્થાઓ આવ્યા પછી દરેક સંસ્થાઓ વચ્ચે એકદમ કોમ્પિટિશન થશે. તો દરેકનું સ્ટાન્ડર્ડ ઉંચું કરવાનો પ્રયાસ કરશે. આ હજી શરૂઆત છે. આપણાં બાળકોને યુક્રેન વગેરે દેશોમાં ભણવા માટે જવું પડે છે. પહેલા આપણે બીજા રાજયોમાં જવું પડતું હતું, પરંતુ મને વિશ્વાસ છે આગામી પાંચ દસ વર્ષમાં માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વનો એટલો વિશ્વાસ કરશો તો આપણે તાલુકા કક્ષાએ નહિ જવું પડે. અત્યારે દરેક જિલ્લા કક્ષાએ મેડિકલ કોલેજ આપી દીધી છે જેની કયારેય કલ્પના પણ નહોતી કરી એ રીતે કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણી શ્રી રાકેશભાઈએ મારા મણીનગરની ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટી જે દેશનું અને દુનિયાનું શ્રેષ્ઠ ઘરેણું કાંકરિયા કહેવાય છે એની સામે આવેલી છે. એની માનનીય સભ્યશ્રી શ્રી રાકેશભાઈએ ખૂબ વિગતવાર વાત કરી છે એટલે હું એમાં સમયના અભાવે વાત કરતો નથી. એ જ રીતે બીજી અદાણી યુનિવર્સિટી એની પણ માનનીય સભ્યશ્રીએ વાત કરી છે. મારે આ સભાગૃહમાં એ જણાવું છે કે ઘણીવાર અહીંયા અદાણી અંબાણી જાણે કે દેશના દુશ્મન હોય તેવો વ્યવહાર કરવામાં આવે છે. માનનીય શ્રી ચાવડા સાહેબે વાત કરી, એ લોકો ધંધો કરે છે એમાંથી સરકારને વર્ષે કરોડોનો ટેકસ આપે છે અને લાખો માણસોને રોજગારી પણ આપે છે. એ પૈસા આવે છે એમાંથી આપણે ગરીબોને આપીએ

છીએ,ખેડૂતોને વીજળીના દેવા માફ કરીએ છીએ. આ બધું કરીએ છીએ તો આપણે ટાટા વિશ્વના શ્રેષ્ઠ બિઝનેશમેન કહેવાય છે એ બિઝનેશમેન ટાટા શ્રેષ્ઠ છે, એમની પણ આ ગૃહની અંદર વાત કરવામાં આવે ત્યારે વિપક્ષના અગ્રણીને વિનંતી કે આપણા ઉદ્યોગપતિઓને આવું નહિ કરવું જોઇએ. માનનીય શિક્ષણમંત્રીશ્રીએ કહ્યું કે મોટું મન રાખીને પાસ કરજો. આદરણીય શ્રી અટલજીએ કહ્યું કે છોટે મન સે કોઇ બડા નહિ હોતા. આ કરીને મોટું મન રાખીને આ જે અભિયાન છે એની હજી શરૂઆત છે. અમારી કલ્પના આદરણીય શ્રી નરેન્દ્રભાઇની અને ગુજરાતમાં અમારા માનનીય ભુપેન્દ્રભાઇના નેતૃત્વમાં અમારા શ્રી જીતુભાઇના નેતૃત્વમાં અમારી કલ્પના ભારતીય જનતા પાર્ટીની છે કે કોઇને જિલ્લા ફેર ભણવા ન જવું પડે અને તમામ કોર્સ વિદેશ તો શું બીજા રાજયમાં પણ ભણવા ન જવું પડે. આ ભારતીય જનાતા પાર્ટીની નેમ છે. આપ બધા આ બિલને સમર્થન કરો તેવી અભ્યર્થના.

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી ખાનગી યુનિવર્સિટીનું બિલ લઇને આવ્યા છે એ સારી વસ્તુ છે. આ રાજયના બાળકોને બહાર ન જવું પડે આવો વિચાર કરીને લઇ આવ્યા છે ત્યારે મારા ધ્યાન ઉપર જે મુદ્દા આવ્યા છે એ હું માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર લાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની અંદર વિદ્યાર્થીઓના પ્રવેશ માટેનું ધારાધોરણ નક્કી કરવામાં આવેલ નથી. વિદ્યાર્થીઓ પાસેથી વિવિધ બહાના નીચે ફી લેવાની, પૈસા ઉઘરાવવાના અને વધુ પડતા વાલીઓનું શોષણ કરવાનું છે, એ બાબતમાં કોઇ ધ્યાન દેવામાં આવેલ નથી. સ્ટાફની ભરતી માટે યુ.જી.સી.ના કોઇ નિયમોનું પાલન કરવામાં આવશે કે નહિ એ બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં યુનિવર્સિટીઓમાં આવતા વિદ્યાર્થીઓની ઉંચી ટકાવારી આપણે જોઇએ છીએ કે આવી પ્રાઇવેટ યુનિવર્સિટીમાં ચોરી કરાવીને ઉંચી ટકાવારી આપીને પાસ કરે છે, એટલે સાચા વિદ્યાર્થીઓને અન્યાય થાય આ બાબતની કોઇ છણાવટ નથી. જયારે આ લોકો પાસ થઇને બહાર આવે ત્યારે એને નોકરી માટે તકલીફ પડે છે કારણ કે પ્રાઇવેટ કોલેજો ચાલે છે ત્યાં મકાન નથી એના સરનામા નથી. મારા તાલુકામાં કહી શકું કે કોલેજોને મંજૂરી આપી દેવામાં આવે છે. લેબોરેટરી ન હોય, પૂરતો સ્ટાફ ન હોય, પૂરતું ઇન્ફ્રાસ્ટ્રકચર ન હોય તેમ છતાં મંજૂરી આપવામાં આવે છે. પ્રાઇવેટ યુનિવર્સિટીઓ આપીએ છીએ એના વાઇસ ચાઇન્સલેરને સત્તા આપી દઇએ છીએ, ત્યારે ભારત સરકારની કરોડરજ્જુ હોય, એવી આર.બી.આઇ. ના ગવર્નર વધુમાં વધુ બે હજારની નોટ ઉપર સહી કરે છે અને આ પ્રાઇવેટ યુનિવર્સિટીના વાઇસ ચાન્સલેર એમ.બી.બી.એસ., એમ.ડી., એમ.ડી.ડી.જી.ઓ., સર્જનની ડીગ્રી ઉપર સહી કરી શકે છે. જેની કોઇ કિંમત કરી શકાતી નથી. તેના માટેના તેમને કોઇ પણ અધિકાર આપી દઇએ છીએ. કોઇ નિયંત્રણ નહીં, જેના કારણે આ રાજ્યની આરોગ્યથી માંડીને, શિક્ષણથી માંડીને તમામ જગ્યાએ ચિંતાનો વિષય થયો છે. હું ચોક્કસ કહીશ, બહુ સારું કામ કર્યું છે. હું જે વિસ્તારમાંથી આવું છું, અરવલ્લી જિલ્લાની અંદર આ મોડાસા શહેર એ શિક્ષણની નગરી હતી. ભૂતકાળમાં આ મોડાસા કોલેજે ચાર-ચાર વાઇસ ચાન્સેલરો, ગુજરાતના નામાંકિત પ્રોફેસરો આપ્યા છે, દાઉદભાઇ ઘાંચીથી માંડીને માનનીય ધીરુભાઇ ઠાકર સાહેબ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મારા મિત્ર ડો. દક્ષેશ ઠાકર જેવા અને એ સિવાય જી.ડી.પી.યુ.ના શેઠ સાહેબ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર મોડાસાએ આપ્યા છે, ત્યારે મોડાસા વારંવાર રજૂઆત કરે છે. આવી પ્રાઇવેટ યુનિવર્સિટીઓ જેટલી તમારે આપવી હોય એટલી આપો. અમે આ દેશના, આ રાજ્યના નાગરિકો છીએ. મોડાસામાં હું જ્યારે કોલેજમાં ભણતો હતો ત્યારે અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી સાથે અમારું એફિલીએશન હતું. તમે જ્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી બનાવી ત્યારે અમને પાટણમાં મૂક્યા. અમારાં બાળકોને ૧૦૦-૧૫૦ કિલોમિટર બીજું જવાનું થયું. અમારી દીકરીઓને યુનિવર્સિટીનું કામ હોય તો પાટણ જવું પડે. અમને ચિંતા થાય છે ત્યારે જો તમે મોડાસાને યુનિવર્સિટી આપી હોત તો હું ચોક્કસ ઢોલ વગાડીને શ્રી જીતુભાઇ સાહેબનું ખૂબ અભિવાદન કરત પણ આપની યાદીમાંથી મોડાસા ભૂલાઇ ગયું છે. મારા તાલુકામાં કોલેજ નથી. વારંવાર રજૂઆત કરું છું. તેમણે ખાતરી આપી છે. બજેટમાં કોઇ જોગવાઇ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ શિક્ષણની વાત છે. પ્રાઇમરી શિક્ષકોનો પતિ-પત્નીનો કેસ હોય, તેમના પગારનો હોય, પ્રવાસી શિક્ષકની વાત હોય, શિક્ષણ એ કોઇ પણ રાજ્યના કોઇ પણ દેશના વિકાસનો માપદંડ છે. આપણે વાંચીએ છીએ કે જે દેશની અંદર સંરક્ષણનું બજેટ ઓછું હોય અને શિક્ષણનું બજેટ ઉંચું હોય તો તે રાજ્યનો દરજ્જો, તેનો માપદંડ છે એ ઉંચો આવે. રાજ્ય સરકારે અને શ્રી જીતુભાઇ સાહેબે શિક્ષણ માટે પ્રાઇવેટ કરીને એમના બજેટમાં કાપ કર્યો છે. અમારા ગામડાંના લોકોની તો ચિંતા કરો. શહેરના લોકો તો બે-પાંચ લાખ રૂપિયા ફી ભરીને ભણશે, પણ મારો વિસ્તાર જે આર્થિક રીતે પછાત છે તેના માટે આપે ચોક્કસ થોડું વિચાર્યું હોત. અમારો વિસ્તાર દૂબળો છે, આર્થિક રીતે નબળો છે, ત્યારે મને કવિ કરસનદાસ માણેકની બે પંક્તિ યાદ આવે છે. એમણે ખૂબ સારી ગઝલ લખી છે. મારો જે વિસ્તાર છે, પ્રાઇવેટ યુનિવર્સિટીઓ દ્વારા તમે કોને મદદ કરવા માગો છો? કોનાં બાળકોને ભણાવવા માગો છો? અમારા વિસ્તારના ઓ.બી.સી., ગરીબ, દલિત અને આદિવાસી સમાજના બાળકોની ચિંતા કરી લાગતી નથી. એટલે મને માણેક સાહેબની આ ગઝલ યાદ આવે છે. તે કહીને મારી વાત પૂરી કરીશ.

"મને એ સમજાતું નથી કે શાને આવું થાય છે? ફુલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે.
કામધેનું ને મળે ના એક સૂકું તણખલું, ને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે.
છે ગરીબોના કૂબામાં તેલનું ટીંપું ય દોહ્યલું, ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક,૨૦૨૨

દેવડીએ દંડાય છે ચોર મૂઠી જાર ના, લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે.

ઘર વિના ઘૂમે હજારો ઠોકરાતા ઠેરઠેર, ને ગગનચૂંબી મહેલો જનસૂનાં રહી જાય છે".

માનનીય અધ્યક્ષશ્રી, અમારો વિસ્તાર ગરીબ છે એટલે અમારી હાલત તણખલું ખાવાની નથી. ચાહે શિક્ષણની વાત હોય, ચાહે પાણીની વાત હોય કે અમારા વિસ્તારના ખેતીના પાણીની વાત હોય, હરહંમેશ હું રજૂઆત કરતો આવ્યો છું ત્યારે નામદાર સરકાર અમારા છેવાડાના વિસ્તાર, રાજસ્થાનની બોર્ડર ઉપરના વિસ્તારનું ધ્યાન રાખો એટલી વાત કરી અને જો અમારી વાત કદાચ સંભળાશે તો તમારું ઢોલ વગાડીને સ્વાગત કરીશું. આવજો ક્યારેક અમારા વિસ્તારમાં, અમે ખૂબ લાગણીશીલ છીએ. આપને વધાવીશ પણ મારા વિસ્તારનું ધ્યાન રાખજો.

અધ્યક્ષશ્રી : ગૃહનો વિરામનો સમય થયો છે.

**(વિરામ-સાંજના ૪-૦૦થી ૪-૩૦)**

**સભાપતિશ્રી રાકેશભાઇ શાહ અધ્યક્ષસ્થાને**

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રી માનનીય શ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ વધુ સુધારવાનું જે વિધેયક લાવ્યા છે એના પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ મળી રહે એના માટે જે ખાનગી યુનિવર્સિટી બિલ લાવ્યા છે એનાં માટે મારે એક-બે સૂચનો કરવાં છે. રાજ્યમાં અગાઉ ૪૪ યુનિવર્સિટીઓ હતી. આ વખતે હમણાં જ મંજૂરી મળવાની છે એવી ૧૧ ખાનગી યુનિવર્સિટી છે એમ કરીને ૫૪ થશે. ખાનગી યુનિવર્સિટી શરૂ થાય એ આવકારદાયક છે. પરંતુ આજે ખાનગી યુનિવર્સિટીની જુદી જુદી ફેકલ્ટીઓ, જુદા જુદા વિષયોના કોલેજોમાં જે એડમિશન લે છે, આર્થિક રીતે નબળા વર્ગના મા-બાપને પોષાય એવી જો પ્રવેશ ફી લેવામાં આવશે અથવા તો આપણા તરફથી કંઇક નિયંત્રણ હશે તો મને લાગે છે કે હજારો કુટુંબો જે આજે પોતાનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવા, ગુણવત્તાવાળું શિક્ષણ આપવા માગે છે, પરંતુ આર્થિક પરિસ્થિતિના લીધે આવી ખાનગી યુનિવર્સિટીની કોલેજોમાં પ્રવેશ મેળવી શકતા નથી. સરકારી યુનિવર્સિટીઓ છે એમાં તો ધારા ધોરણ મુજબ પ્રવેશ મળે છે, પણ સરકારી યુનિવર્સિટીઓમાં યુ.જી.સી.ના નોર્મ્સ પ્રમાણે ભરતીઓ થાય છે એમ આમાં આઉટસોર્સ નહીં, ૧૧ મહિનાના કરાર આધારિત નહીં પણ કાયમી ભરો. ભલે તમે અજમાયશી પિરિયડ ૩-૪ વર્ષનો રાખો, પણ પૂરા પગારની નોકરી જો આ ખાનગી યુનિવર્સિટીના સંચાલકોને આપના તરફથી દબાણ કરશો તો મને લાગે છે કે ખાનગી યુનિવર્સિટી ખોલવાનો હેતુ છે કે સારું ગુણવત્તાવાળું શિક્ષણ મળે, સસ્તું શિક્ષણ મળે, ક્વોલિટીવાળું શિક્ષણ મળે એ જાતનો આપણો ઉદ્દેશ છે એ બર ત્યારે જ આવશે કે જ્યારે એના ઉપર નિયમન લાવશો. અમારા ટ્રાયબલ વિસ્તારમાં અમારું શિક્ષણનું સ્તર ઉંચું છે એમાં કોઇ ના ન પાડી શકે. અમારી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની જે કોલેજો છે એમાં શિક્ષણની ગુણવતાવાળા પ્રોફેસરો છે, ક્વોલિફાઇડ છે પણ ખાનગી અને સરકારી યુનિવર્સિટીની કમ્પેરિઝન કરીએ તો એમાં સરકારી યુનિવર્સિટીમાં આપણો સીધો કન્ટ્રોલ હોય છે. ખાનગી યુનિવર્સિટીમાં જે સંચાલકો છે, એનું મંડળ છે એ પોતાની રીતે સંચાલન કરવાનું છે કારણ કે એ સ્વનિર્ભર જેવી યુનિવર્સિટી છે. એટલે પોતાને મન ફાવે એ રીતે ફી લેશે, એ રીતે સ્ટાફ પણ ભરશે એવું ન થાય, આપ વિજિલિયન્ટ છો. ૧-૨ વખત મળવાથી મને એવું લાગ્યું છે. આપ ચોકકસ શિક્ષણમાં સુધારો કરશો જ એવી મને શ્રદ્ધા અને ખાતરી છે. વિશેષ મારે વાત નથી કરવી પણ આટલું જો તમે કરશો તો મને લાગશે કે તમે ખરેખર ખરા અર્થમાં શિક્ષણશાસ્ત્રી અને શિક્ષણમંત્રી આ ગુજરાતના થશો એવી મને આશા છે.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક ક્રમાંક-૮ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના સમયમાં ગુજરાતમાં સિમિત યુનિવર્સિટીઓ હતી, તેમ છતાં બધાને પૂરતા પ્રમાણમાં શિક્ષણ મળી રહેતું હતું. અત્યારે આ બિલ પસાર થતા ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટીઓની સંખ્યા ૫૪ થાય છે. આ ઉપરાંત જે આપણી યુનિવર્સિટીઓ છે એ પણ ઘણી બધી છે, તેમ છતાં પણ આપણા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે જવું પડે છે એ પણ ખૂબ દુઃખદ બાબત છે. આટલી બધી ખાનગી યુનિવર્સિટીઓ બનવા છતાં મારા મત વિસ્તાર ધંધુકામાં એક પણ પ્રાઇવેટ યુનિવર્સિટી નથી કે સરકારી યુનિવર્સિટીમાંથી ચાલતી હોય એવી એક પણ સાયન્સ કે કોમર્સ કોલેજ સરકારી પણ નથી અને પ્રાઇવેટ પણ નથી. માત્ર એક ગુજરાત યુનિવર્સિટીની કોલેજ છે, એમાં પણ આર્ટસના એફ.વાય., એસ.વાય., ટી.વાય.ના એક એક કલાસ અને કોમર્સના પણ એફ.વાય., એસ.વાય. અને ટી.વાય.ના એક એક કલાસ ચાલે છે. બરવાળામાં માત્ર એક આર્ટસ કોલેજ છે એમાં પણ એફ.વાય., એસ.વાય., ટી.વાય. છે. આ સિવાય કોઇ વધારાની વ્યવસ્થા વિદ્યાર્થીઓને ભણવા માટે મારા વિસ્તારમાં નથી. દર વર્ષે બારમાનું રિઝલ્ટ આવે. એફ.વાય., એસ.વાય.માં એડમિશન માટે મોટો પ્રશ્ન ઉપસ્થિત થતો હોય છે, ત્યારે ઓનલાઇન એડમિશનના કારણે બહારના વિદ્યાર્થીઓને એડમિશન મળતું હોય છે, ત્યારે સ્થાનિક વિદ્યાર્થીઓ રહી જતા હોય છે, એટલે દર વર્ષે અમારે આર્ટસમાં અને કોમર્સમાં ૧૫૦ થી ૨૦૦ વિદ્યાર્થીઓને વધારે એડમિશન માટે પ્રયત્ન કરવા પડતા હોય છે, ત્યારે યુનિવર્સિટીમાં જઇએ તો કુલપતિ મળતા નથી, રૂબરૂ ન મળે, ધારાસભ્યના ફોન

ઉઠાવે નહીં. કુલપતિશ્રીની તો રાજય સરકાર સુધી અમારે રજૂઆત કરવી પડે, આ પણ એક દુઃખદ બાબત છે. યુનિવર્સિટીની સાથે જયારે આપણે વાત કરીએ તો મારા મતવિસ્તારમાં અહીંથી ધંધુકા ૧૦૦ કિલોમિટર, ૧૦૫ કિલોમિટર છે. એક સરકારી આરોગ્ય કેન્દ્ર છે, એને અપગ્રેડ કરી ડિસ્ટ્રિકટ હોસ્પિટલ બનાવવા માટે મેં વર્ષ ૨૦૧૮ થી રજૂઆત કરી છે. જો સબ ડિસ્ટ્રિક હોસ્પિટલ અપગ્રેડ થાય તો ત્યાં નર્સિંગ જેવા કોર્સ પણ થાય અને વિદ્યાર્થીઓને ભણવા માટે ત્યાં સાયન્સ લેવલે પણ કંઇક થાય એને માટે પણ મારી રાજય સરકારને વિનંતી છે. આ યુનિવર્સિટીમાં એડમિશન લેવા માટે માધ્યમિક શિક્ષણ પણ જરૂરી છે ત્યારે મારા મત વિસ્તાર બરવાળા તાલુકામાં, માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી બરવાળા તાલુકાના જમાઇ છે ત્યારે મારું એક સૂચન છે કે બરવાળા તાલુકાની અંદર એકપણ માધ્યમિક શાળા નથી તો વિજ્ઞાન પ્રવાહની ધોરણ-૧૧, ૧૨ ની એક શાળા ચાલુ કરવામાં આવે. રાણપુર તાલુકામાં પણ ૧૧-૧૨ સાયન્સ નથી અને ધોલેરા તાલુકામાં પણ ધોરણ-૧૧, ૧૨ ની એકપણ વિજ્ઞાન પ્રવાહની શાળા નથી. ધંધુકાની અંદર માત્ર બે શાળા છે. તો આ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં જશે અને એમને ત્યાં પૂરો અભ્યાસક્રમ જ નહીં મળે તો? સાયન્સ ભણવા માટે વિદ્યાર્થીઓને ૧૦૦, ૨૦૦ કિલોમિટર દૂર જવું પડે છે, ખૂબ ખર્ચ કરવો પડે છે. આર્થિક રીતે પછાત તાલુકો છે, ત્યારે ત્યાં ને ત્યાં વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ મળી રહે એવી પણ માનનીય મંત્રીશ્રીને મારી રજૂઆત છે. માનનીય સુરેશભાઇ હમણા કહેતા હતા કે હું ભણતો હતો ત્યારે આઠ કિલોમિટર ચાલતો હતો ત્યારે મારા રાણપુર તાલુકાનું વેજળકા ગામ છે. ત્યાંથી સુંદરિયાણા ૧૦ કિ.મી. જેટલા અંતરે છે. વચ્ચે ચંદરવા ગામ આવે છે. વેજળકા ગામના ૮૦ જેટલા છોકરા, છોકરીઓ વિદ્યાર્થીઓ ડેઇલી ચાલીને જાય છે. વારંવાર એસ.ટી. વિભાગને લેખિત રજૂઆત કરી છે. એસ.ટી. બસો ચાલુ કરો. આજદિન સુધી એસ.ટી. બસોની સુવિધા પૂરી પાડવામાં આવી નથી. અત્યાર સુધીમાં ૮ થી ૧૦ કિ.મી. ચાલવું પડે જે દુઃખદ બાબત છે. આ માટે મંત્રીશ્રીને રજૂઆત કરું છું. આથી વિશેષ મારી રજૂઆત નથી. ધન્યવાદ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૯ માં કુલ ૧૮ યુનિવર્સિટીઓ હતી અને વર્ષ ૨૦૦૯ થી આજે વર્ષ ૨૦૨૨ માં ૫૪ યુનિવર્સિટીઓ થવા જઇ રહી છે. ચર્ચાઓ ગૃહની અંદર કરીએ છીએ. બધા જવાબદાર લોકો છીએ. આક્ષેપો, પ્રતિ આક્ષેપો એકબીજા ઉપર દોષારોપણ કરીએ છીએ. એમાંથી બહાર નિકળીને ગુજરાતમાં વાસ્તવિક રીતે શિક્ષણની સ્થિતિ છે, એના માટે ચિંતન કરવું જરૂરી છે. અહીયા અમારા વખતે શું થયું છે? કોંગ્રેસની સરકારમાં તમે શું કર્યુ? તમારા ૨૫ વર્ષમાં સરકારે શું કર્યુ છે? એ વાતમાં પડતા પહેલા આપણે એટલું સમજીએ કે બાળક જન્મે એટલે સીધેસીધુ ૨ મીટર કાપડની જરૂરિયાત નથી. એને નાનું બાળતિયું જ જોઇએ. જેમ જેમ મોટો થતો જાય એમ એની જરૂરિયાત વધતી જાય. દેશ આઝાદ થયો તેમાં શું હતું, ઋષિ મૂનિઓ ભણ્યા છે એ આશ્રમોમાં ભણ્યા છે, ખુલ્લામાં ભણ્યા છે. જે કોઇ વ્યવસ્થાઓ હતી, એમાં ધીમે ધીમે જે તે સરકારો આવી એ સરકારોએ વ્યવસ્થાઓ ઉભી કરતી ગઇ. આજે આવકો વધી છે, એની સામે ખર્ચાઓ વધ્યા છે. આવક વધે છે એટલે કહો છો કે આટલો બધો ખર્ચો કર્યો, આટલી બધી વ્યવસ્થા કરી છે. વાસ્તવિક સ્થિતિ એ છે કે જે સરકારી કોલેજો છે, એની અંદર પૂરતા પ્રમાણમાં પ્રાધ્યાપકો નથી, એટલું જ નહિ, પણ જે તે વિષયના પૂરતા પ્રમાણમાં પ્રાધ્યાપકો નથી. ખાનગી યુનિવર્સિટીની અંદર મંજૂરીઓ આપીએ છીએ. અગાઉ મંજૂરીઓ આપી છે એ આપ્યા પછી કયારેય શિક્ષણ વિભાગે એમની પાસેથી કોલેજો પાસેથી વિગતો મંગાવીને પૂરતી વ્યવસ્થા છે કે કેમ તેની ચકાસણી કરી છે ખરી? શ્રી ભૂપેન્દ્રભાઇ બેઠા છે. ધોળકામાં એક રજૂઆત કરવામાં આવેલી. રાય યુનિવર્સિટીની શરૂઆત કરવામાં આવી. ત્યાં મંજૂરી આપ્યા પછી કોર્સ ચાલુ થયા. કોર્સ ચાલુ થયા પછી ૩-૩ વર્ષ પછી ડિગ્રીઓ મળી, ડિગ્રીઓ મળ્યા પછી એમને ના પાડી. ડિગ્રીઓ આપવામાં ના આવી. છેક સુપ્રીમ કોર્ટ સુધી મુદો ગયો. સુપ્રીમ કોર્ટે અમુક કિસ્સામાં મંજૂરીઓ આપી. અમુક યુનિવર્સિટીઓને મંજૂરીઓ ના આપી. એ બાળકોના ભવિષ્યનું શું? મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે છેલ્લાં વર્ષોમાં જે પ્રકારે શિક્ષણના ખાનગીકરણ તરફ વળ્યા છીએ. પ્રાથમિકથી લઇને કોલેજ સુધી અને ખાનગી યુનિવર્સિટીઓ સુધી અને એના કારણે અસર કોને થાય છે? નાના મધ્યમ વર્ગને, શોષિત, પીડિત, ગરીબ અને છેવાડાના માણસ કે જે મજૂરી કરે છે, એનાં બાળકોને સીધી અસર થાય છે. એમને એડમિશન લેવું પડે. પ્રવેશ મેળવવા માટેની સ્થિતિ ઉભી થઇ છે. આપણે બધાએ અનુભવ્યું છે. આ પક્ષ હોય કે આ પક્ષ હોય જે હકીકત છે. ખાનગીકરણ જરૂરિયાતવાળું હોય ત્યાં કરવું જોઇએ, પણ આ સરકાર ખાનગીકરણ કરવાની પદ્ધતિની સામે જે રીતે આગળ વધી રહી છે તેને બદલે કંઇક વિચારવું જોઇએ. તેનો અર્થ એ થાય કે, આવનારા દિવસોમાં હજી બીજી નવી યુનિવર્સિટીઓ આપીને આપણી સરકારી યુનિવર્સિટીઓ છે તેને આપણે તાળાં મારવાની વાત કરવા જઇ રહ્યા છીએ. તેના કરતાં સરકારી યુનિવર્સિટીઓ જે છે અને તેમાં જે જે ઇન્ફ્રાસ્ટ્રકચરની જરૂરિયાત છે, અપૂરતી છે, સુવિધાઓ નથી તેને આવી સુવિધાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવડાવો. મકાનની જરૂર હોય તો તે જરૂરિયાત ઉભી કરાવો અને તેની સાથોસાથ આનુષાંગિક જરૂરિયાતોની જરૂર હોય તો તે પૂરી કરવામાં આવે તો મને લાગે છે કે, સરકારી યુનિવર્સિટીઓની અંદર જે ભણે છે અને જે લોકો એડમિશન લેવાના છે તે ગરીબ અને ગામડાંના માણસોનાં બાળકો તેમાં એડમિશન લેવાના છે. આર્થિક રીતે સુખી સંપન્ન લોકો પોતાના બાળકોને કયાં ભણાવે છે, તેમાં આપણે બધા આવી જઇએ છીએ. તેની વિશેષ ચર્ચામાં આપણે ન પડીએ પણ જે હકીકતો છે તેનો આપણે સ્વીકાર કરીએ.

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક,૨૦૨૨

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વ્યવસ્થામાં આપણે આમૂલ પરિવર્તન કરતા રહ્યા છીએ, આજે પણ ગુજરાતમાં શિક્ષણવિદોની સંખ્યા ઓછી નથી. જે શિક્ષણવિદો છે તેમની પાસેથી વિગતો મેળવીને ભવિષ્યમાં શિક્ષણ માટે શું વ્યવસ્થા કરી શકાય તેના માટે રાજ્ય સરકારે ગંભીરતાપૂર્વક વિચારવું જોઇએ. આપણે જૂનાગઢ ખાતે નરસિંહ મહેતા યુનિવર્સિટી બનાવી. તમે આ બિલમાં કહ્યું છે કે, ચકાસણી સમિતિએ સદરહું અરજીની ચકાસણી કરી છે અને ચકાસણી સમિતિના અહેવાલ પરથી રાજ્ય સરકારે ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે સંબંધિત મંડળને ઇરાદાપત્રક કાઢી આપ્યા છે. ઇરાદાપત્રક આપી દીધા છે. યુજીસીના નિયમ પ્રમાણે તેમની પાસે વ્યવસ્થા છે ખરી? ભૂતકાળની અંદર પારૂલ યુનિવર્સિટીની ગંભીર પ્રકારની ફરિયાદો આવી હતી. રાજકોટની અંદર પ્રાઇવેટ યુનિવર્સિટીને મંજૂરી આપી છે તેની ફરિયાદો પણ રેકર્ડ ઉપર આવી હતી. જો યુજીસીના નિયમ પ્રમાણે યુનિવર્સિટી ચાલતી હોય તો સુપ્રીમ કોર્ટે શા માટે કહેવું પડે કે વાઇસ ચાન્સેલરને તમે ઘરભેગા કરી દો. આ જે વાસ્તવિકતા છે તેનો સ્વીકાર કરીને, યુજીસીના નિયમ પ્રમાણે જે કોઇ યુનિવર્સિટીઓને આપણે મંજૂરીઓ આપીએ છીએ અથવા આજે મંજૂરીઓ આપવા જઇ રહ્યા છીએ. તેમાં ધારાધોરણ પ્રમાણે સમિતિએ જે અહેવાલો આપ્યા છે તેની પૂરતી ચકાસણી કરવી જોઇએ અને સાથે સાથે તેનું ક્રોસ વેરિફિકેશન પણ કરાવવું જોઇએ. કારણકે ભલામણો રેકર્ડ ઉપર આવે અને આપણે આપી દઇએ છીએ. ચકાસવા જઇએ તો સ્થળ ઉપર ઉલટી પરિસ્થિતિ હોય. શિક્ષણમંત્રીશ્રી ભૂતકાળમાં આવું બન્યું છે. ત્યારે ભવિષ્યમાં આ પ્રકારે ન બને અને નાનાં ગરીબ અને પછાત લોકોનાં બાળકોને શિક્ષણ મેળવવામાં મુશ્કેલીઓ ન પડે તેના માટે આપણા ધારાધોરણ છે તે મુજબ જ શિક્ષણ વિભાગ ચાલે, તે પ્રકારે તેનું અમલીકરણ કરે તો મને લાગે છે કે આપણે ભવિષ્યની પેઢીનું કલ્યાણ સારી રીતે કરી શકીશું. અસ્તુ.

સભાપતિશ્રી : શ્રી પરેશભાઇ આપને વાત કરવાની છે? શ્રી પરેશભાઇ ધાનાણી.

શ્રી પરેશ ધાનાણી**(**અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર. આ ગૃહ સમક્ષ વિદ્વાન શિક્ષણમંત્રી અને અમારા સન્માનનીય સાથી શ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે, ત્યારે તેમાં મારા વિચારો અને થોડાં ક સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું. ગુરૂકુળ પરંપરાનો ગૌરવવંતો ઇતિહાસ ધરાવતું આપણું આ ગુજરાત છે. જે દેશમાં વલભી અને નાલંદા જેવી વિશ્વ વિખ્યાત વિદ્યાપીઠો હતી, વિશ્વના લોકો આ દેશમાં તેના જીવન ઘડતર માટે આવતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વમાં સૌ પ્રથમ ફરજિયાત શિક્ષણનો પાયો નાંખનારી આ ગુજરાતની ભૂમિ અને એમાંય મહારાજા સયાજીરાવ ગાયકવાડની સરકારમાં અમારો અમરેલી તાબો વર્ષ ૧૮૯૭માં મહારાજા સાહેબે ફરજિયાત શિક્ષણનો પાયલોટ પ્રોજેક્ટ અમરેલીની અંદર શરૂ કર્યો, પાંચ વર્ષ સુધી ફરજિયાત શિક્ષણનો પ્રયોગ કર્યા પછી વર્ષ ૧૯૦૩માં ગાયકવાડ મહારાજે સમગ્ર ગાયકવાડ સલ્તનતમાં વિશ્વમાં સૌ પ્રથમ ફરજિયાત શિક્ષણની શરૂઆત કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સમાજના ઘડતર માટે, શ્રેષ્ઠ સમાજના ઘડતર માટે એક માત્ર શિક્ષણ એ દરેકની પાયાની જરૂરિયાત છે. મારે ટીકા ટિપ્પણીઓમાં નથી પડવું, પણ આ ગૃહનો ઘણો લાંબો સમય હું સભ્ય રહ્યો છું અને વારંવાર સત્તામાં બેઠેલા મિત્રો ટિપ્પણી કરતા હોય છે કે, ૬૦ વરસમાં કોંગ્રેસે કાંઇ ન કર્યું, જે કાંઇ કર્યું એ બધું અમે કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, મારી અગાઉના વક્તાઓએ ઘણી બધી વાત કરી, પણ હું દાવા સાથે કહી શકું કે આ દેશની આઝાદીના કાળથી આજ પર્યંત વર્ષ ૧૯૬૦માં ગુજરાતનો પાયો નંખાયો ત્યારથી વર્ષ ૨૦૨૨ સુધીમાં અત્યારે જે કોઇ બોલી શકે છે એવા બધા લોકો ક્યાંકને ક્યાંક કોંગ્રેસ શાસનની શાળામાં ભણ્યા હશે, બાળ મંદિરમાં ગયા હશે. પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ લીધું હશે. કોંગ્રેસે આ દેશના ઘડતર માટે સામાન્ય માણસની અંદર જ્ઞાનનો દીપ જગાવવાનો પ્રયાસ કર્યો અને શિક્ષણને શેરી-મહોલ્લા સુધી લઇ જવાની યોજનાઓની શરૂઆત થઇ અને એનું પરિણામ આજે ગુજરાત સહિત સમગ્ર દેશના શ્રેષ્ઠ નેતાઓ જેના માટે આપણને સૌને આદર થાય, પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલજી મને લાગે છે કે એ પણ કોંગ્રેસની શાળા-કોલેજમાં ભણ્યા હશે, આદરણીય અડવાણી સાહેબ એ પણ કોંગ્રેસ નિર્મિત શાળા કોલેજમાં ભણ્યા હશે, અને આપણે સૌ જેનું ગૌરવ લઇએ છીએ, આ ગૃહના પૂર્વ નેતા, પૂર્વ મુખ્યમંત્રી અને આજના આદરણીય પ્રધાનમંત્રી શ્રી જ્યારે ભણ્યા હશે ત્યારે એ કોંગ્રેસની શાળામાં ભણ્યા હશે. કોંગ્રેસના શાસનમાં જે સરસ્વતીના મંદિરોમાં જ્ઞાનની પૂજા થતી હતી, એ જ શાળાઓમાં ભણી શ્રેષ્ઠ અભિનેતાઓ પણ બન્યા, શ્રેષ્ઠ ઉદ્યોગપતિ બન્યા એના માટે મને ગર્વ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગુજરાતની ચિંતા કરીએ છીએ ત્યારે ગુજરાતની બહાર દરેક ગુજરાતી પ્રત્યે આપણે સૌ ગૌરવ અનુભવતા હોઇએ છીએ. આજે અદાણીની વાત થાય, અંબાણીની વાત થાય, ટાટાની વાત થાય આ દેશને વિશ્વની મહાસત્તા બનાવવામાં જેનો મહત્ત્વનો પાયો છે એવા લગભગ તમામ ઉદ્યોગપતિઓ એના બાળપણના કાર્યકાળમાં કોંગ્રેસની શાળાઓમાં ભણ્યા હશે. કેટલાય ડોક્ટર, એન્જિનિયર અને વૈજ્ઞાનિકો એ કોંગ્રેસે જે સરસ્વતીના મંદિર ગામડે ગામડે સ્થાપિત કર્યા હતા, એના હૃદયમાં એ પ્રગટેલો જ્ઞાનનો દીપ એણે સમગ્ર દેશને ઉજાશ આપવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજ સમયની જરૂરિયાત છે સૌને સસ્તુ શિક્ષણ મળે, સરળતાથી શિક્ષણ મળે, સંસ્કારી શિક્ષણ મળે. ચોપડિયા જ્ઞાનથી આ દેશ કે મારા ગુજરાતનો વિકાસ નહીં થાય, ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે, જ્ઞાનવર્ધક શિક્ષણ મળે, કમનસીબે મને લાગે છે કે આમાં દિન-પ્રતિદિન ઘસારો આવતો જાય છે. જ્યારથી આ ગુજરાતમાં સરકારી સેવાઓમાં ખાનગીકરણની શરુઆત થઇ, એક સમય હતો કે, માત્ર સરકારી શાળાઓ હતી, કોલેજો હતી, ઇજનેરી સંસ્થાઓ હતી,

સ્થાપત્યની જ્ઞાન આપનારી સંસ્થાઓ હતી. ભૂતકાળમાં જે સરસ્વતીના મંદિરમાં જ્ઞાનનું દાન થતુ હતું આજે મને દુઃખ થાય છે કે એવી શૈક્ષણિક સંસ્થાઓની અંદર જ્ઞાનના વેપારની શરૂઆત થઇ છે. ટીકા-ટિપ્પણીઓમાં નહીં પડું. મને આનંદ થાત કે ફી નિયંત્રણ કાયદાથી ગુજરાતના ગરીબ, પછાત, મજૂર ખેડૂતના દીકરાઓ કે જેને ફી ભરવાનો વેંત નથી એ સસ્તા દરની ફીથી ભણી શકત, પણ અભ્યાસે જે ઉભરીને વાસ્તવિકતા બહાર આવી. એફ.આર.સી. કાયદો લાગુ થયા પછી ગુજરાતની લગભગ ૮૫ ટકા કરતા વધુ શાળા-કોલેજની અંદર ફી વધારો લાગુ થયો અને લાખો, કરોડો રૂપિયાનું ભારણ આ ગુજરાતના કેટલાક ગરીબ, મધ્યમ વર્ગીય પરિવારો ઉપર પડ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, એફ.આર.સી.થી આપણે ખાનગી સંસ્થાઓ ઉપર લગામ કસવાનો આ વિધાનસભાએ ઇરાદો વ્યકત કર્યો હતો, પણ સરકાર એ કાયદાનું જે યોગ્ય અમલીકરણ કરવું જોઇએ તે ના કરી શકી અને તેના પરિણામે આજે મોંઘી ફી વસૂલવા માટે અમુક ફી માફિયાઓને મોકળું મેદાન મળ્યું છે આના ઉપર નિયંત્રણ કસવા માટે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આંકડાઓમાં નથી પડવું, પણ આ ગૃહની અંદર જે વાત ઉભરી અને સામે આવી સરકારે વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં જે વિવિધ જવાબો આપ્યા. એક તો શાળાઓ ઘટતી જાય, શાળા હોય તો શિક્ષક નથી એક તો સરકારી કોલેજો ઘટતી જાય અને કોલેજ હોય તો ત્યાં આચાર્ય નથી તે કોલેજોની અંદર પ્રોફેસર નથી અને અમુક પ્રોફેસર મિત્રોની સાથે જયારે સંવાદ થાય તો એવી સ્થિતિ નિર્માણ થઇ છે. પ્રવાસી શિક્ષકની જેમ કયાંય કરાર આધારિત પ્રોફેસરો, પ્રોફેસરો કરતા પટ્ટાવાળાનો પગાર વધુ હોય એવી વિસંગતતાઓ નિવારવા સરકારે આગળ વધવુ પડે. મને લાગે છે કે, આ શિક્ષણ વિભાગમાં સરકારની ઉદાસીનતાના કારણે ગુજરાત શિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રીય પરિપ્રેક્ષમાં સતત પાછળ જતું જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્ય કહેતા હતા કે પહેલાં શાળા કોલેજોના અભાવે ગુજરાતનું ધન તે બીજા રાજયોમાં જતું હતું તે ધનને રોકવા માટે ખાનગી શિક્ષણ સંસ્થાઓના દરવાજા ખોલાવમાં આવ્યા. સરકારે ધનને રોકવાનો પ્રયાસ કર્યો, પણ તે ધનને રોકવાના પ્રયાસમાં મુઠ્ઠીભર લોકોએ કમાણી કરવાના ઇરાદાથી એવી સ્થિતિ પેદા કરી ધન તો રોકાશે પણ જ્ઞાનનું વિદેશગમન શરૂ થયું છે. ગુજરાતના કેટલાય બાળકો, વિદ્યાર્થીઓ એને પૂછવામાં આવે કે તમારે નોકરી જોઇતી હોય તો એ સરકારી નોકરીને પહેલી અગ્રતા આપે છે, પણ તે જ બાળક તેને જયારે જીવનનું ઘડતર કરવુ છે, તો એ સરકારી શાળાથી દૂર ભાગે. મને એ નથી સમજાતું કે જે બાળકના ભવિષ્યને ગુજરાતના બાળકને સરકારી નોકરીમાં સલામતી દેખાય છે તો સરકારી શાળામાં તેના ભવિષ્યને ધૂંધળું કરવાનુ કામ શું કામ થયું. આના અંગે સરકારે વિચારવુ જોઇએ. જેમ સરકારી નોકરીથી મારું યુવા ધન આકર્ષાય છે, તે જ રીતે સરકારી શાળા અને કોલેજોની અંદર સરળતાથી, વિના મૂલ્યે, ગુણવત્તાયુકત, સંસ્કારી જ્ઞાનનો દીપ પ્રગટાવવામાં આવશે તો મને લાગે છે કે ઘણી બધી સમસ્યાઓ નિવારી શકાશે, પણ આ કથળેલી શિક્ષણ વ્યવસ્થાનો ભોગ બની અને ગરીબ, પછાત, મજૂર, ખેડૂત સહિત મધ્યમ વર્ગીય પરિવારના કેટલાંય બાળકો આજે વૈશ્વિક પ્રવાહોથી વંચિત રહેવું પડે એવી કટોકટીની સ્થિતિ સમગ્ર રાજયમાં પેદા થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંકડાઓ સાથે બે મુદ્દા આપના મારફતે સરકારની સમક્ષ મૂકવા માગું છું. આ ગુજરાતની અંદર પ્રવેશોત્સવની શરૂઆત થઇ, ગુણોત્સવની શરૂઆત થઇ, પણ પ્રવેશોત્સવ અને ગુણોત્સવ પછી પણ પ્રાથમિકથી માધ્યમિક, માધ્યમિકથી ઉચ્ચ માધ્યમિક, ઉચ્ચ માધ્યમિકથી ઉચ્ચ શિક્ષણ અને તાંત્રિક શિક્ષણમાં સરેરાશ ઉત્તરોત્તર ઘટાડો થઇ રહ્યો છે. સામાજિક અને આર્થિક સર્વેક્ષણ મુજબ વર્ષ ૨૦૨૦-૨૧માં પ્રાથમિક શાળામાં ૮૪,૬૫,૦૦૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો. એ જ વર્ષ ૨૦૨૦-૨૧ની સ્થિતિએ ૮૪,૬૫,૦૦૦ વિદ્યાર્થીઓ પૈકી માધ્યમિક શાળામાં ૨૮.૪૩ લાખ વિદ્યાર્થીઓ જ પહોંચ્યા હતા. મને લાગે છે કે આ પ્રાથમિક શાળાથી માધ્યમિક શાળા સુધી પહોંચવામાં ૬૬ ટકા વિદ્યાર્થીઓ શિક્ષણ છોડી અને ક્યાંક બાળમજૂરી કરવા મજબૂર બન્યા હશે, ક્યાંક મા-બાપને ટેકો કરવા મજબૂર બન્યા હશે. ક્યાંક પેટનો ખાડો પૂરવા માટે એના ઉજ્જવળ ભવિષ્યને દાવ પર મૂકવા મજબૂર થવું પડ્યું હશે. પ્રાથમિક શાળામાં ૮૪,૬૫,૦૦૦ બાળકોએ પ્રવેશ લીધો, માધ્યમિક શાળામાં ૨૮.૪૩ લાખ વિદ્યાર્થીઓ જ પહોંચી શક્યા અને આર્થિક, સામાજિક સર્વેક્ષણ મુજબ ૮૪,૬૫,૦૦૦ વિદ્યાર્થીઓએ પહેલાં ધોરણમાં પ્રવેશ લેતા હતા એ કૉલેજમાં પહોંચ્યા ત્યાં માત્ર ૧૬,૧૪,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ જ વધ્યા. મને લાગે છે કે આ નિષ્ફળ નીતિના કારણે પ્રાથમિકમાં પ્રવેશનો દર કૉલેજમાં પહોંચે ત્યાં ૮૦ ટકા વિદ્યાર્થીઓ શિક્ષણ છોડવા મજબૂર થવું પડ્યું છે. ૬૮,૫૧,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ જેમણે પ્રાથમિકમાં પ્રવેશ લીધો હતો એ કૉલેજ સુધી કેમ ન પહોંચી શક્યા એમાં સરકારે ચિંતન કરવું જોઇએ. પ્રાથમિકથી માધ્યમિક સુધી પહોંચવામાં દર ત્રણ પૈકી બે વિદ્યાર્થીઓ વંચિત રહે છે અને પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચવામાં દર પાંચમાંથી ચાર વિદ્યાર્થી વંચિત શું કામ રહે છે એની આ સન્માનનીય ગૃહે ચિંતા કરવી પડે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માંગુ છું કે સરકારે આ વિધાનસભાગૃહમાં કહ્યું કે ગુજરાતના દરેક તાલુકામાં જ્યાં એક પણ સરકારી કૉલેજ નહિ હોય ત્યાં સરકારી કૉલેજ શરૂ કરવામાં આવશે. માનનીય જીતુભાઇને હું વિનંતી કરીશ કે અમારા કુકાવાવ વડીયા તાલુકામાં એક પણ સરકારી કૉલેજ ઉપલબ્ધ નથી. મારાં બાળકોને ભણવા માટે અમરેલી જવું પડે, બગસરા જવું પડે, જેતપુર જવું પડે, બાબરા જવું પડે. આ કુકાવાવ વડીયામાં પણ એક સરકારી કૉલેજ શરૂ થાય તો એ ગામડાંના બાળકો શિક્ષણથી વંચિત ના રહે. માનનીય જીતુભાઇ સાહેબ અમરેલી ડો.જીવરાજ મહેતા આ ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી હતા એમનું ગામ છે. જ્યાં ફરજિયાત શિક્ષણનો પાયો નંખાયો હતો અને સમગ્ર જિલ્લામાં ખૂબ

ખ્યાતનામ એવી બે શાળાઓ કમાણી ફોરવડ પ્રાથમિક સ્કૂલ, માધ્યમિક સ્કૂલ અને હાઇસ્કૂલ હતી. આ પ્રાથમિક શાળામાં હું ભણ્યો એને તાળું લાગી ગયું. માધ્યમિક શાળામાં હું ભણ્યો એને તાળું લાગી ગયું અને આજે ફોરવડ હાઇસ્કૂલ બંધ થવાના આરે ઊભી છે. ગ્રાન્ટ ઇન એઇડ શાળા હતી, જ્યાં ભૂતકાળમાં ધો.૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ના આઠ-આઠ વર્ગો ચાલતા હતા. એ માત્ર બે વર્ગોમાં સમેટાવા જઇ રહી છે, ત્યારે સરકાર આ સંસ્થાઓને સહાય કરી આખા જિલ્લાનો ગૌરવવંતો ઇતિહાસ જ્યાં જોડાયેલો છે એ સંસ્થાને બચાવવા મદદ કરે એવી વિનંતી કરું છું. હું પહેલાં પણ કહેતો આવ્યો છું કે આ કોરોનાની વૈશ્વિક મહામારીમાં સમગ્ર ગુજરાતમાં આપણે સૌ ખૂબ કપરાકાળમાંથી પસાર થઇ રહ્યા છીએ. લોકોની બચત ઘસાઇ ગઇ છે, દેવાં વધી ગયા છે, મંદી, મોંઘવારી, બેરોજગારી આ બધી જ સ્થિતિમાં ગરીબ, મધ્યમવર્ગનાં પરિવારનાં બાળકોની ફી ભરવા માટેના વેંત નથી. આવા કેટલાંય ભૂલકાંઓ મારી પાસે આવે છે અને તમારી પાસે પણ આવતા હશે. ગયા વર્ષે સરકારે ઠરાવ કર્યો હતો કે તમામ સરકારી અને ખાનગી શાળા-કૉલેજમાં ૨૫ ટકા ફી માફ કરવામાં આવશે. મને કહેતાં દુઃખ થાય છે કે આખા ગુજરાતમાં આ ઠરાવનો લાભ એક પણ વિદ્યાર્થીને મળ્યો નથી. મારે ટીકા કરવી નથી, પણ આ ગુજરાતના આવતીકાલના યુવાનોનું ભવિષ્ય રોળાઈ ન જાય તેની આપણે ચિંતા કરવી પડશે. આપણે સૌ જાણીએ છીએ કે એક દીકરો અને દીકરીને ભણાવવાની મા-બાપની જવાબદારી હોય અને ફી ભરવાનો વેંત ન થાય તો તેનો પહેલો ભોગ દીકરી બને છે. સરકારી આંકડાઓની સમીક્ષા કરશો તો આ વાત ઊભરીને સામે આવવાની છે કે આજે મા-બાપની ફી ભરવાનો વેંત નથી અને ગુજરાતની નારીશક્તિ સમાન દીકરીઓ ભોગ બની રહી છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે તમામ મધ્યમવર્ગીય પરિવારો શિક્ષણની ફી ભરવા સક્ષમ નથી ત્યારે તમામ સરકારી અને ખાનગી શાળા-કૉલેજોની સંપૂર્ણ ફી ખાસ કિસ્સામાં માફ કરવી જોઇએ અને આવી બધી જ સ્વૈચ્છિક સંસ્થાઓના શિક્ષકો અને આનુષંગિક સ્ટાફના પગારના ખર્ચનો બોજ પ્રાઈવેટ સેક્ટર ઉઠાવી રહ્યું છે, પણ આ કપરાકાળમાં તેને બચાવવા જરૂરી છે, ત્યારે આવી સંસ્થાઓને પણ ખાસ કિસ્સામાં ગ્રાન્ટ-ઈન-એઈડ સહાય આપીએ તો આવતા દિવસોમાં મારા ગુજરાતનું ભવિષ્ય મૂરઝાય નહિ તેના માટે સરકાર ચિંતા કરે તેવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ આ સન્માનનીય સભાગૃહે પસાર કર્યું. આ બિલ જ્યારે મૂળ રીતે વિધાનસભામાં પસાર થયું, ત્યારે ગુજરાતની ૧૮ જેટલી ખાનગી સંસ્થાઓ અને અર્ધસહકારી સંસ્થાઓને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટે આ વિધાનસભા ગૃહમાં બિલ લાવવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૯ થી ૨૦૨૨ સુધીમાં માત્ર ૧૪ વર્ષના ગાળામાં આ જ વિધેયકમાં ૧૬ વખત આ સુધારા ઉપર ચર્ચા કરવા મજબૂર બનવું પડ્યું છે. આવું શા માટે? હું માનનીય સંસદીય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરું છું કે આ વિધાનસભા ધારા ઘડવાનું ગૃહ છે. આપણે કાયદો ઘડનારા લોકો છીએ. કાયદાનો અમલ કરવાની જવાબદારી કાર્યપાલિકાની છે. ૧૧ જેટલી સંસ્થાઓને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટે આ ૧૬મી વખતનો સુધારો લાવ્યા છે. દરેક સુધારામાં ભૂતકાળમાં ખાનગી યુનિવર્સિટીનું નામ અથવા સરનામું બદલવા અથવા નવી સંસ્થાને ખાનગી યુનિવર્સિટીનો માત્ર દરજ્જો આપવા માટે સુધારો લાવવો પડે. આપણે ધારા ઘડનારા લોકો છીએ. આપણા કાયદાનો અમલ કરાવવાની જવાબદારી વિભાગની હોય છે. આ કાર્યપાલિકાનું કામ વિધાનસભાએ હાથમાં ન લેવું જોઈએ. હું આપને વિનંતી કરું છું કે એક વખત આખરી સુધારો લાવો અને આ બહુ મોટો સુધારો નથી. ઉદ્દેશ અને કારણોમાં સરકાર લખે છે કે સદરહુ અધિનિયમની કલમ-૧ થી ૧૦માં એવી જોગવાઈ છે કે રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે પુરસ્કર્તા મંડળે ઈરાદાપૂર્વકની શરતોનું પાલન કર્યું છે. આ રાજ્ય સરકારની જગ્યાએ સક્ષમ અધિકારી અને સદરહુ અધિનિયમની અધિસૂચિમાં યુનિવર્સિટીના નામનો સમાવેશ કરવા માટે જરૂરી યોગ્ય કાયદો લાવવો તેની જગ્યાએ જરૂરી મંજૂરી આપવા જવાબદારી સોંપવામાં આવે છે. વિધાનસભામાં હંમેશા સરકારની બહુમતી હોય છે. માત્ર યુનિવર્સિટીઓની સંખ્યા વધારવા માટે વિધાનસભા સમક્ષ આવવાની જરૂર નથી. નીતિ નક્કી કરી નાંખીએ, કાયદો ઘડીએ, તેના ધારા-ધોરણો ઘડીએ અને તેનું પાલન કરવાની જવાબદારી કાર્યપાલિકોને સોંપી દઈએ તો સમગ્ર ગુજરાતમાં આપણા ધારા-ધોરણ અને કાયદાને પરિપૂર્ણ કરતી કોઈ પણ એવી સંસ્થાઓ જે યુનિવર્સિટીનો દરજ્જો મેળવવા માગતી હોય તેના માટે મોકળું મેદાન થાય. આના માટે સરકાર સોળ વખત આ એકના એક બિલનો સુધારો લાવ્યા. સોળ વખત સરકારે આટલું જ સાંભળવાનું છે. એના કરતાં શ્રી જીતુભાઇ, મેં ગઇ વખત પણ કીધું હતું કે આ બિલ પાછુ લો જેનાથી એક જ વખતમાં છૂટકારો થાય. વર્ષ ૨૦૦૯ના મૂળ બિલમાં રાજ્ય સરકારે જે યુનિવર્સિટીઓ મંજૂર કરવાનો અધિકાર રાખ્યો છે એ કાયદો, નીતિ, નિયમો અને ધારા ઘડી કાર્યપાલિકાને સોંપી દઇએ તો ભવિષ્યમાં આપણે વિધાનસભા ગૃહની અંદર બીજાં બધાં કામોને પણ વધુ સરળતાથી હાથ ઉપર લઇ શકીએ તથા વધુ સમય ફાળવી શકીએ. ભૂતકાળમાં પણ અમે ખૂબ સકારાત્મક રીતે ગુજરાતના ભાવિને ઘડવા માટે ટેકો આપ્યો છે. હું આટલી જ વિનંતી સાથે કહું છું કે માનનીય મંત્રીશ્રી, સકારાત્મક રીતે હકારાત્મક સૂચનોને સ્વીકારશે તો મને અપેક્ષા છે કે મારી પાર્ટી પણ એ અંગે યોગ્ય નિર્ણય કરશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મારું નામ બોલવામાં લિસ્ટમાં નહીં હોય. મારી બોલવાની ઇચ્છા પણ ન હતી. કારણ કે, મારા સક્ષમ સાથી એમણે ખૂબ સરસ રીતે મારા અનુગામી તરીકે વિભાગને સંભાળ્યો છે. એટલે હું બોલવાનો ન હતો, પણ મારા વિદ્વાન મિત્રના ભાષણ પછી મને થયું કે રેકર્ડ થોડો ક્લિયર કરવો જોઇએ. શ્રી પરેશભાઇ એ જ ભૂલી ગયા કે, ખાનગી યુનિવર્સિટીનું બિલ છે કે માંગણીઓ ઉપરની ચર્ચા છે.

ખાનગી યુનિવર્સિટીનું બિલ હતું અને ૯૫ ટકા એમને સમય પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિકમાં જ ગયો. પણ પછી યાદ આવ્યું હશે અથવા તો શ્રી શૈલેષભાઇએ ધ્યાન દોર્યું હશે કે આ તો ખાનગી યુનિવર્સિટીનું બિલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે બે વાત કરી છે એના વિશે મારે સ્પષ્ટતા કરવી છે. એક તો એફ.આર.સી.ની વાત કરી છે. વર્ષ ૨૦૧૭માં અમે બિલ લાવ્યા એ પહેલાનો રેકર્ડ તપાસો તો દર વર્ષે ખાનગી શાળાઓ ફી વધારામાં રૂપિયા ૧૦૦ ના રૂપિયા ૫૦ અથવા તો દોઢા કે ડબલ કરતા હતા. આ બિલ લાવ્યા પછી, પહેલા દર વર્ષે દોઢા બમણા ફી માં વધારા થતા હતા એના બદલે વર્ષ ૨૦૧૭થી વર્ષ ૨૦૨૨ સુધીમાં ૫ ટકા, ૭ ટકા અને ૧૫ ટકા પણ જો કોઇને આપ્યું હશે તો અમારા પાંચ લોકોની કમિટી છે કે તમે વિદ્યાર્થીઓને સગવડતામાં કેટલું ઇન્ફ્રાસ્ટ્રકચર આપો છો, અને આટલો ખર્ચ થાય છે, એના માટે ફી વધારો આપ્યો હશે. એટલે કયાં ૫ ટકા અને કયાં ૫૦ ટકા અને કયાં ૧૦૦ ટકા. એટલે હું દાવા સાથે કહું છું કે ગુજરાતના મધ્યમ વર્ગના વાલીઓના કરોડો રૂપિયા આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બચ્યા છે. બીજો એમને મુદ્દો કહ્યો એમાં કહું તો, શ્રી નરેન્દ્રભાઇના શાસન પહેલા ગુજરાત રાજ્યનો રેકર્ડ બોલે છે કે આઝાદી પછી વર્ષ ૨૦૦૦ સુધીમાં કુલ નામાંકન ૭૫ ટકા થતું હતું. ૨૫ ટકામાં ગરીબ, મધ્યમ વર્ગ, દલિત, દેવીપૂજક અને લઘુમતિ જે તમારા જ મતદારો છે. તમે એમને અભણ રાખ્યા. આ રેકર્ડ ઉપર છે કે ૨૫ ટકાનું નામાંકન ન થાય. હું અને તમે ઇચ્છીએ કે બાળક મોટું થાય એટલે શાળાએ જાય. આ ગરીબ માણસો એવું ઇચ્છે કે બાળક મોટું થાય એટલે રેલવે સ્ટેશન જાય, બસ સ્ટેશન જાય, ખેતરમાં જાય, ૫૦ રૂપિયા કમાય અને એ આખી જિંદગી મજૂરી જ કરે. એના બદલે તમે જે પ્રવેશ મહોત્સવ અને ગુણોત્સવની ટીકા કરો છો એ અમારા પ્રવેશ મહોત્સવ પછી પહેલી વાર આખા દેશમાં એ ૭૫ ટકાનું નામાંકન ૧૦૦ ટકાનું આ શાસનમાં થયું છે. મારે આટલી જ સ્પષ્ટતા કરવી હતી. એ તો મેં પહેલા જ કહ્યું કે યુનિવર્સિટી વિશે તો મારા સક્ષમ સાથી કહેવાના જ છે પણ તમે જે કીધું એનો મેં જવાબ આપ્યો.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સભાગૃહની કાર્યવાહીનું લાઇવ રેકોર્ડિંગ કરીને બતાવવા બાબત**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) **:** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે સંસદીય પ્રણાલિમાં આપણે ત્યાં સભાગૃહમાં જે કંઇ કાર્યવાહી ચાલતી હોય તેનું માનનીય અધ્યક્ષશ્રીની પરમિશન લીધા સિવાય રેકોર્ડિંગ કરી શકાતું નથી અને તેનું રેકોર્ડિંગ કરીને બતાવી શકાતું નથી. માનનીય પરેશભાઇ ધાનાણી બોલી રહ્યા હતા ત્યારે આપની ઓફિસમાંથી આવું રેકોર્ડિંગ થયું અને એ લાઇવ બતાવવામાં આવ્યું, આપનું જ છે... (અંતરાય) કાર્યકર્તાએ કર્યું હશે, પણ એ સૂચના આપવી જોઇએ, એ બહુ ગંભીર વાત છે, આમાં પગલાં પણ લઇ શકાય. (અંતરાય) એ તે વખતે વાંધો લેવો જોઇએ મારા ધ્યાન ઉપર આવ્યું નથી. મંજૂરી લઇને કરી શકાય. આમાં કાળજી લેવી જોઇએ અને આપે સૂચના આપવી જોઇએ.

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ, આપની ઓફિસમાંથી કે જયાંથી થયું હોય, આપના દ્વારા કદાચ નહીં થયું હોય..

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : એમણે કર્યું છે એવું મારું કહેવું પણ નથી, ઓફિસમાંથી થઇ રહ્યું છે એવું દેખાય છે, ઓફિસ પણ દેખાય છે. એમણે કોંગ્રેસ પક્ષે સૂચના આપવી જોઇએ. અને કાં તો પછી આ ઓફિસમાં બંધ કરાવવું પડે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બહુ કિલયર વસ્તુ છે. લાઇવ બંધ કરાવવું હોય તો બજેટ પણ લાઇવ ન થવું જોઇએ, એક માટે નિયમ જુદો અને બીજા માટે નિયમ જુદો એવું ન હોય, બજેટ પણ ન બતાવવું જોઇએ અને ગવર્નરશ્રીનું પ્રવચન પણ ન બતાવવું જોઇએ. હાઉસ બધા માટે સરખું છે.

સભાપતિશ્રી : નહીં**,** નહીં**,** લાઇવ જે અહીંયા થાય એ તો બરાબર છે**,** પણ કોઇકની ઓફિસમાં જઇને બીજા કોઇ કાર્યકર્તા લાઇવ કરે એ ન ચલાવી શકાય. (અંતરાય)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આપની ઓફિસમાંથી જે થયું છે તે ગેરકાયદેસર રીતે થયું છે. અહીંથી પરવાનગી લઇને કરી શકાય.

શ્રી શૈલેષ મ. પરમાર : એવું ન હોય, તમારા નાણામંત્રીશ્રી બોલે તે તમે લાઇવ કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાની તમામ કાર્યવાહી લાઇવ થાય એવો આપ આદેશ આપો. આપણે લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિ છીએ, સત્તાપક્ષ અને વિપક્ષ શું કરે છે એ લોકોને જાણવાનો અધિકાર છે.

સભાપતિશ્રી : નહીં નહીં**,** આ માધ્યમથી ન હોવું જોઇએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી**,** જે નિયમ છે તે નિયમને વળગી રહેવું પડે**,** જે સુધારો થાય તે થયા પછીની વાત અલગ છે. અત્યારે નિયમ પ્રમાણે ન કરી શકાય.

સભાપતિશ્રી : તમને તક આપું છું શ્રી શૈલેષભાઇ, પહેલાં માનનીય પ્રદિપસિંહને મેં એલાઉ કર્યા છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે અને એના સંદર્ભમાં માનનીય વિપક્ષના સભ્ય શૈલેષભાઇએ એવું કહ્યું કે તમે રાજયપાલનું પ્રવચન લાઇવ કરો છો, તમે નાણા મંત્રીશ્રીનું પ્રવચન લાઇવ કરો છો, અમને ગુજરાતની પ્રજાએ બહુમતી આપીને અહીંયા બેસાડયા છે, અને માનનીય અધ્યક્ષશ્રી, અમે જે કરીએ છીએ એ આપની અનુમતીના આધાર ઉપર કરીએ છીએ. અને આ વિધાનસભાની કાર્યવાહી લાઇવ

કરવી કે ન કરવી એના સંદર્ભમાં નામદાર ગુજરાત હાઇકોર્ટની અંદર અત્યારે મેટર ચાલી રહી છે. જેના સંદર્ભમાં વિધાનસભા અને સરકાર એ બન્ને પણ પોત પોતાના અભિપ્રાયો આપ્યા છે. મને લાગે છે કે જયાં સુધી આપનો આદેશ ન હોય ત્યાં સુધી આ પ્રકારના લાઇવની કોઇ પણ પ્રક્રિયા કરવી એ ગેરકાયદેસર અને અનૈતિક છે. આપણે આપણું મોરલ સમજીને એ નિયમોને વળગેલા રહી અને આવી પ્રવૃતિથી એક ધારાસભ્ય તરીકે આપણી જાતને અલગ રાખવી જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહભાઇએ જે વાત કરી છે કે હાઇકોર્ટમાં આ મેટર પેન્ડિંગ છે, ત્યારે હાઇકોર્ટમાં પેન્ડિંગ છે ત્યારે રાજય સરકાર શું હાઇકોર્ટથી મોટી છે? (અંતરાય) હું એમની વાત સમજી ગયો છું. એમની વાત સાથે સંમંત છું. વિધાનસભાના ધબકારા તમે કેવી રીતે બતાવી શકો છો? (અંતરાય) ના, ના, એવું ન હોય, જયારે હાઇકોર્ટમાં કોઇ કેસ પેન્ડિંગ હોય તો કેવી રીતે તમે કોઇ પણ વસ્તુનું લાઇવ બતાવી શકો છો?

સભાપતિશ્રી : માનનીય શૈલેષભાઇ, તમે સાંભળી લો. માનનીય પૂર્વ ગૃહમંત્રી પ્રદિપસિંહજીએ જે વાત કરી હતી એ લાઇવ બતાવવાની મેટર કોર્ટમાં પેન્ડિંગ છે. પણ વિધાનસભાના અધ્યક્ષની અનુમતિ લઇને જે બતાવવું હોય તો એ બતાવી શકાય છે. પણ પરેશભાઇને ત્યાં એમના કાર્યાલય કે કોઇપણ કાર્યાલય હું બંને પક્ષના સભ્યોને વિનંતી કરું છું પછી એ આ બાજુ હોય કે આ બાજુ હોય આ મેટર એવી છે કે લાઇવ પરમિશન લીધા વગર ન બતાવવું જોઇએ. એમણે ધ્યાન પણ દોર્યું છે. ફરી સિનિયર સભ્ય તરીકે આ પ્રકારની એક નૈતિક જવાબદારી થાય છે કે પરમિશન લઇને બતાવી શકાય. લોકશાહીના ધબકારા આવતા હશે એ રેકોર્ડેડ વસ્તું આવે છે એ લાઇવ નથી હોતી એટલું સમજી લેજો. એ પણ પરમિશનથી બતાવવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામના ઉલ્લેખ સાથે સંસદીય મંત્રીશ્રીએ પહેલા તો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે. આ વિધાનસભાનો આખરી દિવસ છે અને વિતેલાં ૨૦ વર્ષમાં અમે કયારેય આવા કોઇ મુદ્દાઓને લાઇવ કર્યા હોય પ્રસિદ્ધિ કરી હોય આવો ઇતિહાસ નથી. વિધાનસભા કાર્યાલય અને બીજી ઘણી બધી જગ્યાએ ટી.વી. માં આપણા વિધાનસભાની કાર્યવાહી હોય છે. કોઇ ખાનગી વ્યકિતએ કયાંથી રેકોર્ડ કરીને બતાવ્યું એ મને ખબર નથી. હું તો ગૃહમાં બેઠો છું. મૂળ વાત મારી એ છે કે આ દેશની સંસદની કાર્યવાહી આખો દેશ લાઇવ જોવે છે, રાજયસભાની કાર્યવાહી આખો દેશ લાઇવ જોવે છે, ત્યારે ગુજરાત વિધાનસભાની કાર્યવાહી ભૂતકાળમાં આનું લાઇવ કવર થતું હતું. પત્રકાર મિત્રો, ઇલેક્ટ્રિક મિડિયા અને પ્રિન્ટ મિડિયાના મિત્રો લોકોને પક્ષ અને વિપક્ષ બંનેની વાત બતાવતા હતા. આ વિધાનસભા ગૃહ એ માત્ર પક્ષનું નથી, વિપક્ષનો પણ બરાબરનો અધિકાર છે.

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ, બરાબરનો અધિકાર છે પણ તમે જે વાત કરો છો એની ચર્ચા થઇ ગઇ છે કે લાઇવ બતાવવાવાળી વાત કોર્ટ મેટર છે. બાકી લાઇવ બતાવવાની વાત છે એમાં પરમિશન માગવાની હોય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના ધબકારા આજે વિધાનસભાનો છેલ્લો દિવસ છે. આખા મહિનાની વિધાનસભાની ધબકારાનું મૂલ્યાંકન કરવામાં આવે અને તમામ એપીસોડમાં એક ટકો પણ કોંગ્રેસના મિત્રોએ ઉઠાવેલા સવાલ એને સ્થાન આપ્યું હોય તો હું સરકારને કહું છું કે સરકાર એનો ખુલાસો કરે.

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ, તમે એની નોટિસ સંસદીય મંત્રીશ્રીને આપી દેજો. અત્યારે આ વિધેયકની ચર્ચા ચાલે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર માહિતી ખાતાને જે કેસેટ આપે છે એમાં સેન્સરશીપ મૂકે છે. સરકાર એટલી જ માહિતી માહિતી ખાતાને આપે છે. વિપક્ષના અવાજને લોકો સુધી પહોંચાડવાની જવાબદારી સરકારની છે. સરકાર શા માટે એને રોકવા માગે છ? તમે તૈયાર થઇ જાવ અને આપણે સાથે મળીને વિધાનસભાની કાર્યવાહી સો ટકા સવારથી સાંજ સુધી લાઇવ ચલાવો. દૂધનું દૂધ અને પાણીનું પાણી એની ગુજરાતની જનતાને ખબર પડે કે સરકાર શું કરી રહી છે? વિપક્ષ શું અવાજ ઉઠાવી રહ્યો છે?

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ બહું સ્પષ્ટ છે. અધ્યક્ષશ્રીની પરવાનગી વગર ગૃહની કાર્યવાહીનું અનઅધિકૃત રેકોર્ડિંગ અને પ્રસારણ કરવા પર પ્રતિબંધ છે. નિયમ ૧૫૩માં બહું સ્પષ્ટ લખેલ છે. અને જો કરવું હોય તો તમારી મંજૂરી લઇને કરી શકે છે તેવું સ્પષ્ટ છે પછી આ વિવાદ રહેતો નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ એકદમ વાજબી હતો એ અલગ હતો. માનનીય પ્રદિપસિંહે એનું વ્યાજબીપણું સાબિત કર્યું. હવે માનનીય પરેશભાઇ જે વાત કરે છે કે અમારો અધિકાર છે, તમને કેટલું મળે છે અમને કેટલું મળે છે. મુદ્દો એ છે કે અત્યારે તમારી ઓફિસમાંથી લાઇવ થયું એ કાયદેસર છે નિયમ અનુસાર કે નિયમ અનુસાર નથી આ મુદ્દો છે. બીજું હું તો આભાર માનુ છું કે આ લાઇવ નથી બતાવતા. આજે સવારનું વરવું દ્રશ્ય ગુજરાતનાં લોકોએ જોયું હોત તો ખબર પડત. એટલે સારું છે હું તમને કહું છું નથી બતાવતા એ સારું છે.

અધ્યક્ષશ્રી : અહીં જે ચર્ચા થઇ એ બધી મેં જોઇ છે. આપ બેસો. અહીં જે રીતે ચર્ચા કરવામાં આવી અને બન્ને બાજુથી ચર્ચા કરી છે. જે લાઇવ બતાવવામાં આવે છે... (અંતરાય) માનનીય નીતિનભાઇ,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ પરેશભાઇના વીડિયો રેકોર્ડિંગનો સોશિયલ મીડિયાનો મુદ્દો ધ્યાનમાં આવ્યો. હું બધાના ધ્યાન માટે કહેવા માગું છું કે બીજા માનનીય ધારાસભ્યશ્રીઓ આ સત્રમાં અગાઉ જે પોતાના પ્રશ્નો કે ચર્ચાઓ રજૂ કરી ચૂક્યા છે તેમના વીડિયો સોશિયલ મીડિયામાં અત્યારે ભરપૂર ફરે છે. એટલે ગમે તે રીતે બધાના ધ્યાન બહાર ગયું છે. આ કંઇ પહેલી વખત નથી બન્યું. આ સત્રમાં જે મિત્રો બોલ્યા છે તેમના વીડિયો બહાર ચાલે જ છે. આ બધાંની જાણકારી માટે.

અધ્યક્ષશ્રી : શ્રી નીતિનભાઇએ વાત કરી એ એકદમ સાચી છે. જ્યાં બહાર ટી.વી.મૂકેલા છે, તેમાંથી કોઇ પણ રેકોર્ડિંગ કરી લે છે અને પછી પોતાની ક્લિપો સોશિયલ મીડિયામાં મૂકતા હોય છે. એટલે એ વિષય આપણા માટે ચર્ચા કરવાનો છે જ નહીં. વિષય છે કે જે આપણે લોકશાહીના ધબકારા આપીએ છીએ એ રેકોર્ડિંગ આપીએ છીએ. લાઇવ નથી આપતા અને અધ્યક્ષની એટલે કે મારી મંજૂરીથી, મારી પરમિશનથી હું સ્ક્રુટિની કરીને આપું છું એટલે આપીએ છીએ અને અગત્યનું હોય તે બધાનું લઇએ છીએ. એટલે એમાં કોઇ પક્ષાપક્ષી નથી હોતી. કારણ કે મારી ઓફિસમાંથી જતું હોય છે. નેક્સ્ટ. માનનીય સુખરામભાઇ.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા ) વિધેયક**,** ૨૦૨૨ (ક્રમશઃ)

સુખરામભાઇ હ. રાઠવા**(**વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના શિક્ષણ મંત્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક લઇને સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે તેના ઉપર અમારા કોંગ્રેસના ઘણા બધા સાથી મિત્રોએ ટીકા-ટિપ્પણો કરી છે. સૂચનો પણ કર્યાં છે. સ્વાભાવિક છે કે ગુજરાતના યુવાનોને ગુજરાતમાં રહીને સારું શિક્ષણ મળે એ આ સરકાર હોય કે આગલી સરકાર હોય એ બધાની અપેક્ષા હોય છે. સરકાર પાસે પૂરતાં સાધનો ન હોય અને ખાનગી સંસ્થાઓ કોઇ આવું શિક્ષણ આપવા માટે આપણી પાસે મંજૂરી માગતી હોય, ત્યારે આપણે ચોક્કસ આપવી જોઇએ. આપણી પાસે સંસાધનો ટૂંકા છે. આ જે ખાનગી સંસ્થાઓ શિક્ષણ આપવાની, તેમાં જે ભરતી કરવાની. આ જે ભરતી થાય, મારા ધ્યાન પર એ આવ્યું છે કે આ સંસ્થાઓની અંદર વર્ગ-૧, ૨ અને ૩ જે ભરવાના થાય. તેમાં રાજ્ય સરકારે અને ભારત સરકારે અનામતની જે કેટેગરી દાખલ કરેલી છે તે જળવાતી નથી. જો સાચું હોય તો તપાસ કરાવી લેજો. મારો આક્ષેપ નથી, પણ મારા ધ્યાન ઉપર કાનદોષ થયો છે, સાંભળ્યું છે. અમારા રાજપીપળામાં બિરસામુંડા સરકારી યુનિવર્સિટી આદિવાસીઓને સારું શિક્ષણ મળે, આદિવાસીઓ આગળ વધે, આ વિષય નથી પણ ધ્યાન ઉપર આવે એટલા માટે કહું છું કે ત્યાં રહેવા માટે બાળકોની હોસ્ટેલ અપૂરતી છે. શિક્ષકો છે એ ૧૧ મહિનાના કરાર આધારિત છે. આ જગ્યાઓ વહેલી ભરો તો આદિવાસીઓનું શિક્ષણ સુધરે. આપણી પાસે પૂરા શિક્ષકો નથી તો શિક્ષણ કેવી રીતે સુધરવાનું છે? બીજી વાત, કવાંટમાં સરકારી કોલેજ છે. આમાં નથી આવતું પણ કહું છું. કવાંટમાં સરકારી કોલેજ છે તેમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ભણવા માટે પૂરતું મકાન નથી. હાલમાં સરકારી માધ્યમિક શાળા જે બંધ થઇ ગયેલ એનો ઉપયોગ થઇ રહ્યો છે. સરકારી જમીન ઉપલબ્ધ થઇ ગઇ છે. એના બજેટની જોગવાઇ થઇ જાય અથવા બજેટમાંથી લમ્પસમ પૈસા આપો તો કામ શરૂ થાય. ખાનગી યુનિવર્સિટીમાં સરકારનો કન્ટ્રોલ રહેવો જરૂરી છે એવું મારું અંગત માનવું છે. તમારું શું મંતવ્ય છે એ મને ખબર નથી. પણ એના ઉપર કન્ટ્રોલ હોવો જોઇએ. કમિટિમાં સરકારનો માણસ હોવો જોઇએ. સાથે સાથે જે તે વિસ્તાર એ મ્યુનિસિપલ કોર્પોરેશન હોય તો એના કમિશનર અથવા મેયર, ગામડાનો વિસ્તાર હોય તો જિલ્લા પંચાયતના પ્રમુખ, ડી.ડી.ઓ. કે ધારાસભ્યશ્રી અથવા સંસદસભ્યશ્રી અને શિક્ષણના તજજ્ઞ આ પ્રકારની એક કમિટિ રાખવી જરૂરી છે. આ બિલ જોતો હતો ત્યારે મને ખૂબ આનંદ થયો. ગાંધીનગર જિલ્લાને ૩ યુનિવર્સિટી મળી છે, જૂનાગઢને ૨ મળી છે, અમદાવાદને ૨ મળી છે, પાટણને એક મળી છે, સુરતને એક મળી છે, ખેડાને એક અને ભાવનગરને એક મળી છે. અમારો આદિવાસી વિસ્તાર એટલે આવો કોઇ બેલી તૈયાર ન થાય. તમે ખાલી અમારા બોડેલી જેવા વિસ્તારમાં ખાનગી યુનિવર્સિટી થાય અથવા સહભાગી રીતે ૫૦ ટકા સરકારના અને ૫૦ ટકા કોઇ શૈક્ષણિક સંસ્થાના કરીને બોડેલીને મધ્યબિંદુ બનાવીને આવી કોઇ યુનિવર્સિટી સ્થાપાય એવી માગણી છે. આ બિલ ગુજરાતના યુવાઓના હિતમાં, ગુજરાતનો યુવાન બહાર ભણવા ન જાય, એને કોઈ ખર્ચ કરવો ન પડે, ઓછા ખર્ચે ગુજરાતમાં જ શિક્ષણ મળી રહે એવું આ બિલ પાછળનું હાર્દ છે એટલે આ બિલને અમે કોંગ્રેસ પક્ષ ટેકો આપીએ છીએ, અનુમતિ આપીએ છીએ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી **(** શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૩ માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. પોતાના મંતવ્યો અને વિચારો રજૂ કર્યા છે. અમારા પૂર્વ મંત્રી સિનિયર આગેવાન અને માર્ગદર્શક માનનીય ભૂપેન્દ્રસિંહજીએ પણ વાત કરી છે. વિપક્ષના નેતાશ્રીએ અને તમામે ઘણી વાતો કરી છે. પણ મને આનંદ છે કે કોઇ શિક્ષણનું બિલ હોય, ખાનગી યુનિવર્સિટી લાવવાનું બિલ હોય એની અંદર મને લાગે છે કે રાજ્યની જનતા આજે ખુશ હશે કે અમે જેને ચૂંટીને મોકલ્યા છે એ લોકો બરાબર ચર્ચા કરીને આવતી કાલનો યુવાન તૈયાર કરીને, મેં બધી જ વાત સકારાત્મક રીતે લીધી છે. જે તળ ધરતી ઉપર હું માનું છું કે, પ્રતિનિધિઓ, એમની જવાબદારીઓ અને જે સમયની માંગ છે એ પ્રમાણે કદાચ બહાર એવું લાગતું હશે કે આપણે બધાને અહીં જલસા છે. પણ તમે અને હું આપણે બધા પ્રતિનિધિ છીએ અને લોકોની સેવા માટે કેટલી કેટલીક વસ્તુઓ ઝીણી ઝીણી આપણા ધ્યાનમાં આવતી હોય છે અને એ નાનો સુધારો કરીને પણ તમે કોઇ સૂચન કર્યું

હશે. આ હું મારા એક વિભાગ પૂરતી વાત નથી કરતો. વર્ષોથી બધા જાહેર જીવનમાં છે. હજારો લાખો લોકોને ભવિષ્યની પેઢી માટે પણ ફાયદો થાય એવા નિયમો બની ગયા હશે. જાણ્યે અજાણ્યે એ ઇશ્વરના દરબારમાં આપણને આશીર્વાદ મળ્યા હશે અને એટલા માટે આપણને આ કામમાં મજા આવે છે. હું માનું છું કે બધી જ વાત, ઠીક છે કોઇ રાજકીય વાત અમારો પક્ષ કરે, આપનો પક્ષ કરે પણ મેં જે જોયું છે એમાં લગભગ મારા ૩૩ વર્ષ જાહેર જીવનમાં થયા છે. કોલેજમાં પણ લડ્યો છું, વિદ્યાર્થી યુનિયનમાં રહ્યો છું. સેનેટમાં ચૂંટાયો છું. આ બધી હકીકતો જોઇએ તો તળ જમીન ઉપર શું મુશ્કેલીઓ છે એ જોયું છે. આપણે નવું કરીએ છીએ ત્યારે એ મુશ્કેલીઓ ન પડે એના માટેનાં જે સૂચનો, તમામ લોકોએ જે વાત કરી છે, હું ટીકાને પણ આવકારું છું, સૂચનોને પણ આવકારું છું. શાસકપક્ષના સભ્યો છે એમણે આવકાર્યું છે તો એમને પણ વધાવું છું. કુલ મળીને ગુજરાત અને ગુજરાતનું શિક્ષણ એ આગળ લઇ જવાનો એક ભાવ હતો, હું સાચા અર્થમાં હૃદયથી આ ભાવને આવકારું છું કે એક મેસેજ રાજ્યમાં ખૂબ સારો જવાનો છે. બધાની વાત હું લેવાનો છું. કરવાનો પણ છું પણ કેટલીક વાત પહેલા હું મૂકી દઉં છું. ખાનગી યુનિવર્સિટી એક્ટ ૨૦૦૯ ની કલમ-૮ અન્વયે સ્ક્રુટિની સમિતિ સ્થળ ઉપર મુલાકાત કરતી હોય છે. જમીન, ભંડોળ, સંચાલકોનો શિક્ષણ ક્ષેત્રમાં ફાળો, પ્રતિષ્ઠા ઘણા મુદ્દા તપાસ કરીને ઉચ્ચ શિક્ષણ વિભાગ ભલામણ કરે એને પસંદ કરવામાં આવે છે. બધી જ માહિતી લઇને, અભ્યાસ કરીને, મહેનત કરીને હું બધું લાવ્યો છું પણ હજુપણ એક બિલ છે એટલે શ્રી બળદેવભાઇએ વાત કરી હોય, શ્રી વિરજીભાઇએ કહ્યું હતું કે કેટલી યુનિવર્સિટીની માગણી આવી હતી? કેટલી યુનિવર્સિટી તમે કરી છે? એક યુનિવર્સિટીની અંદર એમની પાસે જમીન જડતી નથી તો મારે કહેવું છે કે આ તમામ પાસાઓને હું તબક્કાવાર જેટલું લેવાય એટલું ૨-૨ મિનિટમાં લેવાનો પ્રયાસ કરીશ. જે અમે કર્યું છે તમામ યુનિવર્સિટીઓ ધારાધોરણો અને નીતિ નિયમો પ્રમાણે છે. અહીં અમે બિલ લઇને આવ્યા છીએ. ખાનગી યુનિવર્સિટી ૨૦૦૯ ના કાયદા દ્વારા ઘણી બધી કલમો જેવી કે સેકશન-૩૧, ૪૩, ૪૪ વગેરે દ્વારા રિવ્યૂ, મોનિટરિંગ, ઇન્સ્પેકશન કરવામાં આવે છે. અહીંથી એ બાબતમાં ખૂબ વાત થઇ છે ત્યારે એક લેટર ઓફ ઇન્ટેન્ટ દ્વારા યુનિવર્સિટીના પ્રસ્તાવ વખતે આખરી શરતો પાલનની ખાતરી લેવાની હોય છે. સરકાર છે, સરકાર ઇચ્છે એમ કરી શકે એવું નથી હોતું. સરકાર પણ નીતિ નિયમોથી બંધાયેલી છે. એક્ટથી બંધાયેલી છે. જોગવાઇઓથી બંધાયેલી છે. હું મંત્રી છું અને મને ઇચ્છા થાય એ પ્રમાણે હું નથી વર્તી શકતો કારણકે આપણે ત્યાં ન્યાયાલયો છે. ન્યાયાલયો શ્રેષ્ઠ ચાલે છે. જયાં પણ કોઇ ન જાય એના માટે બધા જ પાસાઓની ખૂબ ઉંડાણપૂર્વક ખાતરીઓ કરીને લેટર ઓફ ઇન્ટેન્ટ લેવામાં આવતો હોય છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ સબ કા સાથ સબકા વિકાસ અન્વયે સમગ્ર વિશ્વના વિકસિત દેશોમાં જે સેવાઓનું ઉત્પાદન એ સામાજિક ભાગીદારીના મોડલ દ્વારા વિકસાવી એનો આનંદ છે. શ્રી નીતિનભાઇ અને શ્રી ભૂપેન્દ્રસિંહભાઇ વડીલો બેઠા છે. શ્રી સુખરામભાઇ અને એ બધાં વર્ષોથી જાહેર જીવનમાં છે. હું માનું છું કે આપણા ગુજરાતમાં શિક્ષણ અને સામાજિક કેળવણીનું કામ સામાજિક સંસ્થાઓએ,સામાજિક આગેવાનોએ, ધાર્મિક સંસ્થાઓએ ઉપાડયું છે મને એવું લાગે છે કે ગુજરાત દેશમાં નંબર-૧ હશે. જે તે વખતે અહીંયા શાસકોએ પણ વાત કરી કે અમે હતા માનનીય નરેન્દ્રભાઇ આ જ ગૃહમાંથી, માનનીય અમિતભાઇ આ જ ગૃહમાંથી જયારે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી થતી હતી ત્યારે તમામ લોકોને બોલાવીને કારણકે હવે તો આપણા વડાપ્રધાન છે, વૈશ્વિક નેતા છે, આપણું નેતૃત્વ છે. જયારે અહીંથી બોલ્યા હોય, આ સન્માનનીય સભાગૃહમાંથી બોલ્યા હોય કે નર્મદા બંધ અને બધા માટે આ રાજયની પ્રગતિમાં બધું કર્યું છે એને આગળ લઇ જઇએ. હું પણ કહું છું. અહીંથી ચર્ચાઓ થઇ કે અમે ભણ્યા. હશે જે તે વખતે જેના હાથમાં જે હતું એ એણે કર્યું છે પણ સમયની માંગ સાથે આગળ લઇ જવાની જેની જવાબદારી છે એ લઇ જઇ રહ્યા છે ત્યારે આરોગ્ય અને શિક્ષણ માટે થઇને જયાં જરૂર છે ત્યાં વિપક્ષે પણ સકારાત્મક વાતો કરી છે. સાચી જરૂરિયાત સમજીને આગળ વધવાની વાતો કરી છે ત્યારે એમાં કયાંય સ્થગિતતા ન આવે મીનીમમ ગવર્મેન્ટ એન્ડ મેક્સિમમ ગવર્નન્સનું મોડલ એ સ્વીકારવું જ રહ્યું. માત્ર સરકાર કરશે, માત્ર વહીવટ કરશે. અહીંથી ઘણી બધી માગણી થઇ છે. કોલેજોની માગણી થઇ છે. સ્કૂલોની માગણી કરે છે. ગ્રાન્ટ ઇન એઇડની માગણી કરે છે. આ બધું કેવી રીતે આવે છે? હું માનું છું કે જે સંખ્યામાં વધારો થઇ રહ્યો છે તમે પણ કર્યો અને માનનીય નરેન્દ્રભાઇએ કર્યો. શ્રી ભૂપેન્દ્રસિંહજીએ વાત કરી છે એટલે ડીપમાં નથી કહેતો પણ રાજયની જનતાની અંદર શિક્ષણ આવે એવા પ્રયાસો થયા એટલા માટે સ્કૂલો અને કોલેજની ડિમાન્ડો આજે ઉભી થઇ છે એ આપણે બધાએ સ્વીકારવું જોઇએ નહીંતર ન થાય. એની જરૂરિયાતને પહોંચી વળવા માટે આ પ્રકારે આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે એમાં સફળતા પણ આપણે જોઇ છે. કયારેય કોઇ યુનિવર્સિટીઓ નીતિનભાઇ અમારા વડીલ છે. કયારેક કોઇ માગતા હોય તો એમાં જમીન, બિલ્ડિંગો એની વ્યવસ્થા હોય એમને એમ નથી થતું. ઇચ્છા થાય કે હું કોલેજ કરી નાખું તો એમને એમ નથી થતી. એ માંગવા આવે છે એનો અર્થ એ છે કે એની પાસે શિક્ષણ માટે વિદ્યાર્થીઓ છે. કોઇ અત્યારે એવો સમય નથી. અત્યારે ૨૪ કલાક સોશિયલ મીડિયાથી માંડીને બધું ખુલ્લું છે. હવે કોઇ ઘર ઘરમાં રમી શકે તેવી સ્થિતિ નથી. તમારી અને મારી સ્થિતિ પણ એવી નથી. આપણા ઉપર પણ અલગ પ્રકારના ઓબ્ઝર્વેશન કેમેરાઓ એ સતત ૨૪ કલાક હોય છે. એ બધુ અઘરું છે. આપણું કામ અઘરું બન્યું છે. વ્યવસ્થાઓ, સરકારી વ્યવસ્થાઓ, આર.ટી.આઇ. સહેલું નથી. તમારે અને અમારે સ્વીકારવું પડશે. એવા વખતે માગવા આવતા હોય તો એને સર્વાઇવ થવું છે, એટલે આવે છે એ પણ સમાજની વ્યવસ્થાની જરૂરિયાતો છે, એ જરૂરિયાતોને પહોંચી વળવા માટે રાજ્યની સરકાર કોઇને ફાયદો કરાવવા માગે છે, કોઇને આપી દેવા માગે છે. ન તો ભૂતકાળમાં હતું, ન આજે છે, ન આવતીકાલે હશે. ન તો તમારા પક્ષે પણ હોય, કારણ કે આપણે બધા એ સમાજને જવાબ દઇએ છીએ. જાહેર જીવનમાં

વ્યક્તિ આવતો હોય ત્યારે એ સંવેદનશીલ હોય, સમાજ માટેનું કમિટમેન્ટ હોય, ગરીબ લોકોની વાત થઇ છે. હું માનું છું કે એના માટેનો ભાવ ક્યાંથી આવે છે? જે પ્રતિનિધિ તરીકે આપણે કામ કરીએ છીએ એનો ભગવાન અને એનો આત્મા. આત્મા એક જ છે, ત્યારે આત્મા જાગતો હોય છે, એ જાગ્યો અને એ પ્રકારની વાતો અહીથી થઇ છે. હું સ્વીકારું છું. રાજનીતિની વાત કરીને, લાગણીની વાત કરીને કરતો નથી. મારો અને તમારો અનુભવ છે. એના આધાર ઉપર આપણે આગળ વધી રહ્યા છીએ. ત્યારે તેમની તમામ બાબતો આવકારદાયક છે. ખાનગી યુનિવર્સિટીઓ કદાચ ખાનગી નામ અઘરું કદાચ લોકોને લાગતું હોય, લોકભાગીદારીનું નામ કરવું સારું છે. આને લોકભાગીદારીના કન્સેપ્ટ તરીકે આપણે જોઇએ તો આપણી દ્રષ્ટી અને સમાજની દ્રષ્ટી ફરશે અને આપણે ફેરવવી પડશે. કોઇની પણ સરકાર હોય, બધું આપણે કરી શકવાના નથી. નહિતર પ્રાઇવેટ બસો, વાહનો ન આવ્યા હોત. સમયે પહોંચવા માટે આપણી પાસે ગાડીઓ ન આવી હોત. આપણે રાહ જોઇને ગયા હોત, સમય જે ગતિથી ચાલે છે. માનનીય શૈલેષભાઇ વાત કરતા હતા કે મારી પાસે છે. સેકંડની વાતો કરીએ છીએ. ૩૦ સેકન્ડ વધારે આપો. ગૃહમાં સમજાય છે કે સમય કેટલો કિમતી છે. મેં બધું કાઢ્યું ૨૮ વર્ષથી છીએ ત્યારે કરોડો કરોડો સેકંડોના કલાકો ગણ્યા છે. એક વર્ષના ૩૬૫ દિવસ એમના કલાકો. આપણને સમયની કિંમત સમજાય છે. એટલા માટે સમયની સાથે ચાલવા માટે આ પ્રકારની લોક ભાગીદારીનો કન્સેપ્ટ સ્વીકારીએ તો મોટા પ્રમાણમાં આગળ વધી શકતા હોઇએ છીએ. ઉદ્યોગ માલિકો, ઘણી વખત ઉદ્યોગ ગૃહની ચિંતાઓ અને ચર્ચાઓ થાય છે, ત્યારે સી.એસ.આર., ઉદ્યોગ ગૃહોની કેટલીક સામાજિક જવાબદારીઓ નીભાવે છે. આપણે સ્વીકારવું રહ્યું. એ ધંધા કરે અને કમાય. તો આપણે એની ચિંતા કરીએ વ્યાજબી નથી. કોઇ ખોટું કરતા હોય તો એને નિયમો લાગુ પડે. અ,બ,ક,ડ કોઇપણ હોય. તે પણ તેમની જવાબદારી નીભાવે છે, જેટલી પણ ખાનગી યુનિવર્સિટીઓ. હું જે સમજ્યો છું અને જાણ્યો છું. સામાજિક દાયિત્વ અન્ય યુનિવર્સિટી અને વિદ્યાર્થીઓ, સંશોધનની બાબત, રિસર્ચની બાબત હોય એની લેબૉરેટરી વાપરવા માટે આપે છે એ કાયદાની કલમમાં આપણે લખાવીએ છીએ. જ્યારે ઉંડા ઉતરીને વધારે અભ્યાસ કરીશું તો રાજ્યની જનતાને વધારે લાભ અપાવી શકીશું. રાજ્યની જનતાને પી.ડી.પી.યુ. કે અન્ય કોઇ સંસ્થાઓ હોય, એમને એમ નથી છોડતા. એમની જવાબદારી ફિક્સ કરી છે. હજુ પણ ભવિષ્યમાં લાગુ કરવા જેવું છે, એને પોસાય છે તો રાજ્યની સરકાર ઓપન માઇન્ડથી કરવા તૈયાર છે, ત્યારે એકાદ-બે વાતો મારે જે માનનીય સભ્યશ્રીઓની લાગણી હોય, સ્વાભાવિક છે. એમના ઘણા બધા ફાયદાઓ યુનિવર્સિટીઓના આપણને મળતા હોય છે. રોજગારીની તકો હોય, હરિફાઇમાં ઉભા રહેવાનું હોય, કન્વેન્શનલ જેવા કોર્સિસ કરવાના હોય, ઇન્ટેકની મર્યાદા હોય, વર્કશોપ, સેમીનાર, કંપનીઓ સાથે કોલોબરેશન કરવાનું હોય, ઇન્ટરશિપનું આયોજન હોય, કેમ્પસની વિશાળતા અને ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસિલિટીની બાબત હોય, એલમીની એસોસીએશનની બાબત હોય, ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાનું હોય, સ્કોલરશિપની બાબત હોય આ બધુ રાજ્યની સરકાર આપી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વાર અહીથી એવી વાત થઇ છે કે આપણી સરકારી યુનિવર્સિટીઓને એમાંથી તકલીફ થાય છે. અભ્યાસ કરીને મેં મારા વિભાગને કહીને માહિતી મેળવી છે. આપણા મનમાં સ્વાભાવિક છે પ્રાઇવેટ યુનિવર્સિટી બનાવીએ છીએ તો આપણી યુનિવર્સિટીને તો નુકસાન નહિ થાય ને? આપણા વિદ્યાર્થીઓને તો નુકસાન તકલીફ નહિ થાય ને? સરકાર તેના માટે કટિબદ્ધ છે. જેને કંઇ વધારે ફેસિલિટી અથવા તો જેને પોષાય છે, માનનીય હિંમતસિંહભાઇએ સરસ વાત કરી છે. તે થઇ શકે પણ અન્ય અટકી જાય તેવું આ રાજ્યની સરકાર ક્યારેય કરવા માગતી નથી. કોઇને પણ સરકારી ખર્ચે ભણવું હોય તો તેમને એડમિશન મળે તેની વ્યવસ્થાઓ તમારા વખતથી છે. આજે પણ તે વ્યવસ્થાઓ છે ત્યારે ખાનગી યુનિવર્સિટીઓના કારણે રાજ્યની સરકારી યુનિવર્સિટીઓને કોઇપણ જાતની અસર થતી નથી. ખાનગી યુનિવર્સિટી તેના નિશ્ચિત કેમ્પમાં છે. જયારે આપણી સરકારી યુનિવર્સિટી, ગ્રાન્ટ ઇન એઇડ યુનિવર્સિટી, સ્વ-નિર્ભર કોલેજોનું જોડાણ, તેનું પ્રમાણ ખૂબ મોટા પ્રમાણમાં છે. ત્યારે વિદ્યાર્થીઓની સંખ્યા પણ હું આપને કહીશ. ૧ લાખ ૧૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ પ્રાઇવેટમાં, ૧૩ લાખથી વધારે ગ્રાન્ટ અને ગ્રાન્ટ ઇન એઇડમાં આજે પણ ભણે છે. શેના માટે બધું વહી ગયું, બધું વહી ગયું? મારી વિનંતી છે કે, તમે ખૂબ અભ્યાસ કરીને આવ્યા છો ત્યારે, આ આપણા બાળકો છે. પ્રાઇવેટ યુનિવર્સિટી કરતાં સરકારી યુનિવર્સિટીઓને કોમ્પિટિશનમાં ઉભા રહેવું હોય તો આપણે વ્યવસ્થાઓ કરી છે. અહીંથી પ્રાધ્યાપકોની વાત કરી, જગ્યાઓ ભરવાની વાત કરી. પ્રાઇવેટ સ્કૂલોની વાત કરી. હું આપને ખાતરી આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ખાતરી કહું છું અને સમજીને કહું છું. જે ઓરડાની વાત છે તેમાં અમારા પૂર્વ મંત્રીશ્રી પણ વ્યવસ્થાઓ કરતા ગયા છે. આ વર્ષે જ ઓછામાં ઓછા ખૂબ ઝડપથી તેના ખાતમુહૂર્ત થાય. ૧૦ હજાર ઓરડાનું આયોજન અને તેનું પ્લાનિંગ મારો વિભાગ કરી રહ્યો છે. કારણકે બજેટમાં ૧૦ હજાર ઓરડા લીધા છે. ૪ હજાર ઓરડા અમે સ્કૂલ ઓફ એક્સલન્સમાં લીધા છે. ૨૫૦૦ ઓરડાનું કામ શરૂ છે. માત્ર ૩ હજાર ઓરડા બાકી રહેવાના છે. ચાલુ વર્ષે ૧૯ હજાર ઓરડા પૂરા થાય તે પ્રકારના પ્રયાસ કર્યા છે. મેં કહ્યું એ તો કરીશું પણ આ અમે કરીને બેઠા છીએ. જેવો આવતીકાલે એપ્રિલ મહિનો શરૂ થાય ત્યારે અમે તેના ટેન્ડરો બહાર પાડવાના છીએ. તમે ચિંતા કરી છે એટલે હું કહું છું. અમારું ધ્યાન દોર્યુ છે. માનનીય બાપુ બનાવતા ગયા હતા અને કોરોનાનો સમય હતો, પરિસ્થિતિ એવી હતી એટલે કોઇ કામ કરવા તૈયાર ન હતું. શિક્ષકોની વાત કરી છે તો અમે ૩,૩૦૦ શિક્ષકો ભરવાના છીએ. બિલ જુદુ છે અને વાત જુદી છે એટલે આ માધ્યમથી વાત કરું છું. કારણકે કેટલીક વખત બહાર પણ ખોટી બાબતો જતી હોય છે ત્યારે આ આખી બાબત ટૂંકમાં આપ સન્માનનીય સભાગૃહની સમક્ષ મૂકી દેવી છે. પ્રવાસી શિક્ષકોની ચર્ચાઓ થાય છે. પ્રવાસી શિક્ષકો તો આપણા વિદ્યાર્થીઓને તકલીફ ના પડે તેના માટેની ટેમ્પરરી વ્યવસ્થા

છે. તે કાયમી વ્યવસ્થા નથી. ૩,૩૦૦ વિદ્યાસહાયકોની ભરતી અમે કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ હમણાં જ મને બોલાવીને કહ્યું છે કે, આવતા વર્ષે બીજા વિદ્યાસહાયકોની ભરતી બહાર પાડીને જે નિયમ છે તે પ્રમાણે ભરતી કરો. તે શિક્ષકો ભરાય તેની ચિંતા કરીએ છીએ. આપણે તેમાં ઉંડા નથી ઉતરતા. કોઇએ કહ્યું હતું કે ૭૦૦ શાળામાં શિક્ષકો નથી. એક શિક્ષકથી ચાલે છે. તમે જવાબ માગ્યા હતા કે મહેકમ કેટલું છે? તો બાજૂની સ્કૂલમાંથી શિક્ષક કદાચ ત્યાં ૩૦ વિદ્યાર્થીઓ હોય, ૩૫ વિદ્યાર્થીઓ હોય તો ત્યાં ભણાવવા આવે છે. કારણકે તેને છ પિરિયડ લેવાના હોય છે. અમુક ફ્રિ પિરીયડ હોય છે. આ વ્યવસ્થાઓ કરી છે. સરકાર એમનેએમ ચાલે નહીં અને ચલાવી પણ ન લે અને સમાજ પણ ન ચલાવી લે. આપણે બાળકોને માનસિકતામાં શું આપવું છે, સમાજમાં શું આપવું છે કે, બધુ ખરાબ થઇ ગયું છે. ભાજપ સરકાર ખરાબ છે. તેનાથી તેની ભણવાની માનસિકતા ઉપર અસર થશે. મહેરબાની કરીને આપ સૌને વિનંતી છે કે, આવો સાથે મળીને જે કરવું હોય તે કરીએ અને ભૂલ હોય તો અમારી સ્વીકારવાની પણ તૈયારી છે. આટલી ક્ષતિ રહી ગઇ છે પણ ભવિષ્યમાં નહીં રહે. જે ભણે છે તેની માનસિકતા બની રહેવી જોઇએ, તેના મા-બાપની માનસિકતા બની રહે તે જોવાની જવાબદારી આપણા સૌની સહિયારી છે. સહિયારી જવાબદારી છે. હું કયાંય પોલિટિકલ વાત આજે કરવા જ માગતો નથી. આ આપણી સહિયારી જવાબદારી છે. તેના માટેનું મેદાન અને સ્થળ હશે અને તે લોકો નક્કી કરશે ત્યારે કરીશું. શિક્ષણની વાત છે ત્યારે માની લો કે આ યુનિવર્સિટીઓ નક્કી જ ન કરીએ, કોઇને ચેક જ ન કરીએ, કોઇને આપવાની ભલામણ ન કરીએ તો તેની ક્ષમતા અને કુશળતાનો ખ્યાલ કેવી રીતે આવશે? તમે અને હું અહીં બેઠા છીએ, કોઇએ આપણને તક આપી છે. તક આપ્યા પછી નિષ્ફળ જઇએ તો વાત જુદી છે, પણ કોઇ ખોટું કરે તો તેના માટેનાં પગલાં લેવાની તૈયારી છે, પણ તક જ ન આપીએ અને કહીએ કે આવું નહીં કરવું જોઇએ તો કેવી રીતે સમાજ આગળ આવશે. તેમને અનુભવવા તો જોઇએ. અનુભવ્યા પછી તે ખોટું કરે, નિષ્ફળ જાય તો તેના ઉપર પગલાં લેવાની જોગવાઇ કરી રાખી છે. મને એક બાબત એવી પણ અહીંથી કહી છે કે, આપણા લોકોને પણ એમાં લેવા જોઇએ. ખાનગી યુનિવર્સિટીની બોર્ડની મીટિંગ હોય છે ત્યારે ઉચ્ચ શિક્ષણ કમિશનરના પ્રતિનિધિ તરીકે અગ્ર સચિવ હાજર રહેતા હોય છે અને ક્યાંય પણ ન રહે તો હું તમને કહું છું કે તમે ધ્યાન દોરજો અમારા અધિકારી હાજર રહે એની જવાબદારી અમારી છે. કોઇને છૂટો દોર આપણે આપવા માગતા નથી. માનનીય વિરજીભાઇએ પણ ખૂબ સરસ સૂચનો કર્યાં છે. હું એમને આવકારું છું, લોકભારતી સણોસરાની પણ વાત થઇ છે. માનનીય ઋત્વિકભાઇએ વાત કરી કે લોકભારતી સણોસરાને કેમ પ્રાઇવેટ યુનિવર્સિટીમાં આવવું પડે છે? મને કહેતા આનંદ થાય છે અને એક પ્રતિનિધિ તરીકે અમે ચૂંટાયા છીએ ત્યારે કહું છું કે, મેં શ્રી અરૂણભાઇને સામેથી કહ્યું હતું કે આપ પ્રાઇવેટ યુનિવર્સિટીમાં જોડાવ જેનાથી એનું ફલક વિશ્વ કક્ષાનું બને. આપ શ્રી અરૂણભાઇને પૂછી શકો છો. દલસુખભાઇની અંતિમ ક્રિયામાં પણ હું ત્યાં ગયો છું. મનુભાઇ પંચોલી-દર્શક હોય, નાનાભાઇ હોય અને અમારું ભાવનગર એ કેળવણીનું ધામ છે એમને કેવી રીતે આગળ લઇ જવા? આજે એ ખૂશ છે. પણ અહીંથી શું આપણે એવો મેસેજ આપવા માગીએ છીએ કે આ યુનિવર્સિટી કેમ બનાવવી પડી? બધું બંધ કરી દીધું એટલે કરવું પડ્યું એવું નથી. સામેથી મોટીવેટ કરવા પડે. આ આપણી જવાબદારીઓ છે. માનનીય પંકજભાઇ ઉપ પ્રમુખ છે અમારી નડિયાદ મેડિકલની આપણે યુનિવર્સિટી બનાવીએ છીએ, દિનશાભાઇ છે, પેથલજીભાઇના દીકરા અહીંયા બેઠાં છે આ ગૃહના સભ્ય છે આપણા માટે ગૌરવની બાબત છે. એ વખતે એમણે કેવી રીતે શિક્ષણની ચર્ચા કરીને શરૂઆત કરી હશે એની કલ્પના તો આપણે કરીએ. એવા પણ લોકો છે, માનનીય બળદેવજીભાઇ બેઠા છે ત્યારે કહું છું કે આપણી ધાર્મિક સંસ્થાઓ છે, સ્વામિનારાયણ સંસ્થાઓ છે એ લોકોની માગણીઓ છે. કોઇએ પોતાની જાતને પૂરવાર કરી છે તો એની પણ માગણી હોય છે. આપે કહ્યું કે SKIPS યુનિવર્સિટીની ૫ એકર જમીન પણ છે, એમનો અનુભવ પણ છે અને એ નીતિ નિયમોના આધાર ઉપર એને કોઇને પણ આપણે એ રીતે છોડવાના નથી કે એને ઇચ્છા થાય એ પ્રમાણે એ કામ કરે. બધા જ પરિપત્રો કહ્યા છે એ પ્રમાણે અમે કરવાના છીએ. શ્રી પંકજભાઇએ પણ સરસ વાત કરી છે કારણ કે એ તો ખૂબ જૂના લોકો છે, પીઢ અને અનુભવી લોકો એ યુનિવર્સિટીમાં કામ કરે છે ત્યારે ગુજરાતને એક નવી ઉંચાઇ ઉપર લઇ જવા માગીએ છીએ. માનનીય કીરીટભાઇએ એક વાત કરી છે, હું એમનો આભાર માનુ છું. પ્રજા કલ્યાણની વાત થઇ છે, ગરીબોની વાત થઇ છે, નિયમોની વાત થઇ છે અને કલમો એમણે ટાંકી છે, વર્ષ ૨૦૦૯ના કાયદાઓની વાત કરી છે, પ્રોવોસ્ટ અને કુલપતિની વાત કરી છે. પ્રોવોસ્ટ-કુલપતિ એ જે નિયમની જોગવાઇઓ છે હું વિશ્વાસ અપાવું છું કે એ પ્રમાણે ખાનગી યુનિવર્સિટીમાં થાય એ પ્રકારનો પરિપત્ર અમે કરીશું. હું આ જે બધી વાત કરું છું એ બધું અમે પરિપત્રમાં કરવાના છીએ. એક વાત અહીંયા એવી પણ નીકળી છે કે આપણને ગણતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહ એ ખરડાઓ પસાર કરે છે અને હું એવું માનુ છું કે, એમને સન્માન મળવું જોઇએ. અમે કહેવા માટે નથી કહેતા કે કોઇએ ફોન કર્યો હોય તો ફોનની વાત માનનીય ઋત્વિકભાઇએ કરી હતી અને શ્રી રાજેશભાઇએ કરી હતી કે અમારો ફોન નથી રિસીવ કરતા. હું અમારા અધિકારીઓને અહીંથી સૂચના આપવાનો છું, પરિપત્ર થાય, પ્રતિનિધિઓએ ફોન કર્યો હોય તો એને રીકોલ કરવાની એમની ફરજ છે અને એ અમારો વિભાગ કરશે. સાચી બાબત હોય તો સન્માન પણ મળવું જોઇએ, બેસાડવા પણ જોઇએ અને સાંભળવા પણ જોઇએ. આજે અમે છીએ કાલે કોઇ હશે, એ પણ ખૂબ સારાં સૂચનો કર્યાં છે. કેટલીક બાબતો કોર્ટમાં પેન્ડિંગ છે એટલે હું નથી કહી શકતો પણ યુજીસી, યુજીસીની ગાઇડલાઇન ભારત સરકાર, રાજય, રાજયના કેટલાક અધિકારો એ બહુ મોટી ડીબેટ થઇ શકે એમ છે. એ કરીને ભૂતકાળમાં શ્રી ભૂપેન્દ્રસિંહજી હોય કે માનનીય વિજયભાઇ હોય એમણે નિર્ણયો લીધા છે પણ કોર્ટમાં બધા જાય, અમે પણ

જઇએ એના નિર્ણયો આવે એના આધાર ઉપર બધું ખોટું થઇ ગયું એવું પણ નથી. એફ.આર.સી. બધામાં લાગુ પડે છે, ઘણા બધા સભ્યોની ચિંતા હતી કે પ્રાઇવેટ યુનિવર્સિટીને એફ.આર.સી. લાગુ નથી પડતી. એફ.આર.સી. લાગુ પડે છે. એફ.આર.સી.ની વાત બાપુએ કરી છે. હું અહીંથી આપને વિશ્વાસ અપાવું છું કે એફ.આર.સી.પ્રમાણે જો ફી ન લે તો એના ઉપર કડકમાં કડક પગલાં લેવા માટેની અમારી ભાજપની સરકારની શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વની સરકારની તૈયારી છે. તમે કહેજો આણે ખોટું કર્યું છે, અમારો સગો હશે તો પણ અમે છોડીશું નહીં કારણ કે, કાયદો અને નીતિ નિયમની વાત છે બધાએ એને અનુસરવું પડે. પણ ક્યારેક કોઇ કરતા પણ હોય છે પણ જ્યારે ઘ્યાનમાં આવે ત્યારે ભૂતકાળમાં પણ બાપુએ પગલાં લીધા છે, કેટલાય લોકોને દંડ થયા છે. હું અહીંથી એવું કહું છું કે હજુ પણ એ ન માને તો આઇ.પી.સી.ની કલમ ઉમેરવી પડે તો એ ઉમેરીને અમે ભવિષ્યમાં કાયદો કરીને પણ કંઇ કરવું પડે તો પણ અમે કરીશું કારણ કે આપણે સારું કરવું છે. ત્યારે એ પ્રકારે તેમાં પણ શંકા-કુશંકા, શ્રી વિવેકભાઇએ પણ સુંદર વાત કરી છે, શ્રી નૌશાદભાઇએ પણ એફ.આર.સી.ની વિશેષ વાત કરી છે, અન્ય ઘટની અને વિગેરે વાત કરી છે, રેશિયો જાળવવાની વાત કરી છે તે બધી જ બાબતોમાં અમે માત્ર આગળ વધવાના નથી, પણ પરિણામ આપવાના છીએ. શ્રી બાબુભાઇ બોખીરીયા હોય, શ્રી ઋત્વિકભાઇ મકવાણા હોય આ બધાએ ડીપીએસની વાત કરી હોય તો એ પણ હું તેની નોંધ લઉં છું. શ્રી ગોવિંદભાઇ, શ્રી બળદેવભાઇ તેમણે જે વાત કરી તેનો જવાબ મેં આપ્યો છે. કોઇ ટ્રસ્ટ સાત વર્ષનું થયુ છે તેને પાંચ એકર જમીન છે, તેની કેપેસિટી છે તે પ્રમાણેની જ મંજૂરી આપી છે અને તેમાં પણ એક બે બાબતો હું મારી વાતમાં ઉમેરવાનો છું. શ્રી રાજેન્દ્રભાઇભાઇ ચાવડા, ભાઇશ્રી સી.જે.ચાવડાએ પણ ખૂબ અભ્યાસુ રીતે મને ગમ્યું કે આજે જે કંઇ વાતો થઇ છે તે કોઇ પક્ષાપક્ષીથી ઉપર થઇને સાચા અર્થમાં ગુજરાતના શિક્ષણની યુવાનોની ચિંતા કરતા હોય આ ભાવ હું તો એમ કહું છું કે હું બોલુ છું એટલે નહીં આનું આ રેકોર્ડીંગ જો આપણે તેને લખીને આપીએ તો ખબર પડશે કે આપણે કેટલા ભાવથી બધાએ આ વાત મૂકી છે. શ્રી સુખરામભાઇ અહીંયાથી હું જોતો હોઉં તમે બોલતા હો ત્યારે મને ખબર હોય, તમે બોલતા હો ત્યારે અમને ખબર હોય આપણે શું બોલ્યા તે આપણા ઘ્યાનમાં ના હોય પણ અમને ખબર હોય કે કેટલા ભાવનાત્મક રીતે આખી વાત આપે કરી છે. શ્રી સી.જે.ભાઇએ પણ મોટીવેશનની વાત કરી છે. અન્ય સામાજીક જવાબદારીની પણ વાત કરી છે, ટ્રાન્સપરન્સી રહે તે ખૂબ મહત્ત્વનું છે. હું પણ માનુ છું કે ટ્રાન્સપરન્સી તે હોવી જોઇએ અને આપને પણ જયાં એવુ લાગે ત્યાં આ જે એકટ છે તે એકટમાં ટ્રાન્સપરન્સી ના લાગતી હોય તો એ પ્રમાણે અમે બે નિયમો ઉમેરવાના છીએ. એક સારી વાત એ છે કે આ એક્ટ બાપુ આપે બનાવ્યો ત્યારે, અત્યારે જે આપણે બનાવીએ ભવિષ્યમાં પણ કોઇક નિયમ બનાવે તો એ નિયમ ભૂતકાળની પ્રાઇવેટ યુનિવર્સિટીને પણ લાગુ પડે છે. આ બહુ મહત્ત્વની જોગવાઇ છે એવુ નથી કે આજે આ બની ગયુ તો ભૂતકાળને લાગુ નહીં પડે. શ્રી રાકેશભાઇએ પણ વાત કરી છે, શ્રી સુરેશભાઇએ પણ વાત કરી છે, શ્રી જશુભાઇ પટેલે પણ વાત કરી છે કે ડિમાન્ડો એટલે છે કે કોલેજોની જરૂરિયાતો છે તેનું પણ અમે ભવિષ્યમાં ઘ્યાન રાખીશું. શ્રી હિંમતસિંહભાઇએ પણ જરૂરિયાતમંદ લોકો માટેની પ્રાયોરિટી માટેની વાત કરી છે. શ્રી ગુલાબસિંહભાઇએ એફ.આર.સી.ની વાત અને યુ.જી.સી.ના નિયમોની વાત કરી. હું આપ સૌને વિશ્વાસ અપાવુ છું કે યુ.જી.સી.ના નિયમોનું કયાંય વાયોલેશન ના થાય, પણ જયાં રાજય સરકારનો અધિકાર છે તે અધિકારના આધાર ઉપર યુ.જી.સી.ની ગાઇડ લાઇનનું પાલન થાય એ પ્રકારે અમારો વિભાગ ભૂતકાળમાં પણ ચાલ્યો છે અને ભવિષ્યમાં પણ આ પ્રકારે ચાલશે કારણ કે આપણે કોઇ ગાઇડ લાઇનનું ઉલ્લંઘન કરીને મેં કહ્યું તેમ ન્યાયાલયો છે તો એ ન્યાયાલયોમાં સમય, શકિત અને પૈસો બરબાદ ના થાય તેના માટે અમારા વિભાગે અલગ એક લીગલ હેડ પણ બનાવવાનું નક્કી કર્યુ છે કે વર્ષો સુધી મેટરો ચાલે? કરોડો રૂપિયા સરકારના અને પ્રજાના જાય? જેટલું જેટલું ઘ્યાનમાં આવે છે તે અમે કરી રહ્યાં છીએ. નવી શિક્ષણ નીતિમાં તમારા જે પ્રશ્નો છે તેના મોટાભાગના સમાધાન છે, તેનું લોન્ચિંગ પણ છે, નવી એન.ઇ.પી.તે અહીંથી વાત કરી તે પ્રમાણે તમામ બાબતો તેમાં આવી જાય. મલ્ટીફિક્શનેરી આપણું ક્વોલિટી એજયુકેશન આવી જાય એ પ્રકારની વ્યવસ્થાઓ હોય તે રોડ મેપ તે દેશમાં પહેલી વખત ગુજરાતમાં તે આપણે બનાવ્યો છે. દશ વર્ષમાં, ચાર વર્ષમાં તેનું લગભગ ૬૦ ટકા કામ એટલે દશ વર્ષની અંદર જે ચાલીસ સુધી કરવાનુ છે તે રાજયની ભારતીય જનતા પાર્ટી આપ સૌના સહકારથી, સાથે મળીને તમારો સહકાર નહીં હોય તો પરિણામ નહીં મળે તે આપણે ક્વોલિટી એજયુકેશન તરફ, રેન્કિંગ તરફ આગળ વધી રહ્યાં છીએ. શ્રી પી.ડી.વસાવા, શ્રી રાજેશભાઇ ગોહિલ, શ્રી પુંજાભાઇ વંશે પણ ઘ્યાન દોર્યુ છે. ખાનગીકરણ તે સ્પર્ધા માટે છે ખાનગીકરણ તે કોઇને ફાયદો કરવા માટે નથી. શ્રી પરેશભાઇ ધાનાણીએ પણ તેમના અનુભવનો નીચોડ તેમણે વાત કરી કે અમે કોઇ પ્રાધ્યાપકો સાથે બેઠા હતા. તેમણે કહ્યું કે આ પ્રકારની ઘટો તે નાની મોટી તે સમયાંતરે રહેતી હોય છે, પણ નવી ભરતીઓ પણ ટૂંક સમયમાં એ પ્રોફેસરોની અમે કરી રહ્યા છીએ અને એમને કહ્યું કે કરાર આધારિત જે પ્રોફેસરો છે તેમાં પણ વધારો. એ બધુ ન કરીએ તો, મને લાગે છે કે વિકાસના કામો આપણે ના કરી શકીએ. એ જેટલી જે જરૂરિયાત હશે મહેકમ જે પ્રમાણેની વ્યવસ્થા કરી તે સિવાય પણ તકલીફ ના પડે તેના માટેની આ વ્યવસ્થાઓ તે રાજયની સરકાર કરી રહી છે. ખૂબ બધા તેમના ઓબ્ઝર્વેશન પણ ટાંકયા છે. બાપુએ પણ તેમના જવાબો આપ્યા છે ત્યારે હું વિશેષ એમાં નથી કહેતો પણ તેની મોનિટરિંગની સિસ્ટમ સૌથી બધાની વાતમાં ચિંતા જે મને દેખાઇ તે મને એવુ લાગે છે કે આ યુનિવર્સિટીની મોનિટરિંગની અને ક્વોલિટી એજયુકેશનની વાત થઇ છે. ક્વોલિટી એજયુકેશન માટે મને કહેતા આનંદ થાય છે કે, સમગ્ર દેશની અંદર પહેલી વખત આપણી ગુજરાત સરકાર તમે પણ એક ભાગ છો સરકારનો, પ્રતિનિધિઓ છો. આપણી સરકાર એટલે એવું નથી કે ભાજપની સરકાર.

આપણા સૌની સરકાર છે. રેન્કિંગ અને એક્રિડીએશન માટે એક સેલની રચના કરવાની અમે તૈયારી કરી રહ્યા છીએ. એનો પરિપત્ર અમે કરી રાખ્યો છે. અમે ટૂંક સમયમાં એ પરિપત્ર બહાર પાડવાના છીએ. તમામ યુનિવર્સિટીઓ, કૉલેજો આ જી.આર. દ્વારા એક્રિડીએશનમાં જોડવાના છે. તેમણે આવતાં વર્ષોમાં અમુક ગ્રેડ પ્રાપ્ત કરવાનો રહેશે. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટીઓ બનાવવા માટે અમે કૉન્ફરન્સ અને સેમિનાર કર્યા છે. એનો જી.આર. તૈયાર છે. બધી જ દિશાઓમાં એક સાથે લડવું પડશે, સાથે મળીને કરવું પડશે. આગળ વધવું પડશે. આખા દેશમાં રેન્કિંગ માટે પહેલી વખત આવો સેલ બની રહ્યો છે. રેન્કિંગ માટેની કમિટી બનશે, ડે ટુ ડેનું મોનિટરિંગ કરશે. એમનું એક્રિડીએશનનું ફોર્મ ભરાયું કે ન ભરાયું વગેરે જે રેન્કિંગના પેરામિટર્સ છે એમાં કેવી રીતે પાસ થાય એનું મોનિટરિંગ કરશે. પર્સેપ્શનના આધાર ઉપર આપણી યુનિવર્સિટીઓ રહી જાય છે અને હું માનું છું કે પર્સેપ્શનમાં તમે અને હું બોલીએ છીએ એની પણ અસર ત્યાં થાય છે. મારી વિનંતી છે કે શિક્ષણને બાદ રાખીને પર્સેપ્શન કેવી રીતે બને એની પણ ચિંતા કરીએ. પ્રાઇવેટ યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૯ માટે એલ.ઓ.આઇ. અમે આ બધી ખાનગી યુનિવર્સિટીઓને આપી છે અને સંસ્થાની રચના, સ્થાપના અંગે સગવડો, વ્યવસ્થાઓ સૂચવી છે. પાંચ વર્ષમાં ઊભી કરવાની હોય છે, એ બાબતની ચકાસણી શિક્ષણ વિભાગ દ્વારા નિયુક્ત સમિતિ ફાઇનલ રિપોર્ટ હકારાત્મક ના આપે ત્યાં સુધી જે તે યુનિવર્સિટીમાં પ્રવેશ સહિતની શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી શકશે નહિ. તમામ જવાબો આ ટર્મ્સ એન્ડ કન્ડિશનમાં મળે છે. હું મારા વિભાગને કહીશ કે તમામ સભ્યશ્રીઓને આ કૉપી ગુજરાતીમાં આપે. અમારી વેબસાઇટ ઉપર મૂકે. ખાનગી યુનિવર્સિટીઓ પણ પોતાની વેબસાઇટ ઉપર મૂકે. એ નિયમનું પાલન ન થતું હોય તો સાથે મળીને કરાવીએ. આપણે ઓપન રહીએ. આ પહેલી વખત બન્યું છે. એમણે લખાણ લીધું છે. સૂચિત ખાનગી યુનિવર્સિટીઓ એ કોઇને લૂંટવા માટે નથી અને લૂંટાવા દેવા માટે આપણે બધા બેઠા પણ નથી. એ વ્યવસ્થા પણ અમે કરીને આવ્યા છીએ. જે સત્તાઓ પ્રાપ્ત થઇ છે એની કૉપી પણ હું મારા વિભાગને કહીશ કે ગુજરાતીમાં અને અંગ્રેજીમાં તમામ સભ્યોને આપે. એ આપણી ગુજરાત સરકારની સત્તાઓ છે. મને તમામ સભ્યશ્રીઓને કહેતા આનંદ થાય છે કે અમે તા.૩૦/૩/૨૦૨૨ એટલે કે ગઇકાલે ઠરાવ કર્યો છે. એ ઠરાવ એ પ્રકારનો ઠરાવ છે કે એમાં બે સમિતિઓની રચના કરવામાં આવશે. (૧) ઉચ્ચસ્તરીય સમિતિ એટલે કે એપેક્ષ કમિટી. એમાં અધ્યક્ષ તરીકે જે શિક્ષણમંત્રીની જવાબદારી હોય એ હોદ્દાની રૂએ રહેશે. રાજ્યકક્ષાના મંત્રી રહે. અગ્રસચિવ એ સહઉપાધ્યક્ષ તરીકે રહેશે. સચિવ/અગ્રસચિવ (માર્ગ અને મકાન વિભાગ), સચિવ/અગ્રસચિવ (નાણાં), સચિવ/અગ્રસચિવ (કાયદા વિભાગ), નિયામક/ કમિશનરશ્રી (ઉચ્ચ શિક્ષણ), નિયામક/કમિશનરશ્રી (ટેકનિકલ શિક્ષણ), એડવાઇઝરી કે.સી.જી. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના એક સભ્ય, ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનના એક સભ્ય, સરકારી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓમાંથી બે સભ્યો રોટેશન અનુસાર રહેશે. આ કરીને આવ્યા છીએ. આની અમલવારી અમે કરીશું. આપનું સૂચન નીતિવિષયક છે. માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરીને એમાં કાંઇ વાંધો ન હોય કે બે ધારાસભ્યો એમાં રહે. એમાં વિપક્ષના નેતા રહે અથવા અમારા બે સભ્યો રહે પણ એમાં આમંત્રિતો તરીકે સારું કરવું છે. અમે મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરીશું. આમાં પણ આમંત્રિત સભ્યો ઉમેરાતા હોય તો કાંઇ વાંધો નથી. હું એવું માનું છું કે દેશમાં આ પ્રકારની વ્યવસ્થાઓ બહુ ઓછી જગ્યાએ થઇ હશે. આપણા માર્ગદર્શન હેઠળ આ વ્યવસ્થાઓ આપણા વિભાગે કરી છે. મને આનંદ છે કે માનનીય ભૂપેન્દ્રસિંહે પણ અમને આમાં માર્ગદર્શન આપ્યું છે. અગ્રસચિવ (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ) અધ્યક્ષ રહેશે. નિયામક/કમિશનર (ઉચ્ચ શિક્ષણ) એ સભ્ય સચિવ રહેશે. નિયામક/કમિશનર (ટેકનિકલ શિક્ષણ) એ સભ્ય રહેશે. નાયબ સચિવ (ઉચ્ચ શિક્ષણ) સભ્ય રહેશે. નાયબ સચિવ (ટેકનિકલ શિક્ષણ) એ પણ સભ્ય રહેશે. એડવાઇઝરી (કે.સી.જી.) એ સભ્ય રહેશે. સરકારી કૉલેજના બે આચાર્યશ્રીઓ રોટેશન મુજબ રહેશે અને આ સમિતિ દર બે મહિને મળશે. પ્રાઇવેટ ઓડિટની વાત થઇ છે. ઓડિટર એમ જ રિપોર્ટ નથી આપતા. એના ઓડિટ અને હિસાબો જોવાનો અધિકાર પણ આપણને આપ્યો છે અને મેં મારા વિભાગને કહ્યું છે કે બે કે ત્રણ મહિને એ કૉલેજમાં જાય. એમના કોર્સ માટે જે પ્રોફેસર હોય તે બતાવવા માટે બતાવી દેતા હોય છે. પછી તે કન્ટીન્યુ છે કે નહિ તે માટે આપણે વિદ્યાર્થીઓની ચિંતા કરવાની છે. અમે આપ સહુના સહકારથી નક્કી કર્યું છે કે આ કમિટી બે-ત્રણ મહિને તપાસ કરે. આમાં કશું ખાનગી નથી. હું મારા વિભાગને અહીંથી જ કહું છું કે આ કમિટીનો અહેવાલ તમામ સભ્યોને આપે. કોઈ સભ્યશ્રીએ પૂછ્યું હતું કે કેટલી દરખાસ્તો આવી છે? ૧૯ દરખાસ્તોમાંથી ૧૧ દરખાસ્તોને મંજૂરી આપી છે. કેટલાકની સ્ક્રુટિની શરૂ હોય, કેટલાકને ૭ વર્ષ ન થયા હોય એટલે મંજૂરી આપી નથી. એવું નથી કે કૉલેજ હોય તેને જ મંજૂરી આપવી પણ જેને અનુભવ છે અને તેના આધાર ઉપર ભવિષ્યમાં એમને ક્યાંક બિલ્ડિંગ બનાવવાનું છે એ ન બનાવે ત્યાં સુધી ન આપી શકીએ. અમે જે ટર્મ અને કન્ડિશન લાવ્યા છીએ તેમાં ૧૧માંથી કદાચ કોઈ એવા નબળા હશે તે આ ટર્મ અને કન્ડિશન સ્વીકારશે જ નહિ. કોઈનું ભવિષ્ય બગાડવા માટેનો અધિકાર કોઈ સરકારોને હોઈ શકે નહિ. અમે જવાબદારી માનીને કામ કરીએ છીએ. બજેટ સેશનની પૂર્ણાહુતિમાં એક મહિના સુધી ખૂબ સાથે રહીને ભાવથી વાતો કરી છે, ચર્ચા કરી છે, સાથે રહ્યા છીએ, એકબીજાને સમજવાનો પ્રયાસ કર્યો છે. સમયની ગતિ એવી છે કે સમય ક્યાં જતો રહે એ ખબર રહેતી નથી. કદાચ ગાડી-બંગલામાં ફરતાં હોઈશું પણ જાહેરજીવનમાં પડેલા આપણે વિશેષ યંત્ર માનવ બની ગયા હોય તે રીતે ૨૪ કલાક મગજમાં આવવું - જવું - દોડવું આ જ ચાલતું હોય છે. મને એમ લાગે છે કે પહેલાં એસ.ટી. બસમાં જતાં અને કોઈ સ્કૂટર લઈને કે રિક્ષામાં લેવા આવતા એ ભાવ સારામાં સારી બ્રાન્ડ ગાડીમાં પણ મળતો નથી. બધું પ્રાપ્ત કર્યું પણ એ પ્રેમ ગુમાવ્યો છે. સમય એવો ચાલે છે ત્યારે સાથે હતા ને બદલે આપણે જે

પ્રકારે સમયની સાથે ચાલવા માટે દોડાદોડી કરતા હોઈએ છીએ ત્યારે આપણે ક્યાંક ઘણું બધું ભૂલ્યા છીએ. આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે ભૂલાઈ ગયેલું બધું આપણને યાદ રખાવે. આપણા બધાનો ભાવ આપણા સુધી નહિ આપણી પેઢી સુધી એકબીજા સાથે રહે. સાથે મળ્યા હોય તે ક્યારેય ન ભૂલીએ અને જે કંઈ એકબીજાને સમજ્યા છીએ એ સમજીને આપણે જે કંઈ એકબીજાને આપવાનું છે તે આપવા માટેનો પ્રયાસ કરીએ. હું એટલું કહીશ કે,

**ચલતે ચલતે મેરે યે ગીત યાદ રખના, કભી અલવિદા ના કહેના. રોતે હસતે બસ યુંહી તુમ ગુનગુનાતે રહેના, કભી અલવિદા ના કહેના.**

માનનીય અધ્યક્ષશ્રી, સમયના મુકામ પર એક પડાવ પૂરો કરીને નવા ફલક પર આપણે સૌએ પહોંચવાનું છે.

**હમ લૌટ કે આયેંગે તુમ યુંહી બુલાતે રહના, કભી અલવિદા ના કહેના.**

સમય સામે હાર કે જીત હોતી નથી. સમય પાસેથી શીખવાનું હોય છે. સમય ધીરે ધીરે બધાને બધું શીખવતો હોય છે. આપણાથી વધારે અનુભવ કદાચ કોઈને ન હોય. પાછળ જોઈએ ત્યારે આપણને થાય કે સમયે ઘણું બધું શીખવાડ્યું છે.

**કલ ખેલ મેં હમ હો ન હો, ગર્દિશ મેં તારે રહેંગે સદા, જીના યહાઁ મરના યહાઁ ઈસકે સિવા જાના કહા.**

માનનીય અધ્યક્ષશ્રી, હું ફક્ત એટલું જ કહીશ કે ફરી વખત સાથે મળીશું, જ્યાં જે રીતે મળીએ આપણો ભાવ ક્યારેય ઓછો ન થાય તેવી ઈશ્વરને પ્રાર્થના કરીએ. જે કામ કર્યું છે કાયમ આપણા મસ્તક ઉપર યત્કિંચિત રહે ત્યારે હું જે પ્રસ્તાવ લઈને આવ્યો છું તેમાં વિનંતી કરું છું કે, આ ખાનગી યુનિવર્સિટીનું મારું બિલ એ ગુજરાતનું અને તેના ભવિષ્યનું, ગુજરાતના વિદ્યાર્થીઓનું બિલ છે. આ બિલને સર્વાનુમતે પસાર કરવામાં આવે તો આપણે રાજ્યમાં એક સંદેશ આપી શકીશું. હું તમામ સભ્યશ્રીઓનો આભાર માનું છું. ભારત માતા કી જય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી જીતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૮ સન ૨૦૨૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ- ૨, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી જીતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૮ સન ૨૦૨૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૮ સન ૨૦૨૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક-૭**

ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક, ૨૦૨૨

**ગુજરાત રાજ્યમાં, શહેરી વિસ્તારોમાં, ઢોરના લાઇસન્સ આપવા, તેનું નિયમન કરવા, તેના પર પ્રતિબંધ મૂકવા, તે રાખવા અને તેની હેરફેર કરવા માટે જાહેર હિતમાં જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા (રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૭ સન ૨૦૨૨ના ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૭ સન ૨૦૨૨ના ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયકનું પહેલુ વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી વિનોદભાઇ અ. મોરડીયાઃ માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મી ગુજરાત વિધાનસભાના દસમાં સત્રમાં હું ગુજરાત રાજયના શહેરી વિસ્તારોમાં દિન-પ્રતિદિન વધતા જતા પશુઓના ત્રાસને અટકાવવા માટેનું બિલ જે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને અમારી કેબિનેટ દ્વારા મંજૂર કર્યુ હતું, તે આજે ગુજરાત વિધાનસભામાં આપના માધ્યમથી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ પ્રસ્તૃત કરું છું. આ બિલ એટલા માટે આવશ્યક છે કે, રાજયની મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં પશુઓનો ત્રાસ વધતો જાય છે. જેના અટકાવ અને નિયમન માટે વધુ સઘન કાર્યવાહી કરવી જરૂરી છે. હાલ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં પશુઓનો ત્રાસ અટકાવવા અને નિયમન માટે રખડતાં પશુઓ પકડવાની તથા નિયત થયેલ દંડ કે ચાર્જ ભર્યેથી પશુ માલિકોને પરત સોંપવાની કાર્યવાહી, સંબંધિત મહાનગરપાલિકા અને નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવે છે. પરિણામે પશુ માલિકો દંડ કે ચાર્જ ભર્યા બાદ પશુઓને ફરીથી રખડતાં છોડી મૂકે છે. અને આ

* વિધેયક ૨૨મી માર્ચ ૨૦૨૨ના રોજ ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રક્રિયા સતત ચાલુ રહે છે, જેના પરિણામે પશુઓનો ત્રાસ અટકતો નથી અને નિયમન થતું નથી. જેથી અસંખ્ય શહેરીજનોને પડતી મુશ્કેલીઓ અને અનેક લોકોએ આમાં જીવ પણ ગુમાવ્યા છે, આપણે અવાર નવાર વારંવાર જોયું છે કે આમાં ઘણી વખત એવું બન્યું છે કે વૃદ્ધો બહાર બેઠા હોય, અને એને કોઇ પણ આખલો કે ગાય આવી અને શીંગડે ચડાવી અને કચડતા આપણે નીહાળ્યા છે. આનો ભોગ બનવામાં મહિલાઓ અને બાળકો પણ બાકાત નથી. જે દ્રશ્યો આપણે નિહાળીએ છીએ ત્યારે આપણું મન એનાથી હચમચતું હોય છે. અને ફરી વાર આપણે એ ક્લિપ જોઇ શકીએ નહીં તે પ્રકારનાં દ્રશ્યો સર્જાય છે. વર્ષોથી બળદથી ખેતીવાડી થતી આવતી હતી. સમય બદલાતા બદલાતા બળદની કામગીરીની જે સ્થિતિ હતી તેની જગ્યાએ હવે યાંત્રિક વાહનો અને ટ્રેક્ટરોથી ખેતી થવા લાગી છે. અને તેના કારણે એ વાછરડાઓ વધતા ગયા અને રસ્તા ઉપર આવતા ગયા, જયાં જુઓ ત્યાં મહાનગરો અને શહેરોની અંદર, શહેરોમાં આશરે ૩ કરોડ જેટલી વસતિ વસે છે, તેવાં શહેરોની અંદર આ આખલાઓ અને ગાયો જેને આપણે ગાય માતા કહીએ છીએ તેને રોડ ઉપર રઝળતી મૂકી દેવામાં આવે છે અને પછી એ રઝળતાં ઢોરને પણ મુશ્કેલીઓ હોય, પાણી ન પણ મળી શકે, ખોરાક પણ ન મળી શકે, એવી સ્થિતિમાં એ પણ માનસિક સંતુલન ગુમાવી બેસે છે. અને એવા સમયે રસ્તા ઉપર બાળકો રમતાં હોય, વૃદ્ધો બેઠા હોય, મહિલાઓ શોપિંગ કરવા જતી હોય, બાળ-બચ્ચા બેસાડીને ટુ વ્હીલર ઉપર જતા હોય એવા સમયે અચાનક ગાયો રસ્તા ઉપર આવી જાય અથવા તો શીંગડાથી ઉછાળે, અને નાનાં કુમળાં બાળકોના પણ તેના કારણે મૃત્યુ નીપજયા છે. બહારગામથી અથવા વિદેશથી આવેલા લોકો પણ આના અનેક જગ્યાએ ભોગ બન્યા છે. છેલ્લાં વર્ષોમાં આ આખલાઓનું પ્રમાણ વધી ગયું, કારણ કે ખેતીમાં તેનો ઉપયોગ નથી થતો તેના કારણે, આવા સમયે જયારે સરકાર દ્વારા અપીલ કરવામાં આવી ત્યારે નામદાર હાઇકોર્ટ દ્વારા પણ રખડતાં ઢોર દૂર કરવા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હાલ ધ જીબીએમસી એકટ ૧૯૪૯, કલમ ૨૩૩ અને કલમ ૨૩૫ની જોગવાઇઓ, બોમ્બે પોલીસ એકટ ૧૯૫૧ની કલમ ૮૯ અને કેટલ ટ્રેસ પાસ એકટ ૧૮૭૨ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. જયારે નગર પાલિકા વિસ્તારમાં ધી ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એકટ ૧૯૬૩ની કલમ ૨૩૮ થી ૨૪૫ માં વિવિધ જોગવાઇઓ કરવામાં આવેલી છે. નામદાર ગુજરાત હાઇકોર્ટમાં થયેલી પી.આઇ.એલ. નંબર ૧૭૦/૨૦૧૭ અને એચ.સી.એ. નંબર ૨૨૮૬/૨૦૧૭માં નામદાર હાઇકોર્ટે તા. ૧૧-૦૫-૧૧ થી નિર્દેશ આપેલ છે કે જેના પેરા નંબર ૩૦ માં જણાવેલ છે કે રાજય સરકારે રખડતાં ઢોરના પ્રશ્નના કાયમી નિરાકરણ માટેનો ઉપાય શોધવો જોઇએ અને આ બાબતે યોગ્ય કાયદો ઘડવા માટેની વિચારણા કરવી જોઇએ. મેં આ વાત કરી એ તમામ બાબતો ધ્યાને લેતા રાજયના શહેરી વિસ્તારોમાંથી રખડતાં ઢોરના ત્રાસ થી રાજયના નાગરિકોને મુકત કરાવવા માટે અમારી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કટ્ટીબદ્ધ છે અને આ પ્રશ્નના મક્કમતાથી નિરાકરણ માટે અમો મહાનગરપાલિકા અને નગરપાલિકાના શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ રાખવા અને હેરફેર રાખવા બાબતનું વિધેયક ૨૦૨૨ બનાવેલ છે. આ વિધેયકમાં કુલ ૭ પ્રકરણો સાથે કલમ ૨ થી ૩૦, અને એક અનુસૂચિ છે, આ એકટના પ્રકરણ ૧ માં આ કાયદામાં જે શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેની વ્યાખ્યાઓ નિયત કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે, અપીલ સત્તાધિકારી, ઢોર, ઢોરની કોઢ, ઈન્સ્પેકટર, લાઇસન્સ અધિકારી, લાઇસન્સ, લાઇસન્સ ધરાવનાર, લાઇસન્સ વાળી જગ્યા, સ્થાનિક સત્તા મંડળ, પરવાનગી, નિયમો, અનુસૂચિ, શહેરી વિસ્તારની વ્યાખ્યાઓ નિયત કરવામાં આવી છે. આ વિધેયકના પ્રકરણ-૨ માં લાઇસન્સ માટેની અરજી કરવાની જોગવાઇ છે. કલમ-૩ માં લાઇસન્સ વિના શહેરી વિસ્તારોમાં ઢોર ન રાખવા બાબતની જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમ જે તારીખે અમલમાં આવે તે તારીખથી ૩ મહિનાની મુદત પૂરી થયા પછી કોઇપણ વ્યકિત તે વિસ્તાર અથવા તો તેના ભાગમાં કોઇપણ ઢોર રાખી શકશે નહિ અથવા રખાવી શકશે નહિ.

આ અધિનિયમની કલમ-૪ મુજબ અધિનિયમના આરંભની તારીખથી અથવા કોઇપણ વ્યકિત ઢોર મેળવે તે તારીખથી ૯૦ દિવસની અંદર વ્યકિતએ લાઇસન્સ મેળવવાની અરજી કરવાની જોગવાઇ છે. લાઇસન્સ તાજુ કરવા લાઇસન્સ પૂરું થાય એ પહેલા ૬૦ દિવસની અંદર અરજી કરવાની રહેશે. લાઇસન્સ કરતી અરજીમાં દરેક વ્યકિતએ તેમાં રાખવાનાં ઢોરની સંખ્યા ગણાવવી જોઇશે. ઢોર રાખવાની જગ્યા અને વિસ્તાર દર્શાવતી સૂચક રૂપરેખા દોરવી જોઇશે. દસ્તાવેજની ફી સાથે અરજી મળેથી લાઇસન્સ અધિકારી લાઇસન્સ કાઢી આપશે અથવા તો તાજુ કરી આપશે. લાઇસન્સ અધિકારી લેખિતમાં કારણોની નોંધ કરીને લાઇસન્સ આપવાનો અથવા તાજુ કરવાનો ઇન્કાર કરી શકશે. લાઇસન્સ આપવા કે તાજુ કરવા લાઇસન્સ અધિકારીએ ઢોરની કોઢમાં ઢોરની સંખ્યા ઢોરની કોઢની અનુકૂળતા અને પીવાના ધોવાના અને સફાઇ માટેના પાણીના પુરવઠા માટેની વ્યવસ્થા. નાના પ્રાણીઓના યોગ્ય પાલન પોષણ માટે વ્યવસ્થા. ડ્રાઇ પિરિયડ દરમિયાન ઢોરની જાળવણી માટેની વ્યવસ્થા વગેરે ધ્યાને લેવાની રહેશે. લાઇસન્સ મળ્યા બાદ ૧૫ દિવસની અંદર ઢોરને ટેગ કરવાની રહેશે. સદરહું અધિનિયમ કલમ-૫ માં જો ઈન્સ્પેકટરને કોઇ સમયે એવું જણાય કે ધ્યાન ઉપર આવે કે લાઇસન્સ ખોટી રજૂઆતથી મહત્ત્વની હકીકતથી છુપાવીને ખોટા દસ્તાવેજો દ્વારા ખોટા નિવેદનો રજૂ કરીને છળકપટથી મેળવેલ છે તો ઈન્સ્પેકટર લાઇસન્સ ધારકને સુનાવણીની તક આપીને લાઇસન્સ રદ કરી શકે છે. અથવા તો જયારે ઈન્સ્પેકટરને લાઇસન્સની શરતોનો ભંગ થયેલો જણાય કે નિયમોનો જોગવાઇઓનો ભંગ થતો હોય તેવા કિસ્સામાં યોગ્ય મુદત માટે લાઇસન્સ મોકૂફ રાખી શકે છે. આ કલમમાં ગુનાના કિસ્સામાં લાઇસન્સ ચોક્કસ મુદત માટે રદ કરવાની જોગવાઇ છે. લાઇસન્સ રદ થતા તારીખથી પછીના એક વર્ષની મુદત માટે લાઇસન્સ ધારક નવા લાઇસન્સ માટે અરજી કરવાપાત્ર ગણાશે નહિ.

ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ(રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક,૨૦૨૨

આ અધિનિયમ પ્રકરણ-૩માં ઢોરના હેરફેર પર નિયમન માટેની જોગવાઇ કરવામાં આવી છે. જેની કલમ-૬માં કોઇપણ વ્યકિત શહેરી વિસ્તાર અને તેના ભાગમાં કતલખાના અને અન્ય કિસ્સામાં સ્થાનિક સત્તા મંડળની પરવાનગી સિવાય અને લાઇસન્સ ઓફિસર દ્વારા પરવાનગીની શરતો સિવાય બહારથી કોઇપણ ઢોરને લાવી શકશે નહિ.

સદરહું અધિનિયમની કલમ-૭માં ઢોર રાખવા માટે પ્રતિબંધિત વિસ્તારો જાહેર કરવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. આવા પ્રતિબંધિત વિસ્તારમાંની કોઇપણ જગ્યાના સંબંધમાં લાઇસન્સ મંજૂર કરવામાં આવશે નહિ. પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરતા જાહેરનામાની તારીખથી ત્રણ મહિનાની મુદત અંદર સંબંધિત વ્યકિતએ તમામ ઢોર પ્રતિબંધિત વિસ્તારમાંથી દૂર કરવાના રહેશે. રાજય સરકાર સ્થાનિક સત્તા મંડળે જાહેર કરેલ પ્રતિબંધિત વિસ્તારને રદ કરી શકશે કે પ્રતિબંધિત વિસ્તાર તરીકે ફરીથી જાહેર કરી શકશે. કલમ-૮માં અમુક વિસ્તારોમાં સ્થાનિક સત્તા મંડળ જરૂરી શરતો સાથે ઢોરની નિયંત્રિત હેરફરની મંજૂરી આપી શકશે. આ અધિનિયમની કલમ-૯માં રખડતાં ઢોર જો પ્રતિબંધિત વિસ્તારમાં જોવા મળે અથવા લાઇસન્સ વાળી જગ્યા તરીકે મુકરર ન કર્યા હોય તેવા શહેરી વિસ્તારમાં જોવા મળે તો તે સ્થાનિક સત્તા મંડળ જપ્ત કરી શકે તેવી જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમની કલમ-૧૦ની જોગવાઇ મુજબ શહેરી વિસ્તારમાં સ્થાનિક સત્તા મંડળ દ્વારા નિર્ધારિત કરેલ સમય દરમિયાન અને નિયત કરેલ વિસ્તારમાં જ ઘાસચારો વેચી શકાશે. પ્રતિબંધિત વિસ્તારમાં ઘાસચારાનું વેચાણ કરી શકાશે નહિ. આ અધિનિયમના પ્રકરણ-૪માં લાઇસન્સ ધરાવનારની બીજી ફરજોની જોગવાઇઓ કરવામાં આવી છે. જેની કલમ-૧૧માં લાઇસન્સ ધારકે લાઇસન્સની વિગતોમાં ફેરફાર કર્યાની જાણ નિયત સમયગાળામાં કરવાની રહેશે. આ અધિનિયમ કલમ-૧૨ની જોગવાઇ મુજબ લાઇસન્સ ધારક તેના ઢોર મુકરર કરેલ સ્થાય કોઢમાં રાખવા માટે સ્થાનિક સત્તા મંડળને આપી શકશે. આ અધિનિયમની કલમ-૧૩માં ઢોરના મડદાના સલામત નિકાલ બાબતે માર્ગદર્શક સૂચનાઓની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં ઢોરને બાળવા બાબતે ઢોરના મડદાના ઉપયોગ માટેના પ્લાન્ટ ઉભા કરવા બાબતે કુંડી દફનક્રિયા બાબતની જુદી જુદી જોગવાઇઓ છે જ. ચેપી રોગથી મૃત્યુ પામેલ ઢોરને માત્ર બાળવાની જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમના પ્રકરણ-૫માં વિવિધ સત્તા મંડળની અન્ય જવાબદારીઓ અંગેની જોગવાઇ કરવામાં આવી છે. જેની કલમ-૧૪માં લાઇસન્સની ચકાસણી અને પ્રદર્શન માટે ઇન્સ્પેક્ટર અથવા અપીલ અધિકારી અથવા તેઓ દ્વારા અધિકૃત કરવામાં આવેલ કોઇ અધિકારી સમયાંતરે લાઇસન્સવાળી જગ્યામાં પ્રવેશ કરી શકશે અને ઢોરની કોઢ અથવા જગ્યામાં પ્રવેશ કરી તેનું નિરીક્ષણ કરી શકે તેવી જોગવાઇ કરવામાં આવી છે. ઇન્સ્પેક્ટર કોઇ પણ સમયે રોગચાળાના ફેલાવાના કિસ્સામાં લાઇસન્સવાળી જગ્યાઓમાંથી તમામ વસ્તુઓ દૂર કરવા, લાઇસન્સવાળી જગ્યાઓની તમામ દીવાલો, ભોંયતળિયું અને છત સફાઇ, સાફસફાઇ કરવા આદેશ કરી શકે તેવી જોગવાઇ કરવામાં આવી છે. સ્થાનિક મંડળ કામચલાઉ ઢોરની કોઢ વિકસાવવા વિસ્તારો મુકરર કરી શકશે તેમજ સરકાર, સમાજ, ખાનગી સંસ્થા, ટ્રસ્ટ, મંડળો વગેરેની મદદથી કામચલાઉ ઢોરનો કોઢ બાંધવા અને તેના નિભાવ માટે જવાબદાર રહેશે તેવી કલમ-૧૫માં જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમના પ્રકરણ-૬માં અપીલ અને ગુના સંબંધે જોગવાઇઓ કરવામાં આવી છે. જેની કલમ-૧૬માં લાઇસન્સ આપનાર અધિકારી અથવા ઇન્સ્પેક્ટરના હુકમથી નારાજ થયેલ વ્યક્તિ હુકમ મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર સત્તા મંડળને અપીલ કરી શકે તેવી જોગવાઇ કરવામાં આવી છે. અપીલ સત્તા મંડળને યોગ્ય કારણ લાગે તો ૩૦ દિવસની મુદત પૂર્ણ થયા બાદ પણ અપીલ સ્વીકારી શકશે. અપીલ સત્તા મંડળ જરૂરી તપાસ કર્યા બાદ અને અપીલ કરનારને સુનાવણીની વ્યાજબી તક આપ્યા બાદ પોતાને યોગ્ય લાગે તેવા હુકમ કરવાની જોગવાઇ છે. અપીલ કરવામાં આવી હોય ત્યારે અપીલ સત્તા મંડળ યોગ્ય ગણે તેવા સમયગાળા માટે અને તેવી બોલીઓ અને શરતો મુજબ લાઇસન્સ આપનાર અધિકારીના હુકમનો અમલ કરી શકે તેવી જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમની કલમ-૧૭ મુજબ આ અધિનિયમની જોગવાઇનું ઉલ્લંઘન કરવા બદલ તેમજ જો પ્રતિબંધિત કરેલ વિસ્તારમાં કે તેના ભાગમાં ઢોર રાખવા બદલ કે નિયત સમયની અંદર ઢોર દૂર કરવા બદલ નિષ્ફળ જાય તો વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અથવા તો ૫,૦૦૦ રૂપિયાથી ઓછી નહીં, પરંતુ વધુમાં વધુ ૨૦,૦૦૦ રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવાની જોગવાઇ કરવામાં આવી છે. જો પોતાની સત્તાવાર ફરજો બજાવી રહેલા સ્થાનિક સત્તા મંડળના કર્મચારીઓ ઉપર હુમલો કરે અથવા હુમલો કરવાનો પ્રયત્ન કરે અથવા ઢોરને ભગાડી જાય અથવા ઢોરને ભગાડી જવાનો પ્રયત્ન કરે અથવા ઢોર પકડવાની અથવા તેવી અધિકૃત ફરજ દરમ્યાન અડચણ ઉભી કરે અથવા ઉભી કરવાનો પ્રયત્ન કરે તેવી કોઇ વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમુહને દોષિત ઠર્યે વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અથવા ૫૦,૦૦૦ રૂપિયાથી ઓછી નહીં પરંતુ વધુમાં વધુ ૧,૦૦,૦૦૦ રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવાની જોગવાઇ કરવામાં આવી છે. પરંતુ રીઢા ગુનેગારને દોષિત ઠર્યે વધુમાં વધુ બે વર્ષ અથવા ૧,૦૦,૦૦૦ રૂપિયાથી ઓછી નહીં પરંતુ વધુમાં વધુ ૫,૦૦,૦૦૦ રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે તેવી જોગવાઇ કરવામાં આવી છે. જો કોઇ વ્યક્તિ ઢોર પકડતી ટીમનો પીછો કરતી અથવા તો દેખરેખ રાખતી અથવા ટીમના પહોંચવા વિષે બીજાને જાણ કરવા માટેની કોઇ પ્રવૃત્તિઓ કરતી અથવા કરવાનો પ્રયત્ન કરતી હોય, કોઇ વ્યક્તિ અથવા તેઓના સમુહને દોષિત ઠર્યે વધુમાં વધુ ત્રણ મહિના સુધીની કેદની અથવા ૫,૦૦૦ રૂપિયાથી ઓછી નહીં પરંતુ વધુમાં વધુ ૧૦,૦૦૦ રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવાની જોગવાઇ કરવામાં આવી છે. આ બાબતે રીઢા ગુનેગારને દોષિત ઠર્યે વધુમાં વધુ છ મહિના સુધીની કેદની અથવા ૨૦,૦૦૦ રૂપિયાથી ઓછા નહીં પરંતુ વધુમાં વધુ ૧,૦૦,૦૦૦ રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવાની જોગવાઇ કરવામાં

આવી છે. આ એટલા માટે છે કે ઢોર નિયંત્રણ કરવા બેલદારો જાય છે. નાના-નાના કર્મચારીઓ હોય છે તેની ઉપર જ્યારે એટેક કરવામાં આવે છે ત્યારે એ લોકો જીવના જોખમે કામ કરતા હોય છે. જેના કારણે ઘણીવાર ડરના માર્યા એ લોકોને વાહનો છોડીને ભાગી જવું પડે છે અથવા જે લોકોની શહેરીજનોની ફરિયાદ છે કે આ ઢોર પકડતાં નથી. તેનું કારણ એક આ પણ છે કે પકડવા જતી વખતે બેલદારો એનાથી ગભરાતા હોય છે અને તેના ઉપર હુમલા કરતા હોય છે અને પછી આખરે તેને પોલીસમાં જવું પડતું હોય છે જેના કારણે ઢોરનિયંત્રણ થતું નથી. એટલા માટે આ દંડની કલમ- જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમ હેઠળ દરેક ગુનો પોલીસ અધિકારનો અને જામીનપાત્ર રહે છે. આ અધિનિયમની ૧૮માં જપ્ત કરેલ ઢોરને મુક્ત કરવા માટેના દંડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં જપ્ત કરેલ ઢોરને સ્થાનિક સત્તામંડળે કામચલાઉ ઢોરની કોઢમાં અને તબેલામાં ખસેડવાના રહેશે. જો કોઇ ટેગ સાથેનું ઢોર જપ્ત કરવામાં આવે તો સ્થાનિક સત્તા મંડળે લાઇસન્સ ધરાવનારની ઓળખ કરવી જોઇશે અને ઢોર પર લગાડેલા ટેગની ખરાઇ કર્યા પછી લાઇસન્સ ધરાવનારને નોટિસ આપવી જોઇશે. લાઇસન્સ ધરાવનારે આવી નોટિસના સાત દિવસની અંદર ઢોરનો દાવો કરવો જોઇશે. જે બાદ ઠરાવેલી પ્રક્રિયાને અનુસર્યા પછી ઢોરને મુક્ત કરવા જોઇશે. પહેલી વારના ગુનેગારને પાંચ હજાર રૂપિયાનો દંડ, બીજી વારના ગુનેગારને દસ હજાર રૂપિયાનો દંડ અને ત્રીજી વારના ગુનેગારને ૧૫ હજાર રૂપિયાનો દંડ અને ફોજદારી કેસ નોંધવામાં આવશે. જો લાઇસન્સ ધરાવનાર સાત દિવસની અંદર ઢોરનો દાવો કરવામાં ચૂક કરે, તો ઢોરને સ્થાયી ઢોરની કોઢમાં ખસેડવા જોઇશે અને તેની માલિકી સ્થાનિક સત્તામંડળની થશે અને તેવા કિસ્સામાં લાઇસન્સ ધરાવનાર ઢોરનો દાવો કરવાને પાત્ર ગણાશે નહીં. આવા કિસ્સામાં લાઇસન્સ ધરાવનારની સામે ફોજદારી કાર્યવાહી પણ શરૂ કરવી જોઇશે અને તેનું લાઇસન્સ રદ થયેલું ગણાશે. જો કોઇ ટેગ વગરનાં ઢોર જપ્ત કરવામાં આવે તો સ્થાનિક સત્તામંડળ દ્વારા આવાં ઢોરને જપ્ત કરવા જોઇશે અને સ્થાયી ઢોરની કોઢમાં ખસેડવા જોઇશે. આ અધિનિયમની કલમ ૧૯ માં નિરીક્ષણ દરમિયાન દંડની જોગવાઇ કરવામાં આવી છે, જેમાં જો માન્ય લાઇસન્સ વિના માલિક મળી આવે અથવા ટેગ વગરનું ઢોર મળી આવે તો ઢોર દીઠ બે હજાર રૂપિયાનો દંડ લેવો જોઇશે. માલિકે દંડ ચૂકવવાનો રહેશે અને સાત દિવસની અંદર લાઇસન્સ માટે અરજી કરવાની રહેશે. લાઇસન્સ મળ્યે લાઇસન્સ ધરાવનારે પંદર દિવસની અંદર ઢોરને ટેગ કરાવવાના રહેશે. આમાં ચૂક થયેથી, ઢોરને જપ્ત કરવામાં આવશે અને માલિકને એક વર્ષની કેદની શિક્ષા અથવા ઢોર દીઠ દસ હજાર રૂપિયાથી ઓછી નહીં પરંતુ વધુમાં વધુ ૨૦ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવાની જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમની કલમ-૨૦ માં ઘાસચારાના વેચાણ અંગે જોગવાઇ છે. જ્યારે શહેરમાં ગાયો ફરતી હોય છે અને એવા સમયે એક ધાર્મિક લાગણી એવી હોય છે કે આને ઘાસચારો આપે. જે લોકો ઘાસચારો લઇને બેસે છે એની પાસેથી ૧૦ રૂપિયા આપીને પૂળીઓ ખરીદતા હોય છે અને ગાયોને ખવડાવતા હોય છે. જેના કારણે રોડ ઉપર ટ્રાફિક જામ થતો હોય છે અને પછી જ્યારે એ ઢોર, ગાય કે આખલા જ્યારે ત્યાંથી પસાર થાય એવા સમયે વાહનોના અકસ્માત થતાં હોય છે. આથી એની મૂળ જગ્યા સિવાય ગમે ત્યાં ચાર રસ્તા ઉપર આ ચારો વેચવાવાળા ત્યાં બેસી નહીં શકે. આના માટે કલમ-૨૦ માં ઘાસચારાના વેચાણ માટે કલમ ૧૦ની જોગવાઇઓના ઉલ્લંઘન માટે દંડની જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમની જોગવાઇ મુજબ પહેલીવારના ગુનેગારને દસ હજાર રૂપિયાથી ઓછી નહીં પરંતુ વધુમાં વધુ પચાસ હજાર રૂપિયા સુધીનો દંડ, બીજીવારના ગુનેગારને ઉલ્લંઘન કર્યેથી એક મહિનાની મુદત માટે કેદની અથવા પચાસ હજાર રૂપિયાથી ઓછી નહીં પરંતુ વધુમાં વધુ એક લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવાની જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમની કલમ-૨૧માં દંડની સજા સંબંધિત વિશેષ જોગવાઇ કરવામાં આવી છે. જેમાં ફોજદારી કાર્યરિતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૯માં ગમે તે મજકૂર હોય તેમ છતાં પ્રથમ વર્ગના કોઇ મેજિસ્ટ્રેટ માટે, આ અધિનિયમ હેઠળ ગુનાની દોષિત ઠરેલી કોઇ વ્યક્તિ પર તે કલમમાં નિર્દિષ્ટ કરેલી નાણાકીય મર્યાદાથી વધુ દંડની સજા કરી શકે તેવી જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમની કલમ-૨૨માં સંક્ષિપ્ત રીતે ગુનાની અદાલતી કાર્યવાહી કરવા સત્તા અને એની જોગવાઇ કરેલ છે. જેમાં ફોજદારી કાર્યરિતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૬૦ની પેટા કમલ (૧)માં નિર્દિષ્ટ કરેલા ગુનાની સંક્ષિપ્ત રીતે અદાલતી કાર્યવાહી કરવા માટે તત્સમયે સત્તા આપેલા કોઇ મેજિસ્ટ્રેટ, ફરિયાદીએ અરજી કર્યેથી આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાની સદરહુ અધિનિયમની કલમો ૨૬૨ અને ૨૬૫ માં જણાવેલી જોગવાઇઓ અનુસાર છ મહિનાની અંદર અદાલતી કાર્યવાહી કરી શકશે તેવી જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમની કલમ-૨૩ હેઠળ હવાલો ધરાવનાર પોલીસ અધિકારીએ પ્રથમ માહિતી અહેવાલ નોંધાયાની તારીખથી ૯૦ દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરવાનું રહેશે. આ અધિનિયમના પ્રકરણ-૭ માં પૂરક જોગવાઇ કરવામાં આવી છે, જેમાં કલમ ૨૪ માં આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ આપવા જોગવાઇ કરેલ છે. કલમ-૨૫ માં આદેશો આપવાની સત્તાની જોગવાઇ છે જેમાં રાજ્ય સરકાર સ્થાનિક સત્તા મંડળને આ અધિનિયમ અને તત્સમયે અમલમાં હોય તેવા અન્ય કોઇ કાયદા હેઠળ કરવામાં આવેલ નિયમોની જોગવાઇઓના પાલન માટે વખતોવખત જરૂરી હોય તેવા આદેશો કરી શકશે. અને સ્થાનિક સત્તા મંડળ રાજ્ય સરકાર દ્વારા સમયમર્યાદા જે નકકી કરવામાં આવી હોય એ સમયમર્યાદામાં આદેશોનું પાલન કરવા માટે બંધાયેલ રહેશે તેવી જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમની કલમ-૨૬ હેઠળ નિયમો કરવાની સત્તા અંગેની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં દર્શાવ્યા મુજબ રાજય સરકાર રાજયપત્રમાં જાહેરનામાથી આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. આ અધિનિયમની કલમ-૨૭માં આ અધિનિયમ શૈક્ષણિક અથવા સંશોધનના હેતુ માટે રાખવામાં આવતા કોઇપણ ઢોરને લાગુ પડશે નહીં તેવી મુક્તિની જોગવાઇ કરવામાં આવી છે. કલમ-૨૮માં સ્થાનિક સત્તા

મંડળના કાયદા સાથેના જોડાણ બાબતે જોગવાઈ કરવામાં આવી છે. કલમ-૨૯ ની જોગવાઈ મુજબ આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉભી થાય તો રાજ્ય સરકાર રાજયપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી અથવા ઈષ્ટ ગણાય તેવી આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે, પરંતુ આ અધિનિયમના આરંભથી ૩ વર્ષ પૂરા થયા પછી આ કલમ હેઠળ એવો કોઈપણ હુકમ કરવામાં આવશે નહીં. વધુમાં આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ એ કરવામાં આવે પછી શકય તેટલી બનતી ત્વરાએ રાજ્ય વિધાન મંડળ સમક્ષ મૂકવો જોઈશે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ અધિનિયમની કલમ-૩૦ ની જોગવાઈ મુજબ કોઈ શહેરી વિસ્તારમાં આ અધિનિયમ અમલમાં લાવવામાં આવે તે તારીખે ગુજરાત આવશ્યક ચીજવસ્તુ અને ઢોર નિયંત્રણ અધિનિયમ ૨૦૦૫ અને તે હેઠળ કરેલો કોઈ હુકમ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં ઢોર અથવા તે અધિનિયમ હેઠળ આગળ જણાવેલી તારીખ પહેલાના તે હુકમો હેઠળ કરેલા કોઈ કૃત્ય અથવા કરવાના બાકી હોય તે કૃત્ય સંબંધિત હોય તે સિવાય એવા શહેરી વિસ્તાર માટે અથવા તેના સંબંધમાં લાગુ પડતા બંધ થશે. આ અધિનિયમની અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના પ્રાણીઓ જેવા કે ભેંસ, ગાય, વાછરડી, વોડકી, વાછરડા, આખલા એટલે કે સાંઢ, ગાયનું વાછરડું, ભેંસનું બચ્ચુ વાછરડું, બળદ, બકરા, ઘેટા, ગધેડાને આ નિયમમાં લાગુ કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ અને ૧૫૬ નગરપાલિકા વિસ્તારોમાં રખડતાં ઢોરના ત્રાસમાંથી શહેરીજનોને મુકત કરવા અમારી ભારતીય જનતા પાર્ટીની અમારા સરળ અને સહજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી અને મકકમતાથી ચાલનારી આ સરકાર આ વિધેયક વિધાનસભા ગૃહની અંદર લાવી છે. આ કાયદો અને તેની કલમોની અગત્યતા અને મહત્ત્વ એટલા માટે છે કે લોકોના ફોન આવતા હોય છે. ઘણીવાર એવી ઘટના બની છે કે કોઈપણ એક ગાય મારે અને તરત એના ફોન આવે. સાથેસાથે મીડિયાથી માંડીને આ બધા જ આની અંદર ચિંતિત હતા કે આ કાયદો અથવા કોઈક નિયંત્રણ થાય એવા કોઈક પગલાં સરકાર લે અથવા તો સરકાર કોઈ કાયદો લાવે. આ નામદાર હાઈકોર્ટના હુકમ પછી ૩ વર્ષ પછી આપણે આ કાયદો ચિંતા કરતા કરતા પૂર્ણ વિચારણાને અંતે આ જોગવાઈઓ આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકી છે. મને લાગે છે કે આ કાયદાના જે ઉદ્દેશ છે અને હું એ કહેવા માગું છું કે જે રસ્તા ઉપર રઝળતી ગાયો છે એ જયારે બીમાર પડે છે, એને જયારે વિયાણ થાય છે એવા સમયે એના માલિકો ત્યાં હોતા નથી આવા અમારી પાસે પ્રત્યક્ષ દાખલા છે. શહેરની અંદર હું પોતે પણ ગાયો રાખું છું. વર્ષોથી ગાયો રાખું છું. અમારા એક મિત્ર દ્વારા અમે ટેમ્પો ચલાવતા હતા. કોઈ ગાય જો બીમાર પડી હોય, રસ્તામાં રઝળતી હોય એને પણ આપણે લાવી અને એની સારવાર કરતા હતા અને આખરે જો કોઈ એનો માલિક ન થાય તો અમે એને પાંજરાપોળમાં અથવા મ્યુનિસિપાલિટીમાં સોંપતા હતા. આવી ઘટનાઓ વારંવાર જોવામાં આવતી. લોકો આજે જોતા તો અંદરથી ડરી ઉઠતા અને ગાયો પણ રસ્તા ઉપર પ્લાસ્ટિક, કોથળીઓ, કચરો ન ખાય એક એક ગાયનું ઓપરેશન કરે તો ૪-૫ કિલોની ગાંઠો એના પેટની અંદરથી કાઢવામાં આવતી હતી. વરસાદ જયારે પડે કે શિયાળાની અંદર ત્યારે મેં પ્રત્યક્ષ જોયું છે કે ૪-૪ દિવસની જયારે વરસાદની હેલી હોય ત્યારે એ ગાયો એકધારી એકદમ ખાધા વગરની સંકોચાઈને ઉભી હોય, એને બેસવા માટે જગ્યા હોતી નથી. રસ્તા ઉપર હોય અને ઉપરથી વરસાદ પડતો હોય છે. ખાવા માટે કાંઈ ન હોય. આખરે ગાયો મૃત્યુ પામે છે એટલા માટે આ લાઈસન્સ લાવવામાં આવ્યું છે કે એણે જગ્યા બતાવવી પડશે કે એને પાંચ ગાય, ૧૦ ગાય કે ૨૦ ગાય કે અમારે આ જાનવરો રાખવા છે અને અમારી પાસે જગ્યા છે. એ રાખી શકે છે. આરામથી રાખી શકે છે. લાઈસન્સ કઢાવવામાં કોઈપણ જાતની એને તકલીફ પડવાની નથી. પરંતુ માણસો, શહેરીજનોને અને ગાયોને પણ પોતાની રીતે સારી રીતે એ જીવી શકે. તે માટેનું આ બિલ ગૃહ સમક્ષ લાવવામાં આવ્યું છે. શહેરીજનોને ઢોરના ત્રાસમાંથી મુક્ત કરવાના સંકલ્પને સર્વે સૌ સમર્થન આપી આ વિધેયકને સર્વાનુમતે મંજૂર કરવા હું સૌ સભ્યોને વિનંતી કરું છું.

શિક્ષણ મંત્રીશ્રીની જાહેરાત

પ્રાયમરી શિક્ષકોની બદલીની જોગવાઈ અંગે

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી **(** શિક્ષણ મંત્રીશ્રી **)** : માત્ર એક મિનિટ માટે ઉભો થયો છું. કાલે પણ કરી શકું છું, પણ ગૃહ શરૂ છે. ઈતિહાસ જયારે લખાતો હોય છે ત્યારે આપણને ખબર નથી હોતી. ઈતિહાસ લખાઈ ગયા પછી પાનામાં અહીયા સૌ લોકોના નામ લખાવવાના છે, ત્યારે એક અગત્યની જાહેરાત મારે કરવી છે કે વર્ષોથી શિક્ષકો માટેના નિયમો પ્રાયમરી શિક્ષકોના બનાવવાના હતા. ૨ લાખ જેટલા શિક્ષકો છે. ૪ લાખ પરિવાર થાય અને એમનાં સગાંવહાલાં ગણીએ તો લગભગ ૮ થી ૧૦ લાખ પરિવાર સુધી વિષય પહોંચવાનો છે. સારી વાત છે એ વહેંચવા માટે ઉભો થયો છું. નિયમોમાં હું જી.એ.ડી.માં પાછળ હતો. એમાં સહી થઈ ગઈ છે. સી.એસ. ની સહી થઈ ગઈ છે. ૨૦-૨૫ વર્ષથી એ શિક્ષક બહાર રહે, પોતાના વતનમાં ન આવી શકે, મૂળ શાળામાં ન આવી શકે, ૪૦ ટકાના બદલે ૧૦૦ ટકા, એ બદલીની જોગવાઈ, ૧૦ વર્ષના બદલે ૫ વર્ષ. એ બોન્ડવાળા શિક્ષકોની જોગવાઈ. સરકારી નોકરીનો અથવા તો પતિ-પત્નીનો કેસ હોય તો પણ એની જોગવાઈઓ અમે નવા નિયમોમાં કરી છે. એ બે દિવસમાં પરિપત્ર કરવાના છીએ. આ જવાબદારી માત્ર અમારી નહિ, પણ આપ બધાને આ સારી વાત વહેંચું છું. આપણે બધાએ સાથે મળીને આ કર્યું છે. આ જાહેરાત કરતા આનંદ અનુભવું છું.

શ્રી નીતિનભાઈ ર. પટેલ **(**મહેસાણા**)** : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર, મને તક આપી. શ્રી રઘુભાઈની માફી માગું છું. માનનીય વિનોદભાઈ આપણા મંત્રીશ્રી અગત્યનું બિલ લાવ્યા છે. પ્રજાની લાગણીનો પડઘો પાડે છે. સમયની જરૂરિયાત અને માગ પણ છે, પણ સાથે સાથે મારે વિનંતી કરવાની છે કે અત્યારે જે દંડ માટેની જોગવાઈની રકમ તેઓશ્રીએ

કહી છે એ મારી દ્રષ્ટીએ થોડી વધારે લાગે છે. એટલે સરકારને વિનંતી કરું છું કે આ દંડની રકમ કેમ કે આ પશુપાલનનો ધંધો કરનાર ગરીબ, અશિક્ષિત, અભણ અને ખૂબ ઝૂપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકો છે. શ્રી વિનુભાઇની બધી વાત સાચી છે. બધા ગુજરાતની જનતા માર્ક કરે છે. કાયદો લાવવો છે અને સર્વાનુમતે મંજૂર કરવો છે. દંડની રકમ વ્યાજબી થાય તો સરકારશ્રી ને દંડની રકમ ઘટાડવા મારી વિનંતી છે.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શહેરી વિસ્તાર ઢોર નિયત્રણ બાબત વિધેયક-૨૦૨૨ ક્રમાંક-૭ નો હું સખત શબ્દમાં વિરોધ પ્રગટ કરું છું. ખાલી હાથ ફેરવવા વાળી વાત શ્રી નીતિનભાઇ કરી રહ્યા છે. અમે એટલા ભોળા નથી. ગુજરાત રાજ્યમાં ૮ મહાનગરપાલિકા અને ૧૫૬ નગરપાલિકાઓ આવેલી છે. ગુજરાતના પશુપાલનના વિષય ઉપર ૫૦ લાખ માલધારી સમાજના લોકો પોતાનું જીવન ગુજારે છે. ૨૫ ટકા લોકો અમારા સમાજમાંથી શિક્ષિત છે. એમાંથી પણ ૭૦ ટકા લોકો ધોરણ ૭ થી વધારે ભણેલા નથી. જે *(xxx) કાયદો લાવવામાં આવ્યો છે. આ દેશના બંધારણમાં માણસે પોતાનો વ્યવસાય કરવાનો, પોતાને જીવવાનો, પોતાનો ધર્મ નીભાવવાનો ફંડામેન્ટલ રાઇટસ આપેલ છે. આ અમારા અધિકાર ઉપર સરકારની તરાપ છે. હું સરકારને કહેવા માગું છું કે આ બધા પરિવારો નિર્વાસિત કરવાની સરકારની સાજીસ છે. તમે વિચાર કરો ગુજરાતના ગૌચરની શું હાલત છે? કામધેનુને મળેલા ઘાસનું સૂકું તણખલું અને લીલાછમ ખેતરો આખલા ચરી જાય છે. ગુજરાતમાં આજની હાલત જુઓ, ગુજરાતમાં ૯૦૨૯ ગામોમાં જે ગૌચર હોવું જોઇએ તેના કરતાં ઓછું છે. ૨૩૦૩ ગામોમાં ગૌચર છે જ નહીં. વર્ષ ૨૦૨૧ અને વર્ષ ૨૦૨૨ ના રાજ્યના બે વર્ષના આંકડા અહીં રજૂ કરું છું. ૧૦૩ કરોડ ૮૦ લાખ ૭૩ હજાર ૧૮૩ ચો.મી. સરકારી પડતર, ખરાબા, ગૌચરની જમીન ભાડે અથવા વેચાણ આ સરકારે આપી છે. ૩૩ લાખ ૩૬ હજાર ૮૭૦ ચો.મી. ખરાબાની જમીન, ૧ લાખ ૮૦ હજાર ૧૧૮૯ ચો.મી. ગૌચરની જમીન ઉદ્યોગોને લ્હાણી કરી છે. હજારો, લાખો મીટર જગ્યા ગુજરાતમાં છેલ્લાં ૨૭ વર્ષના તમારા શાસનમાં તમે ગુજરાતની પ્રજાની જે ગૌચર ભૂમિ હતી તેને હેતુફેર કરીને સરકારી પડતર કરીને વેચી મારી છે. હું અમદાવાદનો દાખલો આપીને કહેવા માગું છું કે, સોલા ગામ કે જયાં આજે હાઇકોર્ટ છે, સોલા સિવિલ હોસ્પિટલ છે, આર.સી. ટેકનિકલ કોલેજ છે તે ગૌચરની જમીનમાં છે. ગોતા ગામની ગૌચર જમીનમાં આ બધી કોલેજો છે. સોલા,ભાડજ અને હેબતપુરની ગૌચર જમીનમાં સોલા સાયન્સ સિટી, છારોડીની ગૌચર જમીનમાં નિરમા ઇન્સ્ટિટ્યૂટ, બાપ્સ જેવી સંસ્થાઓને આ સરકારે જમીનની લ્હાણી કરી. આ વિસ્તારમાં રહેતા ૩ હજાર જેટલા માલધારીઓ સાથે ૩૦ હજાર જેટલાં પશુઓ આજે પણ વસે છે. તમે કોન્ક્રિટના જંગલો બનાવતા જાઓ છો અને અમને નિર્વાસિત કરતા જાઓ છો. હું સરકારને કહેવા માગું છું કે, તમે મહારાષ્ટ્ર સરકાર પ્રમાણે કર્યુ હોત, મહારાષ્ટ્રની સરકારે આર.એ.કોલોનીની વ્યવસ્થા કરી, મુંબઇ શહેરનો વિકાસ થતો હતો ત્યારે તેમણે આર.એ.કોલોનીની વ્યવસ્થા કરી. જે લોકોને ઢોર રાખવા હતાં, પશુ રાખવા હતાં તેમના માટે વ્યવસ્થાઓ કરવામાં આવી. તે ત્યાં ઢોર રાખી શકે, ઢોર માટે તેને ઘાસ મળી રહે, જે દૂધ ઉત્પાદન થાય તેને ભરાવવાની વ્યવસ્થા થાય અને ત્યાં જે ખાતર થાય તે ખાતર ખેડૂતોને મળે તેવી વ્યવસ્થાઓ સહકારી મંડળીઓ ઉભી કરીને કરવામાં આવી. તમે કોઇ વૈકલ્પિક વ્યવસ્થાઓ નથી કરી. તમે અમારા પર જુલ્મ કરવા માટે કલમ-૧ થી ૨૯ લઇને આવ્યા છો. ભાઇ આજનો દિવસ શાંતિ રાખજો. આ ગૌમાતાની વાત છે. તમે ગૌમાતાના નામે આખી જિંદગી દુકાન ચલાવી છે. પ્રકરણ-૧ માં કલમ-૨ અને ૮ માં ઢોર વિગેરેની વ્યાખ્યા કરવામાં આવી છે. તેમાં ૧૧ પશુઓ લેવામાં આવ્યાં. ગાયથી માંડીને ગધેડું લઇ લીધું છે. ગૌવંશની વાત કરતા હોવ ત્યારે ગૌમાતાના પણ છ ભાગ કર્યા છે. ગાય ગણાવી, ગાયનું વાછરડું, ગાયનો વાછરડો, આખલો, બળદ આ કઇ રીતની વ્યાખ્યા લોકોને સમજાવવા નીકળ્યા છો? મેં રિવોલ્વરનું લાઇસન્સ જોયું હતું. હવે લાગે છે આ ગૌ પ્રેમીઓની સરકારમાં ગૌમાતા રાખવાનું લાઇસન્સ અમારે લેવું પડશે. ત્યારે હું વિનંતી કરું છું કે, જે પ્રમાણે શહેરી વિસ્તારોમાં પશુઓ છે તેમાં ૯૦ ટકા ગાય માતા છે અને ૧૦ ટકામાં ભેંસ અને અન્ય પશુઓ આવે છે. પ્રકરણ-૩માં હેરફેર અને નિયમનના નિયમો લાગુ પાડવામાં આવ્યા. કલમ-૬ ની પેટા કલમ-૧, ૨, ૩ અને ૪ માં કોઇપણ પશુ ચાલતું જઇ ના શકે. ઘેટાં-બકરાંની કિંમત, ગાય, ભેંસની કિંમત શું છે? કોઇ પશુને વાહનમાં લઇ જવું હોય તો તેનો ખર્ચ કેટલો આવે? કઇ રીતે પશુને આમથી આમ લઇ જાય? કઇપણ વિચાર્યા વગર આ બધા કાયદાઓ અમારા ઉપર ઠોકી બેસાડ્યા છે. કલમ-૯ માં સ્થાનિક સત્તામંડળ ગમે ત્યારે ગમે તે પશુને પકડી શકે, જપ્ત કરી શકે છે. કલમ-૧૦માં ઘાસચારાના વેચાણ ઉપર અને કલમ-૭ ની પેટા કલમ-૧ અને ૫ માં પ્રતિબંધિત ઘાસચારો કહ્યો છે. જેના કારણે લાઇસન્સવાળા પશુઓને પણ ઘાસચારો ના મળી રહે. પ્રકરણ-૪માં લાઇસન્સ ધરાવનારની ફરજો મૂકવામાં આવી છે. તેના આધારે કોઇપણ વ્યક્તિ શહેરી વિસ્તારમાં લાઇસન્સથી પણ પશુ રાખી શકે નહીં. પ્રકરણ-૫માં લાઇસન્સની ચકાસણી અને પ્રદર્શનનું નિયંત્રણ સ્થાનિક સત્તા મંડળના હાથમાં રહેશે. જેના કારણે ઇન્સ્પેકટરનું રાજ આવશે. ભ્રષ્ટાચાર વધશે. અમારા ઘરે પોલીસના ધાડાં આવશે. લાઇસન્સ નથી એમ કહીને ભ્રષ્ટાચારમાં પૈસા માગશે અને હપ્તા વસૂલ થશે. આ પરિસ્થિતિનું સરકારે નિર્માણ કર્યું છે. કલમ ૭ની પેટા કલમ-૨માં જે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે કોઇ પણ ગોપાલક વ્યક્તિ દોષિ ઠરે તો એક વર્ષ સુધીની કેદ, ૫ હજાર રૂપિયાનો દંડ, પહેલીવાર ૫ હજાર, બીજીવાર ૧૦ હજાર, ત્રીજીવાર ૧૫ હજાર, ૨૦ હજાર રૂપિયા સુધીનો દંડ, એક લાખ રૂપિયા સુધીનો દંડ અને બે વર્ષની સજા. કઇ રીતે પશુ રાખી શકે એ વિચારવા જેવું છે. વારંવાર પકડાય

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તો કાલે પાસાનો પણ ઉપયોગ કરતા તમે ખચકાશો નહીં. આજના દિવસે અમારા આગેવાનો દેખાવ ન કરે એના માટે સવારથી વિરમભાઇ, કેતનભાઇ, નાગજીભાઇ, વિષ્ણુભાઇ, લાલભાઇ જેવા આખા ગુજરાતના અમારા આગેવાનોને સવારથી પોલીસ પકડીને બેઠી છે. કલમ-૧૦ની પેટા કલમમાં જે ઘાસચારો વેચતા પકડાય એને ૧૦ હજારથી માંડીને ૫૦ હજાર રૂપિયાનો દંડ, બીજીવાર ઘાસચારો વેચતા પકડાય તો એક મહિનાની કેદ અને ૧ લાખ રૂપિયા સુધીનો દંડ. ગૌમાતાને ભૂખે મારવાની વાતો ચાલે છે. ફોજદારી કાયદાના અધિનિયમ ૧૯૭૩ની કલમ ૨૯, કલમ-૨૬૦ની પેટા કલમ ૧ મુજબ ગુનાના આધારે કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવી છે. સરકાર શું કરવા માગે છે એ સમજાતું નથી. તમને ગોપાલક સમાજની સૂગ છે, અમે લોકો નિર્વાસિત હતા, વિચરતી જાતિ હતા આજે સ્થાયી થયા છે એ તમને જોવાતું નથી, આંખના કણાની જેમ મારો સમાજ તમને ખૂંચે છે એવો હું જાહેરમાં આક્ષેપ કરું છું. ગોપાલક સમાજને ૨૭ વર્ષમાં તમારી સરકારે શું આપ્યું? અમારા સાથે અન્યાય કર્યો છે. હું જાહેર મંચ ઉપરથી કહું છું, આ ગૃહમાંથી કહું છું, આ ન્યાયના મંદિરમાંથી મારા સમાજની માગણીઓ મૂકું છું. અગાઉની કોંગ્રેસની સરકારોએ ગૌમાતા માટે આપેલી ગોપાલક મંડળીઓ ખતમ કરી નાંખી ફડચામાં મૂકી અને બિલ્ડરોને વેચી મારી એ કોણે વેચી મારી? સહકારી ક્ષેત્રમાં ગોપાલક મંડળીઓનો અમારો મતનો અધિકાર તમે નાબૂદ કર્યો અને ગોપાલક સમાજનો આ સહકારી ક્ષેત્રમાંથી અમારો આંકડો કાઢી નાંખ્યો. કોંગ્રેસ સરકારે આપેલી શહેરી વિસ્તારની વસાહતો એ અમારી જશોદાનગર હોય, ઓઢવ હોય, રબારી કોલોની હોય એ બધી કોલોનીઓને તમે અન્યાય કર્યો છે અને આજે માલિકીના હક્ક આપતા નથી. ભૂતકાળની સરકારો જંગલોની જમીન આપતી, વીડીઓ ચરાવવા માટે આપતી એ ચરિયાણ માટે આપવામાં આવતી વીડીઓ બંધ કરી. ગોપાલક નિગમ, ઘેટાં ઉન વિકાસ નિગમ મોટા મોટા નામો કરોડો રૂપિયા ગ્રાન્ટ, કોઇ સબસિડી નહીં, કોઇ સહાય નહીં અમારા સાથે મશ્કરી સમાન થઇ રહી છે. ગીર-બરડાના જે માલધારીઓ એસ.ટી.નો દરજ્જો ભોગવતા હતા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ ત્યાં ગયા હતા અને જાહેરાત કરી હતી કે તમને હક્ક મળશે. અમારા લાભાર્થીઓને તમે ખોટી રીતે નાટક કરીને તપાસ પંચના નામે આ લાભથી વંચિત કર્યા છે એવો સરકાર ઉપર મારો આક્ષેપ છે. મને પણ એમ થાય છે કે કાશ્મીરમાં હિન્દુઓ ઉપર અન્યાય થતો હોય અને કાશ્મીર ફાઇલ પિક્ચર બનતી હોય, ચાડા ચાર લાખ હિન્દુઓ નિર્વાસિત થતા હોય તો ગુજરાતના ૨૫ લાખ માલધારીઓ-ગોપાલકો નિર્વાસિત થાય છે, ૧ કરોડ પશુઓ અમારા નિર્વાસિત થાય છે ત્યારે મારે પણ પિક્ચર બનાવવું છે અને સરકારશ્રીને કહેવા માગું છું કે મને પણ પિક્ચર બનાવવાની રજા આપવામાં આવે. ગુજરાત ગોપાલક ગૌમાતા ખતમ ફાઇલ બનાવવી જોઇએ અને સરકારે કરમુકત કરીને બતાવવી જોઇએ જેથી લોકોને ખબર પડે કે સરકાર અમારી સાથે શું કરી રહી છે? અમારા સમાજના યુવાનો, અમારા ભુવાઓ, તમારી પાર્ટીમાં રહેલા આગેવાનો, અમારા સંતો, મહંતો, મુખ્યમંત્રીશ્રી હોય, તમારી પાર્ટીનો પ્રમુખ હોય એને સોનાથી અને ચાંદીથી તમારી તુલા કરીએ છીએ, રક્તથી તુલા કરીએ, સાંકરથી તુલા કરીએ. સૌથી પહેલા અમારો સમાજ આવ્યો અને સૌથી વધારે મત આપ્યા પણ તમે અમને શું આપ્યું એ પૂછવા માગું છું, આ મારી પીડા છે. *(xxx) તમારી હિંમત હોય તો પગલાં લો ગુજરાતમાં ડ્રગ્સ માફિયા વધતા જાય છે, શિક્ષણના માફિયા વધતા જાય છે, જમીનના માફિયા વધતા જાય છે, ખનન માફિયા વધતા જાય છે, પેપર ફોડ માફિયા વધતા જાય છે, ગાય ચોરીના માફિયા વધતા જાય છે, ખેડૂતો, વિદ્યાર્થીઓ, મહિલાઓના શોષણ કરતા માફિયા વધતા જાય છે એમને તમે ઝબ્બે કરો. ગાયોના અને ગોપાલકોના પાછળ કેમ પડ્યા છો એ મને સમજાતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ મારી પીડા છે, *(xxx)જે હિન્દુઓના હામી થઇને બેઠાં છે એમને કહું છું કે તમને કુદરત કોઇ દિવસ માફ નહીં કરે. *(xxx)ગૌમાતા નકલી ગૌભકતોના નામથી કાયમ શરમાશે. દરેક ચૂંટણીઓમાં ચકરાવે ગૌમાતા આવશે. હિન્દુના હિતરક્ષક તમારાથી કાયમ ગૌમાતા મારી શરમાશે. ગૌમાતા ગૌચરો ખતમ થાશે. *(xxx) કસાઇઓની કટારથી મારી ગૌમાતા કપાશે, મારી ગૌમાતા કપાશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૫૨ વિધાનસભા છે. ૧૦ હજારથી ૩૫ હજાર અમારા મત છે. એવું ના સમજતા કે ઘર પકડીને બેસી રહેશું. હું સરકારને કહેવા માગું છું એક નવું આંદોલન, અમારા આશ્રિતોનું આંદોલન, અમારા જીવનનું આંદોલન અમારે હિજરત કરવી કાશ્મીરી પંડિતોની જેમ અમે ખતમ નહીં થઇએ. અમે આ વાત કરવા માંગીએ છીએ. *(xxx) અને જે અહીંયા બેઠાં છે કાલે તમે આ ગૃહમાં નહીં હોવ. ચૂંટણીઓ આવશે ત્યારે કેટલાય ચૂંટાશે અને કેટલાય જશે પણ આ ગૌમાતાના વિરુદ્ધનું પાપ તમે કરશો તો તમારા સ્વપ્નમાં ગૌમાતા સો ટકા આવશે અને તમને ચેનની નિંદ નહીં લેવા દે. જે આજે આ બિલમાં ટેકો કરશે તે બધાને ગૌમાતાના, આ મૂંગા પશુઓના નિસાસા તમને લાગશે. આ દેશના, આ ગુજરાતના જેટલા સંતો, સંપ્રદાયો, સમાજના ગૌરક્ષકો, ગૌપાલકો અને બધા સંપ્રદાયોના સંતોને હું વિનંતી કરું છું કે મારી આ ગૌમાતાની રક્ષાની લડાઇમાં આ ગૃહ ઉપરથી કહું છું કે મને સાથ અને સહકાર આપજો એ જ કહીને મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : મારી સૌ સભ્યોને વિનંતી છે કે, સમય ખૂબ ઓછો છે આપણે ૧૭ જણને બોલવાનું છે અને લગભગ મને એવુ લાગે છે કે એક સંકલ્પ પણ છે તો રાત્રિના ૧૨ વાગશે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ(રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક,૨૦૨૨

**અસંસદીય શબ્દો દૂર કરવા અંગે**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી **(** વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ખૂબ આક્રોશથી બોલતા હતા એમની વાત કહેતા અને તેમને અધિકાર પણ છે. અનેક જગ્યાએ તેમની સંસદીય પરંપરાઓનો ભંગ થયો છે, તેમનો આક્રોશ છે, એટલે મેં કોઇ જગ્યાએ રોકયા નથી, તેમાંથી જયાં જયાં એમ લાગે,

અધ્યક્ષશ્રી : તે શબ્દો રેકર્ડ જોઇને દૂર કરવામાં આવશે.

શ્રી મહેશકુમાર ક. રાવલ**(**ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંનો ખેડૂત અને આ ગુજરાતનો ગોપાલક સમાજ એ પશુધનથી ઉજળો છે અને પશુધનથી એની કિંમત નક્કી થાય છે એટલે આ ગૃહમાં જયારે માનનીય મંત્રીશ્રી તેમનુ વિધેયક સને-૨૦૨૨નું ક્રમાંક-૭ ઢોર નિયંત્રણ રાખવા બાબતનું લઇને આવ્યા છે ત્યારે તેમાં મારા વિચારો રજૂ કરી અને મારી વાત રજૂ કરું છું.

ગૌમાતા પ્રાણ નહીં, ગૌમાતા પ્રાણી નહીં સંસાર કી પ્રાણ હૈ. ગૌમાતા જાનવર નહીં દેશ કી યે જાન હૈ.

જે ઘર ગૌમાતા છે તે ઘર તીર્થ સમાન છે તે ઘર એવું ગણો જે ઇન્દ્રપોર સમાન છે.

યદ ગૃહે દેખીતા ગાવ આતી નરક રે. જેના ઘરમાં ગાય દુઃખી તે માણસ નર્કમાં પણ દુઃખી થાશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતના રાજયપાલશ્રી પણ પ્રાકૃતિક ખેતીનું અભિયાન ચલાવી રહ્યાં છે અને આપણા ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ તેને આવકારેલ છે. દેશમાં પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપેલ છે ત્યારે ગાયનું ખૂબ મહત્ત્વ છે કારણ કે વૈજ્ઞાનિકોએ કહેલ કે ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડથી વધારે જીવાણું રહેલ છે. અને ગાયના ગૌમૂત્રમાં રાસાયણિક તત્ત્વોનો ભંડાર છે. જેવાં કે કેલ્શિયમ ક્લોરાઇડ, આયર્ન, મેંગ્નેશિયમ, યુરિયા, એમોનિયા, પૉટેશિયમ, સોડિયમ જેવા અનેક પદાર્થો રહેલ છે. જેથી કેન્સર જેવી બીમારીમાં પણ દવા તરીકે તેનો ઉપયોગ થાય છે. ગામડાંઓના ખેડૂતો હોય કે માલધારી પશુપાલક હોય એ ક્યારેય પોતાના જાનવરોને રખડતાં મૂકતાં નથી કારણ કે, ખેડૂતોને ત્યાં પણ તેના પશુધનને સાચવવાની અને પાળવાની બધી જ વ્યવસ્થા હોય છે. આમ ગામડાંનો હોય કે શહેરનો સાચો પશુપાલક હોય તે પોતાના જાનવર માટે હંમેશા સારી વ્યવસ્થા રાખે છે, પરંતુ જેમ-જેમ શહેરીકરણ વધતું ગયું તેમ-તેમ પોતાના ધંધા અર્થે ગોપાલક સમાજ સિવાયના લોકો પોતાને ત્યાં પશુધન, દૂધાળા જાનવર રાખતા થયા અને એ લોકો ગોપાલકની સારી ભાષા ના સમજ્યા પણ માત્ર પોતાનો દૂધનો વેપાર સમજી પોતાને ત્યાં જાનવર પાળ્યા એવા લોકો એ દૂધાળા જાનવરનો ઉપયોગ કરીને રસ્તે રખડતા કરી દીધા. એ રખડતી ગાય, એ રખડતા આખલા, એ રખડતા વાછરડાં જેને પોતાના પશુપાલક ધણી પાસેથી પૂરતો ખોરાક ન મળે એ જાનવર રસ્તા ઉપર રખડતા થયાં અને શહેરોના લોકો દ્વારા ફેંકાયેલો ગંદો કચરો, પ્લાસ્ટિક કાગળ, પ્લાસ્ટિક પેપર ખાધા અને એના થકી એ જાનવરોનું આયુષ્ય પણ બગડ્યું. એટલે આ શહેરી વિભાગના મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા જે બિલ લઇને આવ્યા છે તેને હું આવકારું છું. એટલા માટે કે પશુપાલકોના નામે, માલધારીઓના નામે જે પોતાનો ધંધો ચાલુ કરીને બેઠા હતા અને પોતાના જાનવરોને છૂટા મૂકી દેતા હતા તેવા લોકોને સબક મળશે. એના થકી મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ પણ બજેટમાં ગૌમાતા પોષણ યોજના જાહેર કરી છે અને તેમાં રૂ.૫૦૦ કરોડની જોગવાઇ કરી છે અને રખડતાં નિરાધાર પશુઓ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરી છે જે ખૂબ જ અભિનંદનને પાત્ર છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે જ્યાં સુધી ગાયને બચાવવાના ઉપાયો શોધી નહિ કાઢીએ ત્યાં સુધી મારા માટે સ્વરાજ અર્થહીન કહેવાશે. મારા વિચારે ગૌરક્ષાનો પ્રશ્ન સ્વરાજ કરતા ઓછો નથી. પૂજ્ય સંત વિનોબા ભાવેએ કહ્યું છે કે ગાય આપણી માતા છે. ગૌહત્યા માતૃ હત્યા બરાબર છે. આમ ગૌશાળા ગૌધામથી ગૌમૂત્ર અર્ક, બાયો પેસ્ટિસાઇડ પણ બનાવી શકાય. ઓલાદ સુધારવાના ઉપાયો, ગુજકો માર્શલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો, સહકારી મંડળીઓને પણ જોડી શકાય. આવી વસ્તુઓની માર્કેટ ગામડાંમાં જ મળી રહેશે. ગૌપર્યટન તરીકે વિકાસ થશે. પહેલાં દરરોજ બહેનો રસોઇ કરે ત્યારે પહેલી રોટલી ગાયની રાખતાં અને બીજી રોટલી કૂતરાં માટે બનાવવામાં આવતી. વરસાદ ખેંચાયો હોય તો ગાયોના ધણને ઘાસચારો અને કૂતરાંને લાડુ બનાવીને ખવડાવતાં, હોમ-હવન કરાવતા તે આપણી સંસ્કૃતિ છે. ગૌમાતા દયાની દેવી છે. ગૌમાતા પ્રેમનું પ્રતિક છે. ગૌમાતા રત્નોની ખાણ છે. ગૌમાતા કૃષિ શાસ્ત્ર અને અર્થશાસ્ત્ર છે. પહેલાં ગામડાંમાં ઘરઆંગણે બાંધેલ ઢોર ઉપરથી એ ખેડૂત હોય, માલધારી સમાજના હોય, પશુપાલક હોય એની શાખ નક્કી થાય છે. આજે એવા લોકોએ આ ધંધો પકડી લીધો છે કે જેના થકી ખેડૂતોની, માલધારીઓની, પશુપાલકોની આબરૂ પર બટ્ટો લગાડ્યો છે. આ પશુપાલકોએ પશુઓને દૂધાળા સમજી, એમની આવક સમજી એ જાનવરોને રખડતાં કર્યા છે ત્યારે સાચા પશુપાલકો બદનામ થાય છે. જ્યારે મંત્રીશ્રી ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક, ૨૦૨૨ આ સન્માનનીય ગૃહ સમક્ષ લાવ્યા છે ત્યારે હું મારું સમર્થન આપું છું. આ ગૃહના તમામ સન્માનનીય સભ્યશ્રીઓને આ વિધેયક સર્વાનુમતે મંજૂર કરવા અનુરોધ કરું છું. માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ હું પણ ગામડાનો છું. મારા ઘરે પણ હું જાનવરો રાખું છું. મારા ઘરે પણ બળદ છે, મારા ઘરે પણ ઘોડી, ગાય અને ભેંસો હતી. આજે ગાય ખીલે બાંધી હોય અને તેને કોઈ ઈન્જેક્શન આપીને ઉઠાવીને કતલખાને મોકલવામાં આવે છે. આવા અનેક જાનવરો શહેરના ખુલ્લા મેદાનમાં બેઠાં હોય અને એ જાનવરનો કોઈ રણીધણી ન દેખાતો હોય તો એવા લોકો આવા જાનવરને ઉઠાવીને કતલખાને મોકલતા હોય છે ત્યારે હું આ સરકારને અભિનંદન આપું છું કે આ ગાયોના રક્ષણ માટે આવો સારો કાયદો લાવ્યા છે ત્યારે હું આ વાતને સમર્થન આપી અને મારી વાત પૂરી કરું છું.

## ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ(રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક,૨૦૨૨

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક, ૨૦૨૨ લઈને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા ગણવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણે પણ ગૌમાતાનું મહત્ત્વ સમજાવીને ગોપાલોનો સંદેશો આપણને આપેલ છે. મેં જે જાણ્યું છે અને ક્યાંક સાંભળ્યું છે તે મુજબ ગાય પવિત્ર પ્રાણી છે. ગાયનો ઓરા એટલો પવિત્ર છે કે ગાય વાડામાં કે ઘર આંગણે બાંધી હોય તો ધૂપસળી સળગાવીએ અને જેમ આજુબાજુમાં સુવાસ ફેલાય છે એ રીતે ગાયના ઓરામાંથી જે પવિત્ર તરંગો નીકળે છે એ આજુબાજૂની ધરતીને ખૂબ ઉપયોગી હોય છે. સાધુ, સંતો, મહંતો અને ઋષિમુનિઓએ પણ ગાયને મહત્ત્વ આપેલ છે અને ગાયને કામધેનુ કહી છે. ગાયને લોકમાતાનો દરજ્જો આપીને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટે અમારા વિસ્તારના ગૌભક્ત પરમ પૂજ્ય કાલીદાસ બાપુ અને બીજા સંતો મહંતો આજે પણ આંદોલન ચલાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે હમણાં બે દિવસ પહેલાનો દાખલો આપની સમક્ષ મૂકવો છે. આપણા મહામહિમ રાજ્યપાલશ્રીએ સજીવ ખેતી, પ્રાકૃતિક ખેતી, કુદરતી ખાતર વગેરે સમજાવવા માટે આપણા આ સન્માનનીય સભાગૃહના દરેક ધારાસભ્યશ્રીઓને આપની સાથે આમંત્રિત કર્યા હતાં. સજીવ ખેતીનું મહત્ત્વ તો સમજાવ્યું પણ ગાયનું શું મહત્ત્વ છે તે પણ સમજાવ્યું. ખૂબ આનંદની વાત છે કે આપણા મહામહિમ રાજ્યપાલશ્રી પણ એમના નિવાસ સ્થાને ગાય રાખીને પાલન કરે છે. હું આ વાતથી વધારે પ્રભાવિત છું. ગાયનું આટલું મોટું મહત્ત્વ હોય ત્યારે ગૌમાતાના નામે મત લઈને સત્તામાં બેઠેલી ભારતીય જનતા પાર્ટીની સરકાર જે ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક, ૨૦૨૨ લઈને આવી છે તેને કોઇપણ સંજોગોમાં હું સમર્થન આપી શકતો નથી અને મારા સખ્ત શબ્દોમાં વિરોધ કરું છું અને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરવા માગું છું કે, આવું *(xxx) સમાન વિધેયક પાછુ ખેંચવામાં આવે. આપણો ભારત દેશ ગામડાઓનો બનેલો દેશ છે. સમયાંતરે શહેરીકરણ થતું રહ્યું. મહાનગરપાલિકા કે નગરપાલિકાની હદ શહેરીકરણના લીધે એના ભાગરૂપે વધતી રહી. જે ગામડાઓનો મ્યુનિસિપલ કોર્પોરેશન કે નગરપાલિકાના હદમાં સમાવેશ થતાં પહેલા વર્ષોથી એટલે કે પેઢીઓથી માલધારી સમાજ પોતાના પશુધન સાથે ગામડામાં વસવાટ કરતો હતો. શહેરોની હદ વધતી ગઇ. શહેરીકરણ યોગ્ય રીતે થાય તેના માટે ટાઉન પ્લાનિંગ સ્કીમ કરવામાં આવે છે. શહેરીકરણ થવું જોઇએ. સુવ્યવસ્થિત શહેરીકરણ થાય એની સામે અમને વાંધો નથી. પણ જયારે ટાઉન પ્લાનિંગ કરવામાં આવે છે ત્યારે ટાઉન પ્લાનિંગમાં, ટી.પી. સ્કીમમાં, ડ્રાફ્ટ ટી.પી.માં બગીચા માટે જાહેર જગ્યા રાખવામાં આવે છે. જાહેર હેતુની સ્કૂલો માટે જાહેર જગ્યા રાખવામાં આવે છે. દવાખાના અને બસ સ્ટેશનો માટે જગ્યા રાખવામાં આવે છે. મારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારને પૂછવું છે કે, જયારે ટી.પી. સ્કીમ થતી હોય ત્યારે પેઢીઓથી શહેરીકરણ થયું ન હતું, ગામડાઓ હતાં અને ગામડામાં પોતાનાં પશુધન સાથે પોતાનો વ્યવસાય કરતા માલધારીઓની ચિંતા રાખીને, એના પશુઓની સંખ્યા ગણીને એનાં ઢોરવાડા માટે, કેટલ હોસ્ટેલ માટે કે પશુઓ માટે રિઝર્વ પ્લોટ કેમ રાખવામાં આવતા નથી? હજી પણ સમય વીતી ગયો નથી. મારે કહેવું છે કે આજે ટી.પી. બને ત્યારે દરેક માટે જયારે રિઝર્વેશનો રાખવામાં આવે છે ત્યારે મોટી જમીનોની કપાત થાય છે. મારા સન્માનનીય સભ્યશ્રીઓ જાણતા હશે કે જયારે ટી.પી. બનાવવામાં આવે છે ત્યારે એના અધિનિયમ મુજબ ૪૦ ટકાની કપાત જમીનધારકો પાસેથી કરવામાં આવે છે. જમીનધારકોની આટલી મોટી જમીન કપાતી હોય અને અન્ય રિઝર્વશનો માટે પ્લોટો રખાતા હોય તો માલધારીઓ શહેરીકરણ થયા પહેલા અને ટી.પી. આવ્યા પહેલાં વર્ષોથી અને પેઢીઓથી રહેતા હતા, એમના પશુધન માટે કેમ રિઝર્વેશન રાખવામાં આવતા નથી? મારે બીજુ કહેવું છે કે, જયારે ટી.પી. બનાવવામાં આવે છે ત્યારે રોડ -રસ્તા, બીજી જાહેર હેતુ માટેની જગ્યાને બાદ કરતા બીજી એવી જગ્યાઓ જે મહત્ત્વના પ્લોટો હોય છે, સારા લોકેશનના પ્લોટો હોય છે એ જાહેર સત્તા મંડળો પોતાની પાસે રાખીને ભારતીય જનતા પાર્ટીનું શાસન વેપાર કરવાનો ધંધો કરીને માલધારીઓને અન્યાય કરે છે. ત્યારે મારે કહેવું છે કે, ૨૭-૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલે છે અને ૨૭-૨૭ વર્ષ સુધી આ કાયદો લાવવાની જરૂર ના પડી અને હમણાં ભારતીય જનતા પાર્ટીની સરકારને આ કાયદો લાવવાની જરૂર કેમ પડી? આજે માનનીય શહેરી મંત્રીશ્રીને મારો સવાલ છે કે ૨૭ વર્ષથી તમારી જ સરકાર હતી અને જરૂર ન પડી તો આજે કેમ પડી? ૨૭ વર્ષમાં શહેરીકરણ થયું તે દરમિયાન તમે જેટલી પણ ટી.પી.ઓ હોય, એ અમદાવાદ, રાજકોટ, સુરત કે બરોડા શહેર હોય કે નગરપાલિકા હોય, એકપણ જગ્યાએ તમે અમારા માલધારીઓ જે વર્ષોથી રહેતા હતા, વર્ષોથી પશુધન રાખતા હતા, તેમણે એકપણ પ્લોટ ફાળવ્યો હોય તો મને બતાવો? એટલા માટે કહેવું છે કે, જયાં ગૌચરો આપણે વેચી નાખ્યા, જયારે શહેરોમાં, ગામડાઓ હતાં અને જે ગૌચરો હતા એ ગૌચરોમાં દબાણો થઇ ગયા. વેપારીઓને વેચી નાખવામાં આવ્યા અને સાથે સાથે બે પગા આખલાઓ એ ગૌચર ચરી ગયા. અને ટી. પી. માં જગ્યા ગાયો માટે ન રાખી એટલા માટે ગાયો રસ્તા ઉપર આવે છે, બાકી ગાયોને રોડ ઉપર આવવાની કોઇ જરૂર નહોતી. હજુ પણ ગુજરાતનાં મોટાં શહેરો અને નગરપાલિકાઓમાં ટી. પી. સ્કીમનું કામ ચાલે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અહીં બેઠા છે એમને પણ વિનંતી કરવી છે કે આ અમદાવાદનો રીંગ રોડ જે બન્યો છે, આ તો દાખલો આપું છું કે

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અમદાવાદનો રીંગ રોડ બન્યો છે તેની આજુબાજુમાં એટલા બધા અમારા, આ અમદાવાદનો એક જ દાખલો આપું છું, પછી આખા ગુજરાતને તે લાગુ પડે છે. અમદાવાદના રીંગ રોડ ઉપર આવેલા ગોપાલક સમાજના અનેક ગામો, જેવા કે ભાટ, હેબતપુર, થલતેજ, સોલા, વાડજ, સરખેજ, મકરબા, ફતેવાડી, વેજલપુર, ગ્યાસપુર, સઈજપુર, પીપળજ, લાંભા, વીજોલ, વટવા, શાહવાડી, રામોલ, ઓઢવ, નરોડા, અનેક ગામડાંઓ આજે શહેરીકરણ જે થયું, મ્યુનિસિપલની હદ વધી તેના પહેલા વખતો વખત હદ વધતી ગઇ પણ તે પહેલાથી આ ગામડાંઓમાં બહુ મોટી સંખ્યામાં માલધારી સમાજ આજે પણ પોતાનાં પશુ ધન સાથે રહે છે. આ શહેરીકરણ થયું એટલે આજે આ બધા વિસ્તારો મ્યુનિસિપલ હદમાં સમાવેશ થયેલ છે. પણ એ સમાવેશ થયા પહેલાથી આ ગામડાંમાં જે માલધારીઓ, આ તો અમદાવાદનો દાખલો આપું છું, પણ એવી જ પરિસ્થિતિ રાજકોટ, એવી જ પરિસ્થિતિ બરોડા, એવી જ પરિસ્થિતિ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં છે ત્યારે એના માટે રિઝર્વેશન રાખવામાં આવતું નથી. અને એના માટેની કોઇ વ્યવસ્થા, કેટલ હોસ્ટેલ, કે એના માટેના રિઝર્વેશન પ્લોટો અલગથી ફાળવવામાં આવતા નથી. જે ફાળવવા જોઇએ, આવનારા દિવસોમાં ફાળવવા જોઇએ, જેથી કરીને ગૌ માતા રોડ ઉપર ન આવે, અને ફાળવેલી જમીનમાં એ ગોપાલકો અને ગાયો રહી શકે. અમદાવાદ જેવી પરિસ્થિતિ ગુજરાતના સમગ્ર મહાનગરો અને નગરપાલિકાઓમાં છે ત્યારે મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે માગણી મૂકવી છે કે સૌ પ્રથમ પશુઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કર્યા પછી જ આવા કાયદા લાવવાની જરૂર હતી. જે કાયદો લાવતા પહેલા સરકારે વિચાર વિમર્શ કરવાની જરૂર હતી. જે વિચારણા કરીને વ્યવસ્થા કર્યા વગર આ કાયદો લાવવામાં આવ્યો છે એથી મારી લાગણી છે અને સમાજની પણ લાગણી છે કે આ કાયદો પાછો ખેંચવામાં આવે. ગૌ માતા આજે રોડ ઉપર આવવાનાં કારણોમાં મેં જે કારણો કહ્યાં એ ગૌચરો વેચાઇ ગયા, દબાણો થઇ ગયા, ગાયોને ચરવાની જગ્યાઓ ન રહી, અને વધારે વાત કરવી હોય તો એ પણ કહી શકું કે ગાયો માટે ગૌશાળા અને પાંજરાપોળો છે, એમાં સરકારના નીતિ નિયમો મુજબ પાલન માટે જે કંઇ ફંડ ફાળવવું જોઇએ, એ નહીં ફાળવવાના કારણે પાંજરાપોળો અને ગૌશાળાઓમાં પણ ગાયોનું પોષણ આજે થતું નથી. ત્યારે મારી માગણી છે કે જે ટ્રસ્ટો ગૌશાળાઓ ચલાવતા હોય અને જે પાંજરાપોળો ચલાવતા હોય એ ટ્રસ્ટોને પણ આપના તરફથી કંઇક વધારે સહાય ચૂકવવામાં આવે તેવી પણ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો અમારા સમાજને કાયદા માટે વાંધો એ છે કે હમણાં દંડની વાત થઇ, માનનીય નીતિનભાઇએ જે માલધારીઓ માટે અને ગૌ માતા માટે પ્રેમ વરસાવ્યો તેના માટે હું એમનો આભાર પણ માનું, પણ એ જે દંડ છે એ એટલો બધો દંડ મોટો છે કે ખરેખર માલધારી સમાજ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત હોવાથી, એની પરિસ્થિતિ આર્થિક રીતે સારી નહીં હોવાથી આટલો મોટો દંડ એ એકદમ ભોગવી શકે એમ નથી. આ ગેરવ્યાજબી દંડ છે. આ ખૂબ મોટો દંડ છે, ત્યારે એ દંડ નાબૂદ થવો જોઇએ અથવા તો સામાન્ય દંડ આ કાયદામાં રાખવો જોઇએ, હું તો એમ માનું છું કે આ કાયદો જ નાબૂદ કરવો જોઇએ. (અંતરાય) ના ના, આ પાણી પણ દૂધ જેવું જ છે. માનનીય જવાહરભાઇ, તમે આમાં આવો છો પાછા. પહેલીવારના ગુનેગારને ૫ હજાર રૂપિયાનો દંડ, બીજી વારના ગુનેગારને ૧૦ હજાર અને ત્રીજીવારના ગુનેગારને ૧૫ હજાર રૂપિયાનો દંડ અને એની સાથે વધારામાં ફોજદારી કેસ. માલધારી સમાજ મેં કહ્યું તેમ આર્થિક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોય ત્યારે આવો દંડ સહન કરી શકે તેમ નથી. માલધારી સમાજ મોટે ભાગે અભણ હોવાથી આ કાયદામાં અધિકારીઓ તરફથી તેમનું ખૂબ શોષણ થવાની પૂરી શકયતા છે. સાથે સાથે આ કાયદાની જે કલમો છે એમાં લાઇસન્સ મેળવવું, ટેગ લગાવો, પશુની હેરફેર, જપ્ત કરેલ ઢોરને મુકત કરવા માટેનો દંડ વગેરે જે કાયદાકીય પ્રક્રિયા છે એ ખૂબ જટિલ છે અને અયોગ્ય છે, એટલે આવો કાયદો રદ થવો જોઇએ, નાબૂદ થવો જોઇએ. આ કાયદો ગુજરાત વિધાનસભામાં પસાર થશે તો ગુજરાતના માલધારીઓ માટે આજનો દિવસ અને આ વિધાનસભા માટે પણ આ દિવસ કાળો દિવસ ગણાશે. વિધાનસભાના ઇતિહાસમાં એવું પણ મારે આપના માધ્યમથી સરકારને કહેવું છે. આ કાયદો પસાર થતા પહેલા કાયદાની બધી કલમોમાં યોગ્ય ફેરફાર કરવો જરૂરી છે. અમારી ખૂબ માગણી છે ખૂબ ઉંડો અભ્યાસ આ કલમો માગી લે છે. તો આ કાયદાને ભારતીય જનતા પાર્ટીની સરકારના માલધારી વિરોધનો ગળેટૂંપો દેવા સમાન આ કાયદો પરત ખેંચવા હું લાગણી સાથે મારી માગણી મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાની કલમમાં કલમ-૧૭માં માલધારીઓ માટે રીઢો ગુનેગાર જે શબ્દ વાપરવામાં આવ્યો છે, એની માલધારી માટે જે વ્યાખ્યા કરવામાં આવી છે. રીઢા ગુનેગારની એ ખરેખર અપમાનજનક શબ્દ છે, માલધારીને રીઢો ગુનેગાર ગણવો એ યોગ્ય નથી, એટલે આ કાયદામાંથી રીઢા ગુનેગારની વ્યાખ્યા પણ રદ કરવામાં આવે તેવી પણ મારી માગણી છે. ૫ હજાર, ૧૦ હજાર, ૨૦ હજાર અને ૧ લાખને ૫ હજાર રૂપિયા સુધીના દંડ આ કાયદામાં બતાવવામાં આવ્યા છે. ત્યારે મારે કહેવું છે કે આ સામાન્ય માલધારી સમાજ આટલો મોટો દંડ કઇ રીતે ભોગવી શકે? અન્ય કાયદાઓ પણ મેં કયાંક જોયા છે, આટલા મોટા દંડ આટલી મોટી દંડની જોગવાઇ અને આટલી મોટી સજા એમાં બે વર્ષ, ૩ મહિના છ મહિના એવી જુદી જુદી સજાઓ આપી હોય, એવી બહું ઓછી કલમો બીજા કાયદાઓમાં દેખાય છે, ત્યારે માલધારીઓ માટે આવો જુલ્મ કરવાની ભારતીય જનતા પાર્ટીને કોઇ અધિકાર નથી અને કાયદો ઘડવાનો પણ કોઇ અધિકાર નથી. મારે કહેવું છે કે માલધારી સમાજના વિકાસ માટે ભૂતકાળની અમારી કોંગ્રેસની સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાત ગોપાલક બોર્ડની રચના કરી હતી. અને ગોપાલક ખેડ સહકારી મંડળીઓને હજારો વીઘા જમીન આપીને માલધારીઓનું જીવન સુધરે

એના માટેના પ્રયત્નો કર્યા હતા. જેમ હમણાં માનનીય રઘુભાઇએ કહ્યું એમ માલધારીઓની વસાહતો માટે રબારી કોલોની હોય, ઓઢવની કે અમારી અમરાઈવાડીની કોલોની હોય કે જશોદાનગરની કોલોની હોય એવી અનેક કોલોનીઓ જયારે વસાવી હતી, ત્યારે આપના માધ્યમથી સરકારશ્રીને શહેરી મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે ભૂલ્યા ત્યાંથી ગણો, ભૂતકાળની ટી.પી.માં આપ્યું ન આપ્યું, ગૌચરો બચાવ્યા ન બચાવ્યા, પણ આવનાર દિવસોમાં તમે ટાઉન પ્લાનિંગ કરી રહ્યા છો, એમાં એ ચાહે મહાનગરપાલિકા હોય કે ચાહે નગરપાલિકા હોય કે પછી જે વિસ્તારમાં તમે ટી.પી. ડ્રાફ્ટ કરો છો, ટી.પી. ફાઇનલ કરો છો, ત્યાં અમારા માલધારીઓ જે વર્ષોથી પશુધન સાથે રહે છે, એમના પશુઓની વ્યવસ્થા કરીને પછી જ તમે ટી.પી. ફાઇનલ કરજો, નહિતર આવનારા દિવસોમાં આ માલધારીઓમાં રોષ ભભૂકી ઉઠશે, એના માટેના જોખમો પણ સહન કરવાની તૈયારીઓ રાખવી પડશે. આ કાયદા દ્વારા માલધારીઓને ખૂબ આર્થિક સહન કરવું પડે તેમ છે ત્યારે મારે કહેવું છે કે જેમ માનનીય રઘુભાઇએ કહ્યું એમ ભારતીય બંધારણમાં જીવન જીવવાનો અધિકાર મત આપવાનો અધિકાર, મિલ્કત ધરાવવાનો અધિકાર છે તો મિલ્કત ધરાવવામાં અમારી પશુ પાલકોની એક માત્ર મિલ્કત હોય તો એ પશુધન છે. તો પશુધન છે અને પશુધન રાખવાનો અમારો અધિકાર છે, એ અધિકાર ઉપર ભારતીય જનતા પાર્ટીની સરકારે તરાપ મારી છે. તેના માટે પણ અમારો વાંધો છે. અમારો મૂળભૂત અધિકાર જળવાઇ રહે એવું થાય એ વાત આપના માધ્યમથી કરવા માગું છું. અમારો વંશપરંપરાગત ધંધો છે. પશુપાલનનો ધંધો કરીને અમારી પેઢી જે અભણ હોય એ પણ તેના સહારે જીવે છે. તો માલધારીઓના હિતમાં આ કાયદો પાછો ખેંચવામાં આવે એવી પણ મારી લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારોમાં ઢોરને રાખવા અને તેની હેરફેરની પ્રવૃત્તિને નિયંત્રિત કરવાના ઉદ્દેશથી કલમ-૧થી ૨૯ ઘડવામાં આવી છે. આ કલમોમાં સુધારા કરવાના ખૂબ જ જરૂરી છે. આ કાયદા સુવ્યવહારુ બનાવવા આ કાયદો રદ કરવો જરૂરી છે. તેથી માલધારી સમાજની વિરુદ્ધના આ કાળા કાયદાનો સખત શબ્દોમાં વિરોધ કરું છું અને આ કાયદો રદ કરવા મારી માગણી કરું છું. આ ગૃહના માધ્યમથી હું શહેરી વિકાસ મંત્રીશ્રીને એ પણ કહેવા માગું છું કે આપે કાયદો ઘડ્યો ખરો પણ કાયદો ઘડતાં પહેલાં આપે માલધારીઓનાં સૂચન લીધાં હોત, અન્ય લોકોનાં સૂચન લીધાં હોત તો અમે પણ કદાચ તમને આ કાયદો ઘડવામાં સહકાર આપત. અમે પણ એવું નથી ઇચ્છતાં કે શહેરોમાં ગાયો રોડ ઉપર રહે. લોકોને તકલીફ પડે. આમાં કંઇક સુવ્યવહારુ રસ્તો નીકળી શકે, એમાં સહયોગ આપવા અમે પણ તૈયાર હતા. ગુજરાતમાં નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં જ્યારે માલધારીઓની આટલી મોટી વસતિ હોય ત્યારે ભારતીય જનતા પાર્ટીના લોકો ગાયના નામે મત લે, ગાયને માતા ગણાવે અને એમનો ઇલેક્શનનો ઉદ્દેશ પૂરો થઇ જાય ત્યાર પછી ગાય કોણ અને ગોપાલક કોણ એ વાત આવે એ વ્યાજબી નથી. ત્યારે મારે કહેવું છે કે ગાયના નામે મત લીધા, ગૌચરો વેચાયા, ગાયમાતાને તમારે સાચવવી જોઇએ. તેની જગ્યાએ ગાયો માટે કાળા કાયદા લાવવાનું કુકર્મ કોઇએ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એટલા માટે મારે કહેવું છે કે આ કાયદો ગુજરાતના ગોપાલકોને અને માલધારીઓને ખૂબ જ નુકસાનકર્તા હોવાથી, તેમનું નિકંદન કાઢતો હોવાથી, આ કાયદા મુજબ તો એવું થયું છે કે ન રહે ગાય અને ન રહે ગોપાલક. આજે મારો બહુ દિવસે બોલવાનો વારો આવ્યો છે અને સમાજની પીડા છે. ગુજરાતમાં બહુ મોટી વસતિ ધરાવતો માલધારી સમાજ હોય. તેનો મોટા ભાગનો ધંધો પશુપાલન અને દૂધનો હોય ત્યારે કંઇક સુવ્યવહારુ રસ્તો કાઢીને આ કાયદો લાવ્યા હોત. આ કાયદો પસાર થવાના કારણે ગુજરાતનાં મોટાં શહેરોમાં રહેતાં માલધારીઓને આર્થિક નુકસાન ખૂબ મોટું થવાનું છે ત્યારે તેમનો વિકાસ ખૂબ રૂંધાવાનો છે. ત્યારે મારે આ સરકારને કહેવું છે કે આવનારા દિવસોમાં ગોપાલક સમાજ ન રહે, ગાય ન રહે, ગોપાલકો આર્થિક મુશ્કેલીમાં આવીને દયનીય પરિસ્થિતિમાં આવે એવી સ્થિતિ આ કાયદાથી થવાની છે. આ કાયદાથી આટલું મોટું નુકસાન માલધારી સમાજને થવાનું હોય, ત્યારે તેને આ મોટા નુકસાનમાંથી બચાવીને આર્થિક સ્થિતિ સારી થાય, તેની સુખાકારી વધે, આગળ વધે, સામાજીક અને આર્થિક રીતે વિકાસ થાય એવી આપના માધ્યમથી સરકારને પણ હું વિનંતી કરું છું. ગુજરાતના સમગ્ર માલધારીઓના વિકાસ માટે અને વધારે નહીં તો ગૌમાતા માટે પણ આ કાયદો પાછો ખેંચવામાં આવે એવી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયક ઉપર વાત કરું તે પહેલાં સત્રનો છેલ્લો દિવસ અને છેલ્લી કલાકો, ફરી પાછા ઇલેક્શન પછી ચૂંટાઇને આવીશું ત્યારે જે લોકો ચૂટાઇને આવ્યા હશે એ આવશે અને બધા મળીશું. હું આની પહેલાં પણ ધારાસભ્ય હતો પણ આ વખતના સત્રમાં એક વાત આંખે ઉડીને વળગે એવી છે કે પ્રધાનમંડળમાં માનનીય મંત્રીશ્રીઓ છે અને જેના વિભાગોની ચર્ચાઓ આવી અને એ ચર્ચાઓમાં વિરોધ પક્ષના સભ્યો અને સત્તાધારી પક્ષના સભ્યોએ જે સૂચનો કર્યાં, જે વાત કરી એની બધાએ નોંધ લીધી છે અને સામે પોઝિટિવ રિપ્લાય એનો માનનીય મંત્રીશ્રીઓએ આપ્યો છે. એમાં ખાસ કરીને મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ તો અમને લેટર લખીને અમારા મુદ્દા પાછા આપ્યા છે અને તારીખ આપીને કહ્યું છે કે આ તારીખે અમારી ઓફિસમાં આવો, અધિકારીઓને બોલાવીશું અને મુદ્દાની ચર્ચા કરીએ. સારી વાત છે. ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યા છીએ. પ્રજાની વચ્ચે એક એક ઘરની યાદી આપણી પાસે હોય છે અને એ મુદ્દા લઇને ચર્ચા કરતા હોઇએ છીએ. માનનીય રાજેન્દ્ર ત્રિવેદીને અભિનંદન આપું છું અને બધા મંત્રીશ્રીઓ બધા ધારાસભ્યોને કાગળ લખીને બોલાવે અને સરવાળે આપણે ગુજરાતના એક પ્રતિનિધ તરીકે ગુજરાતના હિત માટે સમય બગાડીને ચર્ચા કરવા આવતા હોઇએ છીએ, ત્યારે એની અંદર પોઝિટિવ જવાબો આવતા હોય છે. પ્રધાનમંડળના તમામ સભ્યશ્રીઓને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

## ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ(રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક,૨૦૨૨

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતનો દીકરો છું. ગાયો રાખું છું, ભેંસો ક્યારેય રાખતો નથી. ગાયનું દૂધ ખાઉં છું, એટલે ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક ક્રમાંક-૭ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. મારા સાથી સભ્યશ્રીએ પણ એમની વેદનાઓ પોતે માલધારી હોઇ વ્યક્ત કરી છે. કાયદાઓ લઇ આવીએ, કાયદાઓ આપણી પાસે છે. કાયદાઓની અમલવારી ક્યાંક થાય, ક્યાંક વધતા ઓછા પ્રમાણમાં થતી હોય છે. કાયદાઓથી બધા નિયંત્રણો આવી જાય એવું માનવાને કારણ નથી. કાયદાઓથી કન્ટ્રોલ થોડો ઘણો થાય પણ કાયદો લાવીશું એનાથી ઢોર રખડતા બંધ થઇ જશે, નંદી અને આખલાઓ રખડતા બંધ થઇ જશે એવું માનવાને કોઇ કારણ નથી. કારણ કે મને એવું લાગતું નથી. મારી શહેરી વિકાસ મંત્રીશ્રીને અને તમામ લોકોને વિનંતી છે કે કાયદાની જોગવાઇઓ કરીએ, દંડની જોગવાઇઓ કરીએ અને દંડની રકમ વાંચી ત્યારે ખેડૂતનો દીકરો છું. પશુઓ રાખું છું ત્યારે ૧૦ હજારથી લઇને એક લાખ સુધીના દંડની જોગવાઇ લખેલ છે. મેં આખુ વિધેયક વાંચ્યું છે. નંદી અથવા તો વાછડો હોય કે ગાય હોય એ રોડ ઉપર રખડતી નંદી કે ગાય હોય તો એની કિંમત ૨, ૩ કે ૫ હજારથી વધારે હોતી નથી. સારી ઓલાદની ગાય કે વાછડો હોય તો માલધારી કે એનો પાલક ક્યારેય રોડ ઉપર રખડવા ન દે, કોઇ છોડે નહીં. એના માટે દંડ વધારે છે. એની કિંમત કરતા દંડ વધારે છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે દંડની રકમ જેમ શ્રી નીતિનભાઇએ કહ્યું છે કે ઓછી કરવામાં આવે તો કદાચ એ દંડ ભરી શકે. આટલો બધો દંડ એ ન ભરી શકે અને પશુ આપી દેશે. ક્યારેક એવું બને કે દંડ ન ભરવા આવે અને પશુ એટલાં બધાં વધી જાય કે આપણે રાખવાની વ્યવસ્થામાં મુશ્કેલી પડે. આથી દંડમાં ફેરફાર કરવામાં આવે એ જરૂરી છે. આ બધી સમસ્યાઓ કેમ ઉભી થઇ? મારા માનવા પ્રમાણે આ બધી સમસ્યાઓ ગૌચર ઓછું થયું, ઢોરને ચરવા માટેની જગ્યાઓ ઓછી થઇ. આ સમસ્યા ખાલી શહેરની અંદર છે એવું નથી. સમગ્ર વિસ્તારમાં છે. કોઇપણ રાજયમાં જાવ ત્યાં પણ છે. આ ગૌચરો અને ચરિયાણ જે ઓછાં થયાં છે એ ગ્રામ્ય વિસ્તારમાં પણ ઓછાં થયાં છે. ગામનું પશુધન હોય એના પ્રમાણમાં ગૌચર રાખવું પડે. આજે ઓછામાં ઓછા ગુજરાતના ૩૫૦ ગામોમાં ગૌચર નથી તો એના માટે પણ સરકારે ગંભીરતાથી વિચારવું પડે, કારણકે વૈકલ્પિક વ્યવસ્થા નહીં કરીએ અને પશુધન નહીં રહે તો દૂધની જરૂર બધાને છે. ઝૂંપડામાં રહેનારાથી માંડીને મહેલમાં રહેનારા તમામ લોકોને દૂધની આવશ્યકતા કાયમ માટે રહેવાની છે. પશુધન દિવસે દિવસે ઓછું થતું જાય છે કારણકે શહેરીકરણ થાય છે. ગામડાંઓ છે એ શહેરની અંદર આવતા જાય છે. શહેરની અંદર ગામડાં આવે એટલે પશુધન ઓછું થવાનું છે. પશુ રાખવાવાળા લોકો છે એ મર્યાદિત સંખ્યામાં રાખવાના છે, ત્યારે આવનારા દિવસોમાં પશુધન ઓછું થાય, દૂધનું ઉત્પાદન ઓછું થાય અને ડુપ્લીકેટ દૂધ મારે આજે દુઃખ સાથે કહેવું પડે છે અને આપણે બધાએ સ્વીકારવું પડે છે કે ગુજરાતના પશુધનની જે સંખ્યા છે. માનનીય કૃષિમંત્રીશ્રી અહીંયા બેઠા છે. મારી વિનંતી છે કે ગુજરાતનું આપણું જે પશુધન છે એ પશુધનની જે સંખ્યા છે એ પશુધન દૂધ કેટલું આપે છે. ભેંસ કે ગાયની જે દૂધ આપવાની કેપેસિટી હોય એ કેપેસિટીનું જો માપ કાઢવામાં આવે અને દૂધનું જે ઉત્પાદન થાય છે એનો સરવાળો કરવામાં આવે તો મારે દુઃખ સાથે કહેવું પડે કે ૩૫ ટકાથી વધારે ડુપ્લીકેટ દૂધ ગુજરાતની અંદર આજની તારીખે બને છે. આ વિચારવા જેવી વાત છે. આપણે બધાએ સ્વીકારવું પડે. આપણે એમાં કંઇ ભાગીદાર નથી. સરકારનો એમાં કાંઇ દોષ નથી. એમાં અમે સરકારને દોષ દેવા માગતા નથી, પણ દૂધની અંદર જો ભેળસેળ થાય તો નાનામાં નાનું બાળક જેને કાંઇ ખબર નથી પડતી એ બાળક પણ એ દૂધ પીવાનું છે અને એ દૂધ પીને એ બાળક કુપોષણનો ભોગ બને, બીમારીઓ આવે તો એના માટે પણ આપણે સ્વીકારવું જોઇએ કે ડુપ્લીકેટ દૂધ ઉપર પણ એક કાયદો, પશુ ઉપર કાયદો બનાવ્યો છે. સરકારને કાયદા બનાવવાનો અધિકાર છે. એમાં ના ન પાડી શકાય, પણ મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે આવનારા સત્રની અંદર આ ભેળસેળ માટેનો એક જબરજસ્ત સ્ટ્રોંગ કાયદો એમાં લાખ નહીં પાંચ, પાંચ લાખની દંડની જોગવાઇ કરીને આવો. ૧૦ વર્ષની સજાની જોગવાઇ કરીને આવો, એમાં હું પહેલું સમર્થન આપીશ, કારણકે ભેળસેળ એ આપણા બધા માટે અને આવનારી પેઢી માટે ખતરારૂપ છે. હમણા રાજયપાલશ્રીને ત્યાં અમને બધાને પ્રાકૃતિક ખેતી માટે નિમંત્રિત કર્યા. અમે બધા ગયા અને અમને આનંદ એ વાતનો થયો કે અમને જાણકારી મળી. હું તો પ્રાકૃતિક ખેતી કરું જ છું. ઘણાં વર્ષોથી કરું છું. એના ફાયદા પણ મેં જોયા છે. બાળકોમાં પણ એની અસર ઉભી થાય છે, એના ફાયદા પણ જોયા છે પણ ભેળસેળનો જે મુદ્દો છે એનું પણ એક બિલ લઇને આવવું જોઇએ. આનો કાયદો બનાવવાથી આનો ઉકેલ નહીં આવે પણ મારી સરકારશ્રીને અને મંત્રીશ્રીને વિનંતી છે કે હજુપણ આ કાયદો પસાર કરતા પહેલા માલધારીના જે આગેવાનો હોય એમની સાથે થોડો સંવાદ કરીને, વિચાર વિમર્શ કરીને કાયદામાં જો કાંઇ ફેરફાર કરવાના થતા હોય તો થોડા ઘણા કરીને પણ બધાને સાથે રાખીને જો આ કાયદો પસાર કરવામાં આવે અને એની અમલવારી તો આપણને એમાં મહદ અંશે સફળતા મળે. આપણે બધાએ સ્વીકારવું જોઇએ. માલધારી છો એટલે ન સ્વીકારો એવું નહીં. કયાંક ૫ ટકા અમે પણ દોષિત હોઇશું. કયાંક ૫ ટકા માલધારી પણ દોષિત હશે પણ એવું પણ નથી કે માલધારીઓ પાસે જ પશુધન છે. માલધારી સિવાયના લોકો પણ પશુધન રાખે છે. બહારથી રહેનારા લોકો, વેચવાનો ધંધો કરનારા લોકો પણ શહેરની આજુબાજુ ઝૂંપડામાં રહીને પણ એ પશુધન વેચવાનો ધંધો કરતા હોય છે. એમની પાસે પણ પશુધન હોય છે અને એ પણ ઘણી વખત છૂટું મૂકી દેતા હોય છે. વધારે સમય નહીં લઉં પણ મારી મંત્રીશ્રીને વિનંતી છે કે એક તો દંડની રકમની અંદર પણ જે જોગવાઇ કરી છે, એની અંદર, સજાની બાબતમાં અને સજા કરવાથી એ વસ્તુમાં કન્ટ્રોલ નહીં આવે અને હજુ પણ આ વ્યવસાય સાથે જોડાયેલા લોકો અને માલધારીઓ સાથે વાર્તાલાપ કરીને એનાં સૂચનો મંગાવીને જે કાંઇ સારાં સૂચનો હોય તો એની બધા સાથે મળીને અમલવારી

કરીએ તો એ કાયદાનો આપણે મહદ અંશે ઉપયોગ કરી શકીશું અને એની અંદર કન્ટ્રોલ કરી શકીશું એવી વિનંતી સાથે. આપનો આભાર.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહનિર્માણ વિભાગ દ્વારા ગુજરાતના શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ રાખવા, હેરફેર બાબત વિધેયક-૨૦૨૨ લઇને આવ્યા છે, તેના સમર્થનમાં હું મારા વિચાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારોમાં રહેવાસીઓ રખડતાં ઢોરની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. શહેરમાં રાહદારીઓ માટે રસ્તા ઉપર રખડતા ઢોરો ગંભીર જોખમ બન્યા છે. ઘણા લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. ઘણા લોકોને આ અકસ્માતના કારણે ઘણી ઈજાઓ પણ પહોંચી છે. પશુઓ રસ્તાની વચ્ચે દોડતાં હોય છે અને અચાનક રસ્તાની વચ્ચે આવતા માર્ગ અકસ્માત સર્જાતો હોવાના કારણે મુક્ત રીતે ફરતા ઢોર એ દ્વીચક્રી વાહન ચાલકો માટે મોટા જોખમરૂપ બની રહે છે. આ સમસ્યાને હળવી કરવા માટે ગુજરાત રાજ્યના શહેરી વિસ્તારોમાં ઢોર રાખવાવાળાં માલિકોને લાઇસન્સ અપાવવા અને તેનું નિયમન કરવા અથવા તેના ઉપર પ્રતિબંધ મૂકવા, તેને રાખવા તેની હેરફેર માટેની જોગવાઇ કરવા માટે કાયદો અધિનિયમ કરીને શહેરી વિસ્તારમાં ઢોરોને રાખવા તેની હેરફેરની પ્રવૃત્તિને નિયત્રિત કરવી જરૂરી છે. આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે, તેમાં ગાય અને બળદ જે નંદી સ્વરૂપે માનીએ છીએ. તેમનું ખૂબ જ મહત્ત્વ છે. ગાયને હિન્દુ સંસ્કૃતિમાં માતા તરીકે પૂજીએ છીએ. બળદ એ શંકર ભગવાનનો પોઠિયો છે. તેમને રખડતા મૂકવાથી કચરો અને પ્લાસ્ટિકની થેલીમાં મૂકેલું અન્ન થેલી સાથે આરોગે છે. એનાથી એને પેટના રોગો થતા હોય છે એ આપણા માટે આવકારદાયક નથી. ગાયનું રક્ષણ કરવું એ આપણી અને ગાય રાખનારાની સૌની ફરજમાં આવે છે. આ બજેટમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને નાણામંત્રીશ્રીએ ગૌમાતા પોષણ યોજના જાહેર કરેલી છે, તેમાં રૂપિયા ૫૦૦ કરોડ જેટલી માતબર જોગવાઇ કરવામાં આવેલ છે. રાજ્યની ગૌશાળાઓ પાંજરાપોળ ખાતે આંતરમાળખાકીય અને અદ્યતન સુવિધાઓ પશુઓના નીભાવણી માટેનો સમાવેશ કરવામાં આવેલ છે. તે ખૂબ જ અભિનંદનને પાત્ર છે. મને કહેતા આનંદ થાય છે કે રખડતા અને નિરાધાર પશુઓ માટે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. જે ખૂબ જ અભિનંદનને પાત્ર છે. ગાય માતાને શહેરી વિસ્તારમાં રખડતી અને કચરો ખાવા પ્રવૃત્તિ કરે, સાથે સાથે મને કહેતા દુઃખ થાય છે કે જ્યારે ગૌમાતા ગર્ભવતી હોય ત્યારે શહેરી વિસ્તારમાં એને રખડતી મૂકવામાં આવે અને જ્યારે ગર્ભવતી વિવાય ત્યારે લેવા માટે માલધારી પહોંચતા હોય છે. ગાય માતાને માતા તરીકે પૂજીએ છીએ, ત્યારે આ લોકો સમજતા નથી કે શું આપણે પાપ કરી રહ્યા છીએ? પહેલાં ગામડામાં અને વાડામાં ઘર આંગણે બાંધેલી ગાયો અને બળદ દેખાતા હતા, ત્યારે સમજતા હતા કે ખેડૂત બહુ સુખી છે. શહેરીકરણ અને સિટી વિસ્તાર વધવા માંડ્યો અને સ્માર્ટ સિટીનો વિષય લઇને આપણે ચાલી રહ્યા છીએ, ગામડાઓ શહેરોમાં સમાવવા લાગ્યા છે, ત્યારે જેમની પાસે જે પશુધન હતું તે રસ્તા ઉપર આવવા લાગ્યું છે. આપણી સંવેદનશીલ સરકારે ગુજરાત રાજ્યમાં ગૌશાળા અને પાંજરાપોળનું નિર્માણ કરેલ છે, જે ઢોર રાખનાર, પશુધન રાખનાર ગાયની દેખભાળ ન કરી શકે, એવાં પશુધનને પાંજરાપોળ અથવા ગૌશાળામાં મૂકી શકે છે. આપણી સંવેદનશીલ સરકાર રાજ્યની આ ગૌશાળા પાંજરાપોળને પશુ નીભાવવા માટે દૈનિક રૂપિયા ૨૬ રૂપિયાની સહાય કોરોના કાર્યકાળમાં પણ આપેલી છે. મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં રખડતાં ઢોરોને ઘાસચારો મળી રહે છે. પરિણામે રખડતાં ઢોરો મહાનગરપાલિકા, નગરપાલિકા વિસ્તારમાં જે રહે છે. રખડતાં ઢોરોને નિયત કરેલી જગ્યાઓ સિવાયની જગ્યાએ ઘાસચારો ન આપવામાં આવે તો રખડતાં ઢોરોની સંખ્યામાં ઘટાડો થઇ શકે. અને તેના કારણે શહેરોમાં થતા અકસ્માતમાં ઘટાડો થઇ શકે છે. આ ઢોરનું મૃત્યુ થવાથી ઘણીવાર ખુલ્લી જગ્યામાં નદીમાં કે જળાશયોમાં નાખી દેવામાં આવે છે. જેથી પર્યાવરણને પણ ખૂબ નુકસાન પહોંચે છે. સદરહું બાબતો ધ્યાનમાં રાખીને આ વિધેયકમાં ઘાસચારા વેચાણ ઉપર નિયંત્રણ મૂકવામાં આવેલ છે. તેમજ આ અધિનિયમમાં લાઇસન્સ ધરાવનારે પર્યાવરણ અને જાહેર આરોગ્યને હાનિકારક ન બને તે રીતે ઢોરના મડદાંનો સલામત નિકાલ કરે તેની માર્ગદર્શક સૂચનાઓ પણ અનુસરવામાં આવી રહી છે. સદરહું બાબત હું સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં ઘાસચારા વેચાણ અને ઢોરના મડદાંના નિકાલ બાબતે આ વિધેયકમાં જોગવાઇ કરવામાં આવેલ છે. આ વિધેયકની કલમ-૨૦ માં ઘાસચારા વેચાણની જોગવાઇનું પાલન ના કરે તો ઘાસચારો વેચનાર સામે પહેલીવાર ગુનો નોંધવામાં આવશે અને તેની પાસેથી દંડ વસૂલવામાં આવશે. બીજીવાર પણ જો તેનું ઉલ્લંઘન કરવામાં આવશે તો તેને સખ્ત દંડની જોગવાઇની સાથે સાથે તેને સજાની પણ જોગવાઇ કરવામાં આવી છે. આરોગ્ય અને પર્યાવરણના જતન અને જાળવણી માટે ઢોરના મડદાંના નિકાલ માટે સદરહું વિધેયકમાં કલમ-૧૩ માં જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં સ્થાનિક સત્તા મંડળ ઢોરના મડદાંને બાળવા માટે સ્મશાનગૃહો(ઇન્સિનેટર) ઉભાં કરવા માટે વિસ્તારો મુકરર કરવા જોઇએ. લાઇસન્સ ધરાવનારા ઠરાવવામાં આવે તેટલી નાણાની રકમની સામે સ્મશાનગૃહમાં ઢોરનાં મડદાં આપી શકાશે. સ્થાનિક સત્તામંડળે શહેરી સ્થાનિક સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને ઢોરના મડદાંનો ઉપયોગ માટેનો પ્લાન્ટ ઉભાં કરવાં માટેના વિસ્તારો પણ મુકરર કરવા જોઇએ. લાઇસન્સ ધરાવનાર, ઠરાવવામાં આવે તેટલી નાણાંની રકમ સામે આ પ્લાન્ટમાં ઢોરના મડદાં આપી શકાશે. ઢોરને જયારે દફનાવવામાં આવે ત્યારે તેની દફનની જગ્યા પર્યાવરણને હાનિકારક ન હોય, ભૂગર્ભ જળસ્ત્રોતને પણ હાનિકારક ન હોય, જળ પ્રદૂષણ ન કરે તેની પણ તેમણે તકેદારી લેવી જોઇએ. તેના વિસ્તારો સુનિશ્ચિત કરવા જોઇએ. ઉંડી દફનક્રિયા કર્યા પછી તે મડદાંને ચૂનો, બ્લિચિંગ પાવર અને ક્રિસ્ટલ મીઠાથી ઢાંકવું જોઇએ કે

જેનાથી પર્યાવરણે નુકસાન ન થાય. સમજો કે ઢોરને ચેપી રોગ થયેલ હોય તો તેને દફનાવવાને બદલે બાળવા જોઇએ, તેવી આ વિધેયકમાં જોગવાઇ કરવામાં આવેલી છે. આપના માધ્યમથી એમ કહેવા માગીશ કે આપણા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જે માર્ગદર્શન આપ્યું તે આપણે સૌએ સાંભળ્યું છે. એટલું જ કહીશ કે જેટલા ક્લસ્ટર હોય, જે ક્લસ્ટર ડેવલપ કરવામાં આવે અને દૂધ આપતી ગાયો ન હોય અને માલધારીઓ રસ્તા ઉપર છોડતા હોય અને આવી દૂધ ન આપતી ગાયો બહુ જ મદદરૂપ થતી હોય, ઉપયોગી થતી હોય તે વિષય આપણે સૌએ ગવર્નરશ્રીએ જે લેક્ચર આપ્યું તેમાં સાંભળ્યું છે. આપણે સૌએ આના માટે વ્યવસ્થા કરવી જોઇએ. તેનાથી આપણા ખેતીપ્રધાન દેશને લાભ થશે. માનનીય રાજ્યકક્ષા મંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ રાખવા અને હેરફેર કરવા બાબત વિધેયક ૨૦૨૨ આ સન્માનનીય ગૃહ સમક્ષ લઇને આવ્યા છે ત્યારે હું તેને સમર્થન આપું છું અને આ સન્માનનીય ગૃહના તમામ સન્માનનીય સભ્યોને આ વિધેયકને સર્વાનુમતે મંજૂર કરવા વિનંતી કરું છું.

શ્રીડો.કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષ મહોદયા, માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ રાખવા અને હેરફેર કરવા માટેનું વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે તેના માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, We are the law makers and we should know what is the main purpose of forming a law. જયારે બંધારણે આપણને કાયદા ઘડવાની સત્તાઓ આપી હોય ત્યારે આપણે કાયદા ઘડીએ છીએ. કાયદા ઘડવાનો મુખ્ય હેતું શું હોવો જોઇએ તે પણ આપણે સારી રીતે સમજવું જોઇએ. કોઇ પણ કાયદો ઘડીએ તો એ કાયદાનો મુખ્ય હેતુ લોક કલ્યાણનો હોવો જોઇએ, શાંતિ અને સલામતી માટેનો હોવો જોઇએ. ચાણક્યએ કહ્યું છે કે, કાયદો કેવો હોવો જોઇએ, કાયદો એટલો કડક પણ ન હોવો જોઇએ કે જેનાથી લોકોને ભારે નુકસાન થાય અને મોટી સજા થાય અને કાયદો એવો મૃદુ પણ ન હોવો જોઇએ કે જેનાથી કાયદાનો ડર ઉત્પન્ન ન થાય. જો આવું થશે તો મોટી માછલી નાની માછલીને ગળી જાય એવું થશે. જે કાયદો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે કહેવા માગું છું કે સામાન્ય રીતે કાયદા ચાર પ્રકારના હોય છે અને એ માનનીય મંત્રીશ્રી સારી રીતે જાણે છે કે, લોકલ એકટ હોય, સ્ટેટ એકટ હોય, સેન્ટ્રલ એકટ હોય અને ઇન્ટરનેશનલ એકટ. આ જે કાયદો લઇને આવ્યા છે એ કાયદાનો હેતુ કોઇને નુકસાન કરવાનો ન હોવો જોઇએ, કાયદાનો હેતુ કોઇને રાજી કરવા માટેનો ન હોવો જોઇએ, કાયદાનો હેતુ મેં અગાઉ કહ્યું તેમ સલામતી અને સંરક્ષણ માટેનો હોવો જોઇએ. જયારે શ્રી લાખાભાઇએ કહ્યું કે અત્યાર સુધી આપણે કાયદાઓ લાવ્યા, એક સેશનમાં આપણે કાયદો લાવીએ, બીજા સેશનમાં એમાં સુધારો થાય અથવા તો નામદાર હાઇકોર્ટમાં કે સુપ્રીમ કોર્ટમાં ચેલેન્જ થાય અને સુપ્રીમ કોર્ટ એ કાયદો રદ કરે અથવા એના ઉપર રોક મૂકે. આવું કેમ થાય છે? શ્રી લાખાભાઇએ કહ્યું કે આપણે જ્યારે કાયદો બનાવીએ છીએ ત્યારે જે એના સ્ટેટ હોલ્ડર હોય છે જેના ઉપર કાયદાનો આપણે અમલ કરવાનો છે એવા લોકો સાથે આપણે વિચાર-વિમર્શ કરતા નથી. જો આ કાયદાની અંદર પણ જે પશુપાલકો છે અને જે મોટાં શહેરોમાં અથવા નગરપાલિકા વિસ્તારમાં ઢોર રાખે છે, એની સાથે વિચાર-વિમર્શ કરીને આ કાયદો લાવ્યા હોત તો મને લાગે છે કે યોગ્ય ગણાત. આપણા બધા માટે બહુ દુઃખની બાબત એ કહી શકાય કે આપણે કાયદો બનાવીએ અને હાઇકોર્ટમાં અથવા સુપ્રીમ કોર્ટમાં ચેલેન્જ થાય અને એના ઉપર રોક આવે એ આપણા બધા માટે શરમજનક બાબત છે ત્યારે આવું ન થવું જોઇએ. એટલા માટે આ જે કાયદો લઇને આવ્યા છે એને સમર્થન અમે નથી કરતા કે શ્રી લાખાભાઇએ કહ્યું કે બંધારણીય જોગવાઇનો ભંગ થાય છે. અગાઉ જે મુખ્ય કાયદાઓ હતા આઇ.પી.સી. એમાં આઇ.પી.સી.ની કલમ ૨૬૮ અને ૨૯૦ની અંદર પણ આ માટે પબ્લિક ન્યુસન્સની જોગવાઇ કરેલી છે. સી.આર.પી.સી.ની અંદર કલમ ૧૩૩ની અંદર પણ આ બાબતમાં મેજિસ્ટ્રેટને-મામલતદારને સત્તાઓ આપેલી છે. મ્યુનિસિપલ એક્ટમાં પણ સ્થાનિક સત્તામંડળોને આ ઢોરના નિયંત્રણ માટેની જોગવાઇ કરવામાં આવી છે અને એના માટે દંડની પણ જોગવાઇ કરવામાં આવી છે. પોલીસ મેન્યુઅલમાં પણ આ બધી બાબતની જોગવાઇ કરવામાં આવી છે. એટલે આ બધી જોગવાઇઓ ઓલરેડી કાયદાની અંદર થયેલી હતી એનું જો આપણે સારી રીતે પાલન કર્યું હોત તો મને લાગે છે કે આ કાયદો લાવવાની જરૂર ન પડી હોત અને આપણે કાયદા લાવ્યા છીએ એ સમગ્ર કાયદાની અંદર કોઇ જગ્યાએ આ બધું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા માટે આર્થિક જોગવાઇની કોઇ જગ્યાએ વાત કરવામાં આવી નથી. ઘણી બધી નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ આજે દેવામાં છે અને આ બધી વ્યવસ્થા કઇ રીતે કરી શકશે એ પણ એક ચિંતાનો વિષય છે. માનનીય રઘુભાઇએ બહુ આક્રોશથી વાત કરી કે, આ દેશમાં દારુ રાખવો હોય તો લાઇસન્સની જરૂર નથી, ડ્રગ્સ રાખવું હોય તો લાઇસન્સની જરૂર નથી, ગેરકાયદેસર રીતે રેમડેસીવર ઇન્જેકશન રાખવા હોય તો લાઇસન્સની જરૂર નથી પણ તમે ગાયો રાખવા માગતા હોય કે ભેંસો રાખવા માગતા હોય તો તમારે લાઇસન્સ લેવું પડે એ ખરેખર બહુ શરમજનક બાબત કહી શકાય. ૨૭ વરસથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, તો ૨૭ વરસ પછી અત્યારે કેમ તમારે આ કાયદો લાવવાની જરૂર પડી એ પણ એક વિચારવાની જરૂર છે. કાયદાની અંદર જે જોગવાઇઓ કરવામાં આવી છે એની અંદર માનનીય મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી સારી રીતે સમજી શકશે કે કલમ ૬ અને કલમ ૮ છે એ તદન ગેરકાયદેસર છે અને જે સેન્ટ્રલ એકટ છે એ સેન્ટ્રલ એકટના વિરુદ્ધની છે એ હું સમજાવીશ પરંતુ બિલની અંદર જે વાત કરી છે એમાં એવી જોગવાઇ કરી છે કે આ કાયદો માત્ર મ્યુનિસિપલ કોરપોરેશન અને નગરપાલિકાઓ માટે જ છે. જે રખડતાં ઢોર હોય, લોકોને હેરાનગતિ થતી હોય. લોકોને મારી નાંખતા હોય તેના માટે અમે કયારેય વિરોધ કરતા નથી, પરંતુ શું આ ઢોર માત્ર

મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર અથવા નગરપાલિકામાં જ હેરાન કરે છે. ગામડાંમાં પણ તમે ખેડૂતોને પૂછો તેને પણ નુકસાન કરે છે તેમનો પાક ખાઇ જાય છે એટલે આના માટે પણ જોગવાઇ કરવામાં આવી હોત તો અમે તેને સમર્થન કર્યુ હોત. જે ઢોરની વ્યાખ્યા કરી છે તો ઢોરની અંદર ૧૧ પ્રકારનાં ઢોર બતાવ્યાં છે. તેની અંદર ભૂંડ પણ નુકસાન કરે છે, શહેરોમાં પણ ભૂંડ રખડતાં હોય છે ઘણાં ઘોડા રાખતા હોય તો એ ઘોડા પણ રખડતાં હોય છે. કૂતરાઓ પણ રખડતાં હોય છે અને કૂતરાઓ પણ લોકોને કરડે છે, વાંદરાઓ પણ કરડે છે એટલે તમે માત્ર ગાયોની જ વાત કરી છે. જયારે તમે ગૌભકતોની વાત કરો છો, એક તરફ ગૌસેવાની વાત કરો છો અને એક તરફ આવા કાયદાઓ લઇને આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ જે કાયદાની અંદર કલમ-૨ની અંદર સ્થાનિક સત્તા મંડળો છે, મ્યુનિસિપલ કોર્પોરેશન હોય કે મ્યુનિસિપાલીટી હોય તેના માટે ઇન્સ્પેકટરની નોંધણી માટેની વ્યવસ્થા કરી છે. અત્યારે નગરપાલિકાની અંદર સ્ટાફ નથી, નગરપાલિકાની અંદર વેરા ઉઘરાવવા માટે સ્ટાફ નથી તો પૂરતો સ્ટાફ ના હોય અને આવી બધી જવાબદારીઓ કર્મચારીઓની ઉપર એક નગરપાલિકાની અંદર એક કર્મચારી ઉપર પાંચ-પાંચ જવાબદારીઓ હોય છે, એટલે આર્થિક જોગવાઇ કર્યા સિવાય તમે જે આ કાયદો લાવ્યા છો અને કલમ-૨(ગ)ની અંદર લાઇસન્સની વાત કરી છે, આના લીધે ચોક્કસ શ્રી ઘુભાઇએ કહ્યું તેમ લાઇસન્સ રાજ આવવાનું છે. ખેડૂતોને, પશુ પાલકોને મોટું નુકસાન થવાનુ છે. દૂધ વેચવા માટે પણ લાઇસન્સની જોગવાઇ કરી છે. મેં કહ્યું તેમ કે ભારતના બંધારણના આર્ટિકલ ૩૦૦એની અંદર જે જોગવાઇ કરેલી છે રાઇટ ટુ પ્રોપર્ટી અને ૩૦૧ની અંદર જે જોગવાઇ છે, રાઇટ ટુ કિપ ટ્રેડ આ બન્ને જોગવાઇઓનો આ કાયદાથી ચોક્કસ ભંગ થાય છે અને આ બધા જે રાઇટ છે, અધિકારો છે, ફંડામેન્ટલ રાઇટ છે. આપણે કોઇ પણ કાયદો બનાવીએ તો બંધારણે આપણને જે ફંડામેન્ટલ રાઇટસ એટલે મુળભૂત અધિકારો આપ્યા હોય તેનો ભંગ ના થવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત કે લાઇસન્સવાળી જગ્યાની વાત કરી, જે મોટાભાગે આમાંથી બધા ખેડૂતો છે. કોઇ પણ ગાય હોય તેને એક જગ્યાએ બાંધી રાખવી સારું ના કહેવાય. આજે દિવસે એક જગ્યાએ બાંધી હોય અને સાંજે બીજી જગ્યાએ અને બપોરે તડકો હોય તો લીંબડા નીચે બાંધી હોય અને રાત્રે વરસાદ આવતો હોય તો તેને શેડ નીચે બાંધી હોય એટલે તમે જગ્યા કઇ રીતે નક્કી કરશો? કોઇ માલધારી છે અને તેની જગ્યા છે તે દિવસે ગાય લીંબડા નીચે બાંધે છે અને રાત્રેના તેના શેડમાં બાંધે છે અને કાલે કોઇ ઇન્સ્પેકટર ગયો અને કહે કે તમે આ જગ્યાનું લાઇસન્સ લીધેલું છે, તો તમે લીંબડા નીચે કેમ બાંધી? તો આના માટે શું ? આ માત્ર અને માત્ર પશુપાલકોને હેરાન કરવા માટે આ લોકોને લાઇસન્સ રાજ આપી અને માલધારીઓ પાસેથી પૈસા પડાવવા માટે છે. ઇન્સ્પેકટરે કહ્યું કે તે લીંબડા નીચે કેમ બાંધી છે, તું હપ્તો આપ નહીંતર તારા ઉપર કેસ કરીશ એટલે આ બાબત યોગ્ય નથી. મેં કહ્યું તેમ બંધારણના આર્ટિકલ-૩૦૧ અને ૩૦૦એની અંદર તેનો ભંગ થાય છે તે પણ આ બાબતે આની અંદર સુધારો કરવો જોઇએ. કલમ-૪ની અંદર જોગવાઇ કરવામાં આવી છે કે, આ કાયદો આવ્યાથી ૯૦ દિવસની અંદર અથવા ૩૦ દિવસની અંદર તમારે લાઇસન્સ લેવુ પડશે અથવા જે ઢોર નવાં લાવ્યાં હોય તેને લાઇસન્સ લેવુ પડશે. જે ઓલરેડી ઢોર રાખે છે તેને જે વ્યવસ્થા કરેલી છે તો એ વ્યવસ્થામાં તે નવેસરથી વ્યવસ્થા કરવા જશે તો તેને મોટું આર્થિક નુકસાન થવાનું છે. જે લાઇસન્સની વ્યવસ્થા કરી છે તો લાઇસન્સની સમય-મર્યાદા નક્કી કરવામાં આવી નથી. તમે એક વખત ત્રણ મહિના સુધીનું લાઇસન્સ આપ્યું તો એ લાઇસન્સ ત્રણ મહિના માટે ચાલશે કે ત્રણ વર્ષ માટે ચાલશે કે આજીવન ચાલશે તેની પણ આ કાયદાની અંદર કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. બીજી બાબત કે લાઇસન્સની ૯૦ દિવસની જે જોગવાઇ કરવામાં આવી છે કે ૯૦ દિવસની અંદર તમારે લાઇસન્સ લઇ લેવુ પડશે. માનનીય અધ્યક્ષશ્રી, મેં ૯૦ દિવસમાં ઢોર ખરીદ્યું અને ૮૦ મા દિવસે હું એને વેચી દઇશ અને પછી ૧૦ દિવસ પછી બીજાં ઢોર ખરીદીશ તો લાયનન્સની સમય-મર્યાદા કોઇ દિવસ શક્ય નથી. જે લોકો વેપાર કરતાં હોય એ આજે ગાય લાવે કે ભેંસ લાવે અને અઠવાડિયા પછી વેચી મારે છે. એક વાર જઇએ ત્યારે ગાય કે ભેંસ બાંધેલ હોય છે અને બીજી વાર જઇએ ત્યારે બાંધેલ ન પણ હોય. ઢોર રજિસ્ટ્રેશન માટેની ફી, પાલન ન થાય તો એના દંડ માટેની ફી, એ મરી જાય તો એને દાટવા માટેની ફી, દાટવું ના હોય તો એને બાળવા માટેની ફી, બાળવું ના હોય તો એને મર્યા પછી વેચવા માટેની ફી એટલે શું તમે માલધારીઓ પાસેથી માત્ર ફી જ વસૂલ કરવા માંગો છો? રૂ.૧૦,૦૦૦ની ગાય હોય અને એને રૂ.૨૦,૦૦૦ની તો ફી જતી રહે. આ બધી બાબતો માલધારીઓને ભવિષ્યમાં મોટું નુકસાન કરશે. કલમ-૫માં દર્શાવ્યું છે કે તમારે લાઇસન્ચ લેવું પડશે. જેટલા ઢોર હોય એની સંખ્યા તમારે ચોક્કસ કરવી પડશે. આજે મેં મારી બે ગાયનું લાઇસન્સ લીધું અને મારી ગાય બીજા દિવસે વિયાય અને એને બે વાછરડાં આવ્યા એનું શું? એટલે આપણે કાયદો બનાવીએ તો એની પણ જોગવાઇ કરવી પડશે કે કદાચ આ ગાય અથવા ભેંસ વિયાય તો એના બચ્ચાંનો પણ એમાં સમાવેશ થવો જોઇએ. માનનીય મંત્રીશ્રી સારી રીતે સમજશે કે કલમ-૬ના સેક્શન-(૧)માં એવી જોગવાઇ કરવામાં આવી છે કે કોઇ પણ કિસ્સામાં તમામ ઢોરની માત્ર વાહનોમાં હેર-ફેર કરવી જોઇશે. આ જોગવાઇ ગેરકાયદેસર એટલા માટે છે કે ગુજરાત સરકાર અને ભારત સરકારના નિયમોના વિરુદ્ધની જોગવાઇ છે. ભારત સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ એમેડમેન્ટ એક્ટ-૨૦૧૫ પ્રસિદ્ધ કર્યો. એમાં ગુડ્સ વ્હીકલમાં પ્રાણીઓની હેર-ફેર કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. જો તમારે એમાં પ્રાણીઓને લઇ જવા હોય તો એમાં પાર્ટીશન હોવું જોઇએ અથવા આર.ટી.ઓ.એ એનું લાઇસન્સ માન્ય કરેલું હોવું જોઇએ. સેન્ટ્રલ એક્ટમાં જુદું પ્રોવિઝન છે અને તમે જે સ્ટેટ એક્ટ બનાવો છો એમાં જુદું પ્રોવિઝન છે અને હંમેશા સેન્ટ્રલ એક્ટનું આધિપત્ય હોય છે એટલે આ બાબત પણ ગેરકાયદેસર છે. કલમ-૬(૨)માં એવી જોગવાઇ કરવામાં

આવી છે કે કોઇ પણ ઢોર માટે અન્ય બહારના વિસ્તારમાં લઈ જતી વખતે તેમને પસાર થવાના કિસ્સામાં પરવાનગી અને પરમિટની જરૂર રહેશે નહિ. કોઇ પણ કિસ્સામાં ઢોરની માત્ર વાહનમાં હેર-ફેર કરવી જોઇશે. આ જોગવાઇ પણ ગેરબંધારણીય છે કારણ કે, ગુજરાત અને ભારતના ટ્રાન્સપોર્ટેશનના જે નિયમો છે એમાં ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૧ અને રુલ્સ-૨૦૧૧ અને ૧૭માં ગૌવર્ગના પ્રાણીની હેર-ફેર માટે કોમ્પિટન્ટ અધિકારી માટે પરમિટ મેળવવાની જોગવાઇ કરવામાં આવી છે અને પ્રાણીઓની હેર-ફેર માટે સેન્ટ્રલ મોટર વ્હીકલ એમેન્ડમેન્ટ એક્ટ-૨૦૧૫માં પણ લાઇસન્સની જોગવાઇ કરવામાં આવી છે. કોઇ પણ પશુના ટ્રાન્સપોર્ટેશન સમયે ગુજરાત મોટર વ્હીકલ એમેડમેન્ટ એક્ટના રુલ્સ-૮૬ના રુલ- ૧૨૩ મુજબ કેપેસિટીનું પ્રમાણપત્ર પણ હોવું જરૂરી છે. પ્રાણીના ટ્રાન્સપોર્ટેશન સમયે ભારત સરકારના ટ્રાન્સપોર્ટેશન ઓફ એનિમલ રુલ્સ-૨૦૦૧માં નિયમ-૯૬ મુજબ ટ્રાન્સપોર્ટેશનના બધાં નિયમોનું પાલન થયું છે તેવું તાલુકાના વેટરનિટી ઓફિસરનું સર્ટીફિકેટ પણ સાથે રાખવું જરૂરી છે. પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન સમયે ભારત સરકારના ટ્રાન્સપોર્ટેશન ઓફ એનિમલ રુલ્સ, ૧૯૭૮માં થયેલ જોગવાઈ મુજબ જુદાં-જુદાં પ્રાણીઓ માટે પણ સર્ટીફિકેટ રાખવા જરૂરી છે અને પ્રાણીઓના વિભાગો પણ પાડવામાં આવ્યા છે. ગાય, બળદ, આખલા અને ભેંસ માટે શિડ્યુલ-એક્સ તથા ઘેટાંબકરાં માટે શિડ્યુલ-જે છે. ઉપર મુજબની પરમિટ લેવી ફરજિયાત છે અને આ બાબતે કાયદામાં જોગવાઈ કરી છે તે પણ સેન્ટર એક્ટના વિરુદ્ધની છે. જ્યારે આ કાયદો નામદાર હાઈકોર્ટે કે સુપ્રીમકોર્ટમાં ચેલેન્જ થશે તો તમામ પ્રોવિઝન રદ થશે. માનનીય અધ્યક્ષશ્રી, સેક્શન-૬(૩) મુજબ કોઈ પણ કિસ્સામાં તમામ ઢોરની માત્ર વાહનોમાં હેરફેર કરવી પડશે આવી જોગવાઈ કરવામાં આવી છે. ટ્રાન્સપોર્ટેશન ઓફ એનિમલ રુલ્સ, ૧૯૭૮, ૨૦૦૧ અને ૨૦૦૯માં કોઈ પણ પશુને વાહનો ઉપરાંત ટ્રેનમાં લઈ જવાની જોગવાઈ કરવામાં આવી છે. લાઇસન્સની જે વાત કરી છે તેમાં લાઇસન્સ અધિકારી આપી શકશે, પણ કોઈ પણ અધિકારી ઈરાદાપૂર્વક કોઈ પણ માલધારીને લાઇસન્સ ન આપે અને તેણે ભેંસ કે ગાય લાવી દીધી અને તેને ૯૦ દિવસમાં લાઇસન્સ ન મળ્યું તો શું તે માલધારી તેની ગાય બીજાને મફતમાં આપી દેશે? આ બાબત પણ યોગ્ય નથી. કલમ-૬માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે તમારે આ ઢોરને કતલખાને લઈ જવું હોય તો તેના માટે લાઇસન્સની જરૂર નથી પણ હેરફેર કરવી હોય તો લાઇસન્સની જરૂર છે. એક બાજુ તમે ગૌહત્યા ઉપર પ્રતિબંધ મૂકો છો અને બીજી બાજુ કતલાખાને લઈ જવા માટે કોઈ જોગવાઈ નથી, પરવાનગીની પણ જરૂર નથી. બીજી બાબત એ છે કે આ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે શિડ્યુલમાં બતાવ્યા છે તેવા કોઈ પણ ઢોરને કોઈ પણ શહેરમાં ટ્રાન્સપોર્ટેશન કરી શકશો નહિ. જો તમારે ગીરમાંથી ગાય લાવવી છે તો હેલિકોપ્ટર મારફતે લાવશો? રસ્તામાં પોલીસ પકડે કે તમે એક્ટ પ્રમાણે શહેરમાંથી આ ટ્રાન્સપોર્ટેશન કરી શકતા નથી તો શું કરવાનું? આવા કાયદાઓ બનાવીએ તો તેનો પૂરતો અભ્યાસ કરીએ. એક્સપર્ટ માણસોની સલાહ લઈએ. આ બધી જોગવાઈઓ માત્રને માત્ર હેરાન કરવા માટેની છે. આ રીતે આપણે કાયદાનો હેતુ બર લાવી શકીશું નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૮માં જે વાત કરી છે તે પ્રમાણે સ્થાનિક સત્તા મંડળ દ્વારા ઠરાવવામાં આવેલ બોલીઓ અને શરતોને આધીન અમુક વિસ્તારમાં ઢોરની નિયંત્રિત હેરફેરને મંજૂરી આપી શકશે. ઢોરની હેરફેરની મંજૂરી આપવી હોય, ટ્રાન્સપોર્ટેશનની મંજૂરી આપવી હોય તો કોઈ કાયદામાં સ્થાનિક સત્તા મંડળને સત્તા નથી. ભારત સરકારના ટ્રાન્સપોર્ટેશનના નિયમો પ્રમાણે પશુઓને ટ્રાન્સપોર્ટેશન કરવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. કોઈ પણ સત્તા મંડળ ટ્રાન્સપોર્ટેશનની મંજૂરી આપી શકે નહિ. આ બાબત ગેરબંધારણીય છે. સેક્શન-૬ અને સેક્શન-૮ બંને કલમો સંપૂર્ણ રીતે ગેરબંધારણીય છે એટલે રદ કરવા માટેનો વિચાર કરવો જોઈએ. કલમ-૯ની અંદર એવી જોગવાઈ કરવામાં આવી છે કે, તમે લાઇસન્સ ન લીધું હોય કે ઢોરને સારી રીતે રાખતા ન હોય અથવા એના ઉપર ટેગ ન લગાવી હોય તો સ્થાનિક સત્તા મંડળ તમારું એ જે ઢોર હશે એને જપ્ત કરી દેશે.

**સભાપતિશ્રી રાકેશભાઈ શાહ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, જપ્ત કર્યુ પછી તમે ઢોર રાખશો કયાં? એના માલિકે લેવા માટે કેસ કર્યો તો મુદ્દામાલ તમે કોર્ટમાં રજૂ કરશો, કે મ્યુનિસિપલ કમિશનરશ્રીની ઓફિસમાં રાખશો? આ બધું પણ વિચારવાની જરૂર છે. જો રાખવા હોય તો એના માટે પણ સારી રીતે વ્યવસ્થા કરવી જોઇએ. કલમ-૧૧માં લાઇસન્સ મેળવવા માટે અરજીની જોગવાઇમાં સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી. આજે હું કોગ્રેંસનો માલધારી છું. અમદાવાદ મ્યુનિસિપાલિટીની અંદર ભા.જ.પ.નું શાસન છે, એમને ખબર છે કે આ શ્રી લાખાભાઇ કોગ્રેંસના ધારાસભ્ય છે, અને લાઇસન્સ લેવા ગયા તો એમને લાઇસન્સ જ નહીં આપે. હમણાં કહ્યું એમ એમણે ૧૦ ગાયો દૂધ પીવા માટે લાવી દીધી. ૩૦ દિવસની અંદર મારી જોડે બધી વ્યવસ્થા છે, જગ્યા પણ છે, જે પ્રમાણે કાયદાની અંદર જે સ્પેસિફિકેશન છે એ પ્રમાણે મેં બાંધકામ પણ કરેલું છે અને ૯૦ દિવસમાં મારે લાઇસન્સ લેવાનું છે. તો એ ૧૦ ગાયો લાવ્યા અને ૯૦ દિવસની અંદર તમે લાઇસન્સ ન આપ્યું તો એનું શું ? કોઇ જગ્યાએ અપીલની જોગવાઇ નથી. સમયમર્યાદા નથી. માનનીય મંત્રીશ્રી સારી રીતે સમજે છે. એટલે આવું લાઇસન્સ ન મળે અને એપેલેન્ટ ઓથોરિટી લાઇસન્સ નામંજૂર કરે તો શું? આ બધી જોગવાઇ પણ કરવામાં આવી નથી. બહુ શરમજનક બાબત એ કહી શકાય, મેં અગાઉ કહ્યું એમ કે બાળવા માટે દંડના પૈસા, ટેગ મારવા માટેના દંડ, પશુ મરી જાય તો પછી એને બાળવા માટેની વ્યવસ્થા તેનો પણ મ્યુનિસિપલ કોર્પોરેશન કે સત્તા મંડળ ભાવ નક્કી કરશે. કદાચ તમારે બાળવું ન હોય અને તમારે પશુનો મૃતદેહ આપી દેવો હોય તો એના પણ પૈસા, તમારે ના આપવું હોય અને દાટવું હોય તો એના પણ પૈસા, એટલે આ બધી બાબતોની

અંગે કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી. બીજી બાબત એવી નક્કી કરવામાં આવી છે કે આ તમારાં રખડતાં ઢોર એ કોઇપણ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદની અંદર અથવા મ્યુનિસિપાલિટીની અંદર પ્રવેશે તો એને રકમ રૂપિયા ૨૦ હજારનો દંડ અથવા ૧ વર્ષની સજા. તમે મહેસાણાના બાજુના ગામમાં રહેતા હોય અને તમારી ભેંસ ભડકી અને અચાનક નગરપાલિકામાં આવી ગઇ તો શું? એટલે આ બધુ ખરેખર વિચારવાની જરૂર છે. એની પરિસ્થિતિ જોવાની જરૂરી છે. માનનીય મંત્રીશ્રી, આપ તો કાયદાના વિદ્વાન છો આવું થાય તો શું? આ બધી જોગવાઇઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી એટલે આ કાયદો જ બરાબર નથી. મને લાગે છે કે કલમ-૧૫ની અંદર આ બધી જે જોગવાઇઓ કરી છે અને એની અંદર એવું લખ્યું છે કે સ્થાનિક સત્તા મંડળે સરકાર, સમાજ, ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટ મંડળો વિગેરેની મદદથી આ બધું ચલાવવાનું છે. સરકારે પૈસા આપવાના જ નહી અને આ બધી સંસ્થાઓ બધુ કરશે. એટલે સરકાર આર્થિક જવાબદારીમાંથી છટકી જવા માંગે છે અને માત્ર ને માત્ર ઢોર માલિકોના વિરુદ્ધ પશુપાલકોના વિરુદ્ધ ખોટા ગુનાઓ દાખલ કરી એમને જેલમાં પૂરવા માટે, એમને મોટા દંડ કરવા માટે આ બધી જે જોગવાઇઓ કરવામાં આવી છે તે ગેરબંધારણીય છે. આખા કાયદાની અંદર કોઇ જગ્યાએ એવી જોગવાઇ કરવામાં આવી નથી કે આ કાયદા અન્વયે ગુનાનો ભંગ થાય તો એમાં ફરિયાદી કોણ બનશે? એટલે ફરિયાદી કોણ બનશે તેની પણ જોગવાઇ કરવામાં આવવી જોઇએ, એપેલેટ અધિકારી છે એ ફરિયાદી બનશે? જેણે લાઇસન્સ આપ્યું છે એ ફરિયાદી બનશે? મ્યુનિસિપાલીટી હોય તો એના ચીફ ઓફિસર ફરિયાદી બનશે કે કોર્પોરેશન હોય તો એના મ્યુનિસિપલ કમિશનર હોય તે ફરિયાદી બનશે? બીજી ગેરબંધારણીય બાબત એ કરવામાં આવી છે કે કલમ-૨૪ની અંદર એવું લખ્યું છે, માનનીય રાજેન્દ્રભાઇ આપ સારી રીતે સમજી શકશો કે આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ પણ કૃત્ય માટે રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તા મંડળ અથવા રાજ્ય સરકારના કોઇ પણ અધિકારીને જવાબદાર ઠેરવી શકાશે નહીં અથવા તેની વિરૂદ્ધમાં દાવો કરી શકાશે નહીં, આઇ.પી.સી.ની કલમ ૨૧૧, ૧૬૬ અને ૧૯૫-એ, એમાં સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવેલ છે કે કોઇ પણ અધિકારી બદ ઇરાદાથી કોઇ પણ વ્યક્તિને અથવા કોઇ પણ અરજદારને નુકસાન કરવાનો પ્રયાસ કરે, તો એની વિરૂદ્ધમાં આ ત્રણ સેકશન નીચે કાર્યવાહી થઇ શકે છે. એટલે બદ ઇરાદાથી કોઇ અધિકારી લાઇસન્સ ન આપે, અથવા માલધારીને હેરાન કરે તો આ બાબતે પણ વિચારણા કરવા માટે વિનંતી છે. અને છેલ્લે કલમ ૩૨-૩૦ની અંદર જે જોગવાઇ કરવામાં આવી છે કે ગુજરાત આવશ્યક ચીજવસ્તુ અને ઢોર નિયંત્રણ અધિનિયમ ૨૦૦૫, એ આનાથી રિપીલ થાય છે એટલે તેને રદ કરવામાં આવે છે અને નવો કાયદો બનાવવામાં આવે છે. તો અત્યાર સુધી આ અધિનિયમ નીચે જે ગુના દાખલ થયેલા હશે અને જે ગુનાઓ કોર્ટમાં ચાલે છે તેનું શું થશે? એ ગુનાઓ ચાલુ રહેશે કે એ ગુનાઓ પણ ઓટોમેટિક રદ થઇ જાય છે? આ બધી ચોખવટ કરવી જોઇએ આ તમામ બાબતો કાયદાના અધ્યાપક તરીકે મેં કહી એમાં મારી વિનંતી છે, અગાઉ મેં જે બાબતો કાયદાના વિધેયકોમાં કહી હતી એમાં નામદાર હાઇકોર્ટમાં પણ ચેલેન્જ થઇ છે અને હાઇકોર્ટે આપણા ઉપર સ્ટ્રકચર પાસ કર્યું છે એ આપણા બધા માટે શરમજનક બાબત કહી શકાય. અમે પણ ઇચ્છીએ છીએ, અમે પણ સંમંત છીએ સરકારના ઇરાદા સાથે કે મોટાં શહેરોની અંદર જે રખડતાં ઢોર હોય તે કન્ટ્રોલ થાય, પણ એ કન્ટ્રોલ કરવા માટે કાયદાઓ હતા જ. આવા કાયદાઓ લાવી અને માત્ર અને માત્ર માલધારીઓને હેરાન કરવાના હોય, એમને લૂંટવાના હોય તો એની સાથે અમે સંમંત થતા નથી. જયહિન્દ, જય ભારત.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે સમય ખૂબ થયો છે એટલે એક ને એક મુદ્દો જો આવી ગયા હોય તો રિપીટ ન કરવો. માનનીય સી. જે. ચાવડા.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ ઐતિહાસીક કાયદો છે અને ખરેખર તો અમારા સભ્યશ્રીઓએ જે રજૂઆત કરી, હું બહુ સ્પષ્ટ કહું છું કે ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ, એક શહેરમાં તમામ સમાજના, તમામ ધર્મના, તમામ વેપારી સંવર્ગના લોકો વસતા હોય, એકની સુખાકારી માટે બીજાની સુખાકારી છીનવી શકાય નહીં. આ કાયદા સાથે હું કોંગ્રેસના જવાબદાર ધારાસભ્ય તરીકે કહું છું કે અમારો વિરોધ છે અને આ કાયદો પાછો ખેંચવો જોઇએ. મને એમ હતું કે રખડતા કૂતરાઓના નિયંત્રણ માટે કંઇક કાયદો લાવશે. આપણને ખબર છે કે તમામ શહેરી વિસ્તારમાં રખડતા જે કૂતરાઓ છે તે જતા આવતા વટે માર્ગુઓને કરડે છે, આપણી પાસે કૂતરાની રસી પણ નથી. અને આપણી જે મ્યુનિસિપાલીટી છે તેને કૂતરા પકડવાની જે રીક્ષાઓ આપી છે તે રીક્ષાઓ પકડીને શહેરી વિસ્તારમાંથી ઔડા વિસ્તારમાં મૂકી આવે, અને રીક્ષા પાછી આવે તે પહેલા કૂતરા પાછા આવી જાય છે. અને આવું ૨૭ વર્ષથી ચાલે છે. તો એવા કૂતરાઓને શહેરમાંથી દૂર કરીને બધાની સુખાકારી વધે એવું કામ કર્યું હોત તો એ કાયદામાં તમને સો ટકા મદદ કરત. શહેરોમાં રખડતા ભૂંડનો પણ ત્રાસ એટલો જ છે. ભૂંડને ફરવાની છૂટ, મોરબી જેવા, વીસનગર જેવા શહેરોમાં તો ફકત અને ફકત, (અંતરાય) માનનીય મંત્રીશ્રીને ખબર છે, જે શિડ્યુલ નક્કી કર્યું છે તેમાં ભૂંડ તમે રાખ્યું નથી. ગાંધીનગરમાં રોઝડાનો ત્રાસ છે, નીલ ગાયનો ત્રાસ છે, મિનિસ્ટરના બંગલામાંથી કાં તો મિનિસ્ટરની ગાડી નીકળે છે કાં તો રોઝડું નીકળે છે, એ રોડ ઉપર રાત્રે નીકળવું એ તો બહુ જોખમ છે. ગાંધીનગર શહેરમાં, ભાવનગર શહેરમાં નીલગાય અને રોઝડાઓનો ત્રાસ છે, તેવાં શહેરો માટે તમે એ રોઝડાઓને અટકાવવાનો કાયદો લાવ્યા હોત તો પણ અમે ટેકો આપત, કારણ કે એનાથી જે અકસ્માતો થયા છે, એનાથી તો માણસ પણ મૃત્યુ પામે છે અને ગાડી પણ સાવ નકામી થઇ જાય છે. એનાથી જે અકસ્માતો થયા છે એનાથી રોઝડાથી તો અકસ્માત થાય તો માણસ પણ મૃત્યુ પામે છે અને ગાડી પણ નકામી થઇ જાય છે. એ કાયદામાં પાછું નીલગાય કે

રોઝડાનો ઉલ્લેખ નથી. આમાં તો ગાય કે ગાયની વાછરડી, ગાયનો વાછરડો એનો ઉલ્લેખ છે.બહું કાળજીપૂર્વક અભ્યાસ કર્યો છે. પશુઓ એ પર્યાવરણનો એક ભાગ છે, આપણે એનાથી અલગ ન થઇ શકીએ. આ પશુઓ છે એમાં ખાસ કરીને ગાય માતા, ગાય એ માલધારીનો પણ એક ભાગ બની ગઇ છે, એટલે એનાથી આપણે અલિપ્ત ન રહી શકીએ અને એટલી આપણે વિચારવું જોઇએ. શહેરમાં બધાની પાસે મોટરકાર છે અને અકસ્માત મોટરકારથી થાય છે અને ગાડી નીચે, ટ્રક નીચે કાર નીચે બાળક, બહેન કચડાયને મૃત્યુ પામે છે. એનો અર્થ એ કે આપ શહેરમાંથી ગાડીઓ છે એને શહેરમાં પ્રવેશબંધી અને ત્યાંથી પછી ગાડી મૂકીને પગે ચાલતા આવો એવો કાયદો કોઇ દિવસ લાવી શકાય? ગાડીઓથી પોલ્યુશન પણ થાય છે. તમામ લોકોની સુખાકારી બગડે છે તો પણ આપણે એ લાવી શકતા નથી, કારણ કે એ સુવિધા વધારવા માટે બીજી સુવિધાનો ભોગ પણ આપવો પડે છે. એ કાયદો જો લાવ્યા હોત તો તમને સો ટકા મદદ કરત. દારૂમાં ચકચૂર બનીને કેટલાક નબીરાના દીકરા દીકરીઓ રાત્રે ફાર્મ હાઉસમાંથી ઘેર આવતા હોય એવા કેટલાક કિસ્સા બન્યા. ગાડી નીચે નિર્દોષ માણસોના કચડવાના જેટલા કિસ્સા શહેરોમાં બન્યાં છે એના તમે ત્રણ વર્ષના આંકડા કાઢજો, પણ રખડતા ઢોરથી આટલા માણસો મૃત્યુ પામ્યા એટલા કિસ્સા નથી. તમે શા માટે આની ઉપર માઇન્ડ કામે લગાડ્યું એ હું સમજી શકતો નથી. બહું સમાજવા જેવી વાત છે, આ આપણું ગુજરાત છે એમાં એક વખત એવું હતું કે ગુજરાતમાં પશુઓ પણ ખૂબ હતા. ગાયની ઓલાદ ગીર અને કાંકરેજ વિશ્વ વિખ્યાત ઓલાદ આ ગુજરાતમાં છે. ભેંસમાં માનનીય નીતિનભાઇ સાહેબને ખબર છે. મહેસાણી ભેંસ, સુરતી ભેંસ અને સૌરાષ્ટ્રના જૂનાગઢના જે લોકો છે એની જાફરાબાદી ભેંસ આવી ઓલાદો આપણી પાસે છે જે આખા ભારત દેશમાં નથી. ઘેટા હોય તો એ મારવાડી, પાટણવાડી ત્યાંના ઘેટા છે એ આખા દેશમાં કોઇ રાજય પાસે નથી. ઘોડાની વાત કરીએ તો અરબી ઘોડાને ટક્કર મારે એવા કાઠીયાવાડી ઘોડા આ રાજયમાં છે. આની સુવિધા વધારવા માટે આ જાનવર નબળું થઇ જાય, નકામું થઇ જાય અથવા ઉત્પાદન ન આપી શકે તો એને તમે રખડતું નામ આપી દો. મત લેવા હોય તો ગાય માતા અને પછી રખડતાં ઢોરની વ્યાખ્યામાં ગાયને મૂકી દો? આને માતા કહીએ છીએ. વર્ષ ૨૦૧૯ની પશુધન ગણતરી પ્રમાણે ગાયની ઓલાદનાં પશુઓ એક કરોડ જેટલા છે, જયારે ભેંસ વર્ગના ૧ કરોડ અને પાંચ લાખ પશુઓ છે, આ કુલ પશુઓ એના સિવાયના તમામ પશુઓ મળીને ૨ કરોડને ૧૮ લાખ એટલે કે આપણી જે વસતિ છે, એના કરતા અડધા પશુઓ આપણી સાથે જીવે છે અને આપણું જીવનનિર્વાહ કરવામાં આ પશુઓ આપણને ખૂબ ઉપયોગી છે. કૃષ્ણ ભગવાનની ઓળખ ગાય સાથે સંકળાયેલી છે. નંદરાજાને વૃન્દાવનમાં એક લાખ ગાયો હતી. એ વખતના જમાનામાં ગૌધન, ગજધન જેની પાસે ગૌધન હોય એ સર્વશ્રેષ્ઠ કહેવાતા હતા. એ વખતના અંબાણી કોણ કહેવાતા હતા જેની પાસે ગૌ ધન હોય એ અંબાણી એ વખતના કહેવાતા હતા. કૃષ્ણ ભગવાન પાસે એક લાખ જેટલી ગાયો વૃન્દાવનમાં હતી. એ કૃષ્ણ ભગવાન જેની સાથે સંકળાયેલા છે. આ તબક્કે એક પ્રસંગ રૂક્ષ્મણી અને કૃષ્ણ ભગવાનનો સંવાદ. એક વખત કૃષ્ણ ભગવાન દ્વારકાના પોતાના રાજમહેલમાં ઉપર અગાશીમાં જઇને બેઠા હશે અને રૂક્ષ્મણી ઉપર આવે છે અને કહે છે કે ભગવાન કેમ આજ ઉપર બેઠા છો? એમનું મોં હતું એ વૃન્દાવન તરફ હતું, ગોકુળ તરફ હતું અને એમની આંખમાં આંસુ હતા. રૂક્ષ્મણી પૂછે છે કે સમગ્ર જગતનો તાત, સમગ્ર રાષ્ટ્ર અને સમગ્ર પૃથ્વીનું પોષણ કરનારો ભગવાન એની આંખમાં આંસુ કેમ? તો કહે છે કે હું ગોકુળ ગયો નથી, ગોકુળ છોડીને નીકળ્યો ત્યારે રાધાને મેં યાદ કરી નથી અને રાધા પાસે પણ ગયો નથી. મને જેણે મારું પાલન કર્યું, એવી યશોદાને યાદ કરી નથી એને યાદ કરીને રડ્યો નથી. પણ મારી ગૌ માતા મારી વૃન્દાવનમાં મારી સાથે વાંસીળાના સૂરે મારી પાછળ પાછળ આવતી ગાય માતા એનું શું થયું હશે એની હું ચિંતા કરું છું એટલે રડું છું. એવું ન બને કે માનનીય મંત્રીશ્રી આજે ગાય માતાની વિરુદ્ધ માતાને રખડતાં ઢોરની વ્યાખ્યામાં મૂકી છે એનાથી કૃષ્ણ ભગવાન જયાં હોય ત્યાં ફરીથી આંખમાંથી આંસુ ન કાઢતા હોય. આ કાયદાને અમે કોઇ દિવસ સમર્થન ન આપી શકીએ. તમે જ્યારે મત લેવા જાવ ત્યારે ૩૩ કરોડ દેવતાઓનો વાસ જેમાં છે એવી આપની ગાય માતા. દીકરીને ગાય દોરે ત્યાં જાય. દરેક વ્યક્તિના ઘરના આંગણાંમાં તુલસી. ઘરમાં એક દીકરી અને આંગણામાં ખીલો બાંધીને રાખેલી એક ગાય. આ હોવી જ જોઇએ. હોવી જોઇએ કે નહીં, હોવી જોઇએ કે નહીં, હોવી જોઇએ કે નહીં? એટલે બધા કહે કે હોવી જોઇએ. આપણાં માનનીય કેશુભાઇ પટેલ સાહેબે કહેલું કે મારા મંત્રી મંડળનો એક એક મંત્રી પોતાના ઘરના આંગણે ગાય રાખશે. અત્યારે તો બધા મંત્રીઓ ભેગા થઇને ગાયનો નિકાલ કરવા બેઠા છો. એટલે અમે આ કાયદાને કોઇ દિવસ સમર્થન આપી શકતાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરમાં કેટલું પોલ્યુશન વધ્યું છે. કેમિકલ માફિયાઓ. હાઇકોર્ટને પણ ટકોર કરવી પડે. ૨૦૦ જેટલા ઉદ્યોગોને બંધ કરી દીધા. કેમિકલ પાણીમાં ભળ્યું છે. નીચે ભૂતળમાંથી આવતા પાણીમાં કેમિકલના ઝેરી તત્વો આવે છે. કેન્સર જેવા ભયંકર રોગ અને અમદાવાદની પ્રજા કેમિકલ બોમ્બ ઉપર સૂવે છે. એવા ૧૦-૨૦-૫૦-૧૦૦ ઉદ્યોગો જે આખા જીવનને બરબાદ કરી દેશે, આખા અમદાવાદ શહેરનું સ્વાસ્થ્ય બગાડી દીધું છે. રાજકોટ, વડોદરા, સુરતના લોકો જીવી ન શકે એવા ઉદ્યોગો ત્યાં વિકસ્યા છે. હાઇકોર્ટે એવા ધંધા બંધ કરાવ્યા છે તેનો નિકાલ કરવાનો સમય તમને નથી મળતો. તેના માટે શું કરવું તે સમય તમને નથી મળતો અને રાજ્યની કુલ વસતિના અડધા ટકા જેટલી ગોવંશની ઓલાદ શહેરમાં છે તેનો નિકાલ કરવાની વાત લઇને તમે આવ્યા છો, આપને ધન્ય છે, હું તો એમ કહું છું તેમના વિચારોને ધન્ય છે. ગૌમાતાની પૂજા કરવાની વાત કરનારા લોકો તમને ધન્ય છે પણ અમે આ સાંખી શકીએ તેમ નથી. અમે આ ચલાવી શકીએ તેમ નથી. તમારે જાહેર સુખાકારીનો કાયદો લઇને આવવું હતું. આવી જેટલી કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ છે, ઓઢવ, વટવામાં, જે ઝેરી તત્વો પેદા

કરતી કેમિકલ ઇન્ડસ્ટ્રીઝના લોકોના ધંધા બંધ કરવાની વાત લઇને આવ્યા હોત તો અમે ટેકો આપી શકત. હાઇકોર્ટે કહ્યું છે તો પણ તેમાં તમે બુદ્ધિનો સમાવેશ કરતા નથી અને આ અમદાવાદમાં તમને એક ગાય માતા નડે છે? શેઇમ..શેઇમ.

માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ સ્પષ્ટ કહું છું. આ ગાયના કાયદાઓની બધી બુક મારી પાસે છે. બેઝિકલી હું તમને કહી દઉં કે હું વેટરનરી ડોક્ટર હતો. હું ગાયનો ડોક્ટર હતો. હું ઢોરનો ડોક્ટર નહોતો. તમે જે ઢોર શબ્દ વાપર્યો છે એ ઢોર શબ્દ નથી. હું ગાય-ભેંસનો ડોક્ટર હતો. દૂધાળા ઢોરનો ડોક્ટર હતો. પશુધનનો ડોક્ટર હતો. પશુને ધન કહેવામાં આવે છે. બહુ ભાષણો તમે કર્યા. અમારા કાન સાંભળી સાંભળીને થાકી ગયા છે કે ગાય માટે કે ગૌવંશના કતલ માટે અમે આવીશું તો આમ કરીશું. બધાને આ માધ્યમથી સમાચાર આપવા માગું છું. ગૌવંશ હત્યા પર બંધી. કતલખાના ઉપર બંધી. પશુસંરક્ષણ ધારો વર્ષ ૧૯૫૪માં આ રાજ્યમાં અને દેશમાં અમલમાં આવ્યો છે. અમુક રાજ્યોએ ન સ્વીકાર્યો હોય પણ ગુજરાતે વર્ષ ૧૯૫૪થી સ્વીકાર્યો છે. તમે કંઇ નવું કર્યું નથી. આ બુક છે વાંચજો. ગુજરાત લોકલ એક્ટસ. વર્ષ ૧૯૫૪નો કાયદો વાંચજો. એ કાયદાની કલમો વાંચજો. એ તમામ કલમોમાં સ્પષ્ટતા છે કે ગુજરાતના કોઇ પણ શહેરમાં કે ગામમાં ગાય, ગાયની ઓલાદ, આખલો, બળદ એની કતલ થઇ શકશે નહીં. આ કાયદામાં વર્ષ ૧૯૫૪થી છે. તેમાં એક હતું કે ૧૮ વર્ષ ઉપરનો આખલો કે બળદ હશે અને ડોક્ટર સર્ટીફિકેટ આપશે કે આ બિનઉપજાઉ છે તો કતલ થઇ શકશે. આ કાયદામાં પણ માનનીય ચીમનભાઇ પટેલની સરકાર હતી ત્યારે, તમારી સાથે હતી ત્યારે નહીં, કોંગ્રેસ સાથે હતી ત્યારે વર્ષ ૧૯૯૩-૯૪માં કાયદામાં સુધારો કરવામાં આવ્યો કે આ ૧૬ વર્ષની ઉપરના જાનવરોની કતલ થાય છે એ કતલ પણ બંધ. ગૌવંશની કોઇ પણ ઓલાદનો આખલો મૃત્યુ પામે ત્યાં સુધી કતલ થઇ શકશે નહીં અને કતલ કરશો તો સાત વર્ષ સુધીની સજાની જોગવાઇ આ કાયદામાં વર્ષ ૧૯૯૩થી છે. એ કાયદાની કલમોની સામે અમદાવાદનું એક કસાઇ કતલખાનાનું મંડળ હાઇકોર્ટમાં ગયું. અને હાઇકોર્ટે ગુજરાત સરકારે જે સુધારો કર્યો હતો એ રદ કર્યો. એ રદ થયા પછી છબિલદાસ મહેતાની સરકારે એલ.પી.એ. કરી તો એમાં પણ હારી ગયા. સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઇ. સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ કરી કે ગુજરાત સરકારે જે નિર્ણય કર્યો છે એ સાચો નિર્ણય છે અને અમે ગૌવંશ બંધી લાવ્યા છીએ એ સારી છે અને ગુજરાતની પ્રજા એવું ઇચ્છે છે આવી એક એફિડેવિટ કરી. ત્યારબાદ એમાં સુપ્રીમ કોર્ટમાં મુદતો પડતી રહી. ત્યારબાદ અહીંયા શ્રી શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસની સરકાર આવી. સુપ્રીમમાંથી સ્ટે લેવાના આપણે પ્રયત્નો કર્યા અને વર્ષ ૧૯૯૬-૯૭માં સ્ટે લીધો. પછી શ્રી કેશુભાઇની સરકાર આવી, પછી શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવી. સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ આવ્યું કે શ્રી ચીમનભાઇ પટેલની સરકારે નિર્ણય કર્યો હતો એ સાચો છે. આખા દેશમાં તમે લઇને ફર્યા કે નરેન્દ્ર મોદીએ કતલખાના ઉપર તવાઇ કરી દીધી. શ્રી નરેન્દ્ર મોદીના શાસનમાં આ બન્યું. ગુજરાતની પ્રજા અહિંસામાં માનવાવાળી પ્રજા છે. જીવદયામાં માનવાવાળી પ્રજા છે અને કોઇપણ સંજોગોમાં આ ગાય અને ગાયની ઓલાદની જે કતલ થતી હતી એ ન થવા દેવા માટે કોંગ્રેસના શાસનમાં નિર્ણયો થઇ ગયા હતા. આપે એમાં સૂર પુરાવ્યો અને સુપ્રીમ કોર્ટના જજમેન્ટનો આપે અમલ કર્યો. હા, એક સુધારો ચોક્કસ કર્યો. તમારી સરકાર હોવા છતાં પશુ સંવર્ધન ધારો, એનિમલ ક્રુએલ્ટી એક્ટ, ફારસી ગ્લેન્ડર એક્ટ, પશુ હેરફેર નિયંત્રણ કાયદો આ બધા કાયદાઓથી નિયંત્રણ કરવામાં તમે નિષ્ફળ ગયાં એમ કહું તો ખોટું નથી. તો પણ ગૌવંશનું કતલ થતું જ હતું. ગાય કતલમાં જતી હતી અને કપાતી હતી. તમે કાયદો કડક લાવ્યા, તમે નિયંત્રણ ન કરી શક્યા, એવું કરવાવાળાને પકડી ન શક્યા. ચમરબંધીને છોડીશું નહીં પણ કોઇ દિવસ ચમરબંધીને પકડ્યો જ નહીં એટલે છોડવાની વાત આવે જ નહીં. તમે માત્ર ૭ વર્ષની સજાની જોગવાઇ હતી એમાં વધારો કરીને ૧૦ વર્ષ કર્યા. દંડની જોગવાઇ જે ૨૫ હજાર રૂપિયા હતી એ તમે ૫ લાખ રૂપિયા કરી. એ કર્યા પછી પણ તમે કોઇપણ ચમરબંધીને પકડ્યો હોય એવું મને લાગતું નથી. તમે પિન્ક રિવોલ્યુશનની વાત કરી. આ દેશમાં અને રાજ્યમાં વાતો જુદી કરીએ છીએ અને કામ જુદાં કરીએ છીએ. શ્રી રઘુભાઇની વાત હતી કે ભગવાન તમને માફ નહીં કરે. ગાયનું બીફ, ગાયના મટનને બીફ કહેવામાં આવે છે. આપણે ત્યાં ગાયની કતલ જ નથી થતી તો બીફ ક્યાંથી આવે? આ દેશના ઘણા રાજ્યોમાં ગૌવંશ હત્યા પર પ્રતિબંધ છે. પણ તમને આંકડા જાણીને નવાઇ લાગશે કે આખા વિશ્વમાં આ ગાયના માંસનું જે એક્સપોર્ટ થાય છે એમાં ભારત ચોથા ક્રમાંકે છે. ગુજરાતની પરિસ્થિતિ શું છે? આ બીફનું એક્સપોર્ટ કોણ કરે છે? આપણે ખરા ખોટા અમુક ધર્મ કે અમુક જાતિ ઉપર ખોટા આક્ષેપો કરીએ છીએ. હું કોઇને બચાવતો નથી. આવું કરનારો જે કોઇ હોય એમાં પ્રતિબંધ હોય ત્યારે કાયદાનો અમલ કરવો જોઇએ. સૌથી શ્રેષ્ઠ અને સૌથી વધુ આખા દેશમાંથી એક્સપોર્ટ થાય છે એના માલિક કોણ છે? મિ. સતીષ એન્ડ મિ. સબરવાલ. આલ્ફા બીફ એક્સપોર્ટ પ્રા.લિ. આખા દેશમાંથી સૌથી વધારે એક્સપોર્ટ કરે છે. બીજા ક્રમાંકે છે મિ. સુનીલ કપુર, અરબિયન એક્સપોર્ટ પ્રા.લિ. વિશ્વના તમામ દેશોમાં ભારતમાંથી એક્સપોર્ટ કરે છે. ત્રીજા નંબરે છે મિ. એન.કે.આર.ફ્રોઝન ફૂડ એક્સપોર્ટ લિ. એના માલિકનું નામ છે મિ. મદન એબોર્ડ. ચોથી ઇન્ડસ્ટ્રી છે પી.એમ.એલ. ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી. એના ઓનરનું નામ છે મિ. એ.એસ. બિન્દ્રા. કોંગ્રેસની સરકાર હતી તો શ્વેત ક્રાંતિ લાવી, કોંગ્રેસની સરકાર હતી તો હરિયાળી ક્રાંતિ લાવી. ખેડૂત, ખેતમજૂરો, પશુપાલકો, માલધારીઓ, ગ્રામીણ કારીગરો, ઔદ્યોગિક ક્રાંતિ લાવી. તમે પીન્ક રિવોલ્યુશન લાવી અને આ ગુજરાતનું નામ આખા વિશ્વમાં બદનામ કર્યું. માનનીય શ્રી મોદી સાહેબ જ્યારે મુખ્યમંત્રી હતા, ત્યારે પિન્ક રિવોલ્યુશનના એમણે જે લેકચરો આપ્યા છે એ પણ મારી પાસે છે, તમે જોજો. એમના લેકચરની નકલ અમને પણ આપજો. અમે વર્ષ ૨૦૨૨ માં જઇને કહેવાના છીએ કે જુઓ અમે વ્હાઇટ રિવોલ્યુશન લાવ્યા, અમે હરિયાળી ક્રાંતિ લાવ્યા, અમે ઔદ્યોગિક ક્રાંતિ લાવ્યા, અમે રાઇટ ટુ ઇન્ફર્મેશન એક્ટ લાવ્યા, અમે રાઇટ ટુ ફોરેસ્ટ એક્ટ લાવ્યા, અમે રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ લાવ્યા. અને આ

લોકો શું લાવ્યા? પિન્ક રિવોલ્યુશન. અમે જ્યારે શિક્ષણની વાત કરીએ છીએ, શૈક્ષણિક ક્રાંતિની વાત કરીએ છીએ ત્યારે આ લોકો હિજાબ લઇને આવે છે. અમે જયારે ગીતા કે બાબાસાહેબ આંબેડકરની પુસ્તિકાઓ વેચવાની વાત લઇને આવીએ છીએ, ત્યારે આ લોકો ત્રિશુળ વેચવાની વાત લઇને આવે છે. આ સ્વીકારજો અને ચૂંટણીઓ આવે છે ત્યારે મતોના રાજકારણમાં ગણિત ગણીને શું કરવાથી આપણને વધારેમાં વધારે મત મળે એનું ગણિત ગણીને આજે તમે બેઠા છો અને શહેરીજનો તમને મત આપી દેશે એમ તમે માનો છો? શહેરમાં વસતા માલધારીઓને તમે દૂર કરવા માગો છો? ગાયની સાથે જ માલધારી જીવશે. ગાયની સાથે જ રહેશે. ભાષણોમાં કહો છો કે સબભૂમિ ગોપાલકી અને અહીંયા આવા કાયદાઓ લઇને આવો છો? ગોપાલક, કૃષ્ણ ભગવાનનો વારસદાર આપણા રાજમાં દ્વારકામાં જેણે શાસન કર્યુ. દ્વારકામાં હતો અને ગાયો સાથે જે આવ્યો એ ગાયોની દુર્દશા આ રાજમાં આવી થશે એ કૃષ્ણ ભગવાને પણ નહીં કલ્પ્યું હોય અને આપણા કોઇ ખેડૂત, ખેતમજૂર, પશુપાલક કે માલધારીએ નહીં કલ્પ્યુ હોય એવી પરિસ્થિતિનું નિર્માણ તમે આજે કર્યું છે. કાયદાની એકએક કલમ સાથે મારે જવું નથી એટલા માટે કે મારે કાયદો જ જોઇતો નથી. આ કાયદો હોવો જ ન જોઇએ. આ કાયદો આપણા ગુજરાત માટે, ગુજરાતના પશુપાલકો માટે, ગુજરાતના માલધારીઓ માટે અને ગીરમાં વસતી આપણી ચારણ કન્યા જે સિંહને પણ લાકડીનો માર મારથી ભગાવે એ ચારણ કન્યા ગાય, ભેંસો રાખીને પોતાનું જીવનનિર્વાહ કરતી હોય,ગીરના નેસડાને ઉજ્જવળ કરતી હોય એવી ચારણ કન્યા અમદાવાદમાં આવી તો એની સાથે ગાય લઇને આવી એને ગાયથી દૂર કરવા માગો છો? ગાયથી એને હટાવવા માંગો છો? પરંતુ કોંગ્રેસ એને નહીં હટવા દે એને સંપૂર્ણ ટેકો છે. એમાંથી રસ્તા નીકળી શકે. રસ્તા તમને બતાવત. તમે પૂછયું હોત તો એક કરોડ અને પાંચ લાખ ગાય ઓલાદની જે વસ્તુ છે એમાંથી પશુધનમાંથી ફકત ૧૮ લાખ એવા છે કે જે શહેરી વિસ્તારમાં રહે છે. ૧૮ લાખ જાનવરોમાં ૯ થી ૧૦ લાખ જાનવરો બીમાર છે જે દૂધ ઉત્પાદન આપતા નથી. જે ઉપજાઉ નથી પણ એને કયાં રાખવા? તમારી ગૌશાળા, પાંજરાપોળમાં તો એ રાખી શકતા નથી. ગૌશાળા અને પાંજરાપોળ અને જીવદયાની વાતો કરવાવાળા આના તરફ જોતા નથી અને જયારે મારી ચારણ કન્યા, મારી માલધારીની દીકરી આવી ગાયને કશું ઉત્પાદન મળતું નથી, પણ હિન્દુ સંસ્કૃતિમાં ગાયને માતા કહી છે, ત્યારે માતાનું જતન કરવા તમે માતાને વૃદ્ધાશ્રમમાં ભલે મૂકો પણ મારી ગાય માતાનું હું જતન કરીશ, એવું માલધારીની મારી દીકરી કહેતી હોય તો અમે નકકી કર્યું છે કે આ માલધારીના પગ ધોઇને એના ચરણસ્પર્શ કરીશું, પણ આ કાયદો નહીં લાવવા દઇએ. જરૂર પડશે તો ગામડે જઇશું, જરૂર પડશે તો પ્રજાની વચ્ચે જઇશું, જરૂર પડશે તો આંદોલન કરીશું, શહેરની ગલીએ ગલીએ જઇશું અને કહીશું કે આ શહેરને બરબાદ કરવાવાળા કોણ છે? તમારા આરોગ્યને નુકસાન કોણ કરે છે? તમારી જિંદગી સાથે ખેલ કોણ ખેલી રહ્યા છે? મુઠ્ઠીભર લોકો આખા શહેરને બાનમાં લઇને બેઠા છે અને બીજીબાજુ તમને ચોખ્ખુ દૂધ ખવડાવવાવાળો. હમણા શ્રી ભગાભાઇ કહેતા હતા કે દૂધમાં ભેળસેળ, ખાદ્યપદાર્થોમાં ભેળસેળ, ચાની ભૂકીમાં લોખંડ નાખીને વજન પકડાવે, દવાઓ નકલી, દવાઓમાં ભેળસેળ આ બધું તમે અટકાવી શકયા નથી અને એવા લોકોને ફાંસીની સજાની જોગવાઇ તમે લઇને આવ્યા હોત તો અમે તમને ટેકો આપત. આ ખેડૂત, માલધારી, કૃષ્ણ ભગવાન મથુરાથી ગોકુળ ગયા તો ગાય લઇને ગયા હતા. કૃષ્ણ ભગવાન પણ જો એ વખતે અમદાવાદ આવ્યા હોત તો ગાય લઇને આવ્યા હોત અને તમે એમ કહેત કે શ્રી કૃષ્ણ ભગવાન તમે એકલા આવો અને ગાયને કાઢી મૂકો અને તમે તો શ્રી કૃષ્ણ ભગવાનને જ બંધ કરત. આવી તો તમારી વૃત્તિ છે, એટલે આવા કાયદાને અમે સમર્થન આપી શકતા નથી. ગુજરાતના પશુધનને બચાવવું છે. ગુજરાતના માલધારીને બચાવવો છે. ગુજરાતના માલધારી ઉપરાંત જે જે લોકો પોતાના ઘરે ગાય રાખે છે, ભેંસ રાખે છે. ખેડૂતને બચાવવો છે. શહેરમાં વસતા લોકો, ગામડાંમાં વસતા ખેડૂત, ખેડૂત પત્ની, ખેતમજૂર, પશુપાલક, માલધારી અને ગામડાંમાં વસતા તમામ જાતિના લોકોના દર્દને તમે નહીં સમજી શકો. આપણે મૃત્યુ પછી પણ કોઇ વિધિ કરવાની હોય તો ગાય માતાને આપણે ઘરે બોલાવીએ છીએ. ગાયનું પૂછડું આપણે ધોઇએ છીએ. સ્વર્ગસ્થ થયેલા માતા કે પિતાને સ્વર્ગની સીડી મળી રહે એના માટેના પ્રયત્ન કરીએ છીએ અને પછી એ ગાય પવિત્ર બ્રાહ્મણને બોલાવીને ૧૪૪ નો મસાલો ખાતો હોય એને નહીં પણ કોઇ પવિત્ર બ્રાહ્મણને બોલાવીને ગાય માતા આપણે આપીએ છીએ અને દીકરીને ગાય દોરે ત્યાં જાય. લગ્નમાં આપણા આંગણે બાંધેલી ગાય હોય, આપણા આંગણે તુલસી હોય તો જોજો, નિરીક્ષણ કરજો ફકત મતોના રાજકારણમાં ના પડતા. આપણી દીકરીને જયારે સાસરે વળાવીએ ત્યારે નિહાળજો. આપણા આંગણે બાંધેલી ગાય આંખમાંથી આંસુ કાઢે છે. દીકરી જઇ રહી છે એ ગાયને ગમતું નથી. ગાયને એનો વિયોગ ગમતો નથી. માબાપને જેટલું દુઃખ હોય છે એટલું ગાયને દુઃખ થાય છે એ ગાય અને ગાયની ઓલાદની તમે આ દુર્દશા કરવા જઇ રહ્યા છો. મુંબઇની જેમ નવી કોલોની વસાવો. ગાયકવાડે ૧૫ ગામમાં રબારી વસાહતો વસાવી હતી. ત્યાં જમીન આપી હતી. રબારીને ઢોર માટે માલધારી સમાજના ઢોર માટે આખી એકરોના એકર જમીન આપી દીધી હતી. અમરાઇવાડી, વટવા, જીઆઇડીસીમાં, રાજકોટની આજુબાજુના ગામોમાં રબારી વસાહત માલધારીઓ માટે જમીનો આપી હતી. ગૌચર વસાવ્યા હતા. ગાયકવાડની સરકારે ગૌચરો આપ્યા હતા. કોંગ્રેસ સરકારે ગૌચરો આપ્યા. સુપ્રીમ કોર્ટે જજમેન્ટ આપ્યું કે ગૌચર ના આપી શકાય, એટલે શરતભંગ દાખલ કરીને સરકારી પડતર દાખલ કરી ૭૦ ટકા જેટલા ગૌચરો તમે લોકોને પધરાવી દીધા છે. હું સાબિત કરવા સંમત છું. આવી જાવ મારી સાથે મેદાનમાં? મારી ઓપન ચેલેન્જ છે, તમે ગૌચરો વેચ્યા છે, પણ કઇ રીતે? ગૌચર આપી ન શકાય. સુપ્રીક કોર્ટનું જજમેન્ટ છે. એટલે સરકારી પડતરે એક વ્યક્તિએ ત્યાં દબાણ કર્યુ છે. એ કેસ દાખલ કરીને ગૌચરને સકારી પડતર દાખલ કરવામાં આવે અને લ્હાણી કરવામાં આવે. આ નિયમોનો તમે ભંગ કર્યો છે, પણ એનો વાંધો નહોતો, તમે આપ્યો એનો વાંધો નહોતો, પણ કોના

ભોગે આપી રહ્યા છો, ગાયના ભોગે? પશુપાલકના ભોગે? માલધારીના ભોગે? ખેડૂતના ભોગે? આ બધી વાતો છે. દિલભરી, દર્દભરી આ બધી વાતો છે. માનનીય શ્રી મોરડિયા સાહેબ, આ બધા જે કહે, પણ તમે જાતે નિર્ણય લો. દિલના અવાજ પ્રમાણે નિર્ણય લો, આત્માના અવાજ પ્રમાણે નિર્ણય લો. શ્રી નીતિનભાઇ સાહેબ આત્માના અવાજ પ્રમાણે નિર્ણય લેતા હતા. અત્યારે ભલે એમને વેઠવાનું આવ્યું છે, પણ નિર્ણય લેતા હતા. એમ તમે પણ એ પ્રમાણે નિર્ણય લો. આ કાયદો પાછો ખેંચો તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો અમારા વિદ્વાન ધારાસભ્ય અને અમારા દંડકશ્રીએ જે પ્રમાણે વ્યક્તવ્ય આપ્યું છે, એના ઉપર બીજું કાંઇ બોલવાનું રહેતું જ નથી, એટલે વધારે બીજી કાઇ વાત ન કરતા અમારા શ્રી કિરીટભાઇ અને મારો પણ એ જ અભ્યાસ હતો. શ્રી કિરીટભાઇએ કેટલીક ખૂબ ગંભીર બાબત ઉપર સમગ્ર ગૃહનું ધ્યાન દોરેલ હતું, જે કાયદાકીય બાબત છે અને જે મોટર વ્હીકલ એક્ટ સેન્ટ્રલ ગવર્નમેન્ટનો એકટ છે, એ એકટને બિલકુલ આ વિપરિત એક્ટ છે. કોઇપણ સંજોગોમાં આ વિધેયક છે એ કાયદાની દ્રષ્ટીએ ટકી શકે તેમ નથી. સમગ્ર ગુજરાતના માલધારી સમાજની તમે લાગણી દુભાવો છો, પણ સાથે સાથે કાયદાકીય રીતે આ વિધેયક શક્ય નથી, એટલે હવે એકપણ મિનિટ ખર્ચ કરવા કરતા અમારા આદરણીય શ્રી ચાવડાએ અને જે અમારા સભ્યોએ લાગણી વ્યક્ત કરી છે. ગુજરાતના તમામ માલધારી સમાજ વતી આપને બે હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે આ કાયદો પાછો ખેંચો. અન્યથા અમે આજે ગૃહમાં વિરોધ કરીએ છીએ. કાલે રોડ ઉપર, સડક ઉપર, ગામે ગામ, શહેરોમાં આનો વિરોધ કરીશું અને તમને ફરજ પાડીશું જે દીવાલ ઉપર લખી લો તમારે આ કાયદો પાછો ખેંચવો પડશે. ખેંચવો પડશે. જય હિન્દ, જય ભારત. જય માલધારી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રી જે બિલ લઇને આવ્યા છે, તેમાં હું ચર્ચા કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શહેરી વિસ્તાર નિયંત્રણ બાબત વિધેયક-૨૦૨૨ આ જે કાયદો છે. માલધારી સમાજને એક ઠાકોર આગેવાન તરીકે હું એમાં ટેકો આપું છું. ઢોર એ માલધારી એકલો નથી રાખતો. ચૌધરી સમાજ હોય, પાટીદાર સમાજ હોય, ઠાકોર સમાજ હોય કે કોઇપણ ખેડૂત હોય એ તમામે તમામ પશુપાલનના વ્યવસાય સાથે એ હંમેશા જોડાયેલો હોય છે. પશુ રાખવા માટે લાઇસન્સની જરૂરી પડે છે. એવા ૨૭ વર્ષમાં પહેલી વખત મારા કાને સાંભળવામાં આવ્યું કે બંદૂકનું લાઇસન્સ હોય, રિવોલ્વરનું લાઇસન્સ હોય, ડ્રાઇવિંગનું લાઇસન્સ હોય, ગાડીનું લાઇસન્સ હોય, વેપાર કરવા માટેનું વેપારીનું લાઇસન્સ હોય વિગેરે વિગેરે ગુજરાતમાં તમામ પ્રકારનું લાઇસન્સ હોય. દારૂ પીતા હોય તેને દારૂની પરમિટની પણ વ્યવસ્થા હોય, પણ ઢોર રાખવા માટેનું લાઇસન્સ ૨૭ વર્ષમાં પહેલી વખત આ ગૃહમાં મને સાંભળવા મળ્યું. મને નવાઇ લાગે છે. કાલે કદાચ એવું ના થાય કે કયાંક બાળકો રાખવા માટેનું પણ લાઇસન્સ રાખવું પડે. ૨૭ વર્ષ પહેલાં અને ૨૭ વર્ષ પછી, પહેલાં કાયદાની કેમ જરૂર ન હતી અને ૨૭ વર્ષ પછી કાયદાની કેમ જરૂર છે? ૨૭ વર્ષ પહેલાં અમદાવાદની આજુબાજુ, રાજકોટની આજુબાજુ, વડોદરાની આજુબાજુ, સુરતની આજુબાજુ કે કોઇ શહેરની આજુબાજુ ગૌચરો વેચાયા ન હતા. ખરાબા વેચાયા ન હતા. ૨૭ વર્ષ પછી તમામે તમામ શહેરની આજુબાજુ ગૌચરો હતા તે ગાયબ થઇ ગયા. સરકારી પડતર જમીનો બિલ્ડરો ખાઇ ગયા, તેના કારણે કયાંક આ પરિસ્થિતિનું નિર્માણ થયું હોય તેવું મને લાગે છે. જો કદાચ કયાંક હું ખોટું ના બોલતો હોઉં તો અમદાવાદ શહેરની અંદર લગભગ ત્રીસેક ગામડાંનો સમાવેશ થઇ ગયો છે. તે ગામડાનું ગૌચર કયાં ગયું? તે ગામડાની અંદર આવેલી સરકારી પડતર જમીન કયાં ગઇ? તમે ૪૦ ટકા જમીન ટી.પી.માં કપાતના નામે કાપી છે તે જમીન કયાં ગઇ? તેનો કદાચ અંદાજ લગાવવામાં આવે તો આ માલધારીઓનાં ઢોર ઉપર આ કાયદો આજે લાવવો પડયો ન હોત. અધૂરામાં પૂરું રહી જતું હતું તો અમદાવાદ થી લઇને મારા કડી સુધી એટલે કે ૪૫ કિલોમિટર દૂર સુધી ૬૭ ગામનો સમાવેશ તમે ઔડામાં કર્યો છે. કયાંક અમારા ગામડાના ખેડૂતોની, અમારા ગામડાના માલધારીઓની જેવી અમદાવાદની પરિસ્થિતિ થઇ તેવી અમારી તો નહીં થાય ને? અમે પણ માનીએ છીએ, તમે રખડતાં ઢોર માટે કાયદો લાવ્યા છો, પણ આ ૩૦ ગામનો જે સમાવેશ થયો તેની ગૌચરની જમીનો ના બચી તેવું ઔડામાં ના થાય તેની ખબર રાખજો. ગાયનું દૂધ આપણને બધાને ખાવું ગમે, નાનાં બાળકને એમ કહો કે ભાઇ ગાયનું દૂધ લાવો, ભેંસનું દૂધ લાવો. ચોખ્ખું દૂધ ખાવું છે પણ માલધારી ભેંસ અને ગાય સાથે અમદાવાદમાં રહે તે આ સરકારને પોષાતું નથી. અમારી બાજુમાં અને અમે પણ ઔડામાં આવી ગયા, અમે ખેડૂતના દીકરા છીએ કયાંક અમારા ખેતરમાં ગાય આવી ગઇ હોય અને ઉભો પાક ખાતી હોય તો ક્ષત્રિય તરીકે ધોકો મારવાની કોઇ હિંમત ના કરે. કેમ, ભલે આપણો પાક ખાઇ ગઇ પણ આપણાથી ગાયને મારી ના શકાય. ખાય તો ખાવા દો. પણ ઘણા લોકો ક્યાંક ખેતરમાં ગાય ગઇ હોય તો એના ઉપર તેજાબ ફેંકી એની ચામડી બાળી નાંખવાના પણ પ્રયત્નો થયા છે અને જ્યારે એના ઉપર તેજાબ ફેંકાઇ છે પછી એ ગાયની દશા આપણે જોઇએ ને તો આપણે જોઇ પણ ન શકીએ એવી સ્થિતિ થાય છે. શ્રી ચાવડા સાહેબ કહેતા હતા કે, ભારતીય જનતા પાર્ટીના મિત્રોને ચૂંટણીમાં ગાય સાથે પણ લેવાદેવા છે. આપણે બધા કહીએ છીએ આપણે હિન્દુ છીએ અને હિન્દુ ધર્મમાં એવું કહેવાય છે કે ગાયની અંદર ૩૩ કરોડ દેવોનો વાસ છે. હિન્દુ ધર્મમાં કોઇ પણ તહેવાર હોય, કોઇ પણ પ્રસંગ હોય તો કહે ગાયનું છાણ લાવો, ગાયના છાણની પહેલી જરૂર પડશે. ક્યાંક રાજકારણના મતો માટે ગાયના પૂછડાં કાંપી હિન્દુઓના મહોલ્લામાં નાંખી અને રાજકારણ ખેલાયું છે. કોણ ખેલે છે એમાં મારે નથી પડવું પણ મતનું રાજકારણ આવે છે ત્યારે તમે જેટલો મત માટે ગાયનો ઉપયોગ કરો છો, એટલો કદાચ બીજા કોઇએ કયાંય કર્યો નહીં હોય. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇને ખબર છે

કે, ગાયકવાડ સરકારે ૫ હજાર વિઘા જમીન અમારા ડાભલાના પાંજરાપોળને ગાયોને, ઢોરોને રાખવા માટે આપી હતી. કડી તાલુકો હોય, કલોલ તાલુકો હોય કે અમદાવાદની આજુબાજુમાં આવતા કોઇ પણ તાલુકા હોય ઉપયોગમાં ન આવતું હોય એવું ઢોર ડાભલાના પાંજરાપોળના મહાજનો ત્યાં રાખે છે. સમયે સમયે સંજોગો બદલાયા અને પાંજરાપોળની જમીન માનનીય મહેસૂલ મંત્રીશ્રી બેઠાં છે ત્યારે એમનું ધ્યાન દોરવું છે કે, એ જમીનમાંથી ૩૦ ટકા જમીન, લગભગ ૨ હજાર વિઘા જમીન વેંચાઇ ગઇ, સ્કીમો પડી ગઇ, નિયમોની ઉપર જઇ જમીન એન.એ. થઇ અને ઢોરના મોઢામાંથી, ગાયના મોઢામાંથી કોળિયો કાઢી લેવાના પ્રયત્નો થયા. ગાય ક્યાં જશે? ઢોર ક્યાં જશે? અમદાવાદની આજુબાજુમાં ગૌચર નહીં હોય, જગ્યા નહીં હોય તો પશુપાલકો ક્યાં જશે? એની ચિંતા કરવાની જરૂર હતી એની ચિંતા તમે ના કરી. ચિંતા કરી ગાડીઓવાળાની, ગાય ક્યાંક રોડ વચ્ચે બેઠી હોય ત્યારે ગાડી તમારે ધીમી પાડવી પડે એની ચિંતા કરી. એના માટે વ્યવસ્થા કરવાની હતી, એના માટે જગ્યા મૂકવાની હતી, એના માટે વાડો મૂકવાનો હતો એ આપણે ના મૂક્યો. મારી ગાડીને ગાય બેહેલી નડે છે એના કારણે આપણે આ બિલ લાવવું પડ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગૌચર કોણ ખાઇ ગયું? માનનીય શ્રી ચાવડા સાહેબે બહું સારી વાત કરી, હું આપના દ્વારા મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. સુપ્રીમ કોર્ટે જે કહ્યું કે ગૌચર ઓછું નહીં કરવાનું, એ વખતે બહુ મોડું થઇ ગયું હતું અને એ પછી પણ જેને તમારે આપવું હતું શરતભંગ કરી, સરકારી પડતર દાખલ કરી એને આપણે આપવાના પ્રયત્નો થયા જ છે એમાં કોઇ શંકાને સ્થાન હોઇ શકે નહીં. પરંતુ ગાયોની સાથે સાથે અમારી બાજુ નિલગાયનો પણ બહુ ત્રાસ છે. ઔડામાં આવતા જેઠલજ ગામનો એક યુવાન બાઇક લઇને જતો હતો ત્યારે એના ઉપર નિલગાય પડી, આઠ દિવસથી એ કોમામાં છે. રોઝડું તો આ રોઝડાની પણ તમારે ચિંતા કરવાની હતી. માનનીય અધ્યક્ષશ્રી, ગાયને હિન્દુ ધર્મની અંદર માતા કહેવાતી હોય અને આપણી મા ઉપર આપણે પાબંધી મૂકતાં હોઇએ તો હરગીઝ આ વાત ચલાવી લેવાય નહીં. તમારે બીજી વ્યવસ્થા ઉભી કરવી પડે અને એટલા માટે મારે બહુ વાત કરવી નથી, પરંતુ આ માલધારીના વિરોધમાં, આ ગાયના વિરોધમાં, ગાય માતાના વિરોધમાં તમે જે કાયદો લાવ્યા છો. ગાયના ટેકામાં એક ઠાકોર સમાજના આગેવાન તરીકે અમે તમામે તમામ માલધારીઓની સાથે છીએ અને સાથે રહેવાના છીએ અને આ લડાઇ લડવા માટે રાત-દિવસ જોયા વગર તમારી સાથે રહીને આ લડાઇ લડીશું અને આ કાયદાને કોઇ પણ કાળે અમે સમર્થન આપી શકતા નથી અને સાથે સાથે આ કાયદો હર-હંમેશ તમારે પાછો ખેંચવો જોઇએ, ખેંચવો જોઇએ અને ખેંચવો જોઇએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ બાબતનું જે વિધેયક લઇને આવ્યા છે, તેનો વિરોધ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક ખેડૂતનો દીકરો છું. ખેતી કરતો કરતો ધારાસભ્ય બન્યો છું. બિલ લાવનાર મંત્રીશ્રી પોતે ગાયો રાખે છે કે કેમ તેની મને ખબર નથી, પણ અમરેલીમાં હું આજે પણ ગાયો રાખું છું. આજે જે બિલ લઇને આવ્યા છે તેના કારણે પશુ પાલકોની લાગણી દુભાણી છે. પશુ પાલક એટલે કોણ? આજથી ૫૨૫૦ વર્ષ પહેલાં કદાચ તેના કરતા પણ વધારે સમય થયો હશે. કૃષ્ણ ભગવાનને પૂછવામાં આવ્યુ કે તમે હસ્તીનાપુર રહેવા માગો છો કે કયાં રહેવા માગો છો? ત્યારે કૃષ્ણ ભગવાન જે ભગવાન તરીકે અવતર્યા હતા. તેમણે એમ કહ્યું કે હું ગુજરાતની દ્વારિકા નગરી પસંદ કરવા માગું છું. આ ગાયોના પાલકે તે વખતે કરેલો નિર્ણય અને નિર્ણયના કારણે શ્રી કૃષ્ણ ભગવાનનું આજે પણ દ્વારિકા નગરી એક મહત્ત્વની ભૂમિ બની છે, પ્રવાસન ભૂમિ બની છે, યાત્રાધામ બન્યું છે. હિન્દુઓના ચાર યાત્રાધામ પૈકીનું આપણું એક યાત્રાધામ બન્યું છે, ત્યારે આ પ્રકારનો ગાયો માટેનો કાયદો લઇને આવ્યા અને તેની લાઇસન્સ પ્રથા લઇને આવ્યા છે, ત્યારે ખેડૂતના દીકરા તરીકે બહુ દુઃખ થયુ. ગાયો રાખવા માટે લાઇસન્સ? તમે શહેરી વિસ્તારમાંથી કદાચ ચૂંટાઇને આવતા હોય, શહેરી વિસ્તારમાંથી ભારતીય જનતા પાર્ટીને વધારે મત મળે છે અને વધારે મત મળે છે ત્યારે કદાચ હજુ વધારે મત લેવા માટે તેનો આશય હોય એવુ લાગે છે. કોંગ્રેસ પક્ષે શું કર્યુ એવુ કહેનારા મારા મિત્રોને મારે કહેવુ છે કે ગામો ગામ ગૌચર. એક એક ગામમાં ગૌચર અને જેટલા પશુઓ હોય એ પશુઓના હિસાબ પ્રમાણે ગૌચર. એકે એક ગામે રામજી મંદિરનો ચોરો અને એ રામજી મંદિરના પુજારીને તેના નિભાવ માટે આપેલી જમીન આ કોંગ્રેસે કરેલા તે વખતના નિર્ણયો છે. અંગ્રેજ સરકારે પણ આવા નિર્ણયો કર્યા અને તે નિર્ણયોની અમલવારી કરવા માટે કોંગ્રેસે તેમાં વધારે સ્વતંત્રતા આપી. આજે પરિસ્થિતિ શું થઇ છે? અમારા શ્રી ચાવડા સાહેબ બોલતા હતા. તમને કદાચ કાશ્મીર ફાઇલ જોઇને આંસુડા આવતા હશે, પણ મને તો એ બોલતા હતા અને આંસુડા આવ્યા છે. જે ગાય માતા માટે આટલું બધુ કહેવામાં આવે. મહામહિમ રાજયપાલ આના માટે સેમિનારો રાખે અને અમે ધારાસભ્યો તરીકે તેમાં જોડાય એ ગાયો માટે લાઇસન્સ? આપણે નીકળીએ ત્યારે આપ પણ જોતાં હશો. આપ પણ શહેરી વિસ્તારમાંથી આવો છો. આપણી બહેન દીકરીઓ ગાડી કે સ્કૂટર લઇને નોકરીએ જતી હોય ત્યારે ઊભા રહીને ચારો લઇને ગાયોને નાંખે છે. આપણે ત્યાં આટલી બધી ધાર્મિક પ્રથા છે. હું તો જે સમાજમાંથી આવું છું એમાં અમારા વડવાઓ ગુજરી જાય છે ત્યારે એમની પાછળ પાણી ઢોળ કરવામાં આવે છે. એ પાણી ગાયના વાછરડાંના પૂંછડા પર પાણી નાંખવામાં આવે છે. અમારી આટલી બધી ધાર્મિક લાગણી છે. હું જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરીને અહીં આવું છું ત્યારે મારે કહેવું છે કે આ કવિ કલાપીની ભૂમિ છે. આપણો દેશ જ્યારે સ્વતંત્ર થયો ત્યારે પહેલું-વહેલું રજવાડું કોઇએ સોંપ્યું હોય તો એ ભાવનગરના દરબારે સોંપ્યું હતું. ભાવનગરના દરબાર એટલે સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ (કવિ કલાપી) છે. એ કવિ હૃદયી છે. આજે પણ મારું મેમ્દા આજે પણ અસ્તિત્વમાં છે. એ ગામમાં પશુપાલનનો ધંધો કરનાર ચારણ બેનના ત્યાં આ દરબાર પોતે ઘોડો લઇને જાય છે. એ દીકરીને ખબર નથી કે આ

રાજા છે. એ દીકરીને એમ થાય છે કે હું પશુપાલનનો ધંધો કરું છું. નાનું એવું મારું ખેતર છે અને આ ઘોડેસવાર મારે ત્યાં આવ્યા છે. એ બહુ સારા વ્યક્તિ હશે. એ દીકરીએ કહ્યું કે ભાઇ તમને પાણી આપું? એ વખતે સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ કહે છે કે બેન મને બહુ તરસ લાગી છે પાણી પીવા માટે તો તમારા નેસડે આવ્યો છું. ત્યારે એ દીકરી એમ કહે છે કે ભાઇ, તમે કોઇ બહુ મોટા વ્યક્તિ લાગો છો. હું તમને શેરડીનો રસ પીવડાવું? રાજાને એમ થાય છે કે જો શેરડીનો રસ પીવા મળે તો ગળ્યો સ્વાદ પણ મળે. એ ચારણ દીકરી શેરડીનો સાંઠો કાપે છે અને એની નીચે પિત્તળનો ગ્લાસ રાખે છે. એ ગ્લાસ ભરાઇ જાય છે અને રાજા એ રસ પીવે છે. રાજાને રસ બહુ મીઠો લાગે છે અને કહે છે કે, ''બહેન તારો રસ બહુ મીઠો છે મને હજી બીજો રસ પીવડાવ.'' દીકરી બીજો શેરડીનો સાંઠો કાપીને રાજાને રસ પીવડાવે છે. રસ પીધા પછી રાજાના મનમાં એમ થાય છે કે બેન જો હજી મને ત્રીજો ગ્લાસ રસ પીવડાવે તો મને બહુ ગમશે. એ બેન શેરડીની વાડમાં શેરડીનો સાંઠો કાપવા જાય છે. મંત્રીશ્રી હું આપને કહેવા માંગુ છું. આપ પણ લાઠીની આજુ-બાજુ સુરતથી પ્રતિનિધિત્વ કરો છો. એ ચારણની દીકરી ત્રીજો સાંઠો કાપવા જાય છે ત્યારે રાજાને એમ થાય છે કે ખેડૂત તો બહુ મોટો ધનાઢ્ય લાગે છે. આવા સરસ મજાના પશુઓ રાખે છે. પોતાની વાડીએ ઘોડી પણ બાંધેલી છે. ત્રીજો શેરડીનો સાંઠો લઇને દીકરી આવે છે એમાં રસ નીકળતો નથી. હું જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું, એ લાઠી વિસ્તારનો આ હયાત દાખલો છે. રસ નીકળતો નથી, ત્યારે એ રાજા કન્યાને કહે છે કે બેન આ વખતે તું શેરડીનો સાંઠો નબળો કાપીને લાવી. ત્યારે દીકરી કહે છે કે, ''નહિ ભાઇ દયાહીન થયો મારો રાજા અને રસહીન થઇ ધરા.'' ત્યારે આજે આ નૃપ ગાયો માટે દયાહીન થવા માંગે છે? એ વિરજી ઠુમ્મર પૂછવા માંગે છે. બહુ લાગણી થઇ છે. મારે મંત્રીશ્રીને કહેવું છે કે ૨૭ વર્ષથી તમે લાવેલા બિલ અમે સર્વાનુમતે મંજૂર કર્યા છે. મંત્રીશ્રી મારે આપને કહેવું છે. હું નામ બોલું તો મંત્રીશ્રીને એમ લાગે છે કે મારું નામ બોલે છે માટે માનનીય મંત્રીશ્રી હું નામ નથી બોલતો. મારે મંત્રીશ્રીને કહેવું છે કે મોટાઇ રાખો, બિલ પાછું ખેંચો. કૉંગ્રેસે તમને ટેકો પણ આપ્યો છે. આજે પ્રાઇવેટ યુનિવર્સિટીનું બિલ લઇને આવ્યા. શ્રી તુભાઇને ત્યાં જમવાનું છે પણ અમે જમવા જઇ શકતા નથી. શ્રી જીતુભાઇએ અમને જમવાનું કીધું હોત તો પણ ગમતું. કારણ કે, અમે તો એમને ટેકો આપ્યો છે. નથી કીધું એનો અફસોસ પણ નથી. કહ્યું હોત તો ગમત કારણ કે, ૧૦ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ થઇ એને અમે સર્વાનુમતે ટેકો પણ આપ્યો છે. અમે સર્વાનુમતે ટેકો આપનારા પણ છીએ. અમારા એક પશુપાલક ડૉક્ટર તરીકે કામ કરી ચૂકેલા અમારા દંડકશ્રીએ તમને સમજાવ્યા. અમારા ઠાકોર સમાજના આગેવાન શ્રી બળદેવજીએ પણ તમને સમજાવ્યા.હજુ જો સમજાતું હોય તો સમજો. અમદાવાદના રિંગ રોડ અંદરનાં જેટલાં ગામડાં છે તે ગૌચર ક્યાં ગયું છે તેનો મને માનનીય મંત્રીશ્રી જવાબ આપે. એકે એક ગામને ગૌચર આપ્યું હતું. ગાય માતાનું રક્ષણ કરવાની વાતો કરતા હતા, પણ આજે દુનિયામાં વધારેમાં વધારે બીફનો નિકાસ કરનારો ભારત દેશ બન્યો છે, ત્યારે તમે ગાયોની વાતો કરો છો. ભારતીય જનતા પાર્ટીના મણિપુરના સાંસદનું મેં સ્ટેટમેન્ટ વાંચ્યું છે. બીફ ખાવું એ અમારો અધિકાર છે, અમને કોઇ વડાપ્રધાન રોકી ન શકે આવું ભારતીય જનતા પાર્ટીના સાંસદો બોલે છે અને સતત કૉંગ્રેસની ટીકા કરવામાં આવે છે. ગુજરાતની પ્રજા એ અરીસો છે. આપણી ધારાસભા એટલે ગુજરાતનું એક મંદિર છે. એ મંદિરની વચ્ચે બોલતો ખેડૂતના દીકરાને ગુજરાતના લોકો સાંભળી રહ્યા હશે. હું ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યો છું પણ આ વિધાનસભામાં એક ખેડૂતના દીકરા તરીકે પ્રતિનિધિત્વ કરું છું. આજના મારા આ શબ્દો હું ગુજરાતના ગામડે ગામડે પહોંચાડવાનો છું. ભાજપ ગાય તરફી છે કે કૉંગ્રેસ, એ પ્રજા નક્કી કરશે. ગાય માતાની વાતો કરી, એ ગાય માતાના નામે રાજકારણ પણ થયું. કહેવામાં આવે છે કે રોઝડા, ભૂંડ અને નીલ ગાયના કારણે અનેક અકસ્માતો થાય છે. કેટલા અકસ્માતો થાય છે તેનો ક્યારેય હિસાબ કર્યો છે ખરો? આપણા દેશના વડાપ્રધાને એમ કહ્યું કે કોરોના ભગાડવા માટે થાળી વગાડો. થોડા સમય પહેલા બહેનો થાળી વગાડતી હતી તો માનનીય મંત્રીશ્રીઓ ભાગી જતા હતાં. મેં એક દિવસ રોઝડા ભગાડવા માટે થાળી વગાડી તો રોઝડું પણ અમરેલીથી ભાગ્યું મને એમ થયું કે આ રોઝડા તો નકળી ગયા. હું ગાંધીનગર આવ્યો તો રોઝડું સામે મળ્યું. કોરોના તો ભાગી જ જાય ને પણ રોઝડુંય ભાગ્યું. માત્ર લાગણી ન ભડકાવવામાં આવે. લાગણીઓ ભડકાવવી હોય તો ઘણી બધી ભડકાવી શકાય તેમ છે. અમે પણ ભડકાવી શકીએ તેમ છીએ પરંતુ કૉંગ્રેસ પક્ષ ક્યારેય લાગણીઓ ભડકાવીને સત્તામાં આવ્યો નથી. કૉંગ્રેસને સત્તામાં આવવું હોય તો અનેક લાગણીઓ ભડકાવી શકાય તેમ છે. કૉંગ્રેસ હંમેશા આ દેશની લાગણી માટે અને તમામ સમાજ માટે ચિંતિત છે. આજે બહેન-દીકરીઓ પોતાનું ગુજરાન ચલાવી શકતા નથી, ત્યારે મારે કહેવું છે કે અહીંના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાનશ્રી ભાષણો કરીને કહેતા હતા કે મારી બહેન-દીકરીઓ તમારી આંખોમાં ધુમાડો જતો બંધ થશે અને તમને ઘરે ગેસ આપવામાં આવશે. ગેસ તો આપ્યો પણ રૂ. ૩૦૦ના ગેસના ભાવ આજે રૂ. ૧,૦૦૦ થયો છે. બહેનોને ધુમાડા નીકળી ગયા પણ અમારા બનેવી તો રોડ ઉપર છે, ભાણીયાની શું દશા છે એ તો ખબર પડતી નથી. ગાય માતાના અડાયાથી અમારું રસોડું ચાલુ થતું હતું. મારા બા અડાયા વીણવા જતા હતાં અને તમારા મમ્મી પણ કદાચ જતા હશે ત્યારે આપણા ચૂલા જગતા હતાં તેની રસોઈ આપણે ખાધી છે. એ ગાય માતા આજે આપણને નડે છે. એ ગાય માતા આજે આપણને નડતી હોય તો એ બાબતમાં મારે કલમ-૧૦ વિશે કહેવું છે. કલમ-૧૦માં લખ્યું છે કે ગૌચર વિસ્તારમાં જે ઘાસચારાનું વેચાણ કરી શકશે તે પ્રતિબંધિત વિસ્તાર ઘાસચારો વેચવા માટે વેચાણ કરનારને નિયંત્રિત પણ કરે છે. ગૌચર તો વેચી નાંખ્યા તો આ કલમ કેવી રીતે લાગુ પડશે તે મને સમજાતું નથી. તમે ગૌચર તો વેચી નાખ્યા છે. અમદાવાદમાં કયાં ગૌચર છે? ત્યારે તમે એમ કહો છો કે ગૌચર વિસ્તારની અંદર અને તેની આસપાસ જે ઘાસચારાનું વેચાણ કરી શકશે, તે પ્રતિબંધિત વિસ્તારમાં ઘાસચારો વેચવા માટે વેચાણ કરનારને નિયંત્રિત પણ

કરે છે. ગૌચર તો રહ્યું નથી? તો આ કલમ કેવી રીતે ઉમેરવા માંગો છે, એ તો માનનીય મંત્રીશ્રી મને સમજાવે. હજી કદાચ વિધાનસભા ચાલે. મારા ઘણા ધારાસભ્યશ્રીઓ હજી પણ બોલવાના છે અને ૧ તારીખ પહેલા જુદા નહીં પડવાનું અમે નક્કી કર્યુ છે. હાલમાં ૩૧ તારીખ ચાલી રહી છે, ૩ કલાક પછી ૧ તારીખ થવાની છે. આ પહેલી તારીખે અમારે જુદું પડવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી બેઠા હતા ત્યારે મને કહેતા હતા કે શ્રી વિરજીભાઇ, તમે તો આજે ચમકી રહ્યા છો. મને એમ થયું કે ગમે તે થાય ૧ તારીખ સુધી તો જૂદુ પડવું જ નથી. હજી જો તમે બિલ પાછુ ના ખેંચો તો મારા શ્રી પરેશભાઇ બોલવાના છે. શહેરી વિસ્તારમાંથી પકડાયેલા કામચલાઉ ઢોરને કોઢ અને તબેલામાં ખસેડવાના છે તેવી જોગવાઇ થઇ છે. પરંતુ રોજબરોજની આ પ્રક્રિયા છે એટલે કોઢ અને તબેલા સંખ્યા વધી જાય ત્યારે કયાં મૂકવા? એને કયાં ખસેડવા? એવી તો કોઇ જોગવાઇ કરી નથી. પકડાયેલાં ઢોરને કોઢ અને તબેલામાં રાખવા કેવા પ્રકારના ઇન્ફ્રાસ્ટ્રકચર, વેટરનરી ડોકટર, દવાખાના, ખોરાક, પાણીની કેવી વ્યવસ્થા રાખવી જરૂરી છે, એનો કોઇ ઉલ્લેખ કરેલ નથી. પ્રાણીઓ પર ક્રૂરતા ન થાય તેની જોગવાઇ બિલમાં થઇ નથી. પ્રાણીઓ પર ક્રૂરતા થશે તો શું થશે? અમારા ઉનામાં બે વર્ષ પહેલાં ગાયો કાપી નાખવામાં આવી. હમણાં ચુકાદો આપ્યો, ગાયો કાપનારા એ ઉના ગામના લોકો ન હતા. બીજા લોકોએ ગાય કાપી અને છતાં પણ અમારા તે વખતના નેશનલ પ્રમુખશ્રી રાહુલ ગાંઘીએ પણ ત્યાં આવવું પડ્યું હતું. આ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થઇ ત્યારે આજે ગાય માતાનો કાયદો ભા.જ.પ. પાસ કરશે તો સમજી લેજો કે કાલથી એટલે કે ૧લી તારીખથી ભારતીય જનતા પાર્ટીની પતનની શરૂઆત થવાની છે. ગાય માતા છે. તમારે તમારું પતન કરવું છે કે કેમ? હું તમને સલાહ ન આપી શકું. પરંતુ મને જે દેખાય છે તે કહું છું. હું તો કોઠાસૂઝવાળો માણસ છું. ૩૩ કરોડ દેવી-દેવતાઓનો તમને શાપ ન લાગે એના માટે હું હજી તમને ચેતવું છું. દેવી-દેવતાની જયારે કૃદ્રષ્ટિ થાય ત્યારે એ માણસ ભષ્મિભૂત થતો હોય છે. રાવણ ત્રિકાળજ્ઞાની હતા. એને કોઇ મારી શકે તેમ ન હતા. એકમાત્ર વિભિષણને ખબર હતી કે રાવણને જો મારવા હોય તો એની નાભીમાં બાણ મારે તો જ એનો વધ થવાનો હતો. એને તો સ્વર્ગની સીડીઓ બનાવી હતી. અહીંયા તો એવું નથી ને? માનનીય મંત્રીશ્રી, અહીં તો સ્વર્ગની સીડીઓ નથી ને? અહીં તો ઉતરવાની સીડીઓ છે. ઉપર ચડવાની સીડીઓ તો ચાર-પાંચ માળની છે. કદાચ સુરતમાં ૧૫ માળની હશે. મુંબઇમાં જાઓ તો ૧૮ માળની હશે અને એમાં પણ શ્રી મુકેશભાઇ અંબાણીના ઘરે જાઓ તો બહુ મોટી સીડીઓ હશે પણ એથી પછી મોટી સીડી નથી. સ્વર્ગની સીડી બાંઘનાર રાવણ એના ભાઇ વિભિષણ શ્રી રામ ભગવાનને જઇને કહી આવે છે કે, ભગવાન શ્રી રામ તમારે જો રાવણનો વધ કરવો હોય તો એની નાભીમાં બાણ મારવું પડશે. એટલે ઘરનો માણસ ફૂટે ત્યારે માણસનું પતન થતું હોય છે. આજે ઘર્મની વાતો કરનારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કોઇ તમારો માણસ ફૂટ્યો છે અને આવું ખોટુ બિલ લાવવા માટેની તમને ફરજ પાડી રહ્યા છે. એટલે તમારી નાભીમાં ગુજરાતની પ્રજા બાણ મારવાની છે એ નક્કી થઇ ગયું છે. એટલા માટે હું કહેવા આવ્યો છું કે, માત્ર ગાયોના નામે રાજકારણ ન થાય. ગાયોના નામે ઘર્મનીતિ ન થાય. ગાય પવિત્ર આત્મા છે. મા કહીએ છીએ. મા નો દરજ્જો આપ્યો છે. ગૌ-માતા, આમ બોલીએ તો પણ માતા કેવો શબ્દ ભરાઇ જાય છે. મોઢું ભરાઇ જાય છે. આટલું બધુ બોલ્યા પછી મારુ મોઢુ કોરુ થયું છે. છતાં પણ હું ગાય માતા બોલ્યો. મારા મોઢામાં પાણી આવી ગયું કે ગાય માતા છે. એ ગાય માતાના નામે આવતી તા. ૨૨મીએ માનનીય વડાપ્રધાન બનાસકાંઠાની પશુપાલન બહેનોનું મહા સંમેલન બોલાવી રહ્યા છે. ત્યારે તમે બિલ પાસ કરો છો તો આ પશુ પાલક બહેનોને શું કહેવા માગો છો? દેશના વડાપ્રધાન, હમણાં કોઇક મારા મિત્ર બોલતા હતા કે દેશના વડાપ્રધાન પણ ગાયોની ચિંતા કરે છે. દેશના વડાપ્રધાન તો બહેનોની ચિંતા કરતા હતા, ફૂંક મારીને આંખો ઠારવાની વાત કરતા હતા. આ દેશના એક મહિલા પ્રધાન બાટલા લઇને જતા હતા, રોજ બાટલાનું કદ ઘટતું જાય છે, તમે કહેતા હતા કે મનમોહનસિંહજીની ઉમર પ્રમાણે આજે રૂપિયો ડોલર કરતા વધી ગયો છે, અત્યારે કોની ઉમર પ્રમાણે વધ્યો છે? મારે અડવાણીજીનું નામ તો ન દેવાય ને? જે પરિસ્થિતિ નિર્માણ થઇ છે તેમાં ગાયોનું રક્ષણ જરૂરી છે. અને એ રક્ષણ કરવા માટે તમે બીજા કાયદા લઇને આવો, ખેડૂતોને પજવતા પ્રશ્નો છે, રોજ નીલ ગાયનો ત્રાસ, ખેડૂતોને રાત્રે વાડીએ જવું પડે, અને દીપડા અને સિંહ મારણ કરી નાખે છે, અમારો જુવાન જોઘ દીકરો લગ્ન કર્યા પછી પણ વાડીએ રાત્રે એને લાઇટ જોવા જવું પડે છે અને ત્યારે સિંહનો પંજો આવી જાય છે. શ્રી કનુભાઇ માનનીય ઉર્જા મંત્રીશ્રી બહુ ચિંતા કરે છે અને અમે થોડી ક વાત કર્યા પછી થોડી લાઇટની સગવડતા ઉભી થઇ છે, પરંતુ તમે સૂર્યોદય યોજનાના નામે વાતો કરતા હતા. આ ખેડૂતના દીકરાને ગાય માટે કામ કરી શકે એને તમે સૂર્યોદય યોજના પ્રમાણે લાઇટ આપો તો અમે ટેકો આપવા માગીએ છીએ. આ લાઇટ આવશે તો ગાય આવશે, લાઇટ નહીં આવે તો રજકો કયાંથી થશે? રજકો નહીં થાય તો ગાયને કેમ બચાવવી?

સભાપતિશ્રી : બિલ ઉપર બોલો, લાઇટ માટે નહીં, મેં પહેલા પણ તમને કહ્યું હતું

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : ખેડૂતનો દીકરો છું અને એટલા માટે હું વિનંતી કરું છું કે આ બિલ લાવ્યા છીએ ત્યારે હજુ પણ ખાનગીમાં ચર્ચા કરવી હોય તો કરજો, મેં એક વખત સંકલ્પ મૂકયો હતો એનો પણ દાખલો મારે એટલા માટે આપવો છો, (અંતરાય) સમર્થન ન આપી શકાય, તમે બ્રાહ્મણ થઇને સમર્થન આપવાની વાત કરો છો. કલમ-૬, આ કલમથી શહેરી વિસ્તારોમાં ઢોર લાવવા માટે પ્રતિબંઘ મૂકવા માટેની જોગવાઇ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડૂતનો દીકરો છું, કુંકાવાવ રોડ ઉપર મારી વાડી છે. કદાચ એ બાજુ પાણી ન હોય અને અમારા ઠેબી ડેમમાં પાણી હોય અને મારે મારા ઢોરને પાણી પાવા માટે લઇને જવા હોય તો પછી મારે કોની પાસે લાઇસન્સ લેવાનું? હું તો ધારાસભ્ય છું, કદાચ ઢોર પાવા પણ જવું પડે, મારી ગાયોને પાવા જવું પડે, તો મારે લાઇસન્સ લેવા જવાનું? તમે લખ્યું છે કે આ કલમથી શહેરી વિસ્તારોમાં ઢોર લાવવા માટે

પ્રતિબંધ મૂકવા માટેની જોગવાઇ કરી છે. એ ગાયોને પાણી પાવું કે ન પાવું? મારી વાડીમાં પાણી સૂકાઇ જાય અને અમારો હેબી ડેમ બીજી સાઇડમાં છે. એ હેબી ડેમમાં પાણી હોય અને મારે ગાયો પાવા જવી હોય તો મારે કોની પાસે મંજૂરી લેવા જવી? અમારો અમરેલી શહેરી વિસ્તાર છે, જયાં વાડી બાજુમાં છે, અને એ પ્રકારની પરિસ્થિતિ થાય ત્યારે અમારે શું કરવું? એટલા માટે કહું છું કે તમે જે ઉદેશો લઇને આવ્યા છો એ ઉદેશોના કારણે તમે જે લખ્યું છે કે ગંભીર અને જોખમી બન્યા છે, કેટલા અકસ્માત થાય છે? માનનીય અધ્યક્ષશ્રી, એના કારણે માનવ જિંદગી બચાવવા માટેની ચિંતા કરી છે. જયારે સરકારે માનવ જિંદગી બચાવવા માટેની ચિંતા કરી છે, ત્યારે મારે કહેવું છે કે જાહેરમાં બહેન દીકરીને છરી મારી ને મારી નાખવામાં આવે છે, ગઇ કાલે પણ ખૂન થયું, તખતી મુકામે પરમ દિવસે પણ ખૂન થયું, ત્યારે એ માનવનું રક્ષણ કરવા માટેની જવાબદારી લેવાનું સરકાર કેમ વિચારતી નથી. માત્ર ગાયો જ નડે છે? માત્ર આ ઢોરના નામે વાતો કરાય છે. માનવ જીવ બહુ મહત્ત્વનો છે. હું કહું છું, પણ માનવ જીવ મહત્ત્વનો છે, એથી પણ ગૌ માતા મહત્ત્વની છે. અને ગૌ માતા જયારે આટલી મહત્ત્વની છે, ત્યારે આવા કાયદા, શ્રી નીતિનભાઇ બેઠા બેઠા બોલ્યા અને થોડીકવાર ઉભા થઇને બોલ્યા, મારે શ્રી નીતિનભાઇને કહેવું છે કે તમારાં આટલાં વર્ષો જૂના નાણામંત્રીશ્રી, અનેક વખત એમણે બજેટ રજૂ કર્યા છે. એ નીતિનભાઇએ પણ કહેવું પડયું કે આ કાયદામાં આટલા બધા જે દંડ લાવો છો તે વ્યાજબી નથી. આ વિરજી ઠુમ્મર નહીં, શ્રી નીતિનભાઇ પણ ચિંતા કરે છે. ત્યારે તો વિચારો. કદાચ થોડું ક તમને એમ થયું હોય તો હજુ પણ મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, મુખ્યમંત્રીશ્રી પણ કદાચ ચેમ્બરમાં હશે, રાજયના બીજા નંબરનું સ્થાન ધરાવતા મંત્રી પણ અહીંયા બેઠા છે, દંડકશ્રી પણ અહીંયા બેઠા છે, થોડીકવાર તમે ખાનગીમાં જઇને ચર્ચા કરી આવો કે આ બિલ લાવવાથી આપણી પાર્ટીને ભારે મોટું નુકસાન થવાનું છે. એ નુકસાન ભરપાઇ ન કરવું હોય તો જે *(xxx) દેશના પાછા ખેંચ્યા ૭૦૦ ખેડૂતોના મોત પછી પાછા ખેંચાણા આવું ન થાય એના માટે આ બિલ અત્યારથી પાછું ખેંચી લો તેવી વિનંતી સાથે આ ગૃહના સભ્ય તરીકે હું માગણી કરું છું અને આ બિલનો વિરોધ કરું છું. આ બિલ કોઇપણ સંજોગોમાં મંજૂર ન કરી શકાય. ગાય માતાના રક્ષણ કરવાની જવાબદારી કોંગ્રેસની નહિ, પણ ગુજરાતની તમામ નાગરિકોની છે અને આ ગૃહની તો છે છે અને છે. આ બિલ પાછું ખેંચો, પાછુ ખેંચો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ**(**ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ રાખવા અને હેરફેર કરવા બાબત વિધેયક,૨૦૨૨ માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનું હેડિંગ વાચતા આત્માને દુઃખ થાય છે. દુઃખ એટલા માટે થાય કે અહીંયા બધા સભ્યશ્રીઓ દ્વારા પણ કહેવામાં આવ્યું છે, સત્તા પક્ષના ધારાસભ્ય મિત્રોએ વાતો કરી છે અને બાકીના સમયના અભાવને કારણે નહિ બોલ્યા હોય. પણ ઢોર શબ્દ વાપર્યો છે એ ભેંસ માટે વાપર્યો હોત તો બરાબર હતું, પણ જેને આપણે માતા કહીએ છીએ અને જેના નામે અત્યાર સુધી આપણે મત મેળવતા આવ્યા છીએ અને ગાયના નામે રાજકારણ કર્યું છે અને એના માટે ઢોર શબ્દ વાપરવાનો? જે રીતે બિલ લઇને આવ્યા છે, બિલનું વિવરણ માનનીય શ્રી કિરીટભાઇએ અને શ્રી સી.જે. ચાવડા સાહેબે કલમો સાથે વિવરણ કર્યું છે. પણ તમે જે રીતે બિલ અત્યારે લઇ આવ્યા એવી તે શું પરિસ્થિતિ નિર્માણ થઇ છે કે તમારે આ બિલ લઇને અત્યારે આવવાની ફરજ પડી છે. તમે બિલ લઇને આવતા પહેલા આ બિલ પછીની શું પરિસ્થિતિ ઉભી થવાની છે એના માટે કોઇ ચિંતન કર્યું છે ખરું? એના માટે કોઇ સંશોધન કર્યું છે ખરું? જે સ્થિતિઓ ઉભી થશે એને બ્રેક મારવા માટે એને રોકવા માટે એમના માટે વૈકલ્પિક વ્યવસ્થાઓ માટે કોઇ વ્યવસ્થા કરી છે ખરી? આજે પણ રાજય સરકાર સ્પષ્ટતા કરે. આ બિલની ચર્ચા પૂરી થાય અને મંત્રીશ્રી જવાબ આપે ત્યારે કે સરકારના આપણા ધારાધોરણ છે કે એક પશુ દીઠ જેટલી ગૌચરની જરૂરિયાત છે એટલી રાજયની અંદર ગામદીઠ જેટલી પશુઓની સંખ્યા છે એ સંખ્યા મુજબ એ ગામને ગૌચરની વ્યવસ્થા છે એટલા એકર ગૌચર છે ખરું? તમે આની સ્પષ્ટતા કરજો એનો આંકડો આપજો. અગાઉ ધારાસભ્યના પ્રશ્નોના જવાબની અંદર સરકારે જવાબ કર્યો છે કે ગૌચર નથી એની ઘટ છે. તો એ ઘટ તમે કયાંથી લઇ આવવાના છો, કઇ રીતે તમે વ્યવસ્થા પૂરી કરવાના છો એ બાબતે તો આપણે કોઇ વાત કરતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું નાનો હતો, હું પણ ખેડૂતનો દીકરો છું. આજે પણ મારી વાડીએ ગાયો છે અને હું નાનો હતો ત્યારે મારા બાપા પાસે એ વખતે ૪૫ થી ૫૦ પશુઓ હતાં. આપણાં ગામડાંની અંદર પહેલા બે હળની ખેતી કહેતા. બે હળ એટલે લોઢાના હળ અને એને જોડવું હોય તો ચાર બળદ જોઇતા. એ વખતે મારા બાપા બે હળની ખેતી કરતા હતા એમાં આઠ બળદ અને ચાર ગોઢલા, ૧૫ ભેંસો અને ૧૦ ગાયો હતી ત્યારે મકાનોની વ્યવસ્થા નહોતી. જે મકાનની વ્યવસ્થા હતી એની અંદર રહેતા ઘર કુટુંબ સામે બળદ બાંધવા સામે માલઢોર બાંધતા. એના છાણમાં કે પેશાબમાં ૨૪ કલાક રહેતા અને એમાંથી બહાર નીકળતા. હવે જે પરિસ્થિતિ આજે છે, હવે આપણે આ ઢોરનું નિયંત્રણ કરવાના. તમે શહેરી વિસ્તાર માટે લઇ આવ્યા. શહેરી વિસ્તારમાં લઇ આવવા માટે જેમ અહીં ચર્ચા કરવામાં આવી. શહેરી વિસ્તારમાંથી બહાર જશે પછી તેમની વ્યવસ્થા શું? ક્યાં જશે એ? આ પશુપાલક લોકો છે, જેમના કુટુંબનું ગુજરાન આના ઉપર ચાલે છે. એ કઇ રીતે પોતાના કુટુંબનું ગુજરાન ચલાવવાના? મારે માનનીય મંત્રીશ્રીને અને સરકારને કહેવું છે કે બધા સુવિદિત છીએ કે ભૂતકાળમાં ગામમાંથી જેટલાં પશુઓ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હોય તે સવારે ગામનો ગોવાળ આખું ધણ લઇને બહાર જતો. બપોરે તેમને બેસવા માટે ગામડાંમાં વ્યવસ્થા હતી. બપોર પછી પાણી પાઇને સમી સાંજે પાછા ઘરે આવે. માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે કે આજે ગામડાંમાં ધણ બેસાડવા માટે જગ્યા છે ખરી? એ વ્યવસ્થા આજે ભાંગી પડી છે. હું મારા ગામનો દાખલો આપવા માગું છું. મેં ગામતળ મંજૂર કરાવડાવ્યું એટલે મને પણ એવી ઇચ્છા થઇ કે વ્યવસ્થિત રીતે શહેરી વિસ્તારની જેમ પહોળા રસ્તાઓ મૂકું. પહોળા રસ્તા મૂક્યા. ૩૨ ફૂટનો રસ્તો. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ. વ્યવસ્થિત રીતે પ્લોટિંગ કર્યું. સી.સી. રોડ બનાવડાવ્યા અને એ સી.સી. રોડ બનાવ્યા પછી જ્યારે ગામમાં જાઉં ત્યારે આત્માને એમ થાય કે મેં પહોળા રોડ શા માટે મૂક્યા? જે કુટુંબ પરિવારો છે, એક એક ગાય, એક એક ભેંસ તેને રાખવા માટેની વ્યવસ્થા ક્યાં? એમને તો ૧૦૦ ચોરસવારનો પ્લોટ આપ્યો છે. ૧૦૦ ચોરસવારના પ્લોટમાં એમનું મકાન બનાવ્યું છે. ત્રણ પશુઓ છે તો એ ત્રણ પશુઓ બાંધવાના ક્યાં? આજે મારા પોતાના ગામની અંદર ગામતળ મંજૂર કરીને વ્યવસ્થિત રીતે નવું ગામ બનાવ્યું છે, આજે રોડ ઉપર ખીલા નાખીને પોતાનાં પશુઓને બાંધવાની ફરજ પડે છે, એટલા માટે કે એમની પાસે જગ્યા નથી. સ્વભાવિક છે કે રોડ ઉપર હોય એટલે રસ્તો બગડવાનો. જે પ્રમાણે અહીં કહેવામાં આવ્યું એ પ્રમાણે ઢોર નિયંત્રણ. બાકી ખેડૂતોની જે હાલત છે. રોઝ અને ભૂંડ, વર્ષોથી માગણી કરતા આવ્યા છીએ. એના માટે બિલ લઇ આવો. એના માટે કંઇક નિયંત્રણ કરો. કૃષિમંત્રીશ્રી અહીં હતા ત્યારે પણ સત્તા પક્ષની બહુ વાતો કરી છે. આજે પોતાની જવાબદારી છે. તો એ જવાબદારીપૂર્વક ખેડૂતની, જગતના તાતની વાત કરીએ છીએ. સાંજે જમીને વાહોકે જાય. આખી રાત જાગે. ઉજાગરો કરે. વહેલી સવારે ચાર વાગ્યે કદાચ તેની આંખ મળે અને બે-પાંચ મિનિટ ઉંઘ આવી જાય અને એ પાંચ મિનિટમાં રોઝ ખેતીનો પાક છે એ પૂરો કરી દે. આ સ્થિતિ ગુજરાતના ખેડૂતોની છે. તો તેના માટે તમને કેમ ઇચ્છા ન થઇ? બિલ લઇ આવો, અમે સમર્થન આપીએ. તમને ટેકો આપીએ. તમને નવાજીએ. તમને હાર પહેરાવીએ. આપના પ્રવચનમાં કહ્યું છે કે ઢોરના કારણે મૃત્યુ પામ્યા છે વાત સાચી છે. ક્યાંક અકસ્માત થાય છે. તેના માટે જવાબદાર કોણ? નગરપાલિકાઓ શું કરે છે? નગરપાલિકાની કોઇ જવાબદારી ખરી કે નહીં? મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ મારફત લાખો અને કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે તેના પછી તેની વ્યવસ્થા નગરપાલિકા કરે છે ખરી? જો નગરપાલિકા યોગ્ય રીતે જે ઢોર શહેરી વિસ્તારમાં રખડે છે, એ કોર્પોરેશન વિસ્તાર હોય, તો તેમની જવાબદારી છે. એ જવાબદારી યોગ્ય રીતે નિભાવે તો આ બિલ લઇ આવવાની તમારે ફરજ ન પડત. આજે પણ નગરપાલિકા કક્ષાએ જે સ્થિતિ છે, મોટાભાગની નગરપાલિકા સત્તા પક્ષની છે. તમારા પક્ષની છે. શા માટે તમે એમની પાસે વ્યવસ્થા ન કરાવી શક્યા? કાયદામાં જોગવાઇઓ હોવા છતાં શા માટે તમે એમનું અમલીકરણ ન કરાવી શક્યા? શા માટે ઉભા રોડ ઉપર બેસે છે? કાયદામાં જોગવાઇઓ છે, તમારે એનું અમલીકરણ કરાવવું જોઇતું હતું. ગામડામાં પહેલાં કહેતાં કે ઢોર પકડાય તો ડબ્બે કરે. એમ નગરપાલિકામાં અને કોર્પોરેશન વિસ્તારમાં કાયદો છે, નિયમો છે. દર વખતે આપણે કાયદાઓ બનાવીએ છીએ પણ એ કાયદાનો અમલ કોણ કરે? કરાવવા માટેની જવાબદારી કોની? જે રીતે આ બિલ લઇને આવ્યા છે, એ માત્ર અને માત્ર ગુજરાતના માલધારી સમાજને લાગું પડે છે એવું નથી. અહીંયા મોટાભાગના ખેતીવાડી સાથે સંકળાયેલા લોકો છે અને બધાં પાસે પશુઓ છે. એ પશુઓને રાખવા માટેની તકલીફ છે. એકબાજુ ગામતળ આપતા નથી, ગામતળ નવા મંજૂર કરતા નથી. નવા મકાનો બનાવી શકતા નથી તો રાખે ક્યાં? શહેરી વિસ્તારના જેવા પ્રશ્નો છે એ જ પ્રકારે ગ્રામ્ય વિસ્તારને પણ ગંભીરતાપૂર્વક લાગુ પડે છે, ત્યારે મને લાગે છે કે કોઇપણ જાતના અભ્યાસ કર્યા સિવાય સરકાર, જેમ અહીંયા શ્રી વિરજીભાઇએ કહ્યું છે કે ક્યાંથી આવ્યું? કઇ રીતે આવ્યું? થોડોક અભ્યાસ કર્યો હોત તો ચોક્કસપણે આ બિલ ન લાવ્યા હોત. અમે માગણી કરીએ છીએ કે માલધારી સમાજ પૂરતું આપ ન રાખતા. ગાય અને ભેંસો બન્ને એમની પાસે છે. એના ઉપર એમનું ગુજરાન ચાલે છે, ત્યારે શહેરી વિસ્તારમાં ખાસ કરીને જે પ્રકારે માલ ઢોર અને રખડતાં ઢોર છે એનું નિયંત્રણ કરવા માટે, પશુઓનું નિયંત્રણ કરવા માટે વિચારવું જોઇએ. પહેલાં બળદથી ખેતી થતી હતી. એટલે ગાય માતા દ્વારા જે વાછરડો મળતો એ મોટો થાય એને સારી રીતે મોટો કરતા અને ખેતી કરતા. ધીમે ધીમે બળદની ખેતી ઓછી થતી ગઇ છે. ટ્રેક્ટરો આવ્યા, આધુનિક સાધનો આવ્યાં એના કારણે બળદોની ખેતી ઘટતી ગઇ. એની સામે આખલાઓની સંખ્યા વધતી ગઇ.

સભાપતિશ્રી : બન્ને દંડકોની સંમતિ હોઇ, આપણે વિરામ રાખીએ છીએ. સભાગૃહ ફરીથી રાત્રિના ૧૦-૦૦ વાગ્યે મળશે.

**(વિરામ રાત્રિના ૯.૩૩ થી ૧૦.૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો કે પહેલા બળદથી ખેતી કરતા હતા અને બળદથી ખેતી કરતા હતા ત્યારે ગાયનું મહત્ત્વ, માતાનું મહત્ત્વ હતું. સારી રીતે ગાયનો ઉછેર કરતા, એની જાળવણી કરતા અને એના દ્વારા વાછરડું થાય એ વાછરડાનું જતન કરીને ખેડૂત પોતાની ખેતી કરતો હતો. ધીમેધીમે યાંત્રિક સાધનો, ટ્રેક્ટરો, ટેકનોલોજી, મશીનરી આવી અને મશીનરીથી થતી ખેતીને કારણે બળદની જરૂરિયાત ઓછી થતી ગઇ. માનનીય મંત્રીશ્રીએ પણ પોતાના પ્રવચનમાં કીધું કે બળદની જરૂરિયાત હવે નથી રહી. મશીનરીથી ખેતી થાય છે. બળદને કારણે ખેતી થતી નથી. જરૂરિયાત નથી એટલે બળદોની જરૂરિયાત નથી એટલે આપણે એમ કહેવા માગીએ છીએ કે ગાયની જરૂરિયાત નથી? ગાય માતાની જરૂરિયાત નથી? એમ આપણે કહેવા માગીએ છીએ એની માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરજો. આપના પ્રવચનમાં તમે એક જ

વાત કરી કે મૃત્યુ પામ્યા, અકસ્માત થયા. વાત સાચી છે કયાંક અકસ્માત થાય, કયાંક ભટકાય તો માનનીય મંત્રીશ્રી એ પણ સ્પષ્ટતા કરે કે ૮ કોર્પોરેશનો છે. રાજયની નગરપાલિકાઓ જે છે એ નગરપાલિકાઓ અને કોર્પોરેશન વિસ્તારમાં ગાયના કારણે, ગાય માતાના કારણે કેટલા લોકોના મૃત્યુ થયા? એ આંકડો પણ આ વિધાનસભામાં મૂકશે તો અમને ગમશે કે કેટલા મૃત્યુ પામ્યા છે. જોવા જઇએ તો જે રીતે ગાય માતાના કારણે મૃત્યુ થાય મોટાભાગે જે રીતે ટી.વી. સોશિયલ મીડિયાની અંદર આપણે જોઇએ છીએ એમાં આખલાઓના કારણે થાય છે અને એ આખલાઓ આવી જાય છે શા માટે? તમે આ કાયદો નિયંત્રણ કરવા માટે લઇ આવ્યા. તમારી પાસે કાયદો નથી? તમારી પાસે જૂની વ્યવસ્થા છે, જૂની પદ્ધતિઓ છે. મેં જેમ તમને કીધું એ પ્રમાણે ગ્રામ પંચાયત એ વખતે ડબ્બે કરતી. તલાટી, મંત્રી કે ગામના સરપંચ જે છે એ કોઇના ખેતરની અંદર ભેલાણ થાય તો એ પશુઓને ડબ્બે કરતા. એ ડબ્બે કરતા એને દંડની વ્યવસ્થા હતી. તમે એ શા માટે નથી કરતા? તમારી પાસે કાયદામાં જોગવાઇ હોવા છતાં કોર્પોરેશનની અંદર ૮ કોર્પોરેશન છે. સુરત હોય, રાજકોટ હોય, વડોદરા હોય, ભાવનગર હોય, જામનગર હોય, અમદાવાદ હોય આ પ્રકારે કયારેય અત્યાર સુધીમાં તમે પશુઓને લીધા છે? પાંજરાપોળમાં મોકલ્યા છે? એ ન કરે. શા માટે ન કરે? એ પશુઓને જો નગરપાલિકા કે કોર્પોરેશન પકડે, એમને લઇ જાય તો એમને સાચવવા પડે, એમને ઘાસચારાની વ્યવસ્થા કરવી પડે, એમને પીવાના પાણીની વ્યવસ્થા કરવી પડે. એ ન કરવું પડે એટલા માટે થઇને શહેરી વિસ્તારમાં ભલે આડેધડ રખડતા હોય. વારંવાર હિન્દુઓની આપણે ઠેકેદારી કરતા હોઇએ એ પ્રમાણે હિન્દુઓની આપણે વાત કરીએ છીએ. હિન્દુત્વના નામે આપણે મતો લઇએ છીએ. ગાયના નામે મતો લીધા છે. ચૂંટણીમાં આપણે એનો ઉપયોગ કરીએ છીએ અને એ રોડ ઉપર રખડે? આડેધડ રખડે? અને છતનાં ૨૭ વર્ષમાં અત્યાર સુધી કયારેય આપણે એની ચિંતા ન કરી? અને જે રીતે આપણે અહીંયા એનું વર્ણન કરીએ છીએ કે જે રીતે દ્રશ્યો જોઇએ છીએ. શહેરી વિસ્તારની અંદર કયાંક કચરો પડયો હોય, આડેધડ પડયો હોય, આડેધડ રખડતી આપણી મા ગંદકીમાં મોઢું નાખીને જે રીતે ખાધા પછી એનું ઓપરેશન કરવું પડે અને ૩, ૪, ૫ કિલોના પ્લાસ્ટિક બહાર કાઢે એ આપણી મા. અને તેમાની સ્થિતિ થઇ તે તમારા ૨૭ વર્ષના શાસનમાં અને તેના વહીવટમાં થઇ છે. અત્યારે આપણે આ બિલ લઇ આવીએ છીએ. હું વાત એ કરતો હતો કે, એમની જરૂરિયાત પશુપાલક, માત્ર માલધારી સમાજ નથી. માલધારી સમાજના બે પ્રતિનિધિઓ ધારાસભ્ય તરીકે ફરજ બજાવે છે. તેમની પીડા અને વેદના તેમણે વ્યક્ત કરી તે પીડા અને વેદના અમે પણ વ્યક્ત કરીએ છીએ. જે દ્રશ્યો છે, જે સ્થિતિ છે. આપણી જે નૈતિક જવાબદારી અને ફરજ છે તે ફરજ આપણે બરાબર અદા કરતા નથી તે પ્રસ્થાપિત થાય છે. જો તે યોગ્ય રીતે પાલન કરવામાં આવે તો તેનું સો ટકા નિયંત્રણ થઇ શકે તેમ છે. આપણે તે કરવું નથી. આપણે તો થોડાક સમયની અંદર ચૂંટણીઓ આવે છે, તે ચૂંટણીઓની અંદર જીતવું હોય તો શું કરવું પડે. શહેરી વિસ્તારના મતો બીજેપીની સાથે સંકળાયેલા છે. બીજેપીની સાથે સંકળાયેલા છે તો વધુ મત કેમ મળે, શહેરી વિસ્તારમાં રહેનારા લોકોને કોઇપણ જાતની તકલીફ ન પડે, પીડા ન થાય, અકસ્માત ન થાય તેમાં અમે પણ સંમત છીએ. કોઇનું મૃત્યુ ન થાય તેની સાથે અમે પણ સંમત છીએ. પરંતુ ખાલી મતની રાજનીતિના કારણે, મતના રાજકારણમાં આપણી જે હાલત છે તેને સુધારવા માટે આપણે ઘણાં બધાં પગલાં અગાઉ ૨૭ વર્ષની અંદર લઇ શક્યા હોત. ભૂતકાળની અંદર તે પ્રકારનાં પગલાં કયારેય પણ નથી લીધાં. વાતો આપણે કરી છે. ડો. સી.જે.ચાવડા સાહેબે તો વ્યવસ્થિત રીતે આખો ઇતિહાસ આપ્યો છે. ગાયના નામે આપણે જે પ્રકારે વાતો કરી છે, જે પ્રકારે જાહેરાત કરી છે. ગૌમાંસના નામે જાહેરાત કરી છે, એકબાજુ ગૌમાંસના નામે ગૌમાતાની હત્યા ના થાય તેના માટેનો કાયદો અમલમાં છે, બીજી બાજુ ભાજપના આગેવાનો બીજા રાજયની અંદર એમ કહે કે, ગૌમાંસ તો ખાવું. આ ભાજપની બેધારી વાતો છે. બેધારી વાતો છે. બેવડાં ધોરણો છે. એકબાજુ આમ કહેવું અને બીજા સ્ટેટમાં આમ કહેવું. એકબાજુ બીફ ખાવું એ અનિવાર્ય છે અને બીજી જગ્યાએ બીફ ખાવા ઉપર મનાઇ છે. આ ભાજપના જે બેવડાં ધોરણો છે તેમાંથી તે બહાર નીકળે. આ વાસ્તવિક સ્થિતિ છે. એટલા માટે આપણે ઢોર શબ્દ વાપર્યો છે તે કોઇપણ સંજોગોની અંદર આ ગાય માતાની સાથે ઢોર શબ્દ મહેરબાની કરીને ન વાપરો. તેને આપણે માતા તરીકે વર્ણન કરીએ છીએ, ઋષિમુનિઓએ વર્ણન માતા તરીકે કર્યુ છે. જે ગાય માતા માટે ભાથીજી મહારાજ, હમીરજી ગોહિલ સોમનાથમાં સખા થઇ ગયા હતા. રાજપૂતોએ ધન વાળવા માટે એક નવોઢાએ લગ્ન કર્યા હોય અને તે લગ્ન કર્યા પછી હજી ઘરે ન પહોંચ્યા હોય અને સીધેસીધા ગાયોનું રક્ષણ કરવા નીકળી ગયા હોય તેવો આપણો ઇતિહાસ છે. તે ઇતિહાસ કહે છે, ત્યારે તે ગાય માતા અને તેને ઢોર કહીને તેને નિયંત્રણ કરવા માટે હું ફરી વખત દોહરાવું છું. શહેરી વિસ્તારમાં રહેનારા લોકોને રખડતાં ઢોરને કારણે કોઇપણ જાતની તકલીફ ન પડે, ટ્રાફિકમાં અડચણ ન થાય, તેવા અકસ્માતને કારણે તેમના કોઇ અંગોને નુકસાન ન થાય તે જોવાની પ્રાથમિક અને નૈતિક જવાબદારી રાજ્ય સરકારની છે. તમે મહાનગરપાલિકા અને નગરપાલિકાને ગ્રાન્ટ આપો છો. તે ગ્રાન્ટ અન્ય કામ અને અન્ય સોર્સની અંદર નાણાકીય ગેરરીતિ કરીને વાપરવામાં આવતી હોય તેના કરતા યોગ્ય રીતે વાપરો તો આ ઢોર, પશુઓને તમે નિયંત્રણ કરી શકશો. ભૂતકાળમાં ગાયને અને પશુઓને સાચવવા માટેની વ્યવસ્થાઓ હતી. કોંગ્રેસની સરકારોએ પાંજળાપોર, મહાજન અને તેમને નવી શરતની જમીનો આપી હતી. ટોચ મર્યાદા ધારા નીચે ફાજલ થયેલી જમીનો તેમને આપવામાં આવી હતી. હજારો એકર ગૌચર, સરકારી ખરાબો અને અમુક જગ્યાએ પેશકદમી અને દબાણ થઇ ગયા છે. આ દબાણ ખુલ્લું કરાવવાની જવાબદારી કોની? ગ્રામ પંચાયત દ્વારા દબાણ ખુલ્લા થાય, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં દબાણ રજિસ્ટર હોય છે. તમે તેની વિગતો આ ગૃહની અંદર આપી શકશો ખરા? રાજ્યની અંદર તમામ જિલ્લાઓની અંદર જિલ્લા પંચાયત કચેરીઓમાં જે દબાણ રજિસ્ટર સાચવવામાં આવે છે તે દબાણ

રજિસ્ટરે કેટલા દબાણ થયા છે, કયા ગામમાં કેટલા દબાણ થયા છે? છેલ્લાં વર્ષોમાં તે ખુલ્લા કરાવવા માટે રાજ્ય સરકારે શું પ્રયત્નો કર્યા છે? તે વિગતો તમે આપશો? દબાણો થઇ ગયા છે, ખુલ્લું કરવા માટેની વાતો કરી છે. ભૂતકાળમાં મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઇ હતા તેમણે તો જાહેરાતો કરી હતી, તેમનો વીડિયો વાઇરલ થયો હતો કે સરકારી જમીનો કે ગૌચરો ઉપર જયાં જયાં દબાણો થયા હશે તે ખુલ્લા કરવા માટે તંત્રને આદેશ કરવામાં આવ્યો છે. અમે જાણવા માગીએ છીએ, આ સરકાર પાસે કે ભૂતપૂર્વ મહેસૂલ મંત્રીશ્રી એ જાહેરાત કર્યા પછી રાજ્યમાં આજની તારીખે જિલ્લા વાઇઝ કેટલા સરકારી ખરાબાની અને ગૌચરની જમીનમાંથી તમે દબાણો દૂર કરાવ્યા. ભૂમાફીયાઓએ જમીનો વારી લીધી છે. તે જમીન વારી લીધી છે ત્યારે રાજ્યની વિધાનસભાની અંદર ધારાસભ્યોએ પૂછેલા પ્રશ્નોની અંદર જવાબ આપવામાં આવ્યા છે તેમાં ૨૮.૫૫ લાખ ચો.મી. જમીન ઉપર ભૂમાફીયાઓનો કબજો છે. આ આંકડા તમે વિધાનસભાની અંદર આપ્યા છે. લેન્ડ ગ્રેબિંગનો કાયદો દાખલ કર્યો છે. કાયદાઓમાં તો અહીં જેટલા આવે છે તેની અંદર આપણે ચર્ચા કરીએ છીએ. જે કાયદાઓ આપણી પાસે છે તે અસરકારક છે ખરા? તે કાયદાઓ તો બિનઅસરકારક છે, કોઇ જાતનાં પગલાં નહીં લેવાનાં, જાહેરાત કરવાની, વિધાનસભામાં ખાતરી આપવાની, ખાતરી આપ્યા પછી તેનું અમલીકરણ નહીં કરવાનું. આ કઇ રીતે ચાલે? ગાયોને બચાવવી હશે, ગાય માતાને બચાવવી હશે તો ગૌચરની જરૂર પડશે. જમીનની જરૂરિયાત પડશે. અહીં દૂધની વાત કરવામાં આવી. હું તેમાં વધારે વાત નહીં કરું. એકબાજુ આપણી જરૂરિયાત છે. એકબાજુ પ્રાકૃતિક ખેતી કરવા માટેનું મિશન ચલાવીએ છીએ. રાજ્યપાલશ્રી મિશન ચલાવે છે. આપણે બધા તેમાં સહભાગી થઇએ છીએ. બીજી બાજું શું સ્થિતિ છે? હું નહોતો આવી શક્યો. હું પણ ખેતી ધરાવું છું. મારી વાડીએ પણ ગાયો છે. આજે પરિવારના તમામ સભ્યો ગાયના જ દૂધનો ઉપયોગ કરીએ છીએ. મને ખ્યાલ છે, હું નાનો હતો ત્યારે અને મારા ફાધર અત્યારે હયાત નથી. ઘરની અંદર ગાય ન હોય અને હોય અને દૂધ ન આપે તો મારા બાપુજી ત્રણ કે ચાર દિવસમાં ગમે ત્યાંથી ગાય વેચાણી ગોતીને લઇ આવતા. ઘરના સભ્યો કે ઘરના છોકરાંઓ ગાયના દૂધ વિના ન રહે. આ પ્રકારની વ્યવસ્થાઓ હતી. તે હજી સાચવી રાખવાના પ્રયત્નો કરીએ છીએ. પ્રાકૃતિક ખેતી અમે પણ કરીએ છીએ. હું આવ્યો નથી. તે માટે વાંચું છું. હવે જયારે તે વાતને છેડી છે ત્યારે આપણે એ વાતને સમજવી પડશે. પ્રાકૃતિક ખેતીની વાત કરીએ છીએ, ત્યારે શ્રી પીયૂષભાઇ પ્રાકૃતિક ખેતીના નામે વાતો કરીએ છીએ ત્યારે રોડ ઉપર જે ચાલે છે, રોડ ઉપર થેલીઓ ભરેલી હોય કે સેમ્પલ હોય તેમાં કોઇ પ્રાકૃતિક ખેતીનું નથી હોતું. અત્યારે બજારમાં શુદ્ધ ઘીની જાહેરાત કરે છે. ગાયનું શુદ્ધ ઘી મળશે. દેશી ભેંસનું ઘી મળશે. એ તો વાપરીએ ત્યારે ખબર પડશે કે દેશી છે કે શું છે? મોટાભાગે ભૂતકાળમાં રાજ્યની અંદર નકલી ઘી પણ પકડાયું છે. બાબાઓને યાદ કરીશું તો પાછી બીજી દસ-પંદર મિનિટ બગડશે. પ્રાકૃતિક ખેતી કરવી જોઇએ. જે રીતે ખેડૂતોમાં ઓછી મહેનતે વધુ મેળવી લેવાની જે માનસિકતા ઘર કરી ગઇ છે તે આવનારી પેઢીને ભરપાઇ ન થઇ શકે તેવું નુકસાન થવાનું છે. તેના માટે જવાબદાર આપણે છીએ. તેમાં પછી પેસ્ટીસાઇડ દવાઓ હોય, ખાતર હોય આપણે કોઇનો પણ ઉપયોગ કરીએ તે નુકસાનકારક છે. ગાયના છાણમાંથી પહેલાં બહેનો છાણાં બનાવતી. છાણામાંથી દેશી ભાષામાં કહીએ તો મોઢવું કરતા. ચોમાસામાં એવી રીતે પેક કરવામાં આવતા કે પંદર વીસ ઇંચ વરસાદ પડે છતાં તેની અંદર એક ટીંપુ પાણી ન પડે. અને એ છાણાનો ભઠ્ઠો કરીને શિયાળામાં જ્યારે રીંગણાનો ઓળો બનાવો અને એ ભઠ્ઠામાં તમે શેકો અને તમને જે સ્વાદ મળતો એ સ્વાદ આજે આપણે ચાખી શકતા નથી. આજે આપણે બધા એમાંથી બહાર નીકળ્યા છીએ, ત્યારે પ્રાકૃત્તિક ખેતીના નામે સરકાર ગંભીરતાપૂર્વક ચકાસે, જે રીતે માર્કેટની અંદર પ્રાકૃત્તિક ખેતી થાય છે, તો કેટલી જગ્યાએ પ્રાકૃત્તિક ખેતી થાય છે, કેટલા વિઘામાં થાય છે, કેટલું એમાંથી ઉત્પાદન થાય છે એની સામે જરૂરિયાત કેટલી છે એની યાદી તૈયાર કરવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, દૂધ જે રીતે પેદા થાય છે એના માટે ભૂતકાળમાં આ ગૃહમાં મેં કહ્યું છે કે, એક ગામમાં દાખલા તરીકે ૫૦ ગાયો છે અને એક ગાય સરેરાશ ૧૦ લિટર દૂધ આપે કે ૫ લિટર દૂધ આપે તો ૫૦ ગાયો હોય ૧૦૦ ગાયો હોય તો ૫ હજાર લિટર દૂધ થાય, પણ એ ગામમાંથી ૫ હજાર લિટરને બદલે ૮ હજાર લિટર દૂધ ભરાય તો બાકીનું ૩ હજાર લિટર દૂધ આવ્યું ક્યાંથી? આ વાસ્તવિકતા છે, આ સ્થિતિ છે. જે રીતે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને ડેરી ઉદ્યોગને જે રીતે ડેવલપ કરવા માટેના પ્રયત્નો કર્યા, એમને પ્રોત્સાહન આપ્યું અને જે રીતે ડેરીઓ વધી અને ડેરીઓ વધવાને કારણે આપણે ખૂશ થયા, આપણે તાળીઓ પાડી કેમ કે ગોપાલક અને પશુપાલકોને રોજગારી મળી. આ વાત બધી સાચી, પણ આ ડેરી ઉદ્યોગો વધાર્યા અને એનું ડેવલપ થયા પછી વધારેમાં વધારે નકલી અને ડુપ્લીકેટ માર્કેટમાં બેફામપણે ચાલે છે. એ પરિસ્થિતમાં પ્રાકૃત્તિક ખેતી માટેની ચકાસણી કરો, સરકાર ચિંતન કરે, કૃષિમંત્રી ચકાસે અને એની વિગતો મેળવે કે ગાયોની સંખ્યા રાજયમાં જિલ્લાવાર કેટલી છે? ગાયોની સંખ્યા પણ ચકાસવી જોઇએ. આ બધી બાબતોની ચકાસણીને ધ્યાનમાં રાખતા 'મા' માટે ગમે તેટલું બોલીએ તો પણ શબ્દો ઓછા પડે. ખાલી સારી સારી વાતો 'મા'ના નામે થાય છે, પણ એ મા ખુલ્લામાં ગમે ત્યાં, ગમે તે સ્થિતિમાં કમસે કમ ન રખડે એ જોવાની જવાબદારી ૨૭ વર્ષમાં તમારી હતી. જે તે વખતના જે કોઇ મુખ્યમત્રીશ્રીઓ આવ્યા એમની જવાબદારીઓ હતી, એમાં ગાય માતાને સાચવવામાં, રોડ ઉપર રખડતી-ભટકતી બંધ કરવામાં, રોકવામાં ભાજપની સરકાર સંપૂર્ણપણે તદન નિષ્ફળ ગઇ છે અને એટલા માટે તમારે અત્યારે 'મા' ની જગ્યાએ ઢોર શબ્દ વાપરીને ઢોર નિયંત્રણ કરવા માટેનું બિલ લાવવું પડ્યું છે, ત્યારે હું એ પણ કહેવા માગું છું કે આપણે આપણી માનસિકતા પણ બદલવી પડશે. રાજયમાં કોઇ પણ જગ્યાએ, કોઇ શહેરમાં કે કોઇ નગરપાલિકા વિસ્તાર કે મહાનગરપાલિકા વિસ્તારમાં ભેંસ ક્યાંય તમને

રખડતી જોવા નહીં મળે. આ ગાય માતા જ તમને કેમ જોવા મળે છે? આપણે આપણી માનસિકતા બદલવી પડશે, એના માટેનું વલણ જે છે એ બદલવું પડશે અને જે રીતે આપણી સ્થિતિ છે, એમાંથી પણ આપણે બહાર આવવું જોઇશે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય મંત્રીશ્રી બિલ લઇ આવ્યા છે, બિલનો જે હાર્દ છે. હું ફરી વખત કહું છું કે શહેરમાં વસનારા લોકોને કોઇ પણ જાતના આ રખડતાં પશુઓને કારણે કે આ રખડતી માતાઓને કારણે અને ભાજપ એમાં વહીવટી રીતે સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે એના કારણે, કોઇને તકલીફ ન પડે એમાં અમે તમારી સાથે છીએ, પણ આ કાયદો બનાવવાથી આવનારા દિવસોમાં જે પરિસ્થિતિ નિર્માણ થવાની છે, એમાં હું એમ કહીશ કે પછી શું થશે, આવતી કાલથી આ પસાર થયા પછી એ કહી શકાય નહીં, ઘણા બધા મિત્રોએ કહ્યું છે અને ત્યારે ગાયો અને ગાયોના નામે ચાલતું રાજકારણ, જે કોઇ બાબાઓ છે એ બાબાઓની કયાંક જુદી જુદી ગૌશાળાઓ ચાલે છે, પાંજરાપોળને જમીનો આપી છે એ પાંજરાપોળની જમીનો માટે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, પાંજરાપોળને ભૂતકાળમાં આપેલી જમીનો છે એનો પાંજરાપોળ ગાયોને રક્ષણ કરવા માટે અથવા એના ચરિયાણ માટે એ જગ્યાનો ઉપયોગ કરે છે કે કેમ?આ પણ ચકાસવાની જરૂર છે. કયા પ્રકારનો ઉપયોગ થાય છે? તે જમીન કયાંક વેચાઇ ગઇ હશે, કયાંક માની લો કે કબજો લઇ લીધો હશે. હજારો એકર જમીન પાંજરાપોળોને આપી છે અને ભૂતકાળમાં પાંજરાપોળોની અંદર માજનની જયારે વ્યવસ્થા હતી ત્યારે એ લોકો ગાયોને સાચવતા હતા. તમે આ વખતના બજેટની અંદર ૫૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી, એટલે આપણે એમ માનીએ છીએ કે આ ૫૦૦ કરોડના બજેટની અંદર જોગવાઇ કરી છે, એટલે ગુજરાતની આપણી ગાય માતાઓ સંપૂર્ણપણે સલામત અને કોઇ પણ જાતની તકલીફ નથી, પણ તેમને પૂરું ઘાસ મળતું નથી. આ જંગલમાં તોકતે વાવાઝોડું આવ્યુ, ત્યાર પછી સરકારે જાહેરાત કરી મહેસૂલ અને વન વિભાગે કે એક પશુને આખા દિવસની અંદર ઘાસચારો કેટલો જોઇએ? એક ગાયને કેટલો જોઇએ? રાજય સરકારે વન વિભાગે જાહેરાત કરી કે ગીરમાં વસતા માલધારીઓની ગાયને આખા દિવસની અંદર પશુ દીઠ પાંચ કિલો આ પરિપત્ર કર્યો. એક ગાય માતા માટે પાંચ કિલો આખા દિવસમાં અને પાંચ કિલોથી તેનુ પેટ ભરાય ખરું? આ વાસ્તવિકતા છે અને તે જે હાલત છે અને જે રીતે કહેવામાં આવ્યુ છે કે તે જયારે દૂધ આપતી હોય ત્યારે તેની સારવાર કરે અને સારી રીતે સાચવે પણ જયારે દૂધ બંધ થાય પછી ? છતાં પણ એ ગાય માતાને નામે આજે પણ આપણે તેને સારી રીતે સાચવીએ છીએ અને એ સાચવીએ છીએ ત્યારે મારે માનનીય સરકારશ્રીને કહેવું છે કે, આ ગાયો કયાં નીકળી છે? કયા પાંજરાપોળમાં કેટલી, કોણ વ્યવસ્થાઓ કરે છે? કેટલી ગૌશાળાઓ છે? એ ગૌશાળાની અંદર કેટલી ગાયોની સંખ્યા છે? એની વ્યવસ્થા કરો, એની ચકાસણી કરાવડાવો અને તેમાં જરૂરિયાત મુજબનું તેમાં ઘાસ, પીવાનું પાણી અને ગૌશાળા હોય તો કયાંક ગાયો મૃત્યુ પણ પામતી હોય છે. આ દેશમાં ઘી કેટલુ વેચાય છે? એ કયાંથી આવે છે? જે ગાયો છે તેની સંખ્યા તમે ગણજો એ દૂધ અને દૂધ થયા પછી તે દૂધનું મેળવણું અને મેળવણું થયા પછી તેમાંથી છાશ બનાવીએ અને છાશ બનાવ્યા પછી ઘી તો ઘી કેટલુ થાય? આની જરાક ગણતરી કરજો તો કેટલી ગાયો આપણે દોહીએ છીએ? ગાયોની સંખ્યા છે અને તેમાંથી ગાયોનું ઘી મળે તેના કરતા દસ ગણું ઘી ગાય માતાના નામે અત્યારે માર્કેટમાં વેચાય છે તેને રોકવામાં તમે સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છો.

અધ્યક્ષશ્રી : પુંજાભાઇ, બિલ ઉપર વાત કરો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પીયૂષભાઇએ, શ્રી હર્ષભાઇએ પ્રાકૃતિક ખેતીની વાત કરી તેના સંદર્ભમાં વાત કરીએ અને પ્રાકૃતિક ખેતીની વાત આવે એટલે આ બધુ આવે. ગાય માતાના નામે અત્યારે જે સ્થિતિ છે શ્રી જવાહરભાઇ અહીંયા હતા ત્યારે, શ્રી જવાહરભાઇ આ પાટલી ઉપર હતા ત્યારે તેમણે ભાષણો પણ કર્યા હતા કે નદી આપણી માતા છે, ગાય આપણી માતા છે. તમે ૨૭ વર્ષથી રાજ કરતા આવ્યા છો ત્યારે આ ગાય માતાની હાલત અત્યારે શું છે, નદી માતા છે તે નદી માતાઓની અત્યારે હાલત શું છે? માનનીય અધ્યક્ષશ્રી, આ પણ રાજય સરકારે ચકાસવું જોઇએ અને ત્યારે સરકારશ્રીને વિનંતી કરું છું, આગ્રહભરી વિનંતી કરું છું, માગણી કરું છું કે આ બિલને પસાર ન કરતા પાછું ખેંચવામાં આવે. ગાયના નામે મત લેવાનુ બંધ કરો. હિન્દુઓની ઠેકેદારી કરવા માટે વર્ષોથી કરતાં આવ્યાં છે અને હિન્દુત્વના નામે વાત કરો છો અને માતાના નામે વાત કરો છો એમાંથી બહાર નીકળો અને આ બિલ પાછું ખેંચો એવી હું માગણી કરું છું અને અમે ગુજરાતના માલધારી સમાજ, પશુપાલકોની સાથે ગઇકાલે હતા, આજે છીએ અને આવતીકાલે પણ રહેવાના અને જો બિલ તમે પાસ કરશો તો આવતીકાલથી ગુજરાતમાં અમારે જયાં જયાં ખૂણે ખૂણે જવું પડશે તો પશુપાલકોના ઘર સુધી જઇશું અને તમારી જે નિષ્ફળતાઓ છે તે નિષ્ફળતાઓને ઉજાગર કરીશું.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૭- સન ૨૦૦૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક લઇને આવ્યા છે એના પર અમારા સાથી પક્ષના મિત્રોએ ઘણી વિદ્વતાપૂર્ણ રજૂઆત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તાર વિભાગ દ્વારા આ કાયદો પ્રસ્તુત કરવામાં આવ્યો છે એના સંદર્ભમાં હું કેટલીક હકીકતો આપની સમક્ષ રજૂ કરવા માંગુ છું. છેલ્લે - છેલ્લે મેં શ્રી પૂંજાભાઇને સાંભળ્યા. એમણે વારંવાર માતાનો ઉલ્લેખ કર્યો છે. ભારતીય જનતા પાર્ટીનો જન્મ જ ભારત માતાકી જય બોલાવીને થયો છે અને બધી જ માતાઓને અમે માનીએ છીએ અને ગૌમાતા તો અમારા માટે પ્રથમ સ્થાને છે. એની ચિંતા ભારતીય જનતા પાર્ટીના લોકો જેટલી કરે છે એટલી કોઇ નહિ કરતાં હોય એવું મારું માનવું છે. તમે સહમત થાવ કે ના થાવ. શ્રી કિરીટભાઇએ લૉ પોઇન્ટ ઉપર પણ બહુ સરસ વાતો કરી. એમને

સાંભળતો હતો ત્યારે મને એમ થયું કે હું કોઇ વિદ્વાન વકીલ હોત તો સામે દલીલ કરી શકત પણ હું વિદ્વાન વકીલ નથી. મારા અનુભવમાં જે સામે આવી છે તે વિગતો તમારી સામે મૂકવાની કોશિશ કરીશ. શ્રી સી.જે.ચાવડા તો ખૂબ સરસ બોલ્યા છે. તમારી ભાવનાની અમે કદર કરીએ છીએ અને આ સરકાર એના માટે ચિંતિત છે. મેં ગઇકાલે પણ કહ્યું હતું કે તમે લોકો જે અપેક્ષાઓ રાખો છો એ અમારું મંત્રીમંડળ પૂરી કરે છે. તમારે હથિયાર નીચે મૂકવા પડે એટલા પોઝિટિવ એક્શનમાં અમારા મંત્રીમંડળના સભ્યો છે. શ્રી વિરજીભાઇ તમે મારા મિત્ર છો અને હું તમને સાચી વાત કહેવા માટે જ ઊભો થયો છું. કેટલીક હકીકતો ગૃહ સમક્ષ બધાના ધ્યાન પર આવવી જોઇએ. કોઇની રોજગારી છીનવાય, ગાય માતાનું અપમાન થાય, એને તરછોડી દેવાય એવી કોઇ ભાવના ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ક્યારેય હતી નહિ અને રહેવાની પણ નહિ. આ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્ત્વવાળી સરકારની નીતિ એકદમ સાફ છે. આ બધા નિર્મળ લોકો છે. કોઇ આંટી-ઘૂંટીવાળા લોકો નથી. અમારા વડોદરમાં રખડતી ગાયોના લીધે પુષ્કળ પ્રમાણમાં ફેટલ એક્સિડંટ થયા. આની ચર્ચા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન કે જેમાં વ્યાપક સંખ્યા ભારતીય જનતા પાર્ટીના સભ્યોની છે અને એમાં કોંગ્રેસના સભ્યો પણ છે એમાં થઇ. આ બધાએ સંયુક્ત રીતે આ રખડતી ગાયો અને ઢોરોના પ્રશ્નનું નિરાકરણ કરવા માટે ઠરાવ કર્યા. એમાં કોંગ્રેસનો વિરોધ નહોતો. આ એક્સિડંટ થવા લાગ્યા એટલે આખા શહેરમાંથી ઉહાપોહ શરૂ થયો. અમારા મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્યોએ એ પણ ચિંતા કરી કે આ ગાયો રસ્તા પર છોડી દેવામાં આવે છે. અકસ્માતો થાય છે તેના લીધે જીવલેણ સાબિત થઈ રહ્યું છે, પરંતુ ગાય માતાને આ સ્થિતિમાં ન જ છોડવી જોઇએ આ ભાવ સાથે અમે કામગીરી શરૂ કરી. એ પ્લાસ્ટિક ખાઇ છે અને તેનું દૂધ કાઢીને લોકોને પીવડાવવામાં આવે. આવું દૂધ પીવે તો કુપોષણ થાય તે તમારી વાત સાચી છે. વડોદરા કોર્પોરેશને તેના નિવારણ માટે જે પ્રયત્ન કર્યા છે તેની વાત હું મૂકવા માગું છું. ગુજરાતના દરેક ગામમાં આ રીતે કામ થવું જોઇએ તેવો મારો આગ્રહ છે. આપના માધ્યમથી ગુજરાતને આ સંદેશો પહોંચે તેવી મારી વિનંતી છે. વડોદરા કોર્પોરેશને સંયુક્ત રીતે ભાજપ-કોંગ્રેસના તમામ સભ્યોએ ભેગા થઇને ખટંબા ખાતે ૧ લાખ ચોરસ ફૂટની જગ્યામાં કેટલ હોસ્ટેલનું નિર્માણ કર્યું છે. ત્યાં ૧,૫૦૦ જેટલી ગાયોને અમે શિફ્ટ કરી રહ્યા છીએ. આ જગ્યાઓ માટેનું પ્લાનિંગ હવે અસ્તિત્વમાં આવ્યું છે અને તે અંગેની કામગીરી શરૂ થઈ ગઈ છે. આપણે બધા ગૌભક્તો છીએ. ૩૩ કરોડ દેવતાની વાત તમે કરી. નાનપણથી આપણા બધાના સંસ્કારમાં છે. છેલ્લા અઠવાડિયાથી હું ગૃહનું વાતાવરણ જોઈ રહ્યો છું ત્યારે આપણે સંયુક્ત રીતે હકારાત્મક રસ્તા કાઢવા માટેના પ્રયત્નો કરીએ. તંત્રમાંથી જે સુધારો કરવાનો હશે તે કરશે. બધા સકારાત્મક વલણ ધરાવે છે. આવી બીજી આઠ હોસ્ટેલ બનાવવાનું પ્લાનિંગ શરૂ થઈ ગયું છે. આગામી બે-ત્રણ મહિનામાં આ કામ પણ પૂરું થશે. ત્યાર બાદ ત્રણ જેટલા કેટલ પોઇન્ટ અત્યારે તૈયાર જ છે અને ત્યાં અમે ઢોરને શિફ્ટ પણ કરીએ છીએ. બીજું કે હાલમાં ગાયોને કોર્પોરેશન તરફથી પાંજરાપોળમાં મોકલીએ છીએ. તેમાં પહેલા રૂ. ૧,૫૦૦ આપતા હતા, તેમાં વધારો કરીને રૂ. ૩,૦૦૦ કર્યા. સરકાર પણ આ માટે પ્રયત્ન કરે છે. જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી માટે ગૌ ગોબરનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થવાનો છે. એક જ જગ્યાએ ઢોર રહેતાં હશે, માવજત લેવાતી હશે તો ગૌ ગોબરથી આપણી ખેતી વિષયક સમસ્યાઓનો નિકાલ આવશે. કેટલ હોસ્ટેલમાં પાણી અને લાઇટની વી.આઈ.પી. પ્રકારની સગવડ છે. ગૌરવપૂર્ણ કહીએ છીએ કે અમારું કોર્પોરેશન આ કામ કરે છે. છેલ્લા દિવસના પ્રસ્તાવમાં સસ્તા ખાતર માટે પણ વાત કરી છે. આ ખાતર થોડું મોંઘું પડશે પણ સરવાળે સસ્તુ પડશે. આપણે બધાએ ગવર્નર સાહેબની સ્પીચ સાંભળી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને જોડાઇને ફંડિગ કરી રહી છે ત્યારે આપણે બધા સાથે મળીને આ ફંડિગનો વ્યાજબી ઉપયોગ થાય અને શહેરોમાં ગૌ સમસ્યાથી લોકોને જાન ગુમાવવા પડે છે અને તે ગમે તે કચરો ખાઈ છે, તેના બદલે સ્વસ્થ વાતાવરણમાં ગાય રહે તેના માટે આ કાયદો ઘડ્યો છે. કાયદામાં કોઈ ખામી હશે તો અમારું તંત્ર સુધારવાની તૈયારી રાખશે. કાયદો માલાફાઇડ ઈન્ટેશનનો નથી, પરંતુ વ્યવસ્થાપન ગોઠવવાનો કાયદો છે. આ વિધેયકને આવકાર આપીને શહેરિ વિકાસ વિભાગે આટલું સારું કામ કર્યું છે તેને ધન્યવાદ આપું છું અને મુખ્યમંત્રી સહિતની અમારી મંત્રીમંડળની ટીમને પણ અભિનંદન આપું છું.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ કાયદા વિશે ગૃહમાં એટલું બધું કહેવાયું છે અને માનનીય અધ્યક્ષ સ્થાનેથી પણ વારંવાર આગ્રહ કરવામાં આવે છે કે, થયેલ વાત રિપીટ ન કરવી. એટલે મારે લાંબી વાત કરવી નથી. માનનીય શ્રી પુંજાભાઇએ વાત કરી કે ગાય માતાને ઢોર કહેવામાં આવે છે. એટલાથી નહીં, ગાય માતાને રખડતાં ઢોર કહેવામાં આવે છે, ત્યારે ગાય માતાને હમણાં બે -ત્રણ દિવસ પહેલા, મહામહિમ રાજ્યપાલશ્રીના ત્યાં અમે પણ સ્પેશિયલ સાંભળવા માટે હતા. એમને જે ગાયનું મહત્ત્વ, પ્રાકૃતિક ખેતીનું મહત્ત્વ સમજાવ્યું ત્યારે અમને અંદાજ ન હતો કે બે જ દિવસ પછી આ કાયદો આવશે. હું માનનીય મંત્રીશ્રી, અહીંયા અમારા કૃષિમંત્રીશ્રી અને આખુ મંત્રીમંડળ બેઠું છે ત્યારે જે વાતો થઇ નથી, એવી નાની નાની બે ત્રણ વાતો કરવી છે. આપણે માત્ર શહેરી વિસ્તાર ઢોર નિયંત્રણ વાત કરી. ગુજરાત રાજ્યના ૧૮,૬૦૦થી વધારે ગામડાને આપણે ગુજરાતમાં ગણીએ છીએ કે કેમ? શહેરોમાં ઢોરનો જે ત્રાસ હશે એના કરતાં ગામડાઓની અંદર વધારે છે. મારા વિસ્તારમાં ૧૨૦ ગામ આવે છે અને એક પણ ગામ એવું નથી કે જયાં ૧૦ થી વધારે આખલા ન હોય. એટલા બધા ફાટી ગયેલા આખલા છે કે એને નાનો છોકરો તો લાકડી લઇને વાળવા પણ ન જઇ શકે. ત્યારે એના વિશે આપણા દ્વારા કેમ કંઇ વિચારવામાં આવતું નથી? એના માટે નંદી હોસ્ટેલ ઉભી કરવી જોઇએ. ગૌશાળાઓ ઉભી કરવી જોઇએ. આજની તારીખે મારા પોતાની ગામની અંદર અને ભાવનગરમાં પણ ઢોરના ડબ્બાઓ છે અને લોકશાહી પહેલાના

છે. ત્યારે એનો ઉપયોગ શું કામ થતો નથી? ઢોર પકડવા માટેનાં વાહનો પણ છે. ઢોરના ડબ્બાઓ પણ છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આજે કેન્સર જેવો અસાઘ્ય રોગ હોય તો વાઘોડિયામાં આના માટેનું સ્પેશિયલ દવાખાનું પણ છે અને ગૌમૂત્રથી, ગાયના ગોબરથી કેન્સર જેવા ઘણા બધા રોગોમાં રાહત થાય છે એવી આપણા ડોકટરો પણ સલાહ આપે છે. માતા, બહેન, દીકરીને બાળકનો જન્મ થાય અને ધાવણ ઓછું આવતું હોય ત્યારે ડોક્ટર એકમાત્ર સલાહ આપતા હોય તો ગાયનું દૂધ પાવાની સલાહ આપે છે. ગાય માલધારી સમાજ વધારે પ્રમાણમાં રાખે છે, પરંતુ તમામ ખેડૂતોના દીકરાઓ અને તમામ સમાજ પણ પોતાના ઘરે ગાયો રાખે છે. ત્યારે કયાંક આ કાયદાથી થાકી, કંટાળીને લોકો ગાયો વેચી તો નહી દે અને બાળકો ગાયના દૂધ વગરના રહેશે એવું તો નહી બનેને? ત્યારે ગાય માતા વિશે ખૂબ ગંભીરતાથી વિચારવું જોઇએ. ઘણું બધુ કહેવાયું છે એમાં મારો સૂર પૂરાવું છું. પણ જયારે મૂંગા પશુઓની વાત આવે છે ત્યારે માત્ર નાની એવી વાત કરવી છે. મારા મત વિસ્તાર તળાજામાં ૧ લાખ અને ૫ હજાર જેટલાં મોટાં પશુઓ છે. એમાં ગાય માતા પણ ખૂબ મોટા પ્રમાણમાં છે. ૯ હજાર જેટલાં રખડતાં ઢોર છે. એમાં લગભગ ૩૦ ટકા એકલા આખલાઓ છે. ૭૫ હજાર જેટલાં નાનાં પશુઓ છે. આઇ.સી.એ.આર.ની જોગવાઇ પ્રમાણે ૫ હજાર પશુધને ૧ ડોકટર રાખવાનો હોય છે. એ પ્રમાણે ગણતરી કરીએ તો મારા વિસ્તારને આજે ૨૩ ડોકટરો મળવા જોઇએ. મારે ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે માત્ર ૧ ડોકટર છે. આ મૂંગા પશુઓની ચિંતા કોણ કરશે? ત્યારે આ પરિસ્થિતિ જો મારા વિસ્તારની હોય તો લગભગ ગુજરાત રાજ્યમાં બધે જ આ પરિસ્થિતિ હશે. માણસ બિમાર પડે તો દવાખાને લઇ જઇ શકાય. એમ્બ્યુલન્સમાં ફેરવી શકાય પણ ઢોરને ફેરવી શકાતું નથી. હમણાં જ મારા વિસ્તારમાં ૧૦૦થી ઉપર ઘેટા-બકરાંઓ કોઇ રોગ આવવાના કારણે મૃત્યુ પામ્યા. બિચારો એક જ ડોકટર છે. આ માલઢોર માત્ર કમાણીનું સાધન નથી. ગામડાનો ખેડૂતનો દીકરો હોય કે માલધારી એ આ પશુને પોતાની પરિવારની જેમ ગણે છે. એના ઘરે ગાય મરી જાય, ભેંસ મરી જાય કે ઘેટું મરી જાય તો એ પરિવારમાં એક સદસ્ય ઓછો થયો હોય તેવું શોકનું વાતાવરણ થતું હોય છે. આ રીતે પરિવાર એ પશુ સાથે જોડાયેલો હોય છે. ત્યારે હું આપના માધ્યમથી શહેરી વિકાસ મંત્રીશ્રીને વિનંતી કરીશ કે આ બિલ પાછું ખેંચવામાં આવે. માત્ર અને માત્ર ગાય માતા કહીએ પણ તેને ટાર્ગેટ બનાવીને આ બિલ લાવ્યા હોય તેવું મને સ્પષ્ટ દેખાય છે. ત્યારે આ બિલ પાછું ખેંચવામાં આવે અને આગામી સત્રમાં ફરી લાવવામાં આવે ત્યારે ગામડાંઓને પણ ઘ્યાનમાં રાખીને લાવવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અઘ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત શહેરી વિસ્તારમાં ઢોર નિયંત્રણ રાખવા અને હેરફેર કરવા બાબતનું વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે તેના સંદર્ભે મારી વાત કરવા માગું છું.

માનનીય અઘ્યક્ષશ્રી, હમણાં કલાક કે દોઢ કલાકમાં પહેલી એપ્રિલ થઇ જશે. અને ગુજરાતભરના શહેરી વિસ્તારના લોકો પ્રસંગોચિત લાગણી અનુભવશે અને એમને એવું લાગશે કે આપણા બધાની સમસ્યા આજથી હલ થઇ ગઇ. પરંતુ એની સામે ગુજરાતભરનો રબારી સમાજ, ભરવાડ, ચારણ, કોળી, ઠાકોર, પટેલ જે ખેતી અને માલધારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે તેવા લોકોની લાગણી કંઇક એવી હશે કે *(xxx) રખ અપને કો જો કમાલ દીખાયા હૈ,

અઘ્યક્ષશ્રી : આપે બોલેલા શબ્દો *(xxx)રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. આવું ન બોલાય. આ અસંસદીય છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : અરે, પણ શાયરી બોલું છું, ઉસ પાર મેરે કત્લ કા જશ્ન આપને તો બેમિસાલ કીયા હૈ. માનનીય અઘ્યક્ષશ્રી, ચૂંટણીઓની સભાઓમાં જઇએ, લોકો વચ્ચે જઇએ ત્યારે ગાયમાં આપણને માતા દેખાય છે, ૩૩ કરોડ દેવી દેવતાઓ દેખાય છે, રાષ્ટ્ર માતાનો દરજ્જો આપવાની વાત કરીએ છીએ અને લોકોની ગેરહાજરીમાં આપણે જયારે કાયદો ઘડવા બેસીએ છીએ, ત્યારે સન્માનનીય સાથી સભ્યશ્રી પુંજાભાઇએ કહ્યું એમ એમના માટે આપણે ઢોર જેવા શબ્દનો ઉપયોગ કરીએ છીએ. આ બિલમાં કુલ ૧૧ પશુઓનો સમાવેશ કર્યો છે. ૧૧ પશુઓમાંથી ૬ પશુઓ, એટલે કે ૫૦ ટકા કરતા વધારે વખત ગૌ-વંશની વાત કરી છે, ગૌ-વંશ ઉપર નિયંત્રણ કરવાની વાત કરી છે. આ બિલ રજૂ કરવા માટે માનનીય મંત્રીશ્રીએ જે ઉદેશો અને કારણો બતાવ્યાં છે તેનું વિશ્લેક્ષણ ગૃહ સમક્ષ થોડું રજૂ કરવું જોઇતું હતું. કલમો અને કાયદા વિશે મારા સાથી ધારાસભ્યશ્રીઓએ વિગતે ચર્ચા કરી છે. પરંતુ ઉદેશો અને કારણો જે બતાવ્યાં છે તેના વિશે થોડી વધારે ચર્ચા કરી હોત તો ગૃહને અને રાજયને ખબર પડત કે આ કાયદો ખરેખર શા માટે લાવવો પડયો છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે રાજયની અંદર અકસ્માતોની સંખ્યા વધારે છે, રખડતાં ઢોરોને કારણે અકસ્માતો થાય છે. અને એના કારણે આ બિલ લાવવું પડયું છે. પરંતુ વાત વાતમાં એવું પણ બોલી ગયા કે નામદાર હાઇકોર્ટની સૂચનાથી આ બિલ લાવવું પડયું છે.એનો અર્થ એ થાય કે માનનીય મંત્રીશ્રી માટે તો સ્થિત એવી બની ''હમે તો અપનોને લૂંટા, ગેરોમેં કહા દમ થા, હમારી કસ્તીથી ડૂબી વહા જહા પાની બહુત કમ થા.'' પરિસ્થિતિ એવી છે કે નથી તમે કોર્ટમાં તંત્ર વતિ જવાબ દઇ શકતા નથી ત્યાં તંત્રનો બચાવ કરી શકતા, નથી લોકોને સુવિધા પૂરી પાડી શકતા, નથી રખડતાં ઢોરોની વ્યવસ્થાપન કરી શકતા. એનું પરિણામ એ આવે છે કે તમારે આ પ્રકારનો કાયદો લઇને ગૃહ સમક્ષ આવવું પડે છે. રાજયની અંદર પ્રશ્નોની અંદર જે જવાબો મળ્યા છે એ પ્રમાણે છેલ્લા વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૨૦ દરમિયાન લગભગ ૨૧ હજાર લોકોના મૃત્યુ અકસ્માતના કારણે થયા છે. ૪૬ હજાર જેટલા લોકો ઇજાગ્રસ્ત થયા હોવાનું પ્રશ્નોત્તરીમાં જણાવવામાં આવ્યું છે. પરંતુ એની સામે આજે અકસ્માતો થયા છે, એ

* માનનીય અઘ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અકસ્માતોમાંથી શહેરી વિસ્તારમાં થયા હોય એવા અકસ્માતો કેટલા? એ જે અકસ્માતો શહેરી વિસ્તારોમાં થયા છે એમાંથી ગૌવંશના કારણે થયા હોય એની સંખ્યા કેટલી? રોડ શેફ્ટી રિસર્ચનો અહેવાલ એનો જો થોડો પણ અભ્યાસ કરવામાં આવ્યો હોત એનાં કારણો સાથે કોર્ટમાં સરકાર ગઇ હોત એના કારણો સાથેની વ્યવસ્થા સરકારે કરી હોત તો આજે આ કાયદો લઇને ગૃહની સમક્ષ ન આવવું પડ્યું હોત. રોડ શેફ્ટી રિસર્ચ મુજબ શહેરી વિસ્તારોમાં સૌથી વધારે અકસ્માત ઓવર સ્પીડ અને ઉતાવળના કારણે થાય છે. બીજાં કારણમાં રોડની ડિઝાઇન અને સેલ્ફ ડિસિપ્લિનનો અભાવ આ કારણે અકસ્માતો થાય છે. રોડની નબળી ગુણવત્તા અકસ્માતોના સૌથી મોટા કારણો પૈકી એક છે. રોડની ગુણવત્તા સુધારવા માટેનો કાયદો એના માટે વહીવટી તંત્રને જવાબદાર ઠેરવવા માટેનો કાયદો લઇને આવ્યા હોત તો અકસ્માતોની સંખ્યાનું નિવારણ કરી શક્યા હોત. ખાડા ખાબોચીયા અને ભૂવા પડી ગયેલા રસ્તા આગળ વહીવટી તંત્ર તરફથી સાઇન બોર્ડ મૂકવાની દુર્લક્ષ સેવવામાં આવે છે એના કારણે શહેરી વિસ્તારોમાં અકસ્માતો વધે છે. અભ્યાસના તારણમાં એક કારણ એ પણ આવ્યું છે કે અકસ્માતો જે થાય છે, એમાં સૌથી વધારે અકસ્માતો ૧૮ થી ૩૫ વર્ષની વયજૂથના યુવાનો વચ્ચે થાય છે. ધીરજનો અભાવ, બેદરકારી ભર્યું ડ્રાઇવિંગ એ સૌથી મહત્ત્વનાં કારણો છે. કુલ અકસ્માતના ૪૬ ટકા જેટલા અકસ્માતો આ વયજૂથના ઉંમરમાં થાય છે. શહેરી વિસ્તારોમાં ઓવરલોડિંગ વાહનોનું શેફ્ટી ચેકિંગ જે થવું જોઇએ એ નથી થતું આવાં કારણોસર અકસ્માત થાય છે. આ બધાં કારણોનો અભ્યાસ કરવાને બદલે દર વખતની જેમ રાજકીય લાભ લેવા માટે ક્યારેક લઘુમતીને ટાર્ગેટ કરી દેવામાં આવે છે. આ વખતે રબારી, ભરવાડ, ચારણ, ગઢવી કોમને અને માલધારી કોમને શહેરમાં આવતી અસુવિધા માટે જવાબદાર ઠેરવવાનો આ એક પ્રકારનો ગંભીર પ્રયાસ છે. સરકારને એવુ લાગતું હોય કે આ કાયદો પસાર કરી શહેરી વિસ્તારના બાકીના લોકોને માલધારીઓ પ્રત્યે ઉશ્કેરીને એના મત મેળવી શકાશે એનું ધ્રુવીકરણ કરી શકાશે તો એવું વિચારવા જેવું નથી. નવી પેઢી પણ હવે અભ્યાસ કરે જાણે છે અને સમજે છે. એટલે માત્ર આવો કાયદો બનાવી દેવાથી શહેરી પ્રજા ઉશ્કેરાવાની નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માલધારીઓ એટલે હવે માત્ર રબારી, ભરવાડ, આહીર કે ચારણ-ગઢવી નહીં, માલધારી એટલે ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ તમામ સમાજના લોકો અને એ લોકો એવો વર્ગ છે કે જે રોજગારી માટે શહેરમાં આવ્યાં હોય. શહેરના નજીકના વિસ્તારોમાં વસ્યા હોય એ લોકોને આ પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડશે. મારા જ મતવિસ્તારની વાત કરું તો ચોટીલાની અંદર હાઇવેની એક સાઇડ નગરપાલિકા વિસ્તાર લાગુ પડે છે, જ્યારે એ જ વસ્તુ હાઇવેના સામા કાંઠે પાળિયાદ ગામ જે આખેઆખું માલધારીઓનું ગામ છે. ભરવાડ સમાજનું ગામ છે. ભૂલથી જો ઢોર હાઇવે ક્રોસ કરી જાય તો તેને કયો કાયદો લાગુ પડશે? થાનગઢમાં સૌથી વધારે માલધારીઓની વસતિ છે. તેના કાંઠે જ આવેલું જામવાળી ગામ, ૧૦૦ ટકા ભરવાડ લોકોનું ગામ. તેના માટે કયો કાયદો લાગુ કરીશું?

માનનીય અધ્યક્ષશ્રી, આજની વાત ઉપરથી એવું લાગે છે કે શહેરી વિસ્તારોના ઢોર નિયંત્રણના કાયદાના આધારે ગૌવંશ ઉપર નિયંત્રણ કરવાના બદલે ગોપાલકો ઉપર નિયંત્રણ કરવાનો પાછલા બારણેથી જે રસ્તો કરવાનું વિચાર્યું હોય એ પ્રકારનું લાગી રહ્યું છે. એટલા માટે કે હવેનો ગોપાલક વર્ગ, નવી પેઢી સરકારને પ્રશ્નો પૂછતી થઇ છે. સવાલ ઉઠાવનારો વર્ગ છે. અવાજ ઉઠાવનારો વર્ગ છે. ગૌચરો ક્યાં ગયા એ પૂછનારો વર્ગ છે. ગોપાલક વિકાસ નિગમને રકમ કેમ નથી ફાળવતા એ પૂછનારો વર્ગ છે. એ લોકોને કંટ્રોલ કરવા માટે જો તમે આ પ્રકારનો કાયદો લાવ્યા હો તો તેને ગુજરાતનો માલધારી વર્ગ ક્યારેય સહન નહીં કરે અને આ પ્રકારના કાયદાઓને અમે સમર્થન કરતા નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે આ કાયદો આપ પાછો લો.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શહેરી વિસ્તાર ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબતનું જે વિધેયક આવ્યું છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ૮ મહાનગરપાલિકા અને ૧૫૬ નગરપાલિકાની અંદર આ કાયદો લાગુ પાડવાની વાત છે. ખૂબ લંબાણપૂર્વક વિસ્તૃત ચર્ચા તમામ ધારાસભ્યશ્રીઓએ કરી છે. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું. નિયમો બનાવીએ. કાયદાઓ કડક બનાવીએ, દંડની જોગવાઇ કરીએ તેના કારણે આપણે સફળતા પ્રાપ્ત કરીએ એવું કંઇ માનવાનું કારણ નથી. હું અમદાવાદ મહાનગરપાલિકામાં ચાર વખત ચૂંટાયો. મેયર પણ રહ્યો. ખૂબ પ્રયત્નો કર્યા છે. જેટલા જ્યાંજ્યાં કાયદાઓ કડક બનાવ્યા, જેટલો દંડમાં વધારો કર્યો એટલો જ ગેરવહીવટ, ભ્રષ્ટાચાર અને કાયદાઓમાં નિષ્ફળતા વધી છે. આ એક પશુપાલક સમાજ, ગોપાલક સમાજ, માલધારી સમાજ. આમ તો ખેડૂતપ્રધાન દેશ તરીકે આપણી ઓળખ હોય ત્યારે કોઇ ધર્મ, કોઇ વર્ગ એવો નથી કે જે ગાય માતાને ન રાખતો હોય કે એનું પાલન ન કરતો હોય કે તેની પૂજા, પ્રાર્થના, અર્ચના ન કરતો હોય કે એનું દૂધ સેવન ન કરતો હોય. તમામની સાથે આસ્થા જોડાયેલી છે ત્યારે આ એક ખૂબ ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે આપણે એક તરફ ચિંતા કરી છે તેના કારણે શહેરોમાં જે અકસ્માતો થાય છે તેની સામે અમારી જે રજૂઆત છે કે અનેક કાયદાઓ બનાવ્યા છે કે જેનો અમલ આજ દિન સુધી આપણે કરી જ શકતાં નથી. આપણે હેલ્મેટનો કાયદો બનાવ્યો છે. કેટલાય અકસ્માતો થાય છે અને કેટલાય લોકો હેલ્મેટ વગર ગુજરી જાય છે એનો અહેવાલ છે. શહેરોમાં એવા અનેક કાયદાઓ છે. કેટલી બધી ઇન્ડસ્ટ્રીઓ ચાલે છે જે પોલ્યુશન ઉત્પન્ન કરે છે અને શહેરોમાં પીવાનું શુદ્ધ પાણી આપતી નદીમાં એ નાખતા હોય છે અને ઝેરી ગેસ છોડતા હોય છે. આના કારણે કેટલાય લોકોને ટી.બી. અને એવી જીવલેણ બીમારીઓ લાગુ થતી હોય અને કેટલાય લોકો એમાં જીવ ગુમાવતા હોય છે. આવી પરિસ્થિતિમાં સરકારે આ બાબતે જે પણ

દંડની જોગવાઇઓ કરી છે, આજની તારીખમાં હું જે રીતે શહેરમાં જોવું છું કે ઢોર પકડવા માટેની જે ઢોર પાર્ટી નીકળે છે એની સાથે કોર્પોરેશનના અધિકારીઓ હોય, પોલીસ અધિકારીઓ હોય, એસ.આર.પી.ના જવાનો હોય અને માત્ર ઘર્ષણ, સંઘર્ષ અને મારામારી અને પોલીસ કેસ જ થાય છે. કેમ કે શહેરમાં આજે જે વર્ગ, જે ગોપાલક સમાજ છે, જે પશુપાલક કે માલધારી સમાજ છે એની આજીવિકા આની સાથે જોડાયેલી છે. એની પાસે બીજો વિકલ્પ નથી રહ્યો. આપણે કાયદાની બાબતમાં બીજી રીતે વિચારીએ. જે ચર્ચાઓ થઇ છે, ઘણાં સૂચનો સારાં થયાં છે. પણ એમને આપણે વૈકલ્પિક વ્યવસ્થા આપવી પડે. જ્યારે કોંગ્રેસ પક્ષે રાજ્યની અંદર એમની પરિસ્થિતિ જોઇ ત્યારે ૪૦-૫૦ વર્ષ પહેલાં રબારી વસાહતો વસાવી, એમને રહેવાનું સ્થળ આપ્યું. એમની ગાયો છે એમને રાખવા માટેના વાડાઓ આપ્યા અને શહેરથી દૂર આપ્યા કે જેનાથી એ દૂધ ઉત્પાદન કરી શકે અને શહેરમાં જઇને દૂધ વેચી શકે અને એની આજીવિકા ચાલે. આજે માત્ર એટલા કાયદામાં ફેરફારો કર્યા છે, એટલી દંડાત્મક જોગવાઇઓ કરી છે, એટલી એની ગંભીરતા આજે ઉપસ્થિત કરી છે, હું માનું છું કે એના કારણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધારે ગંભીર બનશે. આ અધિનિયમથી આખા રાજ્યને આવરી લીધું છે. આપણે કહીએ છીએ કે ૫૦ ટકા જેટલી વસતિ શહેરોમાં વસતી હોય અને એ વસતિના આધારે સમગ્ર રાજ્યમાં પ્રતિબંધ લાગુ કરવાની વાત કરતા હોઇએ તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ શું થશે? આ ગોપાલક સમાજની આજીવિકાનો સવાલ છે. જ્યારે બજેટમાં અનેક જોગવાઇઓ કરતાં હોઇએ છીએ, ત્યારે આ સમગ્ર યોજનાઓ છે એના માટે સરકાર કમિટિ બનાવે અને એ કમિટિમાં સર્વે કરીને એ લોકોનુ વૈકલ્પિક પુનઃવસન કરીને એ લોકોની રોજગારી ચાલી શકે, ગોપાલક સમાજ ગાયોને પાળી શકે, લોકોને શુદ્ધ દૂધ આપી શકે એ પ્રકારની વ્યવસ્થા પણ એમને આપી શકીએ એવું સરકારે વિચારવું જોઇએ. બિલ પ્રવર સમિતિ સમક્ષ પાછું મોકલવું જોઇએ અથવા પાછું ખેંચવું જોઇએ. નહીં તો વિધેયકના કારણે સમગ્ર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખૂબ ગંભીર બનશે અને ગોપાલક સમાજ નહીં, સમગ્ર સમાજો, સમગ્ર વર્ગ કે જે ગૌમાતાની પૂજા અર્ચના કરે છે અને શ્રદ્ધાભાવથી જે લોકો ગાય પાળતા હોય, દૂધ મેળવતા હોય એ તમામ ઉપર અસર પડશે. માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, આવી દંડાત્મક કાર્યવાહી કરીને આ કાયદાનો અમલ ન કરે. નહીં તો આજનો દિવસ એ રાજ્યમાં કાળા દિવસ તરીકે આ રાજ્યના નાગરિકો વિચારશે. એટલી વાત કરીને વિરમું છું.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શહેરી વિસ્તારમાં ઢોર નિયંત્રણ બાબતનું વિધેયક ૨૦૨૨ આ ગૃહના મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા લઇને આવ્યા એ બિલનો હું વિરોધ કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ માટે મારી અગાઉના તમામ સિનિયર ધારાસભ્યશ્રીઓએ એમના મંતવ્યો રજૂ કર્યા છે. આ ગૃહના સિનિયર ધારાસભ્યશ્રી સી.જે.ચાવડાસાહેબ અને શ્રી કિરીટભાઇએ કાયદાની ભાષામાં આવનારા સમયના પડકારો માટેની વાત કરી છે. આ બધી વાતો સાંભળ્યા પછી ખેડૂત તરીકે એવું કહેવાનું મન થાય છે કે આ બધા નિરાકરણ માટે જે વ્યવસ્થાઓ ઉભી કરવી પડે એ વ્યવસ્થાઓને પ્રાયોરિટી આપવામાં આવે તો આવનારા સમયની અંદર આ બાબતનું સોલ્યુશન થાય. આ બજેટની અંદર માત્ર ૫૦૦ કરોડનું બજેટ ગૌશાળાઓ અને પાંજરાપોળો માટે ફાળવવાને બદલે બજેટમાં વધારો કર્યો હતો તો સારું. રખડતાં ઢોરો માટે માત્ર ૧૦૦ કરોડ રૂપિયા. હવે નગરપાલિકાઓ ૧૫૬ હોય, ૮ મહાનગરપાલિકાઓ હોય પછી આ નિયંત્રણ કઇ રીતે થઇ શકે? ગ્રામ્ય વિસ્તારની અંદર રહું છું ત્યારે જયારે ગાયો માટેની વાત કરી હોય ત્યારે આજે આપણા ગ્રામ્ય વિસ્તારની અંદર ગામની અંદર ૫૦-૬૦ આખલાઓ ખેડૂતનું ખેતર ભેળી નાખે છતાં આ ખેડૂતો ગાય માતા માટે એટલો પ્રેમ દાખવે છે કે કયારેય ખેતીવાડી વિભાગ પાસે ગાયોએ ખેતર ભેળેલા હોય એના માટે સરકાર પાસે કયારેય વળતર પણ માંગ્યુ નથી. મારે ખાસ કરીને આપના માધ્યમથી વિનંતી કરવી છે અને આપ તો બનાસકાંઠા સાથે સંકળાયેલા છો. ભાભરની ગૌશાળા હોય, ટેટાડાની ગૌશાળા હોય કે પથમેડાની ગૌશાળા હોય ત્યાં ગાયો માટેની ગૌશાળા તો હતી, પણ હવે નંદી માટેની ગૌશાળાની અલગ અલગ જગ્યાએ વ્યવસ્થા થઇ છે, ત્યારે સરકાર એમાં સબસિડી આપીને એ લોકોને કંઇક મદદ કરે તો આવનાર સમયની અંદર સારું પરિણામ મળશે. ઇતિહાસમાં આપણે જઇએ અને વર્તમાન સમયની અંદર જઇએ તો ગ્રામ્ય વિસ્તાર અમારા બનાસકાંઠા અને ઉત્તર ગુજરાતમાં કદાચ આપણે પહેલા ડાયરાઓ કરતા હોઇએ તો એને સંસ્કૃતિના જતન માટે કે મનોરંજન માટે એના કાર્યક્રમો ગોઠવાતા અને વર્તમાન સંજોગોની અંદર ગૌશાળાની નિભાવણી માટે કરીને કયાંક ડાયરાનું આયોજન કરવું પડે, કયાંક કથાનું આયોજન કરવું પડે એ માટે કલાકારોને પણ હું અભિનંદન આપું છું. કથાકારોને પણ અભિનંદન આપું છું કે એ કોઇપણ પ્રકારનું વળતર મેળવ્યા સિવાય આવા ડાયરાઓ કરીને ગૌશાળાની નિભાવણી માટે મદદ કરે છે. ઇતિહાસની અંદર અનેક આપણા જે મહાન વ્યક્તિઓ હતા ભાથીજી મહારાજ હોય, લખાપીરદાદા હોય, અહીરાવ ચૌહાણ હોય આવા અનેક મહાન જે વ્યક્તિઓ હતા તેમણે ગૌમાતા બચાવવા માટે પોતાના પ્રાણની આહૂતિ પણ આપી છે. ગૌશાળાની વાત આવે. રખડતાં ઢોરોની વાત આવે ત્યારે ઔદ્યોગિકરણના કારણે કયાંક ને કયાંક ગૌચર ઓછા થયા છે અને એના કારણે પણ ઘણી બધી મુશ્કેલીઓ આવે છે અને એના નિયંત્રણ માટે જે સરકારે કાર્યવાહી કરવી જોઇએ એ નથી થતી. કયાંક મોટા મોટા કોન્ટ્રાકટરો ખાણ ખનીજની ચોરી કરી આખા ગૌચર ખોદી નાખવામાં આવે એની પાછળ સરકાર કોઇ પગલાં ન લે, ખાણ ખનીજ વિભાગ પગલાં ન લે, પર્યાવરણ વિભાગ પગલાં ન લે એને હિસાબે પણ કયાંક કયાંક ગૌચર પણ ગાયોને ચરાય એવા રહેતા નથી. અહીંયા જયારે તમામ સભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી છે, ત્યારે ગ્રામ્ય વિસ્તારની અંદર આજે પણ

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ(રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક,૨૦૨૨

કહેવત છે કે દીકરીને ગાય દોરે ત્યાં જાય. ગાયને માતા તરીકેનો દરજ્જો આપ્યો છે અને સાધુસંતો રાષ્ટ્રીય પ્રાણી તરીકેના દરજ્જા માટેની માગણી કરતા હોય ત્યારે આપના માધ્યમથી મને કહેવાનું મન થાય છે. મને એ જ સમજાતું નથી કે શાને આવું થાય છે? કામધેનુને ચરવા તણખલું દોહ્યલું અને આખલાઓ લીલાછમ ખેતરો ચરી જાય છે. મને એ જ સમજાતું નથી કે શાને આવું થાય છે? આ બિલનો હું સખત વિરોધ કરું છું અને આપના માધ્યમથી હું વિનંતી કરું છું સામે બેઠેલા શાસક પક્ષને કે આ *(xxx) છે. આ *(xxx)તમે પણ સમર્થન ન આપો અને આપશો તો તમને ગૌમાતા, ગોપાલકો અને આવનાર સમય પણ માફ નહીં કરે. હું કયારેય આવા શબ્દો વાપરતી નથી પણ આજે મેં જે વેદનાભર્યા શબ્દો સાંભળ્યા એ ઉપરથી કહું છું કે તમે ભગવાનને માથે રાખીને અંતરઆત્માનો અવાજ છાતી માથે હાથ મૂકીને આ બિલ પાછું ખેંચશો તો અમે પણ તમને અભિનંદન આપીશું.

અધ્યક્ષશ્રી :માનનીય શ્રી પરેશભાઇ, આજે બધાને બોલવાનું છે. તમારું નામ આપ્યું હતું. પછી તેમને આપીએ. બોલો શ્રી પરેશભાઇ

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, ગાય અને ગંગાની સંસ્કૃતિનું આ ગરવું ગુજરાત છે. ગાય માતાની પૂજા કરી, ગાય માતાને મત મેળવવાનું મશીન સમજી સતત સરકારમાં બેસનારા મિત્રો આજે એ જ ગાય માતાને પાંજરે પૂરવા માટે ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ રાખવા અને હેરફેર કરવા બાબત વિધેયક ૨૦૨૨ વિધાનસભા ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

અધ્યક્ષશ્રી :માનનીય શ્રી પરેશભાઇ આપ બહુ સિનિયર સભ્ય છો. બિલના સ્કોપમાં જ બોલજો. ગાય વિશે વર્ણન નહીં કરતા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે આદેશ કર્યો એટલે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આમ તો બોલવું ન હતું એટલે વાંચતો હતો અને ટીક મારતો હતો. આપે આદેશ કર્યો એટલે, નહીં તો શ્રી નીતિનકાકાએ મને કહ્યું હતું કે આજે તારે કંઇ બોલવાનું નથી.

અધ્યક્ષશ્રી : એટલે આપે બિલના સ્કોપમાં બોલવાનું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્યોએ ખૂબ વાતો કરી છે. ગાય અને ગંગાની સંસ્કૃતિને વરેલા ગુજરાતમાં ગાયોના રક્ષણ કાજે ગામેગામ જે પાળીયા કોડાણા તેને ગુજરાતના ગામડાંઓ આજે પૂજી રહ્યા છે. હું કાઠિયાવાડનો ખેડૂ છું અને અમારા લાઠીના વીર હમીરસિંહ ગોહિલ ગાયોની રક્ષા કાજે ખપી ગયા અને તેનો પાળીયો મારા દેવાધિદેવ મહાદેવ સોમનાથના ચરણોમાં આજે પણ તેની પૂજા થાય છે. ખેડૂતનો દીકરો છું અને અમારાં બાપ-દાદાએ સાત પેઢીમાં ન્હોતું વિચાર્યું કે, ગાયો રાખવા માટે થઇને લાઇસન્સ લેવા પડશે, ભેંસો રાખવા માટે થઇને લાઇસન્સ લેવા પડશે, બકરાં રાખવા માટે લાઇસન્સ રાખવા પડશે. બાપુ, ઘોડા રાખવા માટે લાઇસન્સ લેવા પડશે, ઉંટ રાખવા માટે લાઇસન્સ લેવા પડશે. ઘણીબધી વાતો થઇ, પણ આખી ચર્ચાનો સાર મને જે સમજાયો તેમાં સરકાર નિર્દિષ્ટ કરે તેવા તમામ શહેરી વિસ્તારોની અંદર અને સરકાર સમયે સમયે ધારે તેવા તમામ પ્રતિબંધિત વિસ્તારોની અંદર વગર લાઇસન્સે મારી માવડીયું રહી શકશે નહીં તેનું મને દુ:ખ છે. આ શહેરી વિસ્તારની અંદર રખે ને કોઇ ગાય માવડીએ ભૂલથી પગ રાખ્યો તો તેને પાંજરે પૂરવામાં આવશે તેવી જોગવાઇ કરી છે. હવે મારી ગાય માતાઓ શહેરની હદમાં ન ઘૂસે એટલે વાંચતા શીખવાડવા માટે ગાય માતાઓને ભણાવવા માટેની નિશાળો ગામેગામ ખોલવી પડશે. છોકરાઓને ભણાવવા માટે નિશાળમાં માસ્તર નથી જડતા. મારી ગાય માવડીઓને આ શહેરી વિસ્તાર છે તેની હદનું બોર્ડ ઓળખવા માટે ભણવા કયાં જવું તેની ચિંતા સતાવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો થઇ શકે. હું માનનીય બાપુ સાહેબ અહીં બેઠા છે, અમારા પરમ મિત્ર મોટાભાઇ અહીં બેઠા છે. માનનીય મંત્રી મહોદય અહીં બેઠા છે. ગુજરાતનો અને દેશનો ઇતિહાસ સાક્ષી છે. ગાયોના કારણે માથા વઢાણાં છે. ગાયોના કારણે બલિદાન પણ વહોર્યા છે. હું અમરેલીની બજારમાં ઉછર્યો છું, મોટો થયો છું. *(xxx) તો કરો તેનો કંઇ વાંધો નથી. મારી માવડીયુંને પાંજરે પૂરવા માટેનો જે *(xxx)લઇને લાવ્યા છો તે પાછો ખેંચો એટલી વિનંતી કરું છું. શ્રી નીતિનકાકા અમારે ખેડૂના દીકરા પશુપાલન કરીએ, માલધારીના દીકરા પશુપાલન કરે, આદિવાસીના દીકરા પશુપાલન કરે, મારે ત્યાં અમરેલીના એક ગામડે એક માલધારી મિત્ર મારો ભાઇ ભગો. મારો પરમ મિત્ર તેને પાંચ વર્ષ પહેલાં કોઇ છેતરી ગયું. કેસરી ફટકાની ચાર લિંગટ ગાંઠ મારી મારા ભાઇબંધ ભગાને માલધારી સેલનો પ્રમુખ બનાવ્યો. અમારો ભાઇ ભગો જાલ્યો ના રહે. મારાથી સો ગાઉં છેટો ભાગે. દરરોજ સવારે ઉઠી ખખડી ગયેલી મોટરસાઇકલની કીક મારી અને સેલ બનાવવામાં રચ્યો પચ્યો રહ્યો. વર્ષ ૨૦૧૭ની ચૂંટણી પહેલાં હું ગામડાના પ્રવાસે ગયો. મને એમ થયું કે, ભાઇ ભગાએ ભલે કેસરી ફટકાની ચાર લિંગટ ગાંઠ મારી પણ એ મારો મિત્ર છે. મારે એની ખબર અંતર પૂછવી જોઇએ. ભર બપોરે ડેલી ખખડાવી અને કહ્યું કે, ભાઇ ભગા તારો ભાઇબંધ તારા દરવાજે આવ્યો છે. જીતુભાઇ ભગો ભરબપોરે દોડતો આવ્યો અને ડેલી ખોલી, આવકાર્યો, ખાટલે બેસાડ્યો અને પાણી પાયું. પણ સાહેબ અમારી સૌરાષ્ટ્રની સંસ્કૃતિમાં માણસ આવે તો તેની આગતા સ્વાગતાનું સીધું સાધન ચા. ભગાએ ચાનું ના પૂછ્યું. એટલે મે વળી કહ્યું ભાઇ ભગા હું તો તારા ત્યાં ચા પીવા આવ્યો છું. તો ભગાએ મને કહ્યું કે શ્રી

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પરેશભાઇ ૧૦૦ બકરાંનો માલિક હતો અને આ કેસરી ફટકો બાંધીને પાંચ વર્ષ ફર્યો તો ૯૭ વેચાઇ ગયા અને ૩ છે તે વસુકી ગયા છે. ચા પીધા વગર પાછું આવવું પડે તેવી સ્થિતિ તમારી ના થાય એટલે તમારા શુભેચ્છક તરીકે વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : આપણે બિલમાં જ આવો ને? બિલની કલમ વિશે બોલો. સરસ સુધારા આપવા હોય તે આપો. તમારાં સરસ સૂચનો આપો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગાયમાતામાં ૩૩ કરોડ દેવતાનો વાસ છે. તેની પવિત્રતા ઉપર ગુજરાતના દરેક માણસને વિશ્વાસ, હિન્દુસ્તાનના દરેક માણસને વિશ્વાસ. તેની પૂજા થાય. ગાયને ચાંદલો કરીને આપણે શુભ કાર્યની શરૂઆત કરીએ. માણસ જન્મે ત્યારે પણ ગાયના ગોબરથી લીંપીને તેની છઠ્ઠી થાય. માણસ પરલોક સિધાવે પછી બાપુ ગાયના પૂંછડે પાણી પાઇએ તો ગવઢીયા પિતૃને સીધા ઉપર પહોંચી જાય. જે ગાયમાતાના પૂંછડે પાણી પાવાથી જે ગવઢીયાઓને પરલોકમાં શાંતિ મળતી હતી. આજ આ બિલ ભારતીય જનતા પાર્ટીની સરકાર મારી ગાય માતાને પાંજળે પૂરવાનો કાયદો લાવી અને ચૂંટણી ટાણે ગાયના પૂંછડા કોણ કાપતા હતા તેનો નકાબ ચિરવાનું કામ થઇ રહ્યું છે. ચર્ચા કરું તો બધી જ કલમો ઉપર ચર્ચા થઇ શકે એમ છે પણ સમયની મર્યાદા છે. ગાયોના ઘાસચારા માટે ભૂતકાળમાં ગાયને ૫ કિલોગ્રામ ઘાસ આપવાનો પરિપત્ર થયો. અમારે ત્યાં ૧૦ કિલોનો તો પોદરો કરે હવે આ ૫ કિલો ઘાસથી ગાયનું પેટ ભરાય ખરા? મેં ભારતીય જનતા પાર્ટીના મિત્રને પૂછ્યું કે આ ૫ કિલો ઘાસે શું થશે? તો એ મિત્રએ મને કાનમાં કહ્યું કે ભાઇ, અમે ગાયોને ડાયેટિંગ કરાવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક માત્ર વિનંતી કરવી છે, આ ગાય માતાનું દૂધ ઉત્તમ દૂધ છે. ચાર માતાઓને દેશ પૂજે છે. એક જનેતા જેની કૂખે જન્મ લીધો હોય એને આપણે મા તરીકે પૂજીએ છીએ, બીજી ગાય માતા, ત્રીજી ગંગા માતા અને ચોથી ભારત માતા. આપણે સૌએ સાથે મળીને જનેતાની જય બોલાવવી જોઇએ, ગાય માતાની જય બોલાવવી જોઇએ. મારી ગંગા માતા કરોડો રૂપિયા ખર્ચ્યા પછી હજુ મેલી છે. રામ તેરી ગંગા મેલી હો ગઇ હજુ ગાવું પડે છે અને ચોથી ભારત માતા. હું વિનંતી કરું છું કે, આ ચારેય માતાઓની એક વખત જય બોલાવી અને તમે આ બિલ પાછું ખેંચી લો એટલે ઘણી બધી સમસ્યાઓનું સમાધાન થઇ જશે અને નહીં તો મને વિશ્વાસ છે કે, ભારતીય જનતા પાર્ટીના મિત્રો સત્તામાં બેઠા છે, સરકારમાં બેઠા છે, બહુમતી છે પણ *(xxx) ક્યાંક નહીં કરવાનું થઇ ગયુંને તો પાટલી બદલાતા વાર નહીં લાગે. આજ તમે *(xxx)કદાચ આ બિલને મંજૂર કરાવી લેશો પણ આના પ્રત્યાઘાત આવતા દિવસોમાં પડશે. જે શહેરની ચિંતા કરો છો, હું પણ શહેરમાં રહું છું, કોઇ જનેતાની કૂખે બાળક જન્મે અને દૂધ માટે થઇને બોટલ જોઇએ, શહેરના લોકોને દૂધ જોઇએ એક દિવસ મારા માલધારીઓ શહેરની અંદર દૂધના વિતરણની હડતાલ કરે તો ચા વગર કેટલાયની આંખો નથી ખૂલે એમ. આ ગુજરાતમાં દૂધ એ પૌષ્ટીક આહાર છે, ગાય માતા એ આપણા જીવનની જરૂરિયાત છે, આપણી સંસ્કૃતિ અને સંસ્કારો સાથે વણાયેલી છે, ત્યારે ગાયોને પાંજરે પૂરવાની જે જોગવાઇ આ બિલમાં લઇને આવ્યા છે મને લાગે છે કે આ અતિશયોક્તિ છે અને ભૂતકાળની અંદર પણ આની અંદર ઘણી બધી ચર્ચાઓ થઇ છે. લાઇસન્સ રાજની વાત થઇ ત્યારે અમારા શ્રી શૈલેષભાઇ કહેતા હતા કે કોઇ ગાય માતા શહેરમાં ઘૂસી ગઇ હશે, ઇન્સ્પેક્ટર એને પકડીને લાઇસન્સ માગશે ત્યારે આ ગાય માતા એને લાઇસન્સ ક્યાંથી બતાવશે? અમારા માલધારી ભાઇઓની ચિંતા થાય છે, માલધારી ભાઇઓને કહ્યું કે, આ લાઇસન્સ લેવા માટે નિયત નમૂનામાં અરજી કરવી પડશે, આધારા-પુરાવા જોડવા પડશે, ફી ભરવી પડશે. જો અમારા માલધારી ભાઇઓને કલમ ચલાવતા આવડી ગયું હોત તો ગાયોને ચારવાનું ગોપાલક તરીકેનું કામ થોડા કરતા હોત. ઘણી બધી વાતો થઇ છે એટલે સમયની મર્યાદાને સમજી આપના મારફત સરકારને અને મંત્રીશ્રીને વિનંતી કરું છું. (અંતરાય) શ્રી જવાહરભાઇ, જમીને આવ્યા લાગો છો? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ રાખવા અને હેરફેર કરવા બાબત વિધેયક ૨૦૨૨ની પ્રકરણ-૨ની કલમ-૩, કોઇ શહેરી વિસ્તાર અથવા તેના ભાગમાં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અમારા કોંગ્રેસ પક્ષના બધા સભ્યોની લાગણી છે, તમારી માટે ગાય માતા એ મત મેળવવાનું સાધન હોય તો સમજ્યા પણ અમારી માટે તો એ 'મા' છે અને 'મા'ને પાંજરે ના પૂરવા અમારા કોંગ્રેસ પક્ષના સૌ સાથીઓ વતી વિનંતી કરું છું કે આ વિધેયક તે ગૃહ સમક્ષથી પરત ખેંચવા માટે સરકાર આગળ વધે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે કોંગ્રેસના મિત્રોના ભાષણ ઉપરથી એવુ લાગે છે કે, ગાય માતા માત્ર એમની જ છે. અમે હંમેશા કહેતા આવ્યા છીએ કે ગાય માતા આપણી છે. બિલનો ઇરાદો કોઇની અગવડતા દૂર કરવા માટે કોઇની સગવડતા છીનવવાનો નથી. માનનીય સી.જે.ચાવડા, પણ અમે બધાની સગવડતા થાય, સમસ્યા દૂર થાય, અકસ્માતો ન જ થાય, આના કારણે થતા અકસ્માતો દૂર થાય એવો અમારો પ્રયાસ છે. અત્યારે તો તમે બધા ગેલમાં આવી ગયા છો અને જાણે કે કોઇ એવું હથિયાર હાથમાં આવી ગયું, એટલે તેમને તો ભવિષ્ય દેખાવા લાગ્યું, પરંતુ ઉત્તર પ્રદેશમાં ૩૯૯ ઉભા રાખ્યા હતા અને ૩૮૭ની ડિપોઝિટ ગઇ અને ઇતિહાસમાં રફાળેશ્વર એ કોંગ્રેસના ખાતામાં ઉધાર આજે બોલે છે. વર્ષ ૧૯૮૫, ૧૯૮૬,૧૯૮૭ના દુષ્કાળ વખતે કોંગ્રેસ શાસનમાં હતી. ગાય માટે ભેગું કરેલુ ઘાસ રફાળેશ્વરમાં અને તેનુ મોટું કૌભાંડ થયું હોય તો એ કોંગ્રેસના શાસનમાં થયુ છે. તપાસ કરીને કહું છું અને આજે પણ તમને કહું છું..(અંતરાય) એ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તો બધા ઉપર જતા રહ્યા અને આખા દેશની અંદર અમને હિત છે, અમે તો ખરેખર ગાય માતાને માતા તરીકે જોઇએ છીએ. તમે આજે ગાયને રાજકીય રીતે જોઇ રહ્યા છો. એટલું બધું હેત ઉભરાઇ ગયું કે જાણે અમે તો કોઇ ગુનો કરી નાંખ્યો હોય.

માનનીય અધ્યક્ષશ્રી, મેં શરૂઆતમાં કહ્યું તેમ કે બધાની સગવડતા સચવાય એ હેતુ છે અને આખા દેશની અંદર ગૌહત્યા પર પ્રતિબંધનો પહેલો કાયદો કોઇએ કર્યો હોય તો આ ગુજરાતની ભાજપ સરકારે કર્યો છે. તમારી કઇ કોંગ્રેસની સરકારે કર્યો મને બતાવો? એ વખતે તમારી ગાય ભકિત કયાં ગઇ હતી બતાવો ? ગાય એનું ભરણ-પોષણ સારી રીતે થાય, મારો ખેડૂત પશુપાલક, માલધારી તે સારી રીતે ગાયનું ભરણ પોષણ કરી શકે એટલા માટે આખા દેશમાં એક ગાયને ભરણ પોષણ માટે પ્રતિ માસ ૯૦૦ રૂપિયાનું દાન આપવા, અનુદાન આપવા માટેની કોઇએ પહેલ કરી હોય તો એ ગુજરાતની ભાજપ સરકારે કરી છે. તમે અમને કયા મોઢે શીખવાડો છો? કયા મોઢે તમે અમને શીખામણો આપો છો? અમે તો ગાયનું હિત પણ જોયું છે, આપણે બધા સાક્ષી છીએ. રાત્રેના સમયે આપણે આવતા હોઇએ ત્યારે બાવળા, બગોદરા, સરખેજ એ વખતે ગાય, આખલા, બીજા ઢોર આમાં ઢોર શબ્દ જે છે તે કોમન છે, તે ગાય માતા માટે ઢોર નથી, પણ બન્નેમાં એવું ના થાય કે ઢોર ગાય એવું ના થાય એટલે કોઇ અપમાન કરવા માટેનો અમારો સહેજ પણ ઇરાદો નથી. અમે માતા તરીકે માનીએ છીએ અને માનતા રહીશું અને ગાયની સલામતી માટેનું પણ અમે વિચાર્યુ છે. એ વખતે ફૂલ સ્પીડમાં ટ્રક આવતી હોય અને ગાય માતા બેઠા હોય ત્યારે આપણે નજરે જોયું છે કે ટ્રક એની ઉપર ફરી વળે છે. આ કાયદો લાવવાથી ગાયોની સલામતી વધશે અને મારી માતા રોડ ઉપર ક્યારેય મરશે નહિ. એવો સાફ ઇરાદો છે. શ્રી જીતુભાઇ સુખડીયાએ પણ સરસ વાત કરી છે. મારા સાથી સિનિયર શ્રી નીતિનભાઇએ પણ કહ્યું છે. અમારી સરકાર છે તો પણ એમણે સૂચન કર્યુ છે. હું તમને કહું કે અમે ક્યારેય ગાય માતાનો રાજકીય ઉપયોગ કર્યો નથી. અમે તો વિધાનસભામાં છ વખત જીત્યા છીએ અને વર્ષ ૨૦૨૨માં પણ જીતીશું. અમને બધા સમાજનો ટેકો મળે છે, એટલે અહીં બેઠા છીએ અને માલધારી સમાજ અમારી સાથે જ છે. રાતો-રાત માલધારી સમાજ તમારી પડખે આવી ગયો એવું ના માનતા. માલધારી સમાજના લોકોને બોલાવીને કહીશું કે નાની-મોટી મુશ્કેલી હશે તો એને દૂર કરીશું. અમે તમારા ભગાભાઇને પણ બોલાવીશું. અમરેલીના ભગાભાઇને તકલીફ પડે એવું ન થવું જોઇએ. અમે કોઇ વર્ગને, કોઇ જ્ઞાતિને, કોઇ કોમને મત તરીકે જોતા જ નથી. અમે દરેક મતને માણસ તરીકે જોઇએ છીએ. આ કોઇ વર્ગ અમારાથી ખફા જઇ જાય એવા વહેમમાં ના રહેતા. છેલ્લો કલાક છે. હું તમને અભિનંદન આપું છું. સરસ ગૃહ ચાલ્યું એની શુભેચ્છાઓ. વર્ષ ૨૦૨૩ના બજેટમાં પણ આપણે બધા મળીએ એવી શુભેચ્છા પાઠવું છું.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત**(**થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એમાં એટલું જ કહેવા માંગુ છું કે ' દુ:ખ દેકર ભી સવાલ કરતે હો, તુમ ભી ગાલિબ ક્યા કમાલ કરતે હો' આજે ગુજરાત વિધાનસભામાં શહેરી વિસ્તારમાં ઢોર નિયંત્રણ કાયદો લાવવા માટે ચર્ચા થઇ રહી છે ત્યારે ગાય માતાને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા માટે બિલ લઇને આવ્યા હોત તો ખૂબ ખુશી થાત પણ આજે ગુજરાતના માલધારીઓ, ગુજરાતના રબારી સમાજ તેમજ પશુપાલકો માટે દુ:ખનો દિવસ છે. ગુજરાત વિધાનસભામાં સંખ્યાબળના કારણે કદાચ તમે કાયદો પસાર કરી દેશો પણ આવનાર દિવસોમાં ગુજરાતમાં લોકો વચ્ચે પણ જવાનું છે. રસ્તા પર ગાય માતા અને આખલાના લીધે જેટલા લોકો રસ્તા પર મૃત્યુ પામ્યા નહિ હોય એના કરતા રસ્તા પર પડેલા ખાડા તેમજ શહેરી વિસ્તારમાં મચ્છરોના લીધે થતા ડેન્ગ્યુ જેવા રોગોથી વધારે લોકો મૃત્યુ પામે છે, તો તમે આવનારા સમયમાં મચ્છર નિયંત્રણ પર પણ કાયદો લાવશો? ગુજરાતમાં ડાયરાના શોખીન શ્રી જીતુભાઇ છે. એ ભાથીજી મહારાજ જતા હશે. તેઓ એમના લગ્નનો ચોથો ફેરો ફરતા હતા, ત્યારે ગાયમાતાને બચાવવા માટે તેઓ શહીદ થયા હતા. અમારા થરાદના વાવમાં લાખાપીર દાદા અને કચ્છમાં વચ્છરાજ દાદા ગાયોની વહારે શહીદ થયા હતા. આજે ગામડે ગામડે પાળિયા અને ખાંભીઓ છે. ગાયો માટે બલિદાનો આપેલા છે ત્યારે એટલું જ કહેવા માગું છું કે ગાય માતા છે. ગામડામાં પહેલાં વાડા હતા, કોઈ રખડતાં પશુ કદાચ કોઈ ખેતરમાં જતા હોય તો તે વાડામાં પૂરવામાં આવતા અને તંત્ર દ્વારા તેને તેનો આહાર પૂરો પાડવામાં આવતો હતો. આજે શહેરી વિસ્તારમાં તો તેના માટે ક્યાંય જગ્યા જ નથી. ગરીબો માટે કેટલ હાઉસ બનાવવાની વાત કરી. ગરીબોને આપવા માટે તમારી પાસે જગ્યા નથી તો કેટલ હાઉસ ક્યાંથી બનશે? આજે ગામડામાં વાડા છે ત્યાં ખેડૂતો તેમનાં ઢોર બાંધી શકતા નથી, કારણ કે ત્યાં લેન્ડ ગ્રેબિંગનો કાયદો લાગુ પડે છે. આજે ગામડાઓમાં નંદી શાળાઓ બની રહી છે. અમારા વાવ વિસ્તારમાં તળાવ ગામમાં પથમેડામાં બાપજી દ્વારા આજે ૧૦ હજાર કરતા પણ વધુ નંદી રાખી શકાય, તે માટે લોકોએ પોતાની જાતે સગવડ ઊભી કરી છે તો સરકાર ન ઊભી કરી શકે? સરકાર દ્વારા નાનાં શહેર કે ગામડાઓમાં નંદી શાળા બનાવવામાં આવે અને તેને ઘાસચારો પૂરો પાડવામાં આવે તેવી મારી વિનંતી છે. આવા કાયદા લાવી રબારી અને માલધારી સમાજને અન્યાય થઈ રહ્યો છે. આ રબારી સમાજ દ્વારા હમણાં મુખ્યમંત્રીશ્રી અને ભાજપના પ્રદેશ પ્રમુખશ્રીની રજત તુલા કરવામાં આવી હતી ત્યારે આજે કહેવા માગું છું કે જે રબારી સમાજે મુખ્યમંત્રીશ્રી અને ભાજપના પ્રમુખની રજત તુલા કરી હતી તે જ પક્ષના લોકો રબારી સમાજની *(xxx) જે સમાજના લોકોએ તમને માન-સન્માન આપ્યું તે જ સમાજના વિરુધ્ધનો કાયદો આવ્યો છે.

અધ્યક્ષશ્રી : *(xxx)વાત રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ(રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક,૨૦૨૨

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બેઠેલા તમામ મંત્રીશ્રીઓ ગાયનું દૂધ પીતા હશે. ગાયો અહીંયાથી જતી રહેશે તો કઈ રીતે દૂધ આપશો? માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ગાયો માટે જે કાળો કાયદો લાવવામાં આવ્યો છે તે પાછો ખેંચો અને ગૃહના તમામ સભ્યોને વિનંતી કરું છું કે જ્યારે ગાયને માતા કહેતા હોઈએ ત્યારે આપણે સૌએ આત્માનો અવાજ સાંભળીને, આપણે સૌએ આથે મળીને કાયદાની વિરુદ્ધમાં વોટિંગ કરવું પડે તો પણ કરો તેવી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના શહેરી વિકાસ મંત્રીશ્રી ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ અંકુશમાં રાખવા માટેનું બિલ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષના ઘણા બધા ધારાસભ્ય મિત્રોએ સરકારને સલાહ આપી છે. તેમાં જે કલમો રાખવામાં આવી છે તેની પણ છણાવટ કરી છે. એ તરફ મારે વધારે કહેવું નથી, પણ અત્યારે શહેરી વિસ્તારમાં વસતો નવો માલધારી સમાજ કદાચ ભણેલો હશે, પણ જે તે વખતનો અભણ સમાજ અને આ ઢોર રાખવા માટે લાઇસન્સ લેવાનું? પશુ પાળવા માટે પણ જગ્યા નિયત કરવાની? લાઈસન્સ રિન્યુ કરવાના પણ માપદંડ? મુક્ત મને વિચરતો ગામડામાં અને શહેરોમાં પણ ગાયોના પશુધનને લઈને ચરામણ કરવા જતા આ માલધારી સમાજ, રબારી સમાજ કે ભરવાડ સમાજ હોય એ બધાને કનડગત કરનારું આ બિલ છે એવું મને દેખાઇ રહ્યું છે. ગુજરાત રાજ્યના વિકસતા જતાં શહેરોની સાથે સાથે આપણે સૌ જાણીએ છીએ કે, અમદાવાદ, વડોદરા, રાજકોટ કે સુરત હોય, અગાઉનાં વર્ષોમાં ગામડાં હતાં, ત્યાં નજીકમાં જે તે વખતે શહેરીજનોને દૂધ પૂરું પાડવા માટે આ માલધારી સમાજ દૂધ વેચતો અને ભરણપોષણ કરતો હતો. સમયાંતરે શહેરી વિકાસના કારણે આપણે એને વુડા, સૂડા, રૂડામાં દાખલ કર્યા. એ જયાં રહેતો હતો ત્યાં હવે એની પોતાની માલિકીની જમીન છે, પોતાનું ઘર છે, પોતાનો વાડો છે અને એ વાડામાં એ પોતાનાં ઢોર, પોતાની ગાયમાતાને ઉછેરતો હોય ત્યારે એને નિયંત્રિત કરવા માટેનો પ્રયત્ન થઇ રહ્યો હોય એવું મને દેખાઇ રહ્યું છે. આપણા ગુજરાતમાં ખેડા જિલ્લામાં અમૂલ આવેલું છે. એ અમૂલ થકી આખી દુનિયામાં આપણું નામ છે. એમાં દૂધ ભરનાર ખેડૂત સમાજની સાથે સાથે માલધારી સમાજ, રબારી સમાજ, ભરવાડ સમાજ પણ જોતરાયેલો છે. આ સમાજ શહેરો અને ગામડાં માટે બલિદાન આપનારો સમાજ છે. અમારા દાદા પણ વાત કરતા હતા. મારા મનમાં એવું હતું કે આ બાપુઓ બેઠા છે. આ બાપુઓ, આ ક્ષત્રિયો એક જમાનમાં ગાયોની વારે ચડતા હતા. એ તરફ લઈ જવા માગું છું. તમે આ બિલ પાછું ખેચી લો એટલે વાત પૂરી થઇ જાય અને અમે ચર્ચા કરતા બંધ થઇ જઇએ. ગૌરક્ષક પ્રતિપાળ ક્ષત્રિયો જયારે અમારા શ્રી પ્રદિપસિંહ બાપુ બેઠા હોય, શ્રી કિરીટસિંહ બાપુ બેઠા હોય, શ્રી ભૂપેન્દ્રસિંહ બાપુ બેઠા હોય, આવા બધા બાપુઓ બેઠા હોય ત્યારે આપણે ક્ષત્રિય વીર ભાથીજી મહારાજની વાતો પણ સાંભળેલી છે. ગાયોના રક્ષણ માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર આ ક્ષત્રિય સમાજના માણસો મંત્રીમંડળમાં પણ હોય ત્યારે અમે અપેક્ષા રાખીએ કે ગાય માતાના રક્ષણ માટે જે માલધારીઓ છે, ભરવાડ છે, ચારણ છે એમને જે તકલીફ થવાની એની વારે તમારે ચડવાનું કે નહીં ચડવાનું? કે પછી અગાઉનાં વર્ષોમાં જેમ રાજકીય રીતે લાભ લીધો તેમ ગાયા માતા, ગાય માતા કરીને ફરી પાછુ કંઇક નવું રાજકારણ ઉભું કરવા માંગો છો? અમારા ઘણા બધા સાથી મિત્રોએ ઘણી બધી વાતો કરી. કોર્પોરેશનથી આ ઢોરોને સાચવી શકાતાં નથી. પકડી શકાતાં નથી. શહેરના માણસો તમને એક્સિડંટની વાતો કરે અને જો આ બિલ તમે લાવ્યા હોય તો એ યોગ્ય જણાતું નથી. ગોવિંદબાપુ, કેમ કડક કડક થાઓ છો? શૂરાતન કંઇ ચડે છે કે નથી ચડતું? હા મને એવું લાગે છે, અહીંયા જે મીનીમાઇઝ કરવાની જરૂર નથી, બિલમાં કરો. માત્ર શહેરીજનોની કોઇ રજૂઆત આવી હોય, કોઇકનું મરણ ન થાય તેની કાળજી રાખવાની જવાબદારી સરકારની છે એ વાત અમે સમજીએ છીએ, પણ એનું કારણ માત્ર ઢોર, અને આ ઢોરમાં ગાય માતા આવી જાય, મોટે ભાગે શહેરમાં ગાય માતાઓ જ હોય છે. આખલાઓ નથી હોતા, આખલાઓ તો સીમમાં ચરવા જાય, જયારે આ બાબતમાં ઘણી બધી ચર્ચા થઇ છે, સિનિયર મંત્રી જે માજી હતા એમને રિકવેસ્ટ કરું કે તમારા જુનિયરને આ બિલ પાછું ખેંચવા માટે અને માલધારી સમાજના હક્ક માટે, એમને નુકસાન ન થાય એના માટે અમારો કોંગ્રેસ પક્ષ સદૈવને માટે સાથે રહેશે. આ બિલને અમે કોઇ પણ સંજોગોમાં ટેકો આપી શકતા નથી. તમે તમારું આ બિલ પાછું ખેંચો, ગાય માતાની જય.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( માનનીય મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારું દિલ ભરાઇ ગયું, આંખોના પાણીથી આખો રૂમાલ મારો ભીનો થઇ ગયો, વિપક્ષના જે તમામ મિત્રોએ આજે જે સંબોધન કર્યું છે એ અવિસ્મરણીય છે. મને આનંદ એ વાતનો છે કે કયારેય ભારત માતાકી જય બોલાતું નહોતું. આજે એ લોકો ભારત માતાકી જય, જય, જય બોલતા થઇ ગયા છે, અને આજે ગાય માતાની જય બોલતા પણ થઇ ગયા છે. તમને અભિનંદન છે એ વાતના. આપને બધાને ગાય માતા ખૂબ યાદ આવે છે. મને ખૂબ આનંદ છે, કે ગાય માતા માટે આપ બધા બોલ્યા, ભગવાનશ્રી કૃષ્ણની જયારે વાત કરતા હતા, રૂક્ષ્મણીજીએ પૂછયું, ડો. ચાવડાજીએ વાત કરી ત્યારે એમણે કહ્યું કે મારી આંખો તો વૃન્દાવન તરફ છે, કારણ કે મારી ગાયો ત્યાં છે, એનું શું હશે? આપે કહ્યું કે ભગવાન જયાં હશે, ભગવાન તો બધે જ છે, શ્રી કૃષ્ણ ભગવાન જયાં હશે ત્યાં એમની આંખમાં આંસુ આવતા હશે, હા, તમારી વાત સાથે સંમત છું, કે એમની આંખમાં ચોકકસ આંસુ આવતા હશે અને તેનું કારણ એ હશે કે એ ખુશીના આંસુ હશે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર એવો કાયદો લાવી રહી છે કે એ ગાય માતા રસ્તા ઉપર રઝળતી જોવા નહીં મળે, એને વેતર આવતું હશે, ભર તડકો-ઉનાળો હશે અને એની વાછરડી કે વાછરડું જન્મ્યું હશે અને નીચે જમીન ઉપર પડયું હશે, આજુબાજુના ઘર હશે તો કંઇક લાડવા લાવીને ખવડાવવાની કોશિશ કરતા હશે, એવી રીતે અહીંયા આપણે

જન્મવા દેવા માગતા નથી. એ વાછરડી વાછરડાનો કોઇ સારી જગ્યાએ ઉચ્છેર થાય, એ ગૌમાતાનું સંવર્ધન થાય, શું આ પ્રયાસમાં તમે સમર્થન કરવા માગતા નથી? માત્ર એક જ વાત ઉપર રાજકારણ આમાં તમે કરી રહ્યા છો? અમારું આ રાજકારણ નથી. માત્ર અને માત્ર આપણે બધા જ જાણીએ છીએ કે લોકશાહીમાં તમે માનો છો? અમે તો માનીએ છીએ, બંધારણમાં તમે માનો છો? અમે માનીએ છીએ. આ તમને પ્રશ્ન એટલા માટે કરું છું કે જયારે કોન્સ્ટિટ્યૂશનમાં આપણે માનીએ છીએ, આપણે કોન્સ્ટિટ્યૂશનના શપથ લઇએ છીએ અને જયારે હાઇકોર્ટની બંધારણીય જે બેન્ચ કહેવાય, આજે હાઇકોર્ટ એક હુકમ કરે, સરકારે માનવો પડે. અને એટલે કોઇ રાતો રાત સ્વપ્નું નથી આવ્યું. ઘણા બધા મિત્રોએ પ્રશ્ન કર્યા કે કેમ લાવવો પડયો? ચૂંટણી છે, નજીકમાં છે, આવશે, આવી વાતો નથી, લોકશાહીમાં માનીએ છીએ, લોકોના પ્રશ્નોને સોલ્વ કરવામાં માનીએ છીએ. અને જયારે ગુજરાત હાઇકોર્ટમાં પી.આઇ.એલ. નંબર ૧૭૦/૨૦૧૭, એચ.સી.એ. નંબર ૨૨૮૬/૨૦૧૭, આ કેસમાં ૧૧/૫નો હુકમ હતો એમાં નિર્દેશ આપ્યો છે, જેમાં પેરા નંબર ૩૦ માં જણાવ્યું છે કે રાજય સરકારે, હું તમામ ગૃહના સન્માનનીય સભ્યોને વિનંતી કરીને આમાં લક્ષ આપવા માટે આપનું ઘ્યાન દોરું છું. ૩૦ના પેરામાં જણાવ્યું છે કે રાજય સરકારે મહારાષ્ટ્રના કાયદા મુજબ યોગ્ય કાયદો ઘડીને ઢોરના ત્રાસને દૂર કરવાનું કાયમી નિરાકરણ લાવવું. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ સરકાર છે એ મહારાષ્ટ્રનો કાયદો લાવવાની વાત માનનીય હાઇકોર્ટે કહી છે અને અમે સ્વીકારી છે અને જયારે વિજ્યુઅલ મિડિયા જોઇએ છીએ, ત્યારે એની અંદર એક ગાયે ગોથું માર્યું હોય, આખલાએ કે ખુંટીયાએ કયાંક અકસ્માત કરી દીધો કોઇને ઉછાળી પાડ્યો હોય એ તો ઘટના એકજ વાર બને છે, પણ એ ઘટના મિડિયાની અંદર પ્રિન્ટ મિડિયા તો સારું એમાં એકજવાર છપાય જાય. કોઇ વાચે કે ન વાચે, પણ વિજ્યુઅલ મિડિયા દસ દસ મિનિટે બતાવ્યા કરે અને એ એટલી બધી ઘનિષ્ઠ રીતે એની ઇમ્પ્રેશન હોય છે. માનસિક લોક માનસ ઉપર અસર હોય છે કે શહેરની અંદર આ તકલીફ છે એને દૂર કરવી જ જોઇએ અને એ દૂર કરવા માટેના કાયદાની વાત જયારે નામદાર હાઇકોર્ટ કરતી હોય, ગુજરાત હાઇકોર્ટ કરતી હોય એને તમે નથી માનતા? તમે એવું નથી માનતા કે હાઇકોર્ટનો હુકમ માનવો જોઇએ? તમે એવું ચોક્કસ કહી શકો કે આમાં દંડ વધારે છે આને થોડો ઓછો કરવો જોઇએ. પોતાની પાર્ટીના હોવા છતાં સરકારને માનનીય નીતિનભાઇએ વિનંતી કરી તો આ હોઇ શકે એની ના નથી. પણ શ્રી કૃષ્ણ ભગવાનના આંખમાં આંસુ આવ્યા હશે અને ગૌમાતાની અમને કોઇને ચિંતા નથી એવી વાત કરી. અમારો પ્રાણ જશેને તો તે વખતે ગૌમાતા અમને યાદ આવશે. આ સંવેદના માત્ર મારી નથી તમારી પણ છે. પણ તમે એને રાજકારણમાં ન ખપાવો તકલીફ છે એના નિવારણ માટે સરકાર બેઠી છે અને સરકાર એટલા માટે આ કાયદો લાવી છે. મોટા ભાગના આપણે બધા જ એજ્યુકેટેડ છીએ વાત ને સમજી શકીએ છીએ. માનનીય કિરીટભાઇએ કાયદાની વાત કરી. કાયદાની વાતને આપણે પહોંચી વળીશું એટલે કે સમજાવી શકીશું. કાયદાની વાત કરીને આપે જે વાત કરી એમાં આ કાયદો માત્રને માત્ર મ્યુનિસિપાલિટી અને મ્યુનિસિપલ કોર્પોરેશન માટે છે. ગુજરાતના ૧૮ હજાર ગામડાં છે ત્યાં આ કાયદો નથી લાગવાનો. તમે ગૌપાલકોની વાત કરતા હોય તો અમે તો શ્રી કૃષ્ણ ભકત છીએ. શ્રી કૃષ્ણ ભકત હોવાને કારણે હું વ્યકિતગત વાત કરું છું. શ્રી કૃષ્ણ ભકત હોવાને કારણે અમને ગાય માટેનો પહેલો પ્રેમ છે. ગૌમાતાને તકલીફ પડે એવું કોઇ કૃત્ય અમે કરીએ નહિ. સ્વપ્નામાં પણ અમને આવું ન આવે અને આપે વાત કરી એ આખા વિસ્તારમાં નહિ લાગુ પડે. જયાં પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવશે એટલા વિસ્તાર પૂરતું જ લાગુ પડશે. આની અંદર એક યોજના છે. એક નિયમ આપણે મૂકયો છે. ભારતના બંધારણના અનુચ્છેદ ૩૦૧ મુજબની વાત આપે કરી કે મિલ્કત ધારણ કરવાનો અમે ગાયને માનીએ છીએ, માતાને મિલ્કત માનતા નથી. માનનીય કિરીટભાઇ, આપની જે સમજણ છે માફ કરજો ગાય ખરીદવી, ગાયને ઘરમાં લાવવી, ઉછેરવી એ જુદી વાત છે એને મિલ્કત તરીકે ન જોવાય. બીજું મૂળભૂત અધિકાર નથી એ. મૂળભૂત અધિકાર મિલ્કતનો છે એવું કહીએ છીએ એ માત્ર બંધારણીય અધિકાર છે. મૂળભૂત અધિકાર એ જુદી વસ્તુ છે. આ ઉપરાંત આપે કાયદાની વાત કરી. અનુચ્છેદ ૧૯ની વાત કરી કે મૂળભૂત અધિકારો એ સ્વયં સંપૂર્ણ નથી. યોગ્ય સંજોગોમાં રાજય સરકાર એમાં નિર્ણય લઇ શકે છે અને એની અંદર પગલાં લાવી શકે છે. કોઇપણ રીતિ નીતિ નવી બનાવી શકે છે અને એમાં કોઇ વિધેયકનો હેતુ જો જોઇએ તો આ પ્રકારનું નિયંત્રણ એમાં આવતું નથી. જો નિયંત્રણ હોય તો વાજબી નિયંત્રણ હોય છે અને એ બંધારણને માન્ય છે. આમાં બંધારણીય અધિકારનો કોઇ ભંગ થતો નથી. આ ઢોરને લગતી જોગવાઇ આઇ.પી.સી.માં પણ છે, નથી એમ નહિ અને એ કોઇપણ કાયદો, આ કાયદો લાવી રહ્યા છીએ, એ કોઇને ઓવરરીડિંગ ઇફેકટ આપતું નથી. કોઇના કોન્ટ્રાડિકશનમાં આવતું નથી, એટલે ગેરબંધારણીય ઠરવાનો કોઇ પ્રશ્ન નથી. આ વિધેયકની કલમ-૨૮ મુજબ વધારાની જે જોગવાઇઓ છે, તેને કારણે વિધેયકની જોગવાઇઓના કારણે કાયદાની કોઇપણ જોગવાઇને ઓવરરાઇટ કરશે નહિ. આને મૂળભૂત રીતે જોઇએ તો ભારતીય જનતા પાર્ટીની સરકારે ગૌવંશ હત્યાનો કાયદો અમે જ લાવ્યાને? ડો. ચાવડાજીએ વાત કરી કે કાયદો મૂળથી છે. શ્રી ચીમનભાઇ પટેલની સરકાર વખતે સાત વર્ષની સજા હતી. અમે જનમટીપની સજા લઇ આવ્યા. અમે દસ વર્ષથી ઓછી નહીં એવી સજા લઇ આવ્યા. અમે ભારે દંડની સજા લઇ આવ્યા. અમે તો સારું જ કર્યું છે ને? તો ગૌમાતા માટે ચિંતા હતી એટલે જ કર્યું છે અને તમારી ચિંતા પણ વ્યાજબી છે, પણ જ્યારે ગૌમાતાની વાત હોય તો અમે એમાં રાજકારણ ન રમીએ અને તમે સરકારને સપોર્ટ કરો કે સરકાર સારું કામ કરવા જઇ રહી છે. ભારે તકલીફ થાય છે, આ અકસ્માતના કારણે જેની કોઇ વ્યકિત ગુજરી જાય છે. કોઇ મોટરસાઇકલની અડફેટે જ્યારે ગાય કે આખલો અથડાય ત્યારે ઘણી મુશ્કેલીઓ સર્જાય છે. આપણે જાણીએ છીએ. ઘણા અકસ્માત થાય છે. આપણે રોજ ટી.વી.માં જોઇએ છીએ. જે રીતે ઉલાળીને ફેંકે છે અને એ કામ ખૂંટિયો કરે

છે. આ ખૂંટિયો શબ્દ માનનીય પરેશભાઇએ વાપર્યો હતો એટલે મને યાદ રહી ગયો છે. તો આ ગાય માતાની વાતમાં અમે એટલા ચિંતિત છીએ. આપે જે વાત કરી, અમને તકલીફ થતી હતી કે આ ગાયમાતાની વાતને આમ વિચિત્ર રીતે કેમ લો છો? વિરુદ્ધ રીતે કેમ લો છો? અમે એને સારી રીતે લેવા માગીએ છીએ. અમારો હેતુ શુદ્ધ છે. આમાં કોઇ રાજકારણ નથી. ચૂંટણીને તો હજુ ઘણી વાર છે. તે વખતે સત્ર આવત ત્યારે અમે લાવી શકતા હતા, એકદમ નજીકમાં ચૂંટણીની વાત હોત ત્યારે. પરંતુ બે વસ્તુ છે. એક તો એક તરફ નામદાર હાઇકોર્ટનો ચુકાદો છે અને ચુકાદામાં અમને આદેશ કરાયેલો છે અને એ આદેશમાં પણ પાછું લખેલું છે કે મહારાષ્ટ્રની સરકારનો જે આ કાયદો છે તે મુજબનો લાવો. તો અમે એ મુજબનો લાવ્યા છીએ. જે કોંગ્રેસ સરકાર ત્યાં આગળ લાવેલી છે. તો માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ પવિત્રતાથી કહીએ છીએ. ખૂબ લાગણીશીલતાથી કહીએ છીએ. ગૌમાતાને અમે ગૌમાતા જ માનીએ છીએ. ઢોર શબ્દની અંદર આપણે ન પડીએ. એ ઢોર તો વ્યાખ્યાની અંદર જે શબ્દ આવતો હોય. કેટલ. તો કેટલનું ગુજરાતી થાય એ ગુજરાતી કરવું પડે અને એ રીતે લખેલું છે. એને આપ જો એમ જ ગણો કે તમે ઢોર કેમ કહ્યું. અમે ઢોર નથી કહેતા. અમે ગૌમાતા જ કહીએ છીએ અને પછી શ્રી ભગાભાઇની વાત સાંભળવા જ હું તો ખાસ રોકાયેલો. માનનીય પરેશભાઇએ જે વાત કરી. ખરેખર આ એટલો બધો સંવેદનશીલ મુદ્દો છે કે એને આપણે ભડકો કરવાનું કામ ન કરીએ. લોકોની તકલીફને દૂર કરવા માટે જ્યારે સરકાર એક કાયદો લાવતી હોય તો મારી વિનંતી છે કે આપ સૌ એમાં સહકાર આપો. અમે ખુલ્લા દિલથી તમારો સહકાર પણ માગીએ છીએ અને તમારો આભાર પણ માનીશું. તમારા ઘણાં બધાં સારાં સૂચનો છે, પણ તમને બધાને મારે એક વાતના અભિનંદન એટલા માટે આપવા પડે, અમારી વાત પણ એ જ હતી. આપ સૌની વાત પણ એ જ હતી. બધાએ કહ્યું કે હા, ગાયથી કે આખલાથી તકલીફ થાય છે. પછી એ ગ્રામ્ય જીવન હોય કે શહેરી જીવન હોય. આ તકલીફની વાત બધાએ સ્વીકારી છે. તો હું આપ સૌને ફરી એકવાર વિનંતી કરું છું, આની અંદર દંડની બાબતમાં હું માનનીય દંડકશ્રીને વિનંતી કરું છું કોઇ સૂચના હશે તો તેમાં ચોક્કસપણે વિચારી શકાય, પરંતુ જયાં આગળ લોકોના સારા માટેની વાત છે તો આપનો સહકાર માગું છું. ધન્યવાદ.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો બિલ ઉપર અમારા ઘણા બધા આગેવાનો બોલ્યા છે અને નેતા બોલ્યા પછી બોલવાની ઇચ્છા નહોતી. જે રીતે માનનીય ભૂપેન્દ્રભાઇ અને માનનીય રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ લાગણીશીલ વાતો કરી તેના અનુસંધાનમાં હું મારી વાત મૂકીશ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર જયારે બિલ લઇને આવી છે, ત્યારે માનનીય ભૂપેન્દ્રસિંહભાઇએ કહ્યું, માનનીય રાજેન્દ્રભાઇએ કહ્યું કે મતોના રાજકારણના લીધે, ચૂંટણીઓ વહેલી આવવાની છે કે નથી આવવાની તેના લીધે તમે બિલ ઉપર ચર્ચા કરી રહ્યા છો. સવાલ ત્યાં આવીને ઉભો રહે છે કે કોંગ્રેસના બેઠેલા આ બધા જ ધારાસભ્ય મિત્રો કે જે ધારાસભ્ય મિત્રો સવારે ૯-૦૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રી, આપનો આદેશ થયો, ફોટોગ્રાફી માટે આવ્યા. અત્યારે રાતના ૧૨-૦૦ વાગવાના છે. ભારતીય જનતા પાર્ટીના તમામ ધારાસભ્ય મિત્રો, ઇવન મંત્રીશ્રીઓ સાથે માનનીય જીતુભાઇને ત્યાં ભોજન હતું અને તમે બધા ભોજન કરીને પણ આવ્યા છો. (અંતરાય) બે-પાંચ જણા નથી ગયા, ચાલો ને. અમારા ધારાસભ્યો આ બિલની અંદર ચર્ચા કરવા માટે ભૂખ્યા આજે પણ બેઠા છે અને હજી પણ અમે ચર્ચા કરી રહ્યા છીએ. બીજું તમે કહો છો કે અમે રાજકીય હેતુસર રાજકારણ કરવા માટે ગાય માતાનો ઉપયોગ કરી રહ્યા છીએ. આ વાત તમે કયા મુદ્દા ઉપર કહી રહ્યા છો? અમે તમને ટેકો આપીએ તો સારા. શ્રી જીતુભાઇ આજે સવારે યુનિવર્સિટીનું બિલ લઇને આવ્યા, એમાં અમે ચર્ચા પણ કરી અને ચર્ચાને અંતે અમે તમને ટેકો પણ આપ્યો. વિનાવિરોધે તમારું બિલ મંજૂર કરાવ્યું. તમારી જોવાની નજર છે એ નજરમાં ફેર છે. માનનીય રાજેન્દ્રભાઇ વકીલ છે. અમને સમજાવતા હતા, અમે સાંભળતા, સમજતા હતા કે હાઇકોર્ટનો ચુકાદો આવ્યો અને હાઇકોર્ટના ચુકાદાના લીધે આ બિલ અમારે લાવવું પડ્યું. હાઇકોર્ટે તો અનેક ચુકાદાઓ આપેલા છે. અમદાવાદ શહેરમાં થતાં પોલ્યુશન બાબતમાં અને બીજી અનેક બાબતોમાં હાઇકોર્ટે ચુકાદાઓ આપ્યા છે. સરકાર કેમ પહેલ નથી કરતી? રાજકીય રીતે આ બિલને તમે જુઓ છો, અમે નથી જોતા. જો અમે રાજકીય રીતે જોયું હોત તો અમે ૧૨ વાગ્યા સુધી બિલ પર ચર્ચા ન કરતા. રાજકીય રોટલા શેકવા હોત તો એક-બે ધારાસભ્યો ડિબેટ કરીને બિલ પાસ કરાવી દે અને પછી બહાર જઇને રાજકારણ કરતા. જે બિલ લઇને આવ્યા છો, અમારા ધારાસભ્યશ્રીએ આ બિલમાં ચર્ચા કરી ત્યારે એમનો ડૂમો ભરાઇ ગયો હતો. એમની આંખમાં આંસુ હતા અને પાણી આપવું પડ્યું છે. હિન્દુત્વની વ્યાખ્યા લઇને ઠેકો ખાલી તમે નથી લીધો. અમારો જન્મ પણ હિન્દુ ધર્મમાં થયો છે. તમારી નજર અને અમારી નજર જુદી છે. તમે વાત હિન્દુત્વની કરો છો એ તમારો અધિકાર છે એની ના નથી પાડતો. અમને રાજધર્મ શિખવાડનારા તમે કોણ એ પ્રશ્ન અમે પૂછીએ છીએ. માનનીય રાજેન્દ્રભાઇ ખૂબ સારી વાત કરતા હતા. એમનો રૂમાલ પણ ભીનો થઇ ગયો. સરકાર સિક્કાની બીજી બાજુ કેમ જોતી નથી? હાઇકોર્ટનો ચુકાદો છે અને અમારે બિલ લાવવું પડ્યું છે. સાચી વાત છે પણ હાઇકોર્ટની ઉપર પણ સુપ્રીમ કોર્ટ છે. જો તમે ગાય માતાની ચિંતા કરી હોત તો હાઇકોર્ટના ઓર્ડર સામે સુપ્રીમ કોર્ટમાં જઇ શક્યા હોત. વાઇસ ચાન્સેલરની બાબતમાં હાઇકોર્ટનો ચુકાદો આવ્યો તો તમે સુપ્રીમમાં ગયા છો. ફિક્સ પગારની બાબતમાં હાઇકોર્ટનો ચુકાદો આવ્યો તો તમે સુપ્રીમમાં ગયા છો. કર્મચારીઓને પ્લોટ આપવા બાબતમાં હાઇકોર્ટનો ચુકાદો આવ્યો છે તો તમે સુપ્રીમમાં ગયા છો. આવા અનેક ચુકાદાઓ છે. એક ચુકાદાની અંદર સરકાર એમ કહેતી હોય કે હાઇકોર્ટનો ચુકાદો છે માટે બિલ લાવ્યા છીએ. અમે સરકારને પૂછીએ છીએ કે આ બિલ લાવ્યા છો, તમારી પાસે સુપ્રીમમાં જવાનો મોકો હતો તો તમે કેમ નથી ગયા? કોંગ્રેસના સભ્યો ૧૮-૨૦ ધારાસભ્યો આ બિલ ઉપર

ગંભીરતાથી ચર્ચા કરે ત્યારે તમે રાજકીય કહો છો? ઘણા એવા ધારાસભ્યો છે, પોતાના ખેતરમાં કે પોતાના વાડામાં ગાય રાખે છે. ગાયના દૂધ ઉપર એમનો દિવસ શરૂ થતો હોય છે. તમે અમને કઇ રીતે કહી શકો કે અમે ગાયના રાજકારણ માટે આ ચર્ચા કરી રહ્યા છીએ. તમે સારું કહો એટલે સારું કહેવાનું? અમે એવી રીતે બંધાયેલા નથી. પાટલી થપથપાવવા માટે આ વિધાનસભા ગૃહમાં આવ્યા નથી. જ્યાં ખોટું થતું હશે ત્યાં સરકારને કહેવાનો અમારો અધિકાર છે અને અમે કહી રહ્યા છીએ. તમે જે કલમોમાં વિસ્તરણપૂર્વક લખ્યું છે આની અંદર કે રાજ્યના શહેરોના વિસ્તારોના રહેવાસીઓ રખડતાં ઢોરની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. શહેરમાં મુકત રીતે આસપાસ રખડતાં ઢોર જોખમ બની રહ્યાં છે. આ તમે લખ્યું છે. અમે નથી લખ્યું. ઢોરની વ્યાખ્યામાં આપ કહી શકો છો. અમે કેમ બોલીએ છીએ? અમે અમારું છાપેલું તો બોલતા નથી. સરકારે છાપીને અમને આપ્યું છે એટલે અમે બોલીએ છીએ કે તમે જયારે ટાઇટલ જ માર્યું છે કે ગુજરાત શહેરી વિસ્તારમાં ઢોર નિયંત્રણ રાખવા અને હેરાફેરી કરવા બાબત. એમાં રખડતા ઢોરનું જે લિસ્ટ આપ્યું છે એમાં ગાયનું નામ છે માટે અહીંયા ગાયનો ઉલ્લેખ થાય છે. કેમ કોઇએ ગધેડાનો ઉલ્લેખ ન કર્યો? ગધેડાનું નામ પણ અગિયારમું છે એ પણ પ્રાણી છે. સવાલ રાજકારણના મતોનો નથી. સવાલ અમારી લાગણીઓનો છે અને મેં પહેલા પણ કીધું અને અત્યારે પણ કહું છું.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, પહેલી એપ્રિલ થઇ ગઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારે જો કોઇ સમાજને ઉશ્કેરવો હોત તો સમાજ ખાલી માલધારી નથી, પશુપાલન સાથે જોડાયેલા સભ્ય લોકો છે. ખેડૂતો છે. અમારો ખરાબ ઇરાદો નથી. અમે જે વાત કરી છે એ લાગણીશીલ વાત કરી છે. અમારા મુદ્દાઓ, અમારી લાગણીઓ એ વિધાનસભા સમક્ષ અમે મૂકેલી છે. આ અમારી વાત વિધાનસભા સમક્ષ હાઉસમાં અમે મૂકેલી છે. તમે આને રાજકીય ગણતા હોય તો તમારી નજરમાં ફેર છે. અમારી નજરમાં ફેર નથી. એમ કહેવાય છે કે સવારે વાઇફ રોટલી બનાવતી હોય તો પહેલી રોટલી એ ગાયનો અધિકાર છે અને છેલ્લી રોટલી એ કૂતરાનો અધિકાર છે. સમય બદલાઇ ગયો. સવારે કામકાજ માટે જવાનું હોય એટલે પહેલી જ રોટલી આપણા માટે આવી જાય. આ પરિસ્થિતિ બદલાઇ છે. છેલ્લે તો બોલતો જ નથી. આમ અમારો ઇરાદો કોઇ *(xxx) શેકવાનો નથી અને જો *(xxx)અમારી કોંગ્રેસ પાર્ટીને શેકવો હોત તો અમે આદેશ આપ્યો હોત કે બેથી વધારે સભ્યો ન બોલે અને તમારું બિલ પાસ કરાવી દીધું હોત અને શ્રી જીતુભાઇને ત્યાં તમે આરામથી ભોજન સરસ રીતે કરી શકયા હોત. ઇરાદો અમારો ક્લિયર હતો. અમારો લાગણી સાથેનો ઇરાદો હતો. શહેરમાં હું પણ રહું છું. હું નવા વાડજ વિસ્તારમાં રહું છું. મારા વિસ્તારની પાછળ જ આજે તમે આવો અમે નીકળીએ છીએ, ત્યારે સો ટકા ગાય બેઠી હોય છે, આખલા બેઠા હોય છે. તકલીફ છે નથી એવું નહીં, પણ કોર્પોરેશનની પણ ફરજ છે. કોર્પોરેશને પણ કામ કરવું જોઇએ. જે મુદ્દા એમાં છે કે લાઇસન્સ લેવું. શ્રી પરેશભાઇએ ભલે હસી મજાકમાં વાત કરી કે શહેર મોટું થઇ ગયું છે. ૩૦ થી વધારે ગામોનો સમાવેશ અમદાવાદ શહેરમાં કર્યો છે. મારા જ વિધાનસભા વિસ્તારમાં આવતા સૈજપુર અને પીપળજ હવે શહેરી વિસ્તારમાં આવી ગયા છે. ત્યાં અસંખ્ય ભરવાડ સમાજના લોકો અને અન્ય સમાજના લોકો ગાય ભેંસ પાળે છે. કાયદો સરકાર લાવે. આપની પાસે બહુમત છે. કાયદો પસાર પણ થશે, પાસ પણ કરશો પણ અમારે જો *(xxx) હોત તો કે અમારા બે સભ્યોએ બોલી લીધું હોત અને અમે એનો વિરોધ કરીને તમારો કાયદો પાસ કરાવી દેત. અમારી લાગણીઓ આ બિલ સાથે જોડાયેલી છે. અમારી લાગણીઓ ગાય માતા સાથે જોડાયેલી છે. ગાય સૌની માતા છે. કોણ કેટલા પૂજે છે અને શું થાય છે એના ઇતિહાસમાં પડવું નથી. શ્રી સી.જે. ચાવડાસાહેબે પિન્ક રિવોલ્યુશનની લાંબી વાત કરી. અમારો ઇરાદો બહુ ક્લિયર છે કે અમે આવનારા ભવિષ્યની ચિંતા કરી છે. આવનારા માલધારીઓ શહેરમાં જે પાળે છે એ લોકોની ચિંતા કરી છે. રખડતાં ઢોર કે કોઇપણ પ્રાણી હોય એને માટેનો કાયદો લાવો ટેકો આપવા તૈયાર છીએ, પણ જે ચિંતાઓ આની અંદર આવેલી છે, એ ચિંતાઓને લીધે અમારા સભ્યશ્રીઓએ દિલથી આ વાત કરી છે અને બાપુ આપે કોંગ્રેસનું નામ રફાળવેશ્વરનું આપ્યું હતું. મારે તમને પણ પૂછવું છે કે ૨૭-૨૭ વર્ષથી તમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ ગુજરાતમાં ચાલે છે. પોલીસ તમારી છે. કાયદો તમારી પાસે હતો. તમને કોણે રોકયા હતા કે જે લોકોએ રફાળેશ્વરની અંદર ભ્રષ્ટાચાર કર્યો છે, એની ફાઇલ તમે ખોલી અને જેલમાં મોકલ્યા હોત તો અમે તમારા ટેકામાં રહ્યા હોત. બાપુ, અમે રાજકીય વાત અહીંયા કરી જ નથી. બાપુ, કોંગ્રેસની વાત કરી એટલે કહી રહ્યો છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતના કરનારા હતા તે અત્યારે હયાત જ નથી. કોની સામે અમે પગલાં ભરીએ? મતલબ કે તમે કબૂલ તો કરો જ છો, તમે કબૂલ તો કરો છો કે તમે હતા. અમે તમારી ઉપર ડાઉટ નથી કરતા તો તમે અમારી ઉપર કેવી રીતે ડાઉટ કરો છો?

શ્રી શૈલેષ મ. પરમાર : અમે કયાં ડાઉટ કર્યો બાપું?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમે જ કહ્યું ને?

શ્રી શૈલેષ મ. પરમાર : તમારી ઉપર બાપુ ઝીરો પોઇન્ટ, ઝીરો પોઇન્ટ, ઝીરો પોઇન્ટ, ઝીરો પોઇન્ટ વન ભી ડાઉટ નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અમારા બધા ઉપર મારા એકલા ઉપર નહીં.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ(રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક,૨૦૨૨

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તમારી પોતાની વાત છે બાપું, તમારી બાજુમાં બેઠેલા શ્રી નીતિનકાકાની, અમારા શ્રી પ્રદિપસિંહજી બાપુ પર અમને કોઇ ડાઉટ નથી. અમારો હેતુ બહુ ક્લિયર છે. કોઇ *(xxx) અમારી નીતિ નથી. આ બિલ માટે અમારા ધારાસભ્યોએ ચર્ચા કરી છે તે ચર્ચા ગાયમાતાની છે. તે ચર્ચા શહેરોમાં થનારી તકલીફોની છે. શહેરોમાં જે લોકો પશુપાલન સાથે સંકળાયેલા છે તે લોકોની ભવિષ્યમાં આવનારી ચિંતાઓ છે તે તમારી સમક્ષ મૂકી છે. તેમ છતાં અમે કહીએ છીએ કે, તમે રખડતાં ઢોરની અંદર ગાયનો સમાવેશ કર્યો છે, ત્યારે આ *(xxx) અમે ખુલ્લેઆમ વિરોધ કરીએ છીએ. આજે તમે પાસ કરશો તો આવતીકાલથી ગુજરાતની અંદર આ *(xxx)તરીકે અમે બજારમાં આવીશું અને આનો વિરોધ કરીશું, કરીશું અને કરીશું.

શ્રી જગદીશ વિશ્વકર્મા **(**રાજ્યકક્ષાના સહકારમંત્રીશ્રી**)**: માનનીય અધ્યક્ષશ્રી, અમારા શહેરી વિકાસ મંત્રીશ્રી વિનુભાઇ મોરડીયા ગુજરાત શહેરી વિસ્તારોમાં જે ગુજરાત ઢોર નિયંત્રણ બાબતે જે વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લગભગ સાંજની છ વાગ્યાની ખૂબ ગહન ચર્ચા આ વિધાનસભાના વિદ્વાન મિત્રો કરી રહ્યા છે ત્યારે ગૌમાતા સૌની માતા છે. ગાયમાતા કામધેનું છે અને તે આપણી સૌની સંસ્કૃતિ છે. એવું કહેવાય છે કે, કોઇપણ કલ્પવૃક્ષ નીચે બેસીને ગાયમાતાનું મનન કરવાથી તે પૂર્ણ થાય છે. આ લોકતંત્રના મંદિરમાં લોકોના હિતોની ચિંતા કરવા માટે આ તમામ ધારાસભ્ય મિત્રો છ વાગ્યાથી લગભગ બાર વાગ્યા સુધી ચિંતા કરી રહ્યા છે. ગુજરાતમાં સૌ પ્રથમ ગૌ સેવા આયોગ ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી. કેન્દ્રમાં ગૌ સેવા આયોગ પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર લાવી. અમારા શાસનની અંદર ગૌમાતા ઉપર ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ અને ઘણા સાધુ મહાત્માઓ કથા કરી રહ્યા છે. જયારે ગુજરાત હાઇકોર્ટની પી.આઇ.એલ. નંબરઃ ૧૭૦/૨૦૧૭ અને એસએસસી નંબરઃ ૨૨૮૬/૨૦૧૭ ના કેસમાં તા.૧૧/૫/૨૦૧૮ ના હુકમથી નિર્દેશ આપ્યો છે અને તેના પેરા નંબર-૩૦ માં જણાવેલ છે કે, રાજ્ય સરકારે મહારાષ્ટ્રના કાયદા મુજબ યોગ્ય કાયદો ઘડીને ઢોરના ત્રાસને દૂર કરવા માટેનું કાયમી નિવારણ લાવવું જોઇએ. બધા જ વિદ્વાન મિત્રો આની ઉપર ચિંતા કરી રહ્યા છે. શ્રી રઘુભાઇ હોય, શ્રી લાખાભાઇ હોય, શ્રી પરેશભાઇ, શ્રી શૈલેષભાઇ, શ્રી ભુપેન્દ્રસિંહ, શ્રી નીતિનભાઇ સાહેબ, શ્રી રાજેન્દ્રભાઇ, શ્રી જીતેન્દ્રભાઇ સુખડીયાએ માલધારી સમાજની ચિંતા કરી. માલધારી સમાજ સાથે સૌથી વધારે ઘરોબો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને છે. મારે પણ એટલો જ છે. શ્રી પ્રદીપસિંહ જાડેજાને એટલો ઘરોબો છે. શ્રી જગદીશભાઇને ત્યાં પણ અને અમારે માલધારી સમાજના મિત્રો સાથે વર્ષોથી પારિવારિક સંબંધો રહ્યા છે. આજે મારા પરિવારમાં ચાર પેઢીની એક માલધારી પરિવાર સાથે સંબંધ છે. એમના દાદા મારા ઘરે આવતા હતા ત્યારે મારી દાદીને તેમણે બેન કહેલું. નાનોસણાના ગાંગોડ પરિવારના એ માલધારી છે. આજે તેમના ઘરે કોઇપણ પ્રસંગ હોય તો અમારા ઘરે પહેલી પત્રિકા હોય છે. આ ભારતીય જનતા પાર્ટીના તમામે તમામ કાર્યકર્તાઓ, તમામે તમામ ધારાસભ્યો તે સમગ્ર સમાજની ચિંતા કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો ત્યારે મેં એક મેસેજ વાંચ્યો. આજે નડિયાદની અંદર આડીનાર અને અલીન્દ્રા પાસે રોડ છે તે રોડની વચ્ચે હેવી ટ્રક જતું હતું તે ટ્રકની અડફેટે એક ગાય માતાનું મૃત્યુ થયું. જોગાનુજોગ એવું થયું કે ત્યાંના આપણા બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદેસિંહ પરમાર અને પ્રવિણસિંહ સોલંકી ત્યાં હાજર હતા. ગામમાંથી નટુભાઇ ભરવાડ આવ્યા. આ બધાએ ગાય માતાને જેસીબીથી લઇ જઇને તે ગાયમાતાની ધાર્મિક વિધિ મુજબ અંતિમક્રિયા આજે જ કરી છે. આજની જ આ ઘટના છે. શ્રી પરેશભાઇ કાલે જ એમના વક્તવ્યમાં કહેતા હતા કે મારે બે દીકરીઓ છે. દરેક પરિવારને જેને પોતાનું સ્વજન ગુમાવ્યું છે. મેં હમણાં જ શ્રી વિનુભાઇને વાત કરી કે, મારા પડોશી છે તેમની દીકરી અને અમે લોકો ભેગા નાના મોટા થયા છીએ. તેમના જમાઇ બોમ્બે રહે છે. તેમને બાર વર્ષની દીકરા સાથે ચોટીલા તેમના કુળદેવીના દર્શન કરીને નીકળ્યા ત્યારે એક ઢોર વચ્ચે આવ્યું અને આખી ગાડી પલટી ખાઇ ગઇ. તે જમાઇ બચી ગયા અને તેમાં અમારી જે બહેન હતી તે અને તેમનો ભાણિયો ઓન ધી સ્પોટ રોડ ઉપર અકસ્માતમાં મૃત્યુ પામ્યા. તે પટેલ પરિવારના દીકરી અને દીકરા હતા. મારા તો વર્ષોથી પારિવારિક સંબંધ રહ્યા છે. આવા અસંખ્ય બનાવો દરેકે દરેકના પરિવારમાં અને દરેકના વિસ્તારમાં કયાંકને કયાંક બનતા હશે. મહારાષ્ટ્રની સરકારે જે કાયદો બનાવ્યો છે તેવા કાયદા માટે હાઇકોર્ટને સૂચન કરવાની જરૂર કેમ પડી? તેના પર તો કોઇ ચર્ચા જ નથી થઇ. બધા હિન્દુ ભકત થઇ ગયા. ગૌમાતાના ભકત થઇ ગયા. ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા વર્ષોથી જે ગૌમાતાના ભકતો તરીકે અમારી જાતને ઓળખાવીએ છીએ. અમે હિન્દુ છીએ તેવું ઓળખાવીએ છીએ. તમે જાહેરમાં મંચ ઉપર ચૂંટણીના ઇલેકશનમાં કયારેય એવું નહીં કહી શકો કે અમે હિન્દુ છીએ. જયારે ભારતીય જનતા પાર્ટીનો બૂથનો કાર્યકર્તા તે જાહેર મંચ ઉપર એવું કહેશે કે અમે હિન્દુ છીએઅમે લોકો વોટની રાજનીતિ રમતા નથી. શ્રી પરેશભાઇ રાતના બાર વાગ્યા છે. આપણે કોઇકના પરિવારનું, કોઇકની દીકરીનું માથાનું સિંદૂર ભૂસાઇ ગયું હોય, કોઇકનો એકનો એક દીકરો તે કદાચ રસ્તામાં એક્સિડંટથી ગુમાવ્યો હોય, કોઇકનાં વડીલ મા-બાપે એકનો એક દીકરો કે જેના ઉપર આખા ઘરનું ગુજરાન ચાલતું હોય તેને ગુમાવ્યો હોય, કોઇએ કોઇકની માતા ગુમાવી હોય તેની વેદના સાંભળશો અને સમજશો તો તમને ખ્યાલ આવશે કે ખરેખર આ રસ્તા ઉપર રખડતાં ઢોરનું નિયંત્રણ કરવા માટેનો જ આ કાયદો છે. શ્રી રાજેન્દ્રભાઇએ કહ્યું છે, માનનીય ભૂપેન્દ્રભાઇ બોલ્યા

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે. અમે કોઇપણ પશુને, કોઇપણ ઢોરને, કોઇપણ ગાય માતાને અમે સળીયા પાછળ ધકેલવા માગતા નથી. માત્ર નીતિ નિયમો બનાવી, દરેક પશુપાલક ઢોર રાખી શકે છે. તેમાં અમારી ક્યાંય ના નથી. અમદાવાદની અંદર મારા વિસ્તારની અંદર રબારી કોલોની છે, માનનીય જગદીશભાઇના વિસ્તારમાં રબારી કોલોની છે. માનનીય પ્રદિપસિંહભાઇના વિસ્તારમાં રબારી વસાહત છે. આજે પણ તે માલધારી ભાઇઓ પોતાનાં ઢોરઢાંખર રાખે છે. પ્રશ્ન એટલો છે કે, શ્રી રઘુભાઇ જયારે બેઠા છે, કોંગ્રેસના મિત્રો બેઠા છે, ત્યારે દુઃખ સાથે કહેવું પડે છે કે કોર્પોરેશન જયારે કામગીરી કરતી હોય છે, રખડતાં ઢોર પકડવાં માટે ડબ્બો નીકળે, શ્રી રઘુભાઇ તમારી પાસે ફરિયાદ આવતી હશે કે બાઇક લઇને પાઇલોટિંગ કોણ કરે છે? ગાયો પકડી ન જાય અથવા ગાયોને સીધા કતલખાને લઇ જવા માટે પાઇલોટિંગ કરવામાં આવે છે. અત્યારે શ્રી હર્ષભાઇ હાજર નથી અને શ્રી ગ્યાસુદ્દીનભાઇ હાજર નથી. હું ચોક્કસ કહીશ કે એવા પણ કેસો નોંધાયા છે અને અત્યારે હમણાં જ ખાનપુર વિસ્તારનો એક વિડિયો આવ્યો હતો. ધોળા દિવસે કત્લેઆમ, ભારતીય જનતા પાર્ટીની પોલીસ રેડ પાડે છે અને ગાયોના ગળા વાઢી નાખે છે ત્યારે આ કોંગ્રેસના મિત્રોને કેમ દયા નથી આવતી? ત્યારે કેમ કહેવા નથી આવતા? છાપાંઓની અંદર છપાય છે. દરેકે દરેક ન્યૂઝ પેપરે, દરેકે દરેક મીડિયાએ જયારે હાઇલાઇટ લીધી હતી ત્યારે કોંગ્રેસના મિત્રોને ગાયમાતા યાદ ન આવી? ત્યારે કેમ કહેવા ન ગયા કે આ કતલખાનાં બંધ કરાવી નાખો? કોંગ્રેસના મિત્રો મને એ યાદ નથી આવતું કે આજે હાઉસની અંદર ગાયમાતા યાદ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાય માતા માત્ર વિધાનસભામાં જ યાદ આવે છે, જ્યારે ગાય માતાની રોડ ઉપર કતલ થાય છે, માનનીય રઘુભાઇ, તમારે તો ભારતીય જનતા પાર્ટીને સપોર્ટ કરવો જોઇએ કે, ભારતીય જનતા પાર્ટી, વી.એચ.પી., બજરંગ દળ, અમારા સંઘના કાર્યકર્તા વગેરે ગાયોને કતલખાને જતી બચાવવાનું કામ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને એક દાખલો બતાવી દે આ કોંગ્રેસના મિત્રો કે કોંગ્રેસના એક કાર્યકર્તા કતલખાનેથી ગાય પાછી લઇ આવ્યો હોય. માનનીય રઘુભાઇ તમારે તો ભારતીય જનતા પાર્ટીને સપોર્ટ કરવો જોઇએ કે ભારતીય જનતા પાર્ટી ગૌમાતાની રક્ષા કરી રહી છે. ગૌમાતાનું બિલ અમારા શ્રી પ્રદિપસિંહજી જાડેજા લઇ આવ્યા હતા, એમને ધન્યવાદ આપવા જોઇએ. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે, માનનીય બળદેવજીભાઇ, તમે લોકો જ્યારે વાત કરતા હતા ત્યારે અમારા ભારતીય જનતા પાર્ટીના બધા સભ્યોએ ખૂબ શાંતિથી તમને સાંભળ્યા છે. માનનીય સી. જે. ચાવડાજી, દરેકે દરેક ધારાસભ્યશ્રીઓએ તમે તમારી વાત કહી, અમે બધાએ સાંભળી છે ત્યારે ગાય માતાની ગંભીર ચર્ચા ચાલી રહી છે અને ગાય માતાનો પ્રશ્ન એ માત્ર તમારો-મારો કે કોઇ એક વ્યક્તિનો નથી, પણ શહેરી વિસ્તારમાં જેણે આ વેદના વેઠી છે એના ઘરે જઇને પૂછી આવજો કે એનો એકનો એક દીકરો મૃત્યુ પામ્યો હોય કે જેની દીકરી વિધવા થઇ હોય, રોડ ઉપર ગાયની હડફેટમાં હોન્ડા-બાઇક આવી હોય અને જેનો દીકરો મૃત્યુ પામ્યો હોય એને જઇને પૂછી આવજો કે તમારો દીકરો કે પતિ કેવી રીતે મરી ગયો? માનનીય વિરજીભાઇ, આપણે એમના આંસુ લૂંછવા જતા નથી. માનનીય વિરજીભાઇ, (અંતરાય) માનનીય શૈલેષભાઇ જાણે છે અને આ હાઉસના અમુક લોકોને કદાચ નામ ખબર નહીં હોય કે, ગીતાબેન રાંભિયાનું ખૂન કોણે કર્યું હતું? આજે અમદાવાદમાં રાકેશભાઇના વિધાનસભા મત વિસ્તારમાં ગીતાબેન રાંભિયાનું સ્ટેચ્યુ આવેલું છે. ગીતાબેન રાંભિયાનું ખૂન અમે નહોતું કર્યું, ગીતાબેન રાંભિયા એ ગૌભક્ત હતા અને ગાયોને બચાવવાનું કામ કરતાં હતાં. એમનું ખૂન ગાયોને ઉપાડી જવા વાળા કતલખાનાવાળા કસાઇઓએ કર્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો લાવવા પાછળ અમારા શહેરી વિકાસ મંત્રીનો એવો સ્પષ્ટ ઉદેશ છે કે ગાય માતાને જે લોકો જે રીતે રખડતી છોડી દે છે, ગંદો એઠવાડ ખાય છે, પ્લાસ્ટિકની કોથળીઓ ખાય છે, કચરો ખાય છે એ જોઇને અમારા બધાનું દિલ દ્રવિ ઉઠે છે. અમારી આંખમાં આંસુ આવે છે કે આ ગાય માતાનું અમે પૂજન કરીએ છીએ, જેને અમે ચાંદલો કરીએ છીએ અને જે ગાય માતાને અમે પવિત્ર માનીએ છીએ એ ગાય માતાને અમૂક ચોક્કસ લોકો રખડતી મૂકી દે છે અને એટલા માટે કદાચ અમારા શહેરી વિકાસ મંત્રી આ બિલ લાવ્યા છે. હું કોંગ્રેસના તમામ મિત્રોને કહું છું કે કોઇ પણ ઢોરને કે કોઇ પણ ગાય માતાને અમે સળિયા પાછળ પૂરવા માગતા નથી. અમે ગાયોનું રક્ષણ કરવા માગીએ છીએ. ભારતીય જનતા પાર્ટીની સરકાર જબ તક સુરજ ચાંદ હે એ ગાય માતાની રક્ષા કરશે, કરશેને કરશે.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જગદીશભાઇએ મારા નામથી વાત કરી છે એટલે હું કહું છું. કઠલાલની ચૂંટણી જીતવા માટે ગૌહત્યામાં શું થયું છે અને કેટલું ગૌ માંસ એ વખતે પકડાયું હતું? વર્ષ ૨૦૧૧માં મેં ૭૨ દિવસના ઉપવાસ કર્યા હતા. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ, માનનીય પ્રદિપસિંહજી અને એ ટાઇમે ગૃહમંત્રીશ્રી પ્રફુલભાઇ પટેલ હતા એમને બોલાવીને ચર્ચા કરી હતી. વર્ષ ૧૯૯૩માં શ્રી ચિમનભાઇની સરકારે જે ગૌહત્યાનો કાયદો કર્યો હતો, એ કાયદાને ફરીથી રિપીટ કરી અને નવી જોગવાઇઓ કરી એ અમારા લીધે થયું હતું. ગૌહત્યા રોકવા માટે ૭૨-૭૨ દિવસ આ રઘુ દેસાઇએ ઉપવાસ કરેલા છે, આ કોંગ્રેસના આગેવાનોએ ઉપવાસ કર્યા છે ત્યારે તમે કાયદા કર્યા છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા **(** શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી **)** : માનનીય અધ્યક્ષશ્રી, બિલ લગભગ છ વાગ્યે રજૂ થયું અને ત્યારથી લઇને અત્યાર સુધીમાં ૨૫ કરતા વધારે આ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમામ સભ્યોએ ચર્ચાના અંતે જે પ્રકારે અહીંયા ગાય માતાની ચર્ચા થઇ અને મોટાભાગની ચર્ચામાં અરસ-પરસ જવાબ પણ આપવામાં આવ્યા છે, પણ બે-ચાર મારા ધ્યાનમાં આવ્યા છે અને જે રહી ગયા છે તે વાત હું

સન્માનીય ગૃહ સમક્ષ મૂકવા માગું છું. હમણાં વાત થઈ કે મારી માવડીને જેલના સળિયા પાછળ પીંજરામાં પૂરવા માગે છે. હું પોતે લગભગ ૨૦ જેટલા જીવ રાખું છું, તેમાં લગભગ ૧૨ જેટલી મોટી ગાયો છે, છ સાત જેટલી ઓડકિયો છે અને જયારે પણ ગાય વિયાય અને રાત્રિના ૧૨-૦૦ વાગે તો પણ મને ફોન કરવાનો એવી મારી સૂચના હોય છે, પણ હવે મંત્રી બન્યાં પછી નથી હોતી. બાકી જેટલી વખત ગાય વિયાય ત્યારે હું ગૌશાળા ઉપર જાઉં અને પહેલી ત્રીસ મિનિટની અંદર તેનું ખીરું બચ્ચાને આપવાનું હોય તે બચ્ચાંને માટે દૂધ નથી હોતું પણ અમૃત હોય છે અને તે અમૃત પાવાનું કામ પણ હું મારી હાથે કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને દુઃખ એ વાતનું છે આટલા નાના મોટા વિરોધ થયા. કોઇ પણ બિલમાં વિરોધ હોઇ શકે પણ મને તકલીફ એ વાતની થાય કે હમણાં શ્રી જગદીશભાઇએ કહ્યું કે જે ગાયોને કચરાપેટીની અંદર ખાતા જોઇએ છીએ અને પછી જયારે તેને બહાર નીકળવું હોય ત્યારે તેમાંથી નીકળાતું નથી અને તેના પગ છોલાય છે. અહીંયા જે વાત થઇ કે કોઇને ડુગો આવ્યો, કોઇને રોવું આવ્યું કે તેની વ્યવસ્થા કરવા માટે રૂપિયા ૫૦ કરોડ આ વર્ષના બજેટમાં અગાઉ ફાળવવામાં આવ્યા છે. આ ૫૦ કરોડ રૂપિયા હાલ પૂરતાં છે અને જરૂર પડશે તો ૫૦૦ કરોડ રૂપિયા વાપરવાની આ સરકારની તૈયારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હજુ આ કાયદો બની રહ્યો છે. આ કાયદો બન્યા પછી હજુ આને બનતા, આનો અમલ કરતા આ વર્ષનો એન્ડ આવવાનો છે. ત્યાર પહેલાં આના માટે ૫૦ કરોડ રૂપિયા એટલા માટે એકત્રિત કર્યા છે. આવનારા દિવસોમાં રાજકોટની અંદર પણ ૪૦ હજાર ચો.મીટર જેટલી જગ્યા તેના માટે નક્કી થઇ ગઇ છે. સુરત અને ભાવનગરમાં પણ લગભગ તેની તૈયારી ચાલુ છે. આ કાયદો આવ્યા પહેલાં બજેટની જે તૈયારી થઇ તે તૈયારીની પૅરેલલ અમારા પ્રવાસમાં તેને સ્થાનિક સત્તા મંડળોને કહ્યું છે કે તમે તૈયારી કરો. આજ સુધી વાત કરી ગાયો માટે શું કર્યુ ? મારી ગાય રસ્તે જોઉં છું મને દુઃખ થાય છે કે, ૫૦-૬૦ વર્ષ સુધી કયારેય કોઇ પાંજરાપોળમાં કયારેય રૂપિયા આપવામાં આવ્યા નથી. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ પહેલી વખત રૂપિયા આપવાનું ચાલુ કર્યુ છે અને શ્રી પરેશભાઇએ કહ્યું અમારે ત્યાં પાંચ કિલો ઘાસ આપે અને દસ કિલોનો પોદળો કરે. આ પાંચ કિલોની સહાય હતી. તેનો સંપૂર્ણ ખોરાક નહોતો, પણ તેને ઘટતું ઘાસ આપવાની વાત હતી અને તે પાંચ કિલો હતું, પણ આપણી સરકારમાં આ આગળ કયારેય વિચારવામાં નહોતું આવ્યું. ગાયો માટે થઇ આ સરકારે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ એટલા સંવેદનશીલ થયા છે કે જે કરવું પડે તે કરો. ગાયો કયાંય રસ્તા પર રઝળતી ન દેખાય. આ ગાયોને બીમાર થતા જોઇ છે, અંદરથી ખીલીઓ નીકળતી જોયેલી છે, તેને રસ્તા ઉપર તરફડિયા મારતી અમે જાતે જોઇ છે. આ ગાયોની ચિંતા કરવાનુ કામ આ ભારતીય જનતા પાર્ટીની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કરે છે. આ ગાયોને રસ્તા ઉપર રઝળતી કેમ કહો છો ? રઝળતી મૂકવામાં આવે છે એટલે કહીએ છીએ. ગાયો હું પણ સિટીમાં રાખું છું અને હજુ રાખવાનો છું અને તેનું લાઇસન્સ પણ લઇશ. લાઇસન્સની જોગવાઇ એટલા માટે કરી છે નો ડાઉટ કે કયાંક નાની મોટી ક્ષતિઓ રહી જાય. શ્રી કીરીટભાઇએ વાત કરી કે લાઇસન્સ પ્રથાને કારણે કોઇ અધિકારી પરેશાન કરી શકે. બની શકે એ તમામ કાયદામાં આ વસ્તુ બનવાની સંભાવનાઓ છે. હું તેને સ્વીકારું છું પરંતુ લાઇસન્સ એટલા માટે છે કે તેને પાંચ ગાય, દસ ઢોર જેટલાં ઢોર રાખવા હોય એટલા પૂરતી તેની પાસે જગ્યા હોવી તો જોઇએ ને ? એની પાસે એક ઘાસનો પૂળો તો હોવો જોઇએ ને? આખી-આખી રાત ગાયો ઊભી રહે છે. બેસવાની જગ્યા હોતી નથી. એક ગાય બેસે અને બીજી ઊભી રહે એ પ્રકારની પરિસ્થિતિમાં ગાયો જીવે છે. હું માનું છું કે એ રડશે અને જેના મનમાં એના પ્રત્યે ખોટ હશે એને એના નિસાસા લાગશે. આ બિલ લાવવામાં ગાયો પત્યે અમારી નિષ્ઠામાં ફેર હશે તો એના નિસાસા અમને લાગશે. લગભગ ત્રણ-ચાર કલાકથી ઘણી બધી વાતો બોલવામાં આવી, ત્યારે બધા સભ્યો શાંતિથી સાંભળતા હતા. જ્યારે એક-બે કડક જવાબો સામે આવ્યા ત્યારે તરત ઊભા થઇ ગયા. એ બધી જ વાતો સાચી નહોતી. હું અહીં બેઠો-બેઠો સાંભળતો હતો. શ્રી કીરીટભાઇએ પણ ઘણી વાતો કરી. શ્રી સી.જે.ચાવડાજીએ પણ ઘણી વાતો કરી. એ બધી વાતો મને સાચી નહોતી લાગતી પણ એક પણ વાર વચ્ચે મેં તો એવું કીધું નહિ કે તમે આ રીતે બોલો નહિ. શ્રી કીરીટભાઇએ હમણાં જે વાત કરી કે ભારતના બંધારણના અનુચ્છેદ-૩૦૦ (એ) મુજબ મિલકત ધારણ કરવાનો હક્ક બાબતની જોગવાઇ કરવામાં આવી છે, પરંતુ તે મૂળભૂત અધિકાર નથી, પરંતુ માત્ર બંધારણીય અધિકાર છે. હું માનું છું કે કોઇ પણને વ્યવસાય કરવાનો અધિકાર છે. ગાયો દોહી અને એનું દૂધ સારું આપી અને ભાવ વધારે અપાવવાનું કામ પણ આપણે કરી શકીએ. અત્યારે અમારા સુરતમાં ગાયના શુદ્ધ દૂધના ૧૦૦ રૂપિયા પ્રતિ લિટર અમે વેચાવીએ છીએ અને લઇએ પણ છીએ. બે માલધારી ભાઇઓને અમે ગૌશાળા કરાવી છે. એને જગ્યા અપાવી છે. સૌરાષ્ટ્રમાંથી લાવીને પણ અમે ગૌશાળા કરાવી છે. માલધારીઓ પણ આ જ સમાજના એક અંગ છે. માલધારી સમાજ અલગ ન હોઇ શકે. મને એમ લાગે છે કે દુ:ખે છે પેટ અને કૂટે છે માથું. આપણે ગાયોને વરસાદમાં રઝળતી, ખીલીઓ ખાતાં, પ્લાસ્ટિક ખાતા જોઇએ છીએ. એને સારી પાંજરાપોળમાં લઇ જવાની છે. પી.પી.પી. મૉડલ ઉપર પણ સરકાર વિચારણા કરી રહી છે. પી.પી.પી. મૉડલ પર ઢોરવાડાં બને અને સામાજિક સંસ્થાઓ એ ઢોરવાડાં ચલાવે અને એને જે કાંઇ અનુદાન આપવું પડે એ આપવાની પણ સરકારની તૈયારી છે એટલે જ આ ૫૦ કરોડની જોગવાઇ કરી છે. આ ૫૦ કરોડને અત્યોર ટૉકન રૂપે રાખ્યા છે. જો વધારે જોગવાઇ કરવામાં આવે અને પૈસા પડ્યા રહે તો સામેથી આ સભ્યો જ કહે કે તમે જે ગ્રાન્ટ ફાળવી એ તમે વાપરી ન શક્યા, પરંતુ જેટલા કરોડની જરૂર પડે એટલી માનનીય મુખ્યમંત્રીશ્રીની ખુલ્લી છૂટ છે, પણ કોઇ ગાયો બીમાર ન પડવી જોઇએ અને હેરાન ન થવી જોઇએ. એને ગૌશાળા અને પાંજરાપોળમાં લઇ જાવ. એને ઘાસચારો આપો. અહીં વારંવાર કહેવામાં આવ્યું અને મને તકલીફ એ થઇ કે શ્રી પુંજાભાઇએ પણ કહ્યું કે ઢોર શબ્દ કેમ વાપર્યો? શ્રી પુંજાભાઇ આપણે બધા નાના હતા, ત્યારે આપણા બાપા પણ આપણને

## ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ(રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક,૨૦૨૨

એમ જ કહેતા હતા કે તમે ઢોર લઇને વાડીએ જાવ. એમાં ગાયો પણ હોય, પાડું પણ હોય અને ભેંસ પણ હોય. આ સમૂહ ટોળાંને ઢોર કહેવામાં આવે છે. શિડ્યુલમાં પણ ‘ ઢોર’ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તમને કોઇને ખબર છે કે દૂધમાંથી ઘી કેટલું બને? શ્રી પુંજાભાઇ મારી પાસે ગણિત છે કે એક લિટરે છ થી સાત ગ્રામ ઘી બને. ગાયના દૂધમાંથી ઘી ઓછું બને છે અને ભેંસના દૂધમાંથી ઘી વધારે બને છે. અહીં બેઠેલા ઘણા કૉંગ્રેસના સભ્યોએ કીધું કે તમે આત્માના અવાજને પૂછીને મત આપજો. હું એમને કહું છું કે તમે તમારા આત્માને પૂછીને જવાબ આપજો કે આ રસ્તા પર રઝળતી ગાયોને આપણે સારી પાંજરાપોળમાં કે ગૌશાળામાં મૂકવા માંગીએ છીએ કે કેમ? આ ગાયો માટે જે કરવું પડે તે કરવા રાજ્ય સરકાર તત્પર છે. આવનારા દિવસોમાં માલધારી ભાઇઓને નાની મોટી કોઈ તકલીફ પડે તો તેના માટે વિચારવા સરકાર સજ્જ છે. આઠ-દસ વર્ષ પહેલાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે સુરતમાં જમીન આપી છે. આ જ માલધારીને જમીન આપી છે, પરંતુ કેટલા લાઇસન્સ ધારકો છે, કેટલા માલધારીઓ છે તેના માટે પણ સરકાર વિચારશે કે આગળ શું થઈ શકે છે. આ સમાજ ક્યાંયથી અલગ હોઈ શકે નહિ. મૂળ વાત એ છે કે ગાયના નામે ક્યાંક બીજે રસ્તો થતો હોય તો આ દુઃખની બાબત છે. ઘણી જગ્યાએ ગૌશાળા છે. કેરાલા પાંજરાપોળમાં ચાર હજાર ઢોર છે તેનો હું ટ્રસ્ટી છું. અમે દક્ષિણ ગુજરાતથી શેરડીની બાંડીઓ લઈ જઈ રજકાઓ કરાવી. અત્યારે નવું ઘાસ આવ્યું છે જેને ઝીંઝવો કહેવાય છે એ ઝીંઝવો બનાવીને ખેતરમાં ઊભા કર્યા છે. બુલેટ ઘાસ જે ૧૦-૧૨ ફૂટ મોટું થાય તેને ખેતરોમાં કરાવીએ છીએ. અમે તેનું મશીન લાવ્યા છીએ. જેથી મજૂરોથી ૧૮ રૂપિયે મણ પડતું હતું તેની જગ્યાએ ૪ રૂપિયામાં કિલો મણ મજૂરી પાડીએ છીએ તે પ્રકારની વ્યવસ્થા કરી છે. બધાં બહારથી ત્યાં વેચાતા લેવા આવે છે. હું વિપક્ષના દરેક સભ્યને મારા ખર્ચે કેરાલા લઈ જાવ. તમે જુઓ કે પાંજરાપોળમાં તમારા ઘરે ન હોય તેવી વ્યવસ્થા સરકારે કરી છે. આવી પાંજરાપોળો રાજ્ય સરકાર બનાવવા માગે છે એટલા માટે આ કાયદો લાવી છે. ગાયને આપણે મા કહીએ છીએ. વાત સાચી છે કે ગાયના પૂંછડે પાણી નાંખીને પીવામાં આવે છે કારણ કે આપણા બધાની શ્રદ્ધા છે. ક્યાંક પક્ષના કારણે નાના મોટા પ્રશ્નો ઊભા થયા હોય અને કાંઈક બોલ્યા હોય. માનનીય સભ્યશ્રીએ વાત કરી કે ગાયના મુખમાંથી ઓરા નીકળે છે. ગાયને ખંજવાળવાનું એટલે કહે છે કે ગાય મોઢું ઊંચુ રાખે એટલે ગાયમાંથી નીકળતા ઓરા સીધા આપણને અસર કરે છે. ગાય માતાનો શ્વાસ આપણને ગુણકારક છે એટલે ગાયની સેવા કરવાનું કહ્યું છે. જ્યારે કોરોના આવ્યો ત્યારે હું પોતે ગૌશાળાની ગાયો વચ્ચે બેસતો હતો. જે તે સમયે ત્યાં ફોટોગ્રાફર નીકળ્યા હશે તો બહારથી ફોટો પાડી લીધો અને બધા ન્યૂઝમાં એ ફોટો આવ્યો હતો. મને આજ સુધી કોરોના થયો નથી. આજે પણ જે છાશ પીધી એ ગાયની જ પીધી છે. ત્યાંથી પણ આજે અહીંયા દૂધ આવે છે. અહીંયા બેઠેલા અમારા ધારાસભ્યશ્રીઓ ગાયની જ છાશ અને દૂધ પીવે છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા આ ગાયોને મોતિયા ઉતરાવવાનું કામ પણ આ ભારતીય જનતા પાર્ટી દ્વારા કરાવવામાં આવે છે. માનનીય પ્રદીપસિંહને ત્યાં ગાય હતી. એ ગાયને ત્યાં વાછરડી આવી, એટલે બાપુએ એક-બે વર્ષ પહેલાં તેનો ફોટો ફેસબુક ઉપર મૂકેલો. આ પ્રકારના ગૌભક્તો અહીંયા છે. માનનીય ભગાભાઇએ બહુ સરસ વાત કરી. એમની વાત સાચી હતી અને તે વાતને હું આવકારું છું. હું સન્માનનીય ગૃહમાં જ્યારે આ બિલ લઇને આવ્યો છું. તમારા આત્માને પૂછજો કે, આ જે ગાયો રસ્તા ઉપર ફરે છે, રસ્તા ઉપર રઝળે છે, બીમાર પડે, ખીલ્લીઓ ખાય છે, ગંદકીવાળું ખાય છે અને એનું દૂધ લિટર અને બે લિટર દોવાય. એ જયારે વ્યકિતઓ અને બાળકોના મોઢામાં જાય તો એની શું દશા થાય છે? તમે જે શહેરમાં રહેતા હોય એ શહેરમાં આ વિચારી લો. હમણાં પાણી પાવાની વાત થઇ કે આને પાવાનું કયાં? દોરીને ત્યાં લઇ જવાનું? સિટીમાં પાણીની બધી જ વ્યવસ્થા કરવાની આ કાયદામાં જોગવાઇ છે એને જ ગાય રાખવાની, આપણે કોઇએ ગાય રાખવી હોય અને આપણા ઘરે રાખવાની સગવડ ન હોય તો લવાય જ નહીં. પરંતુ જેની પાસે સગવડ નથી અને જે લોકો અત્યારે ગાય રાખે છે એના માટે પણ સરકાર વિચારશે. એના આગળ પણ વિચાર્યું છે. આવનારા દિવસોમાં આજ સમાજ, જે માલધારી લોકો માલ રાખે છે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીનું મન ખુલ્લું છે. જયારે ચર્ચા કરવાની થશે ત્યારે ચર્ચા કરીશું. ફરી એકવાર આત્માના અવાજ ઉપર જે ગાયો માટે માને છે, ગાયોને સમજે છે અને જાણે છે, શહેરની ગાયોની જે પરિસ્થિતિ છે એ સ્થિતિને જાણતા હોય એવા ધારાસભ્યશ્રીઓ અને તમામ સભ્યશ્રીઓને હું આ સન્માનનીય સભાગૃહમાં વિનંતી કરું છું કે, આ બિલમાં સર્વસંમતિ આપે અને બિલને પાસ કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૭ સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા ) બાબત વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ- ૨ થી ૧૯ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૨૦ ઉપરનો સુધારો**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૨૦ ઉપરનો મારો સુધારો નીચે પ્રમાણે રજૂ કરું છું.

in clause 20,-

(i) in sub-clause (a), for the words, "shall not be less than ten thousand rupees but which may extend to fifty thousand rupees" substitute the words, "shall not be less than one thousand rupees but which may extend to five thousand rupees";

(ii) in sub-clause (b), for the words, "shall not be less than fifty thousand rupees but which may extend to one lakh rupees" substitute the words, "shall not be less than five thousand rupees but which may extend to twenty-five thousand rupees".

હવે હું ગુજરાતીમાં કહું છું. કલમ-૨૦માં,

(૧) પેટા ખંડ(ક)માં, ''દસ હજાર રૂપિયાથી ઓછી નહીં પરંતુ વધુમાં વધુ પચાસ હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''એક હજાર રૂપિયાથી ઓછી નહીં પરંતુ વધુમાં વધુ પાંચ હજાર રૂપિયા'', એ શબ્દો મૂકવાની વિનંતી કરું છું.

(૨) પેટા ખંડ (ખ)માં, ''પચાસ હજાર રૂપિયાથી ઓછી નહીં પરંતુ વધુમાં વધુ એક લાખ રૂપિયા'' એ શબ્દોને બદલે, ''પાંચ હજાર રૂપિયાથી ઓછી નહીં, પરંતુ વધુમાં વધુ પચીસ હજાર રૂપિયા'' એ શબ્દો મૂકવાની વિનંતી કરું છું.

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૨૦ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૨૧ થી ૩૦, કલમ ૧, દીર્ઘસંજ્ઞા, ઈનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયકનું સુધારેલા રૂપમાં ત્રીજુ વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૨ના ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયકનું સુધારેલા રૂપમાં ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

**છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)**

**ખેડૂતોને ખેત ઉત્પાદન માટે સવલતો અને દેવા માફી અંગે.**

શ્રી કાળાભાઇ ર. ડાભી(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે રાજયમાં દિન પ્રતિદિન ખેતીની જમીનનું ઘટતું જતું ક્ષેત્રફળ અને ખેડૂતોની ઘટતી જતી સંખ્યાને રોકવા માટે ખેતીને અનુકૂળ સવલતો તથા વ્યવસ્થા જેવી કે, સસ્તુ ખાતર, બિયારણ, દવા, પૂરતી અને સસ્તી વીજળી, સિંચાઇ માટેનું પાણી, પોષણક્ષમ ભાવ અને કુદરતી આફતો સામે કૃષિ પાકોને સંરક્ષણ, ઉપજાઉ ખેતી માટે આધુનિક પ્રૌદ્યોગિક ઓજારોની ઉપલબ્ધિ કરાવવા અને ખેડૂતોના દેવા માફ કરવા આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ખેડૂતો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ખેડૂતો માટે સિંચાઇ માટે પૂરતી પાણીની વ્યવસ્થા નથી. સરકાર ૩૦ લાખ હેકટર કમાન્ડ એરિયામાં હોવાની અને સિંચાઇ પૂરી પાડવાનો દાવો કરે છે, પણ કમાન્ડ એરિયાના ૫૦ ટકા એરિયામાં સિંચાઇ માટે પાણી પૂરું પાડવામાં આવતું નથી. રાજયમાં ૭૫ લાખ હેકટર જમીન ધારણ કરતા ખેડૂતોને કુદરતી વરસાદ ઉપર આધાર રાખવો પડે છે. આ ૭૫ લાખ હેકટર જમીન ધરાવતા ખેડૂતોને ભાજપ સરકારે કુદરતના ભરોસે છોડી દીધા છે. રાજયમાં ખેડૂતોને મોંઘી દવા, બિયારણ, રાસાયણિક ખાતરો મોંઘા મળી રહ્યા છે, ડીઝલના ભાવો સો રૂપિયા ઉપર પહોંચી ગયા છે, કૂવા કે નદીમાં ડીઝલ મશીનોથી સિંચાઇ તેમજ ટ્રેકટરથી ખેતી કરવાનું ખુબ મુશ્કેલ બન્યું છે. આવી મોંઘવારીના કારણે ખેડૂતોના ખર્ચાઓ ડબલ થતા જાય છે અને ખેડૂતોની ખેત પેદાશોના પૂરતા ભાવો મળતા નથી. બીજી બાજુ ખેડૂત દેવાદાર બની રહ્યો છે અને ખેતીના ખર્ચાઓ વધી રહ્યા છે. પાકના ભાવો પૂરતા મળતા નથી તેવા સંજોગોમાં ખેડૂત દેવાદાર બની રહ્યો છે અને દેવાના બોજ નીચે દબાયેલા ખેડૂતો આપઘાત કરવા મજબૂર બને છે. બીજી બાજુ ખેડૂતોની આવક વધતી નથી, મોંઘવારી અને ખર્ચાઓ વધતા જાય છે, તેવા સમયે ખેડૂત માટે સરકારે ઓન લાઇનના નામે ખેડૂતો ઉપર ખર્ચાઓ નાખ્યા છે, વાત વાતમાં ઓન લાઇનના નામે ફોર્મ ભરવામાં ઘણો જ સમય જાય છે. ખેડૂત જયારે જાય ત્યારે ફિક્સ પગાર અને આઉટ સોર્સિંગવાળા હોતા નથી અને લાઇટ ન હોય, ઈન્ટરનેટ ન હોય, તેવા સંજોગોમાં કોઇ કામ એક વખતમાં થતું નથી. વારંવાર આવવા જવા માટે ખર્ચાઓ થાય છે, ઓન લાઇનની અરજીઓ કરવા પૈસા આપવા પડે છે. ફોર્મ ભરવાના પણ પૈસા આપવા પડે છે. નકલો મેળવવા માટે પણ પૈસા ભરવાના થાય છે. આ સરકાર ખેડૂત વિરોધી અને ઉદ્યોગપતિઓની સરકાર બની રહી છે તેવું લાગે છે, તેથી આ સભાગૃહ ખેડૂતો માટે ચર્ચા વિચારણા કરે.

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

છેલ્લા દિવસનો પ્રસ્તાવ

શ્રીજયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રી કાળાભાઇ ડાભી જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત એ કૃષિ પ્રધાન દેશ છે, દેશની મોટા ભાગની વસતિ ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરે છે અને કૃષિ તથા પશુપાલનના વ્યવસાય પર મુખ્યત્વે આધારિત છે. કૃષિના વિકાસ માટે સરકારશ્રી દ્વારા સમયાંતરે અમલમાં મૂકવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ તેમજ કૃષિ તજજ્ઞતાના પ્રચાર પ્રસાર સારું કૃષિ વિસ્તરણની કામગીરી માટે સમર્પિત કૃષિ વિસ્તરણ તંત્ર કાર્યરત છે જેની રાજયના કૃષિ વિકાસમાં સીધી પરિણામલક્ષી અસરો જોવા મળે છે. કૃષિ વિસ્તરણ અને કલ્યાણકારી યોજનાના અસરકારક અમલ માટે ખેડૂતો સાથેનો વિસ્તરણ કાર્યકરનો સીધો અને જીવંત સપર્ક એ કૃષિ વિસ્તરણમાં ગુણાત્મક પરિવર્તન લાવે છે. જયારે આપણા રાજયના મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા ત્યારે એમને રાજય સરકારના અલગ અલગ વિભાગોમાં જે વિકાસનાં કામો કર્યાં જે યોજનાઓ બનાવી, જેમ કે આરોગ્ય વિભાગમાં પી.એમ.જે.વાય યોજના, મા અમૃતમ યોજના, શિક્ષણની અંદર પાકા મકાનના ઓરડાઓ, પીવાના પાણી માટેની યોજના, રસ્તાઓમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના, ૨૪ કલાક જયોતિગ્રામ યોજના એ જ રીતે કૃષિ વિભાગમાં પણ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપણા રાજયના ખેડૂતોની ચિંતા કરી છે. આજે જે રીતે ઇઝરાયલની અંદર ઓછો વરસાદ પડે છે, રેતાળ જમીન હોય અને છતાં એનું ઉત્પાદન વધારે આવે તો આપણા રાજયની સારી જમીન હોય, આપણી પાસે સિંચાઇની સુવિધા હોય તો આપણા ખેડૂત મિત્રો કેમ વધારે ઉત્પાદન ન લઇ શકે અને એને ધ્યાનમાં રાખીને માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપણા રાજયના તે વખતના કૃષિ મંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રસિંહજી હતા, ત્યારે કૃષિ મહોત્સવની શરૂઆત કરેલી. જેના થકી ખેડૂતોને માર્ગદર્શન મળે અને ખેડૂતો સાથે કદમ મીલાવી શકે અને ખેતીની આધુનિક ટેકનિક અપનાવી સારી કૃષિ પેદાશો મેળવી આર્થિક રીતે સમૃદ્ધ થઇ શકે તેવા શુભ આશય સાથે કૃષિ મહોત્સવનો શુભ આરંભ સન ૨૦૦૫થી આપણી રાજયની સરકારે કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા હરિયાળી ક્રાંતિની વાત થઇ. કોંગ્રેસના રાજયમાં હરિયાળી ક્રાંતિની વાત કરી. આખું ગુજરાત જાણે છે કે જયારે ખેડૂતો રજૂઆત કરવા આવ્યા હતા, ત્યારે એના ઉપર વધારેમાં વધારે અત્યાચાર કોણે કર્યા હતા. જે લોકોએ અત્યાચાર કર્યો એને ખેડૂતોની વાત કરવાનો કોઇ અધિકાર નથી. આજે જે રીતે આપણી સરકારે કામ કર્યું છે. માનનીય શ્રી કાળાભાઇએ વાત કરી, એ બધી જ યોજનાઓ આપણી રાજયની સરકારે અમલમાં મૂકી છે. આપણે જોવા જઇએ તો પિયત માટે સુજલામ સુફલામ યોજના કે રાજયના છેવાડાના વિસ્તાર સુધી પિયતનું પાણી પહોંચે એની ચિંતા આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ આપણા નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશના પ્રધાનમંત્રી બન્યા ત્યારે પહેલી ચિંતા ખેડૂતોની કરી અને આખા દેશની અંદર ખેડૂત ખાતેદાર હોય એને વર્ષે છ હજાર રૂપિયા એના ખાતામાં જમા થાય. બે-બે હજારના ત્રણ હપ્તા ડી.બી.ટી. થી ડાયરેક્ટ એમના ખાતામાં જમા થાય, વચેટિયા કોઇ વચ્ચે ન આવે એ રીતે યોજના ખેડૂતો માટે અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરું તો જે ટેકાના ભાવે ખરીદી કરવાની વાત છે, ટેકાના ભાવની યોજનામાં રાજયના મુખ્ય પાકો જેવા કે બાજરી, જુવાર, મકાઇ, ડાંગર, કપાસ, તુવેર, મગ, અડદ, મગફળી, તલ, ઘઉં, ચણા, રાઇ અને શેરડીના પાકોની ટેકાના ભાવની ખરીદીની યોજનામાં સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના પણ આપણી રાજ્યની સરકારે અમલમાં મૂકી. અનાવૃષ્ટિ હોય, અતિવૃષ્ટિ હોય, કમોસમી વરસાદ હોય, પાકને નુકસાન થયું હોય તો તેને રાજ્ય સરકાર સહાય આપે છે. જરૂર પડે કૃષિ રાહત પેકેજ પણ રાજયની સરકારે અમલમાં મૂક્યું. ટ્રેક્ટર સહાય યોજના.૪૦ એચ.પી. હોય તો ૪૫,૦૦૦ અને ૪૦થી વધારે હોય તો ૬૦,૦૦૦. કૃષિ યાંત્રિકરણ. ફાર્મ મિકેનાઇઝેશન ઘટકના એમ્પેનલમેન્ટ. એના દ્વારા ખરીદી કરી શકાય. કિસાન પરિવહન યોજના અને એટલું જ નહીં, ગામની અંદર ખેડૂતનો પાક તૈયાર થઇ જાય તો ગામથી તેના મુખ્યમથક સુધી લાવવા માટે કિસાનપથ યોજના, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના, કિસાન પરિવહન યોજના પણ રાજ્ય સરકારે અમલમાં મૂકી. ૫૦,૦૦૦થી ૭૫,૦૦૦ સુધીની નાણાકીય સહાય રાજ્ય સરકાર આપે છે. તેમાં જોઇએ તો સાત પગલાં ખેડૂત કલ્યાણના. એ પણ આપણી રાજ્ય સરકારે અમલમાં મૂક્યું. હમણાં રાજ્યનું બજેટ આપણા આદરણીય નાણામંત્રીશ્રીએ રજૂ કર્યું. તેમાં કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૭,૭૩૭ કરોડ રૂપિયાની જોગવાઇ કૃષિ વિભાગ માટે કરી છે તેનો લાભ પણ ખેડૂતોના છેવાડાના ખેતર સુધી પહોંચવાનો છે. એ યોજના પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને વીજ જોડાણ તેમજ રાહત દરે વીજળી ઉત્પાદન કરાવવા ૮,૩૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમની સબસિડી આપવામાં આવી છે. વીજજોડાણ માટે હાલમાં પડતર બધી જ અરજીઓ આઝાદીના અમૃત મહોત્સવ પહેલાં નિકાલ કરી ખેડૂતોને વીજજોડાણ પણ આપવામાં આવનાર છે. પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ બોર્ડની રચના પણ કરવામાં આવેલ છે. આ બોર્ડમાં ખેડૂતોને અભિયાન સાથે જોડી કૃષિ ઉત્પાદન વધારવા માટેનું કાર્ય પણ કરવામાં આવનાર છે. તેના માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આ રીતે રાજ્ય સરકારની બધી યોજનાઓનો લાભ ખેડૂતોને મળે તે રીતે આયોજન કર્યું છે. એટલે માનનીય કાળાભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને અમે સમર્થન આપી શકતા નથી.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાળાભાઇ ડાભી ખેડૂતોની ચિંતા માટેનો પ્રસ્તાવ રાતના ૧૨-૦૦ વાગ્યે લઇને આવ્યા છે, ત્યારે ખેડૂતના દીકરા તરીકે હું તેને ટેકો આપી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ ચૂંટણી લડવા જતો હતો ત્યારે મારા ખેડૂત મિત્રોને કહેતો હતો કે વિરજી ઠુમ્મર રાતના ૧૨-૦૦ વાગ્યે તમારો હોંકારો બનીને રહેશે, એટલા માટે રાત્રે ૧૨-૦૦ વાગ્યે ખેડૂતોની ચિંતા કરી રહ્યો છું. શ્રી જયદ્રથસિંહભાઇ જવાબ આપતા હતા, મેં બહુ વ્યવસ્થિત સાંભળ્યા. જે જવાબ શ્રી રાઘવજીભાઇને આપવાનો હતો, શ્રી જયદ્રથસિંહભાઇને લાગ્યું કે હું હજી મંત્રી છું એ પ્રમાણે જવાબ વાંચી ગયા. આમાં ખેડૂતોની ચિંતા હોય એવું મને ક્યાંય દેખાયું નહીં. શ્રી કાળાભાઇ ડાભીની માગણી છે, એનો સંકલ્પ શું છે એ તો વાંચવો હતો, ખેડૂતોને સસ્તુ ખાતર છેલ્લા આઠ મહિનાથી મળતું નથી. ખેડૂતને ડી.એ.પી. ખાતર મળતું નથી. આ ભારતીય જનતા પાર્ટીની નિષ્ફળતા છે. કોંગ્રેસની સતત વાતો થાય છે. કોંગ્રેસના રાજથી અત્યાર સુધી વિરજી ઠુમ્મર પણ એક સહકારી સંસ્થા ચલાવે છે અને સહકારી સંસ્થાનો પ્રમુખ રહી ચૂક્યો છું અને આજે પણ છું. છેલ્લાં ૩૫ વર્ષથી જાહેર જીવનમાં છું, પણ આઠ-આઠ મહિના ખેડૂતોને ડી.એ.પી. ખાતર ન મળે એવો જો બનાવ બન્યો હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બન્યો છે એનું દુઃખ છે. સતત વાતો કરે છે, કૃષિમેળા કર્યા છે. કૃષિમેળામાં શું કર્યું? નકરા વખાણ? અમારા મોદી સાહેબ આમ કરવા માગે છે. ભાઇ, જે કરવા માગે છે, રૂપિયા ૬,૦૦૦માં ખેડૂતોને વેચાતા ન રાખો. દેવા નાબૂદીની યોજના લઇને આવો. ટેકો આપવા તૈયાર છીએ. યુ.પી.એ.ની સરકાર હતી. વર્ષ ૨૦૦૬નું ચિદમ્બરમજીનું સ્ટેટમેન્ટ, તે વખતનું બજેટ મેં ગઇકાલે ટેબલ કર્યું છે તેમાં વાંચે. ૭૩,૦૦૦ કરોડ રૂપિયાના દેવા નાબૂદીનો તે વખતની સરકારનો સંકલ્પ હતો અને ૭૩,૦૦૦ કરોડ રૂપિયાના ખેડૂતોના દેવા નાબૂદ કર્યા છે. સાત ટકાએ ઐતિહાસિક ધિરાણ આપવા માટેનો તે વખતે નિર્ણય કર્યો. મારા ભારતીય જનતા પાર્ટીના મિત્રો સતત કહે છે કે ૧૮ ટકા ખેડૂતો પાસેથી વ્યાજ લેતા હતા. અમારી સરકાર આવી અને ૧૮ ટકામાંથી ઝીરો ટકા વ્યાજ કર્યું છે. ગુજરાતના અને હિન્દુસ્તાનના ખેડૂતોને ગુમરાહ કરવાની વાત છે. શ્રી ચિદમ્બરમજીનું ટેબલ કરેલું બજેટ બધાને વાંચવા આપવું જોઇએ. આજે ખેડૂતનો દીકરો આત્મવિલોપન કરતો થયો છે. ખેડૂતના દીકરા માટેની મોટી યોજનાની વાત કરી હોત તો હું શ્રી જયદ્રથભાઇના વખાણ કરતો. સુજલામ સુફલામ ભ્રષ્ટાચાર માટેનો મોટો નમૂનો છે. કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો. બાપુ ચિંતા કરતા હતા. તમારી સરકારમાં સુજલામ સુફલામનો જે ભ્રષ્ટાચાર થયો છે, કેન્દ્ર સરકારના પૈસાનો વધારેમાં વધારે ભ્રષ્ટાચાર આ યોજનામાં થયો છે. મોટી કોઇ યોજના લઇને આવ્યા હોત તો હું એને ટેકો આપતો. વર્ષ ૧૯૯૫ માં કેશુભાઇ પટેલની સરકાર હતી. કલ્પસર માટેનું કેશુભાઇનું સ્વપ્ન હતું. પણ ખજૂરિયા અને હજૂરિયા કરીને શ્રી કેશુબાપાને ક્યાં મૂકી દીધા ખબર નથી. એ શ્રી કેશુબાપાનું સ્વપ્ન રોળી નાખ્યું અને એ રોળવાનું કામ પણ આ ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે. કાલે કલ્પસરની વાતો થતી હતી. સિંચાઇ મંત્રી કહેતા હતા કે કલ્પસર એટલે કલ્પનાનું તળાવ. દુનિયાનું એક મહત્ત્વનું તળાવ. પણ કેટલાંય વર્ષોથી તમારી ગતિશીલ સરકાર ગતિ જ કર્યે રાખે છે. ક્યાં ગતિ કરે છે એની ખબર પડતી નથી. આજે ખેડૂત બિચારો થઇને ઉભો રહ્યો છે. માત્ર છ હજાર રૂપિયા આપીને મોટી મોટી વાતો ન કરો. તમારા ભાવનગરના સાંસદ એવું બોલ્યા હતા કે હવે ખેડૂતનો દીકરો જમીન ખરીદતો થયો છે. છ હજાર રૂપિયામાં કઇ જમીન ખરીદાય? રાત્રિના ૧૨ વાગ્યે મને દુઃખ થાય છે. એક વાર પણ જમીન આવતી નથી ને ખેડૂતનો દીકરો જમીન ખરીદતો થઇ ગયો? ખેડૂત આજે દેવામાં ડૂબી ગયો છે. સતત દેવામાં ડૂબતો જાય છે, એટલા માટે કાળાભાઇ ડાભી એના માટે પ્રસ્તાવ લઇને આવ્યા છે કે ઓજારોની ઉપલબ્ધી કરાવવામાં આવે, ખેડૂતોના દેવા માફ કરવામાં આવે. શ્રી જયદ્રથભાઇ આ વિશે એક શબ્દ પણ બોલ્યા હોત તો હું આનંદ વ્યક્ત કરતો. ખેડૂત જગતનો તાત છે. પરમ દિવસે મારા આંકડા રજૂ કર્યાં છે. ૧૮ ટકા જી.ડી.પી.માં આવક થતી હોય તો ખેડૂતોની થાય છે. ખેડૂતોની ઉત્પાદિત વસ્તુઓના કારણે સરકારને જી.ડી.પી.માં ૧૮ ટકા આવક થાય છે. દેશનો વિકાસ કરતો આ ખેડૂત આલમ છે. એના માટેનું બજેટ કેટલું છે? આંકડો આપ્યો કે ૭,૭૩૭ કરોડ રૂપિયા. ગયા વખતે ૭,૪૦૦ કરોડ હતા, ૩૦૦ કરોડમાં શું થાય? પેટ્રોલ ડીઝલના ભાવ ક્યાં પહોંચાડ્યા છે એ તો કહો? આજે ખેડૂતના દીકરાને ટ્રેક્ટરમાં ડીઝલ પુરાવવું હોય તો તમે બજેટમાં કેટલા પૈસા વધાર્યા છે? ગેસના બાટલાના ભાવ ક્યાં પહોંચ્યા છે? ત્યારે ૩૦૦ કરોડ રૂપિયા વધાર્યા છે એ વાત કરવામાં આવે છે. અમે આવક ડબલ કરી દેવા માગીએ છીએ એવી વાતો કરવામાં આવે છે. હું આ સભાગૃહને કહેવા માગું છું કે, અત્યારનું બજેટ ભલે તમે બહુમતીથી પાસ કરી ગયા હોય. ગાયોને મારી નાખવા માટેનો કાયદો કે ગાયોને ડબે પૂરવા માટેનો કાયદો...(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કાળુભાઇ ડાભી નિયમ-૧૦૨ નો ખેડૂતોના દેવા માફ કરવાનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં રૂપિયા ૭,૭૩૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫માં સરકાર હતી ત્યારે ખેડૂતો બળદથી ખેતી કરતા હતા. બળદ ગાડામાં માલ-સામાન લઇ હેરફેર કરી શકતા હતા. ટ્રેક્ટર નોંધાવ્યા પછી એક વર્ષે ટ્રેક્ટર મળતું હતું. અમારી સરકાર આવ્યા પછી ૪ ટકા વ્યાજે લોન

આપવામાં આવે છે. આ ટ્રેક્ટર, છોટા હાથી વગેરે મારફત શાકભાજી અને અનાજ લઇને ખેડૂત બજાર સુધી પહોંચાડે છે. તેથી ખેડૂતોના દેવા માફ કરવાની જરૂરિયાત રહેતી નથી. નાના ખેડૂતને ગંભીર બીમારી હોય ત્યારે આયુષ્યમાન કાર્ડથી પોતાની સારવાર માટે સરકાર ૫ લાખ સુધીની સહાય આપે છે. જેથી ખેડૂતોને કોઇ પ્રશ્ન રહેતો નથી. વર્ષ ૧૯૯૫ ની સરકાર વખતે દુષ્કાળ પડતો હતો. અમારી સરકાર આવ્યા પછી વરસાદ પણ સારો પડે છે. કોંગ્રેસ સરકાર વખતે અતિ વરસાદ પડે તો પણ કોઇ નુકસાનનું વળતર આપવામાં આવતું ન હતું. અમારી ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી ખેડૂતોને ભારે વરસાદ પડે તો હેકટરદીઠ ૧૩,૫૦૦ અને બે હેકટરના ૨૭,૦૦૦ પણ આપે છે. અમારી આ ભા.જ.પ.ની સરકાર છે. વર્ષ ૧૯૯૫ પહેલાની સરકાર વખતે ખેડૂતો કૂવા અને મશીનથી પાક લેતા હતા. ખેડૂતો ૫૦ ટકા જમીનમાં ખેતી કરતા હતા અને ૫૦ ટકા જમીન પડી રહેતી હતી. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં શ્રી નીતિનભાઇ બોર બનાવવાની યોજના લાવ્યા. ૧,૨૫,૦૦૦ માં બોર બનાવી આપતા હતા. વીજળીના બિલમાં પણ રાહત આપતા હતા. નર્મદાનું પાણી, ધરોઇનું પાણી એમ અમારી સરકાર આવ્યા પછી જમીન પૂરેપૂરી સો ટકા પલળી રહે છે. વર્ષ ૧૯૯૫ પહેલાની સરકાર વખતે ખેડૂતોને લોન રૂપિયા ૫૦૦૦ આપવામાં આવતી હતી અને અનુસૂચિત જાતિના લોકોએ એ લોન લીધેલી હતી પરંતુ ભરી શકતા નહોતા. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી કરી એમાં દંડનીય વ્યાજ સહિત ૮૦ લાખ રૂપિયા માફ કર્યા હતા. અમારી ભા.જ.પ. સરકારે માફ કર્યા હતા. વર્ષ ૧૯૯૫ પહેલાની સરકાર વખતે ખેડૂતોને ધિરાણ આપવામાં આવતા હતા એ ૧૦ ટકા વ્યાજ સાથે હપ્તા વસૂલ કરવામાં આવતા હતા. એક લાખ રૂપિયા આપતા હતા અને ૧૦,૦૦૦ રૂપિયા ખેડૂતોને વ્યાજ ચૂકવવું પડતું હતું. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી ૩ લાખ રૂપિયા આપવામાં આવે છે. વ્યાજનો દર ઝીરો ટકા. ૩ લાખનું ૧૦ ટકા વ્યાજ ગણીએ તો ૩૦,૦૦૦ રૂપિયા થાય. અમારા શ્રી મોદીસાહેબે ૬,૦૦૦ રૂપિયા આપ્યા. કુલ મળીને ૩૬,૦૦૦ રૂપિયા થાય છે, તો ૧૨ મહિનામાં દર એક મહિને ખેડૂતને સીધો ૩,૦૦૦ રૂપિયાનો ફાયદો થાય છે એટલે કંઇ કહેવાનો અધિકાર રહેતો નથી. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ખેડૂતોને ૪ ટકા વ્યાજે ૮ લાખ રૂપિયા ધિરાણ કરવામાં આવે છે. શ્રી કાળુભાઇ બિલ લઇને આવ્યા છે તેને હું ટેકો આપી શકતો નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ**(**ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસનો પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી કાળાભાઇ ડાભી લઇને આવ્યા છે એને હું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, કાળાભાઇ ડાભી રાજ્યના ખેડૂતોની ચિંતા કરીને આ પ્રસ્તાવ લઇ આવ્યા છે. એમણે જણાવ્યું છે કે ખેતીની જમીનનું ઘટતું જતું ક્ષેત્રફળ અને એની સામે ખેડૂતોની ઘટતી જતી સંખ્યા. છેલ્લાં વર્ષોમાં રાજ્યના કૃષિમંત્રીશ્રી પણ ખેડૂત છે, અનુભવી છે. જમીનની હકીકતથી સંપૂર્ણપણે વાકેફ છે અને ત્યારે છેલ્લાં વર્ષોમાં જોઇએ તો જે જમીનના માલિક છે એ માલિક મટીને મજૂર થતા જાય છે. ખેડૂત મટી જાય છે. આ પ્રકારની સ્થિતિ છેલ્લાં થોડાં વર્ષોમાં ખેડૂતોની થઇ છે. ભૂતકાળમાં વર્ષ ૧૯૯૫માં કેશુબાપાની સરકાર બની. ૮ કિલોમિટરનો કાયદો હતો એમાં ફેરફાર કર્યો અને એ ફેરફારને કારણે અત્યારે જમીન માલિકો નહોતા એ જમીન માલિકો બની ગયા છે અને જે લોકોએ સાંથણીમાં આપેલી જમીન હતી એ લોકો પણ હવે સંપૂર્ણપણે ખેડૂત મટી ગયા છે એવી સ્થિતિ અત્યારે છે. એક વ્યક્તિ પાસે હજારો એકર જમીન હતી અને બીજીબાજુ જે જમીનના માલિકો હતા એ અત્યારે માલિક નથી રહ્યા. આ વાસ્તવિકતા છે. ખેતીને અનુકૂળ સવલતો મળે એના માટે વ્યવસ્થિત સસ્તું ખાતર આપવા માટે શ્રી વિરજીભાઇએ જે વાત કરી છે એ વાતને હું દોહરાવીશ નહીં, પણ ખાતર મળતું નથી એની સામે તમારે જે સબસિડી આપવાપાત્ર થાય છે. ભૂતકાળમાં જે પ્રકારે ખાતર મળતા હતા એ પ્રકારે મળતા નથી એ હકીકત છે. બિયારણ. ગુજરાત બીજ નિગમની સ્થાપના રાજ્યના ખેડૂતોને શુદ્ધ, સમયસર અને પૂરતા પ્રમાણમાં જે પાકોનું વાવેતર કરવાનું થાય છે, એ રાજ્યના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં બીજ નિગમ મારફત સર્ટિફાઇડ બિયારણ મળી રહે એના માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લાં વર્ષોમાં જોઇએ તો ગુજરાત બીજ નિગમ દ્વારા જે બિયારણ રાજ્યના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પૂરું પાડવામાં આવતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી,ગુજરાત રાજ્ય બીજનિગમ દ્વારા રાજ્યના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં બિયારણ પૂરું પાડવામાં આવતું જ નથી. હું મંત્રીશ્રીને ગંભીરતાપૂર્વક વિનંતી કરું છું કે, તે લોકો ખેડૂતો પાસેથી જમીન લઇ તેમાંથી જે પાક થાય પછી તેમાં મગફળી હોય, ઘઉં હોય કે અન્ય કોઇ પાક હોય તેની ખરીદી કરીને પેકિંગ કરીને ખેડૂતોને પાછું બિયારણ તરીકે આપવામાં આવે છે. તેમાં મોટાભાગે નાણાકીય રીતે ગેરરીતિ તો ઠીક છે, પણ ગંભીર પ્રકારનો ભ્રષ્ટાચાર થાય છે. આની માનનીય મંત્રીશ્રી ચકાસણી કરાવડાવે અને રાજ્યના ખેડૂતોજે સ્વચ્છ, શુદ્ધ અને પૂરતું બિયારણ પૂરું પાડવામાં આવે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. એ જ રીતે દવાઓની કંપનીઓ પણ ખેડૂતો પાસેથી આડેધડ લૂંટ કરે છે. તે દવાઓના કારણે ખેડૂતોને નુકસાન થાય છે. લોકોના આરોગ્ય ઉપર પણ મોટું જોખમ ઉભું થાય છે,તેના ઉપર પણ નિયંત્રણ કરવું જોઇએ. સસ્તી વીજળી નાણામંત્રીશ્રીએ થોડી ઘણી રાહત કરી છે. હજું પણ ખેડૂતોમાં ચિંતા છે, હજું પણ અમુક જિલ્લાઓમાં આઠ કલાક વીજળી મળતી નથી. ખેડૂતોને મદદ કરવાની સરકારની લાગણી અને ભાવના હોય તો ભૂતકાળમાં શ્રી અમરસિંહભાઇ ચૌધરી મુખ્યમંત્રી હતા, ત્યારે હોર્સપાવર દીઠ એટલે વર્ષના વાર્ષિક પૈસા લેવામાં આવતા હતા. તેમાં મીટરપ્રથા નાબૂદ કરવામાં આવી હતી. તેમાં અમે પણ માગણી કરીએ છીએ કે રાજ્યના ખેડૂતોને બચાવવા હોય અને સસ્તી વીજળી આપવી હોય તો તમે મીટરપ્રથા નાબૂદ કરીને હોર્સપાવરદીઠ વાર્ષિક ભાડું ઉઘરાવો. સિંચાઇનું પાણી જોઇએ તો છેલ્લાં વર્ષોમાં તેમાં પણ આપણે તે દરોમાં વધારો કર્યો છે. તમે રાજ્યમાં વર્ષ ૧૯૯૫માં ભાજપની સરકાર બન્યા પછી આજે ૨૭ વર્ષ પછી એકપણ ડેમ તમે મોટો બનાવી શક્યા નથી

કે જેના લીધે પાણીનો સંગ્રહ થાય અને તમે ખેડૂતોને પાણી આપી શકો તેવો એકપણ ડેમ નથી બનાવ્યો. એકાદ યાદી આપશો તો અમને ગમશે. ભાજપ સરકાર આવ્યા પછી તમે પોષણક્ષમ ભાવોની વાત કરી છે,તો પોષણક્ષમ ભાવો આપવાની રાજ્ય સરકારની પ્રાથમિક જવાબદારી છે. તમે જે કંઇ ટેકાના ભાવો નક્કી કરો તે ટેકાના ભાવો નક્કી કર્યા પછી ઓપન માર્કેટની અંદર કોઇપણ વેપારી આ ટેકાના ભાવથી ઓછા ભાવે ખરીદી કરી શકશે નહીં તેવો કાયદો તમે લઇ આવો તો ગુજરાતના ખેડૂતોને તમે મદદ કરી છે તેમ કહેવાશે. તમે એમના માટે કરો છો તેવું પણ પ્રસ્થાપિત થશે. એટલે અમે આના માટે પણ તમારી સમક્ષ માગણી કરીએ છીએ. ખેડૂતોને ઓજારો ઉપલબ્ધ કરાવવાની વાત આવે છે. માનનીય મંત્રીશ્રી તમે આમાં ચકાસણી કરાવજો. વિભાગ દ્વારા એક એમ્પેનલમેન્ટ કમિટીની રચના કરવામાં આવી છે.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય માનનીય કાળુભાઇ ડાભી નિયમ-૧૦૨ હેઠળ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાળુભાઇએ ખેડૂતોની ચિંતા કરી છે. તે ચિંતામાં જણાવ્યું છે કે પૂરતી વીજળી પોષણક્ષમ ભાવ તે બધુ મળવું જોઇએ. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી તે વર્ષ ૧૯૯૫ પહેલાં ખેડૂતોની આવક ૧૦ હજાર કરોડ હતી. વર્ષ ૧૯૯૫ માં ૧૦ હજાર કરોડ રૂપિયા હતી અને તેના મારી પાસે આંકડા છે. ભારતીય જનતા પાર્ટીની આ ૨૫ વર્ષની સરકારમાં અમારા આદરણીય શ્રી મોદી સાહેબ અને તેમની સરકારમાં જે કામગીરી થઇ છે તેમાં ખેડૂતોને પૂરતી વીજળી મળી છે,સિંચાઇનું પાણી મળ્યું, તે વખતે પૂરતાં સબસ્ટેશનો ન હતાં. હવે તમે કોઇપણ જગ્યાએ જુઓ અને અમારા આદિવાસી વિસ્તારમાં જુઓ અત્યારે સાહેબ ચાર દિવસ વીજળીની તકલીફ પડી તો થથરી ગયા. તેમના વખતમાં સાંજે ખાવાના સમયે પણ વીજળી મળતી ન હતી. અમારી ભાજપની સરકાર આવી અને ત્યારપછી વીજળી બરાબર મળતી રહી છે અને હજુ મળવાની પણ છે. વીજ સબ સ્ટેશનો બની રહ્યાં છે તેની તમે ચિંતા કરો નહીં. ખેડૂતોની આવકની માનનીય શ્રી પુંજાભાઇએ વાત કરી તો તેમાં હું વાત કરું છું, ગુજરાત રાજ્ય બીજ નિગમમાં ગાંધીનગર, નડિયાદ, વડોદરા, ગોધરા, વ્યારા શિહોર, અમરેલી, સુરેન્દ્રનગર,ભુજ, જૂનાગઢ, અને રાજકોટ મળીને કુલ ૧૪ જગ્યાએથી ખેડૂતોને સારું બિયારણ મળે છે અને લોકો છેતરાતા નથી. ખેડૂતોની આવકમાં વધારો થયો છે. કપાસમાં પણ ઉત્પાદનમાં વધારો થયો છે. પુંજાભાઇ,આ હકીકત છે તે આપણે સ્વીકારવી પડે અમારા વખતમાં ચાર હજાર ચેકડેમો બન્યા. મોદી સાહેબે કહ્યું હતું કે, ખેત તલાવડીઓ કરો, ચેકડેમો બનાવો અને તેમાં નર્મદાની યોજના હોય સુજલામ્ સુફલામ્ યોજના હોય તેના થકી સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પાણી પહોંચાડયું છે. સિંચાઇનું પાણી મળવાને કારણે તથા ટેકાના સારા ભાવ મળવાના કારણે ખેડૂતોની આવક બમણી થઇ છે. હમણાં વાત કરી બજેટમાં સારી જોગવાઇ કરી છે. ખેડૂતોનો પાક બગડી ન જાય તેના માટે ગોડાઉનની જોગવાઇ કરીને ખેડૂતોને ત્રીસ હજાર રૂપિયા આપવાની જોગવાઇ છે. આ વખતે ગોડાઉન માટે પચાસ હજાર રૂપિયાની જાહેરાત કરી છે. અમારી સરકાર ખેડૂતોની ખૂબ ચિંતા કરે છે. તમે પહેલાં રજૂઆત કરતા હતા કે ખેતરમાં ભૂંડ, રોઝડાં પેસી જાય છે. તો તેના માટે ખેતરમાં ફેન્સિંગ કરવા માટે રૂપિયા ૩૦૦ કરોડની આ બજેટમાં જોગવાઇ કરી છે. અત્યારે અમારી સરકાર ઝીરો ટકા વ્યાજે ધિરાણ આપી રહી છે. શ્રી વિરજીભાઇ, તમારા વખતમાં ૧૮ ટકાનું વ્યાજ લેવાતું હતું. પહેલાં મંડળીઓ કેટલું વ્યાજ લેતી હતી, તેમાં તમે બધા પહેલાં મંડળીના પ્રમુખ હશો તો ખબર હશે. અત્યારે આવી મંડળીઓમાં કોઇ ધિરાણ લેવા જતું નથી અને બેન્કોમાંથી ઝીરો ટકાએ ધિરાણ લેવા જાય છે. હવે કોઇ મંડળીમાં ધિરાણ લેવા જતું નથી. કોંગ્રેસના વખતમાં કોઇ ખેડૂત લક્ષ્કાકાંડમાં અવસાન પામે તો તેને વળતર આપવામાં આવતું હતું. અમારી સરકારની અંદર કોઇ ખેડૂત અકસ્માતે મૃત્યુ પામે તો તેને બે લાખ રૂપિયાનું વળતર મળે છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ખૂબ સારું કામ થાય છે. આ વખતે પ્રાકૃતિક ખેતીનો વિષય પણ આવ્યો છે. આપણે બધાએ સ્વીકારવું પડે અને આપણા મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતીનું અભિયાન શરૂ કર્યુ છે. આપણો ડાંગ જિલ્લો હોય તે સો ટકા પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બની ગયો છે. જયારે માનનીય પુંજાભાઇ વાત કરતા હતા કે આપણે બધા દવાઓ છાંટીએ છીએ તેના લીધે કેન્સર જેવા ગંભીર રોગ થાય છે. અત્યારે આપણે જોઇએ છીએ અને હવે વિચારવું જોઇએ. જેવું નદીનું વહેણ બદલાય તેમ આપણે પણ બદલાવવું જોઇએ. સામા પાણીએ ન જવાય અને જઇએ તો મરી જવાય. આખા દેશની અંદર પ્રાકૃતિક ખેતીની વાત કરી છે તેમાં સરકાર પણ મદદ કરવાની છે. તમારા વખતમાં કશું મળતું ન હતું તે આપણે સૌએ સ્વીકારવું પડે. અત્યારે તમે ગામડે ગામડે જુઓ તો ખેડૂતો પાસે બાઇક મોટરસાઇકલ કયાંથી આવી? ગામડાંની અંદર આજે ગાડીઓ પણ આવવા લાગી છે. સારા સારા મકાનો બની રહ્યા છે. પહેલાં કાચા પતરાંના મકાન હતા. આ ભાજપની સરકાર આવી અને મારે તો શ્રી મોદી સાહેબને અભિનંદન આપવા પડે કે તેમણે સિંચાઇની વ્યવસ્થા કરી એટલે આવક પણ વધી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાળાભાઇ ડાભી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારો ટેકો જાહેર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીનું ઘટતું જતું ક્ષેત્રફળ આજથી બરાબર ૨૭ વરસ પહેલા ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું અને જ્યારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી મને લાગે છે કે જે ૮ કિલોમિટરનો કાયદો ઉપાડ્યો એને લીધે આ ગુજરાતના તમામે તમામ મોટા ભાગના બિલ્ડરો અને ઉદ્યોગપતિઓએ જમીન ખરીદવાની ચાલુ કરી. એમના કામ માટે ખરીદી હોય તો વાંધો ન હતો, ઉદ્યોગ સ્થાપવા માટે ખરીદી હોય તો વાંધો ન હતો. પણ કાળા બજારના રૂપિયા, બે નંબરના

રૂપિયા ક્યાં નાંખવા એને માટે જમીન ખરીદવાની કામગીરી થઇ. જે જમીન ખરીદેલી હતી એના ઉપર સિલિંગ એકટ ન લાગે એટલા માટે એન.એ. કરી અને એ જમીનમાં ખેતીનો ઉપયોગ ન થાય એવા પ્રયાસો ૨૭ વર્ષ પહેલાથી શરૂ થયા. ગુજરાત બહારના કેટલાય ખોટા ખેડૂત બની ગુજરાતની અંદર હજારો એકર જમીન એન.એ. કરી અને એ જમીનનું ખેતી કરવાનું ક્ષેત્રફળ જો ઘટાડવાની કામગીરી થઇ હોય તો એ આના કારણે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલીન મુખ્યમંત્રી અને આજના આપણા વડાપ્રધાનશ્રી એક વખત મહેસાણામાં એવું બોલેલા કે ખેડૂતો ચિંતા ના કરશો, ઘરે ચકલી ખોલશો એટલે તેલ નિકળશે, મારો ખેડૂત મારૂતી કાર લઇને ફરતો થશે. સાહેબ, એ ચકલીમાં તેલ તો દૂર વાત રહી હવા પણ નીકળતી નથી. મારો ખેડૂત ગાડી લઇને ફરતો થશે, હું કહું છું મને ખબર છે કઇ રીતે ફરે છે? એ મારો ખેડૂત જમીન વેંચીને જમીનમાંથી આવેલા પૈસામાંથી ગાડી લઇને ફરે છે, પાક વેંચી એની આવક ઉભી કરીને એ ગાડી લઇને ફરતો હોય એવો એક દાખલો હોય તો બતાવજો. ખેડૂત હોય તો ખબર પડે, ખેતી કરતા હોય તો ખબર પડે, અહીં બેઠા બેઠા બોલે એને ખબર ન પડે. બોલવું હોય તો ચાલો ખેતરમાં ખેતી કરવા કઇ રીતે ખેતી કરાય છે એ જુઓ અને પછી કહેજો કે કઇ રીતે ખેતીમાંથી ગાડી લેવાય છે? ખેડૂતની શું પરિસ્થિતિ છે એની વાત કરું છું, ખેતીનું ક્ષેત્રફળ કેમ ઘટે છે એની વાત કરું છું. ગુજરાત બહાર માણસો આવી અને કઇ રીતે ખોટા ખેડૂત બની અને જમીન ઓછી કરી છે એના માટે વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ખેતીની જમીનમાં વધારો થાય એ માટે જમીન સમતળ કરી જમીન ખેતી વધારવા માટેના કોંગ્રેસની સરકારમાં પ્રયત્નો થયા છે. કોંગ્રેસના શાસનમાં ગુજરાત જમીન વિકાસ બોર્ડની રચના કરી હતી અને એ જમીન વિકાસ બોર્ડ જમીન સુધારણાની ઘણી બધી કામગીરી કરતું હતું. ૨૭ વર્ષના શાસનમાં જમીન સમતળ કરવાનું ખર્ચ પડ્યું, જમીન સમતળ થઇ નહીં, કાગળ ઉપર ખર્ચ પડ્યો. મુખ્ય અધિકારી એ.સી.બી.ના હાથે લાંચ લેતા પકડાયા, મોટું કૌભાંડ બહાર આવ્યું, ઘણા બધા અધિકારીઓ સસ્પેન્ડ થયા અને કયા કારણે એનું ફીંડલું વળી ગયું એ આજ દિન સુધી ગુજરાતની પ્રજા જવાબ તમારી પાસે માગે છે પણ એનો જવાબ મળતો નથી. આ કાળઝાળ મોંઘવારીમાં જે ખેડૂત ખેતી કરે છે એની તમામ વસ્તુના ભાવ વધારે થઇ ગયા છે. અનાજનો ભાવ ૨૫ કે ૨૬ વર્ષમાં બે ગણો કે ત્રણ ગણો વધ્યો હશે પણ ખાતરનો ભાવ દસ ગણો વધ્યો છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ **(**કૃષિ અને સહકાર મંત્રીશ્રી**)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનીય સભ્યશ્રી કાળાભાઇ ડાભીના છેલ્લાં દિવસના પ્રસ્તાવમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાળાભાઇનો હું આભાર માનુ છું કે કદાચ એને આ સરકારની કૃષિલક્ષી કામગીરીની સાચી માહિતી કદાચ તેની પાસે નહીં હોય તો તેમણે જે જે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે તે મુદ્દાના હું રાજયના કૃષિ મંત્રી તરીકે જવાબ આપવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારની વિવિધ સહાય યોજનાઓ, વિવિધ કૃષિલક્ષી નીતિઓને કારણે રાજયમાં કૃષિ ક્ષેત્રે ઉત્તરોત્તર નોંધપાત્ર પ્રગિત થયેલ છે. રાજયનો ખેડૂત ખેતીની આધુનિક તાંત્રિકતાઓ અપનાવી અને આર્થિક રીતે સદ્ધર થયેલ છે. રાજય સરકાર ખેડૂતોના કૃષિના તમામ પાસાઓમાં વિકાસની વણથંભી યાત્રામાં સહભાગી થવા કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિભાગના નવા નામાભિધાન કે જે તે વખતે ખેડૂત કલ્યાણ શબ્દ ઉમેરવામાં આવ્યો છે તેને ચરિતાર્થ કરતી નીતિઓ જોતાં ખેડૂતોનું સૌથી વધુ હિત ભાજપ સરકારના હૈયે વસ્યું છે તે સમજી શકાય તેવી બાબત છે. હું ખુદ ખેડૂત પુત્ર છું અને ખેડૂતોની વેદના સમજી અને તેના ઉકેલ માટે સતત પ્રયત્ન કરી રહ્યો છું. એમ કહેવામાં આવ્યુ કે ખેતીની જમીનનું ઘટતું જતું ક્ષેત્રફળ તો મારે કહેવુ છે કે, કોઇ પણ એક દેશ રાજય માટે કૃષિ સાથે ઔદ્યોગિક વિકાસ પણ ખૂબ અનિવાર્ય ગણાય. રાજયમાં સ્થપાતા ઉદ્યોગો, માળખાકીય સુવિધાઓ અને વસવાટ માટે જમીન જરૂરી છે. બિન ખેતીમાં તબદિલ થવાથી ખેતીની જમીનમાં ઘટાડો થાય તે સ્વભાવિક છે, પણ સાથો સાથ રાજય સરકારની ઉચ્ચ કૃષિ વિષયક આયોજન અને નીતિઓના કારણે રાજયનો કુલ વાવેતર વિસ્તાર અને પાક ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું તેના આંકડા આપું તો સને ૨૦૧૯-૨૦માં કુલ વાવેતર વિસ્તાર ૧૩૪ લાખ હેકટર હતો, જે વધીને વર્ષ ૨૦૨૦-૨૧માં અંદાજીત કુલ વાવેતર વિસ્તાર ૧૪૩ લાખ હેકટર નોંધાયેલ છે જે ૭ ટકા જેટલો વાવેતર વિસ્તારમાં વધારો થયો છે. ખેડૂતોની ઘટતી જતી સંખ્યા અંગે જણાવવાનું કે, રાજયમાં વર્ષ ૨૦૧૦-૧૧માં ખેડૂતોની કુલ સંખ્યા ૪૯ લાખ હતી જે વર્ષ ૨૦૧૫-૧૬માં કુલ ૫૩ લાખ થયેલ છે, એટલે કે ખેડૂતોની સંખ્યામાં ૯ ટકાનો વધારો થયેલ છે. માનનીય સભ્યશ્રીએ સસ્તું ખાતર, બિયાર અને દવા અંગે વાત કરી. રાજયના ખેડૂતોને પૂરતાં પ્રમાણમાં વાજબી ભાવે ખાતર, બિયારણ અને દવાઓ મળે તે માટે સરકાર કટિબદ્ધ છે. રાજયમાં વાજબી ભાવે ખાતર, બિયારણ માટે આશરે રૂપિયા ૪૨૦૦ થી ૪૫૦૦ કરોડની સબસિડી ભારત સરકાર દ્વારા ચૂકવવામાં આવી રહી છે. રાજયમાં વેચાણ થતા વિવિધ ખાતરોના હાલના ભાવ અને ભારત સરકાર દ્વારા આપવામાં આવતી પ્રતિ બેગ દીઠ સબસિડી અને વેચાણ કિંમત જણાવું તો યુરિયા ૨૬૬ રૂપિયા અને ૫૦ પૈસાનો ભાવ વીસ વર્ષથી છે તેના ઉપર કેન્દ્ર સરકાર ૯૬૯ રૂપિયા પ્રતિ બેગ સબસિડી આપે છે. એલપીકેમાં ૧૨૩૨૧૬માં ૧૪૭૦ રૂપિયા પ્રતિ બેગનો ભાવ છે તેના ઉપર ૧૦૧૮ રૂપિયા અને ૮૫ પૈસા સરકાર સબસિડી આપે છે. એલપીકે ૧૦૨૬૨૬-૧૪૫૦નો ભાવ છે તેના ઉપર ૯૧૪.૬૫ પૈસાની સબસિડી સરકાર દ્વારા આપવામાં આવે છે. આ રીતે યુરિયા પ્રતિ ટન ૨૦ હજારથી વધુ માતબર સબસિડી તેમજ ડીએપીમાં પ્રતિ ટન ૩૩ હજારથી વધુની સબસિડી આપવામાં આવે છે. આ રીતે ખાતર પૂરતા પ્રમાણમાં પૂરું પાડવામાં આવે છે એટલું જ નહિ પણ ખાતરના ભાવ વધારાનો તમામ બોજ કેન્દ્ર સરકાર

સબસિડીરૂપે આપે છે અને ખેડૂતો ઉપર એનો આર્થિક બોજ વધુ ન આવે એના માટેના પૂરા પ્રયત્ન કરે છે. રાજ્ય સરકાર દ્વારા ઓફ સિઝનમાં ખાતરના સંગ્રહ માટેની યોજના પણ દાખલ થયેલ છે અને વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષ માટે ૪૬,૦૦૦ ટનનો સંગ્રહ કરવામાં આવેલ છે. આગામી ખરીફ પાક માટે ૧૧.૫૦ લાખ મેટ્રિક ટન યુરિયા, ૩ લાખ મેટ્રિક ટન ડી.એ.પી. અને ૩.૧૦ લાખ મેટ્રિક ટન એન.પી.કે. મંજૂર થયેલ છે એટલે સભ્યશ્રીઓએ જે ખાતરની અછત અંગેની વાત કરી અને ખાતરના ભાવ અંગેની વાત કરી એમાં હું માનું છું ત્યાં સુધી મારા જવાબથી તેમને સંતોષ થશે. ગુણવત્તાયુક્ત બિયારણ એ પાક ઉત્પાદન માટે પાયાની જરૂરિયાત છે. જે ધ્યાને લઇ બિયારણને સંપૂર્ણ ટેક્સમુક્ત રાખેલ છે. રાજ્ય સરકાર દ્વારા પ્રમાણિત બીજ વિતરણ અને બીજ ઉત્પાદન બાબતે ખેડૂતોને અને ઉત્પાદકોને સહાય કરવામાં આવે છે. બિયારણના વિતરણ અને ઉત્પાદનમાં વર્ષ ૨૦૧૯-૨૦માં રૂપિયા ૭૧ કરોડ અને વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા રૂપિયા ૭૦ કરોડની સહાય ખેડૂતોને આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાકૃતિક ખેતી વિશે વાત કરીએ તો જંતુનાશક દવાઓની આડઅસરો અને એનો વપરાશ ઘટાડવા માટે ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને ખેતી ખર્ચ ઘટે એવા ઉમદા આશયથી દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપવામાં આવી રહેલ છે. પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં બે લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવામાં આવ્યા છે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા રાજ્યમાં રાજ્યકક્ષાએ સ્વતંત્ર સંસ્થા તરીકે પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરી રૂ.૧૦૦ કરોડની જોગવાઇ આગામી વર્ષ માટે કરવામાં આવેલ છે. અહીં ખેડૂતોએ ચિંતા કરી કે ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતા નથી. એમાં મારે કહેવું છે કે રાજ્યના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે એ માટે રાજ્યમાં ટેકાના ભાવોની યોજના ભારત સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજ્યમાં કુલ ૧૫ જેટલા મુખ્ય પાકોનો સમાવેશ કરવામાં આવેલ છે. ખરીફ - ૨૦૨૧માં ફેબ્રુઆરી-૨૦૨૨ અંતિત કુલ ૫૦,૦૬૧ ખેડૂતો પાસેથી રૂપિયા ૫૨૮.૧૭ કરોડના મૂલ્યની કુલ ૯૫,૩૩૧.૮૩ મેટ્રિક ટન મગફળી અને અન્ય કઠોળની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં જણસીઓના ખેત ઉત્પાદનની પેદાશોના ભાવ અંગેની ચિંતા કરવામાં આવી છે, ત્યારે હું સભ્યશ્રીઓને જણાવવા માંગુ છું કે મગફળીનો ભાવ ગયા વર્ષે ૨૦ કિલો દીઠ રૂપિયા ૧૨૧૬ હતો. ચાલુ વર્ષે રૂપિયા ૧૩૦૦ છે. રાયડાનો ભાવ ગયા વર્ષે ૧૦૭૫ હતો. આ વર્ષે રૂપિયા ૧૩૨૮ જેટલો ભાવ છે. કપાસનો ભાવ ગયા વર્ષે ૧૩૪૧ હતો. મને કહેતા આનંદ થાય છે કે આ વર્ષે ઇતિહાસમાં કોઇ દિવસ ન મળ્યો હોય એટલો એટલે કે ૨૦ કિલોનો રૂપિયા ૨૫૧૧ નો ભાવ મળ્યો છે. ગયા વર્ષે દિવેલાનો ભાવ ૯૪૭ રૂપિયા હતો. આ વર્ષે રૂપિયા ૧૪૫૭ છે. ગયા વર્ષે ઘઉંનો ભાવ ૪૭૮ હતો જે આ વર્ષે ૬૪૧ રૂપિયા છે. જીરૂનો ભાવ ગયા વર્ષે ૩૪૪૦ હતો. આ વર્ષે ૫૦૨૫ જેટલો ભાવ ખેડૂતોને મળી રહ્યો છે. આમ મને કહેતાં આનંદ થાય છે કે ચાલુ વર્ષે ખેડૂતોને પૂરા અને પ્રોત્સાહક ભાવ મળી રહ્યા છે. માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્ત્વ હેઠળ કેન્દ્ર સરકારે રવી ઋતુ માટે ટેકાના ભાવે ખેડૂતદીઠ ૨૫૦૦ કિ.ગ્રા. એટલે ૧૨૫ મણ ચણાનો જથ્થો ખરીદવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઇ છે. વારંવાર આવતી કુદરતી આફતો સામે ખેડૂતોને રક્ષણ આપવા માટે પણ સરકાર પૂરતી પ્રયત્નશીલ છે. વર્ષ ૨૦૧૫-૧૬થી વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં વિવિધ પૅકેજો હેઠળ કુલ ૭૯.૩૫ લાખ ખેડૂતોને રૂપિયા ૯,૦૫૯ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં તૌકતે વાવાઝોડાંનાં કારણે ૧૨ જિલ્લાઓમાં વ્યાપક નુકસાનને ધ્યાને લઇ વાવાઝોડું કૃષિ રાહત પૅકેજ-૨૦૨૧ અંતર્ગત રૂપિયા ૪૦૪.૮૮ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવેલ છે. સપ્ટેમ્બર-૨૦૨૧માં અતિવૃષ્ટિમાં થયેલ પાક અન્વયે રૂ.૫૪૭ કરોડની માતબર રકમનું સહાય પેકેજ જાહેર કરેલ. સપ્ટેમ્બર-૨૦૨૧ માસના છેલ્લા પખવાડિયામાં થયેલ સતત વરસાદથી થયેલા પાક નુકસાન અન્વયે રૂ. ૫૩૧ કરોડનું સહાય પેકેજ મંજૂર કરેલ છે. અહીં યાંત્રિકરણમાં ખેડૂતોને સહાય અંગેની વાત કરવામાં આવી. મને જણાવતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૨૨-૨૩માં ટ્રેક્ટર ખરીદી સહાય માટે રૂ. ૧૫૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ખેડૂતોને ટ્રેક્ટર ખરીદવા માટે રૂ. ૧૧૦૦ કરોડની જંગી રકમની સહાય ચૂકવવામાં આવી છે. રાજ્યમાં ખેત ઓજારો અને સાધનોમાં ખેડૂતોની ભારે માંગને ધ્યાનમાં લઈ વર્ષ ૨૦૨૨-૨૩માં કૃષિ યાંત્રીકરણની વિવિધ યોજનાઓ અંતર્ગત કુલ રૂ.૧૦૨ કરોડ મંજૂર કરેલ છે. ખેત પેદાશના ભાવમાં વધારો થઈ શકે અને ખેડૂતોની આવક બમણી કરવાના હેતુથી પોસ્ટ હાર્વેસ્ટિંગ ટેકનોલોજી અને મેનેજમેન્ટ આધારિત પાક મૂલ્યવર્ધન યુનિટ સ્થાપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ખેડૂતોને સ્માર્ટ ફોન પર સહાય આપવા માટે રૂ.૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. સ્માર્ટ ફોનની ખરીદી પર ૪૦ ટકા લેખે મહત્તમ રૂ.૬ હજારની સહાય ખેડૂતદીઠ આપવામાં આવે છે. સનેડો દ્વારા 'મેઈક ઈન ઈન્ડિયા' અને 'વોકલ ફોર લોકલ'ના મિશનને બળ આપવા માટે ટ્રેક્ટરના સ્થાને ઉપયોગી થાય તેવા સનેડો કૃષિ સાધનની ખરીદીમાં અંદાજીત ચાર હજાર ખેડૂતોને રૂ.૨૫ હજાર સુધીની સહાય આપવાના હેતુથી રૂ.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જટકા સોલાર મશીન દ્વારા વન્ય અને રખડતાં પ્રાણીઓથી નુકસાન થતું અટકાવવા જટકા મશીન સોલાર ફેન્સિંગ બનાવવા માટે સહાય પેટે રૂ.૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. ખેડૂતોને પૂરતી વીજળી મળી રહે તે માટે આ સરકાર કૃષિ વિષયક વીજ સબસિડી ખેડૂતોને સીધી રીતે ચૂકવણી કરતી નથી, પરંતુ વીજ જોડાણ આપવા માટે વીજ બિલમાં

રાહત આપવા માટે છેલ્લાં બે વર્ષમાં એટલે વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં રૂ. ૭૧૩૬ કરોડ, વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૭૫૦૬ કરોડ ફાળવવામાં આવેલ છે. ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૯૩૪ કરોડની ફાળવણી ઊર્જા વિભાગને સબસિડી તરીકે નાણાં વિભાગ આપવાનું છે. ઊર્જા વિભાગના બજેટમાંથી ૭૦ ટકા જેટલી રકમ ખેતીવાડી ક્ષેત્રે રાજ્ય સરકાર વાપરે છે. મારે સન્માનનીય સભાગૃહને કહેવાનું કે ઊર્જા ક્ષેત્રે ખેડૂતોને અપાતી વીજળીમાં ૨૦ વર્ષથી એક પૈસાનો ભાવ યુનિટદીઠ વધારવામાં આવ્યો નથી. આ જ રીતે લગભગ મફત કહી શકાય તેવી રીતે ખેતીવાડીનું વીજ કનેક્શન આપવામાં આવે છે. તેના માટે રાજ્યના નાણામંત્રીનો આભાર માનીશ કે અમારી માંગણી મુજબ ખેડૂતોને વીજ રાહતમાં મદદરૂપ થયા છે. ખેડૂતોને આર્થિક રીતે સદ્ધર બનાવવા માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં રૂ. ૬ હજાર પ્રતિ વર્ષ દરેક ખેડૂત ખાતેદારને ચૂકવવામાં આવે છે. પાક ધિરાણમાં ખેડૂતોને એક વર્ષ માટે રૂ. ૩ લાખ સુધીની લોન વિના વ્યાજે આપવામાં આવે છે. વ્યાજ રાહતની આ યોજના માટે ખેડૂતોને રૂ.૯૯૭ કરોડની સબસિડીની રકમ ચૂકવવામાં આવેલ છે. આમ, સમગ્રતયા જોતા માનનીય સભ્યશ્રીએ તેમના પ્રસ્તાવમાં ખેતીના જે જે મુદ્દા દર્શાવ્યા છે તે તમામ મુદ્દાઓ પ્રત્યે રાજ્યનો કૃષિ વિભાગ અને કેન્દ્ર સરકાર સંપૂર્ણપણે સજાગ છે. દેશમાં કૃષિ ક્ષેત્રે ગુજરાત નંબર વન છે. અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આ સરકાર રાજ્યને કૃષિ ક્ષેત્રમાં નંબર વન જ રાખવા માટે ખેતી અને ખેડૂતો સમૃદ્ધ થાય તે દિશામાં સંપૂર્ણપણે કાર્યરત છે. જેથી માનનીય સભ્યશ્રીને મારો અનુરોધ છે કે એમની જે લાગણી અને માગણી છે એ તમામ લાગણી અને માગણીઓમાં ગુજરાત રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર કૃષિ ક્ષેત્રે ખેડૂતોને પૂરી રીતે મદદરૂપ થઇ રહી છે ત્યારે એમણે મૂકેલ પ્રસ્તાવ પાછો ખેંચે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : ચર્ચા પૂરી થાય છે.

અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમ્યાન મળ્યા છે, પણ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૧૦૭ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધ્યક્ષશ્રી : **અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૩૧-૦૩-૨૦૨૨ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી

**ઊંટોને કુરબાની આપવા તથા માંસ માટે એક્સપોર્ટ**

અતારાંકિતઃ ૯૩૩૩ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ગુજરાતમાંથી આંધ્રપ્રદેશ અને દક્ષિણ ભારતના અન્ય રાજ્યોમાં માંસ માટે તથા બકરી ઈદ નિમિત્તે કુરબાની આપવા ઊંટોની ગેરકાયદેસર નિકાસ કરવામાં આવી રહી છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ઊંટોને નિકાસ થતા બચાવી લેવાયા,

(૩) ઉક્ત સ્થિતિએ આરોપીઓ સામે શી કાર્યવાહી કરાઈ, અને

(૪) ઊંટોની ગેરકાયદેસર નિકાસ રોકવા શા પગલાં લેવાયા છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૨૪-૦૩-૨૦૨૨)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - -

**ખેડા અને મહીસાગર જિલ્લામાં વધારે ફી ઉઘરાવતી શાળાઓ**

અતારાંકિતઃ ૧૧૩૩૨ (૨૯-૦૧-૨૦૨૨) **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા):**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા જાહેર થયેલ ફી કરતાં કઈ કઈ શાળાઓ વધુ ફી ઉઘરાવતી પકડાઈ,

(૨) આવી શાળાઓ સામે શા પગલાં લેવાયા,

(૩) કઈ કઈ શાળાઓએ ઉઘરાવેલી વધુ ફી વાલીઓને પરત આપી, અને

(૪) વધુ ફી વાલીઓને પરત ન અપાઈ હોય તો તેના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં પરત ચૂકવવામાં આવનાર છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૭-૦૩-૨૦૨૨)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા જાહેર થયેલ ફી કરતાં વધુ ફી ઉઘરાવતી પકડાયેલ શાળાઓની વિગત નીચે મુજબ છે.

| HB-23 –1 | વર્ષ | જિલ્લો | વધુ ઉઘરાવતી શાળાઓ |
|---|---|---|---|
| ૧. | ૨૦૧૯-૨૦૨૦ | ખેડા | ૧) શાંતિ એસિયાટીક સ્કૂલ, ખેડા |
| | | | ૨) દિલ્હી પબ્લિક સ્કૂલ, આણંદ વડતાલ, તા. નડિયાદ. જિ. ખેડા |
| | ૨૦૨૦-૨૦૨૧ | ખેડા | ૧) મધર કેર ગુજરાતી માધ્યમ સ્કૂલ, નડિયાદ, જિ. ખેડા |
| | | | ૨) દિલ્હી પબ્લિક સ્કૂલ, આણંદ વડતાલ, તા. નડિયાદ, જિ. ખેડા |
| ૨. | ૨૦૧૯-૨૦૨૦ | મહીસાગર | શૂન્ય |
| | ૨૦૨૦-૨૦૨૧ | મહીસાગર | શૂન્ય |

(૨) પત્રક 'અ' મુજબ.

(૩) શાંતિ એશિયાટીક સ્કૂલ, ખેડા દ્વારા ત્રણ વિદ્યાર્થીઓને ફી પરત કરેલ છે.

(૪) પત્રક 'બ' મુજબ.

**પત્રક 'અ'**

| ક્રમ | જિલ્લો | શાળાનું નામ | શાળા સામે લીધેલ પગલા |
|---|---|---|---|
| ૧. | ખેડા | શાંતિ એશિયાટીક સ્કૂલ, ખેડા | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખેડા દ્વારા તા.૧૫-૦૨-૨૦૨૨ના પત્રથી નોટિસ આપેલ છે. |
| ૨. | ખેડા | મધર કેર ગુજરાતી માધ્યમ સ્કૂલ, નડિયાદ, જિ. ખેડા | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખેડા દ્વારા તા.૧૫-૦૨-૨૦૨૨ના પત્રથી નોટિસ આપેલ છે. |
| ૩. | ખેડા | દિલ્હી પબ્લિક સ્કૂલ, આણંદ વડતાલ, તા. નડિયાદ, જિ. ખેડા | FRC એ શાળાની સને. ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ના વર્ષો માટે નક્કી કરેલ ફી સામેં કરેલ રિવ્યૂ અરજી નં.૨૬/૨૦૧૯માં થયેલ તા.૦૭/૦૨/૨૦૨૦ અને રિવિઝન અરજી નં. ૧૪૬/૨૦૧૯-૨૦માં થયેલ તા.૧૯-૦૨-૨૦૨૧ના હુકમ સામે શાળાએ નામ. ગુજરાત હાઈકોર્ટમા એસ.સી.એ.નં. ૭૨૩૨/૨૦૨૧ દાખલ ઉપરોક્ત હુકમો રદ કરવા અને તે હુકમો મુજબની કાર્યવાહી કરવા સામે સ્ટે આપવા દાદ માંગેલ હતી જે અન્વયે નામદાર અદાલતે તા.૧૮/૦૧/૨૦૨૨ના હુકમથી વચગાળાની રાહત આપેલ હોય શાળા સામે કોઈ પગલા લીધેલ નથી. |

**પત્રક 'બ'**

| ક્રમ | શાળાનું નામ | વધુ ફી પરત ન કરવાના કારણો | વધુ ફી ક્યાં સુધી પરત કરવામાં આવશે તેની વિગત |
|---|---|---|---|
| ૧. | શાંતિ એશિયાટીક સ્કૂલ, ખેડા | શાળાની રજૂઆત મુજબ વર્ષ-૨૦૧૯-૨૦ના જે તે સમયના આચાર્યશ્રીની લાપરવાહીના કારણે વિદ્યાર્થીઓની ફી પરત કરવામાં અસફળ રહ્યા છે. | શાળાની રજૂઆત મુજબ વર્ષ-૨૦૧૯-૨૦માં લીધેલ વધારાની ફીની રકમ વર્ષ-૨૦૨૧-૨૨ના ચોથા હપ્તામાં સરભર કરી આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ શાળા છોડીને ચાલ્યા |

| ક્રમ | શાળાનું નામ | વધુ ફી પરત ન કરવાના કારણો | વધુ ફી ક્યાં સુધી પરત કરવામાં આવશે તેની વિગત |
|---|---|---|---|
| | | | ગયા છે, તેવા વિદ્યાર્થીઓ પૈકી ત્રણ વિદ્યાર્થીઓને RTGS દ્વારા ફી પરત કરી દીધેલ છે. બાકીના વિદ્યાર્થીઓની RTGSથી ફી પરત કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૨. | મધર કેર ગુજરાતી માધ્યમ સ્કૂલ, નડિયાદ, જિ. ખેડા. | ફી નિયમન સમિતિ તરફથી નિયત કરેલ ફી નો હુકમ પત્ર તા.૩૧-૦૮-૨૦૨૧ના રોજ મળેલ છે આ હુકમ પત્ર મળતા પહેલા વાલીઓ પાસેથી ફી ઉઘરાવી દીધેલ હોવાથી | શાળાનાતા.૧૬-૦૨-૨૦૨૨ના પત્રથી વર્ષ-૨૦૨૦-૨૧માં લીધેલ વધારાની ફીની રકમ વાલીઓને શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ની લેવામાં આવતી ફીમાંથી સરભર કરવા બાંહેધરી આપેલ છે. |
| ૩. | દિલ્હી પબ્લિક સ્કૂલ, આણંદ વડતાલ, તા. નડિયાદ, જિ. ખેડા | નામ. ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ નં.૭૨૩૨/૨૦૨૧ દાખલ કરેલ છે જેમાં નામદાર અદાલતે તા.૧૮-૦૧-૨૦૨૨ના રોજ વચગાળાનો હુકમ કરેલ હોવાથી વધુ ઉઘરાવેલ ફી પરત કરેલ નથી. | નામદાર હાઈકોર્ટના ચુકાદાને આધિન. |

\- - - - - - - -

**આણંદ અને નર્મદા જિલ્લાની સરકારી શાળાઓ ખાનગી સંસ્થા/ટ્રસ્ટને સોંપવા બાબત**

અતારાંકિતઃ ૧૧૪૯૧ (૨૯-૦૧-૨૦૨૨) **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ):**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કઈ સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થા/ટ્રસ્ટને સોંપવામાં આવી,

(૨) તેના શા કારણો છે, અને

(૩) સરકારી શાળાઓ ખાનગી સંસ્થા/ટ્રસ્ટને સોંપવાથી સરકારને ઉક્ત વર્ષવાર કેટલો આર્થિક બોજો આવ્યો છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૬-૦૩-૨૦૨૨)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

\- - - - - - - -

**સુરત અને નવસારી જિલ્લાની સરકારી શાળાઓ ખાનગી સંસ્થા/ટ્રસ્ટને સોંપવા બાબત**

અતારાંકિતઃ ૧૧૫૨૭ (૨૯-૦૧-૨૦૨૨) **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી):**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કઈ સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થા/ટ્રસ્ટને સોંપવામાં આવી,

(૨) તેના શા કારણો છે, અને

(૩) સરકારી શાળાઓ ખાનગી સંસ્થા/ટ્રસ્ટને સોંપવાથી સરકારને ઉક્ત વર્ષવાર કેટલો આર્થિક બોજો આવ્યો છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૬-૦૩-૨૦૨૨)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**યુનિવર્સિટીમાં ગેરરીતિ આર્થિક ગોટાળા અને ભ્રષ્ટાચાર સંબંધી ફરિયાદો**

અતારાંકિતઃ ૧૧૫૩૨ (૦૧-૦૨-૨૦૨૨) **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા):**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યની કઈ કઈ યુનિવર્સિટીમાં ગેરરીતિ, આર્થિક ગોટાળા અને ભ્રષ્ટાચાર સંબંધી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળી, અને

(૨) મળેલી ફરિયાદો સંબંધમાં રાજ્ય સરકારે શા પગલાં લીધા?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૬-૦૩-૨૦૨૨)

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) તપાસ ચાલતી હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**

**તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યની યુનિવર્સિટીમાં ગેરરીતિ, આર્થિક ગોટાળા અને ભ્રષ્ટાચાર સંબંધી મળેલ ફરિયાદો**

| ક્રમ | યુનિવર્સિટીનું નામ | કુલ મળેલ રજૂઆતો |
|---|---|---|
| ૧ | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | ૨૦ |
| ૨ | એમ. એસ યુનિવર્સિટી, વડોદરા | ૯ |
| ૩ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | ૨ |
| ૪ | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ | ૧૯ |
| ૫ | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ | ૪ |
| ૬ | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત | ૩ |
| ૭ | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર | ૧૦ |
| ૮ | ક્રાંતીગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છ | ૨ |
| ૯ | ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ | ૨ |
| ૧૦ | ઈન્ડીયન ઈંસ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, સેક્ટર-૧૫, ગાંધીનગર | ૨ |
| ૧૧ | ચિલ્ડ્રન યુનિવર્સિટી, સેક્ટર-૨૦, ગાંધીનગર | ૭ |
| ૧૨ | શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ | ૪ |
| ૧૩ | ભક્ત કવી નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ | ૪ |
| ૧૪ | શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા | ૧ |
| | **કુલ** | **૮૯** |

**રાજ્યમાં ખાદ્યતેલમાં ભાવ વધારો**

અતારાંકિતઃ ૧૦૬૬૨ (૨૮-૧૨-૨૦૨૧) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર):**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિંગતેલ, કપાસિયા તેલ, તલ તેલ, સૂર્યમુખીનું તેલ, પામોલીન તેલ સહિત ખાદ્ય તેલના ભાવમાં વર્ષ અને માસવાર કેટલો વધારો નોંધાયો,

(૨) ખાદ્યતેલના ભાવમાં વધારો થવાના કારણો શાં છે? અને

(૩) ભાવ કાબુમાં રાખવા સરકારે શાં પગલાં લીધા?

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

**અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૨૨-૦૩-૨૦૨૨)

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં છૂટક (૧ કિ.ગ્રા) શિંગતેલ, કપાસિયા તેલ, સૂર્યમુખીનું તેલ, પામોલીન તેલના વર્ષવાર અને માસવાર ભાવ દર્શાવતું પત્રક-૧ અને પત્રક-૨ આ સાથે સામેલ છે.

જ્યારે તલના તેલનો ભાવ અંગે ભારત સરકારની યાદીમાં ન હોવાથી વિગતો ઉપલબ્ધ નથી.

(૨) કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીના કપરા સમયમાં ખાદ્ય તેલોના ઉત્પાદન એકમોમાં કામ કરતા મજૂરોની અછતની સમસ્યા, કાચા માલની ખરીદી, માલ પરિવહનની મુશ્કેલી વિગેરે કારણોને લીધે સ્થાનિક અને રાષ્ટ્રીય બજારોમાં ખાદ્ય તેલના ભાવોમાં વિપરીત અસર થવા પામેલ છે.

તદ્ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારોમાં ખાદ્ય તેલ અને તેલીબીયા, ખાસ કરીને પામોલીન તેલના ભાવોમાં થતા વધારાની સીધી અસર સ્થાનિક બજારોમાં અન્ય તમામ તેલોમાં જોવા મળેલ છે.

દેશની ખાદ્યતેલની કુલ જરૂરિયાતના આશરે ૫૦ થી ૬૦ ટકા ખાદ્યતેલ આયાત કરવામાં આવે છે.

જેમાં મુખ્યત્વે પામોલીન, સોયાબીન અને સૂર્યમુખી તેલ આયાત કરવામાં આવે છે.

છેલ્લા અંદાજિત બે વર્ષ દરમ્યાન વૈશ્વિક બજારોમાં પામોલીન સહિતના આયાતી તેલોના ભાવમાં વધારો થવા પામેલ છે.

આમ, વૈશ્વિક બજારોમાં ખાદ્ય તેલોના ભાવોમાં નોંધપાત્ર વધારો થયેલ હોવાથી તેની વિપરીત અસર સ્થાનિક બજારોમાં પડવાથી ભાવવધારો નોંધાયેલ છે.

(૩) શિંગતેલ, કપાસિયા તેલ, સૂર્યમુખીનું તેલ, પામોલીન તેલ સહિતના ખાદ્યતેલના ભાવો અંકુશમાં રાખવા ભારત સરકાર દ્વારા જરૂરી સૂચના, પરિપત્રો બહાર પાડવામાં આવે છે અને તે હેઠળ જરૂરી સૂચના, પરિપત્રો રાજ્ય સરકાર દ્વારા જરૂર પડે ત્યારે ભાવ વધારો રોકવા બહાર પાડવામાં આવે છે.

રાષ્ટ્રીય સ્તરે ભારત સરકાર દ્વારા આયાતી ક્રુડ સોયાબીન તેલ, પામોલીન તેલ અને સનફ્લાવર તેલ પરનો ૧૫ ટકા વેરો ઘટાડીને ૧૦ ટકા કરેલ અને ત્યાર બાદ ઘટાડીને ૨.૫ ટકા કરેલ છે.

જેમાં ઓક્ટોબર-૨૦૨૧માં ફરીથી વધુ ઘટાડો કરીને ''શૂન્ય'' કરવામાં આવ્યો છે.

ભારત સરકાર દ્વારા આયાતી રીફાઈન્ડ પામોલીન તેલને ''પ્રતિબંધિત'' કેટેગરીમાંથી ''મુક્ત'' કેટેગરીમાં મુકવામાં આવેલ છે.

ભારત સરકાર દ્વારા ખાદ્યતેલમાં આત્મનિર્ભર બનવા માટે તાજેતરમાં ''રાષ્ટ્રીય ખાદ્ય તેલ મિશન''ની જાહેરાત કરી છે. જે દેશમાં તેલીબીયાનું ઉત્પાદન વધારી ખાદ્ય તેલમાં આત્મનિર્ભર થવા માટેનું નોંધપાત્ર પગલું પૂરવાર થશે.

ખાદ્યતેલોની ગેરકાયદેસરની સંગ્રહખોરી રોકવા ખાદ્યતેલના ઉત્પાદકો અને વેપારીઓ પાસેના ખાદ્યતેલના સાપ્તાહિક જથ્થાની વિગતો માટે ભારત સરકારનું પોર્ટલ કાર્યરત કરવામાં આવેલ છે.

જેમાં જિલ્લા સ્તરેથી જથ્થાની વિગતો દર્શાવવા માટેની જરૂરી સૂચના આપવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વર્ષમાં બે વખત જન્માષ્ટમી અને દિવાળીના તહેવારો દરમ્યાન બીપીએલ અને અંત્યોદય રેશનકાર્ડ ધારકોને રીફાઈન્ડ કપાસીયા તેલના પાઉચનું રાહત દરે (મુક્ત બજારના વર્તમાન ભાવથી નીચા દરે) કાર્ડદીઠ ૧ લીટર પ્રમાણે વિતરણ કરવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨થી આ યોજનાનો વ્યાપ બમણો કરીને ઉપર જણાવેલ કાર્ડધારકો સિવાયના રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ (એનએફએસએ) હેઠળ સમાવિષ્ટ તમામ કુટુંબોને આવરી લઈ વર્ષમાં બે વખત જન્માષ્ટમી અને દિવાળીના તહેવારો દરમ્યાન રીફાઈન્ડ કપાસીયા તેલના પાઉચનું રાહત દરે (મુક્ત બજારના વર્તમાન ભાવથી નીચા દરે) કાર્ડદીઠ ૧ લીટર પ્રમાણે વિતરણ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૦ દરમ્યાન અંદાજિત કુલ ૭૫.૩૦ લાખ (પંચોતેર લાખ ત્રીસ હજાર) પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧ દરમ્યાન અંદાજિત કુલ ૧૩૦.૫૦ લાખ (એક સો ત્રીસ લાખ પચાસ હજાર) પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે.

**પત્રક-૧**

**(વર્ષ ૨૦૧૯-૨૦૨૦)**

**ગુજરાતના ખાદ્યતેલ છુટક ભાવ**

**(એકમ દીઠ ૧ કિલોનો ભાવ) રૂપિયામાં** **(નવેમ્બર-૨૦૧૯થી ઓક્ટોબર-૨૦૨૧)**

| ક્રમ નં | વર્ષ ૨૦૧૯-૨૦૨૦ | શિંગતેલ રૂ. | વધારો / ઘટાડોરૂ. | કપાસિયા તેલ રૂ. | વધારો / ઘટાડો રૂ. | પામોલીન તેલ રૂ. | વધારો / ઘટાડોરૂ. | સનફ્લાવર તેલ રૂ. | વધારો / ઘટાડોરૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| (૧) | નવેમ્બર-૨૦૧૯ | ૧૦૫ | - | ૮૫ | - | ૭૧ | - | ૮૫ | - |
| (૨) | ડિસેમ્બર-૨૦૧૯ | ૧૦૬ | ૧ | ૮૬ | ૧ | ૭૨ | ૧ | ૮૫ | ૦ |
| (૩) | જાન્યુઆરી-૨૦૨૦ | ૧૦૭ | ૧ | ૮૭ | ૧ | ૭૪ | ૨ | ૮૬ | ૧ |
| (૪) | ફેબ્રુઆરી-૨૦૨૦ | ૧૦૯ | ૨ | ૮૮ | ૧ | ૭૬ | ૨ | ૮૭ | ૧ |
| (૫) | માર્ચ-૨૦૨૦ | ૧૧૭ | ૮ | ૮૯ | ૧ | ૭૭ | ૧ | ૮૯ | ૨ |
| (૬) | એપ્રિલ-૨૦૨૦ | ૧૩૨ | ૧૫ | ૯૭ | ૮ | ૭૯ | ૨ | ૯૨ | ૩ |
| (૭) | મે-૨૦૨૦ | ૧૪૦ | ૮ | ૧૦૦ | ૩ | ૮૧ | ૨ | ૯૫ | ૩ |
| (૮) | જૂન-૨૦૨૦ | ૧૪૨ | ૨ | ૧૦૦ | ૦ | ૮૧ | ૦ | ૯૬ | ૧ |
| (૯) | જુલાઈ-૨૦૨૦ | ૧૪૩ | ૧ | ૯૯ | -૧ | ૮૨ | ૧ | ૯૬ | ૧ |
| (૧૦) | ઓગસ્ટ-૨૦૨૦ | ૧૪૩ | ૦ | ૯૮ | -૧ | ૮૩ | ૧ | ૯૮ | ૨ |
| (૧૧) | સપ્ટેમ્બર-૨૦૨૦ | ૧૪૨ | -૧ | ૯૮ | ૦ | ૮૫ | ૨ | ૯૯ | ૧ |
| (૧૨) | ઓક્ટોબર-૨૦૨૦ | ૧૪૩ | ૧ | ૯૯ | ૧ | ૮૬ | ૧ | ૧૦૧ | ૨ |
| **(સ્ત્રોતઃ પીડીએસ સાઈટના દૈનિક ભાવના ડેટા ઉપરથી સરેરાશ ભાવ)** | | | | | | | | | |

**પત્રક-૨**

**(વર્ષ ૨૦૨૦-૨૦૨૧)**

**ગુજરાતના ખાદ્યતેલ છુટક ભાવ**

**(એકમ દીઠ ૧ કિલોનો ભાવ) રૂપિયામાં** **(નવેમ્બર-૨૦૨૦થી ઓક્ટોબર-૨૦૨૧)**

| ક્રમ નં | વર્ષ ૨૦૧૯-૨૦૨૦ | શિંગતેલ રૂ. | વધારો / ઘટાડોરૂ. | કપાસિયા તેલ રૂ. | વધારો / ઘટાડોરૂ. | પામોલીન તેલ રૂ. | વધારો / ઘટાડોરૂ. | સનફ્લાવર તેલ રૂ. | વધારો / ઘટાડોરૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| (૧) | નવેમ્બર-૨૦૨૦ | ૧૪૫ | ૨ | ૧૦૦ | ૧ | ૮૭ | ૧ | ૧૦૨ | ૧ |
| (૨) | ડિસેમ્બર-૨૦૨૦ | ૧૪૯ | ૪ | ૧૦૪ | ૪ | ૯૧ | ૪ | ૧૦૪ | ૨ |
| (૩) | જાન્યુઆરી-૨૦૨૧ | ૧૫૭ | ૮ | ૧૦૬ | ૨ | ૧૦૪ | ૧૩ | ૧૧૦ | ૬ |
| (૪) | ફેબ્રુઆરી-૨૦૨૧ | ૧૫૭ | ૦ | ૧૦૭ | ૧ | ૧૦૫ | ૧ | ૧૧૦ | ૦ |
| (૫) | માર્ચ-૨૦૨૧ | ૧૬૪ | ૭ | ૧૧૨ | ૫ | ૧૧૧ | ૬ | ૧૧૩ | ૩ |
| (૬) | એપ્રિલ-૨૦૨૧ | ૧૬૨ | -૨ | ૧૧૭ | ૫ | ૧૦૮ | -૩ | ૧૧૫ | ૨ |
| (૭) | મે-૨૦૨૧ | ૧૫૭ | -૫ | ૧૨૦ | ૩ | ૯૯ | -૯ | ૧૨૦ | ૫ |
| (૮) | જૂન-૨૦૨૧ | ૧૫૮ | ૧ | ૧૨૫ | ૫ | ૧૦૨ | ૩ | ૧૨૩ | ૩ |
| (૯) | જુલાઈ-૨૦૨૧ | ૧૫૯ | ૧ | ૧૨૮ | ૩ | ૧૦૩ | ૧ | ૧૨૬ | ૩ |
| (૧૦) | ઓગસ્ટ-૨૦૨૧ | ૧૬૦ | ૧ | ૧૩૦ | ૨ | ૧૦૪ | ૧ | ૧૨૬ | ૦ |
| (૧૧) | સપ્ટેમ્બર-૨૦૨૧ | ૧૬૨ | ૨ | ૧૩૨ | ૨ | ૧૦૭ | ૩ | ૧૨૭ | ૧ |
| (૧૨) | ઓક્ટોબર-૨૦૨૧ | ૧૬૩ | ૧ | ૧૫૧ | ૧૯ | ૧૦૮ | ૧ | ૧૩૪ | ૭ |
| **(સ્ત્રોતઃ પીડીએસ સાઈટના દૈનિક ભાવના ડેટા ઉપરથી સરેરાશ ભાવ)** | | | | | | | | | |

- - - - - - - - -

**રાજ્યમાં સસ્તા અનાજનું બારોબાર વેચાણ**

અતારાંકિતઃ ૧૧૨૨૭ (૦૧-૦૨-૨૦૨૨) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર):**માનનીય અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર સસ્તા અનાજનો કેટલો પૂરવઠો બારોબાર વેચાઈ જતા પકડાયો,

(૨) આ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ઈસમો સામે શી કાનૂની કાર્યવાહી કરાઈ, અને

(૩) આવી ઘટનાઓ રોકવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૧૯-૦૩-૨૦૨૨)

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઘઉં-૨૨૧.૦૫૧ મે.ટન, ચોખા-૯૩.૧૬૧ મે.ટનનો સસ્તા અનાજનો પુરવઠો બારોબાર ગેરકાયદેસર સંગ્રહ થતા/પરિવહન થતા પકડાયેલ છે. જેની વર્ષવાર અને જિલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક નં.૦૧ થી ૦૩ આ સાથે સામેલ છે.

(૨) આ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા જણાયેલ ઈસમો સામે કાનૂની કાર્યવાહી હેઠળ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

(૩) આવી ઘટનાઓ રોકવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી છે.

૧. રાજ્યના જિલ્લા/તાલુકા સ્તરે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, મામલતદારશ્રી દ્વારા વિતરણ અંગે સતત મોનિટરિંગ કરવામાં આવે છે.

૨. વાજબી ભાવની દુકાનોની દર માસે આકસ્મિક અને નિયમિત ધોરણે તેમજ ફરિયાદ અને માહિતીના આધારે તપાસણી કરવામાં આવે છે. તપાસણી દરમ્યાન જણાયેલ ક્ષતિઓ સંદર્ભે ગુણદોષ ચકાસીને નિયમોનુસાર સક્ષમ અધિકારીશ્રી દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

૩. ભારતીય ખાદ્ય નિગમના ગોડાઉનથી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન સુધી જથ્થો પરિવહન કરતા ટ્રાન્સપોર્ટ વાહનો તથા નાગરિક પૂરવઠા નિગમના ગોડાઉનથી વાજબી ભાવની દુકાન સુધી ડોર સ્ટેપ ડિલીવરીથી જથ્થો પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાતા વાહનોનું જીપીએસ ટ્રેકિંગથી મોનિટરિંગ કરવામાં આવે છે.

૪. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનમાં આવક/જાવક તથા ઉપલબ્ધ રહેતા જથ્થાનું રીયલ ટાઇમ મોનિટરિંગ કરવામાં આવે છે.

૫. લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થો આધાર બેઈઝ્ડ બાયોમેટ્રિક ઓથેન્ટીકેશનથી મળે તે માટેની વિતરણ પદ્ધતિ અમલમાં મૂકવામાં આવેલ છે.

૬. વાજબી ભાવની દુકાનથી કાર્ડધારકોને વિતરણ થતાં જથ્થાની દેખરેખ માટે ગ્રામ્ય તકેદારી સમિતિના સભ્યોની નિમણૂક કરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| **અ.નં.** | **વર્ષ/સમયગાળો** | **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાન બારોબાર ગેરકાયદેસર સંગ્રહ થતા/પરિવહન થતા પકડાયેલ જથ્થાની વિગત** | | |
|---|---|---|---|---|
| | | **આ.ચી.વ** | **જથ્થો (મે.ટન)** | **કિંમત (રૂ.)** |
| ૧ | અમદાવાદ જિલ્લો | ૦ | ૦ | ૦ |
| ૨ | અમદાવાદ શહેર | ઘઉં | ૪૧.૯૧૪ | ૮૬૧૩૪ |
| | | ચોખા | ૧૯.૦૪૪ | ૫૭૦૩૩ |
| ૩ | અમરેલી | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૫ | આણંદ | ઘઉં | ૦.૫૦૦ | ૯૭૫૦ |
| ૬ | બનાસકાંઠા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૭ | બોટાદ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૮ | ભરૂચ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૯ | ભાવનગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૦ | છોટાઉદેપુર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૧ | ડાંગ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૨ | દાહોદ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૪ | ગાંધીનગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૫ | ગીર સોમનાથ | ઘઉં | ૦.૪૦૦ | ૭૨૦૦ |
| ૧૬ | જામનગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૭ | જૂનાગઢ | ૦ | ૦.૦૦૦ | ૦ |

| અ.નં. | વર્ષ / સમયગાળો | તા.૦૧ / ૦૧ / ૨૦૧૯ થી તા.૩૧ / ૧૨ / ૨૦૧૯ દરમ્યાન બારોબાર ગેરકાયદેસર સંગ્રહ થતા / પરિવહન થતા પકડાયેલ જથ્થાની વિગત | | |
|---|---|---|---|---|
| | | આ.ચી.વ | જથ્થો (મે.ટન) | કિંમત (રૂ.) |
| ૧૮ | ખેડા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૯ | કચ્છ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૦ | મહેસાણા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૧ | મહીસાગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૨ | મોરબી | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૩ | નવસારી | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૪ | નર્મદા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૫ | પંચમહાલ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૬ | પાટણ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૭ | પોરબંદર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૮ | રાજકોટ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૦ | સુરત | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૨ | તાપી | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૩ | વડોદરા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૪ | વલસાડ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| | **કુલ** | **ઘઉં** | **૪૨.૮૧૪** | **૧૦૩૦૮૪** |
| | | **ચોખા** | **૧૯.૦૪૪** | **૫૭૦૩૩** |

**પત્રક-૨**

| અ.નં. | વર્ષ / સમયગાળો | તા.૦૧ / ૦૧ / ૨૦૨૦ થી તા.૩૧ / ૧૨ / ૨૦૨૦ દરમ્યાન બારોબાર ગેરકાયદેસર સંગ્રહ થતા / પરિવહન થતા પકડાયેલ જથ્થાની વિગત | | |
|---|---|---|---|---|
| | | આ.ચી.વ | જથ્થો (મે.ટન) | કિંમત (રૂ.) |
| ૧ | અમદાવાદ જિલ્લો | ૦ | ૦ | ૦ |
| ૨ | અમદાવાદ શહેર | ઘઉં | ૨૫.૭૫૪ | ૫૧૫૦૭ |
| | | ચોખા | ૩.૯૮૫ | ૧૧૯૯૫ |
| ૩ | અમરેલી | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૫ | આણંદ | ઘઉં | ૨.૫૦૦ | ૪૦૦૦૦ |
| ૬ | બનાસકાંઠા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૭ | બોટાદ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૮ | ભરૂચ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૯ | ભાવનગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૦ | છોટાઉદેપુર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૧ | ડાંગ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૨ | દાહોદ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૪ | ગાંધીનગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૫ | ગીર સોમનાથ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૬ | જામનગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૭ | જૂનાગઢ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૮ | ખેડા | ઘઉં | ૧૧.૪૬૬ | ૨૨૯૩૧ |

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

| અ.નં. | વર્ષ / સમયગાળો | તા.૦૧ / ૦૧ / ૨૦૨૦ થી તા.૩૧ / ૧૨ / ૨૦૨૦ દરમ્યાન બારોબાર ગેરકાયદેસર સંગ્રહ થતા / પરિવહન થતા પકડાયેલ જથ્થાની વિગત | | |
|---|---|---|---|---|
| | | આ.ચી.વ | જથ્થો (મે.ટન) | કિંમત (રૂ.) |
| | | ચોખા | ૫.૦૧૯ | ૧૫૦૫૬ |
| ૧૯ | કચ્છ | ઘઉં | ૫.૨૦૦ | ૧૦૪૦૦૦ |
| | | ચોખા | ૪.૪૦૦ | ૯૪૨૦૦ |
| ૨૦ | મહેસાણા | ઘઉં | ૯.૯૦૦ | ૩૫૮૦૦ |
| | | ચોખા | ૧.૦૫૦ | ૨૪૧૫૦ |
| ૨૧ | મહીસાગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૨ | મોરબી | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૩ | નવસારી | ઘઉં | ૯.૧૬૬ | ૩૨૦૧૭ |
| | | ચોખા | ૯.૨૮૫ | ૨૪૮૫૫ |
| ૨૪ | નર્મદા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૫ | પંચમહાલ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૬ | પાટણ | ઘઉં | ૨૦.૦૪૦ | ૩૩૭૬૫૦ |
| | | ચોખા | ૧૨.૮૫૦ | ૨૫૮૦૦૦ |
| ૨૭ | પોરબંદર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૮ | રાજકોટ | ચોખા | ૨.૩૫૦ | ૮૯૩૦૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૦ | સુરત | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૨ | તાપી | ઘઉં | ૨.૫૫૦ | ૩૮૨૫૦ |
| ૩૩ | વડોદરા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૪ | વલસાડ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| | **કુલ** | **ઘઉં** | **૮૬.૫૭૬** | **૬૬૨૧૫૫** |
| | | **ચોખા** | **૩૭.૯૩૯** | **૫૧૭૫૫૬** |

**પત્રક - ૩**

| અ.નં. | વર્ષ / સમયગાળો | તા.૦૧ / ૦૧ / ૨૦૨૧ થી તા.૩૧ / ૧૨ / ૨૦૨૧ દરમ્યાન બારોબાર ગેરકાયદેસર સંગ્રહ થતા / પરિવહન થતા પકડાયેલ જથ્થાની વિગત | | |
|---|---|---|---|---|
| | | આ.ચી.વ | જથ્થો (મે.ટન) | કિંમત (રૂ.) |
| ૧ | અમદાવાદ જિલ્લો | ૦ | ૦ | ૦ |
| ૨ | અમદાવાદ શહેર | ઘઉં | ૧૨.૨૯૪ | ૧૨૦૦૬૩ |
| | | ચોખા | ૪.૯૨૮ | ૫૦૪૫૩ |
| ૩ | અમરેલી | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ઘઉં | ૩.૩૫૦ | ૧૦૦૫૦ |
| ૫ | આણંદ | ઘઉં | ૨.૬૫૫ | ૫૩૦૮૦ |
| ૬ | બનાસકાંઠા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૭ | બોટાદ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૮ | ભરૂચ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૯ | ભાવનગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૦ | છોટાઉદેપુર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૧ | ડાંગ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૨ | દાહોદ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૪ | ગાંધીનગર | ૦ | ૦.૦૦૦ | ૦ |

| અ.નં. | વર્ષ / સમયગાળો | તા.૦૧ / ૦૧ / ૨૦૨૧ થી તા.૩૧ / ૧૨ / ૨૦૨૧ દરમ્યાન બારોબાર ગેરકાયદેસર સંગ્રહ થતા / પરિવહન થતા પકડાયેલ જથ્થાની વિગત | | |
|---|---|---|---|---|
| | | **આ.ચી.વ** | **જથ્થો (મે.ટન)** | **કિંમત (રૂ.)** |
| ૧૫ | ગીર સોમનાથ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૬ | જામનગર | ચોખા | ૧૫.૦૫૦ | ૨૨૫૭૫૦ |
| ૧૭ | જૂનાગઢ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૮ | ખેડા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૧૯ | કચ્છ | ઘઉં | ૮.૮૫૦ | ૧૪૧૬૦૦ |
| ૨૦ | મહેસાણા | ઘઉં | ૧૧.૨૫૦ | ૨૧૩૭૫૦ |
| ૨૧ | મહીસાગર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૨ | મોરબી | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૩ | નવસારી | ઘઉં | ૧.૬૫૦ | ૩૩૦૦ |
| | | ચોખા | ૪.૬૦૦ | ૧૩૮૦૦ |
| ૨૪ | નર્મદા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૫ | પંચમહાલ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૬ | પાટણ | ઘઉં | ૨.૩૩૭ | ૫૬૦૭૦ |
| | | ચોખા | ૦.૭૦૦ | ૩૮૫૦૦ |
| ૨૭ | પોરબંદર | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૨૮ | રાજકોટ | ઘઉં | ૩.૪૫૦ | ૬૯૦૦ |
| | | ચોખા | ૦.૨૦૦ | ૬૦૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૦ | સુરત | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ઘઉં | ૪૨.૯૭૫ | ૯૨૫૨૭૫ |
| | | ચોખા | ૯.૪૦૦ | ૨૨૭૦૦૦ |
| ૩૨ | તાપી | ઘઉં | ૨.૮૫૦ | ૭૦૬૨૫ |
| | | ચોખા | ૧.૩૦૦ | ૩૮૪૧૫ |
| ૩૩ | વડોદરા | ૦ | ૦.૦૦૦ | ૦ |
| ૩૪ | વલસાડ | ૦ | ૦.૦૦૦ | ૦ |
| | **કુલ** | **ઘઉં** | **૯૧.૬૬૧** | **૧૬૦૦૭૧૩** |
| | | **ચોખા** | **૩૬.૧૭૮** | **૫૯૪૫૧૮** |

\- - - - - - - -

**રાજ્યમાં અનાજના જાહેર વિતરણમાં વપરાતા વાહનોમાં જી.પી.એસ. સિસ્ટમ**

અતારાંકિતઃ ૧૧૨૫૩ (૦૧-૦૨-૨૦૨૨) **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ):**માનનીય અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જાહેર વિતરણ માટેનું અનાજ લઈ જતા વાહનોમાંથી અનાજનું બારોબાર વેચાણ ના થાય તે માટે જી.પી.એસ. કે તેથી વધુ આધુનિક સિસ્ટમ લગાવવા રાજ્ય સરકારે કોઈ યોજના કરી છે, કે કેમ,

(૨) જો હા, તો તેની શી વિગતો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા વાહનોમાં જી.પી.એસ. મુકવામાં આવેલ છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૧૧-૦૩-૨૦૨૨)

(૧) રાજ્ય સરકાર દ્વારા જી.પી.એસ. કે તેથી વધુ આધુનિક સિસ્ટમ લગાવવા કોઈ યોજના કરી નથી પરંતુ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. દ્વારા જી.પી.એસ. અંગેની આધુનિક સિસ્ટમ અમલી બનાવવામાં આવેલ છે.

(૨) ગુ.રા.ના.પુ.નિ.લી. દ્વારા,

- જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ FCIના ગોડાઉનથી ગુ.રા.ના.પુ.નિગમના ગોડાઉન સુધી અનાજના જથ્થાનું પરિવહન કરતા વાહનો તથા
- ગુ.રા.ના.પુ.નિગમના ગોડાઉનથી વાજબી ભાવની દુકાન સુધી ડોરસ્ટેપ ડિલિવરિ કરતાં વાહનોમાં ઓનલાઈન ટ્રેકિંગ/મોનિટરીંગ વડે સરકારી અનાજના જથ્થાનું ડાયવર્ઝન ના થાય તેમજ લાભાર્થીઓને જરૂરી મળવાપાત્ર જથ્થો મળી રહે તે માટે એન્ડ ટુ એન્ડ કોમ્પ્યુટરાઈઝેશન સિસ્ટમ અમલી કરેલ છે.

(૩) સંખ્યાઃ- ૪૩૩૫

- - - - - - - -

**રાજ્યમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્ય માલ પકડવા દરોડા**

અતારાંકિતઃ ૧૧૨૯૫ (૦૧-૦૨-૨૦૨૨) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા):**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર પુરવઠા ખાતાએ ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્ય માલ પકડવા કેટલા દરોડા પાડ્યા,

(૨) તેમાં કેટલી રકમનો જથ્થો રાજ્યસાત કર્યો છે, અને

(૩) ઉક્ત ઘટનાના જવાબદારો સામે શી કાર્યવાહી થઈ છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૨૨-૦૩-૨૦૨૨)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર પુરવઠા ખાતાએ ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યમાલ પકડવા ૮૫ દરોડા પાડવામાં આવેલ છે. જિલ્લાવાર પત્રક-૧ આ સાથે સામેલ છે.

**પત્રક-૧**

| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૨૧ દરમ્યાન રાજ્યમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્ય માલ જપ્ત કરવાપાડેલ દરોડાની વિગત દર્શાવતું પત્રક** | | |
|---|---|---|
| **અ.નં.** | **વિગત** | **પાડવામાં આવેલ દરોડા** |
| **૧** | **૨** | **૩** |
| ૧ | અમદાવાદ જિલ્લો | ૭ |
| ૨ | અમદાવાદ શહેર | ૨ |
| ૩ | અમરેલી | ૮ |
| ૪ | અરવલ્લી | ૧ |
| ૫ | બનાસકાંઠા | ૫ |
| ૬ | બોટાદ | ૫ |
| ૭ | ભાવનગર | ૧ |
| ૮ | ગીર સોમનાથ | ૧૨ |
| ૯ | જામનગર | ૧ |
| ૧૦ | જૂનાગઢ | ૨ |
| ૧૧ | ખેડા | ૫ |
| ૧૨ | કચ્છ | ૨ |
| ૧૩ | નવસારી | ૧ |
| ૧૪ | પંચમહાલ | ૬ |
| ૧૫ | પાટણ | ૬ |
| ૧૬ | પોરબંદર | ૨ |
| ૧૭ | રાજકોટ | ૧ |
| ૧૮ | સુરત | ૯ |

| તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૨૧ દરમ્યાન રાજ્યમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્ય માલ જપ્ત કરવાપાડેલ દરોડાની વિગત દર્શાવતું પત્રક | | |
|---|---|---|
| **અ.નં.** | **વિગત** | **પાડવામાં આવેલ દરોડા** |
| ૧૯ | સુરેન્દ્રનગર | ૪ |
| ૨૦ | તાપી | ૩ |
| ૨૧ | વડોદરા | ૨ |
| | **કુલ** | **૮૫** |

(૨) ઉક્ત દરોડા સંદર્ભે રૂ.૯૮,૫૮,૦૯૦/- રકમનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

(૩) ઉક્ત ઘટના સંદર્ભે જવાબદારો સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| પરવાના અનામત રાજ્યસાત (રૂ.) | ૧૬,૦૦૦/- |
| દંડ (રૂ.) | ૮,૮૬,૭૮૨/- |
| પરવાના મોકૂફ | ૭ |
| પરવાના રદ | ૨ |
| કોર્ટ કેસ | ૮ |
| ઈસમો સામે કરેલ પોલીસ ફરિયાદ | ૪ |
| પી.બી.એમ. | ૮ |

--------

**કેરોસીન-અનાજના કાળાબજાર અટકાવવા પાડેલ રેડ**

અતારાંકિતઃ ૧૧૫૩૦ (૦૧-૦૨-૨૦૨૨) **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા):**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેરોસીન-અનાજના કાળાબજાર અટકાવવા કેટલી રેડ પાડવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલા દુકાનદારો આવી ગેરકાનૂની પ્રવૃત્તિ કરતા પકડાયા અને તેઓ સામે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૨૯-૦૩-૨૦૨૨)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેરોસીન-અનાજના કાળાબજાર અટકાવવા કરવામાં આવેલ તપાસની જિલ્લાવાર વિગત પત્રક-૧ મુજબની છે.

**પત્રક-૧**

**તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૨૧ દરમ્યાન રાજ્યમાં કેરોસીન-અનાજના કાળાબજાર અટકાવવા કરવામાં આવેલ તપાસણીની વિગત દર્શાવતું પત્રક**

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **કુલ તપાસો** |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | અમદાવાદ જિલ્લો | ૬૨૫ |
| ૨ | અમદાવાદ શહેર | ૪૯૭ |
| ૩ | અમરેલી | ૮૫૦ |
| ૪ | અરવલ્લી | ૭૦૭ |
| ૫ | આણંદ | ૧૮૧૩ |

તા. ૩૧મીમાર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

| અ.નં. | જિલ્લાનું નામ | કુલ તપાસો |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૬ | બનાસકાંઠા | ૪૦૮૯ |
| ૭ | બોટાદ | ૧૫૨૧ |
| ૮ | ભરૂચ | ૩૨૪૨ |
| ૯ | ભાવનગર | ૧૯૪૬ |
| ૧૦ | છોટાઉદેપુર | ૨૪૩૯ |
| ૧૧ | ડાંગ | ૪૫૮ |
| ૧૨ | દાહોદ | ૨૦૩૩ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૯૪૨ |
| ૧૪ | ગાંધીનગર | ૧૨૮૧ |
| ૧૫ | ગીર સોમનાથ | ૧૦૩૭ |
| ૧૬ | જામનગર | ૬૫૫ |
| ૧૭ | જૂનાગઢ | ૬૧૬ |
| ૧૮ | ખેડા | ૨૪૮૫ |
| ૧૯ | કચ્છ | ૧૫૬૫ |
| ૨૦ | મહેસાણા | ૮૧૨ |
| ૨૧ | મહીસાગર | ૧૯૮૨ |
| ૨૨ | મોરબી | ૫૩૫ |
| ૨૩ | નવસારી | ૪૭૨ |
| ૨૪ | નર્મદા | ૧૧૦૨ |
| ૨૫ | પંચમહાલ | ૮૭૭ |
| ૨૬ | પાટણ | ૬૬૬ |
| ૨૭ | પોરબંદર | ૭૫૪ |
| ૨૮ | રાજકોટ | ૧૦૦૫ |
| ૨૯ | સાબરકાંઠા | ૮૯૭ |
| ૩૦ | સુરત | ૫૩૪ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૩૦૯૭ |
| ૩૨ | તાપી | ૮૫૨ |
| ૩૩ | વડોદરા | ૧૭૦૮ |
| ૩૪ | વલસાડ | ૧૩૭૧ |
| | **એકંદરે કુલ** | **૪૫૪૬૫** |

(૨) ઉપરોક્ત સંદર્ભે દુકાનદારો સામે કરાયેલ કાર્યવાહીની વિગત પત્રક-૨ માં દર્શાવેલ છે.

**પત્રક-૨**

તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૨૧ દરમ્યાન રાજ્યમાં કેરોસીન-અનાજના કાળાબજાર અટકાવવા કરેલ તપાસ અન્વયે લીધેલ પગલાંની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | ગેરરીતિવાળી તપાસોની કુલ સંખ્યા | ૬ એ હેઠળ પગલાં | | | | ખાતારાહે પગલાં | | | | | અન્ય પગલાં | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જથ્થો કિલો / લીટર | સીઝર જથ્થોની કિંમત (રૂ.) | જથ્થો કિલો / લીટર | રાજ્યસાત જથ્થોની કિંમત (રૂ.) | પરવાના અનામત રાજ્યસાત | દંડની રકમ | પરવાના મોકૂફ | પરવાના રદ | કોર્ટ કેસ | પી.બી.એમ. (PBM)* | |
| | | | | | | | | | | | | દુકાનદાર | અન્ય |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** | **૯** | **૧૦** | **૧૧** | **૧૨** | **૧૩** | **૧૪** |
| ૧ | અમદાવાદ | ૧૩૩ | ૮૪૯૯ | ૮૫૪૬૯ | ૮૪૯૯ | ૮૫૪૬૯ | ૫૪૩૦૦૦ | ૧૭૩૬૯૫૦ | ૬ | ૩ | ૦ | ૦ | ૦ |

| અ.નં. | જિલ્લાનું નામ | ગેરરીતિવાળી તપાસોની કુલ સંખ્યા | ક એ હેઠળ પગલાં | | | | ખાતારાહે પગલાં | | | | | અન્ય પગલાં | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જથ્થો કિલો/ લીટર | સીઝર જથ્થોની કિંમત (રૂ.) | જથ્થો કિલો/ લીટર | રાજ્યસાત જથ્થોની કિંમત (રૂ.) | પરવાના અનામત રાજ્યસાત | દંડની રકમ | પરવાના મોકૂફ | પરવાના રદ | કોર્ટ કેસ | પી.બી.એમ. (PBM)* | |
| | | | | | | | | | | | | દુકાનદાર | અન્ય |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| | જિલ્લો | | | | | | | | | | | | |
| ૨ | અમદાવાદ શહેર | ૪૪૭ | ૧૦૭૮૭૭ | ૩૯૯૧૮૯ | ૯૧૧૬૮ | ૨૪૦૪૧૪ | ૧૨૩૬૦૦૦ | ૨૬૯૮૭૮૮ | ૯૨ | ૨૨ | ૧ | ૦ | ૨ |
| ૩ | અમરેલી | ૪૧૦ | ૩૫૦૦૪૧ | ૨૨૦૬૭૮૪ | ૧૬૫૦૭૬ | ૧૫૦૨૦૬૫ | ૪૮૧૫૦૦ | ૧૪૦૪૪૬૯૧ | ૧૪ | ૩૬ | ૬ | ૧ | ૨ |
| ૪ | અરવલ્લી | ૩૭૭ | ૪૨૫૦૦ | ૭૧૬૦૫૫ | ૧૫૩૭ | ૪૩૦૩૬ | ૩૦૨૭૫૦ | ૬૮૮૪૩૪ | ૭ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૫ | આણંદ | ૪૨૯ | ૧૭૦૫૨૨ | ૧૮૬૭૬૮૬ | ૫૪૦૦૫ | ૪૬૬૬૭૫ | ૪૪૮૫૦૦ | ૭૯૩૧૪૨૮ | ૩૯ | ૧૮ | ૬ | ૦ | ૦ |
| ૬ | બનાસકાંઠા | ૪૨૮ | ૧૧૩૧૦૪ | ૧૨૧૮૪૬૧ | ૧૦૩૬૮૨ | ૧૦૯૬૨૦૩ | ૫૦૩૭૫૦ | ૮૮૪૯૯૭૭ | ૧૧૧ | ૩ | ૧ | ૦ | ૦ |
| ૭ | બોટાદ | ૧૭ | ૮૨૧૦૧ | ૧૧૧૩૮૪૯ | ૩૫૯૮૬ | ૭૪૨૭૦૫ | ૭૮૫૦૦ | ૦ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૮ | ભરૂચ | ૧૨૨ | ૨૧૯૯૮ | ૩૬૯૯૭૧ | ૧૫૦૨ | ૪૪૯૮૭ | ૩૦૦૭૫૦ | ૧૭૫૩૮૯૫ | ૪ | ૪ | ૦ | ૦ | ૦ |
| ૯ | ભાવનગર | ૪૩૮ | ૧૨૨૬૬૧ | ૪૧૩૯૩૫ | ૨૩૧૨૦૦ | ૪૬૦૫૧૫૦ | ૫૦૪૨૫૦ | ૯૨૪૬૯૭ | ૪૧ | ૮ | ૨ | ૦ | ૦ |
| ૧૦ | છોટાઉદેપુર | ૩૭૩ | ૮૭૨૨૩ | ૭૨૯૮૮૧ | ૧૬૯૮૨ | ૧૩૪૨૯૧ | ૪૯૮૫૦૦ | ૨૨૬૧૨૧૬ | ૩૮ | ૪ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ડાંગ | ૪૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૭૫૦૦ | ૩૮૫૬૭૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દાહોદ | ૧૯૪૭ | ૨૮૮૦૭ | ૫૮૪૪૦૬ | ૧૧૩૬૪ | ૨૨૨૭૯૦ | ૧૩૬૦૭૫૦ | ૫૦૩૧૭૪૬ | ૭૪ | ૮ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૪૯ | ૨૪૬૯૫ | ૩૦૫૩૫૪ | ૦ | ૦ | ૬૦૦૦ | ૮૫૯૯૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગાંધીનગર | ૫૫૦ | ૬૮૦૦ | ૧૫૭૭૪ | ૧૧૯૫૦ | ૨૭૮૦૦ | ૫૫૦૦૦ | ૨૮૧૪૬૨૦ | ૧૦ | ૧૬ | ૦ | ૦ | ૪ |
| ૧૫ | ગીર સોમનાથ | ૯૦૮ | ૪૨૭૮૪ | ૭૪૭૭૩૮ | ૬૨૬૬ | ૫૭૮૯૬ | ૭૭૭૫૦૦ | ૭૦૮૨૭૭ | ૭ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | જામનગર | ૭૯ | ૩૨૦૮૧૭ | ૨૪૪૪૨૩૭ | ૩૪૧૦૪ | ૪૯૬૩૪૧ | ૪૪૫૦૦ | ૧૫૭૨૦૦ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | જૂનાગઢ | ૫૯૦ | ૧૦૩૩૫૪ | ૬૮૫૦૮૦ | ૫૪૩૫૮ | ૨૨૨૪૦૦ | ૩૫૦૦૦૦ | ૧૭૬૦૨૫ | ૫ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ખેડા | ૪૦૧ | ૨૯૦૨૮૧ | ૧૭૧૨૦૭૦ | ૧૨૩૧૦૯ | ૬૯૪૯૧૮ | ૧૦૧૭૭૫૦ | ૧૧૯૦૬૯૫ | ૨૦ | ૭ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | કચ્છ | ૧૩૮ | ૯૬૬ | ૧૬૭૯૬ | ૧૦૫૬૪ | ૨૫૨૯૮૮ | ૭૧૦૫૦૦ | ૧૩૭૦૧૦૩ | ૩૦ | ૫ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | મહેસાણા | ૮૧૧ | ૧૩૭૬૭૯ | ૨૩૭૭૦૧૦ | ૪૫૩૬૫ | ૧૩૩૨૩૦૧ | ૧૯૪૫૨૫૦ | ૧૩૫૭૮૦૦૬ | ૭૧ | ૫ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મહીસાગર | ૩૯ | ૩૮૫૭૩ | ૩૧૨૬૫૨ | ૦ | ૦ | ૧૦૩૬૨૫ | ૩૨૪૧૦૨ | ૧૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | મોરબી | ૧૫ | ૪૫૧૫૧ | ૧૨૯૩૮૧૪ | ૨૬૧૯૮ | ૫૬૬૧૮૫ | ૨૭૮૯૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | નવસારી | ૩૪૧ | ૧૮૯૦૩૭ | ૩૦૯૬૮૧૫ | ૩૭૮૪૬ | ૩૩૧૬૫૦ | ૪૮૪૭૧૦ | ૩૫૬૭૫૦ | ૧૪ | ૫ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | નર્મદા | ૧૩૪ | ૬૯૩૦ | ૪૩૨૨૧ | ૬૯૩૦ | ૪૩૨૨૧ | ૧૭૨૦૦૦ | ૧૧૦૫૩૩૦ | ૨૭ | ૪ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | પંચમહાલ | ૮૭૬ | ૪૨૯૦૨ | ૫૦૪૦૯૬ | ૧૬૯૭૮ | ૩૭૫૦૯૭ | ૧૭૧૮૦૦૦ | ૩૬૩૭૦૧૪ | ૮૫ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પાટણ | ૬૬૬ | ૩૫૮૮૮ | ૬૯૦૨૨૦ | ૩૫૧૮૮ | ૬૫૧૭૨૦ | ૯૪૯૫૦૦ | ૯૦૨૯૫૭૪ | ૩૧ | ૧૨ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | પોરબંદર | ૧૪૧ | ૩૮૮૨ | ૪૮૭૪૧ | ૧૨૫૦ | ૨૩૫૦૦ | ૨૨૦૦૦ | ૪૬૩૮૫૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | રાજકોટ | ૪૪૪ | ૧૧૭૧૨૮ | ૮૭૫૪૭૪ | ૮૨૫૪૬ | ૩૫૦૦૨૯ | ૮૮૦૨૫૦ | ૨૦૯૧૫૪૬ | ૫૨ | ૧૫ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૧૩૦ | ૨૫૮૩૫ | ૫૫૩૨૫૩ | ૧૫૧૭૧ | ૩૧૮૬૪૨ | ૨૦૩૦૦૦ | ૭૨૭૪૨૦ | ૪૪ | ૦ | ૦ | ૦ | ૭ |
| ૩૦ | સુરત | ૫૩૪ | ૬૭૬૭૬ | ૩૬૧૬૭૬ | ૧૦૩૪૦ | ૩૪૬૮૦ | ૫૮૩૧૨૫ | ૪૫૩૬૬૦૦ | ૨૭ | ૪ | ૩ | ૦ | ૧ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૧૫૨ | ૧૬૫૪૮૯ | ૪૭૬૯૯૮૯ | ૬૯૬૫ | ૧૪૭૯૯૧ | ૨૧૦૦૦ | ૨૮૮૧૫૬ | ૨ | ૭ | ૧ | ૧ | ૩ |
| ૩૨ | તાપી | ૭૦૭ | ૮૨૩૭૦ | ૧૭૫૦૭૬૮ | ૧૯૫૬૮ | ૨૯૭૫૮૬ | ૫૪૩૦૦૦ | ૪૩૧૩૧૫૩ | ૨૬ | ૮ | ૯ | ૦ | ૦ |
| ૩૩ | વડોદરા | ૪૬૬ | ૮૪૦૭૭ | ૨૦૯૨૩૭ | ૫૬૬૩૯ | ૧૭૧૮૫૯ | ૫૨૮૯૮૩ | ૨૨૪૫૦૩૧ | ૩૪ | ૮ | ૨ | ૦ | ૦ |
| ૩૪ | વલસાડ | ૩૬૫ | ૧૭૩૪૫૦ | ૨૪૮૨૩૩૬ | ૧૧૩૦ | ૪૬૫૧ | ૨૯૫૩૨૨ | ૧૯૭૨૫૭ | ૨૩ | ૪ | ૦ | ૦ | ૦ |
| | **એકંદરે કુલ** | **૧૩૬૯૭** | **૩૧૪૧૦૯૭** | **૩૫૦૦૨૦૩૭** | **૧૩૨૩૪૬૬** | **૧૫૫૮૫૨૪૦** | **૧૭૯૯૫૬૬૫** | **૯૫૭૦૪૧૯૫** | **૯૬૧** | **૨૧૭** | **૩૨** | **૨** | **૨૦** |

*PBM= આવશ્યક ચીજવસ્તુઓનાં કાળાબજાર નિવારણ અને પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ-૧૯૮૦

\- - - - - - - -

**રાજ્યના જંગલોમાં દાવાનળની ઘટનાઓ**

અતારાંકિતઃ ૧૧૨૨૨ (૦૧-૦૨-૨૦૨૨) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેટલા જંગલોમાં દવ(આગ) લાગવાની કેટલી ઘટનાઓ બની,

(૨) તેમાં કેટલી વન્ય સંપત્તિ નાશ પામી, અને

(૩) આવી ઘટનાઓને વૈજ્ઞાનિક રીતે રોકવા શી વ્યવસ્થા થઈ છે ?

**વન મંત્રીશ્રી :** (૧૯-૦૩-૨૦૨૨)

(૧)

| ક્રમ | વર્ષ | બનાવની સંખ્યા | અસરગ્રસ્ત વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|---|
| ૧. | ૨૦૧૮-૧૯ | ૧૦૨૭ | ૩૬૦૫.૭૭ |
| ૨. | ૨૦૧૯-૨૦ | ૭૫૩ | ૨૩૬૦.૫૧ |
| ૩. | ૨૦૨૦-૨૧ (તા.૩૦/૦૬/૨૦૨૦ની સ્થિતિએ) | ૧૨૧૧ | ૩૫૬૩.૫૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ૯૫૨૯.૮૧ હેક્ટર વન વિસ્તાર અસરગ્રસ્ત થયેલ હતો; જેમાં કોઈ વન્યપ્રાણી કે પક્ષીને ઈજા કે મૃત્યુ થયેલ નથી. મુખ્યત્વે ડાળી-ડાંખરા, સૂકા પાંદડાઓ અને ઘાસને નુકસાન થયેલ હતું.

(૩) (૧) ક્ષેત્રિય કર્મચારીઓની ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના ફાયર એલર્ટ સિસ્ટમ ઉપર નોંધણી કરવામાં આવેલ છે જેથી દવના બનાવની જાણ તેમના મોબાઈલ પર તાત્કાલિક થાય છે.

(૨) વન વિસ્તારમાં આગ લાગે તો તેને તાત્કાલિક બુઝાવવા માટે આધુનિક સાધન-સામગ્રીઓનો ઉપયોગ કરવામાં આવે છે.

(૩) દવના બનાવોની સમયસર જાણ થાય તેમજ તેને બુઝાવવા માટે સમયસર ત્વરિત પગલાં લઈ શકાય તે હેતુ વનોમાં ખાસ જગ્યાઓ ઉપર ચોકીઓ/વોચ ટાવર ઉભા કરી વન કર્મચારી/દવગાર્ડને મુકવામાં આવે છે.

(૪) વન વિસ્તારમાં સ્ટાફનું સઘન ફેરણું થાય છે.

(૫) દવને અટકાવવા માટે વનોમાં દવ રેખાની રચના કરવામાં આવે છે તેમજ તેમની નિયમિત ધોરણે જાળવણી કરવામાં આવે છે.

--------

**રાજ્યમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના જર્જરિત મકાનો**

અતારાંકિતઃ ૧૦૭૮૮ (૨૩-૧૨-૨૦૨૧) **શ્રી ગુલાબસિંહ રાજપુત** (થરાદ):**માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાન જર્જરિત હાલતમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મકાનોને ક્યાં સુધીમાં રિપેરિંગ કરવાનું આયોજન છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૬-૦૩-૨૦૨૨)

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | સંખ્યા | | ક્રમ | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૦૨ | | ૧૨ | પાટણ | ૦૩ |
| ૨ | અમરેલી | ૦૪ | | ૧૩ | રાજકોટ | ૦૧ |
| ૩ | આણંદ | ૦૫ | | ૧૪ | સાબરકાંઠા | ૦૨ |
| ૪ | બનાસકાંઠા | ૦૧ | | ૧૫ | સુરેન્દ્રનગર | ૦૨ |
| ૫ | ભરૂચ | ૦૨ | | ૧૬ | સુરત | ૦૧ |
| ૬ | છોટાઉદેપુર | ૦૩ | | ૧૭ | વડોદરા | ૦૧ |
| ૭ | દેવભૂમિ દ્વારકા | ૦૧ | | ૧૮ | દાહોદ | ૦૫ |
| ૮ | ગીર સોમનાથ | ૦૪ | | ૧૯ | તાપી | ૦૨ |
| ૯ | જામનગર | ૦૩ | | ૨૦ | ખેડા | ૦૧ |
